Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ૐ

પરમાત્મને નમ:

# શ્રી પ્રવચનસાર પ્રવચનો

શ્રી પ્રવચનસારજી શાસ્ત્રના સમ્યગ્દર્શનના અધિકારરૂપ
જ્ઞેયતત્વ પ્રજ્ઞાપનની ગાથા ૯૩ થી ૧૧૪ ઉપરના
પૂજ્ય ગુરૂદેવશ્રી કાનજીસ્વામીના અપૂર્વ પ્રવચનો.

: સંકલનકાર :
શ્રી વજુભાઈ અજમેરા
B.Sc. Med. L.L.B.
રાજકોટ.

: પ્રકાશક :
श्री दिगंबर जैन स्वाध्याय मंदिर ट्रस्ट
श्री कानजी स्वामी मार्ग
पंचनाथ प्लोट
राजकोट-३६० ००१.
फोन: ३१०७३.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રથમ આવૃતિ. પ્રત ૨૦૦૦
સં. ૨૦૫૧, ચૈત્ર શુદ-૧૩.
પૂ. સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો
૬૧ મો મંગળ પરિવર્તન દિન
દિનાંક : ૧૩-૪-૧૯૯૫, ગુરુવાર.

મુલ્ય : રૂા. ૨૦=૦૦

ટાઈપ સેટીંગ :-

(૧) વૈભવ એન્ટરપ્રાઈઝ - રાજકોટ, ફોન: ૪૩૦૯૩.
(૨) ઋષભ કોમ્પ્યુટર્સ - રાજકોટ.

મુદ્રક :-
કિતાબઘર પ્રિન્ટરી
ધર્મેન્દ્ર રોડ
રાજકોટ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated by Nirmala Chandrakant Shah, London who has paid for it to be "electronised" and made available on the internet in memory of her father Late Nathoo Meghji Shah.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of Pravachansaar Pravachano is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 22 March 2007 | First electronic version |



અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી
પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામી

# પ્રાસ્તાવિક

કલિકાલ સર્વજ્ઞતુલ્ય શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્ય દેવના પંચ પરમાગમોમાં સનાતન દિગંબર તત્વજ્ઞાન પરિપૂર્ણપણે પ્રતિપાદિત થયેલ છે. આ પરમાગમમાં શ્રીસમયસાર, પ્રવચનસાર નિયમસાર, પંચાસ્તિકાય તથા અષ્ટપાહુડ છે. આ દરેક આગમની વિષયવસ્તુ ભિન્ન ભિન્ન પ્રકારની હોવા છતાં શ્રી પંચાસ્તિકાયની ગાથા ૧૭૨ અનુસાર સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગતા છે. અને વીતરાગતા ત્રણેય કાળે ત્રિકાળી જ્ઞાયક ભગવાનને ધ્યેય બનાવીને પરિણમવાથીજ પ્રગટ થાય છે. આ રીતે ધ્યેયભૂત ધ્રુવ નિજ પરમાત્મ દ્રવ્યનું સ્વરૂપ તથા તેને વિષય બનાવીને પ્રગટતી વીતરાગતા પ્રત્યેક આગમના વાચકમાંથી કાઢી તે પ્રકારે પરિણમન થવા માટે શાસ્ત્ર સ્વાધ્યાય કરવામાં આવે છે.

આ પંચ પરમાગમોમાં શ્રી પ્રવચનસારજી શાસ્ત્રને પૂ. કૃપાળુ સદ્ગુરુ દેવ શ્રીએ દિવ્ય ધ્વનિનો સાર કહેલ છે. આ શાસ્ત્રની શૈલી જ્ઞાન પ્રધાન હોવા છતાં તેના વાચકનું વાચ્ય તો ભગવાન આત્મા જ છે. આ શાસ્ત્ર ત્રણ અધિકારો વિભાજિત છે. (૧) જ્ઞાનતત્વ પ્રજ્ઞાપન (૨) જ્ઞેયતત્વ પ્રજ્ઞાપન (૩) ચરણાનું યોગ સૂચક મૂલિકા.

આમા જ્ઞેયતત્વ પ્રજ્ઞાપન અધિકારને શ્રી જયસેન આચાર્ય મહારાજે સમ્યગ્દર્શનનો અધિકાર કહેલ છે. જે વિધિથી ધ્યેયરૂપ જ્ઞાયકદેવ અનુભવમાં આવે છે તે વિધિનું અનુસરણ કરનાર સાધક બને છે ત્યારે તેનું જ્ઞેય કેવા પ્રકારનું હોય છે તેની ઘણી વિશદ્ ચર્ચા જ્ઞેયતત્વ પ્રજ્ઞાપન અધિકારમાં કરવામાં આવી છે. પદાર્થનું યથાર્થ રૂપ કેવું છે. દ્રવ્ય ગુણ પર્યાય તેમજ ઉત્પાદ-વ્યય ધ્રૌવ્ય સંબંધી સમ્યક્બોધ કયા પ્રકારે થવા યોગ્ય છે. છએ દ્રવ્યોના બંધારણને દર્શાવતા તેમાંથી પ્રયોજનભૂત નિજ પરમાત્મા દ્રવ્યનું અસ્તિત્વ કયા પ્રકારે રહેલું છે તેનુ ઘણું સ્પષ્ટ વિવેચન ગાથા ૯૩ થી ૧૧૩માં કરીને આચાર્ય ભગવાને ગાથા ૧૧૪માં પર્યાયાર્થીક ચક્ષુને સર્વથા બંધ કરીને એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થીક ચક્ષુ વડે જોતાં વસ્તુ કેવી જોવા મળે છે. તેની ઘણી અદભૂત અને અપૂર્વ વાત કરીને જ્ઞેય સંબંધી યથાર્થ દૃષ્ટિ આપી છે. પ્રસ્તુત ગ્રંથમાં આ કારણે જ્ઞેયતત્વ પ્રજ્ઞાપનની ગાથા ૯૩ થી ૧૧૪નો સમાવેશ કરવામાં આવેલ છે.

હાલમાં પ્રવર્તતી તત્વજ્ઞાન સંબંધી યથાર્થ સમજણની પરિસ્થિતિ નાજુક છે. બિન

અનુભવીજનો દ્વારા પ્રવચન શાસ્ત્રજી શાસ્ત્ર જેવા ઘણા ગૂઢ અને ગહન આગમમાં આચાર્ય મહારાજે કહેવા ધારેલ વિષયવસ્તુનો જે રીતે અર્થ કરવામાં આવે છે તેનાથી તત્વજ્ઞની કાંઈ વિરાધના તો નથી થતીને એ વિચારને લક્ષમાં રાખીને સમ્યગ્દર્શનના અધિકારરૂપ જ્ઞેયતત્વ પ્રજ્ઞાપનની ગાથા ૯૩ થી ૧૧૪ ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો અક્ષરશ: પ્રકાશિત થાય તથા આ અતિશયધારી મહા પુરુષે સિમંધર ભગવાનને સાક્ષાત સાંભળીને તેમજ આ ભવમાં અહીં આવીને સ્વાનુભવપૂર્વક શ્રીમદ્ કુંદકુંદાચાર્ય દેવનું હદય જે રીતે સમજીને ઉપરોકત ગાથાઓના ભાવો જે ભાષામાં પ્રગટ કર્યા છે તે મુમુક્ષુ સમાજ સમક્ષ રજુ થાય અને તેમાંથી આત્માર્થીજનો પોતાના જ્ઞેયનો યથાર્થ બોધ પામી કાર્ય સિધ્ધિ કરી શકે તેવો ઉમદા આશય આ પ્રકાશન પાછળ રહેલો છે. ગાથા ૯૩ થી જ્ઞેયનું પ્રજ્ઞાપન કરતાં કરતાં ગાથા ૧૧૪માં ધ્યેયના ધ્યાનથી વિધિ દર્શાવી અપૂર્વ ભાવો પૂ. શ્રીએ પ્રગટ કર્યા છે.

પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના ઘણા વિષયો ઉપરના પ્રવચનો સમયે સમયે પ્રકાશિત થયેલા છે. અને તેમાંના ઘણા ખરા હાલમાં ઉપલબ્ધ પણ છે. પરંતુ શ્રી પ્રવચનસારજી શાસ્ત્ર ઉપરના પૂજ્યશ્રીના પ્રવચનો ટેપ ઉપરથી તેઓશ્રીની જ ભાષામાં પ્રકાશિત કરવાનો કદાચ આ પ્રથમ પ્રસંગ છે. આ ગ્રંથમાં જે ગાથાઓ ઉપરના પ્રવચનો સંકલિત કરવામાં આવેલ છે. તેનો સુક્ષ્મ ઉપયોગપૂર્વક જ્ઞાયકના લક્ષે સ્વાધ્યાય કરનાર આત્માર્થીજનને પોતાના પ્રયોજનની સિધ્ધિ માટે ઘણું પ્રેરકબળ પ્રાપ્ત થવાનું પ્રબળ નિમિત્તપણું આ પ્રવચનોમાં રહેલ છે. તેમ આ ટેપો સાંભળતી વખતે લાગવાથી આ ગ્રંથ સંકલિત થઈ શિઘ્ર પ્રકાશિત થાય તેવા પ્રયાસો કરવામાં આવ્યા છે.

મુમુક્ષુ સમાજ આ પ્રકાશનનો નિજ હિતાર્થે ઉપયોગ કરીને નિજ ઉપાદાનના ઉન્નતિક્રમનો લાભ મેળવશે તથા તત્વના યથાર્થ બોધ દ્વારા આ મનુષ્યભવનું સાર્થકય પામશે તેવી અભ્યર્થના સહ.

**તા. ૧૭-૩-૧૯૯૫** — **પ્રમુખ શ્રી**

**રાજકોટ.** — **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ-રાજકોટ.**

# પ્રકાશકિય નિવેદન

પંચ પરમાગમોમાંનું એક એવા શ્રી પ્રવચનસારજી શાસ્ત્રના સમ્યગ્દર્શનના અધિકારરૂપ જ્ઞેયતત્વ પ્રજ્ઞાપનની ગાથા ૯૩ થી ૧૧૪ ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના પ્રવચનો પ્રકાશિત કરતા રાજકોટ દિગંબર મંદિર અનુપમ હર્ષ અને કૃતજ્ઞતા અનુભવે છે.

રાજકોટ દિગંબર જીન મંદિરની એક મુખ્ય કામગીરી હંમેશાએ રહી છે કે શક્ય તેટલી રીતે પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનની મહત્તમ પ્રભાવના થાય. આ પ્રયોજનને લક્ષમાં રાખીને ભૂતકાળમાં ઘણા પ્રકાશનો સંસ્થાના ઉપક્રમે પ્રકાશિત થયેલ છે. અને મુમુક્ષુ સમાજે તે કાર્યને સારી રીતે આવકાર પણ આપેલ છે.

આ ''પ્રવચનસાર પ્રવચનો'' નામના ગ્રંથમાં સંકલિત વિષયવસ્તુ પૂજ્ય ગુરુદેવશ્રીની મૂળ ભાષામાં અક્ષરશ: પ્રગટ થાય તેવા આશયથી જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપનની ગાથા-૯૩ થી ૧૧૪ ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો ટેપો ઉપરથી અક્ષરશ: લખી લેવામાં આવ્યા છે. આ સમગ્ર લખાણને ફરીવાર ટેપો સાથે સરખાવી લેવામાં આવેલ છે. તેમજ શ્રી દેવશીભાઈ ચાવડા દ્વારા ફરીવાર ટેપો સાથે મેળવતા જઈને એડીટીંગ કરી પ્રેસકોપી તૈયાર કરવામાં આવેલ છે. આમાં એ બાબતનું ખાસ લક્ષ રાખવામાં આવેલ છે કે, પૂજ્ય ગુરુદેવશ્રીની ભાષા અને ભાવને પૂરેપૂરા અક્ષરસ: સમાવેલ કરવાનો પ્રયાસ કર્યો છે.

આ પુસ્તક અત્યારે અમોને લગભગ રૂા. ૭૦=૦૦ની આસપાસ પડતર થશે. છતાં પણ ઘણા મુમુક્ષુ ભાઈ-બહેનોના અવિરત દાન પ્રવાહને લીધે આ પુસ્તકની વેંચાણ કિંમત રૂા. ૨૦=૦૦ રાખવાનું સંસ્થાએ નક્કી કરેલ છે. આ પુસ્તક પ્રકાશન અર્થે આવેલ દાન રાશીની વિગત અન્યત્ર આપવામાં આવેલ છે. અને સર્વે મુમુક્ષુભાઈ-બહેનોનો આ સંસ્થા ખૂબ આભાર માને છે.

આ પુસ્તકના સંકલનમાં શ્રી દેવશીભાઈ ચાવડાએ જે શ્રમ લીધેલ છે તે બદલ સંસ્થા તેમનો આભાર માને છે. જ્યારે પોતાનો અમૂલ્ય સમય આપી આ પુસ્તકને તૈયાર કરવામાં જેઓનો મુખ્ય ફાળો છે તેવા શ્રી વ્રજલાલભાઈ અજમેરાનો પણ સંસ્થા અત્યંત આભાર માને છે.

આ પુસ્તકના પ્રુફ રીડીંગમાં જેઓએ સહકાર આપેલ છે તે પ્રોફેસર શ્રી પી. સી. શાહ કે જેઓ સંસ્કૃતના નિવૃત અધ્યાપક છે તેમનો પણ સંસ્થા આભાર માને છે.

આ પુસ્તક છપાવવાની સમગ્ર કાર્યવાહી સક્રિયપણે સહર્ષ સ્વીકારી લઈ જવાબદારી પૂર્વક કાર્ય પરિપૂર્ણ કરવામાં સહકાર આપવા બદલ શ્રી મહેશભાઈ શાહનો પણ સંસ્થા આભાર માને છે.

આ પુસ્તકમાં લેસર ટાઈપ સેટીંગ કરી આપવા બદલ વૈભવ એન્ટરપ્રાઈઝ તથા ઋષભ કોમ્પ્યુટર્સના તેમજ આ પુસ્તક સુંદર રીતે છાપી આપવા બદલ મે. કીતાબઘર પ્રિન્ટરીનો પણ સંસ્થા આભાર માને છે. આ પ્રકાશનમાં જે જે ભાઈઓએ પ્રત્યક્ષ કે પરોક્ષ સાથ આપેલ છે તે સર્વેનો સંસ્થા હૃદય પૂર્વક આભાર માને છે.

તા. ૧૭-૩-૧૯૯૫
રાજકોટ.

લી.
શ્રી દિગંબર જૈન સ્વા.મંદિર ટ્રસ્ટ
શ્રી કાનજી સ્વામી માર્ગ
રાજકોટ.

# પ્રવચનસાર પ્રવચનો અનુક્રમણિકા


| ગાથા | પ્રવચન દિનાંક | પાના ક્રમાંક |
|---|---|---|
| શ્લોક-૬, ગાથા-૯૩ | ૨૭-૫-૭૯ | ૧ થી ૪૯ |
| ,, | ૨૮-૫-૭૯ | |
| ,, | ૨૯-૫-૭૯ | |
| ,, | ૩૦-૫-૭૯ | |
| ગાથા ૯૪ | ૩૦/૩૧-૫-૭૯ | ૫૦ થી ૮૬ |
| ,, | ૧-૬-૭૯ | |
| ,, | ૨-૬-૭૯ | |
| ગાથા ૯૫ | ૨/૩-૬-૭૯ | ૮૭ થી ૧૧૩ |
| ,, | ૪-૬-૭૯ | |
| ગાથા ૯૬ | ૫-૬-૭૯ | ૧૧૪ થી ૧૩૯ |
| ,, | ૬-૬-૭૯ | |
| ગાથા ૯૭ | ૬/૭-૬-૭૯ | ૧૪૦ થી ૧૪૭ |
| ગાથા ૯૮ | ૭/૮-૬-૭૯ | ૧૪૭ થર ૧૬૯ |
| ,, | ૧૦-૬-૭૯ | |
| ગાથા ૯૯ | ૧૦-૬-૭૯ | ૧૭૦ થી ૨૧૪ |
| ,, | ૧૧-૬-૭૯ | |
| ,, | ૧૨-૬-૭૯ | |
| ,, | ૧૩-૬-૭૯ | |
| ગાથા ૧૧૦ | ૧૩/૧૪-૬-૭૯ | ૨૧૫ થી ૨૮૯ |
| ,, | ૧૫-૬-૭૯ | |
| ,, | ૧૬-૬-૭૯ | |
| ,, | ૧૭-૬-૭૯ | |
| ,, | ૧૮-૬-૭૯ | |
| ,, | ૧૯-૬-૭૯ | |
| ગાથા ૧૦૧ | ૧૯/૨૦-૬-૭૯ | ૨૯૦ થી ૩૧૫ |
| ,, | ૨૧-૬-૭૯ | |
| ગાથા ૧૦૨ | ૨૨-૬-૭૯ | ૩૧૬ થી ૩૨૯ |
| ગાથા ૧૦૩ | ૨૩-૬-૭૯ | ૩૩૦ થી ૩૪૪ |
| ગાથા ૧૦૪ | ૨૪-૬-૭૯ | ૩૪૫ થી ૩૬૦ |
| ગાથા ૧૦૫ | ૨૫-૬-૭૯ | ૩૬૧ થી ૩૬૯ |
| ગાથા ૧૦૬ | ૨૫-૬-૭૯ | ૩૭૦ થી ૩૯૭ |
| ,, | ૨૬-૬-૭૯ | |
| ,, | ૨૭-૬-૭૯ | |
| ગાથા ૧૦૭ | ૨૭-૬-૭૯ | ૩૯૮ થી ૪૧૫ |
| ,, | ૨૮-૬-૭૯ | |
| ગાથા ૧૦૮ | ૨૯-૬-૭૯ | ૪૧૬ થી ૪૨૭ |
| ગાથા ૧૦૯ | ૨૯/૩૦-૬-૭૯ | ૪૨૮ થી ૪૩૯ |
| ગાથા ૧૧૦ | ૩૦-૬-૭૯ | ૪૪૦ થી ૪૪૫ |
| ગાથા ૧૧૧ | ૩૦-૬-૭૯ | ૪૪૬ થી ૪૬૪ |
| ,, | ૧-૭-૭૯ | |
| ગાથા ૧૧૨ | ૭-૭-૭૯ | ૪૬૫ થી ૪૮૧ |
| ,, | ૮-૭-૭૯ | |
| ગાથા ૧૧૩ | ૮-૭-૭૯ | ૪૮૨ થી ૫૦૨ |
| ,, | ૯-૭-૭૯ | |
| ગાથા ૧૧૪ | ૧૦-૭-૭૯ | ૫૦૩ થી ૫૪૦ |
| ,, | ૧૧-૭-૭૯ | |
| ,, | ૧૨-૭-૭૯ | |
| ,, | ૧૩-૭-૭૯ | |


કુલ ગાથા ૯૭ થી ૧૧૪ = ૨૨ કુલ પ્રવચનો ૪૨

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



- नमः सिद्धेभ्यः -

- नमो ऽनेकान्ताय -

# શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

# શ્રી

# પ્રવચનસાર

## જ્ઞેયતત્ત્વ - પ્રજ્ઞાપન અધિકાર

હવે જ્ઞેયતત્ત્વનું પ્રજ્ઞાપન કરે છે અર્થાત્ જ્ઞેયતત્ત્વ જણાવે છે. તેમાં (પ્રથમ) પદાર્થનું સમ્યક્ (સાચું) દ્રવ્યગુણપર્યાયસ્વરૂપ વર્ણવે છે.:-

**अत्थो खलु दव्वमओ दव्वाणि गुणप्पगाणि भणिदाणि ।**
**तेहिं पुणो पज्जाया पज्जयमूढा हि परसमया ।। ९३ ।।**

**अर्थः खलु द्रव्यमयो द्रव्याणि गुणात्मकानि भणितानि ।**
**तैस्तु पुनः पर्यायाः पर्ययमूढा हि परसमयाः ।। ९३ ।।**

**છે અર્થ દ્રવ્યસ્વરૂપ, ગુણ-આત્મક કહ્યાં છે દ્રવ્યને,**
**વળી દ્રવ્ય-ગુણથી પર્યયો; પર્યાયમૂઢ પરસમય છે. ।। ૯૩ ।।**

ગાથા - ૯૩.

અન્વયાર્થ :- (अर्थः खलु) પદાર્થ (द्रव्यमयः) દ્રવ્ય સ્વરૂપ છે; (द्रव्याणि) દ્રવ્યો (गुणात्मकानि) ગુણાત્મક (भणितानि) કહેવામાં આવ્યાં છે. (तैः तु पुनः) અને વળી દ્રવ્ય તથા ગુણોથી (पर्यायाः) પર્યાયો થાય છે. (पर्ययमूढाः हि) પર્યાયમૂઢ જીવો (परसमयाः) પરસમય (અર્થાત્ મિથ્યાદૃષ્ટિ) છે.

ટીકા:- આ વિશ્વમાં જે કોઈ જાણવામાં આવતો પદાર્થ છે તે આખોય [1]વિસ્તાર સામાન્યસમુદાયાત્મક અને [2]આયત સામાન્યસમુદાયાત્મક દ્રવ્યથી રચાયેલો હોવાથી દ્રવ્યમય (દ્રવ્યસ્વરૂપ) છે. વળી દ્રવ્યો [3]એક જેમનો આશ્રય છે એવા વિસ્તારવિશેષોસ્વરૂપ ગુણોથી રચાયેલાં (-ગુણોનાં બનેલાં) હોવાથી ગુણાત્મક છે, વળી પર્યાયો -કે જેઓ આયતવિશેષોસ્વરૂપ છે તેઓ-જેમનાં લક્ષણ (ઉપર) કહેવામાં આવ્યાં એવાં દ્રવ્યોથી તેમજ ગુણોથી રચાયેલ હોવાથી દ્રવ્યાત્મક પણ છે, ગુણાત્મક પણ છે. તેમાં, અનેકદ્રવ્યાત્મક એકતાની [4]પ્રતિપત્તિના કારણભૂત દ્રવ્યપર્યાય છે. તે દ્વિવિધ છે. (૧) સમાનજાતીય અને (૨) અસમાનજાતીય.

---

૧. વિસ્તારસામાન્ય સમુદાય=વિસ્તાર સામાન્યરૂપ સમુદાય. વિસ્તાર એટલે પહોળાઈ. દ્રવ્યના પહોળાઈ-અપેક્ષાના (-એક સાથે રહેનારા, સહભાવી) ભેદોને (-વિસ્તારવિશેષોને) ગુણો કહેવામાં આવે છે; જેમકે જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે જીવદ્રવ્યના વિસ્તારવિશેષો અર્થાત્ ગુણો છે. તે વિસ્તારવિશેષોમાં રહેલા વિશેષપણાને ગૌણ કરીએ તો એ બધામાં એક આત્માપણારૂપ સામાન્યપણું ભાસે છે. આ વિસ્તારસામાન્ય (અથવા વિસ્તારસામાન્ય-સમુદાય) તે દ્રવ્ય છે.

૨. આયતસામાન્યસમુદાય=આયતસામાન્યરૂપ સમુદાય. આયત એટલે લંબાઈ. અર્થાત્ કાળ અપેક્ષિત પ્રવાહ. દ્રવ્યના લંબાઈ-અપેક્ષાના (એક પછી એક પ્રવર્તતા, ક્રમભાવી, કાળ અપેક્ષિત) ભેદોને (-આયતવિશેષોને) પર્યાયો કહેવામાં આવે છે, તે ક્રમભાવી પર્યાયોમાં પ્રવર્તતા વિશેષપણાને ગૌણ કરીએ તો એક દ્રવ્યપણારૂપ સામાન્યપણું જ ભાસે છે. આ આયતસામાન્ય (અથવા આયતસામાન્યસમુદાય) તે દ્રવ્ય છે.

૩. અનંત ગુણોના આશ્રય એક દ્રવ્ય છે. ૪. પ્રતિપત્તિ = પ્રાપ્તિ; જ્ઞાન; સ્વીકાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યાં, સમાનજાતીય તે જેવા કે અનેકપુદ્ગલાત્મક [૫]દ્વિ-અણુક, ત્રિ-અણુક વગેરે; (૨) અસમાનજાતીય તે -જેવા કે જીવપુદ્ગલાત્મક દેવ, મનુષ્ય વગેરે. ગુણ દ્વારા આયતની અનેકતાની પ્રતિપત્તિના કારણભૂત ગુણપર્યાય છે. તે પણ દ્વિવિધ છે. (૧) સ્વભાવપર્યાય અને વિભાવ પર્યાય. તેમાં, સમસ્ત દ્રવ્યોને પોતપોતાના અગુરુલઘુગુણ દ્વારા પ્રતિસમય પ્રગટતી ષટ્સ્થાનપતિત હાનિવૃદ્ધિરૂપ અનેકપણાની અનુભૂતિ તે સ્વભાવપર્યાય; (૨) રૂપાદિકને કે જ્ઞાનાદિકને [૬]સ્વ-પરના કારણે પ્રવર્તતી [૭]પૂર્વોત્તર અવસ્થામાં થતું જે તારતમ્ય તેને લીધે જોવામાં આવતા સ્વભાવવિશેષોરૂપ અનેકપણાની [૮]આપત્તિ તે વિભાવપર્યાય.

હવે આ (પૂર્વોકત કથન) દૃષ્ટાંતથી દૃઢ કરવામાં આવે છેઃ-

જેમ આખુંય ★પટ અવસ્થાયી (-સ્થિર રહેતા) એવા વિસ્તારસામાન્યસમુદાય વડે અને દોડતા (-વહેતા, પ્રવાહરૂપ) એવા આયાતસામાન્યસમુદાય વડે રચાતું થકું તે-મય જ છે, તેમ આખોય પદાર્થ 'દ્રવ્ય' નામના અવસ્થાયી વિસ્તારસામાન્યસમુદાય વડે અને દોડતા આયતસામાન્યસમુદાય વડે રચાતો થકો દ્રવ્યમય જ છે. વળી જેમ પટમાં, અવસ્થાયી વિસ્તાર સામાન્યસમુદાય કે દોડતો આયતસામાન્યસમુદાય ગુણોથી રચાતો થકો ગુણોથી જુદો અપ્રાપ્ત હોવાથી ગુણાત્મક જ છે, તેમ પદાર્થોમાં, અવસ્થાયી વિસ્તારસામાન્યસમુદાય કે દોડતો આયતસામાન્યસમુદાય જેનું નામ 'દ્રવ્ય' છે તે -ગુણોથી રચાતો થકો ગુણોથી જુદો અપ્રાપ્ત હોવાથી ગુણાત્મક જ છે. વળી જેમ અનેકપટાત્મક (-એકથી વધારે વસ્ત્રોના બનેલા) ★દ્વિપટિક, ત્રિપટિક એવા સમાનજાતીય દ્રવ્યપર્યાય છે, તેમ અનેકપુદ્ગલાત્મક દ્વિ-અણુક, ત્રિ-અણુક એવા સમાનજાતીય દ્રવ્યપર્યાય છે; અને જેમ અનેક રેશમી અને સુતરાઉ પટોના બનેલા દ્વિપટિક, ત્રિપટિક એવા અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે, તેમ અનેક જીવ-પુદ્ગલાત્મક દેવ, મનુષ્ય એવા અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે. વળી જેમ કયારેક પટમાં પોતાના સ્થૂલ અગુરુલઘુગુણ દ્વારા કાળક્રમે પ્રવર્તતા અનેક પ્રકારોરૂપે પરિણમવાને લીધે અનેકપણાની પ્રતિપત્તિ તે ગુણાત્મક સ્વભાવપર્યાય છે, તેમ સમસ્ત દ્રવ્યોમાં પોતપોતાના સૂક્ષ્મ અગુરુલઘુગુણ દ્વારા પ્રતિસમય પ્રગટતી ષટ્સ્થાનપતિત હાનિવૃદ્ધિરૂપ અનેકપણાની અનુભૂતિ તે ગુણાત્મક સ્વભાવપર્યાય છે; અને જેમ પટમાં, રૂપાદિકને સ્વ-પરના કારણે પ્રવર્તતી પૂવોત્તર અવસ્થામાં થતાં તારતમ્યને લીધે જોવામાં આવતા સ્વભાવવિશેષોરૂપ અનેકપણાની આપત્તિ તે ગુણાત્મક વિભાવપર્યાય છે, તેમ સમસ્ત દ્રવ્યોમાં, રૂપાદિકને કે જ્ઞાનાદિકને સ્વ-પરના કારણે પ્રવર્તતી પૂર્વોત્તર અવસ્થામાં થતા તારતમ્યને લીધે જોવામાં આવતા સ્વભાવવિશેષોરૂપ અનેકપણાની આપત્તિ તે ગુણાત્મક વિભાવપર્યાય છે.

ખરેખર આ, સર્વ પદાર્થોના દ્રવ્યગુણપર્યાયસ્વભાવની પ્રકાશક પારમેશ્વરી (-પરમેશ્વરે કહેલી) વ્યવસ્થા ભલી-ઉત્તમ-પૂર્ણ-યોગ્ય છે, બીજી કોઈ નહીં; કારણ કે ઘણાય (જીવો) પર્યાયમાત્રને જ અવલંબીને તત્ત્વની અપ્રતિપત્તિ જેનું લક્ષણ છે એવા મોહને પામતા થકા પરસમય થાય છે.

---

(૫) દ્વિ-અણુક = બે અણુનો બનેલો સ્કંધ. (૬) સ્વ તે ઉપાદાન અને પર તે નિમિત્ત. (૭)પૂર્વોત્તર=પહેલાંની અને પછીની. (૮) આપત્તિ= આવી પડવું તે. ★ પટ = વસ્ત્ર, ★ દ્વિપટિક = બે તાકા સાંધીને બનાવેલું વસ્ત્ર. (બન્ને તાકા એક જ જાતના હોય તો સમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવાય અને જો બે તાકા ભિન્ન જાતિના (-જેમ કે એક રેશમી ને બીજો સુતરાઉ) હોય તો અસમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવાર્થ :- પદાર્થ દ્રવ્યસ્વરૂપ છે. દ્રવ્ય અનંતગુણમય છે. દ્રવ્યો અને ગુણોથી પર્યાયો થાય છે. પર્યાયો બે પ્રકારના છે. (૧) દ્રવ્યપર્યાય; (૨) ગુણપર્યાય. તેમાં દ્રવ્યપર્યાયો બે પ્રકારના છે. (૧) સમાન-જાતીય-જેમ કે દ્વિ-અણુક, ત્રિ-અણુક વગેરે સ્કંધ. (૨) અસમાનજાતીય -જેમ કે મનુષ્ય, દેવ વગેરે. ગુણપર્યાયો પણ બે પ્રકારના છે. (૧) સ્વભાવપર્યાય-જેમ કે સિદ્ધ ના ગુણ પર્યાયો. (૨) વિભાવપર્યાય જેમ કે સ્વપર હેતુક મતિજ્ઞાન પર્યાય.

આવું જિનેન્દ્ર ભગવાનની વાણીએ દર્શાવેલું સર્વ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ જ યથાર્થ છે. જે જીવો દ્રવ્ય ગુણને નહીં જાણતા થકા કેવળ પર્યાયને જ અવલંબે છે, તેઓ નિજસ્વભાવને નહીં જાણતા થકા પરસમય છે.૯૩.

ॐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૨૭.૫.૭૯

''પ્રવચનસાર'' જ્ઞાન અધિકાર, છેલ્લો કળશ. (હવે શ્લોક દ્વારા જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન નામના પ્રથમ અધિકારની અને જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન નામના દ્વિતીય અધિકારની સંધિ દર્શાવવામાં આવે છે.)

**(मंदाक्रांता)**

**निश्चित्यात्मन्यधिकृतमिति ज्ञानतत्त्वं यथावत्**
**तत्सिद्धयर्थं प्रशमविषयं ज्ञेयतत्त्वं बुभुत्सु : ।**
**सर्वानर्थान् कलयति गुणद्रव्यपर्याययुक्त्या**
**प्रादुर्भूतिर्न भवति यथा जातु मोहाङ्कुरस्य ॥ ६ ॥**

આહા...હા..! પહેલો અધિકાર કહ્યો. અને બીજો (અધિકાર) કહેશે તેની સંધિ (ઉપરોક્ત શ્લોકમાં) બતાવે છે. **''આત્મારૂપી અધિકરણમાં રહેલ (અર્થાત્ આત્માના આશ્રયે રહેલ)** જ્ઞાન અધિકાર હતો ને...!''

જ્ઞાન એટલે આપણે (ગાથા-૯૦માં) આવી ગયું છે. ને...સત્ અને અકારણ હોવાથી સ્વત: સિદ્ધ, અંતર્મુખ અને બહિર્મુખ પ્રકાશવાળું હોવાથી સ્વ પરનું જ્ઞાયક એવું જે આ, મારી સાથે સંબંધવાળું, મારું ચૈતન્ય તેના વડે - કે જે (ચૈતન્ય) સમાનજાતીય અથવા અસમાનજાતીય અન્ય દ્રવ્યને છોડીને મારા આત્મામાં જ વર્તે છે. તેના વડે - હું પોતાના આત્માને સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતું દ્રવ્ય જાણું છું..! આહા...હા...! છે...? હવે એમાં ટૂંકામાં લીધું (કે:) અધિકરણ (આત્મારૂપી અધિકરણ), જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ એ આત્મા સાથે સંબંધ રાખે છે, આત્મામાં એ (ભાવ) વર્તે છે. જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ એનો આધાર આત્મા છે.. એનો આધાર નિમિત્ત, રાગ અને પર્યાય નહીં. આહા...હા..! ઝીણી વાત છે, ભાઈ! જ્ઞાયકપણું એટલે ચૈતન્યપણું. તે પરદ્રવ્યને છોડીને મારા આત્મામાં વર્તે છે. મારા આત્મા સાથે એને સંબંધ છે. મારો આત્મા, એ જ્ઞાનતત્ત્વ ને ચૈતન્યતત્ત્વ ને જ્ઞાયક તત્ત્વની સાથે જોડાયેલ છે. એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. 'ચૈતન્ય' અને 'જ્ઞાયક' દ્રવ્યને આધારે અથવા દ્રવ્યના સંબંધે રહેલું છે! અહીં આધાર કહ્યો. ત્યાં (ગાથા-૯૦માં) દ્રવ્યમાં વર્તે છે. દ્રવ્યના સંબંધમાં છે. (એમ કહ્યું). પરદ્રવ્યને છોડીને ચૈતન્ય સ્વરૂપ ભગવાન, ત્રિકાળી ચૈતન્ય-ત્રિકાળી ચૈતન્ય સ્વભાવ એ પ્રભુ આત્મામાં, આ (સ્વપરનું જ્ઞાયક) સંબંધવાળું એમાં (આત્મામાં) વર્તનારું એને અહીં અધિકરણ કહ્યું. આહા...હા...હા...! આત્મારૂપી અધિકરણ (કહ્યું), આત્મારૂપી આધાર-આધારમાં રહેલું (છે), એ જ્ઞાયકપણું, જ્ઞાન તત્ત્વનો અધિકાર પૂર્ણ કરે છે ને..! (અને જ્ઞેય તત્ત્વ-પ્રજ્ઞાપન અધિકારનો પ્રારંભ કરે છે).

(**''આત્મારૂપી અધિકરણમાં રહેલ'**) ( શું કહે છે..?) : (જ્ઞાનતત્ત્વ) એટલે ચૈતન્ય તત્ત્વ-(જ્ઞાયકભાવ), એ મારા આત્માના અધિકરણના આધારે રહ્યું છે. મારો ભગવાન (આત્મા) જ્ઞાનનો આશ્રય છે. લ્યો..! ઠીક..! ('સમયસાર') સંવર અધિકાર- (ગાથા-૧૮૧,૧૮૨,૧૮૩)માં કહ્યું (કે:) ભેદજ્ઞાન (વડે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે રાગથી ભિન્ન પડે છે. (એ) જ્ઞાન. એ જ્ઞાનના આધારે આત્મા જણાય છે. જણાય છે એ (જ્ઞાયક) અપેક્ષાએ એને આધાર (તરીકે) લીધો. મારો આત્મા જ્ઞાનસ્વભાવ (છે). ઉપયોગ ઉપયોગમાં છે. (આત્મદ્રવ્યનો) જ્ઞાનસ્વભાવ એના આધારે આત્મા છે. **"ઉપયોગમાં ઉપયોગ છે."** ભેદજ્ઞાનની પર્યાય દશા થઈ તેના આધારે આત્મા જણાયો; (પર્યાય દ્વારા જણાયો) માટે તેનો આધાર પર્યાય છે. અને દ્રવ્ય તેનો આધેય છે. આહા...હા...!

અહીં કહે છે કે : મારો પ્રભુ જ્ઞાન (જ્ઞાયક) આધાર છે, એ જ્ઞાયકગુણ જે છે. ચૈતન્ય સ્વભાવ (જે) છે, એ મારા આત્માના અધિકરણના આશ્રયે રહેલ છે. એનો (જ્ઞાયકનો) આધાર આત્મા છે. એ જ્ઞાનનો આધાર કોઈ (નિમિત્ત, રાગ કે પર નથી). કોઈ નિમિત્તથી જ્ઞાન થાય કે રાગથી જ્ઞાન થાય, એમ નથી. કેમ કે જ્ઞાનતત્ત્વ જે ત્રિકાળી જ્ઞાયક ચૈતન્ય તત્ત્વ (છે) એનો આધાર, (એનો) સંબંધ-સંયોગ તો આત્મા સાથે છે. આહા...હા...!

(શું કહે છે કે:) **" આત્મારૂપી અધિકરણમાં રહેલ"** આ એટલા શબ્દનો અર્થ થાય છે. ભગવાન આત્મા જે દ્રવ્ય છે;, એના આધારે રહેલું ચૈતન્ય; ચેતનના આધારે રહેલું ચૈતન્ય; ગુણીના આધારે રહેલો ગુણ..! એ (જ્ઞાયક) ગુણનો આધાર તો ભગવાન આત્મા છે. આહા...હા...! તેથી એણે જ્ઞાન પ્રગટ કરવું હોય (તો) એણે તો જ્ઞાનનો આધાર-આત્મા, ત્યાં દૃષ્ટિ દેવી પડશે. એમ કહે છે. આહા...હા..! ચૈતન્ય...ત્રિકાળી હોં..! પર્યાય નહીં, ત્રિકાળી જ્ઞાયક કહો કે ચૈતન્ય કહો (એકાર્થ છે) એનો આધાર આત્મા છે. આહા...હા...! સમજાણું કાંઈ..?

એ **"આત્મારૂપી અધિકરણમાં રહેલ"** આહા...હા...! એક કોર એમ કહે કે: જ્ઞાનની પર્યાય એમ જાણે છે કે જ્ઞાયક ગુણ, દ્રવ્ય (આત્મા)ના આધારે છે; એ (જ) જ્ઞાનની પર્યાય એમ કહે છે કે: મારા ષટ્કારકના પરિણમનના આધારે હું (ઉત્પન્ન થઈ) છું. સમજાણું? જે જ્ઞાનની પર્યાય એમ જાણે છે કે આ જ્ઞાયક ચૈતન્ય ગુણ, એનો આધાર આત્મા છે. જાણે છે તો પર્યાય ને..? કાંઈ ગુણ જાણતો નથી. ભગવાન આત્મા જેમ ત્રિકાળ છે. ધ્રુવ છે. એમ જ્ઞાયકસ્વભાવ-ચૈતન્ય સ્વભાવ ત્રિકાળ છે. ધ્રુવ છે. પણ તેને ધ્રુવને (જ્ઞાયકને) ધરતું જે દ્રવ્ય (છે) તેને હું ધ્રુવને ધરતાં દ્રવ્યપણે નક્કી કરું છું. એ નક્કી કરનારી જે પર્યાય છે. એ પર્યાય પણ ખરેખર તો (પોતાના) ષટ્કારકપણે સ્વતંત્ર પરિણમે છે. આહા...હા...હા...!! લખાણ તો જુઓ! વીતરાગના શાસનની સ્યાદ્વાદ શૈલી આ! (કોઈ કહે કે:) રાગથી પણ થાય; સ્વભાવથી પણ થાય; નિમિત્તથી પણ થાય; ઉપાદાનથી પણ થાય (પણ) એમ નહીં...આહા...હા! **(શ્રોતા:)** દ્રવ્યને આધારે ગુણ બોલો તો પહેલેથી ગુણ ન બોલો **(ઉત્તર:)** ગુણ છે ઈ સત્‌ના આધારે ગુણ છે. ત્રિકાળના આધારે ગુણ છે. **(શ્રોતા:)** પરાધીનતા જ નથી? **(ઉત્તર:)** પરાધીનતા જ નથી. આ તો વસ્તુ (સ્થિતિ) એમ છે. (ગુણ) છે. એટલું રહેલ છે એટલું. ગુણનો (આધાર) છે જ ક્યાં..? ગુણ ગુણના આધારે નહીં, ગુણ દ્રવ્યના આધારે છે. (અહીં) એટલું સિદ્ધ કરવું છે. એટલે કે ગુણોનું ચૈતન્યનું જ્ઞાયકપણું, એ દ્રવ્યની સાથે સંબંધ(માં) છે. સંબંધ છે. છે ગુણ સ્વતંત્ર પણ ગુણનું સ્વતંત્રપણું છે પણ (અધિષ્ઠાન) ધ્રુવ કોનું છે. (તો કહે છે કે:) એ ધ્રુવનું ધ્રુવ જે દ્રવ્ય છે એની સાથે (એને) સંબંધ છે. એમ પર્યાય (અનુભૂતિ) નિર્ણય કરે છે. આહા...હા... ઝીણી વાત છે, ભાઈ..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા..હા..! અહીં તો નિર્ણય કરનારી પર્યાય છે એ (પર્યાય) એમ નિર્ણય કરે છે કે: આ કાયમનું રહેલું ચૈતન્ય જ્ઞાયકભાવ, તેને આ દ્રવ્ય (આત્મા) સાથે સંબંધ છે. એને કોઈ બાહ્ય (પદાર્થ) સાથે સંબંધ છે નહીં. (અહીં) (ગુણોની) એટલી સ્વતંત્રતા સિદ્ધ કરવા (આ ) કહ્યું છે. ગુણ સ્વતંત્ર છે પણ છે તો દ્રવ્યમાં ને..? કંઈ ગુણ અધ્ધર છે..? પર્યાય છે એ (દ્રવ્યથી) ભિન્ન છે, દ્રવ્ય ને ગુણ એ બે તો અભિન્ન (અભેદ) છે..! શું કહ્યું..? (કે:) ગુણની સ્વતંત્રતા વઈ જાય છે એમ આહીં નથી. કેમ કે ગુણ નિત્ય છે અને એનો આધાર આત્મા પણ નિત્ય છે એ તો અભેદ છે. પર્યાયની જેમ (ભેદ) નથી. ખરેખર (તો) પર્યાયની ઉત્પત્તિમાં દ્રવ્ય એને પહોંચી વળે છે. એમ જે કહ્યું છે (છે). વળી પર્યાયને દ્રવ્ય પહોંચી વળે છે, દ્રવ્ય પ્રાપ્ત કરે છે; દ્રવ્ય પામે છે (એ જે કહ્યું છે તે) એ એની પર્યાયને આ દ્રવ્ય છે એ (પર્યાયને) પામે છે. બીજું કોઈ તત્ત્વ (દ્રવ્ય) પામતું નથી એમ સિદ્ધ કરવું છે. (દરેક) દ્રવ્યની પર્યાયને, ષટ્દ્રવ્યની પર્યાયને-તે તે પર્યાયને (તે તે) દ્રવ્ય પામે છે. દ્રવ્ય પહોંચી વળે છે. જીવ (આ પર્યાયને) પ્રાપ્ત કરે છે એમ કહીને એ પર્યાય પરથી થતી નથી એમ સિદ્ધ કરવું છે. પણ અહીંયાં તો ગુણ છે તે ધ્રુવ છે અને દ્રવ્ય છે એ (પણ) ધ્રુવ છે; (તો) પણ ગુણોનો આધાર તે દ્રવ્ય છે. આત્મા છે ગુણમય છતાં ગુણનો આધાર દ્રવ્ય છે, એમ કહીને આખી ચીજ (પૂર્ણ વસ્તુ) સિદ્ધ કરવી છે. આહા...હા...હા..! સમજાણું કાંઈ..? આવી ઝીણી વાતો..!!

આહા...હા..! હવે ચૈતન્ય જે બહિરંગ-અંતરંગ પ્રકાશવાળું (હોવાથી) એ તો આપણે આવી ગયું ને...! (પ્રવચનસાર') ગાથા-૯૦માં, આવ્યું છે ને...! **(સત્ અને અકારણ હોવાથી સ્વત: સિદ્ધ, અંતર્મુખ અને બહિર્મુખ પ્રકાશવાળું હોવાથી સ્વપરનું જ્ઞાયક-એવું જે આ, મારી સાથે સંબંધવાળું, મારું ચૈતન્ય તેના વડે કે જે (ચૈતન્ય) સમાનજાતીય અથવા અસમાનજાતીય અન્ય દ્રવ્યને છોડીને મારા આત્મામાં જ વર્તે છે તેના વડે)** બહિરંગ પ્રકાશવાળું સ્વત:સિદ્ધ સ્વભાવ-જ્ઞાન અને દર્શન એ 'જાણવું' અને 'દેખવું' એવો ત્રિકાળી સ્વભાવ એનો, એક રૂપ દ્રવ્ય છે એને આધારે (જ્ઞાન-દર્શનાદિ) છે એમ કહેવું છે, ગુણથી દ્રવ્ય જુદું છે એમ નથી. પર્યાય છે તે દ્રવ્યથી જુદી છે. આહાહા...! એક ન્યાયે જ્ઞાયક (ભાવ) જે દ્રવ્ય છે તે (જ્ઞાનાદિ) ગુણ (રૂપે) નથી (કારણ કે તે ગુણો) અતત્‌ભાવે (છે). કેમ કે દ્રવ્ય છે તે એકરૂપ છે (અને) ગુણો છે તે અનેકરૂપ છે. એથી એ અપેક્ષાએ અતત્‌ભાવ કીધો (છે). વળી પર્યાય છે એ પણ ગુણ અને દ્રવ્યને અતત્‌ભાવ છે પણ છતાં પર્યાય છે એ ક્ષણિક છે, ગુણ છે એ ધ્રુવ છે, તેથી તે ગુણનો આધાર, -અધિકરણ પ્રભુ (આત્મા) છે. પોતાનો ભગવાન આત્મા (જ્ઞાન-દર્શનાદિ ગુણોનો) આધાર છે..! આહા...હા..! થોડામાં પણ દ્રવ્ય, ગુણ ને પર્યાયની પ્રસિદ્ધિ (સંતોએ) અલૌકિક રીતે કરી છે. બાપુ..! આ કંઈ (અલ્પજ્ઞની વાણી નથી) (આ તો) સર્વજ્ઞ પરમેશ્વર, સર્વજ્ઞ ત્રિલોકનાથ, તીર્થંકરદેવની વાણી છે. ભાઈ..! આ કોઈ આલી- દુવાલીની વાત નથી..! આહા...હા..! સમજાણું કાંઈ..?

આહા..હા! (સર્વજ્ઞ) જે એક સમયમાં ત્રણ લોક, ત્રણ કાળને જાણે, એક કહેવું એ પણ વ્યવહાર છે. ઈ (સર્વજ્ઞ) તો (કેવળજ્ઞાનની) પર્યાયને પર્યાયમાં જાણે છે. એક સમયની (કેવળજ્ઞાન) પર્યાયને જાણતાં પર્યાયનું સ્વરૂપ જ ત્રણકાળ, ત્રણ લોકને જાણે એવું (છે). (અને) ત્રણ કાળ, ત્રણ લોક છે માટે જાણે (છે) એમ પણ નહી. એક સમયની કેવળજ્ઞાન-દર્શનની પર્યાય ત્રણ કાળ, ત્રણ લોકને જાણે છે એમ કહેવું એ (પર્યાયની) શકિત કેટલી છે એ બતાવે છે! બાકી (એ પર્યાય) ત્રણ કાળ, ત્રણ લોકને અડતી પણ નથી!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાની પર્યાય ત્રણ લોક, ત્રણ કાળને અડતી (સ્પર્શતી) નથી, તેમ ત્રણ લોક, ત્રણ કાળ જ્ઞાનની પર્યાયને અડવા (સ્પર્શવા સમર્થ) નથી છતાં જ્ઞાનની પર્યાય, કેવળજ્ઞાન ને લોકાલોકને નિમિત્ત કહેવાય છે; અને લોકાલોક છે એ કેવળજ્ઞાનની પર્યાયમાં નિમિત્ત છે. નિમિત્ત કહેતાં એનાથી (જ્ઞાન) થયું છે એમ નહીં, (શું) લોકાલોકથી કેવળજ્ઞાન થયું છે? અને કેવળજ્ઞાન છે તો એનાથી લોકાલોક છે એમ (પણ) નથી. પણ નિમિત્ત જ્યાં આવ્યું એટલે (અજ્ઞાની) લોકોને એમ થઈ જાય કે: (નિમિત્તથી થાય છે) પણ આખા લોકાલોકને એક સમયની કેવળજ્ઞાનની પર્યાય નિમિત્ત (છે). અને કેવળજ્ઞાનની પર્યાયને લોકાલોક નિમિત્ત છે. (નિમિત્ત છે બસ!) અનંતા સિદ્ધોના અસ્તિત્વને કેવળજ્ઞાનની પર્યાય નિમિત્ત છે. (નિમિત્ત) એટલે એક બીજી ચીજ (ની હાજરી) છે. આહા... હા!

અહીંયાં કહે છે કે: જ્ઞાનની પર્યાયે એનો (દ્રવ્યનો) નિર્ણય કર્યો કે આ જ્ઞાનતત્ત્વ જે છે -કાયમી તત્ત્વ (જે છે) એ કાયમી રહેલું (તત્ત્વ) દ્રવ્ય છે. એના અધિકરણ -)(આત્મારૂપી અધિકરણમાં) (જ્ઞાન-દર્શન) તેના સંબંધવાળું છે. એટલે જ્ઞાન (દર્શન) -ચૈતન્યસ્વભાવ(ને) ચૈતન્યની (દ્રવ્યની) સાથે આધાર છે. અનંતચૈતન્ય (ગુણો) ચૈતન્યદ્રવ્યને આધારે છે, એથી કરીને (એ) પરાધીન છે એમ નથી. એ તો અભિન્ન છે, અભેદ છે એ અપેક્ષાએ જ્ઞાયકતત્ત્વનો સ્વભાવ ચૈતન્યના આધારે છે એમ કહ્યું છે. અર્થાત્ આત્મામાં આશ્રય લઈ રહેલાં એવા જ્ઞાનતત્ત્વનો-ત્રિકાળી હોં! એ રીતે યથાર્થપણે નિશ્ચય કરી, જ્ઞાયકતત્ત્વનો નિર્ણય કરી. (એ નિર્ણય કરનારી) પર્યાય (છે). આહા...હા! ભગવાન! જન્મ-મરણ રહિત (થવાનો આ એક ઉપાય છે) બાપા! જુઓને ! ૩૩ વર્ષની ઉંમરે તેમણે બ્રહ્મચર્ય લીધેલું, ૩૫ વર્ષથી બ્રહ્મચર્ય છે. અત્યારે એમને હેમરેજ થઈ ગયું છે. અહા... હા! બેય (ક્ષયોપશમજ્ઞાન અને શરીર) જડ છે. કયા સમયે કોની પર્યાય કેમ થવાની? તે પર્યાયને પહોંચી વળતો એનો પરમાણુ છે! આત્મા એ પર્યાયને પહોંચે નહીં. આત્મા તો જાણનાર-દેખનાર (છે). એની (જ્ઞાતા-દ્રષ્ટાની) પર્યાયને તો આત્મા પહોંચે, એની પર્યાયને પામે. પણ એ પર્યાય એમ જાણે છે કે, જે દ્રવ્યથી-ગુણથી પર્યાય ઉત્પન્ન થઈ છે. હમણાં આવશે ને....! ગાથા-૯૩માં (આવશે). દ્રવ્ય ગુણાત્મક છે અને પર્યાય દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થાય છે એમ કહેશે. વસ્તુસ્થિતિ જણાવવી છે ને...? પણ પર્યાય છે એ સ્વત:સિદ્ધ છે, એ પર્યાય સ્વત:સિદ્ધ ષટ્કારકથી પરિણમતી પર્યાય (છે). આહા...હા! સમજાણું કાંઈ?

(અહીંયાં કહે છે કે:) પ્રભુ! એ (પર્યાય) પોતે એમ જાણે છે કે આ જ્ઞાયકતત્ત્વ છે (તે) ચેતનના આધારે (છે). 'ચેતન' એટલે દ્રવ્ય. 'ચૈતન્ય' એટલે ગુણ. ચૈતન્ય અને ચેતનમાં (આ) ફેર છે. 'ચેતન' એવું જે દ્રવ્ય એને આધારે 'ચૈતન્ય' એવો ગુણ (રહેલો) છે, એમ પર્યાયે નિર્ણય કર્યો છે. આહા..હા... હા!! આ તો સાદી ભાષા છે. (પણ ભાવ ગંભીર છે!) સમજાણું કાંઈ?

(શું કહે છે:) **"જ્ઞાનતત્ત્વનો એ રીતે યથાર્થપણે નિશ્ચય કરીને,"** -જોયું? ચૈતન્યસ્વભાવ કાયમી એ દ્રવ્યને આધારે છે. દ્રવ્યને સંબંધે છે. દ્રવ્યમાં એ ચૈતન્યસ્વભાવ વર્તે છે. -એ રીતે યથાર્થપણે નિશ્ચય કરીને (-તે નિર્ણય કરનારી) પર્યાય છે. ઓહો..હો! આ તો ભાષા સાદી છે! ચાર ચોપડીનો ભણેલો પણ આ વાત સમજી શકે, (આ વાત) પકડી શકે! આમાં કંઈ સંસ્કૃત ને મોટા વ્યાકરણ, એવા કાંઈ (ભણતરની જરૂર ન પડે). (પર્યાય દ્રવ્યનો નિર્ણય કરે એટલે) વ્યાકરણ બધું આવી ગયું. સંસ્કૃત એટલે સંસ્કાર. પર્યાયે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનતત્ત્વ દ્રવ્યને આધારે છે એવો યથાર્થ નિર્ણય કર્યો; યથાર્થ નિશ્ચય કરીને, તેની (ચૈતન્યની) સિદ્ધિને અર્થે, એટલે ચૈતન્ય (જ્ઞાન-દર્શન) સ્વભાવ ચેતનને આધારે છે તેથી પૂર્ણ પર્યાય પ્રગટ કરવાને **"તેની સિદ્ધિને અર્થે (-કેવળજ્ઞાન પ્રગટાવવા અર્થે)"** એટલે જ્ઞાયકચૈતન્ય પૂર્ણ છે. એ પૂર્ણસ્વરૂપ દ્રવ્ય (-પૂર્ણ)ના આધારે છે એવો જે નિર્ણય કર્યો. એ નિર્ણયની પર્યાયમાં, જીવ પૂર્ણ ચૈતન્ય ને ચેતન છે. એવી પૂર્ણ પર્યાયની પ્રસિદ્ધિ કરવા, એટલે (હજી) પૂર્ણ પર્યાયમાં આવ્યો નથી. હજી તો યથાર્થ નિર્ણય સમ્યગ્દર્શનાદિ થયું છે. આહા....હા! સમજાણું કાંઈ?

આહા...હા! (શું કહે છે:) પણ જ્યારે સમ્યગ્દર્શન-જ્ઞાનમાં એમ થયું (જણાયું) કે આ ચૈતન્ય પૂર્ણ છે, પૂર્ણદ્રવ્યના આધારે છે. તો એની પર્યાય (પણ) પૂર્ણ થવી જોઈએ. જેવી પૂર્ણ વસ્તુ છે, પૂર્ણ ગુણ છે તો એવી જ (પૂર્ણ) પર્યાય પણ થવી જોઈએ; તેથી આવો નિર્ણય કરનારે **"તેની સિદ્ધિને અર્થે"** એ પૂર્ણ છે તો એની પૂર્ણ પર્યાયમાં પ્રાપ્તિને માટે (-કેવળજ્ઞાન પ્રગટાવવા અર્થે) **"પ્રશમના લક્ષે (-ઉપશમ પ્રાપ્ત કરવાના હેતુથી)"** -દ્રવ્ય અને ગુણ જ પૂર્ણ (છે). ભાઈ! માર્ગ કંઈક જુદી જાત છે! આ તો અંતરના મારગની વાતો છે! લોકો બહારથી કલ્પે છે ને..! આ વ્યવહાર કર્યો -આ કર્યા ને આ કર્યા ! પંચ-કલ્યાણક કર્યા ને.. લાખ્ખો રૂપિયા ખર્ચ્યા ને.. ગજરથ કાઢયા. એમાં શું તું (છો)! એમાં ક્યાં આત્મા આવ્યો?! એ (બધું) થાય છે તેને જ્ઞાનની પર્યાય (જાણે છે) જ્ઞાયકને એમ (એને) આત્મા સાથે સંબંધ છે, એમ (જ્ઞાની) જાણનારો રહે છે, એ (આત્મા) જાણનારો રહે છે. ઈ (એ) જેવું પૂર્ણ સ્વરૂપ (પોતાનું) છે એવી પૂર્ણ પર્યાયની પ્રાપ્તિના અર્થે -છેને? એની સિદ્ધિના અર્થે-પૂર્ણ ભગવાન ચૈતન્યને આધારે અસ્તિપણે, સત્તાપણે, હોવાપણે છે.એવા ચૈતન્યની ચેતનાના આધારે રહેલો ભગવાન (આત્માની) પૂર્ણ પર્યાયની પ્રસિદ્ધિ અર્થે -વસ્તુ પૂર્ણ છે તો એની પ્રાપ્તિ પર્યાયમાં પૂરી થવા અર્થે -તેની સિદ્ધિને અર્થે-કેવળજ્ઞાન પ્રગટાવવા અર્થે **"પ્રશમના લક્ષે" (-"ઉપશમ પ્રાપ્ત કરવાના હેતુથી) જ્ઞેયતત્ત્વ જાણવાનો ઈચ્છક (જીવ) સર્વપદાર્થોને દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત જાણે છે").** -પ્રશમના લક્ષે (કહ્યું), દ્રવ્યના લક્ષે એમ ત્યાં ન કીધું. **"પ્રશમવિષય"**એમ શબ્દ છે. પાઠમાં. 'પ્રશમ' વિષય છે જેનો. (કારણ કે) ઉપશમ પ્રાપ્ત કરવાના હેતુથી. પ્રશમ-વીતરાગતા પ્રાપ્ત કરવાના હેતુથી, આમ (શા માટે) કહ્યું ? કે: ઉપેય-ઉપાય છે. પણ એનો (ઉપાયનો) ઉપેય તો સિદ્ધપદ છે. એથી ઉપાયે ચૈતન્યગુણ ન ચેતનના આધારે છે એવો નિર્ણય કર્યો. પર્યાયમાં પૂર્ણ (થવા અર્થે) પૂર્ણ ગુણની, પૂર્ણ દ્રવ્યની પ્રતીતિ આવી અને (દ્રવ્ય-ગુણ) પૂર્ણ છે એવું જ્ઞાન પણ પર્યાયમાં આવ્યું પણ પર્યાય પૂર્ણ થઈ નથી; એથી પૂર્ણપર્યાયને પ્રગટ કરવા માટે.. છે? તેની સિદ્ધિને અર્થે એટલે એનો અર્થ એ પૂર્ણ છે તેની સિદ્ધિને અર્થે (અર્થાત્) પૂર્ણ પર્યાયની પ્રાપ્તિને અર્થે (એટલે કે) જેવું દ્રવ્ય ચેતન પૂર્ણ છે, એવો ચૈતન્યગુણ પૂર્ણ છે, એવી પર્યાય પૂર્ણ (થાય) -કેવળજ્ઞાન થાય તેને અર્થે (જ્ઞેયતત્ત્વ જાણવાનો ઈચ્છક (જીવ) સર્વ પદાર્થોને દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત જાણે છે)." એમ (એ રીતે) ત્રણેય (એક-) પૂરા થઈ જાય. આહા.. હા..! આવો મારગ) હવે... (આવો) માર્ગ જ સાંભળવા મળે નહીં,. અરે રે! (બિચારા જીવો શું કરે?!) આવી રીત છે!!

આહા... હા! **"પ્રશમના લક્ષે"** (કીધું), દ્રવ્યના લક્ષે એમ ન કીધું. (એટલે કે:) ઉપેય જે છે વીતરાગતા-વીતરાગતા-વીતરાગતા એને પ્રાપ્ત કરવા માટે (સાધકનું) લક્ષ ત્યાં છે. પૂર્ણ વીતરાગતા અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂર્ણ પર્યાય પ્રગટ કરવી ત્યાં લક્ષ છે, એમ કહે છે. ત્યાં આગળ તેનું ધ્યેય છે. ઉપાય અને ઉપેય. એટલે ઉપાયનું ધ્યેય, દ્રવ્ય તો ધ્યેય છે જ. તે તો દૃષ્ટિમાં ધ્યેય છે પણ પ્રગટ કરવા માટે ઉપેય એ સિદ્ધપદ (છે). તે તેનું (સાધકનું) સાધ્ય છે. સાધવા માટે સાધ્ય એ છે. આહા... હા.. હા! સમજાણું કાંઈ?

આ શ્લોકો તો ગજબ છે!! અમૃતચંદ્ર આચાર્યના શ્લોક (છે). (તેમાં) કેવળજ્ઞાન રેડયાં છે એકલા! એને (અજ્ઞાનીને) એના માહાત્મ્યની ખબરૂ નથી! એ ભગવાન આત્મા પૂર્ણજ્ઞાનનો આધાર-પૂર્ણ ચૈતન્યનો આધાર (છે). જેણે 'ચેતન' (આત્માનો) યથાર્થપણે નિર્ણય કર્યો એને હવે (ભાન વર્તે છે કે) પૂર્ણ જ્ઞાન પૂર્ણચેતનના આધારે છે. એને શકિત અને સ્વભાવરૂપે (ચૈતન્ય) છે, એને પર્યાયરૂપે (પૂર્ણપણે પ્રગટ) કરવા માટે **"પ્રશમના લક્ષે"** વીતરાગભાવના લક્ષે (-ઉપશમ પ્રાપ્ત કરવાના હેતુથી) વાત તો ઈ (એક જ) છે. ઉપશમ એટલે (મંદ કષાયરૂપ) ઉપશમ એમ નહીં (પણ) વીતરાગભાવ છે -કષાયરહિત વીતરાગ-ભાવની પર્યાય અને કેવળજ્ઞાનની પર્યાય, એને પ્રાપ્ત કરવાના હેતુથી- **"જ્ઞેયતત્ત્વ જાણવાનો ઈચ્છક (જીવ)"** -પોતાનું જે જ્ઞાન (છે) એનો આધાર આત્મા (છે), પણ જ્ઞાન છે ઈ પર્યાયમાં જેટલા જ્ઞેયો (જણાય) છે તેને જાણવાનો ઈચ્છક (જીવ) (એટલે કે) અનંત જ્ઞેયો જે દ્રવ્ય-ગુણ-પર્યાય (સહિત) છે તેને જાણવાનો ઈચ્છક જીવ સર્વ પદાર્થોને (જાણે છે). જે સર્વ પદાર્થોને દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત જાણે છે. જોયું? અહીંયાં તો કહે છે (કે:) **"સર્વ પદાર્થોને દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત જાણે છે"**-અહીંયાં તો કહે છે કે: સર્વ પદાર્થોને દ્રવ્ય-ગુણ-પર્યાયપણે (જાણે છે). એટલે એકનું દ્રવ્ય-ગુણ-પર્યાયની જ્યાં સ્વતઃ સિદ્ધિ થઈ (તો) એવા અનંતા પદાર્થોના દ્રવ્ય-ગુણ-પર્યાય એવી રીતે છે તેનું જ્ઞાન એને થઈ જાય છે! આ જ્ઞાનતત્ત્વ અધિકાર થયો ને (તેમાં) જ્ઞાનતત્ત્વનું પૂર્ણતાનું (સ્વરૂપ) બતાવ્યું. હવે જ્ઞેયતત્ત્વ અધિકારની શરૂઆત આ એક શ્લોકમાં બેય(ની) વાત કરે છે - સંધિ કરે છે. આહા... હા..!

આ પંડિતાઈની ચીજ નથી. ભગવાન ચૈતન્યહીરો- જેમ હીરો પ્રકાશે છે તેના પ્રકાશનો આધાર હીરો છે, એમ ચૈતન્યહીરો એના પ્રકાશનો (આધાર ચેતન આત્મા છે). ગાથા-૯૦ માં આવી ગયું ને...! અંતર્મુખ અને બહિર્મુખ પ્રકાશવાળું એમ આવ્યું હતું. ઈ તો (એ તો) પોતાનો સ્વભાવ જ એવો છે! અંતર્મુખ (એટલે) પોતાનો અને બહિર્મુખ (એટલે) પર, બેયને જાણવાના સ્વભાવવાળું (ચૈતન્ય) છે. એવું એ ચૈતન્ય અને જ્ઞાયક, તેની પૂર્ણ પ્રાપ્તિ માટે સર્વ પદાર્થોને (દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત જાણે છે). હવે આવા (ચૈતન્યનો સ્વભાવ) સર્વ પદાર્થોને જાણવાનો છે. (સાધક) છદ્મસ્થ છે, સમ્યગ્દૃષ્ટિ છે, જ્ઞાનતત્ત્વનો નિર્ણય કર્યો છે. તો એ જ્ઞાનતત્ત્વ તો જાણનારું છે એટલે જાણનારું છે (તો) એ સર્વ પદાર્થોને જાણવા માટે (પુરુષાર્થશીલ) છે. સર્વ પદાર્થોને દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત જાણે છે. આહા...હા...! વજન આહીં છે, **"સર્વ પદાર્થોને"** (જાણે છે). અરે..! મતિ અને શ્રુતજ્ઞાનમાં (જ્યાં) આત્મા જણાણો કે આ જ્ઞાયકભાવ ચેતનને આધારે છે એ જીવ હવે પૂર્ણ-સર્વ પદાર્થોને પૂર્ણપણે (દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત) જાણવાનો ઈચ્છક છે..! એટલે કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરવાનો ઈચ્છક છે..! છે..? (પાઠમાં) તેની સિદ્ધિને અર્થે જ્ઞેયતત્ત્વને જાણવાનો ઈચ્છક. એટલે કેવળ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે (ઈચ્છક) સર્વ પદાર્થોને દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત જાણે છે. **"કે જેથી મોહાંકુરની બિલકુલ ઉત્પત્તિ ન થાય."** રાગના વિકલ્પની પણ ઉત્પત્તિ ન થાય એ રીતે પોતાના સ્વભાવને પર્યાયમાં પરિપૂર્ણ પ્રગટ કરવાનો કામી સર્વ પદાર્થોને જાણવાનો ઈચ્છક (જીવ) દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે (કે) જેથી મોહાંકુરની બિલકુલ ઉત્પત્તિ ન થાય. વીતરાગતા અને કેવળજ્ઞાન થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આહા...હા...હા...!! પંચમ આરાના સાધુ (મુનિ) આમ વાત કરે છે..! અમને પંચમઆરો નડશે માટે પરને પૂર્ણને જાણી નહીં શકીએ. એમ (જાણવું-માનવું) રહેવા દે. બાપુ..! ઈ શું કીધું..? તેની ચીજ (મુનિની વસ્તુ-દ્રવ્ય) કેવળજ્ઞાન ઉપજાવવાને અર્થે (પુરુષાર્થી છે) તો કેવળજ્ઞાન તો છે નહીં અત્યારે..? (આ કાળે, ક્ષેત્રે) પ્રગટ થતા નથી. હવે સાંભળને...! સમ્યગ્દષ્ટિની ભાવના (તો) કેવળજ્ઞાન પ્રગટાવવાની (હોય છે). ધ્યેય (પ્રગટાવવું) તે જ છે. દૃષ્ટિમાં ધ્યેય દ્રવ્ય છે. એ જુદી વસ્તુ છે. ઉપાયમાં ઉપેય તો સિદ્ધપદ પૂર્ણ છે. તેનું (સમ્યગ્દષ્ટિનું) લક્ષ પૂર્ણ છે. અને પૂર્ણતાને લક્ષે શરૂઆત એ (સાચી) શરૂઆત છે. પર્યાયની (પૂર્ણતાનું) લક્ષ છે..આહા...હા..!

આહા...હા...! એક શ્લોક જુઓ..! શ્લોક છે ચાર લીટીનો. લ્યો..! પાંત્રીસ મિનિટ તો (વ્યાખ્યાન) ચાલ્યું. આહીં તો (શું) કહેવું છે કે: પંચમઆરાનો જીવ (કે જેને) પર્યાયમાં, જ્ઞાયકભાવનો સંબંધ દ્રવ્ય સાથે છે એવું સમ્યગ્દર્શન થયું એવું જ્ઞાન થયું. તે જ્ઞાન, પૂર્ણ પ્રાપ્તિને અર્થે કેવળ જ્ઞાનની પ્રાપ્તિને અર્થે સર્વે પદાર્થોના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણે છે. અત્યારે પાંચમો આરો છે તેથી સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાય ને જાણે એમ ન બની શકે (પણ) એમ નથી. એમ કહે છે. આહા..હા..!

**(જિજ્ઞાસા:)** હેય-ઉપાદેય કરવા માટે જાણે છે...?

**(સમાધાન:)** નહીં...નહીં...નહીં... પ્રગટ કરવા માટે જાણે છે; પૂર્ણ દશા પ્રગટ કરવા માટે જાણે છે. કારણ કે પૂર્ણ જાણવું એ મારી પર્યાય (નો સ્વભાવ) છે તે પર્યાય પ્રગટ કરવા માટે, એ પર્યાયમાં સર્વ દ્રવ્ય-પર્યાય જણાશે એટલે પહેલેથી દ્રવ્ય-ગુણ-પર્યાય કેવા છે એ જાણવા માટે પ્રયત્ન કરે છે. (પુરુષાર્થ કરે છે). આવું છે..! વીતરાગતા-વીતરાગભાવે પૂર્ણ પ્રાપ્તિ કરવી છે. **'' કે જેથી મોહાંકુરની બિલકુલ ઉત્પત્તિ ન થાય.'' (આમ (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસાર શાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત તત્ત્વદીપિકા નામની ટીકામાં જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન નામનો પ્રથમ શ્રુતસ્કંધ સમાપ્ત થયો.)** આહા...હા...! પહેલો શ્રુતસ્કંધ. ૯૨ મી ગાથાનો (ચૈતન્ય) પિંડ..! (સમાપ્ત થયો.) હવે, ગાથા-૯૩. ''જ્ઞેય-અધિકાર' હવે આવે છે. આ જ્ઞેય અધિકાર, એ દર્શન અધિકાર છે. પહેલો જ્ઞાન અધિકાર છે, આ બીજો સમકિત અધિકાર (અને) ત્રીજો ચરણાનુયોગ સૂચક (ચૂલિકાનો) અધિકાર છે.

**(''હવે જ્ઞેયતત્ત્વનું પ્રજ્ઞાપન કરે છે અર્થાત્ જ્ઞેયતત્ત્વ જણાવે છે. તેમાં (પ્રથમ) પદાર્થનું સમ્યક્ (સાચું) દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ વર્ણવે છે.'')**

આહા...હા..! હવે જ્ઞેયતત્ત્વનું પ્રજ્ઞાપન કરે છે, જ્ઞેયતત્ત્વ જણાવે છે. 'જ્ઞેય' એ પહેલાં આવી ગયું છે. આત્મા જ્ઞાન પ્રમાણ છે, જ્ઞાન જ્ઞેય પ્રમાણ છે, જ્ઞેય લોકાલોકપ્રમાણ છે. પહેલી ગાથામાં શરૂઆતમાં આવી ગયું છે ને..! આત્મા જ્ઞાન પ્રમાણ છે, જ્ઞાન જ્ઞેય પ્રમાણ છે, ''જ્ઞેય'' લોકાલોકપ્રમાણ છે. એવી વાત તો પહેલી શરૂઆતમાં કરી ગયા છે. આહા...હા..! પણ (એનું) માહાત્મ્ય (આવવું જોઈએ) બાપા..! અલૌકિક વાતો છે. ભાઈ..! ભલે સંક્ષેપ રુચિ હોય. સમજાય છે..? વિસ્તારનું ( ન જાણે) છતાં ય એની રુચિમાં પૂર્ણ જાણવું અને કેવળજ્ઞાન પ્રગટાવવું એ જ હોય છે. એ સંક્ષેપરુચિનો અર્થ: ૮૦ની સાલમાં કર્યો હતો. કેટલાં વર્ષ થયાં..? પંચાવન (વર્ષ પહેલાં) સંપ્રદાયમાં એ લોકો એવો અર્થ કરતા કે: આપણો વિષય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણવાનો ન હોય, અમને વિશેષ જ્ઞાન નથી પણ ભગવાને કહ્યું છે એવો સાચો સંપ્રદાય મળ્યો છે. ગણધર (દેવ), સમકિત અને જ્ઞાન આપણને મળ્યું છે. હવે આપણે ચારિત્ર કરવાનું બાકી છે. અને અમે સંક્ષેપરુચિવાળા છીએ ત્યારે કીધું કે, એમ નથી. મોટી સભા હજારો માણસ હતા. કીધું, અહીં સંક્ષેપરુચિનો અર્થ: વિસ્તાર (વાળું) એવું જ્ઞાન નથી, પણ વાસ્તવિક તત્ત્વ છે તેની (યથાર્થ) દૃષ્ટિ અને રુચિ તેનું જ્ઞાન છે. તેને અહીં સંક્ષેપરુચિ કહેવામાં આવે છે. આહા...હા..!

અહીંયાં કહે છે કે: જ્ઞેયતત્ત્વનું પ્રજ્ઞાપન એટલે (જ્ઞેયતત્ત્વ) જણાવે છે, તેમાં પ્રથમ પદાર્થનું સમ્યક્-સાચું-પદાર્થની સત્ય વસ્તુ કઈ રીતે છે કે દ્રવ્ય-ગુણ-પર્યાય સર્વ લેવાના (છે.) જોયું..? અહીંયાં દ્રવ્ય-ગુણ-પર્યાય લીધા. પહેલે થી જ દ્રવ્ય-ગુણ-પર્યાય શબ્દ ઉપાડ્યા (છે). ★ ગાથા-૯૩, ટીકા (પછી લેશું) પહેલી ગાથા છે ને એટલે અન્વયાર્થ લઈએ. **"अर्थः खलु"** - એટલે પદાર્થ **"द्रव्यमयः"** દ્રવ્ય સ્વરૂપ છે. પદાર્થ દ્રવ્યસ્વરૂપ છે. **"द्रव्याणि गुणात्मकानि"**- દ્રવ્યો ગુણસ્વરૂપ છે. એ તો અભેદ એક જ છે. દ્રવ્યસ્વરૂપ છે તે ગુણસ્વરૂપ જ છે. ભગવાનની વાણીમાં એમ કહેવામાં આવ્યા છે. અને વળી દ્રવ્ય અને ગુણોથી (અભેદ)એ દ્રવ્ય છે. તે સ્વરૂપ છે. વળી તે દ્રવ્ય-ગુણ સ્વરૂપ જ (પદાર્થ) છે. તે દ્રવ્ય અને ગુણોથી પર્યાયો થાય છે. **"पर्ययमूढाः हि"** (પર્યાય-મૂઢ જીવો પરસમય છે.) અર્થમાં (ટીકામાં) સમાન-અસમાનજાતીય લીધું હતું અને સ્વભાવ (પર્યાય) વિભાવપર્યાય એમ લીધું છે. લોકોને સમજાય ને..! એ રીતે છે. દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થયેલી પર્યાય છે. પર્યાય મૂઢ (જીવો) છે એની દૃષ્ટિ તો પર દ્રવ્ય ઉપર જાય છે. સમાન-અસમાન જાતીય (દ્રવ્ય પર્યાય) ઉપર પર્યાયમૂઢની દૃષ્ટિ જાય છે. એ પર્યાય મૂઢ છે અથવા પરસમય (છે) મિથ્યાદૃષ્ટિ છે.

(હવે) ★ ટીકા :-

"આ વિશ્વમાં" - (જોયું) પહેલાં વિશ્વ લીધું. ઘણાં પદાર્થોવાળું તત્ત્વ તેને વિશ્વ કહે છે. ઘણાં પદાર્થોથી ભરેલું તેને વિશ્વ કહે છે. આ વિશ્વમાં **" જે કોઈ જાણવામાં આવતો પદાર્થ છે તે આખોય"**- તે પદાર્થ આખોય." વિસ્તારસામાન્યસમુદાયાત્મક" નીચે ★ (ફૂટનોટ)માં અર્થ કર્યો છે. વિસ્તારસામાન્ય સમુદાય એટલે વિસ્તારસામાન્યરૂપ સમુદાય વિસ્તાર એટલે પહોળાઈ. દ્રવ્યના પહોળાઈ-અપેક્ષાના એક સાથે રહેનારા સહભાગી (અર્થાત્) ગુણો. પહોળાઈ એટલે આમ તીરછા (તીરછા). ભગવાન આત્મા કે દરેક વસ્તુ- એમાં (જે) ગુણો છે અનંતા તે આમ તીરછા (છે). અને પર્યાય છે તે આમ (લંબાઈ) છે. આયત (એટલે લંબાઈ).

એ વિસ્તાર એટલે પહોળાઈ-દ્રવ્યની પહોળાઈ-દ્રવ્યના પહોળાઈ-અપેક્ષાએ એટલે સહભાવી. એના જે ભેદો. (પણ) દ્રવ્યની સાથે રહેનારા એમ નહીં. દ્રવ્યના પહોળાઈ-અપેક્ષાએ એક સાથે રહેનારા સહભાવી ભેદો એ ગુણો છે. તે એક સાથે રહે છે. અનંતા એવા સહભાગી ભેદોને-વિસ્તાર વિશેષોને-ગુણો કહેવામાં આવ્યા છે. આહા..હા..! આત્મા વસ્તુ છે ને..! (તેમાં) જ્ઞાન, આનંદ, દર્શન આદિ (ગુણો) પહોળા-આમ છે. પહોળાઈ, પહોળાઈ-તીરછા છે. (વિસ્તાર છે.) પર્યાય છે. તે આયત-લાંબી-કાળ અપેક્ષાએ-એક પછી એક, એક પછી એક (ઉત્પાદ-વ્યય) રૂપે લંબાઈ છે. આહા...હા...! સમજાય છે કાંઈ..?

★ ગાથા-૯૩, અન્વયાર્થ અને ટીકા માટે જુઓ પાના નંબર:-૧

★ (ફૂટનોટ) માટે જુઓ પાના નંબર:-૧

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીંયાં કહે છે કે: એ જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે જીવ દ્રવ્યના વિસ્તારવિશેષો (જે છે) તે આમ તીરછા (છે) તેને ગુણો કહે છે. તે વિસ્તારવિશેષોમાં રહેલાં વિશેષપણાને ગૌણ કરીએ-દ્રવ્યના વિશેષ ગુણ ભેદો છે એને ગૌણ કરીએ-(દૃષ્ટિમાં ન લઈએ) તો એ બધામાં એક આત્મા સામાન્યપણે ભાસે છે. તે અનંતા ગુણોનું સામાન્ય અને વિશેષપણું જે છે તે એકલું દ્રવ્ય છે. એકલું ભાસે છે. એક સામાન્યપણારૂપ સામાન્યપણું ભાસે છે. આ વિસ્તારસામાન્ય (સમુદાય)તે દ્રવ્ય છે. તે વસ્તુ છે. શું કીધું..? સમજાણું..? વસ્તુમાં ગુણો છે તે વિશેષ છે, દ્રવ્ય સામાન્ય છે. એમાં (દ્રવ્યમાં) ગુણો વિશેષ છે. આહા...હા...હા..!! અનંતા ગુણોનું વિશેષપણું જે છે તે વિશેષપણું જો લક્ષમાં ન લ્યો તો તે અનંત ગુણોનું રૂપ તે આત્મદ્રવ્ય છે. વિસ્તારસામાન્યનું રૂપ તે પદાર્થ છે. આહા..! આવી ભાષા..!

(શું કહે છે..?) કે: દ્રવ્યમાં ગુણો છે તે આમ (તીરછા-પહોળા) રહેલા છે. જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ક્રમે ક્રમે રહ્યા નથી. અક્રમે-સહભાવી-સાથે ગુણો રહ્યા છે. દ્રવ્યની સાથે રહ્યા છે એમ નહીં. કેમ કે દ્રવ્યની સાથે તો પર્યાય પણ રહેલી છે. (પણ પર્યાય ક્રમભાવી છે.) અને ગુણો એક સાથે રહ્યા છે. આમ સાથે અનંતા..!! આહા..હા..! (સાધકને) એવા આત્માનું સામાન્યપણું ભાસે છે. આ વિસ્તારસામાન્ય તે દ્રવ્ય છે. (જો કે) આયતસામાન્યસમુદાય (પણ) દ્રવ્યથી રચાયેલો બીજી અપેક્ષાએ છે. છે તો દ્રવ્ય એનું એ. વિસ્તારસામાન્યનું દ્રવ્ય જુદું અને આયતસામાન્યનું દ્રવ્ય જુદું એવું કાંઈ નથી..! આહા..હા..!

(જુઓ !) ગુણોનો આમ (એટલે કે પહોળાઈ અપેક્ષાએ) વિસ્તાર છે. એ દ્રવ્યના વિશેષણ (ભેદો) વિશેષ હોવાથી એમ (વિસ્તારસામાન્યસમુદાય) કહેવાય (છે). પણ એવું વિશેષપણું કાઢી નાખો તો તે સામાન્યવિસ્તારગુણો તે દ્રવ્ય છે. અને આયતસામાન્યસમુદાય (એટલે) લંબાઈ (અપેક્ષાના) આમ એક પછી એક (ક્રમભાવી) પર્યાયો છે તે ક્રમવર્તી છે. ગુણો એક સાથે અક્રમે છે પર્યાયો ક્રમભાવી (ક્રમવર્તી) છે. પદાર્થના અનંતગુણો છે તે બધા સહભાવી-સાથે છે. અને પર્યાયો સાથે નથી- એક પછી એક-એક પછી એક-એમ લંબાઈને આમ પર્યાયો થાય છે. કાળ અપેક્ષાએ તો આ દ્રવ્યના, લંબાઈ-અપેક્ષાના એક પછી એક પ્રવર્તતા ક્રમભાવી, કાળઅપેક્ષિત ભેદોને -આયતવિશેષોને-પર્યાયો કહેવામાં આવે છે. તે (પર્યાય) એક પછી એક, એક પછી એક ક્રમબદ્ધ (છે). (પાઠમાં) એમ તો કીધું ને..! અંદર 'ક્રમભાવી' (એટલે) ક્રમે થનારા (કહ્યું) (તેમાં) ક્રમબદ્ધ આવી ગયું..! ક્રમબદ્ધ વિશેષ કહેવા માટે ક્રમ નિયમિત નાખ્યું છે. (વળી) ક્રમે તો થાય પણ નિશ્ચિત સમયે જે (પર્યાય) થવાની (હોય) તે જ થાય. 'સર્વ વિશુદ્ધ અધિકાર'માં એ નાખ્યું છે. એ ક્રમનિયમિત-ક્રમબદ્ધ છે. એને અહીં ક્રમભાવી પર્યાય કીધી છે.

આહા..હા..! જુના માણસને પણ (આ વસ્તુસ્થિતિ) કઠણ પડે..! તો તદ્દન નવા બિચારા (માણસ) વળી સંપ્રદાયની દૃષ્ટિવાળા હોય એને તો એમ થાય કે આ શું કહે છે..? આમાં કાંઈક સામાયિક કરવી, પોષહ કરવો કે પ્રતિક્રમણ કરવું (એ વાત તો આવી નહીં, પણ ભાઈ!) એ સાચી સામાયિક કેમ થાય એની વાત ચાલે છે. અત્યારે તો બધી ખોટી સામાયિકો, ખોટા પોષહ ને ખોટા પડિક્કમણા કેમ કે હજી મિથ્યાત્વનું પ્રતિક્રમણ નથી ત્યાં અવ્રત-પ્રમાદ-કષાયનું પ્રતિક્રમણ ક્યાંથી આવ્યું..? (એટલે કે સમકિત વિના સાચું પ્રતિક્રમણ હોતું નથી) આહા..હા..હા..!

**"અને આયતસામાન્યસમુદાયાત્મક દ્રવ્યથી રચાયેલો હોવાથી દ્રવ્યમય (દ્રવ્યસ્વરૂપ) છે. વળી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**દ્રવ્યો એક જેમનો આશ્રય છે એવા વિસ્તારવિશેષોસ્વરૂપ ગુણોથી રચાયેલાં (ગુણોનાં બનેલાં) હોવાથી ગુણાત્મક છે.**

(શું કહે છે..?) કે: મિથ્યાત્વના પ્રતિક્રમણની વ્યાખ્યા ચાલે છે. અને સમ્યક્ત્વ રૂપ દર્શન થાય અને સમ્યગ્જ્ઞાન થાય તેની વાત છે. એ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં આયત-આખી પહોળી (દ્રવ્યના પહોળાઈ-અપેક્ષાના-એક સાથે રહેનારા, સહભાવી) ભેદોને (વિસ્તારવિશેષોને) ગુણો કહેવામાં આવે છે; જેમ કે જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે જીવદ્રવ્યના વિસ્તાર-વિશેષો અર્થાત્ ગુણો છે. તે વિસ્તાર-વિશેષોમાં રહેલાં વિશેષપણાને ગૌણ કરીએ તો એ બધામાં એક આત્મા રૂપ સામાન્યપણું ભાસે છે. આ વિસ્તારસામાન્ય તે દ્રવ્ય છે. અને ક્રમભાવી વિશેષપણાને ગૌણ કરીને એટલે પર્યાય ત્રણેય કાળની પર્યાયોને (ગૌણ કરીએ તો એ બધામાં એક દ્રવ્યપણારૂપ સામાન્યપણું જ ભાસે છે.) તે દ્રવ્ય છે. (આ) વિસ્તારસામાન્ય (તે) દ્રવ્ય છે. અને આમ લંબાઈથી (લંબાઈ-અપેક્ષાના) ક્રમભાવી પર્યાયોમાં પ્રવર્તતા વિશેષપણાને ગૌણ કરીએ તો તે એક દ્રવ્ય છે. વિસ્તારસામાન્યનું દ્રવ્ય જુદું અને આયતસામાન્યનું દ્રવ્ય જુદું એમ નથી. સમજાણું કાંઈ..? આમ એક સાથે (સહભાવી) અનંતા ગુણો છે. એ પણ દ્રવ્ય છે. (અને) એની જે દ્રવ્ય-ગુણથી, ત્રિકાળીથી ઉત્પન્ન થયેલી પર્યાયો-એ ત્રિકાળી પર્યાયોનો સમુદાય-એમાં વિશેષ કાઢી નાખો (દૃષ્ટિમાં ન લ્યો) તો તે સમુદાય એકલું દ્રવ્ય રહે છે. જેમ વિસ્તારસામાન્યનું દ્રવ્ય છે એવી રીતે આયતસમુદાયનું (પણ) એ જ દ્રવ્ય છે. વિસ્તારસમુદાયનું દ્રવ્ય જુદું અને આયતસમુદાયનું દ્રવ્ય જુદું એમ નથી. એ તો બે પ્રકારે (દ્રવ્ય) સમજાવ્યું છે. બે એનાં જુદાં જુદાં દ્રવ્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ..?

(કહે છે) કે: વિસ્તારસામાન્યનું આમ તીરછું છે તે (પહોળાઈ-અપેક્ષાએ) સાથે (આયત સામાન્યનું) લંબાઈ-અપેક્ષાએ (એટલે કે) સહભાવી અને ક્રમભાવી આમ બે દ્રવ્ય જુદાં નથી (પણ એક જ દ્રવ્ય બે પ્રકારે છે) હજી તો દ્રવ્યને-ગુણને અને પર્યાયને સમજાવવા આ વાત છે. અરે..! શું થાય..? (પોતે સમજે તો થાય).

આહા..હા..! (જુઓ ને..!) બિચારાં નાની-નાની ઉંમરમાં અસાધ (બેભાન) થઈ જાય (છે). બાપુ..! (ભાઈ..!) સાધ (ભાન) થવાની તો (આ) વાતો છે. મિથ્યાદૃષ્ટિ છે તે અસાધ છે. અહીંયાં તો (કોઈ) બાહ્યથી અસાધ (હેમરેજ થવાથી) છે. (પણ) જેને આ દ્રવ્ય-ગુણ-પર્યાયની વાસ્તવિકતાની ખબરું ય નથી તે (અંતર થી ખરેખર) અસાધ પ્રાણી છે. એ મિથ્યાત્વમાં અસાધ (મૂઢ) થઈ ગયા છે..! (કારણ કે) એને સાધ (વસ્તુ-સ્થિતિનું ભાન) નથી કે આ દ્રવ્ય તે વિસ્તારસામાન્યગુણોનો સમુદાય અને આયતસામાન્યસમુદાય-ત્રિકાળી લંબાઈ-અપેક્ષાના પર્યાયો છે તે દ્રવ્ય છે.

(શું કહે છે..?) કે: (એક ગુણની) એક સમયની પર્યાય અને એવી ત્રિકાળી (ભૂત-ભવિષ્ય-વર્તમાન) પર્યાયો તે આખો ગુણ. અને એવા અનંતા ગુણોની (ત્રિકાળી) પર્યાયો તે અનંત ગુણો. તે અનંતી પર્યાયોનો સમુદાય-વિશેષોને કાઢી નાખો (લક્ષમાં ન લ્યો) તો જીવનું વિસ્તારસામાન્ય દ્રવ્ય છે તે જ પોતે આયતસામાન્યનું દ્રવ્ય છે. આહા..હા..! હવે આવી ભાષા..! (કોઈ દી'સાંભળી ન હોય) અરે રે..! આવી (વસ્તુતત્ત્વની) વાત છે. બાપા..! આત્મા કહો કે પરમાણુ કહો કે છ દ્રવ્યમાંથી કોઈપણ દ્રવ્ય(ની વ્યાખ્યા) કહો, દ્રવ્ય જ એને કહીએ કે આમ તીરછા (પહોળાઈ-અપેક્ષાના ગુણો-સહભાવી) નો પિંડલો તે દ્રવ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને પર્યાયના (લંબાઈ-અપેક્ષાના (ક્રમભાવી) વિશેષોનો પિંડ તે દ્રવ્ય છે. આયતસામાન્યનું અને વિસ્તારસામાન્યનું દ્રવ્ય તો એનું એ (છે). લંબાઈની અપેક્ષાએ એક પછી એક પછી એક તે પર્યાય છે કેમ કે અનંતી પર્યાયોનો પિંડ તે ગુણ (છે). અને અનંતા ગુણોનો વિસ્તારનો એકરૂપ પિંડ તે દ્રવ્ય (છે). ઝીણી વાત છે બાપુ..! વીતરાગ જિનેશ્વરનો માર્ગ એવો અલૌકિક છે..! અને એના ફળ તો અનંતાનંત આનંદ! જેના ફળમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય (છે). જેને અંતર આવો દ્રવ્ય-ગુણ-પર્યાયનો નિર્વિકલ્પપણે (નિર્ણય) બેસે તેને (કેવળજ્ઞાનનું ફળ આવે..!) આહા..હા..હા..!

(કહે છે) કે: વિસ્તારસામાન્ય અને આયતસામાન્ય સમુદાય તેનું દ્રવ્ય તો તેનું તે જ (છે). નિર્ણય કરનારી તો પર્યાય છે. વર્તમાન પ્રગટ પર્યાય (નિર્ણય કરે છે) ભૂત-ભવિષ્યની પર્યાયો તો અંદર (દ્રવ્યમાં) પડી છે. આહા...હા..! (વર્તમાન) પ્રગટ પર્યાય એમ નિર્ણય કરે છે કે! બધી પ્રગટ પર્યાય અને બધા ગુણોનો પિંડ જ દ્રવ્ય છે. છતાં ત્યાં વળી ('સમયસાર') ગાથા-૪૯માં ('અવ્યક્ત'ના છ બોલમાં-બોલ-પાંચમામાં કહ્યું છે કે: ''વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે કેવળ વ્યક્તપણાને જ સ્પર્શતો નથી માટે 'અવ્યક્ત' છે). કહ્યું કે: પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. અડતું નથી અને એ પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. અડતી નથી. એ વર્તમાનની અપેક્ષાએ (કહ્યું) છે. (પણ) ત્રિકાળપર્યાયનો સમુદાય તે તો દ્રવ્ય છે. ત્રિકાળ અને વિશેષ ને પર્યાય એવા ભેદ લક્ષમાંથી કાઢી નાખો તો ત્રિકાળની લંબાઈનું તે દ્રવ્ય છે. એ આયતસમુદાય છે. સમુદાયદ્રવ્યથી રચાયેલો હોવાથી દ્રવ્ય સ્વરૂપ છે. આહા..હા..! આ હજી એકલા દ્રવ્યની વાત થઈ. હવે એના ગુણોની વ્યાખ્યા કરશે.

વિશેષ હવે કહેશે.

ॐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પ્રવચન : તા. ૨૮-૫-૭૯.

'પ્રવચનસાર' જ્ઞેય અધિકાર. પહેલી ગાથા. ગાથા-૯૩. આહા..હા..! ભગવાનના (સર્વજ્ઞના) જ્ઞાનમાં જે છ દ્રવ્ય જણાણા છે. એમાં દ્રવ્ય કોને કહીએ, ગુણ કોને કહીએ, અને પર્યાય કોને કહીએ- એ જ્ઞાનની વિશેષતા જાણવા માટે-સ્વના લક્ષે, તેનું જ્ઞાન કરવામાં આવે છે.

એક ફેરે તો આંહી 'દ્રવ્યદૃષ્ટિ તે સમકિત દૃષ્ટિ' અંદર (સ્વાધ્યાય મંદિરમાં) એમ લખ્યું હતું ને..! દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ. થાનના એક ભાઈ આવ્યા હતા. (વાંચીને) કહે કે: આ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ- જૈનમાં પણ હજી એને ખબર ન હતી કે દ્રવ્ય કોને કહેવું, ગુણ કોને કહેવા, પર્યાય કોને કહેવી..? એને ખબર ન મળે. તે કહે કે આ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ (એટલે કે) અહીયાં પૈસાવાળા બહુ આવે છે. કરોડપતિઓ (આવે છે) એ દ્રવ્યદૃષ્ટિ એટલે સમ્યગ્દૃષ્ટિ..? (એમ કે પૈસા એટલે દ્રવ્ય અને એની દૃષ્ટિ એ સમ્યગ્દૃષ્ટિ) કીધું: અરે ભાઈ..! એ દ્રવ્ય-પૈસાનું આહીં શું કામ છે..? દ્રવ્ય તો આત્મા (છે). એને અહીં (દ્રવ્ય) કહ્યું (છે). કોને દ્રવ્ય કહીએ..? કે: વિસ્તારસામાન્યસમુદાયનો પિંડ તેને દ્રવ્ય કહીએ. હવે આ ભાષા ! એટલે જે આ દ્રવ્ય વસ્તુ છે આત્મા. એમાં જ્ઞાન, દર્શન એ અનંત ગુણો-આમ એ વિસ્તાર છે. વિસ્તારસામાન્યસમુદાય એને દ્રવ્ય કહીએ. આત્મામાંતીરછા-આમ-અનંત-ગુણો છે જે અનંત છે. પણ આમ (પહોળાઈ-અપેક્ષાના) છે. પર્યાય એમ નથી. પર્યાય છે એ એક પછી એક, એક પછી એક એમ (લંબાઈ-અપેક્ષા) કાળ ક્રમે થાય છે. પર્યાય ક્રમે થાય અને ગુણો અક્રમે છે. આહા..હા..!

એટલે દ્રવ્ય કોને કહીએ..? આત્મદ્રવ્ય પણ કોને કહીએ..? (કે:) વિસ્તારસામાન્ય જે અનંત ગુણો-જ્ઞાન, દર્શન (આદિ) જે ગુણો છે, એ ત્રણેય અનંતગુણોનું સામાન્ય એક રૂપ, તેને દ્રવ્ય કહીએ. અને બીજી અપેક્ષાએ દ્રવ્ય કોને કહીએ..? કે: જે આ દ્રવ્ય છે તેની ત્રણે કાળની પર્યાયો છે એ આયત (સામાન્યસમુદાય કહેવાય છે). ગુણો છે તે અક્રમે-સહભાવી-એક સાથે છે. પર્યાયો છે તે ક્રમભાવી છે. તે ક્રમભાવી અનંત ગુણની પર્યાયો એક સમયે અનંતી, એવા ત્રણે કાળની પર્યાયનો સમુદાય તે દ્રવ્ય છે. એ બન્ને એક જ વાત છે. અનંત ગુણોનો તીરછો-વિસ્તારસામાન્યસમુદાય તે દ્રવ્ય (છે). વળી ત્રિકાળી અનાદિ-અનંત પર્યાયો છે તેનો (આયાત સામાન્ય) સમુદાય તે દ્રવ્ય છે. બધી એક જ વસ્તુ છે. સમજાય છે કાંઈ..?

આવું (દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ) કોઈ દિવસ સાંભળ્યું (પણ) ન હોય. અને સામાયિક કરો ને પોષહ કરો... ને પડિક્કમણા કરે..! મરી ગયો. કરી, કરીને અનંતવાર..! તત્ત્વની ખબર ન મળે (કે:) દ્રવ્ય કોને કહેવાય..? ગુણ કોને કહેવા..? આ પર્યાય કોને કહેવી..? (તત્ત્વનો અભ્યાસ નહીં). તો આપણે આ દ્રવ્યની વ્યાખ્યા આવી ગઈ. હવે ગુણની વ્યાખ્યા છે.

આહા..હા..! દ્રવ્ય એને કહીએ કે: પરમાણુ હો કે આત્મા (કે) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ એ છ એ દ્રવ્યમાં કોઈ (પણ) દ્રવ્ય હો- એમ ભગવાને છ દ્રવ્ય જોયાં છે. જાતિએ છ (દ્રવ્ય) છે. અને સંખ્યાએ અનંત છે. પણ તે અનંત દ્રવ્યનું દ્રવ્ય કેમ કહેવું એને કે એમાં અનંતા ગુણો તીરછા-આમ (પહોળાઈ-અપેક્ષા) વિસ્તારસામાન્ય(સમુદાય) અને અક્રમે-એક સાથે-(સહભાવી) રહેલાં છે તેથી તેનો સમુદાય તેને દ્રવ્ય-વસ્તુ કહીએ. અને આયત (સામાન્ય સમુદાય) પર્યાય, આમ-ત્રણેય કાળની છે-ત્રણેય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાળની પર્યાયને એક સમયમાં અનંતી પર્યાય અનંત ગુણની છે. એવી અનાદિ-અનંત જે અનંત પર્યાય છે (એટલે કે) અવસ્થા-હાલત (છે) તેનો પિંડ તે દ્રવ્ય છે. આહા...હા...! કહો (આમાં) સમજાણું કાંઈ..?

આવી વાત છે..! આ ''જ્ઞેય અધિકાર'' છે. ખરેખર તો આ સમકિતનો અધિકાર છે. સમ્યગ્દષ્ટિ-ધર્મની પહેલી શ્રેણીવાળાનો (અધિકાર છે). શ્રાવકનું પાંચમું ગુણસ્થાન હોય એ તો બહુ જુદી ચીજ છે. એ કાંઈ આ વાડાના (સંપ્રદાયના) શ્રાવક (કહેવાય છે) એ કાંઈ શ્રાવક નથી..! આહા..હા..! અંતરમાં શ્રાવક થવા પહેલાં (ચોથા ગુણસ્થાને) સમ્યગ્દર્શન થાય. એ સમ્યગ્દર્શનમાં આ આત્મદ્રવ્ય (આત્મા) કેવો છે તેનું જ્ઞાન એને થાય છે. આહા..હા..!

તે અનંતા જે વિસ્તાર... સોનામાં જેમ પીળાશ ને ચીકાશ ને વજન ને (અનંત ગુણો) જેમ એક સાથે છે તેમ આ આત્માની અંદરમાં (જ્ઞાનાદિ અનંત ગુણો) છે. એ આત્માને દ્રવ્ય કેમ કહેવું..? (કે:) તેમાં અનંત જ્ઞાનાદિ ગુણો અનંત...અનંત...અનંત...છે. પણ બધો વિસ્તાર આમ-તીરછા-એક સાથે (સહભાવી) વિસ્તાર છે. (અને) કાળક્રમે વિસ્તાર છે એ તો પર્યાય છે. આ તો આ વિસ્તાર-અનંત ગુણનો પિંડ-જે સમુદાય તેને દ્રવ્ય કહીએ. અથવા ત્રણે કાળની અનાદિ-અનંત પર્યાયોનો પિંડ એને દ્રવ્ય કહીએ. એ તો એકની એક વાત છે. ગુણથી દ્રવ્ય કીધો, પર્યાયથી દ્રવ્ય કીધો. ત્યાં સુધી તો આવી ગયું છે.

**''વિસ્તારસામાન્યસમુદાયાત્મક-વિસ્તારસામાન્યસમુદાયસ્વરૂપ અને આયતસામાન્યસમુદાય-સ્વરૂપ દ્રવ્યથી રચાયેલો હોવાથી દ્રવ્યમય (દ્રવ્યસ્વરૂપ) છે.''** - આહા..હા..! આવા ગુણ ને આવા પર્યાયથી રચાયેલો હોવાથી **(પ્રશ્નઃ)** (કોઈએ) રચ્યો હશે..? **(ઉત્તરઃ)** અનાદિથી ભગવાને જોયો છે. દરેક પરમાણુ અને (અનંત) આત્મા. પોતાના અનંતા ગુણોનો આમ (એક સાથે) વિસ્તાર અને પર્યાયના ક્રમ-એનાથી રચાયેલા (છે). એટલે હોવાવાળા (અસ્તિત્વ) એને દ્રવ્ય કહેવામાં આવે છે. એ દ્રવ્યસ્વરૂપ છે. **(શ્રોતાઃ)** આ વળી નવું કહ્યું..! **(સમાધાનઃ)** ભાષા તો શું થાય..? રચાયેલો એટલે..? એ રીતે છે. દરેક દ્રવ્ય-વસ્તુ ભગવાને (આ રીતે) દીઠી (છે). એ દ્રવ્યનો કોઈ કર્તા નથી. ઈશ્વર કે કોઈ કર્તા છે એમ નથી. એ દ્રવ્ય પોતે જ અનંત ગુણોનો સામાન્ય સમુદાય-વિસ્તારનો પિંડ છે. અને આયતસામાન્ય સમુદાયનો પિંડ એને દ્રવ્ય અથવા વસ્તુ કહેવામાં આવે છે. ભાષા તો સાદી છે પ્રભુ..! શું થાય..? બાપુ..! અત્યારે તો તત્ત્વની વાત સમજ્યા વિના બધી વાતું બહારની (ચાલે છે). બધું થોથે થોથાં હાલે (અને) ધર્મ થઈ ગયો એમ માને (છે). અરે રે..! જિંદગી ચાલી જાય છે. ભાઈ..! આહા..હા..હા..! લાભુભાઈ અહીંયા બેસતા ને..! અસાધ થઈ ગયા, હેમરેજ થઈ ગયું છે. હજી સાધ આવી નથી, ડોક્ટર કહેતા હતા કે હજી છ-સાત દિવસે આવે તો..! આહા..હા..! આ દશા જડની..! જે સમયે જે પર્યાય થવાની તે થવાની જ તે. તે બધી પર્યાયોનો પિંડ તે પરમાણુ છે. (આ શરીર) કંઈ એક ચીજ નથી એ અનંતા પરમાણુનો પિંડ છે એના કટકા (ટુકડા) કરતાં-કરતાં છેલ્લો પોઈંટ રહે-છેલ્લી ચીજ (રહે) તેને જિનેશ્વર દેવ, પરમાત્મા પરમાણુ કહે છે. પરમાણુ એટલે પરમ + અણુ. (એ) વિસ્તારસામાન્યસમુદાય-અનંતગુણનો પિંડ છે અને અનંતી આયત-લંબાઈથી થયેલી-આમ ક્રમેથી થયેલી પર્યાયોનો પિંડ તે પરમાણુ છે. **(શ્રોતાઃ)** બન્ને મળીને છે ને..! **(સમાધાનઃ)** બન્ને મળીને એક છે. એક જ વસ્તુ છે. વિસ્તારસામાન્યનો એક દ્રવ્ય છે અને આયતસામાન્યનો એક દ્રવ્ય છે એમ નહીં. એ દ્રવ્યની સ્થિતિ આ છે. એને વિસ્તારસામાન્યસમુદાયથી જાણો કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આયતસામાન્યસમુદાયથી જાણો, આ (એક) દ્રવ્ય છે. આહા...હા...!

(શું કહે છે..?) કે: દ્રવ્ય એટલે અહીંયા પૈસો નહીં. **(શ્રોતા:) આમાં લખ્યું તો છે, એ દ્રવ્ય તો છે..! (સમાધાન)**એ આ (કહ્યું તે) દ્રવ્ય છે. પૈસો તો અનંત પરમાણુનો પિંડ છે, એ એક દ્રવ્ય નથી. પૈસો, આ નોટ, આ રૂપિયો, સોનું , પાઈ (આદિ) એ તો અનંત પરમાણુનું દળ છે. એમાંનો એક પરમાણુ જે છે તે અનંતમાં ભાગમાં તે એક એક પરમાણુ અનંતા સામાન્ય ગુણના વિસ્તારથી ભરેલું તત્ત્વ છે. અને (તેની) પર્યાયો અનાદિ-અનંત છે તેનો (ત્રિકાળી) પિંડ તે પરમાણુ (દ્રવ્ય) છે. આવી વાત છે!! એ દ્રવ્યની વ્યાખ્યા તો આવી ગઈ. હવે ગુણની વ્યાખ્યા (ચાલે છે).

**''વળી દ્રવ્યો [1]એક જેમનો આશ્રય છે એવા વિસ્તારવિશેષોસ્વરૂપગુણોથી રચાયેલાં (-ગુણોનાં બનેલાં) હોવાથી ગુણાત્મક છે..''**

આહા...હા..! 'વળી દ્રવ્યો' એટલે જે દ્રવ્ય છે. જગતમાં ભગવાને છ દ્રવ્યો જાતિ-અપેક્ષાએ અને સંખ્યાએ અનંત દ્રવ્યો પરમેશ્વર-કેવળજ્ઞાની-પરમાત્માએ જોયાં (છે).એમાં દ્રવ્યો-એ જ જેનો આશ્રય છે (એ) ગુણો છે. ગુણો છે અનંત પણ એનો આશ્રય એ જ (દ્રવ્યો) છે. નીચે (ફૂટનોટમાં) લખ્યું છે. આહા...હા..! અનંત ગુણોનો આશ્રય એક દ્રવ્ય છે. ભગવાન આત્મા-એમાં અનંત ગુણો જ્ઞાન-દર્શન-(ચારિત્ર) એવા અનંત, અનંત, અનંત, અનંત, અનંત ગુણો છે. જે અનંતની સંખ્યાનો પાર ન મળે..!! એવા અનંત ગુણો, એક દ્રવ્યના આશ્રયે છે. પહેલી દ્રવ્યની વ્યાખ્યા કરી, હવે આ ગુણની વ્યાખ્યા છે. ગુણ કહેવા કોને..? કે: જે એક દ્રવ્ય છે ભગવાન આત્મા, એને આશ્રયે આ અનંત-અનંત ગુણો છે, એને ગુણ કહેવા. એમ એક પરમાણુ છે. એક રજકણ-પોઈંટ (તેના આશ્રયે) પણ અનંતા વર્ણ-રસ-ગંધ સ્પર્શાદિ (અનંત ગુણો છે). તેનો આશ્રય એક પરમાણુ દ્રવ્ય છે. આહા..હા..!

આ તો, હજી તો દ્રવ્ય-ગુણ-પર્યાય, એકડાના મીંડાની આ વાતું છે. એને (અજ્ઞાનીને) દ્રવ્ય કોને કહેવું, ગુણ કોને કહેવા, પર્યાય કોને કહેવી (તેની) ખબરું ય ન મળે અને ધર્મ થઈ જાય એને (તે ન બને). અહીંયાં પ્રભુ કહે છે કે: બાપુ..! તું મૂઢ (અજ્ઞાની) થઈને અનાદિથી (પડ્યો છે) (તને) દ્રવ્ય કોને કહેવું, ગુણ કોને કહેવા, પર્યાય કોને કહેવી એની ખબર નથી..! અને તેથી વર્તમાન એક સમયની પર્યાય, અહીં સજાતીય અને વિજાતીય બધી ભેગી નાખી છે. (તેને જ સ્વરૂપ માને છે). આવું છે..! સમજાણું કાંઈ..?

આહા..હા..! **''દ્રવ્યો એક જેમનો આશ્રય છે એવા વિસ્તારવિશેષોસ્વરૂપ''** - એવા વિસ્તારવિશેષસ્વરૂપ ગુણો આમ- પહેલાં આવી ગયું છે ને... આત્મામાં એવા વિસ્તારવિશેષોસ્વરૂપ (ગુણો છે). દ્રવ્ય છે તે સામાન્ય છે પણ આ વિસ્તારવિશેષોસ્વરૂપ તે **''ગુણોથી રચાયેલાં-ગુણોનાં બનેલાં હોવાથી (ગુણાત્મક)-ગુણસ્વરૂપ છે.''**

(અહીંયાં) શું કહ્યું..? દ્રવ્યની વ્યાખ્યા કાલ થઈ ગઈ. આ તો ગુણની જ વ્યાખ્યા આવે છે. ગુણ એટલે દરેક વસ્તુમાં વિસ્તાર-એક સમયમાં અક્રમે સાથે રહેલા ભાવો તેને ગુણ કહે છે. તે ગુણ અનંત હોવા છતાં તે ગુણોનો આશ્રય તે એક દ્રવ્ય છે. આહા...હા...હા...હા..!! ભગવાન આત્મામાં અનંતજ્ઞાન,

---

૧. અનંત ગુણોનો આશ્રય એક દ્રવ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંતદર્શન એવા અનંત અનંત ગુણો છે. વિસ્તાર કીધો ને..! વિસ્તારવિશેષ છે. (વળી) પરમાણુ તે સામાન્ય છે. આ આ (ગુણો) એના વિસ્તારવિશેષો છે. (દ્રવ્યનું) સ્વરૂપ ગુણોથી એટલે શક્તિઓથી અને સત્ત્વોથી હોય છે. તેથી તેને ગુણ સ્વરૂપ (પણ) કહેવામાં આવે છે. સમજાણું કાંઈ..? આવી (સર્વજ્ઞ ભગવાનની વાતો છે.) જ્ઞેય અધિકાર તે સમકિતનો અધિકાર છે..!

ઓહો...હો...! જેવું દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ છે તેવું પ્રતીત કરે, ઓળખીને (જાણીને પ્રતીત કરે) તો તેને સમ્યગ્દર્શનનો આ વિષય (થાય) છે. હજુ તો પહેલાં ચોથા ગુણસ્થાન (ની આ વાત છે). પાંચમું અને છઠ્ઠું (ગુણસ્થાન) એ તો કોઈ અલૌકિક વાતો છે. બાપુ..! દ્રવ્યની વ્યાખ્યા આવી ગઈ, ગુણની વ્યાખ્યા આવી. હવે પર્યાયો (ની વાત આવે છે).

**"વળી પર્યાયો-કે જેઓ આયતવિશેષોસ્વરૂપ છે તેઓ-જેમનાં લક્ષણ (ઉપર) કહેવામાં આવ્યા એવાં દ્રવ્યોથી તેમ જ ગુણોથી રચાયેલ હોવાથી દ્રવ્યાત્મક પણ છે, ગુણાત્મક પણ છે. તેમાં, અનેક દ્રવ્યાત્મક એકતાની પ્રતિપત્તિના કારણભૂત દ્રવ્યપર્યાય છે. તે દ્વિવિધ છે. (૧) સમાનજાતીય અને (૨) અસમાનજાતીય."**

(અહીંયાં કહે છે કે:) દ્રવ્ય...આત્મામાં કે પરમાણુમાં એક પછી એક, એક પછી એક (એમ) એક સમયમાં અનંતી પર્યાયો, (બીજે સમયે) બીજી અનંતી પર્યાયો (ત્રીજે સમયે) ત્રીજી અનંતી પર્યાયો-તે એક પછી એક. એક પછી એક (આમ લંબાઈ-અપેક્ષા) અનંતી અનાદિ-અનંત પર્યાયો (થાય છે) તેને આયત (સામાન્ય સમુદાય) કહેવાય (છે). ગુણો આમ લંબાણા નથી, ગુણો આમ (સહભાવી-અક્રમે-એક સાથે) વિસ્તારમાં છે..! આહા...હા...! પર્યાયના પ્રકાર બે કીધા. બે પરમાણુ ભેગાં થઈને (એકરૂપ) ભેગાં થતાં નથી, સંયોગ છે એને સમાનજાતીય દ્રવ્યપર્યાય કહીએ. વળી આત્મા અને મનુષ્યગતિ અંદર (કાર્માણ-પરમાણુ) છે એ બેયના (સંયોગને) અસમાનજાતિ દ્રવ્યપર્યાય કહીએ. એ વૈભાવિક દ્રવ્યપર્યાય (છે). વ્યંજનપર્યાય અને અર્થપર્યાય બે નામ શાસ્ત્રમાં છે. વ્યંજનપર્યાય તે દ્રવ્યપર્યાય (છે). અને અર્થપર્યાય તે દ્રવ્યપર્યાય સિવાયના અનંતા ગુણની પર્યાય (છે) તે અર્થપર્યાય (કહેવાય છે) આહા..હા..! સમજાણું કાંઈ..?

(અહીંયાં કહે છે કે:) પર્યાય, દ્રવ્ય અને ગુણને આશ્રયે થતી હોવાથી તે અનંતી જે પર્યાયો છે-અવસ્થાઓ છે એનો સમુદાય તે ગુણ છે અને ગુણોનો સમુદાય તે દ્રવ્ય છે. અહીં તો દ્રવ્ય લેવું છે. **"દ્રવ્યોથી તેમ જ ગુણોથી રચાયેલ હોવાથી"** એમ કરીને એમ સિદ્ધ કર્યું કે, : દરેક પરમાણુ અને દરેક આત્મા, એની વર્તમાનપર્યાય અને ત્રિકાળીપર્યાય એને રચાવેલ હોવાથી દ્રવ્યાત્મક પણ છે, એ દ્રવ્ય પોતે એને રચે છે, એ પર્યાયોને બીજું દ્રવ્ય રચે છે એમ નહીં. આહા...હા..! આ હાથ હલે છે, આમ જુઓ..! અને ભાષા આમ (મુખમાંથી) નીકળે છે. એ એની (પરમાણુની) પર્યાય છે. એ એની (જડની) પર્યાય છે. એનો આખો સમુદાય તે દ્રવ્ય છે, પણ એ પર્યાય બીજા (કોઈ) દ્રવ્યે ઉપજાવી છે (વળી) આત્મા આ શરીરને હલાવે છે (વાણી કરે છે) એમ ત્રણ કાળમાં નથી. કારણ કે: એ પર્યાય એ દ્રવ્યની પર્યાય છે અને એ દ્રવ્ય એ પર્યાયને પામે છે (પહોંચે છે, પ્રાપ્ત થાય છે) એ ત્રણ વાત આવી ગઈ (છે). વસ્તુ છે તે વર્તમાન અવસ્થાને પામે છે. પહોંચે છે, પ્રાપ્ત થાય છે-પહોંચાય છે અને પમાય છે (એ વાત આવી ગઈ છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા..હા..! આ શરીર આમ હાલે... આ ભાષા નીકળે... આ હોઠ આમ હાલે એ (બધી) પરમાણુ-જડની પર્યાયો છે... એ પર્યાય એના દ્રવ્યથી રચાયેલી છે, અને કાં એના ગુણથી રચાયેલી છે. અર્થાત્ એના દ્રવ્ય અને ગુણ છે એનાથી (પર્યાય) રચાયેલી છે, બીજા (કોઈ) દ્રવ્ય અને ગુણને બીજાં પરમાણુથી કે આત્માથી રચાયેલ (નથી). (કહે છે કે:) આ આત્માથી આ ભાષાપર્યાય રચાય છે કે હાથ હલવાની (પર્યાય) છે એમ નહીં, આહા...હા...! હવે આવું ક્યાં (સમજવાની) નવરાશ (છે)..? ધંધા આડે નવરાશ ન મળે. વાણિયા ને..! એમાં માથે (ઉપરથી) કહે "જે નારાયણ" (એટલે કે ફુરસદ નથી સમજવાની) એમ કરીને જિંદગી ગાળી અનંત કાળથી..! આહા..હા..!

એ ('સમયસાર' ગાથા-૧ની ટીકામાં) આવી ગયું છે ને..! 'શબ્દબ્રહ્મમૂલક" ("કેવો છે તે અર્હત્પ્રવચનનો અવયવ..? અનાદિ નિધન પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી, સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર કેવળી ભગવાન સર્વજ્ઞથી પ્રણીત હોવાથી... ગણધર દેવોએ કહેલ હોવાથી પ્રમાણતાને પામ્યો છે. અન્યવાદીઓનાં આગમની જેમ છદ્મસ્થ (અલ્પજ્ઞાની) ની કલ્પના માત્ર નથી કે જેથી અપ્રમાણ હોય). **તથા પ્રવચનસાર 'ગાથા ૯૨ની ટીકા:**- જયવંત વર્તો તે [1] શબ્દબ્રહ્મમુલક આત્મતત્ત્વ-ઉપલબ્ધિ- કે જેના પ્રસાદને લીધે, અનાદિ સંસારથી બંધાયેલી મોહગ્રંથિ તુરત જ છૂટી ગઈ; અને જયવંત વર્તો પરમવીતરાગચારિત્ર સ્વરૂપ શુદ્ધોપયોગ કે જેના પ્રસાદથી આ આત્મા સ્વયમેવ (પોતે જ) ધર્મ થયો.૯૨. -આહા..હા..! પરમાત્મા જિનેશ્વર દેવ (ની વાણી) સમ્યગ્જ્ઞાનમાં- આ ભગવાનની શબ્દબ્રહ્મ (રૂપ) જે વાણી તે મૂળ છે. એ વાણી સિવાય બીજાની વાણી-અજ્ઞાનીની વાણી-એ (સમ્યગ્દર્શન-જ્ઞાનમાં) નિમિત્ત પણ હોઈ શકે નહીં. એમ કહે છે. જિનેશ્વર દેવની વાણી, પરમાત્મા ત્રિલોકનાથ (સર્વજ્ઞ) વીતરાગ દેવની વાણી-એને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં મૂળ કહ્યું છે. બીજાની (અલ્પજ્ઞાનીની) કે અજ્ઞાનીઓ કે જેણે આત્મા જોયો નથી એની વાણી નિમિત્ત (પણ) થઈ શકે નહીં. તો એણે પહેલું (સૌ પ્રથમ) સર્વજ્ઞની વાણી કેવી છે..? ક્યાં છે..? એનો નિર્ણય કરવો પડશે વળી સર્વજ્ઞ કોણ છે ને ક્યાં છે..? કેમાં છે અને એની વાણી શામાં છે એ (બધો) નિર્ણય પહેલાં કરવો પડશે. આહા..હા..! ઝીણી વાત બહુ બાપુ..!

એ સર્વજ્ઞને સર્વજ્ઞની વાણી એ (તો) સંપ્રદાયમાં છે જ નહીં. સ્થાનકવાસી સંપ્રદાય હો કે શ્વેતાંબર સંપ્રદાય હો એમાં સર્વજ્ઞ નથી અને સર્વજ્ઞની વાણી પણ એમાંય નથી. (**શ્રોતા:**) કેવળજ્ઞાનને માને છે..! (**સમાધાન:**) એ કલ્પીને માને છે. કીધું ને..! (તેમાં) કેવળજ્ઞાન માને છે એક સમયમાં જાણે છે અને પછી બીજા સમયે દેખે છે એમ (કેવળજ્ઞાન) માને છે. અનંત ગુણની પર્યાય એક સમયમાં સાથે છે એમ એ માનતા નથી. બધો ફેર છે..! પણ એ કોણ વિચારે..! જેમાં (જે સંપ્રદાયમાં) પડ્યા.. એ "જે નારાયણ" (વિચારવાની દરકાર જ નથી..!) સમજાણું કાંઈ..?

આહા..હા..! એનો શેઠ મોટો. ૫૦ કરોડ રૂપિયા (છે) નામ શું છે..? કીલાચંદજી વીરચંદ..! આવ્યા'તા દર્શન કરવા અમારાં **(શ્રોતા)** ગામે-ગામ દુકાનો છે..! **(ઉત્તર:)** પચાસ કરોડ રૂપિયા, ઘણી મોટી દુકાનો

---

૧. શબ્દબ્રહ્મમુલક = શબ્દબ્રહ્મ જેનું મૂળ કારણ છે એવી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, કોની દુકાનો..? ધૂળ મોટી..! બાપા..! એ તો જડની દશા..! એ પરમાણુઓ જે છે તે તેની પર્યાયને પ્રાપ્ત કરે છે, અને તે પર્યાયો, દ્રવ્ય ને ગુણથી રચાયેલી છે. એના (જડનાં) ગુણ અને એનું (જડ) દ્રવ્ય એનાથી રચાયેલી એ પર્યાય છે. અરે..! આ તે કેમ બેસે..?! કોઈ દિવસ (આવું) સાંભળ્યું ન હોય. (કહે છે કે:) આ પગ જે હાલે છે એ (હાલવાની) પર્યાય પગના પરમાણુની છે. એ પગ આત્માએ હલાવ્યો છે એમ ત્રણ કાળમાં છે નહીં. અરર..ર..! આવી (આકરી) વાત..! ક્યાંય સાંભળી ન હોય..! (કહે છે) આ પગ ચાલે છે ને..! તે પગની પર્યાય આમ ગતિ કરે છે ને..! આમ અવસ્થા (થાય છે). એ અવસ્થા તે દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થયેલી (છે). એના (દ્રવ્ય) ગુણથી ઉત્પન્ન થયેલી (તે) પર્યાય છે. આત્માથી નહીં. આત્મા પગને હલાવી શકે નહીં. આહા..! એ કેમ બેસે..? **(શ્રોતા:)** પક્ષઘાત થાય ત્યારે બેસે,,! **(ઉત્તર:)** ત્યારે તો ખબર પડે ને..! કે હવે હલાવી શકું નહીં. આહા..! આ બિચારા જુઓને લાભુભાઈ..! પાંત્રીસ વર્ષથી તો બ્રહ્મચર્ય, અમારી પાસે લીધેલું. સંવત ૨૦૦૦ માં રાજકોટ અમારી પાસેથી જાવજીવનું બ્રહ્મચર્ય (લીધેલું) એમાં (એના) મા વિરુદ્ધમાં, શ્વેતાંબર હતા ને..! અડસઠ વર્ષની ઉંમર અત્યારે હેમરેજમાં વડોદરા (છે).

અહીં હતા ત્યારે બહુ ઘુંટણ ને મનન ને આ વાત (નો) રસ..! (છતાં) દેહની (આ) દશા..! જે પર્યાય, જે કાળે, જડની (જે) થવાની તે પરમાણુ (દ્રવ્ય) અને ગુણની તેની પર્યાય થઈ છે..! પરમાણુઓ (પણ) દ્રવ્ય છે, એવા અનંતા આ (શરીરના) પરમાણુઓ છે. આ...પૈસો, આ.. મકાન, આ (ચીજ-વસ્તુઓ)માં અનંત અનંત પરમાણુઓ છે તે બધા જડ છે. તે એક-એક પરમાણુ, તેની વર્તમાન દશાને, તેના દ્રવ્ય-ગુણથી પર્યાય થાય છે. (શું કહે છે..?) કે: કડિયો મકાન બનાવે છે..? કે'ના. સઈ (દરજી) કપડું સીવે છે..? કે'ના. કુંભાર ઘડો કરે છે..? કે'ના. ત્યારે (લોકો) કહે છે કે ઘડાની પર્યાય થઈ કેમ..? (તો સર્વજ્ઞ ભગવાન કહે છે કે) તે એના પરમાણુના અને પરમાણુમાં જે ગુણો છે- એનાથી ઘડાની પર્યાય રચાયેલી છે, કુંભારથી નહીં. સમજાણું કાંઈ..?

અરે..રે..! આવી (કઠણ) વાત..! વીતરાગની (છે, તે) કોણ સાંભળે..?! **(શ્રોતા:)** જેને વીતરાગ થવું હોય તે (સાંભળે). આવી વાત છે..!! વીતરાગનું તત્ત્વ સમજવું (આકરું છે) બાપુ..! વીતરાગ સર્વજ્ઞ દેવ, જિનેશ્વર દેવ-જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન (વર્તે છે). એમણે કહેલાં દ્રવ્યો-તત્ત્વો સમજવામાં ઘણી ધીરજ જોઈએ ભાઈ..! અને એને જે રીતે છે એ રીતે નહીં સમજે તો મિથ્યાદષ્ટિ છે. અહીંયાં કહે છે કે પર્યાય, જેટલી પરમાણુમાં અને આત્મામાં થાય- તે પર્યાયની રચના તે દ્રવ્યને ગુણથી થઈ છે. બીજુ તત્ત્વ કરે જો એમ માને તો તે મિથ્યાદષ્ટિ છે. તેને પર્યાયની સ્વતંત્રતાની ખબર નથી. આ ગુણની વ્યાખ્યા આવી. ગુણમાંથી પર્યાય (દ્રવે છે.) આહા...હા...! **(પ્રશ્ન:)** આ આવું ( વસ્તુસ્વરૂપ) ક્યાંથી કાઢ્યું..? **(ઉત્તર:)** ભગવાને કહ્યું છે. ભગવાન ..! બાપુ..! અનંત તીર્થંકરો અનાદિથી કહેતા આવ્યા છે. પણ તું વાડામાં (પશુની જેમ) બંધાઈ ગયેલો (છે). અને માથે (ઉપરથી) હો, હા કરી કરીને જિંદગી ગાળી, તત્ત્વથી વિરુદ્ધ (વર્ત્યો) આહા..હા..!

પહેલાં એમ આવ્યું હતું કે: દ્રવ્ય-ગુણ, પર્યાયને પહોંચે-પ્રાપ્ત કરે એમ આવ્યું હતું ને..! અહીંયા એમ આવ્યું કે: પર્યાયને, દ્રવ્ય અને ગુણ રચે છે, આહા..હા..હા..!! સમજાય છે કાંઈ..?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(કહે છે) એ રોટલી જે થાય છે એ રોટલીની જે પર્યાય છે. એ (પર્યાય) પરમાણુ અને પરમાણુના ગુણોથી રચાયેલી છે.(એ રોટલીની પર્યાય થઈ તેમાં) સ્ત્રી કહે કે મેં રોટલી કરી, એ મિથ્યાત્વ છે. અથવા વેલણાથી રોટલી થઈ એમ માને તે પણ મિથ્યાદષ્ટિ છે. કેમ કે વેલણાની પર્યાય એના દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થયેલી છે. અને રોટલીની પર્યાય તેના પરમાણુ ને દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થયેલી છે, વેલણાના (કે સ્ત્રીના હાથના) દ્રવ્ય-ગુણથી રોટલીની પર્યાય થઈ નથી. ભાઈ..! જજમાં આવું બધું કાંઈ આવ્યું હતું ક્યાંય..? જજમાં (હતા ત્યારે) તમે બધાય ગપ્પા મારતા હતા. બધાંને એમ હતું ને..! (એટલે કે કર્તાબુદ્ધિનો ભ્રમ હતો ને..!) આહા..હા..! આ તો ત્રણલોકનો નાથ..! સર્વજ્ઞ પરમેશ્વર..! પ્રભુ તું સર્વજ્ઞ છો..! એ સવારમાં (વ્યાખ્યાનમાં) ''सव्वणाणी सव्वदर्शी'' આવ્યું હતું ને..! તું પ્રભુ છો..!

આહા..હા..! કોઈની પર્યાયને કરે એ તું નહીં. તું તો સર્વને-વિશ્વને જાણનાર-દેખનાર સ્વભાવવાળો (છો). તે જાણવા-દેખવાની પર્યાય, તારા દ્રવ્ય ને ગુણથી રચાય છે..! એ જાણવા-દેખવાની પર્યાય (માં) જ્ઞેય જણાય માટે એનાથી આ (પર્યાય) થાય છે, એમ નથી. આ પુસ્તક જ્ઞાનમાં જણાય છે માટે આનાથી અહીં જ્ઞાનની પર્યાય થાય છે એમ નથી. તેમ આ વાણીથી અંદર જ્ઞાનની પર્યાય થાય છે એમ નથી. વાણીની પર્યાયના જે પરમાણુ જડ છે એના દ્રવ્ય-ગુણથી (એ પર્યાય) ઉત્પન્ન થયેલી છે. અને જે જ્ઞાનની પર્યાય છે એ એના દ્રવ્ય એટલે આત્મા અને એનો ગુણ એટલે જ્ઞાનગુણ એનાથી રચાયેલી પર્યાય છે. અરે! આ વેણ એ ક્યારે સાંભળે ને...!! અને (આ વસ્તુસ્થિતિ) સમજયા વિના, જાણ્યા વિનાની પ્રતીતિ પણ બધી મિથ્યાભ્રમ છે. આહા.. હા! સમજાણું?

શું કીધું ઈ? (કે:) પર્યાયની વ્યાખ્યા કરી. પર્યાયો-અવસ્થાઓ-હાલત છ એ દ્રવ્યની (જે ઉત્પન્ન થાય છે) કે જેઓ આયતવિશેષોસ્વરૂપ છે. કે જે આમ - કાળક્રમે-લંબાઈથી થતી દશાઓ-વિશેષ છે. **'તેઓ-જેમનાં લક્ષણો કહેવામાં આવ્યા''** કોનાં? કે: દ્રવ્યના અને ગુણના. **'એવાં દ્રવ્યોથી તેમ જ ગુણોથી રચાયેલ હોવાથી દ્રવ્યાત્મક પણ છે, ગુણાત્મક પણ છે.''** -જેમના લક્ષણો ઉપર કહેવામાં આવ્યાં. કોના? દ્રવ્ય ને ગુણનાં. દ્રવ્ય એને કહીએ કે જે વિસ્તારસામાન્યગુણો અને લંબાઈમાં (આયતસામાન્ય) પિંડ તેને દ્રવ્ય કહીએ. અને ગુણ એને કહીએ કે તેમાં અનંતા ગુણો વિસ્તારથી (એક સાથે) રહેલાં, એક દ્રવ્યના આધારે (છે) તેને ગુણ કહીએ. એવું જે દ્રવ્યગુણનું સ્વરૂપ પહેલાં જે કીધું છે એનાથી ઉત્પન્ન થયેલી તે પર્યાયો છે. આ લખવાની પર્યાય (થાય છે). અજ્ઞાની એમ માને (છે) કે હું આ કલમને હલાવું છું. અને અક્ષર લખું છું. તો પ્રભુ (સર્વજ્ઞ પ્રભુ) કહે છે તને વસ્તુ (સ્થિતિ)ની ખબર નથી. એ કલમનું હલવું (એટલે) જે અવસ્થા છે એ કલમના પરમાણુમાં દ્રવ્ય ને ગુણ જે ઉપર કહ્યા; દ્રવ્ય-ગુણનું લક્ષણ (જે ઉપર કહ્યું) એનાથી ઉત્પન્ન થયેલી કલમની (પર્યાયથી) એ હલે છે. તે પર્યાયો છે. (આત્માથી), હાથથી એ કલમ હલે છે એ પણ નહીં **(શ્રોતા:)** કલમથી અક્ષર તો થાય છે! **(ઉત્તર)** બિલકુલ નહીં. અડતું પણ નથી ને...! કલમ અક્ષરને અડતી નથી. અક્ષર કાગળને અડતો નથી. કાગળનો એક રજકણ (પરમાણુ) બીજા રજકણને અડતો નથી. આહા.. હા.. હા..!! પ્રભુ, શું છે આ? આવું છે બાપા! આ (વાત) દુનિયાથી જુદી જાત છે! પ્રભુની (વાત) બાપા..! અને (આ વાત સમજ્યા વિના અજ્ઞાની) આમને આમ, અભિમાનમાં ને અભિમાનમાં મરી જાય. મેં કર્યું...મેં કર્યું..મેં કર્યું... આનું મેં કર્યું. દુકાનની વ્યવસ્થા મેં કરી, નોકરો (મેં)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સારા રાખ્યા. લક્ષ્મીના મેં દાન આપ્યાં. પૈસા ખર્ચ્યા...પાંચ -દશ-લાખ - વીસ લાખ, કોણ આપે બાપા..! ભાઈ..! એ પૈસાની જે પર્યાય છે એ એના દ્રવ્ય અને ગુણથી રચાયેલી છે. બીજો (અજ્ઞાની) કહે કે: બીજાને પૈસાની પર્યાય દઉં છું એમ એ મિથ્યાશ્રદ્ધા અને અજ્ઞાન (કરે) છે. **(શ્રોતા:)** પૈસા કમાય છે, ને...! **(ઉત્તર:)** કોણ કમાય, ધૂળ કમાય..? વકીલાતમાં કમાતા'તા ને તે દી' મોટી..! પાંચ કલાક જાતા તો બસો રૂપિયા લેતા. ૩૦ વર્ષ પહેલાં, ૩૫ વર્ષ પહેલાં કોર્ટમાં. ઈ પૈસા ઈ લેતા હશે..? પૈસાની પર્યાય છે. એ પૈસાના પરમાણુ અને ગુણથી રચાયેલી છે, એના દ્રવ્ય-ગુણના લક્ષણો માથે (ઉપર) કહ્યાં. એમ કીધું ને..! ''જેમના લક્ષણો ઉપર કહેવામાં આવ્યા.'' આહા..હા..! બાપુ..! આ વીતરાગનાં (વચનો છે). આ કાંઈ કથા નથી...! આ કાંઈ વાર્તા નથી..! પ્રભુ..! આ તો ત્રણ લોકના નાથના તત્ત્વની દષ્ટિનો વિષય છે..! જેને ચાર જ્ઞાનના (મતિ, શ્રુતિ, અવધિ, મન:પર્યય) અને ચૌદ પૂર્વના ધરનાર પણ ગણધરો સાંભળે છે. એ વાત કેવી હશે.. બાપા..!! આહા..હા..! જેમાં ( તીર્થંકરના સમવસરણમાં) સો ઈન્દ્રો આવે ને..! આ સભામાં વાઘ ને, સિંહ ને, નાગ ને, દેવેન્દ્ર ને, અસુરેન્દ્રો ને વિમાનના (સ્વર્ગોના) ઈન્દ્રો સાંભળે એ ભગવાનની (દિવ્ય) વાણી સાંભળે. એ વાણી (દિવ્ય ધ્વનિ) કેવી હોય ઈ..?! આહા..હા..! (અલૌકિક વાણી હોય). પ્રભુ તો એમ કહે છે કે જે વાણીની પર્યાય જે થઈ છે તે પરમાણુના દ્રવ્ય-ગુણથી થઈ છે એ વાણીની પર્યાય મારાથી થઈ નથી. **(શ્રોતા:)** તો પછી ભગવાનની દિવ્ય ધ્વનિ એમ કહે છે ને...! **(ઉત્તર:)** દિવ્યધ્વનિ એ તો નિમિત્તથી કથન છે. ''દિવ્યધ્વનિ'' જે અવાજ (છે). લ્યો, આ ''પ્રવચનસાર'' = પ્ર + વચન + સાર. આનું નામ પ્રવચનસાર. પ્ર=વિશેષે દિવ્ય વચનો છે. પણ એ અક્ષરો ને આ (વાણીની) પર્યાયો, તેને ઉપર કહ્યા તેવા દ્રવ્ય-ગુણને મેં જે સિદ્ધ કર્યા છે, તે દ્રવ્ય-ગુણથી આ પર્યાયો રચાયેલી છે..! બીજો, પુસ્તક લખનારો, રચનારો, બનાવનારો (એ પર્યાયો પરમાણુના દ્રવ્ય-ગુણની છે). તેથી કોઈ કહે (માને) મેં આ પુસ્તક બનાવ્યું તો એ ભ્રમણા-અજ્ઞાન અને મિથ્યાત્વ છે..! આહા..હા..! સમજાણું કાંઈ..?

એને (અજ્ઞાનીને) દ્રવ્ય-ગુણ અને પર્યાય કોની છે ને... કોનાથી થઈ છે..? એની એને ખબર નથી. **(શ્રોતા:)** સકર્ણા કહે છે ને...! **(ઉત્તર:)** સકર્ણા કીધું છે ને...! (શાસ્ત્રમાં કહે છે કે:) હે સકર્ણા..! શ્રદ્ધાહીનને વાંદીશ નહિ. જેને એની વસ્તુની શ્રદ્ધાની ખબરું ન મળે..આહા..! એ સાધુ નામ ધરાવે ને નગ્ન દિગંબર (થયા હોય). વસ્ત્રસહિત તો સાધુ છે જ નહિ, પણ વસ્ત્રવિનાના જે દિગમ્બર સાધુ (થયા હોય), પણ જે પરની અવસ્થાને કરી શકીએ (છીએ). દયા, દાનના પરિણામની અવસ્થા એ મારું સ્વરૂપ છે (એવી માન્યતાવાળા) એ બધા મિથ્યાદષ્ટિ છે. આવું છે..! આહા..હા..!

(અહીંયાં શું કહે છે) કે: પર્યાયની શું વ્યાખ્યા કરી..? દ્રવ્યની શું વ્યાખ્યા કરી..? (ગુણની શું વ્યાખ્યા કરી..?) કે વિસ્તારસામાન્યસમુદાય અને આયતસામાન્યસમુદાય તે દ્રવ્ય. ગુણ તેને કહીએ કે અનંત ગુણ હોવા છતાં તે એક દ્રવ્યને આશ્રયે રહે તેને ગુણ કહીએ. પર્યાય કોને કહીએ..? કે જે દ્રવ્ય અને ગુણના લક્ષણો વર્ણવ્યાં તે દ્રવ્ય અને ગુણથી અવસ્થા થાય તેને પર્યાય કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું..?

(કહે છે) દ્રવ્યોથી તેમજ ગુણોથી રચાયેલ હોવાથી પર્યાય, દ્રવ્યસ્વરૂપ પણ છે. અને ગુણસ્વરૂપ પણ છે. આહા..હા..! કેટલી ટીકા..!! થોડા શબ્દોમાં ગજબ કર્યું છે ને..!! આહા..! આ સિદ્ધાંત કહેવાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હેં..! જેના એક એક શબ્દમાં અનંતી-અનંતી ગર્ભમાં રહસ્ય પડ્યા છે..! અહીંયાં તો કહે છે, હે નાથ **''तद्गुणलब्धये''** -તમારી જે સ્તુતિ અમે કરીએ છીએ (કેમકે) તમને જેવા ગુણો (પર્યાયમાં) પ્રગટ્યા છે તેવા અમને મળે (પ્રગટે). ત્યાં જે ગુણ શબ્દ છે તે કેવળજ્ઞાનાદિ પર્યાય છે. અહીંયાં કહે છે કે પર્યાય, તું પર દ્રવ્ય અને પર ગુણથી ઉત્પન્ન થતી નથી. તને જે જ્ઞાન-આનંદ-ધર્મની પર્યાય, તે તે તારા દ્રવ્ય અને ગુણથી ઉત્પન્ન થાય છે. એમ કહીને તો એમ કીધું કે: પર્યાયમાં ભલે રાગ હોય, વિકાર હોય, - તે સમયે પણ તે સમયે જે પર્યાય સમ્યક્‌ધર્મની છે તે પર્યાય દ્રવ્ય-ગુણથી રચાયેલી છે, વિકારથી (રચાયેલી) નહીં. એમ આમાં આવ્યું ને..! શું કહ્યું? ફરીને, વિકાર પર્યાયમાં છે અને નિર્વિકારી પર્યાય થાય છે-એક સમયે બેય (છે) છતાં તે પર્યાય-નિર્વિકારી પર્યાય-ધર્મની પર્યાય-સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય, એ દ્રવ્ય-ગુણથી રચાયેલી છે (પણ) રાગથી રચાયેલી નથી.(તે સમયે) રાગનો વિકલ્પ હો પણ તેને (જ્ઞાની) જાણે. પણ તેનાથી (રાગથી) સમ્યગ્દર્શનની પર્યાય રચાતી નથી. આહા..હા! સમજાણું કાંઈ?

**(શ્રોતા:)** અભિમાન ભૂલાવી દ્યે તેવું છે..! **(ઉત્તર)** (અજ્ઞાની) તો જ્યાં હોય ત્યાં મેં કર્યું... મેં કર્યાં.. ફલાણાને મેં કરી દીધું.. દુકાને બેઠો તો કહે કે વ્યવસ્થિત કામ મેં કર્યાં (એમ અભિમાન કરે).

(હવે) શું આમાં કરવું? (કહે છે કે:) એક એક પરમાણુ અને એક એક આત્મા-(એવા) અનંત પરમાણુઓ અને અનંત આત્માઓ છે. તેમાંથી એક એક આત્માને દ્રવ્ય કેમ કહીએ? કે: તેના ગુણો અને તેની પર્યાયોનું (તે) દળ છે માટે તેને દ્રવ્ય કહીએ. અને ગુણ કેમ કહીએ? કે: તે અનંત શકિતઓ છે તેનો આધાર એક છે એને ગુણ કહીએ. પર્યાય કોને કહીએ? કે: દ્રવ્ય ને ગુણ જે કીધાં તેનાથી ઉત્પન્ન થાય તેને પર્યાય કહીએ. આહા..હા.!

તો અહીંયાં તો (પ્રયોજન એ છે કે) સમ્યગ્દર્શનની-ધર્મની પર્યાય કેમ (ઉત્પન્ન) થાય? આહા! એ દ્રવ્ય જે વસ્તુ ભગવાન (આત્મા) છે અને ગુણ જે એ દ્રવ્યના આધારે છે. (એ દ્રવ્ય-ગુણથી) સમકિતની પર્યાય થાય. એ રાગથી ન થાય, એ બીજાથી ન થાય, એ વાણીથી ન થાય, એ દેવ-ગુરુથી ન થાય, ભગવાન ને મંદિર અને એના દર્શન કરવાથી પણ એ પર્યાય ન થાય, એમ કહે છે. સમ્યગ્દર્શનની પર્યાય-ધર્મની પહેલી શરૂઆતની પર્યાય એ કયાંથી થાય? (તો કહે છે) કે: દ્રવ્ય-ગુણ જે કીધાં તેનાથી એ પર્યાય થાય. આ ગજબ વાત કરી છે ને..!! પહેલો વ્યવહાર-રત્નત્રય-રાગ (શુભરાગ) તેનાથી ન થાય એમ કીધું (છે). આહા.. હા.. હા.. આ તો (અજ્ઞાની માને) વ્યવહાર કરીએ, એ કરતાં-કરતાં (થશે). શું કષાય મંદ કરતાં (સમ્યગ્દર્શન) થાય? તો અહીંયાં ના પાડે છે. (કહે છે) કે એ પર્યાય સમકિતની છે એ દ્રવ્ય-ગુણથી થાય. એનાથી થાય અને બીજું નહીં. (એટલે અન્યથી ન થાય). સમજાણું કાંઈ?

**(શ્રોતા:)** પ્રયત્ન તો ખૂબ કરીએ છીએ..! **(ઉત્તર)** પ્રયત્ન એણે કર્યો જ નથી ને...! એણે પ્રયત્ન કર્યો છે એ તો રાગ થયો તદ્દન. રાગ એ એના દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થયેલો છે, વિકૃત અવસ્થા-વિભાવ અપેક્ષાએ (એના દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થયેલી પર્યાય છે). આગળ પહેલી ટીકામાં આવી ગયું છે, હો! રૂપ અને જ્ઞાનની ટીકામાં પહેલાં બે આવી ગયાં. ત્યાં સ્વદ્રવ્ય-રૂપ અને ગુણ લીધા છે. સર્વ દ્રવ્યમાં રૂપ અને વર્ણ-ગંધ વિભાવિક હોય છે. એમ ટીકાના પાઠમાં છે. એ (ગાથા) આવે ત્યારે (તે) વાત કરશું. હોં!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અત્યારે (વિષય આ ચાલે છે). **(શ્રોતા:)** દ્રવ્ય-ગુણ તો પહેલાં પણ હતાં પછી પર્યાય કેમ નવીન થઈ..? **(ઉત્તર:)** પર્યાય ઉત્પન્ન થાય છે. પર્યાય જે છે એ કંઈ અનાદિની નથી. ગુણો અનાદિ છે, ગુણોનો આશ્રય દ્રવ્ય એ અનાદિનો છે. પર્યાય તો નવી (નવી) થાય છે, અનાદિ ભલે થાય છે. ભૂત-ભવિષ્યની પણ થાય છે. નવી-નવી. એ પર્યાય (ઉત્પન્ન) થવામાં કારણ કોણ છે? વિકારી પર્યાય થવામાં પણ દ્રવ્ય અને ગુણ કારણ (છે) એમ અહીંયાં તો કહે છે. એઈ..! આહા..હા! આત્મામાં વિકારી અવસ્થા થાય એમાં કર્મ કારણ નહીં. એ (વિકારીપર્યાયે) દ્રવ્ય-ગુણનો આશ્રય ન લીધો છતાં એ વિકાર દ્રવ્ય ને ગુણને આશ્રયે થયેલ છે. 'પંચાસ્તિકાય'માં ત્યાં આશ્રય કહેલ છે. વિકારનો આશ્રય એ દ્રવ્ય-ગુણ છે. લ્યો! ઠીક! આશ્રયનો અર્થ કે: તેમાં (દ્રવ્યમાં) તેનાથી (દ્રવ્ય-ગુણથી) થાય છે. એટલું બસ! પરથી નહીં. ગુણો અને દ્રવ્ય પોતે વિકારપણે પરિણમે છે અવસ્થામાં, તેથી એ વિકારનો આશ્રય દ્રવ્ય અને ગુણ છે. આહા..હા..હા! હવે આવી વાતું!! ક્યાં કોને સાંભળવી (છે) ને ક્યાં સાંભળવી? ઓલું (પ્રતિક્રમણાદિ) તો સહેલું ને સટ હતું! ' तस्सुत नमो अरिहंताणं, तिख्खुतो आयणं पायाणं, इच्छामि पडिक्कमणं लोगस्स...'' પાઠ બોલ્યા, થઈ ગઈ સામાયિક, ધૂળમાંય નથી સામાયિક, સાંભળ ને..! એ પાઠ (હું) બોલું છું, એ હું જ બોલું છું- એ માન્યતા જ મિથ્યાદૃષ્ટિની છે. અને અંદર પાઠ બોલવાનો વિકલ્પ ઊઠ્યો છે તે રાગ છે. એ રાગ તારા દ્રવ્ય-ગુણના કારણે ઉત્પન્ન થયો છે. એ (જે) વિકાર છે એ પરના કારણે-કર્મના કારણે (ઉત્પન્ન થયો નથી.) એવું (વસ્તુ) સ્વરૂપ છે. આહા..હા..હા..!

અહીંયાં તો સીધું (ગણિત) છે..! અઢી રૂપિયાનું મણ તો ચાર પૈસાનું શેર. એ કૂંચી છે. પછી તેને ગમે ત્યાં લગાવો. ૩૫ શેરના ૩૫ આના. સાડા સાત શેરના સાડા સાત આના (થાય). એમ આ તો (સર્વજ્ઞના) બધા સિદ્ધાંત છે. એના દાખલા તો એના દૃષ્ટાંતો છે, લાખ્ખો દૃષ્ટાંતો ઉત્પન્ન થાય..! આહા..હા..!

**''પર્યાયો-કે જેઓ આયતવિશેષોસ્વરૂપ છે તેઓ- જેમનાં લક્ષણ (ઉપર) કહેવામાં આવ્યાં એવાં દ્રવ્યોથી તેમ જ ગુણોથી રચાયેલ હોવાથી દ્રવ્યાત્મક પણ છે, ગુણાત્મક પણ છે.''** -દ્રવ્ય અને ગુણથી પર્યાય રચાય છે. પરદ્રવ્યને કારણે તે પર્યાય થાય છે, (એમ નથી). વિકારી (પર્યાય) થાય કે સમકિતપર્યાય થાય-એ દર્શનમોહનો ક્ષયોપશમ થયો માટે એ સમકિત (પર્યાય) થઈ છે એમ નથી. અને કર્મનો -ચાર ઘાતિ કર્મનો નાશ થયો માટે કેવળ જ્ઞાનની પર્યાય થાય છે, એમ નથી. એ કેવળ જ્ઞાનની પર્યાય તે દ્રવ્ય-ગુણના આશ્રયે થાય છે. આહા..હા..!

આહા..હા..! ભાષા તો સાદી છે, પ્રભુ..! **(શ્રોતા:)** વિષય કઠણ છે..! **(ઉત્તર:)** હા, વિષય કઠણ છે જરી. ''પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા'' આવ્યું હતું ને ભજન(માં)..! ''પ્રભુ..! મેરે તુમ સબ બાતે પૂરા, પર કી આશ કહાં કરે પ્રીતમ. તૂ કઈ બાતે અધૂરા પ્રભુ મેરે તુમ સબ બાતે પૂરા..'' - હા..! નાથ..! વીતરાગ આત્મા..! સર્વ વાતે પૂરો છે. પ્રભુ..! પ્રીતમ શબ્દ (આત્મા માટે વાપર્યો છે) 'પર કી આશ કહાં કરે પ્રીતમ..? હે વ્હાલા, આત્મા, હે પ્રભુ..! વ્હાલપ છોડીને તું પરની આશ (આશા) ક્યાં કરશ..? ક્યાં તું અધૂરો છે..? કોઈ વાતે તું અધૂરો છો..? પ્રભુ તું બધી વાતે પૂરો છો..! હાય..! આ આમ (પૂર્ણપણે) કેમ બેસે..? જાણે, દેવથી મળી જશે. જાણે, ગુરુથી મળી જશે..! મંદિરમાંથી મળી જશે. .! ભગવાનની પ્રતિમાના દર્શન કરવાથી મળી જશે..! જાત્રા કરું એમાંથી મળી જશે..! દયા-દાનથી મળી જશે..! (આવી) બધી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિથ્યા માન્યતા, ભ્રમ છે. આહા..હા..! સમજાણું કાંઈ..?

(અહીંયાં કહે છે કે:) દયા-દાનના પરિણામ વિકાર છે. અને સમ્યક્‌ના પરિણામ દ્રવ્ય-ગુણથી રચાય છે. એ (પરિણામ) વિકારથી રચાય છે. એમ અહીંયાં નથી આવ્યું. (પાઠમાં) છે કે નહીં..? આ સામે પાઠ છે કે નહીં..? (છે) આ તો ભગવાનની વાણી છે, ગજબ વાત કરી છે..!! શબ્દો થોડા, પણ રહસ્યનો પાર ન મળે..! આહા..હા..હા..!!

ખાવાની પર્યાય પણ તારાથી થાય-એમ છે નહીં. (ખાતાં-ખાતાં) આ જીભ હલે, એ હલે છે એ પર્યાય છે. એ કોનાથી થઈ છે..? કે: જીભના પરમાણુ અને ગુણ છે. એ દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થયેલી એ (જીભની) પર્યાય હલે છે. આત્મા જીભને હલાવે (છે) એમ માનનારે તેણે એક તત્ત્વને બીજા તત્ત્વની ભેળસેળ કરી છે. મિથ્યા(ત્વ) કર્યું છે.આવું (વસ્તુ)સ્વરૂપ છે. પરની દયા પાળી શકું છું, પરની અવસ્થા હું કરી શકું છું. એને જીવતા રાખી શકું છું તો (વસ્તુસ્થિતિ એ છે કે) એ પર્યાય થઈ છે તે એના દ્રવ્ય-ગુણના કારણે થઈ છે. જીવવું-ટકવું એ એના દ્રવ્ય-ગુણથી રહ્યું છે. આયુષ્ય (કર્મ)થી પણ નહીં, હોં..! તો એ પરની પર્યાયને હું કરું છું એવી માન્યતા મિથ્યા-ભ્રમ છે..! એ શરીરમાં જે રહ્યો છે તે પોતાની યોગ્યતાની પર્યાયથી (છે). એ પર્યાયની ઉત્પત્તિનું કારણ (એના) દ્રવ્ય-ગુણ છે. આયુષ્યના કારણે નહીં, કર્મના કારણે નહીં. આહા..હા..હા..! **(શ્રોતા:)** ગાંડપણ ઊતરી જાય તેવું છે..! **(ઉત્તર:)** એવું છે. એ તો બાપા..! અરે..! પ્રભુ..! તું કોણ છો ભાઈ..! એની તને ખબર નથી. ભાઈ..! (વળી) અરે, પરમાણુ કેવડો છે, કેમ છે, એની પર્યાયનો કર્તા કોણ છે..?એની પણ તેને ખબર નથી. ઓલા કહે છે ને..! પાંચ ગુણવાળો પરમાણુ, ત્રણ ગુણવાળો પરમાણુ હોય ને તેને પાંચગુણવાળો કરી દ્યે. બે ગુણ અધિક (કરી દ્યે) પણ પ્રભુ..! એમ ના પાડે છે. બીજો પરમાણુ એની પર્યાયને કરે (એમ ના પાડે છે). તેની પર્યાય તે તેના દ્રવ્ય-ગુણથી થઈ છે. સામો પાંચ ગુણવાળો છે માટે ત્યાં પાંચ ગુણવાળી પર્યાય થઈ છે એમ નથી. અરે..! આવું ક્યાં (સમજવું છે)..? આંધળે-આંધળું અનાદિથી હાલે છે. સમજાણું કાંઈ..?

આહા..હા..! પાઠ બોલો: ''નમો અરિહંતાણમ્'' - એ અવાજ નીકળે છે. ''નમો અરિહંતાણમ્'' એ ભાષાની પર્યાય છે. એ એના પરમાણુ અને પરમાણુ ના ગુણથી ઉત્પન્ન થયેલી ભાષા (પર્યાય) છે. આત્મા નમો અરિહંતાણમ્''ની ભાષા કરી શકે નહીં. **(શ્રોતા:)** ભાષાસમિતિ (મુનિને) હોય છે ને..! **(ઉત્તર:)** ભાષાસમિતિ તો અંદર રાગ મંદ કરવો અથવા ન કરવો એ ભાષા સમિતિ છે. સ્વરૂપમાં સાવધાની પર્યાયને રાખવી, અને એ પર્યાયને, દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન કરી રાખવી એનું નામ ભાષાસમિતિ છે. (અહીંયાં) વાતું બીજી છે બાપુ..! શું કહીએ..? ક્યાં કહેવું બાપા..! અત્યારે તો બધે ગોટે-ગોટા ઉઠ્યા છે સંપ્રદાયમાં તો..! ક્યાંય સત્ વાત સાંભળવી મુશ્કેલ પડે છે..! બાપુ..! શું કરીએ..? (અહા..! કેવી નિષ્કારણ કરુણા છે).

(અહીંયાં કહે છે) કે: દ્રવ્ય કોને કહેવું તે કીધું, ગુણ કોને કહેવો તે કીધું. હવે પર્યાય કોને કહેવી તે કહે છે. એ પર્યાય-અવસ્થા (હાલત) જે થાય છે પરમાણુમાં અને આત્મામાં, એ પર્યાયની ઉત્પત્તિનું કારણ તેનાં દ્રવ્ય અને ગુણ છે. એ દ્રવ્ય અને ગુણથી તે પર્યાય રચાય છે. એ પર્યાયને એનું દ્રવ્ય-ગુણ પહોંચી વળે છે.પ્રાપ્ત કરે છે. બીજા દ્રવ્યથી (બીજા દ્રવ્યની) તે પર્યાય થાય છે. એ માન્યતા મિથ્યાભ્રમ ને અજ્ઞાનીની છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે. ભલે એ ત્યાગી થયો હોય-સાધુ થયો હોય અને કદાચ પંચમહાવ્રતના પરિણામ કરતો હોય (તો પણ) તે અજ્ઞાનપણે એમ કરે છે, એ મિથ્યાદૃષ્ટિ છે. અને એ (શુભ) રાગના પરિણામ છે માટે મને ચારિત્ર છે એ મિથ્યાદૃષ્ટિ છે. (ખરેખર) ચારિત્રની પર્યાય છે તે દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થાય છે. ચારિત્રની પર્યાય એ મહાવ્રતના પરિણામ-(શુભ) રાગ છે. એનાથી ઉત્પન્ન થતી નથી. કેટલું સમાવ્યું છે..!! આવું છે.. પ્રભુ..!

આ, ૯૩મી ગાથા. હજી ''જ્ઞેય અધિકાર'ની પહેલી ગાથા..! **''દ્રવ્યાત્મક પણ છે, ગુણાત્મક પણ છે.''** -કોણ..? પર્યાય. પર્યાય એટલે અવસ્થા. દ્રવ્યસ્વરૂપ પણ કહેવામાં આવે અને ગુણસ્વરૂપ પણ કહેવામાં આવે. (એટલે) દ્રવ્યાત્મક પણ છે, ગુણાત્મક પણ છે.

હવે, **''તેમાં, અનેક દ્રવ્યાત્મક એકતાની પ્રતિપત્તિના કારણભૂત દ્રવ્યપર્યાય છે.''** - તેમાં અહીં સંયોગથી વાત કરી છે. અનેક દ્રવ્યાત્મક એકતાની પ્રતિપત્તિનું કારણ દ્રવ્યપર્યાય છે. (વસ્તુસ્થિતિ જે છે તેનો) જ્ઞાન સ્વીકાર. અનેક દ્રવ્યસ્વરૂપ આત્મા અને પરમાણુ અને પરમાણુ ને પરમાણુ-એ અનેક દ્રવ્યસ્વરૂપ (છે). અનેક દ્રવ્યાત્મક એકતાની પ્રતિપત્તિ (પ્રાપ્તિ; જ્ઞાન; સ્વીકાર) એને દ્રવ્યપર્યાય કહેવાય છે. **''તે દ્વિવિધ છે..''** (૧) સમાનજાતીય અને (૨) અસમાનજાતીય (એ દ્રવ્યપર્યાય છે) આહા..હા..! કેટલું'ક યાદ રાખે..! એકે-એક વાતમાં ફેર..! માણસ નથી કહેતા..! ''આણંદ કહે પરમાણંદા, માણસે માણસે ફેર: એક લાખે તો ન મળે, એક તાંબિયાના તેર.'' -એમ પરમાત્મા કહે છે પ્રભુ..! તારી શ્રદ્ધા ને વસ્તુની શ્રદ્ધા - (એમાં) અમે કહીએ છીએ કે વાતે વાતે ફેર છે..! પ્રભુ..! આહા..હા..!

(જુઓ..!) આ પાનું (ગ્રંથનું) જે ઊંચું થાય છે, જુઓ એ એની અવસ્થા છે. તો (સર્વજ્ઞ ભગવાન) કહે છે કે એ અવસ્થા આંગળીથી ઊંચી થઈ નથી, આમ ઊંચી થવાની અવસ્થાનું કરનાર એનાં દ્રવ્ય-ગુણ છે. (પાનાંના) પરમાણુનાં દ્રવ્ય અને એના ગુણોથી એની આમ પર્યાય ઉત્પન્ન થઈ છે. આંગળીથી નહીં, આત્માથી નહીં... અરે..રે..! આવું બધું (વસ્તુસ્વરૂપ) શું..? એક જણો કહે કે આવું (વસ્તુસ્વરૂપ) કાઢ્યું ક્યાંથી..? આવું તો અમે આ ૫૦-૬૦ વર્ષમાં સાંભળ્યું ય નથી. (તો કહીએ) આ અત્યારનું છે..? સોનગઢનું છે શું..? અનાદિની આ ભગવાનની વાણી (માં વસ્તુસ્વરૂપ) અને અનાદિના આ કથન છે. આ તો ભગવાન (તીર્થંકર)ની વાણી છે. આહા..હા..!

એમાં અનેક દ્રવ્યાત્મક એકતાની પ્રતિપત્તિના -જાણવું તે દ્રવ્યપર્યાય છે. તે બે પ્રકારે છે, એ ક્યા છે બે પ્રકાર, હવે વિશેષ કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પ્રવચન : તા. ૨૯.૫.૭૯.

''પ્રવચનસાર''. ૯૩ ગાથા. (આપણે) અહીં સુધી આવ્યું છે. **''દ્રવ્યાત્મક પણ છે, ગુણાત્મક પણ છે.''** -પર્યાય (ની વાત છે). ઝીણી વાત છે. ફરીને જુઓ..!

જે આ દ્રવ્ય છે- આત્મદ્રવ્ય તથા પરમાણુ દ્રવ્ય-એ દ્રવ્ય કેવું છે? ભગવાને કહ્યું કે: વિસ્તારસામાન્ય ગુણો જે છે એવા અનંત-અનંત ગુણ એ વિસ્તારસામાન્ય તેનો પિંડ તે દ્રવ્ય-વસ્તુ-આત્મા-પરમાણુ-છ દ્રવ્ય (આત્મા, પરમાણુ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ) ભગવાને જોયાં છે. તો 'દ્રવ્ય' કોને કહે છે ? કે: દ્રવ્યમાં જે વિસ્તાર-જે ગુણ છે, તીરછા વિસ્તારસામાન્યસમુદાય અને તેની જે પર્યાયો છે. એક પછી એક અનાદિ-અનંત ઊઠે છે એ પર્યાયોનો સમુદાય તે ''દ્રવ્ય'' છે. ગુણનો સમુદાય પણ દ્રવ્ય છે અને પર્યાયનો સમુદાય તે પણ દ્રવ્ય છે. બે દ્રવ્ય નથી. (વિસ્તારસામાન્ય અને આયતસામાન્ય બંને મળીને એક દ્રવ્ય છે). વિસ્તારસામાન્યનો પિંડ-ગુણ તે દ્રવ્ય અને તે આયતસામાન્યનો-પર્યાયનો પિંડ એ પણ દ્રવ્ય છે. આ દ્રવ્યની વ્યાખ્યા (છે). ઝીણી વાત છે ભાઈ..! હવે એના ગુણ (ની વ્યાખ્યા છે).

એમાં જે-દ્રવ્યમાં વિસ્તારસામાન્ય જે ગુણ હતા આમ-(તીરછા) તેને ગુણ કહીએ. પરમાણુમાં પણ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વગેરે દ્રવ્યસામાન્યના જે વિશેષ-જે ગુણો છે, એ અનંત ગુણ છે તેને ગુણ કહે છે. એ ગુણના પિંડને દ્રવ્ય કહે છે. હવે ગુણો કોને કહ્યા ? કે: આત્મામાં એક સમયમાં અનંત જ્ઞાન, આનંદ વગેરે ગુણો છે, તેને ગુણ કહીએ. એમ હવે પર્યાય કોને કહેવી ? (હવે એની પર્યાયની વ્યાખ્યા છે).

આહા..હા..! દ્રવ્ય જે છે- વિસ્તારસામાન્ય અને આયતસામાન્ય - એનો સમુદાય તે દ્રવ્ય અને તેના વિશેષો જે અનંતા ગુણો છે, તે દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થયેલી તે પર્યાય છે. આહા..! આ વીતરાગનું દર્શન (જૈન દર્શન) ઝીણું બહુ..!! લોકોને કંઈ ખબર ન મળે..! (કે:) દ્રવ્ય કોને કહીએ, ગુણ કોને કહીએ, પર્યાય કોને કહીએ..? **(શ્રોતા:)** પર્યાય એટલે...! **(ઉત્તર:)** પર્યાય એટલે પલટતી અવસ્થા. દ્રવ્ય-ગુણ બેયની પર્યાય છે. દ્રવ્યની પણ પર્યાય છે અને ગુણથી પણ પર્યાય છે. દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થાય તે પર્યાય (છે). પ્રશ્ન ઠીક કર્યો, સારો કર્યો. ઝીણી વાત છે ને...ભગવાન...!

આહા..હા..! ભગવાને (સર્વજ્ઞભગવાને) છ દ્રવ્ય જોયાં. દરેક આત્મા, દરેક પરમાણુ-અનંત અનંત આત્મા, અનંતા પરમાણુ, અસંખ્ય કાલાણુ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય અને એક આકાશ. એમ જાતિ અપેક્ષાએ છ દ્રવ્ય અને સંખ્યાએ અનંત દ્રવ્ય છે.

**''તેમાં, અનેકદ્રવ્યાત્મક એકતાની પ્રતિપત્તિના કારણભૂત દ્રવ્યપર્યાય છે. તે દ્વિવિધ છે. (૧) સમાનજાતીય અને (૨) અસમાનજાતીય.''** - અનેક દ્રવ્યસ્વરૂપમાં એકપણું જણાય. છે તો ભિન્ન. પણ અહીંયાં એક દ્રવ્યસ્વરૂપ એકતા-તે જ્ઞાન ને કારણભૂત દ્રવ્યપર્યાય (છે). એનો ખુલાસો પછી કરશે. (અહીં તો કહે છે કે:) દ્રવ્યપર્યાય એના બે પ્રકાર છે. સમાનજાતીય અને અસમાનજાતીય. દ્રવ્ય અને ગુણની વ્યાખ્યા (પહેલાં) થઈ ગઈ. હવે પર્યાયની વ્યાખ્યા છે તે પર્યાય, દ્રવ્ય અને ગુણથી (ઉત્પન્ન) થાય છે. પરદ્રવ્યથી (ઉત્પન્ન) નથી થતી. કોઈ પણ દ્રવ્યની પર્યાય, પરદ્રવ્યથી નથી થતી. પોતાના દ્રવ્ય-ગુણથી (જ) પર્યાય ઉત્પન્ન થાય છે. આ શરીરની પર્યાય છે. જુઓ (આ હાલવાની, બોલવાની) આ પર્યાય છે, તો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એના પરમાણુ દ્રવ્ય અને તેના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ (આદિ) અનંત ગુણથી એ પર્યાય ઉત્પન્ન થાય છે, તેના દ્રવ્ય-ગુણથી તે થાય છે, આત્માથી નહીં. આત્માથી શરીર ચાલે છે એવું ત્રણ કાળમાં નથી. જુઓ..! એવી-એવી વાણી થાય છે એ આત્માથી નહીં પણ એના (પરમાણુના) દ્રવ્ય-ગુણથી એ (વાણીની) પર્યાય થાય છે. એમ આત્મામાં રાગ થાય છે તે પણ તેના દ્રવ્ય-ગુણના આશ્રયથી રાગ થાય છે. પરના કારણે નહીં.

આહા..હા..! આત્મામાં સમ્યગ્દર્શન (પર્યાય) થાય છે.-ધર્મની પહેલી શરૂઆત, તો તે સમ્યગ્દર્શનની પર્યાય પણ પોતાનું દ્રવ્ય-જે સામાન્ય-વિસ્તારસામાન્યપિંડ (ગુણો) અને એ જે ગુણ-વિશેષસામાન્યસમુદાય એટલે ગુણ, તે દ્રવ્ય-ગુણથી સમ્યગ્દર્શન (જ્ઞાન-ચારિત્રની) પર્યાય ઉત્પન્ન થાય છે. સમજાણું..? ઝીણી વાત છે, ભાઈ..! વીતરાગનો મારગ બહુ ઝીણો..! સૂક્ષ્મ છે..!

(અહીંયાં કહે છે કે:) સમાનજાતીય (દ્રવ્યપર્યાય) એ શું છે..? અને અસમાનજાતીય એ શું છે..? **"સમાનજાતીય તે- જેવા કે અનેકપુદ્ગલાત્મક દ્વિ-અણુક, ત્રિ-અણુક વગેરે; અસમાનજાતીય તે-જેવા કે જીવપુદ્ગલાત્મક દેવ, મનુષ્ય વગેરે.."** અનેક દ્રવ્યપુદ્ગલાત્મક બે પરમાણુ-ત્રણ પરમાણુ ચાર પરમાણુ એમ અનંત પરમાણુ એ સમાનજાતીયનો સમુદાય તેને સમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. (સ્કંધમાં) બે પરમાણુ-ચાર પરમાણુ એમ અનંત પરમાણુ છે ને..! તો અનંત પરમાણુનો પિંડ તેને પરમાણુની દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. આહા..હા..! વીતરાગની આવી વાત છે..! **(શ્રોતા:)** આ બધું સમજીને શું કરવું..? **(ઉત્તર:)** આ સમજીને પર્યાય ઉપરથી લક્ષ ઉઠાવીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાની છે. એ માટે સમજવાનું છે. પર્યાય અને દ્રવ્ય-ગુણના ભેદ સમજીને પછી એના ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ લાવવી તે સમ્યગ્દર્શનનું કારણ છે...અરે..રે..! શું થાય ભાઈ..! ભાષા તો સાદી છે. (પણ ભાવભાસન કઠણ છે) પણ વસ્તુ તો ભગવાને જે ભાવ કહ્યા એ પ્રમાણે હોવી જોઈએ ને..! ઘરનું કાંઈ અંદર (ભેળવવું એ ન ચાલે). સમજાણું કાંઈ..?

(અહીંયાં) તો કહે છે પર્યાયના બે પ્રકાર (છે). એક દ્રવ્યપર્યાય અને એક ગુણપર્યાય. હવે દ્રવ્યપર્યાયના બે પ્રકાર (એ છે કે) એક સમાનજાતીય (દ્રવ્યપર્યાય) અને અસમાનજાતીય (દ્રવ્યપર્યાય) છે. બે પરમાણુથી માંડીને અનંત પરમાણુનો જે પિંડ દેખાય છે તેને સમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવામાં આવી છે. આ શરીર જે છે તે સમાનજાતીય દ્રવ્યપર્યાય છે. (શરીરમાં) પરમાણુ-પરમાણુ સંબંધમાં છે ને..! અનંત પરમાણુ છે શરીરના (તેથી) તે સમાનજાતીય દ્રવ્યપર્યાય છે. આત્માની (પર્યાય) નહીં. એ પર્યાયબુદ્ધિ છોડાવવા માટે આ બતાવવામાં આવે છે. **(શ્રોતા:)** આ શરીર કેનું છે..? **(ઉત્તર:)** શરીર જડની પર્યાયનું છે. શરીર જે છે તે (પરમાણુની) દ્રવ્ય પર્યાય છે. અનેક પરમાણુનું એકરૂપ ત્યાં દ્રવ્યપર્યાય છે. અનંત પરમાણુ-પુદ્ગલની એકરૂપ પર્યાય તેને સમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત છે, ઝીણી વાત છે..બાપુ..! આ પ્રવચનસાર ભગવાનની વાણી છે. "પ્ર" એટલે વિશેષે-ધ્રુવ, દ્રવ્ય; આહા..! દિવ્યધ્વનિ-ભગવાનની (તીર્થંકરદેવની) વાણી..! ભગવાન ત્રિલોકનાથ..! એમની દિવ્યધ્વનિ ૐકાર... "ૐકારધ્વનિ સૂનિ અર્થ ગણધર વિચારે" અને ગણધર અર્થ વિચારીને આગમ રચે (છે) અને ઉપદેશ કરે છે તો ભવ્ય જીવ સંશય નિવારે (છે) આહા..હા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અહીંયાં) તો કહે છે કે: દ્રવ્ય (કોને કહ્યું) તો પોતાના ગુણ ને ત્રિકાળી પર્યાયના પિંડને દ્રવ્ય કહ્યું. ગુણ (કોને કહ્યા)એ વિસ્તારસામાન્ય સમુદાયને ગુણ કહ્યા. (પર્યાય કોને કહી) કે જે દ્રવ્ય અને ગુણ કહ્યા એ બન્નેથી ઉત્પન્ન થઈ તે પર્યાય કહી. એ પર્યાયના બે પ્રકાર છે. (૧) સમાનજાતીય દ્રવ્યપર્યાય અને (૨) અસમાનજાતીય દ્રવ્યપર્યાય. અને ગુણપર્યાય બે પ્રકારે છે. (૧) સ્વભાવપર્યાય અને (૨) વિભાવપર્યાય (છે). આહા..હા..! (પાઠમાં) છે..? જેવી રીતે અનેક પુદ્‌ગલસ્વરૂપ-પુદ્‌ગલાત્મક. છે ને..! આ સમાનજાતીય દ્રવ્યપર્યાય (કહેવાય છે). જડની પર્યાય પરમાણુ-પરમાણુ એક જાતના છે..ને..! (તેથી) જડની સમાનજાતીય દ્રવ્યપર્યાય (છે). આ હોઠની, હાથની, શરીરની-એ બધી જડની અનેક પરમાણુની એકરૂપ (પર્યાય) છે તે એકરૂપ જાણવામાં આવે છે (તેથી) એ પુદ્‌ગલની-અનેક પુદ્‌ગલાત્મક સમાન જાતીય દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. આવી વાતું છે..! (સર્વજ્ઞભગવાનની). હવે અસમાનજાતીય દ્રવ્યપર્યાય (કોને કહે છે કે:) જીવ-પુદ્‌ગલાત્મક (દેવ, મનુષ્ય વગેરે). હવે જીવ અને પુદ્‌ગલ-શરીર એ બન્ને એક જગ્યાએ રહે છે તેને અસમાનજાતીય દ્રવ્યપર્યાય કહે છે. પરમાણુ-પરમાણુ સાથે રહે તે સમાનજાતીય દ્રવ્યપર્યાય કહે છે અને જીવને શરીર એક સાથે રહે છે તેને અસમાનજાતીય દ્રવ્યપર્યાય કહે છે. વીતરાગ..! ત્રણ લોકના નાથ..! એ સર્વજ્ઞ સિવાય ક્યાંય બીજે કોઈ મતમાં આ વાત છે જ નહીં.. સર્વજ્ઞ પરમેશ્વર..! જિનેશ્વર દેવ..! એણે જે ત્રણલોક, ત્રણકાળ જોયાં તેની આ અહીંયાં વ્યાખ્યા છે. કુંદકુંદાચાર્ય મહારાજ..! દિગંબર સંત, ભગવાન (સીમંધરનાથ) પાસે (વિદેહમાં) ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી (ભગવાનની વાણી) સાંભળીને આ શાસ્ત્રો બનાવ્યાં. તેમના પછી એક હજાર વર્ષ પછી અમૃતચંદ્રાચાર્ય થયા તેમની આ ટીકા છે. મૂળ શ્લોક તે કુંદકુંદાચાર્યદેવના છે. અને ટીકા અમૃતચંદ્રાચાર્યદેવની છે. આહા..હા..! આવી ઝીણી વાત છે, બાપુ..! ધીમેથી, ધીમેથી સમજવું..

(અહીંયાં શું કહે છે) કે: સમાનજાતીય દ્રવ્યપર્યાય કોને કહીએ..? કે અનેક પરમાણુ એક સાથે રહે છે. એક થતા નથી. આ હોઠ, શરીર, આંગળીઓ-એને જડની સમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. આ પર્યાય આત્માથી ઉત્પન્ન થઈ છે એમ નથી. આ (શરીરાદિની) પર્યાય અનંત (પુદ્‌ગલ) પિંડરૂપ છે. તે પરમાણુના દ્રવ્ય-ગુણથી પર્યાય ઉત્પન્ન થઈ છે. અને એકસાથ ઘણા પરમાણુનો સ્કંધ ગણવામાં આવે છે તો સમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. હવે અસમાનજાતીય દ્રવ્યપર્યાય (કોને કહીએ)..? કે જીવ ને પુદ્‌ગલ સ્વરૂપ-દેવ, મનુષ્ય ઈત્યાદિ. આ મનુષ્ય કહેવામાં આવે છે તેમાં જીવ છે અંદર અને શરીર (છે) તે જડ છે. બન્ને એક સાથે જોવામાં આવ્યા તો તેને અસમાનજાતીય દ્રવ્યપર્યાય કહે છે. આવી વાતું (ભગવાનની) છે! આ દ્રવ્ય-ગુણ-પર્યાયની વ્યાખ્યા છે. પરમાત્માના પેલા ઘરની..! ઝીણી (બહુ) ! જે પરમાત્માએ અનંત આત્માઓ અને અનંત પરમાણુ (કેવળજ્ઞાનમાં) જોયાં. એમાં એનું દ્રવ્ય શું, ગુણ શું, અને પર્યાય શું..? (તેની વસ્તુસ્થિતિ વર્ણવે છે). દ્રવ્ય-ગુણની વાત તો થઈ ગઈ (છે) હવે આ પર્યાયની વાત ચાલે છે. પર્યાય-અવસ્થા-પલટતી દશા ભગવાને કહી તે પોતાના દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થાય છે. પરના કારણથી પર્યાય ઉત્પન્ન થાય છે (એમ નથી) (જુઓ..!) આ પુસ્તકનાં પાનાં જે આ આંગળીથી આમ ફરે છે ને..? એ પર્યાય થઈ. એ સમાનજાતીય પરમાણુની પર્યાય છે. એ (પાનાંની પર્યાય) આંગળીથી થતી નથી. અને આત્માએ પાનાં ઉંચાં કર્યાં એવું પણ નથી. એની સમાનજાતીય દ્રવ્યપર્યાયથી એ પાનું ઉંચું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

થયું (છે). એ પાનું અને આંગળી (ની પર્યાય) સમાનજાતીય દ્રવ્યપર્યાય છે. આહા..હા..! આવી વાતું પરમાત્માની બાપા..! લોકોને તત્ત્વની ખબર ન મળે અને ધર્મ-ધર્મ થઈ જાય ( એ કેમ બને કદી ન બને). જાણે સામાયિક થઈ..પોષહ થયા...એમ માને. (પણ) હજી તો ચીજ (વસ્તુસ્વરૂપ) શું છે-દ્રવ્ય કોને કહીએ, પદાર્થ કોને કહીએ, પદાર્થની શક્તિ કોને કહીએ, પદાર્થની પલટતી અવસ્થા કોને કહીએ એની તો (કંઈ) ખબર નથી. (અને વસ્તુસ્વરૂપ જાણ્યા વિના ધર્મ ન થાય). કોઈ (દ્રવ્યની) અવસ્થા (બીજા) કોઈ દ્રવ્યથી થાય એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ..?

**''અસમાનજાતીય-જેવી રીતે જીવપુદ્ગલસ્વરૂપ દેવ, મનુષ્ય વગેરે''** એ દ્રવ્યપર્યાયના બે પ્રકાર લીધા. કયા બે પ્રકાર (લીધા). સમાનજાતીય અને અસમાનજાતીય. સમાનજાતીય અર્થાત્ આ પરમાણુ-પરમાણુ એક સાથે (સ્કંધરૂપે) દેખાય છે તે સમાનજાતીય દ્રવ્યપર્યાય છે. (એ પર્યાય) આત્માથી ઉત્પન્ન થઈ નથી. બીજી વાત: જે કર્મબંધન થાય છે. બંધના એ કર્મના જે પરમાણુ છે તેના જે ગુણ છે. કર્મની પર્યાય એના દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થઈ છે. આત્માએ રાગ કર્યો માટે કર્મબંધની પર્યાય ઉત્પન્ન થઈ છે, એમ નથી. **(શ્રોતા:)** સિદ્ધ ભગવાનને કર્મ નથી બંધાતા..! **(ઉત્તર:)** ત્યાં તો એકલી શુદ્ધ પર્યાયો (પ્રગટ) થઈ. પોતાના દ્રવ્ય અને ગુણથી શુદ્ધ પૂર્ણ પર્યાય થઈ પછી કર્મબંધ ખલાસ થઈ ગયા. (પછી ક્યાં વાત રહી..!) અહીંયાં અશુદ્ધતા છે એટલે કર્મબંધ છે એમ પણ નથી. એમ અહીંયાં કહે છે. જે કર્મબંધ થાય છે તે પરમાણુ છે. તે સમાનજાતીય પરમાણુ એક સમયમાં દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. કર્મની પર્યાયને સમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. અને આ શરીર અને આત્મા (એક સાથે દેખાય) તે અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે. બે એક જાત નથી. પણ બંનેને મેળવીને અસમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવાય છે. આવી ઝીણી વાતું છે બાપા..! વીતરાગ માર્ગ બહુ ઝીણો..! અને એ તત્ત્વની વાસ્તવિક દૃષ્ટિ અને જ્ઞાન થયા વિના સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન વિના ત્રણ કાળમાં ધર્મ થતો નથી. આહા..હા..હા..!

(અહીંયાં) પર્યાય બતાવી છે, ગુણો બતાવ્યા છે-પણ એ બધા ભેદની દૃષ્ટિ છોડીને એક દ્રવ્યસ્વરૂપ અખંડ-અનંત ગુણ અને અનંત પર્યાયનો પિંડ જે દ્રવ્ય છે તે દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવાથી (એકાગ્રતા કરવાથી) -પર્યાયદૃષ્ટિ છોડવાથી-સમ્યગ્દર્શન થાય છે. ધર્મની પહેલી શરૂઆત-ચોથું ગુણસ્થાન (પર્યાયમાં પ્રગટે છે). શ્રાવક અને મુનિની દશા એ તો જુદી વાત છે બાપુ..! એ તો કોઈ અલૌકિક વાત છે. અત્યારે તો મુશ્કેલ છે. હજુ તો સમ્યગ્દર્શનની વાતના પણ વાંધા છે. (સત્ય વાતનો સ્વીકાર નથી).

આહા..હા..! પરમાત્મા, ત્રિલોકનાથ, જિનેશ્વર દેવ..! પર્યાયના બે પ્રકાર કહે છે. એક (પર્યાય) સમાનજાતીય દ્રવ્યપર્યાય એકલી શરીરની અને અસમાનજાતીય દ્રવ્યપર્યાય જીવ અને શરીર બેયને મેળવીને-પણ બે એક થયા નથી (માત્ર સંયોગ છે તેથી) અસમાનજાતીય દ્રવ્યપર્યાય કહે છે. આવું છે ભગવાન..! તું ય ભગવાન છો પ્રભુ..! (આ વસ્તુસ્વરૂપ સમજ કે ન સમજ તો પણ) આહા..હા..! **(શ્રોતા:)** જીવથી વાણી આવે છે તે કઈ પર્યાય..? **(ઉત્તર:)** જીવ તો ભિન્ન છે, શરીરની પર્યાય ભિન્ન છે પણ એક સાથે ગણવામાં આવે છે એને અસમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવાય છે, પણ એક થયા નથી. **(શ્રોતા:)** આત્મામાં રાગ-દ્વેષ થાય છે તે અસમાનજાતીય દ્રવ્યપર્યાય થઈ કે નહીં..? **(ઉત્તર:)** ના, અસમાનજાતીય નહીં. એ અત્યારે અહીંયાં નહીં. એ અસમાનજાતીય નહીં. જે રાગ થાય છે તે પોતાના દ્રવ્ય-ગુણથી થાય છે. પછી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગ જે વિકાર છે માટે તેની દષ્ટિ છોડીને દ્રવ્યદષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે. અહીંયાં રાગ થાય છે તે પોતાના દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થાય છે એમ સિદ્ધ કરવું છે. પ્રભુ..! પરથી નહીં, કર્મથી નહીં, સમજાણું ? ધીમે-ધીમે તો કહીએ પ્રભુ..! અહીંયાં તો રાગ તો શું મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે એ પણ પોતાના દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થાય છે.! આહા..હા..! પરથી નહીં, કર્મથી નહીં, શરીરથી નહીં, સ્ત્રી-કુટુંબ પરિવારથી મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે એમ નથી. મિથ્યા શ્રદ્ધા (એટલે) પુણ્યને ધર્મ માનવો, અને રાગ ને કષાય મંદ પડે તો મને ધર્મ થાય આવો મિથ્યાત્વભાવ (મિથ્યા અભિપ્રાય) એની ઉત્પત્તિ તે પોતાના દ્રવ્ય-ગુણના કારણથી થાય છે. આહા..હા..હા..!! સમજાય એટલું સમજવું..! પ્રભુ..! આ તો વીતરાગનો મારગ પ્રભુ..! ત્રણ લોકના નાથ (ની વીતરાગી વાણી છે !) અત્યારે તો આ કરો... આ કરો... - તપ કરો, વ્રત કરો, ઉપવાસ કરો એમાં કરતાં કરતાં બુદ્ધિમાં બધું ચાલ્યું જાય છે મિથ્યાત્વમાં...(અર..ર..ર..!)

અહીંયાં તો પરમાત્મા એમ કહે છે કે: પર્યાય કોને કહીએ..? કે પર્યાય, (પોતાના) દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થાય એ પર્યાય (છે). એ પર્યાયના બે પ્રકાર છે. (૧) દ્રવ્યપર્યાય અને (૨) ગુણપર્યાય. દ્રવ્યપર્યાયના ભેદ કેટલા..? તેના બે ભેદ છે. સમાનજાતીય દ્રવ્યપર્યાય અને અસમાનજાતીય દ્રવ્યપર્યાય.

આહા..હા..! સમાનજાતીયપર્યાય (એટલે કે) બે પરમાણુથી માંડી અનંત પરમાણુ એકસાથે (સ્કંધરૂપે) દેખાય તેને સમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે... અને આ શરીર ને આત્મા (દેવ,મનુષ્યદિમાં) એક સાથે દેખાય છે પણ છે ભિન્ન. (માત્ર સાથે દેખાય છે) એ અસમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. એ શરીરની પર્યાય એ સમાનજાતીય દ્રવ્યપર્યાય છે. **(શ્રોતા:)** જીવમાં (મનુષ્યાદિમાં) શી રીતે છે..? **(ઉત્તર:)** પણ જ્યાં સુધી શરીર સાથે જીવ છે. એટલે સાથે ગણવામાં આવેલ છે કે આ પર્યાય, જડ ને ચેતનની ગણીને એને અસમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. **(શ્રોતા:)** પુદ્‌ગલની (શરીરની) સમાનજાતીય છે છતાં..! **(ઉત્તર:)** એમ છે કે શરીરની આ જે પર્યાય છે તે તો સમાનજાતીય દ્રવ્યપર્યાય છે હો, અને એક આત્મા અને બીજો આત્મા તો એક થતા નથી. પરમાણુ એક સાથે મળેલા હોય છે. પરમાણુમાં બેથી માંડીને અનંત એકઠા થયા. એક થતા નથી. એક સાથે દેખાયા એને સમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. એ સમાનજાતીય દ્રવ્યપર્યાય આ શરીરની - જડની છે હો..! આ વાણીની, આ જીભની એ સમાનજાતીય દ્રવ્યપર્યાય છે. અને આત્મા તેનાથી ભિન્ન છે. તો આત્માની પર્યાય જે રાગાદિ થાય છે કે સમ્યગ્દર્શન થાય છે તે પોતાના દ્રવ્ય-ગુણથી એ પર્યાય થાય છે. પણ આત્મા અને શરીર બેય એકસાથ ગણવામાં આવ્યા તો એ લૌકિક એકસાથ ગણવામાં આવ્યા (એકક્ષેત્રાવગાહ) છે તો તે અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ..? આ તો પ્રવચનસાર..! કુંદકુંદમહારાજનું કહેલું છે. એવું (વસ્તુસ્વરૂપ) ક્યાંય નથી..!

ઓલો છે ને ભાઈ શ્વેતાંબરનો... નાહટા-શ્વેતાંબર છે ત્યાં કાશીમાં મળ્યો હતો. એ એવું કહે છે કે નગ્નપણું કુંદકુંદાચાર્યે આગ્રહ કરીને (મુનિમાં દાખલ) કર્યું. એ જૂઠી વાત છે. નગ્નપણું મુનિને તો અનાદિથી છે, વસ્ત્રસહિત મુનિપણું તો એ મુનિપણું છે જ નહીં. સમજાણું? એણે એ લખ્યું છે. છાપું છે ને... (તેમાં છાપ્યું છે). એમ કે કુંદકુંદાચાર્યે નગ્નપણાનો આગ્રહ કરીને નગ્નપણું (મુનિઓમાં) સ્થાપ્યું. જૂઠી વાત છે. એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(નગ્નપણું) અનાદિથી છે. એ મારગ કંઈ નવો નથી. શ્વેતાંબર પંથ જે છે એ તો દિગંબરમાંથી જે મિથ્યાદષ્ટિ (થયા હતા) તે જુદા પડયા. અને પછી સ્થાનકવાસી મૂર્તિને ઉથાપીને મિથ્યાદષ્ટિ થઈને જુદા પડયા છે. આ દિગંબર ધર્મ છે એ નવો નથી. અનાદિનો છે. સર્વજ્ઞ પરમાત્માએ કહ્યો છે. એણે એવું લખ્યું છે કે નગ્નપણું કુંદકુંદાચાર્યે સ્થાપ્યું છે. જૂઠી વાત છે. અનાદિ મુનિ અપરિગ્રહી હોય છે. વસ્ત્રનો ટુકડો પણ મુનિને હોતો નથી. અને વસ્ત્રનો ટુકડો રાખીને મુનિપણું માને, મનાવે (અનુમોદન કરે) એ નિગોદમાં જશે. અહા..હા!હા! વાત તો એવી છે ભગવાન! 'અષ્ટપાહુડ'માં એક 'સૂત્રપાહુડ' છે. તેમાં કહ્યું છે કે: એક પણ વસ્ત્રનો ટુકડો રાખીને મુનિ છે, સાધુ છે -મુનિ(પણું) મનાવે છે નિગોદમાં જશે! તો એ (નાહટા) કહે છે કે કુંદકુંદાચાર્યે આગ્રહથી સ્થાપન કર્યું છે. કારણ કે ('સૂત્રપાહુડ')માં પાઠ છે ને...! કે વસ્ત્રસહિત તીર્થંકર હો તો પણ મુનિપણું હોતું નથી. એવો પાઠ છે 'અષ્ટપાહુડ'માં. તીર્થંકર છે પણ વસ્ત્રસહિત છે તો મુનિપણું હોતું નથી. અંતરમાં આનંદનો નાથ જાગી સ્વસંવેદન વિશેષ થયું ત્યારે વસ્ત્ર છૂટી જાય છે! વસ્ત્ર રહે છે ને મુનિપણું હોય છે ત્રણ કાળમાં નહીં, આહા..હા! ઝીણી વાત છે ભાઈ!

(અહીંયાં કહે છે) વસ્ત્ર જે છે તે સમાનજાતીય દ્રવ્યપર્યાય છે. અને આ વસ્ત્ર અને આત્માની સાથે જોડાણ વ્યવહારથી છે તો તેને અસમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. ભાષા તો સાદી છે પ્રભુ! (ભાષાનું ભાવભાસન કઠણ છે જરી.)

આહા..હા..! માર્ગ તો પ્રભુએ તો.. દિગંબર સંતોએ તો... કેવળજ્ઞાનના કેડાયતોએ.. કેવળજ્ઞાન ખડું કરી દીધું છે! એમાં કયાંય સંદેહને સ્થાન નથી. સમજણ કરવી બહુ કઠણ (છે) ભાઈ! વર્તમાનમાં તો બહુ ગરબડ ચાલી છે. આ વ્રત કરો ને.. તપ કરો ને... ઉપવાસ કરો ને.. ગજરથ કાઢો ને... અરે! એ તો જડની પર્યાય છે. એ પર્યાય તો સમાનજાતીય પરમાણુઓથી ઉત્પન્ન થાય છે, તારાથી નહીં. હા! તારામાં તો માત્ર (તે પ્રત્યેનો) રાગ થાય છે. એ રાગ તારા દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થયો છે. રથ કાઢવાના ને વગેરેથી કંઈ રાગ ઉત્પન્ન થયો છે એમ નથી. ભગવાનના દર્શન કરવાથી જે અંદર (આત્મામાં) રાગ થયો તે ભગવાનના દર્શનથી નથી થયો. તેના (ભગવાનના) દ્રવ્ય-પર્યાય ભિન્ન છે અને આના દ્રવ્ય-પર્યાય તેનાથી ભિન્ન છે. રાગ તો તેનાથી થયો નથી પણ રાગ તો પોતાના દ્રવ્ય-ગુણના આશ્રયથી પોતાથી પોતાનામાં ઉત્પન્ન થયો છે. ભગવાનને જોઈને (રાગ) થયો છે એવું છે નહીં. અરે..રે! આવી વાતું હવે! મારગ બાપા, પ્રભુનો! (અલૌકિક છે). તું પ્રભુ છે. આહા! એ ગાયનમાં ન આવ્યું..! 'પ્રભુ! મેરે તુમ સબ બાતે પૂરા, પરકી આશ કહા કરે પ્રીતમ?!'-પરની આશા તું શું કરે છે? પ્રભુ! રાગ અને વાણી એ શરીર બધું પર છે. 'પરકી આશ કહા કરે પ્રીતમ? તુમ કહૉં હો અધૂરા'. 'તુમ કઈ બાતે અધૂરા' -પ્રભુ! તું તો પૂર્ણાનંદ નાથ છોને અંદર! અરેરે..! શું થાય ભાઈ! પછી (લોકો) કહે કે સોનગઢનું આમ (એકાંત) છે એમ નથી બાપુ! આ તો ભગવાનની કહેલી વાત છે બાપુ! સોનગઢની આંહી વાત નથી! સમજાયું?

(કહે છે કે:) અસમાનજાતીય-દષ્ટાંત આપશે વસ્ત્રનો -**''જેવા કે જીવપુદ્ગલાત્મક દેવ, મનુષ્ય વગેરે.''** દેવ-મનુષ્યને અસમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. એ દ્રવ્યપર્યાયના બે પ્રકાર આવ્યા. હવે ગુણની પર્યાયના બે પ્રકાર (કહે છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**''ગુણ દ્વારા આયતની અનેકતાની પ્રતિપત્તિના કારણભૂત ગુણપર્યાય છે. તે પણ દ્વિવિધ છે: (૧) સ્વભાવપર્યાય અને (૨) વિભાવપર્યાય.''**

આહા..હા..! ગુણો દ્વારા આયતની અનેકતાની પ્રતિપત્તિના કારણરૂપ ગુણપર્યાય-શું કહે છે? (કે:) આત્માની જ્ઞાન, દર્શનાદિ ગુણ (ની પર્યાય), પુદ્‌ગલના સ્પર્શ, રસ, ગંધાદિ ગુણ (દ્વારા) આયત એટલે લંબાઈ (અપેક્ષા) પર્યાય, એકપછી એક જે પર્યાય થાય છે તે અનેકતાની પ્રતિપત્તિ છેએટલે સ્વીકાર (જ્ઞાન, પ્રાપ્તિ) એને કારણભૂત ગુણપર્યાય (છે). દ્રવ્યપર્યાય, સમાનજાતીય અસમાનજાતીય બે પ્રકાર કહ્યા. હવે ગુણપર્યાય, પોતાના ગુણ દ્વારા આયત નામ પર્યાય-એ અનેક પર્યાયની પ્રતિપત્તિના કારણભૂત ગુણપર્યાય કહેવામાં આવે છે. આત્મામાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, આદિ ક્રમસર જે જ્ઞાન થાય છે -એ આયત નામ લંબાઈ -અને તે અનેક થયું તો અનેકતાની પ્રતિપત્તિના કારણભૂત ગુણપર્યાય કહેવામાં આવે છે. આહા.. હા! આવી વાત છે! દ્રવ્યપર્યાયના બે પ્રકાર કહ્યા. ગુણપર્યાયના બે પ્રકાર (છે) **'ગુણ દ્વારા આયત'**-આયત એટલે લંબાઈ **'અનેકતાની પ્રતિપત્તિ'** છે? (પ્રતિપત્તિ) પ્રાપ્તિ, સ્વીકાર **'કારણભૂત ગુણપર્યાય છે.'** એ ગુણપર્યાય કહેવામાં આવે છે. આવી વાત છે. દ્રવ્યપર્યાયના બે પ્રકાર કીધા. હવે ગુણપર્યાયના બે પ્રકાર (કહે છે) **'તે પણ દ્વિવિધ છે'** એ ગુણ (પર્યાય) બે પ્રકારે છે. ગુણપર્યાયના પણ બે પ્રકાર છે. એક સ્વભાવપર્યાય અને એક વિભાવપર્યાય. **'તેમાં, સમસ્ત દ્રવ્યોને પોતપોતાના અગુરુલઘુગુણ દ્વારા પ્રતિસમય પ્રગટતી ષટ્‌સ્થાનપતિત હાનિવૃદ્ધિરૂપ અનેકપણાની અનુભૂતિ તે સ્વભાવપર્યાય;'**

આહા...હા...! દરેક દ્રવ્યમાં અગુરુલઘુને કારણે ષટ્‌ગુણ હાનિવૃદ્ધિ અનાદિ-અનંત પર્યાયમાં હોય છે. તેને સ્વભાવગુણપર્યાય કહેવામાં આવે છે. એમાં વિભાવ નહીં, વિકાર નહીં. સમજાણું કાંઈ..? ગુણપર્યાયના બે પ્રકાર (કહ્યા). અગુરુલઘુ (ગુણ)ની ષટ્‌ગુણ હાનિવૃદ્ધિ(રૂપ) થતી પર્યાય હોય છે. એને સ્વભાવગુણપર્યાય કહેવામાં આવે છે, એ સ્વભાવપર્યાય છે. અગુરુલઘુગુણના કારણે જે અનંત ગુણની ષટ્‌ગુણહાનિવૃદ્ધિરૂપ દશા થાય છે એને સ્વભાવગુણપર્યાય કહેવામાં આવે છે. આ...રે...! બીજી જાત. આખી વાત છે! અને **''રૂપાદિકને કે જ્ઞાનાદિકને [1]સ્વ-પરના કારણે પ્રવર્તતી''**-જુઓ..! આમાં ઈ જ લીધું ભાઈ..! ઓલા વસ્ત્રમાં નાખશે. પણ આ શરીરમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે.-એ રૂપાદિક (છે). અને આત્મામાં જ્ઞાનાદિ છે.- (એ જ્ઞાનાદિક છે.) એનું સ્વ-પરના કારણે પ્રવર્તના. આત્મા(માં) રાગ છે કારણ પોતાનું છે અને નિમિત્ત કર્મ છે. તો સ્વ-પરને કારણે પ્રવર્તમાન **''[2]પૂર્વોત્તર અવસ્થામાં''** પહેલા-પછીની દશાને હોવાવાળી **''જે તારતમ્ય તેને લીધે જોવામાં આવતા''** તારતમ્યતા એટલે હીનાધિકતાના કારણ જોવામાં આવવાવાળા **'' સ્વભાવવિશેષોરૂપ અનેકપણાની [3]આપત્તિ તે વિભાવપર્યાય.** સ્વભાવવિશેષરૂપ અનેકત્વની આપત્તિરૂપ વિભાવપર્યાય છે. કેટલુંક આમાં યાદ રહે..! ફરીને, રૂપ, રસ, ગંધ, સ્પર્શ-પરમાણુના રંગ, ગંધ, રસ, સ્પર્શ-એની પર્યાય જ્યારે હીનાધિકપણે થાય છે એ વિભાવપર્યાય

---

૧. સ્વ તે ઉપાદાન અને પર તે નિમિત્ત.
૨. પૂર્વોત્તર = પહેલાંની અને પછીની.
૩.આપત્તિ = આવી પડવું તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. આત્મામાં પણ જ્ઞાન, દર્શન, આનંદાદિમાં રાગાદિ વિકાર કે મતિજ્ઞાનાદિ (થાય છે) એને અહીંયાં વિભાવપર્યાય કહેવામાં આવેલ છે. આહા..હા..!

**''રૂપાદિકને જ્ઞાનાદિકને સ્વ-પરના કારણ''**-સ્વ ઉપાદાન ને પર નિમિત્ત..! **''પૂર્વોત્તર''** પહેલાની અને પછીની **''આપત્તિ''** નામ આવી પડવું તે, જાણવામાં આવે છે (જે) પૂર્વોત્તર અવસ્થામાં થતી જે તારતમ્યતા તેને લીધે જોવામાં આવતી સ્વભાવવિશેષરૂપ-એ છે તો વિભાવરૂપ છતાં સ્વભાવ (પોતામાં છે માટે) એ અનેકત્વની આપત્તિ તે વિભાવ પર્યાય છે. અભ્યાસ (જોઈએ). લોકોને આ મૂળતત્ત્વનો અભ્યાસ નથી. અને એમને એમ ચાલો...કરો...આ સામાયિક કરો...પોષહ કરો... પ્રતિક્રમણ કરો...ત્યાગ (કરો)... પણ શેના..? મિથ્યાત્વના ત્યાગ વિના પરનો ત્યાગ ક્યાંથી આવ્યો..? પરનો ગ્રહણ-ત્યાગધર્મ તો આત્મામાં છે નહીં...('સમયસાર') પરિશિષ્ટમાં પાછળ ૪૭ શકિતઓ છે. (તેમાં એક 'ત્યાગોપાદાન શૂન્યત્વશકિત છે. આત્મા સિવાય પરપદાર્થના ગ્રહણ-ત્યાગ એનાથી આત્મા શૂન્ય છે.) જડને ગ્રહણ કરે અને જડને છોડે શું આત્મા..? એમ એનાથી આત્મા તો ભિન્ન છે. પરના ત્યાગ-ગ્રહણથી (આત્મા) શૂન્ય છે. આ તો પર છૂટ્યું તો મેં ત્યાગ કર્યો પણ શું ત્યાગ કર્યો..? હજી તને મિથ્યાત્વનો તો ત્યાગ નથી, તો (સાચો) ત્યાગ ક્યાંથી આવ્યો? આહા..હા..! સમજાણું કાંઈ? એ દયા, દાન, વ્રત, ભકિત(ના) પરિણામ જે શુભ પરિણામ છે તે ધર્મ નથી, અધર્મ છે. એ અધર્મ છે અને તેને ધર્મ માનવો (તે) મિથ્યાત્વ છે. તો હજી અધર્મનો દૃષ્ટિમાં ત્યાગ નથી ત્યાં એને બહારમાં ત્યાગ અને ત્યાગી થઈ ગયો એ ક્યાંથી આવ્યું..? આહા..હા..! આવી વાતો છે બાપુ..! પ્રભુ (આત્મા) અનંત-અનંત-અનંત ગુણોથી ભરેલો છે..! જેની (ગુણોની) સંખ્યાનો પાર નથી. એક એક આત્મામાં હોં..! જેટલા ગુણ-(પાર નહીં, અપાર..અપાર) આહા..હા..!

જેટલા આત્મા છે એનાથી અનંતગુણા પરમાણુ છે. તેનાથી અનંતગુણા ત્રણ કાળના સમય છે. એનાથી અનંતગુણા આકાશના પ્રદેશ છે.આ લોક છે ત્યાં સુધી ભગવાન બિરાજે છે. એ અસંખ્ય જોજન છે. અને (ત્યાર પછી) ખાલી ભાગ અલોક છે. અનંત..અનંત..અનંત..અનંત...આકાશ છે. જેનો ક્યાંય અંત નહીં. એ આકાશમાં (ક્ષેત્રમાં) એક પરમાણુ રહે તેને પ્રદેશ કહે છે. એ આકાશના પ્રદેશની સંખ્યા અપાર-અપાર છે. દશેય દિશામાં ક્યાંય પાર નહીં, પછી શું..પછી શું... પછી શું... એમ અનંત..! અનંત...! અનંત...! ચાલ્યા જાઓ લક્ષથી, તો પણ ક્યાંય અંત નથી. એ આકાશના જે પ્રદેશ છે. સંખ્યા (છે) એનાથી અનંતગુણા ગુણ એક (એક) આત્મામાં છે..! અરે, એક (એક) પરમાણુમાં પણ અનંતગુણા ગુણ છે. જેટલી સંખ્યા આત્મામાં ચૈતન્ય (ગુણોની) છે એટલી પરમાણુમાં જડના ગુણોની છે. એ પરમાણુમાં પણ આકાશના પ્રદેશો કરતાં અનંતગુણા ગુણ છે. આહા..હા..! સમજાણું..? હજી દ્રવ્ય ને ગુણ કોને કહે..? પછી પર્યાય કોને કહે..? (તેની સમજ નહીં).

આહા..હા..! (હિન્દી)ભાઈ એક હતા ને..! ગયા લાગે છે. હિન્દી હતા ને..! ઝીણું બહુ પડે! એને વળી મુહૂર્ત કેવું! મુહૂર્ત કેવું આત્મામાં.. અરે પ્રભુ, એ તો વ્યવહારનયથી-અસદ્‌ભૂત વ્યવહારનયથી જાણવા કહેવાય પણ આદરણીય તો પ્રભુ આત્મા છે. અનંત ગુણ, પૂર્ણાનંદ..! અનંત..અનંત..અનંત..અનંત-ક્યાંય અંત નહીં એટલા અપાર ગુણ-શકિતનો ભંડાર પ્રભુ (આત્મા) છે. એ ગુણભેદનો પણ આદર નહીં,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આદર ને ઉપાદેય તો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ જે છે એ એક આત્મા છે. એ ઉપાદેય-આદરણીય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. બીજી રીતે ત્રણ કાળમાં સમ્યગ્દર્શન થતું નથી. આહા..હા..! દેવ-ગુરુ ને ધર્મની શ્રદ્ધા આવી એ રાગ છે, એ સમ્યક્ નહીં નવતત્ત્વની ભેદરૂપ શ્રદ્ધા એ પણ રાગ છે, સમ્યગ્દર્શન નહીં.

આહા..હા..! ભગવાન આત્મા.એ આકાશના પ્રદેશની સંખ્યા કરતાં જેમાં અનંતગુણા ગુણ છે. જ્યાં આકાશનો ક્યાંય અંત નથી! એના પ્રદેશથી પણ અનંતગુણા ગુણ એવા અનંત ગુણોનું એકરૂપ દ્રવ્ય. એ આવી ગયું. વિસ્તારસામાન્ય(સમુદાય)-વિસ્તારસામાન્ય જે ગુણો છે એનું એકરૂપ તે દ્રવ્ય છે. વિસ્તારસામાન્યગુણો દ્રવ્યના આધારે છે. એ 'દ્રવ્ય'ની 'દૃષ્ટિ' કરવી (એ સમ્યગ્દર્શન છે). આહા..હા..! પર્યાય દૃષ્ટિ છોડવી, ગુણભેદની દૃષ્ટિ છોડવી, રાગની દૃષ્ટિ છોડવી, ગુણ-ગુણીના ભેદની દૃષ્ટિ છોડવી અને તે જ્ઞાયકભાવ પૂર્ણાનંદસ્વરૂપ પ્રભુની દૃષ્ટિ કરવી (એ જ પ્રયોજન છે). આ બધું (વસ્તુસ્વરૂપ) સમજવામાં તો લેવાનું (છે). પર્યાય છે, રાગ છે (ગુણભેદ છે) પણ તે પોતાને આશ્રય કરવા લાયક નથી. આશ્રય કરવાલાયક તો ત્રિકાળીપ્રભુ દ્રવ્ય (જે 'સમયસાર') ગાથા-૧૧માં કહ્યું (भूदत्थमस्सिदो खलु) ભૂતાર્થ ભગવાન..! (આત્મ)પદાર્થ, ત્રિકાળી ભગવાન જે એકરૂપ છે એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. બાકી કોઈ રીતે સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન વગર (સાચા) જ્ઞાન, ચારિત્ર, વ્રત, તપ, નિયમ હોતા નથી. આહા..હા..!! આવી વાતું છે.

એ અહીંયાં કહ્યું કે: આ વિભાવપર્યાયની વ્યાખ્યા ચાલે છે, **"રૂપાદિકને કે જ્ઞાનાદિકને સ્વ-પરના કારણે પ્રવર્તતી પૂર્વોત્તર અવસ્થામાં થતું જે તારતમ્ય તેને લીધે જોવામાં આવતા સ્વભાવવિશેષોરૂપ અનેકપણાની આપત્તિ તે વિભાવપર્યાય.**

પૂર્વોત્તર અવસ્થામાં થવાવાળા તારતમ્ય-હીનાધિક-કારણ જોવામાં આવતા સ્વભાવવિશેષો છે તો સ્વભાવવિભાવ. લ્યો, એ..ય..! ઓલી રાડ પાડતા'તા ને...રાગદ્વેષ જીવની પર્યાય..?! જીવની પર્યાય ને વળી આત્માથી થઈ છે.!! વિભાવ આત્માથી થયો છે. પરથી નહીં. એક દ્રવ્ય જે છે. પ્રત્યેક અનંત દ્રવ્ય છે, એ પોતાના ગુણ અને પર્યાયને ચુંબે છે, સ્પર્શે છે. પણ પરની પર્યાયને ચુંબતા નથી, સ્પર્શતા નથી કદી..અર...ર...! આવી વાત ક્યાંથી (આવી)?! સમજાણું કાંઈ..? ('સમયસાર') ત્રીજી ગાથામાં કહ્યું છે કે (**"કેવા છે તે સર્વ પદાર્થો..? પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે-સ્પર્શે છે તો પણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી)** આહા..હા.. પ્રત્યેક દ્રવ્યના જે ગુણ અને શક્તિ-જે ત્રિકાળી જે વિસ્તારસામાન્ય અને પર્યાય જે આયતસામાન્ય (સમુદાય) તેને જ- તે ગુણ-પર્યાયને-દ્રવ્ય ચુંબે છે. પણ પરની પર્યાયને સ્પર્શે નહીં ત્રણ કાળ-ત્રણ લોકમાં. આત્મા કર્મની પર્યાયને ક્યારેય અડ્યોય નથી. આત્મા શરીરની પર્યાયને ક્યારેય સ્પર્શ્યોય નથી. શરીરની પર્યાય પણ આત્માને ક્યારેય અડી નથી. કર્મનો ઉદય ક્યારેય રાગને સ્પર્શ્યોય નથી. **(શ્રોતા:)** સ્વ-પરના કારણે..? **(ઉત્તર:)** નિમિત્ત કીધું ને..! નિમિત્ત કારણ ઉપાદાન પોતાથી થયું છે. નિમિત્ત કારણ છે. (જીવે) વિભાવ કર્યો છે તો કર્મ નિમિત્ત કારણ છે. વિભાવ બતાવવો છે ને એટલે સ્વભાવવિશેષ કીધો છે. આહા..હા..! આવું છે (વસ્તુસ્વરૂપ) **"તારતમ્ય તેને લીધે જોવામાં આવતા સ્વભાવવિશેષોરૂપ અનેકપણાની આપત્તિ તે વિભાવપર્યાય.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**હવે આ (પૂર્વોક્ત કથન) દૃષ્ટાંતથી દઢ કરવામાં આવે છે:-** હવે એ (ઉપરોક્ત) વાત એકદમ ન સમજાય તો અમે દૃષ્ટાંતથી કહીએ છીએ, સમજવા માટે, એમ અમૃતચંદ્રાચાર્ય મહારાજ કહે છે. દૃષ્ટાંત દે છે. **''જેમ આખુંય પટ અવસ્થાયી (સ્થિર રહેતા) એવા વિસ્તારસામાન્યસમુદાય વડે**– જેમ સંપૂર્ણ પટ એટલે વસ્ત્ર, અવસ્થાયી એટલે સ્થિર. વિસ્તારસામાન્યસમુદાય વડે એટલે વસ્ત્ર જે છે એના જે ગુણો છે-વિસ્તારસામાન્ય **''અને દોડતા-(વહેતા, પ્રવાહરૂપ)** દોડતી પર્યાય, **''એવા આયતસામાન્યસમુદાય વડે રચાતું થકું તે-મય જ છે.''** વસ્ત્ર ગુણમય જ છે. વસ્ત્રના પોતાના - અનંતપરમાણુના ગુણ અને એની પર્યાય-એ ગુણ-પર્યાયથી તન્મય પટ (વસ્ત્ર) છે. સમજાણું..? **(શ્રોતા:)** કઠણ છે આ.. **(ઉત્તર:)** ભાષા તો સાદી છે. પણ હવે (એણે વસ્તુ-તત્ત્વ સમજવું પડશે ને..!) અહીંયાં તો કહે છે પટ-વસ્ત્ર-(તેમાં) સ્થિર વિસ્તારસામાન્યસમુદાય (ગુણો) છે. આત્મામાં જે ગુણો છે, સ્થિર ધ્રુવ છે. પટ-વસ્ત્રના ગુણો સ્થિર છે. પટનો દાખલો પછી આત્મામાં ઉતારશે. **''તેમ આખોય પદાર્થ 'દ્રવ્ય' નામના અવસ્થાયી વિસ્તારસામાન્યસમુદાય વડે અને દોડતા આયતસમુદાય વડે રચાતો થકો દ્રવ્યમય જ છે.''**-વિસ્તારસામાન્ય અને દોડતો પ્રવાહ-એ પટમાં-વસ્ત્રમાં એક પછી એક, એક પછી એક વચ્ચે વિઘ્ન નહીં, ક્રમબદ્ધ પર્યાય થઈ રહી છે, એવા પ્રવાહરૂપ થતો આયતસામાન્યસમુદાય વડે રચાતો થકો, એ પટ (વસ્ત્ર) પોતાના ગુણ ને પર્યાયમાં તન્મય છે. (કહે છે કે:) આ વસ્ત્ર, પોતાના જે ગુણ, વર્ણ-ગંધ-રસ-સ્પર્શ અને પોતાની પર્યાય આ (ધોળી આદિ) એ ગુણ-પર્યાયમાં વસ્ત્ર તન્મય છે. આત્માને તે (વસ્ત્ર) સ્પર્શતું નથી, શરીરને તે સ્પર્શતું નથી. આહા..હા..! આ ક્યાંનું (વસ્તુસ્વરૂપ) આવું સોનગઢનું..? (ના) આ તો ભગવાનના ઘરની આ વાત આ છે. જિનેશ્વરદેવ..! એમનું (કહેલું) જે દ્રવ્ય-તત્ત્વ (સ્વરૂપ) એમણે કહેલ ગુણ અને પર્યાય (નું સ્વરૂપ) કોઈ અલૌકિક છે...!

(અહીંયાં કહે છે કે:) પટ- પોતાના વિસ્તારસામાન્યસમુદાય (એટલે) ગુણો અને ક્રમે-ક્રમે થતી આયતસામાન્યસમુદાય (એટલે) પર્યાયો-એનાથી રચિત થતું ગુણ-પર્યાયમાં પટ તન્મય છે. વસ્ત્ર પોતાના ગુણ-પર્યાયમાં તન્મય છે. વસ્ત્ર શરીર પર હોવા છતાં વસ્ત્રનો એક પણ પ્રદેશ વસ્ત્રથી હટતો નથી. આહા..હા.. હવે આવી વાતું..! આ તો ભગવાનની ૯૩મી ગાથા છે. હજી તો 'પ્રવચનસાર'ની પહેલી ગાથા છે. 'જ્ઞેય અધિકાર' આ સમકિત અધિકાર છે..! અરે એને અભ્યાસ (કરવો) જોઈએ, ભાઈ..! આ તો વીતરાગની કોલેજ છે. સર્વજ્ઞભગવાન, ત્રિલોકનાથના કથનની (જ્ઞાનની) કોલેજ છે. એમાં (કોલેજમાં) થોડું-ઘણું જાણપણું (અભ્યાસ) હોય તો કોલેજમાં સમજી શકે..! આહા..હા..!

(વળી) શું કીધું દૃષ્ટાંત દઈને...! જેમ આ વસ્ત્ર છે. તો તેમાં ગુણ છે જે-કાયમ રહેવા વાળી શક્તિઓ જે છે, વર્ણ, ગંધ, રસ,સ્પર્શ અને (તેની) અવસ્થાઓ આ ધોળી (લાલ-કાળી) આદિ તે પર્યાય છે. એ (પર્યાય) એક પછી એક થાય છે. તો એ ગુણ-પર્યાયમાં એ વસ્ત્ર તન્મય છે. એ રીતે, દરેક પદાર્થ, એ પ્રકારે સંપૂર્ણ પદાર્થ દ્રવ્યનામક અવસ્થાયી વિસ્તારસામાન્યસમુદાય વડે, દોડતા આયતસામાન્યસમુદાય વડે રચાતો થકો (દ્રવ્યમય જ છે). દરેક વસ્તુ પરમાણુથી માંડીને આત્મા-ભગવાનનો આત્મા અને ભગવાનની વાણી-બધા પોતાના ગુણ-પર્યાયમાં તન્મય છે. વાણી જે છે તે પોતાના ગુણ-પર્યાયમાં તન્મય છે. ભગવાન સાથે વાણીનો કાંઈ સંબંધ છે જ નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વરદેવનું તત્ત્વજ્ઞાન બહુ સૂક્ષ્મ છે ! આખા જગતમાં (આવું જ્ઞાન) ક્યાંય નથી. વેદાંત કહે છે ને...! એક આત્મા છે ને સર્વવ્યાપક છે. એ સર્વ મિથ્યા ભ્રમ છે. આ તો સર્વજ્ઞ પરમાત્માએ ત્રિકાળ એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયાં. એમની વાણીમાં આ (વસ્તુ) સ્વરૂપ આવ્યું છે..!

(અહીંયાં) શું કહે છે કે: વસ્ત્ર દ્રવ્ય છે. તો તે દ્રવ્ય-વસ્ત્ર પોતાના ગુણ અને પર્યાયમાં તન્મય છે. એમ સર્વ પદાર્થ-પરમાણુ, સિદ્ધ, આત્મા, નિગોદનો જીવ એ બધા (દ્રવ્યો) પોતાના ગુણ અને પર્યાયમાં તન્મય દ્રવ્ય છે. એની (સંસારી જીવની) સાથે જે કર્મ છે તેની સાથે (જીવદ્રવ્ય) તન્મય નથી. કર્મ જે છે તે સમાનજાતીય દ્રવ્યપર્યાય છે તેને આત્મા સાથે સંબંધ નથી. આહા..હા..હા..! આવી ઝીણી વાત છે. આ તો જે અધિકાર આવે તે કહેવાય એમાં બીજું શું થાય..? ભગવાન ત્રિલોકનાથ જે કહે છે એ કુંદકુંદાચાર્ય કહે છે અને ટીકાકાર અમૃતચંદ્રાચાર્યે સ્પષ્ટ કર્યું છે અને તેનું અહીંયાં વધુ સ્પષ્ટીકરણ થાય છે. પટના દષ્ટાંતે પ્રથમ કહ્યું ગુણપર્યાયમાં પટ તન્મય છે એમ દરેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયમાં તન્મય છે. પરની સાથે કોઈ સંબંધ છે નહીં..! આ શરીર જે જડ છે-માટી છે. તેની સાથે આત્માને કંઈ સંબંધ નથી. શરીર દ્રવ્ય છે. (અનંત પરમાણુનો પિંડ શરીર છે) તો તેના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એ શરીર તન્મય છે. આત્મા પોતાના ગુણ ને પર્યાયમાં તન્મય છે. એક-એક પરમાણુ જે છે તે તેના અનંત ગુણ ને પર્યાયમાં તન્મય છે. (જે પોતાના ગુણ-પર્યાયમાં તન્મય છે) તેને દ્રવ્ય કહે છે. ઝીણી વાત છે ભાઈ..! આ તો ધીમેથી સમજવાની વાત છે. જેને ઈન્દ્રો સાંભળે..! ભગવાનની વાણી (સાંભળવા) સમોસરણમાં પહેલા દેવલોકના ઈન્દ્ર આવે. શક્રેન્દ્ર અને એની ઈન્દ્રાણી, એક ભવ અવતારી છે. બેય જણા એક ભવ કરીને મોક્ષ જવાના છે. શક્રેન્દ્ર અને એની રાણી બેય મોક્ષ જશે એવો સિદ્ધાંતમાં લેખ છે. બેય મનુષ્ય થઈ મોક્ષ જવાના છે. એ સાંભળવા આવે એ વાણી કેવી હશે બાપુ..! જેને એક ભવે મોક્ષ જાવું છે અને ત્રણ જ્ઞાન તો છે અત્યારે મતિ,શ્રુત, અવધિ. સમકિતી છે સૌધર્મ દેવલોક-બત્રીસ લાખ વિમાન-એનો સાહ્યબો ઈન્દ્ર-એને ભગવાનના દર્શનનો રાગ આવે પણ એ માનતો નથી કે એ રાગ મારો છે. (હું તો જ્ઞાતા છું) તો પછી બત્રીસ લાખ વિમાન મારા (એ સમકિતીને ન હોય). અરે..! સમકિતીને એ છે નહીં. સમકિતી તો માને છે કે મારા દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થયેલી સમકિતપર્યાય, એ રાગથી ઉત્પન્ન નથી થઈ, દેવ-ગુરુથી ઉત્પન્ન નથી થઈ. એ મારી પર્યાયમાં અને મારા ગુણમાં હું તન્મય છું. બીજાની પર્યાયના કારણથી હું મારી પર્યાયમાં તન્મય છું એ નહીં અને બીજાની પર્યાયમાં હું તન્મય છું એમ પણ નહીં. આહા..હા..હા..!

જરી'ક આ તો અભ્યાસ કરે તો સમજાય એવું છે બાપુ..! વીતરાગ મારગ..! જિનેશ્વરદેવ ત્રિલોકનાથ (નો) એ કોઈ અલૌકિક મારગ છે. દુનિયામાં ક્યાંય નથી. જૈન પરમેશ્વર સિવાય ક્યાંય ધર્મ નથી. આહા..હા..! પણ જૈનમાં જન્મેલાને ય હજી ખબર નથી કે; દ્રવ્ય શું.. ગુણ શું.. પર્યાય શું..? વાત સારી આવી. ભૈયા..! તમારી ઉપસ્થિતિમાં આ ભાવ સારા આવ્યા. સર્વજ્ઞદેવથી આવી. હિન્દી કહા ને...! એને કામ આવે તે ચાલે છે હિન્દીમાં (વ્યાખ્યાન) **(શ્રોતા:)** આપની કરુણા છે **(ઉત્તર:)** એણે વચ્ચેથી (હિન્દી ચલાવો) કહ્યું હતું..!આહા..હા..!

(અહીંયાં કહે છે) કે: જેવી રીતે પટ-વસ્ત્ર, દષ્ટાંત તો જુઓ..! એ વસ્ત્ર જે છે દ્રવ્ય. એ વસ્ત્રના જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણ છે-વર્ણ,ગંધ,રસ,સ્પર્શ (આદિ) અને એની પર્યાય ધોળી આદિ-એ ગુણ-પર્યાયમાં એ વસ્ત્ર તન્મય છે. એ દ્રવ્ય એમાં તન્મય છે. દ્રવ્ય(નું ક્ષેત્ર) એટલામાં છે. એમ એવી રીતે સંપૂર્ણ પદાર્થ-અનંત પદાર્થ-ભગવાને દીઠા છે તે કીધા. એ (પોતાના ગુણપર્યાયમાં તન્મય છે) ભગવાન કેવળજ્ઞાનમાં જાણે છે તો એ 'દ્રવ્ય' ગુણ-પર્યાયમાં તન્મય છે. લોકાલોકમાં તન્મય નહીં. શું કહે છે..? ભગવાન કે જે કેવળજ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોક દેખે છે. તો એ જે (દેખવાની) પર્યાય છે એ પોતાના દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થઈ છે. અને એ ગુણ ને પર્યાયમાં એ આત્મા તન્મય છે. ત્રણ લોકમાં એ પર્યાય તન્મય નહીં. આહા..હા..હા..! આવી વાતું ઝીણી છે બાપુ..! થોડો અભ્યાસ કરવો જોઈએ. ભાઈ..! આહા..! આવો વખત ક્યારે મળે..! મનુષ્યભવ અનંતકાળે મળે..! 'છહઢાળા'માં તો એમ કહ્યું છે કે નિગોદમાંથી નીકળીને ઈયળ થાય-બે ઈંદ્રિય-તો પણ 'ચિંતામણિરતન' એ ભવને છહઢાળામાં કહ્યો છે. તેને (ઈયળના ભવને) ચિંતામણિ કહ્યું તો મનુષ્યપણું અને એમાં (વળી) જૈનમાં જન્મ (થવો એ તો મહાચિંતામણિ સમાન છે.) આહા..હા..! એમાં ભગવાનની વાણી કાને પડે (સાંભળવા મળે) એ મહા દુર્લભ છે...!

અહીંયાં તો કહે છે કે: પટ જેમ પોતાના ગુણ-પર્યાયમાં તન્મય છે એ રીતે સમસ્ત પદાર્થ-દ્રવ્ય: (પોત-પોતાના ગુણ-પર્યાયમાં તન્મય છે.) **"આખોય પદાર્થ 'દ્રવ્ય' નામના અવસ્થાયી વિસ્તારસામાન્યસમુદાય વડે અને દોડતા આયત સામાન્યસમુદાય વડે રચાતો થકો દ્રવ્યમય જ છે."** - દ્રવ્યની વ્યાખ્યા કરી...હવે ગુણોની વ્યાખ્યા કરે છે.

વિશેષ કહેશે...

ૐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન: ૩૦-૫-૭૯,

'પ્રવચનસાર' ૯૩ ગાથા. (આપણે આવ્યું છે ત્યાં સુધી **(શ્રોતા:)** કપડાનો દાખલો. ત્યાં સુધી આવ્યું. **(ગુરુદેવ:)** પૂરો થઈ ગયો..? ક્યાં સુધી આવ્યું છે..? **"આયતસામાન્યસમુદાય-જેનું નામ 'દ્રવ્ય' છે તે-ગુણોથી રચાતો થકો ગુણોથી જુદો અપ્રાપ્ત હોવાથી ગુણાત્મક જ છે."**-શું કહ્યું..? કે: જેમ પટમાં વિસ્તારસામાન્યસમુદાય અને દોડતા (આયતસામાન્યસમુદાય) વડે રચિત છે (રચાય છે) એ ગુણોથી અપૃથક્ હોવાથી ગુણાત્મક છે. એ રીતે (સમસ્ત) પદાર્થ-પદાર્થોમાં અવસ્થાયી વિસ્તારસામાન્યસમુદાય (એટલે) ગુણો. અને દોડતો સમૂહ પર્યાય (આયતસામાન્યસમુદાય) જેનું નામ 'દ્રવ્ય' છે. (દ્રવ્ય) ગુણોથી રચાતો થકો ગુણોથી જુદો અપ્રાપ્ત હોવાથી ગુણાત્મક જ છે. દ્રવ્ય છે તે ગુણોથી પૃથક્ નથી, અપૃથક્ છે. દ્રવ્યથી ગુણ જુદા પ્રાપ્ત નથી થતા. તે કારણથી (દ્રવ્ય) ગુણાત્મક છે. એ ગુણસ્વરૂપી જ દ્રવ્ય છે એમ કહેવામાં આવે છે. ઝીણી વાત બહુ..! આત્મામાં ગુણો જે છે તેને ગુણાત્મક કહેવામાં આવે છે, પણ તે ગુણો દ્રવ્ય જ છે. દ્રવ્યથી કોઈ ગુણ પૃથક્ નથી. તો દ્રવ્યને ગુણાત્મક પણ કહેવામાં આવે છે. ઝીણી વાત બહુ..! **"વળી જેમ અનેકપટાત્મક (-એકથી વધારે વસ્ત્રોના બનેલા) [1] દ્વિપટિક, ત્રિપટિક એવા સમાનજાતીય દ્રવ્યપર્યાય છે, તેમ અનેક-પુદ્ગલાત્મક દ્વિ-અણુક, ત્રિ-અણુક એવા અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે."**-એ દ્રવ્યપર્યાય છે. બે પરમાણુ, ત્રણ પરમાણુ, ચાર પરમાણુ આદિ (અનંત પરમાણુ) એને એક સાથે ગણીને દ્રવ્યપર્યાય (કહેવાય) છે. એને સમાનજાતીય (દ્રવ્યપર્યાય) કહીને..! **"અને જેમ અનેક રેશમી અને સુતરાઉ પટોના બનેલા દ્વિપટિક, ત્રિપટિક એવા અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે."** - એક રેશમી કપડું છે અને એક સુતર (સુતરાઉ) છે. ભિન્ન-ભિન્ન જાત છે. તો તે રેશમી અને સુતરાઉ પટોના બનેલા દ્વિપટિક, ત્રિપટિક એવા અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે. રેશમી અને સુતરાઉ (એ બે તાકા સાંધીને બનાવેલું વસ્ત્ર) તે અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે. **"તેમ અનેકજીવપુદ્ગલાત્મક દેવ, મનુષ્ય એવા અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે.."** આહા..હા..! જુઓ..! એ પ્રમાણે અનેક જીવપુદ્ગલાત્મક (એટલે) શરીર અને જીવનું અહીંયાં (ભિન્ન)પણું બતાવવું છે. (બન્ને) અસમાનજાતીય (છે) તે બતાવવું છે. આત્મા અને આત્મા એ સમાનજાતીય (છે) એ અહીંયાં બતાવવું નથી. પુદ્ગલ પુદ્ગલ (એકઠા) એકસાથે રહે તે સમાનજાતીય છે, તે (અહીંયાં) બતાવવું નથી. (પણ) આત્મા અને પુદ્ગલ એ (બન્ને) એક સાથે રહે છે તે અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે તે અહીંયા બતાવવું છે..! કેમ કે અસમાનજાતીય દ્રવ્યપર્યાયમાં (એકપણાની) જેની દૃષ્ટિ છે તે મૂઢ છે. પોતાનો દ્રવ્યસ્વભાવ એનાથી (પુદ્ગલથી-શરીરથી) ભિન્ન છે એવી તેને દૃષ્ટિ (અભિપ્રાય) નથી. અસમાનજાતીય (એટલે) જીવ અને પુદ્ગલ-આ શરીર એક સાથે દેખાય છે, તે અસમાનજાતીય (દ્રવ્યપર્યાય) છે. અનાદિથી (અજ્ઞાનીની) દૃષ્ટિ અસમાનજાતીય ઉપર છે. તે (મિથ્યા) દૃષ્ટિના કારણે, પોતાનો ત્રિકાળી સ્વભાવ જે છે તે ભૂલી ગયો છે તેથી તેને અસમાનજાતીય (દ્રવ્ય પર્યાય)માં એકત્વબુદ્ધિ છે, એ બધી અવિદ્યા-મિથ્યાત્વનું મૂળ છે. (એ) દ્રવ્યપર્યાય (ની વાત થઈ). **"વળી જેમ ક્યારેક પટમાં પોતાના સ્થૂલ અગુરુલઘુગુણ**

---

૧. દ્વિપટિક- બે તાકા સાંધીને બનાવેલું વસ્ત્ર. (બન્ને તાકા એક જ જાતના હોય તો સમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવાય અને જો બે તાકા ભિન્ન જાતિના (જેમ-કે એક રેશમી અને બીજો સુતરાઉ) હોય તો અસમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવાય.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**દ્વારા કાળક્રમે પ્રવર્તતા અનેક પ્રકારો રૂપે પરિણમવાને લીધે અનેકપણાની પ્રતિપત્તિ તે ગુણાત્મક સ્વભાવપર્યાય છે.''** -અગુરુલઘુગુણની પર્યાય ગુણાત્મક સ્વભાવ છે. સર્વ દ્રવ્યોની કારણ કે અગુરુલઘુગુણ બધા (દ્રવ્યોમાં) છે. અગુરુલઘુગુણની પર્યાયને અહીંયાં સ્વભાવપર્યાય-ગુણોની સ્વભાવપર્યાય કહેવામાં આવેલ છે. **''તેમ સમસ્ત દ્રવ્યોમાં પોતપોતાના સૂક્ષ્મ અગુરુલઘુગુણ દ્વારા પ્રતિસમય પ્રગટતી ષટ્સ્થાનપતિત હાનિવૃદ્ધિરૂપ અનેકપણાની અનુભૂતિ તે ગુણાત્મકસ્વભાવપર્યાય છે.''** -હવે ગુણની વિભાવપર્યાય કહે છે:-

**''અને જેમ પટમાં, રૂપાદિકને સ્વ-પરના કારણે પ્રવર્તતી''** - વસ્ત્રમાં સ્પર્શ,રસ,ગંધ, વર્ણ (આદિ ગુણો) તેમાં નિમિત્ત પર (છે) ઉપાદાન સ્વ પોતાનું છે એ પ્રવર્તમાન પૂર્વ-ઉત્તર અવસ્થામાં થતા તારતમ્યને લીધે- **''પૂર્વોત્તર અવસ્થામાં થતા તારતમ્યને લીધે જોવામાં આવતા સ્વભાવવિશેષોરૂપ અનેકપણાની આપત્તિ તે ગુણાત્મક વિભાવપર્યાય છે.''** પહેલી ગુણાત્મક સ્વભાવપર્યાય અગુરુલઘુગુણની (જે છે) તેને કહી છે. (વાસ્તવમાં એમ કહ્યું) સ્વભાવવિશેષોરૂપ હોવાથી એ વિભાવપર્યાય કહી, અસલમાં એમ કહ્યું કે જે દ્રવ્ય છે તે દ્રવ્ય, તે દ્રવ્ય વિસ્તારસામાન્યગુણ અને આયતસામાન્યસમુદાય-પર્યાય (બન્નેનું એકરૂપ) તે દ્રવ્ય છે. (તેમાં) ગુણો જે છે તે દ્રવ્યના આશ્રયે રહે છે માટે તેને ગુણાત્મક કહે છે. અને પર્યાય, દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થાય છે માટે તેને પર્યાય કહે છે. પરના કારણે કોઈ પર્યાય (કોઈ દ્રવ્યની) ઉત્પન્ન થતી નથી. દરેક પદાર્થમાં પોતાનું દ્રવ્ય કાયમ રહેવાવાળું-સામાન્ય ગુણ-અને વિશેષ પર્યાયોનો પિંડ (સામાન્ય-વિશેષનું એકરૂપ) તે દ્રવ્ય (છે) અને સામાન્ય (એટલે) જે વિસ્તારસામાન્યસમુદાય-ગુણો (છે) અને તે દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થાય છે તે વિશેષ (એટલે) પર્યાય છે. અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યની પર્યાય કદી ઉત્પન્ન થાય એમ ત્રણ કાળમાં બનતું નથી..! (દ્રવ્યોની વસ્તુસ્થિતિ આ છે.) આહા..હા..! સમજવાનું આ (વસ્તુસ્વરૂપ) છે. કર્મથી આત્મામાં વિકાર થાય છે. એમ ક્યારેય નથી. અને વિકાર થયો છે તેથી (જીવને) કર્મબંધન થયું છે એમ નથી. કર્મબંધનની પર્યાય, પોતાના સમાનજાતીયપરમાણુના કારણે, કર્મબંધ ની પર્યાય ઉત્પન્ન થઈ છે. (જીવમાં) રાગ છે, રાગ થયો (તે કારણે) કર્મમાં (દ્રવ્ય કર્મમાં) એ પર્યાય ઉત્પન્ન થઈ એમ છે નહીં. **(શ્રોતા:)** નિમિત્ત તો ખરું ને...! **(ઉત્તર:)** નિમિત્ત..! પણ નિમિત્ત કંઈ કરે નહીં, આહા...નિમિત્ત કરે એ અજ્ઞાનીની...(માન્યતા)..! પોતાની દ્રવ્યપર્યાય (પોતાના દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થાય છે) **''તેમ સમસ્ત દ્રવ્યોમાં, રૂપાદિકને કે જ્ઞાનાદિકને સ્વ-પરના કારણે પ્રવર્તતી પૂર્વોત્તર અવસ્થામાં થતા તારતમ્યને લીધે જોવામાં આવતા સ્વભાવવિશેષો રૂપ અનેકપણાની આપત્તિ તે ગુણાત્મક વિભાવપર્યાય છે.** અહીંયાં એમ લીધું છે કે: જે દ્રવ્ય છે (તે) ગુણ-પર્યાયનો પિંડ (છે) એમાં દ્રવ્યપર્યાય બે પ્રકારની (કહી છે). એક સ્વભાવિક દ્રવ્યપર્યાય, એક વિભાવિક ગુણપર્યાય. સ્વભાવિક દ્રવ્યપર્યાય તો પોતાના દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થાય છે તે સ્વભાવપર્યાય અથવા અગુરુલઘુગુણના કારણે ઉત્પન્ન થાય છે તે સ્વભાવપર્યાય (છે). અને અગુરુલઘુસ્વભાવ સિવાય (જે પર્યાય ઉત્પન્ન થાય) તે વિભાવપર્યાય (છે). જેમ કપડાના પરમાણુમાં વર્ણ,ગંધ,સ્પર્શ (આદિ ગુણ છે). તો રૂપાદિકની તારતમ્યતા-હીનાધિકતા થાય છે (તેમાં ઉપાદાન પરમાણુના ગુણ છે) નિમિત્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બીજી ચીજ છે તો તે વિભાવપર્યાય (છે). એવી રીતે આત્મામાં જે ગુણો છે તેમાં વિકારનું નિમિત્ત થતાં વિભાવપર્યાય થાય છે તે ગુણની વિભાવપર્યાય (છે), દ્રવ્યપર્યાય નહીં...આહા..હા..! આવું છે..! યાદ રાખવું પડશે..સાર આવશે ૯૪ (ગાથા) માં. આહા..હા..! સમજાણું કાંઈ..?

(કહે છે કે:) **''ખરેખર આ, સર્વ પદાર્થોના દ્રવ્યગુણપર્યાયસ્વભાવની પ્રકાશક પારમેશ્વરી (પરમેશ્વરે કહેલી) વ્યવસ્થા ભલી-ઉત્તમ-પૂર્ણ-યોગ્ય છે, બીજી કોઈ નહીં''**-આહા...! ભગવાને કહ્યું...! સર્વજ્ઞ પરમેશ્વરે, ત્રિલોકનાથ વીતરાગદેવે આવી દ્રવ્યગુણપર્યાયની પ્રકાશક, પારમેશ્વરી વ્યવસ્થા (અર્થાત્) પરમેશ્વરે કહી છે એવી ચીજ (વસ્તુસ્થિતિ) છે. ભગવાન ત્રિલોકનાથે (જે વ્યવસ્થા) કહી કે આ દ્રવ્યગુણપર્યાય (સ્વરૂપ દ્રવ્ય છે). દરેક દ્રવ્યગુણપર્યાય પોતાનામાં છે. અહીંયાં (આ ગાથામાં) જે દ્રવ્યપર્યાય લીધી તે બીજા દ્રવ્યના સંબંધવાળી પર્યાય (સાથે ગણીને) દ્રવ્યપર્યાય લીધી. અને ગુણપર્યાય લીધી તો પોતાના અગુરુલઘુસ્વભાવની પર્યાય તે ગુણપર્યાય (કહી) પણ રૂપાદિક, ગંધાદિક(ની) પર્યાયમાં નિમિત્તથી (કારણ ગણીને) વિભાવ થાય છે તેને ગુણવિભાવપર્યાય કહે છે. આવું છે..!

આહા...હા..! ''વાસ્તવમાં આ સર્વ પદાર્થોના દ્રવ્યગુણપર્યાય સ્વભાવની પ્રકાશક પારમેશ્વરી વ્યવસ્થા''-ભગવાને કહેલી ( આ સર્વ પદાર્થોની) વ્યવસ્થા છે. અત્યારે તો એવું (અજ્ઞાન) પણ ચાલે છે કે શરીર ચાલે છે તો આત્મા છે તો શરીર ચાલે છે. આત્મા છે તો (ત્યાં) ભાષા નીકળે છે. (એટલે આત્મા શરીરની ક્રિયા ને વાણીની ક્રિયા કરે છે) એ બધું જૂઠું છે, મિથ્યાત્વ છે. ભાષાની પર્યાય જે ઉત્પન્ન થાય છે તે તેના પરમાણુના દ્રવ્ય ગુણથી ઊઠે છે. અને શરીરની આ હલન-ચલન પર્યાય છે. એ એના પરમાણુદ્રવ્ય-ગુણ છે, એનાથી આ હલન-ચલન પર્યાય ઉત્પન્ન થાય છે, આત્માથી નહીં, (જુઓ) આ એક કપડું છે તે અહીંથી ઉઠાવીને અહીં આવ્યું તે તેના દ્રવ્યગુણથી તે પર્યાય થઈ છે તે આ આંગળીથી કે આત્માથી નહીં. એમાં (કપડામાં) જેટલી પર્યાયો થઈ તે કોના કારણે થઈ..? આંગળીથી (થઈ)..? આત્માથી (થઈ)..? તો કહે છે, ના...તે (પર્યાયો) તેના દ્રવ્ય અને ગુણથી થઈ છે. આહા..હા..! **(શ્રોતા:)** કેશ લોચ કોણ કરે છે...? **(ઉત્તર:)** લોચ કોણ કરે..? લોચ જે થાય છે એ વાળને આંગળી સ્પર્શ પણ કરતી નથી. એ વાળની પર્યાય પોતાથી (પોતાના દ્રવ્ય-ગુણથી) વાળને નીકળવા સમયે, માથામાંથી નીકળવાની યોગ્યતાથી નીકળે છે. આંગળીથી નહીં, આત્માથી નહીં, ઈચ્છાથી નહીં, લોચ (મુનિને હોય છે ને...!) એક-એક પદાર્થની-પોતે પોતાના દ્રવ્ય-ગુણથી પર્યાય સમય-સમયે થાય છે. આ સિદ્ધાંત લેવાનો છે. (સમજવાનો છે). કોઈ પણ દ્રવ્ય-ગુણની પર્યાય, તે બીજા દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થાય છે એમ નથી. આહા..હા.. **(શ્રોતા:)** તો કોઈ કોઈને મદદ કરી શકે નહીં ? **(ઉત્તર:)** કોઈ કોઈને મદદ કરી શકે નહીં અને નુકસાન (પણ) કરી શકે નહીં. **(શ્રોતા:)** તો સંસાર કેમ ચાલશે? **(ઉત્તર:)** સંસાર ચાલશે. મિથ્યા પોતાની માન્યતાથી સંસાર ચાલશે. હું કર્તા છું. પરની પર્યાય હું કરું છું, શરીરની પર્યાય હું કરું છું, ભાષાની-કપડાની (પર્યાય) હું કરું છું. આ ટોપી છે, તે (કપડાની) પર્યાય છે. તે એના દ્રવ્ય-ગુણથી (ટોપી) થઈ છે. (દરજીના) આત્માથી નહીં, અને (માથા ઉપર) ટોપી છે તે માથાના આધારે છે એમ (પણ નથી. **(શ્રોતા:)** ટોપી કરી કોણે? **(ઉત્તર:)** ટોપી એના દ્રવ્ય-ગુણથી થઈ છે. **(શ્રોતા:)** દરજીએ કરી નથી? **(ઉત્તર:)** દરજીએ કરી નથી. આહા.. હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(સર્વજ્ઞ ભગવાનનું તત્ત્વજ્ઞાન) જગતથી ઊંધું છે બાપા! **(શ્રોતાઃ)** પૈસા આપવા પડે છે ને...! **(ઉત્તરઃ)** પૈસા કોણ આપે..? પૈસા તે તો પરમાણુની પર્યાય (છે). એક જગાએથી બીજે જાય તે તેની (પરમાણુની) પર્યાય છે. તે તેના દ્રવ્ય-ગુણથી થાય છે. (તે) જાય છે, આપનાર હાથ છે માટે જાય છે? એમ પણ નથી. (પરમાણુની યોગ્યતાથી જાય છે). **(શ્રોતાઃ)** દરજી વગર ટોપી થઈ..?! **(ઉત્તરઃ)** દરજી કોણ? દરજીના આત્માની પર્યાય, તેમાં જે (ટોપી બનાવવાના) રાગાદિ થયા તે તેના દ્રવ્ય-ગુણથી થયા છે, અને કપડાની (ટોપીરૂપ) પર્યાય થઈ તે તેના દ્રવ્ય-ગુણથી થઈ છે. (કોઈ કોઈનો કોઈ કર્તા નથી). (આ) દાગીના-ઝવેરાત (ઘરેણાં) કુંડલ, કડાં સોનીથી થયા નથી, કુંડલ, કડાં થયા તે તેના (સોનાના) દ્રવ્ય-ગુણથી થયા છે. આહા...હા! આવી વાત છે. (ઘરેણાં) હથોડાથી, એરણથી પણ થયા નથી. આવી વાત છે.

અહીંયાં એ કહે છેઃ પારમેશ્વરી વ્યવસ્થા-પ્રત્યેક દ્રવ્યને પ્રત્યેક ગુણ -પોતાનામાં છે એ કારણથી એ સમયમાં (જે) પર્યાય (ઉત્પન્ન થાય છે)-દ્રવ્યાત્મક દ્રવ્યપર્યાય હો કે ગુણપર્યાય હો. પણ પોતાના દ્રવ્ય-ગુણથી થાય છે. પરથી બિલકુલ નહીં. આહા.. હા! લોકોને આ (વસ્તુસ્થિતિ સમજવી કઠણ પડે છે!) **(શ્રોતાઃ)** સંસારીને શાક-ભાજી લાવવા..ને! **(ઉત્તરઃ)** શાક કોણ લાવે ને... કોણ દે? દૂધી જે (આવી) છે. તે પૈસાથી શાક આવ્યું નથી, પોતાના હાથથી આવ્યું નથી.(પણ) દૂધીના જે પરમાણુ છે તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ (ગુણ છે) તે ગુણથી દૂધીની પર્યાય થઈ છે. તો એ (દૂધીના પરમાણુ) ની પર્યાયથી એ અહીં આવી છે. આવી વાત, જગતથી ઊંધી છે! અને એ જે (દૂધીનું શાક) પાકે છે તે અગ્નિથી નહીં, પાણીથી નહીં. શાકના જે પરમાણુ છે તેના દ્રવ્ય-ગુણથી તેની (શાકની) પાકવાની પર્યાય થઈ છે. અગ્નિથી, પાણીથી, સ્ત્રીથી બિલકુલ નથી થઈ. આવી પદાર્થ વ્યવસ્થા (સર્વજ્ઞ) ભગવાનના મુખથી આવી છે. આહા! (ગળે ઉતારવું) આકરું કામ છે. પ્રભુએ કહ્યુંઃ પદાર્થ અનંત છે, અનંત છે. (એ) અનંત અનંતપણે ક્યારે રહે? કેઃ પોતાના કારણથી દ્રવ્ય-ગુણપર્યાય હોય તો અનંત અનંતપણે રહે. બીજાને કારણે પોતાની પર્યાય થાય, તો પર્યાય વિનાનું પોતાનું દ્રવ્ય થઈ ગયું (અથવા બીજાનું થઈ ગયું) તો દ્રવ્ય-ગુણ-પર્યાય યથાર્થમાં રહ્યા નહીં. પરના કારણે કોઈ (પણ દ્રવ્યની) પર્યાય થાય તો પર્યાય વિનાનું દ્રવ્ય થઈ ગયું. પરથી પર્યાય થઈ? **(શ્રોતાઃ)** નિમિત્તથી તો થાય ને...? **(ઉત્તરઃ)** બિલકુલ નહીં. નિમિત્ત હો! પણ નિમિત્તથી થતું નથી. નિમિત્ત છે ખરૂં, પણ નિમિત્તથી પરમાં પર્યાય થાય છે એમ ત્રણ કાળમાં નથી. હવે આવી વાતું છે! પ્રભુના ઘરની બાપા!

આ ''જ્ઞેય અધિકાર'' છે ને..! જ્ઞેય અધિકાર છે, જેટલાં જ્ઞેય છે તે પ્રત્યેક જ્ઞેય, સ્વતંત્ર, પોતાનું દ્રવ્ય સ્વતંત્ર, ગુણ સ્વતંત્ર, અને સમયે-સમયે જે પર્યાય થાય છે દ્રવ્ય-ગુણથી તે સ્વતંત્ર (ઉત્પન્ન) થાય છે. પરના કારણે, પરની પર્યાય થાય એ ત્રણ કાળમાં વીતરાગમાર્ગમાં નહીં...આહા...હા...! આવું (આકરું) કામ છે..! **(શ્રોતાઃ)** અહીંયા તો સ્વ-પરના કારણે કહ્યું ને...! **(ઉત્તરઃ)** એ તો (આત્મા) દ્રષ્ટા છે. નિમિત્તથી કથન કર્યું. વિભાવિક પર્યાય માટે (કથન કર્યું છે). **(શ્રોતાઃ)** અહીં સ્વ-પર કારણ કહ્યું છે ને..? **(ઉત્તરઃ)** એ વિભાવિકપર્યાય છે. માટે સ્વ ઉપાદાન છે તો થવાવાળું થશે જ. ત્યાં નિમિત્ત બીજી ચીજ છે માટે વિભાવ કહેવામાં આવ્યો છે બસ ! સ્વ-ઉપાદાન પોતાની પર્યાય છે. પોતાની પર્યાયથી ક્રમબદ્ધમાં, દ્રવ્યની પર્યાય, થવાવાળી થઈ ત્યાં બીજી ચીજ નિમિત્ત છે તો સ્વ-પરથી છે તેમ કહેવામાં આવ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(ક્રમબદ્ધ પર્યાય) થઈ છે તો પોતાથી જ થઈ છે, નિમિત્ત તો સાથમાં ઉપસ્થિત છે. એ નિમિત્તથી પર્યાય પણ પોતાના (-નિમિત્તના) દ્રવ્ય-ગુણથી એ પર્યાય થઈ છે. નિમિત્ત (એટલે) નિમિત્ત દ્રવ્ય જે છે તો પોતાના દ્રવ્ય-ગુણથી પોતાની પર્યાય થઈ છે.

જુઓ..! આ લાકડી છે. લાકડી આમ(થી) આમ ચાલે છે. તો એના (લાકડીના પરમાણુ)ના દ્રવ્ય-ગુણને કારણે એની પર્યાય થાય છે. આ આંગળીઓથી નહીં અને આંગળીને આધારે એ (લાકડી) રહી છે એમ નહીં. એમાં પર્યાયના ષટ્કારક છે. જડની પર્યાય હો કે ચેતનની પર્યાય હો, દરેકની પર્યાયમાં ષટ્કારક છે. ષટ્કારક એટલે શું..? [કર્તા: જે સ્વતંત્રતાથી પોતાના પરિણામ કરે તે કર્તા છે. કર્મ (કાર્ય) કર્તા જે પરિણામને પ્રાપ્ત કરે છે તે પરિણામ તેનું કર્મ છે. કરણ: તે પરિણામના સાધકતમ અર્થાત્ ઉત્કૃષ્ટ સાધનને કરણ કહે છે. સંપ્રદાન: કર્મ (-પરિણામ-કાર્ય) જેને દેવામાં આવે અથવા જેને માટે કરવામાં આવે છે તેને સંપ્રદાન કહે છે. અપાદાન: જેમાંથી કર્મ કરવામાં આવે છે તે ધ્રુવ વસ્તુને અપાદાન કહેવામાં આવે છે. અધિકરણ: જેમાં અથવા જેના આધારે કર્મ કરવામાં આવે છે તેને અધિકરણ કહે છે. સર્વદ્રવ્યોની પ્રત્યેક પર્યાયમાં આ છ એ કારક એકસાથે વર્તે છે તેથી આત્મા અને પુદ્ગલ શુદ્ધ દશામાં કે અશુદ્ધ દશામાં સ્વયં જ છએ કારકરૂપ પરિણમન કરે છે અને અન્ય કોઈ કારકો (કારણો)ની અપેક્ષા રાખતા નથી.-'પંચાસ્તિકાય' ગાથા-૬૨ સં.ટીકા]

આહા...હા...! પર્યાય પર્યાયની કર્તા, પર્યાય પર્યાયનું કાર્ય, પર્યાય પર્યાયનું સાધન-કરણ, પર્યાય પર્યાયનું સંપ્રદાન, પર્યાય પર્યાયનું અપાદાન, પર્યાય પર્યાયનો આધાર. 'પંચાસ્તિકાય' ગાથા-૬૨ (માં પાઠ છે) ''નિશ્ચયનયે અભિન્ન કારક હોવાથી પરમાણુ જીવ સ્વયં પોતાના સ્વરૂપના કર્તા છે.'' કર્મની પર્યાય પોતાથી થાય છે. કર્મમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કે ગમે તે હો એ કર્મનાં પરમાણુથી તે પર્યાય (સ્વયં) થઈ છે. એ કર્મની પર્યાય (પોતાના) ષટ્કારકથી થઈ છે. ઝીણી વાત બહુ બાપુ...! કર્મના રજકણ બાપુ..! (સ્વતંત્ર દ્રવ્ય છે) છ કારણે જ્ઞાનાવરણીય (દર્શનાવરણીય) કર્મ બંધાય છે. છ કારણ આવે છે ને... જ્ઞાનની અશાતના, જ્ઞાનનો નિન્હવ (પ્રદોષ, નિહ્નવ, માત્સર્ય, અંતરાય, આસાદન, ઉપઘાત- 'તત્ત્વાર્થસૂત્ર' અ.૬. સૂત્ર.૧૦) એ છ કારક (કારણ) છે વિકારી પર્યાયના, એ ષટ્કારક વિકલ્પ પોતાથી છે. અને જ્ઞાનાવરણીયની જે પર્યાય થઈ છે એ પોતાના ષટ્કારકથી કર્મના ષટ્કારકથી ઉત્પન્ન થઈ છે. રાગથી (વિકલ્પથી) ઉત્પન્ન થઈ નથી. આહા...હા...! આવી વાતું છે.!! જગતમાં વીતરાગનો મારગ કોઈ જુદી જાતનો છે. 'તત્ત્વાર્થસૂત્ર' શાસ્ત્રમાં આવે છે ને..? છ કારણથી જ્ઞાનાવરણીય બંધાય. આવે છે ને...? એ છ કારકી વિકારની જીવમાં પોતાને કારણે ઉત્પન્ન થઈ છે, અને જ્ઞાનાવરણીય (કર્મ)ની જે પર્યાય થઈ એ પણ કર્મ (રૂપ) જે જ્ઞાનાવરણીય પરમાણુ છે, એ પરમાણુમાં એ પર્યાય થઈ (છે). એ ષટ્કારકી પોતાથી થઈ છે. આહા...હા..બહુ આકરું કામ આ. આ તો ત્રણ લોકના નાથની આ વાણી છે. અત્યારે તો ગરબડ ચાલી છે ગરબડ બધી. પંડિત લોકો પણ કહે છે કે નિમિત્તથી (કાર્ય) થાય છે. નિમિત્તથી જ થાય છે. જો નિમિત્તથી થાય છે તો પરની પર્યાયે ( તે સમયે) શું કર્યું..? ઉપાદાને શું કર્યું..? અને નિમિત્તે શું કર્યું..? નિમિત્તે પરની પર્યાય કરી તો પોતાની પર્યાય કરી કે નહીં..? (એક સમયમાં એક દ્રવ્યને બે પરિણામ હોય નહીં) નિમિત્તમાં પણ પોતાના દ્રવ્ય-ગુણથી પોતાની પર્યાય થઈ છે, અને ઉપાદાનની પર્યાય પણ પોતાના દ્રવ્ય-ગુણના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારણથી થઈ છે. આવું (જ) ઉપાદાન-નિમિત્તનું સ્વરૂપ છે. નિશ્ચયથી વિકારી પર્યાય કે અવિકારીપર્યાય પ્રત્યેક દ્રવ્યમાં એક-એક સમયમાં સ્વતંત્ર (પોતાના) ષટ્કારકથી થાય છે. આ ભગવાનની વાણી છે.!! **(શ્રોતા:)** પોતાના છ કારકથી પોતાની પર્યાય થાય છે...! **(ઉત્તર:)** આત્માની પર્યાય વિકારી હો કે અવિકારી હો, -કે કર્મની પર્યાય વિકારી હો કે એક પરમાણુની નિર્મળ કે વિકૃત પર્યાય હો-એક પરમાણુ છુટો રહે તે તેની સ્વાભાવિક પર્યાય છે-પરમાણુની વિભાવિક પર્યાય એટલે બે પરમાણુનો સ્કંધ થાય છે ત્યારથી વિભાવપર્યાય થાય છે. પરમાણુના, વર્ણ,ગંધ,રસ,સ્પર્શની પર્યાય થાય છે તે પોતાના ષટ્કારકથી થાય છે (અને આત્માના જ્ઞાન, દર્શન, આનંદ (આદિ)ની પર્યાય થાય છે તે પોતાના ષટ્કારકથી થાય છે. પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન, પર્યાય અધિકરણ. આહા..હા.. (એ) ષટ્કારક (છે).

જુઓ **"જીવ, ભાવપર્યાય પ્રવર્તતા આત્મદ્રવ્યરૂપે કર્તાપણાને ધરતો"** પોતાની પર્યાય આ આત્મા(ની) વિકારીપણે કે અવિકારીપણે પરિણમે, તો તે પોતાના કારણે છે. બહુ જ જોરથી કર્મનો ઉદય આવ્યો તો' આત્માને વિકાર થયો, એ વાત વીતરાગમાર્ગમાં ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ..? આ વાત તો અમે ૭૧ (ની સાલ)થી કહેતા આવ્યા છીએ. ૭૧ની સાલ. ચોસઠ વર્ષ થયાં. છાસઠ તો આ દીક્ષા લીધી, આ દુકાન છોડ્યા પછી (થયા). છાસઠ વર્ષ તો દુકાન છોડ્યા ને થયા, દીક્ષા લીધી ૭૦ની સાલ(માં) ૭૧ (ની સાલ) લાઠીમાં અમારું ચોમાસું હતું ત્યારથી અમે (આ વાત) કહીએ છીએ કે: વિકાર જે થાય છે તે પોતાની પર્યાયથી થાય છે, પોતાના અપરાધથી થાય છે. કર્મથી બિલકુલ નહીં, (બીજા ગુરુભાઈ હતા) વિપરીત..! ગરબડ થઈ, તકરાર થઈ હતી. ગુરુ હતા તે તો બહુ સમજતા, બીજા એક શેઠ હતા, દસ લાખ (રૂપીયા) તે વખતે (તેમની પાસે હતા). તેમણે કહ્યું: "આ ક્યાંથી, આ વળી ક્યાંથી કાઢ્યું..? અમે તો ક્યાંય સાંભળ્યું નથી, અમારા ગુરુ તો કહેતા નથી." કહ્યું: સિદ્ધાંત એમ કહે છે. ભગવાનની વાણી: સિદ્ધાંત એમ કહે છે કે આત્મામાં વિકાર થાય છે તે ષટ્કારકની પરિણતિ પોતાથી થાય છે. કર્મના કારણે નહીં, કર્મની પર્યાય તે તેના ષટ્કારકથી થાય છે, આત્માથી નહીં. **(શ્રોતા:)** નિમિત્તથી થાય તો સ્વભાવ થઈ જાય..? **(ઉત્તર:)** નહીં. એ વિભાવ પણ સ્વભાવ છે. એ આપણે આવી ગયું છે. આમાં (આ ગાથાની ટીકામાં) આપણે આવી ગયું છે. સ્વભાવવિશેષો-આ રાગપર્યાય પોતાના દ્રવ્ય-ગુણથી થાય છે. એ આપણે આવી ગયું છે. જુઓ: **"સ્વભાવવિશેષોરૂપ અનેકપણાની આપત્તિ તે ગુણાત્મક વિભાવપર્યાય છે"**- સ્વભાવવિશેષોરૂપ અનેકત્વ આપત્તિ તે ગુણાત્મક વિભાવપર્યાય છે. એ આવી ગયું છે. સ્વભાવ છે. 'સ્વભવનં સ્વભાવ:' પોતાની પર્યાયમાં થયું તો 'સ્વનું ભવન તે સ્વભાવ' (છે). સ્વભાવનો અર્થ અહીંયાં નિર્મળ જ ન લેવો. પોતાની પર્યાયમાં વિભાવિક-શક્તિથી વિભાવ થયો. આત્મામાં એક વૈભાવિક ગુણ છે. અનાદિ-અનંત છે. એ વૈભાવિકગુણ નિમિત્તને આધિન પોતાથી થાય ત્યારે વિકાર થાય છે. કર્મથી વિકાર નહીં. આકરું કામ છે ભાઈ..! આ તો અમારી (વાત) ૭૧ની સાલથી-૬૪ વર્ષ થયાં-બહાર વાત પાડી'તી. જૈનમાં કર્મથી વિકાર થાય છે એવું કહેવામાં આવે છે એ વાત જૂઠી છે. જૈન પરમેશ્વર એમ કહેતા નથી. સમજાણું કાંઈ..? **"પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક સમયની અવસ્થા એ પોતાના દ્રવ્ય-ગુણથી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**થાય છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. બાકી એ પર્યાય પોતાના ષટ્કારકથી થઈ છે એ નિશ્ચય છે. પરથી થાય છે એ વાત તો અહીંયાં છે જ નહીં.''**

વાસ્તવમાં આ, સર્વ પદાર્થોની દ્રવ્યગુણપર્યાય સ્વભાવની પ્રકાશક-જુઓ ! ત્યાં વિભાવ કહ્યો હતો અહીં સ્વભાવ કીધો. ભાઈ..! શું કહ્યું એ..? પહેલા કહ્યું હતું કે ગુણમાં રૂપાદિક છે-પરમાણુમાં- તો નિમિત્ત અને સ્વઉપાદાન-બેઉથી થયું (તેથી) સ્વભાવ (પર્યાય) (હોવા છતાં) વિભાવ (પર્યાય) કહેવામાં આવી છે. એ અહીંયાં લીધું. જુઓ..! દ્રવ્ય-ગુણ-પર્યાય...ની જુઓ પ્રકાશક, પારમેશ્વરી વ્યવસ્થા-પરમેશ્વરે કહેલી વ્યવસ્થા ભલી-ઉત્તમ-પૂર્ણ-યોગ્ય છે. સર્વજ્ઞની (આ વાત) દિગંબરમાં જ છે, બીજે ક્યાંય નથી. આહા..હા..! શ્વેતાંબરમાં કે સ્થાનકવાસીમાં તો છે જ નહીં. એને તો અજૈન કહેવામાં આવ્યા છે. અન્યમતિ-'મોક્ષમાર્ગપ્રકાશક' પાંચમા અધ્યાયમાં (છે). જેવા વેદાંતી-ઈશ્વરવાદી-ઈશ્વરકર્ત્તાની જેમ સ્થાનકવાસી, દેરાવાસીને અન્યમતિમાં નાખ્યા છે. આહા..હા..!

અહીંયાં કહે છે કે: પ્રભુ..! વીતરાગે કહેલા દ્રવ્ય-ગુણ-પર્યાયનું (સ્વરૂપ) સમજવું હોય તો, દ્રવ્ય પણ ગુણથી સ્વતંત્ર છે, ગુણ પણ દ્રવ્યથી સ્વતંત્ર છે અને પર્યાય પણ પોતાના ષટ્કારકપણે સ્વતંત્ર છે. આ જૈનદર્શનની પદાર્થની વ્યવસ્થા છે. (પદાર્થનું બંધારણ છે). ચાહે તો સ્વાભાવિકપર્યાય હો કે વિભાવિકપર્યાય હો, પણ ષટ્કારકથી પોતાની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે. સમજાય છે..? આ જુદી જાત છે..!! **(શ્રોતા:)** ટોપી સીવવામાં દરજીએ શું કર્યું છે..? **(ઉત્તર:)** કાંઈ કર્યું નથી. દરજીએ પોતાની રાગની (ટોપી સીવવાની ઈચ્છાની) પર્યાય કરી, એણે ટોપીની પર્યાયને કદી સ્પર્શ પણ કર્યો નથી..! એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું ય નથી ને...! એ ''સમયસાર'' ત્રીજી ગાથામાં આવ્યું છે. (કેવા છે તે સર્વ પદાર્થો..? પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે-સ્પર્શે છે તો પણ જેઓ પરસ્પર એક બીજાને સ્પર્શ કરતા નથી.) -શ્રીસમયસાર ગાથા-૩ ટીકા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા..હા! 'સમયસાર' ત્રીજી ગાથામાં છે કે પ્રત્યેક દ્રવ્ય પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને ચુંબે છે. પરને કદી ચુંબ્યા નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબતું નથી એવો પાઠ છે સંસ્કૃત ટીકામાં. પ્રત્યેક દ્રવ્ય પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને સ્પર્શે છે, ચુંબે છે. પણ પરદ્રવ્યની પર્યાયને કોઈ દ્રવ્ય ચુંબતું નથી, સ્પર્શતું નથી, અડતું નથી. આહા..હા! આવી વાત ક્યાં (બીજે છે કે સાંભળવા મળે) અત્યારે તો (બધે) ગરબડ બહુ! પંડિતોએ પણ ગરબડ મચાવી દીધી છે. જરાપણ સમકિતની ખબર ન મળે! નિમિત્તથી થાય છે.. નિમિત્તથી થાય છે (એમ પંડિતો કીધા કરે છે પણ) ધૂળેય (નિમિત્તથી) નથી થતું. નિમિત્ત નિમિત્તમાં છે. એ (ઉપાદાનની) પર્યાયને સ્પર્શે છે કે નિમિત્તથી થાય? (કદી ન થાય) આહા.. હા!

**''ખરેખર આ સર્વ પદાર્થોના દ્રવ્યગુણપર્યાય સ્વભાવની પ્રકાશક પારમેશ્વરી (પરમેશ્વરે કહેલી) વ્યવસ્થા ભલી-ઉત્તમ-પૂર્ણ યોગ્ય છે, બીજી કોઈ નહીં.''**-અરે! આ વાત સાંભળવા મળે નહીં, ક્યારે બેસે એને?! **'બીજી કોઈ નહીં'** પરમેશ્વરે જે કહ્યું: દ્રવ્ય-ગુણ-પર્યાય (નું સ્વરૂપ). એ સિવાય બીજા કોઈ (વસ્તુસ્વરૂપની વાત) કહે તે બધી વાત જૂઠી છે! પરમેશ્વરે કહ્યું તે વાત સત્ય છે. **'કારણ કે ઘણાય (જીવો) પર્યાયમાત્રને અવલંબીને** પર્યાયમાત્રને અવલંબીને (એટલે) પોતાની માનીને **'તત્ત્વની અપ્રતિપત્તિ જેનું લક્ષણ છે.''** તત્ત્વનું અજ્ઞાન જેનું લક્ષણ (છે). **'એવા મોહને પામતા થકા પરસમય થાય છે.'** એ પરસમય છે એટલે તે મિથ્યાદૃષ્ટિ છે. આહા...હા! સમજાણું કાંઈ?

(અહીંયાં કહે છે કે:) ઘણા અજ્ઞાની જીવો પર્યાયને જ પોતાનું સ્વરૂપ માને છે. ૯૩ ગાથામાં આવ્યું ને..! અસમાનજાતીય (દ્રવ્યપર્યાય). શરીર અને આત્મા એ અસમાનજાતીય (દ્રવ્યપર્યાય) છે. (અજ્ઞાની) એ શરીરને પોતાનું માને છે. શરીરની ક્રિયા હું કરું છું એમ માને છે. (શરીરની ક્રિયા હાલવાની-ચાલવાની એ મારાથી થાય છે એમ માને છે.) શરીર હલે છે ચાલે છે તે પોતાથી છે. (ત્યારે અજ્ઞાની દલીલ કરે છે કે) મડદું કેમ ચાલતું નથી? અરે! સાંભળ તો ખરો! મડદું છે એ પરમાણુ(નો પિંડ) છે. તેની પણ ત્યાં પર્યાયો (થાય) છે. પર્યાય વગર કોઈ દ્રવ્ય હોય નહીં. ત્રણ કાળમાં કોઈ દ્રવ્ય (ક્યારેય) પર્યાય વગરનું હોય નહીં. 'પર્યાય વિહોણું દ્રવ્ય ન હોય' એ 'પંચાસ્તિકાય'માં છે. એ પર્યાય પોતાથી થઈ છે ચાહે તે વિકાર હો કે અવિકાર હો, ચાહે તે સ્વભાવ (પર્યાય) હો કે ચાહે તે (વિભાવપર્યાય હો.) આહા..હા! આવો માર્ગ છે બાપુ! અત્યારે તો બધો લોપ કરી નાખ્યો છે, બધો! આમાં.... આમ થાય ને...! આનો આમ અર્થ થાય ને...! વ્યવહાર-રત્નત્રય કરતાં કરતાં નિશ્ચય થાય છે...! (એ) બધું મિથ્યાત્વભાવ છે.

અહીંયાં તો એ કહ્યું કે: સમ્યગ્દર્શનની પર્યાય, પોતાના દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થાય છે. રાગથી નહીં. વ્યવહારરત્નત્રય કરતાં કરતાં નિશ્ચય સમ્યગ્દર્શન-મોક્ષમાર્ગ થાય છે એવું છે નહીં. અહીંયાં તો એ કહ્યું કે સમ્યગ્દર્શનની પર્યાય કે સમ્યક્ચારિત્રની પર્યાય, એના ઉત્પાદક તો દ્રવ્ય-ગુણ છે, દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થઈ છે, રાગથી નહીં. (એ અજ્ઞાની લોકો) વ્યવહાર રત્નત્રય (શુભભાવ) સાધક છે, નિશ્ચય રત્નત્રય સાધ્ય છે એમ કહે છે, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ કરો, એનાથી નિશ્ચય પ્રગટશે. (પણ એ માન્યતા) બધું મિથ્યાત્વ છે, જૂઠ છે! આહા... હા!

અહીંયાં તો કહે છે કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય પોતાના દ્રવ્ય-ગુણથી થાય છે એ સિદ્ધ કરવું છે. નિશ્ચયથી તો એ સમ્યગ્દર્શનની પર્યાય પોતાના ષટ્કારકથી પોતાથી સ્વયં ઉત્પન્ન થઈ છે. રાગથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો નહીં પણ દ્રવ્ય-ગુણથી પણ નહીં. એ પર્યાય છે તો 'સત્' છે. 'સત્' છે તે અહેતુક છે. 'સત્'ને હેતુની જરૂર નથી.

પર્યાય સત્ છે. દ્રવ્ય સત્ છે. ''उत्पादव्ययध्रौव्ययुक्तं सत्'' ઉત્પાદ, વ્યય, ધ્રુવ ત્રણેય સત્ છે. 'સત્'ને બીજા હેતુની જરૂર નહીં. આગળ ગાથા-૧૦૧માં આવશે કે દરેક પર્યાયની ઉત્પત્તિ (એટલે) ઉત્પાદ તે પોતાથી છે. એ ઉત્પાદ છે તે દ્રવ્ય-ગુણથી પણ નહીં. ઉત્પાદ છે તે વ્યયથી નહીં, ઉત્પાદ ધ્રુવથી પણ નહીં, ધ્રુવ ઉત્પાદથી નહીં, ધ્રુવ વ્યયથી નહીં, વ્યયથી વ્યય, (ઉત્પાદથી ઉત્પાદ, ધ્રુવથી ધ્રુવ) વ્યય ઉત્પાદથી નહીં, વ્યય ધ્રુવથી નહીં. દરેક-ઉત્પાદ, વ્યય, ધ્રુવ પોતાથી છે. દરેક ધ્રુવ પોતાથી સ્વતંત્ર, દરેક ઉત્પાદ પોતાથી સ્વતંત્ર, દરેક વ્યય પોતાથી સ્વતંત્ર (છે) -આમ એ ગાથામાં આવશે. આહા... હા.. હા! સમજાય છે કાંઈ? ૧૦૨ ગાથામાં આવશે (પર્યાયની) 'જન્મક્ષણ' (ની વાત). આપણે ઘણીવાર વ્યાખ્યાન થઈ ગયા છે. દરેક પદાર્થની જે પર્યાય છે તેની ઉત્પત્તિનો કાળ હોય છે, તેની જન્મક્ષણ હોય છે. પાઠ છે સંસ્કૃતમાં. પ્રત્યેક દ્રવ્યની જે સમયે જે પર્યાય થાય છે તે તેનો ઉત્પત્તિનો કાળ છે. 'જન્મક્ષણ' ઉત્પત્તિનો કાળ છે, પરને કારણે નથી થતી (તે પર્યાય). આહા..હા..હા..! (અજ્ઞાની લોક) પછી આ સોનગઢવાળાઓનું એકાંત કહે છે ને...! એ... વ્યવહારને માનતા નથી! નિમિત્તને માનતા નથી!-બધી ખબર છે બાપુ, સાંભળને..! વ્યવહારથી કંઈક થાય છે, નિમિત્તથી થાય છે, પરને માનતા નથી **(શ્રોતા:)** વ્યવહારની એને ખબર નથી..! **(ઉત્તર:)** નિશ્ચય-વ્યવહારની તને ખબર નથી ભાઈ! વ્યવહાર એ પણ રાગની પર્યાય છે. અને સમ્યગ્દર્શનની પર્યાય તો નિર્મળ છે. તો વ્યવહારની-રાગની પર્યાયથી નિર્મળ પર્યાય થાય છે? (ના..) અહીંયાં તો (કહ્યું) નિર્મળ પર્યાય થાય છે તે દ્રવ્ય-ગુણથી થાય છે. એ પણ વ્યવહાર છે, બાકી સમ્યગ્દર્શનની પર્યાય જે થાય છે તે પોતાના ષટ્કારકથી પોતાથી થાય છે એ નિશ્ચય છે. (એ પર્યાય) રાગથી નહીં, (પોતાના) દ્રવ્ય-ગુણથી પણ નહીં. આવી વાતો આકરી પડે લોકોને! અત્યારે ચાલતું ગરબડ છે બધું. પંડિતોએ અંદર (તત્ત્વની વાતમાં) ગરબડ મચાવી દીધી છે! લોકો પણ બિચારા! કહે 'જે નારાયણ' (એટલે કંઈ વિચારવું જ નહીં).

અહીંયાં (તો કહે છે) દરેક દ્રવ્યની, દરેક સમયની પર્યાય, પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે તેને નિમિત્તની અપેક્ષા નથી, (પોતાના) દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી, (નિરપેક્ષ ઉત્પન્ન થાય છે) આહા..હા..! ભગવાને તો ઢંઢેરો (સ્વતંત્રતાનો) પીટ્યો છે! ઢંઢેરો (પીટ્યો છે). સમજાણું કાંઈ?

**''કારણ કે ઘણાય (જીવો) પર્યાયમાત્રને અવલંબીને**-ઘણા જીવો તો પર્યાય-માત્રનું અવલંબન કરીને **'તત્ત્વની અપ્રતિપત્તિ'** એટલે તત્ત્વનું અજ્ઞાન **'જેનું લક્ષણ છે એવા મોહને પામતા થકા પરસમય છે.'**-એ પરસમય છે, પોતાની પર્યાય, પરથી ઉત્પન્ન થાય છે અને પરની પર્યાય, મારાથી ઉત્પન્ન થાય છે એમ માનવાવાળા પરસમય છે, મિથ્યાદૃષ્ટિ છે, સ્વસમયમાં આવ્યા નથી, આત્મામાં આવ્યા નથી. (તેથી) મિથ્યાત્વ છે. **ભાવાર્થ :-**

**'પદાર્થ દ્રવ્યસ્વરૂપ છે. દ્રવ્ય અનંતગુણમય છે. દ્રવ્યો અને ગુણોથી પર્યાયો થાય છે.'** આ પાઠ કાલે થયો. દ્રવ્યો અને ગુણોથી પર્યાય થાય છે, પરથી નહીં. છે? **ભાવાર્થ:- 'પર્યાયો બે પ્રકારના છે: (૧) દ્રવ્યપર્યાય; (૨) ગુણપર્યાય.** દ્રવ્યપર્યાયના બે ભેદ (છે). સમાનજાતીય -બે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્રણ, ચાર પરમાણુનો સ્કંધ એ સમાનજાતીય દ્રવ્યપર્યાય છે. **તેમાં દ્રવ્યપર્યાયો બે પ્રકારના છે: (૧) સમાનજાતીય-જેમ કે દ્વિઅણુક, ત્રિઅણુક વગેરે સ્કંધ, (૨) અસમાનજાતીય-જેમ કે મનુષ્ય, દેવ વગેરે..'**

અસમાનજાતીય - મનુષ્ય અને દેવ (વગેરે) એ અસમાનજાતીય (દ્રવ્યપર્યાય) છે. ગુણપર્યાયના પણ બે ભેદ (છે) સ્વભાવપર્યાય -જેમ કે સિદ્ધપર્યાયો એ સ્વભાવપર્યાય. વિભાવપર્યાય-જેમ કે સ્વ-પર હેતુક. મતિજ્ઞાનને પણ સ્વ-પર હેતુક કહ્યું કેમ કે જ્ઞાનાવરણીય (કર્મ)નો ક્ષયોપશમ નિમિત્ત છે, મતિજ્ઞાન ઉત્પન્ન થયું તે પોતાના ઉપાદાનથી સ્વતંત્ર છે. આહા..હા..હા.! જ્ઞાનાવરણીયથી પરિણમવું પડ્યું?! ગોમ્મટસારમાં આવે છે કે જ્ઞાનાવરણીય જ્ઞાનને આવરણ કરે! તો (તેમાં) આવરણ બીજી ચીજ છે. જ્ઞાન બીજી ચીજ છે. (જ્ઞાનાવરણીય કર્મ આવરણ કરે) એ વાત સાચી છે જ નહીં, એ તો નિમિત્તનું કથન ત્યાં કર્યું છે. **(શ્રોતા:)** પરદ્રવ્ય આવરણ કરે? **(ઉત્તર:)** પર દ્રવ્ય આવરણ કરે પોતાની પર્યાયને? એ પરદ્રવ્ય સ્પર્શ કરતું નથી તો આવરણ શી રીતે કરે? (કદી ન કરે). પોતાની પર્યાયમાં, વિપરીત (પણા)ની પર્યાય કરીએ, એ આવરણ છે. આહા..હા!

**'ગુણપર્યાયો પણ બે પ્રકારના છે: (૧) સ્વભાવપર્યાય - જેમ કે સિદ્ધ પર્યાયો; (૨) વિભાવપર્યાય -જેમ કે મતિજ્ઞાન.'** લ્યો, ગુણપર્યાયના બે ભેદ છે. સ્વભાવપર્યાય-જેમ કે સિદ્ધપર્યાયો. વિભાવપર્યાય-જેમ કે સ્વ-પર હેતુક મતિજ્ઞાન. સ્વ-પરહેતુક કહીને નિમિત્ત છે એટલું કહ્યું. નિમિત્ત છે પણ એનાથી (નિમિત્તથી) થતું નથી.. નિમિત્તથી થાય છે કે નથી થતું તે વ્યવહારનું કથન છે. અભૂતાર્થનયે કહેવામાં આવે છે.

**''આવું જિનેંદ્ર ભગવાનની વાણીએ દર્શાવેલું સર્વ પદાર્થોનું દ્રવ્ય-ગુણપર્યાય સ્વરૂપ જ યથાર્થ છે.'** ભગવાને જે આ (વસ્તુસ્વરૂપ) કહ્યું તે જ યથાર્થ છે. **'જે જીવો દ્રવ્ય-ગુણને નહિ જાણતા થકા કેવળ પર્યાયને જ અવલંબે છે.'**-એક સમયની પર્યાયનું અવલંબન લે છે (આધાર લે છે). દ્રવ્ય-ગુણ ત્રિકાળ આંનદનો નાથ પ્રભુ, ધ્રુવ છે. એનો આશ્રય લેતા નથી અને પર્યાયનો (જ) આશ્રય લે છે તે મિથ્યાદષ્ટિ છે. આહા..હા! (ધ્રુવનો આશ્રય લેવાનું) આકરું કામ છે!!

**'તેઓ નિજસ્વભાવને નહિ જાણતા થકા પરસમય છે.'** આહા..હા! શું કહે છે? કે: જે જીવ, દ્રવ્ય-ગુણને જાણતા નથી. પોતાનું (આત્મ) દ્રવ્ય, અનંત ગુણનું પિંડ, અને તે અનંતગુણ સ્વતંત્ર, એનો તો આશ્રય નહીં ને માત્ર પર્યાયનું જ આલંબન લે છે. એક સમયની પર્યાયનું-અસમાનજાતીય દ્રવ્યપર્યાયનું આલંબન લે છે. એ નિજસ્વભાવને નહિ જાણતા થકા - એક સમયની પર્યાયમાં જ દષ્ટિ રાખી છે.-પરસમય, મિથ્યાદષ્ટિ છે. આત્મા આનંદસ્વરૂપ, ભગવાન જ્ઞાયક જેનો સ્વભાવ ત્રિકાળ આનંદ (સ્વરૂપ છે). એને ન જાણતા, એક સમયની પર્યાયમાં માત્ર, દષ્ટિ રાખી છે તે પરસમય-મિથ્યાદષ્ટિ છે! આહા! પરસમય એટલે મિથ્યાદષ્ટિ. એને જૈનની ખબર નથી! એ જૈન નહીં. પોતાની પર્યાયમાં રાગ થાય છે અને પરના જ્ઞાનનો ક્ષયોપશમ (છે). એનો આશ્રય લે છે અને (આત્મ) દ્રવ્યનો આશ્રય લેતા નથી એ જૈન નથી. ફરીને,.. પરનો આશ્રય તો નહીં, પણ પોતાના આત્મામાં જે પર્યાય છે ક્ષણિક, એનો આશ્રય લે છે અને દ્રવ્ય-ગુણ ત્રિકાળીનો, આશ્રય લેતા નથી-એ પરસમય-મિથ્યાદષ્ટિ-અજૈન છે. આહ...હા..હા.!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(પર્યાયનો આશ્રય છોડવો) આકરું કામ છે બાપુ! દુનિયા (ને) તો જાણીએ છીએ ને....! અહીંયાં તો નેવું વર્ષ (આ શરીરના) થયાં. પંડિતજી! શરીરને નેવું-નેવું, નવ અને શૂન્ય. ૬૬ વર્ષ તો દીક્ષાને (થયાં) ૬૭ વર્ષથી દુકાન છોડી. દુકાન ઉપર પણ અમે તો (શાસ્ત્રો) વાંચતા હતા. ૬૪ કે ૬૫ની સાલથી. પિતાજી ગુજરી ગયા. દુકાન હતી. પાલેજ દુકાને ૬૫ સાલથી અમે શાસ્ત્ર વાંચતા. શ્વેતાંબરના. ત્યાં તો બધા શ્વેતાંબર હતા ને...! સ્થાનકવાસી હતા પણ એ તો શ્વેતાંબરનો (ફાંટો છે ને...!) ત્યાં 'અધ્યાત્મકલ્પદ્રુમ' એક છે શ્વેતાંબરના... એ પહેલાં મળ્યું. ૬૫ની સાલથી. ૬૩માં દુકાન (સંભાળતા) અને ચોસઠની સાલથી અમે શાસ્ત્ર વાંચતા. પણ શ્વેતાંબર હતા. ત્યાં તો શ્વેતાંબર શાસ્ત્રો હતા. 'અધ્યાત્મકલ્પદ્રુમ' પહેલાં મળ્યું. ૬૪-૬૫ની સાલની વાત છે. ૧૮-૧૯ વર્ષની ઉંમર (હતી). તો વાંચીએ પણ તત્ત્વની વાત કંઈ નહીં. પછી સૂયગડાંગ, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન જોયાં દુકાને, દુકાન ઉપર જોયાં. ૬૫-૬૬ની સાલ-૭૦ વરસ પહેલાંની વાત છે! અહીંયાં તો જિંદગી એમાં જ (શાસ્ત્રાભ્યાસમાં જ) ગઈ છે. **(શ્રોતા:)** કરોડો શ્લોકો આપે વાંચેલા છે...! **(ઉત્તર:)** આ...હા! કરોડો! શ્વેતાંબરના બધા જોયાં છે, આપણા દિગંબરના બધા જોયાં છે, કરોડો શ્લોકો! આહા.. હા..!

અહીંયાં કહે છે કે: આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં તો છે. પણ પર્યાયનો આશ્રય કરે છે - એક સમયની અવસ્થાનો આશ્રય કરે છે અને એનું અવલંબન લે છે તો ત્રિકાળીનું-ધ્રુવનું અવલંબન લેતા નથી.-તે પરસમય-મિથ્યાદષ્ટિ છે. પર્યાયબુદ્ધિ મૂઢ જીવ છે. જુઓ પાછળ ગાથા-૯૩ (મૂળગાથા). 'पर्ययमूढा हि परसमया:' એ દરેક આત્મા, પોતાની પર્યાયનો આશ્રય લે છે પણ ત્રિકાળી ભગવાન આત્મા-દ્રવ્યસ્વભાવનો આશ્રય નથી લેતા તે પર્યાયમૂઢ-મિથ્યાદષ્ટિ છે. આહા..હા!એ ભગવાન! દિગંબર સંતો! એ આ તીર્થંકરની વાણી કહેવાવાળા છે. બીજે કયાંય (આ વાણી) છે નહીં. આ દિગંબર જૈન એ કોઈ પક્ષ નહીં, કોઈ પંથ નહીં, વાડો નહીં. વસ્તુનું સ્વરૂપ છે-વસ્તુનું સ્વરૂપ આવું છે એને અહીંયાં કહેવામાં આવ્યું છે. આવું (વસ્તુસ્વરૂપ) દિગંબર સંતોએ કહ્યું છે અને તોપણ (એ) કહે છે કે આ ભગવાન ત્રિલોકનાથે કહ્યું છે (ભગવાનની આ વાણી છે) પોતાની વાત નથી. આહા..હા!

વિશેષ કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે ★ આનુષંગિક એવી આ જ સ્વસમય-પરસમયની વ્યવસ્થા (અર્થાત્ સ્વસમય અને પરસમયનો ભેદ) નક્કી કરીને (તે વાતનો) ઉપસંહાર કરે છે:-

**जे पज्जयेसु णिरदा जीवा परसमयिग त्ति णिद्दिट्ठा।**
**आदसहावम्मि ठिदा ते सगसमया मुणेदव्वा ॥ ९४ ॥**
**ये पर्यायेषु निरता जीवाः परसमयिका इति निर्दिष्टाः।**
**आत्मस्वभावे स्थितास्ते स्वकसमया ज्ञातव्याः ॥ ९४ ॥**
**પર્યાયમાં રત જીવ જે તે 'પરસમય' નિર્દિષ્ટ છે;**
**આત્મસ્વભાવે સ્થિત જે તે 'સ્વકસમય' જ્ઞાતવ્ય છે. ૯૪.**

## ગાથા -૯૪

અન્વયાર્થ:- (ये जीवा:) જે જીવો (पर्यायेषु निरता:) પર્યાયોમાં લીન છે (परसमयिका: इति निर्दिष्टा:) તેમને પરસમય કહેવામાં આવ્યા છે; (आत्मस्वभावे स्थिता:) જે જીવો આત્મસ્વભાવમાં સ્થિત છે (ते) તે (स्वकसमया: ज्ञातव्या:) સ્વસમય જાણવા.

ટીકા:- જેઓ જીવપુદ્‌ગલાત્મક અસમાનજાતીય દ્રવ્યપર્યાયનો-કે જે સકળ અવિદ્યાઓનું એક મૂળ છે તેનો-આશ્રય કરતા થકા [1]યથોક્ત આત્મસ્વભાવની [2]સંભાવના કરવાને નપુંસક હોવાથી તેમાં જ બળ ધારણ કરે છે (અર્થાત્ તે અસમાનજાતીય દ્રવ્યપર્યાય પ્રત્યે જ જોરવાળા છે), તેઓ-જેમને [3]નિરર્ગળ એકાંતદૃષ્ટિ ઊછળે છે એવા- 'આ હું મનુષ્ય જ છું, મારું જ આ મનુષ્ય શરીર છે' એમ [4]અહંકાર-[5]મમકાર વડે ઠગાતા થકા, અવિચલિતચેતનાવિલાસમાત્ર [6]આત્મવ્યવહારથી ચ્યુત થઈને, જેમાં સમસ્ત ક્રિયાકલાપને છાતી-સરસો ભેટવામાં આવે છે એવા [7]મનુષ્યવ્યવહારનો આશ્રય કરીને રાગી અને દ્વેષી થતા થકા પરદ્રવ્યરૂપ કર્મ સાથે સંગતપણાને લીધે (-પરદ્રવ્યરૂપ કર્મ સાથે જોડાતા હોવાને લીધે) ખરેખર પરસમય [8]થાય છે અર્થાત્ પરસમયરૂપે પરિણમે છે.

અને જેઓ [9]અસંકીર્ણ દ્રવ્ય-ગુણ-પર્યાયો વડે સુસ્થિત એવા ભગવાન આત્માના સ્વભાવનો- કે જે સકળ વિદ્યાઓનું મૂળ છે તેનો-આશ્રય કરીને યથોક્ત આત્મસ્વભાવની સંભાવનામાં સમર્થ હોવાને લીધે પર્યાયમાત્ર પ્રત્યેનું બળ (જોર) દૂર કરીને આત્માના સ્વભાવમાં જ સ્થિતિ કરે છે (-લીન થાય છે),

---

૧. યથોક્ત= (પૂર્વ ગાથામાં) જેવો કહ્યો તેવો. ૨. સંભાવના= સંચેતન; અનુભવ; માન્યતા; આદર.
૩. નિરર્ગળ= અંકુશ વિનાની; બેહદ. (જેઓ મનુષ્યાદિ પર્યાયમાં લીન છે, તેમને બેહદ એકાંતદૃષ્ટિ ઊછળે છે.)
૪. અહંકાર= 'હું' પણું. ૫. મમકાર= ''મારા'' પણું.
૬. આત્મવ્યવહાર= આત્મારૂપ વર્તન; આત્મારૂપ કાર્ય; આત્મારૂપ વ્યાપાર.
૭. મનુષ્યવ્યવહાર = મનુષ્યરૂપ વર્તન (અર્થાત્ ''હું મનુષ્ય જ છું'' એવી માન્યતાપૂર્વકનું વર્તન)
૮. જે જીવ પર સાથે એકપણાની માન્યતાપૂર્વક જોડાય તેને પરસમય કહેવામાં આવે છે.
૯. અસંકીર્ણ= ભેળસેળ નહિ એવા; સ્પષ્ટપણે ભિન્ન (ભગવાન આત્મસ્વભાવ સ્પષ્ટ-ભિન્ન (પર સાથે ભેળસેળ નહિ એવા) દ્રવ્ય-ગુણ-પર્યાયો વડે સુસ્થિત છે.)

★ આનુષંગિક= પૂર્વ ગાથાના કથન સાથે સંબંધવાળી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેઓ-જેમણે સહજ ખીલેલી અનેકાંતદૃષ્ટિ વડે સમસ્ત એકાંતદૃષ્ટિના પરિગ્રહના [1]આગ્રહો (-પકડો) પ્રક્ષીણ કર્યા છે એવા-મનુષ્યાદિ ગતિઓમાં અને તે ગતિઓના શરીરોમાં અહંકાર-મમકાર નહિ કરતાં અનેક ઓરડાઓમાં [2]સંચારિત રત્નદીપકની માફક એકરૂપ જ આત્માને ઉપલબ્ધ કરતા થકા (-અનુભવતા થકા), અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારને અંગીકાર કરીને, જેમાં સમસ્ત ક્રિયાકલાપને ભેટવામાં આવે છે એવા મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતા થકા, રાગદ્વેષના [3]ઉન્મેષ અટકી ગયા હોવાને લીધે પરમ ઉદાસીનતાને અવલંબતા થકા, સમસ્ત પરદ્રવ્યની સંગતિ દૂર કરી હોવાને લીધે કેવળ સ્વદ્રવ્ય સાથે સંગતપણું હોવાથી ખરેખર [4]સ્વસમય થાય છે અર્થાત્ સ્વસમયરૂપે પરિણમે છે.

માટે સ્વસમય જ આત્માનું તત્ત્વ છે.

ભાવાર્થ:- 'હું મનુષ્ય છું, શરીરાદિની સમસ્ત ક્રિયાઓ હું કરું છું, સ્ત્રી-પુત્ર- ધનાદિકના ગ્રહણત્યાગનો હું સ્વામી છું' વગેરે માનવું તે મનુષ્યવ્યવહાર (મનુષ્યરૂપ વર્તન) છે; 'માત્ર અચલિત ચેતના તે જ હું છું' એમ માનવું-પરિણમવું તે આત્મવ્યવહાર (આત્મારૂપ વર્તન) છે.

જેઓ મનુષ્યાદિપર્યાયમાં લીન છે, તે એકાંતદૃષ્ટિવાળા લોકો મનુષ્યવ્યવહારનો આશ્રય કરતા હોવાથી રાગીદ્વેષી થાય છે અને એ રીતે પરદ્રવ્યરૂપ કર્મ સાથે સંબંધ કરતા હોવાથી તેઓ પરસમય છે; અને જેઓ ભગવાન આત્મસ્વભાવમાં જ સ્થિત છે, તે અનેકાંતદૃષ્ટિવાળા લોકો મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતાં આત્મવ્યવહારનો આશ્રય કરતા હોવાથી રાગીદ્વેષી થતા નથી અર્થાત્ પરમ ઉદાસીન રહે છે અને એ રીતે પરદ્રવ્યરૂપ કર્મ સાથે સંબંધ નહિ કરતાં કેવળ સ્વદ્રવ્ય સાથે જ સંબંધ કરતા હોવાથી તેઓ સ્વસમય છે. ૯૪.

---

૧. પરિગ્રહ= સ્વીકાર; અંગીકાર.

૨. સંચારિત= લઈ જવામાં આવતા. (જેમ જુદા જુદા ઓરડામાં લઈ જવામાં આવતો રત્નદીપક એકરૂપ જ છે, તે બિલકુલ ઓરડારૂપ થતો નથી અને ઓરડાની ક્રિયા કરતો નથી, તેમ જુદા જુદા શરીરોમાં પ્રવેશતો આત્મા એકરૂપ જ છે, તે બિલકુલ શરીરરૂપ નથી અને શરીરની ક્રિયા કરતો નથી- આમ જ્ઞાની જાણે છે.)

૩. ઉન્મેષ= પ્રગટ થવું તે; પ્રાકટ્ય; સ્ફુરણ.

૪. જે જીવ સ્વ સાથે એકપણાની માન્યતાપૂર્વક (સ્વ સાથે) જોડાય તેને સ્વસમય કહેવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૩૦-૩૧.૫.૭૯.

**"હવે આનુષંગિક-** એટલે પૂર્વગાથાના કથન સાથે સંબંધવાળી, **એવી આ જ સ્વસમય પરસમયની વ્યવસ્થા (અર્થાત સ્વસમય-પરસમયનો ભેદ) નકકી કરીને (તે વાતનો) ઉપસંહાર કરે છે."**

'પ્રવચનસાર' ગાથા-૯૪.

**जे पज्जयेसु णिरदा जीवा परसमयिग ति णिद्दिट्ठा।**
**आदसहावम्मि ठिदा ते सगसमया मुणेदव्वा।।**
**પર્યાયમાં રત જીવ જે તે 'પરસમય' નિર્દિષ્ટ છે;**
**આત્મસ્વભાવે સ્થિત જે તે 'સ્વકસમય 'જ્ઞાતવ્ય છે. હરિગીત-**

★ **ટીકા:-** જુઓ! અસમાનજાતીય (દ્રવ્યપર્યાય) પહેલા લીધી. **"જેઓ જીવપુદ્દગલાત્મક અસમાનજાતીય દ્રવ્યપર્યાયનો-કે જે સકળ અવિદ્યાઓનું એક મૂળ છે તેનો-** આ હા..હા...! અહીં પર્યાયમૂઢને શરીરની સાથે લઈ લીધો. પર્યાયની દૃષ્ટિ છે એની દૃષ્ટિ પર ઉપર જાય છે. તો એ 'શરીરની પર્યાય મારી છે ને શરીર પર્યાય હું કરું છું' એવો જે મૂઢ જીવ (એની આવી માન્યતા) **"સકળ અવિદ્યાઓનું મૂળ એ છે"** અસમાનજાતીય- (એટલે) જીવ અને પુદ્દગલ (નો સંયોગ) છે. બન્નેને એક માને છે અને હું પુદ્દગલને કરી શકું છું, પુદ્દગલ મને કરી શકે છે. એવું જે અજ્ઞાન-અવિદ્યા એ બધું (મિથ્યા અભિપ્રાય) અવિદ્યાનું મૂળ છે. આહા..! ટીકા છે અમૃતચંદ્રાચાર્યની! અસમાનજાતીય લીધું છે ભાઈ! આત્મામાં અસમાનજાતીય કયાં? આત્મા, આત્મા સમાનજાતીય છે. પુદ્દગલને આત્મા (એક સાથે દેખાય છે) એને એ (મૂઢ) એક માને છે. શરીરને આત્મા માને છે. પર્યાયદૃષ્ટિવાળાની દૃષ્ટિ શરીર ઉપર જાય છે. અને પર્યાયદૃષ્ટિ છોડીને જે દ્રવ્યદૃષ્ટિ થઈ તેની દૃષ્ટિ આત્મા ઉપર, ધ્રુવ ઉપર છે. સમકિતીની દૃષ્ટિ ધ્રુવ ઉપર છે. મિથ્યાત્વીની દૃષ્ટિ, પર્યાય ઉપર છે (એટલે કે) હોય છે દૃષ્ટિ શરીર ઉપર- પર ઉપર તેની દૃષ્ટિ જાય છે. આહા....હા...! આવું ઝીણું હવે એ કરતાં (આવું સમજવા કરતાં) દયા પાળે, વ્રત કરે, ભક્તિ કરે (ધર્મ થઈ જાય) સહેલું સટ! રખડવાનું! આહા...હા! આ મારગ!! **"જેઓ જીવપુદ્દગલાત્મક અસમાનજાતીય દ્રવ્યપર્યાયનો-કે જે સકળ અવિદ્યાઓનું એક મૂળ છે"-** મિથ્યાત્વ નું મૂળ છે." **તેનો આશ્રય કરતા થકા યથોક્ત આત્મસ્વભાવની સંભાવના કરવાને".** છે..ને? 'યથોક્ત'- જેવું છે તેવું (સ્વરૂપ) (૯૩) ગાથામાં કહ્યું હતું. સંભાવના નામ સંચેતન; અનુભવ; માન્યતા; આદર. (અજ્ઞાની મૂઢ) આત્મસ્વભાવની સંભાવના

---

★ ટીકા, મૂળ ગાથા અને અન્વયાર્થ માટે જુઓ પાના નં. ૫૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરવાને એ તો **'નપુંસક'** છે. એને તો સંસ્કૃતમાં **'क्लीब'** કહ્યું છે. સંસ્કૃતમાં क्लीब (શબ્દ) છે. જે કોઈ પ્રાણી, રાગ અને શરીરની અવસ્થા મારી છે એવું માને છે એ નપુંસક છે; પાવૈયા-હીજડા છે! એ નપુંસકને વીર્ય હોતું નથી, તો પ્રજા થતી નથી. એમ પરને-શરીરને મારું છે, શરીરની ક્રિયા હું કરી શકું છું એમ માનવું અને એ (માન્યતા) રાગ છે એવડો જ હું છું એમ માનવું- (એ માન્યતા ધરનાર) નપુંસક છે એને ધર્મની પ્રજા (પર્યાય) ઉત્પન્ન થતી નથી. આહા..હા..હા! આકરી વાત છે.

'સમયસાર'માં **'क्लीब'** બે વાર આવ્યું છે. ગાથા-૩૯ **' इह खलु तदसाधारणलक्षणा-कलनात्क्लीबत्वेनात्यन्तविमूढाः'** તથા ગાથા-૧૫૪ **'दुरन्तकर्मचक्रोत्तरण'क्लीब' तया'** 'ક્લીબ'- નપુંસક પુણ્યને ધર્મ માનવાવાળા પાવૈયા-નપુસંક-હીજડા છે. વ્યવહારરત્નત્રયથી નિશ્ચયરત્નત્રય થાય છે એમ માનવાવાળા નપુંસક છે એમ કહે છે. કેમકે વ્યવહારરત્નત્રય રાગ છે અને નિશ્ચયરત્નત્રય તો વીતરાગીપર્યાય છે. તો વીતરાગી પર્યાય તો પોતાના દ્રવ્યસ્વભાવથી ઉત્પન્ન થાય છે.

રાગથી નહીં, અહા...હા! આમાં ('પ્રવચનસાર'માં) નપુંસક એકવાર આવ્યું (છે) ને આ બીજીવાર (અહીંયાં) આવ્યું છે. અને સમયસારમાં (પણ) બે વાર છે. (અજ્ઞાની, મૂઢ, પુણ્યથી ધર્મ માનનારને) **'क्लीब'** કીધા છે. પાઠમાં છે, અહીંયાં (આ ગાથામાં) સંસ્કૃત ટીકામાં બીજી લીટીમાં છે. જુઓ! **'यथोदितात्मस्वभावसंभावनक्लीबा....'** બીજી ગાથામાં (''જ્ઞેય અધિકાર'ની) વચ્ચે છે. 'નપુંસક' કહે છે. આહા...હા!

(અહીંયાં) ભગવાન તો એમ કહે છે કે આત્માનું જે વીર્ય છે- પુરુષાર્થ (ગુણ)-એ પુરુષાર્થ-વીર્ય, સ્વરૂપની રચના કરે છે. વિભાવની રચના કરે એ (આત્મ)વીર્ય નહીં. ૪૭ શક્તિમાં એમ કહે છે. ધીરેથી સમજો! ફરીને...(કહીએ)! આ વીર્યગુણ લીધો ને..! 'સમયસાર' છેલ્લે (પરિશિષ્ટ) માં ૪૭ શક્તિઓ છે- ૪૭ ગુણ છે. એમાં પુરુષાર્થ ગુણ લીધો છે. વીર્યગુણ ત્રિકાળી (છે). ભગવાને કહ્યો છે. **'સ્વરૂપની (-આત્મસ્વરૂપની) રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ'.૫.-** એ પુરુષાર્થ ગુણનું કાર્ય સ્વરૂપની રચના-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની રચના કરે એને વીર્ય (શક્તિ) કહીએ. પણ એને છોડીને રાગની રચના કરે એને નપુંસક કહીએ. આહા..હા! (પુણ્યના પક્ષવાળાને) આકરું લાગે! આવો કઈ જાતનો ઉપદેશ કે' આંહી!

શું કહે છે કે: 'આત્મસ્વભાવની સંભાવના કરવાને નપુંસક'-ત્રિકાળી ભગવાન ધ્રુવભાવ, પરમપારિણામિકભાવ, સ્વભાવભાવ પોતાનો સ્વભાવભાવ ત્રિકાળીનો (તેનો) આશ્રય ન લઈને, પર્યાયમાં રાગનો આશ્રય કરે છે એને અહીં પ્રભુ નપુંસક કહે છે. અમૃતચંદ્રાચાર્ય સંત! મુનિ છે! પંચમહાવ્રતધારી (ભાવલિંગી સાધુ) છે! આહા...હા! વીર્યગુણમાં એ કહ્યું કે: આત્મામાં વીર્યગુણ છે ત્રિકાળ એ તો શુદ્ધ (પર્યાય)ની રચના કરે છે. એને વીર્ય કહીએ. જે વીર્ય પુણ્ય ને પાપ, શુભાશુભભાવની રચના કરે એ પોતાનું (આત્મ) વીર્ય નહીં, એ બળ નહીં. નામર્દાઈ છે. એ 'સમયસાર'માં આવી ગયું છે. (ત્યાં) ગાથા-૩૯ અને ૧૫૪માં નામર્દ કહ્યું છે. રાગની રચના કરીને ધર્મ માનવાવાળા છે એ નામર્દ છે, મર્દ નહીં. આહા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પંડિતજી! કઠણ લાગે (પણ) આ તો પરમાત્માની વાણી છે. પ્રભુ! આ કોઈને કંઈ કહેણ આવ્યા (અંતર અનુભવથી વાણી આવી) આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ, પરમાત્મા, સીમંધરસ્વામી ભગવાન-એની આ વાણી છે. આહા...હા!

શું કહ્યું કે: **''જીવ-પુદ્‌ગલસ્વરૂપ અસમાનજાતીય દ્રવ્યપર્યાય- કે જે સકળ અવિદ્યાઓનું મૂળ છે.''**-રાગની ક્રિયા હું કરું છું; શરીરની ક્રિયા હું કરું છું એ (અભિપ્રાય) સર્વ મિથ્યાત્વનું મૂળ છે. **'તેનો આશ્રય કરતા થકા યથોકત આત્મસ્વભાવ.''** જે ત્રિકાળી સ્વભાવ છે. છે તો દ્રવ્ય-ગુણ-પર્યાય. શું કીધું એ? શું કહે છે કે: આ સ્વભાવ- આત્માનો સ્વભાવ-ને વિપરીત અને પરભાવ કર્મ-શરીર (આદિ) એને પોતાના માને છે એ પરસમય, મિથ્યાદષ્ટિ છે. આહા..હા! પોતાનો દ્રવ્યસ્વભાવ એ ઓલામાં (ગાથા-૯૩)માં કીધો છે. **'સર્વ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જ યથાર્થ છે''**-એ દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ ભગવાને કહ્યું એમાં એ ત્રણેમાંથી (માત્ર) પર્યાયનો આશ્રય લે છે તે મિથ્યાદષ્ટિ છે. છે તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય (પોતાના પોતામાં). પોતાનામાં (પર્યાય) પરને કારણે નહીં છતાં (માત્ર) પર્યાયનો આશ્રય લેવો નહીં. એ ત્રિકાળી ભગવાન (આત્મ) સ્વભાવનો આશ્રય લેવો એ સમયને સમકિત છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૩૧.૫.૭૯

'પ્રવચનસાર' ૯૪ ગાથા. ફરીને ટીકા (લઈએ) **''જેઓ જીવપુદ્ગલાત્મક અસમાનજાતીય દ્રવ્યપર્યાયનો-** એમ કેમ ન લીધું (કે) જીવની પર્યાયને પકડતાં-પર્યાયબુદ્ધિવાળા (જીવો) પર્યાયને પકડતાં - એમ ન લીધું કેમકે પર્યાયને પકડી શકતો નથી અજ્ઞાની, એથી ભગવાન અમૃતચંદ્રાચાર્યે (અહીંયાં એમ લીધું કે) પર્યાયબુદ્ધિવાળાની દૃષ્ટિ, એ અસમાનજાતીય પુદ્ગલ (શરીર) ઉપર જાય છે, એને એ દેખી શકે, માની શકે, જાણી શકે (છે). આહા....હા! નહીંતર, પર્યાય બુદ્ધિમાં તો-દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થયેલી પર્યાય એમ આવ્યું ને...! અને આ તો (પર્યાયબુદ્ધિવાળાને) અસમાનજાતીયને મિથ્યાત્વમાં નાખે છે. પર્યાયબુદ્ધિમાં નહીં...શું કહ્યું? સમજાણું? રાતે કહ્યું હતું કે પર્યાય એક સમયની છે એને (એ જીવ) પકડી શકે નહીં, એથી પર્યાયદૃષ્ટિવાળાની દૃષ્ટિ શરીર-અસમાનજાતીય (દ્રવ્યપર્યાય) ઉપર જાય છે. એથી એને પર્યાયબુદ્ધિવાળાને, પર્યાયની દૃષ્ટિ છે એમ ન લેતાં, પર્યાયબુદ્ધિવાળાને અસમાનજાતીય (દ્રવ્યપર્યાય) એટલે શરીરની દૃષ્ટિ છે એમ લીધું છે, આહા...હા! સમજાય છે કાંઈ? અમૃતચંદ્રાચાર્ય (ટીકાકાર), એમાં એમની ભૂલ કાઢવી કે એમણે આમ કેમ ન કહ્યું! આહા...! નહીંતર પર્યાય (એની છે) પાઠ તો એવો લીધો પહેલી ગાથામાં ('જ્ઞેય અધિકાર' ટીકા ગાથા-૯૩ **'આ વિશ્વમાં જે કોઈ જાણવામાં આવતો પદાર્થ છે તે આખોય)** વિસ્તારસામાન્યસમુદાયાત્મક અને આયતસામાન્યસમુદાયાત્મક (દ્રવ્યથી રચાયેલો હોવાથી) દ્રવ્યમય છે. અનંત ગુણનો આધાર તે દ્રવ્ય એટલે ગુણાત્મક (છે.) એ દ્રવ્ય-ગુણ (કહ્યા) અને પર્યાય બેયથી ઉત્પન્ન થયેલી (કહ્યું) એ તો પોતાની પર્યાય, પોતાથી- દ્રવ્ય-ગુણથી (ઉત્પન્ન) થયેલી છે. તો (અહીંયાં) પર્યાયદૃષ્ટિ (વાળા જીવને) પર્યાયદૃષ્ટિ ન લેતાં અસમાનજાતીય (દ્રવ્યપર્યાય) હોવા છતાં-શરીર (ઉપર દૃષ્ટિ છે,દેહાધ્યાસ છે) લીધું એ યથાર્થપણે લીધું છે, આહા...હા! કેમકે અજ્ઞાની પર્યાયદૃષ્ટિ- અજ્ઞાની પણ એક સમયની પર્યાય પકડી શકતો નથી. એથી અહીં પર્યાયથી લંબાઈને શરીર ઉપર એની દૃષ્ટિ જાય છે. આહા..હા..હા! સમજાય છે કાંઈ?

(અહીંયાં કહે છે કે:) **''જેઓ જીવપુદ્ગલાત્મક અસમાનજાતીય દ્રવ્યપર્યાયનો-**પર્યાયમાં આ' દ્રવ્યપર્યાય લીધી, એની પોતાની (જીવની) દ્રવ્યપર્યાય-વ્યંજન (પર્યાય) કે અર્થપર્યાય ન લીધી. ભાઈ! નહીંતર દ્રવ્યપર્યાય વ્યંજન પર્યાય છે. કેવળીની જયાં વાત લીધી છે (પ્રવચનસાર' ગાથા-૮૦) **''जो जाणदि अरहंतं द्रव्वत्तगुणत्तपज्जयतेहिं''** ત્યાં એની (કેવળીની) પર્યાય આમ વ્યંજનપર્યાય છે એ લીધી છે. અને અર્થપર્યાય (પણ) લીધી છે.- કેવળ જ્ઞાન આદિ. આહા..હા! અહીયાં તો કહેવામાં એમનો (અમૃતચંદ્રાચાર્યનો) આશય આ છે કે ભાઈ! જેને દ્રવ્યસ્વભાવ- ત્રિકાળીની દૃષ્ટિ નથી જ્ઞાયકધ્રુવસ્વરૂપ પ્રભુ, પરમાનંદની મૂર્તિ, નિત્યાનંદ પરમસ્વભાવભાવ, એની જેને દૃષ્ટિ નથી એની દૃષ્ટિ શરીર ઉપર જાય છે. આહા...હા! સમજાણું કાંઈ? જે પોતાની જાત નથી એવું આ જડ (શરીર), એની જાત આત્માની જાત (કરતાં) બીજી જાત છે, આહા...હા! **''જેઓ જીવપુદ્ગલસ્વરૂપ અસમાનજાતીય દ્રવ્યપર્યાય'** એને (અસમાનજાતીયને) દ્રવ્યપર્યાય કીધી. ઓલામાં (ગાથા-૯૩માં) ગુણાત્મક દ્રવ્યપર્યાય કહી હતી. 'દ્રવ્ય' એને કહીએ કે સામાન્ય-વિશેષ, ગુણ અને પર્યાયનો પિંડ તે 'દ્રવ્ય' (છે). ગુણ એને કહીએ કે-જે અનંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે છતાં- એકને (દ્રવ્યને આશ્રયે રહે તે ગુણ (છે). પર્યાય એને કહીએ કે જે દ્રવ્યપર્યાય (છે) અને ગુણપર્યાય (પણ) છે. પર્યાયના બે પ્રકાર છે. આહા...હા! એક સમાનજાતીય દ્રવ્યપર્યાય, એક અસમાનજાતીય દ્રવ્યપર્યાય (છે). ત્યાં સમાનજાતીય (દ્રવ્યપર્યાય)માં પ્રશ્ન થયો ઉઠયો હતો ને...! પંડિત(જી)નો...! કે ત્યાં આત્મા અને આત્મા કેમ ન લીધો? સમાનજાતીય (દ્રવ્યપર્યાય સમજાવવા)માં પુદ્ગલને લીધા. તો (કહેવામાં આવે છે કે) આત્મા, આત્માનો એકરૂપ સ્કંધ નથી. પરમાણુમાં પણ નથી. (છતાં) પરમાણુ (એકરૂપ) સ્કંધ કહેવાય છે. શરીરાદિ પિંડ, સ્કંધ (છે) તો એને આત્મા અને શરીર (સાથે દેખાતા હોવાથી) અસમાન જાતીય દ્રવ્યપર્યાય લીધી. અને સમાનજાતીયમાં પરમાણુના પિંડની દ્રવ્યપર્યાય લીધી. પરમાણુના સ્કંધની અવસ્થાને (સમાનજાતીય) દ્રવ્ય-પર્યાય લીધી. ગુણપર્યાય તો પછી (લીધી છે) સ્વભાવિક ગુણપર્યાય અને વિભાવિક ગુણપર્યાય એ તો અગુરુલઘુગુણની (પર્યાય) તે સ્વભાવપર્યાય (કીધી). અને જ્ઞાનાદિક અને રૂપાદિક (ગુણનાં) પરિણમનમાં નિમિત્ત થતાં હીનાધિક અવસ્થા થાય છે અને નિમિત્તપણામાં કર્મ છે એ દશાને વિભાવગુણપર્યાય કીધી. એ વિભાવગુણપર્યાય (છે). આહા...! અહીયાં ભગવાન અમૃતચંદ્રાચાર્યે આમ ઉપાડયું. કેમ? કે એ પર્યાયબુદ્ધિવાળો ત્રિકાળી સ્વભાવને તો જોતો નથી પણ એના ગુણને (પણ) જોતો નથી અને તેની એક સમયની પર્યાયને (તે ) પકડી શકતો નથી. ઓહો...હો...હો! શું શાસ્ત્રની ગંભીરતા (છે)! દિગંબર સંતોની શૈલી! ગજબ વાત છે!! એના જયાં ઊંડાં પેટ જોવા જઈએ ત્યાં તો એમ લાગે ઓહો...હો..હો! (અમાપ, અમાપ, અમાપ તત્ત્વ છે)!

આહા..હા! એને (ગુરુને) બતાવવું છે તો આખું (પૂર્ણ) જીવદ્રવ્ય. દ્રવ્યનો સ્વભાવ આખરે બતાવવો છે. દ્રવ્ય-ગુણ-પર્યાય (સ્વરૂપ) આત્માને ત્રણ (ભેદ) છે એમ કહેશે. છેલ્લે (ટીકાના બીજા ફકરાની શરૂઆતમાં કહે છે) **''અસંકીર્ણ દ્રવ્ય-ગુણ- પર્યાયો વડે સુસ્થિત (છે) એવા ભગવાન આત્માના સ્વભાવ-** એવા આત્માના સ્વભાવ-દ્રવ્ય, ગુણને પર્યાય છે ખરી! પણ એનો જે ત્રિકાળીસ્વભાવ જે ભગવાન પૂર્ણાનંદ, ધ્રુવ, જ્ઞાયકભાવ એની એને (અજ્ઞાનીને) સંભાવનાનો અભાવ છે. (શું) કીધું સકળ જ્ઞાનનો, ગુણ-વિદ્યા એનો અજ્ઞાનીને અભાવ છે. સમજાય છે કાંઈ?

આહા...હા! અસમાનજાતીય (દ્રવ્યપર્યાય હું છું) એવો અભિપ્રાય કે જે સકળ અવિદ્યાઓનું મૂળ છે. અજ્ઞાન અને મિથ્યાત્વ એ સકળ અવિદ્યાનું મૂળ છે. પર્યાયબુદ્ધિમાં અસમાનજાતીય- શરીરમાં પોતે છે એમ માને છે, એની (શરીરની) ક્રિયા થાય એ પોતાની માને છે. લોકોના મનુષ્યવ્યવહારમાં એ તો ક્રિયા લેશે. શું કીધું? આત્મવ્યવહારમાં એની (જીવની) પર્યાય, અને મનુષ્યવ્યવહારમાં (હું) મનુષ્ય છું, દેવ છું એમ લેશે. મનુષ્ય વ્યવહારમાં- એ છું એ તો ઠીક! (પણ) એ છું એમાં રાગ- દ્વેષના પરિણામ (જે) કર્યા છે તેમાં તે ક્રિયાને (પોતાને) એકપણે માને છે. છાતીએ (વળગ્યાં છે) આહા..હા! **''કે જે સકળ અવિદ્યાઓનું એક મૂળ છે''** આહા...હા...! પર્યાયની દૃષ્ટિમાં (અજ્ઞાની) પર્યાય પકડી શકતો નથી તેથી તે અસમાનજાતીય (શરીર) એને પોતે પકડે- જાણે છે. એનું લક્ષ શરીર ઉપર જાય છે. અને તે શરીર મારું છે એવી જે બુદ્ધિ તે **'સકળ અવિદ્યાઓનું મૂળ છે!'** મહામિથ્યાત્વ અને અજ્ઞાનનું એ મૂળ છે. આહા..હા! સમજાય છે કાંઈ?

**''કે જે સકળ અવિદ્યાઓનું એક મૂળ છે તેનો-આશ્રય કરતા થકા''** શરીર ને હું બેય એક છીએ, હું મનુષ્ય છું; દેવ છું-એવી માન્યતા હોં! તેનો આશ્રય કરતા થકા **''યથોક્ત આત્મસ્વભાવની**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સંભાવના''** યથોકત એટલે યથાર્થ. જ્યાં વિસ્તારસામાન્ય ને આયતસામાન્ય (સ્વરૂપ) દ્રવ્ય કહ્યું તે એ યથોકત સ્વભાવ દ્રવ્યનો છે (શબ્દનો આશય છે). શું કહ્યું એ?

**''યથોકત આત્મસ્વભાવની સંભાવના''** યથાઉકત દ્રવ્ય જે કહ્યું જે અનંત સામાન્ય- વિસ્તાર સામાન્ય સમુદાય, આયતસામાન્ય સમુદાય (નો પિંડ)તે દ્રવ્ય. એ દ્રવ્યનો, એટલે દ્રવ્યનો આત્મસ્વભાવનો અનુભવ **''કરવાને નપુંસક હોવાથી''** આહા..હા! એ અસમાનજાતીય (દ્રવ્યપર્યાય) ઉપર દૃષ્ટિ પડીને એ (જ) મારું સ્વરૂપ છે. એમ માનીને અવિદ્યાનું મૂળ જે છે. એ આત્મસ્વભાવ જે કહ્યો -કે દ્રવ્ય-ગુણ-પર્યાય એના કીધા પણ (જે) દ્રવ્ય-ગુણ-પર્યાયનો પિંડ-આખો-અખંડ (છે) એવા જે દ્રવ્યસ્વભાવની વાત કરી હતી. યથોકત (એટલે) યથા ઉકત (અર્થાત્) યથાર્થ કહ્યું. **''આત્મસ્વભાવની સંભાવના''-** એવો જે આત્મસ્વભાવ (કહ્યો હતો)- અનંતગુણની અનંતીપર્યાયનું એકરૂપ તે દ્રવ્યસ્વભાવ આત્મસ્વભાવ તે વસ્તુ (છે). એની સંભાવના (એટલે) અનુભવ. સંભાવના ના ઘણા અર્થ (ફૂટનોટમાં) કર્યા છે. સંચેતન; અનુભવ; માન્યતા; આદર.

આહા...હા! ભગવાન આત્મા અનંત ગુણ વિસ્તાર સામાન્ય અને અનંત પર્યાય-લંબાઈ-આયત, એ દ્રવ્ય-વસ્તુ છે. વસ્તુ (જે છે) એ વસ્તુના સ્વભાવની સંભાવના- એ વસ્તુના સ્વભાવની માન્યતા-એ વસ્તુના સ્વભાવનું સંચેતન, જાગૃત એમાં, તેનો અનુભવ કરવો, એને પોતાનું માનવું-એમ કરવાને **'નપુંસક''** છે, કહે છે. આહા...હા! અરે, વીર્ય જે છે એનું અસમાનજાતીય ને પર્યાયબુદ્ધિમાં ત્યાં જતાં (એ વીર્ય ત્યાં રોકી દીધું છે) ને એને પોતાનું છે એવી માન્યતા (માં રોકાઈ ગયો છે) એ નપુંસક છે. એ વીર્ય ત્યાં રોકયું છે. એ રોકેલું વીર્ય તે વાસ્તવિક વીર્ય નથી. આહા...હા! એ નપુંસકતા છે ભાઈ! **(શ્રોતા:)** એ મહિનાના ઉપવાસ કરે ને! **(ઉત્તર:)** એ ગમે એ કરે ને.. ધંધા! ધંધા છોડીને બેઠા કલકત્તા માટે થઈ ગયું ! એનો દાખલો દઈએ! (બહારના ક્રિયાકાંડ કર્યા) પણ અંદરમાં... (યથાર્થ પરિણમન થવું જોઈએ), યથોકત દ્રવ્યસ્વભાવની (પર્યાય)- અનુભવની (પર્યાય) કરવાને અસમર્થ (હોવાથી) **''નપુંસક''** આ તો વીતરાગની વાતું છે બાપા! શું કહીએ! એના પૂરણ રહસ્ય તો સંતો જાણે; કેવળી જાણે!! હેં....! આહા...હા..હા!

(અહીંયાં) કહે છે: કે એવો પર્યાયબુદ્ધિ એટલે અસમાનજાતીય (દ્રવ્ય પર્યાય) નો આશ્રય કરતાં (અજ્ઞાન) છે. યથોકત આત્મસ્વભાવનો આશ્રય કરવો જોઈએ, આશ્રય કરવો કહો કે અનુભવ કરવો કહો (એકાર્થ છે). 'સંચેતન' એટલે જેવું આત્મદ્રવ્ય છે તેવું ચેતવું (કહો) કે અનુભવ કહો કે માન્યતા કહો કે આત્મસ્વભાવનો અનુભવ કહો (એ સર્વ એકાર્થ છે). એ અનુભવ કરવાને **''નપુંસક હોવાથી તેમાં જ બળ ધારણ કરે છે (અર્થાત્ તે અસમાનજાતીય દ્રવ્યપર્યાય પ્રત્યે જ જોરવાળા છે),''** આહા...હા! ગજબ વાત કરી છે ને!! એને (મુનિને) કંઈ પડી છે...!સમાજ સમતોલ રહેશે કે નહીં? સમાજને આ (વાત) બેસશે કે નહીં? (મુનિઓ તો વીતરાગીસ્વરૂપ છે!) બાપુ! મારગ આ છે ભાઈ! (માન કે ન માન ભગવાન છો!)

આહા...હા! ભગવાન આત્મા, પૂરણ સ્વભાવ-એનો જે અનુભવ ને એનો જ આશ્રય, એનું સંચેતન (એટલે) જાગવું (જાગૃતિ) એનો અભાવ જે છે તે નપુંસકતા છે (એમ) કહે છે. જે વીર્ય દ્રવ્યસ્વભાવને અવલંબીને, દ્રવ્ય-ત્રિકાળી-જ્ઞાયકનો અનુભવ કરે તે મરદ છે (મર્દ છે). તે મર્દનું વીર્ય છે. એ આત્માનું વીર્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. આહા...હા! આવી વાતું હવે. (ઓલી) ઈર્યાવહી, તસ્સ ઉત્તરીમાંથી (ક્રિયાકાંડમાંથી) નીકળીને આમાં (જ્ઞાનકાંડમાં) આવવું (કઠણ પડે છે લોકોને પણ) આ તો પરમ સત્ય છે પ્રભુ! જગત હારે મેળ ન ખાય એથી કંઈ (સત્ય) અસત્ય થઈ ન જાય! (આ વસ્તુસ્વરૂપ) પરમ સત્ય પ્રભુ! આવો જે ભગવાન આત્મસ્વભાવ- છે ભલે આત્મા દ્રવ્યગુણપર્યાયસ્વરૂપ-પણે એ દ્રવ્યસ્વભાવ છે (અખંડ, અભેદ) એનો જે અનુભવ કરવો જોઈએ, એ અનુભવ કરવાને એ (અજ્ઞાની) નપુંસક છે અને મનુષ્ય-દેહાદિ ઉપર લક્ષ કરીને, તેનો અનુભવ કરવાને ઉદાર છે એ નપુંસક છે. આહા...હા...હ! આવી વાતું છે! ઓહો..હો! દિગંબર સંતો (એ) ગજબ કામ કર્યાં છે!! કેવળીના (વિરહ), કેવળીને ભુલાવી દ્યે! પાંચમા આરામાં કેવળી નથી એને ભુલાવી દ્યે એવું કામ સંતોએ કર્યું છે!આહા...હા! એવી વાત (બીજે) ક્યાં છે? પ્રભુ!

આહા...હા! જેમાં ભવનો અંત આવે, એવી દૃષ્ટિ કરી નથી. આત્મસ્વભાવનો અનુભવ કર્યો નથી! ભગવાન પૂર્ણાનંદ જ્ઞાયક (છે). (એનો અનુભવ કરવાને નપુંસક હોવાથી અજ્ઞાની દેહાધ્યાસમાં જ બળ ધારણ કરે છે) ઓલું આવ્યું ને...! ('સમયસાર' ગાથા-૧૫૬) ''વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે, પણ કર્મક્ષયનું વિધાન તો પરમાર્થ-આશ્રિત સંતને''- ત્યાં એમ કહ્યું (કે:) વિદ્વાનો નિશ્ચય છોડીને, વ્યવહારમાં વર્તે છે. (અને) 'નિયમસારમાં' શ્લોક-૯૮ છે એ ગાથા-૪૧નો છે. (તેમાં કહે છે કે એ આત્મસ્વભાવ આગળ વિદ્વાનોનો સમુદાય ઢળી પડે છે). શું કહ્યું? ('નિયમસાર') ૪૧મી ગાથામાં એમ કીધું છે ક્ષાયિકભાવ પણ જીવમાં નથી. **(શ્રોતા:)** ત્રિકાળી જીવમાં નથી...! **(ઉત્તર:)** હા, એથી એ ગાથામાં આમ નાખ્યું (છે). ઓલા કળશ-૯૮ (માં કહ્યું કે) જેનામાં ક્ષાયિકભાવ નથી (એવો) આત્મસ્વભાવ જો! આહા...હા! આત્મ દ્રવ્યસ્વભાવમાં ઉદયભાવ તો નથી, ઉપશમ તો નથી, ક્ષયોપશમ તો નથી, પણ ક્ષાયિકભાવ નથી. (એ ચાર ભાવ રહિત) જે આત્મદ્રવ્યસ્વભાવ (છે). એને વિદ્વાનો પંચમગતિની પ્રાપ્તિ માટે (એ) પંચમ ભાવને સ્મરે છે. આને વિદ્વાન કીધા... હેં! આહા...હા! ઓલામાં ('સમયસાર' ગાથા-૧૫૬માં) વિદ્વાન એને કીધા (કે:) શાસ્ત્રબુદ્ધિમાં રચ્યા-પચ્યા રહ્યા- વ્યવહારમાં રચ્યાપચ્યા રહ્યા (અને) નિશ્ચય પડ્યો રહ્યો. (એટલે કે આત્માનો અનુભવ કર્યો નહીં માત્ર શાસ્ત્રાભ્યાસ કર્યો). **(શ્રોતા:)** બે જાતના વિદ્વાન કહ્યા....! **(ઉત્તર:)** બે જાતના (કહ્યા). છે ને...? નિયમસારમાં! ઓલું તો આપણે આવી ગયું છે 'સમયસાર'માં વ્યવહાર અભૂતાર્થ છે. (અહીંયાં) આ તો ('નિયમસાર') ૪૧મી (ગાથા) છે ને...! (તેમાં) મૂળ તો કહેવું છે કે ક્ષાયિકભાવ આત્મામાં નથી!! તેથી એમ કહ્યું ('નિયમસાર' શ્લોકાર્થ-૫૮.) **'(જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યરૂપ) પાંચ આચારોથી યુકત અને કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત એવા વિદ્વાનો પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે**-એ (પૂર્ણ) સાધ્ય લીધું અને ધ્યેય **પંચમભાવને સ્મરે છે.''** આહા...હા! ક્ષાયિકભાવ પણ જેમાં નથી! આહા! એવો ચેતનપિંડ, ચેતનદળ, અતીન્દ્રિય આનંદગુણ-ગુણીનું એકરૂપ પ્રભુ ભગવંત! જિન સ્વરૂપ ભગવાન આત્મા (ને) એ પંચમગતિને માટે, વિદ્વાનો આવા પંચમ ભાવને યાદ (સ્મરણ) કરે છે. પંચમભાવને અનુભવે છે. કારણકે ઉપરમાં (ટીકામાં) કહી ગયાને...! 'ચાર ભાવો આવરણસંયુકત' છે. (ક્ષાયિકાદિ) ચાર ભાવો આવરણસંયુકત છે. એમ કહ્યું છે. (આવરણ) સંયુકત (કહ્યું) એટલે ક્ષાયિક(ભાવ)માં પણ કર્મના અભાવની અપેક્ષા આવે છે ને..! પંચમભાવ- સ્વભાવભાવ છે એને કોઈ અપેક્ષા જ છે નહીં (એ તો નિરપેક્ષ ભાવ છે) એવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્રિકાળી, આનંદકંદ પ્રભુ, દ્રવ્યસ્વભાવ, જ્ઞાયક સ્વભાવ, ધ્રુવસ્વભાવ, ભૂતાર્થસ્વભાવ (છે!) આહા...હા! જેને કર્મના (સદ્ભાવના) નિમિત્તની કે અભાવના નિમિત્તની પણ અપેક્ષા નથી. ક્ષાયિકભાવમાં તો નિમિત્તના (કર્મના) અભાવની અપેક્ષા નથી. ક્ષાયિકભાવમાં તો નિમિત્તના (કર્મના) અભાવની અપેક્ષા આવી. અહીંયાં કેવું છે તો ઈ કે એક કોર વિદ્વજ્જનો-વિદ્વાનો નિશ્ચયને છોડીને, વ્યવહારમાં વર્તે છે તે મિથ્યાદૃષ્ટિ છે અને (બીજી કોર) વિદ્વાનો પંચમગતિ માટે પંચમ ભાવ- જે ધ્રુવ (ભાવ)ને અનુભવે છે તે વિદ્વાન સાચા છે. આહા...હા! આવી વાતું (તત્ત્વની) છે! (આ વાત) બેસે બાપુ હો! એ તો આત્મા છે ને નાથ! આત્મા અંદર! એટલે ન સમજાય એમ, એ વાત ન લેવી. એ આડ ન નાખવી એમાં..આહા...હા!

ભગવાન આત્મા (નો અનુભવ કરવાને) પાંચમી ગાથામાં ('સમયસાર'માં) કુંદકુંદાચાર્યે કહ્યું ને..! **''जदि दाएज्ज''**- દેખાડીશ. **''(तं) एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण''** એક શબ્દમાં दाएहं પહેલું કહ્યું પણ કદાચ બહાર રહ્યું કહેવાનું કાંઈ (તોપણ) પ્રમાણ કરજે. સ્વભાવનો અનુભવ કરજે. કહે છે **पम्माणं** આહા..હા! ત્રિકાળી દ્રવ્ય-સ્વભાવનો અનુભવ કરજે. એમ કહે છે **'पम्माणं'** કહીને, હા પાડીને એકલા ત્યાં ને ત્યાં ઊભો રહીશ નહીં, (એટલે) એકલા મનસહિતના જ્ઞાનમાં અટકીશ નહીં) આહા...હા! પંચમઆરાના સંત, પંચમઆરાના જીવને, આટલી મોટી વાત કરે છે! બાપુ! એ મોટપ તારી કેવડી છે એને કાળ નડતો નથી ભાઈ! જેમાં ક્ષાયિકભાવ નથી પછી કયો પ્રશ્ન લેવો છે તારે ! આહા...હા...હા! પરમ અમૃતનો સાગર! અંદર પૂરણ ભર્યો પડયો (ધ્રુવ) છે! અતીન્દ્રિય ગુણનો સાગર, પૂરણ...પૂરણ.પુરણ.. અનાદિથી પૂરણ એ પ્રભુ અનાદિથી પૂરણ જ છે!! જેને આવરણ નથી, જેનામાં ઓછપ નથી, જેમાં વિપરીતતા નથી. (વળી) નિરાવરણ છે, અવિપરીત છે અને પૂરણ છે. આહા...હા! એવો જે દ્રવ્યસ્વભાવ (છે). અહીંયાં યથોકત આત્મસ્વભાવ કીધો છે ને....! આત્મસ્વભાવ તો પહેલો એ ગણ્યો હતો કે વિસ્તારસામાન્યસમુદાય અને આયતસામાન્ય-સમુદાય-પણ વસ્તુ શું છે, એ બધું થઈને દ્રવ્ય છે એ. દ્રવ્ય ઉપર દૃષ્ટિ નાખ, ભલે વિસ્તાર સામાન્ય સમદાય-અનંત ગુણો છે, આયતસામાન્યસમુદાય- અનંતપર્યાયો છે, પણ એનું ગુણોનું રૂપ તો ધ્રુવ (એકરૂપ) છે! આહા...હા! એવો જે ધ્રુવ આત્મા જે કીધો હતો (તેનો આશ્રય કર) એમ કહીને (સદ્ગુરુ ચેતવે છે). પ્રભુ, તને આ અવતાર મનુષ્યના મળ્યા ભાઈ! (આમાં સ્વનો આશ્રય નહીં કર તો) આ (મનુષ્યભવ) ખોવાઈ જશે! ત્યાં કયાં જઈશ ભાઈ! આહા...! તારો પત્તો નહીં લાગે બાપા! (આ વાત) દુનિયામાં કઠણ પડે! દુનિયા બીજી ન માને, એકાંત કહે, તો પણ છોડી દે હઠ (અને આ વાત સ્વીકાર ને બીજું બધું છોડીને એક સ્વદ્રવ્યનો આશ્રય કર!) એકલો દ્રવ્યસ્વભાવ (ગ્રહણ કર.) આ પુણ્યથી ધર્મ થાય એ ભલે કહે. (એ તો અજ્ઞાનીઓ કહ્યા કરે!)

આહા...હા! વસ્તુ, દ્રવ્ય-ગુણ- પર્યાય (ત્રણ ભેદવાળી) છે, છતાં આશ્રય કરવા લાયક તો (અભેદ) દ્રવ્યસ્વભાવ છે. જે ગુણને પર્યાયનો પિંડ કીધો'તો (તે) દ્રવ્ય (છે). આ 'જ્ઞેય અધિકાર' છે (તો) દ્રવ્ય જે 'જ્ઞેય' પૂરું (પૂર્ણ) છે, એ તો અનંતગુણ ને અનંતીપર્યાયનું- બેયનું એકરૂપ તે દ્રવ્ય છે. (એ સ્વદ્રવ્યને જ્ઞેય બનાવો). **'એવો જે યથોકત આત્મસ્વભાવ''** કહ્યો હતો તે (સ્વજ્ઞેય છે). હિન્દીમાં? હિન્દી કરતાં ગુજરાતીમાં સ્પષ્ટ (ભાવ) આવે, કાલે એટલું બધું સ્પષ્ટ નહોતું આવ્યું ભાષાફેર છે ને...! એટલે. આહા...હા! **'યથોકત'** યથા કહેલ...છે? (ફૂટનોટમાં અર્થ જુઓ) પૂર્વ ગાથામાં કહ્યો તેવો. આત્મસ્વભાવ તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંતગુણસામાન્યવિસ્તાર અને તેની અનંતીપર્યાયો- તેનું એકરૂપ તે દ્રવ્ય છે. એ **'યથોક્ત'** કહેલો જે આત્મસ્વભાવ (છે). તેની **'સંભાવના'** (એટલે) ચેતવું- જાણવું, તેનો અનુભવ કરવો, તેને માનવું (તેનો આદર-સત્કાર કરવો) **'એવું કરવાને'** જેની દૃષ્ટિ પર્યાયબુદ્ધિને અસમાનજાતીય (દ્રવ્યપર્યાય-શરીર) ઉપર છે એ **'નપુંસક હોવાથી'** આહા..હા! આચાર્યો તો! (આવું કરુણાજનક કહી શકે!) આહા...હા...હા! **(શ્રોતા:)** આમ તો ખાલી શરીર જ દેખાય છે ને...! **(ઉત્તર:)** દેખાય છે, પણ દેખનારો કોણ છે? દેખનારો દેખાય છે તેમાં નથી. પર દેખાય છે તેમાં દેખનારો નથી. દેખનારો દેખાય (દેખવાની પર્યાય) દેખે છે તેમાં છે, જાણનારો જાણનારમાં છે. જાણનારો દેહને જાણે છે તેમાં એ નથી!! આહા...હા! આવું આકરું (કામ) છે! લોકોને આકરું પડે! અભ્યાસ નહીં, અને એક બીજી રીતે સંપ્રદાય ચલાવ્યા. આવું મૂળતત્ત્વ હતું એ રહી ગયું! વીતરાગ સર્વજ્ઞ એમાં દિગંબર મુનિઓએ તો ગજબ કામ કર્યા બાપા!! કેવળીના વિરહમાં, કેવળજ્ઞાન પ્રાપ્ત કેમ થાય? એનો ઉપાય બતાવ્યો છે. (વીતરાગી કરુણાથી કહે છે) તને કેવળજ્ઞાન કેમ થાય? કેવળી ભગવાન નથી અત્યારે અહીયાં (આ ક્ષેત્રે) (પણ), પ્રભુ! દ્રવ્યસ્વભાવ કીધો ને તને! એ વિસ્તારસામાન્યસમુદાય દ્રવ્ય; આયતસામાન્યસમુદાય દ્રવ્ય-એ બે થઈને એક જ છે હો! બે દ્રવ્ય નથી. (તેનો આશ્રય લે). એવો જે દ્રવ્યસ્વભાવ (તેની) **'સંભાવના કરવાને નપુંસક હોવાથી તેમાં જ બળ ધારણ કરે છે.''** આહા...હા! (અજ્ઞાની માને છે કે) શરીર તે હું (છું) (વળી) એવી પરદ્રવ્યપર્યાયમાં બળ-વીર્ય ધારણ કરે છે. તેથી તેને નપુંસક કહેવામાં આવ્યો છે. આહા...હા!

(કહે છે કે:) જે વીર્ય, સ્વભાવની રચના ને સ્વભાવની દૃષ્ટિ કરતાં, રચનાનું જે કાર્ય કરે-તે વીર્ય, જેમાં નથી અને એ બળ-વીર્ય અસમાનજાતીય (શરીરમાં) જોડાણું એને અહીયાં નપુંસક વીર્ય કીધું! પ્રભુ! આહા..હા! થોડામાં ઘણું સંતોએ તો (કહ્યું છે) હજી તો હજાર વર્ષ પહેલાં (મુનિરાજ) થયા તેની આ વાત છે. ટીકા એની છે. ભગવાનને (મહાવીર ભગવાનને) તો પચીસો વર્ષ થયાં, ભગવાન મોક્ષ પધાર્યા (તેને) પચીસો વર્ષ થયાં. આ તો, હજાર વર્ષ (પહેલાં) થયા સંત મહામુનિ! (આ) ભરતક્ષેત્રમાં વિચરતા હતા! એ અમૃતચંદ્રાચાર્ય પ્રભુ! એમ કહે છે પ્રભુ! તને આત્મદ્રવ્ય તો બતાવ્યું (ગાથા) ૯૩માં. એ દ્રવ્યના સ્વભાવનો અનુભવ કરવાને નપુંસક- એનો અનુભવ કરવાને નાલાયક- (એવા મૂઢે) અસમાનજાતીય (દ્રવ્યપર્યાય) એટલે શરીર એમાં તારું બળ ત્યાં જોડી દીધું એણે! આહા...હા! એ એક મારવાડી આવ્યો' તો ને...! એ મારવાડી પંડિત હતો, કાંઈ બેસે નહીં વાત. એ એમ કહે કે: મનુષ્યભવ હોય તો કેવળજ્ઞાન થાય, બીજા ભવમાં થાય છે કયાંય? ચાર ગતિમાં ? મનુષ્યભવ હોય તો કેવળજ્ઞાન થાય તો મનુષ્યભવ સાધન છે ને? અરે! પ્રભુ, તું શું કહે છે આ! **(શ્રોતા:)** મનુષ્યભવમાં સુખેથી પ્રાપ્ત થાય..! **(ઉત્તર:)** સ્વભાવ (ગ્રહણ કરતાં) એનો અભાવ થઈ જાય છે, એનો અભાવ કરવો પડતો નથી. દ્રવ્યસ્વભાવ આવો જે છે સામાન્યવિસ્તારસમુદાય (ગુણોનું એકરૂપ) દ્રવ્ય-એનો દૃષ્ટિમાં ને અનુભવ કરતાં અસમાનજાતીય (શરીર)ની એકતા બુદ્ધિ ત્યાં તૂટી જાય છે. આહા...હા...હા!

'અબ હમ અમર ભયે ન મરેંગે' આવે છે ને..! છે આનંદ ઘનજીનું! આપણે આમાં (બ્રહ્મવિલાસમાં) નાખ્યું છે પંડિતજીએ! 'યા કારણ મિથ્યાત્વ દિયો તજ,અબ હમ અમર ભયે ન મરેંગે-યા કારણ મિથ્યાત્વ દિયો તજ, કયું કર ભવ ધારણ કરેંગે-અબ હમ ભવ ધારણ કરેંગે નહીં. આહા..હા! એ કંઈ જોડતા નથી!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**(શ્રોતા:)** શ્વેતાંબરના શાસ્ત્રો સાચા માને તો તો મિથ્યાત્વ થઈ જાયને...! **(ઉત્તર:)** કોણે કીધું ? આનંદઘનજીએ. આનંદઘનજીની વાત નથી. આ તો બીજા આપણા પંડિતની વાત કરી હતી. એ આનંદઘનજીના શબ્દો છે પણ આપણે આમાં છે. શું કહેવાય છે એ? 'બ્રહ્મવિલાસ'માં છે. દિગંબરના પંડિતમાં આ (પદ) છે. મારે ઈ કહેવું છે મારે. આનંદઘનજીના શબ્દો લીધા છે પણ પંડિતે (પદની રચના), કરી છે ભાઈ! 'અબ હમ અમર ભયે ન મરેંગે, યા કારણ મિથ્યાત્વ દિયો તજ, કયું કર દેહ ધરેંગે? કયું કર દેહ ધરેંગે? આહા...હા! અબધૂ! અબ હમ અમર ભયે ન મરેંગે' અમરવસ્તુ જયાં અનુભવે કે ત્યાં અમર થઈ ગ્યા' અમે તો આહા..હા...હા!

(કહે છે) ભગવાન દ્રવ્યસ્વભાવ જે ત્રિકાળ છે. જ્ઞાયકભાવને જયાં પકડયો અને અનુભવ્યો, માન્યો અને તે તું તો છો ને (એમ અનુભવીને) જગાડયો. (અનાદિથી) રાગ ને અસમાનજાતીયમાં સૂતો છો ને ! જગાડયો. જાગૃત થયો ભગવાન આત્મા. એને હવે ભવ નથી. એક-બે ભવ હોય ઈ તો જ્ઞાનના જ્ઞેય છે. આહા...હા...હા!!

અહીંયાં કહે છે (કે:) એ ભાવના કરવાને અસમર્થ (એવા અજ્ઞાની) તેમાં જ બળ ધારણ કરે છે. શેમાં? અસમાનજાતીય જે શરીર છે, એ હું છું એમાં (શરીરમાં સાથે રહેનારો) હું આત્મદ્રવ્ય છું આ બાજુ- આવો હું છું - એવી એને દૃષ્ટિ નથી. તેથી એ આ (શરીર) હું છું એવી દૃષ્ટિ એને થઈ છે. પર્યાય જેટલો છું એમ નહીં પણ એ શરીર (જ) હું છું એમ દૃષ્ટિ થઈ ગઈ છે. અહા...હા! (તેથી અજ્ઞાની-મૂઢ) **"તેમાં જ બળ ધારણ કરે છે (અર્થાત્ તે અસમાનજાતીય દ્રવ્યપર્યાય પ્રત્યે જ જોરવાળા છે,"** ઓલામાં આવે છે ને...! 'પુરુષાર્થસિદ્ધિ (ઉપાય) **'शरीरमाद्यं खलु धर्मसाधनम्'** એ તો નિમિત્તના કથનની વાત છે. શરીરાદિ સાધન કેવાં...? જયાં દયા, દાન વ્રત, ભક્તિ ભગવાનની એ ભાવ પણ સાધન નથી. આહા...હા...હા! અરે, આવી વાત કયાં મળે પ્રભુ! આવો મનુષ્યદેહ (મળ્યો છે) અને એમાં પણ મનુષ્યમાં જૈનપણું મળ્યું, એમાં આ (વીતરાગની) વાણી સાંભળવાનો જોગ, એ કાંઈ ઓછી વાત છે પ્રભુ! ઓહો....હો...હો! અરે! બિચારા કયાંના કયાં પડયા છે કેટલાય (બિચારા જીવો!) અહા...હા...હા! અત્યારે તો એવું બધું (હિંસાનું વાતાવરણ ચાલે છે). કલાસમાં (ભણવા) છોકરા આવે ઈંડાં આપો. (છાપામાં) મોટો લેખ આવે છે! કલાસમાં છોકરાંવને ઈંડાં આપો. અરે અરે! આ! (સમાજ). કયાં ગયા? ઈંડાંને ખવરાવો, આમ કરો. હવે એને આ વાત સાંભળવા મળે નહીં. (બિચારા કયાંથી ધર્મ પામે ?).

(કહે છે કે) પોતાના સ્વભાવનો અનુભવ કરવાને નપુંસક અને અસમાનજાતીય (દ્રવ્યપર્યાયમાં) સર્વ બળ જોડવાથી (એકાંતદૃષ્ટિવાળા છે) કીધું ને ત્યાં? **"તેમાં જ બળ ધારણ કરે છે' (અર્થાત્ તે અસમાનજાતીય દ્રવ્યપર્યાય પ્રત્યે જ જોરવાળા છે."** આહા...હા! (તેને) બળવાળા કહ્યા! અસમાનજાતીયને પોતાની માનવાવાળા બળવાળા છે! (પણ) ઊંધા. અહા...હા...હા..હા! **"તેઓ- જેમને નિરર્ગળ એકાંત દૃષ્ટિ ઊછળે છે એવા"**-છે? નિરર્ગળ એટલે (ફૂટનોટમાં જુઓ અંકુશ વિનાની, બેહદ). (જેઓ મનુષ્યાદિપર્યાયમાં લીન છે, તેમને બેહદ એકાંતદૃષ્ટિ ઊછળે છે. આ એકાંતદૃષ્ટિ થઈ. જોયું? (વળી) આ સ્વભાવ સમજયો અને વિભાવ-મનુષ્યપણું મારામાં નથી (મારું એ સ્વરૂપ નથી, મારો સ્વભાવ નથી) એ અનેકાંત દૃષ્ટિ છે. આહા...હા..હા! શ્રીમદે (શ્રીમદ્રાજચંદ્રે) કહ્યું ને...! (પત્રાંક નં-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૭૦૨) ''અનેકાંતિકમાર્ગ સમ્યંક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી..... આ બાજુ (આત્મામાં) ઢળ્યા વિના, અનેકાંતપણું સાચું નહીં થાય.'' (આ એક લીટી ઉપર વ્યાખ્યાન) આપ્યું છે ને...! તે દી' એક કલાક વ્યાખ્યાન આપ્યું' તું વવાણિયામાં. બાપુ! અનેકાંત અને (સમ્યક્) એકાંત (કહેવાય છે પણ) અનેકાંતમાં- (એટલે) સમ્યક્ એકાંત એવા (નિજ) દ્રવ્યસ્વભાવ તરફ ઢળ્યા વિના અનેકાંતનું સાચું જ્ઞાન નહીં થાય. આહા...હા...હા!! અંતરમાં દ્રવ્યસ્વભાવ તરફ ઝૂકયા વિના, રાગ છે પર્યાયમાં પણ એનું વ્યવહારનું જ્ઞાન પણ યથાર્થ નહીં થાય. ઈ તો ('સમયસાર') બારમી ગાથામાં આવી ગયું ને...! ('વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે) એના પણ અર્થ ઊંધા કરે છે! વ્યવહાર સંભાળો! એવો અર્થ કરે છે (દિગંબર સાધુએ) એવો અર્થ કર્યો છે! વ્યવહાર-વ્યવહાર પ્રયોજન (કીધું છે) એટલે વ્યવહારને સંભાળો. અરે! સંભાળવાની વાત નથી (કરી) પ્રભુ! એ તો તે સમયે પર્યાય હીણી અને શુદ્ધતાની પૂર્ણતા નથી તેને તે કાળે તે જ્ઞાન જાણે છે. તે જ્ઞાનનો પર્યાય તે કાળે તેવો જ હોય. એ એની (જ્ઞાનીની) દશા છે એનું વર્ણન કર્યું છે. જાણવા માટે છે. એને ઠેકાણે ન્યાંથી ઉપાડે છે પહેલો પ્રશ્ન લાવ્યા છે ને...! વઢવાણનો એક છોકરો હુશિયાર હતો પહેલો (પ્રશ્ન) એ લાવ્યો' તો. બારમી ગાથામાં આમ કહ્યું છે. (કહ્યું) હવે તમારે.. સ્થાનકવાસીને કયાં? (નિશ્ચય-વ્યવહાર છે?) અહા... હા! આવી (વાતું) બારમી ગાથામાં આમ કીધું છે. 'વ્યવહાર પ્રયોજનવાન છે' પ્રશ્ન ન્યાંથી જ ઉપાડ્યો છે ભાઈ..! ૯૪માં આવ્યા ને...' (સાલ) ૯૪માં. તે મકાનમાંથી આંહી આવ્યા. ૯૪ની વાત છે. (એ છોકરાએ જે વાત કરી હતી) હવે ઈની ઈ વાત અત્યારે દિગંબરના પંડિતો કરે છે! જુઓ! બારમી ગાથામાં વ્યવહાર પ્રયોજનવાન (કહ્યો છે). તે પોતાના સ્થાનમાં પ્રયોજનવાન છે. પ્રયોજનવાન એટલે શું પણ? એ જાણવા લાયક છે અને ઈ વસ્તુ છે પર્યાયમાં અશુદ્ધતા આદિ પર્યાયમાં છે એને જાણે બસ! તે વખતે-તે કાળે, તે તે સમયની જે પર્યાય છે, તેને તે તે કાળે તે જ્ઞાન જાણે. બીજે સમયે તેમાં થોડી અશુદ્ધતા ઘટી ને શુદ્ધતા વધી તો તેને તે (કાળે) તે (જ્ઞાન) જાણે.-જાણવાનું પ્રયોજન છે. આદરવા લાયક (છે) એ વાત છે નહીં. હવે આનો (બારમી ગાથાનો) એ અર્થ ઈ કરે અને ઓલો ઈ અર્થ કરે 'પુણ્યફલા અરિહંતા:' આ હા...હા! ગજબ કરે છે ને...! (પંડિતો એવો અર્થ કરે છે કે) પુણ્યનું ફળ અરિહંત (પદ) મળે છે. અહીં તો કહે છે ઈ વાત ત્યાં કરી (છે)? ત્યાં તો પાઠ એવો છે.: પુણ્યફળ આત્માને અત્યંત અહિતકર છે, એમ લીધું છે પાઠ (માં છે) ટીકામાં, તો હવે ટીકા જોતા નથી. પહેલાં શબ્દને (પકડી રાખે છે) ને પછી ટીકા કાઢીને પોતે ટીકા કરે છે એની (અને સમજયા વિના અર્થ કરે છે કે) પુણ્યના ફળથી અરિહંત (પદ) મળે છે. (પુણ્યફલા અરિહંતા:) (ત્યાં તો અર્થ એ છે કે) એ તો એમને (તીર્થંકરને) વાણીની- હાલવાની- બોલવાની (રિદ્ધિ છે) એ બધું ફળ, પુણ્યનું ફળ છે.-એમ બતાવવું છે. અરિહંતપદ થયું છે એ કંઈ પુણ્યના ફળથી થયું છે એ પ્રશ્ન છે જ નહીં ત્યાં. આહા...હા! હવે આવા (ઊલટા) અર્થ કરે એને પ્રભુ કહેવું શું? **(શ્રોતા:)** એવા ઊંધા અર્થ કરનારા હોય જ છે...! **(ઉત્તર:)** હોય છે. અહીયાં (કહે છે) સંસાર અનાદિ (અનંત) રહેશે. આસ્રવને બંધને (ધર્મ) માનનારા રહેશે નહીં (તો) સંસાર રહેશે નહીં. જે મુક્તિમાં ગયા એવા અનંતસિદ્ધો કરતાં સંસારીની સંખ્યા અનંતી રહેશે.આહા...હા! મુક્તિમાં (ગયા) તેની સંખ્યા કરતાં, અથવા મોક્ષમાર્ગના જીવની સંખ્યા કરતાં, સંસારમાર્ગમાં જીવની સંખ્યા અનંત...અનંત...અનંત સદાય રહેશે! આહા...હા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અહીંયાં કહે છે કે:) **''જેમને નિરર્ગળ''**- અંકુશ વિનાની, બેહદ- હદ વિનાની મનુષ્ય આદિ પર્યાયો જે છે (તેમાં) બેહદ **''એકાંતદૃષ્ટિ ઊછળે છે''** જુઓ! આ મનુષ્યપણું હું છું મનુષ્ય (પણા)થી મને લાભ થાય, એ દૃષ્ટિને (અભિપ્રાયને) એકાંતદૃષ્ટિ- મિથ્યાદૃષ્ટિ કીધી છે. હવે આ લોકો-એ પંડિત તેદી' આવ્યો હતો ઈ (માન્યતા લઈને બેઠા છે કે) મનુષ્યપણું હોય તો કેવળજ્ઞાન થાય! અરે પ્રભુ..! સાંભળ ને! (તે કહે છે) વજનારાચસંઘયણ (સંહનન) હોય તો, કેવળજ્ઞાન થાય..! અરે ભાઈ એમ નથી બાપુ! કેવળ જ્ઞાનની પર્યાય, મોક્ષમાર્ગની પર્યાયથી પણ થતી નથી. એ તો ત્રિકાળી (આત્મ) દ્રવ્યમાં એવી અનંતી, એવી શક્તિઓ છે, એમાં એકાગ્ર થાય છે (તો) પર્યાયમાં કેવળજ્ઞાન થાય છે.આહા...હા...હા!! એ દ્રવ્ય સ્વભાવની ભાવનામાંથી કેવળજ્ઞાન થાય છે. પૂર્વનો મોક્ષમાર્ગ છે એનાથી પણ નહીં કારણકે પૂર્વની મોક્ષમાર્ગની (પર્યાય) તો વ્યય થઈ જાય છે. અને ઉત્પાદ, ઉત્પાદમાંથી આવે, વ્યયમાંથી ઉત્પાદ ક્યાંથી આવે? (ન આવે) આહા...હા! એ મોક્ષની પર્યાય-કેવળજ્ઞાનની, દ્રવ્યસ્વભાવનો અનુભવ કરતાં-અંતર એકાગ્ર થતાં, તે (પર્યાય) આવે છે. નથી એને મનુષ્યપણાની જરૂર, નથી એને વજ્રનારાચસંહનનની જરૂર, નથી એને કર્મ, અકર્મરૂપે પરિણમે (એની જરૂર). કર્મ જે જ્ઞાનાવરણીય (આદિ) છે તે અકર્મરૂપે પરિણમે તો (કેવળ જ્ઞાન) થાય એમ પણ નથી. આહા...હા...હા! ભગવાન આત્મામાં, સર્વજ્ઞ જિનેશ્વરદેવ (ત્રિલોકનાથે જાણ્યું છે કે) પરમપદાર્થ, અનંત-અનંત ગુણનો ધ્રુવધાતુ (છે). જેણે ધારી રાખ્યું છે જ્ઞાયકપણું, અનંતગુણને જેણે ધારી રાખ્યા છે. એ ચૈતન્યધાતુ (સ્વરૂપ દ્રવ્યસ્વભાવ) તેનો આશ્રય કરવાને નપુંસક અને અસમાનજાતીય દ્રવ્યપર્યાયમાં બળ ધારણ કરવાને જોરવાળો (મૂઢ-અજ્ઞાની) છે તેથી **''એકાંતદૃષ્ટિ ઊછળે છે''** (એમ) કહે છે. એ મિથ્યાદૃષ્ટિ છે. આહા...હા!

(વળી) ત્યારે એમ (કોઈ કહે કે) અનેકાંત કરવું હોય તો સ્વભાવને આશ્રયે થાય અને આનાથી (વ્યવહારથી) પણ થાય એનું નામ અનેકાંત તો એમ નથી. એમ અનેકાંતનું સ્વરૂપ નથી. અનેકાંતમાં સમ્યક્ એકાંત જયારે થાય છે ત્યારે પર્યાયનું જ્ઞાન કરે (દ્રવ્ય એકલાનો આશ્રય કરે) એનું નામ અનેકાંત (છે). આહા..હા! શું થાય ભાઈ! વાસ્તવિક પરમાત્મા! કેવળજ્ઞાનના વિરહ પડયા! સંતોની વાણી આવી, તે આવી તે (આવા શાસ્ત્રમાં) રહી ગઈ! આહા...હા..!

(અહીંયાં કહે છે) **જેમને નિરર્ગળ એકાંતદૃષ્ટિ ઊછળે છે એવા-આ હું મનુષ્ય જ છું, મારું જ આ મનુષ્ય શરીર છે એમ અહંકાર-મમકાર વડે ઠગાતા થકા.** - આહા...હા! આ હું મનુષ્ય જ છું (એટલે) ગતિ અંદર મારું જ આ મનુષ્ય શરીર છે. (સદ્ગુરુએ) આત્મા કહ્યો નથી? (કહ્યો છે). જીવને શરીર ત્રણ હોય, ચાર હોય, પાંચ હોય એમ નથી કહ્યું? (કહ્યું તો છે (સંસારી) આત્માને ત્રણ શરીર તો હોય જ તે. તૈજસ, કાર્માણને ઔદારિક. વૈક્રયિક હોય તો વૈક્રયિક તૈજસને કાર્માણ. અને આહારક હોય તો વળી એને ચાર થઈ જાય. વૈક્રયિક કરવાની શક્તિ એને હોય તો વળી પાંચ (શરીર) થઈ જાય છે! આહા...હા! (અજ્ઞાની માને છે કે) જીવને શરીર હોય, જડને હોય? એમ વાત કરી છે. અહીંયાં કહે છે કે જડમાં જડને હોય, જીવને જડ હોય જ નહીં, આહા..હા! **આ હું મનુષ્ય જ છું** એથી **''આ મારું જ આ મનુષ્યશરીર છે''**-હું મનુષ્ય છું ને મારું આ શરીર છે **એમ અહંકાર** (હુંપણું) **મમકાર** (મારાપણું) એ (અભિપ્રાય) **''વડે ઠગાતા થકા''** ઠગાય છે ભાઈ! આહા...હા!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અહીંયાં) એક (મારવાડી) પંડિત એમ કહેતા'તા. 'મનુષ્યપણું હોય તો કેવળ (જ્ઞાન) થાય. વજનારાચસંહનન હોય તો કેવળ થાય. મનુષ્યભવ હોય તો થાય કાંઈ બીજી ગતિમાં થાય છે? વજનારાચ-સંઘયણ હોય તો કેવળ થાય, બીજા પાંચ (સંઘયણ) હોય તો થાય છે કદી? (માટે) સંઘયણ કારણ છે. આહા...હા! લાકડા છે ઊંધા! **(શ્રોતા:)** (નિમિત્ત) ઉપર જોર આપે છે. **(ઉત્તર:)** હેં...! જોર આપે છે. આહા...હા!

(અહીયાં આપણે કહે છે કે:) **''અહંકાર-મમકાર વડે''** ઠગાય છે. **''અચલિત ચેતના-વિલાસ માત્ર આત્મવ્યવહારથી ચ્યુત થઈને''.** ચળે નહીં એવો ચેતનાવિલાસ-આત્મ વિલાસ. આત્મા છે એ તો નિશ્ચયત્રિકાળ (છે). એનો વ્યવહાર જે છે સમ્ગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય એ આત્મવ્યવહાર છે. પર્યાય છે ને...! (માટે વ્યવહાર) ભગવાન ત્રિકાળી દ્રવ્યસ્વભાવ, એનો આશ્રય લેતાં જે પર્યાય થાય-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એ પર્યાય છે (માટે વ્યવહાર) દ્રવ્ય છે તે તો ત્રિકાળી છે (એ નિશ્ચય) એ તો ત્રિકાળ ઉપર દૃષ્ટિ પડતાં પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવે છે. એ આત્માનો વ્યવહાર છે. આહા...હા...હા! આ વ્યવહારવાળા (વ્યવહારના પક્ષવાળા) કહે છે ને? (સોનગઢ વ્યવહારને ઉડાડે છે) પણ આ વ્યવહાર નથી? આ તો આ વ્યવહાર-દયા, દાન, ભક્તિ, પૂજાનો ભાવ એ વ્યવહાર (તે કહે છે) તો આ વ્યવહાર નથી બાપા! આ સદ્દ્ભૂત વ્યવહાર છે. ઓલો તો અસદ્દ્ભૂત વ્યવહાર છે. એ સદ્દ્ભૂત વ્યવહાર છે (કારણ કે) પોતાની પર્યાય છે ને...? આવી વાતું..!! આહા...હા..!

આહા...હા..! ઋષભદેવ ભગવાનના વખતમાં સાધુ જયાં ઊંધુ કરવા માંડયા તો દેવે આવીને રોકયા. ગજબ વાત છે ને! કાળ એવો હતો! દેવ આવીને (કહે) નગ્નપણું રાખીને જો આ કંઈ કરશો બીજી ચીજ-સદોષ આહાર (આદિ વર્તન) તો એને માટે દંડ કરશું. બીજે કરો. નગ્નપણું છોડીને (સાધુનો વેશ છોડીને) આહા...હા! દેવો આવતા (સાધુ) વિરુદ્ધ (વર્તાવ) કરતા તો. આ તો (અત્યારે) અનાદિ (આમ્નાય) વિરુદ્ધ કરે ને (ઊંધું પ્રરૂપણ કરે) તો દેવેય ન મળે કોઈ સંતાઈ ગયા!! એવા પુણ્ય (પણ) રહ્યા નહીં. પણ આ દેવ છે ને અંદર મોટો, દેવાધિદેવ! ત્રિકાળ ભગવાન! એ એક સમયમાં પંચમભાવ પરિપૂર્ણ ધ્રુવ જ્ઞાયક ભૂતાર્થ (આત્મા છે). એ છતી ચીજ છે છતાં માલવાળી ચીજ છે એને તો ગણતો નથી ને મનુષ્યપણું મળ્યું ને હું મનુષ્ય છું. આ મારું શરીર છે. પૈસા, બાયડી, છોકરાં એ તો કયાંય રહી ગયાં! પણ આ તો નજીકમાં છે ને...! ઓલી પર્યાયદૃષ્ટિ છે તો જ્ઞાન ત્યાં ગયું છે શરીરદૃષ્ટિ (થઈ ગઈ છે). એ મનુષ્ય તે હું ને એ મારું શરીર. પૈસા (આદિ) તે હું એ તો બહુ દૂર રહી ગયું. અહીંયાં તો આમાં જ અટકયો છે. પર્યાયબુદ્ધિવાળો (શરીરમાં જ અહંબુદ્ધિ કરે છે) **''એમ અહંકાર-મમકાર વડે ઠગાતા થકા.''**

(અહીંયાં) પહેલું એ કહ્યું ચળે નહિ એવા **''ચેતનાવિલાસમાત્ર''** ચેતનાવિલાસ-આહા...હા....હા! સમ્યદગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ચેતનાવિલાસ છે, રાગાદિ-મનષ્યપણું હું (છું) એ તો અજ્ઞાનભાવ-ચેષ્ટા કહેશે. મિથ્યાત્વ છે. ભગવાન આત્મા, અમૃતવિસ્તાર સામાન્ય સમુદાયનો પિંડ, એનું જયાં જ્ઞાન થયું, પર્યાયમાં નિર્મળતા આવી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયાં (એ): નિશ્ચયમોક્ષમાર્ગ, (તેને) અહીંયાં આત્મવ્યવહાર કહેવામાં આવે છે.. આહા...હા! અરે, શું થાય છે..? ભાઈ! નિશ્ચય મોક્ષમાર્ગ જે છે એ તો રાગની અપેક્ષાએ તેને નિશ્ચય કહ્યો પણ દ્રવ્યની અપેક્ષાએ તો (એ) પર્યાયને વ્યવહાર કહેવામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આવે છે! આહા...હા...હા..! અરે! એ ચેતનાવિલાસમાત્ર (છે). ભાષા છે શું? **(શ્રોતા:)** આટલું બધું યાદ શી રીતે રાખવું? **(ઉત્તર:)** આમાં યાદ કયાં રાખવું છે? વસ્તુની સ્થિતિ આ રીતે છે એમ (અનુભવવું છે!) સંસ્થામાં બધું યાદ કેમ રાખે છે? (એટલે સંસ્થાના કાર્યમાં બધું યાદ રાખે છે ને...!)

અમારે ત્યાં (પાલેજમાં) એક મહેતાજી હતો. બહુ યાદ રાખે. પછી તો-પહેલે તો એવું થઈ ગયું કે ઉપાડીને બેસાડે. પછી છેલ્લે કહે: 'મને કોઈએ કહ્યું નહીં છોડવાનું! એમ કહે. પણ તને કહ્યું (ત્યારે તો માન્યું નહીં) અમે તો કહેતા હતા. પણ (તે કહે કે) ઓલા ઘરના માણસે ન કહ્યું એમ, દુકાને આવે બે કલાક છાપામાં વાંચે, ઓલું વાંચે આ આવે, મોટોભાઈ આવે, બધા એને માને. માળામાં' ધારણા ઘણી હતી. જયારે (શરીર સારું હતું) તો એ નવો માલ કયા ભાવે આવ્યો હતો, કયા ભાવે વેચાણો, કેટલો બાકી, હવે નવા ભાવે કેટલો આવશે, એ બધું યાદ. માલ લેવા ઈ જતો. મુંબઈ. ત્રણ-ચાર, ત્રણ-ચાર દિવસે (જવું પડે). પાસ લીધો'તો. પાલેજથી મુંબઈનો (રેલ્વે) પાસ. ત્રણ-ચાર દી'એ જાવું પડે માલ લેવા. મહિનાનો પાસ લીધો હતો. દશ-દશ હજારનો, વીસ-વીસ હજારનો, પચીસ-પચીસ હજારનો (માલ લાવે). ધંધો મોટો હતો. આ તો તે દી'ની વાત છે ૬૪-૬૫-૬૬ની સાલની.

**(શ્રોતા:)** જયાં રુચિ હોય ત્યાં જાય..! **(ઉત્તર:)** હેં, રુચિ! અહીં તો હું થડે બેઠો હોઉં તો નીકળે, ટ્રેનમાંથી ઊતરીને, હાથમાં છત્રી ને આમ એકદમ, આમ-આમ તે દી' નો (રોફ) અને પછી પગ રહી ગયા, એને ઉપાડીને બેસાડે ત્યારે બેસી શકે! આહા...હા! માલ લઈને જયારે આવતો હોય, જાણે રેલમાંથી ઊતરે, હતો મહેતો છતાં ત્યાં માલ લઈ આવે- આમ કરે, એમાં પગ પડયા રીયા (રહ્યા). ઉપાડીને બેસાડે ત્યારે બેસાય. આહા...હા! એમાં અભિમાન (કર્યાં શરીરના) કે આમ કરીએ ને તેમ કરીએ, મેં આનું કર્યું, તેનું કર્યું- આ તો શરીર સુધીની (આ) વાત લીધી પણ આગળ જતાં બધાને મેં આ કર્યું, આ કર્યું, આ કર્યું (એવું અભિમાન કર્તાપણાનું) કરે તે વળી તીવ્ર મિથ્યાત્વ (છે). આહા...હા!

(અહીયાં કહે છે કે:) **''અવિચલિત ચેતનાવિલાસ''** કેવો ચેતનાવિલાસ? ભાષા જુઓ? અહીયાં તો સમ્યગ્દર્શન- જ્ઞાન- ચારિત્ર જે દ્રવ્યના, ધ્રુવના ધ્યેયે પ્રગટી પર્યાય તેને અવિચલિત દશા કહી છે. એ દશા ફરે એવી નથી, એમ કહે છે. (એ દશામાંથી) પડશે ને પડી જશે ને એ વાત છે જ નહીં અહીયાં! આહા...હા! **''અવિચલિત ચેતનાવિલાસ માત્ર આત્મવ્યવહાર''** આહા.. હા! (આત્મવ્યવહાર અર્થાત્) આત્મારૂપ વર્તન, એ આત્માનું વર્તન કહેવાય. સમ્યગ્દર્શનજ્ઞાન નિશ્ચય (પર્યાય), નિશ્ચય સમ્યક્ દ્રવ્યસ્વભાવમાં પ્રગટ થયેલી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર (પર્યાય) એ આત્માનું વર્તન છે, રાગ એ આત્માનું વર્તન નહીં. આહા...હા..હા! આ...રે! (આવી સરસ) ટીકા!

મુંબઈમાં ઉપાધિના પાર ન મળે! આવી વાતું કયાં? **(શ્રોતા:)** મુંબઈમાં લોકો આવતા...ને? **(ઉત્તર:)** આવતા ને બિચારા માણસો! સાંભળવા આવતા. પણ પછી ટકે કયાં સુધી? અરે...રે? આવો દેહ મનુષ્ય (નો), અને હાલ્યો જાય સમય-સમય. એમાં કહે છે કે આ પરમાં જેને અભિમાન વર્તે છે, એ આત્મવ્યવહાર નથી એ તો મનુષ્યનો વ્યવહાર છે, સંસારવ્યવહાર છે. આહા...હા.! દયા, દાન, વ્રત, ભક્તિ શરીરને (પોતાનું) માનીને કરે છે એ બધો સંસારવ્યવહાર છે, આત્મવ્યવહાર (એ) નહીં. આત્મવ્યવહાર- (એ તો સમ્યગ્દર્શન-જ્ઞાન- ચારિત્ર પર્યાય છે). **''અવિચલિત ચેતના વિલાસમાત્ર''**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માત્ર કેમ કહ્યું? તેમાં જરીપણ રાગના અંશની મદદ નથી. 'અવિચલિત ચેતના માત્ર'- વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એની જરીએ સહાય-મદદ નથી. આહા..હા..! ''આત્મવ્યવહારથી ચ્યુત થઈને'' આત્મવ્યવહારથી ચ્યુત થઈ ગયા એ તો. હું મનુષ્ય છું, હું (શરીરનું-પરનું) કરી શકું છું (એમ માન્યતા-અભિપ્રાયવાળા) ચેતન વ્યવહાર-આત્મવ્યવહારથી એ ભ્રષ્ટ છે . નિશ્ચયથી તો ભ્રષ્ટ છે પણ આત્માના વ્યવહારથી ય ભ્રષ્ટ છે. આહા...હા! સમજાણું કાંઈ?

**''જેમાં સમસ્ત ક્રિયાકલાપને છાતીસરસો ભેટવામાં આવે છે''** દેખો! આ મેં દયા પાળી, ને મેં વ્રત કર્યાં, ને મેં ઉપવાસ કર્યાં, ને (ભક્તિ કરી)- (એ બધા ભાવને) છાતી સરસો ભેટે છે. છોકરાને આમ છાતીએ પકડે ને...! એમ ક્રિયાકાંડને છાતીએ પકડી રાખ્યો છે. આહા...હા! આરે! (કેવી ગંભીર) ટીકા છે કંઈ ટીકા! ગજબ છે!! 'સમસ્ત ક્રિયા કલાપને'-દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને તપ ને જાત્રા ને મંદિર બનાવવા ને હાથીએ (રથયાત્રા) કાઢયાં ને, ઈન્દ્ર બનાવ્યાં ને- એવા ક્રિયાકલાપને છાતી (સરસો) **'ભેટવામાં આવે છે એવા મનુષ્ય વ્યવહારનો આશ્રય કરીને''** એ (ક્રિયાકાંડ) મનુષ્યવ્યવહાર છે. દેખો! છે? એ મનુષ્યપણાની ગતિનું વર્તન છે, એ જીવનું (વર્તન) નહીં. આહા...હા! દેહથી કંઈ (પણ) ક્રિયા થાય એ બધી મનુષ્યવર્તન છે. જડનું વર્તન છે આત્માનું નહીં. સમજાણું?

**''એવા મનુષ્યવ્યવહારનો આશ્રય કરીને રાગી અને દ્વેષી થતા થકા પરદ્રવ્યરૂપ કર્મ સાથે સંગતપણાને લીધે (-પરદ્રવ્યરૂપ કર્મ સાથે જોડાતા હોવાને લીધે).''**-પરદ્રવ્યરૂપ કર્મના સંગતપણે (એટલે) પરમાં જોડાઈ ગયો! (તેથી) **''ખરેખર પરસમય થાય છે અર્થાત્ પરસમયરૂપે પરિણમે છે''**-તે મિથ્યાદષ્ટિ છે, પરસમય છે ને...! જે જીવ પર સાથે એકપણાની માન્યતાથી જોડાય તેને પરસમય કહેવામાં આવે છે, એ આત્માથી બાહ્યમાં જોડાઈ ગયો, પરસમય તે મિથ્યાદષ્ટિ છે. ખરેખર પરસમય છે અર્થાત્ પરસમયરૂપે પરિણમે છે, મિથ્યાત્વરૂપે પરિણમે છે. આહા..હા!

વિશેષ કહેશે......

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન: તા.૧-૬-૭૯.

'પ્રવચનસાર' ગાથા-૯૪ બીજો પેરેગ્રાફ, પહેલો પેરેગ્રાફ ચાલ્યો છે.

**''(અને) જેઓ અસંકીર્ણ દ્રવ્ય-ગુણ-પર્યાયો વડે.''** આત્મા છે. એનું દ્રવ્ય જે ત્રિકાળ છે, ગુણ ત્રિકાળ છે અને વર્તમાન પર્યાય છે. પણ એને પર સાથે કાંઈ ભેળસેળપણું નથી. ભલે કર્મ હો, શરીર હો, એ સ્વદ્રવ્યને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય સિવાય, બીજા કોઈ પદાર્થની સાથે ભેળસેળ નથી. ભિન્ન છે. આહા...હા! **'અસંકીર્ણ'** (એટલે) ભેળસેળ વિનાનો. **''દ્રવ્ય-ગુણ-પર્યાય વડે સુસ્થિત એવા ભગવાન આત્માના સ્વભાવનો.''** એમાંથી પણ આત્માનો સ્વભાવ અહીંયાં તો સ્પષ્ટ-ભિન્ન, દ્રવ્ય-ગુણ-પર્યાયથી સુસ્થિત લખ્યો છે. અસંકીર્ણનો અર્થ નીચે (ફૂટનોટમાં લખ્યો છે) પણ ખરેખર તો દ્રવ્ય જે વિસ્તારસામાન્યસમુદાયનો પિંડ અને આયતસામાન્ય (સમુદાય) નો પિંડ દ્રવ્ય-એમાં ગુણ અને પર્યાય તે પોતે પરથી ભેળસેળ વિનાનું છે, છતાં આશ્રય લેવા લાયક તો ત્રિકાળી દ્રવ્ય છે. આહા...હા! જ્ઞાયકભાવ; ધ્રુવભાવ; સ્વભાવભાવ; એકરૂપ ભાવ તેનો આશ્રય લેતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. આહા...હા! જે આત્મસ્વભાવનો (આશ્રય તે) **કે જે સકળ વિદ્યાઓનું એક મૂળ છે''** આહા...હા! જે ભગવાન આત્મા પૂર્ણસ્વરૂપ, દ્રવ્યસ્વભાવ, એનો આશ્રય **''કે જે સકળ વિદ્યાઓનું મૂળ છે''** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સાચી વિદ્યા, એનું એ મૂળ છે, ભગવાન દ્રવ્યસ્વભાાવ, ત્રિકાળી અનંતગુણનું ચેતન, અમૃતનો સાગર, અમર ઈ-તેનો આશ્રય કરવો એ બધી વિદ્યાઓનું મૂળિયું છે, બધા ભણતરનું મૂળિયું છે. ગમે તે રીતે ભણ્યો હોય. આહા...હા! **''(કે જે) સકળ વિદ્યાઓનું એક મૂળ છે.''** એના ભેદો નહીં (પણ) એકરૂપ જે ત્રિકાળ સ્વભાવ, કાયમ રહેનાર દ્રવ્ય સ્વભાવ,ધ્રુવ સ્વભાવ, જ્ઞાયકભાવ, ભૂતાર્થભાવ એક જ તે આશ્રય કરવા લાયક છે, આહા...હા! આ 'જ્ઞેય અધિકાર' છે અને એ **'સમકિતનો અધિકાર' છે.**

આહા...હા! આત્માનો સ્વભાવ, એક સમયની પર્યાય ને ગુણ ને દ્રવ્યને ભલે ત્રણ (ભેદ) કરીને પરથી ભેળસેળ વિનાનો (કહ્યો ) છે છતાં એને આશ્રય કરવા લાયક પર્યાય અને ગુણભેદ નથી. ધીરાના કામ છે આ તો ભાઈ! અરે, અનંતકાળથી જનમ-મરણ કરે છે! (તો) કહે છે કે એવા જનમ-મરણના નાશનું-વિદ્યાનું મૂળ-સમ્યક્જ્ઞાનની વિદ્યા અને એ જ વિદ્યા (છે) એ વિદ્યાનું મૂળ ત્રિકાળી દ્રવ્ય સ્વભાવનો આશ્રય કરવો તે સકળ વિદ્યાનું મૂળ છે. આહા...હા! **(શ્રોતા:)** દ્રવ્ય-પર્યાય ભેગા છે, જુદા કેમ કરવા? **(ઉત્તર:)** ભેગા ક્યાં છે? ભેગા નથી! ગુણ, દ્રવ્યમાં દ્રવ્યને આશ્રયે તન્મય છે, ભિન્ન નથી. પર્યાય ભિન્ન છે. પણ પર્યાયે, ત્રિકાળ દ્રવ્યનો આશ્રય લેવો એ સકળ વિદ્યાનું મૂળ છે. આહા...હા! બાર અંગ અને શાસ્ત્રની જે સમ્યક્વિદ્યા, એના હેતુ આ પ્રભુ (આત્મ સ્વભાવ છે) પોતે! દ્રવ્ય-ગુણ- પર્યાયની પરમાં ભેળસેળ વિનાની સ્થિતિ છે, છતાં એનો આશ્રય કરવા માટે તો ત્રિકાળ દ્રવ્ય સ્વભાવ છે. આહા...હા..હા! (તેનો આશ્રય કરે) ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. ધર્મની એને શરૂઆત થાય. કેમકે દ્રવ્યસ્વભાવ જે મહાપ્રભુ! ચૈતન્ય મહાપ્રભુ! અનંત-અનંત ગુણની શક્તિથી (સભર) મહાપ્રભુ પોતે (છે). એનો આશ્રય લેતાં, આશ્રય લેનાર પર્યાય છે એટલે પર્યાયની હયાતી આવી ગઈ (એમાં). ગુણ ને દ્રવ્ય અભેદ છે. આહા..હા! આવી વાતું (આત્મ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સ્વભાવની) છે! (આત્મસ્વભાવમાં) દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ હોવા છતાં, ગુણ પણ ધ્રુવ અને દ્રવ્ય પણ ધ્રુવ છે. એવો એનો (દ્રવ્ય-ગુણનો) સ્વભાવ (છે). હવે અહીંયાં પર્યાય એનો આશ્રય લ્યે (છે) એટલે ત્યાં પર્યાય પણ આવી ગઈ. સમજાય છે કાંઈ? આહા...હા! અગમ પ્યાલા! અજર પ્યાલા! એવું છે.

**'અગમ પ્યાલા પીઓ મતવાલા, ચીન્હી અધ્યાતમ વાસા; આનંદઘન ચેતન વ્હૈ ખેલે, દેખે લોક તમાશા !** આનંદઘનજીના શબ્દો છે!

(અહીંયાં કહે છે કે:) પહેલામાં (પહેલા પેરેગ્રાફમાં શરૂઆતમાં) એમ કહ્યું હતું કે: જીવને પુદ્ગલ અસમાનજાતીય (દ્રવ્યપર્યાયનો) આશ્રય કે જે **"સકળ અવિદ્યાઓનું એક મૂળ છે."** એમ હતું. પર્યાયનું લક્ષ કરનાર, (એક સમયની) પર્યાયને પકડી શકતો નથી એથી તેની દૃષ્ટિ અસમાન જાતીય-શરીર ઉપર જાય છે. અને તેથી શરીરને (જ) પોતાનું માનનાર, હું મનુષ્ય છું, હું દેવ છું એમ માનનાર (એવો અભિપ્રાય) સકળ અવિદ્યાનું મૂળ છે. (હવે) અહીંયાં **"સકળ વિદ્યાઓનું એક મૂળ છે"** એ લેવું છે. આહા...હા! પૂરેપરા ગુણોની શક્તિ અને પૂરેપૂરી તેની શક્તિનો સાગર આખો એવો જે આત્મસ્વભાવ, એનો આશ્રય-એનું અવલંબન-તેના તરફનો ઝૂકાવ એ સકળ વિદ્યાઓનું એક મૂળ છે! ઓલામાં એમ આવ્યું છે કે: સકળ અવિદ્યાનું **'એક'** મૂળ છે (અહીંયાં એમ આવ્યું કે) સકળ વિદ્યાઓનું **'એક'** મૂળ છે. એમાંય એક આવ્યું હતું.

(કહે છે) અહીંયાં ખરેખર, પર્યાય અને અસમાનજાતીય દ્રવ્યના ઉપર લક્ષ છે, એ લક્ષ જાય છે-છૂટે છે ત્યારે એ પર્યાયનું લક્ષ ન્યાંથી છૂટે છે ત્યારે દ્રવ્યસ્વભાવ ઉપર (તેનું લક્ષ) જાય છે. સમજાણું કાંઈ? એટલે આંહીં (દ્રવ્ય) ગુણ-પર્યાયવાળું હોવા છતાં તેની પર્યાયને દ્રવ્ય-સ્વભાવ તરફ જતાં, એકલો ત્રિકાળ દ્રવ્યનો, એને (પર્યાયને) આશ્રય રહે છે. આહા...હા! આવી ઝીણી વાતું હવે (પણ એને સમજવું પડશે ને...!) અરે...રે! ક્યાંક લખાણ આવ્યું'તું. ક્યાંક એમાં કે 'આ જીવો તિર્યંચમાં ઘણા ઊપજશે' ક્યાંક આવ્યું'તું લખાણ! આહા...હા!

જેને આત્મા તરફનું વલણ નથી અને આખો દી' પાપ આખો દી' ચોવીસ કલાક! એકાદ કલાક સાંભળવા જાતો હોય ક્યાંક (તો) શુભભાવ થાય, પણ ત્રેવીસ કલાકના પાપ (માં વખત જાય). **(શ્રોતા:)** ધંધો છોડી દ્યે તો ખાય-પીએ શું? **(ઉત્તર:)** ખાવા-પીવાનું શું તો એની કોર જોડાય તો તે ખાવા-પીવાનું આવે છે? એ ખાવા-પીવાના પરમાણુ તેને આવવાનાં તે આવે. એમ નથી કીધું ...... દાણે-દાણે ખાનારકા નામ ('દાને-દાને પે લિખા હૈ ખાનેવાલેકા નામ') આવે છેને? **(શ્રોતા:)** બૈઠે બૈઠે આ જાયગા? **(ઉત્તર:)** બૈઠે બૈઠે આ જાયગા. આત્મામાં બેસે તો યોગ્યતા ઐસી હૈ, ખાનારકા નામ પરમાણુમેં (લિખા) હૈ. એ જે પરમાણુ આનેવાલા આયગા, નહીં આનેવાલા નહીં આયગા, તેરા પ્રયત્ન ત્યાં કુછ કામ કર સકતે નહીં. આહા..હા!

(અહીંયાં કહે છે) **"(કે જે) સકળ વિદ્યાઓનું એક મૂળ છે તેનો-આશ્રય કરીને."** જોયું....? અહા...હા! ભગવાન! પર્યાય છે તે આ બાજુ (પર્યાય તરફ) છે અને આ બાજુ ( દ્રવ્ય તરફ) જતાં એને એકદમ દ્રવ્યનો જ આશ્રય આવે છે. એ આવ્યું છે ને....! 'પરનું લક્ષ છોડ, તેમાં સ્વનું લક્ષ જાય' એ આવે છે. પરનું આ બાજુનું લક્ષ છોડતાં દ્રવ્ય ઉપર જ દૃષ્ટિ જાય છે. સમજાય છે કાંઈ? દૃષ્ટિમાં જે

અસમાનજાતીય (દ્રવ્યપર્યાય એટલે) શરીર (છે) એ પર્યાયબુદ્ધિ છે. તેથી ત્યાં એનું વલણ થઈ ગયું છે. એ પર્યાય (દષ્ટિની) તેનાથી છૂટે એટલે ખરેખર ગુણ ઉપર ન જતાં- એ પર્યાયથી છૂટે કે દ્રવ્ય ઉપર (દષ્ટિ) જાય છે. આહા...હા! ત્યારે એ સકળ વિદ્યાનું મૂળ એવો દ્રવ્યસ્વભાવ એને પકડવામાં-સમ્યગ્દર્શનમાં આવે છે. આહા...હા...હા!! છે? **"આશ્રય કરીને યથોકત"** જેમાં (ગાથા ૯૩માં) કહ્યું હતું એવું દ્રવ્ય. જે વિસ્તારસામાન્ય (સમુદાય) ગુણ (અને) આયતસામાન્ય (સમુદાય) પર્યાય એનો જે પિંડ જે યથોકત સ્વભાવ, એવા આત્મસ્વભાવની **"સંભાવનામાં સમર્થ હોવાને લીધે"** ઓલો અવિદ્યાના ફળમાં- પુરુષાર્થમાં સમર્થ હતો. આ આત્માના તરફ જયાં વલણ ને ઝૂકાવ થ્યો ત્યારે આત્મા તરફના અનુભવમાં તેનો પુરુષાર્થ વળે છે. સંભાવનામાં સમર્થ છે. આત્માનો અનુભવ કરવાને સમર્થ છે. સંભાવના (એટલે) અનુભવ કરવો. સંચેતન (એટલે) ભગવાન આત્મા પૂરણ નિત્યાનંદ પ્રભુ! તેના તરફનું સંચેતન-તેનો અનુભવ- તેની માન્યતા એટલે એકલી માન્યતા (મન સુધીની) એમ નહીં હો! (પણ પરિણમન)-તેનો આદર, ત્રિકાળી સ્વભાવની માન્યતા, આદર, (અનુભવ) સંચેતન (એટલે) એનું ચેતવું-જાણવું, જે રાગને- પર્યાયબુદ્ધિમાં- અસમાનજાતીય (દ્રવ્યપર્યાયમાં) જાગતો હતો એ ચેતનના ત્રિકાળીસ્વભાવ તરફ ઝૂકાવમાં પડયો ! સંચેત થ્યો, જાગૃત થયો ભગવાન! આહા...હા! સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં, એણે દ્રવ્યનો આશ્રય લીધો તેથી તે જાગૃત થઈ ગ્યો!! આહા...હા! આવું ઝીણું પડે લ્યો, માણસને! **"સંભાવનામાં સમર્થ હોવાને લીધે."** જેણે ભગવાન આત્માનો આશ્રય લીધો. એમાં (આત્મામાં) અનંત, અનંત સામર્થ્ય, અનંત અનંત વીર્યનું પણ સામર્થ્ય ભર્યું પડ્યું છે..! આહા..હા..! અનંત વીર્ય, અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા, એવા સ્વભાવનો ધરનાર ભગવાન, એનો આશ્રય લેતાં અનુભવ કરવાને સમર્થ હોવાને લીધે-એ ભગવાન આત્માનો અનુભવ કરવાને તાકાતવાળો થયો! અહા...હા! અનાદિથી રાગનું વેદન હતું. (પણ) દ્રવ્યમાં દષ્ટિ પડતાં, એને આનંદના વેદનની ભાવના પ્રગટી. આવું છે!

**"પર્યાયમાત્ર પ્રત્યેનું બળ (જોર) દૂર કરીને."** પર તરફના લક્ષવાળું જે જોર હતું. અસમાનજાતીય (શરીર) તરફ- પર્યાય (દષ્ટિ)માં પર્યાય પકડી શકતો નહોતો તેથી લક્ષ જતું'તું શરીર ઉપર-એ પર્યાય માત્ર (પ્રત્યેનું) બળ દૂર કરીને (એટલે) એ તરફના વલણને (ઝૂકાવને) દૂર કરીને (**"આત્માના સ્વભાવમાં જ સ્થિતિ કરે છે (-લીન થાય છે)."**) આવી વાત છે! પર તરફની પર્યાયબુદ્ધિ -અસમાનજાતીય દ્રવ્યપર્યાયની બુદ્ધિ હતી તેનું લક્ષ છૂટે છે અને સ્વભાવનો આશ્રય કરે છે. ત્યાં સ્વભાવમાં સ્થિતિ કરે છે. સ્વ+ભાવ=પોતાનો કાયમી નિત્યાનંદ પ્રભુ!-દ્રવ્યનો જે નિત્ય સ્વભાવ, કાયમી સ્વભાવ, સત્‌નું આખું સત્ત્વ જે પૂરણ,-તેનો આશ્રય કરે છે. તેમાં સ્થિતિ કરે છે. આહા...હા! હવે આવી વાતું છે!! તેમાં લીન થાય છે!, **"તેઓ-જેમણે સહજ-ખીલેલી અનેકાંતદષ્ટિ (વડે)"** આહા...હા! સહજ ખીલેલી, સ્વ...ભાવમાં પર્યાય નથી, રાગ નથી, પર નથી. - એવી સ્વાભાવિક ખીલેલી! આહા...! અનેકાંત દષ્ટિ વડે ત્રિકાળ સ્વભાવ તે હું છું અને ભેદ ને પર્યાયને અસમાનજાતીય (શરીર) હું નથી, એનું નામ અનેકાંત છે. એ અનેકાંતદષ્ટિ વડે **"સમસ્ત એકાંતદષ્ટિના પરિગ્રહના આગ્રહો (-પકડો) પ્રક્ષીણ કર્યા છે એવા-"** સ્વભાવ સન્મુખના અનુભવ વડે આહા...હા! સમસ્ત એકાંતદષ્ટિ જે હતી-જે 'શરીર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મારું' 'રાગ મારો' એવી જે એકાંતદૃષ્ટિ હતી. એનાથી મને કલ્યાણ થાય! દયા, દાન, વ્રત પરિણામ કરું તો મારું કલ્યાણ થાય- એ બધી દૃષ્ટિ એકાંતદૃષ્ટિ હતી. મિથ્યાદૃષ્ટિ હતી. (જૂઠો અભિપ્રાય હતો). **''એકાંતદૃષ્ટિના પરિગ્રહના આગ્રહો''** પરિગ્રહ (અર્થાત્) સ્વીકાર; અંગીકાર તેનો અર્થ છોડી દઈએ. ભગવાન પરિપૂર્ણ, અમૃતગુણથી ભરેલો, પ્રભુગુણથી ભરેલો, શાંતિગુણથી ભરેલો, સ્વચ્છતાગુણથી ભરેલો- એવા એવા અનંતા-અનંતા ગુણથી ભગવાન (આત્મા) ભરેલો, એકરૂપ- સ્વભાવ, (ગુણ) ભેદ નહીં એવા સ્વભાવમાં આવતાં સમસ્ત એકાંતદૃષ્ટિનો આગ્રહ છૂટી ગયો છે. પ્રક્ષીણ કર્યો છે. આહા...હા...હા! ભાષા તો જુઓ! પ્રક્ષીણ=પ્ર વિશેષે ક્ષીણ, ક્ષય કર્યો છે.

આહા...હા! પંચમઆરાના સંત! પંચમઆરાના અપ્રતિબુદ્ધ જીવને જ્યારે પ્રતિબોધ પામે છે તેની આ વાત કરે છે. આહા...હા..હા! જેણે એકાંત દૃષ્ટિના-પકકડના ભાવ નાશ કરી દીધા છે. (જોયું?) એકલા ક્ષીણ ન લીધું, પ્રક્ષીણ (લીધું) એમ કીધું ને...! આહા...હા! પ્રક્ષીણ કર્યા છે. વિશેષે (ક્ષીણ) નાશ કર્યો છે. આહા...હા!

'પ્રવચનસાર' માં શરૂઆતમાં પહેલાં આવે છે ને...! કે કુંદકુંદાચાર્ય કેવા છે?....''વિવેકજયોતિ જેમને પ્રગટ થઈ છે.... અને સમસ્ત એકાંતવાદની વિદ્યાનો અભિનિવેશ જેમને અસ્ત થયો છે''-સમસ્ત પકડનો નાશ કર્યો છે. સર્વ એકાંતદૃષ્ટિનો નાશ કર્યો છે. ઈ અહીંયાં કહે છે. ગુણભેદથી લાભ થાય, પર્યાયભેદથી લાભ થાય, દયા-દાનના વિકલ્પથી આત્માને લાભ થાય (એ બધી એકાંતદૃષ્ટિ છે.) (વળી) દ્રવ્યનો (દૃષ્ટિએ આશ્રય લેતાં એકાંતદૃષ્ટિના (પરિગ્રહો) પ્રક્ષીણ કરી નાખ્યા છે. વિશેષે નાશ કરી નાખી છે (એકાંતદૃષ્ટિ), આમ અનેકાંત અને એકાંત (નું સ્વરૂપ) છે. આ તો (અજ્ઞાનીઓ) કહે વ્યવહારથી પણ થાય, પર્યાય બુદ્ધિથી થાય, દ્રવ્યબુદ્ધિથી થાય. (પણ અનેકાંત અને એકાંત એવા) બે પ્રકાર પડ્યા તો એક-બીજાને વિરોધ છે. આ પર્યાયબુદ્ધિ અને દ્રવ્યબુદ્ધિ (બંનેને) વિરોધ છે. આહા...હા! આવી (સત્ય) વાત સાંભળતા હજી કઠણ પડે! (સત્‌ની વાત) સાંભળવા મળે નહીં, એ વિચારે કેદી', ને...! જિંદગી (ચાલી) જાય છે. ઘણા જીવો એમને એમ, બફમમાં ને બફમમાં જિંદગી ગાળી જનમ મરણના આંટામાં ચાલ્યા જાય છે પાછા (રખડવા!). આહા..હા!

(અહીંયાં કહે છે કે:) પ્રભુ! (આત્મા) બિરાજે છે...ને મહાપ્રભુ ચેતન. જેમાં ભવ ને ભવનો ભાવ ને પર્યાય જેમાં નથી. જે પર્યાય, દ્રવ્યનો આશ્રય કરે છે એ પર્યાય, પણ એમાં (દ્રવ્યમાં) નથી. આહા....હા! એવી એકાંતદૃષ્ટિના સમસ્ત પરિગ્રહના આગ્રહો (-પકડો) પ્રક્ષીણ કર્યા છે. આ તો બીજા આત્માની વાત લીધી છે. કુંદકુંદાચાર્યની છે. છે ને શરૂઆત માં (પહેલી પાંચ ગાથા-૧ થી ૫ની પહેલાં) જેમને **'સંસાર સમુદ્રનો કિનારો જેમને નિકટ છે એવા (આસન્નભવ્ય મહાત્મા)**એ શબ્દો અહીંયાં (જેમણે) દ્રવ્યનો આશ્રય કર્યો છે એમને લાગુ પડે છે. એવા **'શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ', સાતિશય (ઉત્તમ) વિવેકજયોતિ જેમને પ્રગટ થઈ છે.''** સાતિશય વિવેકજયોતિ - રાગને પરથી ભિન્ન એ (સાતિશય) વિશેષ ઉત્તમ વિવેકજયોતિ પ્રગટ થઈ છે કે જે જયોતિ (પ્રગટ) થઈ તે હવે અસ્ત થવાની નથી. આહા...હા..હા! **'અને સમસ્ત એકાંતવાદની વિદ્યાનો અભિનિવેશ જેમને અસ્ત થયો છે.'** જોયું? સમસ્ત એકાંતવાદની વિદ્યાનો અભિનિવેશ, આગ્રહ, અભિપ્રાય અસ્ત થયો છે. આહા...હા! **'એવા,**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પારમેશ્વરી અનેકાંત વિદ્યાને પામીને, સમસ્ત પક્ષનો પરિગ્રહ- શત્રુમિત્રાદિનો સમસ્ત પક્ષપાત છોડ્યો હોવાથી, અત્યંત મધ્યસ્થ થઈને**- અત્યંત મધ્યસ્થ થઈ ગયા છે. એ શબ્દો અહીંયાં વાપર્યા. આહા...! ભગવાન કુંદકુંદાચાર્ય માટે શબ્દો વાપર્યા. એ શબ્દો અહીયાં (દ્રવ્યમાં) દ્રવ્યને આશ્રયે (માટે) વાપર્યા છે. આત્મા છે ને...! તું ય આત્મા છો ને પ્રભુ! તને એક સમયની પર્યાયની રમતમાં તને અંતર પડયો (ધ્રુવ) પ્રભુ! એની સૂઝ પડતી નથી તને! સૂઝ-બૂઝ પડતી નથી પ્રભુ! એક સમયની પર્યાયની રમતુંમાં અનંત કાળ ગાળ્યો પ્રભુ! એથી તને એમાં સૂઝ પડતી નથી. પણ પ્રભુ તું મહાપ્રભુ બિરાજે છે જોડે (પર્યાયની જોડે) અંદર, અંતરમાં- એવા મહાપ્રભુનો આશ્રય લઈ અને જેણે એકાંતદષ્ટિ સર્વથા છોડી દીધી છે. આમ તો આ બાજુ ઢળી ગયો છે, નય છે સમ્યક્એકાંત. પણ સમ્યક્એકાંત, મિથ્યા એકાંતનો નાશ કરીને સમ્યક્એકાંત ઉત્પન્ન થયું છે. આહા...હા..હા!

આહા...હા! સમસ્ત એકાંતદષ્ટિના પકડને...સ્વીકારને- અંગીકારને પ્રક્ષીણ કર્યો છે. **"એવા મનુષ્યાદિગતિઓમાં અને તે ગતિઓના શરીરોમાં અહંકાર-મમકાર નહિ કરતાં."** (ગાથા) ૯૪ છે ને...? અહંકારને મમકારનો અર્થ કર્યો છે બીજો કંઈક આમાં. ટીકામાં છે. જુઓ! **'मनुष्यादिपर्यायरूपो ड हमित्यहङ्कारो भण्यते ।'** જયસેન આચાર્યની ટીકા.

અહં ને મમનો બેનો ફેર પાડયો. આહા...હા! (જયસેન આચાર્યની) ટીકામાં છે. એ પેરેગ્રાફ વંચાય છે ને એ જ ઉપર છે. ઉપર છે! જેને પર પ્રત્યેના અહંકાર-મનુષ્ય છું, દેવ છું, ગતિ છું ને એનો અહંકાર છૂટી ગયો છે અને એના તરફથી મને સુખ થતું- એવો મમકાર છૂટી ગયો છે. એમ અર્થ કર્યો બે (પ્રકારે). આહા...હા! **"અહંકાર-મમકાર નહિ કરતાં અનેક ઓરડાઓમાં સંચારિત રત્નદીપકની માફક."** લઈ જવામાં આવતા-જેમ જુદા જુદા ઓરડાઓમાં લઈ જવાતો રત્નદીપક રત્નનો દીવો **"એકરૂપ જ"**. રહે છે ગમે તે ઓરડામાં લઈ જાવ તે તો એકરૂપ જ રહે છે. આહા...હા! ગમે તેવા રાગને મનુષ્ય, દેહાદિ દેવ-દેવીમાં હો એ તો રતનનો દીવો તો એવો ને એવો ચેતનમૂર્તિ ભગવાન છે. **"આત્માને ઉપલબ્ધ કરતા થકા"** અનેક ઓરડામાં રતનનો દીવો લઈ જાવ તો રતનના દીવાને તો કંઈ પવન લાગતો નથી-એની ચમક ને. એમ અનેક ઓરડામાં જતાં તે ઓરડારૂપે તે રતન થતો નથી.-એમ ભગવાન આત્મા, અનેક શરીરોમાં ને રાગાદિમાં ભલે વર્તાઈ ગયો છતાંય ચેતનરતન તો એનાથી ભિન્ન જ વર્તે છે. આહા...હા...હા! આવું વ્યાખ્યાન હવે! બાપુ મારગ તો પ્રભુનો આવો છે! આહા...હા! વીતરાગ સર્વજ્ઞદેવ! ત્રિલોકનાથ! વીતરાગપણું પ્રાપ્ત કરવાનો ઉપદેશ છે! ભાઈ તું વીતરાગભાવથી ભરેલો પ્રભુ છો ને...! તારામાં વીતરાગભાવ-જિનસ્વરૂપ ઠસોઠસ ભર્યું છે! એનો જેણે આશ્રય લીધો એને સમસ્ત એકાંતદષ્ટિ ક્ષય થઈ ગઈ છે. આહા...હા...હા! પ્રક્ષીણ થઈ ગઈ છે. વિશેષે ક્ષય થઈ ગઈ છે. પ્રભુ! વર્તમાન તો ક્ષયોપશમ સમકિત હોય છે ને...! ક્ષાયિક તો છે (નહીં) તો પણ કહે છે કે ક્ષયોપશમ સમકિતમાં પણ સમસ્ત એકાંતદષ્ટિનો વિશેષે નાશ થઈ ગ્યો છે!! આહા...હા...હા! ભલે ક્ષયોપશમ હો કે ક્ષાયિક થવાની બીજે ભવે તૈયારી હોય તો એવો હોય અહીંયાં- પણ એ બધા આગ્રહ જેટલા એકાંત (દૃષ્ટિ) ના છૂટી ગયા છે, નાશ થઈ ગ્યા છે. આહા! એકલો પ્રભુ! પૂર્ણાનંદનો નાથ ભગવાન ધ્રુવ સ્વભાવ, જ્ઞાયકભાવ- એનો આશ્રય લઈને જે ચેતનના પ્રકાશના નૂર પ્રગટયાં- એમાં આગ્રહ- એકાંતદષ્ટિનો નાશ થઈ જાય છે. અને નિર્મળ અનેકાંતપર્યાય પ્રગટ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા...હા...હા! સમસ્ત એકાંતદષ્ટિનો નાશ પ્રક્ષીણ થાય છે. વ્યય કીધો. આહા...! ત્રિકાળી આનંદના નાથનો આશ્રય લેતાં સમ્યગ્દર્શન (જ્ઞાન-ચારિત્ર) અનેકાંતની પર્યાય ઉત્પન્ન થાય છે. આહા...હા! 'જ્ઞેય અધિકાર' છે આ...! જ્ઞેયનું આવું સ્વરૂપ છે એમ કહે છે. જ્ઞાનમાં જણાવાલાયક જે 'જ્ઞેય' છે. એનું સ્વરૂપ જ આવું છે!! આ કોઈ પંથ ને પક્ષ કે વાડો નથી કાંઈ! જૈન ધર્મ કોઈ વાડો નથી. પંથ કોઈ નથી કે અમારો પંથ આ ને તમારો પંથ આ- એમ અહીં નથી. આ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. આહા...હા! જેણે ભગવાન પૂર્ણાનંદના નાથનો આશ્રય લીધો એને સમસ્ત એકાંતદષ્ટિ નાશ થઈ જાય છે. એને શરીરાદિમાં હું છું (એવા અભિપ્રાયનો) નાશ થઈ જાય છે. અને પરમાં કંઈક ઠીક છે-બહુ ગરમી થઈ ગઈ હોય અને હવા આવે તો ઠીક છે, એમ બુદ્ધિ અંદર થઈ જાય, એ મિથ્યાત્વ છે. પંખો આવે પંખો- આપણે મોટી સભા વખતે બધે પંખા હોય છે. સાંભળવું છે આ (વસ્તુ સ્વરૂપ) અને પંખા રાખે માથે! આ મુંબઈમાં ને બધે અમદાવાદ! અહીંયાં બીજું કહેવું છે કે જરી અહીં ગરમી શરીરમાં હોય ને...! (એટલે ગરમી લાગતી હોય) એમાં જયાં ઠંડી હવા આવે કે એને ઠીક લાગે- એ મમકાર છે. આહા..હા..હા...હા! શરીરાદિ એ હું છું એ અહંકાર છે અને એવી અનુકૂળતા-પ્રતિકૂળતામાં ઠીક ન લાગે એ પણ એક મમકાર છે. આહા...હા...હા!! બારણા બંધ થાય અને ગરમી લાગે અંદર, કહે છે કે એના પ્રત્યેનો જે મમકાર હતો-કે આ ગરમી છે તે ઠીક નથી-એ મમકાર (જ્ઞાનીને) છૂટી જાય છે. આહા...હા! ગરમી એટલી બધી લાગી હોય, લૂ ! એમાં ઠંડી હવા આવે અને આમ (હાશકારો થાય) તો કહે છે કે એવો મમકાર જ્ઞાનીને છૂટી જાય છે. આહા...હા...હા...! પહેલામાં (અહંકારમાં) પરનું હું-પણું છે એ છૂટી જાય છે અને બીજામાં (મમકારમાં) પરમાં ઠીક છે કે અઠીક છે (મને) એ બુદ્ધિ છૂટી જાય છે. શરીર તે હું છું એવું અહમ્ છૂટી જાય છે અને અનુકૂળતા-પ્રતિકૂળતામાં ઠીક-અઠીકની જે બુદ્ધિ હતી તે છૂટી જાય છે. આહા...હા! ગજબ કામ કર્યા છે ને...! વસ્તુની સ્થિતિ વર્ણવી છે હોં! તે ગતિઓમાં અને ગતિઓના શરીરોમાં અહંકાર ને મમકાર નહીં કરતાં- અનુકૂળ ચીજમાં મને ઠીક છે અને પ્રતિકૂળમાં ઠીક નથી એ બધો આગ્રહ અહંકાર (મમકારનો) જ્ઞાનીને છૂટી જાય છે. સમજાય છે કાંઈ?

આહા...હા! તેથી કહ્યું છે ને ઓલામાં...! ('સમયસાર') નિર્જરા (અધિકાર)માં (ગાથા-૨૧૦-૨૧૧-૨૧૨-૨૧૩) પુણ્યનો પરિગ્રહ નથી, પાપનો પરિગ્રહ નથી, આહારનો પરિગ્રહ નથી, પાણીનો પરિગ્રહ નથી. બંધ અધિકારમાં (પણ) આવે છે ને...! એ આદિ પછી ઘણું નાખ્યું છે. આહા...હા...હા! જયાં ભગવાન જાગ્યો અંદરથી, અનેકાંત દૃષ્ટિ થતાં એકાંત દૃષ્ટિનો નાશ થયો ત્યાં પરમાં કંઈક પણ ઠીક-અઠીકપણું એવી શ્રદ્ધા ઊડી જાય છે અહા..હા..હા..! આવો મારગ છે બાપા! છતાં એ જ્ઞાની એ ચક્રવર્તી સમકિતી હતા છતાં બત્રીસ કવળનો આહાર (લ્યે) એક કવળ છન્નું કરોડ પાયદળ ન પચાવી શકે (એવો આહાર) એ ખાતા છતાંય ખાતા નહીં (એમ અહીંયાં કહે છે) આહા...હા...હા! આ ઠીક છે એ દૃષ્ટિ જ ન હતી ત્યાં (તેમને) **(શ્રોતા:)** અઠીક છે એ માનીને એ ખાતા'તા? **(ઉત્તર:)** અઠીક છે એમ પણ દૃષ્ટિ નહોતી. અસ્થિરતાનો રાગ આવી જાય પણ દૃષ્ટિ (અભિપ્રાયમાં) ઠીક-અઠીક છે જ નહીં. આહા...હા...હા! આખી દુનિયામાંથી અહંકાર (મમકાર) જાય છે અને અનુકૂળતામાંથી સુખબુદ્ધિ ઊડી જાય છે. અને પ્રતિકૂળતા છે માટે મને દ્વેષ થાય છે એ (અંતર અભિપ્રાય) ઊડી જાય છે. પ્રતિકૂળતાને કારણે દ્વેષ થાય છે (એ માન્યતા હોતી નથી જ્ઞાનીને). ગજબ વાત છે બાપા!! આહા...હા! શું સંતોએ (અદ્દભુત) કામ કર્યાં છે! અને (વસ્તુસ્વરૂપ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સ્પષ્ટ કર્યું છે. અહંકાર (એટલે) અહં (પણું) મમ(કાર) આ મારું, મને આ ઠીક પડે છે કે અઠીક (પડે છે એ બધો મમકાર (છે) આહા...હા...હા!

(અહીંયાં કહે છે કે:) **"મનુષ્યાદિગતિઓમાં અને તે ગતિઓના શરીરોમાં અહંકાર-મમકાર નહિ કરતાં અનેક ઓરડાઓમાં સંચારિત રત્નદીપકની માફક."** રતનનો દીવો લીધો અને એના પ્રકાશને હલાવવા માગે પણ કાંઈ એ હલે છે? અંધારામાં લઈ જાવ ઓરડામાં તો ઈ પ્રકાશ-પ્રકાશનો અભાવ થાય છે?- એમ મનુષ્યગતિ કે દેવગતિ કે નારકગતિ (માં આત્માનો પ્રકાશ એનો એ છે.) આહા...હા! સ્વ ભગવાન પૂર્ણાનંદ, એનો જ્યાં આશ્રય લીધો એટલે- એ બધામાં અનુકૂળ અને પ્રતિકૂળતાની જે બુદ્ધિ હતી- (તે) દૃષ્ટિ છૂટી જાય છે. છતાં ઈન્દ્રિયથી (નિવૃત્તિ નથી) નિવૃત્તિ આમથી (અંતરમાંથી) આવે છે ને..! ઈન્દ્રિયના વિષયથી નિવર્ત્યા નથી. 'ગોમ્મટ સાર' (માં કહ્યું છે). અવ્રતી છે ને...! સમકિતી ચોથે (ગુણસ્થાને) છે ને...! દૃષ્ટિમાંથી બાપુ! (નિવર્ત્યા છે, અભિપ્રાય પલટ્યો છે, માન્યતા સાચી થઈ છે).

આખી દુનિયામાંથી, કોઈપણ ચીજમાં, મને ઠીક પડશે કે અઠીક પડશે-એવી બુદ્ધિનો નાશ થઈ ગ્યો છે બાપુ! આહા...હા...હા! અસ્થિરતાનો રાગ આવે, એ કાંઈ એકતાબુદ્ધિ થઈ નથી. આ તો એકતાબુદ્ધિ થઈ છે ( તે મિથ્યાત્વ છે). આહા...હા...હા!

(કહે છે જ્ઞાનીને) આમ શરીરને ચંદન ચોપડે, ગરમી હોય....ને! તો પણ જેને એ જ્ઞેય છે એ સિવાયનો એનો (સ્પર્શ) આ ઠીક છે એવો મમકાર ગયો છે. 'अहं' અને 'मम' આ બે શબ્દ છે એટલે બે જુદા પડે ને...! જુદો અર્થ કરવો પડે ને...! 'જયસેન આચાર્ય'ની (ટીકામાં બન્નેના જુદા અર્થ કર્યા છે) બે શબ્દ છે (તો) તેના વાચ્ય પણ બે (છે). આહા...હા! ત્રણ લોકનો નાથ ભગવાન! સચ્ચિદાનંદ પ્રભુ (આત્મા), ધ્રુવ પરમસ્વભાવ, પંચમભાવ, પરમભાવ, (પરમ) પારિણામિકભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ-પારિણામિકભાવ તો પરમાણુમાં પણ છે તેથી કરીને અહીંયાં જ્ઞાયકભાવ લીધો છે. (એ) જ્ઞાયકભાવ એકલા જ્ઞાનપ્રકાશનો પુંજ પ્રભુ! (ચૈતન્ય, રતનનો દીવો છે). જેમ રતનનો દીવો એક ઓરડામાંથી બીજા ઓરડામાં ફરે, છતાં તેનો પ્રકાશ હલે (અસ્થિર થાય ) નહીં, એમ આ ભગવાન આત્મા (જ્ઞાયક ભાવ) ગમે તેવા રાગ-દ્વેષના પ્રસંગમાં આવ્યો- (પર) ક્ષેત્રમાં છતાં એનામાંથી- પોતાનામાંથી એ હઠતો નથી. એ મારું છે અને મને થયું છે એમ એ (જ્ઞાની-અનુભવી) માનતો નથી. આવી વાતું છે. આંહી! (પણ સમજવાની) નવરાશ કયારે...? જિંદગી આખી જાય છે. આહા...હા! (આબાલ-ગોપાલ સૌએ) કરવાનું તો આ છે ભાઈ! મનુષ્યદેહ મળ્યો એમાં કરવાનું તો એ છે કે ભવમાં, ભવના, અંતની વાતું કરવાની છે, બાપા! ભવમાં ભવના અંતનો ભાવ પ્રગટ કરવાનો છે અહીયાં તો (આ મનુષ્ય ભવમાં તો). આહા...હા! (સમજાણું?)

(આહા..હા!) એવો **"અનેક ઓરડાઓમાં સંચારિત રત્નદીપકની માફક એકરૂપ જ આત્માને ઉપલબ્ધ કરતા થકા."** (અર્થાત્)- અનભવતા થકા" અનેક ઓરડામાં જતાં એ રત્નદીપક અનેકરૂપ થાય છે એમ નથી. ઓરડો નાનો હોય, મોટો હોય, અંધારાવાળો હોય, ઊકરડા જ્યાં ભર્યા હોય કે રૂપાળો હોય-રત્નદીપક તો એકરૂપ જ રહે છે. (એમ) ચેતન દીવો એકરૂપ જ રહે છે. ભગવાન આત્મા, રાગની અસ્થિરતા હોય કે દ્વેષની અસ્થિરતા હોય પણ ત્યાં તો ચેતનદીવડો તો એકલો જાણન-દેખન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(જ્ઞાતા-દ્રષ્ટા)માં ઊભો (ધ્રુવ) રહે છે. **''એકરૂપ (જ) આત્માને ઉપલબ્ધ કરતા થકા.''** અનેક ઓરડાઓમાં રત્ન જાય છતાં પણ રત્ન તો એકરૂપ જ રહે છે, એમ અનેક શરીરમાં આત્મા જવા છતાં-પરમાં રહેવા છતાં- એનો ગુણ એવો છે કે તે એકરૂપ જ રહે છે. ('સમયસાર' પરિશિષ્ટમાં) ૪૭ શક્તિમાં એક એવી શક્તિ છે જે 'સ્વધર્મવ્યાપકત્વ' છે. ''સર્વ શરીરોમાં એક સ્વરૂપાત્મક એવી સ્વધર્મવ્યાપકત્વ શક્તિ'' ૨૪. અનંતાશરીરમાં રહેવા છતાં તે 'સ્વધર્મવ્યાપકત્વ શક્તિ' પરને અડી નથી. પરમાં રહ્યા છતાં (તે પરને અડી નથી) એનો એવો ગુણ છે. આહા...હા! અનેક શરીરોમાં રહ્યા છતાં-રતનનો દીવડો જેમ એવો ને એવો (પ્રકાશિત) રહે છે- એમ ભગવાન આત્મા, જેની દષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર પડી ગઈ છે, એનો આત્મા એવો ને એવો રહે છે! આહા...હા! આ તો બાવા થાય તો થાય, ઓલો ભાઈ! અમારે છે ને એ એમ કહે છે. બાવો જ છો તું સાંભળને...! કોઈ દી' રાગમાં આવ્યો નથી, રાગરૂપ થયો જ નથી! પછી તારે બાવો એને નવો ક્યાં થવું છે. કોઈ સ્થળમાં રહ્યો, કોઈ ક્ષેત્રમાં રહ્યો, કોઈ કાળમાં રહ્યો (છતાં) પરરૂપે (આત્મા) થયો જ નથી. જયાં રાગરૂપે થયો નથી (અરે! એક સમયની પર્યાયરૂપે થયો નથી) આહા...હા! એ તો ચેતનચમત્કાર! રતન દીવડો-(જેમ) રતનનો દીવડો અંધારા રૂપે થયો જ નથી. એમ ભગવાન ચેતનરતન-જેણે સ્વનો આશ્રય લઈને બધી એકાંતદષ્ટિનો નાશ કર્યો એને અનેકાંત ચેતનરતન દીવડો એવો ને એવો રહે છે! આહા....હા! આ સમ્યગ્દર્શન ને (સમ્યક્) જ્ઞાનની વાત છે આ. સમજાણું કાંઈ? આહા...હા!

**''એકરૂપ જ આત્માને ઉપલબ્ધ કરતા થકા (-અનુભવતા થકા), અવિચલિત ચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારને અંગીકાર કરીને.''** ઓલો ભ્રષ્ટ હતો પહેલાનો (અજ્ઞાની). અવિચલિત ચેતનાવિલાસ-જ્ઞાનચેતના, જ્ઞાનચેતના જાગી એનો વિલાસ થયો, ચળે નહીં એવી ચેતના વિલાસ (પ્રગટી). અરે! આવી વાતું કેવી (અપૂર્વ)! ચળે નહીં એવો અવિચલિત ચેતનાવિલાસ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ચેતનાનો વિલાસ (છે). રાગાદિનો અનુભવ તે અચેતનાનો વિલાસ (છે). જડનો વિલાસ છે. આહા..હા! ભગવાન આત્મા, પૂર્ણાનંદના નાથને જયાં અવલંબ્યો-આશ્રય કર્યો-એ અવિચલિત ચેતનાવિલાસ માત્ર આત્મવ્યવહાર (છે). આ (આત્માનો) વ્યવહાર ઓલો વ્યવહાર દયા, દાનના વ્યવહારની તો અહીંયાં વાતે ય નથી. આહા..હા..! (આ) આતમવ્યવહાર, આતમવ્યવહાર ઈ...! ઈ તો વળી ચિઠ્ઠિમાં છે ને..! 'પરમાર્થવચનિકા'માં છે. [(પાના નંબર ૩૫૨)... સમ્યગ્દષ્ટિ થતાં જ માત્ર ચતુર્થ ગુણસ્થાનકથી માંડી બારમા ગુણસ્થાન સુધી મિશ્રનિશ્ચયાત્મક જીવદ્રવ્ય મિશ્રવ્યવહારી છે; અને કેવલજ્ઞાની શુદ્ધનિશ્ચયાત્મક શુદ્ધ વ્યવહારી છે.] નિશ્ચય તો દ્રવ્ય છે, મોક્ષમાર્ગ એ વ્યવહાર છે. પર્યાય છે ને..! આહા...હા...હા! એ તો (શુભ) રાગને મોક્ષમાર્ગ વ્યવહારે કહ્યો એ અપેક્ષાએ ચેતનાવિલાસ-સમ્યગ્દર્શન-જ્ઞાનને (નિશ્ચય) કહેવાય પણ દ્રવ્યની અપેક્ષાએ (એ સમ્યગ્દર્શન-જ્ઞાન-મોક્ષમાર્ગને વ્યવહાર કહેવામાં આવે છે). ભગવાન પૂર્ણાનંદનો નાથ! એમાં પરિણમન થયું, પરિણમન થયું એ પર્યાય જ વ્યવહાર છે. આહા...હા! આવી વાતું હવે (સંતોની)! ત્રણ લોકનો નાથ પરમાત્માનો આ પોકાર છે ભાઈ! તારે માટે પોકાર છે પ્રભુનો! આહા..હા! ભાઈ, અંદર ચેતન પડયો છે ને પ્રભુ! ભગવાન (ધ્રુવ છે ને..!) એનો વિલાસ એની પર્યાયમાં (નવો પ્રગટે છે) દ્રવ્યમાં તો (શક્તિરૂપે) હતો જ શુદ્ધ. પણ હવે (એનું લક્ષ થતાં) પર્યાયમાં ચેતનાવિલાસ આવ્યું. સ્વભાવનો આશ્રય લેતાં જે (સમ્યક્) દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ્યું એ ચેતનાનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિલાસ છે. આહા...હા! પંચ મહાવ્રતના પરિણામ એ તો રાગનો વિલાસ છે, કર્મચેતનાનો વિલાસ છે.આહા...હા...હા!

(અહીંયાં કહે છે) **"અવિચલિત ચેતનાવિલાસ."** આહા...હા! ચળે નહીં તેવી ચેતનાવિલાસ (પર્યાય). રત્નનો દીવડો ગમે ત્યાં લઈ જાવ, ચળે નહીં એનો પ્રકાશ. એને હવાના ઝપાટા ન લાગે. પરમ દી' નહોતું થયું હવાનું (વાવાઝોડું)! એવી હવામાં કંઈ રતનના દીવડાનો પ્રકાશ હલતો હશે? (ના.) આહા...હા! આ દીવો તો લબક-જબક થાય અને રતનનો દીવો લબક-જબક ન થાય. એમ ધ્રુવસ્વભાવ ભગવાન આત્મા, એને જેણે પકડયો એ પર્યાય તો અવિચલિત ચેતનાવિલાસ છે. એ ચેતનાની રમતું છે! આનંદ (ની રમતું છે) આહા...હા! એને અહીંયાં આત્મવ્યવહાર કહેવામાં આવે છે. શરીરની ક્રિયા તો કયાંય (દૂર) ગઈ. દયા, દાન ને ભક્તિ, દેવ-ગુરુની ભક્તિ એ તો વ્યવહાર એ પણ કયાંય ગયો. આહા...હા! અહીયાં તો ભગવાન આત્મા, પૂર્ણાનંદનો નાથ પ્રભુ! એને જેણે સમ્યગ્દર્શનમાં પકડ્યો-પૂર્ણાનંદના નાથને જેણે સમ્યગ્જ્ઞાનમાં જ્ઞેય બનાવ્યો-એની પર્યાયમાં અવિચલિત ચેતનાવિલાસ પ્રગટ્યો છે. એને ધર્મ કહેવામાં આવે છે. (એ આત્માનો આત્મવ્યવહાર છે) આહા...હા...હા!

(કહે છે કે) ભગવાન, ત્રણ લોકના નાથ! જિનેશ્વરદેવનો આ પોકાર છે જગત પાસે. પ્રભુ! તારી ચીજ (આત્મવસ્તુ) અંદર પૂર્ણાનંદથી ભરેલી પૂરણ અનંતગુણોથી-ચૈતન્યરત્નથી ભરેલો ચૈતન્યસાગર છે અંદર મોટો! આહા...હા! પ્રભુ, તેં ત્યાં નજરે ય કરી નથી કોઈ દી' પ્રભુ! (નજરું કરે) એની નજરુંમાં પહેલા નિધાન દેખાશે અને એ નજરું થઈ તે નિર્મળપર્યાય (થઈ) તે ચેતનાનો વિલાસ (છે). તે આત્મવ્યવહાર છે. (આત્મ) દ્રવ્યના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન, અસ્તિ જે પ્રગટયું એ વ્યવહાર છે. દયા, દાન, ને ભક્તિ, જાત્રા-જાત્રા એ વ્યવહાર નહીં. એ તો બધો રાગ છે. આહા...હા! આવી વાત છે ભાઈ! આવી (અમૂલ્ય) વાતું છે! ઓ...હો...હો...હો! ઓ...હો..હો! સમયસાર ! પ્રવચનસાર! નિયમસાર! (આ અલૌકિક શાસ્ત્રોમાં) ગજબ વાત છે!! જેને ચેતનસૂર્યના ભેટા કેમ થાય, તેની વાતું કરી છે.

આહા....હા! પરમસ્વભાવભાવ, કારણપરમાત્મા, ભગવાન આત્મા ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ! 'સત્' જ્ઞાન અને આનંદથી ભરેલો ભગવાન આત્મા ભગવાને (સર્વજ્ઞદેવે) જોયો-એવા આત્માને જે પકડે, એને સમ્યગ્દર્શન અને (સમ્યક્) જ્ઞાન થાય, એને ધર્મની શરૂઆત થાય. એ વિના લાખ જાત્રા કરે, લાખ ભક્તિ, દયા, દાન, પૂજા કરે- એમાં એકલો રાગ ને બંધન અને અધર્મ છે. આહા...હા! (ગળે ઊતારવું અંતરથી) આકરું કામ (છે) ભાઈ! અનંતકાળથી એણે આ (નિજસ્વરૂપ) ઓળખ્યું નહીં. ભગવાન પૂર્ણાનંદથી ભરેલો (નિજાત્મા) તે તરફનો ઝૂકાવ જ કર્યો નથી. બહારના ઝૂકાવમાં માની લ્યે (મેં ધર્મ કર્યો) મેં આ કર્યું ને... જાત્રા કરી...ને ભક્તિ કરી...ને પૂજા કરી, દાન કર્યાં, વ્રત કર્યાં, ઉપવાસ કર્યાં! હવે એવું તો અનંતવાર કર્યું.... હવે સાંભળને! એ રાગની ક્રિયામાં ધર્મ માનનાર મિથ્યાદષ્ટિ છે, એ એકાંત દૃષ્ટિ છે! આહા...હા!

(અહીંયાં તો સંતો કહે છે કે:) પરમાત્મા પોતે સ્વરૂપે બિરાજમાન! (હાજરાહજુર છે). આહા...હા...હા...હા! પરમાત્મા જે કેવળી થ્યા એ કયાંથી થ્યા? પ્રભુ, એ પરમાત્મપદ કાંઈ બહારથી આવે છે? એ પરમાત્મપદ અંદર ભર્યું છે. (તેમાંથી પ્રગટે છે). કેમ બેસે? (કેવળી ભગવાને પ્રત્યક્ષ જોયો-અનુભવ્યો) એવો જે ભગવાન પૂર્ણાનંદનો સાગર આત્મા, ભગવાન આત્મા એનો જેણે આશ્રય લીધો ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયબુદ્ધિ જે સમાનજાતીય (દ્રવ્યપર્યાય) ને અસમાનજાતીય (દ્રવ્યપર્યાય) ને રાગ બુદ્ધિ (એકતા બુદ્ધિ) છોડી દીધી, એને એકાંતદષ્ટિનો નાશ થઈ જાય છે અને એકાંતદષ્ટિવાળું (આત્મ) તત્ત્વ, એવું ને એવું શોભાયમાન પ્રગટ થાય છે. આવી ઝીણી વાતું છે પ્રભુ! શું કરીએ? (આવી તત્ત્વની વાત ન સમજે તો!) આહા...હા! પરમાત્મા, જિનેશ્વરદેવ, ત્રિલોકનાથની આ વાણી છે. જગતને સાંભળવા મળે નહીં. અરે...રે.. આહા...હા! શું થાય? અનંતકાળ ગયા રખડવામાં (અહા...હા! સંતોની વીતરાગી વાણી!),

આહા...હા! અહીંયાં કહે છે. અહીં કહેવું છે શું? કે: આત્મા જે પૂર્ણાનંદ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ છે. એને જેણે પકડયો સમ્યગ્દર્શનમાં-સમ્યગ્જ્ઞાનમાં એ દશા જે પ્રગટ થઈ, સમ્યગ્દર્શન-જ્ઞાન થયાં (તો તે) પર્યાય નિર્મળ વીતરાગી છે. એ ચેતનાવિલાસ છે. એ ચેતનાવિલાસ એ આત્માનો વ્યવહાર છે. દયા, દાન, ભક્તિ-ભક્તિ, જાત્રા-જાત્રા એ આત્માનો વ્યવહાર નથી. આહા..હા! અરે...રે! (વ્યવહારના પક્ષવાળાને) આકરું લાગે! શું થાય પ્રભુ! કોઈની (લાગણી દુભાય એ માટે આ વાત નથી પણ વસ્તુસ્થિતિ-વસ્તુસ્વરૂપ આ છે). ગાથા તે ગાથાઓ છે ને...! (ટીકા તે ટીકાઓ કેવી સરસ છે!) એકવાર પ્રભુ સાંભળ તો ખરો! કે પ્રભુ, તારી ચીજ અંદર ચૈતન્યના અનંતગુણના ભારથી ભરેલી છે!! આહા..હા! એને રાગ ન હોય, પુણ્ય, દયા, દાન, વ્રત (શુભ વિકલ્પ) એને ન હોય ભાઈ! એ બધો વિકાર છે. (અને આત્મા તો વીતરાગી, નિર્વિકલ્પ, નિર્વિકારી, શુદ્ધ અભેદતત્ત્વ છે). એ નિર્વિકારી ભગવાન એનો જ્યાં આશ્રય લીધો, અંદરમાં. ત્યારે ચેતનાવિલાસ અવિચલદશા પ્રગટ થઈ. અતીન્દ્રિય આનંદના સ્વાદ લેતી એ દશા પ્રગટ થઈ. એને અહીંયાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર (ની દશા) થઈ (તેને) ધર્મ કહે છે. આહા...હા! અતીન્દ્રિય આનંદના સ્વાદ લેતી દશા અવિચલ ચેતના પ્રગટ થઈ. ઈ (પર્યાય) એને અમે કહીએ છીએ આત્માનો વ્યવહાર. આ તો ઓલા જાત્રા કરવી, ભક્તિ કરવી, ને પૂજા કરવી, દયા, દાન, વ્રત, ઉપવાસ કરવા એ બધો વ્યવહાર છે. (એમ અજ્ઞાની માને છે) એ તો વ્યવહાર નથી (બાપુ! એ તો અસદ્ભૂત કથન છે. એ..એ..એ તારો આત્માનો વ્યવહાર નહીં, એ તો જડનો વ્યવહાર છે બાપુ! આકરું પડે પ્રભુ! (તો પણ) તારી પ્રભુતાને મોળપ ન આપ, ભાઈ! (તારામાં તારી) જેટલી પ્રભુતા છે તેટલી તેને રાખ. એને પર્યાયમાં પણ 'હું છું' એટલો ન માન. (એમાં તારું હિત છે). આહા...હા!

(અહીંયાં કહે છે કે:) (સાધકને) પૂર્ણાનંદ અને પૂર્ણજ્ઞાન અને પૂર્ણશાંતિ, પૂર્ણવીતરાગતા (એવા-એવા અનંત) સ્વભાવથી ભરેલો પ્રભુ (આત્મા) ભગવાનનો જ્યાં અનુભવ થ્યો - [સંભાવના (એટલે) સંચેતન; અનુભવ; માન્યતા; આદર ભગવાન આત્માનો થયો] એ અનુભવ તે ચેતનાવિલાસ છે. એ ચેતન આત્માનો ચેતનાવિલાસ છે. ચેતન તો ત્રિકાળી છે પણ એની પર્યાયમાં જે આનંદનો વિલાસ આવ્યો એ ચેતનાવિલાસ છે. એને અમે આતમવ્યવહાર કહીએ છીએ. પરમાત્માનો આ પોકાર છે, જિનેશ્વર દેવ ત્રિલોકનાથનો આ પોકાર છે (એ) દિવ્યધ્વનિમાં ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં આ વાત (વાણી) હતી એ સંતો જગત પાસે જાહેર કરે છે. આહા...હા...હા!

અરે રે..! કયાં જિંદગી જાશે? (એનો જરી વિચાર નહીં ને) પાપ, આખો દી' ધંધાના પાપ! બાયડી-છોકરાંને સાચવવાના પાપ! આખો દિવસ ૨૨ કલાક પાપ, કલાક-બેકલાક કોઈ દિવસ દેરાસર જાય, જાત્રાએ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય, કોઈ કોઈ વખતે એમાં કોઈ શુભભાવ થાય, પુણ્ય (બંધાય). એ પુણ્ય તે તો અધર્મ છે એ ધર્મ નથી. (કારણ કે બંધનભાવ છે). આ વાત બેસે કેમ? બાપા! આહા...હા ! બાપુ, તને શલ્ય રહી ગયા ભાઈ! એકાંતદષ્ટિનું શલ્ય રહી ગયું છે. રાગને લઈને ચેતનને કંઈ લાભ થાય ધર્મનો. (એટલે શુભરાગથી ધર્મ થાય). એકાંતદષ્ટિનું મિથ્યાત્વનું તને શલ્ય રહી ગયું છે. એ ચેતનના વિલાસમાં રહેતાં એ શલ્ય નીકળી જાય છે. આહા...હા! સમજાણું કાંઈ..?

(કહે છે) આ તો ફક્ત આત્મવ્યવહાર ઉપર વજન છે અહીંયાં. ભગવાન પૂર્ણ અમૃતનો સાગર છે પ્રભુ! સર્વજ્ઞ પરમાત્માને જે (પૂર્ણ) આનંદ પ્રગટ્યો, કેવળીને (પ્રગટ્યો) કયાંથી આવ્યો પ્રભુ એ આનંદ? શું બહારથી (ક્રિયાકાંડમાંથી) આવે છે? અંદરમાં ભર્યો છે ભાઈ! પ્રાપ્તની પ્રાપ્તિ છે. કૂવામાં હોય એ અવેડામાં આવે છે એમ આ બધા આત્મામાં ભગવાન (બિરાજે) છે અંદરમાં! અનંત-અનંત જ્ઞાન અને આનંદથી ભરેલા પ્રભુ છે (સૌ). એનો (આત્મતત્ત્વનો) આશ્રય લેતાં- એનું અવલંબન લેતાં જે ચેતના આનંદ અને શાંતિ પ્રગટ થાય તેને અમે આત્માનો વ્યવહાર કહીએ છીએ. આત્મા જે ત્રિકાળી છે તે નિશ્ચય છે અને તેનો અનુભવ કરવો. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (ની) નિર્વિકારી દશા જે દયા, દાન, વ્રત (આદિના પરિણામ (વિકલ્પ) રહિત એને અહીંયાં આત્મવ્યવહાર કહે છે. છે? પછી જરી વાત છે પણ વખત થઈ ગયો છે. સમજાણું? આહા...હા!

વિશેષ કહેશે.......

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન: ૨-૬-૭૯.

'પ્રવચનસાર' ગાથા-૯૪ બીજા પેરેગ્રાફની છેલ્લી પાંચમી લીટીથી શરૂઆત (કરવાની છે ને...!) **''અવિચલિત ચેતનાવિલાસ''**. છે? શું કહે છે? છેલ્લી (ઉપરની) બે લીટી આવી ગઈ છે (ગઈકાલે). **''અવિચલિત ચેતનાવિલાસ માત્ર આત્મવ્યવહાર''** ભગવાન પરમાત્મા સર્વજ્ઞદેવ એમ કહે છે કે જે આત્મા અંદર શુદ્ધ ચેતન, પરમાનંદ અમૃતનો ઘન છે. તેની અંતરની દૃષ્ટિ કરી, એ ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો સ્વીકાર કરી, અને જે શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્રની જે નિર્વિકારી દશા પ્રગટ થાય, તે અવિચલિત ચેતનાવિલાસ આત્માનો વ્યવહાર છે. આહા...હા! આવી વાત! જગતને તો (સમજવી) આકરી પડે! (અને આ કરવું સહેલું લાગે) દયા, દાન, વ્રત, ભક્તિ, તપ અને પૂજાનો ભાવ (પણ) એ બધો તો રાગ છે, એ આત્મવ્યવહાર નથી, એ તો મનુષ્યનો વ્યવહાર છે.. આહા...હા! (આ વાત ગળે ઊતારવી) આકરું કામ...! જગતને! કયાં બિચારા શું કરે? (સુખતત્ત્વ) મળતું નથી! અરે, અનંત કાળ થયા ચેતનવસ્તુ અંદર અનંત ગુણનો ભંડાર, અનંત ચૈતન્યરત્નોથી (ગુણોથી) ભરેલો પ્રભુ (છે)! જેમાં દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જે શુભ છે તે પણ નથી. એવા ધર્મીને એટલે આત્માને અવલંબીને, ઝીણી વાત છે પ્રભુ! એવો જે ભગવાન આત્મા બિરાજે છે અંદર બધાને એની અવિચલિત ચેતનાવિલાસ માત્ર (એટલે) અંતરના અનુભવની દૃષ્ટિ (જે થઈ) ચેતનસ્વભાવને અનુસરીને થતી નિર્મળ પરિણતિ, નિર્મળ પર્યાય, એ અવિચલિત (એટલે) ન ચળે એવી ચેતનાવિલાસ માત્ર- જેમાં દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ નથી- કારણ કે એ તો બધા પુણ્યબંધના કારણ ને, ખરેખર તો એ અધર્મ છે. અર...ર! આવી વાત હવે. (વ્યવહારના પક્ષવાળા) કેમ સહન કરે? અત્યારે એને ધર્મ માનીને સંપ્રદાય ચાલે છે! આહા...હા! **(શ્રોતા:)** આ કાળે તો શુભ ઉપયોગ જ હોય ને...! **(ઉત્તર)** આ જ વસ્તુ (સ્વરૂપ) છે. એ કહે ગમે તે, વસ્તુ(સ્થિતિ) તો આ છે. ચેતનસ્વરૂપ ભગવાન- અસ્તિ, એ આવશે આગળ જયાં લક્ષણ બતાવશે ને ત્યાં (ગાથા-૯૬-૯૭માં સ્વરૂપ અસ્તિત્વ અને સાદૃશ્ય અસ્તિત્વ) અસ્તિ સામાન્ય, છે...છે...છે..! ઝીણી વાત છે પ્રભુ! (સમજાણું કાંઈ...?)

(કહે છે કે:) 'છે....છે....છે એવો ચેતનાસ્વભાવ ત્રિકાળ, અનંત આનંદ ને અનંત શાંતિ, અનંત અતીન્દ્રિય ગુણનું ધામ પ્રભુ! આહા...હા! એને અવલંબીને- એનો આશ્રય લઈને, જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (પ્રગટે છે) નિશ્ચય સાચા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (પર્યાયમાં પ્રવાહ પ્રગટ્યો) એ સ્વભાવને આશ્રયે અવલંબીને થાય (છે). (અનુભૂતિની) આવી વાત છે પ્રભુ! એ **''અવિચલિત ચેતનાવિલાસ છે.''** (અહીંયાં) ચેતના વિલાસ 'માત્ર' કેમ કહ્યું? કે એમાં વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાના વિકલ્પનો જરીએ સંબંધ નથી એને (માટે ચેતનાવિલાસ ''માત્ર'' કહ્યું છે). એ બધા (વિકલ્પો) બંધના કારણ, સંસાર છે. આહા...હા...હા! (જીવો આમ ન સમજે તો) શું થાય? (અજ્ઞાનને કારણે) અનંત કાળથી રખડે છે ચોરાશી (લાખ)ના અવતારમાં! આમ કરોડાધિપતિ હોય, ઈ મરીને પશુ (માં જાય) બોકડો થાય, ગધેડો થાય. આહા...હા! **(શ્રોતા:)** આવું સાંભળીને રાડ પડે છે, રાડ પડી જાય છે! **(ઉત્તર)** રાડ, વાત સાચી છે. ઘણાઓને તો માંસ ને દારુ નથી પ્રભુ! એટલે નરકગામી તો નથી પણ પુણ્યે નથી. સાચા સત્‌સમાગમથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સત્ય પ્રરૂપણા સાંભળતા (પુણ્યભાવ થાય) દરરોજ બે-ચાર કલાક સાંભળવામાં જે પુણ્ય (ભાવ) થાય એય (કેટલાકને) નથી. એને એકલાં પાપના પરિણામ (થાય છે). પ્રભુ તું કયાં રહી ગયો એક કોર! (એટલે કે ધર્મથી બીજી કોર). આહા...હા!

અહીંયાં તો (કહે છે કે:) ભગવાન ત્રિલોકનાથની વાણીમાં-દિવ્યધ્વનિમાં અવાજ-પોકાર આવ્યો છે. પ્રભુ! તું પ્રભુ છો. મારી જાતનો તું છો. મારી જાતની નાતનો તું છો. એ તારામાં પ્રભુતા અનંત ગુણની પડી છે. (ધ્રુવ છે). એને અવલંબીને- એનો આશ્રય કરીને, જે નિર્મળ સમ્યગ્દર્શન ને નિર્મળ જ્ઞાન ને નિર્મળ શાંતિ-ચારિત્ર (રૂપ) એ આત્માની નિર્મળ પર્યાય એને અહીંયાં **"અવિચલિત ચેતનાવિલાસ (માત્ર)"** કહેવામાં આવે છે. આહા...હા! આવો મારગ કયાં પહોંચવું? એક તો ધંધા આડે નવરાશ ન મળે. ધંધાથી નવરો થાય તો છ-સાત કલાક ઊંઘમાં જાય. (બાકીનો સમય) બાયડી-છોકરાને સાચવવામાં-રાજી કરવામાં જાય. અર..ર! કેદી' આ (પોતાનું હિત) કરે! શું કરે આ..? અનંત અનંત કાળ થ્યો પ્રભુ પરિભ્રમણ કરતાં- (કરતાં છતાં થાક લાગતો નથી!) એ પરિભ્રમણને ટાળવાનો ઉપાય આ એક છે. આહા...હા! કે જે ભગવાન આત્મા પૂર્ણાનંદ, અનંત ગુણનો ઢગલો, રાશિ પડી છે ઈ. એનું અવલંબન લેતાં, એનો આશ્રય કરતાં, એનો શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકાર કરતાં, જે શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિ પ્રગટ થાય તેને અહીંયાં 'અવિચલિત' ન ચળે એવી ચેતનાવિલાસ (કહેવામાં આવે) છે. દ્રવ્ય ન ચળે! આહા...હા! ભગવાન વસ્તુ ત્રિકાળી પરમાત્મસ્વરૂપ છે. સ્વભાવ અને શકિત તો પરમાત્મસ્વરૂપ છે. એ કોઈ દી' ચળે નહીં. એ જેમ ચળે નહીં તેમ તેને આશ્રય લીધેલી દશા પણ ચળે નહીં. આહા...હા! સમજાણું કાંઈ? આવી વાત છે પ્રભુ! શું થાય..? વીતરાગ પરમાત્મા! ત્રિલોકનાથની અકષાય કરુણા છે!! હેં! અકષાય કરુણા છે પ્રભુ!!

આહા...હા! તારામાં- અંતરમાં-તારા ગુણસ્વભાવ- અનંત અનંત પવિત્રતા, એનો પિંડ તું છો! અનંત અનંત શુદ્ધ ચૈતન્યઘનની રાશિ છો! તારામાં એ દયા-દાન-વ્રત ભકિતના પરિણામ, એ રાગ પ્રભુ તારામાં એ નથી. એ તારામાં નથી, તારા નથી, તું ત્યાં નથી. જયાં તું છે ત્યાં તે રાગ નથી. આહા...હા...હા! આવી વાત! (અમૃત જેવી મીઠી છે.) એ અવિચલિત ચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારને વ્યવહાર કહીએ. આત્મા જે ત્રિકાળી નિશ્ચય વસ્તુ છે. સત્-સત્ (છે). સચ્ચિદાનંદ પ્રભુ (છે). સત્ શાશ્વત, જ્ઞાન ને આનંદ આદિ સ્વભાવનો સાગર છે એને નિશ્ચય કહીએ એને પરમસત્ય કહીએ, ત્યારે તેનો આશ્રય લઈને જે દશા પ્રગટી છે તેને આત્માનો વ્યવહાર કહીએ. આહા...હા! આવી વાત (નિશ્ચય-વ્યવહારની) છે પ્રભુ! શું થાય ભાઈ! બધી ખબર છે દુનિયાની (કે દુનિયા શું માને છે) બધી ખબર (શું) નથી! કેમ ચાલે છે ને દુનિયા (માં) બધી ખબર છે. છાસઠ વરસથી તો નિવૃત્તિ છે. દીક્ષા (લીધી). (કહેવાય છે કે) દીક્ષા લીધી પણ સ્થાનકવાસીમાં તો દીક્ષા હતી જ કેદી'? આહા..હા! હજી તો (એને) સમ્યગ્દર્શન કોને કહેવું? ખબર ન મળે. ત્યાં દીક્ષા કેવી? દખ્યા હતી. (એટલે દુઃખ હતું) રાગને ધરમ માનવો એ દુઃખ (હતું) દુઃખી, દુઃખી છે! આહા...હા!

અહીંયાં કહે છે પ્રભુ! તારે જો (તારું) કલ્યાણ કરવું હોય-જનમ મરણના અંત-ભવના અંત લાવવા હોય, ભવભ્રમણ!! આહા...હા...હા! 'નિયમસાર'માં નથી. ચાર-પાંચ શબ્દો છે. ભગવંત ને આવા ભવી ને...! નિયમસારમાં છે ચાર પાંચ બોલ છે. છે આંહી? (શાસ્ત્ર), ('નિયમસાર' ગાથા-પાંચ ઉપરનો શ્લોક-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૨) **'ભવના ભયને ભેદનારા'** બધા (શબ્દો) ભભા (એટલે) (ભથી શરૂ થનારા) **'ભવના ભયને ભેદનારા આ ભગવાન પ્રત્યે'** ભગવાન ત્રણ લોકનો નાથ, એના પ્રત્યે **'શું તને ભક્તિ નથી? તો તું ભવસમુદ્રની મધ્યમાં રહેલા મગરના મુખમાં છે.'** આહા...હા! ભગવાનનું સ્વરૂપ આવ્યું છે ને...! જયાં (પાંચમી ગાથામાં) **''अत्तागमतच्चाणं सद्दहणादो हवेइ सम्मत्तं । ववगयअसेसदोसो सयलगुणप्पा हवे अत्तो ।।५।।** પ્રભુ! ત્રણ લોકનો નાથ જિનેશ્વરદેવ! પરમાત્મા તો બિરાજે છે મહાવિદેહમાં (સીમંધરનાથ). મહાવીર આદિ તો પ્રભુ મોક્ષ પધાર્યા, સિદ્ધાલયમાં ગ્યા. આ 'નમો અરિહંતાણં' એ અરિહંતપદમાં વર્ણવ્યો. 'ભવના ભયને ભેદનારા આ ભગવાન પ્રત્યે તને ભક્તિ નથી?' એમ (મુનિરાજ) કહે છે. એ તો હજી શુભરાગ છે. આહા..હા...હા..હા!

અહીંયાં હવે પરમાત્મા પોતે જ આત્મા, એ ભવના ભયને છેદનારો પ્રભુ આત્મા પોતે છે, અરે, ભગવાન! બાળક હોય કે વૃદ્ધ હો (કે જુવાન હો) એ તો શરીરની દશા (છે). આત્મા તો અંદર ત્રિલોકનાથ, આનંદનો કંદ સ્વયં અંદર પ્રભુ બિરાજે છે ભગવાન છે, ભગવત્સ્વરૂપ બિરાજે છે. એની જે શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિ, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન (છે). વળી એક જણો તો આમાં એવું લખે છે કે: (નિર્વિકલ્પ) આત્માનું ચિંતન ને સમ્યગ્દર્શન એ તો સાતમે ગુણસ્થાને હોય! કો' આમાં 'કરુણાદીપ માં (લખાણ છે). અરે, ભગવાન (આ) શું કરે છે! કયાં (સાચી વાતને) લઈ જાય છે? અહીંયાંનું તોડવા સાટુ (સોનગઢનું ખોટું કરવા માટે) અરે પ્રભુ! અહીંયાંનું આ કાંઈ વ્યક્તિનું નથી, આ તો આત્માનું છે. અનંતવીતરાગોએ કહેલું છે તે (આ વાત) છે પ્રભુ! આહા...હા!

અહીંયાં કહે છે (કે:) એ **''અવિચલિત ચેતનાવિલાસ માત્ર આત્મવ્યવહારને''**–એને વ્યવહાર કહીએ. આ શરીરની ક્રિયા, પરની ક્રિયાની તો (અહીંયાં) વાત જ નથી. પણ અંદર જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આવે ઈ પણ આતમવ્યવહાર નહીં. આત્મવ્યવહારને **'અંગીકાર કરીને''** અમૃતનો સાગર ભગવાન! પૂરણ અમૃત ભર્યું છે જેમાં, એનો આશ્રય કરી અને જે ચેતના-અવિચલ ચેતના એને અંગીકાર કરી. જોયું? (અહીંયાં કહ્યું) વ્યવહારને અંગીકાર કરી **(શ્રોતા:)** હા, જી આત્મવ્યવહાર. **(ઉત્તર:)** આત્મા ઠીક! પણ આત્માનો આ વ્યવહાર એને અંગીકાર કરી (ને)..... આહા...હા! ઝીણી વાત બહુ ભાઈ! શું થાય? અત્યારે તો બધું (ગરબડ થઈ ગયું છે) ગરબડ ચાલી એવી કે સોનગઢને તો ખોટું ઠરાવવા લોકો પ્રયત્ન કરે બિચારા! કરો બાપા! અહા...હા...હા! ભગવાન છો પ્રભુ તમે પણ. (પરંતુ તમારી) મૂળમાં ભૂલ છે. એ આમાં (પત્રિકા)માં આવ્યું'તું. આજે આવ્યું છે અહીંયાં નું આવ્યું છે એમાં છે. આહા...હા!

અહીંયાં પ્રભુ એમ કહે છે. **''અવિચલિત ચેતનાવિલાસ''**. આ 'પ્રવચનસાર' છે. પ્રવચન એટલે દિવ્યધ્વનિ ભગવાનની! 'ૐ ધ્વનિ સૂનિ અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિકજન સંશય નિવારે' આગમના (આ) વચનો! આહા...હા...હા! એ પરમાત્માનો પોકાર છે જગતની પાસે કે તું પોતે મારી જાતનો ભગવાન છો, ભાઈ! એ ભગવાન અંદર છે તું એનો આશ્રય લે. એ દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ (કરવા) એ પામરતા- નપુંસકતા છે એ તો. આવી વાતું હવે! સાંભળવી આકરી પડે! આખો દી' આ હાલે ન્યાં. આ કરો, આ કરો. 'मा हणो, मा हणो' જીવને એ હાલે વાત! ભગવાનનો પોકાર છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે 'मा हणो, मा हणो' એમ કહે. અરે! સાંભળને અને ઓલામાં (પત્ર-પત્રિકાઓમાં) નાખે છે કે: વીર કહે છે કે 'જીવો અને જીવવા દ્યો'' અહા! એમાં નાખે છે, બહુ નાખે છે. પણ જીવવું કોને કહેવું બાપા! (એની તો એને ખબર નથી). આહા...હા! એ (વાત) અંગ્રેજીમાં આવે છે (એટલે) અહીંયાં નાખ્યું 'જીવો અને જીવવા દ્યો' અરે, જીવતર તો પ્રભુ આનંદનું જીવતર એ જીવતર છે. એ 'ચેતનાવિલાસ' (પ્રગટ થવી) એ તારું જીવતર છે. આહા...હા...હા..હા! (૪૭ શક્તિમાં) જીવતર શક્તિ પહેલી આવી ને...! અનંત જ્ઞાન-દર્શન-આનંદ- સત્તા-સુખ-વીર્ય (આદિ અનંત શક્તિઓનો પિંડ છે) એનું જે પરિણમન થવું-નિર્વિકલ્પ વીતરાગ દશા (પ્રગટ થવી) એ અવિચલિત ચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહાર (છે), ધંધો-ધાપો ને વ્રત પાળવાં ને એ વ્યવહારની અહીંયાં વાત નથી, એ આત્માનો વ્યવહાર નથી, જડનો વ્યવહાર છે.

(કહે છે કે:) એવા **''આત્મવ્યવહારને અંગીકાર કરીને, જેમાં સમસ્ત ક્રિયાકલાપને ભેટવામાં આવે છે''** આહા...હા! પરમાત્મા કહે છે 'પ્રવચનસાર'માં. એ સંતો આડતીયા થઈને જગત સમક્ષ જાહેર કરે છે. જે અંદર 'ક્રિયાકલાપ'-આ કર્યું ને ભક્તિ કરી ને વ્રત પાળ્યાં ને ઉપવાસ કર્યા ને વરસીતપ કર્યું ને ફલાણું કર્યું ને ઢીકણું કર્યું, મહિનાના ઉપવાસ કર્યા ને એ બધા (વિકલ્પો) રાગ ને ક્રિયાકલાપ-રાગ છે બાપા! એ આત્માની વસ્તુ નહીં. એ ક્રિયાકલાપને- સમસ્ત ક્રિયાકલાપ એમ એક પણ શુભનો રાગ (વિકલ્પ) તે ક્રિયાકલાપ છે. **'સમસ્ત ક્રિયાકલાપને'** એટલે રાગના સમૂહની ક્રિયાને **'ભેટવામાં આવે છે એવા મનુષ્યવ્યવહારનો'** એ તો (શુભરાગ-ક્રિયાકાંડ) મનુષ્યનો વ્યવહાર છે. સંસારીનો વ્યવહાર છે. આહા...હા! રખડતા જીવના ભ્રમણમાં કારણ પરિભ્રમણનો, એ વ્યવહાર છે. અરે...રે! **(શ્રોતા:)** ક્રિયાકલાપમાં (એ શુભ ક્રિયામાં) આત્માનો વિચાર આવે કે નહીં? **(ઉત્તર:)** વિચાર એ (જ) ક્રિયા કલાપ છે. ગુણ-ગુણીના ભેદનો વિચાર ઊઠે એ ક્રિયાકલાપ છે. ઝીણી વાત છે. **(શ્રોતા:)** એ આંગણું કહ્યું છે ને! **(ઉત્તર:)** એ તો આમાં આવી ગયું ને બાપા! **(બીજા શ્રોતા:)** અંદર જાય એને. આહા...! કળશ ટીકામાં (સ્પષ્ટીકરણ છે ને) અરે, શું થાય ભાઈ! એમાં **''સમસ્ત ક્રિયાકલાપને ભેટવામાં આવે છે.''** વિકલ્પ માત્ર ઊઠે- ભગવાનની ભક્તિનો, વ્રતનો, તપનો-એ વિકલ્પ છે, એ રાગ છે, એ ક્રિયાનો સમૂહ છે- રાગનો સમૂહ (છે) એને ભેટવામાં આવે છે **''એવા મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતા થકા.''**

(કહે છે) ધર્મી જીવ તેનો આશ્રય નહીં કરતા. ધર્મી (એટલે) જનમ-મરણના અંત લાવનારો ધર્મી, સમ્યગ્દષ્ટિ, ધર્મની પહેલી સીડીવાળો એને કહીએ કે જે ભગવાન પૂર્ણાનંદ પ્રભુ! (આત્મા) એનો આશ્રય લઈને જે શાંતિ ને આનંદ પ્રગટ થયો, એ રાગની ક્રિયાને (ક્રિયાકલાપને) ભેટતો નથી. એ મારાં છે ને મારે કરવા લાયક છે એમ કરતો નથી. આહા..! આવી વાત છે. **(શ્રોતા:)** આવી વાતો રોજ સંભળાવવા જેવી છે..! **(ઉત્તર:)** અંદર ભગવાન છે (સૌ) બાપુ ભગવાન! ભગવાન થાય છે તો (એ ભગવાનપણું) આવશે ક્યાંથી? અરિહંત પરમાત્માને અનંત દર્શન- અનંત જ્ઞાન-અનંત આનંદ-અનંત વીર્ય પ્રગટ્યું તે ક્યાંથી આવ્યું? એ અંતરમાં પડયું (ધ્રુવ) છે પ્રભુ! અનંત જ્ઞાન-દર્શન (આદિ) શક્તિ રૂપ સ્વભાવ, ભગવાન છો! આહા...હા...હા! એનો આશ્રય લઈને જેણે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અવિચલિત ચેતનાવિલાસ જેણે પ્રગટ કર્યો છે તે ક્રિયાકાંડના ભાવને ભેટતો નથી. એ ક્રિયાકાંડ દયા-દાન-વ્રત- ભક્તિના પરિણામના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વિકલ્પને પોતાના માનતો નથી અને એને ભેટતો નથી. આવી વાતું (સ્વાનુભવની) છે!

આ તો એક વિચાર આવ્યો હતો કે આ (સરકારી નોકરો) પંચાવન કે અઠાવન (વરસે) નોકરી છોડી દ્યે છે. આ વાણિયા ધંધા કરે તે પંચાવન વરસે નવરા થાતા નથી. એ ભાઈ! **(શ્રોતા:)** એ તો સરકાર (નોકરી) છોડાવે છે એટલે છોડી દ્યે છે. જો સરકાર એને ચાંદલા કરે તો એ એંસીએ ય ન છોડે! **(ઉત્તર:)** પંચાવન વરસની ઉંમર થાય એટલે વીસ વરસથી પાકી ગણે હવે છોડી દ્યો. આના ધંધા આડે બાપા પાંસઠ થાય તો ય છોડતો નથી માળો થાકતો જ નથી! દયા-દાનવ્રતના પરિણામ સાધુ નામ ધરાવીને કરે એ ક્રિયા મારી છે (એમ માન્યતા કરીને) ભેટે મિથ્યાદષ્ટિ છે. અજ્ઞાની છે એ જૈન નથી. એને જૈનની ખબર નથી. આવી વાતું છે,બાપુ! આહા...હા...હા! આ તો જંગલ છે. આમાં કોણ કોને? (કહી શકે?) વાડામાં હોઈએ તો: રહેવાય દ્યે નહીં!! આહા.હા....! અરે! આવું કયાં?

આહા...હા! કહે છે **"જેમાં ક્રિયાકલાપને (ભેટવામાં આવે છે)"** દયા-દાન-વ્રત-તપ આદિ વિનય પરમાત્માનો, દેવ-ગુરુ શાસ્ત્રની ભક્તિનો રાગ, એને માનવાનો (શ્રદ્ધાનો) રાગ, એ બધો ક્રિયાકલાપ, રાગ છે. એને **"ભેટવામાં આવે છે એવા મનુષ્યવ્યવહારનો"** એ મનુષ્યવ્યવહાર છે. એ આત્મવ્યવહાર નહીં. **"આશ્રય નહિ કરતા થકા"** એનો આશ્રય નહિ કરીને. બે વાત થઈ. (એક) આત્મવ્યવહારને અંગીકાર કરીને (અને બીજું) મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતા એમ અનેકાંત કર્યું. સામે પુસ્તક છે ને ભાઈ! સોનગઢનું પુસ્તક નથી. આ તો ભગવાનની વાણીનું ('પ્રવચન સાર') છે. સંતોએ જગતને જાહેર કર્યું છે. આહા...હા! જેને એ વ્યવહાર રત્નત્રયના વિકલ્પ જે છે એમાં જેને હોંશું આવે છે એ મિથ્યાદષ્ટિ છે. એને જૈનની ખબર નથી. 'જૈન' તો એને કહીએ કે જે જિનસ્વરૂપ! 'ઘટ ઘટ અંતર જિન બસૈ, ઘટ ઘટ અંતર જૈન'' એ જિનસ્વરૂપી પ્રભુની શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્રની વીતરાગ દશા થવી તેને જૈન કહે છે. જિન-જિન તો સ્વરૂપ છે એનું. એની શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર, નિર્વિકલ્પ અનુભવ (ની પર્યાય પ્રગટ થઈ) એને જૈન કહેવામાં આવે છે. બાકી બધા અજૈન છે. **(શ્રોતા:)** નામધારી જૈન છે...! **(ઉત્તર:)** નામ અને ગુણમાં ફેર (છે.) જરા દાખલો આપતાં એમાં... શું કહેવાય... એ કોથળી (માં) કરીયાતું. કરીયાતાની કોથળી (હોય) ઉપર નામ આપે (લખે) સાકર. એટલે (કાંઈ કરીયાતું) સાકર થઈ જાય? (કદી ન થાય). અમે જૈન છીએ, અમે સ્થાનકવાસી છીએ, અમે દેરાવાસી છીએ, અમે દિગંબર છીએ. એ તો બધા નામ છે (કોથળી ઉપર લખ્યું'તું એમ) આહા....હા! જૈનપણું તો આ (વીતરાગભાવ) છે. આહા..હા...હા!

(અહીંયાં કહે છે કે:) જેને મનુષ્ય (વ્યવહારનો) ક્રિયાકલાપનો વ્યવહાર છાતીએ ભેટે છે કે મારો છે. મેં કર્યું છે. મેં દયા પાળી, વ્રત કર્યાં, તપ કર્યું એ મિથ્યાદષ્ટિ છે. એને જૈનની ખબર નથી. એને જૈનપણું શું છે એની ખબર નથી. આહા...હા! આને અહીંયાં અંગીકાર કરી ને મનુષ્યવ્યવહારનો **"આશ્રય નહિ કરતા થકા, રાગ-દ્વેષના ઉન્મેષ અટકી ગયા હોવાને લીધે'** દયા-દાનના વિકલ્પો રોકાઈ ગયા-અટકી ગયા. ઉન્મેષ એટલે પ્રગટ થવું તે; પ્રાકટ્ય; સ્ફુરણ. વીતરાગ સ્વરૂપ ભગવાન આત્મા છે ત્રિકાળ! તેની પર્યાયમાં વીતરાગતા પ્રગટ થઈ- સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (પ્રગટ્યું) એને રાગ સ્ફુરણ થતો નથી. એને જે વ્યવહાર-દયા-દાન-વ્રત ભક્તિના પરિણામ છે એ એના અનુભવમાં આવતા નથી. આહા..હા! આવી (અનુભવીની) વાત! (લોકો બોલે છે ને) એ તો એકાંત કહેવાય. અનેકાંત એને કહીએ વ્યવહારથી

પણ થાય, નિશ્ચયથી પણ થાય. અહીંયાં (મુનિરાજ) કહે છે કે' **'નિશ્ચયથી થાય અને વ્યવહારથી ન થાય એને અનેકાંત કહીએ છીએ.''** આવી વાત છે!! અરે, પ્રભુ જાણીએ, બધી (વાત) જાણીએ છીએ, દુનિયા (આખી) બધાને જાણીએ બાપુ! અહીં તો નેવું વરસ થયાં આ શરીરને! નેવું-નેવું કોને કહે? આ તો શરાફની દુકાન છે. શરાફીનો વેપાર છે આંહી. **(શ્રોતા:)** (શરાફ) ને ખોટો રૂપિયો આપે તો? **(ઉત્તર:)** ખોટો આપે તો જડી દ્યે ઉંબરામાં હાલવા દ્યે નહીં, પાછો ન આપે. (શરાફ) એમ આ દયા-દાન-વ્રત-તપમાં ધરમ મનાવે, ખોટો રૂપિયો છે તારો-આગળ નહીં હાલે, મરી જઈશ ચાર ગતિમાં રખડીશ. આહા....હા! આવી વાતું હવે! એ લોકો બિચારા, બેસે નહીં એટલે એકાંત કરીને (આ વાત) કાઢી નાખે બાપા! ભાઈ! તને ખબર નથી બાપુ, આ (જ) અનેકાંત છે. વસ્તુના સ્વરૂપની શુદ્ધ પરિણતિ પ્રગટ કરવી, એ અંગીકાર કરવો અને રાગાદિને ઉત્પન્ન થવા ન દેવું, એ અનેકાંત છે.

(અહીંયાં કહે છે કે:) સમ્યગ્દર્શન થવામાં, એ પ્રશ્ન ઊઠયો હતો. તમે જ્ઞાન, જ્ઞાન કરો છો પણ ભગવાને ત્રણ (કહ્યાં છે)! (કળશ ટીકા. 'પુણ્ય-પાપ અધિકાર' -કળશ-૧૦૯માં કહ્યું છે કે 'કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે મળીને છે; અહીં જ્ઞાનમાત્ર મોક્ષમાર્ગ કહ્યો તે કઈ રીતે કહ્યો? તેનું સમાધાન આમ છે કે શુદ્ધ સ્વરૂપ જ્ઞાનમાં સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર સહજ જ ગર્ભિત છે, તેથી દોષ તો કાંઈ નથી. ગુણ છે. ૧૦-૧૦૯.) બે ત્રણ ઠેકાણે છે. સમ્યગ્દર્શન થતાં એ ત્રણેય ભેગાં આવી જાય છે. આવે છે ને...! અરે! પ્રભુ! આ તો ઊલટ-પલટની વાતું છે બાપુ! આહા...હા! આ શરીર ને વાણી જડ માટીનાં પૂતળાં છે, આ તો! મીણ જેમ ઓગળી જશે એમ આ ઓગળી જવાના બાપા! આ તો જડધૂળ છે. અંદરમાં દયા, દાન, વ્રતના પરિણામ આવે, એને પણ ધર્મી-પોતે અંગીકાર કરતો નથી. એનો આશ્રય કરતો નથી. આહા.....હા!

**''રાગદ્વેષના ઉન્મેષ અટકી ગયા હોવાને લીધે, પરમ ઉદાસીનતાને અવલંબતા થકા સમસ્ત પરદ્રવ્યની સંગતિ દૂર કરી હોવાને લીધે.''** આહા...હા! રાગ આદિ પરદ્રવ્ય છે. એનો પરિચય (ધર્મીએ) દૂર કર્યો છે. ભગવાન આત્માનો પરિચય કર્યો છે. આહા...હા! આ તો પાગલ જેવું લાગે! ગાંડા (થઈ) ગ્યા છે કે! ભાઈ, લાખ્ખો માણસ કયે (કહે) એ ખોટું? અને આ સાચું? (આહા!) આ તો સત્ય છે સત્ય બાપા! એને-સત્‌ને કોઈ સંખ્યાની જરૂર નથી. બહુ માનનારા ઝાઝા (હોય) તો સત્ય. એવું કાંઈ છે નહીં. આહા...હા! સત્ તો આ છે. **''ઉન્મેષ અટકી ગયા, પરદ્રવ્યની સંગતિ દૂર કરી''** સ્વદ્રવ્યના-અસંગના સંગમાં આવી ગયો!! પ્રભુ છે અંદર 'અસંગ' આત્મા. એના સંગમાં જ્યાં આવ્યો એણે પરનો સંગ છોડી દીધો. આહા...હા! **''પરદ્રવ્યની સંગતિ દૂર કરી હોવાને લીધે, કેવળ સ્વદ્રવ્ય સાથે સંગતપણું હોવાથી''.** ઠીક..! કેવળ સ્વદ્રવ્ય ભગવાન પૂરણ પ્રભુ! જિન સ્વરૂપી, વીતરાગમૂર્તિ આત્મા (પ્રગટ અસંગ-નિઃસંગ છે) એમ પરમાત્માનો પોકાર છે. 'કેવળ સ્વદ્રવ્ય' જોયું..? એકલું સ્વદ્રવ્ય નહીં. 'કેવળ સ્વદ્રવ્ય' (કહ્યું) એક ભગવાન પૂર્ણાનંદ!'કેવળસ્વદ્રવ્ય' સાથે (સંગતપણું હોવાથી) આહા...હા! (અલૌકિક, દૈવી) ટીકા! સંગતપણું (અર્થાત્) પરિચય હોવાથી. **'ખરેખર સ્વસમય થાય છે અર્થાત્ સ્વસમયરૂપે પરિણમે છે.''** (નીચે ફૂટનોટમાં અર્થ આ પ્રમાણે છે) 'જે જીવ સ્વ સાથે એકપણાની માન્યતાપૂર્વક (સ્વ સાથે) જોડાય તેને સ્વસમય કહેવામાં આવે છે'. એને સ્વસમય કહીએ. આહા...હા! એટલે કે આત્મા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આનંદનો નાથ, પ્રભુ! શુદ્ધ ચેતનઘન એ ચૈતન્યઘનપણે પરિણમે શુદ્ધપણે પરિણમે છે!! આહા...હા! સમજાણું કાંઈ? એને આત્મા કહેવામાં આવે છે.

હવે આવી ભાષા! **''માટે સ્વસમય જ આત્માનું તત્ત્વ છે''** લ્યો! સરવાળો, માટે સ્વસમય એટલે શુદ્ધ ચેતનપવિત્રનું પરિણમન, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી પર્યાય, એ સ્વસમય જ આત્માનું તત્ત્વ છે. એ (જ) આત્માનું તત્ત્વ છે. એ આત્માનો ભાવ છે! આહા...હા! આવી રીતે તો કર્યું છે (ધર્મીએ પરિણમન) માટે- આ કારણે **'સ્વસમય જ આત્માનું તત્ત્વ છે''.** આ તો પરિણમનને (આત્માનું તત્ત્વ) લીધું ભાઈ! કારણ કે આત્મા તો છે શુદ્ધ આનંદઘન પણ છે એવું પરિણમન ન કરે ત્યાં સુધી સ્વસમય ન થયું (પણ પરિણમન થયું) ત્યારે એને આત્માનું તત્ત્વ કહ્યું. આહા...હા...હા...! તત્ત્વાર્થ (એટલે) અર્થ, દ્રવ્ય એનું પરિણમન તે તત્ત્વ, ભાવ, એ આત્માનું તત્ત્વ છે. આરે...! વળી આકરી વાતું! હવે આંહી દુકાનના ધંધા આડે નવરાશ નહીં. આખા દિ'માં કલાક મળે તો સાંભળવા જાય કયાંક અને દેરાવાસી હોય તો ભક્તિ કરે, પૂજા કરે પછી તેવીસ કલાક દુકાન, સૂવામાં, રાજી કરવામાં- બાયડી છોકરાંને રાજી કરે અરેરે! પ્રભુ! ન્યાં તો પુણ્યના ય ઠેકાણાં નથી! આહા...હા! અહીંયાં તો પુણ્ય (ભાવ) છે એ પણ આત્મતત્ત્વ નહીં. આત્મતત્ત્વ તો એને કહીએ કે વીતરાગી સ્વભાવરૂપ પરિણમન કરે તેને આત્મતત્ત્વ કહીએ. આહા...હા! વાદ-વિવાદે તો કાંઈ પાર પડે એવું નથી. (અનુભવથી પાર પડે એવું છે). ઓલો દેરાવાસી (સાધુ) આવ્યો તો ને...! એનું લખાણ આવે છે. (સોનગઢથી) વિરુદ્ધ. ઘણું જોયું (છે)! (વિરુદ્ધતા) દિગંબરમાં નાખે બધી. (એ સાધુ) લીંબડીમાં આવ્યો'તો. જીવા પ્રતાપનો ભત્રીજો. લીંબડી આવ્યો'તો ત્યાં બે-ત્રણ સાધુ (સાથે ને) . બે-ત્રણ ગૃહસ્થ હતા સાથે ને (એ કહે) આપણે (સાથે બેસીને) વિચાર કરીએ. (મેં) કીધું અમે વિચાર (વાદ-વિવાદ) કોઈ સાથે કરતા નથી. આ મેળ કોની સાથે થાય? (તો કહે) તમારી આબરૂ શી? (કહ્યું) આંહી આબરૂ-આબરૂ છે કોની? (એ કહે) તમારૂં મોટું નામ ને ચર્ચાની ના પાડો. એમ કરતાં એ છેલ્લે બોલ્યો. આ ચશ્મા વિના જણાય? આવી ગઈ ચર્ચા કીધું. આહા...હા! (ચશ્મા-આંખ) માટી છે જડ એનાથી જાણતો હશે આત્મા? (આત્માથી જ જણાય છે) **(શ્રોતાઃ)** તો (ચશ્મા) ચડાવતા હશે શા માટે? **(ઉત્તરઃ)** ઈ એની મેળાએ આવ્યું ને એની મેળાએ ચડે છે, આહા...હા! જાણનાર-જાણનાર તે ચશ્માથી ને આ આંખોથી પણ જાણતો નથી. અરે...રે! આ કોડા છે ને કોડા. જડ-માટી એનાથી જાણતો નથી. જાણનાર પોતે પોતાની દશામાં જાણનારને જાણે છે. આહા...હા! એમાં આ બધું (વિરુદ્ધ લખાણ) આવે છે લાંબું-લાંબું ઓલી થોડી વાત હતી પંદર-વીશ મિનિટની. એના વિરુદ્ધ દિગંબરનું આજે ય આવ્યું છે 'કરુણાદીપ'માં. આપણે તો એ વાંચતા ય નથી એમાં ઈ. આ તો નામ ઉપર-ઉપરથી આહા...હા!

અહીંયાં કહે છે. પ્રભુ આત્માની અનંત પ્રભુતા, એ પ્રભુતાપણે પ્રભુત્વપર્યાયમાં પ્રભુતા થઈ સમ્યગ્દર્શન-જ્ઞાન, નિર્વિકારી વીતરાગ (પર્યાય એ) આત્મતત્ત્વ છે. તે સ્વસમય છે.

(હવે) **ભાવાર્થઃ- 'હું મનુષ્ય છું, શરીરાદિની સમસ્ત ક્રિયાઓ હું કરું છું.'** આ હાથ હાલે, હલવાનું (થાય છે ને) પગ હાલે એ બધી ક્રિયા હું કરું છું. એ માન્યતા મિથ્યાદષ્ટિની છે. એ અજીવને જીવ માનનારા છે. અજીવ છે આ (શરીર) તો માટી (છે). (આ) હાથ આમ હાલે છે, પગ હાલે (છે) એ તો જડની ક્રિયા છે. આત્માને લઈને (આ) હાથ-પગ હાલતા નથી. ભાષા નીકળે છે એ આત્માને લઈને નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આરે...! એ તો જડ-પરમાણુ છે એમાંથી (એની આ ભાષાની) પર્યાય છે. (અહીંયાં) શરીરાદિમાં શરીર, વાણી આદિની **'સમસ્ત ક્રિયાઓ હું કરું છું'** પરની દયા પાળું છું, પરને મદદ કરું છું, પરને સુખી કરું છું, પૈસા આપીને બધાને સગવડ આપું છુ એ બધી માન્યતા મિથ્યાદષ્ટિ-અજ્ઞાનીની છે. આહા...હા! પરની ક્રિયા-શરીરાદિની, કાંઈ કરી શકતો નથી. (અચરજ એ છે કે) આખો દી' કરે ને કહે કરી શકતો નથી. ભાઈ તને (કોણ) કરે એ ખબર નથી! આહા...હા? પગ હાલે જમીન પર, એ પગ જમીનને અડતો નથી. પ્રભુ તને (આ ગળે ઊતારવું) આકરું લાગશે. વીતરાગ મારગ એવો છે. એ જમીનને પગ અડતો નથી એમ ત્રણ લોકના નાથનો પોકાર છે. કેમ કે એક દ્રવ્યને બીજા દ્રવ્ય વચ્ચે અત્યંત-અભાવ છે. કેમ બેસે ભાઈ તને! પડખે ચડયો નથી સત્‌ને!! અસત્‌ના પડખાં સેવ્યાં છે. એ...આ જમીનને અડયા વિના પગ હાલે! આ પુસ્તક આને લઈને (ઠવણીને) લઈને રહ્યું છે ઉપર, એમ નહીં. (એ પુસ્તકના પરમાણુ) એમાં આધાર નામનો ગુણ (છે) એને લઈને આમ ઉપર રહે છે. (ઠવણીને) લઈને નહીં. આ હોઠ હલે છે એ આત્માની ઈચ્છાથી નહીં ..આહા..હા! (આવી વસ્તુ-સ્થિતિ છે પણ) અજ્ઞાની એવી સમસ્ત ક્રિયાઓને હું કરું છું (એવો અભિપ્રાય અનાદિથી સેવે છે). **"સ્ત્રી-પુત્ર-ધનાદિકના ગ્રહણત્યાગનો હું સ્વામી છું".** સ્ત્રીનું (પાણિગ્રહણ કર્યું) સ્ત્રીને ગ્રહણ કરી મેં, પાણિગ્રહણ કર્યું. પુત્ર-આવો મારો પુત્ર થ્યો છે મોટો, પચીસ હજારનો પગાર મહિને! આહા...હા! (લોકો કહે છે) કેવો કર્મી જાગ્યો છે! એનો પુત્ર કર્મી છે. **(શ્રોતા:)** પણ ધર્મી નહીં ને..! (મા-બાપ માને કે) આ મારો દીકરો. પણ દીકરાનો આત્મા જુદો ને એનું શરીર (પણ) જુદું (છે). આ માટી-શરીર જુદું છે ને આત્મા જુદો છે. ક્યાંથી આવ્યો દીકરો? અરે રે (મિથ્યા ભ્રમણા) દીકરાવને (વળી) પરણાવે. પરણાવે ત્યારે ઓલો (દીકરો) પગે લાગે એના બાપને. ઠીક માને કર્યું છે એવું કહેવામાં આવે.નાખ્યો. જેલમાં નાખ્યો મને (છતાં વળી) પગે લાગે મોટા બાપ હોય દાદા હોય (એને). સાસરો બેઠો હોય તો એને પગે લાગે...આહા..હા..હા.. શું છે પ્રભુ આ તે..? ગાંડપણ શું છે આ..? (અહીંયાં) કહે છે સ્ત્રી-પુત્ર-ધન-કપડાં એને ગ્રહણ કરું ને એને છોડું. એ માન્યતા મિથ્યાત્વ છે. પરદ્રવ્યના ગ્રહણત્યાગ (આત્મ) સ્વરૂપમાં છે જ નહીં. આત્મામાં એક (એવો) ગુણ છે. **"ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ"** પરમાત્માનું વચન છે. આત્મા, પરમાણુથી માંડી કોઈપણ લક્ષ્મી સ્ત્રી, કુટુંબ, પરિવાર કે કોઈ દ્રવ્ય એને ગ્રહ્યા નથી કે એને તું છોડતો નથી. એના ત્યાગગ્રહણરહિત તારું સ્વરૂપ છે. આહા..હા.. એને ઠેકાણે ગ્રહણત્યાગનો હું સ્વામી છું એમ માને-આટલું મેં છોડ્યું, આમ છોડ્યું, પાંચ હજાર (રૂપિયા) દાનમાં આપ્યા હતા. ફલાણું (ધનાદિ) ભેરું કર્યું' તું. વકીલાત કરી અને મેં તે છોડી દીધી (એવી માન્યતા હોય તો.) એ મૂઢ છે. વકીલાત કોણ કરે..? એ તો ભાષા (ની પુદ્‌ગલની પર્યાય છે.) આહા..હા..! એ ભાઈ,,! આ જજ રહ્યા. છોડીને બેઠા હવે..! હજી ક્યાંક જવાના છે કહે છે. **(શ્રોતા:)** જવાબદારી બાકી છે હજુ..! **(ઉત્તર:)** જવાબદારી કોની..? આહા..હા..હા.. એ સ્ત્રી, પુત્ર, ધન, કપડાં, દાગીના, મકાન, મહેલ એને મેં ગ્રહ્યા ને ત્યાગ્યા, એનો સ્વામી થાય એ મૂઢ છે. આહા..હા!

**"વગેરે માનવું તે મનુષ્યવ્યવહાર (મનુષ્યરૂપ વર્તન) છે."** એ મનુષ્યનો વ્યવહાર છે. મિથ્યાદષ્ટિનો એ વ્યવહાર છે. ધર્મીનો નહીં. **"માત્ર અચલિત ચેતના તે જ હું છું"** આહા..હા..! ટૂંકું કર્યું છે હો..? 'અચલિતચેતના તે જ હું છું' **"એમ માનવું-** (એમ) **પરિણમવું તે આત્મવ્યવહાર**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**(આત્મારૂપ વર્તન) છે.** એ આત્માનું વર્તન છે. આહા..હા..હા..! એ ઉપવાસ કરું છે ને વ્રત લીધાં છે ને (પણ) વ્રત એટલે સંવર, તપ (એટલે) નિર્જરા. (એ વ્રત ને ઉપવાસના શુભવિકલ્પ નહીં) એ પરદ્રવ્યના ગ્રહણત્યાગ (માં) મિથ્યાદૃષ્ટિ રોકાઈ ગ્યો ત્યાં. ''માત્ર અચલિત ચેતના ચેતના ભગવાન. ચળે નહીં એવી ચેતનાપર્યાય, જે સ્વદ્રવ્યના આશ્રયે થાય. એમ માનવું-પરિણમવું તે આત્મવ્યવહાર (છે). આત્માનું વર્તન છે.

**''જેઓ મનુષ્યાદિપર્યાયમાં લીન છે''** શરીર મારું, વાણી મારી, હું રૂપાળો, મારું શરીર મજબૂત લઠ જેવું, મારું શરીર પાતળું સાંઠી જેવું, અરે શરીર (તારું) હતું કેદી' આ તો માટી છે. એ આત્માનું હતું કેદી'ને આત્મામાં છે કેદી'..? મારી કાઠી પાતળી છે એમ કહે છે...ને! અને મારું લઠ જેવું (શરીર). આહા..હા..! (એમ) **''જેઓ મનુષ્યાદિપર્યાયમાં લીન છે, તે એકાંતદૃષ્ટિવાળા લોકો મનુષ્યવ્યવહારનો આશ્રય કરતા હોવાથી રાગીદ્વેષી થાય છે.''** મિથ્યાત્વની શ્રદ્ધામાં તે રાગી દ્વેષી થાય છે. **''અને એ રીતે પરદ્રવ્યરૂપ કર્મ (કાર્ય) સાથે સંબંધ કરતા હોવાથી તેઓ પરસમય છે.** પરસમય એટલે મિથ્યાદૃષ્ટિ છે. અનાત્મા છે. આહા...હા...હા...! **''અને જેઓ ભગવાન આત્મસ્વભાવમાં જ સ્થિત છે.''** ભગવાન આત્મા..! ભાષા આમ કરી જોઈ..? ભગવાન આત્મા સ્વભાવ, શુદ્ધ ચેતન આનંદ જ્ઞાતા-દ્રષ્ટા-આનંદ-એમાં જે- સ્વભાવમાં જ સ્થિત છે. **''તે અનેકાંતદૃષ્ટિવાળા''.** કો હવે આને અનેકાંત કહે..! ઓલા (અજ્ઞાની કહે) આને ય માનો ને આને ય માનો એ અનેકાંત, વ્યવહારથી ય થાય અને નિશ્ચયથી પણ થાય એ અનેકાંત (એમ એ કહે છે) અહીંયાં કહે છે કે વ્યવહારથી ન થાય અને નિશ્ચયથી જ થાય એનું નામ અનેકાંત છે. બહુ ફેર બાપુ..! નવા સમજનારને તો એવું લાગે કે...નહીં! શું આ તે (કહે છે) આ તે કંઈ જૈનની વાત છે..? (જૈનમાં તો) દયા પાળો છ-કાયની (એવી વાત હોય, આ નિશ્ચય-વ્યવહારની વાત..!) સંવત્સરી ઉપર કાગળ લખે તો (આ લખે કે) છ કાયના પિયર, છ કાયના રખવાળ, છ કાયના ગોવાળ, (એમ લખે) નહીં..? કાગળમાં લખતાં ને સંવત્સરીને દી' ? આહા...હા..! કોના ગોવાળ ( ને કોના રખવાળ) બાપા..! આહા..હા..! **''તે અનેકાંતદૃષ્ટિવાળા લોકો મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતાં''** રાગ છે જે વ્યવહારનો- દયા, દાનનો તેનો આશ્રય નહિ કરતાં **''આત્મવ્યવહારનો આશ્રય કરતા હોવાથી રાગી દ્વેષી થતા નથી.''** આહા..! એ 'જ્ઞાતા-દ્રષ્ટા' ના ભાવમાં રહે છે. **''અર્થાત્ પરમ ઉદાસીન રહે છે.'' અને એ રીતે પરદ્રવ્ય (સ્વ)રૂપ કર્મ (કાર્ય) સાથે સંબંધ નહિ કરતાં, કેવળ સ્વદ્રવ્ય સાથે જ સંબંધ કરતા હોવાથી તેઓ સ્વસમય (આત્મા) છે.** આહા...હા...! આવી વ્યાખ્યા (છે). ઓલી તો (વ્યાખ્યા કરે) કે ત્રસ કોને કહીએ..? કે હાલે-ચાલે એને ત્રસ જીવ કહીએ. સ્થાવર (જીવ) કોને કહીએ..? કે સ્થિર રહે તેને સ્થાવર (કહે છે). અહીંયાં કહે કે આત્મા એને કહીએ કે જે પુણ્ય-પાપપણે ન પરિણમે અને શુદ્ધવીતરાગ (ભાવ) પણે પરિણમે એને આત્મા કહીએ. અરે..રે..! આ (અજ્ઞાની જનો સાથે) ક્યાં મેળ ખાય..? એ ભાઈ..? કલકત્તામાં ક્યાંય ન મળે..! (આ વાત) કલકત્તામાં ધૂળ (પૈસો) છે. આહા...! એ ચોરાણું ગાથા થઈ. હવે પંચાણું (ગાથા).

વિશેષ આવશે......

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે દ્રવ્યનું લક્ષણ દર્શાવે છે:-

**अपरिच्चत्तसहावेणुप्पादव्वयधुवत्तसंबद्धं ।**
**गुणवं च सपज्जायं जं तं दव्वं ति वुच्चंति ॥९५॥**

**अपरित्यक्तस्वभावेनोत्पादव्ययध्रुवत्वसंबद्धम्।**
**गुणवच्च सपर्यायं यत्तद्द्रव्यमिति ब्रुवन्ति॥९५॥**

**છોડયા વિના જ સ્વભાવને ઉત્પાદ-વ્યય-ધ્રુવયુકત છે,**
**વળી ગુણ ને પર્યય સહિત જે, ''દ્રવ્ય'' ભાખ્યું તેહને. ૯૫.**

**ગાથા-૯૫.**

અન્વયાર્થ:- (अपरित्यक्तस्वभावेन) સ્વભાવને છોડયા વિના (यत्) (उत्पादव्ययध्रुवत्वसंबंद्धम् ) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસંયુકત છે (च) તથા (गुणवत् सपर्यायं) ગુણવાળું ને પર્યાય સહિત છે, (तत्) તેને (द्रव्यम् इति) 'દ્રવ્ય' (ब्रुवन्ति) કહે છે.

ટીકા:- અહીં ( આ વિશ્વમાં) જે, સ્વભાવભેદ કર્યા વિના [1]ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રયથી અને [2]ગુણ-પર્યાય દ્વયથી [3]લક્ષિત થાય છે, તે દ્રવ્ય છે. તેમાં (સ્વભાવ, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, ગુણ ને પર્યાય એ છ શબ્દો કહ્યા તેમાં), દ્રવ્યનો સ્વભાવ તે [4]અસ્તિત્વસામાન્યરૂપ અન્વય. અસ્તિત્વ બે પ્રકારનું કહેશે: (૧) સ્વરૂપ- અસ્તિત્વ અને (૨) સાદશ્ય-અસ્તિત્વ. ઉત્પાદ તે પ્રાદુર્ભાવ (અર્થાત્ પ્રગટ થવું, ઉત્પન્ન થવું); વ્યય તે પ્રચ્યુતિ (અર્થાત્ ભ્રષ્ટ થવું, નષ્ટ થવું); ધ્રૌવ્ય તે અવસ્થિતિ (અર્થાત્ ટકવું) . ગુણો તે વિસ્તારવિશેષો. તેઓ સામાન્ય-વિશેષાત્મક હોવાથી બે પ્રકારના છે. તેમાં, અસ્તિત્વ, નાસ્તિત્વ, એકત્વ, અન્યત્વ, દ્રવ્યત્વ, પર્યાયત્વ, સર્વગતત્વ, અસર્વગતત્વ, સપ્રદેશત્વ, અપ્રદેશત્વ, મૂર્તિત્વ, સક્રિયત્વ, અક્રિયત્વ, ચેતનત્વ, અચેતનત્વ, કર્તૃત્વ, અકર્તૃત્વ, ભોકતૃત્વ, અભોકતૃત્વ, અગુરુલઘુત્વ ઈત્યાદિક સામાન્યગુણો છે; અવગાહહેતુત્વ, ગતિનિમિત્તતા, સ્થિતિકારણત્વ, વર્તનાયતનત્વ, રૂપાદિમત્ત્વ, ચેતનત્વ ઈત્યાદિક વિશેષગુણો છે. પર્યાયો તે આયતવિશેષો, તેઓ પૂર્વે જ(૯૩મી ગાથાની ટીકામાં) કહેલા ચાર પ્રકારના છે.

દ્રવ્યને તે ઉત્પાદાદિક સાથે અથવા ગુણપર્યાયો સાથે લક્ષ્ય-લક્ષણભેદ હોવા છતાં સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ દ્રવ્ય તેવું (ઉત્પાદાદિવાળું અથવા ગુણપર્યાયવાળું) છે- વસ્ત્રની જેમ.

---

૧. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રય=ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય- એ ત્રિપુટી (ત્રણનો સમૂહ)

૨. ગુણપર્યાય દ્રય=ગુણ ને પર્યાય-એ યુગલ (બેનો સમૂહ)

૩. લક્ષિત થાય છે=લક્ષ્યરૂપ થાય છે; ઓળખાય છે ((૧) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તથા (૨) ગુણ-પર્યાય તે લક્ષણો છે અને દ્રવ્ય ને લક્ષ્ય છે.)

૪. 'છે, છે, છે' એવો એકરૂપ ભાવ દ્રવ્યનો સ્વભાવ છે. (અન્વય=એકરૂપતા; સદશભાવ).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેવી રીતે જેણે મલિન અવસ્થા પ્રાપ્ત કરેલી છે એવું વસ્ત્ર, ધોવામાં આવતાં, નિર્મળ અવસ્થાથી (-નિર્મળ અવસ્થારૂપે, નિર્મળ અવસ્થાની અપેક્ષાએ) ઊપજતું થકું તે ઉત્પાદ વડે લક્ષિત છે; પરંતુ તેને તે ઉત્પાદ સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું (અર્થાત્ ઉત્પાદસ્વરૂપે જ પોતે પરિણત છે); તેવી રીતે જેણે પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરેલી છે એવું દ્રવ્ય પણ-કે જે ઉચિત બહિરંગ સાધનોની ★સંનિધિના સદ્દ્ભાવમાં અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે તે - [1]અંતરંગસાધનભૂત સ્વરૂપકર્તાના અને સ્વરૂપકરણના સામર્થ્યરૂપ સ્વભાવ વડે અનુગૃહીત થતાં, ઉત્તર અવસ્થાએ ઉપજતું થકું તે ઉત્પાદ વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે ઉત્પાદની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે. વળી જેવી રીતે તે જ વસ્ત્ર નિર્મળ અવસ્થાથી ઊપજતું અને મલિન અવસ્થાથી વ્યય પામતું થકું તે વ્યય વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે વ્યયની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે; તેવી રીતે તે જ દ્રવ્ય પણ ઉત્તર અવસ્થાથી ઊપજતું અને પૂર્વ અવસ્થાથી વ્યય પામતું થકું તે વ્યય વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે વ્યયની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે. વળી જેવી રીતે તે જ વસ્ત્ર એકી વખતે નિર્મળ અવસ્થાથી ઊપજતું, મલિન અવસ્થાથી વ્યય પામતું અને ટકતી એવી વસ્ત્રત્વ-અવસ્થાથી ધ્રુવ રહેતું થકું ધ્રૌવ્ય વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે ધ્રૌવ્યની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે. તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ એક વખતે ઉત્તર અવસ્થાથી ઉપજતું, પૂર્વ અવસ્થાથી વ્યય પામતું અને ટકતી એવી દ્રવ્યત્વ- અવસ્થાથી ધ્રુવ રહેતું થકું ધ્રૌવ્ય વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે ધ્રૌવ્યની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે.

વળી જેવી રીતે તે જ વસ્ત્ર વિસ્તારવિશેષોસ્વરૂપ (શુકલત્વાદિ) ગુણો વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે ગુણોની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે; તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ વિસ્તારવિશેષોસ્વરૂપ ગુણો વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે ગુણોની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે. વળી જેવી રીતે તે જ વસ્ત્ર આયતવિશેષોસ્વરૂપ પર્યાયવર્તી (-પર્યાય તરીકે વર્તતા, પર્યાયસ્થાનીય) તંતુઓ વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે તંતુઓની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે; તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ આયતવિશેષોસ્વરૂપ પર્યાયો વડે લક્ષિત થાય છે, પરંતુ તેને તે પર્યાયોની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે . ૯૫.

---

★ સંનિધિ=હાજરી; નિકટતા.

૧. દ્રવ્યમાં પોતાનામાંજ સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણ થવાનું સામર્થ્ય છે. આ સામર્થ્યરૂપ સ્વભાવ જ પોતાના પરિણમનમાં (અવસ્થાંતર કરવામાં) અંતરંગ સાધન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચનઃ તા. ૨ તથા ૩-૬-૭૯.
## 'પ્રવચનસાર' ગાથા-૯૫.

(કહે છે કેઃ) **હવે દ્રવ્યનું લક્ષણ દર્શાવે છેઃ**- પહેલું પદાર્થનું સ્વરૂપ બતાવ્યું હતું. હવે પદાર્થનું લક્ષણ બતાવે છે. (ગાથા-૯૩) માં દ્રવ્ય કોને કહેવું, ગુણ કોને કહેવા, પર્યાય કોને કહેવી- એમ બતાવ્યું' તું. હવે આ દ્રવ્યનું લક્ષણ બતાવે છે, જે લક્ષણથી (વસ્તુ) ઓળખી શકાય. **''હવે દ્રવ્યનું લક્ષણ દર્શાવે છે :-**

**अपरिच्चत्तसहावेणुप्पादव्वयधुवत्तसंबद्धं।**
**गुणवं च सपज्जायं जं तं दृव्वं ति वुच्चंति।।९५।।** આહા...હા...હા!

મુનિરાજ એમ કહે છે કુંદકુંદાચાર્ય, ભગવાન આમ... કહે છે. એમ કહે છે. **'वुच्चंति'** છે ને! ભગવાન આમ કહે છે. કુંદકુંદાચાર્ય તો ત્રીજે નંબરે આવે છે. **'मंगलं भगवान वीरो, मंगलं गौतमो गणी। मंगलं कुंदकुंदार्यो (जैनधर्मोस्तु मंगलम्।।'** શ્વેતાંબરમાં (**मंगलं**) સ્થૂલભદ્ર આવે છે. આંહી તો ભગવાન કુંદકુંદાચાર્ય ત્રીજે નંબરે... જૈન ધર્મ એ મંગળિક ! 'મંગ' નામ પવિત્રતા ને 'લ' નામ લાતી. પવિત્રતાની પ્રાપ્તિ તેને મંગળિક કહીએ. એ મંગળિક આ, શુદ્ધસ્વસ્વરૂપ ભગવાન ત્રિકાળ મંગળસ્વરૂપ છે, તેનો આશ્રય લઈને, નિર્વિકલ્પ-રાગવિનાની દશા- શ્રદ્ધા-જ્ઞાન-અને શાંતિ થાય, એને મંગળિક કહેવામાં આવે છે. આહા....હા! **'अरिहंता मंगलम्, सिद्धा मंगलम्'** એ બધી તો વ્યવહારની વાતું! **'केवलीपण्णत्तो धम्मो मंगलम्'** અત્યારે (આ પર્યાય કહેવી છે) પણ ખરું મંગળિક તો દ્રવ્ય છે કે જેનો આશ્રય લઈને (પર્યાય મંગળિક થાય છે) પણ અહીંયાં પર્યાયને આત્મતત્ત્વ કહ્યું ને...! (ગાથા-૯૪ સ્વસમય જ આત્માનું તત્ત્વ છે). આહા...હા! પૂર્ણાનંદની પ્રાપ્તિ અથવા પૂર્ણાનંદપ્રભુ એની પ્રતીતિ-અનુભવ, એને મંગળિક કહેવામાં આવે છે. એનું આ (અહીંયાં આ ગાથામાં) લક્ષણ દર્શાવે છે. આવું ગયું ને...?

**છોડ્યા વિના જ સ્વભાવને ઉત્પાદ-વ્યય-ધ્રુવયુકત છે,**
**વળી ગુણ ને પર્યાય સહિત જે, 'દ્રવ્ય' ભાખ્યું તેહને. (૯૫.)** દ્રવ્ય કહ્યું ભગવાને તેને. એનો અન્વયાર્થ લઈએ થોડો'ક **'સ્વભાવને છોડયા વિના'** છે ને? અન્વયાર્થ (માં) **'જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસંયુકત છે તથા ગુણવાળું ને પર્યાયસહિત છે''**. દ્રવ્ય-ગુણ-ને પર્યાય (એ) ત્રણ શું એની ખબર ન મળે! જે જૈનના એકડાના મીંડાંની વાતું (છે). પર્યાય શું? એ વળી જણે પ્રશ્ન કર્યો'તો! પંડિત હતો ને (આવો) પ્રશ્ન કરતો હતો! કેવા શાસ્ત્રી? અહો, પંડિત! દ્રવ્ય કોને કહેવું, ગુણ ને પર્યાય (કોને કહેવા) એ હજી તો નામ (એની કાંઈ ખબર ન હોય ને) એક જણો કે' પૈસાને દ્રવ્ય કહેવું. આહા....હા...હા! અહીંયાં તો કહે છે **'છોડ્યા વિના જ સ્વભાવને ઉત્પાદ-વ્યય-ધ્રુવયુકત છે, વળી ગુણ ને પર્યાય સહિત**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જે, 'દ્રવ્ય' ભાખ્યું તેહને.** ભગવાને આમ કહ્યું (છે) સ્વભાવને છોડ્યા વિના જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસંયુકત છે તથા ગુણવાળું ને પર્યાયસહિત છે, તેને 'દ્રવ્ય' કહે છે. તેને પરમાત્માએ, વીતરાગ કેવળી પરમાત્માએ, ગણધરો ને ઈન્દ્રોની વચ્ચે તેને 'દ્રવ્ય' કહ્યું છે.

**ટીકા:- "અહીં (આ વિશ્વમાં) જે"**, ઝીણી વાત છે. દ્રવ્ય કોને કહેવું, ગુણ કોને કહેવા, પર્યાય કોને કહેવી? દ્રવ્ય (જે) એક (રૂપ છે) ઉત્પાદ-વ્યય (હોવા છતાં) સ્વભાવભેદ કર્યા વગરનું અભેદ છે. **"સ્વભાવભેદ કર્યા વિના, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રયથી"**. નવી અવસ્થા ઉત્પન્ન થાય, પુરાણી અવસ્થા વ્યય-નાશ થાય, અને ધ્રુવપણે કાયમ રહે. આહા...હા! દરેક વસ્તુમાં આવો સ્વભાવ છે. આત્મા પણ પોતાના ઉત્પાદ-વ્યય કરીને ધ્રુવ સહિત (ટકતું) તે દ્રવ્ય છે. એના ઉત્પાદ-(વ્યય) માટે બીજાની (બીજા દ્રવ્યની) જરૂર નથી. તેમ બીજા દ્રવ્યના-આત્મા સિવાય શરીર, વાણી આદિ બધી ચીજો, એની અવસ્થા જે ઉત્પન્ન થાય, એ એના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ, સ્વભાવભેદ કર્યા વિના, એનું દ્રવ્ય સ્વરૂપ છે. એના ઉત્પાદની પર્યાય કરવા માટે (કોઈ) બીજું દ્રવ્ય (એ ઉત્પાદ અવસ્થા) કરે એમ બને નહીં. ઝીણી વાત છે, ભાઈ! તત્ત્વની વાત અનંતકાળમાં એણે સાંભળી નથી. સમજ્યો નથી! આહા...! સ્વભાવભેદ કર્યા વિના દ્રવ્ય-વસ્તુ **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રયથી અને ગુણ-પર્યાયદ્વયથી લક્ષિત થાય છે."** દરેક વસ્તુ (નું આ સ્વરૂપ છે). એમ આત્મા (માં) નવી અવસ્થા ઉત્પન્ન થાય, પુરાણી (અવસ્થા) વ્યય થાય., ધ્રુવ (અવસ્થા ટકે). અને ગુણ જે ધ્રુવ (છે) પર્યાય (એટલે) અવસ્થા. અને ધ્રુવ (દ્રવ્ય) એ ત્રણ ઉત્પાદ-વ્યય- ધ્રુવ અને ગુણને પર્યાય એનાથી દ્રવ્ય લક્ષ્ય થાય છે. એ લક્ષણો છે ને એનાથી દ્રવ્ય જણાય છે. આહા.હા...!

આ આત્મદ્રવ્ય, સચ્ચિદાનંદ પ્રભુ, પૂરણ સ્વરૂપથી ભરેલો પ્રભુ! એ પણ એના ઉત્પાદવ્યય-ધ્રુવ અને ગુણ-પર્યાયથી જણાય છે, (એ) દેવ-ગુરુ-શાસ્ત્રથી કે પર શાસ્ત્રથી એ જણાય એવો નથી, એમ કહે છે. **(શ્રોતા:)** કાલે આપે એમ કહ્યું કે ગુરૂગમ વિના જણાય નહીં... **(ઉત્તર:)** એ તો ગુરુગમ એટલે એને નિમિત્ત હોય એવું. આ ભવમાં કાંઈ કે પરભવમાં કંઈક સત્સમાગમ હોય. સાચો સત્ સમાગમ હોય એટલું. બાકી એનાથી પામે છે, એમ નથી. એમ તો દેશનાલબ્ધિ હોય છે. એથી એનાથી પામે છે, એમ નથી. એનું (આત્મદ્રવ્યનું) ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુનું લક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ થી તે જણાય કાં ગુણ એટલે ધ્રુવ અને પર્યાય (એટલે) ગુણ-પર્યાયથી જણાય.

એમ આ (શરીર) પરમાણુ છે જડ-ધૂળ. એ એક-એક પરમાણુ પણ એના ઉત્પાદ-વ્યય- ધ્રુવથી જણાય અને તેના ગુણ-પર્યાયથી જણાય. ઝીણી વાત છે ભાઈ! સર્વજ્ઞ, પરમેશ્વર, ત્રિકાળજ્ઞાની પરમાત્માની આ વાણી (છે). બહુ (તત્ત્વ) ઝીણું! (અહીંયાં કહે છે) સ્વભાવભેદ કર્યા વિના ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને ગુણ-પર્યાયનો સ્વભાવભેદ કર્યા વિના વસ્તુ છે. આહા...હા! ઉત્પાદ-વ્યય-ધ્રુવ પણ એનો સ્વભાવ છે અને ગુણ-પર્યાય (પણ) એનો (દ્રવ્ય-વસ્તુનો) સ્વભાવ છે. હવે આમ-કંઈ સમજવું નહીં, બહારથી કંઈ ભક્તિ કરીએ ને પૂજા-દાન દયા કરીએ ને ધર્મ થઈ જાય? ભાઈ! (વીતરાગી તત્ત્વની) ઝીણી વાત છે બાપુ! (એવી ક્રિયા) તો અનંતવાર કરી છે. અહીંયાં તો (કહે છે) દ્રવ્ય જે ચૈતન્યભગવાન! પૂર્ણાનંદને અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ આત્મા (છે) એ એના ઉત્પાદ વ્યય-ધ્રુવથી સ્વભાવભેદ કર્યા વિના, તેનાથી જણાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એવો છે. અને તેના ગુણ-પર્યાયથી (જણાય એવો છે) ગુણ એ ધ્રુવ છે અને પર્યાય છે એ ઉત્પાદ-વ્યય. પેલા ત્રણ (લક્ષણ કહ્યા) ઉત્પાદ- વ્યય-ધ્રુવ (ત્રય) અને ગુણ ને પર્યાય (દ્વય) બે (લક્ષણ કહ્યા). એ ત્રણ થઈને પણ સ્વભાવભેદ કર્યા વિના દ્રવ્ય છે. અને ગુણ-પર્યાય (બે થઈને) પણ દ્રવ્ય છે. દ્રવ્ય એટલે આ પૈસો નહીં હો! આહા...હા...હા!

દ્રવ્ય એટલે વસ્તુ અનાદિ. પરમાત્મા-આત્મા અનાદિ છે એમ આ પરમાણુ-શરીર જે જડ-માટી છે એમાં જે પરમાણુ છે એ અનાદિ છે. (શરીર તો પરમાણુનો પિંડ છે) એ પરમાણુના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી પરમાણુ દ્રવ્ય જણાય. કાં એના ગુણો કાયમ રહેનારા અને એની બદલતી અવસ્થાથી જણાય. એમ ભગવાન આત્મા, એના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી જણાય કાં ગુણ-પર્યાય (થી જણાય) કહો એ બધું એક જ છે. ગુણ-પર્યાયથી તેનું દ્રવ્ય લક્ષ્ય થાય. લક્ષ કરનાર છે પર્યાય ને ઉત્પાદ, વ્યય અને લક્ષ (જેનું) થાય (તે) ધ્રુવ (છે)-દ્રવ્ય જે વસ્તુ છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ! અતીન્દ્રિય આનંદનો સાગર અનંત ગુણનું ધામ, અનંત ચૈતન્યરત્નાકર તે આત્મા છે. એની દૃષ્ટિ કરવા માટે (અહીંયા) કહે છે કે તેના ઉત્પાદ-વ્યય- ધ્રુવથી તે જણાય એવો છે. (એ લક્ષણથી લક્ષિત થાય છે). કેમકે દૃષ્ટિ જે થાય છે તે ઉત્પાદ છે. પ્રથમ ધરમ-સમ્યગ્દર્શન થાય એ પણ ઉત્પાદ છે. પૂર્વની પર્યાયનો વ્યય છે. અને કાયમ ટકતા એને ધ્રુવને ગુણ અને દ્રવ્ય છે. એટલે દૃષ્ટિનો વિષય (ધ્યેય) ત્રિકાળીદ્રવ્ય છે. ઉત્પાદથી તે જણાય એવું દ્રવ્ય છે. આ..રે! એ રાગ ને દયા-દાન ને વ્રત-ભક્તિ.એ વિકારની પર્યાય છે તો એની પર્યાય, પણ એનાથી ખસીને જાણવું છે દ્રવ્ય. એટલે જેનું લક્ષ્ય થાય એ દ્રવ્ય, ઉત્પાદ-વ્યય- ધ્રુવ (નું એકરૂપ) તે દ્રવ્ય, ગુણ ને પર્યાય તે દ્રવ્ય એ ઉત્પાદ વ્યયમાં વિકારી પર્યાય પણ આવી ગઈ ગુણપર્યાયમાં વિકારી-અવિકારી બે ય (પર્યાય) આવી ગઈ. આંહી તો એને લક્ષણ કહ્યું છે. એ લક્ષ્ય આખું પૂર્ણાનંદ પ્રભુ! એની ઉત્પાદઅવસ્થા (એટલે) નવી અવસ્થા ઉત્પન્ન થાય પૂર્વની અવસ્થા વ્યય થાય એ બદલીને નાશ થાય અને કાયમ સદશપણે રહેનારો ભગવાન ધ્રુવ (છે) એનો ગુણ છે એ કાયમ રહેનાર છે, પર્યાય તે ઉત્પાદ-વ્યયવાળી છે. (એ) ગુણ, પર્યાયથી પણ તે જણાય (અને) ઉત્પાદ-વ્યય-ધ્રુવથી સ્વભાવભેદ કર્યા વિના તે જણાય. આહા...હા! હવે આવું (તત્ત્વસ્વરૂપ) કોઈ દી' સાંભળ્યું ન હોય! અને એમને એમ ધરમ થઈ જાય બહારથી? (ન થાય.) (અત્યારે તો આ ચાલ્યું છે) દેવ-ગુરુની ભક્તિ કરો બસ, એનાથી (ધર્મ) થઈ જશે. ધૂળેય નહીં થાય સાંભળને...!

(અહીંયાં કહે છે કે:) (દેવ-ગુરુની ભક્તિનો વિકલ્પ) એ તો રાગ છે, રાગ આંહી (પર્યાયમાં) થાય છે. આત્માની પર્યાયમાં થાય છે, એ લક્ષણથી જાણવું હોય તો દ્રવ્ય જણાય. એને (રાગને) પણ લક્ષણ કહ્યું (પર્યાય છે ને...!) આહા..હા! 'પંચાસ્તિકાય' માં લીધું છે ને...! (ગાથા ૬૨) ભલે એ વિકારપર્યાય ઉત્પન્ન થાય, અને (પર્યાય) વિકાર રહિત થાય, એ નિર્વિકારી પર્યાય અને ધ્રુવગુણ રહે. અને વિકારી, અવિકારી પર્યાય-એ પર્યાયને ગુણથી જણાવાલાયક તો દ્રવ્ય છે! અરે! હવે આવું (વસ્તુનું સ્વરૂપ અલૌકિક) નવરાશ કયાં આમાં? (આ સ્વરૂપ સમજવા) ઝીણી વાત છે! લોકો પછી એમ કયે કે (એકાંત છે, એકાંત છે) બાપુ! અનંતકાળ-અનંતકાળ વીત્યો ભાઈ! એ દ્રવ્યવસ્તુ શું છે? ચૈતન્યભગવાન કોણ છે? એની એને (કાંઈ) ખબરેય નથી. (અજ્ઞાનીલોકો કહ્યા કરે) બહાર દેખાતા વિષય છોડો ને બાયડી-છોકરાં છોડો ને દુકાન-ધંધા છોડો (પણ એમાં) ધૂળે ય (ધર્મ) નથી. અનંતવાર છોડ્યા છે!! એ કયાં (આત્માએ) ગ્રહણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્યું તું તે છોડે? પરવસ્તુનો ગ્રહણત્યાગ આત્મામાં છે જ નહીં! આ...હા! આકરી વાત છે ભાઈ!

(કહે છે) આત્મા પ્રભુ છે. એના ગુણ, પર્યાયથી ને ઉત્પાદ-વ્યય-ધ્રુવથી સ્વભાવભેદ કર્યા વિના તે જણાય. એ પરવસ્તુનો તો એમાં ત્યાગ જ છે અનાદિથી. પરવસ્તુ તો એણે (આત્માએ) ગ્રહી નથી. ભગવાન આત્મા, એણે એક પરમાણુ પણ ગ્રહ્યો નથી તો બાયડી-છોકરાં ને પૈસા-દુકાનને એને ગ્રહ્યાં'તા અને એણે છોડ્યા, એ વાત (એના) સ્વરૂપમાં નથી! આહા...હા! કે અમે બાયડી હતી તે છોડી, હજારો રાણીઓ છોડી દીક્ષા લીધી. એથી એ દીક્ષા ચારિત્ર છે એમ નથી! આહા...હા! પરના ત્યાગગ્રહણથી રહિત પ્રભુ (આત્મા) ત્રિકાળ છે. હવે એ ત્રિકાળી જે વસ્તુ છે, એની દૃષ્ટિ કરવી હોય ને એને ઓળખવો હોય, તો એના ગુણ, પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રુવનો સ્વભાવ-ભેદ કર્યા વિના (જણાય, ઓળખાય છે) (કારણ-કે) જે દ્રવ્યનો સ્વભાવ છે એજ ગુણ, પર્યાયને ઉત્પાદ-વ્યય-ધ્રુવનો સ્વભાવ છે. સ્વભાવ જુદો પાડીને આત્મા જણાય એમ નથી!!

આહા...હા! છે? નીચે છે. (ફૂટનોટમાં અર્થ છે) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રય=ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય-એ ત્રિપુટી (ત્રણનો સમૂહ), ગુણપર્યાયદ્વય=ગુણ ને પર્યાય- એ યુગલ (બેનો સમૂહ). લક્ષિત થાય છે-લક્ષ્યરૂપ થાય છે; ઓળખાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તથા ગુણ-પર્યાય તે લક્ષણો છે અને દ્રવ્ય તે લક્ષ્ય છે. આહા...હા! હવે આવી વાતું બાપુ!

(અહીંયાં શું કહે છે) આ તો જડ છે શરીર છે, માટી-ધૂળ છે. કર્મ અંદર છે એ પણ માટી-ધૂળ છે. સ્ત્રી, કુટુંબ પરિવાર એ તત્ત્વ અન્યવસ્તુ છે. એમાં કાંઈ તારો સ્વભાવ છે ને તારી પર્યાયમાં એ છે એમ છે. નહીં..હા! તારી પર્યાયમાં વિકારી ને અવિકારી દશા થાય. અને કાયમ રહેનારું ધ્રુવ રહે. તો એ ધ્રુવ અને ઉત્પાદ-વ્યયથી લક્ષ્ય તો દ્રવ્ય કરવાનું છે કે કોના છે આ? સમજાણુ કાંઈ..? ઝીણી વાત છે ભાઈ! (તત્ત્વની વાત). અનંતકાળમાં એણે આત્મતત્ત્વનો વાસ્તવિક વિચાર જ કર્યો નથી એમ ને એમ જીવન ગાળ્યાં અને (ક્રિયાકાંડ જ કર્યા છે) એમાં જાણે ધરમ થઈ ગ્યો. માન્યું (છે). આહા...હા!

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રયથી અને ગુણ-પર્યાય દ્વયથી નકકી થાય છે, તે દ્રવ્ય છે. છ યે દ્રવ્ય હો! (બધા દ્રવ્યોની વાત છે). આ (એક) પરમાણુ છે, એ ગતિ કરે છે એવી જે પર્યાય, અને સ્થિર રહે છે એવી જે પર્યાય, (એટલે) ઉત્પાદ-વ્યય, અને કાયમ રહે છે એવું જે ધ્રુવ-એ ઉત્પાદ-વ્યયથી અને ધ્રુવથી તે પરમાણુ (દ્રવ્ય) જણાય છે, એ આમ (પરમાણુ) ની ગતિ થઈ એટલે એ ગતિ આત્માએ કરી (એમ છે નહિ, એ ગતિની પર્યાય પરમાણુથી થઈ છે). આહા...હા! શું વસ્તુ (સ્થિતિનું સ્વરૂપ!) આ શરીર ચાલે છે. આમ એ આત્માથી એ ઉત્પાદ છે, એમ નથી, (પણ) એ ઉત્પાદ-વ્યય-ધ્રુવથી તો પરમાણુ જણાય છે. આહા...હા! અરે..રે! આવી સત્ય વાત (બીજે) કયાં છે? લોકો ઓઘે-ઓઘે આખી જિંદગીયું ગાળે! તત્ત્વની વાતની ખબર ન મળે! આહા...હા!

(અહીંયાં) કહે છે કે એ ઉત્પાદ-વ્યય-ધ્રુવ ને ગુણ-પર્યાયદ્વય તે લક્ષણ, (તે લક્ષણથી) લક્ષિત તે દ્રવ્ય છે. પરમાણુ હોય આ રજ કણ, આ શરીર) કંઈ એક ચીજ નથી. આના કટકા કરતાં- કરતાં એનો છેલ્લો પોઈંટ (અંશ) રહે તે પરમાણુ (છે). એ પરમાણુ પણ તેના ઉત્પાદ-વ્યય-ધ્રુવ ને ગુણ-પર્યાય, સ્વભાવભેદ કર્યા વિના તેના લક્ષણથી લક્ષ્ય છે. આહા..હા! (આ તત્ત્વ) ઝીણું છે! (આ હાથને, પરમાણુને) બીજા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માએ તેને હલાવ્યો, અને આ બોલે માટે ભાષા આત્માએ કરી છે, એમ છે નહીં. કેમકે એ ભાષાના પરમાણુમાં પણ, ભાષાપર્યાયપણે ઉત્પન્ન થવું, અને પૂર્વની વચનવર્ગણાસમુચ્ચય હતી તેનો વ્યય થવો, અને પરમાણુપણે કાયમ રહેવું એવું એક ઉત્પાદ-વ્યય-ધ્રુવ (લક્ષણોથી) ભાષાના પરમાણુ ઓળખાય છે. એનાથી આત્મા છે અંદર બોલે છે એ, એમ છે નહીં. આહા...હા! આવું સ્વરૂપ (છે). સર્વજ્ઞ ભગવાન, પરમેશ્વર ત્રિલોકનાથ એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક પ્રભુએ જોયા, એ પરમેશ્વરની આ વાણી છે ભાઈ! આહા...હા! તું પણ પરમેશ્વર છો! પણ તારા પરમેશ્વરને ઓળખવા માટે, તારા ઉત્પાદ-વ્યયને ધ્રુવ (લક્ષણો) જોઈએ. ભલે છે ધ્રુવ પણ એને જાણવા ઉત્પાદ-વ્યયને ધ્રુવ જાણવા જોઈએ. છે તો ધ્રુવ, દ્રવ્ય!! પણ ઉત્પાદ-વ્યયને ધ્રુવથી જણાય એવો એનો સ્વભાવગત કર્યા વિના (ન જણાય) એનાથી જણાય. આહા...હા..હા! એમ, ભાષા તો સાદી છે પ્રભુ! (ભાવભાસન કઠણ છે) વસ્તુગત એવી છે પ્રભુ! અત્યારે તો ગરબડ એવી ચાલી છે. આ વાત (સાંભળતાં) એવું લાગે કે આ ક્યાંની વાત કરે છે આ? ભાઈ! તારા ઘરની વાત છે પ્રભુ! તને તારી ખબર નથી! તું શરીર ચાલે છે (માટે એમ માને કે હું ચલાવું છું એને) એમ કહે છે ને..! કે હાલે-ચાલે તે ત્રસ, એમ નથી કહે છે. હાલે-ચાલે છે એ (હાલવાની-ચાલવાની) પર્યાય છે અને પહેલાં સ્થિર હતી. તેમાં પરમાણુપણે પરમાણુ કાયમ રહે છે. એનાથી પરમાણુ દ્રવ્ય જણાય છે. એનાથી આત્મા જણાય છે, (એમ નથી). કે ભાષા કરે તે આત્મા છે. એમ નથી પ્રભુ! આવી (આકરી) વાત છે!!

હવે **"તેમાં (સ્વભાવ, ઉત્પાદ,વ્યય, ધ્રૌવ્ય, ગુણ ને પર્યાય એ છ શબ્દો કહ્યા તેમાં)** સ્વભાવ, એક સ્વભાવ આવ્યો. એક ઉત્પાદ (એક) વ્યયને એક ધ્રૌવ્ય એમ ચાર આવ્યા. ગુણ ને પર્યાય છ આવ્યા. એ છ શબ્દો કહ્યા. સ્વભાવ, ઉત્પાદવ્યય ને ધ્રુવ, ગુણ ને પર્યાય. હવે છ ની વ્યાખ્યા. છ શબ્દો થ્યા તેની વ્યાખ્યા. તેમાં દ્રવ્યનો સ્વભાવ દરેક પરમાણુ અને દરેક ભગવાન આત્મા, એનો દ્રવ્યનો સ્વભાવ, **"સ્વભાવ તે અસ્તિત્વસામાન્યરૂપ અન્વય".** (નીચે ફૂટનોટમાં 'અન્વય'નો અર્થ) 'છે, છે, છે' 'છે, છે, છે' એવું જે અસ્તિત્વ (જેનો) એકરૂપ સ્વભાવ, અન્વય નામ એકરૂપતા, સદૃશભાવ ત્રિકાળી, (તે સ્વભાવ છે). આહા...હા! તે દ્રવ્યનો સ્વભાવ તે અસ્તિત્વસામાન્યરૂપ અન્વય, છે છે, છે છે, છે , છે, છે આદિ કે અંત નથી (એવી અનાદિ-અનંત), એવી ચીજ ((વસ્તુતત્ત્વ) અંદર છે! ચાહે તો પરમાણુ હો કે ચાહે તો આત્મા હો. એ છે,છે,છે' અસ્તિત્વ નામ હયાતી, એ અસ્તિત્વ સામાન્યરૂપ તેનો અન્વય એટલે કાયમ રહેનારી ચીજ કહીએ. હવે એ અસ્તિત્વના બે પ્રકાર (છે). છે, છે, છે એ હયાતીનું-અસ્તિત્વનું સ્વરૂપ, આત્માનું ને પરમાણુંનું (છે). પરમાણુ પણ છે છે ને છે (સ્વરૂપે) છે ને...! **(શ્રોતાઃ)** છ એ નું આં (સ્વરૂપ છે) **(ઉત્તરઃ)** બીજા ચાર (દ્રવ્યો) તો ભલે જાણવામાં ન આવે. (ઈંદ્રિયજ્ઞાનના એ વિષય નથી). પણ આ (શરીર) છે ને...! આ હાથ! એકવાર 'નિયમસાર'માં કહ્યું (પદ્મપ્રભમધારીદેવ' શ્લોકાર્થ ૭૯.) પ્રભુ! તું સ્ત્રીના શરીરની વિભૂતિને સ્મરતાં, આવું સુંદર છે ને આવું આ શરીર છે ને... આ આવું છે એની સ્મૃતિમાં પ્રભુ તું ભૂલાઈ જાશ! એના શરીરની આકૃતિ, શરીરનું સંસ્થાન, શરીરના અવયવોની સ્થિતિ, સ્ત્રીના (દેહ) પ્રમાણે (છે) પ્રભુ! એ વિભૂતિ જડની વિભૂતિ છે. એ સ્ત્રીની વિભૂતિને દેખી પ્રભુ તું ભૂલાઈ જાય છે. તારી વિભૂતિ અંદર એના ગુણ, પર્યાયથી જણાય એવી છે ને...! (બીજાની વિભૂતિ જોવામાં રોકાઈ ગયો, પોતાની વિભૂતિ ભૂલાઈ ગઈ) આહા...હા! એમ સ્ત્રીને પુરુષ (ના શરીરની વિભૂતિ) પુરુષના એ સુંદર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવયવો આદિ દેખી એની વિભૂતિ અને એના સ્મરણમાં તું રોકાઈ ગયો પ્રભુ! તારું સ્મરણ તેં ન કર્યું. આહા...હા! સ્મરણ છે ઉત્પાદની પર્યાય પણ એ ઉત્પાદની પર્યાય દ્રવ્યને જણાવે છે. એનું (દ્રવ્યનું) લક્ષ ન કર્યું પણ ઉત્પાદમાં ઓલી (શરીરની) વિભૂતિ દેખીને (એનું લક્ષ કર્યું). આહા...હાં...હા! શરીર સુંદર છે ને... રૂપાળું છે ને... આ (સ્ત્રીના) શરીરના અવયવો (અંગો) છે ને...! (એનું જ લક્ષ કર્યું) પણ ભૂલમાં પડી ગ્યો હો! ભૂલ-ભૂલામણી નથી! **(શ્રોતા:)** એ વડોદરામાં છે. **(ઉત્તર:)** જોયું છે. એ શું કહેવાય મેંદી. મેંદીની (ભૂલ-ભૂલામણી) ત્યાં વડોદરામાં છે મોટી (સંવત) ૬૩ની સાલમાં મહિનો કેસ ચાલ્યો હતો ને...! મહિનો (ત્યાં હતા) ત્યાં ગયા. તો અંદર ગર્યા પણ હવે નીકળવું કઈ રીતે? વડોદરામાં એક મોટી છે ભૂલભલામણી! મેંદીની બનાવેલી. એમાં ગર્યા તો નીકળી શકાય નહીં. ઓલો માણસ ઊભો હતો કે કહ્યું નીકળવું કઈ રીતે? ૬૩ની વાત છે સંવત-૧૯૬૩.

સત્તર વર્ષની ઉંમર હતી. ૭૩ વરસ પહેલાંની વાત છે. વડોદરામાં મોટો કેસ ચાલતો હતો અમારો અફીણનો મોટો કેસ ચાલતો હતો. એ ભૂલ-ભૂલામણી જોવા ગયેલા. ઘણા માણસો અમારી હારે હતા. ગર્યા તા અંદર કોઈને પૂછયા વિના, હવે નીકળવું કઈ રીતે આમાં(થી), (ત્યાં) માણસ હતો (કહ્યું) પૈસા લે તું પણ હવે આનું (નીકળવાનું) બતાવો. (તેણે કહ્યું) આમ થઈને આમ જાવ, એટલે નીકળી ગ્યા. એ ભૂલભૂલામણી કહેવાય. એમ આત્મા અનાદિનો, પોતાની વિભૂતિને ભૂલી, પોતાની અંદર આનંદનો નાથ, અતીન્દ્રિય સાગર છે એને ભૂલી અને પરની રિદ્ધિ ભૂલભલામણી- જે સ્ત્રી-પુરુષના શરીરની ને પૈસાની, મકાનની, કીર્તિની ભૂલભૂલામણીમાં ફસી ગયો, હવે નીકળવું શી રીતે? (સદ્ગુરુ) કહે છે નીકળવાનો એ ઉપાય છે એને (એ વિભૂતિને) તું ભૂલી જા. એના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી તો એ પરમાણુ (દ્રવ્ય) શરીરાદિના લક્ષ્ય થાય. અને આત્મા તો એના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી તેને જણાય. એવું (વસ્તુસ્વરૂપ) તને ન જાણવામાં આવ્યું ઈ (તેથી ભૂલભલામણીમાં અટવાયો છે) તને જાણવામાં તો ત્યારે આવે કે તારો જે ઉત્પાદ છે, પર્યાય થાય છે. એ લક્ષણ (તારા) દ્રવ્યનું છે ત્યાં જા તો તને તું મળે. પર્યાયમાં દ્રવ્યસ્વભાવની સ્મૃતિ પ્રગટ કર. પર્યાયમાં દ્રવ્યસ્વભાવ (છે) કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ સ્વભાદભેદ કર્યા વિના લક્ષણ છે . આહા...હા...હા! સમજાણું?

શું (તત્ત્વની વસ્તુસ્થિતિ) થોડી વાતમાં (કહી છે)!! આ તો (આ વસ્તુસ્થિતિ જાણ્યા વિના ધર્મ થઈ જાય) એમ ને એમ. વ્રત કર્યા ને દયા પાળી, કાંઈક શાસ્ત્ર ભણ્યોને (હજારો શ્લોક) મોઢે કર્યા. (એમાં ધરમ) ધૂળેય નથી. શાસ્ત્ર અનેકવાર મોઢે કર્યા સાંભળને...! શાસ્ત્ર પર વસ્તુ છે. એને યાદ કરતાં, તારું સ્વરૂપ જે છે એ પર્યાયમાં ભુલાઈ જાય છે. અહીંયાં તો આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ! એની નવી પર્યાય ઉત્પન્ન થાય, પૂર્વની અવસ્થા વ્યય થાય, સમકિતની ઉત્પત્તિ થાય, મિથ્યાત્વનો વ્યય થાય ને ગુણપણે ધ્રુવ ત્રિકાળ રહે, એવા લક્ષણથી તે (આત્મા) જણાય એવો છે! આહા...હા! આ કઈ જાતની વાત! (આ પોતાની જાતની વાત) બાપુ, સત્ય માર્ગ આ જ છે ભાઈ (બાકી) બધા મારગ બહારના (રખડવાના છે ભાઈ!)

(અહીંયાં કહે છે કે:) **દ્રવ્યનો 'સ્વભાવ તે અસ્તિત્વસામાન્યરૂપ અન્વય.''** છે...છે..છે એ તો સામાન્યસ્વરૂપ થયું. હવે એ અસ્તિત્વના બે પ્રકાર. **(૧) સ્વરૂપ- અસ્તિત્વ ને (૨) સાદશ્ય-**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અસ્તિત્વ ઉત્પાદ તે પ્રાદુર્ભાવ.''** અસ્તિત્વના બે પ્રકાર (તેમાં) સ્વરૂપ અસ્તિત્વ (એટલે) પોતાનું સ્વરૂપ છે તે પોતાનું સ્વરૂપ અસ્તિત્વ. અને પોતે અને બીજા બધા છે એ સાદશ્ય અસ્તિત્વ (છે). બદલવું આમ આમ **''ઉત્પાદ તે પ્રાદુર્ભાવ (અર્થાત્ પ્રગટ થવું, ઉત્પન્ન થવું); વ્યય તે પ્રચ્યુતિ** પૂર્વની અવસ્થાનો વ્યય થવો, ભ્રષ્ટ થવું, નષ્ટ થવું. **''ધ્રૌવ્ય તે અવસ્થિતિ (અર્થાત્ ટકવું)** આ તો અર્થ કરે છે હો! **''ગુણો તે વિસ્તારવિશેષો,** આત્મામાં ગુણ જે છે (એ) વિસ્તારવિશેષ (સ્વરૂપ) છે. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, એવા-એવા અતીન્દ્રિય અનંત ગુણોનો વિસ્તાર આમ છે (આડો-તીર છો- એક સાથે) જેમ સોનામાં પીળાશ, ચીકાશ ને વજન એક સાથે આમ છે તીરછા, એમ આ પ્રભુ આત્મામાં, જ્ઞાન-દર્શન- આનંદાદિ અનંતગુણ વિસ્તાર સામાન્ય આમ તીરછા, વસ્તુમાં એક સાથે આમ એક સાથ-તીરછા સ્વભાવ રહેલા છે. એને ગુણ કહીએ. છે? **''ગુણો તે વિસ્તાર વિશેષો.'' તેઓ ''સામાન્ય-વિશેષાત્મક હોવાથી''** (એ ગુણોના) બે પ્રકાર. અસ્તિત્વના પણ બે પ્રકાર (એક) સ્વરૂપ અસ્તિત્વ અને (એક) સાદશ્ય-અસ્તિત્વ એમ ગુણના (પણ) બે પ્રકાર (સામાન્ય અને વિશેષ). આહા..હા! (આમાં હવે) કેટલુંક યાદ રાખે કોઈ દી' સાંભળ્યું ય ન હોય! ઓલા કયે કે ગુરુની ભક્તિ કરો! એથી કલ્યાણ થશે. અહીં કહે કે લાખ ભક્તિ કરને! એ તો પરદ્રવ્ય છે. ભક્તિમાં તો રાગ છે, એ તો વિકલ્પ છે. પુણ્યબંધનું કારણ છે એ કાંઈ ધરમ-ફરમ નથી!! આહા...હા...હા! સમજાય છે કાંઈ?

આહા...હા! અનંત-અનંત ગુણસ્વરૂપ પ્રભુ (આત્મા) એને ઓળખવો હોય તો કહે છે એના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી એ ઓળખાય. બીજા વડે ઓળખાય એવું (આત્મ દ્રવ્ય) નથી. અને એના ગુણ ઓળખવા હોય તો? તે ગુણો વિસ્તારવિશેષો છે. આત્માના જ્ઞાન-દર્શન- આનંદ એવા અનંતગુણો વિસ્તાર આમ-આમ (તીરછા-એકસાથ) પડયા છે. (ધ્રુવ છે). પરમાણુમાં, એક રજકણમાં પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અનંતા એક પરમાણુમાં આમ (તીરછા-આડા-એક સાથ) પડયા છે (ધ્રુવપણે ગુણો છે) **''તેઓ સામાન્ય-વિશષાત્મક હોવાથી બે પ્રકારના છે.''** હવે એમાં સામાન્યની વાત કરે છે. દરેક આત્મામાં પણ હોય દરેક પરમાણુમાં પણ હોય એમ છ એ દ્રવ્યોમાં હોય (છે.) આહા...હા! ૯૫ ગાથા (વસ્તુ સ્વરૂપની અલૌકિક ગાથા છે). **''તેમાં, અસ્તિત્વ 'છે'** અસ્તિત્વ ગુણ છે એ સામાન્ય ગુણ છે. એટલે એક-એક આત્મામાં પણ છે અને પરમાણુમાં (એક-એક પરમાણુમાં) અસ્તિત્વ ગુણ છે. (આ વિશ્વમાં) છ દ્રવ્ય છે. ભગવાને તો છ દ્રવ્ય જોયાં છે- અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિકાય, (એક) અધર્માસ્તિકાય, (એક) આકાશ. એમ છ દ્રવ્ય ભગવાને-કેવળી (સર્વજ્ઞ) પરમાત્માએ જોયાં છે. એમાં દરેક દ્રવ્યમાં ગુણ પણ સામાન્ય, અસ્તિત્વ (ગુણ છે). આત્મામાં પણ ગુણ અસ્તિત્વ છે, પરમાણુમાં પણ છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, (આકાશ, કાળ) બધામાં-છ એ દ્રવ્યમાં અસ્તિત્ત્વ ગુણ છે. તેથી તેને સામાન્ય (ગુણ) કહેવામાં આવે છે. **''નાસ્તિત્વ''** પરથી નાસ્તિ. આત્મા પરથી નથી, પરમાણુ પરથી નથી. એવું નાસ્તિત્વ (એ) સામાન્ય ગુણ છે. એ નાસ્તિત્વ (ગુણ) છ એ દ્રવ્યમાં છે. માટે તેને સામાન્ય કહેવામાં આવે છે. આહા...હા! **''એકત્વ''**, છે? એકત્વપણું-એકપણું. દ્રવ્ય જેમાં ગુણાદિક છે પણ છે એકપણું ('સમયસાર') ૪૭ શક્તિમાં એ આવે છે. એક, અનેક (શક્તિ), એકપણું આ. એ (ગુણ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સામાન્ય છે... કેમકે આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાયથી એક છે. પરમાણુ પણ દ્રવ્ય-ગુણ-પર્યાયથી એક છે. એવું એકપણું છે. એ આત્મામાં પણ છે, પરમાણુમાં પણ છે. માટે તે સામાન્ય (ગુણ) છે. **''અન્યત્વ''.** અનેરાપણું. આત્માથી પરમાણુ અન્યત્વ છે, પરમાણુથી આત્મા અન્યત્વ છે, (અન્યત્વ) એટલે અન્યપણું છે. આત્માથી શરીરનું અન્યપણું છે. અને શરીરથી આત્મામાં અન્યપણું છે. એ સામાન્યગુણ છે, આત્મામાં અન્યત્વ (ગુણ) છે અને શરીરમાં પણ અન્યત્વ (ગુણ) છે. જડમાં પણ અનંતગુણ આમાંના (સામાન્ય) ગુણ છે, આહા...હા...હા! **''દ્રવ્યત્વ''.** દ્રવ્યત્વ સામાન્ય ગુણ છે. એ તો છ બોલ આવે છે.... ને ('જૈન સિદ્ધાંત પ્રવેશિકા') અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, પ્રદેશત્વ. એ આવે છે ત્યાં, અહીંયાં તો વધારે નાખ્યા છે, દ્રવ્યપણું (એટલે) દ્રવે છે. દરેક પદાર્થ દ્રવે એટલે જેમ પાણીમાંથી તરંગ ઊઠે એ દ્રવે છે એમ કહેવાય એમ દ્રવે છે. એમ દરેક દ્રવ્યમાં દ્રવ્યત્વ નામનો એક ગુણ છે, કે જેને લઈને દ્રવ્ય દ્રવે....દ્રવે...દ્રવે..દ્રવે એટલે પરિણમે. એનું પરિણમવું એના દ્રવ્યત્વને લઈને છે. દરેક દ્રવ્યનું, પર્યાયનું પરિણમવું એના દ્રવ્યત્વને લઈને છે. બીજા દ્રવ્યનું પરિણમવું બીજા દ્રવ્યને લઈને છે એમ છે નહીં. (આ વાત ગળે ઉતારવી) આકરું કામ છે પ્રભુ! અત્યારે આ વિષય જ ચાલતો નથી, ક્યાંય ન મળે આવું! (સાંભળવા આવી વાત) અત્યારે તો ભકિત કરો... ને વિનય કરો... ને વાંચો શાસ્ત્ર. ગુરુની કૃપાથી ધરમ થઈ જશે. ધૂળેય નહીં થાય, સાંભળ ને! આહા...હા! (દેવ-ગુરુ-શાસ્ત્ર) પરદ્રવ્યની કૃપાની પર્યાય તો એમાં રહી, તારી પર્યાય (એમાંથી) ક્યાં આવી? બહુ ઝીણી વાત બાપુ! આહા...હા! એ દ્રવ્યત્વ (ની વ્યાખ્યા થઈ).

(એ ગુણ) દ્રવ્યત્વ આત્મામાં પણ છે અને છએ દ્રવ્યમા પણ છે. **''પર્યાયત્વ''** જોયું? છએ દ્રવ્યમાં પર્યાયત્વ નામનો ગુણ છે કે જેને લઈને પર્યાય થાય. પરદ્રવ્યને લઈને થાય એમ નથી. પર્યાયત્વ નામનો દરેક દ્રવ્યમાં છએ દ્રવ્યમાં ગુણ છે. સામાન્ય ગુણ છે. બધામાં છે માટે સામાન્ય ગુણ છે. વિશેષ (ગુણો) પછી લેશે. **''સર્વગતત્વ''.** સર્વગતત્વ વ્યાપક છે ને...! દરેક, પોતામાં સર્વગતપણું છે ને પોતાનાંમાં. એ દરેક દ્રવ્યમાં સર્વગતપણું છે. **''અસર્વગતત્વ'** એ પણ સર્વમાં 'નથી' એ પોતામાં જ છે એવો પણ એક અસર્વગતત્વ ગુણ છે, સામાન્ય ગુણ છે. **'સપ્રદેશત્વ'** (એટલે) પ્રદેશપણું. એને ય (અહીંયાં) સામાન્ય કીધું. ભલે કાલાણુ છે પણ (એને) પ્રદેશ છે.. ને એકપ્રદેશ. ભલે પ્રદેશો નથી, પણ (એને) પ્રદેશ છે ને...! 'પ્રદેશત્વ' સામાન્ય ગુણ છે. છ એ દ્રવ્યમાં છે. આહા...હા! **''અપ્રદેશત્વ'** એ ભેદ વિનાનું અપ્રદેશપણું. એ પણ દરેક દ્રવ્યમાં એ ગુણ છે. અપ્રદેશત્વ (એટલે ભેદ જયાં નથી એ અપ્રદેશસ્વરૂપ. સામાન્ય ગુણ છે. **''મૂર્તત્વ''** આહા...હા...હા! **(શ્રોતાઃ)** બધા પદાર્થોમાં કહ્યું! **(ઉત્તરઃ)** બધા. મૂર્તત્વપણું સામાન્ય છે. જડમાં મૂર્તત્વ છે ને.. ? એ સામાન્ય છે. ચેતનમાં મૂર્તત્વ કહેવું એ અપેક્ષિત છે. (અહીંયાં) મૂર્તત્વને સામાન્ય ગુણમાં લીધો છે. **''અમૂર્તત્વ.''** એ (ગુણ) પણ સામાન્ય છે. પરની અપેક્ષાએ મૂર્તત્વ કહેવું એ પણ સામાન્ય છે. અને પરની અપેક્ષા વિના અમૂર્તપણું એ પણ સામાન્ય છે. **''સક્રિયત્વ'** સક્રિયપણું- એ ગતિ કરે, ગતિ કરે. સક્રિયપણું એ સામાન્ય (ગુણ) છે. ભલે ધર્માસ્તિ આદિમાં નથી પણ આત્મામાં છે ને...! અને પરમાણુમાં છે ને...! માટે ઘણામાં છે એ અપેક્ષાથી સામાન્ય ગુણ કહ્યો છે **''અક્રિયત્વ''** ગતિ ન કરે એવો અક્રિયત્વ ગુણ છે એનો સામાન્ય. **''ચેતનત્વ''** આહા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચેતનત્વ અહીંયાં સામાન્યમાં લીધું છે. કેમકે ઘણામાં છે ને...! ભલે 'ચેતન'તો છએ દ્રવ્યમાં નથી (બીજા પાંચ તો અચેતન છે) પણ ચેતનત્વ અનંતમાં છે માટે 'ચેતનત્વ'ને સામાન્યગુણમાં લીધો છે. નહીંતર 'ચેતન' (ગુણ) તો વિશેષ (ગુણ) છે. પણ અનંત આત્મામાં ચેતનપણું છે એથી તેને સામાન્ય કહેવામાં આવે છે. ભાઈ (આ) વિષય જુદી જાતનો છે બાપુ! **''અચેતનત્વ''** આહા...! જડનું અચેતનત્વ. (આ ગુણ) પણ સામાન્ય છે. **''કર્તૃત્વ''** આ સામાન્યગુણ છે. આત્મામાં **કર્તૃત્વ** છે, બીજામાં ય કતૃત્વ છે, **''અકર્તૃત્વ''** પરનું ન કરી શકે (કોઈ દ્રવ્ય) એવું અકર્તૃત્વપણું સામાન્ય છે. **''ભોકતૃત્વ''** પોતાની દશાને ભોગવે એવો ભોકતૃત્વ નામનો ગુણ દરેક દ્રવ્યમાં છે. આહા...હા...હા! જડની જડ પર્યાય ભોગવે. ઓલામાં ('સમયસાર'માં) તો એમ આવે કે બેય જણા કરે તો જડને ભોગવવું પડે એવું આવે, 'સમયસાર'માં આવે છે ને..! કે વિકાર પરિણામ જીવ કરે ને જડ કરે (બેય કરે) તો બેયને ભોગવવું પડે. અહીંયાં બીજી અપેક્ષા છે એની જે પર્યાય છે એને ભોગવે છે ને...! **(શ્રોતા:)** સુખ-દુ:ખને ભોગવે છે. **(ઉત્તર:)** સુખ-દુ:ખ ભોગવે એ તો ચેતનની (પર્યાયની) વાત છે. પણ જડમાં (જડ) એની પર્યાયને ભોગવે છે, પર્યાય એની છે તે એટલે ભોગવે એમ કીધું છે જડ એને ભોગવે છે. માટે ભોકતૃત્વગુણ સામાન્ય (ગુણ) છે. **''અભોકતૃત્વ''.** એ પણ સામાન્ય ગુણ છે. પરને ભોગવતો નથી. પોતાને ભોગવે છે એ ભોકતૃત્વ ગુણ પણ બધામાં છે, અને પરને ભોગવતો નથી એવો 'અભોકતૃત્વ' ગુણ બધામાં છે. આહા...હા! આ આત્મા શરીરને ભોગવતો નથી. આત્મા સ્ત્રીના શરીરને ભોગવતો નથી. આહા...હા! (એ શરીર) તો જડ છે, માટી, ધૂળ છે, એનામાં અભોકતૃત્વ ગુણ છે એ આત્માને ભોગવી શકતું નથી. અને આત્મા એનું કરી શકતો નથી. શરીરને આત્મા ભોગવી શકતો નથી. આહા...હા! છે? અભોકતૃત્વ પરને ભોગવી શકતો નથી. દરેક દ્રવ્ય પરને ભોગવી શકતું નથી. આહા...હા...હા! પોતાની પર્યાયને ભોગવે એવો ભોકતૃત્વગુણ બધામાં છે. અને બીજાને ન ભોગવે એવો સામાન્ય (ગુણ) અભોકતૃત્વ દરેકમાં છે, આત્મા આહાર-પાણી કરી શકતો નથી. **(શ્રોતા:)** લાડવા તો ખાય છે..! **(ઉત્તર:)** એ અભોકતૃત્વ ગુણ (એનામાં) છે. લાડવા, દાળ-ભાત કે સ્ત્રીનું શરીર આત્મા એ ભોગવતો નથી. (આત્મા) ભોગવે છે તો રાગ-દ્વેષને ભોગવે છે. કાં આનંદને ભોગવે. ધરમ પામેલો હોય તો અતીન્દ્રિય આનંદને ભોગવે. (ધરમ) ન પામ્યો હોય તો રાગ દ્વેષને ભોગવે. પણ પરને તો ભોગવી શકે નહીં. આહા...હા...હા...! ભારે આકરું ભાઈ! દાળ-ભાતને શાકને (આત્મા) ભોગવી શકતો નથી. એ લૂગડાંને અડી શકતો નથી. લૂગડાંને આત્મા ભોગવી શકતો નથી. બાપુ! એ વસ્તુ છે! એ આત્માને ભોગવી શકે નહીં, આત્મા એને ભોગવી શકે નહીં. એવો સામાન્ય ગુણ દરેક દ્રવ્યમાં આ 'અભોકતૃત્વ' છે. આજનો વિષય જરી'ક ઝીણો છે. ધીમેથી, ધીરેથી બાપુ! (ગળે ઉતારવું) આ તો અનંતકાળ ચાલ્યો ગયો તત્ત્વની દૃષ્ટિ વિના, વાસ્તવિક તત્ત્વની શું સ્થિતિ છે! એને પરની અપેક્ષા કર્તા-ભોકતામાં છે નહીં. આહા...હા! પરમાણુને પણ આત્મા ભોગવે, એમ નથી. (પણ) પરમાણુને ન ભોગવે એવો એનામાં ગુણ છે એમ પરમાણુમાં પણ આત્માને ભોગવે એવો ગુણ નથી. પરમાણુ આત્માને ન ભોગવે એવો એનામાં ગુણ છે. આહા...હા...હા...! એક પરમાણુ બીજા પરમાણુને કરી શકે નહીં. એમ બીજાને ભોગવી શકે નહીં. બહુ લાંબી વાત લીધી છે. આહા...હા! ૯૫ ગાથા ઝીણી છે. શાસ્ત્ર ને સિદ્ધાંત, પરમાત્માએ કહેલાં તત્ત્વોને સમજવાં અને એની સ્વતંત્રતાની પ્રસિદ્ધિ થવી એ બહુ અલૌકિક વાત છે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીંયાં તો કહે છે કે સ્ત્રીનું શરીર મેં ભોગવ્યું એમ કોઈ કયે. કહે છે જૂઠી વાત છે, આત્મામાં, પરને ભોગવે એવો કોઈ ગુણ (જ) નથી. પોતાની પર્યાયને ભોગવે ને પરની પર્યાયને ન ભોગવે એવો ગુણ છે. આહા...હા...હા! આમ તૃષા (બહુ) લાગી હોય, બરફ-આઈસ્ક્રીમ, (હમણાં કોઈ કહેતું હતું કે મુંબઈમાં ત્યાં આઈસ્ક્રીમ આપ્યો હતો) અરે! આઈસ્ક્રીમના પરમાણુ આત્મા ભોગવે, ત્રણકાળમાં નહીં. એ આઈસ્ક્રીમને આત્મા અડી શકતો નથી પ્રભુ! તને ઝીણું પડે (આ સમજવું બાપા) આઈસ્ક્રીમને આત્મા અડી શકતો નથી. અડી શકતો નથી (તો) ખાય એ કયાંથી, આવ્યું? પ્રભુ તને (ખબર નથી). આહા...હા! એ રસગુલ્લા, મેસુબને ઘેવરપૂરીને મુંબઈમાં (જમણમાં) કોઈ કહેતું નહોતું.... એક થાળીના પાંત્રીસ રૂપિયા! છોકરીનું સગપણ કર્યું. ત્રણસો માણસ જમાડયાં વીશીમાં (લોજમાં) એક એક થાળી દીઠ પાંત્રીસ રૂપિયા! આપતાં હશે અંદર કંઈક ઊંચું બધું! ધૂળ....! કહે છે કે એ ધૂળને-થાળીને આત્મા ભોગવી શકતો નથી. આહા...હા! મેસુબ હોય પૂરી ઘીની હોય, પતરવેલિયાં હોય- અળવીના પાંદડાનાં, એને આત્મા ભોગવી શકતો નથી. આહા...હા...હા!

નાનો છોકરો (બાળક) હોય ને પછી નાનો, એને બચ્ચી ભરે છે ને...! એના હાથને આ હોઠથી (બચ્ચી ભરે તો કહે છે કે એ બાળકના હાથ-ગાલ-હોઠે, બચ્ચી ભરનારનું હોઠ-મોં અડયું નથી) આ તે વાત કોણ માને? જગતના તત્ત્વની ખબર ન મળે! એ બચ્ચીયું ભરે છે ને... છોકરાને પણ કહે છે કે એ એને અડયું ય નથી. આ પરમાણુ તે પરમાણુને અડયા જ નથી. તો એને ભોગવે શી રીતે અને કરે શી રીતે? **(શ્રોતા:)** સંતોષ તો થાય છે ! **(ઉત્તર)** સંતોષ? એ રાગ કરે... મારો છોકરો રૂપાળો છે ને પહેલો જન્મ્યો છે ને છ મહિના થયા છે, રૂપાળું શરીર છે ને આમ દેખે આહા...હા...હા! ભારે રૂપ લઈને આવ્યો! બાપનો અણસાર આવે છે કંઈક એમાં અણસાર તો આવેને...? હા, બાપનો અણસાર આવ્યો. અરે તું કયાં? ને (એ કયાં?) **(શ્રોતા:)** એ અણસાર કેમ આવ્યો? **(ઉત્તર:)** એ તો જડનો (છે).

બાપનો અણસાર છોકરાની પરમાણુ ની અવસ્થામાં આવે ? વ્યવહારથી કહેવાય. જણાય એટલે પણ વ્યવહાર-એ તો જૂઠો વ્યવહાર છે. **(શ્રોતા:)** બાપ એવા બેટા કહેવાય ને...! **(ઉત્તર)** કહેવાય. એ ભાષાથી કહેવાય. બાકી છે. નહીં. કોઈ દીકરા કોના ને બાપ કોના? (કોઈ કોઈના નથી, એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે સંબંધ નથી)

આહા...હા! ભગવાન આત્મા! (ને) શરીર સાથે, પરમાણુ સાથે કાંઈ સંબંધ નથી. એના દીકરાનું શરીર એનું કયાં છે? એ તો એનું તત્ત્વ તો ત્યાં છે. એ તત્ત્વને ભગવાન આત્મા અડતો ય નથી તો એ મારા કયાંથી થ્યા? બહુ ઝીણી વાત બાપુ!! આવી વાત (સર્વજ્ઞ સિવાય બીજે) કયાં (છે)? કો'ક દયા પાળવામાં રોકાઈ ગયા ને.... કો'ક વ્રત પાળવામાં રોકાઈ ગ્યાને અપવાસ કરવામાં રોકાઈ ગ્યાને, કો'ક ભક્તિ ભગવાનની કરી ને બધા રોકાઈ ગ્યા ત્યાં (શુભભાવરૂપ ક્રિયાકાંડમાં) પણ એ ભાવ તો રાગ છે, દયાનો ભાવ રાગ છે. એની પર્યાય તો તારામાં છે. એ ભાવને લઈને ત્યાં પરને જીવતર થયું છે, દયા પાળી છે, એમ છે નહીં. આહા...હા! હવે આવું કયારે (સમજે) નવરો (થાય નહીં ધંધા આડે.) સમજાણું?

**''અગુરુલઘુત્વ''** જેટલા ગુણ અને પર્યાય છે (દ્રવ્યમાં) તેમાં ઘટે-વધે નહીં. કોઈ ગુણ (નો) અભાવ થઈ જાય, એમ નહીં. દરેક પરમાણુ (દ્રવ્ય)ને દરેક આત્મામાં. (એ) અગુરુલઘુત્વ (ગુણ) આહા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ ('અગુરુલઘુત્વ ગુણ') દરેક દ્રવ્યમાં છે. અને અગુરુલઘુગુણ પોતપોતાના દરેક ગુણમાં પણ છે. આહા...હા...હા! ગાથા ઝીણી છે. ભાઈ! બારોબાર રખડયા! આવું આવે! શરીરમાં એક-એક રજકણની અવસ્થા (ને) આત્મા કરી શકે નહીં ને (એને) આત્મા ભોગવી શકે નહીં. એવો આત્મામાં અકર્તા ને અભોકતા ગુણ છે. એમ પરમાણુમાં પણ અકર્તા ને અભોકતા (ગુણ) છે. એક પરમાણુ બીજા પરમાણુને... અડતો નથી તેથી (તે તેને) કરે ને ભોગવે (એવું) કયાંથી આવે? (કદી ન આવે!) આવું (કયાંક સાંભળવા ન મળ્યું હોય એવું) એક કલાક (તત્ત્વસ્વરૂપ સાંભળી) યાદ રાખવું! દુકાનના ધંધા, નોકરીયુંના ધંધા, આખો દી' મજુરીયું ભલે પછી બે-પાંચ લાખ પેદા થાય! મોટા મજૂર છે!! તત્ત્વની વસ્તુ શું? (તત્ત્વની) કેમ મર્યાદા છે? વસ્તુની, સ્થિતિની, મર્યાદા આમાં કેમ છે? (એ સમજવું પડશે) આહા...હા!

(કહે છે કે:) જેમ ગઢ પાકો હોય અને (તેમાં) પ્રવેશ ન થઈ શકે, એમ પરમાણુ બીજા પરમાણુમાં પ્રવેશ ન કરે ( ન થઈ શકે). આત્મા પરમાણુમાં જાય નહીં (પ્રવેશ ન થઈ શકે) પરમાણુ આત્મામાં પ્રવેશ ન કરે (ન થઈ શકે). એવો વજ્રકિલ્લો છે દરેક દ્રવ્ય આહા....હા... (અગુરુલઘુત્વ ગુણ) સામાન્ય ગુણ છે.

આમાં 'ચેતનત્વ' ગુણને પણ સામાન્ય (કહ્યો છે) કારણ કે ઝાઝા આત્મા(ઓ) છે ને..! (એ દરેકમાં ચેતનત્વ' છે) એ અપેક્ષાએ (સામાન્ય ગુણમાં કહ્યું છે). અને મૂર્તપણું પણ. (મૂર્તત્વ ગુણ) પરમાણુ ઝાઝા છે ને...! એ અપેક્ષાએ સામાન્ય ગુણ કહ્યો છે હો! આત્મામાં મૂર્તપણું નથી (એ તો અમૂર્તિક છે). પરમાણુમાં મૂર્તપણું ઘણામાં છે..ને માટે (સામાન્ય ગુણમાં અહીંયાં કહ્યું છે). મૂર્તપણું આત્મામાં નથી, પણ ઘણા પરમાણુમાં છે માટે મૂર્તત્વ સામાન્ય ગુણ કીધો. અને અમૂર્તત્વ (ગુણ) ઘણા આત્માઓમાં છે ને પરમાણુમાં નથી તેથી તેને પણ (અમૂર્તત્વને) સામાન્ય ગુણ કીધો છે. સમજાણું કાંઈ? (અહીંયાં 'મૂર્તત્વ' ગુણ ને સામાન્ય કહ્યું) તેથી આત્મામાં મૂર્તત્વ છે એમ નથી. એ તો ઉપચારથી (કહ્યું છે) પણ આ તો વાસ્તવિક કથન છે કે આત્મામાં મૂર્તત્વ છે જ નહીં. અને અહીં મૂર્તત્વ (ગુણ)ને સામાન્ય કહ્યો તો તે ઘણા દ્રવ્યોમાં (ઘણા પરમાણુ દ્રવ્યોમાં) છે માટે (કહ્યું છે). પણ બધા દ્રવ્યમાં (એ ગુણ છે) એમ નહીં. આહા...હા!

(કહે છે) ઓલો, ઈ જ વાંધો કહેતા' તા.....ને! એ હિન્દી.. ભાઈ! કહેતા'તા ને...! (આત્માને) મૂર્ત કીધો, મૂર્ત કીધો છે. (અહીંયાં) મૂર્ત કીધો છે (આત્માને), (કીધું:) બાપુ! એ મૂર્ત તો ઉપચારથી છે. બાકી મૂર્તપણું તો અનંત પરમાણુમાં છે અને ઘણામાં છે માટે (સામાન્ય ગુણ કીધો છે). પણ આત્મા (માં પણ મૂર્તપણું છે માટે સામાન્ય કહ્યો છે એમ નહીં. (એમ તો ચેતનત્વ ગુણને અહીં કહ્યો છે) તો ચેતનપણું ગુણ બધા (દ્રવ્યોમાં) છે માટે સામાન્ય (ગુણ કહ્યો છે (એમ નહીં) પણ ચેતનપણું ઘણામાં-ઘણા આત્માઓમાં છે ને બધા આત્મામાં છે માટે તેને સામાન્ય (ગુણ) કીધો છે. પણ ચેતનપણું જડમાં પણ છે માટે સામાન્ય કીધો છે એમ નથી. આહા...હા! કેટલું યાદ રાખવું આમાં?! મગજમાં લાકડા કેટલાં'ક (અભિપ્રાયો) ગરી ગ્યા છે ઊંધા. અનાદિના લાકડા છે. હવે એમાં (મગજમાં) આ તત્ત્વની વાત પહોંચવી (કઠણ લાગે છે લોકોને!)

હવે વિશેષ (ગુણ). **''અવગાહહેતુત્વ''** આકાશમાં અવગાહહેતુપણું વિશેષ (ગુણ) છે. એ આકાશમાં જ છે, બીજામાં નથી. **''ગતિનિમિત્તતા''.** ધર્માસ્તિ, ધર્માસ્તિ (કાય) નામનો એક પદાર્થ છે. ભગવાન સર્વજ્ઞે જોયો છે. તે ગતિનિમિત્તતા તે ધર્માસ્તિકાયનો વિશેષ ગુણ છે. એથી બધામાં ગતિનિમિત્તતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(ગુણ) છે. નહીં. **''સ્થિતિકારણત્વ''** અધર્માસ્તિકાય નામનો એક પદાર્થ છે. તેમાં સ્થિતિકારણત્વ નામનો વિશેષ ગુણ છે. બીજા બધા (દ્રવ્યોમાં) એ નથી. એકજ દ્રવ્યમાં છે. **''વર્તનાયતનત્વ''** કાળનું લક્ષણ (છે). વર્તવું એ કાળનું લક્ષણ. (એ કાળનું વિશેષ લક્ષણ છે). **રૂપાદિમત્ત્વ** જડ. રૂપાદિપણું-વર્ણ, રસ, ગંધ, સ્પર્શપણું. એ વિશેષગુણ છે. ઓલામાં (સામાન્યમાં મૂર્તત્વ કહ્યું હતું એ તો ઘણામાં છે અને આ રૂપાદિમત્ત્વ-રૂપાદિપણું વિશેષ (ગુણ) છે. પરમાણુ પુદ્‌ગલ સિવાય બીજામાં (બીજા જડ દ્રવ્યોમાં) (આ ગુણ) નથી. આહા...હા...। **''ચેતનત્વ''**. જોયું? ફરીને લીધું આમાં. ઓલામાં (સામાન્યમાં) ચેતનત્વ કહ્યું એ તો ઘણામાં છે (ઘણા-સર્વ- આત્માઓમાં છે માટે) અને અહીંયાં ચેતનત્વ વિશેષગુણ કહ્યો. ચેતનત્વ બે પ્રકારે. એક ચેતનત્વ ઘણામાં છે માટે સામાન્ય અને એક ચેતનત્વ આત્મામાં જ છે ને જડમાં બીજા (દ્રવ્યોમાં) નથી માટે વિશેષ. **''ઈત્યાદિક વિશેષગુણો છે.''** (દરેક દ્રવ્યોમાં) સામાન્ય ગુણ પણ અનંત છે, વિશેષગુણ પણ અનંત છે. આ તો નામ આટલાં આપ્યાં આહા...હા! એક-એક આત્મામાં સામાન્ય અસ્તિત્વાદિ, સામાન્ય ગુણ અનંત છે. અને જ્ઞાન-દર્શન-આનંદાદિ વિશેષ (ગુણ) પણ અનંત છે. અનંતનો ગંજ છે પ્રભુ! અરે...રે! (આ કેમ બેસે?) આહા...હા! અમરનાથ!! ભગવાન અમરનાથ છે. કોઈ દી' નાશ થાય નહીં, નિત્યાનંદ રહે, ધ્રુવસ્વરૂપ રહે. આહા...હા! એનું 'ચેતનપણું' છે એ વિશેષ ગુણ છે. બીજા જડમાં નથી એ અપેક્ષાએ. અને ઘણા આત્મામાં (ચેતનપણું) છે એ અપેક્ષાએ એને સામાન્ય કહ્યું' તું! એક ને (એક જ ગુણને) બે લાગુ પાડયાં. (બે અપેક્ષા લાગુ પાડી) એ તો ગુણની વ્યાખ્યા કીધી. પહેલી દ્રવ્યની કીધી. દ્રવ્ય-સ્વરૂપ અસ્તિત્વ અને સાદશ્ય અસ્તિત્વ એમ કરીને દ્રવ્ય છે. ગુણમાં આ પ્રકાર પાડયા. સામાન્ય અને વિશેષ. (હવે પર્યાયની વ્યાખ્યા કરે છે).

(અહીંયાં કહે છે કે:) **''પર્યાયો તે આયતવિશેષો''** દરેક દ્રવ્યમાં પર્યાય ક્રમે, ક્રમે આમ લંબાઈથી થય. એક પછી એક (થાય). ગુણ છે તે આમ (તીરછા-એક સાથે છે). આમ પહોળાઈ અને પર્યાય છે તે (લંબાઈથી) આમ થાય ક્રમે. તેથી તેને આયત-લંબાઈ કીધી. આહા...હા...હા! એક ગાથામાં તો કેટલું સમાડી દીધું છે!!

(કહે છે કે:) આત્મામાં (જે વિકાર દેખાય છે તે) વિકારને મૂર્ત કીધો છે. પણ એ કાંઈ વાસ્તવિક નથી. એ તો ઉપચારથી કીધો છે. એ મૂર્તગુણ-જેમ જડમાં છે એમ આત્મામાં છે, એમ નહીં. મૂર્તગુણ તો જડમાં જ છે. આત્મામાં છે (જ) નહીં. આહા...હા! પણ અપેક્ષાથી કહ્યું હોય ને જાણવા માટે. કેમકે મૂર્તકર્મ નિમિત્ત છે ને એને (વિકારને). એનાથી થયેલા સ્વભાવ છે અનંત ગુણનો પિંડ પ્રભુ (આત્મામાં) તો કોઈ ગુણ વિકાર કરે, એવો તો કોઈ ગુણ છે નહીં. એ અપેક્ષા ગણીને, જયારે સ્વભાવને અરૂપી ને અમૂર્ત કીધો ત્યારે વિકારને રૂપી ને મૂર્ત કીધો છે. એને રૂપી ગણીને (અપેક્ષાએ) મૂર્ત કીધો, પણ એ વાસ્તવિક નથી. આવી વાતું ભાઈ! કયાંય જજમાં ય નથી આવી વાતું, ત્યાં કયાંય નથી! અત્યારે તો વાડામાં (સંપ્રદાયમાં) કયાંય નથી. બહુ આકરું પડે બિચારાને, શું કરે? અરે, ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વરદેવ ત્રિલોકનાથ! એમના કહેલાં વચનો છે. અને વસ્તુની મર્યાદા આમ જ છે. એમ જયાં સુધી ન જાણે, એવો વિવેક ન કરે, ત્યાં સુધી એને સમ્યગ્દર્શન ન થાય. આહા...હા! સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા...હા! મારો પ્રભુ મારી પર્યાયને ભોગવે, પણ પરને ભોગવે નહીં ત્રણ કાળમાં, તો એને પર્યાયનું ભોગવવું (છે). કારણકે એ દ્રવ્યનું લક્ષણ છે. ભોગવવું લક્ષણ છે એમાંથી તો આત્માનું લક્ષ્ય કરવાનું છે, દ્રવ્યનું લક્ષ્ય કરવાનું છે. (આત્મામાં) અભોકતૃત્વ (ગુણ) છે. પરનો અભોકતા પર્યાયથી (છે) પણ એમાંથી લક્ષ્ય દ્રવ્યનું કરવાનું છે. ત્રિકાળી દ્રવ્ય છે આત્મા, એના ઉપર લક્ષ્ય કરવાનું છે. આવું ઝીણું હવે! કેટલાકે તો જિંદગીમાં સાંભળ્યું ય ન હોય. (તેથી તેને એવું લાગે કે) આવો તે નવો મારગ કયાંથી કાઢયો છે? **(શ્રોતા:)** નવો છે કે જૂનો! **(ઉત્તર:)** આ તો અનાદિનો છે બાપુ!

(અહીંયાં કહે છે કે:) **''પર્યાયો તે આયતવિશેષો''** એ આપણે આવી ગયું છે. **(૯૩મી ગાથાની ટીકામાં)** વિસ્તારસામાન્યસમુદાય અને આયતસામાન્યસમુદાય. આયત એટલે ક્રમે ક્રમે પર્યાય થાય આમ અવસ્થા, હાલત દરેક પરમાણુમાં, દરેક આત્મામાં એક પછી એક અવસ્થા પર્યાય બદલે. એ આયત એટલે લંબાઈથી થાય છે. ભાઈ! એક સાથે બધી પર્યાય એમ નથી. એક પછી એક, એક પછી એક, એક પછી એક (થાય છે) એ આયતવિશેષો (છે). **''તેઓ પૂર્વે જ (૯૩મી ગાથાની ટીકામાં) કહેલા ચાર પ્રકારના છે.'' લ્યો!** પર્યાયો કીધા'તા ને...! સમાનજાતીય દ્રવ્યપર્યાય, અસમાનજાતીય દ્રવ્યપર્યાય અને ગુણપર્યાયો-સ્વભાવપર્યાય ને વિભાવ પર્યાય (એમ ચાર પ્રકારના પર્યાયો છે). આહા...હા!

**''દ્રવ્ય તે ઉત્પાદાદિક સાથે''.** હવે, વસ્તુ જે છે આત્મા. દ્રવ્ય તે ઉત્પાદાદિક સાથે-વસ્તુ જે છે આત્મા અને આ પરમાણુ જે છે. એને ઉત્પાદ- વ્યય-ધ્રુવ સાથે અથવા **ગુણપર્યાયો સાથે લક્ષ્ય-લક્ષણભેદ હોવા છતાં.** શું કીધું? ઉત્પાદ-વ્યય-ને ધ્રુવ તે લક્ષણ છે અને ગુણ-પર્યાય તે લક્ષણ છે. અને દ્રવ્ય તે, તેનું લક્ષ્ય છે. એ લક્ષ્યને લક્ષણનો ભેદ હોવા છતાં **''સ્વરૂપભેદ નથી''** એમાં પ્રદેશભેદ નથી, એ કાંઈ જુદા નથી. એક પરમાણુના ભેદથી જેમ બીજો પરમાણુ જુદો છે, એક આત્માથી (બીજો આત્મા જુદો છે) એવું જુદાપણું આ ત્રણમાં (ઉત્પાદ-વ્યય-ધ્રુવ અથવા ગુણ-પર્યાય)માં જુદાપણું (દ્રવ્યને) નથી. એના પ્રદેશો જુદા નથી. આંહી અત્યારે એ કહેવું છે હો! વળી 'સંવર અધિકાર' ની વાત આવે ત્યારે ઉત્પાદની પર્યાયના પ્રદેશ, ક્ષેત્ર ભિન્ન છે એ વળી જુદી વસ્તુ! આહા....હા!હા! એ પર્યાય એક સમયની છે તેટલાનું ક્ષેત્ર અને ધ્રુવનું ક્ષેત્ર, બેય જુદા જુદા ગણ્યા છે, અહીંયાં એ વાત નથી લેવી. અહીંયાં તો ફકત ઉત્પાદ-વ્યય-ધ્રુવનું વસ્તુ તે જ દ્રવ્ય છે. લક્ષ્ય-લક્ષણભેદ હોવા છતાં વસ્તુભેદ નથી. ઉત્પાદ-વ્યય ને ધ્રુવ પોતાના જ પ્રદેશમાં છે. ગુણ ને પર્યાય પણ પોતાના જ ક્ષેત્રમાં છે, આ..રે.. આ ક્ષેત્ર ને પ્રદેશ ને શું આ તે વાત હશે?! બાપુ! ધરમની વાત એવી ઝીણી છે. આહા...હા! પંચાણુમી ગાથા હેં! પંચાણુ ગાથા હાલે છે આ. **''સ્વરૂપથી જ દ્રવ્ય તેવું (ઉત્પાદાદિવાળું અથવા ગુણપર્યાયવાળું) છે**- દરેક વસ્તુ સ્વરૂપથી તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને ગુણ-પર્યાયવાળું છે! હવે એનો દ્દષ્ટાંત કહેશે. **'વસ્ત્રની જેમ.''**

**વિશેષ કહેશે.....**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન: તા. ૪-૬-૭૯.

'પ્રવચનસાર' ૯૫ ગાથા. દ્રવ્ય-ગુણ ને પર્યાય, એ દ્રવ્યમાં છે. (છતાં) સ્વભાવભેદ નથી. દરેક દ્રવ્યમાં, દ્રવ્યપણું, ગુણપણુ ને પર્યાયપણું -એ એનો સ્વભાવ છે. (ઉત્પાદાદિવાળું અને) ગુણપર્યાય (વાળું) એ બે વાત લીધી છે ને...! ગુણ-પર્યાય પણ એનો (દ્રવ્યનો) સ્વભાવ છે. (હવે અહીંયાં) દૃષ્ટાંત આપે છે. **('વસ્ત્રની જેમ')**

**''જેવી રીતે જેણે મલિન અવસ્થા પ્રાપ્ત કરેલી છે એવું વસ્ત્ર.'** વસ્ત્રે મલિન અવસ્થા ધારણ કરી છે (એટલે વસ્ત્ર મેલું છે.) એવું વસ્ત્ર **'ધોવામાં આવતાં નિર્મળ અવસ્થાથી (નિર્મળ અવસ્થારૂપે, નિર્મળ અવસ્થાની અપેક્ષાએ) ઊપજતું થકું** વસ્ત્ર **તે ઉત્પાદ વડે લક્ષિત થાય છે.'** એ વસ્ત્ર, ઉત્પાદ વડે લક્ષિત થાય છે. લક્ષણ કહેવા છે ને...! ઉત્પાદ-વ્યય ને ધ્રુવ લક્ષણ છે. દ્રવ્ય લક્ષ્ય છે. એમ ગુણ-પર્યાય લક્ષણ છે, દ્રવ્ય લક્ષ્ય છે. એમ વસ્ત્રમાં મલિન પર્યાયનો વ્યય થઈને નિર્મળપર્યાય ઉત્પન્ન થઈ એ વસ્ત્રનું-પોતાનું સ્વરૂપ છે. આહા..! એ પર્યાય જે નિર્મળ થઈ તે લક્ષણ, લક્ષ્ય વસ્ત્ર. એ (નિર્મળ) ઊપજતી પર્યાય થઈ એ પાણીથી ધોકાથી કે સાબુથી ઉત્પન્ન થઈ નથી. આહા..એમ કહેવા માગે છે. **'તે ઉત્પાદ વડે લક્ષિત થાય છે.' પરંતુ તેને તે ઉત્પાદ સાથે સ્વરૂપભેદ નથી'**, વસ્ત્ર જે નિર્મળપર્યાયપણે ઊપજ્યું, એ ઊપજ્યું એની પર્યાય, એના સ્વરૂપથી જુદા સ્વરૂપે નથી. દ્રવ્યનું સ્વરૂપ જુદું ને પર્યાયનું સ્વરૂપ જુદું, એમ નથી. **'સ્વરૂપથી જ તેવું છે (અર્થાત ઉત્પાદસ્વરૂપે જ પોતે પરિણત છે);'** એ દૃષ્ટાંત થયો. ઝીણી વાતું છે ભાઈ આ! (હવે સિદ્ધાંતમાં ઊતારે છે).

**'તેવી રીતે જેણે પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરેલી છે એવું દ્રવ્ય પણ.'** જોયું? છે દ્રવ્યમાંથી કોઈ દ્રવ્યે, પૂર્વની અવસ્થા પ્રાપ્ત, પોતાથી કરેલી છે. પૂર્વની અવસ્થા, કોઈ નિમિત્તથી થઈ છે, એમ નથી. નિમિત્ત છે એમ કહેશે. બીજી ચીજ નિમિત્ત છે પણ નિમિત્તથી તે ઊપજતું નથી. પ્રત્યેક દ્રવ્યનો પર્યાય, પોતાથી ઊપજે છે, તે તેનું સ્વરૂપ છે અને ઉત્પાદ તેનું 'લક્ષણ' છે, દ્રવ્ય તેનું 'લક્ષ્ય' છે. ઉત્પાદથી દ્રવ્ય લક્ષ્યમાં આવે છે. લક્ષ્યમાં -ઉત્પાદથી જોડે બીજી ચીજ હતી તેનું એ લક્ષ્ય છે અને તેનું આ લક્ષણ છે, એમ નથી. આહા..હા..હા! બહુ ઝીણી (વસ્તુસ્થિતિ) પ્રત્યેક પદાર્થ -આત્મા અને પરમાણુઓ -પોતાની પૂર્વની અવસ્થા જે ધારેલી છે. એમ જે કીધું ને..! છે? (મૂળપાઠમાં) **'જેણે પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરેલી છે.'** એ પણ પરને લઈને કરેલી નથી., આહા..! **'એવું દ્રવ્ય પણ -કે જે ઉચિત બહિરંગ સાધનોની સંનિધિના સદ્‌ભાવમાં.'** પર્યાય જે ઉત્પન્ન થાય છે એને બહિરંગ-એને ઉચિત એને યોગ્ય-બહિરંગ સાધનોની સંનિધિ (એટલે કે) હાજરી હોય છે. બીજી ચીજની નિમિત્તની ત્યાં હાજરી હોય છે. **'સદ્‌ભાવમાં અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે.'** દ્રવ્ય. તે દ્રવ્ય (અનેક પ્રકારની ઘણી) અવસ્થાઓ કરે છે. ઝીણી વાત છે ભાઈ! 'તે **- અંતરંગસાધનભૂત સ્વરૂપકર્તા.'** જે દ્રવ્ય પૂર્વની અવસ્થા ધારણ કરે છે. એ અવસ્થા પણ પોતાના સ્વરૂપકર્તાને સાધનથી થઈ છે. છે? (મૂળ પાઠમાં?) આહા.. હા..! તે અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે તે -અંતરંગસાધન. (એટલે) દ્રવ્યમાં પોતાના જ **'સ્વરૂપકર્તાના અને**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સ્વરૂપકરણના સામર્થ્ય'** છે. દરેક દ્રવ્યની પર્યાય થાય, તે સ્વરૂપકર્તા (એટલે) સ્વરૂપનું સાધન, એ પોતાના દ્રવ્યમાં જ કર્તા (થવાનું) સાધન છે. પરદ્રવ્ય એના કર્તાને સાધન છે નહીં છતાં નિમિત્ત છે. ઉચિત-યોગ્ય, તેમાં નિમિત્ત હોય છે. પણ છતાં અંતરંગ સાધન-અંતરંગ કર્તા -તે પૂર્વની પર્યાયની પ્રાપ્તિમાં અને નવી થવાની પ્રાપ્તિમાં એ સ્વરૂપકર્તાને સ્વરૂપ સાધન છે. આહા..હા..! આવું ઝીણું છે (વસ્તુ-તત્ત્વનું સ્વરૂપ) દરેક દ્રવ્ય (અંતરંગસાધનભૂત) સ્વરૂપકર્તાની અને સ્વરૂપકરણના સાધનના સામર્થ્યરૂપ છે.)

જેમ, આ એક દાખલો:- આ ચશ્મા છે. આ (એની દાંડલીની) જે પૂર્વની અવસ્થા છે. (આ દાંડલી આમ થતાં) અવસ્થા થઈ નવી. હવે એને બહિરંગ-નિમિત્ત, ઉચિત-યોગ્ય (નિમિત્ત) આંગળી છે. પણ આંગળી તેની (દાંડલીની પર્યાયની) કર્તા નથી. (આ દાંડલી જુઓ) આમથી આમ થાય, તેની કર્તા આંગળી નથી. એ (દાંડલીના) પરમાણુમાં, પોતાની પર્યાય થવાની કર્તાપણું ને સાધનપણું એનું (દાંડલીના પરમાણુનું) પોતાનું સામર્થ્ય છે (એ સામર્થ્યથી દાંડલી આમથી આમ થઈ છે, આંગળીના નિમિત્તથી નહીં). આહા.. હા! સમજાણું કાંઈ? **(શ્રોતા:)** કર્તા-કરણ શકિત પોતામાં છે એ મૂળભૂત સિદ્ધાંત છે' **(ઉત્તર:)** એ છે. દરેક દ્રવ્ય - આત્મા હો કે પરમાણુ હો કે ધર્માસ્તિ આદિ છ દ્રવ્ય (જે) ભગવાને દેખ્યા છે. (એ બધામાં સ્વરૂપકર્તાના અને સ્વરૂપકરણના સામર્થ્યરૂપ સ્વભાવ છે.)

આહા..હા! (એ છએ દ્રવ્યે) જે પૂર્વ અવસ્થા ધારણ કરી છે, એ પણ પોતાના સ્વરૂપકર્તા ને સ્વરૂપકરણ-સાધનથી પ્રાપ્ત કરી છે. નિમિત્તથી નહીં, નિમિત્ત હો (ભલે) ઉચિત-યોગ્ય નિમિત્ત હો. પણ તેની પૂર્વની અવસ્થા જે છે તેમાંથી વ્યય થઈને **'સ્વભાવ વડે અનુગૃહીત થતાં, ઉત્તર અવસ્થાએ ઊપજતું.'** છે? તે દ્રવ્ય ઉત્તર અવસ્થાએ ઊપજતું. પૂર્વની જે અવસ્થા છે તેનો કર્તા ને કરણ (એટલે) સાધન જીવ છે કે દ્રવ્ય છે. નિમિત્ત હો પણ નિમિત્ત તેનો કર્તા નથી. તેમ નિમિત્ત તે, પર્યાય પ્રાપ્ત થઈ તેનું સાધન નથી. આહા..હા.. આવી વાતું ઝીણી છે. વાસ્તવિક તત્ત્વ, સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે! પૂર્વની અવસ્થા પ્રાપ્ત થયેલી છે, તે વડે અનુગૃહીત થતાં તે પરમાણુમાં કે આત્મામાં નવી અવસ્થા થવામાં, સ્વરૂપકર્તા ને સ્વરૂપકરણનું સામર્થ્ય હોવાથી, નવી અવસ્થા દ્રવ્યમાં ઉત્પન્ન થાય છે. એક તો વિષય ઝીણો અને ગુજરાતી (ભાષામાં વ્યાખ્યાન!) આહા..હા! તત્ત્વજ્ઞાન ઝીણું ઘણું બાપુ! (એને સમજવા ઉપયોગ સૂક્ષ્મ કરવો જોઈએ) વીતરાગ, સર્વજ્ઞ પરમેશ્વરે જોયું ને કહ્યું એ બીજા કોઈએ જોયું નથી ને કહ્યું નથી.બીજામાં કયાંય (આ વાત) છે નહીં. સર્વજ્ઞ સિવાય, એ પણ દિગંબર ધર્મમાં (એના) સિવાય કયાંય આવી વાત (તત્ત્વની) છે નહીં.. આહા..હા!

જુઓ, આ હાથ છે ને (તેની આંગળી) આમ (સીધી, ઊભી છે) એ આમ (વાંકી) થાય છે. પૂર્વની અવસ્થા એને પ્રાપ્ત કરી છે. અને તેને હવે નવી અવસ્થા (જે) આમ થઈને આમ થાય છે. નવી અવસ્થા ધારણ કરે છે. તો એ નવી અવસ્થા ધારણ થવામાં, અનુકૂળ ભલે આંગળી છે. બીજી પણ એનાથી (આંગળીથી) આંગળી આમ સીધી-વાંકી થઈ નથી. એ કર્તા-કરણ (અર્થાત) સાધન નથી, અને આ આંગળી (જે વાંકીમાંથી સીધી) થઈ એ એના પર્યાયનું કર્તાને સાધન, એ આંગળીના (દરેક) પરમાણુ છે. આવી વાત છે (વસ્તુસ્થિતિની)!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(વળી,) લખવાની (જે) ક્રિયા છે. (લખવા માટે) કલમ છે. (આંગળીમાં કલમ પકડી છે પણ) એ કલમને આંગળી અડી નથી. અને કલમ જે આમ-આમ (કાગળ ઉપર) થાય છે. એ કલમની પૂર્વે જે પર્યાય હતી, એના કર્તા ને કરણ એ કલમના પરમાણુ હતાં. અને એ પર્યાય બદલે છે આમ લખવામાં (જે ક્રિયા થતી દેખાય) એ લખવાની પર્યાય, પૂર્વની પર્યાયથી ઉત્તર અવસ્થા (જે) થઈ નવી (નવી પર્યાય થઈ) તો નવી અવસ્થાનું થવું એમાં ભલે બીજાનું આંગળી આદિનું ઉચિત નિમિત્ત હો પણ એ કલમ ચાલે છે, તેના કર્તા-કરણ (સાધન) તે તેના પરમાણુ છે. **(શ્રોતાઃ)** આંગળીની હાજરી તો છે ને...! **(ઉત્તરઃ)** આંગળી-આંગળી એની ઉચિત નિમિત્ત નહીં, હાજરી છે. એની કર્તા છે નહીં. નિમિત્ત છે પણ કર્તા-કર્મ નથી. **(શ્રોતાઃ)** પણ એની રાહ જોવી પડે ને...! **(ઉત્તરઃ)** રાહ ન જોવી પડે! એ પ્રશ્ન જ નથી. **(શ્રોતાઃ)** એના માટે ઊભા તો રહેવું પડે ને..! **(ઉત્તરઃ)** બિલકુલ ઊભા રહેવું ન પડે. (વસ્તુસ્થિતિ એ છે કે) એની પર્યાય થવા કાળે-જયારે થાય ત્યારે સામે અનુકૂળ નિમિત્ત હો, પણ અનુકૂળ નિમિત્ત છે તો એ કર્તા-કરણસાધન થયું એમ નથી. આહા..હા! (આ વાત ગળે ઉતારવી) બહુ આકરું કામ.

(કહે છે) પર જીવની દયા પાળવાની હોય, એનું આયુષ્ય ને શરીર રહેવાનું હોય, એ તો એના પોતાના પરમાણુની પર્યાયને જીવની પર્યાયને રહેવાનું પ્રાપ્ત છે. એમાં રહે છે જીવ, એ કર્મને લઈને પણ નહીં. આયુષ્યને લઈને નહીં. આયુષ્ય અને કર્મ એને ઉચિત નિમિત્ત છે. પણ એ આયુષ્ય (કર્મને) લઈને આત્મા શરીરમાં રહ્યો છે, એમ નથી. આહા..હા..હા.. આવી વાત છે!! એ આત્મા, આ જે શરીરમાં રહ્યો છે, પૂર્વની પર્યાય જે છે રહેવાની, એની પ્રાપ્તિ જીવે પોતે કરી છે.. અને પછી પણ પર્યાય, ઉત્તરપર્યાય નવી થાય, એનો કર્તા-કરણ (સાધન આત્મા છે એને નવી પર્યાય ઉત્પન્ન) થવામાં-આયુષ્ય કે કોઈ કર્મ નિમિત્ત છે, તો એનાથી કર્તા-કરણ થયું છે, એમ નથી. આહા..હા.. આવું ઝીણું છે. વીતરાગનો મારગ બહુ ઝીણો ભાઈ!

અત્યારે તો ગોટા ઊઠયા છે ભાઈ! આનાથી થાય, ને આનાથી થાય.. નિમિત્ત આવે તો નિમિત્તથી થાય. નિમિત્તની રાહ જોવી (પડે)! (એ માન્યતા તત્ત્વથી વિરુદ્ધની છે) માટીના પિંડની પર્યાય, એ પિંડરૂપે પર્યાય જે માટીમાં છે. એ (પર્યાય) પ્રાપ્ત છે એ પોતાના કર્તા-કરણથી પ્રાપ્ત છે. એ પિંડની અવસ્થા બદલીને, ઘટરૂપ અવસ્થા થાય, તે ઘટરૂપ અવસ્થાના કર્તા ને કરણ (સાધન) તે (માટીના પિંડના) પરમાણુ છે. કુંભાર નહીં. કુંભાર ઉચિત નિમિત્ત છે. કુંભાર કોઈ ઘડાની પર્યાયનો કર્તા ને કરણ (એટલે) સાધન (બનાવનાર) નથી. આહા..હા.. સમજાય છે કાંઈ? આવી વાત છે, (દુનિયાથી ઊંધી વાત છે) **(શ્રોતાઃ)** પર સાથે સંબંધ તોડી નાખવાની વાત છે...! **(ઉત્તરઃ)** છે જ નહીં. પણ સંબંધ માન્યો છે. છે કયાં? એને તો (દરેક દ્રવ્યને તો) એના દ્રવ્ય-ગુણ-પર્યાય સાથે સંબંધ છે. એમ કીધું ને...! પરને લઈને કયાંય થાય (એમ છે નહીં) આહા..હા..હા..

ગુરુ કાંઈ સમજાવે છે. ભાષા એ ભાષાની પર્યાય, પ્રાપ્ત, એ પરમાણુથી ભાષાની પર્યાય પ્રાપ્ત છે, આત્માથી નહીં. એને ભાષાની પર્યાય પહેલી, વચનવર્ગણારૂપે હતી. એ વચનવર્ગણાની પર્યાયને પ્રાપ્ત હતી. પછી ભાષાપણે થઈ ઉત્તર અવસ્થારૂપે થઈ એમાં ઉચિત નિમિત્ત જીવનું. ઈચ્છા નિમિત્ત પણ એ ભાષા થઈ એ પોતાના કર્તા ને કરણ સાધન વડે થઈ છે. આત્માથી નહીં. (ઈચ્છાથી નહીં) **(શ્રોતાઃ)**

વચનવર્ગણા તો ઘણી હતી, ઘણા પરમાણુઓ હતાં. તો એટલા જ કેમ (ભાષારૂપે પરિણમ્યા) **(ઉત્તર:)** એક એક પરમાણુ પોતાની પર્યાયનું કર્તા-કરણ કરનારું (છે) એવું છે. બીજા પરમાણુને લઈને નહીં. આવું છે પ્રભુ! (વીતરાગ વિજ્ઞાન) એક એક પરમાણુ, પૂર્વની પર્યાયને પ્રાપ્ત થઈ પણ પોતાની કર્તા-કરણથી, અને એની ઉત્તરપર્યાય નવી થઈ એ પણ પોતાના કર્તા-કરણ સાધનથી (ઉત્પન્ન થઈ છે) ઉચિત નિમિત્ત હો. પણ નિમિત્તથી થઈ નથી. ઘડા (બન્યા). કુંભારથી ઘડો થયો નથી. વણકરથી વસ્ત્ર વણાયું નથી. સ્ત્રીથી રોટલી થઈ નથી. આત્માથી હાથ-પગ હાલતા નથી. (હાથ-પગ હાલે છે) એ પગના રજકણ જે છે, એની અવસ્થા આમ હતી તે આમ થઈ (સીધી હતી તે વળી પગની અવસ્થા) તે નવી અવસ્થા ધારણ થશે, તો એની અવસ્થાનો કર્તા-કરણ એના પરમાણુ છે. આત્માને લઈને પગ હાલે છે, ત્રણ કાળ, ત્રણ લોકમાં નહીં.. આહા.. હા..હા..! આવું સ્વરૂપ છે પ્રભુ! **(શ્રોતા:)** જીવ છે માટે (હાથ-પગ) ચાલે છેને! **(ઉત્તર:)** બિલકુલ નહી. એ તો કહ્યું હતું ને..? જીવ છે તે જીવની પોતાની પર્યાયને પ્રાપ્ત જીવ છે. પણ આ જે શરીરની પર્યાય છે. એ પણ એના પોતાના કર્તા-કરણે શરીરની પર્યાય છે. પર્યાય પ્રાપ્ત છે. શરીરપણે, આમ ગતિ કરે છે. એ ઉત્તરપર્યાય થઈ નવી, એ ઉત્તરપર્યાયમાં નિમિત્ત-ઉચિત નિમિત્ત ભલે આત્મા હો. પણ એનાથી આમ હાલવાની પર્યાય (પગની) થાય એમ છે નહીં. એના કર્તા-કરણ એના પરમાણુ છે. કર્તા-કરણ આત્મા છે એ બિલકુલ નહીં... આહા.હા..હા.. આવી વાતું છે. વીતરાગ માર્ગ! અત્યારે તો વ્રત પાળો..ને! ભકિત કરો..ને! પૂજા... કરોને! આ કરોને... એ...ય હાલ્યું છે બધું!

અહીંયાં તો કહે છે કે: હાથમાં-હાથમાં જે કાંઈ ચોખા રાખે આમ મૂકવા, ત્યાં (ભગવાનને અર્ધ્ય ચડાવતાં) એ ચોખાની પર્યાય, ત્યાં પહેલી હતી અહીં અને પછી આમ ગઈ, એ પર્યાયની પ્રાપ્તિ ચોખાના પરમાણુથી (એના) કર્તા-કરણથી થઈ (છે). આંગળીને લઈને એ ચોખા ભગવાન પાસે ગયા, એમ નથી. આહા...હા...હા! દરેક દ્રવ્ય-છ દ્રવ્ય ભગવાને જોયાં- એ અનંતા આત્માઓ, અનંતા પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ (કાય), એક આકાશ (એ) દરેક દ્રવ્યની જે પૂર્વપર્યાય પ્રાપ્ત છે. એ પણ પોતાના કર્તા ને કરણ, સાધનથી પ્રાપ્ત છે. અને તેનો વ્યય થઈને, નવી ઉત્તર અવસ્થાને ધારણ કરે (છે) દરેક દ્રવ્ય. તેને ઉચિત નિમિત્ત ભલે હો, પણ એ નિમિત્ત એનો કર્તા ને કરણ-સાધન નથી. એ નવી અવસ્થામાં તે તે દ્રવ્યના કર્તાને કરણ-સાધન એનો સ્વભાવ છે. આહા....હા...હા..હા..! દુનિયાથી જુદું છે! આહા...હા!

**''અંતરંગસાધનભૂત સ્વરૂપકર્તા''** આહા...હા! એ (માટીના) પરમાણુમાંથી ઘડાની પર્યાય થઈ, એ અંતરસ્વરૂપ પરમાણુ પોતે કર્તા ને પોતે કરણ-સાધન છે. કુંભાર તો ઉચિત નિમિત્ત છે. ચાકડો (દોરી આદિ) નિમિત્ત (છે) પણ એ ઘડાની પર્યાય, નિમિત્તથી થઈ નથી. આહા...હા..હા! આવું છે! પાણી છે, પાણી. તૃષા લાગી હોય ને..! એ પાણીની અવસ્થા જે હતી ને આમ ગઈને પછી બીજી અવસ્થા થઈ ગઈ અંદર. એ પરમાણુની પર્યાય પ્રાપ્ત હતી. એના સ્વરૂપકર્તા એ પરમાણુ હતા. આ હાથને લઈને પાણી અંદર આવ્યું, એમ નથી. એ પાણીના પરમાણુ- જે દ્રવ્ય છે- તેની પૂર્વપર્યાયની પ્રાપ્તિ પણ પોતાના સ્વરૂપકર્તા ને કરણ ને સાધનથી છે. અને પાછી પર્યાય બદલે છે, આમ અંદર જતાં, એ બદલતી અવસ્થાના કર્તા-કરણ તે પરમાણુ છે. આહા...હા...હા! પાણી છે એ ઊનું થાય છે. અગ્નિ ઉચિત નિમિત્ત છે પણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉચિત નિમિત્તથી પાણી ઊનું થતું નથી. પાણીની પહેલી જે ઠંડી અવસ્થા હતી, તેની પ્રાપ્તિ પાણી છે. પછી (એ પાણી) ઉષ્ણ અવસ્થાને પ્રાપ્ત થયું તેના કર્તા ને કરણ તે પાણીના પરમાણુ (દ્રવ્ય) છે. અગ્નિ નહીં. આહા...હા..હા! સમજાય છે કાંઈ?

આહા...હા..હા! પ્રત્યેક પદાર્થ સ્વતંત્ર છે. બીજા તત્ત્વની એને (પરિણમનમાં) રાહ જોવી પડે. (એમ છે નહીં). ઓલું આવ્યું છે ને..! બેનમાં (બહેનશ્રીનાં વચનામૃત બોલ ૨૫૧.) દ્રવ્ય કોને કહેવાય? કે: 'દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજા સાધનોની રાહ જોવી ન પડે.' બેનના વચનામૃતમાં છે है आप के पास..? पुस्तक लिया है..? **(श्रोता:)** आपने पुस्तक दिया है, है हमारे पास, हम सबके पास है। वचनामृत हिन्दीमें है **(गुरुदेव:)** उसमें ये शब्द है।

આહા...હા! પ્રત્યેક દ્રવ્યના કાર્યને માટે (બીજા સાધનોની) રાહ જોવી પડે નહીં, એ સિદ્ધાંત છે. દ્રવ્ય એને કહીએ કે પોતાની પર્યાયના કાર્યને માટે પરદ્રવ્યની રાહ જોવી પડે નહીં. આહા..હા અરે! વીતરાગ મારગ!! સર્વજ્ઞ પરમેશ્વરે જાણ્યો અને કહ્યો છે, કર્યો નથી. પરનું કર્યું નથી કાંઈ. કર્યું છે પોતાનું. આહા...હા...હા!

(કહે છે:) જેમકે આત્મામાં, પૂર્વપર્યાયની પ્રાપ્તિ મિથ્યાત્વની હોય, એ પણ પોતાના કર્તા કરણથી, મિથ્યાત્વની પ્રાપ્તિ છે. દર્શનમોહનો ઉદય થયો માટે મિથ્યાત્વ છે, એમ નથી. દર્શન-મોહનો ઉદય ઉચિત નિમિત્ત છે, પણ એને લઈને મિથ્યાત્વ અહીંયાં થાય છે, એમ નથી. મિથ્યાત્વ થવામાં આત્માના કર્તા-કરણ-સાધનથી મિથ્યાત્વ થાય છે. આહા...હા...હા...હા! હવે (જે) મિથ્યાત્વની પ્રાપ્તિ છે પૂર્વની, એમાંથી ગુલાંટ ખાઈને સમ્યક્(ત્વ) થાય છે. સમ્યગ્દર્શન (થાય છે.) તે સમ્યગ્દર્શનની પર્યાયની પ્રાપ્તિ, દર્શનમોહનો અભાવ થયો માટે સમ્યગ્દર્શન પર્યાયની પ્રાપ્તિ થઈ, એમ નથી. સમ્યગ્દર્શનની પર્યાયની પ્રાપ્તિ (થઈ તેમાં) આત્મા તેનો કર્તા-કરણ-સાધનથી સમ્યગ્દર્શન પર્યાયની પ્રાપ્તિ થાય છે. આહા...હા..હા...! આવું છે, વીતરાગ, સર્વજ્ઞ જિનેશ્વરદેવ..! એનું તત્ત્વજ્ઞાન ઝીણું બહુ બાપુ..!

**(શ્રોતા:)** આ સ્વરૂપકર્તા ને આ સ્વરૂપકરણ..! **(ઉત્તર:)** હેં..! સ્વરૂપકર્તા ને સ્વરૂપકરણ (આ છે). એમ આત્મામાં ચારિત્રની પર્યાય થાય, વીતરાગી ચારિત્ર, દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ છે. એ કાંઈ ચારિત્ર નથી. એ તો અચારિત્ર છે. વ્રતના પરિણામ પણ એ અચારિત્ર છે. ચારિત્ર તો એને કહીએ કે જે આનંદમૂર્તિ પ્રભુ આત્મા, તેના તરફની સન્મુખતાથી તેમાં આનંદમાં રમે, અરે એનું નામ ચારિત્ર (છે). ચારિત્રની પર્યાયમાં, ચારિત્રમોહનીયનો અભાવ થ્યો માટે આ ચારિત્રની પર્યાય થઈ, એમ નથી. ચારિત્રમોહનીયનો અભાવ એ ઉચિત નિમિત્ત છે. પણ એને લઈને અહીંયા ચારિત્રની પર્યાય થાય, એમ નથી. ચારિત્રની પર્યાય-પૂર્વે અચારિત્રની પર્યાયની પ્રાપ્તિ હતી. એમાં પણ એના સ્વરૂપકર્તા ને કરણ આત્મા હતો. અને ચારિત્રની પર્યાય (પ્રાપ્ત થઈ) એનો કર્તા ને કરણ (સાધન) એનો આત્મા છે. મહાવ્રતાદિના પરિણામ હતા માટે ચારિત્રની પર્યાય થઈ, એમ નથી. અહા..હા..હા..! આવું જગતથી ઊંધુ છે ભાઈ...! વીતરાગ મારગ, આહા..હા..હા..હા...! એ વીતરાગ સિવાય ક્યાંય વાત છે નહીં. બધે-બધે ગપ્પા માર્યા છે બધાએ...! તીર્થંકર સર્વજ્ઞ ત્રિલોકનાથ..! સર્વજ્ઞ પરમેશ્વરે જેવું જોયું, એવું વાણી દ્વારા આવ્યું..! એ સિવાય ક્યાંય એ વાત સાચી છે નહીં. આહા..હા..! આ યે ધર્મ સાચો અને આ...યે ધર્મ સાચો, એવું છે નહીં....

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એક વીતરાગ સર્વજ્ઞદેવ, પરમેશ્વરે, આત્મા જે કહ્યો એ આત્મા અનંતગુણનો સાગર છે એની અંતરદૃષ્ટિ-અનુભવ થઈને, પછી સ્વરૂપમાં રમે, એને ચારિત્ર કહીએ. એ ચારિત્રની પર્યાય, ઉત્પન્ન થઈ તેમાં ચારિત્રમોહનીયકર્મના ઉદયનો અભાવ, ઉચિત નિમિત્ત હો. પણ એને લઈને ચારિત્રની પર્યાય થઈ છે, એમ નથી. ચારિત્રની પર્યાયમાં-સ્વરૂપનો કર્તા-કરણ આત્મા છે. આહા...હા...હા...! આવું છે ભગવાન..! આચાર્યે તો ભગવાન તરીકે બોલાવ્યો છે...! ૭૨ ગાથામાં. આ 'સમયસાર' સવારે ચાલે છે ને...! 'ભગવાન આત્મા' અનંત-અનંતગુણનો ભરેલો પ્રભુ..! એની વર્તમાન પર્યાયને (એ) પ્રાપ્ત છે. એ પણ પોતાથી છે. કોઈ કર્મને લઈને છે કે, એમ નથી. અને નવી પર્યાયને પ્રાપ્ત થાય, તેમાં પણ કર્મના નિમિત્તનો અભાવ હો. પણ નિમિત્ત તે દર્શન-જ્ઞાન-ચારિત્ર (ની પર્યાયનો) કર્તા નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર(ની) જે નિર્વિકારી વીતરાગીપર્યાય, એને જીવ પોતે પોતાથી કરે છે. એના કર્તા-કરણને સાધન આત્મા છે. એને શુભભાવ ને મહાવ્રતાદિ પરિણામ હતા માટે ચારિત્ર થયું, એમ નથી. અહા..હા...હા...! આવું છે. **(શ્રોતા:)** અંતરંગસાધનભૂત કર્તા ને કરણ કહ્યા, તો બાહ્ય સાધન હશે ને..? **(ઉત્તર:)** એ કર્તા ને કરણ અંતરંગ છે. બાહ્ય ઉચિત તો નિમિત્ત છે, એ કર્તા ને કરણ નથી. 'બહિરંગ' શબ્દ પડ્યો છે ને..! 'ઉચિત બહિરંગ સાધનોની સંનિધિમાં' એ તો નિમિત્ત થયું. હવે **''અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે તે-અંતરંગસાધનભૂત સ્વરૂપકર્તાના અને સ્વરૂપકરણના સામર્થ્યરૂપ સ્વભાવ વડે અનુગૃહીત થતાં, ઉત્તર અવસ્થાએ ઉપજતું થકું'' આહા..! હા..! '' તે ઉત્પાદ વડે લક્ષિત થાય છે''** આહા...હા...હા...! એ નવી અવસ્થા જે થઈ, તેના લક્ષણ વડે તો દ્રવ્ય લક્ષિત થાય છે. તે ઉત્પાદ થયો માટે તેમાં કર્મ લક્ષિત થાય છે એમાં - કે કર્મનો અભાવ થયો- એમ લક્ષિત થાય છે, એમ નથી. આ વીતરાગ મારગ છે બાપા..! બહુ ઝીણો. ભગવાન તો બિરાજે છે મહાવિદેહમાં પ્રભુ..! સીમંધરસ્વામી ભગવાન..! ત્યાંથી આ વાત આવી છે. કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા પ્રભુ પાસે, બિરાજે છે અત્યારે સમવસરણમાં, ધર્મસભા પ્રભુ બિરાજે છે મહાવિદેહમાં. પાંચસો ધનુષનો દેહ (છે). ક્રોડ પૂર્વનું આયુષ્ય (છે). એક પૂર્વમાં, ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એક ક્રોડ પૂર્વનું આયુષ્ય છે પ્રભુનું..! અત્યારે બિરાજે છે મહાવિદેહમાં. ત્યાં ગયા હતા કુંદકુંદાચાર્ય. સંવત-૪૯. આઠ દિ' ત્યાં રહ્યા હતા. આહા..હા..હા..! ત્યાંથી આવીને, આ ગ્રંથ રચ્યા (છે). આહા...હા...હા...! સાક્ષાત ત્રણલોકના નાથ..! બિરાજે છે સીમંધર ભગવાન અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં..! મનુષ્યપણામાં..! આહા...હા..હા..! એમની ૐ ધ્વનિ સાંભળી, કુંદકુંદાચાર્ય પ્રભુ આઠ દિ' ત્યાં રહ્યા હતા. આહા...હા...આમનો ચાર હાથનો દેહ! ભગવાનનો પાંચસો ધનુષનો (દેહ) બે હજાર હાથ ઊંચો માણસો પણ (ત્યાં) એવાજ ઊંચા. તીડ જેવું દેખાય, તીડ..! (જંતુ) છે ને..! ઉડતા તીડ..! ચક્રવર્તીએ પૂછ્યું: તીડ જેવો માણસ કોણ છે આ..? આહા...હા...

ભગવાન પાસે ગ્યા કુંદકુંદાચાર્ય! આઠ દિ' ત્યાં રહ્યા. પાંચસો ધનુષનો દેહ ને આ તો ચાર હાથનો! પ્રભુ આ કોણ છે તીડ જેવું? એમ ચક્રવર્તીએ ભગવાનને પૂછયું, ભગવાનનો ઉત્તર આવ્યો: હે! ચક્રવર્તી, એ ભરતક્ષેત્રના કુંદકુંદ નામના આચાર્ય છે. આહા....હા...હા! એમ ભગવાનની વાણી નીકળી. ૐ નીકળે છે.

ૐ નીકળે એમાંથી આ જીવો સમજે છે. ભગવાનની વાણી આવી ન હોય, ભગવાનની વાણી તો ૐ એકાક્ષરી છે. ઈચ્છા વિના વાણી નીકળે એકાક્ષરી! ઈચ્છા હોય ત્યાં (વાણી) એકાક્ષરી નથી. આહા...હા...હા! એવી વાત છે! અત્યારે તો ખીચડો કરી નાખ્યો છે! એકદ્રવ્ય, બીજા દ્રવ્યને મદદ કરે ને...! સહાય કરે...ને! બીજાની સહાય હોય તો એમાં કાંઈક થાય. આ લાકડી આમ ઊંચી થાય છે તે જુઓ, તે આંગળીને લઈને એમ ઊંચી થાય છે, એમ નથી એમ કહે છે. એની પૂર્વ પર્યાય આમ હતી ને પછી આમ થઈ એની પર્યાયના કર્તા-કરણ એના પરમાણુ છે. આંગળી નહીં. આંગળીથી (એ લાકડી) ઊંચી થઈ નથી, આંગળી ઉચિત નિમિત્ત છે. (પણ) એનાથી કર્તા-કરણ થયું જ નથી. આહા...હા...હા! આવું છે. બહુ ફેર! વીતરાગનો મારગ! (જગતથી જુદો છે).

દરેક દ્રવ્યની પર્યાય સ્વતંત્ર, તેનો કર્તા પોતે, એ પણ હજી અપેક્ષા છે. પર્યાયનો કર્તા દ્રવ્યસ્વરૂપકર્તા (એ અપેક્ષિત કથન છે) ખરેખર તો દરેક દ્રવ્યની પર્યાય, (પોતાના ષટ્કારક) પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન, પર્યાય અધિકરણ. એક સમયની પર્યાય, છ દ્રવ્યમાં જે થાય, એ પર્યાય ષટ્કારકનું પરિણમન, પોતાથી છે. દ્રવ્યગુણથી પણ નહીં. આહા...હા....હા..હા! નિમિત્તથી તો નહીં, (પણ) દ્રવ્ય-ગુણથી નહીં. એક સમયની પર્યાય ષટ્કારકરૂપે, પર્યાય પોતે કર્તા, પર્યાય પોતે કર્મ-કાર્ય, પર્યાય પોતે કરણ-સાધન, પર્યાય પોતે સંપ્રદાન-પર્યાયે પોતા માટે પર્યાય કરી, અપાદાન-પર્યાયથી પર્યાય થઈ અને પર્યાયના આધારે પર્યાય થઈ એ અધિકરણ. ષટ્કારકરૂપે એકસમયની પર્યાયમાં અનાદિઅનંત દરેક દ્રવ્યમાં આ રીતે થાય છે. આહા...હા..હા!

(કહે છે કે:) અહીંયાં તો પર્યાયનું લક્ષણ કહીને, દ્રવ્યનું લક્ષ્ય, બતાવવું છે ને...! એટલે સ્વરૂપકર્તા ને સ્વરૂપસાધન કહેવામાં આવ્યું, બાકી તો પ્રત્યેક દ્રવ્યની, પ્રત્યેક સમયની અવસ્થા પોતાના ઉત્પાદ, જે પર્યાય થાય, તેને ધ્રુવ ને વ્યયની અપેક્ષા નથી. નિમિત્તની તો અપેક્ષા નથી. ૧૦૧ ગાથામાં (આ વાત) આવશે. 'પ્રવચનસાર'! આ તો ૯૫ ગાથા ચાલે છે. આહા...હા...હા.! અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ, - નિગોદના-એક અંગુલના અસંખ્યાતમા ભાગમાં અનંત આત્માઓ છે.- લસણ, ડુંગળી ( માં રહેલા તે ) નિગોદ- એક એક અંગુલના અસંખ્યાતમા ભાગમાં અનંત આત્માઓ છે. એ દરેક આત્મા (અને અનંત પરમાણુઓ) પોતાની વર્તમાન પર્યાયમાં, ષટ્કારકરીતે પરિણમતી તેની પર્યાય ઉત્પન્ન થાય છે. આહા...હા...હા! આવું કયાં? સાંભળવું મુશ્કેલ પડે!

(અહીંયાં કહે છે કે:) જેની પર્યાયની ઉત્પત્તિ માટે દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. વ્યયની અપેક્ષા નથી, ધ્રુવની અપેક્ષા નથી. દરેક દ્રવ્યની જે સમયે, જે પર્યાય, ઉત્પન્ન થાય તેને તેના દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી, વ્યયની અપેક્ષા નથી. (તો પછી) નિમિત્ત હોય તો થાય એ વાત છે નહીં. નિમિત્ત હો! પણ તેનાથી થાય, તેમ ત્રણકાળમાં નથી. આહા...હા! આવું ભગવાન! ભગવાન ચૈતન્યસ્વરૂપ!! એને જે સમ્યગ્દર્શનની- ધર્મની પર્યાય, સમ્યગ્દર્શનની શરૂઆત પહેલાં ધર્મની પર્યાય થાય, એ પર્યાયમાં, ષટ્કારકના પરિણમનથી સમ્યગ્દર્શનની પર્યાય થાય છે. એ પર્યાયને નિશ્ચયથી દ્રવ્ય-ગુણનો પણ આશ્રય નહિ એ તો લક્ષણ સિદ્ધ કરવું છે માટે સમ્યગ્દર્શનની પર્યાય જે થઈ એ લક્ષણ છે અને એનાથી દ્રવ્ય લક્ષ્ય છે. એટલું અહીં સિદ્ધ કરવું છે. અને તેના સ્વરૂપમાં જ એ છે. તે તે દ્રવ્ય સમકિતપણે થયું છે એ દ્રવ્યનું સ્વરૂપ છે. એ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ પરને લઈને થાય સમકિત. કર્મને લઈને (કે) દયા-દાન-વ્રતના પરિણામ (થયા) માટે સમકિત થાય છે, એવું સ્વરૂપમાં છે નહીં. આહા...હા...હા...હા..!! ભારે આકરું! આખી દુનિયાથી, વિરોધ લાગે! પાગલ જેવું લાગે! આહા...હા...હા! મારગ વીતરાગનો બાપા! જગતને મળ્યો નથી, સાંભળવા! આહા...હા..હા!

(લોકો તો) વ્રત પાળ્યા ને... આ કર્યાં....ને! તે કર્યાં...ને! ધૂળે ય કરી નથી. પરીષહ સહન કર્યા! એમાં ક્યાં? શું થ્યું? પરીષહ તો બહારની સંયોગી ચીજ છે. એમાં સહન કરવાનો પર્યાય ક્યાં એનાથી થયો છે? આહા...હા...હા! એક આનંદની પર્યાયમાં સમતા થઈ છે, એ તો એનો કર્તા-કરણ એનો આત્મા કર્તા-કરણ-સાધન છે. આહા...હા...હા! સમજાય છે કાંઈ? આતો વીતરાગ; ત્રણ લોકનો નાથ, પરમેશ્વર બિરાજે છે, એની આ વાણી છે. ત્રણ લોકના નાથની વાણી આ છે!!

(અહીંયાં કહે છે કે:) **''સ્વરૂપકર્તાના અને સ્વરૂપકરણના સામર્થ્યરૂપ સ્વભાવ વડે અનુગૃહીત થતાં, ઉત્તર અવસ્થાએ ઊપજતું થકું તે ઉત્પાદ વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે ઉત્પાદની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે.''** તે તે દ્રવ્યની તે (તે) પર્યાય થવી તે તેના સ્વરૂપથી જુદી છે એમ નથી. સ્વરૂપથી જ તેવું છે. **''વળી જેવી રીતે તે જ વસ્ત્ર નિર્મળ અવસ્થાથી ઊપજતું અને મલિન અવસ્થાથી વ્યય પામતું થકું તે વ્યય વડે લક્ષિત થાય છે.** આહા..હા..હા! એ પૂર્વની અવસ્થા જે હતી, મલિનતાનો વ્યય, પણ એ વ્યય લક્ષણ ને દ્રવ્ય લક્ષ્ય છે. વ્યય કોઈ બીજી ચીજ થઈ માટે તેનું મલિનપણું ટળ્યું-પાણીને લઈને ને ધોકાને લઈને-વસ્ત્રની એ મલિનતા ટળીને નિર્મળતા થઈ એ પાણીને લઈને ને ધોકાને લઈને નિર્મલતા થઈ છે એમ બિલકુલ નહીં. એ વસ્ત્ર જ પોતે નિર્મળ પર્યાયપણે ઊપજતું થકું, જેને વ્યય અને ધ્રુવની પણ અપેક્ષા નથી. આહા....હા! મલિન અવસ્થા હતી તે વ્યય પામતું, તે વ્યય વડે લક્ષિત થાય છે. અહીં વ્યય કીધો. પહેલાં ઉત્પાદ કીધો હતો ને..! (લક્ષણ બતાવવું છે ને...!) **''પરંતુ તેને તે વ્યયની સાથે સ્વરૂપભેદ નથી.'' ''સ્વરૂપથી જ તેવું છે'' આહા...હા! 'તેવી રીતે તે જ દ્રવ્ય પણ દરેક દ્રવ્ય ઉત્તર અવસ્થાથી ઊપજતું અને પૂર્વ અવસ્થાથી વ્યય પામતું થકું તે વ્યય વડે લક્ષિત થાય છે''** વ્યય વડે દ્રવ્ય લક્ષિત થાય છે. (વસ્ત્ર) પર માથે ધોકો પડયો માટે મલિનતા ગઈ તો કહે છે એમ લક્ષિત થતું નથી, એમ થતું જ નથી. ત્યાં લક્ષણ નથી. વ્યય થયો છે એ લક્ષણ દ્રવ્યનું છે. આહા...હા...હા! આવી વાતું હવે! **(શ્રોતા:)** લક્ષણ-લક્ષ્ય ભેદ બતાવે છે...! **(ઉત્તર:)** લક્ષણનું લક્ષ્ય એ દ્રવ્ય (છે). લક્ષણવ્યય થયો એનું લક્ષ્ય દ્રવ્ય છે. વ્યય થયો (તેમાં) જોડે ચીજ હતી એને વ્યય કર્યો, મલિનતાનો વ્યય કર્યો, એમ નથી. આહા...હા! આવું સ્વરૂપ છે! ગાથા પંચાણું ઝીણી છે આખી! પહેલે દિ' કાલે'ય ઝીણું હતું!

(કહે છે:) **''વ્યય વડે લક્ષિત થાય છે'' ''પરંતુ તેને તે વ્યયની સાથે સ્વરૂપભેદ નથી.''** વ્યય તો તે દ્રવ્યનું સ્વરૂપ જ છે. **''સ્વરૂપથી જ તેવું છે.''** હવે ધ્રુવ (ની વાત). પહેલાં ઉત્પાદની કરી, પછી વ્યયની કરી, હવે ધ્રુવની કરે છે. **''વળી જેવી રીતે તે જ વસ્ત્ર એકી વખતે નિર્મળ અવસ્થાથી ઊપજતું, મલિન અવસ્થાથી વ્યય પામતું અને ટકતી એવી વસ્ત્રત્વ-વસ્ત્રપણું અવસ્થાથી ધ્રુવ રહેતું થકું ધ્રૌવ્ય વડે લક્ષિત થાય છે:''** આહા....! વસ્ત્ર જે ધ્રુવ ટકતું થકું એ ધ્રુવ વડે વસ્ત્ર લક્ષ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે. આહા..હા...હા! છે? **"પરંતુ તેને તે ધ્રૌવ્યની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે."** એ તો દૃષ્ટાંત થયો. (હવે સિદ્ધાંત) **"તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ એકી વખતે ઉત્તર અવસ્થાથી ઊપજતું."** આત્મામાં સમ્યક્ દર્શનની પર્યાયપણે ઊપજતું અને **"પૂર્વ અવસ્થાથી વ્યય પામતું"** મિથ્યાત્વ અવસ્થાથી નાશ પામતું **"અને ટકતી એવી દ્રવ્યત્વ-અવસ્થાથી ધ્રુવ રહેતું થતું ધ્રૌવ્ય વડે લક્ષિત થાય છે"** આહા...હા! સમ્યગ્દર્શનની પર્યાય લક્ષણ છે, તેનું લક્ષ્ય ધ્રુવ ઉપર છે. સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ છે. ભૂતાર્થ છે. ('સમયસાર') ૧૧મી ગાથા. **"(भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो)"** ભૂતાર્થ, ત્રિકાળવસ્તુ ધ્રુવ છે. એને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. એ સમ્યગ્દર્શનની પર્યાય લક્ષણ (છે) એ ધ્રુવને બતાવે છે. આહા..હા...હા! પર્યાય, આમ કર્મનો ક્ષય થ્યો એ બતાવે છે એમ નહીં.

આહા...હા...હા..હા! ચાર ઘાતિકર્મનો નાશ થતાં, કેવળજ્ઞાન થાય. એમ (શાસ્ત્રમાં) શબ્દ છે. 'તત્વાર્થસૂત્રમાં'. એ તો નિમિત્તના કથન છે (એમ) કહે છે. ચાર ઘાતિકર્મની પર્યાય જે કર્મપણે હતી, એ જ્યારે અકર્મપણે થઈ, એ પોના સ્વ-રૂપથી થઈ છે. અહીંયાં ભગવાનને કેવલજ્ઞાન પ્રગટ્યું માટે તે કર્મપણાની પર્યાય અકર્મપણે થઈ, એમ નથી. અને કર્મની પર્યાય પણ જ્યારે અકર્મપણે (પરમાણુ) થયું તેથી અહીયાં કેવળજ્ઞાન થયું, એમ નથી. એ કેવળજ્ઞાનની પર્યાયનો ઉત્પાદ, પૂર્વનો વ્યય થતાં, ચાર ગુણ-મોક્ષમાર્ગનો વ્યય થતાં, કેવળજ્ઞાનની પર્યાય મોક્ષપણે થઈ, તેનો સ્વરૂપકર્તા ને કરણ એ આત્મા છે, સંહનન મજબૂત છે વજ્રવૃષભનારાચ એ છે માટે કેવળજ્ઞાન થયું છે, એમ નથી. આહા...હા...હા...હા! આવી વાતું છે! ભગવાન પરમાત્મા, એણે કહેલો પંથ આ છે. આહા...હા! ભાષા એવી આવે તત્વાર્થસૂત્રમાં 'ચાર ઘાતિકર્મનો નાશ થાય , ત્યારે કેવળજ્ઞાન થાય, અહીંયાં કહે છે કે કેવળજ્ઞાનની પર્યાય, પૂર્વે ચાર જ્ઞાનની પર્યાય (મતિ, શ્રુતિ, અવધિ, મનઃપર્યય) હતી તેનો વ્યય થયો, વ્યયનો કર્તા-કરણ પણ આત્મા (છે). અને ઉત્પાદ-કેવળ જ્ઞાનનો થયો તેનો કર્તા-કરણ-સાધન પણ આત્મા (છે). કર્મને લઈને થયું ઈ, બિલકુલ વાત જૂઠી છે. આહા...હા..હા..હા! **(શ્રોતાઃ)** જૈનધર્મમાં તો કર્મને લઈને થાય એમ વાત હોય ને...! **(ઉત્તરઃ)** જૈનધર્મમાં તો આત્માની વાત છે. કર્મની નહીં. જગત ઈશ્વરકર્તા કહે અને આ જૈન કહે છે અમારે વિકારનો કર્તા કર્મ. અને કર્મ (તૂટે) તોડે તો (મોક્ષ થાય.) એ તો ઈ નું ઈ છે. (મોક્ષનો કર્તા) જડ થ્યો! આહા...હા! ઓલાએ ચૈતન્ય ઈશ્વર (કર્તા) ઠરાવ્યો કલ્પિત. આણે જડ (કર્તા) ઠરાવ્યો (કલ્પિત) કર્મ અંદર જડ છે એ જ્યારે ઉદય આવે, ત્યારે અમને વિકાર થાય. અને એ કર્મ ખસી જાય તો અમારો વિકાર ટળે. એ વાત બિલકુલ જૂઠી છે. આહા....હા...હા! **(શ્રોતાઃ)** કર્મ ન રહે ત્યારે ખસી તો જાય છે.. **(ઉત્તરઃ)** એને કારણે, ઈ તો એની પર્યાયમાં, પૂર્વ પર્યાય કર્મપણે હતી, એની ઉત્તર પર્યાય અકર્મપણે થઈ, એનો કર્તા-કરણ-સાધન એના પરમાણુ છે. અહીં કેવળજ્ઞાન થ્યું માટે તે અકર્મપણે પર્યાય થઈ, એમ નથી. આહા...હા! ગહન વિષય છે પ્રભુ! વીતરાગ પરમાત્મા, આહા...! એનું તત્વજ્ઞાન, બહુ ઝીણું છે!! આહા...હા! લોકોએ બહારથી ખતવી નાખ્યું, આહા...હા! કેટલું! પંચાણું ગાથામાં આહા...હા!

(અહીંયાં કહે છે કેઃ) એક એ, થ્યું હો! વસ્ત્રનું (ઉદાહરણ) હતું માથે! **"તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ"** - આત્મા અને પરમાણુ આદિ દ્રવ્ય. **"એકી વખતે ઉત્તર અવસ્થાથી ઊપજતું"** નવી અવસ્થાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઊપજતું **"પૂર્વ અવસ્થાથી વ્યય પામતું થકું."** - પૂર્વની અવસ્થાનો અભાવ થયો થકો **"અને ટકતી એવી દ્રવ્યત્વ-અવસ્થાથી"** (જોયું?) આ (દ્રવ્યત્વ) અવસ્થા છે (એટલે) કાયમ ટકે છે ને..! **"ધ્રુવ રહેતું થકું ધ્રૌવ્ય વડે લક્ષિત થાય છે."** દ્રવ્યત્વ અવસ્થાથી ધ્રુવ રહેતું થકું, ધ્રુવથી લક્ષિત થાય છે (અર્થાત્) ભગવાન આત્મા તો ધ્રુવથી જણાય છે. આહા..હા..હા..આ વળી પર્યાય વડે ધ્રુવ જણાય..!! ધ્રુવ, ધ્રુવ (લક્ષણ પર્યાયનું કહ્યું ને..!) અહીં તો ધ્રુવપણું જે છે એનું જે ખ્યાલમાં આવ્યું-એ ધ્રુવપણું જે છે એનું જે ખ્યાલમાં આવ્યું-એ ધ્રુવપણું ખ્યાલમાં આવવું, એ ધ્રુવનું લક્ષણ છે. (વળી) એ ધ્રુવનું લક્ષણ છે એમ કહે છે. આહા...હા...હા! ઝીણી વાત છે ભાઈ! (જે વાણી) ઈન્દ્રો સાંભળવા આવે! ત્રણ જ્ઞાનના ધણી! એ વાત (વાણી) કેવી હશે! ઉપર શક્રેન્દ્ર, પહેલા દેવલોકના ઈન્દ્ર (છે). એકાવતારી છે. એક ભવે મોક્ષ જનારા! શક્રેન્દ્ર. સુધર્મઈન્દ્ર એક ભવે મોક્ષ જનાર. તે (ધર્મ) સભામાં આવે, તે વાણી કેવી હશે બાપા! કથા-વાર્તા (જેવી) સાધારણ હશે? આહા...હા...હા...હા!!

(અહીંયાં) કહે છે કે: **"તે જ દ્રવ્ય પણ એકી વખતે ઉત્તર અવસ્થાથી ઊપજતું, પૂર્વ અવસ્થાથી વ્યય પામતું અને ટકતી એવી દ્રવ્યત્વ-અવસ્થાથી ધ્રુવ રહેતું થકું ધ્રૌવ્ય વડે લક્ષિત થાય છે."** આહા...હા! જાણે છે જ્ઞાન, પણ એ ધ્રુવપણું જણાવે છે દ્રવ્યને, ધ્રુવપણું જણાવે છે ધ્રુવને એમ, જાણે છે પર્યાય. કંઈ ધ્રુવપણું ધ્રુવપણાને જાણતું નથી, ધ્રુવ તો ધ્રુવ છે. પણ અહીંયાં તો ધ્રુવપણું એનું લક્ષણ છે. (એવું પર્યાય જાણે. એ લક્ષણથી ધ્રુવ છે એમ પર્યાયે લક્ષ્ય કર્યું! બહુ ફેરફાર છે ભાઈ! આહા...હા! ન સમજાય તો, રાત્રે પૂછવું. રાત્રે છે ને...! સવાસાતથી આઠ પોણો કલાક..! ચર્ચા (હોય છે ને...!) ઝીણી વાત છે ભાઈ! આહા...હા! ધ્રુવ વડે લક્ષિત થાય છે. શું કીધું? **"દ્રવ્યત્વ-અવસ્થાથી ધ્રુવ રહેતું થકું ધ્રૌવ્ય વડે લક્ષિત થાય છે."** આહા..હા! લક્ષિત તો, પર્યાય કરે છે (પણ) ધ્રુવપણું છે એ ધ્રુવનું લક્ષ્ય કરાવે છે. એ ધ્રુવપણું જે છે એ લક્ષણ છે અને ધ્રુવ જે છે એ લક્ષ્ય છે. એમ પર્યાય જાણે છે. આહા...હા..હા..હા! હવે આવો ઉપદેશ! ઓલું તો કહે કે વિષય સેવવા નહીં ને ચોવિહાર કરવા, સામાયિક કરવી, પડિકકમણા કરવા. પણ આવી તત્ત્વની દૃષ્ટિ વિના સામાયિક (સાચી) આવી કયાંથી? આહા...હા! તત્વ (જ) સ્વતંત્ર છે. દરેક તત્ત્વની એકસમયની પર્યાય ક્રમબદ્ધ (છે). ક્રમબદ્ધ!

એ લખ્યું છે ને...! પંડિતજી! ક્રમબદ્ધનો લેખ વાંચ્યો? જયપુર ક્રમબદ્ધનો લેખ લખ્યો છે 'ક્રમબદ્ધ' કા લેખ લિખા હૈ, બહુત અચ્છા હૈ. દરેક દ્રવ્યમાં, એક સમયમાં જે પર્યાય થાય, ક્રમબદ્ધ (છે). ક્રમસર હોનેવાલી હૈ, આગે-પીછે-આગળ, પાછળ છે નહીં. જહાં જો પર્યાય હોનેવાલી હૈ હોગી હી. એ પર્યાયના લક્ષણથી દ્રવ્ય લક્ષ્ય થાય છે. આહા...હા...હા! ક્રમબદ્ધ નો લેખ આમાં આવ્યો છે થોડો: 'જૈન મિત્ર'માં આવ્યું છે આ જ થોડું, થોડું'ક આવ્યું છે થોડું'ક! આહા...હા! એ ઉત્પાદ-વ્યય-ધ્રુવની, એની વ્યાખ્યા થઈ. **"उत्पाद-व्यय-ध्रुवत्वसंबद्धम्"** - હવે ગુણો ને પર્યાયની, વ્યાખ્યા કરે છે. 'ગુણપર્યાયદ્રવ્યમ્' ગુણને પર્યાય, દ્રવ્ય છે. કાલે ઉત્પાદ-વ્યય-ધ્રુવ હતું તે પણ દ્રવ્ય છે. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"વળી જેવી રીતે તે જ વસ્ત્ર વિસ્તારવિશેષોસ્વરૂપ."** આ વસ્ત્ર છે...ને!! એમાં ગુણો છે. એ ગુણ છે એ વિસ્તાર છે આમાં. પરમાણુમાં ગુણો છે તે વિસ્તાર છે આમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(તીરછા-આડા-એકસાથ) વિસ્તાર વિશેષો છે. છે ને? '' **(શુકલત્વાદિ) ગુણો વડે લક્ષિત થાય છે.''** આ ધોળું (વસ્ત્ર) છે, એ ધોળા વડે (પણ) એ ધોળી તો પર્યાય છે. પણ (એનો જે ગુણ છે) એના વડે લક્ષિત થાય છે. ધોળી છે એ પર્યાય છે પણ રંગ (વર્ણ) એનો ગુણ છે. રંગ છે જે વસ્ત્રમાં એ એનો ગુણ છે. ધોળી તો પર્યાય છે (પણ) સમજાવવું છે એટલે આમ લીધું. આહા...હા...હા! કાળી, ધોળી, લીલી એ તો પર્યાય છે. અને રંગ (વર્ણ) જે ત્રિકાળી પરમાણુમાં છે એ ગુણ છે, આહા....હા...હા! **(શ્રોતા:)** બરાબર!.....આવું છે. વસ્ત્ર વિસ્તારવિશેષ, દ્રવ્ય છે તે સામાન્ય ને એના ગુણ છે તે વિસ્તારવિશેષ (છે). એ વસ્ત્ર વિસ્તારવિશેષોસ્વરૂપ શુકલત્વાદિ ગુણો વડે-પર્યાય છે હો-લક્ષિત થાય છે. **''પરંતુ તેને તે ગુણોની સાથે સ્વરૂપભેદ નથી.''** વસ્ત્રને જે ભાવ આદિ ગુણો છે તેનાથી તે વસ્ત્ર લક્ષિત થાય છે. છતાં તે ગુણોને અને દ્રવ્યને સ્વરૂપભેદ નથી. આહા...હા...હા...! બહુ ઝીણું..! **''સ્વરૂપથી જ તેવું છે; તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ વિસ્તારવિશેષો-સ્વરૂપ ગુણો વડે લક્ષિત થાય છે.''** દરેક દ્રવ્યમાં વિસ્તાર-(વિશેષો) અનંતા ગુણો છે. આમ વિસ્તાર (આડા-તીરછા) પરમાણુ છે એમાંય અનંતગુણો છે, આત્મામાં પણ અનંતગુણો છે. ધર્માસ્તિકાય (આદિ) તત્વમાં પણ અનંતગુણો છે. એક કાલાણુ દ્રવ્ય છે એમાં પણ અનંતગુણ છે. વસ્તુ છે તેમાં વિસ્તરવિશેષો-ગુણો, એક સાથે આમ (તીરછા) રહેલા ગુણો આમ (એકસાથ-પહોળાઈ) છે. પર્યાય છે એ આમ (લંબાઈ-એક પછી એક-ક્રમે ક્રમે) છે. આયત-એક પછી એક લંબાઈ છે ક્રમસર થાય અને ગુણો અક્રમે-એક સાથે રહેલા છે. **''દ્રવ્ય પણ વિસ્તારવિશેષો સ્વરૂપ ગુણો વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે ગુણોની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે.''** આહા...હા...હા!

**''વળી જેવી રીતે તે જ વસ્ત્ર આયતવિશેષોસ્વરૂપ''** પર્યાય, હવે પર્યાય લીધી. તે વસ્ત્રમાં પર્યાય થાય છે જે એક પછી એક, એક પછી એક, એક પછી એક. એ આયત એટલે લંબાઈ કાળપણે લંબાઈપણે પર્યાય થાય છે એ આયતવિશેષોસ્વરૂપ **''પર્યાયવર્તી (-પર્યાય તરીકે વર્તતા, પર્યાય-સ્થાનીય) તંતુઓ વડે લક્ષિત થાય છે.''** આહા...હા! પર્યાયવર્તી તંતુઓ વડે લક્ષિત થાય છે, તંતુ (ને) પર્યાય ગણી અહીંયાં. **''પરંતુ તેને તંતુઓની સાથે સ્વરૂપભેદ નથી.''** આહા...હા! ગુણોને અને દ્રવ્યને સ્વરૂપભેદ નથી, ગુણ લક્ષણ છે દ્રવ્ય લક્ષ્ય છે. લક્ષણ-લક્ષ્યમાં સ્વરૂપભેદ નથી. આહા...હા! આવી વાતું હવે!

(અહીંયાં કહે છે કે:) **''તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ** તે જ દ્રવ્ય આત્મા અને પરમાણુ આદિ **''આયતવિશેષોસ્વરૂપ''** પર્યાયો. એક પછી એક, એક પછી એક વિશેષ. ઓલા વિસ્તારવિશેષ ગુણો હતા. આ પર્યાય વિશેષ (છે). આયત એટલે લંબાઈથી કાળક્રમે થતી પર્યાય, એવી આયતવિશેષોસ્વરૂપ **''પર્યાયો વડે લક્ષિત થાય છે.''** આહા...હા! કોણ? દ્રવ્ય. કપડું-વસ્ત્ર પણ તેની પર્યાય વડે લક્ષિત થાય છે. એમ દરેક દ્રવ્ય, તેની વર્તમાન પર્યાય વડે લક્ષિત થાય છે. આહા....હા...હા...હા! એની પર્યાય, પોતાથી છે સ્વરૂપભેદ નથી. ભેદ જે ચીજ છે તેનાથી તે લક્ષ્ય થતું નથી. એનામાં જે પર્યાય છે, એનાથી તે દ્રવ્ય લક્ષ્ય થાય છે. છતાં તે દ્રવ્યને, ગુણને, પર્યાયને ભેદ નથી. આહા...હા! હવે આ અપેક્ષા કહેવી છે ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અત્યારે! આવું ભાઈ કોઈ દી' સંભળ્યું નહીં હોય ત્યાં. જિંદગીમાં ન્યાં. ભાઈને તો મગજ નો'તું કાંઈ એ મજૂરી કરીને વયા ગ્યા. આહા....હા..! તત્ત્વની વસ્તુ બાપુ એવી છે!

વાસ્તવિક દ્રવ્ય, ગુણને પર્યાય શું છે? અને ગુણ ને પર્યાય ('ગુણપર્યાયવત્ દ્રવ્યમ્') દ્રવ્ય શું છે? એની વ્યાખ્યા છે. **તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ આયતવિશેષોસ્વરૂપ પર્યાયો વડે લક્ષિત થાય છે''** તેની પર્યાય વડે દ્રવ્ય લક્ષિત થાય છે. બીજું તત્વ છે (સાથે) માટે લક્ષ્ય થાય છે એમ નથી. આહા...હા! આત્મામાં, સમ્યગ્દર્શનની પર્યાય થઈ, એ પર્યાય વડે લક્ષિત દ્રવ્ય થાય છે. (વળી) એ પર્યાય વડે લક્ષિત દ્રવ્ય થાય છે. પર્યાય-સમ્યગ્દર્શન થયું, એ મિથ્યાદર્શનનો અભાવ થયો એવી અપેક્ષા એને લાગૂ પડતી નથી. આહા....હા...હા! દર્શનમોહનો અભાવ થ્યો માટે સમ્યગ્દર્શનપર્યાય જણાય છે, એમ નથી. એ સમ્યગ્દર્શનની પર્યાય, નિર્મળ વીતરાગી આત્મજ્ઞાન, એ પર્યાય આત્માને જણાવે છે. આત્મા તેનું લક્ષ્ય છે ને આ પર્યાય તેનું લક્ષણ છે. આ...રે...આમાં વાતે-વાતે ફેર! છે તો લોજિક! યુક્તિથી સિદ્ધ કર્યું છે પ્રભુએ તો!! મુનિરાજ! દિગંબર સંત! વનવાસી હતા. વનવાસમાં રહીને ટીકા બનાવી છે 'આ'. એ એનું સ્વરૂપ જ છે તે. સ્વરૂપથી જુદું તે નથી.

વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે અનુક્રમે અસ્તિત્વ બે પ્રકારનું કહે છે: સ્વરૂપ-અસ્તિત્વ અને સાદશ્ય અસ્તિત્વ. તેમાં આ સ્વરૂપ-અસ્તિત્વનું કથન છે:-

सब्भावो हि सहावो गुणेहिं सगपज्जएहिं चित्तेहिं।
दव्वस्स सव्वकालं उप्पादव्ययधुवत्तेहिं ॥९६॥
सद्भावो हि स्वभावो गुणैः स्वकपर्ययैश्चित्रैः।
द्रव्यस्य सर्वकालमुत्पादव्ययध्रुवत्वैः ॥९६॥

ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશથી, ગુણ ને વિવિધ પર્યાયથી
અસ્તિત્વ દ્રવ્યનું સર્વદા જે, તેહ દ્રવ્યસ્વભાવ છે. ૯૬.

ગાથા-૯૬

**અન્વયાર્થ:**- (सर्वकालं) સર્વ કાળે (गुणैः) ગુણો તથા (चित्रैः स्वकपर्यायैः) અનેક પ્રકારના પોતાના પર્યાયો વડે (उत्पादव्ययध्रुवत्त्वैः) તેમ જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે (द्रव्यस्य सद्भावः) દ્રવ્યનું જે અસ્તિત્વ (हि) તે ખરેખર (स्वभावः) સ્વભાવ છે.

ટીકા:- અસ્તિત્વ ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે. અને તે (અસ્તિત્વ) અન્ય સાધનથી [1]નિરપેક્ષ હોવાને લીધે અનાદિ-અનંત હોવાથી તથા [2]અહેતુક એકરૂપ [3]વૃત્તિએ સદાય પ્રવર્તતું હોવાને લીધે વિભાવધર્મથી વિલક્ષણ હોવાથી, [4]ભાવ અને ભાવવાન્‌પણાને લીધે અનેકપણું હોવા છતાં પ્રદેશભેદ નહિ હોવાને કારણે દ્રવ્યની સાથે એકપણું ધરતું દ્રવ્યનો સ્વભાવ જ કેમ ન હોય? (જરૂર હોય.) તે અસ્તિત્વ-જેમ ભિન્ન ભિન્ન દ્રવ્યોને વિષે પ્રત્યેકમાં સમાપ્ત થઈ જાય છે તેમ- દ્રવ્ય-ગુણ-પર્યાયને વિષે પ્રત્યેકમાં સમાપ્ત થઈ જતું નથી, કારણ કે તેમની સિદ્ધિ પરસ્પર થતી હોવાથી (અર્થાત્ દ્રવ્ય, ગુણ અને પર્યાય એકબીજાથી પરસ્પર સિદ્ધ થતાં હોવાથી - એક ન હોય તો બીજાં બે પણ સિદ્ધ નહિ થતાં હોવાથી) તેનું અસ્તિત્વ એક જ છે;- સુવર્ણની જેમ.

જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી [5]જેઓ પૃથક્ જોવામાં આવતા નથી. કર્તા-કરણ-અધિકરણરૂપે પીળાશ આદિગુણોના અને કુંડળાદિપર્યાયોના સ્વરૂપને ધારણ કરીને પ્રવતર્તા સુવર્ણના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ [6]થાય છે,- એવા પીળાશઆદિ ગુણો અને કુંડળાદિ પર્યાયો વડે જે સુવર્ણનું અસ્તિત્વ છે, તે (સુવર્ણનો) સ્વભાવ છે; તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જેઓ પૃથક્ જોવામાં આવતા નથી, [7]કર્તા-કરણ-અધિકરણરૂપે ગુણોના અને પર્યાયોના સ્વરૂપને ધારણ કરીને પ્રવતર્તા દ્રવ્યના

---

૧. અસ્તિત્વ અન્ય સાધનની અપેક્ષા વિનાનું- સ્વયંસિદ્ધ છે તેથી અનાદિ-અનંત છે.

૨. અહેતુક= અકારણ;જેનું કોઈ કારણ નથી એવી

૩. વૃત્તિ=વર્તન; વર્તવું તે; પરિણતિ, (અકારણિક એકરૂપ પરિણતિએ સદાકાળ પરિણમતું હોવાથી અસ્તિત્વ વિભાવધર્મથી જુદા લક્ષણવાળું છે).

૪. અસ્તિત્વ તે (દ્રવ્યનો) ભાવ છે અને દ્રવ્ય તે ભાવવાન્ (ભાવવાળું) છે.

૫. જેઓ=જે પીળાશઆદિ ગુણો અને કુંડળાદિ પર્યાયો

૬. નિષ્પત્તિ=નીપજવું તે; થવું તે; સિદ્ધિ

૭. દ્રવ્ય જ ગુણ-પર્યાયોનું કર્તા (કરનાર), તેમનું કરણ (સાધન) અને તેમનું અધિકરણ (આધાર) છે; તેથી દ્રવ્ય જ ગુણ-પર્યાયનું સ્વરૂપ ધારણ કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે. -એવા ગુણો અને પર્યાયો વડે જે દ્રવ્યનું અસ્તિત્વ છે, તે સ્વભાવ છે. (દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી જુદાં નહિ જોવામાં આવતા પીળાશાદિક અને કુંડલાદિકનું અસ્તિત્વ તે સુવર્ણનું જ અસ્તિત્વ છે, કારણ કે પીળાશાદિકના અને કુંડળાદિકના સ્વરૂપને સુવર્ણ જ ધારણ કરતું હોવાથી સુવર્ણના અસ્તિત્વથી જ પીળાશાદિકની અને કુંડળાદિકની નિષ્પત્તિ-સિદ્ધિ થાય છે, સુવર્ણ ન હોય તો પીળાશાદિક અને કુંડળાદિક પણ ન હોય: તેવી રીતે દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જુદા નહિ જોવામાં આવતા ગુણો અને પર્યાયોનું અસ્તિત્વ તે દ્રવ્યનું જ અસ્તિત્વ છે, કારણ કે ગુણો અને પર્યાયોના સ્વરૂપને દ્રવ્ય જ ધારણ કરતું હોવાથી દ્રવ્યના અસ્તિત્વથી જ ગુણોની અને પર્યાયોની નિષ્પત્તિ થાય છે, દ્રવ્ય ન હોય તો ગુણો અને પર્યાયો પણ ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે.)

અથવા, જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે પીળાશઆદિ ગુણોથી અને કુંડળાદિ પર્યાયોથી [1]જે પૃથક્ જોવામાં આવતું નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે સુવર્ણના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા પીળાશઆદિ ગુણો અને કુંડળાદિપર્યાયો વડે જેની નિષ્પત્તિ થાય છે,- એવા સુવર્ણનું મૂલસાધનપણે [2]તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે; તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે ગુણોથી અને પર્યાયોથી જે પૃથક્ જોવામાં આવતું નથી, [3]કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા ગુણો અને પર્યાયો વડે જેની નિષ્પત્તિ થાય છે,- એવા દ્રવ્યનું, મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે. (પીળાશાદિકથી અને કુંડળાદિકથી ભિન્ન નહિ જોવામાં આવતા સુવર્ણનું અસ્તિત્વ તે પીળાશાદિક અને કુંડલાદિકનું અસ્તિત્વ છે, કારણ કે સુવર્ણના સ્વરૂપને પીળાશાદિક અને કુંડળાદિક જ ધારણ કરતા હોવાથી પીળાશાદિકના અને કુંડળાદિકના અસ્તિત્વથી જ સુવર્ણની નિષ્પત્તિ થાય છે, પીળાશાદિક અને કુંડળાદિક ન હોય તો સુવર્ણ પણ ન હોય: તેવી રીતે ગુણોથી અને પર્યાયોથી ભિન્ન નહિ જોવામાં આવતા દ્રવ્યનું અસ્તિત્વ તે ગુણો અને પર્યાયોનું જ અસ્તિત્વ છે, કારણ કે દ્રવ્યના સ્વરૂપને ગુણો અને પર્યાયો જ ધારણ કરતા હોવાથી ગુણો અને પર્યાયોના અસ્તિત્વથી જ દ્રવ્યની નિષ્પત્તિ થાય છે, ગુણો અને પર્યાયો ન હોય તો દ્રવ્ય પણ ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે.)

(જેવી રીતે દ્રવ્યનું અને ગુણ-પર્યાયનું એક જ અસ્તિત્વ છે એમ સુવર્ણના દૃષ્ટાંત પૂર્વક સમજાવ્યું, તેવી રીતે હવે દ્રવ્યનું અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું પણ એક જઅસ્તિત્વ છે એમ સુવર્ણના દૃષ્ટાંતપૂર્વક સમજાવવામાં આવે છે).

જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી [1]જેઓ પૃથક્ જોવામાં આવતા નથી, [2]કર્તા-કરણ-અધિકરણરૂપે કુંડળાદિ-ઉત્પાદોના, બાજુબંધ આદિ વ્યયોના અને પીળાશ આદિ ધ્રૌવ્યોના સ્વરૂપને ધારણ

---

૧. જે=જે સુવર્ણ

૨. તેમનાથી=પીળાશઆદિગુણો અને કુંડળાદિપર્યાયોથી. (સુવર્ણનું અસ્તિત્વ નિષ્પન્ન થવામાં-સિદ્ધ થવામાં-નીપજવામાં મૂળ સાધન પીળાશ આદિ ગુણો અને કુંડળાદિ પર્યાયો જ છે.)

૩. ગુણપર્યાયો જ દ્રવ્યના કર્તા (કરનાર), કરણ (સાધન) અને અધિકરણ (આધાર) છે; તેથી ગુણપર્યાયો જ દ્રવ્યનું સ્વરૂપ ધારણ કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરીને પ્રવર્તતા સુવર્ણના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે, એવા કુંડળાદિઉત્પાદો, બાજુબંધ આદિવ્યયો અને પીળાશઆદિ- ધ્રૌવ્યો વડે જે સુવર્ણનું અસ્તિત્વ છે, તે (સુવર્ણનો) સ્વભાવ છે; તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જેઓ પૃથક્ જોવામાં આવતા નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા દ્રવ્યના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે,-એવાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો વડે જે દ્રવ્યનું અસ્તિત્વ છે, તે સ્વભાવ છે. (દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જુદાં નહિ જોવામાં આવતાં ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોનું અસ્તિત્વ તે દ્રવ્યનું જ અસ્તિત્વ છે; કારણ કે ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોના સ્વરૂપને દ્રવ્ય જ ધારણ કરતું હોવાથી દ્રવ્યના અસ્તિત્વથી જ ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોની નિષ્પત્તિ થાય છે, દ્રવ્ય ન હોય તો ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો પણ ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે).

અથવા, જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે કુંડળાદિ-ઉત્પાદોથી, બાજુબંધ આદિવ્યયોથી અને પીળાશઆદિધ્રૌવ્યોથી જે પૃથક્ જોવામાં આવતું નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે સુવર્ણના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા કુંડળાદિ-ઉત્પાદો, બાજુબંધ આદિ વ્યયો અને પીળાશ આદિ ધ્રૌવ્યો વડે જેની નિષ્પતિ થાય છે,-એવા સુવર્ણનું, મૂલ સાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે; તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે ઉત્પાદ-વ્યય- ધ્રૌવ્યોથી જે પૃથક્ જોવામાં આવતું નથી, [3]કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો વડે જેની નિષ્પત્તિ થાય છે, એવા દ્રવ્યનું મૂળ સાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે. (ઉત્પાદોથી, વ્યયોથી અને ધ્રૌવ્યોથી ભિન્ન નહિ જોવામાં આવતા દ્રવ્યનું અસ્તિત્વ તે ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોનું જ અસ્તિત્વ છે; કારણ કે દ્રવ્યના સ્વરૂપને ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો જ ધારણ કરતાં હોવાથી ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોના અસ્તિત્વથી જ દ્રવ્યની નિષ્પત્તિ થાય છે. ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો ન હોય તો દ્રવ્ય પણ ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે.)

ભાવાર્થ:- અસ્તિત્વને અને દ્રવ્યને પ્રદેશભેદ નથી; વળી તે અસ્તિત્વ અનાદિ-અનંત છે તથા અહેતુક એકરૂપ પરિણતિએ સદાય પરિણમતું હોવાને લીધે વિભાવધર્મથી પણ ભિન્ન પ્રકારનું છે; આમ હોવાથી અસ્તિત્વ દ્રવ્યનો સ્વભાવ જ છે

ગુણ-પર્યાયોનું અને દ્રવ્યનું અસ્તિત્વ ભિન્ન નથી, એક જ છે; કારણ કે ગુણ-પર્યાયો દ્રવ્યથી જ નિષ્પન્ન થાય છે અને દ્રવ્ય-ગુણ-પર્યાયોથી જ નિષ્પન્ન થાય છે. વળી એવી જ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોનું અને દ્રવ્યનું અસ્તિત્વ પણ એક જ છે; કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો દ્રવ્યથી જ નીપજે છે, અને દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોથી જ નીપજે છે.

આ પ્રમાણે સ્વરૂપ-અસ્તિત્વનું નિરૂપણ થયું-૯૬.

---

૧. જેઓ=જે કુંડળ આદિ ઉત્પાદો, બાજુબંધ આદિ વ્યયો અને પીળાશ આદિ ધ્રૌવ્યો.

૨. સુવર્ણ જ કુંડલાદિ-ઉત્પાદો, બાજુબંધ આદિ વ્યયો અને પીળાશ આદિધ્રૌવ્યોનું કર્તા, કરણ તથા અધિકરણ છે. તેથી સુવર્ણ જ તેમનું સ્વરૂપ ધારણ કરે છે. (સુવર્ણ જ કુંડલાદિરૂપે ઊપજે છે, બાજુબંધ આદિરૂપે નષ્ટ થાય છે અને પીળાશઆદિરૂપે ટકી રહે છે.)

૩. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો જ દ્રવ્યનાં કર્તા, કરણ અને અધિકરણ છે; તેથી ઉત્પાદ-વ્યય- ધ્રૌવ્યો જ દ્રવ્યના સ્વરૂપને ધારણ કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રવચન: તા.૫-૬-૭૯

'પ્રવચનસાર'. ગાથા-૯૬.

**હવે અનુક્રમે અસ્તિત્વ બે પ્રકારનું કહે છે: સ્વરૂપ-અસ્તિત્વ અને સાદશ્ય અસ્તિત્વ. તેમાં આ સ્વરૂપ-અસ્તિત્વનું કથન છે:-**

**सब्भावो हि सहावो गुणेहिं सगपज्जएहिं चित्तेहिं ।**
**दव्वस्स सव्वकालं उत्पादव्वयधुवत्तेहिं ॥ ९६ ॥**

**ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશથી, ગુણ ને વિવિધ પર્યાયથી**
**અસ્તિત્વ દ્રવ્યનું સર્વદા જે, તેહ દ્રવ્યસ્વભાવ છે. ૯૬.**

ગાથા.૯૬.

**અન્વયાર્થ:-** (सर्वकालं) સર્વ કાળે (गुणैः) ગુણો તથા (चित्रैः स्वकपर्यायैः) અનેક પ્રકારના પોતાના પર્યાયો વડે (उत्पादव्ययध्रुवत्वैः) તેમ જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે (द्रव्यस्य सद्भावः) દ્રવ્યનું જે અસ્તિત્વ (हि) તે ખરેખર (स्वभाव) સ્વભાવ છે.

(ટીકા:-) **"અસ્તિત્વ ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે."** શું કહે છે? અસ્તિત્વ ખરેખર દરેક દ્રવ્યનો સ્વભાવ છે. દરેક આત્મા, દરેક પરમાણુ, ભગવાને (વિશ્વમાં) છ દ્રવ્ય જોયાં છે. છ દ્રવ્ય (કયાં?) આત્મા, પુદ્ગલ, ધર્માસ્તિ (કાય), અધર્માસ્તિ (કાય), આકાશ ને કાળ. એ દરેક દ્રવ્ય, એનું અસ્તિત્વ એટલે હોવાપણું **"ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે"** દ્રવ્ય સ્વભાવવાન છે અને અસ્તિત્વ એનો સ્વભાવ છે. આહા...હા! આત્મા.. એનું અસ્તિત્વ...હોવાપણું એનો સ્વભાવ છે. અને આત્મા સ્વભાવવાન છે. આત્માનું હોવાપણું પોતાના ગુણ અને પર્યાયથી છે. પરદ્રવ્યને કારણે, આત્માનું હોવાપણું નથી. આહા..! આ, આત્મા છે અંદર, સચ્ચિદાનંદ પ્રભુ! એનું હોવાપણું- (અર્થાત્ અસ્તિત્વ એ એનો સ્વભાવ છે. (દરેક) દ્રવ્યનું હોવાપણું (એટલે) અસ્તિત્વ એ દ્રવ્યનો સ્વભાવ છે. અને દ્રવ્ય છે એ સ્વભાવવાન છે. આહા...હા! ઝીણી વાત છે થોડી.

'પ્રવચનસાર' છે આ. ભગવાનની દિવ્યધ્વનિ (છે). પ્રવચનસાર, કુંદકુંદાચાર્ય (નું પ્રાભૃત છે). **"અસ્તિત્વ ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે." "અને તે (અસ્તિત્વ) અન્ય સાધનથી નિરપેક્ષ હોવાને લીધે".** આહા...હા! આત્માનું હોવાપણું ને આ (શરીરના) પરમાણુ છે. આ એક ચીજ નથી. (તેના) ટુકડા કરતાં, કરતાં આખરનો છેલ્લો પરમાણુ રહે એ પણ દ્રવ્ય છે. એ દ્રવ્ય પણ પોતાના અસ્તિત્વથી છે. બીજાના અસ્તિત્વથી, તેનું અસ્તિત્વ છે એમ નથી. આહા...હા! દરેક રજકણ કે દરેક કર્મનો પરમાણુ, એ પોતાના અસ્તિત્વથી છે. 'આત્મા છે' એ તેના અસ્તિત્વથી તે આત્મા છે. પણ એના અસ્તિત્વથી કર્મનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અસ્તિત્વ છે, એમ નથી. આહા...! આ શરીરનું હોવાપણું છે, શરીર પરમાણુનો પિંડ (છે). એનું અસ્તિત્વ છે, એ પરમાણુનો એનો સ્વભાવ છે કે આનું હોવાપણું આત્માને લઈને નથી. આહા...હા..હા! અંદર આત્મા જે છે તેનું હોવાપણું, તેનું અસ્તિત્વ, તેના દ્રવ્યનો સ્વભાવ છે. આ શરીરાદિ એ જડ છે. એનું હોવાપણું-અસ્તિત્વ, તે પરમાણુનો સ્વભાવ છે. આનું (શરીરનું) હોવાપણું આત્માને લઈને છે અને આના (શરીરના) હોવાપણાથી આત્માની હયાતી છે, એમ નથી. આહા...હા! ઝીણી વાત છે.

**'અનાદિ-અનંત હોવાથી તથા અહેતુક એકરૂપ વૃત્તિએ સદાય પ્રવર્તતું હોવાને લીધે''** એ આત્મા અને પરમાણુ (આદિ) ભગવાને છ દ્રવ્ય જોયાં. એ દરેકનું હોવાપણું અનાદિ-અનંત (છે). આહા...! 'છે' એને આદિ શી ને 'છે' એનો અંત શું? દરેક પરમાણુ ને દરેક આત્મા, અનાદિ-અનંત પોતાથી છે. **''અહેતુક એકરૂપ વૃત્તિએ'** છે? અકારણ છે. આત્મા 'છે' તેમાં અસ્તિત્વનું કોઈ કારણ નથી. કોઈ કર્તા છે નહીં. કોઈ ઈશ્વર-ઈશ્વર કર્તા છે નહીં. અને બીજું દ્રવ્ય પણ તેનું કારણ નથી. આહા..હા! આત્માનું હોવાપણું ને પરમાણુનું હોવાપણું, પોતાના અસ્તિત્વથી તે દ્રવ્ય છે. બીજાના અસ્તિત્વથી-હયાતીથી બીજું દ્રવ્ય છે, એમ નથી. આહા...હા! છે? **'અહેતુક એકરૂપ વૃત્તિએ'** વૃત્તિ=વર્તન; વર્તવું તે; પરિણતિ. અકારણિક એકરૂપ પરિણતિએ સદાકાળ પરિણમતું હોવાથી અસ્તિત્વ વિભાવધર્મથી જુદા લક્ષણવાળું છે. શું કહે છે? જે આત્મા છે, શરીર છે, કર્મ છે એમ અનંત પરમાણુઓ છે, અનંત આત્માઓ છે. (એ બધા) પોત-પોતાના અસ્તિત્વ સ્વભાવથી પરિણમે છે. એનું પરિણમન કોઈ પરને કારણે થાય છે, (એમ નથી). **''અહેતુક એકરૂપ વૃત્તિએ સદાય પ્રવર્તતું હોવાને લીધે વિભાવધર્મથી વિલક્ષણ હોવાથી''**. આત્મા પણ સત્તા-અસ્તિત્વ, એ અનાદિ-અનંત એનું અસ્તિત્વ છે. અને તે અનાદિ-અનંત, એનું જે પરિણમન છે એ સ્વતઃ છે. અસ્તિત્વગુણનું પરિણમન, પર્યાય (સ્વતઃ છે). 'અસ્તિત્વ' ગુણ છે. આત્મા તેનો ધરનાર અસ્તિત્વવાન છે. અને એ અસ્તિત્વગુણની પર્યાય, પોતાથી સ્વતઃ થાય છે. અસ્તિત્વનું હોવાપણું પોતાથી પરિણમે છે. બીજાના કારણે પરિણમે છે, એમ છે નહીં. ઝીણી વાતું છે ભગવાન!

(કહે છે) આ તો 'પ્રવચનસાર' જ્ઞેય અધિકાર છે! જગતના 'જ્ઞેયો' અનંત જે છે. એ અનંત 'જ્ઞેયો'નું અસ્તિત્વ જે છે, એ અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે. એનું હોવાપણું દ્રવ્યનો સ્વભાવ છે. એનું હોવાપણું પરને કારણે છે, એમ નથી. આહા....હા...હા!! **''એકરૂપ વૃત્તિએ સદાય પ્રવર્તતું હોવાને લીધે વિભાવધર્મથી વિલક્ષણ''** છે. શું કહે છે? 'છે'....'છે' એવો અસ્તિત્વ સ્વભાવ, એમાં વિભાવધર્મ નથી. આહા...! પણ 'છે' એમાં વિભાવધર્મ છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ છે એમાં એનો વિભાવ હોય. અસ્તિત્વ 'છે' એવો દ્રવ્યનો સ્વભાવ, (એની) પરિણતિમાં વિભાવધર્મ હોતો નથી. અસ્તિત્વ નામ સત્તાગુણ જે છે, તેમાં વિભાવધર્મ હોતો નથી. સમજાય છે કાંઈ? અહા...હા! આ આત્મામાં અસ્તિત્વગુણ છે. એ દ્રવ્યનો સ્વભાવ છે. અને એ અસ્તિત્વનું પરિણમન થાય, પર્યાય થાય,- અસ્તિત્વ સ્વભાવ, સ્વભાવવાન દ્રવ્ય, અને એનું પરિણમન પર્યાય-પણ એનું પરિણમન વિભાવરૂપે કોઈ દી' હોય નહીં. અસ્તિત્વગુણનું વિભાવરૂપે પરિણમન ન હોય. 'છે' એનું વિભાવિક પરિણમન એટલે? 'છે' એનું 'નથી' નું પરિણમન? આહા...હા! ઝીણી વાત છે ભાઈ! વીતરાગ મારગ! તત્ત્વજ્ઞાન બહુ ઝીણું છે!

અહીંયાં તો હજી આગળ ત્યાં સુધી કહેશે કે જુઓ, ''ભાવ અને ભાવવાનપણાને લીધે અનેકપણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોવા છતાં''. અસ્તિત્વ છે આત્મા ભગવાન! આ પરમાણુનું પણ અસ્તિત્વ છે, જડનું કર્મનું પણ અસ્તિત્વ છે કર્મમાં. કોઈના અસ્તિત્વને કારણે કોઈનું અસ્તિત્વ છે, એમ નહીં. પોતાના અસ્તિત્વને કારણે પોતાનો દ્રવ્ય સ્વભાવ છે. અને તે અસ્તિત્વ ગુણ જયારે પરિણમે છે, ત્યારે પરિણમે છે તો હીણાપણે પરિણમે છે એનો અર્થ શું? વિભાવરૂપે પરિણમે? 'છે' એટલે છે રૂપે પરિણમે છે. પરિપૂર્ણ છએ દ્રવ્ય પરિણમે છે. આહા...હા! **'વિભાવધર્મથી વિલક્ષણ હોવાથી, ભાવ અને ભાવવાનપણાને લીધે અનેકપણું હોવા છતાં''** અસ્તિત્વ (ગુણ) અને અસ્તિત્વનું ધરનાર દ્રવ્ય, એમ અનેકપણું હોવા છતાં વસ્તુ અનેક નથી. **''પ્રદેશભેદ નહિ હોવાના કારણે''** પ્રદેશભેદ નથી. અસ્તિત્વગુણના પ્રદેશ જુદા અને દ્રવ્યના પ્રદેશ જુદા, એમ નથી. અસ્તિત્વ (ગુણના) અને આત્માના પ્રદેશ એક જ છે. આહા...હા! ઝીણી વાત છે ભાઈ! આ ગાથા જ બધી ઝીણી છે! **''દ્રવ્યની સાથે એકપણું ધરતું''** વસ્તુ છે-આત્મા ને પરમાણુ સાથે તેના હોવાપણાને ગુણ, દ્રવ્યની સાથે એકત્વપણું ધરતું **'દ્રવ્યનો સ્વભાવ જ કેમ ન હોય? (જરૂર હોય.)** એ તો એનો સ્વભાવ જ છે. પરમાણુનો પણ અસ્તિત્વ, એનો સ્વભાવ છે. આત્માનો પણ અસ્તિત્વ, એનો સ્વભાવ છે. આહા...હા...હા **''તે અસ્તિત્વ- જેમ ભિન્ન ભિન્ન દ્રવ્યોને વિષે પ્રત્યેકમાં સમાપ્ત થઈ જાય છે''** શું કહે છે? અસ્તિત્વ નામનો જે ગુણ છે, તે પ્રત્યેક દ્રવ્યમાં સમાપ્ત થઈ જાય છે. એક એક ગુણ અસ્તિત્વ, ત્યાં દરેક દ્રવ્યમાં સમાપ્ત થઈ જાય છે. તેમ અસ્તિત્વ ગુણ પોતાના'' **''દ્રવ્ય-ગુણ-પર્યાયને વિષે પ્રત્યેકમાં સમાપ્ત થઈ જતું નથી.''** તે અસ્તિત્વગુણ દ્રવ્યમાં પણ રહે છે, ગુણમાં પણ રહે છે, પર્યાયમાં પણ રહે છે, એમ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે થઈને આખું અસ્તિત્વ છે. આહા...! શું કહ્યું? આ તો ઝીણી વાત છે ભાઈ! સર્વજ્ઞ પરમાત્મા, જિનેશ્વરદેવ, જેને ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન (વર્તે છે). અને તે ભગવાન કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલાં ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં, ત્યાં ગયા હતા, આઠ દી' ત્યાં રહ્યા હતા. ત્યાંથી (આવીને) આ (શાસ્ત્ર) બનાવ્યું છે. આહા...હા! એની ઘણાને શંકા છે, કે મહાવિદેહમાં ગયા હતા તે અવિશ્વસનીય છે. (પણ) પાઠ છે શાસ્ત્રમાં 'પંચાસ્તિકાય'ની ટીકા છે એમાં પાઠ છે. 'દર્શનસાર' દેવસેન આચાર્યે કરેલું છે એમાં પાઠ છે. બાકી 'અષ્ટપાહુડ' છેલ્લે સમાપ્ત કર્યું ત્યાં પણ પાઠ છે. કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા. સમજાણું કાંઈ? એ ત્યાં જઈ આઠ દી' રહ્યા હતા. દિગંબર સંત! આઠ દી' પછી અહીં આવ્યા પછી આ શાસ્ત્ર બનાવ્યું. એ શાસ્ત્ર બનાવ્યાંને બે હજાર વર્ષ થયાં, પછી એક હજાર વર્ષે અમૃતચંદ્રાચાર્ય થયા. (મૂળગાથા) કુંદકુદાચાર્યની અને અમૃતચંદ્રાચાર્યની આ ટીકા છે. આહા...હા! દિગંબર સંતોની આ વાત છે બધી. એવી વાત બીજે ક્યાંય છે નહીં.

આહા...હા! અસ્તિત્વ જે છે. જેમ દરેક દ્રવ્યનું હોવાપણું તેના દ્રવ્યમાં સમાઈ જાય છે. પૂરેપુરું એમ આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એક એક દ્રવ્યમાં એ અસ્તિત્વ (ગુણ) દ્રવ્યમાં પૂરણ, ગુણમાં પૂરણ, પર્યાયમાં પૂરણ, એમ નથી. ત્રણે થઈને અસ્તિત્વ એક છે. છે એમાં જુઓને! **''તે અસ્તિત્વ જેમ ભિન્ન ભિન્ન દ્રવ્યોને વિષે પ્રત્યેકમાં સમાપ્ત થઈ જાય છે તેમ- દ્રવ્ય-ગુણ-પર્યાયને વિષે પ્રત્યેકમાં સમાપ્ત થઈ જતું નથી.''** આહા..હા..હા!'' **કારણ કે તેમની સિદ્ધિ પરસ્પર થતી હોવાથી''** દ્રવ્યની સિદ્ધિ ગુણ-પર્યાયથી અને ગુણ-પર્યાયની સિદ્ધિ દ્રવ્યથી (થતી હોવાથી) **(અર્થાત્, દ્રવ્ય, ગુણ અને પર્યાય એકબીજાથી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પરસ્પર સિદ્ધ થતાં હોવાથી- એક ન હોય તો બીજાં બે પણ સિદ્ધ નહિ થતાં હોવાથી)** આહા...હા! શું કહે છે? દરેક આત્મા ને દરેક પરમાણુ એની જે વર્તમાન પર્યાય છે, એની સિદ્ધિ તેના દ્રવ્યને લઈને છે. એ પર્યાયની ઉત્પત્તિ તેના દ્રવ્યને લઈને છે. બીજા દ્રવ્યને લઈને તેની ઉત્પત્તિ (છે) એમ ત્રણ કાળમાં છે નહીં. આહા...હા! **(શ્રોતા:)** ત્યારે કામ કરવું નહીં ને...! **(ઉત્તર:)** કામ કરી શકતો નથી. કામ શું કરે..? ઘડાની ઉત્પત્તિમાં માટી પોતે ઉત્પત્તિનું કારણ છે. એની ઉત્પત્તિમાં કુંભાર કારણ છે, એમ નથી. આહા...હા..હા! **(શ્રોતા:)** નિમિત્ત કારણ તો છે...! **(ઉત્તર:)** નિમિત્ત! ભલે હો, હો તે કોણ ના પાડે છે. પણ એનાથી (ઘડો) ઉત્પન્ન થતો નથી. નિમિત્ત હો! અહીંયાં એ તો સિદ્ધ કરે છે. કે દરેક દ્રવ્યમાં તેનું અસ્તિત્વ પૂરું સમાઈ જાય છે. એમ એક-એક દ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં (જુદું-જુદું) અસ્તિત્વ સમાઈ જાય છે, એમ નથી. એ ત્રણ (દ્રવ્ય-ગુણ-પર્યાય)થઈને એક અસ્તિત્વ છે. આવી વાતું છે ભાઈ! ભગવાનની વાણી છે આ તો. આહા,..હા! એ દિગંબર સંત! આચાર્યે ત્યાંથી આવીને આ બનાવી છે બાપુ! એવી વાત ક્યાંય, બીજે છે નહીં. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) તે **અસ્તિત્વ-જેમ ભિન્ન ભિન્ન દ્રવ્યોને વિષે પ્રત્યેકમાં સમાપ્ત થઈ જાય છે તેમ- દ્રવ્ય-ગુણ- પર્યાયને વિષે પ્રત્યેકમાં સમાપ્ત થઈ જતું નથી, કારણ કે તેમની સિદ્ધિ પરસ્પર થતી હોવાથી''**. આત્માનું દ્રવ્ય, તેના ગુણ-પર્યાયથી, (તેની) સિદ્ધિ થાય છે. ગુણ-પર્યાયની સિદ્ધિ તેના દ્રવ્યથી થાય છે. સિદ્ધિ એટલે સાબિત થાય છે. આહા...હા! આ શરીર છે, રજકણો. એમાં અસ્તિત્વ ગુણ છે. અને અહીંયાં પર્યાય છે અસ્તિત્વની આ. (તો) ગુણ ને પર્યાયમાં એક-એકમાં આનું અસ્તિત્વ પૂરું થતું નથી. એ દ્રવ્ય-ગુણ-પર્યાય થઈને એનું અસ્તિત્વ એક છે. છે? અને તેના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અસ્તિત્વનું ગુણ પર્યાયમાં તેના દ્રવ્યની સિદ્ધિ છે અને દ્રવ્યને લઈને ગુણ-પર્યાયની સિદ્ધિ છે. સમજાય છે? દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. કોઈ કોઈ (દ્રવ્યને) કોઈ (બીજું દ્રવ્ય) કરે એવું ત્રણ કાળમાં નથી. આહા...હા!

આ શરીર જે ચાલે છે આમ, એ એના અસ્તિત્વ ગુણની પર્યાયથી આમ-આમ ચાલે છે. એ આત્માથી ચાલે છે શરીર આમ, ત્રણ કાળમાં નથી, લોકોને તત્ત્વ ભિન્ન ભિન્ન છે એની શ્રદ્ધાની ખબર નથી. ખીચડો કરે. એક તત્વ બીજા તત્વનું આમ કરેને...! બીજું તત્ત્વ આમ કરે ને...! આહા...હા!

અહીંયાં તો એમ કહે છે કે: 'તેની સિદ્ધિ' એટલે દ્રવ્ય-ગુણ- પર્યાયની સિદ્ધિ-દરેક વસ્તુ-દ્રવ્ય એટલે કાયમી પદાર્થ, ગુણ એટલે એની શકિત, પર્યાય એટલે એની અવસ્થા. એની સિદ્ધિ પરસ્પર થતી હોવાથી- (એટલે) ગુણ-પર્યાયને લઈને દ્રવ્યની સિદ્ધિ અને દ્રવ્યને લઈને ગુણ-પર્યાયની સિદ્ધિ (થાય છે). એમની સિદ્ધિને માટે કોઈ પરદ્રવ્યની સિદ્ધિની જરૂર છે, એમ છે નહીં. આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયની સિદ્ધિ **''એકબીજાથી પરસ્પર સિદ્ધ થતાં હોવાથી'** આત્મ દ્રવ્યથી તેના ગુણ, પર્યાયની સિદ્ધિ અને ગુણ, પર્યાયથી આત્મદ્રવ્યની સિદ્ધિ પણ શરીરના દ્રવ્ય-ગુણ- પર્યાયની સિદ્ધિથી આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયની સિદ્ધિ, એમ નથી. **(શ્રોતા:)** નાડી બંધ થઈ જાય છે ત્યારે જીવ જાય છે..! **(ઉત્તર:)** એની મેળાએ જાય છે. એ પર્યાય. જાય કોણ? એ પર્યાય છે જડની. નાડી હાલે છે એ જડની પર્યાય છે. એ નાડી બંધ થાય એ તો જડની દશા છે. **(શ્રોતા:)** પણ જીવ વયો ગ્યો ને...! **(ઉત્તર:)** વયો ગ્યો! જાય કયાં? એ પોતાનું અસ્તિત્વ દ્રવ્ય-ગુણ-પર્યાય રાખીને અહીંથી ખસી ગ્યો છે. એની પોતાની પર્યાયને સિદ્ધ કરે છે દ્રવ્ય. એ આને લઈને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય થઈ છે આમથી, એમ નથી. શરીર છૂટયું માટે આત્મા નીકળી ગ્યો એમ નથી. એ (જીવની) નીકળવાની પર્યાયની સિદ્ધિ તેના દ્રવ્યથી થાય છે. નીકળવાની પર્યાયની સિદ્ધિ શરીરના આયુષ્ય (કર્મ)થી થતી નથી. આ...રે...આ! આ આયુષ્ય આનું પૂરણ થઈ ગ્યું માટે આત્મા એમાંથી નીકળ્યો, એમ નથી. એ આત્મા એમાંથી નીકળ્યો, એ નીકળવાની પર્યાય આત્માની એ એના દ્રવ્યને લઈને છે. એના કર્તા-કરણ એ દ્રવ્ય છે. એ આયુષ્યને લઈને આત્મા (શરીર) અંદર રહે છે, એમ નથી. ઝીણી વાત છે ભાઈ! (અત્યારે તો) તત્ત્વની વાત જ આખી ગૂમ થઈ ગઈ છે. બહારના ક્રિયાકાંડમાં જોડાઈ ગ્યા. તત્ત્વ શું છે? (સમજણ વિના) ખીચડો કરી નાખ્યો!! આહા...હા! **(શ્રોતા:)** આમ તો ખીચડો બહુ મીઠો લાગે...! **(ઉત્તર:)** ખીચડામાં કાંકરા નાંખે તો ખીચડો સારો ન લાગે. એમ એક દ્રવ્યને બીજા દ્રવ્યમાં ભેળવે, એ સારો ન લાગે! ખીચડો છે, મિથ્યાત્વ છે. આહા... હા...હા!

**''દ્રવ્ય-ગુણ અને પર્યાય એકબીજાથી પરસ્પર સિદ્ધ થતાં હોવાથી- એક ન હોય તો બીજાં બે પણ સિદ્ધ નહિ થતાં હોવાથી''** એક ન હોય, તો બીજાં બે ન હોય. દ્રવ્ય ન હોય તો ગુણ, પર્યાય ન હોય. ગુણ, પર્યાય ન હોય તો દ્રવ્ય ન હોય. બીજું દ્રવ્ય ન હોય તો, આના ગુણ, પર્યાય ન હોય એમ નહીં. આહા....! દરેક દ્રવ્યની પર્યાય, એના દ્રવ્યથી છે. એની પર્યાય પરથી નથી. આહા...હા...હા! આત્મામાં જે રાગદ્વેષની પર્યાય થાય, એ પર્યાય ને ગુણ દ્રવ્યની સિદ્ધિ કરે છે. અને એ દ્રવ્ય છે એની સિદ્ધિ (એના) ગુણ, પર્યાયથી છે. એ રાગદ્વેષ કર્મને લઈને થ્યા છે. એમ છે નહીં. આહા...હા! એ રાગ ને દ્વેષની પર્યાય (એટલે) ચારિત્રગુણની વિપરીત પર્યાય, એ પર્યાય ને ગુણ દ્રવ્યની સિદ્ધિ કરે છે કે 'આ આત્મા છે' અને એ આત્મા તે ગુણ ને પર્યાયની સિદ્ધિ કરે છે તેને લઈને આત્મા છે. આહા...હા...હા! આત્મામાં જે વિકાર થાય, એ કર્મને લઈને વિકાર થાય, એમ નથી. એને લઈને વિકારની પર્યાય નથી (થઈ). વિકારની પર્યાયને ગુણથી તો દ્રવ્યની સિદ્ધિ છે. દ્રવ્યને લઈને ગુણ, પર્યાયની સિદ્ધિ છે. આહા...હા...હા! આકરું કામ!! આ તો કર્મને લઈને વિકાર થાય, કર્મને લઈને વિકાર થાય... મારી નાખ્યા જગતને! **(શ્રોતા:)** નાનપણથી જ એવું શીખ્યા'તા **(ઉત્તર:)** નાનપણથી શીખ્યા'તા વાત સાચી છે. આંહી નાનપણથી (આવું) શીખ્યા છીએ, એકોતેરથી કે કર્મથી વિકાર ન થાય. ચોસઠ વરસ પહેલાં.

(કહે છે:) દરેક દ્રવ્યની વિકૃત અવસ્થા, એનું હોવાપણું, એની સિદ્ધિ, એના દ્રવ્યને લઈને છે. અને એ વિકારની પર્યાયની સિદ્ધિ દ્રવ્યને લઈને છે. એની સિદ્ધિ થી દ્રવ્યની સિદ્ધિ અને દ્રવ્યની સિદ્ધિથી પર્યાયની સિદ્ધિ (થાય છે.) પણ પર્યાયમાં વિકાર છે માટે એની સિદ્ધિ, કર્મને લઈને છે, એમ નથી. આરે...આ! આકરું કામ ભારે! સમજાય છે? ભાષા તો સાદી પણ ભાઈ! ભાવ તો...આહા...! વીતરાગના! આહા...હા...હા...હા! હજી તો, બહુ આજે આવશે. બે પણ નથી **''એક ન હોય તો બીજા બે પણ સિદ્ધ નહિ થતાં હોવાથી) તેમનું અસ્તિત્વ એક જ છે; સુવર્ણની જેમ.''**

આહા...હા! **''જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી જેઓ પૃથક્ જોવામાં આવતા નથી.''** જેમ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી કે ભાવથી સુવર્ણથી જેઓ જુદા જોવામાં આવતા નથી. છે? જેઓ એટલે પીળાશ આદિ ગુણો. અને કુંડળ આદિ પર્યાય. એ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, સુવર્ણથી જુદા જોવામાં આવતા નથી. **''કર્તા-કરણ-અધિકરણરૂપે પીળાશ આદિગુણોના અને કુંડળાદિપર્યાયોના સ્વરૂપને ધારણ કરીને.''**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા...હા! શું કહે છે? એ કુંડળ આદિ જે પર્યાય થાય છે, તેનો કર્તા એ સુવર્ણ છે. એ કુંડળ આદિ પર્યાય થાય છે. એનું કરણ-સાધન સુવર્ણ (જ) છે. એનો કર્તા સોની છે અને હથોડો (એરણ આદિ) સાધન છે, એમ નથી.આરે...! આવી વાત છે. શું કહ્યું? જુઓ, ''જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી જેઓ (જેઓ) એટલે પીળાશ આદિ ગુણો ને કુંડળ આદિ પર્યાય, પૃથક્ નથી. કર્તા-કરણ-અધિકરણરૂપે પીળાશ આદિ ગુણોના'' આહા...હા...હા! એ સોનું જે છે. આ માટી લ્યો ને...! એમાં જે ઘડો થાય છે તે પર્યાય છે. અને એમાં જે વર્ણ, ગંધ રસ, સ્પર્શ છે એ ગુણો છે. તો એ ગુણ અને પર્યાયની કર્તા માટી છે.આહા...હા! એ ઘડાની પર્યાય, ને વર્ણ, રસ ગંધ, સ્પર્શ એના ગુણ, એનો કર્તા દ્રવ્ય છે. માટી-દ્રવ્ય કર્તા છે. કુંભાર નહીં. આહા...હા! આહા....હા...હા! આ ગાથાઓ તો ઊંચી છે! 'કર્તા-કરણ-અધિકરણ' જોયું, પીળાશ આદિ ગુણો સોનાના અને કુંડળ આદિ પર્યાય, એનો કર્તા સોનું, એનું સાધન સોનું, એનો આધાર સોનું (છે). એ કુંડળ આદિ પર્યાય થઈ, (તેમાં) હેઠે એરણ છે ને એરણ લોઢાની, એને આધારે (કુંડળાદિપર્યાય) થઈ, એમ નથી. એમ કહે છે. આહા...હા...હા..!

(કહે છે કે:) કુંડળ આદિ પર્યાય, તેનો કર્તા, કરણ અને આધાર તેનું દ્રવ્ય, સોનું છે. સોનું તે પીળાશ આદિ ગુણો ને (કુંડળાદિ પર્યાયોનો) કર્તા-કરણ એટલે સાધન અને અધિકરણ એટલે આધાર છે. એ કુંડળ આદિની પર્યાયનો કર્તા, સોની ને હથોડો આદિ છે, એમ નથી. આહા...હા! **(શ્રોતા:)** નાનપણથી તો આવું શીખ્યા નથી...! **(ઉત્તર:)** નાનપણમાં તો આવું ક્યાંથી? વકીલાત લેવા સાટુ તો ભણ્યાં'તા, એ ભણવામાં વકીલાત કરી ને વકીલાતમાં પછી બીજાને જીતાડયા ને! સગામાં-,એવા અભિમાન કર્યાં! કાં' ભાઈ! આ તો એમનો દાખલો આપ્યો **(શ્રોતા:)** બધાને લાગુ પડે છે. **(ઉત્તર:)** હા...હા...હા! દુકાનમાં ને દુકાન ઉપર બેસે ત્યારે શું (કરે?) એ આત્મા છે એ તો પોતાનો કર્તા છે. એ દુકાને બેઠા-બેઠા બહારનો પૈસો લીધો કે દીધો તેનો આત્મા કર્તા છે જ નહીં...અરે....રે..! આ કેમ બેસે?! કયાં? તત્ત્વની ખબર ન મળે! અને ધર્મ થઈ જાય એને સમકિત! આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **''પીળાશ આદિ ગુણોના અને કુંડળાદિપર્યાયોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા''** કોણ? **''સુવર્ણના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે''.** - સોનું છે એને લઈને, એ પીળાશ આદિ (ગુણો) અને કુંડળ આદિ (પર્યાયોનો)એ આધાર છે. સોનું છે તે પીળાશ આદિ ગુણો ને કુંડળ આદિનો કર્તા છે. સોનું છે તે પીળાશ આદિ ગુણોનું તથા કુંડળ આદિ પર્યાયોનું સાધન છે. આહા...હા....! એવા પીળાશઆદિ ગુણો અને કુંડળ આદિ પર્યાયોથી સુવર્ણનું અસ્તિત્વ છે. પીળાશ આદિ ગુણો અને કુંડળ આદિ પર્યાયો, એ તો સુવર્ણનું અસ્તિત્વ છે (એટલે કે) એ સુવર્ણનું (જ) અસ્તિત્વ છે. એ સુવર્ણનો સ્વભાવ છે. પીળાશઆદિ ગુણોપણે અને કુંડળ આદિપર્યાયોપણે થવું, એ સુવર્ણનો સ્વભાવ છે. આહા...હા...હા! એ સોનીએ (સોનામાંથી) કુંડળ આદિ પયાર્યો કરી, એ ભગવાનના માર્ગમાં ત્રણ કાળમાં નથી. અને એમ માનનારને મિથ્યાત્વ છે. એ દ્રવ્ય જે છે સોનું, (એ એના ગુણો ને પર્યાયોને કરે છે). એમ રોટી લ્યો, રોટલી-રોટલી, લોટની જે રોટલી, એ રોટલીની પર્યાયનો કર્તા, સાધન, આધાર આટો (લોટ) છે. એ રોટલીની પર્યાયની કર્તા સ્ત્રી છે, એમ વેલણ (પાટલો) છે એમ' નથી. આકરું કામ છે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(કહે છે કે:) **"જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણ"** એ પહેલી સુવર્ણની વાત કરી. **"-એવા પીળાશ આદિગુણો અને કુંડળાદિ પર્યાયો વડે જે સુવર્ણનું અસ્તિત્વ છે, તે (સુવર્ણ નો) સ્વભાવ છે"; તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જેઓ પૃથક્ જોવામાં આવતા નથી. કર્તા-કરણ-અધિકરણરૂપે** કોણ? દ્રવ્ય 'એ ગુણ-પર્યાયનું કર્તા દ્રવ્ય, ગુણ-પર્યાયનું સાધન દ્રવ્ય, ને ગુણ-પર્યાયનો આધાર દ્રવ્ય (છે). આહા...હા! નવ તત્વ છે, છ દ્રવ્ય છે. પ્રભુ! એ ભિન્ન-ભિન્ન છે. કોઈ દ્રવ્યની પર્યાય, (બીજા) કોઈ દ્રવ્યથી થાય, એવું અસ્તિત્વ છે નહીં. આહા....હા...હા! ઝીણી વાત બહુ સિદ્ધ કરી છે, અમૃતચંદ્રાચાર્યે! **"કર્તા-કરણ-અધિકરણરૂપે ગુણોના"**. તે દ્રવ્યના ગુણો- (જેમકે) આત્મા, એના જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણ અને પર્યાય વર્તમાન-મતિ, શ્રુતિ આદિ-એ ગુણ, પર્યાયનો કર્તા તે આત્મા છે. એ ગુણ, પર્યાયનું સાધન પણ આત્મા છે, એ ગુણ, પર્યાયનો આધાર પણ આત્મા છે. આહા...હા...હા! છે કે નહીં અંદર (લખાણ) જુઓને! આહા...હા! **"ગુણોના અને પર્યાયોના સ્વરૂપને ધારણ કરીને"** સોનું-દ્રવ્ય. દરેક દ્રવ્યના ગુણો પોતાના, ત્રિકાળ રહેનારા, અને વર્તમાન થતી અવસ્થા, તે પર્યાય ને ગુણનો કર્તા-કરણ ને આધાર તે દ્રવ્ય છે. આહા...હા!

(જુઓ,) આ આંગળી છે. તે આમ-આમ (સીધીમાંથી વળીને વાંકી) થાય છે. એ પર્યાય છે. આમ-આમ (વાંકી-સીધી, વાંકી-સીધી) થાય છે ને..! અને એમાં (પરમાણુમાં) વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ગુણો છે. એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ગુણો અને આ પર્યાય, એનો આધાર એના પરમાણુ છે. આ આંગળીની પર્યાય આમ-આમ હલે છે, એનો કર્તા એ પરમાણુ છે. આત્મા એનો કર્તા નથી. આહા...હા! એમ કહે છે, ભગવાન અમૃતચંદ્રાચાર્ય! દિગંબર સંત! કુંદકુંદાચાર્ય ના ('પ્રવચનસાર')ની ટીકા કરે છે. (કુંદકુદાચાર્યે તો) ભગવાન (સીમંધરનાથ) પાસે જઈને, પછી શાસ્ત્ર બનાવ્યા. કે પ્રભુ તો આમ કહે છે ભાઈ! એમ શાસ્ત્રોમાં કહ્યું! આહા....હા...હા...હા! દાખલા ઘણા મળે, ત્યારે થાય!!

(અહીંયાં કહે છે કે:) **"પ્રવર્તતા દ્રવ્યના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે, એવા ગુણો અને પર્યાયો વડે જે દ્રવ્યનું અસ્તિત્વ છે"** લ્યો! છે? એ ગુણો અને અસ્તિત્વ વડે દ્રવ્યનું હોવાપણું છે. **"તે સ્વભાવ છે"** તે તેનો સ્વભાવ છે. આ લાકડી છે. એ આમ આમ થાય છે. પડી છે (તે ઊંચી થઈ) અવસ્થા બદલી તો તેનો કર્તા તેના પરમાણુ છે. એ અવસ્થાનો કર્તા આંગળી નહીં. અને આત્માની ઈચ્છા (પણ) નહીં. દરેક દ્રવ્ય-વસ્તુ, એના ગુણ અને પર્યાય, એનો કર્તા એનું દ્રવ્ય છે. એ દ્રવ્ય તેનું કરણ નામ સાધન છે. અને દ્રવ્ય તેનો આધાર છે. પણ એ પર્યાયનું કર્તા બીજું દ્રવ્ય છે, એમ માનવું તે મિથ્યાત્વ, અજ્ઞાન ને ભ્રમ છે. આહા...હા...હા! (કૌંસ સુધી આવી ગયું! કૌંસમાં જુઓ,)

**"દ્રવ્યે, ક્ષેત્રે, કાળે, કે ભાવે સુવર્ણથી જુદા નહિ જોવામાં આવતા પીળાશાદિક અને કુંડળાદિકનું અસ્તિત્વ તે સુવર્ણનું જ અસ્તિત્વ છે, કારણ કે પીળાશાદિકના અને કુંડળાદિકના સ્વરૂપને સુવર્ણ જ ધારણ કરતું હોવાથી"**. એ કુંડળની પર્યાય, કડાની પર્યાય, એને સુવર્ણ ધારણ કરે છે. આહા...હા! એ પર્યાયનો કર્તા, સુવર્ણ છે. અક્ષર કરે છે આમ અક્ષર. એ અક્ષર છે પરમાણુની પર્યાય. એ અક્ષરમાં પરમાણુ જે છે. તેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ગુણ છે. અને આ અક્ષર છે તે એની પર્યાય છે. એ ગુણ ને પર્યાય નો કર્તા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એના પરમાણુ છે. લખનારો (માને કે) હું હાથે અક્ષર લખું છું ને (અક્ષરનો) કર્તા છું, મિથ્યાત્વભાવ છે. આહા...હા! છે...? **"સુવર્ણના અસ્તિત્વથી જ પીળાશાદિકની અને કુંડળાદિકની નિષ્પત્તિ-સિદ્ધિ-થાય છે. સુવર્ણ ન હોય તો પીળાશાદિક અને કુંડળાદિક પણ ન હોય; તેવી રીતે" દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જુદા નહિ જોવામાં આવતા ગુણો અને પર્યાયોનું અસ્તિત્વ તે દ્રવ્યનું જ અસ્તિત્વ છે."** વસ્તુથી જુદા ગુણો (અને) પર્યાયો જોવામાં આવતા નથી. તેના ગુણો કાયમ રહેનારા અને વર્તમાન પર્યાય, તેનો આધાર ને કર્તા તો તે દ્રવ્ય છે. આહા...હા....હા! અહીંયાં તો કહે છે કે પરની દયા હું પાળી શકું છું એ વાત (માન્યતા) મિથ્યાત્વ છે. કેમકે પરની પર્યાય છે ને પરનો ગુણ છે એ તો (એના) દ્રવ્યને કારણે છે. એ (જીવ) બચ્યો છે એ પર્યાય, એના દ્રવ્યને કારણે છે. આ કહે કે મેં એને બચાવ્યો. એવી જે પરની પર્યાય મેં કરી, એ માન્યતા તદ્દન મિથ્યાદષ્ટિની છે!! અહા...હા...હા...હા! આવું છે.

પાંચ, પચાસ હજાર રૂપિયા દાનમાં દીધા. તો કહે છે કે નોટ જે છે પરમાણુ એમાં, એને લઈને પર્યાય આમ (નોટ) ગઈ છે. એ પર્યાયનો-જવાનો આમ આધાર એના પરમાણુ છે. બીજો માણસ કહે કે મેં આ પૈસા આપ્યા. એ તદ્દન ભ્રમ ને અજ્ઞાન છે. કો' આવું છે! **"કારણ કે ગુણો અને પર્યાયોના સ્વરૂપને દ્રવ્ય જ ધારણ કરતું હોવાથી"** જો વસ્તુ-દ્રવ્ય ન હોય તો તેના ગુણ, પર્યાયો ન હોય. **દ્રવ્યના અસ્તિત્વથી જ ગુણોની અને પર્યાયોની નિષ્પત્તિ થાય છે, દ્રવ્ય ન હોય તો ગુણો અને પર્યાયો ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે.** આહા...હા..હા!

(હવે કહે છે કે:) **"અથવા, જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે પીળાશ આદિ ગુણોથી અને કુંડળાદિ પર્યાયોથી જે પૃથક્ જોવામાં આવતું નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે સુવર્ણના સ્વરૂપને ધારણ કરીને".** આહા...હા..હા! **(શ્રોતા:)** વળી ગુણ, પર્યાયથી સુવર્ણ કીધું ને...! **(ઉત્તર:)** હેં! ગુણ, પર્યાયથી (જ) સુવર્ણ છે. ગુણ, પર્યાય ખરેખર સુવર્ણના કર્તા છે. આહા...! ઝીણી વાત છે. દ્રવ્ય પોતાના ગુણ, પર્યાયનો કર્તા-કરણ ને સાધન (છે) એમ ગુણ, પર્યાય દ્રવ્યના કર્તા-કરણ અને અધિકરણ છે. અરેરે! આવી વાત ક્યાં? 'ભેદજ્ઞાન' ની વાત છે આ તો પ્રભુ! પ્રત્યેક પદાર્થ અપની પર્યાયસે પરિણમતે હૈ. એ પર્યાયનો આધાર, તેનું 'દ્રવ્ય' છે. એ પર્યાય, બીજું દ્રવ્ય કરે, ત્રણ કાળમાં બનતું નથી. આહા...હા! આવું! વાત!! શું કહે છે? **"જેમ દ્રવ્યથી, કાળથી, ક્ષેત્રથી કે ભાવથી પીળાશ આદિગુણોથી અને કુંડળાદિપર્યાયોથી જે પૃથક્ જોવામાં આવતું નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે સુવર્ણના સ્વરૂપને ધારણ કરીને"** એ પીળાશ આદિ ગુણ ને કુંડળ આદિ પર્યાયો, એ સુવર્ણના સ્વરૂપને ધારણ કરી આપે છે. આહા...હા...હા! છે? **"પ્રવર્તતા પીળાશઆદિ ગુણો અને કુંડળાદિપર્યાયો વડે જેની નિષ્પત્તિ થાય છે"** (એટલે) દ્રવ્યની. ગુણો અને પર્યાયો કર્તા, એનાથી દ્રવ્ય સિદ્ધ થાય છે. છે? નીચે છે (ફૂટનોટમાં) 'તેમનાથી'='પીળાશ' આદિગુણો અને કુંડળાદિપર્યાયોથી. (સુવર્ણનું અસ્તિત્વ નિષ્પન્ન થવામાં-સિદ્ધ થવામાં- નીપજવામાં મૂળ સાધન પીળાશ આદિ ગુણો અને કુંડળાદિપર્યાયો જ છે). આહા...હા!

(કહે છે:) સુવર્ણ લ્યો એમ પાણી-જળ લ્યો. પાણી આમ થાય છે. એ જળની અવસ્થા, અને જળના પરમાણુના ગુણો, એનાથી પરમાણુનું અસ્તિત્વ છે. અથવા એ પરમાણુ-પાણીનું અસ્તિત્વ એમના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણો, ને પર્યાયો જે છે એનો આધાર દ્રવ્ય-પાણી છે. બીજો કહે કે મેં પાણી પીધું ને દીધું, એ પાણીનું કાર્ય મેં કર્યું (એમ નથી) **(શ્રોતા:)** પાણીમાંથી બરફ બાંધે છે ને... **(ઉત્તર:)** બરફ-બરફ કોણ બાંધે? દરેક દ્રવ્યની પર્યાય ને ગુણ તે દ્રવ્યને કારણે છે. આહા,....હા....હા! એવું છે બાપુ! વીતરાગ ધરમ, એવો ઝીણો છે. નિશ્ચય ને સત્ય જ આ છે. ઓલો વ્યવહાર બીજો છે એમ કહેવું એ તો કથનમાત્ર છે. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. આહા...હા! 'ઘડો કુંભારે કર્યો' એ તો કથનમાત્ર વ્યવહારની ભાષા છે. બાકી ઘડાની પર્યાય ને પરમાણુના ગુણો, એનો આધાર એ માટીના પરમાણુ છે. માટીના પરમાણુથી ઘડાની પર્યાય થઈ છે. કુંભારથી નહીં. આહા...હા...હા! આવું કઠણ પડે જગતને, શું થાય? પરમાત્મા, જિનેશ્વરદેવ! વાત કરે છે આ...!!

હવે (કહે છે) **તેમાં-કેમ? "એવા સુવર્ણનું, મૂળ સાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે; તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે ગુણોથી અને પર્યાયોથી જે પૃથક્ જોવામાં આવતું નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને"** આહા...હા! શું કહે છે? વસ્તુ છે તેના ગુણોને પર્યાય, તેનો કર્તા-કરણ (એટલે) સાધન દ્રવ્ય (છે). હવે અહીંયાં ગુલાંટ ખાય છે. કે ગુણ ને પર્યાય તે દ્રવ્યની કર્તા, ગુણ ને પર્યાય એ દ્રવ્યનું કરણ-સાધન, અને ગુણ ને પર્યાય એ દ્રવ્યનો આધાર-અધિકરણ (છે). આહા...હા! આવી વાતું છે ભાઈ! આ તો વીતરાગ ત્રિલોકનાથ! સર્વજ્ઞ પરમેશ્વર, જેણે જ્ઞાનમાં જોયું, જેવું સ્વરૂપ છે તેવું વર્ણવ્યું! આહા...હા! આ તો હું આનું કરી દઉં ને આને સુખી કરી દઉંને બીજાને દુ:ખી કરી દઉં ને...! **(શ્રોતા:)** એક બીજાને મદદ તો કરે ને..! **(ઉત્તર:)** મદદ કોણ કરે? મદદની પર્યાય કોને કહેવી? આહા...! આહા...! આકરી વાતું છે ભાઈ!

(અહીંયાં તો કહે છે કે:) ગુણ, પર્યાયનો કર્તા આત્મા કે દ્રવ્ય પણ દ્રવ્યનો કર્તા-કરણને આધાર એના ગુણ ને પર્યાય (છે). અરસ-પરસ બધું છે!! આહા...હા...હા!

આહા...હા! કેટલાકે તો સાંભળ્યું ય ન હોય જિંદગીમાં કે જન્મ્યા જૈનમાં પણ, જૈન પરમેશ્વર નું શું કહેવું છે? બીજાને મદદ કરો! ભૂખ્યાને આહાર આપો! તરસ્યાને પાણી આપો! આંહી કહે છે, કોણ આપે? સાંભળ તો ખરો.જે પરમાણુની જે અવસ્થા જે ક્ષણે થાય, તે અવસ્થા ને ગુણ તે દ્રવ્યના છે. (તેથી) દ્રવ્ય એનો કર્તા છે. અને દ્રવ્યનો કર્તા પણ આ ગુણ ને પર્યાય છે! એ ગુણ ને પર્યાય દ્રવ્યના કર્તા-કરણ-ને દ્રવ્યનો આધાર (છે). પર્યાય દ્રવ્યનો આધાર!! આહા...હા...હા!! આવું છે. નવરાશ ન મળે, વાણિયાને ઘંધા આડે નવરાશ ન મળે. આખો દી' ધંધો પાપનો. બાયડી-છોકરાં સાચવવા ને વ્યાજ ઉપજાવવાને પૈસા કર્યા. એમાં ધર્મ તો નથી પણ પુણ્યના ય ઠેકાણાં નથી. આહા...હા...હા! અહીંયાં તો તત્ત્વની વાત'. કે એમ પરમાણુ તેના ગુણ, પર્યાયને આધારે પરમાણુ (છે). આહા...હા!

(શું કહે છે જુઓ,) આ જે છે (ચોપડીનું પૂંઠું) ઈ આ ચોપડીને આધારે રહ્યું છે, એમ નથી. એમ કહે છે. એની પર્યાય ને ગુણનો આધાર, એનું દ્રવ્ય છે. અને તે ગુણ, પર્યાયના આધારે તે દ્રવ્ય છે. શું કહ્યું? આ લાકડી આમ રહી છે કે ના. એ પોતાની પર્યાય ને ગુણને આધારે એ રહી છે. અને તે ગુણ ને પર્યાય 'કર્તા'ને દ્રવ્ય તેનું 'કાર્ય' છે. આહા...હા...હા..હા..! વસ્તુ એવી છે બાપા! આ સીસપેન છે જુઓ, આ ઊંચી થાય છે ઉપરથી, કહે છે કે એ તો એની પર્યાય છે. અને એનામાં વર્ણ, રસ, ગંધ (સ્પર્શ) ગુણ છે, એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વર્ણ, રસ, ગંધ, સ્પર્શની પર્યાયનો કર્તા પરમાણુ (દ્રવ્ય) છે. અને એ ગુણ, પર્યાય કર્તા અને (પરમાણુ) દ્રવ્ય તેનું કાર્ય છે. આહા...હા...હા! સમજાય છે કાંઈ?

પહેલાં એમ કહ્યું હતું કે: સોનાના ગુણ, પર્યાયના કર્તા-કરણ-અધિકરણ તે દ્રવ્ય (સોનું) છે. કર્તા સાધન ને આધાર. પછી એમ કહ્યું કે: પીળાશાદિ ગુણો અને કુંડળની પર્યાય, તે દ્રવ્યના કર્તા-કરણ (અધિકરણ) આધાર છે.- એમ દરેક આત્માઓ ને પરમાણુઓ, તેના ગુણ ને પર્યાય તેના કર્તા-કરણ (છે) ને તેનાથી તેની સિદ્ધિ થાય છે. વળી એ દ્રવ્યની સિદ્ધિ પણ આ ગુણ, પર્યાયથી થાય છે. ગુણ, પર્યાયની સિદ્ધિથી દ્રવ્યની સિદ્ધિ અને દ્રવ્યની સિદ્ધિથી ગુણ-પર્યાયની સિદ્ધિ. આહા...હા! આવી વાત છે **'જ્ઞેય અધિકાર છે, આ સમ્યગ્દર્શનનો અધિકાર છે''** પહેલો 'જ્ઞાન અધિકાર' ૯૨ ગાથાએ પૂરો થયો. આ ૯૩ (ગાથાથી) ૨૦૦ સુધી 'જ્ઞેયઅધિકાર' છે. જ્ઞેય ભગવાને જોયાં કેવળ જ્ઞાનમાં કે જેટલા-અનંત જ્ઞેયો છે. (એટલે) જ્ઞાનમાં જણાય એવી વસ્તુ, એ દરેક વસ્તુ અને શક્તિ એટલે ગુણ અને વર્તમાન અવસ્થા, એ ગુણ, પર્યાયથી વસ્તુ સિદ્ધ થાય છે. એટલે એના કર્તા-કરણ (અધિકરણ) ગુણ, પર્યાય છે, અને એ દ્રવ્ય, ગુણ, પર્યાયના કર્તા-કરણ- અધિકરણ છે. અરસ-પરસ છે. આહા...હા...હા! છે કે નહીં એમાં? આવો મારગ છે ભાઈ

(કહે છે:) ભગવાને અનંત દ્રવ્ય જોયાં. અનંત આત્મા, અનંત પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ. એ દરેક દ્રવ્યની વર્તમાન પર્યાય જે થાય, એ પર્યાયનો આધાર તેનો દ્રવ્ય છે. એ પર્યાય પર દ્રવ્યથી થાય, એ ત્રણ કાળમાં નથી. તેમ તે પર્યાય કર્તા-કરણ ને આધાર દ્રવ્યનો છે. દ્રવ્ય તો આધાર છે ગુણ, પર્યાયનો પણ ગુણ, પર્યાય કર્તા-કરણને આધાર દ્રવ્યનો છે. એનાથી દ્રવ્ય છે. આહા...હા! આમાં કયાં?... અજાણ્યા માણસને તો એવું લાગે કે આવો મારગ! વીતરાગનો મારગ આવો હશે? **(શ્રોતા:)** આપ શું કયો છો એ જ પકડાય નહીં...! **(ઉત્તર:)** પરમેશ્વર ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ બિરાજે છે મહાવિદેહમાં સીમંધર પ્રભુ! એમની આ વાણી છે. આહા...હા!

(કહે છે.) આ હોઠ હલે છે ને...! એ પર્યાય છે. એ પર્યાય (હોઠની) પરમાણુની પર્યાય છે. અને એ પરમાણુમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ (આદિ) ગુણો છે. તે ગુણને પર્યાયથી તે દ્રવ્ય સિદ્ધ થાય છે. એટલે કે ગુણ ને પર્યાય કર્તા, કરણને આધાર દ્રવ્યનાં અને એ પરમાણુ એ પર્યાયનો (એટલે) આ હોઠ હલે છે એનો આધાર-કર્તા દ્રવ્ય (પરમાણુ) છે. આવી ગાંડા જેવી વાતું લાગે! આખો દી' આમ કરીએ છીએ હેં! **(શ્રોતા:)** ગાંડાને ડાહ્યા કરવા માટે...! **(ઉત્તર:)** આખો દી' આમ કરીએ છીએ, અમે બધું કરી શકીએ છીએ. ભાઈ તને ખબર નથી. તત્ત્વની સ્થિતિ, કેવી મર્યાદા છે એની તને ખબર નથી ને વિપરીત તારી માન્યતા એ તો મિથ્યાત્વ છે. સામાયિક જયારે એ કરવા બે, 'નમો અરિહંતાણં નમો સિદ્ધાણં' એ બોલે ? (એમાં) કહે છે કે: નમો અરિહંતાણંની ભાષા જે થઈ, એ પર્યાય છે પરમાણુની ને એ પરમાણુના ગુણો છે, એ ગુણ ને પર્યાયનો કર્તા પરમાણુ છે. આત્મા નહીં. 'નમો અરિહંતાણં' ભાષાનો કર્તા આત્મા નહીં. આહા..! સમજાય છે? તેમ અંદર વિકલ્પ ઊઠયો. નમો અરિહંતાણં એ વિકલ્પના કર્તા ને સાધન જીવદ્રવ્ય છે. એ વિકલ્પનો કર્તા કોઈ કર્મ છે અને હું બોલ્યો માટે તે વિકલ્પ થ્યો છે, એમ નથી. આહા...હા! ગાંડા જેવી વાતું છે! ભગવાનની! દુનિયા ગાંડી-પાગલ (છે) એક દ્રવ્ય, બીજા દ્રવ્યને કરે (એવું માનનાર) મોટો પાગલ છે. કો'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ! બીજાને, દુઃખમાં મદદ કરી શકે કે નહિ? નહિ? બેસી રહેવું દુઃખી દેખીને! ભાઈ! તને ખબર નથી. દુઃખી સામો જે હોય તે તો તેના રાગ ને અજ્ઞાનને લઈને છે. એને પ્રતિકૂળ સંયોગ છે માટે દુઃખી છે, એમ નથી. પ્રતિકૂળ સંયોગની પર્યાય, તેના ગુણ તેનો આધાર તેના પરમાણુ છે. અને એ જે દુઃખ થાય છે એ દુઃખની પર્યાયનો ગુણનો આધાર એનો આત્મા છે. આહા...હા...હા! અરે...રે! આ કયાં બેસે?

(અહીંયાં) એ જ કહે છે. **''કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને''**. જોયું? એ ગુણ જે છે. આત્મામાં કે પરમાણુમાં અને આત્માની પર્યાય કે પરમાણુની (જે છે) એ ગુણ, પર્યાયનો આધાર એના, એના દ્રવ્ય છે. (અને) ગુણ-પર્યાયને આધારે દ્રવ્ય છે. એ દ્રવ્યના ગુણ, પર્યાય તે કર્તા છે, તે સાધન છે, ને દ્રવ્યનો આધાર છે. પર્યાય તે દ્રવ્યનો આધાર છે'. અને પર્યાય દ્રવ્યને આધારે થાય છે. પર્યાય ને આધારે દ્રવ્ય છે અને દ્રવ્યને આધારે પર્યાય છે. આહા...હા!

ભગવાને જે અનંત દ્રવ્ય જોયાં. એના દરેક દ્રવ્યના ગુણ ને પર્યાય-એનું કારણ દ્રવ્ય છે. અને એના ગુણ ને પર્યાય-દ્રવ્યને સિદ્ધ કરવાના કારણ છે. આ તો સમ્યક્ થાય. આ તો કોલેજ છે વીતરાગની! પરમાત્મા, ત્રિલોકનાથ જિનેશ્વરદેવ (ની કોલેજ છે). કોલેજમાં કેટલી-કેટલી ભાષા હોય, સમજાવે ત્યારે સમજાય.

(જુઓ ને!) ભગવાનની પૂજા વખતે સ્વાહા, સ્વાહા... એ ભાષા થાય છે ને..! કહે છે કે: એ ભાષાની પર્યાય, એના પરમાણુથી થઈ છે. આત્માથી નહીં. અરેરે..! આ વાત કેમ બેસે? આ તો વીતરાગ, કેવળી પરમાત્માનું મૂળતત્ત્વ છે. અને એ મૂળ તત્ત્વની જ ખબર ન મળે , ત્યાં સમકિત (કેમ થાય) એને ધરમ કેવો? આહા...હા..હા!

(અહીંયાં કહે છે કે:) **''દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા ગુણો અને પર્યાયો વડે જેની નિષ્પત્તિ થાય છે-એવા દ્રવ્યનું, મૂળ સાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું.''** ગુણો ને પર્યાયો વડે જેની નિષ્પત્તિ છે. (કોની?) દ્રવ્યની. **''એવા દ્રવ્યનું મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું''** આહા...હા..! જે પરમાણુ છે ને (બીજા) દ્રવ્ય છે આત્મા (આદિ)- એના ગુણ, પર્યાય એ મૂળસાધન છે, પર સાધન નથી એને. (જુઓ,) આ પાનું ફરે છે આ, એ પાનું પરમાણુનો સ્કંધ છે. સ્કંધની આ પર્યાય છે. એ પર્યાયના કર્તા એ પરમાણુ સ્કંધ (પાનું) છે. આ આંગળીને લઈને (આ પાનું) ઊંચું થયું છે. એમ' નથી. નહિતર તો પૃથક્-પૃથક્ દ્રવ્ય રહી શકતા નથી. આહા..હા...હા! આવી વાતું છે. આ તો જયાં હોય ત્યાં મેં કર્યું ને... મેં કર્યું ને... મેં કર્યું ને... મેં લખ્યું ને મેં કાગળ બનાવ્યા ને...મેં આ કર્યું ને... મિથ્યા અભિમાન છે.

આહા...હા! **'એવા દ્રવ્યનું, મૂળસાધનપણે''**. ભાષા લીધી. જોયું? આહા...! ઓલા સોનામાં લીધું છે ને મૂળ સાધન. પીળાશ અને (કુંડળાદિ) પર્યાય. એમાં આનું ગુણ ને પર્યાય, એ મૂળસાધન છે. દ્રવ્ય તો પર્યાયના કર્તા-કરણ સાધન છે. પણ પર્યાય અને ગુણ તેનું (દ્રવ્યનું) સાધન. દ્રવ્યને સિદ્ધ કરવાને એ (ગુણ, પર્યાય) સાધન છે. આહા...હા! એ પર્યાય થઈ, તો એ પર્યાયને બીજું દ્રવ્ય હતું માટે એ પર્યાયને એ સિદ્ધ કરે છે એમ નથી. બીજા દ્રવ્યની પર્યાય, તે (પોતાના) દ્રવ્યને કારણે થઈ, આ દ્રવ્યની પર્યાય આ (પોતાના) દ્રવ્યને કારણે થઈ. એ દ્રવ્ય ગુણ ને પર્યાયના મૂળ સાધનથી સિદ્ધ થાય છે. બીજા દ્રવ્યથી બીજાના (પોતાના) ગુણ, પર્યાય સિદ્ધ થાય છે અને આત્માના દ્રવ્યથી આત્માના (પોતાના) ગુણ, પર્યાય સિદ્ધ થાય છે. આહા...હા...હા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**"મૂળ સાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે"** (પીળાશાદિકથી કુંડળાદિકથી ભિન્ન નહિ જોવામાં આવતા સુવર્ણનું અસ્તિત્વ તે પીળાશાદિક અને કુંડળાદિકનું જ અસ્તિત્વ છે, કારણ કે સુવર્ણના સ્વરૂપને પીળાશાદિક અને કુંડળાદિક જ ધારણ કરતા હોવાથી" એ સોનાને પીળાશાદિક ગુણો અને કુંડલાદિક પર્યાય ધારણ કરે છે એમ કહે છે. આહા...હા! છે? **"પીળાશાદિકના અને કુંડલાદિકના અસ્તિત્વથી જ સુવર્ણની નિષ્પત્તિ થાય છે. પીળાશાદિક અને કુંડળાદિક ન હોય તો સુવર્ણ પણ ન હોય", તેવી રીતે ગુણોથી અને પર્યાયોથી ભિન્ન નહિ જોવામાં આવતા"** (કોણ?) દરેક દ્રવ્ય. તે તે દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે શકિત ત્રિકાળી ભાવ, અને તેની વર્તમાન થતી અવસ્થા-તેવી રીતે ગુણોથી અને પર્યાયોથી ભિન્ન નહિ જોવામાં આવતા **'દ્રવ્યનું અસ્તિત્વ તે ગુણો અને પર્યાયોનું જ અસ્તિત્વ છે"**, દ્રવ્યનું અસ્તિત્વ તે ગુણોનું અને પર્યાયોનું જ અસ્તિત્વ' છે એમ કહે છે. અને ગુણ, પર્યાયનું અસ્તિત્વ તે દ્રવ્યને લઈને અસ્તિત્વ છે. અસર-પરસ છે. બીજા દ્રવ્યને લઈને કાંઈ બીજા દ્રવ્યમાં થાય એવું વીતરાગ મારગમાં છે નહીં. એ બીજાનું દ્રવ્ય, બીજા (દ્રવ્ય)ને કાંઈ કરે- જેમ ઈશ્વર કર્તા જગતનો-એમ માનનારા છે એવું જૈનમાં રહેલા એક દ્રવ્યની પર્યાય બીજું દ્રવ્ય કરે, એવું માનનારા બધા મિથ્યાદષ્ટિ છે. જેમ ઈશ્વરકર્તા માનનારા મિથ્યાદષ્ટિ છે એમ જૈનમાં- વાડામાં રહેલા-એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને કરે (એમ માન્યતા રાખનારા) મિથ્યાદષ્ટિ છે જૈન નથી. આહા...હા! આવું આકરું કામ છે બાપુ! ઝીણી વાત છે...!! આહા...હા...!

(અહીંયાં કહે છે કે:) **"કારણ કે દ્રવ્યના સ્વરૂપને ગુણો અને પર્યાયો જ ધારણ કરતા હોવાથી."** આહાહાહાહા! પહેલું એમ કહેતા'તા કે ગુણ ને પર્યાયને દ્રવ્ય ધારણ કરે છે. હવે કહે છે ગુણો ને પર્યાય તે, દ્રવ્યને ધારણ કરે છે. સમજાણું કાંઈ?

(કહે છે કે:) **"ગુણો અને પર્યાયોના અસ્તિત્વથી જ દ્રવ્યની નિષ્પત્તિ થાય છે, ગુણો અને પર્યાયો ન હોય તો દ્રવ્ય પણ ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે."** ભાષા થાય. હોઠ હલે, શરીર હલે. કલમ હલે- એ બધી પર્યાયો તેના પરમાણુની પર્યાય છે. એ આત્મા એ પર્યાયો કરે છે એમ ત્રણ કાળમાં નથી. આત્મા બોલે છે તો તે બોલવાની પર્યાયનો કર્તા આત્મા, (એ) ત્રિકાળ જૂઠ છે. અહીં આવી વાતું છે, ગુણ ને પર્યાય છે આધાર દ્રવ્યના. અને દ્રવ્ય આધાર છે ગુણ, પર્યાયનું. અરસ-પરસ. દ્રવ્ય છે તેનો કર્તા-કરણ ને સાધન ગુણ, પર્યાય (છે). અને એ ગુણ, પર્યાયનો કર્તા-કરણ-સાધન એ દ્રવ્ય (છે). આહા...હા...હા...હા..! શું ભગવાનની શૈલી! વીતરાગ સિવાય કયાંય આ છે નહીં. જિનેશ્વર દેવ, તે પણ દિગંબર ધર્મ- એમાં આ વાત આવી છે, બીજે કયાંય છે નહીં. બધાએ ગરબડ-ગરબડ બધે ચલાવ્યું છે. એમાં દિગંબરમાં (પણ) માન ધરાવનારા ગરબડ ચલાવે છે. **"આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે"** લ્યો!

વિશેષ કહેશે.....

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન: તા. ૬-૬-૭૯.

'પ્રવચનસાર' ૯૬ ગાથા. જુઓ, કૌંસ સુધી આવી ગયું ને...! ૧૭૭ પાનું છે. કૌસમાં છે. (**'જેવી રીતે દ્રવ્યનું અને ગુણ-પર્યાયનું એક જ અસ્તિત્વ છે.''** દરેક પદાર્થ, દ્રવ્ય જે છે અને ગુણ-પર્યાય (જે છે) એનું અસ્તિત્વ એક જ છે. દ્રવ્યનું અસ્તિત્વ જુદું અને ગુણ, પર્યાયનું અસ્તિત્વ જુદું એમ નથી. **''એમ સુવર્ણના દષ્ટાંતપૂર્વક સમજાવ્યું''**, **તેવી રીતે હવે દ્રવ્યનું અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય નું પણ એક જ અસ્તિત્વ છે. ''** એ તો ગુણ-પર્યાયના આ ભેદ પાડયા. ગુણ, પર્યાય (એટલે) ઉત્પાદ, વ્યય ને ધ્રુવ. ઉત્પાદ-વ્યયમાં પર્યાય આવી, ધ્રુવમાં ગુણ આવ્યા. તેવી રીતે **''દ્રવ્યનું અને ઉત્પાદ વ્યય-ધ્રૌવ્યનું એક જ અસ્તિત્વ છે. ''એમ સુવર્ણના દષ્ટાંતપૂર્વક સમજાવવામાં આવે છે''.**

આહા...હા! **''જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી જેઓ પૃથક્ જોવામાં આવતા નથી''** ઉત્પાદ-વ્યય પર્યાય કુંડળાદિ, અને પીળાશ આદિ (ગુણો) ધ્રુવ. **''જેઓ પૃથક્ જોવામાં આવતા નથી''** સોનાથી તેના ઉત્પાદ-વ્યય ને ધ્રુવ જુદા જોવામાં આવતા નથી. છે? **''કર્તા-કરણ-અધિકરણરૂપે''** આહા..હા..! સોનાની જે કુંડળ (આદિ) અવસ્થા થાય અને ગુણ રહે, એ તો કર્તા દ્રવ્ય છે. સોનામાંથી (જે) ઉત્પાદ-વ્યય પર્યાય થાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય કહ્યું છે પણ અહીંયાં ગુણ, પર્યાયની વાત છે. અસ્તિત્વમાં ગુણ, પર્યાય આવ્યા. સોનામાંથી જે દાગીનાની પર્યાય થાય, તેના ઉત્પાદક સુવર્ણ સોનું છે. સોની નહીં આહા...હા! **(શ્રોતા:)** હથોડા-એરણ વિના કંઈ થાય? **(ઉત્તર:)** હથોડો-એરણ કામ નથી કરતા અંદર! હથોડાની પર્યાય છે એનું કર્તા એનું દ્રવ્ય છે હથોડા આમથી આમ થાય છે. એ પર્યાયનું કર્તા એનું દ્રવ્ય છે. આહા...! **''કુંડળાદિ-ઉત્પાદોના, બાજુબંધ આદિ વ્યયોના અને પીળાશ આદિ ધ્રૌવ્યોના''** બાજુબંધ આદિનો વ્યય અને કુંડળ આદિનો ઉત્પાદ, અને પીળાશ આદિ ધ્રુવ એ **''સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા સુવર્ણના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે''** સોનાની હયાતીથી જ એ ગુણને પર્યાય છે. ઉત્પાદ-વ્યય-ને ધ્રૌવ્ય, એ સોનાના જે કુંડળ (આદિ) થાય, બાજુબંધ પર્યાય પહેલી એનો વ્યય થાય, અને પીળાશપણે ધ્રૌવ્ય રહે. એના કર્તા-કરણ- સાધન (અધિકરણ) એ સોનું છે. **''એવા કુંડળાદિ-ઉત્પાદો, બાજુબંધ આદિવ્યયો અને પીળાશઆદિ ધ્રૌવ્યો વડે જે સુવર્ણનું અસ્તિત્વ છે, તે (સુવર્ણનો) સ્વભાવ છે.''**; એ સુવર્ણને ઉત્પાદ-વ્યય-ધ્રુવપણે રહેવું-એનો કર્તા-કરણ સુવર્ણ છે. એ સુવર્ણનો સ્વભાવ છે. ઝીણી વાત બહુ બાપુ! આહા..હા! **'જ્ઞેય અધિકાર છે ને...! સમકિતનો અધિકાર ખરો આ'** આહા...હા...હા!

(અહીંયાં કહે છે કે:) **''તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જેઓ પૃથક્ જોવામાં આવતા નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા** દ્રવ્ય જ પોતે તેની પર્યાયનું કર્તા-કરણ-અધિકરણ છે. **''દ્રવ્યના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે,- એવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો વડે જે દ્રવ્યનું અસ્તિત્વ છે, તે સ્વભાવ છે. (દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જુદાં નહિ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જોવામાં આવતાં ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોનું અસ્તિત્વ તે દ્રવ્યનું જ અસ્તિત્વ છે; કારણ કે ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોના સ્વરૂપને દ્રવ્ય જ ધારણ કરતું હોવાથી''** એ સોનું જ તેને ધારણ કરે છે, ત્રણેયને આહા...હા! **''દ્રવ્યના અસ્તિત્વથી જ ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોની નિષ્પત્તિ થાય છે, દ્રવ્ય ન હોય તો ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો પણ ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે).** ભાષા તો જરી સાદી, પણ હવે તેને (સમજવું પડશે ને...!) આહા...હા!

(કહે છે:) **અથવા, જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે કુંડળાદિ-ઉત્પાદોથી, બાજુબંધ આદિ વ્યયોથી અને પીળાશઆદિ ધ્રૌવ્યોથી જે પૃથક્ જોવામાં આવતું નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે સુવર્ણના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા કુંડળાદિ-ઉત્પાદો, બાજુબંધ આદિ વ્યયો અને પીળાશઆદિ ધ્રૌવ્યો વડે જેની નિષ્પત્તિ થાય છે- એવા સુવર્ણનું''** જેની નિષ્પત્તિ છે (એટલે) દ્રવ્યની-સુવર્ણની **''એવા સુવર્ણનું, મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે; તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોથી જે પૃથક્ જોવામાં આવતું નથી''. આહા...હા..હા! કર્તા-કરણ-અધિકરણ (રૂપે)'.** આહા...! એ દ્રવ્ય જે છે. તેની ઉત્પાદપર્યાય (જે છે) તે એની કર્તા છે. વ્યય પર્યાય, તે એની કર્તા છે. દ્રવ્યનો. ઓલું (પહેલાં કહ્યું હતું કે) દ્રવ્ય એનો કર્તા છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવનો દ્રવ્ય કર્તા (છે). (અહીંયાં કહે છે કે) આ ઉત્પાદ, વ્યય, ને ધ્રુવ એ દ્રવ્યનો કર્તા છે. આહા...હા! જો ઉત્પાદની પર્યાય બહાર ન હોય, તો તો દ્રવ્યનું કર્તાપણું રહેતું નથી. વાત સમજાય છે આમાં? (મર્મ છે.) દ્રવ્યની એક-એક પર્યાય, અનાદિ-અનંત છે. એમાં વર્તમાન પર્યાય પ્રગટ ન હોય, તો તો એનું કર્તા-કરણ (અધિકરણ) પણું દ્રવ્યમાં છે એ રહેતું નથી,. સમજાય છે કાંઈ? એવી રીતે વાત સિદ્ધ કરી છે. કે જે ભૂતની ને ભવિષ્યની પર્યાયો, તે દ્રવ્યમાં શક્તિરૂપે રહી, પણ વર્તમાન પર્યાય છે એ જો દ્રવ્યમાં ભળી જાય, તો પર્યાય, દ્રવ્યનું કર્તા છે એ પણ રહેતું નથી. આહા...! સમજાણું કાંઈ? જે અહીં પર્યાય થાય છે. પરમાણુ- સોનું (દ્રવ્યની) કુંડળ, એ પર્યાય જો પ્રગટ ન હોય, તો સોનાની કર્તા તો એ પર્યાય છે, તો પર્યાય કર્તા ન રહે તો દ્રવ્ય જ સિદ્ધ થતું નથી. આહા...હા! છે?

(અહીંયાં કહે છે કે:) **''કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને.''** ઓલી (પહેલાં) સુવર્ણની વાત હતી. અહીંયાં દરેક પદાર્થની વાત છે. 'કર્તા-કરણ-અધિકરણરૂપે, 'દ્રવ્યના' સ્વરૂપને ધારણ કરીને, વસ્તુ છે તેનો ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. એ ત્રણેય દ્રવ્યના કર્તા છે. આહા...હા...હા! દ્રવ્યની 'સિદ્ધિ' એ ઉત્પાદ-વ્યય-ધ્રુવથી થાય છે. આહા...હા! ઘણો સિદ્ધાંત!! જો પ્રગટપર્યાય ન હોય, અને વર્તમાનપર્યાય પણ અંદર ભળી જાય, તો દ્રવ્યની ઉત્પાદપર્યાય (વિના) કર્તા-કરણ-સાધન દ્રવ્યને (સિદ્ધ) કરવા રહેતું નથી. તો દ્રવ્ય જ સિદ્ધ થતું નથી. સમજાય છે કાંઈ? (મર્મની વાત છે) આખું દ્રવ્ય જ સિદ્ધ થતું નથી. કેમકે ઉત્પાદ છે જે છે- પ્રગટપર્યાય જે છે એ દ્રવ્યની કર્તા છે, પ્રગટપર્યાય છે એ દ્રવ્યનું કરણ-સાધન છે, પ્રગટપર્યાય છે એ દ્રવ્યનું અધિકરણ છે. (એટલે) આધાર છે. ત્રણ કરણ લીધા છે (અહીં) આહા...હા...હા! ભાષા જરી ઓલી છે, પણ સમજાય તેવી છે. **(શ્રોતા:)** મૂળ સાધન કહ્યું એ...! **(ઉત્તર:)** મૂળસાધન છે ઈ. (અહીંયાં) મૂળસાધનપણે શબ્દ વાપર્યો છે. ઓલામાં (પહેલાં) બીજી રીતે વાપર્યો છે. દ્રવ્ય એનું કારણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(એટલે ઉત્પાદ-વ્યય-ધ્રુવનું) (પણ) આ તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ એનું મૂળ સાધન છે, દ્રવ્યનું-એમ શબ્દ વાપર્યો છે. ભાઈ! દ્રવ્ય, ઉત્પાદ-વ્યય-ધ્રુવનું (કર્તા-કરણ) સાધન છે. એમાં તો સાધારણ વાત લીધી છે. આહા....હા! (વાત) ઝીણી છે, ધીરેથી... સમજવું! પ્રભુ, આ તો મારગ! વસ્તુ, જે છે, એ ઉત્પાદ-વ્યય ને ધ્રુવની કર્તા છે, એ સાધારણ વાત કરી, અહીંયાં તો દ્રવ્ય, જે છે, એમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ન હોય, તો એ ઉત્પાદ-વ્યયને ધ્રુવ તો દ્રવ્યના કર્તા (કરણ-અધિકરણ) છે. (એ વિના) દ્રવ્ય જ સિદ્ધ થતું નથી. આહા...હા...હા!

વેદાંતવાળા પર્યાયને માનતા નથી. પર્યાય (હોય) દ્રવ્યને? પણ ભાઈ, એ પર્યાય બહાર ન હોય, (પણ) એ પર્યાય, દ્રવ્યની કર્તા છે. **(શ્રોતા:)** દ્રવ્યને એ (જ) સિદ્ધ કરે છે...! **(ઉત્તર:)** હેં! દ્રવ્યને સિદ્ધ કરે છે પર્યાય. દ્રવ્ય, દ્રવ્યને સિદ્ધ ન કરે. પર્યાય દ્રવ્યને સિદ્ધ કરે. આહા! આકરી વાત છે. ઈ તો ઓલામાં. 'ચિદ્‌વિલાસમાં' આવ્યું છે ને..! 'અનિત્ય નિત્યનો નિર્ણય કરે છે.'

(કહે છે કે:) એમ, અનંતા દ્રવ્યો જે છે. એની વર્તમાનપર્યાય પ્રગટ ન હોય, અને એ પર્યાય જો ગુણ હોય, કાં વર્તમાનપર્યાય અંદરમાં હોય-તો તે પર્યાય કર્તા-કરણ-સાધન-અધિકરણ દ્રવ્યનું જે છે (એ પર્યાય બહાર ન હોય તો) દ્રવ્ય જ સિદ્ધ થતું નથી. આહા...હા...! સમજાય છે કાંઈ..? વેદાંત પર્યાયને માનતા નથી પ્રગટ. એકલું દ્રવ્ય (માને) આહા...હા...પણ એ ધ્રુવ છે એને સિદ્ધ કરનાર કોણ..? ધ્રુવ (ધ્રુવને) સિદ્ધ કરે..? એની જે પર્યાય છે. ઉત્પાદ-વ્યયની પર્યાય જે છે-એ તેને સિદ્ધ કરે છે. ''આ દ્રવ્ય'' છે એને ઉત્પાદ-વ્યય સિદ્ધ કરે છે. પ્રગટપર્યાય જે છે એ દ્રવ્યને સિદ્ધ-સાબિત કરે છે. બીજી રીતે લઈએ તો, આ તો અસ્તિત્વગુણની વ્યાખ્યા લીધી છે.

પણ આખું પરમાનંદસ્વરૂપ જે છે. જે પૂરણઆનંદ અને પૂરણજ્ઞાન આદિ અખંડ-એક દ્રવ્યસ્વરૂપ (આત્મા) છે. તેની (પ્રગટ) પર્યાયથી તેની (દ્રવ્યની) સિદ્ધિ થાય છે, એટલે પર્યાયથી તેનો નિર્ણય થાય છે. અહીંયાં તો એ આત્માને કે પ્રત્યેક પદાર્થને (જો) ઉત્પાદ-વ્યય-ધ્રુવ ન હોય તો એ ઉત્પાદ-વ્યવ-ધ્રુવ (તો) દ્રવ્યને સિદ્ધ કરે છે. (જો એ ન હોય તો દ્રવ્ય સિદ્ધ થતું નથી.) તો ઉત્પાદ પર્યાય ન હોય, વ્યયપર્યાય ન હોય, ધ્રુવ ન હોય તો, દ્રવ્ય સિદ્ધ કરનારું (કોઈ) રહેતું નથી. આહા..હા.. વેદાંત સર્વવ્યાપક માનીને પર્યાયને ઉડાવી દે છે. પ્રગટ પર્યાય છે (નહીં), પ્રગટ પરિણમન છે જ નહીં એમ માને છે. સમજાણું કાંઈ..? આહા...હા...!

અહીંયાં તો કહે છે કે: દરેક પદાર્થ (ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત છે). આ તો અધ્યાત્મની ઝીણી વાત છે. પ્રભુ..! (કહે છે) એ પર્યાય વર્તમાનમાં (કે જે) સમ્યગ્દર્શન-જ્ઞાન આદિની પ્રગટ પર્યાય ન હોય, તો એ પર્યાય (જ) દ્રવ્યને સિદ્ધ કરે છે. એ તો રહેતું નથી. આહા...હા...! ભાઈ, આવી વાતું છે. નીચે છે જુઓ, (ફૂટનોટમાં) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો જ દ્રવ્યનાં કર્તા છે, (કરણ અને અધિકરણ છે; તેથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો જ દ્રવ્યના સ્વરૂપને ધારણ કરે છે.) છે..? નીચે. આહા..હા..! અરે ઉત્પાદ-વ્યયની પર્યાય ન હોય તો દ્રવ્યને સિદ્ધ ન કરે (ઉપરાંત) અરે, પૂર્વની પર્યાય વ્યય ન થાય તો દ્રવ્યને સિદ્ધ ન કરે (એટલે વ્યય વિના દ્રવ્ય સિદ્ધ ન થાય.) અને એમાં કાયમ રહેનારું ધ્રૌવ્ય છે એ ન હોય તો (પણ) દ્રવ્ય સિદ્ધ ન થાય. ધ્રૌવ્ય સત્ત્વ છે (સત્ત્વ વિના સત્ સિદ્ધ ન થાય). આ ધ્રૌવ્ય દ્રવ્યને સિદ્ધ કરે છે. ધ્રૌવ્ય-ધ્રુવપણું એ કર્તા છે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને...! ધ્રુવ(દ્રવ્યનું) ધ્રૌવ્ય કર્તા છે. ધ્રુવનું ધ્રૌવ્ય સાધન છે. ધ્રુવનું ધ્રૌવ્ય અધિકરણ છે. આહા...હા...! આવી વાતું છે હવે, કો' ભાઈ..! આવું ઝીણું છે. લોકોને સમજવામાં (અઘરું લાગે..!) (વેદાંત) નિશ્ચયાભાસી થઈ ગ્યા છે. પ્રગટપર્યાય છે એને એણે માની નથી. સમજાય છે કાંઈ..? શ્રીમદે (શ્રીમદ રાજચંદ્રે) કહ્યું છે. 'પર્યાયને એણે માની નથી માટે વેદાંતી નિશ્ચયાભાસી છે. શ્રીમદમાં છે. (હાથનોંધ ૧.પૃ ૧૭૩)

(વેદાંત. આત્મા એક, અનાદિ માયા, બંધમોક્ષનું પ્રતિપાદન એ તમે કહો છો એમ ઘટી શકતાં નથી..? આનંદ અને ચૈતન્યમાં શ્રી કપિલદેવજીએ વિરોધ કહયો છે તેનું શું સમાધાન છે..? **યથાયોગ્ય સમાધાન વેદાંતમાં જોવામાં આવતું નથી.** આત્મા નાના વિના, બંધમોક્ષ હોવા યોગ્ય જ નથી. તે તો છે, તેમ છતાં કલ્પિત કહેવાથી પણ ઉપદેશાદિ કાર્ય કરવા યોગ્ય ઠરતાં નથી.'')

આ તો ('પ્રવચનસાર') આમાં તો શું ખામી હોય (ન હોય) પ્રવચનસારમાં તો શું વસ્તુ (તત્ત્વ અલૌકિક..!) ઓહોહોહોહો...!

અહીંયાં તો કહે છે કે: સમ્યગ્દર્શનની પર્યાય, પ્રગટ ન હોય તો એ પર્યાય તો દ્રવ્યને સિદ્ધ કરે છે, તો દ્રવ્ય જ સિદ્ધ નહીં થઈ શકે. આહાહાહા..! સમ્યગ્દર્શનની પર્યાય, સમ્યક્જ્ઞાનની પર્યાય સમ્યક ચારિત્રની પર્યાય પ્રગટ પરિણમનમાં બહાર ઉત્પાદપણે ન હોય, તો એ (આત્મા) દ્રવ્ય જ સિદ્ધ થતું નથી. અને પૂર્વની પર્યાયનો વ્યય ન થાય, તો (પણ) દ્રવ્ય સિદ્ધ થતું નથી. અને ધ્રુવપણું ન હોય તો પણ દ્રવ્ય સિદ્ધ થતું નથી. આહા...હા..હા..! ગજબ વાત છે..! દિગંબર સંતોએ ગજબ કામ કર્યા છે..!! થોડામાં પણ એટલું બધું સમાડી દીધું છે. આહા...હા...કેટલું સમાડ્યું છે. એવી વાત હવે (શ્વેતાંબરમાં ય નથી.) બત્રીસ સૂત્ર જેના ૩૧ હજાર શ્લોક..! વરસો-વરસ વાંચતા બે મહિના..! એમાં પણ કંઈ (તત્ત્વ) નહીં, પણ આ (તત્ત્વ) નહીં બાપા..! આ તો અંતર્પૂરણપરમાત્માસ્વરૂપ, અખંડ એની પર્યાય ન હોય તો એને સિદ્ધ કરવાનું સાધન રહ્યું નહીં. તો તો દ્રવ્ય જ સિદ્ધ નહીં થાય. આહા...હા...હા...! દ્રવ્યગુણ ન હોય તો એ ઉત્પાદ-વ્યય-ધ્રુવની સિદ્ધિ થતી નથી. એ પહેલી વાત આવી ગઈ. હવે અહીંયાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ન હોય, તો દ્રવ્ય સિદ્ધ થતું નથી. સમજાય છે કાંઈ આમાં..? ભાષા તો સાદી છે હવે (ભાવભાસન કઠણ છે). એમ ભૂત ને ભવિષ્યની પર્યાય વર્તમાનમાં (પ્રગટ) નથી. પણ વર્તમાનની પર્યાય, વર્તમાન પ્રગટ ન હોય ને અંદર હોય, તો એ દ્રવ્ય જ સિદ્ધ થતું નથી. (એ પર્યાયને માને) એ નિશ્ચયાભાસી, મિથ્યાદષ્ટિ છે. એવી વાત છે ભાઈ..! સમજાય છે કાંઈ..? ઝીણી વાત બહુ ભાઈ...! આહા...હા...હા...!

(અહીંયાં કહે છે કે:) દ્રવ્ય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો કર્તા-કરણ (એટલે) સાધન ને આધાર (એ તો) સિદ્ધ છે. પણ આ તો ઉત્પાદની પર્યાય તે કર્તા-કરણ (સાધન) -અધિકરણ, વ્યય પણ કર્તા-કરણ-સાધન ને અધિકરણ એમ ધ્રોવ્ય પણ કર્તા-કરણ-સાધન ને અધિકરણ (છે). કોનું? કે: દ્રવ્યનું. આહા..હા..હા!

અહીં તો મગજમાં એમ આવ્યું કે: જે ધ્રુવ, ત્રિકાળી, સચ્ચિદાનંદ, પ્રભુ, પૂરણ છે. (આત્મા) એના પર્યાય ત્યાં વળે છે ત્યારે 'આ દ્રવ્ય છે' એમ ત્યાં સિદ્ધ થાય છે. ભાઈ..! પર્યાયમાં દ્રવ્ય (જાણવામાં) ન આવે તો (આ) 'દ્રવ્ય છે' એમ સિદ્ધ કયાંથી થયું? 'દ્રવ્ય છે' એમ આવ્યું કયાંથી? આહા..હા! ધી...મેથી સમજવું. પર્યાય (એટલે) જે પ્રગટ પરિણમન (એ) ન હોય, તો 'આ દ્રવ્ય છે' એવું જાણ્યું કોણે? દ્રવ્ય તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધ્રુવ છે, એ તો જાણવાની ક્રિયા, એનામાં છે નહીં. (નિષ્ક્રિય) સમજાણું કાંઈ? પરિણમન છે એ જ દ્રવ્યને સિદ્ધ કરે છે. આહા..હા..હા..! આ પરિણમન તો વેદાંતે માન્યું નહીં. પ્રગટ. એ તો ધ્રુવ છે. (કૂટસ્થ) એકલું જાવ. (રખડવા!) અહીંયાં એ કહે છે. ઝીણી વાત છે ભાઈ!

(કહે છે:) આ પ્રભુ (આત્મા) પૂરણ આનંદ ને પૂરણ પ્રભુ અખંડાનંદ પ્રભુ દ્રવ્ય, એની દૃષ્ટિ થતાં, એ દૃષ્ટિની પર્યાય, એ દ્રવ્યને સિદ્ધ કરે છે, દ્રવ્યને નમે છે. આહા..હા..હા! એ 'વ્યય' છે એ પણ દ્રવ્યને સિદ્ધ કરે છે. ભલે (એ પર્યાય) વ્યય થઈ પણ તે 'સત્' હતું ને...! **''ઉત્પાદવ્યય-ધ્રૌવ્યયુક્તં સત્''** છે ને..! ''વ્યય'' પણ સત્ છે. એ પૂર્વની અવસ્થા ''વ્યય'' થઈ એ પણ દ્રવ્યને સિદ્ધ કરે છે. ''વ્યય'' કર્તા-કરણ-સાધન ને અધિકરણથી દ્રવ્યને સિદ્ધ કરે છે. આહા...હા...! એમ પણ ઉત્પાદની પર્યાય કર્તા થઈને, સાધન થઈને, અધિકરણ થઈ ને દ્રવ્યને સિદ્ધ કરે છે. તેમ પ્રગટ પર્યાય ગઈ (દ્રવ્યમાં) એ ''વ્યય'ની પર્યાય પણ દ્રવ્યને સિદ્ધ કરે છે. આહા.....હા...! એ વ્યય કર્તા, 'વ્યય' સાધન, 'વ્યય' અધિકરણ (એટલે) આધાર એ પણ દ્રવ્યને સિદ્ધ કરે છે. ત્રણ બોલ કર્તા-કરણ-અધિકરણ, છ કારકમાં (અહીંયાં એ) ત્રણ લીધા છે, (અને) અહીંયાં કર્મકારક, સંપ્રદાનકારક અને અપાદાનકારક નથી લીધા. બાકી અહીંયા તો ઓલા-પર્યાયોથી દ્રવ્યને સિદ્ધ કરવાની વાત છે ને...! નહિતર તો પર્યાય જે છે એ ષટ્કારકપણે પરિણમતી ઉત્પન્ન થાય છે. પણ અહીંયાં તો પર્યાયથી'દ્રવ્ય' સિદ્ધ કરવું છે. આહા..હા..હા..!

આહા..હા! સમ્યગ્દર્શનની પર્યાય, ઉત્પાદ છે, અને એ પર્યાય, દ્રવ્યની કર્તા, દ્રવ્યનું કરણ અને દ્રવ્યનું અધિકરણ છે. (અર્થાત્) એ સમકિતની પર્યાય, દ્રવ્યની કર્તા, દ્રવ્યનું કરણ અને દ્રવ્યનું અધિકરણ છે. એમાં એક ન્યાય ફરે તો આખું તત્ત્વ ફરી જાય. સમજાય છે કાંઈ?

(અહીંયાં કહે છે કે:) **''કર્તા-કરણ-અધિકરણરૂપે'** દેખો, કોણ? ઉત્પાદ-વ્યયને ધ્રુવ. આહા..હા! **'દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો વડે જેની નિષ્પત્તિ થાય છે.'** આહા..હા! 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તમ્ સત્' એ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે દ્રવ્યની સિદ્ધિ થાય છે. દ્રવ્ય ત્યારે તેના લક્ષમાં આવે છે. અહીંયાં આત્મા ઉપર ઉતાર્યું છે એટલા માટે (કહ્યું લક્ષમાં આવે છે) બીજામાં (એટલે) બીજા દ્રવ્યોને કાંઈ લક્ષમાં આવે, એવું નથી. (આત્મદ્રવ્ય સિવાય) બીજા અન્ય પાંચ દ્રવ્યમાં તો તેની પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવ તેમ સિદ્ધ કરે એટલું બસ. પણ (એ પર્યાયો) દ્રવ્યને સિદ્ધ કરે છે એ જાણનાર છે આત્મા. શું કહ્યું એ? કે: બીજા અનંતા દ્રવ્યો જે જડ છે, એના ઉત્પાદ-વ્યય ને ધ્રૌવ્ય (જે કર્તા-કરણ-સાધન-અધિકરણ દ્રવ્યના છે) એ કાંઈ એ (જડ) દ્રવ્ય જાણે છે? એનું દ્રવ્ય જાણે છે? એ જડ (પર્યાય) જાણે છે? એ જાણનાર તો ભગવાન જ્ઞાન છે. એ જ્ઞાન એમ જાણે છે કે ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય, કર્તા-કરણ ને અધિકરણ એ દ્રવ્યનું છે. એમ જ્ઞાન જાણે છે. એમ પોતાનું જ્ઞાન પણ વર્તમાનપર્યાય જે પ્રગટ છે સમકિતની-જ્ઞાનની શાંતિની વગેરે, એ પર્યાય ઉત્પાદ છે એ કર્તા-સાધન-કરણ અને અધિકરણ દ્રવ્યનું છે. આહા..હા!હા! **(શ્રોતા:)** મિથ્યાત્વના વ્યયથી દ્રવ્ય સિદ્ધ થાય ને...! **(ઉત્તર:)** ઉત્પાદ-વ્યય ને ધ્રુવથી દ્રવ્ય સિદ્ધ થાય છે. મિથ્યાત્વનો વ્યય થાય છે, સમકિતની ઉત્પત્તિ અને દ્રવ્ય ધ્રુવપણે રહ્યું. એ ત્રણેય દ્રવ્યને સિદ્ધ કરે છે. ઠીક પૂછયું એણે. એમ કે વ્યય મિથ્યાત્વને છે ને...! મિથ્યાત્વનો વ્યય, સમકિતની ઉત્પત્તિ, પ્રગટ પર્યાયની ઉત્પત્તિ અને પ્રગટપર્યાય હતી તેનો વ્યય, ધ્રુવનું ધ્રુવપણું એનો ભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

-એ ત્રણેય કર્તા-કરણ-અધિકરણ દ્રવ્યને સિદ્ધ કરે છે. આહા..હા! ઝીણું-ઝીણું!! વાણિયાને ધંધા આડે નવરાશ ન મળે! (તત્ત્વ સમજવાની) એ ભાઈ! **(શ્રોતા:)** એનાથી દ્રવ્ય સિદ્ધ થાય છે, ઉત્પાદ-વ્યય-ધ્રુવથી દ્રવ્ય સિદ્ધ થાય છે. **(ઉત્તર:)** હા..!હા..!હા...! એ દ્રવ્ય સિદ્ધ થાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ (પણ) સિદ્ધ થાય છે. દ્રવ્યથી ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ થાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવથી દ્રવ્ય સિદ્ધ થાય છે. પહેલો અધિકાર ચાલ્યો ને...! (એમાં) દ્રવ્યથી ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ થાય છે એમ કીધું. પછી અહીંયા આ ટીકામાં હવે કહે છે: ઉત્પાદ-વ્યય-ધ્રુવથી, ઉત્પાદ-વ્યય-ધ્રુવ-કર્તા-કરણ અધિકરણ (રૂપે) દ્રવ્ય સિદ્ધ થાય છે, કર્તાનું કાર્ય દેખાય છે ભલે કરણ લીધું નથી પણ એ કર્તા દ્રવ્યને સિદ્ધ કરે છે. આહા! બહુ ઝીણી વાત છે!

(કહે છે કે:) સમ્યગ્દર્શન થતાં, એ પર્યાયનો ઉત્પાદ અને મિથ્યાત્વનો વ્યય અને કાયમ રહેનાર એનો ધ્રુવપણાનો ભાવ-ધ્રૌવ્યભાવ એ કર્તા-કરણ-અધિકરણ (રૂપે) દ્રવ્યને સાબિત કરે છે. આહા..હા! જેને ઉત્પાદનો પર્યાય પ્રગટ નથી તેને દ્રવ્ય સિદ્ધ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? વેદાંત જેવી માન્યતા થઈ ગઈ. જેને પ્રગટ પર્યાય થઈ, એક સમયની પર્યાય પ્રગટ છે, એ (જે) પર્યાય પ્રગટ છે એ સિદ્ધ કરે છે, જો પર્યાય પ્રગટ ન હોય તો દ્રવ્યને સિદ્ધ કરે કોણ? આહા..હા! સમજાણું કાંઈ? **'કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને.'** દ્રવ્યના 'સ્વરૂપને' ધારણ કરીને, ઉત્પાદ-વ્યયે દ્રવ્યના સ્વરૂપને ધારણ કર્યું. આહા...હા... ધ્રૌવ્યે દ્રવ્યના સ્વરૂપને ધારણ કર્યું. ધ્રૌવ્યથી દ્રવ્યના ધ્રુવસ્વરૂપને ધારણ કર્યું. આહા...હા...! અંતરની વાતું ઝીણી બાપુ બહુ..! આહા...હા...! કેટલી...! અમૃતચંદ્રાચાર્ય..! ગાથામાંથી ટીકા આવી કાઢી. આહા...હા..હા... કે કુંદકુંદાચાર્યને આમ કહેવું છે. અને ભગવાન પાસેથી આ સાંભળ્યું છે..! ભગવાન પાસે આ સાંભળ્યું છે. (વળી) કુંદકુંદાચાર્યના શ્લોકમાં આ છે. આ એની ટીકા કરીને દ્રવ્ય દુહે છે. આ એનો ભાવ છે. આહા...હા...

(કહે છે કે:) એવું સાંભળ્યું હોય. ઉત્પાદ કર્તા ને દ્રવ્ય તેનું (કાર્ય) (એટલે કે) કર્તા ઉત્પાદ ને દ્રવ્ય એનું કાર્ય. આહા...હા... **(શ્રોતા:)** ઉત્પાદ ન હોય તો...! **(ઉત્તર:)** પણ પર્યાય ન હોય તો 'દ્રવ્ય છે' એમ જાણ્યું કોણે..? આત્મામાં છે એમ. બીજાને છે એમ એને જાણવાનું નથી. બીજાનું તો અસ્તિત્વ છે જ એ ઉત્પાદ એનો કર્તા ને દ્રવ્ય એનું કાર્ય. એવું આ જ્ઞાન જાણે. એટલે કહે છે કે આ જે પર્યાય ઉત્પન્ન થાય છે, એ પર્યાય એના પરમાણુને સિદ્ધ કરે છે. એને જ્ઞાન જાણે છે. શું કીધું સમજાણું..? આ ભાષા બોલાય છે. એ ભાષાની પર્યાય છે, એ ઉત્પાદ છે. પૂર્વની વર્ગણાનો વ્યય છે. ગુણ ધ્રુવ છે. એ ભાષાના ઉત્પાદ-વ્યય ને ધ્રૌવ્ય એ પરમાણુદ્રવ્યને સિદ્ધ કરે છે. એમ જાણે છે કોણ..? ....''જ્ઞાન'' એ શબ્દ-ભાષાને તો ખબરે ય નથી )કે અમે શું છીએ..?) વસ્તુનું સ્વરૂપ આમ છે. પણ એનું જ્ઞાન કોને છે..? જ્ઞાન જાણે. આહા...હા...! એટલે આ પર્યાય જે ઉત્પન્ન થાય છે. એ પર્યાય એના પરમાણુ(દ્રવ્ય)ને સિદ્ધ કરે છે. એને જ્ઞાન જાણે છે. આહા...હા...આ વ્રત કરોને... ભક્તિ કરોને... પૂજા કરો...ને ઉપવાસ કરો ને...!! વખત (એળે ગાળ્યો).

આહા...હા... અહીંયાં તો બીજું લીધું છે ભાઈ..! પહેલાં ટીકામાં લીધું છે ને...! અસ્તિત્વ ધર્મ વિભાવ રૂપે પરિણમતો નથી. વળી અસ્તિત્વને વિભાવ શું પણ..? (અસ્તિત્વ એટલે) 'છે' તો એ 'છે' વિકૃત થઈ જાય, વિભાવ થઈ જાય..? છે ને..? પહેલાં (ટીકામાં) આવી ગ્યું છે ને...! કયાં આવ્યું છે. જુઓ,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ટીકાની શરૂઆતમાં **''અસ્તિત્વ ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે. અને તે (અસ્તિત્વ) અન્ય સાધનથી નિરપેક્ષ હોવાને લીધે અનાદિ-અનંત હોવાથી તથા અહેતુક એકરૂપ વૃત્તિએ સદાય પ્રવર્તતું હોવાને લીધે 'વિભાવધર્મ'થી વિલક્ષણ હોવાથી.''** અસ્તિત્વ છે...છે' એમાં વિભાવ શું આવે...? અસ્તિત્વમાં વિભાવ આવે તો વિપરીત થઈ જાય, તો અસ્તિત્વ વિપરીત થઈ જાય..? એટલે અસ્તિત્વ 'નથી' એમ થઈ જાય...? શું કીધું ઈ...? અસ્તિત્વ નામનો જે ગુણ છે, એ વિભાવ રૂપે થતો નથી. 'છે' એને વિભાવરૂપે થવું એટલે શું..? 'છે' એને વિપરીતરૂપે થવાય..? 'છે' નું 'નથી' થઈ જાય..? આહા..હા..! બીજા ગુણો હીણી (અવસ્થા) રૂપે પરિણમે, પણ આ અસ્તિત્વ નામનો ગુણ છે એ 'છે' એ વિભાવ કે 'નથી' એમ થાય...? વિભાવનો અર્થ તો એ થ્યો કે 'છે' એ ઘટી ગ્યું. 'છે' એમાં ઘટે શું..? ને વધે શું..? આહા...હા...!

હવે, ઓલા માળા' ઈન્દોરવાળા પંડિતો ભેગા થઈને એમ કહેતા'તા કે: 'એક દ્રવ્યની પર્યાય, બીજા દ્રવ્ય ન કરે' એમ ન માને તો દિગંબર નહીં, વાહ રે પ્રભુ શું કહેવું છે ભાઈ...! એવો વિરોધ કરવા ખાતર આવું થાય..! આહા..હા..હા....! હજી એમ કહે કે વ્યવહારથી નિશ્ચય છે એમ માનતા નથી, નિમિત્તને બિલકુલ કર્તા માનતા નથી, એમ કહે એ વાત બરાબર છે. નિમિત્ત છે એમ માને પણ નિમિત્ત (કંઈ કરે નહીં) તો નિમિત્ત નકામું ગ્યું. તો નિમિત્ત કહે છે શું કરવા...? પણ એતો વસ્તુ છે બીજી. બીજી ચીજ છે એ બીજી ચીજ અહીં કાંઈ કરે છે, એના ઉત્પાદને (પણ) એ ઉત્પાદ તો (એનું) દ્રવ્ય કરે છે. અને એના ઉત્પાદથી તો દ્રવ્યની સિદ્ધિ છે. નિમિત્તના ઉત્પાદથી દ્રવ્યની સિદ્ધિ છે..? (કદી ન હોય.) આહા..હા.. આવું છે. ભાષા તો સાદી છે, પ્રભુ..! ધીમે ધીમે સમજાય એવું છે. ન સમજાય એવું નથી. એ ભાઈ..! બાને ઠીક છે હમણાં, આ મહિનો થ્યો..! વૈશાખ શુદ અગિયારસે આવ્યા છે ને..! મહિનો થ્યો. આહા..હા.. ઓલાને બાર મહિના થ્યા, નાઈરોબીમાં, મંદિરનું મુહૂર્ત..! જેઠ શુદ-૧૧ થ્યું છે ત્યાં. પંદર લાખ (ખર્ચીને) દિગંબર મંદિર (બને છે) આફ્રિકામાં દિગંબર જૈન મંદિર કોઈ દી' બે હજાર વરસ થયાં ન હોતું. **(શ્રોતા:)** અનાદિકાળથી હોય છે..! **(ઉત્તર:)** બીજે, ત્યાં દેશ હોય છે ત્યાં હોય છે. પણ અત્યારે અત્યારે (બને છે) બાકી બધું હોય તો બધા દેશમાં હતું પણ અત્યારે તો આ સ્થિતિ છે. અનાર્ય જેવો દેશ થઈ ગ્યો...આહા...હા....!

(અહીયાં કહેછે કે:) **'' કર્તા-કરણ-અધિકરણ રૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને,''** આહા..હા..હા.**''પ્રવર્તતા ઉત્પાદ-વ્યય ધ્રૌવ્યો વડે જેની નિષ્પત્તિ થાયછે.** (કોની નિષ્પત્તિ..?) દ્રવ્યની. **''એવા દ્રવ્યનું, મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું.''** આહા... હા... જોયું, 'મૂળસાધન'શબ્દ અહીંયા વાપર્યો. ઓલા માં નહોતો વાપર્યો કે શેમાં? કે દ્રવ્યથી-ઉત્પાદ-વ્યય-ધ્રુવ થાય ત્યાં મૂળસાધન તરીકે નહોતું. કારણ કે તેમાં દ્રવ્યનું અસ્તિત્વ તો છે ઉત્પાદ-વ્યય-ધ્રુવપણે કરેછે. (ત્યાં ટીકામાં આમ છે **''કર્તા-કરણ-અધિકરણ રુપે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા દ્રવ્યના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે.)** અહીંયાં 'મૂળસાધનપણે' શબ્દ વાપર્યો છે. કારણ કે સાધન આ છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી દ્રવ્ય છે એ સાધન છે. (મૂળસાધનપણે' ઓલામાં શબ્દ નહોતો. દ્રવ્ય જે છે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપણે થાય (ત્યાં) મૂળસાધનપણે એમ નહોતું. ન્યાય સમજાય છે આમાં? આંહી એ સાધન કહ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે ઉત્પાદ-વ્યય-ને ધ્રૌવ્યને સિદ્ધ કરવાનું સાધન છે. આહા...હા...! આચાર્યે પણ ગજબ કર્યો છે ને...!આ...હા...એ વાત થઈ ચૂકેલી છે વંચાઈ ગ્યુ ત્યારે **"મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વછે."** વસ્તુ છે તેનું હોવાપણું એનું મૂળસાધન ઉત્પાદ-વ્યય ને ધ્રૌવ્ય છે. આહા...હા..હા.. એનાથી સિદ્ધ થાય છે તે દ્રવ્ય! 'મૂળસાધન' તો એ છે. હવે એ પર્યાયને ન માને (એને) મૂળસાધન તો રહે નહિ! હેં ! આહા..હા..હા...! દ્રવ્યને સિદ્ધ કરવા (એટલે) દ્રવ્યનો અનુભવ કરવા માટે પર્યાય પ્રગટ છે. એ નથી તો તો એ રહ્યું નહી એ લોકો તો (વેદાંત) એમ કહે છે ને... આત્માનો અનુભવ એ શું વળી, તો તો દ્વૈત થઈ ગયુ! આત્માનો અનુભવ શું? આત્મા છે બસ! પણ અહીંયાં તો કહે છે કે 'છે' એનો જે અનુભવ થાય પર્યાયમાં ત્યારે 'છે' એવું ખ્યાલમાં આવે. કારણ પરમાત્મા છે આહા...હા..!(કોણ?) ભગવાન ત્રિકાળી આનંદનો નાથ, સચ્ચિદાનંદ પ્રભુ! સનાતન સત્ય ધ્રુવ છે. એનું એ તરફ ધ્યાન ગયા વિના, તે તરફ શ્રદ્ધા ગયા વિના આ કારણ પરમાત્માં નિત્ય ધ્રુવ છે એ કોણ નકકી કરે? (એ જ્ઞાન -શ્રદ્ધા-ધ્યાનની પર્યાય નકકી કરે છે) **'લાખ બાતકી બાત યહૈ, નિશ્ચય ઉર લાઓ; તોરી સકલ જગ દંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ'** ('છહ ઢાળા'-ચોથી ઢાળ-૯.) આહા...હા...હા...!

(કહે છે;) ભગવાન આત્મા પૂરણ સ્વરૂપ છે. દ્રવ્ય સ્વરૂપ પૂરણ છે. એને પર્યાય સિદ્ધ કરે છે. પર્યાય થી તેની ઉત્પત્તિ દ્રવ્યની થાય છે. સિદ્ધ કરે છે એટલે ઉત્પત્તિ (કરે છે) દ્રવ્ય તો છે જ. શ્રીમદે કહ્યું છે ને....! (છપદના પત્રમાં ) ......'શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, વિચાર દશાએ કેવળજ્ઞાન થયુ છે; ઈચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે. મુખ્યનયના હેતુથી કેવળજ્ઞાન વર્ત્તે છે....શ્રદ્ધા થતાં કેવળજ્ઞાન થયું એટલે કેવળજ્ઞાન તો હતું જ પણ શ્રદ્ધા થઈ ત્યારે 'કેવળજ્ઞાન છે' એમ આસ્થા આવી. આહા.....હા...! **"એવા દ્રવ્યનુ-મૂળસાધનપણે"** એમાં (ટીકામા ત્રણ બોલમાં ) કરણમાં (એટલે) સાધન તો આવ્યુ' તું. શું કીધુ? કાંઈ સમજાણું.? કર્તા-કરણ-અધિકરણ કહ્યું તેમાં સાધન તો આવ્યુ' તું. છતાં વિશેષ આ સાધન કે જે દ્રવ્ય છે તે ઉત્પાદ -વ્યય-ધ્રૌવ્યનું કર્તા-કરણ ને સાધન અને અધિકરણ છે, એ કરતાં (વિશેષ) ઉત્પાદ-વ્યય-ને ધ્રૌવ્ય એ દ્રવ્યનું સાધન છે એ મૂળસાધન છે. આહા...હા...!**(શ્રોતા;)** એને ખબર પડે નહી કંઈ ....!**(ઉત્તર)** એને બધી ખબર પડે, કે દ્રવ્યને ખબર પડે છે કાંઈ..? આહા...હા...હા...! આવી વાતું હવે કયાં આમાં! એ ભાઈ! આવું તત્ત્વ ઝીણું લ્યો. ઓલુ તો ભકિત કરો, વ્રત કરો. ભગવાનની પૂજા કરો. રથ કાઢો..... પંચ કલ્યાણક કરો. અરે કાઈ એમાં, કરો...કરો તો મિથ્યાત્વ છે સાંભળને. કરવાની બુદ્ધિ એ જ મિથ્યાત્વ છે. અર...ર..! ત્યારે તો....! ગજબ વાત બાપુ! ભાવ હોય શુભ! કે આવું હોય ઈ. પણ એ શુભભાવ વિકૃત છે. એનાથી આત્માની સિદ્ધિ ન થાય. આ 'આત્મા આવો છે' એમ એ વિકૃત (અવસ્થાથી) ન થાય. એનો અવિકૃતસ્વભાવ જે નિર્મળ (છે) એની શ્રદ્ધા જ્ઞાન શાંતિ આદિની જે નિર્મળપર્યાય, તેનાથી દ્રવ્યનું ભાન થાય, તેથી તેને 'મૂળસાધન' ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને કીધુ. આહા...હા...હા....હા....! ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તે દ્રવ્ય છે ત્યાં તેને મૂળસાધન ન કહ્યું ભાઈ! શું કહ્યું? કે દ્રવ્ય-વસ્તુ છે એ ગુણ, પર્યાયનાં કર્તા-કરણ-અધિકરણ-સાધન છે એમ (પહેલા) આવી ગયું છે ને...! પણ 'મૂળસાધન' ત્યાં શબ્દ વાપર્યો નથી. **(શ્રોતા)** ત્યાં કરણ કહ્યું છે પણ 'મૂળસાધન' કહ્યું નથી....**(ઉત્તર;)** હા... સાધન-કરણ તો આવી ગયું છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ અહીયાં 'મૂળસાધન' કહ્યું (અહીયાં) કર્ત્તા કીધુ છે, ઉત્પાદ-વ્યયને ધ્રૌવ્ય તે દ્રવ્યનું કર્તા, દ્રવ્યનુ સ્વરૂપ ધારણ કરે છે. દ્રવ્યનાં સ્વરૂપને જણાવે છે એ આથી ઉત્પાદ-વ્યય ધ્રૌવ્યથી જણાવે છે. તેથી તે 'મૂળસાધન' છે. આહા...હા...હા...હા...!

(કહે છે કે;) જો ઉત્પાદ-વ્યયની પર્યાય ન હોય તો, કાર્ય શેમાં થાય છે? અને એ કાર્યમાં આની (દ્રવ્યની) સિદ્ધિ થાયછે. આહા...હા...! ત્રિકાળી ભગવાન ચિદાનંદ બિરાજે છે, ભગવાન પૂરણ સ્વરૂપે બિરાજે છે, અનંત-અનંત ગુણના પૂર્ણ (પિંડ) રૂપે દ્રવ્ય પ્રભુ બિરાજે છે, જેને કારણ પરમાત્મા કહો, પંચમભાવ કહો, જ્ઞાયક કહો, ભૂતાર્થ કહો, (સંદેશ અસ્તિત્વ કહો. ) (એકાર્થ છે.) આહા...હા...! એને-દ્રવ્યને, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય (સિદ્ધ કરે છે) (કોને..?) આત્મા ને, આપણે આત્મામાં ઉતારવું છે. હોં! બીજા જડ- અનંતા દ્રવ્યો છે. પણ એ બીજા કાંઈ જાણે છે? 'મૂળસાધન' આ દ્રવ્યનું છે, એ બીજા જડ-દ્રવ્યો (કાંઈ) જાણે છે? જો કે જડને માટે સાધન તો આ જ છે. ઉત્પાદ વ્યય ને ધ્રૌવ્ય તે દ્રવ્યની સિદ્ધિ કરવાનું સાધન છે. પણ એને (જડને) કયાં ખબર છે? ખબર કરનાર તો ભગવાન આત્મા છે. આહા.! (આત્મા જાણે છે કે) મારું દ્રવ્ય તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી છે અને બીજાના દ્રવ્ય એના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી છે. આહા...હા...! હવે આવી વાતું હોય સોનગઢની (લોકો કહેછે) એકાંત છે ને આ છે, બિચારા કહે..! ખબર ન મળે તત્ત્વની, આહા....! જિંદગી ચાલી જાયછે બાપા! આહા! અરે! અનાદિ-અનંત કાળમાં-વચ્ચમાં આવ્યો એક (મનુષ્યનો) ભવ (પણ) ભવના અભાવ કરવા માટેનો આ ભવ છે. આ તો. આહા....હા...હા...હા...!!! **(શ્રોતા)** તોજ ભવ સફળ થયો કાંઈ કહેવાય..? **(ઉત્તર;)** ત્યારે તેને મનુષ્ય કહેવાય. 'જ્ઞાયક ઈતિ મનુષ્ય;' મનુષ્ય એને કહીયે કે જે જાણવાનું. કાર્ય કરે. આહ..હા..! આ કોને જાણવાનું કાર્ય કરે? કે (આત્મ) દ્રવ્યને (બીજાને નહિ) અને તે ઉત્પન્ન થઈ જે જ્ઞાન,દર્શન,શાંતિ આદિની પર્યાય, એ 'મૂળસાધન' (આત્મ) દ્રવ્યને સિદ્ધ કરવાનું (સાધન) છે, આહા...હા...હા...! આમાં કાંઈકિ'ય ફેર પડે તો આખા તત્ત્વનો ગોટો ઊઠે.(એટલે કે આત્મા ન જણાય.) સમજાણું કાંઈ. ?

(અહીંયાં કહેછે કે;) **"મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું."** એટલે ઉત્પાદ વ્યય ને ધ્રૌવ્ય થી-મૂળસાધન થી દ્રવ્ય નિષ્પન્ન થતું **"જે અસ્તિત્વ છે, ત્તે સ્વભાવ છે."** અસ્તિત્વ (જે છે) તે દ્રવ્યનો સ્વભાવ છે." **(ઉત્પાદોથી, વ્યયોથી અને ધ્રૌવ્યોથી ભિન્ન નહિ જોવામાં આવતા દ્રવ્યનું અસ્તિત્વ તે ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોનું જ અસ્તિત્વ છે.? ધ્રૌવ્યોનુ અસ્તિત્વ છે,** જોયું..? ધ્રૌવ્યોનું અસ્તિત્વ છે, ધ્રુવનું નહીં ધ્રુવપણું છે તે દ્રવ્યને સિદ્ધ કરે છે. આહા...હા...હા...! 'ધ્રુવપણું' છે તે દ્રવ્ય ને સિદ્ધ કરેછે, આહા...હા... આવી વાત..! **"કારણ કે દ્રવ્યના સ્વરૂપને ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો જ ધારણ કરતાં હોવાથી"** આહા..હા...હા...! ધ્રૌવ્ય હો? ધ્રુવ નહીં. **" ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોના અસ્તિત્વથી જ દ્રવ્યની નિષ્પત્તિ થાય છે."** આહા...હા...હા..હા..! શું પણ થોડા શબ્દોમાં..! (તત્ત્વનું પૂર્ણ સ્વરૂપ..!) સંતોએ જગતને, દ્રવ્યની પ્રસિદ્ધિ, 'મૂળસાધન' તરીકે કહી (છે) આહા...હા...! એમ આત્મામાં પણ ગુણો સમ્યગ્દર્શન, જ્ઞાન આદિની પર્યાય અને મિથ્યાત્વની (પર્યાય) નો વ્યય, એ એની (પર્યાય જે) ઉત્પન્ન થઈ એ (આત્મ) દ્રવ્યનાં 'મૂળસાધન' ત્તરીકે પ્રસિદ્ધિ કરે છે. 'છે' એની પ્રાપ્તિ,'છે' એનો નિર્ણય ('છે 'એની સિદ્ધિ) એ કરે છે. 'છે' એનો નિર્ણય, ઉત્પાદ-વ્યય ને ધ્રૌવ્ય કરે. આહા...હા...હા...! સમજાણું કાંઈ? થોડુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ફેર-ફેર વાંચીએ ઝીણું પડે તો..! રાત્રે કોઈ પ્રશ્ન કરતા નથી..! આહા...હા..હા..!

**"ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો ન હોય તો દ્રવ્ય પણ ન હોય."** આહા...હા..! પ્રગટ પર્યાય જો ન હોય, તો દ્રવ્ય જ ન હોય. આહા...હા...! **"આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે."**

**ભાવાર્થ;- "અસ્તિત્વને અને દ્રવ્યને પ્રદેશભેદ નથી."** અસ્તિત્વ નામ 'છે.' એવા ભાવને અને દ્રવ્ય ને પ્રદેશભેદ નથી. તે અસ્તિત્વ અને દ્રવ્ય એકજ પ્રદેશ છે. **"વળી તે અસ્તિત્વ અનાદિ-અનંત છે"** આવી ગ્યું છે ને પહેલા આવી ગ્યું છે ને....? (ટીકાની) શરૂઆતમાં છે. જુઓ, (બીજી લીટી) **"નિરપેક્ષ હોવાને લીધે અનાદિ-અનંત હોવાથી"** છે ને...! **"તથા અહેતુક "** અનાદિ-અનંત છે તેને હેતુ કોણ..? આહા...હા... વળી એને ઉત્પાદ-વ્યય ને ધ્રૌવ્ય સાધન (હેતુ) કહ્યું! પણ એ તો 'મૂળસાધન' પણે છે' આહા...હા...હા...! કેટલું લોજીક નાખ્યું છે. ન્યાયથી (કહ્યું છે પણ) માણસો મધ્યસ્થ થઈને (સમજતા નથી કે) શાસ્ત્રનો આશય શું છે! એ કાઢે ! સમજે નહીં ને આડાઅવળા ગોટા કરીને અર્થ ઊભા કરે. આહા...હા..! એ સોનગઢનો સિદ્ધાંત એકાંત છે. એકાંત છે, એકાંત છે એમ કહેવાનુ જૈનધર્મમાં બહુ સહેલું થઈ ગયું! અરે ભગવાન બાપુ. તારુ એકાંત તું કહેવા જઈશ? નિર્મળ પર્યાય તે દ્રવ્યને પહોચે! એ તો આપણે આવી ગયું ને.....! નિર્મળ પર્યાય તેને-દ્રવ્યને પકડે છે. રાગ ત્યાં છે માટે તે સાધન નથી. એમ આવી ગયુ છે પહેલાં આમાં. ભગવાન મહાપ્રભુ! એક સમયના પરમાત્મસ્વરૂપે જ પ્રભુ છે. પરમાત્મ સ્વભાવ એનો હીણો ઓછો અધિક છે નહિ. એનું સિદ્ધપણું-તેની સમ્યગ્દર્શનની પર્યાય, જ્ઞાનની પર્યાયમાં- જે અનાદિ અનંત છે એમ (દ્રવ્ય) સિદ્ધ થાય છે. અહીયાં તો અસ્તિત્વગુણની વાત કરી છે પણ આ તો આત્મા ઉપર (ઉતાર્યુ છે ) **"અહેતુક એકરૂપ પરિણતિએ સદાય પરિણમતું હોવાને લીધે"**જોયું ? પરિણતિએ પરિણમતું હોવાને લીધે (એટલે પર્યાય ) એમ પણ ધ્રુવદ્રવ્ય એમ નહીં" **એક રૂપ પરિણતિએ સદાય પરિણમતું હોવાને લીધે"** એકરૂપ પરિણતિએ સદાય પરિણમતું હોવાથી-છે... છે... છે... છે... છે...છે...છે...એ રીતે જ સદાય પરિણમે છે, પર્યાયમાં પણ, અંશરૂપે (છે ) પણ એ દ્રવ્ય, ગુણ ને પર્યાય એક જ છે બધું આહા...હા...હા...હા...!ભાઈ, અમારે ધરમ કરવો જોઈએ; આ વાતને શું? બાપુ, ધરમ કરવો હોય ત્યારે (તો સમજવુ પડશે કે) ધરમ કરનાર કોણ? એ પર્યાય છે કે દ્રવ્ય? અને કયા દ્રવ્યને આશ્રયે એ પર્યાય થાય? એની ખબર ય નહીં ને ધરમ થાય કયાંથી તને? **(શ્રોતા)** ધરમ પોતે જ પર્યાય છે....! **(ઉત્તર)** પર્યાય (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે) પરિણમે છે એ ધરમ છે, પણ એ પરિણમે છે એ સમ્યગ્દર્શન (પર્યાય) દ્રવ્યને સિદ્ધ કરે છે, કે આ અંશ છે એ આખા દ્રવ્યનો છે. આહા...હા...હા...હા...!! **"એકરૂપ પરિણતિએ સદાય પરિણમતું હોવાને લીધે વિભાવધર્મથી પણ ભિન્ન પ્રકારનું છે "** અસ્તિત્વગુણ છે એમાં વિભાવ શો? 'છે' એમાં વિભાવ શું..? વિભાવ બે પ્રકારનો 'છે' એમાંથી 'નથી' એમ થાય તો વિભાવ થાય પણ 'નથી' એમ થાય કયાંથી એમાં ?આહા..હા...હા.. અસ્તિત્વગુણ પણ વિભાવધર્મથી ભિન્ન પ્રકારનો' છે. **"આમ હોવાથી અસ્તિત્વ દ્રવ્યનો સ્વભાવ જ છે."** આહા...હા...હા...! **" ગુણ-પર્યાયોનું અને દ્રવ્યનું અસ્તિત્વ ભિન્ન નથી, એકજ છે ; કારણ કે ગુણ-પર્યાયો દ્રવ્યથી જ નિષ્પન્ન થાય છે, અને દ્રવ્ય 'ગુણ-પર્યાયોથી જ ' નિષ્પન્ન થાયછે "** 'દ્રવ્ય' ગુણ પર્યાયોથી જ નિષ્પન્ન થાયછે. શું કીધુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઈ ? ગુણ-પર્યાયોનું અને દ્રવ્યનું અસ્તિત્વ જુદું નથી. કારણ કે ગુણ-પર્યાયો દ્રવ્યથી જ નિષ્પન્ન થાયછે. એક વાત. અને દ્રવ્ય ગુણ-પર્યાયોથી જ નિષ્પન્ન થાયછે. બીજી વાત સંયુકત કર્યું! સંયુકત જ છે. ''**વળી એવી જ રીતે ઉત્પાદ વ્યય-ધ્રૌવ્યનું અને દ્રવ્યનું અસ્તિત્વ પણ એકજ છે.**'' આહા...! ઉત્પાદ -વ્યય-ધ્રૌવ્યોનું ને દ્રવ્યનું હોવાપણું એક જ છે. ''**કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો દ્રવ્યથી જ નીપજે છે.**'' **અને** '' **દ્રવ્ય ઉત્પાદ વ્યય-ધ્રૌવ્યોથી નીપજે છે.** આહા..હા...હા...!તત્ત્વજ્ઞાન ઝીણું ! વીતરાગનું તત્વજ્ઞાન બાપુ ઝીણું બહુ ! સર્વજ્ઞ પરમેશ્વરે જેવું જોયું છે (ને) જેવું સ્વરૂપ છે તેવું કહયું છે . એણે કર્યું નથી કાંઈ કોઈ બીજા દ્રવ્યનું (જેને) કહ્યું છે એનું ય કર્યું નથી. આહા...હા...હા...! એમ ભાષા પણ એણે કરી નથી. આહા..હા..! છતાં એમ કહેવાય કે એમણે જેવું જાણ્યું એવુ કહ્યું કહેનારની ભાષાની પર્યાય, તો જડને (પરમાણુ દ્રવ્યને) સિદ્ધ કરેછે. એ કાંઈ ભગવાનને સિદ્ધ નથી કરતી કે આ ભગવાનની ભાષા છે..! ભાષાના ગુણ પર્યાય, ભાષાના પરમાણુને સિદ્ધ કરેછે. ભાષાના ઉત્પાદ-વ્યય ને ધ્રૌવ્ય, ભાષાના પરમાણુ ને સિદ્ધ કરેછે. આહા...હા...! આવું છે! ''**આ પ્રમાણે સ્વરૂપ-અસ્તિત્વનું નિરૂપણ થયું.**'' સ્વરૂપ અસ્તિત્વ એટલે પોતાના સ્વરૂપે એક-એક વસ્તુ છે એમ નકકી કર્યું.

**વિશેષ આવશે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે આ (નીચે પ્રમાણે ) સાદશ્ય- અસ્તિત્વનું કથન છે;-

**इह विविहलक्खणाणं लक्खणमेगं सदिति सव्वगयं।**
**उवदिसदा खलु धम्मं जिणवरवसहेण पण्णत्तं ॥९७॥**

**इह विविधलक्षणानां लक्षणमेकं सदिति सर्वगतम्।**
**उपदिशता खलु धर्मं जिनवरवृषभेण प्रज्ञप्तम् ॥९७॥**

**વિધવિધ લક્ષણીનું સરવ-ગત 'સત્ત્વ' લક્ષણ એક છે,**
**-એ ધર્મને ઉપદેશતા જિનવરવૃષભ નિર્દિષ્ટ છે. ૯૭.**

ગાથા ૯૭

**અન્વયાર્થ ;-** (धर्मं) ધર્મને (खलु) ખરેખર (उपदिशता) ઉપદેશતા (जिनवरवृषभेण) [1]જિનવર વૃષભે (इह) આ વિશ્વમાં (विविधलक्षणानां) વિવિધલક્ષણવાળાં (ભિન્ન-ભિન્ન સ્વરૂપ અસ્તિત્વવાળાં સર્વ) દ્રવ્યોનું., (सत् इति) 'સત્' એવું(सर्वगतं)[2]. સર્વગત (लक्षणं)લક્ષણ (સાદશ્ય-અસ્તિત્વ ) (एकं) એક (प्रज्ञप्तम्) કહ્યું છે.

**ટીકા ;-** આ વિશ્વમાં, વિચિત્રતાને વિસ્તારતા (વિવિધપણું-અનેકપણું દર્શાવતા) અન્ય દ્રવ્યોથી [3] વ્યાવૃત્ત રહીને વર્તતા અને પ્રત્યેક દ્રવ્યની સીમા બાંધતા એવા વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વ વડે (સર્વ દ્રવ્યો) લક્ષિત થતાં હોવા છતાં, સર્વ દ્રવ્યોનું, વિચિત્રતાના વિસ્તારને અસ્ત કરતું, સર્વ દ્રવ્યોમાં પ્રવર્તીને વર્તતું અને પ્રત્યેક દ્રવ્યની બંધાયેલી સીમાને અવગણતું, 'સત્' એવું જે સર્વગત સામાન્ય લક્ષણ-ભૂત સાદશ્ય-અસ્તિત્વ તે ખરેખર એક જ જાણવું. એ રીતે 'સત્' એવું કથન અને 'સત્' એવું જ્ઞાન સર્વ પદાર્થોનો [4]પરામર્શ કરનારું છે. જો તે એમ ન હોય (અર્થાત્ જો તે સર્વપદાર્થપરામર્શી ન હોય) તો કોઈક પદાર્થ સત્ (હયાતીવાળો) હોવો જોઈએ, કોઈક અસત્ (હયાતી વિનાનો) હોવો જોઈએ, કોઈક સત્ તથા અસત્ હોવો જોઈએ,અને કોઈક અવાચ્ય હોવો જોઈએ; પરંતુ તે તો વિરુદ્ધ જ છે. અને આ ('સત્' એવું કથન અને જ્ઞાન સર્વપદાર્થપરામર્શી હોવાની વાત) તો સિદ્ધ થઈ શકે છે, વૃક્ષની જેમ.

---

૧. જિનવરવૃષભ=જિનવરોમાં શ્રેષ્ઠ; તીર્થંકર.
૨. સર્વગત= સર્વમાં વ્યાપનારું.
૩. વ્યાવૃત્ત= જુદું; છૂટું; ભિન્ન.
૪. પરામર્શ= સ્પર્શ;ખ્યાલ;વિચાર; લક્ષ; સ્મરણ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ ઘણાં બહુવિધ વૃક્ષોને પોતપોતાના વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું જે અનેકત્વ તેને, સામાન્યલક્ષણભૂત [૫]સાદૃશ્યદર્શક વૃક્ષપણા વડે ઊભું થતું એકત્વ [૬]તિરોહિત કરે છે, તેમ ઘણાં બહુવિધ દ્રવ્યોને પોતપોતાના વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું જે અનેકત્વ તેને સામાન્યલક્ષણભૂત સાદૃશ્યદર્શક 'સત્' પણા વડે ('સત્' એવા ભાવ વડે, હોવાપણા વડે, 'છે' પણા વડે) ઊભું થતું એકત્વ તિરોહિત કરે છે. વળી જેમ તે વૃક્ષોની બાબતમાં, સામાન્યલક્ષણભૂત સાદૃશ્યદર્શક વૃક્ષપણાથી ઊભા થતા એકત્વ વડે તિરોહિત થતું હોવા છતાં (પોતપોતાના) વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન રહેછે (-આબાદ રહે છે, નષ્ટ થતુ નથી) , તેમ સર્વ દ્રવ્યોની બાબતમાં પણ, સામાન્યલક્ષણભૂત્ સાદૃશ્યદર્શક 'સત્' પણાથી ઊભા થતા એકત્વ વડે તિરોહિત થતું હોવા છતાં (પોતપોતાના) વિશેષલક્ષણભૂત સ્વરૂપ અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન રહે છે. [ઘણાં (અર્થાત્ સંખ્યાથી અનેક ) અને બહુવિધ (અર્થાત્ આમ્રવૃક્ષ, અશોકવૃક્ષ ઈત્યાદિ અનેક પ્રકારનાં ) વૃક્ષોનું પોતપોતાનું સ્વરૂપ-અસ્તિત્વ ભિન્ન ભિન્ન હોવાથી સ્વરૂપ-અસ્તિત્વની અપેક્ષાએ તેમનામાં અનેકપણું છે. પરંતુ વૃક્ષપણું કે જે સર્વ વૃક્ષોનું સામાન્ય લક્ષણ છે અને જે સર્વવૃક્ષોમાં સાદૃશ્ય (સમાનપણું) બતાવે છે તેની અપેક્ષાએ સર્વ વૃક્ષોમાં એકપણું છે; આ એકપણા ને મુખ્ય કરીએ ત્યારે અનેકપણું ગૌણ થાય છે; તેવી રીતે ઘણાં (અર્થાત્ અનંત) અને બહુવિધ (અર્થાત્ છ પ્રકારનાં) દ્રવ્યોનું પોતપોતાનું સ્વરૂપ-અસ્તિત્વ ભિન્ન-ભિન્ન હોવાથી સ્વરૂપ-અસ્તિત્વ ની અપેક્ષાએ તેમનામાં અનેકપણું છે, પરંતુ સત્પણું (-હોવાપણું, 'છે' એવો ભાવ ) કે જે સર્વ દ્રવ્યોનું સામાન્ય લક્ષણ છે અને જે સર્વ દ્રવ્યોમાં સાદૃશ્ય બતાવે છે તેની અપેક્ષાએ સર્વ દ્રવ્યોમાં એકપણું છે. આ એકપણાને મુખ્ય કરીએ ત્યારે અનેકપણું ગૌણ થાયછે. વળી આ પ્રમાણે જયારે સામાન્ય સત્પણાને લક્ષમાં લેતાં સર્વ દ્રવ્યોના એકત્વની મુખ્યતા થવાથી અનેકત્વ ગૌણ થાય છે, ત્યારે પણ તે (સમસ્ત દ્રવ્યોનું સ્વરૂપ-અસ્તિત્વ સંબંધી ) અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન જ રહે છે.] (આ પ્રમાણે સાદૃશ્ય-અસ્તિત્વનું નિરૂપણ થયું) ૯૭.

---

૫. સાદૃશ્ય= સમાનપણું; સરખાપણું.

૬. તિરોહિત= તિરોભુત; આચ્છાદિત; અદૃશ્ય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન તા. ૬ તથા ૭-૬-૭૯

હવે આ (નીચે પ્રમાણે) સાદશ્ય અસ્તિત્વનું કથન છે;-

**इह विविहलक्खणाणं लक्खणमेगं सदिति सव्वगयं।**
**उवदिसदा खलु धम्मं जिणवरवसहेण पण्णत्तं ॥९७॥**

'પ્રવચનસાર' ગાથા -૯૭.

હવે સાદશ્ય અસ્તિત્વ (ની વાત છે). એટલે છે.....છે.....છે.....ને.....છે બધાં છે ને....! એ 'છે' બધાં છે એ અપેક્ષાએ સાદશ્ય -અસ્તિત્વ (કહેવામાં આવેછે) બધા એક છે એમ નહીં. જેવા આત્મા છે એવા અનંત આત્મા છે, અનંત પરમાણુ છે, ધર્માસ્તિ છે, કાલાણુ છે. એ સાદશ્ય અસ્તિત્વ 'છે' સરખા. 'છે પણે' સરખા છે. એમ. 'છે' બધાં પણ 'છે પણે' બધાં સરખા છે. એ સત્તામાં (કહ્યું)

**''વિધવિધલક્ષણીનું સરવ-ગત 'સત્ત્વ'લક્ષણ એક છે,''** બધાંમાં એક લક્ષણ છે. છે....છે....છે...છે...એ બધામાં એક લક્ષણ છે. પરમાણુ પણ છે, ધર્માસ્તિકાય છે, આત્મા છે, (અધર્માસ્તિકાય છે) , આકાશ છે. 'છે' એમાં 'નથી' એમ થાય? 'છે' એ સદશ મહાસત્તાની અપેક્ષાએ છે. (બધા પદાર્થો) 'છે' એમ. આહા...હા...!'' **ધર્મ ને ઉપદેશતા જિનવરવૃષભ નિદિષ્ટ છે.**

અહીં થોડો અન્વયાર્થ લઈએ, થોડો વખત છે ને.....!

**અન્વયાર્થ;-** (धर्म) ધર્મને (खलु) ખરેખર (उपदिशता) ઉપદેશતા (जिनवरवृषभेण) જિનવરવૃષભે(इह) આ વિશ્વમાં (विविधलक्षणानां) વિવિધલક્ષણવાળા (ભિન્ન-ભિન્ન સ્વરૂપ-અસ્તિત્વવાળા સર્વ) દ્રવ્યોનું ,(सत् इति) 'સત્' એવું (सर्वगतं) સર્વગત (लक्षणं) લક્ષણ (સાદશ્ય-અસ્તિત્વ) (एकं) એક (प्रज्ञप्तम्) કહ્યું છે.

**''ધર્મને ખરેખર ઉપદેશતા જિનવરવૃષભે ''** જિનવરવૃષભ (એટલે) જિનવરોમાં શ્રેષ્ઠ તીર્થંકરે **''આ વિશ્વમાં વિવિધલક્ષણવાળા.''** ભલે ચૈત્તન્ય લક્ષણવાળા આત્માઓ, જડલક્ષણવાળા પરમાણુઓ આદિ, એમ વિવિધ લક્ષણવાળા દ્રવ્યો, **''ભિન્ન-ભિન્ન સ્વરૂપ-અસ્તિત્વવાળા સર્વ''** સર્વ દ્રવ્યોનું **''સત્ એવું''** આહા...હા..! ભલે એના લક્ષણો ભિન્ન હો, પણ 'છે પણે' એમાં સર્વ દ્રવ્યો આવી જાય છે. **''છે'' એવુ 'સત્' સર્વગત''** સર્વમાં વ્યાપનારું **''લક્ષણ (સાદશ્ય અસ્તિત્વ એક કહ્યું છે''** 'સત્' 'છે' એક એ અપેક્ષાએ. બધા (પદાર્થો) છે ને.... ! બે છે એમ છે કાંઈ ? તો એક છે ને બીજું નથી, અથવા એક છે ને બીજું ઓછું છે, એક સત્ આખું છે ને એક (સત્) ઓછું છે એવું છે કાંઈ? બધું પૂરણ છે એકે-એક. બધા સ્વરૂપ-અસ્તિત્વમાં એકે-એક (જુદાંજુદાં) લીધા છે. સાદશ્ય -અસ્તિત્વમાં બધાં છે એની વ્યાખ્યા કરે (છે).

(અહીંયા કહેછે કે ;) **'' ટીકા;- આ વિશ્વમાં, વિચિત્રતાને વિસ્તારતા (વિવિધપણું -અનેકપણું દર્શાવતા), અન્ય દ્રવ્યોથી વ્યાવૃત્ત રહીને વર્તતા''** અન્ય દ્રવ્યોથી, ભિન્ન-ભિન્ન સ્થિતિએ રહીને, એવા ''

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વર્તતા અને પ્રત્યેક દ્રવ્યની સીમા બાંધતા એવા વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વ વડે ''** ભિન્ન-ભિન્ન સ્વરૂપ છે એ સર્વનું એ તો બરાબર છે . **''(સર્વ દ્રવ્યો ) લક્ષિત થતાં હોવા છતાં ''** દરેક દ્રવ્ય પોતાનાં સ્વરૂપ-અસ્તિત્વથી ભિન્ન-ભિન્ન. જુદા-જુદા લક્ષિત થતાં હોવા છતાં '' **સર્વ દ્રવ્યોનું, વિચિત્રતાના વિસ્તારને અસ્ત કરતું.''** આહા...હા...! જ્ઞાનનું લક્ષણ આત્માનું જડનું લક્ષણ-સ્વરૂપ-અસ્તિત્વ ભલે હો. પણ એ બધાનું વિચિત્રતાના વિસ્તારને અસ્ત કરતું ભિન્ન-ભિન્ન નહીં પણ 'છે' બસ! બધા 'છે' **અને સર્વ દ્રવ્યોમાં પ્રવર્તીને વર્તતું અને પ્રત્યેક દ્રવ્યની બંધાયેલી સીમાને અવગણતું ''** ભિન્ન-ભિન્ન ન ગણતાં **'સત્' એવું જે સર્વગત સામાન્ય લક્ષણભૂત સાદૃશ્ય અસ્તિત્વ તે ખરેખર એક જ જાણવું''** ઈ 'છે' ઈ પણે જાણવું. ભલે લક્ષણ ભેદ છે સર્વનાં . પણ (સાદૃશ્યઅસ્તિત્વ)માં કોઈ ભેદ છે નહીં.

'પ્રવચનસાર' ૯૭ ગાથા ચાલે છે . પહેલો પેરેગ્રાફ થઈ ગ્યો છે. બીજો પેરેગ્રાફ સાદૃશ્ય અસ્તિત્વ સિદ્ધ કરે છે. એટલે દરેક દ્રવ્ય પોતાનાં અસ્તિત્વથી, પરથી ભિન્ન છે. દરેક દ્રવ્ય પોતાનાં સ્વરૂપ ના અસ્તિત્વથી, પરથી ભિન્ન છે. પણ પ્રત્યેક આત્માઓ છે. પરમાણુઓ છે અને બીજા બધા પદાર્થો છે એવી સદૃશ 'સત્' ની અપેક્ષાએ, અનેકપણું એટલે ભિન્ન છે તે લક્ષમાં લેતાં નથી. અહીંયાં એક 'સત્' છે, બધાં દ્રવ્યો 'છે' 'છે પણે' સદૃશદૃષ્ટિમાં મહાસત્તા કેટલાક કહે છે ને ...! મહાસત્તા ભિન્ન છે (પણ) એમ નથી. બધા થઈને એવી એક મહાસત્તા છે (એમ કોઈ માને છે પણ) એમ નથી. આહા...હાં...! પણ છે...છે....છે...છે..... એ સાદૃશ્ય-અસ્તિત્વપણે (છે). એકપણું જુદું પણ છે (એટલે સ્વરૂપ-અસ્તિત્વ) અને છે...છે...છે...છે... પણેંમાં બધું આવી જાયછે સાદૃશ્યપણાંમાં. એમાં એકપણું જુદું છે. અનેકપણું ઘુંટાઈ જાય છે. આહા..હા...! આવી વાત છે. વસ્તુની સ્થિતિ ! **(શ્રોતા)** અનેકપણું અનેકપણાપણે રહેછે ઘુંટાઈ કેવી રીતે જાય છે..? **(ઉત્તર:)** એમ છે વસ્તુ તરીકે (દરેક નું) સ્વરૂપ -અસ્તિત્વ ભિન્ન-ભિન્ન છે. પણ એક પોતે છે એવા બધા છે એ ('સત્') અપેક્ષાએ સાદૃશ્ય-અસ્તિત્વ કહ્યું છે. 'સંગ્રહનય'ની દૃષ્ટીએ (અપેક્ષાએ ) બધા એક છે એમ કહેવામાં આવે છે. છે...છે...છે...છે...છે... એ અપેક્ષાએ (બધા એક 'સત્' છે) . બધા એક થઈ જાય છે એમ નથી. અન્ય (મત) માં તો એમ કહે છે વેદાંત આદિમાં કહે છે મહાસત્તા -સર્વવ્યાપકવસ્તુ છે. એક જ છે. બે (દ્વૈત)નથી કાંઈ ! અહીંયાં તો વસ્તુ છે (એ) પોતાના સ્વરૂપે છે પરસ્વરૂપે નથી. એવું અનેકપણું હોવા છતાં, પોતે છે અને બીજા છે એમ ''છે પણા ''માં અનેકપણું લક્ષમાં નથી આવતું, 'છે પણાં' માં છે. બધું એવું લક્ષમાં આવ્યું. આહા...! આવો મારગ છે.

**''(એ રીતે 'સત્' એવું કથન અને 'સત્' એવુ જ્ઞાન સર્વ પદાર્થોનો પરામર્શ કરનારું છે. જો તે એમ ન હોય (અર્થાત્ જો તે સર્વપદાર્થપરામર્શી ન હોય) તો કોઈક પદાર્થ સત્ (હયાતીવાળો) હોવો જોઈએ, કોઈક અસત્ (હયાતી વિનાનો) હોવો જોઈએ. કોઈક સત્ તથા અસત્ હોવો જોઈએ, અને કોઈક અવાચ્ય હોવો જોઈએ; પરંતુ તે તો વિરુદ્ધ જ છે. અને આ ('સત્' એવું કથન અને જ્ઞાન સર્વપદાર્થપરામર્શી હોવાની વાત) તો સિદ્ધ થઈ શકે છે, વૃક્ષની જેમ.**

(અહીંયાં કહે છે કે;) **''જેમ ઘણાં બહુવિધ વૃક્ષોને''** બહુવિધ વૃક્ષો કહ્યાં ને! (એટલે) ઘણાં પ્રકારનાં -(જેમકે) આંબાના ઝાડ ને, પીપળના ઝાડ ને (આદિ) **''પોતપોતાના વિશેષલક્ષણભૂત ''** દરેક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યનું પોત-પોતાનું ખાસ જુદાં લક્ષણભૂત **"સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું"** પોતાના સ્વરૂપથી (જે) અસ્તિત્વ છે એનાથી જણાતું અવલંબનથી ઊભું થતું **" જે અનેકત્વ તેને"** જે અનેકપણું છે તેને, **"સામાન્યલક્ષણભૂત સાદશ્યદર્શક"** એ છે,છે,છે,છે (એવું સાદશ્ય) આમ વનમાં આંબાના ઝાડ હોય, બાવળનાં ઝાડ હોય, પીપળાના ઝાડ હોય, (આમલીનાં ઝાડ હોય), બીજાં (ઝાડ હોય) એમ દરેક જુદાંજુદાં છે છતાં પણ બધાં 'છે' એ અપેક્ષાએ બધા એક થાય છે એક થાય છે એટલે બધી ચીજ એક થતી નથી. પણ છે...છે...છે....છે..... પણાંમાં એકપણું કહેવાય છે. આહા...હા...! આવું છે. અહીંયાં એવી વાત નથી કે આત્મા (ના) દ્રવ્ય -ગુણ-પર્યાય અનેક છે છતાં પણ દૃષ્ટિ કરી છે એક ઉપર. એ (વાત) અહીંયાં નથી. સમજાય છે કાંઈ?

(કહે છે કે;) આ આત્મા, દ્રવ્ય છે-ગુણ છે ને પર્યાય છે એમ અનેક (પણે) છે. છતાં દૃષ્ટિનો વિષય છે તે અનેક (પણું) નથી. સમ્યગ્દર્શનનો વિષય, એક ત્રિકાળી ધ્રુવ છે. ઈ પર્યાય છે એ ધ્રુવ નું લક્ષ કરે છે ભલે ! પર્યાય પણ સાબિત કરી. લક્ષ્ય ત્રિકાળ (ધ્રુવદ્રવ્ય) છે તેનો સ્વીકાર કરીને દૃષ્ટિ કરીને, પર્યાય તેનું લક્ષ કરે છે. (તેથી) એના પર્યાયની સિદ્ધિ થઈ. પર્યાય 'છે' પણ પર્યાય 'ભિન્ન' છે અને એનો વિષય જે ત્રિકાળ (છે) એ 'ભિન્ન' છે. એમ અહીયાં નથી. અહીયાં તો દરેક દ્રવ્યનું સ્વરૂપ પોતાથી છે, દ્રવ્ય-ગુણ-પર્યાયથી છે. એમ બધાં સર્વ દ્રવ્યો (પોતાના) દ્રવ્ય-ગુણ-પર્યાયથી 'છે' છે.છે.છે.છે એવા એકપણામાં-સ્વરૂપ -અસ્તિત્વનું અનેકપણું-લક્ષમાં આવતું નથી, એટલે તિરોભૂત થઈ જાયછે. આહા...હા...! વાણિયાને આવી વાત સાંભળવી! બુદ્ધિવાળાને...નથી ! વાણિયાને હાથ આવ્યો છે ને...જૈનધર્મ (આ) ધરમ,ધરમ! અહીં તો કહે છે વૃક્ષપણું વિશેષ છે એ ભિન્ન છે. પણ બધાં વૃક્ષોમાં, આ વૃક્ષપણે છે બધા (એ અપેક્ષાએ) એક છે. છતાં આ એકમાં અનેકપણું ઢંકાઈ જાયછે. છતાં ઢંકાયા છતાં-અનેકપણું વૃક્ષનું વૃક્ષપણે જુદું રહેછે . આહા....હા...! સમજાણું કાંઈ?

આહા...હા...! અહીંયાં તો સાવચેત-એકાગ્ર અંદર! કે ભગવાન આત્મા, અનેકગુણોનું એકરૂપ એના ગુણો છે, ગુણી છે ને પર્યાય છે. એ ત્રણ છે ઈ અનેક (પણે) છે છતાં, સત્...સત્...સત્...તરીકે તે એક છે. અને 'એક' એ રીતે હોવા છતાં, પર્યાય-વર્તમાનપર્યાય છે એ ત્રિકાળ પરમાત્મસ્વરૂપ, પૂર્ણાનંદનો નાથ, અખંડ પરમેશ્વર, એનો ઈ (પર્યાય) સ્વીકાર કરે છે. (સમયસાર) ૩૨૦ ગાથામાં આવ્યું છે ને ....! **'ધ્યાતા પુરૂષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ-અખંડ-એક પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર- શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજપરમાત્મ દ્રવ્ય તે જ હું છું' પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું.'** ત્યાં આખું અખંડ એક દ્રવ્ય લેવું છે. અહીંયાં એક દ્રવ્યનું-પર્યાયનું તિર્યક્ લેવું છે. અને બીજા બધાં 'સત્' છે તેમાં એકપણું લેતાં, તેમાં અનેકપણું તે ઢંકાઈ જાયછે. અહીયાં જે એકપણું છે (એ) સ્વરૂપનું એકપણું છે. એ જે સમ્યગ્દર્શન (છે) ઈ પર્યાય (છે) અને તેમાં શ્રદ્ધા નામનોં ગુણ પણ ત્રિકાળ (છે) અને દ્રવ્ય પણ ત્રિકાળ (છે) ત્રણેય છે. છતાં પર્યાય, (સમ્યગ્દર્શનની) ખંડ-ખંડ જ્ઞાનને ધ્યાનમાં લેતી નથી. આહા...હા...!(એ) પર્યાય, અખંડજ્ઞાયકભાવ (છે)- એને લક્ષમાં લ્યે છે, ત્યારે તેને વાસ્તવિક પૂરણ સત્યતાનું (પોતાનું) એકપણું-સમ્યગ્દર્શનમાં એકપણું ભાસે છે. આહા...હા....! એ (એકપણું ) જુદું અને આ (એકપણું) જુદું!! આ 'છે' દરેક દ્રવ્યમાં દ્રવ્ય-ગુણ-પર્યાય છે, તે સ્વરૂપ અસ્તિત્વ (છે). તે બીજાનાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(સ્વરૂપ) અસ્તિત્વ કરતાં જુદું છે. દરેકનું હોવાપણું જુદું છે, પણ 'છે' એવા સાદશ્ય-અસ્તિત્વને લઈને 'એક'-'છે' એવા એકપણાંના લક્ષ્યે અનેક નામ જુદું-જુદું સ્વરૂપ-અસ્તિત્વ છે ત્યાં(અનેકપણું એકપણામાં) ઢંકાઈ જાય છે. આવો મારગ હવે!ભાઈ! સાંભળ્યું ન હોય કોઈ દી' આવું..! આહા....હા....હા....!

અહીંયાં એ કહેછે કે;"**સાદશ્યદર્શક વૃક્ષપણા વડે ઊભું થતું એકત્વ તિરોહિત કરે છે.**" છે...છે.....છે....છે.... -જડ છે-ચૈતન્ય છે. આહા...હા...! ભવી જીવ છે, અભવી જીવ છે, પર્યાય છે, ગુણ છે, દ્રવ્ય છે, પણ છે....છે....છે.... માં બધામાં-સદશપણું -એકપણું જે ભિન્ન-ભિન્ન (દ્રવ્યોમાં) છે એ ઢંકાઈ જાયછે. છે? "**એકત્વ તિરોહિત કરે છે**" છે છે એવુ જે એકત્વ, એ ભિન્ન-સ્વરૂપનું અસ્તિત્વ છે તેને તે ઢાંકી દ્યે છે. આહા...હા...! આ તે વીતરાગ-કેવળીનું સત્ય શું છે એની વાસ્તવિક સ્થિતિની સત્તા ધરાવે છે. બીજાં-અન્યમતિઓ,બીજી રીતે કહેતા હોય તો, તેવું સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ?

(અહીંયાં કહેછે કે;) તેમ( એટલે ) વૃક્ષની જેમ.- જેમ ઘણાં વૃક્ષો વનમાં હોય-"**તેમ ઘણાં બહુવિધ દ્રવ્યોને પોતપોતાના વિશેષ લક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું જે અનેકત્વ તેને**". જેમ દ્રવ્ય છે અનેક (એ સર્વ) પોતાના સ્વરૂપ અસ્તિત્વને લઈને (ભિન્ન-ભિન્ન) અનેક છે એ અનેકત્વ" **તેને સામાન્યલક્ષણભૂત સાદશ્યદર્શક**" સમાનપણું છે.છે,છે,છે, સાદશ્ય (એટલે ) સમાનપણું , (સરખાપણું) એ સાદશ્યદર્શક '**સત્**' પણા **વડે**-'**સત્**' **એવા ભાવ વડે-હોવાપણા વડે**" બધું છે છે-પણાં વડે "**ઊભું થતું એકત્વ**" (એટલે) છે બધું. (સ્વરૂપ-અસ્તિત્વ) છે એ અનેકત્વપણાં વડે એકત્વ (ઊભું થાય છે) એટલે અનેકપણું તિરોહિત કરે છે. (અર્થાત્) ભિન્ન-ભિન્ન છે તેને તે ઢાંકી દ્યે છે. આહા...હા.... ! આવું છે ! ભાષા તો સાદી છે પણ હવે (સમજવું તો એને છે.) વસ્તુ તો!! પરમાત્મા જિનેશ્વરદેવ જે રીતે વસ્તુનું સ્વરૂપ (દેખે છે તે કહે છે) 'છે' (સ્વરૂપ-અસ્તિત્વ ) ભિન્નપણું-અનેકપણું છે પણ સાદશ્યપણાં વડે બધું એક છે. એક માં અનેકપણું ઢંકાઈ જાય છે છતાં 'એક'માં અનેકપણું-ભિન્નપણું (રહેતું) નથી, એમ નહીં,આહા....હા...હા...!

(કહે છે કે;) "**વળી જેમ તે વૃક્ષોની બાબતમાં, સામાન્યલક્ષણભૂત સાદશ્યદર્શક**" સામાન્યલક્ષણ (એટલે) છે,છે,છે એવા (સાદશ્યદર્શક) "**વૃક્ષપણાંથી ઊભા થતાં એકત્વ તિરોહિત થવું હોવા છતાં**" એ એક-એક વૃક્ષનું સ્વરૂપ જણાવે છે . છે,છે,છે એમ (સ્વરૂપ-અસ્તિત્વ અનેકપણું એકપણાંમાં ઢંકાઈ જતું હોવા છતાં" (પોતપોતાના) **વિશેષ-લક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન રહે છે (આબાદ રહે છે, નષ્ટ થતું નથી**" આહા...હા...! શું કીધું? (**શ્રોતા;**) એકપણું તો કહ્યું પણ એકપણું થાય નહીં ...! (**ઉત્તર**) એકપણું છે,છે,છે,છે,છે એ કાંઈ .....(એકરૂપ કીધું) છતાં તેમાં અનેકપણું જે-ભિન્ન (સ્વરૂપ-અસ્તિત્વ છે) એ સ્પષ્ટપણે પ્રકાશે છે, એ ઢંકાઈ ગયું માટે ભિન્ન-ભિન્ન નથી, એમ નથી. આહા.હા.! એ વૃક્ષનું દૃષ્ટાંત કહ્યું (હવે સિદ્ધાંત કહેછે સર્વ દ્રવ્યોમાં)

(અહીંયાં કહે છે કે;) "**તેમ સર્વદ્રવ્યોની બાબતમાં પણ, સામાન્યલક્ષણભૂત સાદશ્યદર્શક 'સત્' પણાથી** " છે છે છે છે છે ઈ સામાન્યલક્ષણ છે. (એ સત્પણાથી)" **ઊભા થતાં એકત્વ વડે તિરોહિત થતું હોવા છતાં (પોતપોતાનાં) વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી** " દરેક આત્મા અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દરેક પરમાણુ પોતાના સ્વરૂપ અસ્તિત્વ ના અવલંબનથી **''ઊભુ થતું અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન રહે છે ''** એક-એક સત્ સત્ સત્ સત્ એક કીધું માટે એ જુદાપણું નાશ થઈ જાય છે એમ નથી. આહા..હા..! વીતરાગનો મારગ આવો છે ભાઈ..! ભાઈ એકજ કહે છે 'સર્વવ્યાપક' ત્યારે તો એ બધા અનેક છે. એકાંત અનેક છે, પણ અનેક ભિન્ન-ભિન્ન જાત છે એનું નામ જ્ઞાન છે. છ એ દ્રવ્યો ત્યાં કાંઈ જાણતાં નથી. એક ચેતન છે અને પાંચ અચેતન છે. એ 'છે' પણે બધા 'સત્'માં જાય છે તેમ છતાં 'સત્'માં એકપણે રહ્યાં છતાં અનેકપણું જુદું દ્રવ્ય છે ત્યાં તેનો નાશ થતો નથી. આહા....હા...હા...! આમ વસ્તુની સ્થિતિ જે રીતે છે તે રીતે સિદ્ધ કરે છે. આહા...હા... **''ઘણાં (અર્થાત્ સંખ્યાથી અનેક) અને બહુવિધ (અથાત્ આમ્રવૃક્ષ અશોક વૃક્ષ ઈત્યાદિ અનેક પ્રકારનાં) વૃક્ષોનું પોતપોતાનું સ્વરૂપ-અસ્તિત્વ ભિન્ન-ભિન્ન હોવાથી સ્વરૂપ-અસ્તિત્વની અપેક્ષાએ તેમનામાં અનેકપણું છે.''** ઘણાં પ્રકારનાં વૃક્ષોનું પોતાનું સ્વરૂપ-અસ્તિત્વ ભિન્નભિન્ન હોવાથી સ્વરૂપ-અસ્તિત્વની અપેક્ષાએ તેમનામાં અનેકપણું છે. ઝાડદીઠ અનેકપણું જુદું-જુદું છે **'';પરંતુ વૃક્ષપણું કે જે સર્વ વૃક્ષોનું સામાન્ય લક્ષણ છે.''** (એટલે) વૃક્ષપણું બસ. આ યે વૃક્ષ, આ યે વૃક્ષ, આ યે વૃક્ષ એમ બસ વૃક્ષપણું, એ અપેક્ષાએ (સામાન્ય લક્ષણ) **''અને જે સર્વ વૃક્ષોમાં સાદશ્ય- સમાનપણું બતાવેછે તેની અપેક્ષાએ સર્વ વૃક્ષોમાં એકપણું છે.''** આહા...હા...!

(અહીંયાં કહે છે કે;) **''આ એકપણાને મુખ્ય કરીએ ત્યારે અનેકપણું ગૌણ થાય છે.''** છે છે છે છે છે એમ મુખ્ય કરીએ ત્યારે અનેકપણું ગૌણ થાય છે. ભિન્ન ભિન્ન ચીજ ત્યારે ગૌણ થાય છે. આહા!! વાણિયાને નવરાશ કયારે આ સમજવાની! આ 'પ્રવચનસાર' છે. ભગવાનની દિવ્યધ્વનિ છે એનું આ માખણ છે. **(શ્રોતા)** સમજી શકે તો વાણિયા જ સમજી શકે છે **(ઉત્તર:)** હેં! સમજે તેદી' ને બિચારાને આ લ્યો ને! આહા...હા.! **(શ્રોતા;)** બીજા ને મળે તેમ નથી....! **(ઉત્તર;)** બીજામાં છે જ કયાં (આ તત્ત્વ). **''તેવી રીતે ઘણાં (અર્થાત્ અનંત) અને બહુવિધ (અર્થાત્ છ પ્રકારનાં )''** જોયું? છ પ્રકારનાં (કહ્યાં) ઘણાં (એટલે) અનંત અને છ પ્રકારનાં **''દ્રવ્યોનું પોતપોતાનું સ્વરૂપ-અસ્તિત્વ ભિન્ન ભિન્ન હોવાથી સ્વરૂપ-અસ્તિત્વની અપેક્ષાએ તેમનામાં અનેકપણું છે''** દરેક દ્રવ્ય જુદાંજુદાં છે. **''પરંતુ સત્પણું હોવાથી (હોવાપણું 'છે' એવો ભાવ).''** હોવાપણાંનો ભાવ, આ યે હોવાપણું, આ યે હોવાપણું -એ છે, એ છે, એ છે. (એવો ભાવ) **''કે જે સર્વદ્રવ્યોનું સામાન્યલક્ષણ છે અને જે સર્વ દ્રવ્યોમાં સાદશ્ય બતાવે છે તેની અપેક્ષાએ સર્વ દ્રવ્યોમાં એકપણું છે.''** સર્વ દ્રવ્યો કહ્યા ને....! છ એ દ્રવ્ય, છ ! એ સ્વરૂપ-અસ્તિત્વ (પણે) એક એક ભિન્ન છે એ છે છે છે છે છે (એવા ) સાદશ્ય -અસ્તિત્વમાં છ એ દ્રવ્યો સમાઈ જાય છે. **''આ એકપણાં ને મુખ્ય કરીએ ત્યારે અનેકપણું ગૌણ થાય છે.''** છે છે છે છે છે એમ બધાનું એકપણું કરીએ (ત્યારે ) ભિન્ન-ભિન્ન ચીજ જે છે તે ગૌણ થઈ જાય છે. અભાવ થતો નથી. આહા...હા...!

જેમ પર્યાય ને અભૂતાર્થ કીધી ને....! ('સમયસાર') ૧૧મી ગાથા. **''ववहारोडभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ)** એ પર્યાયને ગૌણ કરીને અભૂતાર્થ કીધી છે. પર્યાય નથી એમ નહી. દરેક દ્રવ્યની પર્યાય પ્રગટ, ત્રણે કાળે દ્રવ્યની પર્યાય પ્રગટ, પ્રગટ પ્રગટ છે. વર્તમાન! સમજાણું કાંઈ ?આહા..હા..! પર્યાય અભૂતાર્થ કીધી એટલે કે નથી એ ગૌણ કરીને નથી કહ્યું છે. અભાવ કરીને નથી એમ નથી કહ્યું. આહા...હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૧મી ગાથામાં અભૂતાર્થ કીધી. પર્યાય ને જૂઠી કીધી એ પર્યાય છે. દરેક દ્રવ્યની પ્રગટપર્યાય છે. અને એ જેમ દ્રવ્ય છે તેમ પર્યાય પણ છે. **(શ્રોતા)** પર્યાય ન હોય તો જાણે કોણ? **(ઉત્તર:)** પર્યાય પોતે જ જાણનાર છે. કાર્ય તો પર્યાયમાં થાય છે. દ્રવ્યમાં થાતું હશે ? (જાણવાનું કાર્ય?) અનિત્ય નિત્યનો નિર્ણય કરે છે. નિત્ય, નિત્યનો નિર્ણય કરતું નથી પણ ત્યાં (૧૧મી ગાથામાં) નથી એમ કીધું ગૌણ કરીને કીધું છે. પર્યાયનો અભાવ કરીને એમ નહીં. બધું છે છે છે છે છે એકપણું કહ્યું તેમાં અનેકપણું ગૌણ રહે છે તેમાં બધાનો અભાવ થઈ જાય છે એમ નથી આહા...હા....હા.! આવું છે! આ એકપણુ મુખ્ય કહયું ત્યારે અનેકપણું ગૌણ થાય છે. **"વળી આ પ્રમાણે જયારે સામાન્ય સત્પણાંને મુખ્યપણે લક્ષમાં લેતાં "** છે.... છે... છે... છે... છે....છે....છે...બધાં દ્રવ્યો છે એમ લક્ષમાં લેતાં **"સર્વ દ્રવ્યોનાં એકત્વની મુખ્યતા થવાથી અનેકત્વ ગૌણ થઈ જાય છે "** જેમ વૃક્ષમાં અનેકપણું ગૌણ થઈ જાય છે એમ દ્રવ્યોમાં પણ અનેકપણું ગૌણ થઈ જાય છે. વૃક્ષનો દાખલો આપ્યો છે. **" ત્યારે પણ તે (સમસ્ત દ્રવ્યોનું સ્વરૂપ-અસ્તિત્વ સંબંધી) અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન જ રહે છે "** બધા છે છે છે એમ સાદશ્ય (અસ્તિત્વ) લક્ષણ બતાવ્યું છતાં તેમાં એક-એકનું (સ્વરૂપ-અસ્તિત્વ) પણાંનું અસ્તિત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન રહે છે, તેનું ભિન્નપણું (એટલે) તેનો પર્યાય સ્પષ્ટ પ્રકાશમાન રહે છે આહા..હા...હા..! હવે આવું સાંભળ્યું ય ન હોય! 'છે' એ દ્રવ્ય એક કહેવાય, પણ એક-એક દ્રવ્યનું ભિન્ન સ્વરૂપ છે એનું પ્રકાશમાનપણું જતું (રહેતું) નથી. છે છે છે એવું સદશ-અસ્તિત્વ બતાવ્યું તેમાં જે (સ્વરૂપ-અસ્તિત્વથી) દરેક દ્રવ્યો ભિન્ન છે તેની જાત ભિન્ન છે તેનો નાશ થતો નથી. એ તો ગૌણપણે રહે છે. ભાષા આકરી છે આજની **"અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન જ રહે છે"**

**આ પ્રમાણે સાદશ્ય-અસ્તિત્વનું નિરૂપણ થયું"** (ગાથા) ૯૭ માં. છે છે છે છે એ અપેક્ષાએ સદશપણાનું નિરૂપણ થયું. આહા...હા..! આચાર્યોએ આટલી ટીકા કરી...ને! એક-એક વાકયની ટીકા કરી તે શું છે! અતીન્દ્રિય આનંદ-સ્વરૂપ ભગવાન છે. એના અનુભવમાં -બહાર છે પણ એ વખતે વિકલ્પ આવ્યો છે, દુ;ખરૂપ એ વાત ઉપર લક્ષ નથી. લક્ષ તો દ્રવ્ય ઉપર છે. છતાં આ જાતનો એ સમયનો જે વિકલ્પ છે, એ સમયની પર્યાય છે એ બધી જાણવામાં આવી કે છે બધું સમજાય છે કાંઈ?

## હવે ૯૮ ગાથા ('પ્રવચનસાર')

**"હવે દ્રવ્યોથી દ્રવ્યાંતરની ઉત્પત્તિ હોવાનું "** એક દ્રવ્યથી બીજા દ્રવ્યની ઉત્પત્તિ થાય " અને **"દ્રવ્યથી સત્તાનું અર્થાન્તરપણું "** અને તે તે દ્રવ્યની સત્તા તેનાથી જુદી છે (એટલે અર્થાન્તરપણું) **"હોવાનું ખંડન કરે છે"** શું કીધું ? બે વાત કરી; કે એક દ્રવ્યથી બીજા દ્રવ્યની ઉત્પત્તિ એનું ખંડન કરે છે અને દ્રવ્યથી સત્તા ભિન્ન છે એમનું પણ ખંડન કરે છે. દ્રવ્ય છે તેની સત્તા તેના ભેળી છે. સતા ભિન્ન છે ને દ્રવ્ય ભિન્ન એમ છે નહીં આહા...હા...!

આ બધા -બાઈઓ (ને) નવરાશ ન મળે ! ઘરે રાંધે -રાંધે એમાંથી નવરા થાય ને સાંભળવા જાય તો (ત્યાં સાંભળવા મળે કે ) સામાયિક કરો, અને પોષા કરો (ધર્મ થશે) તત્ત્વ શું છે..? આહા....! તત્ત્વના અસ્તિત્વની મર્યાદા શું છે? (કંઈ ભાન નહીં) આહા...હા... એક સમયની પર્યાયની મર્યાદા એક સમય પૂરતી (છે) ગુણની મર્યાદા ત્રિકાળ (છે) અને દ્રવ્યની મર્યાદા (પણ) ત્રિકાળ (છે).છતાં છે છે છે છે છે ની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપેક્ષાએ 'છે' માં બધાં આવી જાય છે બધાં છે એમાં બધું આવી જાય છે પણ એ 'છે' એવું એકપણું આપતા છતાં તેના દ્રવ્યનું ભિન્નપણું -અનેકપણું છે. એ કાંઈ નાશ થતું નથી. એ (સ્વરૂપ-અસ્તિત્વ ) અનેકપણું પ્રકાશમાન રહે છે આહા...હા...હા... ! હવે અહીં દ્રવ્યની સત્તા દ્રવ્ય જુદી છે એનું (એ મતનું) ખંડન કરે છે શું કીધું ? '' **કોઈ દ્રવ્યથી અન્ય દ્રવ્યની ઉત્પત્તિ થતી નથી.** '' (અર્થાત્) એક દ્રવ્યથી બીજા દ્રવ્યની ઉત્પત્તિ થતી નથી. દ્રવ્યથી ઉત્પત્તિ થાય પણ પર્યાયની થાય. વળી ઉત્પત્તિ થાય દ્રવ્યથી પણ પર્યાયની થાય (એક) દ્રવ્યથી બીજા દ્રવ્યની ઉત્પત્તિ થાય એમ નથી. આહા...હા...હા...! ''**અને દ્રવ્યથી અસ્તિત્વ કોઈ જુદો પદાર્થ નથી.**'' વસ્તુથી એની સત્તા જે છે એ વસ્તુથી જુદી નથી. આહા...! સમજાણું કાંઈ?''**એમ નકકી કરે છે;-**

## दव्वं सहावसिद्धं सदिति जिणा तच्चदो समक्खादा !
## सिद्धं तध आगमदो णेच्छदि जो सो हि परसमओ॥९८॥

## દ્રવ્યો સ્વભાવે સિદ્ધ ને 'સત્'-તત્ત્વત્ત;- શ્રીજિનો કહે;
## એ સિદ્ધ છે આગમ થકી, માને ન તે પરસમય છે.૯૮.

એ દ્રવ્યો સત્ જ છે એ માને નહિ તે મિથ્યાદષ્ટિ છે. એક દ્રવ્યથી બીજા દ્રવ્યની ઉત્પત્તિ માને એ પણ મિથ્યાદષ્ટિ છે. અને એક દ્રવ્યની સત્તા (એ દ્રવ્યથી) ભિન્ન છે એમ માને એ પણ મિથ્યાદષ્ટિ છે સમજાય છે. કાંઈ. ?(**શ્રોતા**) ઈશ્વરે બધાને પેદા કર્યા એમ કહે છે ને ....! (**ઉત્તર;**) કોણ કરે? કહેશે. હા, દ્રવ્ય પોતે પર્યાયની ઉત્પત્તિ કરે, પોતાની પર્યાયની ઉત્પત્તિ કરે પણ એ દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયની કંઈ ઉત્પત્તિ કરે એમ નહિ. એક દ્રવ્ય બીજા દ્રવ્યની ઉત્પત્તિ તો કરે નહીં પણ બીજા દ્રવ્યની પર્યાયની ય ઉત્પત્તિ કરે નહીં આહા...હા...હા...! આવું છે.

(અહીંયાં કહે છે કે;) **ટીકા;-** ''**ખરેખર દ્રવ્યો**'' દ્રવ્યો એટલે વસ્તુથી ''**દ્રવ્યાંતરોની**'' અનેરા દ્રવ્યોની ''**ઉત્પત્તિ થતી નથી.** શું કહ્યું? ખરેખર જે વસ્તુ છે તેનાથી અનેરી વસ્તુની ઉત્પત્તિ થતી નથી આહા...હા.... ઈશ્વર કર્તા તો નથી પણ આ દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્તા નથી. આહા...હા...! 'એકતાપણું તો ત્યાં સુધી સિદ્ધ કર્યુ છે એ દ્રવ્ય પર્યાયનું એકતા ત્યાં સુધી 'એકતાપણું' સિદ્ધ કર્યુ છે પરની પર્યાય નું કર્તા નહીં પણ દ્રવ્ય પોતે, પોતાની પર્યાયનું કર્તા નહીં પર્યાય પર્યાય થી થાય અને પર્યાય પર્યાયની કર્તા છે એમ છે. આહા...હા... આવું સ્વરૂપ છે. ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે. જિન-સ્વરૂપ, પરમાત્મસ્વરૂપ! અખંડ અનંત શકિતઓની અખંડતાનું પ્રતીક છે, પણ તે પ્રતીકમાં એના ગુણો એ દ્રવ્યથી જુદાં છે (જેમ) સત્તા જુદી છે એ દ્રવ્યની એમ નથી એની (દ્રવ્યની ) પર્યાય દ્રવ્યથી જુદી છે એમેય અહીંયાં નથી કહેવું અહીંયાં નથી કહેવું, અહીંયાં ફકત પરથી ભિન્ન પાડવું છે ને ....! બીજે ઠેકાણે (દ્રવ્યથી પર્યાય જુદી કહી છે ) 'જયાં જયાં જે જે યોગ્ય તહાં સમજવું તેહ બીજે ઠેકાણે-ગાથા ૩૨૦ ('સમયસાર') માં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષની પર્યાય ને અને નિર્જરાની પર્યાયને પણ દ્રવ્ય કરતું નથી (એમ કહેવું છે) આહા...હા. .(**શ્રોતા**) એ બે (દ્રવ્ય -પર્યાય) વચ્ચેની ભિન્નત્તા ....! (**ઉત્તર** ) એ બે વચ્ચેની વાત છે અહીંયા તો બીજા દ્રવ્યોથી ભિન્નતાની (વાત) છે. આહા..! આ (આત્મ) તત્ત્વ શરીરને-તત્ત્વને ઊપજાવે કે શરીરની પર્યાયને ઉપજાવે એમ નથી. આહા...હા..બહુ..! ઝીણું બહુ..!!

(કહે છે કે:) **"ખરેખર દ્રવ્યોથી દ્રવ્યાંતરોની"**. એટલે કે અનેરા દ્રવ્યોની **"ઉત્પત્તિ થતી નથી."** (કહે છે) બાપથી દીકરો થતો નથી. (**શ્રોતા:**) બાપ વિના થઈ જાય...?! (**ઉત્તર:**) આ બાપથી દીકરો થ્યો, આને બાપથી દીકરો થ્યો..? (**શ્રોતા:**) એ તો અવસ્થા બદલી..! (**ઉત્તર:**) આહા...હા..! આણે આટલા પૈસા પેદા કર્યા ને...આણે આટલા મકાન બનાવ્યા ને...એમ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું નથી કરતા..? (**શ્રોતા:**) એક પત્રિકામાં આવ્યું છે કે ગુરુદેવે આટલા મંદિર બંધાવ્યા ને...આટલા પુસ્તક બનાવ્યા...ને (**ઉત્તર:**) એ લખે, લખે. એ કર્યું ને તે કર્યું પણ કોણ કરે..? એ બધું. અહીં તો જંગલ હતું. તમે આવ્યા તેથી (આ બધુ) તમારાથી થયું છે. (પણ) એમ નથી. (**શ્રોતા:**) ભક્તિમાં તો આપે ગવરાવ્યું હતું કે આમ થાય..? (**ઉત્તર:**) એ તો નિમિત્તની વાતું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને ખેંચી લાવે બીજે ક્ષેત્રેથી, એમેય નથી. આહા..હા..હા..! એક દ્રવ્ય બીજા દ્રવ્યને નવું બનાવે એમેય નથી અને તે દ્રવ્યની પર્યાય બનાવે એમેય નથી. તેમ એ દ્રવ્ય બીજાં દ્રવ્યો, બીજા ક્ષેત્રે હોય ત્યાંથી ખેંચીને (તેને) આમ લાવે, એમ પણ નથી. આહા..હા..હા..!

(અહીંયાં કહે છે કે:) "કારણ કે સર્વ દ્રવ્યો સ્વભાવસિદ્ધ છે." પોતાના સ્વ,..ભાવ. સ્વ,...ભાવ..! દરેક પદાર્થને પોતાનો સ્વભાવ (છે). પરમાણુ, આત્મા, કાલાણુ, (આદિ) પોતાના સ્વભાવથી તે સિદ્ધ છે. કંઈ પરને લઈને સિદ્ધ નથી. આહા..! "આહા..! **"(તેમનું) સ્વભાવસિદ્ધપણું તો", "તેમના અનાદિનિધનપણાને લીધે છે."** આહા..હા..! દરેક દ્રવ્યનું સ્વભાવનું સિદ્ધપણું અનાદિ-અનંતને લઈને છે. દીકરામાં બાપનો અણસાર આવે છે. તો બાપથી એ દીકરો થ્યો...એમનો? અને અણસાર આવે એના જેવો! (**શ્રોતા:**) દીકરો અને બાપ તો આવ્યા ક્યાંથી, આપ તો એમ જ કહો છો.! (**ઉત્તર:**) કોઈ કોઈના દ્રવ્યથી કોઈ કોઈની દ્રવ્યપર્યાય ઉત્પન્ન થાય, એમ નથી. એ તો સમજાવવું હોય ત્યારે, વ્યવહારથી સમજાવાય (કે) પિતાજીનો અણસાર દીકરામાં આવે..! આહા..! વીતરાગભગવાન, ત્રિલોકનાથ પરમાત્મા, એનો અણસાર મુનિપણામાં આવે. એમ આવ્યું છે ને..! અહીંયાં વાત એ સિદ્ધ કરવી છે. આહા..હા..! પિતાજીનો અણસાર જે શરીર આદિ, આકારમાં અમુક, એ પુત્રમાં તે દેખાય (છતાં) છે સ્વતંત્ર, પણ દેખાય (પુત્રના અણસારમાં) એમ ત્રિલોકનાથ, વીતરાગ પ્રભુ..! સર્વજ્ઞ પરમેશ્વર..!

વીતરાગની દિવ્યપર્યાયમાં, એ ગુણપણામાં એ વીતરાગ સત્યસાધુ (મુનિરાજને) અણસાર દેખાય વીતરાગતાનો એમને છે. એનાથી (મુનિરાજથી). આની શરીરની પર્યાય શરીરથી. પણ આજીવન વીતરાગનો ભાવ, પરમાત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથ એનો અણસાર મુનિની દશામાં દેખાય છે. આહા..હા..હા..! શાંત...શાંત...શાંત...શાંત...! વીતરાગ, વીતરાગ, વીતરાગ, વીતરાગ!! રાગની જ્યાં પ્રેરણા ને વિકલ્પને જ્યાં સ્થાન નથી. એવા મુનિપણાનું-વીતરાગી સ્વભાવનો નમૂનો (ત્યાં) દેખાય છે. આ મુનિ! જેની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રદ્ધા વીતરાગી, જેનું જ્ઞાન વીતરાગી, જેનું ચારિત્ર વીતરાગી આહા..હા..! એ બધો પરમાત્મા વીતરાગ ત્રિલોકનાથ ધર્મપિતાની અણસાર અનુસાર થયું છે. થયું છે પોતાથી, એવો ત્યાગ દેખાય, આમ ઠરી ગ્યા- આમ શાંત! શાંત! એકલો પંચમભાવ આહા...હા..હા..હા..! જેમ પરમાત્માને એકલો પરમાત્મસ્વભાવભાવ પ્રગટ્યો છે. પરિણમનમાં એવો જ મુનિરાજને પંચમભાવ, ક્ષાયિકભાવ પર્યાયમાં આવે છે. પંચમભાવમાંથી પર્યાયમાં ક્ષાયિકભાવ (આવે છે). એ પણ પારિણામિકભાવનું એ પરિણમન-વીતરાગી પરિણમન (છે). એ વીતરાગ સ્વરૂપ છે, ભગવાન આત્મા ! તો એની પર્યાયમાં વીતરાગતાનો અણસાર આવે છે. રાગને પંચમહાવ્રતનો રાગ એ એનો (આત્માનો) અણસાર નહીં. આહા..હા..હા..! એનો અંશ ચોથામાં પણ આવે, વીતરાગી દૃષ્ટિ છે ને... આહા..હા..! મુનિપણું એ તો...ખાસ ભગવાનના જાણે પુત્ર હોય ને..! વારસ હોય ને જાણે...વીતરાગના (વીતરાગતાના વારસદાર!) **(શ્રોતા:)** ગૌતમને, ભગવાનના પુત્ર કહેવામાં આવે છે..! **(ઉત્તર:)** એમ કહેવાય ને..! 'સર્વજ્ઞપુત્ર' કીધા છે. ગૌતમ 'સર્વજ્ઞપુત્ર' છે. એ આ અપેક્ષાએ. આહા..હા..! અંતરમાં ચાર જ્ઞાન પ્રગટ્યાં! વીતરાગી દશા! શરીરમાં વીતરાગી બિમ્બ ઢળી ગ્યું..!! આહા..! 'ઉપશમરસ વરસ્યા રે, પ્રભુ તારા નયનમાં..! 'જેની આંખ્યમાં, શરીરમાં ઉપશમરસ! ભગવાનને જેમ સમરસ છે (એમ) એવો મુનિને છે! બાપુ, એ કોઈ અલૌકિક વાતું છે. હજી તો પંચમભાવ, ત્રિલોકનાથમહાસત્તા(ની વાત બેસે નહીં). બધું થઈને મહાસત્તા (એમ) નહીં, પણ પોતે મહાસત્તા ! એટલે મહાહોવાપણે પદાર્થ (અસ્તિપણે છે). એનો પણ જેને સ્પર્શ નથી, એનો આદર નથી, એનો આશ્રય નથી, ત્યાં તો વીતરાગ-ભાવની શરૂઆત પણ નથી. આહા..હા..હા..! શું કહે છે..? એ વીતરાગ ભાવ ભગવાનનો છે, એથી બીજા મુનિઓમાં વીતરાગ ભાવ આવે એમાંથી એમ નથી. આહા..હા..!

(અહીંયાં કહે છે કે:) **"સર્વ દ્રવ્યો સ્વભાવસિદ્ધ છે. (તેમનું) સ્વભાવસિદ્ધપણું તો તેમના અનાદિનિધનપણાને લીધે છે."** ઈ તો અનાદિ-અનંત જિનસ્વરૂપ છે. (આત્મા) અને પરમાણુ પણ અનાદિઅનંત સ્વભાવસિદ્ધ છે. કાલાણુ પણ અનાદિ અનંત સ્વભાવસિદ્ધ છે. છ એ દ્રવ્યો જાતિ તરીકે છે. છે પણ છે અનંત સંખ્યા તરીકે. એ અનંત અનાદિ-અનંત પોતે છે. **"કારણ કે અનાદિનિધન સાધનાંતરની અપેક્ષા રાખતું નથી."** શું કહે છે..? જે જીવ અનાદિઅનંત છે આદિ ને અંત રહિત છે. તે અનાદિ અનંત હોવાથી તેની સિદ્ધિ માટે અન્ય સાધનની જરૂર નથી. બેનના શબ્દમાં તો આવ્યું છે ને..! (બહેનશ્રીનાં વચનામૃત' બોલ.૨૫૧. ' દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે.') દ્રવ્ય એને કહેવાય કે એના કાર્ય માટે અનેરા દ્રવ્યની રાહ જોવી પડતી નથી. આહા..હા..હા..! એ અનેરા દ્રવ્યને લઈને એવું પ્રગટે છે એમ નથી. એનું હોવાપણું તો અનાદિ-અનંત છે. અને અનાદિ-અનંતને આશ્રયે જે દશા પ્રગટી તે 'સત્' પોતાનું છે. એ પરને લઈને ઉત્પન્ન થાય છે, એમ નથી. કારણ કે વસ્તુ જે દ્રવ્ય ને ગુણ અનાદિ અનંત છે, તેમ પર્યાય (પણ) અનાદિ અનંત છે. ભલે એક સમયની સ્થિતિ ભલે હો. એ અનાદિ અનંત પર્યાય છે છે છે છે છે. એની કંઈ ઉત્પત્તિનું કારણ (બીજું કોઈ દ્રવ્ય છે નહીં). વસ્તુ જેમ અનાદિ અનંત, ગુણ અનાદિ અનંત, પર્યાય પણ ક્રમસરમાં અનાદિ અનંત આહા..હા..! એવા અનાદિ અનંત દ્રવ્ય-ગુણ-પર્યાયને, પરની અપેક્ષા હોતી નથી. આહા..હા..! તત્ત્વને સમજ્યા વિના એમ ને એમ ઉપરટપકેથી એકાંત, એકાંત છે એમ કહી નાખવું ! આહા..! મોટી જવાબદારી છે પ્રભુ ! આ બધું વહ્યું જશે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



! કોઈ નહીં રહે. આહા..હા..! એકલો છોડીને ચાલ્યો જાય છે. એકલો છે ઈ એકલો રહેશે..! આહા..હા..! ખરેખર તો શુભાશુભ ભાવ જે કર્યા હશે એના પરમાણુ બંધાણા હશે, એ પરમાણુ પણ પોતાના કારણે આત્મા સાથે આવશે, આત્માના કારણે નહીં. આહા..હા..હા..હા..! શું કહ્યું ઈ! શુભ-અશુભ ભાવ થયા, એના પરમાણુ બંધાણા, પરમાણુ પરમાણુથી બંધાય છે. એ પરમાણુ (આત્મા સાથે જાય છે) આવે છે ને..! (પદ્મનંદી (પંચવિંશતી)'માં આવે છે. એ કર્મ પોતાથી જાય છે (આત્માની સાથે) સાથે આવે છે, તે આત્માથી નહીં. આત્માને લઈને કર્મ હારે આવે છે કે એમ નહીં. દ્રવ્ય ભિન્ન છે ને..! બીજા દ્રવ્યને લઈને બીજું દ્રવ્ય ત્યાં ખેંચાઈને આવે, એમ નથી. આહા..હા..હા..! ભાઈ..! થોડા શબ્દોમાં ઘણું ગૂઢ ભર્યું છે, ઘણું ભર્યું છે..!!

(કહે છે કે:) **"તેમના અનાદિનિધનપણાને લીધે છે; કારણ કે અનાદિનિધન સાધનાંતરની અપેક્ષા રાખતું નથી."** જે અનાદિ-અનંત છે. નિધન એટલે અનંત. (એટલે) આદિ ને અંત વિનાનું છે. સાધનાંતર (એટલે) બીજા સાધનની અપેક્ષા રાખતું નથી. ભગવાન આત્મા, પૂરણ ગુણનું ધામ, એના કાર્યમાં-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર-કાર્યમાં કોઈ સાધનાંતરની એને જરૂર નથી. જેમ દ્રવ્ય-ગુણને સાધનાંતરની જરૂર નથી, તેમ આવી પર્યાયને પણ અનેરા-સાધનાંતરની જરૂર નથી. આહા..હા..! **"ગુણપર્યાયાત્મક એવા પોતાના સ્વભાવને."** (એટલે કે) દ્રવ્ય-વસ્તુ એની શકિતઓ અને અવસ્થા સહિત એવા પોતાના સ્વભાવને જ-સ્વભાવ કીધો ! જોયું ? ગુણ અને પર્યાયને (પોતાનો) સ્વભાવ કીધો. આમાં તો વિકારીપર્યાયને પણ સ્વભાવ કીધો. સમજાણું કાંઈ આમાં..? આત્મામાં ગુણ ત્રિકાળ ને પર્યાય વર્તમાન (છે) એ પર્યાય વિકૃત હો કે અવિકૃત હો, એ પોતે એનો સ્વભાવ છે. આહા..હા..હા..! કોઈ કહે છે ને..! વિકાર નિશ્ચયથી થાય તો એનો સ્વભાવ થઈ જાય ! પણ પ્રભુ સાંભળને..! એ પર્યાય પણ એનો સ્વભાવ છે. આહા..હા..! આવું બેસવું કઠણ..! છે? (પાઠમાં) "ગુણપર્યાયાત્મક એવા પોતાના સ્વભાવને જ-કે જે મૂળસાધન છે તેને." જોયું..? આહા..! ઓલામાં (ગાથા.૯૬ ટીકામાં) ઈ જ છે. ગુણ પર્યાય ને ઉત્પાદ-વ્યય ને ધ્રુવ મૂળસાધન છે. દ્રવ્યને સિદ્ધ કરવાને. આહા..હા..! એમ અહીંયાં કહે છે કે: પોતાનો જે સ્વભાવ છે ગુણ પર્યાય સ્વરૂપ **"કે જે મૂળસાધન છે તેને-ધારણ કરીને સ્વયમેવ સિદ્ધ થયેલું વર્તે છે."** આહા...! આવો ઉપદેશ ! હવે આમાં કરવું શું પણ ? એમ કહે છે ને ! કરવું શું..? પણ કરી શકતો નથી. તારી પર્યાય પણ તારાથી થાય છે (તો) ખરેખર તો નિશ્ચયથી તો એનો ય કર્તા નથી. પર્યાય થાય છે તે અનેરાથી થતી નથી માટે (જ) તારાથી થાય છે એમ કહેવામાં આવે છે. આહા..હા..હા..! આવી વાત છે. ઓહોહો..! શું વીતરાગ મારગ..! અરે પરમાત્મા શ્રદ્ધવા બાપુ..! ત્રણલોકના નાથ! તીર્થંકર પ્રભુ! એના ગુણો અને એની પર્યાય હોય અનંતી એવું એક દ્રવ્ય છે જગતમાં, એવા અનંતા સિદ્ધો છે એવા લાખો કેવળીઓ છે. બાપુ, એની શ્રદ્ધા (આવવી અપૂર્વ છે) એમ ને એમ માનવું એ જુદી વાત છે. આહા..હા..! આ અનંતા સિદ્ધો તો તારા દ્રવ્ય-ગુણ-પર્યાયથી ગુણપર્યાયથી કેવળ બિરાજે છે. એ એનું અસ્તિત્વ છે. એની પર્યાયને બીજા સાધનાંતરની જરૂર નથી. આહા..હા..હા..!

( કહે છે) એવા ભગવાન સર્વજ્ઞ બિરાજે છે, કેવળી બિરાજે છે, સિદ્ધ બિરાજે છે, એવો તારો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા (છે) પ્રભુ ! તારી નિર્મળ પર્યાયની પ્રાપ્તિ માટે સાધનાંતરની જરૂર નથી. અનેરા સાધનની જરૂર નથી. આહા..હા..! નિર્મળપર્યાયનું સાધન તે તેનું દ્રવ્ય છે. પોતાનું દ્રવ્ય છે. એ તો આવી ગયું ને..! (ગાથા. ૯૬ ટીકામાં) કર્તા-કરણ (અધિકરણ). એ આવી ગ્યું ને..! ગુણ,પર્યાયનું કર્તા-કરણ-અધિકરણ દ્રવ્યને દ્રવ્યનું કર્તા-કરણ-અધિકરણ ગુણ પર્યાય (છે) આહા..હા..! થોડી વાતે પણ (પૂર્ણ સ્વરૂપ વસ્તુ-સ્થિતિ) ગજબ કામ કર્યું છે ને..! આવું ક્યારે મળે ! ભાઈ! આહા..હા..! એક આત્મા, અનંતગુણોનો ધણી, અરે જગતમાં અનંત આત્માઓ પણ એક આત્મા પણ અનંત-અનંત-અનંત ગુણોનો પિંડ છે, પર્યાયની નજર ન કર..! કેમકે તેં જ્યારે પર્યાયની દૃષ્ટિ છોડીને દ્રવ્ય-દૃષ્ટિ કરી છે ત્યારે તું પર્યાયને ન જોઈને દ્રવ્ય જોયું કે દ્રવ્ય આવું છે. એ ભગવાનસ્વરૂપ છે ઈ. એ અનંતા જે જીવ છે એ પરમાત્મસ્વરૂપ છે. એના અસ્તિત્વમાં ઈ આ રીતે છે. એનું આગવું અસ્તિત્વ બીજા અસ્તિત્વની અપેક્ષા રાખતું નથી. આહા..હા..! શું કહ્યું છે..! ઘણું સમાડ્યું છે, આમાં તો ઘણું સમાડ્યું છે !!! આહા..હા..! પ્રભુના વિરહ ભૂલાવ્યા છે. આહા..! એવી સ્પષ્ટતા કરી નાખી છે..!! શું કીધું? **"ગુણ પર્યાયાત્મક એવા પોતાના સ્વભાવને જ કે જે મૂળસાધન છે તેને-ધારણ કરીને દરેક દ્રવ્ય સ્વયમેવ સિદ્ધ થયેલું વર્તે છે."** સ્વયમ્ એવ, સ્વયં જ-પોતાની હયાતીપણે-સિદ્ધપણે વર્તે છે. આહા..હા..!

(અહીંયાં કહે છે કે:) **" જે દ્રવ્યોથી ઉત્પન્ન થાય છે તે તો દ્રવ્યાંતર નથી,"** જોયું, આવ્યું પાછું, દ્રવ્યથી જે ઉત્પન્ન થાય છે, એ અનેરું દ્રવ્ય ને અનેરો ગુણ ને અનેરી પર્યાય નથી. **"કાદાચિત્કપણાને લીધે પર્યાય છે."** જુઓ, આવ્યું એ. દ્રવ્યથી ઉત્પન્ન થાય છે જે-પ્રત્યેક દ્રવ્યથી પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા..! બીજાની પર્યાયને દ્રવ્ય-ગુણ તો નહીં પણ તે દ્રવ્ય પોતાની પર્યાયને ઉત્પન્ન કરે છે. ઉત્પન્ન કરે છે દ્રવ્ય તમારે દ્રવ્યાંતર સિદ્ધ કરવું હોય તો, એ દ્રવ્ય (પોતાની) પર્યાયને ઉત્પન્ન કરે છે. આહા..હા..! આજ ! આજ પ્યાલા ફાટે અંદર !! ભિન્ન ભિન્ન (સત્તા) વીજળીનો ડુંગરમાં ઘા પડે ને (ત્રાટકે ને) ડુંગરમાં બે ભાગ પડી જાય, એમ આ (બે) ભાગ પડી જાય છે. આહા..હા..! પ્રભુ તું ઉત્પન્ન કર તો તારી પર્યાયને હોં ! અને તે પર્યાયની ઉત્પત્તિ કરતાં-દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોય છે. તેથી તેની પર્યાયની ઉત્પત્તિ, મૂલક થાય છે. (દ્રવ્યનું મૂલ્યાંકન કરતી) દ્રવ્યની સિદ્ધિ-દ્રવ્ય છે ત્યાં જઈને એમ માન. દ્રવ્ય છે એનાથી પર્યાય થાય છે. એ દ્રવ્ય-ધ્રુવ છે, ધ્રુવની સત્તા ત્યાં છે. સમજાણું આમાં..? આહા..હા..! શું કહ્યું ઈ..? 'દ્રવ્ય છે' એમ જ્યાં બેઠું જેને, એ દ્રવ્યથી ઉત્પન્ન થાય તે દ્રવ્યાંતર નથી. અનેરા દ્રવ્યથી ઉત્પત્તિ અને અનેરું દ્રવ્ય (આ) નથી. **"કાદાચિત્કપણાને લીધે"** કદાચિત્ = કોઈ વાર હોય એવું; અનિત્ય. પર્યાય તો કદાચિત્ થાય ને..! એક પછી એક, એક પર્યાય એક, તે તે સમયે થાય. આહા..હા..હા..! એક પર્યાય સદાય રહે એમ નહીં. એ કદાચિત થાય (એટલે) એક પછી એક થાય-અનંતી પર્યાયો પછી-પછી (તે તે સમયે થાય). આ નથી સાંભળતા શું માંડી છે આવી ! આહા..! આવો તો કેવો જૈન ધરમ..!! બાપુ, મારગડા જુદા ભાઈ..! પ્રભુ બધાની સત્તાનો સ્વીકાર કરી લે. તારા દ્રવ્યનો સ્વીકાર થાય, તે દ્રવ્યમાંથી પર્યાય થાય. એ પર્યાયથી પર્યાય ન થાય. દ્રવ્યમાંથી (પર્યાય) થાય. રાગથી ન થાય, પરથી ન થાય. દ્રવ્યથી દ્રવ્યાંતર (એટલે અન્ય દ્રવ્યોથી ન થાય) પણ દ્રવ્યથી પર્યાયની ઉત્પતિ થાય, એ દ્રવ્યાંતર નથી. આહા..હા..! સમજાય છે કાંઈ..?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અહીંયાં કહે છે કે:) **''જેમ કે દ્વિ-અણુક વગેરે તથા મનુષ્ય વગેરે.''** બે-અણુ, ત્રણ-પરમાણુ ઉત્પન્ન થાય એ પર્યાય છે ઈ એના દ્રવ્યની પર્યાય છે. (સ્કંધરૂપની) મનુષ્યપણું થ્યું તો એના પરમાણુ દ્રવ્યની એ જડની (પરમાણુની) પર્યાય છે. આ મનુષ્યપણું ઉત્પન્ન થ્યું છે એ જડની પર્યાય છે. **''કાદાચિત્કપણાને લીધે પર્યાય છે.''** આ પર્યાય (મનુષ્યપણાની) એમ ને એમ રહે સદાય રહે એમ નહીં. આહા..હા..! બહુ નાખ્યું છે..! બે પરમાણુ (લઈને) અનંત પરમાણુ સુધીના (સ્કંધની) ઉત્પત્તિ તે એ (પરમાણુ) દ્રવ્યથી થાય છે. આહા..હા..! બીજા આત્માથી નહીં. આ (શરીર છે મનુષ્યનું) એ અનંત પરમાણુથી ઉત્પન્ન થયેલી આ પર્યાય છે, એ પરમાણુથી ઉત્પન્ન થયેલ છે. આત્માથી ઉત્પન્ન થયેલ નહીં. **'' જે દ્રવ્યોથી ઉત્પન્ન થાય છે તે તો દ્રવ્યાંતર નથી.''** પર્યાય હો, કાદાચિત્ક છે ને..! પર્યાય સદાય થાતી નથી. (મનુષ્યપણારૂપ) જીવની પર્યાય સદાય થાતી નથી. જીવની પર્યાય કદાચિત્ એટલે જે સમયે જ્યાં હોય (મનુષ્ય, દેવ, તિર્યંચ, નારકમાં) ત્યાં થાય એમ. કાદાચિત્કનો અર્થ કદાચિત્ (છે). પણ (દ્રવ્યમાં) પર્યાય તો સદાય થાય છે, પણ એ પર્યાય (મનુષ્ય, દેવ, આદિ) તે સમયની હોય ત્યારે (ત્યાં) થાય છે એમ કદાચિત્ (કહ્યું છે). આહા..હા..હા..! ઘણું સમાવ્યું છે ઘણું સમાવ્યું પ્રભુ..! ઓહોહો..!!

(હવે કહે છે કે:) **''દ્રવ્ય તો અનવધિ (મર્યાદા વિનાનું), ત્રિસમય-અવસ્થાયી (ત્રણે કાળ રહેનારું) હોવાથી ઉત્પન્ન ન થાય.''** આહા..હા..! ત્રિ-સમય અવસ્થાયી છે. (દ્રવ્ય) ત્રિ-સમય અવસ્થાયી. શું કહે છે..? પર્યાય છે ઈ તો કદાચિત્ ઉત્પન્ન થાય છે. અને વસ્તુ છે (દ્રવ્ય) તે ત્રિકાળ છે. આહા..હા..! ભાઈ! આવું હતું ત્યાં ક્યાંય ? ક્યાંય નથી. બીજે વેપાર ધંધા છે. આહા..હા..! શું તત્ત્વની ઝીણવટની સ્થિતિ..! આહા..! **''દ્રવ્ય તો અનવધિ''** છે. ઉત્પન્ન થાય તે તો પર્યાય છે, કદાચિત્ છે - તે તે સમયે ઉત્પન્ન થાતી છે. એ પર્યાય સદાય ઉત્પન્ન થાય એમ નથી. આહા..હા..!

**''હવે એ રીતે જેમ દ્રવ્ય સ્વભાવથી જ સિદ્ધ છે, તેમ '(તે) સત્ છે' એવું પણ તેના સ્વભાવથી જ સિદ્ધ થાય છે.''** 'સત્' છે એ પણ દ્રવ્યથી ઉત્પન્ન થયેલું છે નવું એમ નથી. દ્રવ્ય છે એમ સત્ પણ છે. આહા..હા..! **''એમ નિર્ણય હો.''** જેમ દ્રવ્ય છે તેમ સત્ સત્તા પણ છે. એમ નિર્ણય હો. **''કારણ કે સત્તાત્મક એવા પોતાના સ્વભાવથી નિષ્પન્ન થયેલા ભાવવાળું છે (-દ્રવ્યનો 'સત્ છે' એવો ભાવ દ્રવ્યના સત્તાસ્વરૂપ સ્વભાવનો જ બનેલો-રચાયેલો છે).** એ સ્વભાવ ને સત્ એ બે જુદાં નથી. કે આ દ્રવ્યથી સત્તા-સત્ ઉત્પન્ન થયેલું છે એમ પણ નથી. દ્રવ્યથી સત્ કોઈ જુદું છે એમ નથી. જેમ દ્રવ્ય અનાદિઅનંત છે તેમ 'સત્' તેની સાથે અભેદ છે. આહા..હા..!

વિશેષ કહેવાશે....

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે દ્રવ્યોથી દ્રવ્યાંતરની ઉત્પત્તિ હોવાનું અને દ્રવ્યથી સત્તાનું *અર્થાંતરપણું હોવાનું ખંડન કરે છે (અર્થાત્ કોઈ દ્રવ્યથી અન્ય દ્રવ્યની ઉત્પત્તિ થતી નથી અને દ્રવ્યથી અસ્તિત્વ કોઈ જુદો પદાર્થ નથી એમ નક્કી કરે છે);-

**दव्वं सहावसिद्धं सदिति जिणा तच्चदो समक्खादा।**
**सिद्धं तध आगमदो णेच्छदि जो सो हि परसमओ ॥९८॥**

**द्रव्यं स्वभावसिद्धं सदिति जिनास्तत्त्वतः समाख्यातवन्तः।**
**सिद्धं तथा आगमतो नेच्छति यः स हि परसमयः ॥९८॥**

**દ્રવ્યો સ્વભાવે સિદ્ધ ને 'સત્'- તત્ત્વતઃ શ્રીજિનો કહે;**
**એ સિદ્ધ છે આગમ થકી, માને ન તે પરસમય છે. ૯૮**

ગાથા ૯૮

**અન્વયાર્થઃ-** (द्रव्यं) દ્રવ્ય (स्वभावसिद्धं) સ્વભાવથી સિદ્ધ અને (सत् इति) (સ્વભાવથીજ ) 'સત્' છે એમ (जिनाः) જિનોએ ( तत्त्वतः) તત્ત્વતઃ (समाख्यातवन्तः) કહ્યું છે, (તથા) એ પ્રમાણે (आगमतः) આગમ દ્વારા (सिद्धं) સિદ્ધ છે, (यः) જે (न इच्छति ) ન માને (सः) તે ખરેખર (परसमयः) પરસમય છે.

**ટીકાઃ-** ખરેખર દ્રવ્યોથી દ્રવ્યાંતરોની ઉત્પત્તિ થતી નથી, કારણ કે સર્વ દ્રવ્યો સ્વભાવસિદ્ધ છે. (તેમનું ) સ્વભાવસિદ્ધપણું તો તેમનાં અનાદિનિધનપણાને લીધે છે; કારણ કે [1] અનાદિનિધન સાધનાંતરની અપેક્ષા રાખતું નથી, ગુણપર્યાયાત્મક એવા પોતાના સ્વભાવને જ -કે જે મૂળસાધન છે તેને -ધારણ કરીને સ્વયમેવ સિદ્ધ થયેલું વર્તે છે.

જે દ્રવ્યોથી ઉત્પન્ન થાયછે તે તો દ્રવ્યાંતર નથી, [2] કાદાચિત્કપણાને લીધે પર્યાય છે; જેમ કે દ્વિ-અણુક વગેરે તથા મનુષ્ય વગેરે. દ્રવ્ય તો અનવધિ (મર્યાદા વિનાનું), ત્રિસમય અવસ્થાયી (ત્રણે કાળ રહેનારૂં) હોવાથી ઉત્પન્ન ન થાય.

હવે એ રીતે જેમ દ્રવ્ય સ્વભાવથી જ સિદ્ધ છે, તેમ '(તે) સત્ છે' એવું પણ તેના સ્વભાવથી જ સિદ્ધ છે એમ નિર્ણય હો, કારણ કે સત્તાત્મક એવા પોતાના સ્વભાવથી નિષ્પન્ન થયેલા ભાવવાળું છે (-દ્રવ્યનો 'સત્ છે' એવો ભાવ દ્રવ્યના સત્તા સ્વરૂપ સ્વભાવનો જ બનેલો-રચાયેલો છે).

દ્રવ્યથી અર્થાન્તરભૂત સત્તા ઉપપન્ન નથી (-બની શકતી નથી, ઘટતી નથી, યોગ્ય નથી) કે જેના સમવાયથી તે (-દ્રવ્ય) 'સત્' હોય. (આ વાત સ્પષ્ટ સમજાવવામાં આવે છે:)

---

★ અર્થાંતર = અન્યપદાર્થ.

૧.અનાદિનિધન=આદિ અને અંત્ત રહિત્ત. (જે અનાદિ-અનંત્ત હોય વેની સિદ્ધિ માટે અન્ય સાધનની જરૂર નથી.

૨. કાદાચિત્ક=કદાચિત્ કોઈવાર હોય એવું; અનિત્ય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રથમ તો [૧]સત્‌થી [૨]સત્તાનું [૩]યુતસિદ્ધપણા વડે અર્થાન્તરપણું નથી કારણ કે દંડ અને દંડીની માફક તેમની બાબતમાં યુતસિદ્ધપણું જોવામાં આવતું નથી. (બીજું.) અયુતસિદ્ધપણા વડે પણ તે (અર્થાન્તરપણું) બનતું નથી, 'આમાં આ છે (અર્થાત દ્રવ્યમાં સત્તા છે)' એવી પ્રતીતિ થતી હોવાથી તે બની શકે છે એમ કહેવામાં આવે તો (પૂછીએ છીએ કે ) 'આમાં આ છે' એવી પ્રતીતિ શાના આશ્રયે (-શા કારણે)થાય છે? ભેદના આશ્રયે થાય છે (અર્થાત્ દ્રવ્ય અને સત્તામાં ભેદ હોવાને કારણે થાય છે) આમ કહેવામાં આવે તો (પૂછીએ છીએ કે), કયો ભેદ? પ્રાદેશિક કે અતાદ્‌ભાવિક..? [૪]પ્રાદેશિક તો નથી, કારણ કે યુતસિદ્ધપણું પૂર્વે જ રદ કર્યું છે. [૫]અતાદ્‌ભાવિક કહેવામાં આવે તો તે ઉપપન્ન છે(-ઉચિત જ) છે કારણ કે'જે દ્રવ્ય છે તે ગુણ નથી' એવું (શાસ્ત્રનું ) વચન છે પરંતુ (અહીં પણ એ ધ્યાનમાં રાખવું કે ) આ અતાદ્‌ભાવિક ભેદ 'એકાંતે આમાં આ છે' એવી પ્રતીતિનો આશ્રય (-કારણ) નથી, કારણ કે તે (અતાદ્‌ભાવિક ભેદ) સ્વયમેવ (પોતે જ) [૬]ઉન્મગ્ન અને [૭]નિમગ્ન થાય છે. તે આ પ્રમાણે : જયારે દ્રવ્ય ને પર્યાય પ્રાપ્ત કરાવવામાં આવે (અર્થાત્ જયારે દ્રવ્યને પ્રર્યાય પ્રાપ્ત કરે છે-પહોચે છે એમ પર્યાયાર્થિક નયથી જોવામાં આવે), ત્યારે જ- 'શુકલ આ વસ્ત્ર છે, આ આનો શુકલત્વગુણ છે' ઈત્યાદિની માફક -'ગુણવાળું આ દ્રવ્ય છે, આ આનો ગુણ છે' એમ અતાદ્‌ભાવિક ભેદ ઉન્મગ્ન થાય છે. પરંતુ જયારે દ્રવ્ય ને દ્રવ્ય પ્રાપ્ત કરાવવામાં આવે (અર્થાત્ દ્રવ્યને દ્રવ્ય પ્રાપ્ત કરે છે-પહોચે છે એમ દ્રવ્યાર્થિક નયથી જોવામાં આવે), ત્યારે સમસ્ત [૮]ગુણવાસનાના ઉન્મેષ જેને અસ્ત થઈ ગયા છે એવા તે જીવ ને -'શુકલ વસ્ત્ર જ છે' ઈત્યાદિની માફક -'આવું દ્રવ્ય જ છે' એમ જોતાં સમૂળો જ અતાદ્‌ભાવિક ભેદ નિમગ્ન થાયછે. એ રીતે ભેદ નિમગ્ન થતાં તેના આશ્રયે (-કારણે) થતી પ્રતીતિ નિમગ્ન થાય છે. તે (પ્રતીતિ) નિમગ્ન થતાં અયુતસિદ્ધત્વજનિત અર્થાંતરપણું નિમગ્ન થાયછે. તેથી બધુંય (આખુંય), એક દ્રવ્ય જ થઈને રહે છે, અને જ્યારે ભેદ ઉન્મગ્ન થાય છે, તે ઉન્મગ્ન થતાં તેના આશ્રયે (-કારણે) થતી પ્રતીતિ ઉન્મગ્ન થાયછે, તે (પ્રતીતિ) ઉન્મગ્ન થતાં અયુતસિદ્ધત્વજનિત અર્થાંતરપણું ઉન્મગ્ન થાય છે, ત્યારે પણ(તે) દ્રવ્યના પર્યાયપણે ઉન્મગ્ન થતું હોવાથી , -જેમ જળરાશિથી જળકલ્લોલ વ્યતિરિકત નથી (અથાત્ સમુદ્રથી તરંગ જુદું નથી) તેમ -દ્રવ્યથી વ્યતિરિકત હોતું નથી.

આ પ્રમાણે હોવાથી (એમ નકકી થયું કે ) દ્રવ્ય સ્વયમેવ સત્ છે. આમ જે માનતો નથી તે ખરેખર પરસમય જ માનવો .૯૮.

---

૧. સત્=હોતું-હયાત-હયાતીવાળુ-અર્થાત્ દ્રવ્ય.

૨. સત્તા=હોવાપણું; હયાતી.

૩. યુતસિદ્ધ=જોડાઈને સિદ્ધ થયેલું; સમવાયથી -સંયોગથી સિદ્ધ થયેલું (જેમ લાકડી અને માણસ જુદાં હોવા છતાં લાકડીનાં યોગ થી માણસ 'લાકડીવાળો' થાય છે તેમ સત્તા અને દ્રવ્ય જુદાં હોવા છત્તાં સત્તા સાથે જોડાઈને દ્રવ્ય 'સત્તાવાળુ' (-સત) થયું છે એમ નથી. લાકડી અને માણસની જેમ સત્તા અને દ્રવ્ય જુદાં જોવામાં જ આવતાં નથી. આ રીત્તે 'લાકડી' અને 'લાકડીવાળા'ની માફક 'સત્તા' અને 'સત્' ની બાબતમાં યુતસિદ્ધપણું નથી.)

૪. દ્રવ્ય અને સત્તામાં પ્રદેશભેદ નથી. કારણ કે પ્રદેશભેદ હોય તો યુતસિદ્ધપણું આવે -જે પ્રથમ જ રદ કરી બતાવ્યું છે.

૫. દ્રવ્ય ત્તે ગુણ નથી અને ગુણ તે દ્રવ્ય નથી- આવા દ્રવ્ય ગુણના ભેદને (ગુણ-ગુણીભેદને) અતાદ્‌ભાવિક ભેદ (તે-પણે નહિં હોવા રૂપ ભેદ) કહે છે. દ્રવ્ય અને સત્તામાં આવો ભેદ કહેવામાં આવે તો તે યોગ્ય જ છે.

૬. ઉન્મગ્ન થવું =ઉપર આવવું; તરી આવવું; પ્રગટ થવું (મુખ્ય થવું).

૭. નિમગ્ન થવું =ડૂબી જવું (ગૌણ થવું ).

૮. ગુણવાસનાના ઉન્મેષ =દ્રવ્યમાં અનેક ગુણો હોવાના વલણનું (અભિપ્રાયનું ) પ્રાકટ્ય ; ગુણ ભેદ હોવારૂપ મનોવલણનાં (અભિપ્રાયનાં ) ફણંગા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન: તા. ૮-૬-૭૯. તા. ૧૦-૬-૭૯.

'પ્રવચનસાર' ૯૮ ગાથા. (ગઈકાલે વ્યાખ્યા થઈ તેના પછી) પાના.૧૮૪ **'પ્રથમ તો સત્‌થી'** (અહીંથી લેવાનું છે) છે ને..?

(શું કહે છે કે:) **''દ્રવ્યથી અર્થાંતરભૂત સત્તા ઉત્પન્ન નથી (-બની શકતી નથી, ઘટતી નથી, યોગ્ય નથી) કે જેના સમવાયથી તે (-દ્રવ્ય) 'સત્' હોય. (આ વાત સ્પષ્ટ સમજાવવામાં આવે છે).**

**''પ્રથમ તો સત્‌થી સત્તાનું યુતસિદ્ધપણા વડે અર્થાંતરપણું નથી.''** શું કહે છે ? જે દ્રવ્ય છે દ્રવ્ય. સત્ એટલે દ્રવ્ય. એનાથી સત્તાનું યુતસિદ્ધપણા વડે (અર્થાંતરપણું નથી) દ્રવ્યને અને સત્તાને સંબંધ છે એવો (યુતસિદ્ધપણાનો) તેથી અર્થાંતરપણું નથી. દાખલો આપશે. શું કીધું સમજાણું..? સત્ છે દ્રવ્ય. આત્મા, પરમાણુ આદિ (દ્રવ્ય). એની જે સત્તા છે એ અર્થાંતરપણું નથી. સત્ જુદું ને સત્તા જુદી, દ્રવ્ય જુદું ને સત્તા જુદી એમ'નથી. આહા..! **''કારણ કે દંડ અને દંડીની માફક તેમની બાબતમાં યુતસિદ્ધપણું જોવામાં આવતું નથી.''** 'લાકડીવાળો' માણસ. (તેમાં) લાકડી અને માણસ બેય ભિન્ન છે. એ લાકડીથી 'લાકડીવાળો માણસ' એમ બીજી ચીજથી એને સિદ્ધ કરવામાં આવ્યો છે. એમ સત્ અને સત્તામાં એ રીતે નથી. લાકડીવાળો માણસ એમ સત્તાવાળું સત્ એમ નથી. આહા..હા..! આવી વાતું છે. વસ્તુની સ્થિતિ વર્ણવે છે. આ તો જ્ઞાન કરાવે છે. આશ્રય કોનો કરવો એ (વાત) પછી છેલ્લે. આ તો વસ્તુસ્થિતિ શું છે? (તેનું જ્ઞાન કરો એમ કહે છે.) જેમ દંડ અને દંડી બે જુદી ચીજ છે. છે ને ? **''દંડ અને દંડીની માફક તેમની બાબતમાં.''** દંડ અને દંડીની માફક તેમના સંબંધથી **''જોવામાં આવતું નથી.''** લાકડી કે દંડ અને દંડી ભિન્ન છે. દંડી તો યુતસિદ્ધ સંબંધથી કહેવામાં આવ્યું છે. દંડનો સંયોગ સંબંધ છે ને.! આહા..હા..! એમ આત્મા, દરેક વસ્તુ અને એની સત્તા એ રીતે નથી. સત્તા સત્‌સ્વરૂપે જ છે. સત્ સત્ સત્ સત્તાસ્વરૂપે જ છે. સમજાણું કાંઈ..? આહા..! આવી વાત છે.

(કહે છે કે:) **''(બીજું,) અયુતસિદ્ધપણા વડે પણ તે (અર્થાન્તરપણું) બનતું નથી.'' 'આમાં આ છે. અર્થાત્ દ્રવ્યમાં સત્તા છે, એવી પ્રતીતિ થતી હોવાથી તે બની શકે છે એમ કહેવામાં આવે તો.''** હવે તેના બે પ્રકાર પાડ્યા છે. શું કહે છે..? અયુતસિદ્ધ (સંબંધ) દંડ અને દંડીની પેઠે નહીં. પણ અયુતસિદ્ધ સત્ છે તે સત્તા છે. સત્ છે ઈ સત્તાવાળું છે એમ. સત્તા છે તેથી સત્ છે. એવું અયુતસિદ્ધપણા વડે પણ બનતું નથી. જોયું..? 'આમાં આ છે' દ્રવ્યમાં સત્તા છે એવી પ્રતીતિ થતી હોવાથી તે બની શકે છે. એમ કહેવામાં આવે તો ''આમાં આ છે'' 'સત્‌માં સત્તા છે' એમ કહેવામાં આવે તો **(પૂછીએ છીએ કે) 'આમાં આ છે' એવી પ્રતીતિ શાના આશ્રયે ( શા કારણે) થાય છે..?''** દ્રવ્યમાં સત્તા છે. વસ્તુમાં સત્તા છે. એમ કહેવાથી તું શું કહેવા માગે છે..? એમ કહે છે. ઝીણો..! (અધિકાર ઝીણો) લોજિકની વાત છે. દ્રવ્યમાં સત્તા (છે) એવી પ્રતીતિ થતી હોવાથી, એમ તું કહેવા માગે છે. (તો) પૂછીએ કે 'આમાં આ છે' એવી પ્રતીતિ શાના આશ્રયે (થાય છે..?) ભેદના આશ્રયે થાય છે.? દ્રવ્યને સત્તા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ને ભેદ હોવાને કારણે થાય છે..? સત્ અને સત્તાના ભેદને કારણે આમાં આમ છે. **''ભેદના આશ્રયે થાય છે (અર્થાત્ દ્રવ્ય અને સત્તામાં ભેદ હોવાના કારણે થાય છે) એમ કહેવામાં આવે તો (પૂછીએ છીએ કે), કયો ભેદ ? પ્રાદેશિક કે અતાદ્દભાવિક ?** સત્ દ્રવ્ય છે અને સત્તા (છે) બેના પ્રદેશભેદ છે કે બેયને અતદ્દભાવ છે. સત્તા તે સત્ નહીં અને સત્ તે સત્તા નહીં. એવો અતદ્દભાવ છે, પણ તું એના પ્રદેશભેદ કહેતો હો તો એ રીતે નથી. આહા..હા..હા..! આકરું ! વીતરાગે કહેલા તત્ત્વો, બીજે ક્યાંય નથી. વીતરાગ સર્વજ્ઞે કહેલું 'સત્' તે સત્તાથી યુતસિદ્ધ છે (એટલે કે જોડાઈને સિદ્ધ થયેલું, સમવાયથી-સંયોગથી સિદ્ધ થયેલું) એમ નથી. સત્ (અને) સત્તા બેય એક જ છે પણ, 'છે સત્' અને 'સત્તા' અયુતસિદ્ધ કહે છે તો પછી કે' એમાં ભેદ કઈ રીતે (છે)..? પ્રદેશભેદથી અયુતસિદ્ધ છે..? કે અતદ્દભાવથી અયુતસિદ્ધ છે..? છે..? (પાઠમાં) **''પ્રાદેશિક તો નથી, કારણ કે યુતસિદ્ધપણું પૂર્વે જ રદ કર્યું છે.''** દ્રવ્ય અને સત્તાના પ્રદેશ જુદા (છે) એમ નથી. આ..રે.. આવી વાતું હવે, વાણિયાને નવરાશ ન મળે..! આહા.હા..હા.. 'સત્' (કોણ ?) છ દ્રવ્ય. તો ઈ દ્રવ્ય ને સત્તા (ગુણને) ભેદથી તમે કહેતા હો તો કઈ રીતે (છે) ? પ્રદેશભેદથી (ભેદ છે) કે અતદ્દભાવભેદથી ? પ્રદેશભેદ તો અમે રદ (એટલે) નથી એમ કહેતા આવ્યા છીએ. કે 'સત્' (અર્થાત્) દ્રવ્ય ને 'સત્તા'ના પ્રદેશ જુદા નથી. **(શ્રોતા:)** આવુ બધું સમજવા ઘડ બેસતી નથી..! **(ઉત્તર:)** આહા..હા..હા..! વસ્તુસ્થિતિ છે ઈ. જે રીતે વસ્તુ છે ઈ રીતે નહિ જાણે-માને વસ્તુમાં-વિષયમાં વિપરીતતા થઈ જાય. આ તો સર્વજ્ઞ પરમેશ્વરે (કહેલી વસ્તુસ્થિતિ છે.) આ 'જ્ઞેય અધિકાર' તે સમ્યગ્દર્શનનો વિષય છે. જ્ઞાન પ્રધાનપણે (કહ્યું છે) આહા..હા..! જે વસ્તુ જે રીતે છે તે રીતે તેને જ્ઞાનમાં આવવી જોઈએ. આહા..! ઈ તો કહ્યું ને...! કે વાણિયાને નવરાશ ન મળે, આવું છે ભાઈ ! નવરાશ નહીં ને..! (તત્ત્વનો) નિર્ણય કરવાનો વખત ક્યાં છે..? રળવું છે. એકાદ કલાક જાય સાંભળવા, થઈ ગ્યું..!! ભાઈ ! અહીંયાં તો વસ્તુ (સ્થિતિ) ભગવાન લોજિક-ન્યાયથી સિદ્ધ કરે છે. આહા..હા..! સમજાણું..?

(કહે છે કે:) 'સત્' દ્રવ્ય છે, તે 'સત્તા' છે. અને દ્રવ્ય સત્તાને, એ ભેદ એ રીતે તું કહેતો હો તો (અમે પૂછીએ કે) તે ભેદ પ્રદેશભેદથી કહે છે કે અતદ્દભાવથી ભેદ (કહે) છે ? પ્રદેશભેદથી તો અમે નિષેધ કરતા આવ્યા છીએ. **(શ્રોતા:)** જ્ઞેયતત્ત્વ અજ્ઞાત છે.. **(ઉત્તર:)** એથી તો હળવે-હળવે કહીએ છીએ. છોકરાંને કહ્યું'તું ત્યાં અંદર મેં- 'બધા લીએ એ તો ખરું' કે આજ ભઈ ઝીણું આવશે. આવું કોઈ દી' બાપદાદે ય સાંભળ્યું ન હોય..! રામજીભાઈએ તો સાંભળ્યું ય ન્હોતું. હિંમતભાઈએ ય સાંભળ્યું ન્હોતું. શ્રીમદ્દના ભગત. **(શ્રોતા:)** હતું જ ક્યાં..? (આવું તત્ત્વ ક્યાં હતું..?) **(ઉત્તર:)** કહે છે ભગવાન સર્વજ્ઞ તીર્થંકરે જે પદાર્થ જોયા એ પદાર્થની સ્થિતિ શી છે..? એમાં આવ્યું કે 'સત્' છે દ્રવ્ય. તે દ્રવ્ય સત્ છે હયાતીવાળું છે. એ સત્તાને લઈને હયાતીવાળું છે કે સત્તાસહિત હયાતીવાળું છે..? આહા..! સત્ ને સત્તાના પ્રદેશભેદ છે કે અયુતસિદ્ધ છે..? એટલે કે એનાથી જોડાણ નથી. સત્, સત્તાસ્વરૂપે જ છે. સત્તા, સત્સ્વરૂપે જ છે. આહા..હા..! પણ પ્રદેશભેદ કહેતો હો તો (એ છે) નહીં. પણ અતાદ્દભાવિક કહેવામાં આવે-બોલ છે ને પાંચમો દ્રવ્ય છે તે ગુણ નથી. ને ગુણ છે તે દ્રવ્ય નથી. (તો અતાદ્દભાવિક ભેદ છે.)

(અહીંયાં કહે છે કે:) **''અતાદ્દભાવિક કહેવામાં આવે તો તે ઉપપન્ન જ (-ઉચિત જ) છે,**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**કારણ કે 'જે દ્રવ્ય છે તે ગુણ નથી' એવું (શાસ્ત્રનું) વચન છે.''** આવા દ્રવ્ય-ગુણના ભેદને-ગુણ-ગુણી ભેદને અતાદ્‌ભાવિક ભેદ (છે). (એટલે) તે-પણે નહિ હોવું. સત્ છે તે સત્તાપણે નથી. અને સત્તા, સત્‌પણે નથી. ગુણ-ગુણીનો ભેદ આમ છે. આહા..હા..હા..! દ્રવ્ય અને સત્તાનો આવો (અતાદ્‌ભાવિક) ભેદ કહેવામાં આવે તો તે યોગ્ય છે. પરંતુ સત્તાનો સંબંધ થયો માટે સત્-દ્રવ્ય છે એમ કહેતો હોય તો, એમ નથી. આહા..! આવું સાંભળવું લ્યો..! **(શ્રોતા:)** એ તો પંડિતોને હોય આવું સાંભળવાનું..! **(ઉત્તર:)** પંડિતોને..! ઈ તો હોય, પણ પહેલા, પદાર્થના દ્રવ્ય-ગુણ ને પદાર્થની પ્રતીતિ કરવી એને માટે છે આ.

આ ('પ્રવચનસાર') જ્ઞેય અધિકાર છે. **'સમ્યગ્દર્શનનો અધિકાર છે'** ૯૨ ગાથામાં જ્ઞાનનો અધિકાર હતો. **'આ દર્શનનો અધિકાર છે'** જયસેનઆચાર્યે દર્શનનો અધિકાર કહ્યો છે. (વસ્તુતત્ત્વ) એને પહેલું કેમ છે એમ જાણે તો ખરો. આહા..! પછી આશ્રય કોનો કરવો એ પછી પ્રશ્ન..! પણ વસ્તુ કેમ છે..? (એનું જ્ઞાન કરે) એ પછી સત્ ને સત્તાના ભેદનો આશ્રય કરવો એમ નથી (એમ જાણે). આહા..હા..હા..!! (સત્ ને સત્તાને) અતદ્‌ભાવ હોવા છતાં (એટલે) સત્ છે તે સત્તા નથી, ને સત્તા છે તે સત્ નથી. દ્રવ્ય (સત્) તે ગુણ નથી, સત્તા ગુણ છે તે દ્રવ્ય નથી. સમજાય છે કાંઈ આમાં..? (ફરીથી કહીએ) સત્તા ગુણ છે, સત્ દ્રવ્ય છે. પણ ઈ દ્રવ્ય ને ગુણ અતદ્‌ભાવરૂપે ખરું (એટલે) દ્રવ્ય તે ગુણ નહિ ને ગુણ તે દ્રવ્ય નહિ. પણ એમને પ્રદેશભેદ છે-દ્રવ્યના પ્રદેશ જુદા અને ગુણના પ્રદેશ જુદા-એમ નથી. આહા..હા..! છે..? 'અતાદ્‌ભાવિક કહેવામાં આવે તો તે બરાબર જ છે.' ધીમેથી સમજે તો સમજાય તેવું છે. ભાષા કંઈ એવી નથી..! ઈ સત્તા છે ને ઈ સત્ છે. દ્રવ્ય-સત્ (સાથે) સત્તાને જોડાણ થયું માટે તે સત્તા છે એમ નથી. પણ સત્ ને સત્તા- (દ્રવ્ય અને ગુણ) દ્રવ્ય તે ગુણ નહિ ને ગુણ તે દ્રવ્ય નહિ- એ અપેક્ષાએ અતદ્‌ભાવ સત્ ને સત્તાને બે વચ્ચે કહેવામાં આવે છે. આહા...હા..હા..હા..! એમાંથી એ આવી ગ્યું..! સમજાણું કાંઈ..?

આહા..હા..! (પંડિતજી..!) કહે છે કે: દ્રવ્ય છે, એ સત્, તેમ સત્તા છે. પણ ઈ સત્તાને કારણે દ્રવ્યને જોડાણ થઈને- સત્તાનું જોડાણ થઈને સત્તા છે, એમ નથી. યુતસિદ્ધ નથી, સંબંધસિદ્ધ નથી, સંયોગસિદ્ધ નથી. દ્રવ્ય-સત્ અને સત્તાને સંયોગસિદ્ધ સંબંધ નથી. આહા..હા..હા..! દંડ ને દંડીને સંયોગસિદ્ધ સંબંધ છે. એમ સત્તાને અને સત્‌ને સંયોગસિદ્ધ સંબંધ નથી, પણ સ્વભાવવાન્ દ્રવ્ય અને ગુણને અતદ્‌ભાવ એવો ભાવ છે. **(શ્રોતા:)** આ તો ન્યાયશાસ્ત્રની વાતુ છે..! **(ઉત્તર:)** ન્યાયશાસ્ત્રની...! તો ભગવાનના મારગમાં તો ન્યાય છે ને...નિરાવરણ છે..!! આહા..! આવો મારગ છે. ધીમે ધીમે ભઈ કહીએ છીએ આ તો. એ ભાઈ..! આવું તો ક્યાં- ક્યાંય તમારા ચોપડામાં ય આવે નહીં. તમારા બાપદાદે'ય સાંભળ્યું નથી, ત્યારે આ વાત હતી નહીં, આ વાત જ હતી નહીં. અમારા બાપદાદે સાંભળી નહોતી કોઈ'દી..! આ વાત જ બાપુ, કહે છે પ્રભુ..! વસ્તુની મર્યાદા કઈ રીતે છે..? કે દ્રવ્ય છે તે સત્તા છે. સત્તા દ્રવ્યમાં ભેગી જ છે. સત્તા જુદી ને સત્-દ્રવ્ય જુદું એમ (બંનેનો સંબંધ) થઈને સત્તા નથી, પણ (બન્ને) અતદ્‌ભાવ તરીકે છે. (અર્થાત્) દ્રવ્ય છે તે ગુણ નથી ને ગુણ છે તે દ્રવ્ય નથી. એ રીતે એને અતદ્‌ભાવ તરીકે ભેદ છે. પણ સત્ ભિન્ન અને સત્તા ભિન્નનો સંયોગી (ભાવ) થયો છે એમ નથી. એમ હોય તો પ્રદેશ એક થઈ જાય, પ્રદેશભેદ છે. (નહીં) આહા..હા..! આવી વાતું છે. આકરું લાગે..! સ્થાનકવાસીને કાંઈ અભ્યાસ જ ન મળે..! એ તો આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સામાયિક કરો...ને...પડિકમણા કરો...ને પોષહ..કરો ને...શ્વેતાંબરમાં પણ ટીકામાં દ્રવ્ય-ગુણનું (સ્વરૂપ બતાવ્યું છે) પણ આ સ્થિતિ નહીં, આહા..હા..હા..હા..! જગતના અનંતા દ્રવ્યો - એ અનંત દ્રવ્યોને સત્તા પણ એની સાથે સંબંધ છે. સ્વભાવસંબંધ છે, સંયોગસંબંધ નથી. આહા..હા..! શું કહ્યું..? સમજાણું ? દ્રવ્યને અને સત્તાને સ્વભાવસંબંધ છે, સંયોગસંબંધ નથી.' આહા..હા..!

(અહીંયાં કહે છે કે:) **''અતાદ્દ્ભાવિક કહેવામાં આવે તો તે ઉપપન્ન જ (-ઉચિત જ) છે, કારણ કે 'જે દ્રવ્ય છે તે ગુણ નથી.'** દ્રવ્ય તો અનંતગુણનો પિંડ છે, ગુણ છે તે એક-એક તેમાં નામભેદ, સંજ્ઞાભેદ (લક્ષણભેદ) વાચ્યભેદ છે ને..! ગુણ ને 'ગુણ' કહેવાય ઓલાને 'દ્રવ્ય' કહીએ. આહા..હા..! **''એવું શાસ્ત્રનું વચન છે. પરંતુ (અહીં પણ એ ધ્યાનમાં રાખવું કે) આ અતાદ્દ્ભાવિક ભેદ 'એકાંતે આમાં આ છે.''** એકાંતે સત્‌માં સત્તા છે, એમ' નથી. સત્‌ને સત્તાસ્વરૂપ જ છે એ તો એકાંતે આમાં આ છે. **''એવી પ્રતીતિનો આશ્રય (કારણ) નથી.''** એકાંત સત્, સત્તા છે એમ નહીં. સત્ (એટલે) દ્રવ્ય, અને સત્તા (એટલે) ગુણ એટલો એમાં ભેદ છે. 'અતદ્દ્ભાવ' આહા..હા..હા..હા..! અતાદ્દ્ભાવિક કહ્યું છતાં (ગુણી-ગુણ જેટલો) ભેદ છે. સમજાય છે કાંઈ..? આહા..હા..! કાલનું ય ઝીણું હતું ને આ યે ઝીણું (છે) ! ધરમ કરવો છે ને અમારે શું કામ છે આનું..? પણ ધરમ કરવો છે તો ધરમ શું ચીજ છે, ધરમ અને ધરમીનો કોઈ હારે પ્રદેશભેદ છે (એટલે) ધર્મી અને ધરમની પર્યાય બેને પ્રદેશભેદ છે..? અત્યારે આ વાત સિદ્ધ કરવી છે હો (પ્રદેશભેદ નથી તે) પણ નિશ્ચયથી તો પર્યાય ને દ્રવ્યના પ્રદેશભેદ છે. ઈ બીજી વસ્તુ છે ઈ. આહા..હા..! આહા..હા..હા..હા..! ('સમયસાર') સંવર અધિકાર. એ (વાત અહીં નથી) અહીંયાં તો વસ્તુની સ્થિતિ સિદ્ધ કરવી છે કે દ્રવ્ય છે એ જ સત્તા છે. (સત્તા) ગુણરૂપ છે, ગુણરૂપ છે તે દ્રવ્યરૂપ છે. એવો અતદ્દ્ભાવ ભલે નામભેદે કહો પરંતુ ભિન્ન-સતા જુદી હતી ને દ્રવ્ય હારે જોડાઈ ગઈ-ત્યારે એની સત્ સત્તા થઈ એમ' નથી. આહા..હા..! એનો અર્થ: કે સત્તા ગુણને લક્ષમાં લેવું નથી. એ સત્તા ગુણનું ધરનાર દ્રવ્ય છે તેને લક્ષમાં લેવું છે. આહા..હા..! **(શ્રોતા:)** જ્ઞાન કરવું બેયનું આશ્રય કરવો એકનો..! **(ઉત્તર:)** જ્ઞાન કરવું જુદી વસ્તુ છે. પણ વસ્તુ તો ત્રિકાળ' સત્તારૂપે જે સત્ છે, એકરૂપ સત્ છે એનો ગુણ-ગુણીનો અતદ્દ્ભાવ છે એ પણ લક્ષમાં લેવાનો નથી. દૃષ્ટિમાં તો (એક-અભેદ-અખંડ). આહા..હા..હા..! **(શ્રોતા:)** સમયસાર કરતાં ય અઘરૂં આવ્યું...! **(ઉત્તર:)** ('સમયસાર'ની) એ કથની છે દર્શનપ્રધાન, આ જ્ઞાનપ્રધાન કથની છે. 'નિયમસાર'માં જુઓ તો (મુનિરાજ કહે છે) મારી ભાવના માટે મેં (આ) બનાવ્યું છે. એ કુંદકુંદાચાર્ય એમ કહે: કે ખરેખર આત્મા તેને કહેવો કે પર્યાય વિનાનો જે ત્રિકાળ તેને ખરેખર આત્મા કહેવો. આહા..! ૩૮ (ગાથા) 'શ્રીસમયસાર' **'अहमेक्को खलु सुद्धो दंसणणाणमइओ सदारुवी । णवि अत्थि मज्झ किंचि वि अण्णं परमाणुमेत्तं पि ।। ३८ ।।** મારી ભાવના માટે મેં બનાવ્યું છે. આહા...હા...! ખરેખર આત્મા કોને કહેવો..? કે જેમાં ક્ષાયિકભાવ પણ નથી. આહા...હા..! ઉદયભાવ ને ઉપશમભાવ ને રાગભાવ તો ક્યાંય (દૂર) રહી ગ્યા..!! આહા..હા..!

અહીંયાં તો એ વસ્તુને સત્તા બે ભિન્ન પ્રદેશ નથી, એમાં નામભેદ, સંજ્ઞાભેદ છે તો અતદ્દ્ભાવ છે પણ અતદ્દ્ભાવ હોવા છતાં એકાંતે આ જુદું જ છે એમ' નથી. અતાદ્દ્ભાવિક ભેદ એકાંતે 'આમાં આ છે' એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભેદ એકાંતે છે એમ' નથી.

(અહીંયાં કહે છે કે:) **''એવી પ્રતીતિનો આશ્રય (કારણ) નથી, કારણકે તે (અતાદ્ભાવિક ભેદ) સ્વયમેવ (પોતે જ) ઉન્મગ્ન અને નિમગ્ન થાય છે.''** આહા..હા..! ભાષા દેખો..! બધી લોજિકની..! આત્મા' અથવા દ્રવ્ય અને સત્તા-સત્ અને સત્તા-એ અતદ્ભાવ ખરો, દ્રવ્ય તે ગુણ નહીં ને ગુણ તે દ્રવ્ય નહીં. યુતસિદ્ધ નહીં, પણ અયુતસિદ્ધ-અતદ્ભાવ છે. એ અતદ્ભાવ ભેદ પણ બે પ્રકારે છે. **''સ્વયમેવ પોતે જ ઉન્મગ્ન અને નિમગ્ન થાય છે.''** કોણ..? અતાદ્ભાવિક ભેદ. ઉન્મગ્ન, નિમગ્ન એટલે..? (નીચે ફૂટનોટમાં અર્થ છે.) ઉન્મગ્ન થવું=ઉપર આવવું; તરી આવવું; પ્રગટ થવું (મુખ્ય થવું). નિમગ્ન થવું=ડૂબી જવું, ગૌણ થવું. એટલે શું..? **''તે આ પ્રમાણે: જ્યારે દ્રવ્યને પર્યાય પ્રાપ્ત કરાવવામાં આવે.''** આહા..હા..હા..! દ્રવ્યને, પર્યાયથી જ્યારે જોવામાં આવે. **(''અર્થાત્ જ્યારે દ્રવ્યને પર્યાય પ્રાપ્ત કરે છે-પહોંચે છે એમ પર્યાયાર્થિકનયથી જોવામાં આવે', ત્યારે જ-'શુકલ આ વસ્ત્ર છે, આ આનો શુકલત્વગુણ છે' ઈત્યાદિકની માફક-'ગુણવાળું આ દ્રવ્ય છે', આ આનો ગુણ છે એમ અતાદ્ભાવિકભેદ ઉન્મગ્ન થાય છે.''** પર્યાયનયથી જુએ ત્યારે ગુણવાળું દ્રવ્ય છે એમ કહેવાય. માળે..! એકલો ન્યાય પડ્યો છે. વાંચ્યું છે કે નહીં ન્યાં કોઈ દી' ભાઈ..! ભૂકાનો વેપાર છે, ભૂકો છે ને ઈ શું કહેવાય..? પાવડર. આહા..હા..!

અહીંયાં તો પરમાત્મા પોતે સત્ છે. અને સત્તા (ગુણ છે) તો દ્રવ્ય ને ગુણ એવો ભેદ પડ્યો, એ અતદ્ભાવ. પણ અતદ્ભાવને પણ બે દષ્ટિએ જોવામાં આવે છે. પર્યાયથી જોઈએ (તો 'ગુણવાળું આ દ્રવ્ય છે, આ આનો ગુણ છે એમ અતાદ્ભાવિકભેદ ઉન્મગ્ન થાય છે) છે..? દ્રવ્યને પર્યાય પ્રાપ્ત કરાવવામાં આવે **-!! પહોંચે છે એમ પર્યાયાર્થિકનયથી જોવામાં આવે ત્યારે જ 'શુકલ આ વસ્ત્ર છે'** શુકલ આ વસ્ત્ર છે. (વસ્ત્ર) શુકલ જ છે એમ નહીં. પર્યાય-નય છે ને..! ધીમેથી... ભઈ આજનો વિષય જરી એવો છે કંઈક.' વેપારમાં મળે નહીં ને ઉપવાસ કરે તો ય મળે નહીં. દેરાસરમાં જાય તો...અને દિગંબરમાં ય અત્યારે તો કયાં ઠેકાણાં છે..! વ્રત કરો ને... પડિમા ધારણ કરો ને..! આ છોડો ને આ છોડોને આ છોડો, અરે પ્રભુ તું શું કરે છે !! વસ્તુની મર્યાદા કઈ રીતે છે ઈ જાણ્યા વિના ને દ્રવ્યનો આશ્રય ( તે પણ) કોણ દ્રવ્યનો આશ્રય..?

આ તો એ વિચાર એક આવ્યો હતો, કે જ્ઞાનપ્રધાન કથનમાં ('પ્રવચનસાર') ૨૪૨માં આવે છે ને..! **(ટીકા:- જ્ઞેયતત્વ અને જ્ઞાતૃત્વની તથા પ્રકારે (જેમ છે તેમ, યથાર્થ) પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શનપર્યાય છે.)''** જ્ઞેય-જ્ઞાયકની પ્રતીતિ (તે) સમ્યગ્દર્શન. એ જ્ઞાન પણ દર્શન કર્યા પછીનું-પ્રતીતિ કર્યા પછીનું જ્ઞાન, એને વિષે ત્યાં વાત કરી છે. આહા..! એક રહી ગ્યું વળી કંઈક, મગજમાં આવ્યું'તું કંઈક..! (શ્રોતાના ભાગ્ય કમ) એ દર્શનમાં પણ પ્રમત્ત-અપ્રમત્ત પર્યાય પણ નથી. ('શ્રીસમયસાર' ગાથા-૬) **(શ્રોતા:)** ત્રિકાળી દ્રવ્યની વાત છે...! **(ઉત્તર:)** હા, હા.. તો વિકારીપર્યાય પણ જેમાં નથી, એ સમ્યગ્દર્શનનો જ્ઞાત વિષય (છે.) આહા..હા..હા..! કાંઈક આવ્યું'તું અંદરથી વળી રહી ગ્યું..! (શ્રોતાની યોગ્યતા જ એવી). **(શ્રોતા:)** જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની તથા-પ્રકારે અનુભૂતિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેનું લક્ષણ છે તે જ્ઞાનપર્યાય..! **(ઉત્તર:)** એ તો આવી ગઈ. પણ ઈ તો વાત કરી ને..! ઈ તો દર્શનની–પહેલાં ઈ તો ૧૭મી ગાથામાં ('સમયસાર') કહ્યું ને..! (...**"ટીકા:– મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને જાણવો, પછી તેનું જ શ્રદ્ધાન કરવું કે' આ જ આત્મા છે...).** કે પહેલો આત્મા જાણવો, ત્યાં જ્ઞાન લીધું પહેલું. જ્ઞાનમાં, આત્મા અખંડ છે એમ જાણવો. (પછી) એની પ્રતીતિ કરવી. આહા..હા..! અહીંયાં તો કહે છે કે: સત્ ને સત્તા બે વચ્ચે (ગુણી-ગુણ અતદ્ભાવ છે. એમ કે ગુણી ને ગુણ (અર્થાત્) દ્રવ્ય ને ગુણ એ અપેક્ષાએ એટલો અતદ્ભાવ (ભેદ) છે. પણ એકાંતે આ અતદ્ભાવ નથી. આહા..! એનો ભેદ પર્યાયનયથી જોઈએ તો 'ત્યારે શુકલ આ વસ્ત્ર છે આ આનો શુકલત્વગુણ છે' જોયું..? શુકલ આ વસ્ત્ર છે (એટલે) ધોળું આ વસ્ત્ર, વસ્ત્ર આ ધોળું અને આનો ધોળો ગુણ **"ઈત્યાદિની માફક–'ગુણવાળું આ દ્રવ્ય છે, આ આનો ગુણ છે."** પર્યાયનયથી આહા..હા..હા..! અતદ્ભાવ ભેદ હોવા છતાં..! એટલે શું..? કે ગુણ તે દ્રવ્ય નહીં ને દ્રવ્ય તે ગુણ નહીં. એવો અતદ્ભાવ (ભેદ) હોવા છતાં, એ અતદ્ભાવ બે દષ્ટિથી દેખાય, જ્યારે પર્યાયદષ્ટિથી જોવું હોય તો "આ શુકલ વસ્ત્ર છે, આ આનો ગુણ છે' ઈત્યાદિની માફક (અર્થાત્) આ આનો ગુણ છે એ ઈત્યાદિની માફક. પર્યાયદષ્ટિથી જોઈએ તો ગુણવાળું આ દ્રવ્ય છે (આનો ગુણ છે)' આહા..હા..! ભેદ પડ્યો ને..! પર્યાય થઈને ઈ, પર્યાય ભેદ (ગુણી-ગુણનો ભેદ). **"ગુણવાળું આ દ્રવ્ય છે આ આનો ગુણ છે."** એ પર્યાયનયથી ભેદ થ્યો ને..! આહા..હા..! **"એમ અતાદ્ભાવિક ભેદ ઉન્મગ્ન થાય છે."** (એટલે) અતાદ્ભાવિક ભેદ પ્રગટ થાય છે. ઉન્મગ્ન છે ને (અર્થાત્) ઉપર આવવું ; (તરી આવવું ; મુખ્ય થવું) આહા..હા..!

(કહે છે કે:) **'પરંતુ જ્યારે દ્રવ્યને દ્રવ્ય પ્રાપ્ત કરાવવામાં આવે."** દ્રવ્ય તે દ્રવ્ય છે એમ સત્ છે તે સત્તાસ્વરૂપે જ સત્ છે, એમાં ભેદ નહીં. (અભેદદ્રવ્ય) આહા..હા..હા..! ઝીણી વાતું છે. વાણિયાને આ (સમજવું..!) આ તો 'પ્રવચનસાર' છે ને..! **(શ્રોતા:)** વાણિયાથી તો બીજા બધા બુદ્ધિમાં ઓછા કહેવાય છે ને..! **(ઉત્તર:)** વાત તો સાચી છે. વાણિયા ને...! ભાગ્યશાળી છે ને..! પુણ્ય છે ને..! અને એને સાંભળવા મળે છે. બીજાને તો એ સાંભળવા ય મળે નહીં. ગીતામાં તો કહે કે ઈશ્વર કર્તા છે. ઈશ્વર બધું કરે છે. એક ઠેકાણે એમ કહે કે ઈશ્વર બધું કરે છે અને (વળી) બીજે ઠેકાણે હું કર્તા નથી, મેં કાંઈ કર્યું નથી એવો એક શ્લોક છે. વળી ('અધ્યાય-૧૦, શ્લોક ૨૮, ૩૬, ૩૯, ૪૦) હું પરમાત્મા બધે છું, કામદેવમાં ય પરમાત્મા છું, વિષય-વાસનામાં પરમાત્મા છું આહા..! એવું ત્યાં છે. આ તો પરમાત્મા સર્વજ્ઞદેવ (વીતરાગની વાત) (આ વિશ્વમાં) એવી વસ્તુ અનંત-અનંત છે, અનંતમાં પણ ગુણ-ગુણીનો ભેદ એ તો પર્યાયનયથી અતદ્ભાવ ગુણ-ગુણીનો ભેદ કહીએ છીએ. છે..? **"ગુણવાળું આ દ્રવ્ય છે, આ આનો ગુણ છે."** એમ **"અતાદ્ભાવિક ભેદ ઉન્મગ્ન થાય છે."** પર્યાયનય થી-ભેદદષ્ટિથી (અતાદ્ભાવિક ભેદ છે). આહા..હા..! સમજાણું કાંઈ..?

(અહીંયાં કહે છે કે:) **"પરંતુ જ્યારે દ્રવ્યને દ્રવ્ય પ્રાપ્ત કરાવવામાં આવે."** વસ્તુને વસ્તુ તરીકે જ્યારે પ્રાપ્ત કરાવવામાં આવે. **("અર્થાત્ દ્રવ્યને દ્રવ્ય પ્રાપ્ત કરે છે–પહોંચે છે એમ દ્રવ્યાર્થિક નયથી જોવામાં આવે), ત્યારે સમસ્ત ગુણવાસનાના ઉન્મેષ જેને અસ્ત થઈ ગયા છે."**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા..હા..! ગુણવાસના = દ્રવ્યમાં અનેક ગુણો હોવાના વલણનું (અભિપ્રાયનું) પ્રાકટ્ય ; ગુણભેદ હોવારૂપ મનોવલણના (અભિપ્રાયના) ફણગા. આહા..હા..હા..! હવે નિમગ્ન થઈ જાય છે. અસત્ થઈ જાય છે. કહે છે, (એટલે) ગુણી છે ઈ ગુણવાળો છે એ દ્રવ્યદષ્ટિ કરતાં, દ્રવ્યને જોતાં એ ભેદ અસ્ત થઈ જાય છે. ભાષા તો સાદી છે પણ હળવે-હળવે કહેવાય છે. અધિકાર આવે ઈ આવે ને..! ટાંકણે ભાગ્યમાં સાંભળવા ટાણે આવી એમ કહો ને..! ત્રણલોકના નાથ એની પ્રવચનધારા..! આહા..હા..!

(કહે છે કે:) જ્યારે દ્રવ્ય- ગુણને સંજ્ઞાભેદ, નામભેદ હોવાથી તેને અતદ્દ્ભાવ (ભેદ) કહેવાય. પણ એને જોવાના બે પ્રકાર (છે). એને પર્યાય (નય)થી જોઈએ તો આ દ્રવ્ય-ગુણ છે એવો અતદ્દ્ભાવ ભેદ છે. આ દ્રવ્યનો ગુણ છે ત્યારે અતાદ્દ્ભાવિક ભેદ ઉત્પન્ન થાય. આવો ભેદ (છે.) આહા..હા..! આવું છે. કો' ભાઈ..! આવું છે ન્યાં તમારે ભાવનગરમાં નથી. તમારે બાપદાદે નહોતું સાંભળ્યું. ભાગ્યશાળીને કાને પડે એવું (તત્ત્વ છે) આહા..હા..! અતદ્દ્ભાવ કરીને કીધું ભલે પ્રદેશભેદ નથી. દ્રવ્યને અને ગુણને પ્રદેશભેદ નથી. અને દ્રવ્ય ને ગુણ નામ બે પડ્યા એટલે એટલો અતદ્દ્ભાવ છે, પણ એ અતદ્દ્ભાવ (ભેદ) પણ બે પ્રકારે જોવામાં આવે છે. જ્યારે પર્યાયનયથી જોઈએ તો એ અતદ્દ્ભાવ છે. દ્રવ્યનો ગુણ છે, ગુણ આ દ્રવ્યમાં છે. પણ દ્રવ્યાર્થિક નયથી જોઈએ તો એ ગુણને દ્રવ્ય એવો ભેદ નથી ત્યાં (અભેદ છે) છે..? **''ત્યારે સમસ્ત ગુણવાસનાના ઉન્મેષ જેને અસ્ત થઈ ગયા છે એવા તે જીવને-'શુકલ વસ્ત્ર જ છે.''** તે જીવને શુકલ વસ્ત્ર જ છે. ઓલામાં (પર્યાયાર્થિક નયમાં) 'શુકલ' આ વસ્ત્ર છે એમ હતું અને (અહીંયાં) દ્રવ્યથી જુઓ તો (એટલે દ્રવ્યાર્થિક નયથી) શુકલ વસ્ત્ર જ છે. **''ઈત્યાદિની માફક- 'આવું દ્રવ્ય જ છે.''** ગુણવાળું દ્રવ્ય છે એમ નહીં. આહા..હા..! દ્રવ્ય જ એવું છે. દ્રવ્યાર્થિક (નયથી) જોતાં 'દ્રવ્યજ આવું છે.' આહા..હા..હા..! કો' સમજાય છે કે નહીં..? હળવે-હળવે તો કહેવાય છે. ભાઈ..! કલકત્તામાં મળ્યા એવું નથી ક્યાં'ય. વળી (એમણે) નિવૃત્તિ લઈ લીધી, ભાગ્યશાળી. એના બાપ અહીં આવ્યા'તા તો અંહીંયાં ન આવ્યા, આ ભાગ્યશાળી. **(શ્રોતા:)** એની લાયકાત **(ઉત્તર:)** હેં, હા. આ તો ભગવાન ત્રણલોકના નાથ, સીમંધરભગવાનથી નીકળેલી વાણી છે..! એના પદાર્થનો સ્વભાવ આ છે, ઓહોહોહો..!

(કહે છે કે:) દ્રવ્ય અને ગુણમાં અતદ્દ્ભાવ કહેવામાં આવ્યો. કારણ કે દ્રવ્ય તે ગુણ નથી ને ગુણ તે દ્રવ્ય નથી એ રીતે અતદ્દ્ભાવ કહેવામાં આવે. પણ એ અતદ્દ્ભાવમાં પણ જોવાને બે દષ્ટિ (છે). એક પર્યાય(નય)થી જુએ તો ગુણવાળું દ્રવ્ય છે, દ્રવ્યાર્થિક(નય)થી દ્રવ્ય છે. કો'ભાઈ આવું છે ભગવાન.! શું થાય..? જગતને અટકવાના સાધન અનેક (છૂટવાનું સાધન એક) અહીંયાં તો કહે છે કે દ્રવ્યાર્થિક(નય)થી જોતાં દ્રવ્ય, ગુણવાળું નહીં. ગુણવાળું દ્રવ્ય તો ભેદ પડી ગ્યો, પર્યાયનયે. (પર્યાયનયે) એ અતદ્દ્ભાવ કીધો ભલે આહા..હા..! (દ્રવ્યાર્થિક નયે જુઓ તો) એ દ્રવ્ય જ છે. આહા..! છે.? **'આવું દ્રવ્ય જ છે.'' ''એમ જોતાં સમૂળો જ અતાદ્દ્ભાવિક ભેદ નિમગ્ન** અસ્ત **થાય છે.''** અતદ્દ્ભાવ દેખાતો નથી. આહા..હા..! ધીમે-ધીમે કહેવાય છે, વાત એવી છે જરી. ઝીણી છે. વાણિયાના વેપારમાં આવું આવે નહીં. આ તો લોજિકની (વાત) વકીલાતની આવે. **(શ્રોતા:)** વકીલાતમાંય આવું નથી ક્યાંય..! **(ઉત્તર:)** એણે વકીલાતમાં આવું ન્હોતું, એણે વકીલાત કરી'તી. આહા..હા..હા... ઘણી સાદી ભાષાએ તત્ત્વને..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(સમજાવેલ છે). સત્ છે પ્રભુ..! અને એના સત્તા ને ગુણ છે. એ ગુણને સત્ બે નામભેદ પડ્યા, એ અપેક્ષાએ અતદ્દ્ભાવ છે. ગુણ તે દ્રવ્ય નહીં ને દ્રવ્ય તે ગુણ નહીં. પણ ગુણીને ગુણ (નો) સંયોગ સંબંધ થયો છે, યુતસિદ્ધ સંબંધ છે એ ત્રિકાળમાં નહીં. એથી બેના પ્રદેશભેદ છે એમ નથી. જે પ્રદેશ સત્તાના છે તે પ્રદેશ સત્‌ના છે. જે પ્રદેશ સત્‌ના છે. તે પ્રદેશ સત્તાના છે. આહા..હા..! એને અતદ્દ્ભાવ, યુત-સિદ્ધ તો નહીં, સંયોગસિદ્ધ તો નહીં. સત્તાને અને સત્‌ને સંયોગસિદ્ધ સંબંધ છે એ તો નહીં, પણ અતદ્દ્ભાવ (છે) (એટલે કે) ગુણ તે દ્રવ્ય નહીં અને દ્રવ્ય તે ગુણ નહીં એવા અતદ્દ્ભાવને જોવામાં પણ બે દૃષ્ટિ (છે). આહા..હા..હા..! બેનું' દિકરિયુંને આ બધું. સમજાય છે કે નહીં, પકડાય છે કે નહીં..? **(શ્રોતા:)** પકડાય એવું છે **(ઉત્તર:)** ભાષા તો સાદી છે વસ્તુ તો આ છે.

કહે છે કે: દ્રવ્ય જે સત્ છે. સત્ કહો કે દ્રવ્ય કહો (એકાર્થ છે) એની સત્તાને (અને સત્‌ને) પ્રદેશભેદ નથી, એટલે યુતસિદ્ધ નથી. એટલે કે ગુણ,ગુણી સાથે-સત્તા (સત્) સાથે જોડાઈ ગ્યું એવું નથી. પણ સત્ જે છે, અને (સત્તા-ગુણ જે છે) એને નામભેદ પડ્યા બે નામભેદ પડ્યા (એવો) અતદ્દ્ભાવ (ભેદ) છે ખરો. સત્‌ને અને ગુણને-સત્તાને ભેદ અતદ્દ્ભાવ છે ખરો. યુતસિદ્ધપણે નહીં. પ્રદેશભેદપણે નહીં. આહા..હા..હા..! (છતાં) પણ અતદ્દ્ભાવને પણ બે પ્રકારે જોવામાં આવે છે. આહા..! ગજબ વાત છે ને..! પર્યાયદૃષ્ટિથી જોઈએ તો અતદ્દ્ભાવ ઉન્મગ્ન થાય છે.-દેખાય છે. છે એમ. અને દ્રવ્યદૃષ્ટિથી જોઈએ તો અતદ્દ્ભાવ- ગુણીને ગુણનો જે ભેદ છે- તે અસ્ત થઈ જાય છે, નિમગ્ન થઈ જાય છે. નદી છે ને નદી. ઉન્મગ્ન ને નિમગ્ન બે નદી છે. વૈરાટપર્વત વચમાં. ઉન્મગ્ન (નદીમાં) જે કંઈ વસ્તુ પડે ઈ ઉપર આવે, લોઢું પડે તો ઈ પણ ઉપર આવે. અને નિમગ્ન નદી છે તેમાં હળવામાં હળવી વસ્તુ પડે તો એને હેઠે લઈ જાય. વસ્ત્ર પડે તો એને હેઠે લઈ જાય. બે નદીઓ છે. ઉન્મગ્ન ને નિમગ્ન નદી(ઓ). એમ આત્મામાં પર્યાયદૃષ્ટિથી આત્મામાં જોઈએ, તો તે ગુણવાળું દ્રવ્ય છે તેમ નજરમાં પડે. તેમ ભેદ લક્ષમાં આવે. આહા..! પણ જ્યારે એને દ્રવ્યથી જુઓ તો તે (ભેદ) નિમગ્ન થઈ જાય છે. ભેદ-અતદ્દ્ભાવ અસ્ત થઈ જાય છે. એકલું દ્રવ્યસ્વરૂપ છે. આહા..હા..હા..હા..! છ એ દ્રવ્યની વાત છે હોં ! આ તો બહુ ઝીણી વાતું બાપા..! સાંભળી ન્હોતી બાપદાદે'ય કયાંય..!! આહા..! આ તો કોલેજ કોઈ જુદી જાતની છે..! અત્યારે તો ધરમમાં-સંપ્રદાયમાં-નામમાં કે' આ નથી. આ કરો...ને, વ્રત કરો...ને, ભક્તિ કરો...ને, પૂજા કરો...ને, જાત્રા કરો...ને દાન કરો, દયા પાળો આવી વાતું હવે. એ તો વસ્તુ રાગ ને અજ્ઞાનભાવ-કર્તાભાવ છે. આહા..હા..હા..!

અહીંયાં તો (કહે છે કે:) નિર્વિકારી એનામાં જે સત્તાગુણ છે, અને દ્રવ્ય નિર્વિકાર છે. આહા..! સત્તાગુણ નિર્વિકારી છે. સત્-દ્રવ્ય (પણ) નિર્વિકાર છે. એટલો ભેદ પાડવો એ (પણ) પર્યાય નયથી જોવામાં આવે તો, ભેદદૃષ્ટિથી જોવામાં આવે તો, (એ અતદ્દ્ભાવ ભેદ છે) એ ભેદ ન જુઓ કે આત્મા છે, 'દ્રવ્ય વસ્તુ છે' ત્યારે એનો ભેદ અસ્ત થઈ જાય છે. દૃષ્ટિમાં વિષયમાં દ્રવ્ય છે ત્યાં ભેદ લક્ષમાં આવતો નથી. આહા..હા..હા..હા..! કઈ (શૈલીથી) સિદ્ધ કરી છે વાત..! **(શ્રોતા:)** ઘડી'કમાં કહો ભેદ ને ઘડી'કમાં કહો અભેદ..! **(ઉત્તર:)** શું કીધું..? ઘડી'કમાં ભેદ કઈ અપેક્ષાએ..? અતદ્દ્ભાવ, ગુણને ગુણીનો એટલો ભેદ છે. એ પર્યાય નયથી જોવામાં આવે તો ભેદ છે. ભેદદૃષ્ટિથી કહો, પર્યાયદૃષ્ટિથી કહો (એક જ છે). આહા..હા..! પણ ત્રિકાળ વસ્તુ છે ભગવાન આત્મા અને પરમાણુ દ્રવ્ય, (એને) દ્રવ્યથી (દ્રવ્યાર્થિક નયે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોઈએ તો દ્રવ્ય છે. અતદ્દ્ભાવ (જે છે) તેનો ત્યાં અસ્ત થઈ જાય છે. આહા..હા..! યુતપણું-યુતસિદ્ધ તો છે નહીં. (એટલે કે જેમ લાકડીવાળો માણસ, લાકડીના સંયોગે માણસને 'લાકડીવાળો માણસ' કહ્યો છે. (એમ) સત્તાવાળું સત્ નથી. સત્તા નામનો ગુણ ને સત્ બે ભેળાં થઈને એ (સત્) થ્યું છે. (સત્તાવાળું) એમ નથી. પણ ગુણને ગુણી એવો ભેદ અતદ્દ્ભાવ તરીકે નામભેદે ભેદ છે. સંજ્ઞાભેદે ભેદ છે. છતાં તે ભેદને પણ, પર્યાયદષ્ટિથી જુએ તો ભેદ ઉત્પન્ન-દેખાય છે. દ્રવ્યદષ્ટિથી જોઈએ તો ભેદ અસત્ થઈ જાય છે. આહા..હા..! **(શ્રોતા:)** આનું કામ શું છે..? **(ઉત્તર:)** આનું કામ સમ્યગ્દર્શનનું છે. સત્ વસ્તુ ભગવાન પવિત્રાત્મા, એની દૃષ્ટિ કર તો તને સત્ હાથ આવશે. ત્યારે તને શાંતિ અને આનંદ મળશે. તે વિના આનંદને શાંતિ મળે એવી નથી. મરી જાને ક્યાંય ક્રિયાકષ્ટ કરી-કરીને. દાન કરીને..! આ મંદિરો બનાવી ને... જાત્રા કરીને...લાખ જાત્રા કર ને... ક્રોડ રૂપિયા ખરચ એમાં ત્યાં આત્માની શાંતિ નથી ને ધરમ નથી. આહા..હા..! ઓહોહો...! છે તો લોજિકથી વાત પણ હવે (એને) વાણિયાને વેપાર આડે નવરાશ ન મળે..! ઓલે બિચારે કીધું છે નહિ..! જાપાનનો ઈતિહાસિક છે મોટો, જાપાનનો ઈતિહાસિક મોટો..! સડસઠ વરસની ઉંમર છે, મારી કરતાં તો નાનો અહીં તો ૯૦ (વર્ષની ઉંમર છે.) આંહી તો નેવું થ્યા, પણ સડસઠ વરસની ઉંમર એને હિસાબે મોટી લાગે. એને એક છોકરો છે ઈ એને પણ રસ છે. એને એક વખત એણે એમ કહ્યું 'જૈન ધર્મ એટલે શું..? જૈન ધર્મ એટલે આત્માનો અનુભવ કરવો, અનુભૂતિથી.' એમ કહીને પાછું એમ કહ્યું 'પણ એવો જૈન ધરમ મળ્યો વાણિયાને, વાણિયા વેપાર આડે નવરા નો'થ્યા.' આહા..હા..! કે કઈ ચીજ છે કેમ (છે) એનો નિર્ણય કરવાનો અવકાશ ન મળે. આખો દી' ધંધો ને બાયડી-છોકરાંવને રાજી રાખવા, છ-સાત કલાક સૂઈ જાવું. અર..ર..! બે-ચાર કલાક ગપ્પાં મારવા, મિત્રોમાં ને...! આમાં વખત જાય છે. એણે બિચારાએ લખ્યું છે. જાપાનવાળાએ (કે) ધરમ અનુભૂતિનો ખરો. દ્રવ્ય જે વસ્તુ છે એ અભેદ છે એનો અનુભવ એ જૈન ધરમ..! જૈનધરમ કોઈ પક્ષ નથી, કોઈ સંપ્રદાય નથી, વાડો નથી. વસ્તુનું સ્વરૂપ છે..!! જે વસ્તુ ભગવાન આત્મા, અનંત-અનંત ગુણનો પિંડ, એનો (ગુણ) ભેદ કરવો એ પણ પર્યાયનયથી કહે છે. આહા..હા..હા..! એ અનંતગુણસ્વરૂપે જ છે પ્રભુ અંદર. ભગવત્સ્વરૂપ છે. કેમ બેસે..? બે બીડી સરખી પીએ ત્યારે પાયખાને દિશા ઉતરે ભાઈસા'બને...આવાં તો અપલખણ..! હવે એને આત્મા આવો છે, બતાવવો..!! આહા..હા..હા..હા...!

આહા..હા..હા..! **''સમસ્ત ગુણવાસનાના ઉન્મેષ જેને અસ્ત થઈ ગયા છે એવા તે જીવને- 'શુકલ વસ્ત્ર જ છે' ઈત્યાદિની માફક 'આવું દ્રવ્ય જ છે.'** આહા..હા..! આવું દ્રવ્ય જ છે. હોવાવાળું દ્રવ્ય જ છે. હોવાવાળું સત્ અને હોવાવાળી સત્તા, એવો ભેદ તેમાં દેખાતો નથી. આહા..હા..! ગુણ-ભેદ જેમાં દેખાતો નથી. પર્યાય-ભેદની તો વાતે ય ક્યાં કરવી. આહા..હા..! ભારે મારગ. ભાઈ બહુ..! ધીમે, ધીમે કહેવાય કે આ બહુ (ઉતાવળ નથી કરતા) વીતરાગનો મારગ..! અને સંતોએ આ દિગંબર સંતોએ કરુણા કરીને ઉપકાર કર્યો (છે) જગતને..! પ્રભુ, તું એકવાર સાંભળ'ને કહે છે. પ્રભુ, તું આત્મા છો ને..! અને વસ્તુ છો ને..! તો એમાં એક સત્તા છે. સત્તા ગુણ છે કે નહીં..? હોવાવાળું સત્ છે તો એમાં હોવાવાળો ગુણ છે કે નહીં..? એટલો ગુણ ને ગુણીનો ભેદ, દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડતાં તે ભેદ દેખાતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. આહા..હા..હા..હા..! સમજાય છે કાંઈ..? આ કાંઈ ભઈ વાર્તા-કથા નથી. આ તો તત્ત્વ છે. વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુ શું છે..? અને તેમાં ભેદ-અભેદ કેમ કહેવાય છે..? આહા..હા..! સત્તા છે ઈ ગુણ છે. ઈ ગુણ આ ગુણીનો છે. એવો અતદ્દભાવ છે ખરો. પણ એ અતદ્દભાવને જોવાની દૃષ્ટિ બે છે. પર્યાયના ભેદ દૃષ્ટિથી જુએ તો એ ગુણ ગુણીનો છે એમ પણ કહેવાય. પણ વસ્તુ છે અખંડાનંદ પ્રભુ..! એકરૂપ, ચિદાનંદ, અનંત ગુણનું એકરૂપ પ્રભુ, એને જોતાં 'આવું દ્રવ્ય જ છે' **"એમ જોતાં સમૂળો જ અતાદ્દભાવિક ભેદ નિમગ્ન થાય છે."** -થઈ જાય છે. આહા..! નાશ થઈ જાય છે. ભેદ ત્યાં રહેતો નથી. આહા..આહા..હા..!

લ્યો, આ હિંમતના મંગલિકમાં આ બધું આવ્યું..! આવ્યું છે ને આ..! બ્રહ્મચારી રહેવાનો છે ને..! જાવજ્જીવ. સાતસેનો પગાર છે. હવે વધવાનો હતો પગાર. બધુ બંધ કરી દીધું નોકરી-નોકરી. જાવજ્જીવ બ્રહ્મચારી રહેવું છે. (અહા..! બ્રહ્મચર્યનો કેટલો મહિમા..!) આજે જ આવ્યો, જુઓને બધું લઈને. સાતસેનો પગાર નાશિક. વધારવાના હતા, હવે તો આગળ વધે-વધે..! ભાઈએ'ય કહેતા'તા નહીં. આગળ વધે ને એ તો. બધું ય બંધ કરી દીધું, છોડીને આવ્યો આજ. અરે બાપા...! આ વસ્તુ કરવાની છે. અરે..! મનુષ્યપણું વહ્યું જશે બાપુ..! અને કયાં જઈને ઉપજીશ..? કયાંય ભાન ન મળે, ઢોરમાં ને... કાગડામાં ને...કૂતરામાં ને...ગાયમાં-ભેંસમાં...ને અવતરશે. અરે..રે..! બાપુ, આ તત્ત્વ છે, એની દૃષ્ટિ નહીં હોય ત્યાં સુધી, ત્યાં સુધી એના જનમ-મરણ નહીં મટે.

આહા..હા..! તેરસ છે આજ, પરમાગમની આજ તિથિ છે. કોઈએ યાદ ન કર્યુ પૂજામાં-સવારમાં..! ચંદુભાઈએ યાદ ન કર્યું..? મેં કીધું કે કરશે (યાદ). ત્યાં ત્યાં પૂજા કરતાં સાંભળ્યું'તું. પૂજા તો આંહી કરે છે. બે-ત્રણ જણા હતા. આજ તેરસ છે ને..! ફાગણ શુદ તેરસે પાંચ વરસ થ્યાં, ચૈત્ર-વૈશાખ ને જેઠ. સવા પાંચ વરસ થ્યાં આ મકાનને (પરમાગમ મંદિરના) છવ્વીસ લાખનું મકાન છે આ. એકલો આરસપા'ણ..! છવ્વીસ હજાર માણસ આવ્યા'તા, ઉદ્દ્ઘાટન વખતે. અગ્યાર લાખનું ખરચ ને છવ્વીસ લાખ આ. સાડત્રીસ લાખ..! એ બધું રામજીભાઈના વખતમાં થ્યું. રામજીભાઈના પ્રમુખપણામાં આ બધું થ્યું કીધું..! આહા..હા..હા..હા.. આંહી તો તેરસ છે ને આવી વાત તે આવી..!

(કહે છે કે:) પ્રભુ, તું એક ચીજ છે કે નહીં, જેમ જડ-માટી આ (શરીર) છે એમાં અંદર ચૈતન્યપ્રભુ વસ્તુ છે કે નહીં, વસ્તુ (છે). તો વસ્તુ છે તો એમાં વસેલા અનંત-ગુણો છે કે નહીં. વસ્તુ એને કહીએ કે: જેમાં અનંત-અનંત શકિત ગુણ વસેલાં હોય. હવે ઈ અનંતગુણ વસેલાં છે, ઈ ગુણવાળું દ્રવ્ય કહેવું એ પણ પર્યાયદૃષ્ટિએ અતદ્દભાવ છે. આહા..હા..હા..! એ દૃષ્ટિ પણ આદરવા જેવી નથી. આહા..હા..! ત્રિકાળી દ્રવ્ય છે વસ્તુ, પ્રભુ અનાદિ-અનંત, 'સત્' છે તેની આદિ શી..? સત્ છે તેનો અંત શો..? સત્ છે તેમાં ભેદ શા..? **('એમ જોતાં સમૂળો જ અતાદ્દભાવિક ભેદ નિમગ્ન થાય છે.')** સમજાય એવું છે, ભાષા ભલે (સરળ ન લાગે) મારગ તો આકરો છે. એ તો ત્યાં છોકરાંઓને કહ્યું'તું બધા ધ્યાન રાખજો, આજનો વિષય ઝીણો છે..! ભાઈ' કહ્યું'તું ને બધાને..! કે ભઈ, વિષય ઝીણો છે હો ધ્યાન રાખજો. (અહો..! સદ્દગુરુની વીતરાગી કરુણા..!) આત્મા અંદર છે પ્રભુ..! આ તો (શરીર તો) હાડકાં-ચામડાં, માટી આ તો (છે) પ્રભુ (આત્મા) અંદર ચૈતન્ય શાશ્વત (પ્રગટ બિરાજે છે). અણઉપજેલ-અણનાશ (એટલે) ઉપજેલ કે નાશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિનાની ચીજ (આત્મા) એ અંદર છે. એમાં અનંત-અનંત-અનંત જ્ઞાન-દર્શન (આદિ) શક્તિઓ પડી (ધ્રુવ) છે. પણ કહે છે કે એ શક્તિ(ઓ) અને શક્તિવાન્ (એવો અતદ્ભાવ ભેદ)-આ દ્રવ્ય શક્તિવાળું છે એટલો પણ ભેદ હજી પર્યાયનયથી છે (દ્રવ્યાર્થિક નયથી અભેદ છે, ભેદ અસ્ત થઈ જાય છે.) એ શક્તિસ્વરૂપે જ આખું છે. એકરૂપ ચિદાનંદ પ્રભુ અંદર છે. અરે, પણ ક્યાં સાંભળવા મળે ને શું કરે..? દુનિયા આંધળી, એમ ને એમ જગતના મોહમાં હાલ્યા જાય છે. સંસાર...! આહા..હા..! માણસ થઈને ક્યાં જાય..? ઓલું કહ્યું'તું ને ભાઈ સવારમાં નહીં..!! બે-ત્રણ પરમાણુનું...(પરમાણુનો દાખલો આપ્યો હતો ને...) (કહે છે કે:) ઈ કેમ દાખલો આપ્યો કે, દ્રવ્યની પર્યાયનો દાખલો આપતા નથી. ભાઈ..! ૯૩ (ગાથા)માં આવ્યું'તું ને..! કે સમાનજાતીય ને અસમાનજાતીય દ્રવ્ય પર્યાય કોને કહેવી..? (**"અનેક પુદ્ગલાત્મક દ્વિ-અણુક, ત્રિ-અણુક એવા સમાનજાતીય દ્રવ્યપર્યાય છે...તેમ અનેક જીવપુદ્ગલાત્મક દેવ, મનુષ્ય એવા અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે."** -ગાથા ૯૩ ટીકા) ત્યારે કહે કે બે-ત્રણ પરમાણુ ભેગાં થાય (સ્કંધરૂપે દેખાય) તેને સમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવાય. એમાં એક-એક આત્માની ને એક-એક પરમાણુની પર્યાય નથી લીધી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ દાખલો અહીંયાં આપ્યો. એ જે ત્યાં આપ્યો હતો એ અહીંયા આપ્યો. ત્યાં અસમાનજાતીયમાં દેવ (મનુષ્ય) પર્યાય લીધી અહીંયા અસમાનજાતીય (દ્રવ્યપર્યાય)માં મનુષ્યનો (માત્ર દાખલો) આપ્યો. મનુષ્ય છે ને..! આહા..હા..! (કહે છે) કે અંદર આત્મા અને જડ (શરીર) માટી-ધૂળ એ અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે. પરમાણુ-પરમાણુ (નો સંબંધ-એક સાથ દેખાય તે શરીર) કાંઈ એક નથી, આ તો અનંતા રજકણ-પોઈંટ છે. (શરીર) સમાનજાતીય (દ્રવ્યપર્યાય) છે. કારણ કે પરમાણુ-પરમાણુ (એક સ્કંધરૂપે દેખાય છે) એ સમાનજાતીય દ્રવ્યપર્યાય છે. ભગવાન આત્મા અને જડ (શરીર) એ બે (એક સાથ દેખાય એ મનુષ્યપર્યાય) અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે. આહા..હા..! અહીંયા એવી પર્યાયનો દૃષ્ટાંત આપ્યો (છે). ગુણપર્યાય તો (બીજી વાત છે).

(અહીંયાં કહે છે કે:) **''એ રીતે ભેદ નિમગ્ન થતાં તેના આશ્રયે (કારણે) થતી પ્રતીતિ નિમગ્ન થાય છે.''** આહા..હા..હા..હા..! શું કહે છે પ્રભુ..! આત્મા જે વસ્તુ છે, જે ત્રિકાળી સત્ એમાં જે સત્તા નામનો ગુણ છે-હોવાપણા નામની શક્તિ છે. એ શક્તિને અને આને ભેદથી જોઈએ તો પર્યાયનયથી ભેદ છે, પણ જ્યારે વસ્તુ આખી છે, આહા..હા..! એમ જ્યારે જોઈએ ત્યારે અતદ્‌ભાવ (ભેદ) નિમગ્ન થઈ જાય છે. ત્યારે ગુણ ગુણીનો છે અને ગુણીનો ગુણ છે, એ ભાવ નાશ પામી જાય છે. આહા..હા..! પર્યાયની તો વાતે ય ક્યાં કરવી..? (ગુણભેદ પણ રહેતો નથી.) આહા..હા..હા..! કો'ભાઈ ! આવી વાત છે'આ. આહા..હા..હા..!

આમ (તો) **''ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્''** (કહેવાય છે). પણ કહે છે કે ઉત્પાદ-વ્યયવાળું આ દ્રવ્ય છે (એવો ભેદ થયો). (જો કે) અહીંયાં ગુણનું (ગુણભેદ) લીધું, પણ એ છે (ભેદ) (એમ) ઉત્પાદ-વ્યય (ભેદ છે ને..!) અહીંયાં અતદ્‌ભાવ (ભેદ) છે એ (ઉત્પાદ-વ્યય) પર્યાય અને આત્માને સંયોગસંબંધ તરીકે છે. એ જ્ઞેય-જ્ઞાયક સંબંધ કીધું. અરે, ક્યાં આવ્યું પાછું 'પંચાસ્તિકાય'. આહા..! વસ્તુ જે ત્રિકાળ..! નિત્ય રહેનાર..! પ્રભુ છે (આત્મા) એમાં જે નિર્મળપર્યાય થાય, એ પણ સંયોગે છે, સ્વભાવે નથી. (આત્મા) એ તો ત્રિકાળી (પર્યાય) એ તો સંયોગે ઉત્પન્ન થાય છે, અને વિયોગે (એટલે) વ્યય થાય છે...આહા..હા..હા..! સમજાણું આમાં..? ભાઈ, એ નથી સમજાણું એમ કહે છે. (તો કહે છે કે) આ શરીરનો સંયોગ આત્માને નથી, એ તો ક્યાંય રહી ગ્યું. એ પંડિતજી..! અહીંયાં તો આત્મામાં જે પર્યાય થાય છે-એ પર્યાય થાય છે ઈ તો એક સમયની છે. - તો ઈ સંયોગસંબંધ છે, સ્વભાવ સંબંધ નથી..! ત્રિકાળ રહેનાર નથી..! આહા..હા..હા..! સમજાણું..? આત્મા જે છે, એમાં જે ગુણો છે-જ્ઞાન, દર્શન, આનંદ (આદિ) ત્રિકાળ ! એવો જે ભેદ (ગુણ-ગુણીનો) એ (દ્રવ્યમાં) નથી. હવે અહીંયાં તો પર્યાય છે એને સંયોગી કીધી. ઉત્પન્ન થાય છે ને વ્યય થાય છે. અવસ્થા નવી થાય ને જુની થાય. નવી થાય તેને સંયોગ કહીએ, વ્યય થાય તેને વિયોગ કીધો. સંયોગ ને વિયોગ એની પર્યાયમાં આવ્યો. પરમાં એને કાંઈ સંબંધ નથી. આહાહાહાહા..! ક્યાં સુધી ખેંચવું છે કહે. આહા..હા..! **''તે (પ્રતીતિ) નિમગ્ન થતાં અયુતસિદ્ધત્વ-જનિત અર્થાંતરપણું નિમગ્ન થાય છે.''** અયુતસિદ્ધત્વ તો નાશ જ થઈ જાય છે. **''તેથી બધું ય (આખું ય), એક દ્રવ્ય જ થઈને રહે છે.''** દ્રવ્ય-વસ્તુ, વસ્તુ, વસ્તુ, વસ્તુ જેમાં આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણભેદ પણ છે નહીં. (પર્યાયભેદ પણ છે નહીં). 'પ્રવચનસાર' ૯૮ ગાથા. છેલ્લો પેરેગ્રાફ લઈએ. 'અને ભેદ ઉન્મગ્ન થાય છે' ત્યાંથી છેલ્લો પેરેગ્રાફ છે. કાલે બીજો અર્થ થઈ ગ્યો'તો..! દૃષ્ટિ અંદર ગઈ'તી ને દ્રવ્ય ઉપર પર્યાય તો એવું થઈ ગ્યું..!

(અહીંયાં શું કહે છે..? આહા..! શું સૂક્ષ્મ વાત છે, કે સત્ નામ દ્રવ્ય જે છે, દ્રવ્ય. આત્મા જે છે એ દ્રવ્ય (છે) એ સત્ છે ને એમાં સત્તા નામનો ગુણ છે. એ અતદ્ભાવ તરીકે ભિન્ન છે અતદ્ભાવ તરીકે એટલે ગુણ તે દ્રવ્ય નહીં ને દ્રવ્ય તે ગુણ નહીં. (એવો ભેદ છે. એને બે દૃષ્ટિથી જોવામાં આવે છે. (પર્યાયાર્થિક નય અને દ્રવ્યાર્થિક નય) એમ કહે છે. જેમ આ સત્ દ્રવ્ય છે ને સત્તા ગુણ છે એવો ભેદ પર્યાયદૃષ્ટિથી જોવાથી એ અતદ્ભાવ (ભેદ) ભિન્ન દેખાય છે. પણ દ્રવ્યદૃષ્ટિથી જુઓ તો સત્ ને સત્તા ભિન્ન નથી દેખાતા. (ભેદ) નિમગ્ન થઈ જાય છે. દ્રવ્યદૃષ્ટિથી જુઓ તો સત્ ને સત્તા બેય નિમગ્ન થઈ જાય છે. નિમગ્ન નામ એક થઈ જાય છે. ભિન્ન નથી રહેતા. આવી વાત છે. (અને) પર્યાયદૃષ્ટિથી જુઓ તો એ ભેદ ઉન્મગ્ન થાય છે. **"તે ઉન્મગ્ન થતાં તેના આશ્રયે (કારણે) થતી પ્રતીતિ."** પ્રતીતિ એટલે જ્ઞાન, ખ્યાલમાં આવે છે કે સત્ દ્રવ્ય છે, સત્તા ગુણ છે. એવી પર્યાયદૃષ્ટિથી જોવાથી એવું ખ્યાલમાં આવે છે. એવી **"થતી પ્રતીતિ ઉન્મગ્ન થાય છે, તે (પ્રતીતિ) ઉન્મગ્ન થતાં અયુતસિદ્ધત્વ-જનિત અર્થાંતરપણું ઉન્મગ્ન થાય છે."** શું કહે છે..? ભિન્ન પદાર્થ વડે ઉન્મગ્ન નથી થતું. (પણ) સત્‌થી સત્તા ભિન્ન છે એ ઉન્મગ્ન થઈ જાય છે. દ્રવ્ય છે, સત્તા છે, એમ ઉન્મગ્ન નામ બહાર દેખાય છે. (ઉપર આવે છે, તરી આવે છે) કે સત્ દ્રવ્ય છે, અને સત્તા (ગુણ) છે. આહા.હા..! આવી વાત સૂક્ષ્મ છે..!

(કહે છે કે:) **"ત્યારે પણ (તે) દ્રવ્યના પર્યાયપણે ઉન્મગ્ન થતું હોવાથી, -જેમ જળરાશિથી જળકલ્લોલ વ્યતિરિક્ત નથી (અર્થાત્ સમુદ્રથી તરંગ જુદું નથી) તેમ-દ્રવ્યથી વ્યતિરિક્ત હોતું નથી."** ત્યારે પણ સત્ દ્રવ્ય છે અને સત્તા ગુણ છે- જેમ જળરાશિથી જળતરંગ જુદું નથી એમ પર્યાયદૃષ્ટિથી-ભેદદૃષ્ટિથી જુઓ તો પણ સત્ ને સત્તા ભિન્ન (વ્યતિરિક્ત) હોતું નથી. સત્‌થી સત્તા ભિન્ન છે, અભિન્ન નથી (અતદ્ભાવ ભેદ છે) ભેદદૃષ્ટિથી જુઓ તો જળથી તેનું તરંગ જુદું છે એમ સત્‌થી સત્તા ભિન્ન છે. આહા..હા..! આવી વાત છે, સૂક્ષ્મ..! વાણિયાને વેપાર આડે આમાં...

આહા..હા..! વસ્તુ છે. છે એ દ્રવ્ય, અને એમાં સત્તા છે એ ગુણ-પણ ઈ સત્તા ને દ્રવ્ય, દ્રવ્યદૃષ્ટિએ જોવાથી તો ભેદ નિમગ્ન થઈ જાય છે. ભેદ દેખવામાં આવતો નથી. પણ પર્યાયદૃષ્ટિથી જુઓ તો સત્ દ્રવ્ય અને સત્તા ગુણ ઉન્મગ્ન થાય છે, ખ્યાલમાં આવી જાય છે ઉપર. આહા..હા..હા..! અને ખ્યાલમાં આવી જાય છે એ કારણથી દ્રવ્યથી સત્તા ભિન્ન છે. દ્રવ્યથી સત્તા ભિન્ન છે. અંદર પર્યાયદૃષ્ટિથી જુએ તો પણ દ્રવ્યથી સત્તા ભિન્ન છે. (છતાં જળરાશિથી જળકલ્લોલ વ્યતિરિક્ત નથી તેમ સત્ અને સત્તા ભિન્ન નથી.) આહા..હા..! આવી વાત છે. સમજાણું આમાં..?

આ તો ખ્યાલમાં તો એ આવ્યું'તું કે 'નિયમસાર'માં એક શ્લોક છે. (૧૯૨. **શ્લોકાર્થ:-જે અનવરતપણે (-નિરંતર) અખંડ અદ્વૈત ચૈતન્યને લીધે નિર્વિકાર છે તેમાં (-તે પરમાત્મપદાર્થમાં) સમસ્ત નયવિલાસ જરાય સ્ફુરતો જ નથી. જેમાંથી સમસ્ત ભેદવાદ (-નયાદિ વિકલ્પ) દૂર થયેલ છે તેને (-તે પરમાત્મપદાર્થને) હું નમું છું, સ્તવું છું, સમ્યક્‌પ્રકારે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવું છું.૧૯૨)** કે આત્મા અભિન્ન છે, અભેદ છે એમાં બધા ગુણોને દ્રવ્ય ભિન્ન-ભિન્ન દષ્ટિમાં ન આવવું જોઈએ (ભેદથી) વિકલ્પ ઉઠે છે. દ્રવ્ય જે ત્રિકાળ છે, એકરૂપ છે એવી (દ્રવ્ય) દષ્ટિમાં જે કંઈ વિકલ્પ ઉઠે છે તો કહે છેપદ્મપ્રભમલધારિદેવ **(શ્લોક ૧૯૪માં ''જે યોગપરાયણમાં કદાચિત ભેદવાદો ઉત્પન્ન થાય છે (અર્થાત્ જે યોગનિષ્ઠ યોગીને ક્યારેક વિકલ્પો ઉઠે છે), તેની અર્હત્‌ના મતમાં મુક્તિ થશે કે નહિ તે કોણ જાણે છે..? ૧૯૪.)** આહા..હા..! આવા જે વિકલ્પ ઉઠે છે, એવી ભેદબુદ્ધિવાળાની મુક્તિ થશે કે નહીં, એ અર્હત્‌ના મતમાં કોણ જાણે..? અર્થાત્ અર્હતના મતમાં ભેદનો વિકલ્પ ઊઠે એની મુક્તિ થશે નહીં. સમજાણું..?

(કહે છે કે:) આત્મા, એકસ્વરૂપે અનંતગુણનું એક રૂપ અભેદ છે. અહીંયાં તો જ્ઞાન કરાવવું છે તો પર્યાયદષ્ટિથી જુઓ તો સત્ ને સત્તા ભિન્ન છે સત્‌થી સત્તા વ્યતિરિક્ત છે, પણ સમુદ્રથી તરંગ જુદું નથી તેમ સત્ ને સત્તા પર્યાયથી વ્યતિરિક્ત (પણ) નથી. દ્રવ્ય છે તો તેની સત્તા (અતદ્ભાવે) વ્યતિરિક્ત છે. ભિન્ન ભિન્ન છે પણ ધ્યાનમાં જ્યારે અભેદદષ્ટિ થાય છે ત્યારે દ્રવ્યને સત્તા ભિન્ન છે પેલું પર્યાય નયથી દેખાય છે તે (દ્રવ્યદષ્ટિ) અંતદષ્ટિ કરવાથી દ્રવ્યને સત્તા ભિન્ન છે એવું ભાસતું નથી (દેખાતું નથી). દ્રવ્ય ને સત્તા અભિન્ન છે, એકાકાર છે. (ધ્યાનમાં બન્ને નય પ્રગટ થાય છે.) આવી અંતરમાં (અભેદ) દષ્ટિ કરવી એ સમ્યગ્દર્શનનું કારણ છે. આહા..હા..! દયા-દાન-વ્રત-ભક્તિથી સમ્યગ્દર્શન થતું નથી. અહીંયાં જ્યાં તત્ત્વની દષ્ટિ જાય છે. અંદર ત્યારે તો દ્રવ્ય જે સત્-વસ્તુ સત્ છે એની સત્તા (જે) ગુણ છે એ ભેદ પણ નિમગ્ન થઈ જાય છે. અભેદ ઉપર દષ્ટિ થવાથી સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..હા.. સમજાણું કાંઈ..?

**''આ પ્રમાણે હોવાથી (એમ નક્કી થયું કે) દ્રવ્ય સ્વયમેવ સત્ છે.''** આહા..હા..! દ્રવ્ય સ્વયમેવ સત્ છે, જુદું નથી એટલે છે એમ (અભેદ સ્વયમેવ સત્ છે) **''આમ જે માનતો નથી તે ખરેખર પરસમય જ માનવો.''** તે વાસ્તવમાં પરસમય-મિથ્યાદષ્ટિ છે, એમ માનવું. આહા..હા..હા.. દ્રવ્ય સ્વયમેવ સત્ય છે. સ્વયમેવ સત્ (વળી) દ્રવ્ય સત્ અને સત્તા ભિન્ન છે માટે દ્રવ્ય સત્ નથી એવું નથી, સ્વયમેવ સત્ છે. સત્તાને કારણે સત્ સ્વયમેવ સત્ છે એમ નથી. આહા..હા..! હવે આવો વિચાર..! ને વાણિયાને ક્યાં નવરાશ ન મળે, ધંધાની ખબર ન મળે (કે કયો ધંધો સાચો).

આહા...હા...! 'નિયમસાર' (શ્લોક-૧૯૪)માં એવું લીધું છે, અર્હત્‌ના મતમાં, વીતરાગ ત્રિલોકનાથ (તીર્થંકરદેવના) મતમાં અભેદ દ્રવ્યમાં ભેદ, દષ્ટિમાં ઉત્પન્ન થાય છે કે પર્યાય ઉપર લક્ષ જાય છે કે ગુણ-ગુણીના ભેદ ઉપર લક્ષ જાય છે તો એની મુક્તિ થશે કે નહિ તે કોણ જાણે..? એનો અર્થ એ કે અર્હત્‌ના માર્ગમાં-(મતમાં) એની મુક્તિ થતી નથી (એમ કહ્યું છે). આહા..હા..! સમજાણું કાંઈ..?

વિશેષ કહેશે....

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક હોવા છતાં દ્રવ્ય 'સત્' છે એમ દર્શાવે છે :-

**सदवट्ठिदं सहावे दव्वं दव्वस्स जो हि परिणामो।**
**अत्थेसु सो सहावो ठिदिसंभवणाससंबद्धो ॥ ९९ ॥**

**सदवस्थितं स्वभावे द्रव्यं द्रव्यस्य यो हि परिणामः ।**
**अर्थेषु स स्वभावः स्थितिसंभवनाशसंबद्ध : ॥ ९९ ॥**

**દ્રવ્યો સ્વભાવ વિષે અવસ્થિત, તેથી 'સત્' સૌ દ્રવ્ય છે;**
**ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશયુત પરિણામ દ્રવ્ય સ્વભાવ છે. ૯૯.**

**ગાથા ૯૯**

**અન્વયાર્થઃ-** (स्वभावे) સ્વભાવમાં (अवस्थितं) [1]અવસ્થિત (હોવાથી) (द्रव्यं) દ્રવ્ય (सत्) 'સત્' છે; (द्रव्यस्य) દ્રવ્યનો (यः हि) જે (स्थितिसंभवनाशसंबद्धः) ઉત્પાદવ્યયધ્રૌવ્યસહિત (परिणामः) પરિણામ (સઃ) તે (अर्थेषु स्वभावः) પદાર્થોનો સ્વભાવ છે.

***ટીકાઃ-*** અહીં (વિશ્વને વિષે) સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી દ્રવ્ય 'સત્' છે. સ્વભાવ દ્રવ્યનો ધ્રૌવ્ય-ઉત્પાદ-વિનાશની એકતાસ્વરૂપ પરિણામ છે.

જેમ દ્રવ્યનું [2]વાસ્તુ સમગ્રપણા વડે (અખંડપણા વડે) એક હોવા છતાં, વિસ્તારક્રમમાં પ્રવર્તનારા તેના જે સૂક્ષ્મ અંશો તે પ્રદેશો છે, તેમ દ્રવ્યની [3]વૃત્તિ સમગ્રપણા વડે એક હોવા છતાં, પ્રવાહક્રમમાં પ્રવર્તનારા તેના જે સૂક્ષ્મ અંશો તે પરિણામો છે. જેમ વિસ્તારક્રમનું કારણ પ્રદેશોનો પરસ્પર વ્યતિરેક છે, તેમ પ્રવાહક્રમનું કારણ પરિણામોનો પરસ્પર [4]વ્યતિરેક છે.

જેમ તે પ્રદેશો પોતાના સ્થાનમાં સ્વ-રૂપથી ઉત્પન્ન ને પૂર્વરૂપથી વિનષ્ટ હોવાથી તથા સર્વત્ર (બધેય) પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલાં એકવાસ્તુપણા વડે અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે તેમ તે પરિણામો પોતાના અવસરમાં સ્વ-રૂપથી ઉત્પન્ન ને પૂર્વરૂપથી વિનષ્ટ હોવાથી તથા સર્વત્ર પરસ્પર [5]અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે. વળી જેમ વાસ્તુનો જે નાનામાં નાનો (છેવટનો) અંશ પૂર્વ પ્રદેશના વિનાશસ્વરૂપ છે તે

---

૧. અવસ્થિત = રહેલું ; ટકેલું

૨. દ્રવ્યનું વાસ્તુ= દ્રવ્યનો સ્વ-વિસ્તાર; દ્રવ્યનું સ્વક્ષેત્ર; દ્રવ્યનું સ્વ-કદ; દ્રવ્યનું સ્વ-દળ (વાસ્તુ=ઘર; રહેઠાણ; નિવાસસ્થાન આશ્રય; ભૂમિ)

૩. વૃત્તિ = વર્તવું તે; હોવું તે; હોવાપણું; હયાતી.

૪. વ્યતિરેક = ભેદ; (એકનો બીજામાં) અભાવ, (એક પરિણામ તે બીજા પરિણામરૂપ નથી તેથી દ્રવ્યના પ્રવાહમાં ક્રમ છે.)

૫. અનુસ્યૂતિ = અન્વયપૂર્વક જોડાણ (સર્વ પરિણામો પરસ્પર અન્વયપૂર્વક (-સાદશ્ય સહિત) ગૂંથાયેલા (જોડાયેલા) હોવાથી તે બધા પરિણામો એકપ્રવાહપણે છે તેથી તેઓ ઉત્પન્ન કે વિનષ્ટ નથી.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ (અંશ) ત્યાર પછીના પ્રદેશના ઉત્પાદસ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલાં એકવાસ્તુપણા વડે અનુભયસ્વરૂપ છે (અર્થાત્ બેમાંથી એક્કે સ્વરૂપે નથી), તેમ પ્રવાહનો જે નાનામાં નાનો અંશ પૂર્વપરિણામના વિનાશસ્વરૂપ છે તે જ ત્યાર પછીના પરિણામના ઉત્પાદસ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે અનુભયસ્વરૂપ છે.

આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામ પદ્ધતિમાં (પરિણામોની પરંપરામાં) વર્તતું દ્રવ્ય સ્વભાવને નહિ [૧] અતિક્રમતું હોવાથી [૨] સત્ત્વને [૩] ત્રિલક્ષણ જ [૪] અનુમોદવું-મોતીના હારની માફક. (તે આ રીતે:) જેમ જેણે (અમુક) લંબાઈ ગ્રહણ કરેલી છે એવા લટકતા મોતીના હારને વિષે, પોતપોતાના સ્થાનોમાં પ્રકાશતાં સમસ્ત મોતીઓમાં, પછીપછીનાં સ્થાનોએ પછીપછીનાં મોતીઓ પ્રગટ થતાં હોવાથી અને પહેલાંપહેલાંનાં મોતીઓ નહિ પ્રગટ થતાં હોવાથી તથા બધેય પરસ્પર અનુસ્યૂતિ રચનારો દોરો અવસ્થિત હોવાથી ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે; તેમ જેણે [૫] નિત્યવૃત્તિ ગ્રહણ કરેલી છે એવા રચાતા (પરિણમતા) દ્રવ્યને વિષે, પોતપોતાના અવસરોમાં પ્રકાશતા (પ્રગટતા) પરિણામોમાં, પછીપછીના અવસરોએ પછીપછીના પરિણામો પ્રગટ થતા હોવાથી અને પહેલાં પહેલાંના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી તથા બધેય પરસ્પર અનુસ્યૂતિ રચનારો પ્રવાહ અવસ્થિત(-ટકતો) હોવાથી ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે.

**ભાવાર્થ:**- દરેક દ્રવ્ય સદાય સ્વભાવમાં રહે છે તેથી 'સત્' છે. તે સ્વભાવ ઉત્પાદવ્યય ધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે. જેમ દ્રવ્યના વિસ્તારનો નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે, તેમ દ્રવ્યના પ્રવાહનો નાનામાં નાનો અંશ તે પરિણામ છે. દરેક પરિણામ સ્વ-કાળમાં પોતાના રૂપે ઉપજે છે, પૂર્વરૂપથી નાશ પામે છે અને સર્વ પરિણામોમાં એકપ્રવાહપણું હોવાથી દરેક પરિણામ ઉત્પાદ-વિનાશ વિનાનો એકરૂપ-ધ્રુવ રહે છે. વળી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં સમયભેદ નથી, ત્રણેય એક જ સમયે છે. આવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક પરિણામોની પરંપરામાં દ્રવ્ય સ્વભાવથી જ સદાય રહેતું હોવાથી દ્રવ્ય પોતે પણ, મોતીના હારની માફક, ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક છે. ૯૯.

---

૧. અતિક્રમતું = ઓળંગતું, છોડતું.
૨. સત્ત્વ = સત્પણું; (અભેદનયે) દ્રવ્ય.
૩. ત્રિલક્ષણ = ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય એ ત્રણ લક્ષણવાળું; ત્રિસ્વરૂપ; ત્રયાત્મક.
૪. અનુમોદવું = આનંદથી સંમત કરવું.
૫. નિત્યવૃત્તિ = નિત્ય ટકવાપણું; નિત્ય હયાતી; સદા વર્તવું તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન તા. ૧૦-૬-૭૯.

'પ્રવચનસાર' ૯૯ ગાથા.

**હવે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક હોવા છતાં દ્રવ્ય 'સત્' છે એમ દર્શાવે છે:-** સત્તા છે તો પણ દ્રવ્ય સત્ છે અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય હોય તો પણ દ્રવ્ય સત્ છે. આહા..! ઝીણી વાત છે, ગાથાઓ જ ઝીણી..! 'પ્રવચનસાર' ! ભગવાનની દિવ્યધ્વનિનો સાર (છે).

**सदवट्ठिदं सहावे दव्वं दव्वस्स जो हि परिणामो ।**
**अत्थेसु सो सहावो ठिदिसंभवणाससंबद्धो ॥ ९९ ॥**

નીચે હરિગીત,

**દ્રવ્યો સ્વભાવ વિષે અવસ્થિત, તેથી 'સત્' સૌ દ્રવ્ય છે;**
**ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશયુક્ત પરિણામ દ્રવ્યસ્વભાવ છે. ૯૯** આહા..હા..

**ટીકા:-** ઝીણો વિષય છે ભાઈ આ. ટીકા છે ને..! **"અહીં (વિશ્વને વિષે) સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી દ્રવ્ય 'સત્' છે.** દ્રવ્ય નામ આત્મા, દ્રવ્ય નામ પરમાણુ આદિ દ્રવ્ય સત્ (છે). જ્ઞેય છે તે સત્, (એ સ્વભાવમાં નિત્ય અવસ્થિત છે.) વિશ્વને (વિષે) એ સ્વભાવમાં નિત્ય અવસ્થિત છે. દ્રવ્ય સ્વભાવમાં નિત્ય અવસ્થિત છે. તે કારણથી દ્રવ્ય સત્ છે. **"સ્વભાવ દ્રવ્યનો ધ્રૌવ્ય-ઉત્પાદ-વિનાશની એકતાસ્વરૂપ પરિણામ છે."** આહા..હા..! વસ્તુનો સ્વભાવ ઉત્પાદ-વ્યય ને ધ્રૌવ્યનું એકતારૂપ સ્વભાવ છે. એક સમયમાં ત્રણ છે..છે..? વિશ્વમાં- આ જગતમાં તત્ત્વજ્ઞાનની ખબર નહિ ને પાધરા ધરમ થઈ જાય, મંદિર કે દર્શન કરે કે સામાયિક કરે કે પોષા (કરે) એકડા વિનાના મીંડા છે. મિથ્યાત્વ ભાવ છે એ તો. તત્ત્વ શું છે..? આત્મા અંદરથી..? જે ગુણ-ગુણીનો ભેદનો વિકલ્પ ઉઠે છે એ પણ બંધનું કારણ છે. (વિકલ્પ) જાણવામાં આવે છે કે સત્ છે એ સત્તાવાન્ છે. જાણવામાં આવે, અને પ્રસિદ્ધિ(માં) પણ એ દેખવામાં આવે, પણ દષ્ટિ જ્યાં કરવી છે. દ્રવ્ય ઉપર (જ્યારે દષ્ટિ થાય છે.) ત્યારે સત્ અને સત્તાના (ભેદ) નથી. સ્વયં સત્ સત્તાથી નથી. સત્ સ્વયં છે. આહા..હા..! એમ **"અહીં વિશ્વને વિષે સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી દ્રવ્ય 'સત્' છે."** (સત્નો) સ્વભાવ શું..? **"ધ્રૌવ્ય-ઉત્પાદ-વિનાશની એકતાસ્વરૂપ પરિણામ (છે).** પરિણામ છે એ. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણેયને પરિણામ કહે છે હોં..! વળી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણેયને પરિણામ કહે છે. આહા..હા..! એકરૂપ ચીજમાં (દ્રવ્યમાં) ત્રણ પ્રકાર થ્યા ને..! ઉત્પાદ-વ્યય ને ધ્રૌવ્ય એ ત્રણેય પરિણામ થયા. પર્યાય થઈ. આહા..હા..! **"જેમ દ્રવ્યનું વાસ્તુ"** (એટલે ફૂટનોટમાં) નીચે (જુઓ) દ્રવ્યનું વાસ્તુ=દ્રવ્યનો સ્વવિસ્તાર; દ્રવ્યનું સ્વક્ષેત્ર; દ્રવ્યનું સ્વકદ, દ્રવ્યનું સ્વદળ. (વાસ્તુ=દ્રવ્યનું ઘર; દ્રવ્યનું રહેઠાણ, દ્રવ્યનું નિવાસસ્થાન; દ્રવ્યનો આશ્રય; દ્રવ્યની ભૂમિ). **"સમગ્રપણા વડે (અખંડપણા વડે) એક હોવા છતાં"** આત્મા સમગ્રપણે એક છે. ભલે અસંખ્ય પ્રદેશ છે. પણ અસંખ્યપ્રદેશ તરીકે એક છે. **"એક હોવા છતાં વિસ્તારક્રમમાં**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રવર્તનારા''** જ્યાં ગુણનો વિસ્તાર જે અનંત છે, એનું લક્ષ કરવા માટે **''તેના જે સૂક્ષ્મ અંશો તે પ્રદેશો.''** (એટલે) ગુણના જે સૂક્ષ્મ અંશ છે તે પ્રદેશ (છે). આત્મામાં અસંખ્યપ્રદેશ-વિસ્તાર આવો (તીરછો) છે એમાં એક પ્રદેશ (તેનો) અંશ છે. આહા..હા..! આવી વાતું કોઈ દી' સાંભળી (ન હોય) દ્રવ્યનું વાસ્તુ-ઘર સમગ્રપણે એક છે. **''એક હોવા છતાં, વિસ્તારક્રમમાં પ્રવર્તનારા તેના જે સૂક્ષ્મ અંશો તે પ્રદેશો છે.''** આત્મા અસંખ્યપ્રદેશી છે, એ સમગ્રપણે એક છે. પણ તેના એક-એક પ્રદેશ છે એ અંશ ગુણ નહિ, ક્ષેત્ર નહિ. એક પ્રદેશ છે. **''તેમ દ્રવ્યની વૃત્તિ સમગ્રપણા વડે એક હોવા છતાં''** શું કહે છે..? વસ્તુ જે દ્રવ્ય છે, એ પરિણમન જે એમાં ત્રિકાળ થાય છે. એકરૂપ પરિણતિ છે એકરૂપ. જેમ વિસ્તાર એકરૂપ છે. -તેમાં એક એક પ્રદેશ ભિન્ન છે. એમ પરિણતિ પર્યાયનો વિસ્તાર એકરૂપ હોવા છતાં પણ એક એક પરિણામ ભિન્ન-ભિન્ન છે. આહા..! આવું છે. (લોકો કહે કે) કઈ જાતનો આ ધરમ..? **(શ્રોતા:)** આમાં સમજવું શું પણ..? **(ઉત્તર:)** ઈ સમજવામાં ઈ છે કે દ્રવ્ય પોતાના પરિણામપણે પરિણમે છે. દ્રવ્ય ઉત્પાદ-વ્યય ધ્રૌવ્યરૂપે પરિણમે છે. એ કોઈના કારણથી પરિણમે છે એમ નથી. અહીંયાં તો ક્રમસર-ક્રમબદ્ધ લેશે. સૂક્ષ્મ વાત (છે) ક્રમબદ્ધ(ની) આમ આત્મા માં અસંખ્યપ્રદેશ અહીંયાં સમગ્રપણે છે. (શરીર પ્રમાણ) છતાં એમાં એક-એક પ્રદેશ ભિન્ન (ભિન્ન) છે. એવી રીતે સમગ્રપણે પરિણતિ છે અનાદિ-અનંત. એ પરિણતિ અનાદિ અનંત એકરૂપ હોવા છતાં પણ એક-એક સમયનું પરિણામ ભિન્ન (ભિન્ન) છે. આહા..હા..! હવે આવી વાત..!! વેપારીને નવરાશ ન મળે, પછી સામાયિક કરો. ને પોષા કરો...ને ફલાણું કરો...ને ધરમ થશે, ધૂળે ય ધરમ નહીં થાય...આહા..! ધરમ બીજી ચીજ કોઈ છે બાપુ..! આહા..હા..! દ્રવ્યની વૃત્તિ (છે નીચે ફૂટનોટમાં) વૃત્તિ=વર્તવું તે; હોવું તે; હોવાપણું; હયાતી. સમગ્રપણા વડે એક હોવા છતાં પરિણતિ-વૃત્તિ ત્રિકાળ.

**''પ્રવાહક્રમમાં પ્રવર્તનારા''** પ્રવાહક્રમ (એટલે) જે પ્રદેશ છે એ વિસ્તારક્રમ ને પ્રવાહક્રમમાં છે. આત્મા અસંખ્યપ્રદેશી છે. એ વિસ્તારક્રમ આમ (તીરછો-એકસાથ) છે. અને પરિણામ જે (એકપછી એક) એ પ્રવાહક્રમ છે. એક પછી એક થાય છે. પરિણામ એ પ્રવાહક્રમ છે. (વિસ્તારસામાન્ય સમુદાય અને આયતસામાન્ય સમુદાય) ૯૩ (ગાથામાં) આવી ગ્યું છે.પ્રવાહક્રમનો પિંડ અને વિસ્તારનો પિંડ તે દ્રવ્ય છે. આ..રે બાપુ..! આ તો વીતરાગનો મારગ, લોજિકથી વાત (સિદ્ધ છે) પણ ગમે તેટલી ભાષા એની (સહેલી કરવાનો પ્રયત્ન) કરે પણ વસ્તુસ્થિતિ હોય એવી આવે ને...! શું કહે છે..?

**''દ્રવ્યની વૃત્તિ સમગ્રપણા વડે એક હોવા છતાં.''** એ પરિણતિ **''પ્રવાહક્રમમાં પ્રવર્તનારા''** એક પછી એક પ્રવર્તનારા **''તેના જે સૂક્ષ્મ અંશો તે પરિણામો છે.''** સૂક્ષ્મ અંશ જે છે તે પરિણામ છે. આત્મામાં અસંખ્ય પ્રદેશ આમ છે. વિસ્તાર. એમાં એક -(એક) પ્રદેશ છે તે ભિન્ન-(ભિન્ન) છે. એકેક-એકેક-એકેક આમ. એમ આત્મામાં ત્રિકાળી પર્યાય અનંત ત્રિકાળી ગુણની જે પર્યાય છે, એ પરિણતિ(નો) અનાદિ-અનંત જે પ્રવાહક્રમ છે, એ સમગ્ર(પણે) એક છે. એમાં એક-એક સમયની પર્યાય ભિન્ન ભિન્ન છે. એક-એક સમયનું પરિણામ, પ્રવાહક્રમમાં ભિન્ન ભિન્ન છે. આહા..હા..હા..! આવું છે. હેં..!

(કહે છે કે:) **''જેમ વિસ્તારક્રમનું કારણ પ્રદેશોનો પરસ્પર વ્યતિરેક છે.''** શું કહે છે..?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન આત્મામાં જે અસંખ્યપ્રદેશ-વિસ્તારક્રમ છે. એના પ્રદેશો પરસ્પર ભિન્ન-ભિન્ન છે. દરેક પ્રદેશ, એક-બીજાથી ભિન્ન-ભિન્ન છે. અસંખ્ય પ્રદેશ (સમગ્રપણે) છે તો (પણ) દરેક પ્રદેશ એક-બીજાથી ભિન્ન છે. છે..? વિસ્તારક્રમનું કારણ પ્રદેશોનો પરસ્પર વ્યતિરેક છે. ક્રમ આમ (તીરછો-પહોળાઈ-એકસાથ) (આત્મામાં) અસંખ્યપ્રદેશ છે એ વિસ્તારક્રમમાં એક એક પ્રદેશ ભિન્ન-ભિન્ન છે. **''તેમ પ્રવાહક્રમનું કારણ પરિણામોનો પરસ્પર વ્યતિરેક છે.''** તેમ એક પછી એક પરિણામ થાય છે તે પ્રવાહક્રમ (અનાદિ-અનંત) એમાં પણ એક-એક સમયનું પરિણામ છે તે પરસ્પર ભિન્ન-ભિન્ન છે. એક પરિણામ, બીજા પરિણામથી એકત્વ થતું નથી. આહા..હા..હા..હા..! આ તો તત્ત્વ કેવું છે, સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વરદેવે જેવાં જોયાં, એવું તારે સમજવું પડશે. એ સમજણ કરીને પછી તત્ત્વદષ્ટિ કરીને અભેદ પ્રાપ્ત કરવું. પહેલાં સમજે જ નહીં કે તત્ત્વ શું છે..? (તો) અભેદ ઉપર દષ્ટિ ક્યાંથી કરશે..? આહા..હા..! ભેદ છે. જ્ઞાન કરવામાં ભેદ છે. અસંખ્યપ્રદેશ (આત્મામાં) છે, પણ એક-એક પ્રદેશ બીજા પ્રદેશથી ભિન્ન ભિન્ન છે. એમ આત્મામાં પ્રવાહક્રમમાં અનંત પરિણામ છે, છતાં એક-એક પરિણામ એક બીજાથી પરસ્પર ભિન્ન ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ..?

(અહીંયાં કહે છે કે:) **''જેમ તે પ્રદેશો પોતાના સ્થાનમાં સ્વ-રૂપથી ઉત્પન્ન''** આહા..ઝીણી વાત છે. (આત્મામાં) પ્રદેશ અસંખ્ય એમાં જે જે પ્રદેશ પોતાના સ્થાનમાં છે, (તે) સ્વરૂપથી ઉત્પન્ન-લક્ષમાં આવ્યા કે આ પ્રદેશ છે અંદર એક-એક. અસંખ્ય નથી. **''ને પૂર્વરૂપથી વિનષ્ટ''** પૂર્વના પ્રદેશની અપેક્ષાએ નથી, એ અપેક્ષાએ વિનષ્ટરૂપે છે. વર્તમાન પ્રદેશનું લક્ષ કરવાથી, (એટલે) અસંખ્યપ્રદેશમાં(થી) એક પ્રદેશનું લક્ષ કરવાથી (અર્થાત્) (પોતાના સ્થાનમાં સ્વ-રૂપથી) ઉત્પન્ન કરવામાં આવ્યું. (અને) એકપ્રદેશમાં બીજો પ્રદેશ નથી એ અપેક્ષાએ (પૂર્વરૂપથી) વિનષ્ટ કરવામાં આવ્યો. આહા...! છે..? **''તથા સર્વત્ર (બધેય) પરસ્પર અનુસ્યૂતિથી.''** અનુસ્યૂતિ એટલે અન્વયપૂર્વક જોડાણ, કાયમ એક પછી એક રચિત **''રચાયેલા એકવાસ્તુપણા વડે અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે.''** આહા..હા..હા.. કોનું કહ્યું..? પ્રદેશની પહેલા વાત કરી. કે આત્મા કોણ છે..? તેની ખબર નહીં. આ આત્મા છે. આ પરમાણુ- શરીરથી તો ભિન્ન તદ્દન આત્મા (છે). અંદર અસંખ્યપ્રદેશ (આત્માના) છે. એ અસંખ્ય પ્રદેશ સમગ્રપણે (અખંડ) છે. એમાં એક પ્રદેશથી બીજો પ્રદેશ ભિન્ન-ભિન્ન છે. એવી રીતે આ ક્રમસર પરિણામ થાય છે અનાદિ-અનંત. (એ) સમગ્ર પ્રવાહક્રમથી એક છે. (પણ) એમાં એક-એક સમયનું પરિણામ ભિન્ન-ભિન્ન છે. આહા..હા..! આવો દ્રવ્યનો સ્વભાવ (છે). એની ખબર નહીં (લોકોને). અનુસ્યૂત=ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક પ્રદેશ, પ્રદેશ ક્ષેત્રની અપેક્ષા. **''તેમ તે પરિણામો પોતાના અવસરમાં સ્વ-રૂપથી ઉત્પન્ન''** પરિણામ પણ જે એક સમયમાં ઉત્પન્ન થાય છે, એ અપેક્ષાથી એને ઉત્પન્ન કહેવામાં આવે છે. છે..? **''તે પરિણામ પોતાના અવસરમાં''** પોતાના કાળ-અવસરમાં જ પરિણામ ઉત્પન્ન થાય છે. આહા..હા..! આગળ પાછળ નહીં. ''ક્રમબદ્ધ'' આહા..હા..હા..! પોતાના અવસરમાં જ્યારે પરિણામ થાય છે. ત્યારે તે પરિણામ ત્રિકાળની અપેક્ષાથી ભિન્ન છે. બધા અનાદિ-અનંત પ્રવાહ (ક્રમ) પરિણામ છે. (તો) તે એક પરિણામ પોતાના અવસરમાં થ્યા તો તે પરિણામ બીજા પરિણામથી ભિન્ન છે. **(શ્રોતા:)** ક્રમબદ્ધ..! **(ઉત્તર:)** ક્રમબદ્ધ છે. એક પછી એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ક્રમબદ્ધ પરિણામ થાય છે. લોકો અત્યારે માનતા નથી. કે ક્રમબદ્ધ થઈ જાય તો પુરુષાર્થ શું રહ્યો..? આહા..! એક પછી એક (ક્રમબદ્ધ) પરિણામ થાય તો પુરુષાર્થ વળી (કયાં રહ્યો). પણ ક્રમબદ્ધના નિર્ણયમાં પોતાના સ્વરૂપ તરફ દૃષ્ટિ થાય છે. (એ દૃષ્ટિ થવી) એ પુરુષાર્થ છે. આહા..હા..હા..! આ તો ભગવાનની વાણી છે..! દિવ્ય ધ્વનિ છે..! ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં (આવ્યું કે) પ્રભુ તારી ચીજ (આત્મા) શું છે..? એ વિસ્તાર (ક્રમ) શું છે..? પ્રવાહ (ક્રમ) શું છે..? વિસ્તારમાં પણ એક-એક પ્રદેશ ભિન્ન (ભિન્ન) છે અને પ્રવાહક્રમમાં પણ એકએક પરિણામ ભિન્ન (ભિન્ન) છે. એક એક પ્રદેશ ઉપર નજર કરવાથી ઉત્પન્ન દૃષ્ટિ થાય છે. બીજા પ્રદેશની અપેક્ષા 'વિનષ્ટ' (દૃષ્ટિ) છે. અને બધા પ્રદેશને અખંડ દેખવાથી 'ધ્રૌવ્ય' છે. (એટલે) પ્રદેશ છે...છે...છે...છે..., ઉત્પન્ન-વિનષ્ટ નહીં. ધ્રૌવ્યમાં, પ્રદેશ છે, પ્રદેશ છે, પ્રદેશ છે બસ. એવી રીતે પ્રવાહક્રમમાં જે પરિણામ થાય છે અનાદિ-અનંત છે. એ પરિણામ બીજા પરિણામથી ભિન્ન છે. આહા..હા.. સંતોએ-દિગંબર મુનિઓએ તો આ વાત કરી છે ભાઈ..! ભાઈ, તારે આત્મા જાણવો હોય, તો આ (વસ્તુ-મર્યાદા) જાણવી પડશે. આવું (વસ્તુસ્વરૂપ) જાણ્યા વિના આત્મા જણાય, ધર્મ થાય-એવું હોતું નથી. આહા..હા..!

(કહે છે કે:) આ આત્મા શું છે..?વિસ્તારક્રમથી કેવો છે, પ્રવાહક્રમથી કેવો છે..? **(શ્રોતા:)** વિસ્તારક્રમ કોને કહેવો અને પ્રવાહક્રમ કોને કહેવો..? **(ઉત્તર:)** વિસ્તાર આમ વસ્તુ-આત્મા, વિસ્તાર (ક્રમ) એક નામ. અસંખ્યપ્રદેશે એકરૂપ એ વિસ્તાર. અને પરિણામ એક પછી એક થાય છે એ પ્રવાહક્રમ. પરિણામ અનંત છે. વિસ્તારક્રમમાં પણ એક પ્રદેશથી બીજો પ્રદેશ ભિન્ન છે. એમ પ્રવાહક્રમમાં અનંત પરિણામ થાય છે. (અનાદિ-અનંત) એમાં એક-એક પરિણામ બીજા-બીજા પરિણામથી ભિન્ન ભિન્ન છે. આહા..હા..! **"સ્વ-રૂપથી ઉત્પન્ન "** શું કહે છે એ..? જુઓ, **"તે પરિણામો પોતાના અવસરમાં સ્વ-રૂપથી ઉત્પન્ન."** કહેવામાં આવ્યા. અને **"પૂર્વરૂપથી વિનષ્ટ હોવાથી"** પૂર્વના (પહેલાના) પરિણામની અપેક્ષા વર્તમાન પરિણામ વિનષ્ટ તો (પૂર્વના-પહેલાના પરિણામ) વિનષ્ટ-વ્યય કહેવામાં આવે છે. પોતાની અપેક્ષા ઉત્પન્ન કહેવામાં આવે છે. પરની અપેક્ષાથી વ્યય કહેવામાં આવે છે. **"તથા સર્વત્ર પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે."** કોણ..? પરિણામ, પરિણામ, પરિણામ, પરિણામ, પરિણામ, પરિણામનું એકરૂપ, અનાદિ-અનંત એકરૂપ છે તો **"અનુત્પન્ન અવિનષ્ટ હોવાથી.** આમ. પરિણામ છે...છે...છે...છે...છે.. એમ, (ધ્રૌવ્ય). આત્મામાં અસંખ્ય પ્રદેશ છે. એ વિસ્તારક્રમ (છે), એમાં એક-એક પ્રદેશ છે એ બીજા પ્રદેશથી ભિન્ન છે. એમાં એક પ્રદેશ પર નજર પડે તો ઉત્પન્ન-ઉત્પાદ કહેવાય છે, અને બીજા પ્રદેશની અપેક્ષા વિનષ્ટ-વ્યય કહેવાય છે અને બધા પ્રદેશ છે...છે...છે...છે..છે.. એનું નામ ધ્રૌવ્ય (છે.)

એવી રીતે આત્માના પરિણામ **"ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે.** આહા..હા..! કાંઈ કોઈ દી' સાંભળ્યું ન મળે..! જગતની મજૂરી કરીને મરી ગ્યા..! અનંતકાળથી આહા..હા..! તત્ત્વ..!! વીતરાગ શું કહે છે, એ તત્ત્વની હજી કાંઈ ખબર નહીં. પ્રતીતિ તો પછી. આહા.,.હા..! આ આત્મા છે, અસંખ્ય-પ્રદેશી છે, અનાદિ-અનંત પરિણામવાળો છે. બે વાત (કરી). (વિસ્તારક્રમ ને પ્રવાહક્રમ) હવે એમાં અસંખ્યપ્રદેશોમાં જે એક પ્રદેશ છે તે બીજો પ્રદેશ નથી. તો એક પ્રદેશ ઉપર લક્ષ ગ્યું તો ઉત્પન્ન (ઉત્પાદ)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેવામાં આવે છે. બીજા પ્રદેશની અપેક્ષાએ એને વિનષ્ટ-(વ્યય) કહેવામાં આવે છે, પણ (પ્રદેશ) છે..છે..છે..છે.. એ અપેક્ષાએ ધ્રૌવ્ય કહેવામાં આવે છે. આહા..હા..! ભાઈ, ઝીણું આવ્યું છે આ બધું આહા..હા..! સમજાણું...?

એવી રીતે આત્મામાં પરિણામ અનાદિ-અનંત થાય છે, એક પછી એક, એક પછી એક-એ પ્રવાહક્રમને સમગ્ર જુઓ તો એક પછી એક, એક પછી એક (પરિણામ) થાય જ છે. પણ એક પર્યાયને જુઓ તો ઈ પર્યાય કે જેના ઉપર લક્ષ ગ્યું તે (અપેક્ષા) તેને ઉત્પન્ન (ઉત્પાદ) કહેવામાં આવે છે અને એ પર્યાયમાં પૂર્વની પર્યાય નથી એ અપેક્ષાએ વિનષ્ટ (વ્યય) કહેવામાં આવે છે. અને પર્યાય છે..છે..છે.. છે.. છે.. એને ધ્રૌવ્ય કહેવામાં આવે છે. આવી વાત છે ભાઈ..! હળવે-હળવે (કહેવાય છે). **(શ્રોતા:)** બહુ સૂક્ષ્મ તત્ત્વ **(ઉત્તર:)** આ તો સમજાય એવું છે. (પણ) ભાઈ, કોઈ દી' સાંભળ્યું ન્હોતું બાપદાદે'ય કોઈ દી'! (અરે..રે..!) વહ્યા ગ્યા બાપા, દાદા યે ય ગ્યા..! આ વસ્તુ બાપુ, આ શ્વેતાંબર, સ્થાનકવાસીમાં તો છે જ નહીં. દિગમ્બરમાં છે પણ ચાલતી નથી. ક્રિયાકાંડ કરો.. પડિમા લ્યો..! મુનિપણું લ્યો ને લુગડાં છોડો. વાસ્તવિક તત્ત્વ શું છે, ભગવાન ત્રિલોકનાથ શું કહે છે અને એ તત્ત્વના બે રૂપ કયા છે..? (કાંઈ ખબર ન મળે..!).

આહા..હા..! એક તત્ત્વ એ છે એના વિસ્તારક્રમમાં અસંખ્યપ્રદેશ છે. એ વિસ્તારક્ષેત્ર છે. (બીજો પ્રવાહક્રમ એ છે) એમાં પરિણામ ત્રિકાળી થાય છે. એ પ્રવાહક્રમ છે. પ્રવાહક્રમમાં અને વિસ્તારક્રમમાં (એક પરિણામ) કે એક પ્રદેશ ઉપર નજર કરો તો ઉત્પન્ન કહેવામાં આવે છે. પૂર્વના (પરિણામ) કે પ્રદેશની અપેક્ષા એને વિનષ્ટ કહેવામાં આવે છે. અને એ (પરિણામ) કે પ્રદેશ છે એમાં છે,છે,છે,છે,છે, એને ધ્રૌવ્ય કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ..? આવું ઝીણું છે. (આ તો) પ્રવચનસાર! ભગવાનની દિવ્યધ્વનિ..! ત્રિલોકનાથ પ્રભુ (સીમંધરસ્વામી) બિરાજે છે મહાવિદેહમાં!! (એમની આ વાણી છે.) **(શ્રોતા:)** દિવ્યધ્વનિમાં આવું કઠણ આવે..? **(ઉત્તર:)** હેં! કઠણ છે જ નહીં એને અભ્યાસ જ નહીં. ન્યાંતો ઓમકાર ધ્વનિ છૂટે છે. 'ઓમ્ ધ્વનિ સૂનિ, અર્થ ગણધર વિચારે, રચિ આગમ ઉપદેશ ભવીજીવ સંશય નિવારે.' આહા..હા..! શું થાય બાપુ, અત્યારે તો ક્રિયાકાંડની પ્રવૃત્તિમાં ગૂંચવીને મારી નાખ્યો બિચારાને! વાસ્તવિક તત્ત્વ શું છે (એ જાણ્યું નહીં). આહા..હા..!

(કહે છે કે:) પહોળાઈ શું છે, પહોળાઈ આમ (એકસાથ) વિસ્તાર અને ઊર્ધ્વ શું છે પર્યાય, એક પછી એક (ક્રમબદ્ધ) પર્યાય કેવી છે (એ જાણવું જોઈએ) આહા..હા..! એ વસ્તુનું સ્વરૂપ છે. (શ્રોતાઓને નિદર્શન દ્વારા) આ મૂકયું છે ને જુઓ, (આ મોતીની માળા). આ (સમગ્ર) ક્ષેત્ર છે. તેમાં (આ મણકાની અપેક્ષા) આ ક્ષેત્ર નહીં, આ ક્ષેત્ર તે બીજું ક્ષેત્ર નહીં. તો આ ક્ષેત્ર છે (આત્માનું) અસંખ્ય પ્રદેશી (જેમ માળામાં) ૧૦૮ મણકા છે. તો આ અપેક્ષા (બીજા મણકાની અપેક્ષા લક્ષમાં લીધેલ મણકો) ઉત્પન્ન, (એ) પૂર્વની અપેક્ષાએ વ્યય અને 'છે' અપેક્ષાએ ધ્રૌવ્ય (કહેવાય છે). અને હવે પરિણામ (ની વાત) જે સમયે જે પરિણામ આત્મામાં થયું તે ત્યાં છે, એ જ સમયમાં (માળાના મણકાની જેમ) એ ઉત્પન્ન થયું છે એમ જોવાથી તેને ઉત્પન્ન કહેવામાં આવે છે. પૂર્વની અપેક્ષાએ એને વિનષ્ટ કહેવામાં આવે છે. અને ત્રિકાળમાં છે,છે,છે,છે, તો એ પર્યાયને ધ્રૌવ્ય કહેવામાં આવે છે. (એક સમયમાં ત્રણ છે). આહા..હા..! આવું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કો'ભાઈ! આ જે મોતીની (માળાનું) એક મોતી છે. એ બીજા મોતીમાં નથી એમ આત્મામાં અસંખ્ય પ્રદેશ છે. એક પ્રદેશમાં બીજો પ્રદેશ નથી. અને આમ એક પરિણામ છે આત્મામાં-એ (માળાનું) મોતી જે સ્થાનમાં છે ત્યાં છે. અહીંયા (મોતી) છે, અહીંયા (મોતી) છે, જે જે સ્થાનમાં જે જે મોતી છે. એમ આત્મામાં જે જે સમયે-અવસરે જે જે પરિણામ થાય તે તે ત્યાં ત્યાં છે. ક્રમબદ્ધમાં જે પરિણામ સમયનું થયું ત્યાં એ છે. એ પરિણામ ઉપર લક્ષ કરવાથી (જે પરિણામ લક્ષમાં આવે) તે પરિણામને ઉત્પન્ન કહેવામાં આવે છે. પૂર્વનું પરિણામ એમાં નથી તો એને વિનષ્ટ કહેવામાં આવે છે. એ પરિણામ છે, છે, છે,છે, એને ધ્રૌવ્ય કહેવામાં આવે છે. એક પર્યાયને ત્રણ-ગુણ (ત્રિ-લક્ષણ) કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ..?

આહા..હા..! તે પ્રકારે **"તે પરિણામો પોતાના અવસરમાં સ્વ-રૂપથી ઉત્પન્ન".** આહા..! આત્મામાં અને પરમાણુમાં-છ એ દ્રવ્યમાં-પોતપોતાના અવસરે પરિણામ ઉત્પન્ન થાય છે. આગળ-પાછળ નહીં. (એને) ક્રમબદ્ધ કહે છે. મોટો વિરોધ કર્યો'તો ક્રમબદ્ધનો. વર્ણીજી કહે કે ક્રમબદ્ધ છે પણ એક પછી એક (બીજું) આ જ પરિણામ છે એવું નહીં. અહીંયાં તો કહે છે કે જે પરિણામ જે સમયમાં છે પછી જે થવાવાળું છે તે જ થશે. ક્રમબદ્ધ પરિણામ છે. મોટી ચર્ચા થઈ'તી. તેરની સાલ. વર્ણીજીની સાથે. એ કહે કે ક્રમબદ્ધ છે પણ આ પછી આ જ પરિણામ આવશે એવું નથી. અહીંયાં તો કહે છે કે આ પરિણામ પછી 'આ જ' પરિણામ આવશે, પોત-પોતાના અવસરમાં (જ) પરિણામ થશે, આગળ-પાછળ નહીં.' આહા..હા..! મોટો ગોટો છે ધરમમાં. દિગંબરના ધરમ નામે પણ મોટા ગોટા છે. આહા..! શ્વેતાંબરમાં ને સ્થાનકવાસીમાં તો આ વાત છે જ નહીં. એ તો ત્યાં, આ કરો ને આ કરો..ને ક્રિયાકાંડ કરી ને મરી જાવ..! જાવ... ચોરાશીના અવતાર રખડતા (રખડતા) આહા..હા..

અહીંયા તો પરમાત્મા દ્રવ્યનો વિસ્તાર(ક્રમ) અને દ્રવ્યનો પ્રવાહક્રમ-પરિણામની બે વાત કહે છે. બન્નેના પરિણામ ક્રમથી થાય છે એનો પિંડ તે દ્રવ્ય છે અને પ્રદેશ છે અસંખ્ય વસ્તુ-ચીજ (દ્રવ્ય) એક જ છે. હવે એને અહીંયાં કહે છે કે અસંખ્ય (પ્રદેશ) સિદ્ધ કરવા છે તો અસંખ્ય કઈ રીતે સિદ્ધ થાય..? કે એક પ્રદેશ ઉપર નજર કરવાથી, એને ઉત્પન્ન કહેવામાં આવેલ છે. ઉત્પન્ન (એટલે) નવો ઉત્પન્ન થયો એવું નહીં. લક્ષમાં એક પ્રદેશ લીધો તો ઉત્પન્ન કહેવામાં આવ્યું. બીજા પ્રદેશની અપેક્ષા (એને) વિનષ્ટ કહેવામાં આવ્યું અને (પ્રદેશ) છે,છે,છે, એ અપેક્ષા ધ્રૌવ્ય કહેવામાં આવેલ છે. બરાબર છે..? **(શ્રોતા:)** બરાબર પ્રભુ..! એવી રીતે પરિણામ-પોત-પોતાના અવસરે જે પરિણામ અનંતગુણના થાય છે. એ પરિણામ (સ્વ) અવસરે-પોત-પોતાના અવસરે થાય છે. બીજે સમયે પણ પોતાના અવસરે થાય છે. ત્રીજે સમયે (પણ) પોતાના અવસરે થાય છે. તો પોત-પોતાના (અવસરે) પરિણામ થાય છે. એને જોવા હોય તો એ (વર્તમાન) 'છે' એના ઉપર લક્ષ ગયું તો ઉત્પન્ન કહેવામાં આવ્યું છે. પૂર્વની પર્યાય (અપેક્ષા) તેને વ્યય કહેવામાં આવ્યું અને છે,છે,છે,છે, (પરિણામ) તો એને ધ્રૌવ્ય કહેવામાં આવેલ છે. દરેક પર્યાયને ધ્રૌવ્ય કહેવામાં આવેલ છે. આહા..હા..હા..! કો' સમજાય છે કાંઈ..? **(પ્રશ્ન:)** આ સમજીને કરવું શું..? **(સમાધાન:)** કે ચીજ (દ્રવ્ય-વસ્તુ) આવી છે, એવું જ્ઞાન કરીને, અંતરમાં દૃષ્ટિ અભેદ (આત્મા) ઉપર લઈ જવી. અસંખ્ય પ્રદેશના ભેદ પણ નહીં, અને અનંત પરિણામમાં (એક) પરિણામનો ભેદ પણ નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા..હા..! ભાઈ, આવી વાત! શેઠિયાઓએ આવું સાંભળ્યું ન હોય ક્યાંય...વાડામાં! ક્રિયાકાંડ!! આહા...! એવું તો (કરી-કરીને) નવમી ગ્રૈવેયકે ગયો જૈન સાધુ-દિગંબર થઈને. એવી ક્રિયા તો (અત્યારે) છે ય નહીં. ''મુનિવ્રત ધાર અનંતવાર ગ્રીવક ઉપજાયો', એવી ક્રિયા તો અત્યારે છે ય નહીં. કારણ અત્યારે તો સાધુ નામ ધરાવે, અને એના માટે 'ચોકા' તો હોય છે તે લ્યે છે ચોકામાં બધું આહાર-પાણી એને માટે બનાવે છે અને એ લ્યે છે અઠ્ઠાવીસ મૂલગુણમાં ય ઠેકાણાં નહીં. એવું ન દે તો એને નિર્દોષ બનતું જ નથી, વરસાદ આવે તો નિર્દોષ મળે છે કાંઈ પાણી-પાણી..! એમ કહે છે. આહા..હા..! એને માટે (મુનિ માટે) બનાવે છે. 'ચોકો' (રસોડા). (ગૃહસ્થ) અગાઉથી જાય, જેટલું જોઈતું હોય એટલું બનાવે. ગૃહસ્થ બનાવે. આહા..! એક પાણીનું બિંદુ-અસંખ્ય જીવ, બધી હિંસા..! અત્યારે આચરણ (મુનિઓનું) અરે, વ્યવહાર આચરણ પણ સાચું નથી. નિશ્ચયની દૃષ્ટિ તો ખોટી છે. **(શ્રોતા:)** ગૃહીત મિથ્યાત્વમાં પડ્યા છે. **(ઉત્તર:)** હા, હા..! (એ ક્રિયાકાંડમાં) ધરમ માને છે. દૃષ્ટિ મિથ્યાત્વ છે.

આહા..હા..! ધરમ તો પ્રભુ..! આત્મા અસંખ્ય પ્રદેશી છે એવો ભેદ પણ લક્ષમાંથી છોડી દેવો અને આત્મામાં અનંત પરિણામ ક્રમસર થાય છે, એ ક્રમસરની દૃષ્ટિ પણ છોડી દેવી અને દૃષ્ટિ અખંડ, આનંદકંદ પ્રભુ છે અંદર, અભેદ છે એ ઉપર દૃષ્ટિ કરવાથી, ધરમની પહેલી શરૂઆત-સમ્યગ્દર્શનની પ્રથમ શરૂઆત થાય છે. એ વિના બધું એકડા વિનાના મીંડા છે. આહા..હા..! સાંભળ, સાંભળ..! આકરું પડે! એ પંચમહાવ્રતના પરિણામ કરે, પરીષહ સહન કરે, ઉઘાડે પગે હાલે, પણ અંદરમાં (માને છે કે) રાગની ક્રિયા એ મારી છે અને એનાથી મારું કલ્યાણ થશે. એ મિથ્યાદૃષ્ટિવાળું છે. એ જૈન જ નથી. આહા..હા..હા..! દિગંબર (જૈન) ધર્મ કંઈ પક્ષ નથી, પંથ નથી, વાડો નથી (એ તો) વસ્તુનું સ્વરૂપ છે. એ ચીજ (વસ્તુસ્થિતિ) છે.

એ અહીંયાં કહે છે. વસ્તુનું આવું સ્વરૂપ છે. કે પરમાણુ એકપ્રદેશી, આત્મા અસંખ્યપ્રદેશી, કાલાણુ એક પ્રદેશી, ધર્માસ્તિકાય અસંખ્યપ્રદેશી, અધર્માસ્તિકાય અસંખ્યપ્રદેશી, આકાશ અનંતપ્રદેશી (છે). તો દરેક પદાર્થમાં જે એનો પ્રદેશ છે, તો (તેને) એકરૂપે જુઓ તો સમગ્ર એક છે. પણ એક પ્રદેશ ઉપર લક્ષ કરવાથી એ પ્રદેશને 'ઉત્પન્ન' કહે છે. નવો ઉત્પન્ન થયો (છે) એમ નહીં (પણ એક પ્રદેશ ઉપર લક્ષ કરવાથી એ પ્રદેશને ઉત્પન્ન કહે છે.) પૂર્વની અપેક્ષાએ (તેને) વ્યય છે. અને છે,છે,છે,છે,છે,ની અપેક્ષાએ ધ્રૌવ્ય (કહે છે.) આમ આત્મામાં ક્રમસર એક પછી એક (એક પછી એક) પરિણામ થાય છે. આહા..હા..! આ માળામાં જુઓ, એક પછી એક મોતી છે. કે (તે) આગળ-પાછળ છે..? એક સ્થાનમાં એક મોતી છે. (જે જ્યાં મોતી છે) ત્યાં જ છે. એમ આત્મામાં જે અવસરે જે પરિણામ થાય તે, તે જ અવસરે થાય છે. (આગળ-પાછળ નહીં) આહા..હા..! આવી વ્યાખ્યા..! એ પરિણામ, પોત-પોતાના અવસરમાં થાય છે. જુઓ, આ શરીર છે. આ (હાથ હલવાની) પર્યાય છે, પર્યાય તો જે સમયે, (જે) થવાની છે તે સમયે જ થાય છે. (એ પર્યાય) આત્માથી નથી (થતી), પૂર્વ પર્યાયથી આ પર્યાય થાય છે. એમ (પણ) નહીં. આહા..હા..! એ પર્યાય પોતાથી છે, એ પર્યાય તરફ જોવાથી તે 'ઉત્પાદ' છે અને પૂર્વ પર્યાયની અપેક્ષાએ એ વિનષ્ટ છે અને પર્યાય, પર્યાય, પર્યાય, પર્યાય, છે એ અપેક્ષાએ ધ્રૌવ્ય છે. આહા..! આવું ઝીણું હવે..! મારગ બહુ ઝીણો બાપુ! અત્યારે તો ગરબડ કરી નાખી બધી, મૂળવસ્તુના ભાન વિના, પ્રવૃત્તિની ક્રિયાકાંડમાં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ પણ સાધારણ ક્રિયાકાંડ (માં ધરમ માને-મનાવે છે). ભલે, એકલો જંગલમાં રહે, વનવાસમાં રહો- પંચમહાવ્રત પાળો, પણ સમ્યગ્દર્શન વિના એ બધું એકડા વિનાના મીંડા છે. એ કોઈ ભવનો અભાવ કરવાની ચીજ નથી. આહા..હા..!

અહીંયાં તો પરમાત્મા પણ એ કહે છે કે (આત્મા) અસંખ્યપ્રદેશી છે. અને અનાદિ-અનંત પર્યાય પણ પ્રવાહક્રમમાં (થાય છે). પ્રવાહક્રમમાં હો..! પ્રવાહક્રમ (ઊર્ધ્વ-લંબાઈ) વિસ્તારક્રમ આમ (તીરછો- એકસાથ-પહોળાઈ) એક પછી એક, એક પછી એક આમ પ્રદેશ (વિસ્તાર) પ્રવાહક્રમ-એક પછી એક, એક પછી એક એમ પર્યાય. તો જ્યાં જે સમયે જે પર્યાય થવાની તે સમયે તે પર્યાય થવાની. અને અસંખ્ય પ્રદેશમાં પણ જે (સ્થાનમાં) જે પ્રદેશ છે ત્યાં જ તે પ્રદેશ હશે. આહા..હા..! જ્યારે જ્યારે (જે જે) પર્યાય (થશે) પોતાના અવસરમાં સમયમાં (જ) થશે. **(પ્રશ્ન:)** તો આત્માએ કરવું શું..? **(સમાધાન:)** પણ એ અવસરમાં (પર્યાય) થશે એમ જ્યારે નક્કી કરે છે તો એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. કે આ પરિણામ દ્રવ્યમાંથી આવ્યું. દ્રવ્ય જે જ્ઞાયક ચિદાનંદ પ્રભુ (આત્મા) છે એવી દૃષ્ટિ થવાથી (પર્યાય સ્વ-અવસરે થાય છે એમ જણાયું) વળી એ પર્યાયમાં લક્ષમાં આવી ગ્યું કે આ 'દ્રવ્ય છે' એ પર્યાયમાં જાણવામાં આવે છે પણ પર્યાયમાં (એ) દ્રવ્ય આવતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ આમાં.

આહા..હા..! **''તે પરિણામો પોતાના અવસરમાં સ્વ-રૂપથી ઉત્પન્ન''** પોત-પોતાના અવસરે થતા (પરિણામો), એની (સ્વરૂપની) દૃષ્ટિ કરવાથી-પૂર્ણાનંદના નાથ પ્રભુ ચૈતન્ય આત્મારામ એના ઉપર-પૂરણ સ્વરૂપ ઉપર દૃષ્ટિ કરવાથી, વર્તમાન પરિણામમાં દ્રવ્યનું જ્ઞાન, શ્રદ્ધાન, પૂરણ આવે છે. છતાં પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. આહા..હા..! એ શું કહ્યું..? કે જે પોતાની પર્યાયમાં, અવસરે પર્યાય થાય છે એવો જ્યારે નિર્ણય કરે તો એ પરિણામ કોનું લક્ષ કરવાથી, એવો (નિર્ણય) થાય છે..? તો કહે છે દ્રવ્યનું (લક્ષ કરવાથી). તો એ દ્રવ્ય કેવું છે..? ચૈતન્ય પ્રભુ ભગવાન, પૂર્ણાનંદ અભેદ છે. એની દૃષ્ટિ કરવાથી ક્રમસર પરિણામ જે થાય છે અને વિસ્તારક્રમ જે (અસંખ્ય) પ્રદેશ છે એનું જ્ઞાન થાય છે. પણ દૃષ્ટિ અભેદ કરે ત્યારે (એનું જ્ઞાન, શ્રદ્ધાનાદિ થાય છે). (એવા) અભેદ (આત્મામાં) આ ગુણભેદ પણ નહીં, પર્યાયભેદ તો નહીં, રાગ તો નહીં, (અને પ્રદેશભેદ પણ નહીં.) આહા..હા..! આવી વાત છે.

(સખત ઉનાળામાં) આ લૂની જુઓ ને..! લૂ વાય છે તો કેટલા બિચારા (જીવો) ગભરાઈ જાય છે..! આ લૂ,લૂ, કહે છે ને..! ગરમ-ગરમ-ગરમ (લૂ વરસે ઉનાળામાં) તો આ લૂ કરતાં તો અનંતગણી લૂ પહેલી નરકમાં છે. **(શ્રોતા:)** એના શરીર વધારે મજબુત હોય છે ને..! **(ઉત્તર:)** એ શરીર એવું હોય કે આયુષ્ય નાશ ન હો, જ્યાં સુધી આયુ (કર્મ) રહેશે ત્યાં સુધી રહેશે. આહા..હા..! જુઓને એની બા, એને ઉલ્ટી થઈ કંઈ એમાં આંતરમાં તડ પડી ગઈ, એમાં દેહ છૂટી ગ્યો. આ (શરીર) તો જડ છે. પણ એ સમય એ થવાનું જ હતું. જડની અવસ્થા એ સમયે આવવાની જ હતી. આહા..હા..હા..! એમ આત્મામાં પણ જે સમયે (જે પરિણામ થવાના તે તેના અવસરે થાય છે.) અરે, એ પરિણામ મારે (ક્યાં થ્યા) પણ એ પરિણામ, એ સમયે થવાવાળા હતા જ (તે થયા છે). આહા..હા..! **(શ્રોતા:)** નિશ્ચિત થઈ ગ્યું..(આ તો). **(ઉત્તર:)** નિશ્ચિત જ છે. આગળ-પાછળ ક્યારે ય થતું જ નથી. આકરી વાત છે ભાઈ..! હિંદુસ્તાનમાં આ વાત હતી નહીં. ક્રમબદ્ધ (ની વાત). જે સમયે જે થવાવાળી છે એ સમયે એ જ થશે. આ વાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(ક્રમબદ્ધની) હિંદુસ્તાનમાં હતી નહીં. વર્ણીજી જેવા (વિદ્વાન) પાસે પણ નહોતી. વર્ણીજી બિચારા કહેતા કે વિષ્ણુ હતા (તેની પાસે પણ) આ વાત જ નહોતી. આહા..હા..! ભાઈ હમણાં લખાણ લખે છે. જયપુર 'ક્રમબદ્ધ' નો લેખ લખે છે. આહા..હા..! સમજાણું કાંઈ..?

(કહે છે કે:) પર્યાય, પરમાણુની અને આત્માની (છ એ દ્રવ્યોની) થવાવાળી છે તે જ થશે. આગળ-પાછળ નહીં. (આવો નિર્ણય હોય) એની દૃષ્ટિ ક્યાં છે..? એ પર્યાય ઉપર દૃષ્ટિ નથી, દૃષ્ટિ (છે) જેમાંથી ક્રમસર પર્યાય થાય છે ક્રમસર એ દ્રવ્યની (ઉપર દૃષ્ટિ છે). આહા..હા..!

'સમયસાર' (ગાથા.૩૦૮-૩૧૧) સર્વવિશુદ્ધ અધિકારમાં લીધું છે ને..! **''क्रमनियमित''** (-''ક્રમબદ્ધ'') કહ્યું છે. જે દ્રવ્યની ક્રમે પર્યાય નિયમિત, જે થવાની તે થશે. પણ એનું (**''क्रमनियमित''**)નું તાત્પર્ય શું..? (ગાથા ઉપર જુઓ) પાઠ છે. **''આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે.''** (એટલે) અકર્તાપણું (સિદ્ધ કરવું છે.) અકર્તાપણા માટે ક્રમબદ્ધ કરી રહ્યા છીએ. ક્રમબદ્ધ પર્યાય હો, દૃષ્ટિ ત્યાં નહીં. 'હુ તો જ્ઞાતા-દ્રષ્ટા છું' રાગનો કર્તાય નહીં, ને પર્યાયનો ય કર્તા નહીં. આહા..હા..! ક્રમસર થાય છે એમાં કરવું શું આહા..હા..! બહુ આકરી વાત છે ભાઈ..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, એનો ધરમ બહુ સૂક્ષ્મ!! અત્યારે તો બધી ગરબડ થઈ ગઈ છે. (લોકો) સોનગઢનું એકાંત છે એમ વિરોધ કરે છે, પોકાર કરે છે. કરો...બાપા! આહા..! )વસ્તુસ્થિતિ) જેમ છે તેમ છે. સોનગઢવાળા વ્યવહારથી નિશ્ચય (થાય એમ) કહેતા નથી..! નિમિત્તથી પરમાં (કાર્ય) થાય છે. એમ કહેતા નથી. વાત સાચી છે. પોતાના સમયમાં (કાર્ય) થાય છે. એમાં નિમિત્તથી થાય એવું ક્યાંથી આવ્યું..? આહા..હા..!

(કહે છે કે:) વ્યવહાર-રાગાદિ તો બંધના કારણ છે. એનાથી સમ્યગ્દર્શન થાય છે..? (ન થાય). રાગથી હઠીને, રુચિને હઠાવીને, પર્યાયની રુચિ પણ છોડીને, જે સમયે જે પર્યાય થવાવાળી છે તે થશે એની પણ રુચિ છોડીને, જ્ઞાયકપ્રભુ અંદર ભગવાન પૂર્ણાનંદ અનંતગુણનો સાગર, અનંતગુણવાળો એમેય નહીં (એ ભેદ થયો) પણ અનંતગુણસાગર સ્વરૂપ (અભેદ) ભગવાન આત્મા (છે). એના ઉપર દૃષ્ટિ જવાથી સમ્યગ્દર્શન થાય છે. સમ્યક્ નામ સત્યદર્શન. ભગવાન એવો (છે). આત્મા જેવો છે (એવો) પ્રતીતમાં એની દૃષ્ટિ થવાથી (આવે છે). એમાં એને સમ્યક્નામ સત્યદર્શન (થાય છે). સત્ પ્રભુ ત્રિકાળી આનંદ (સ્વરૂપ) એવી પ્રતીતિ નામ દર્શન, એ તરફ ઝૂકવાથી થાય છે. આહા..હા..હા..! ક્રિયાકાંડ લાખ કરે ને ક્રોડ કરે **''લાખ બાતકી બાત યહૈ, નિશ્ચય ઉર લાઓ, તોરિ સકલ જગ દંગ-ફંદ, નિત આતમ ધ્યાઓ.''** આવે છે ને..! 'છહઢાળા'માં (ચોથી ઢાળ). પણ કાંઈ વિચાર નહીં, વાંચન નહીં. જગત ચાલ્યું જાય છે..! ટાણા ચાલ્યા જાય છે. દેહની સ્થિતિ પૂરી થવાનો કાળ આવ્યે છૂટી જશે. બાપુ, તેં નહીં કર્યું હોય તો રખડવું નહીં મટે. આંહી બધા પૈસાદાર-કરોડોપતિ, અબજોપતિ ધરમની ખબર ન મળે, એ અહીંથી મરીને તિર્યંચ-ઢોરમાં જાય. પશુમાં જાય. આહા..હા..! આંહી બહારમાં એટલા પ્રસિદ્ધ હોય ઓહો અબજો રૂપિયા, બે જણા તો દેખ્યા. એક તમારા શેઠ પચાસ કરોડ. બીજા સાહૂ ચાલીસ કરોડ. આંહી ઘણીવાર આવી ગ્યા. કલકત્તામાં ત્યાં આવ્યા હતા, આંહી આવ્યા હતા, મુંબઈ આવ્યા હતા. અને ત્રીજા એક આપણા વાણિયા છે ગોવામાં ગુજરી ગ્યા હમણાં બે વરસ પહેલાં..! બે અબજ ચાલીસ કરોડ..! બે અબજ ચાલીસ કરોડ..! એનો દીકરો હમણાં આવ્યો'તો મુંબઈ દર્શન કરવા. પણ શું ધૂળના (ધણી). આહા..હા..! મરી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ગ્યા, મારી નાખ્યા! ઈ તો ધૂળ છે, જડ છે. જડ મારી ચીજ છે..? આત્માની ચીજ છે..? આત્માની માનવી (એ ચીજ) એ તો મિથ્યાત્વભ્રમ છે અજ્ઞાન (છે).

(અહીંયાં તો (કહે છે કે:) પર્યાયદૃષ્ટિમાં રહેવું એ પણ મિથ્યાદૃષ્ટિ(પણું) છે, કેમકે પરદ્રવ્યને પોતાના માનવા, પૈસા મારા..ને બાયડી મારી, કુટુંબ મારું ને અરે, એ મારી મારી કરે છે પણ એ ચીજ તારામાં કયાં છે..? તારામાં-તારા જે છે નહીં એને મારા-મારા માનવા (એ મિથ્યા અભિપ્રાય છે) આ મારો દીકરો છે, આ દીકરાની વહુ અને કોણ દીકરા બાપુ એ તો પરદ્રવ્ય છે. આહા..હા..! આત્માને દીકરા કેવા આહા..હા..! અહીંયાં તો એકસમયની પર્યાય પર પણ દૃષ્ટિ નહીં, એક સમયની પર્યાય જેવડો આત્મા નહીં, પણ ભગવાન (આત્મા) સત્ અને સત્તા ગુણ એવો (ગુણી-ગુણનો) ભેદ પણ જેને નજરમાં નહીં. આવી વાત છે, દુનિયાથી બીજી જાત છે. આહા..હા..!

(કહે છે કે:) આહા..હા..! અંદર દેહથી ભિન્ન, કર્મથી ભિન્ન, રાગ-દયા, દાન, ભક્તિના રાગથી પ્રભુ તો ભિન્ન છે. એક સમયની પર્યાયથી પણ ભિન્ન છે. આહા..હા..! અવસરે-(અવસરે) પર્યાય થશે, આવો નિર્ણય કરવાવાળા (જ્ઞાની) જ્ઞાતા-દ્રષ્ટાપણે રહેશે, અકર્તા થઈ જશે..!! રાગનો ને પર્યાયનો પણ અકર્તા થઈ જશે.. આહા..હા..! આ (ક્રમબદ્ધ) સમજવાનો સાર એ છે. પરમાત્મા ત્રિલોકનાથે જેવું દ્રવ્ય જ્ઞાનમાં જોયું એવું કહ્યું, વાણીમાં આવ્યું. પરમેશ્વર સર્વજ્ઞ સિવાય આ વાત કયાંય છે નહીં. આહા..હા..! જેના સંપ્રદાયમાં (સર્વજ્ઞ) છે એને (આ તત્ત્વની) ખબર નથી. બીજા સંપ્રદાયમાં તો આ વાત છે જ નહીં. શ્વેતાંબર અને સ્થાનકવાસી છે જૈન એમાં પણ આ (ક્રમબદ્ધની) વાત નથી. આહા..હા..! આકરી વાત છે. દિગંબર સંપ્રદાય કોઈ પંથ નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું..?

(કહે છે કે:) ભગવાન આત્મા અને પરમાણુ (એમાં એક પરમાણુ) લ્યો, એ પરમાણુંનું ક્ષેત્ર એક પ્રદેશ છે. અને એની પર્યાય અનાદિ-અનંત થાય છે. અવસરે-અવસરે એના સમયમાં થાય છે. પણ એ તો જ્ઞાન કરવા માટે છે. (આદરણીય આત્મા છે) એ પોતાના આત્મામાં અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છે પ્રભુ..! પોતાનું ઘર અસંખ્યપ્રદેશી છે. એક પ્રદેશમાં બીજો પ્રદેશ નહીં એ અપેક્ષાએ એમ અસંખ્યપ્રદેશ સિદ્ધ થાય છે. અને પર્યાય એક પછી એક થાય છે. એક પર્યાય છે તે બીજી પર્યાય નથી, એ અપેક્ષા એ અનંતપર્યાય સિદ્ધ થાય છે. એ અનંતીપર્યાયો અને અસંખ્યપ્રદેશ સિદ્ધ કરવા માટે દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. (ત્યારે એ સિદ્ધ થાય છે.). આહા..હા..! સમજાણું..? આકરું કામ છે ભાઈ..! આ બધી ગાથાઓ ઝીણી એવી આવી છે. ૯૭,૯૮,૯૯... આહા..!

(અહીંયાં કહે છે કે:) **"અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે."** શું કહ્યું..? દરેક દ્રવ્યમાં જુઓ, સમયે-સમયે જે પરિણામ થઈ રહ્યા છે. જે અનાદિ-અનંત (છે). તેમાં જો એક પર્યાય ઉપર લક્ષ કરીએ તો તે 'ઉત્પન્ન', બીજી પર્યાયની અપેક્ષાએ 'વ્યય' અને છે,છે,છે,ની અપેક્ષાએ ધ્રૌવ્ય. એમ અનાદિ-અનંત પર્યાય(નો) પ્રવાહક્રમ (છે) એવો નિર્ણય કરવા (માટે) જ્ઞાયક છે પૂર્ણાનંદ પ્રભુ (અભેદ આત્મા) એ ઉપર દૃષ્ટિ જવી જોઈએ, ત્યારે એનો નિર્ણય સાચો થાય છે. આહા..હા..!

વિશેષ પછી કહેશે....

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૧૧–૬–૭૯.

'પ્રવચનસાર' ૯૯–ગાથા. બીજો પેરેગ્રાફ ફરીને (લઈએ.)

(અહીંયાં કહે છે કે:) **''જેમ તે પ્રદેશો પોતાના સ્થાનમાં સ્વરૂપથી ઉત્પન્ન.''** દરેક પદાર્થ, અને જેને પ્રદેશ છે. અસંખ્ય આત્મામાં, આકાશમાં અનંત, ધર્માસ્તિકાયમાં અસંખ્ય, અધર્માસ્તિકાયમાં અસંખ્ય (પરમાણુ ને કાલાણુને એક) પ્રદેશ છે. એ પ્રદેશો પોતાના સ્થાનમાં ઉત્પન્ન **''સ્વ–રૂપથી ઉત્પન્ન''** ઉત્પન્ન એટલે (એ પ્રદેશ ઉપર) લક્ષ કરતાં એ સ્વરૂપથી છે. અને **''પૂર્વરૂપથી વિનષ્ટ''** પૂર્વથી (પૂર્વના પ્રદેશથી) તે અભાવરૂપ છે. (અર્થાત્) બીજો જે પ્રદેશ છે એનાથી આ પ્રદેશ અભાવ(સ્વરૂપ) છે. ઝીણું આવ્યું થોડું'ક, હજી વધારે ઝીણું આવશે. **''પૂર્વરૂપથી વિનષ્ટ હોવાથી તથા સર્વત્ર (બધેય) પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા.''** છે, છે, છે, છે એમ અસંખ્યપ્રદેશ આત્મામાં (છે.) એ બધેય છે. પૂર્વની અપેક્ષાએ પોતામાં 'વિનષ્ટ' કીધું, પોતાની અપેક્ષાએ 'ઉત્પન્ન' કીધું અને સર્વત્ર છેછેછેછે એને ઉત્પન્ન નહીં, વિનષ્ટ નહીં એ ધ્રૌવ્ય છેછેછેછે (કીધું.) આહા...હા...હા! આવી વાત ભાઈ, ભાઈ! આવ્યા છે, ઠીક ગાથા આવી. આહા...હા!

શું કહે છે? અહીંયાં (આપણે) આત્મામાં લઈએ. આત્મામાં છે અસંખ્યપ્રદેશ...! હવે જે પ્રદેશ ઉપર લક્ષ છે, એ પ્રદેશને પૂર્વના (પ્રદેશની) અપેક્ષાએ વિનષ્ટ કહીએ. પૂર્વનો (પ્રદેશ) એમાં નથી, બીજો પ્રદેશ એમાં નથી અને પોતાની અપેક્ષાએ (એ પ્રદેશને) ઉત્પન્ન કહીએ, પણ છેછેછેછે ની અપેક્ષાએ ઉત્પન્ન–વિનષ્ટ નહીં (ધ્રૌવ્ય કહીએ.) **(શ્રોતા:)** ભાઈ આવ્યા છે તો પહેલેથી લઈએ તો... **(ઉત્તર:)** આ પહેલેથી જ છે ને...! અહીંયાં આ પહેલેથી છે. આ કહીએ છીએ તે પહેલેથી છે. આ તો કાલે લીધું'તું, ફરીને લઈએ. આહા...હા!

(કહે છે કે:) જેમ આ (આત્મા) અસંખ્ય પ્રદેશી પ્રભુ (છે). એને (અસંખ્યપ્રદેશને) સિદ્ધ કરીને પછી પ્રવાહક્રમ સિદ્ધ કરવો છે. સિદ્ધ તો પ્રવાહક્રમ' કરવો છે. જે સમયે જે પર્યાય થાય, તે સમયે થાય **''ક્રમબદ્ધ''.** અત્યારે હાલે છે ને (વિષય) **''ક્રમબદ્ધ''** નો હાલે છે. ભાઈ આવ્યા છે ને ઈ કહે કે ન્યાં ક્રમબદ્ધ (નો વિષય) ચાલે છે. અજમેર. છે ને ત્યાં અત્યારે શિક્ષણ શિબિર. (**''ક્રમબદ્ધ''**) લોકોને આકરું પડે છે, પણ લોકોને જયાં–ત્યાં કરું, કરું (નો અભિપ્રાય થઈ પડયો છે.) (એ વિષય) પછી આવશે, પર્યાયની, ત્યારે કહેશું.

(અહીંયાં કહે છે કે:) પ્રદેશ છે ઈ તે પોતાના સ્થાનમાં ઉત્પન્ન, પૂર્વથી વિનષ્ટ સર્વ છેછેછે (ધ્રૌવ્ય). **''બધેય પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકવાસ્તુપણા વડે અનુત્પન્ન અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ–સંહાર–ધ્રૌવ્યાત્મક છે.''** આહા...હા! પૂર્વની અપેક્ષાએ વ્યય, પોતાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપેક્ષાએ ઉત્પન્ન (ઉત્પાદ) અને છેછેછે અપેક્ષાએ ધ્રૌવ્ય (ધ્રુવ) દરેક પ્રદેશને (આ) ત્રણ લાગુ પડે, (એમ) કહે છે. આહા...હા! આવી વાતું! હજી ઝીણું આવશે થોડું'ક, આ તો અહીંયાંથી લીધું. **"તેમ તે પરિણામો."** એમ આ જીવમાં ને જડમાં જે સમયે જે પરિણામો થાય. (જોયું?) પરિણામો છે ને...! ('પરિણામો') બહુવચન છે ને...! **"પરિણામો પોતાના અવસરમાં સ્વ–રૂપથી ઉત્પન્ન."** તે તે સમયે જડ ને ચેતનની જે પરિણતિ–પર્યાય થવાની તેથી તેને ઉત્પન્ન કહીએ. આહા...હા! છે? **"તે પરિણામો પોતાના સ્વ–રૂપથી ઉત્પન્ન."** આહા...હા! એને ઠેકાણે અમે આ બધા – મંદિર બનાવીએ, આગમ મંદિર બનાવીએ, પુસ્તક બનાવીએ (એમ માને.) **(શ્રોતાઃ)** અહીં બંધાઈ ગયું છે! **(ઉત્તરઃ)** હેં, બંધાઈ ગ્યું! બંધાઈ ગ્યા છે એને કારણે. રામજીભાઈને કારણે એ બન્યું નથી અને વીરજીભાઈને કારણે બંધાયું નથી. આહા...હા! આ મકાનની જે પર્યાય, જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાની હતી તે પૂર્વની અપેક્ષાએ તેને વિનષ્ટ કહીએ, ઉત્પન્નની (પોતાની અપેક્ષાએ) ઉત્પન્ન કહીએ. એનું પરિણામ છે, છે, છે, છે, છે (એને ધ્રૌવ્ય કહીએ.) તો એક જ પરિણામને ત્રણ લાગુ પડે. ઉત્પન્ન, વ્યય ને ધ્રૌવ્ય. આહા...હા! **(શ્રોતાઃ)** આમાં (આવું સમજવામાં) અમને લાભ શું? **(ઉત્તરઃ)** લાભ! એ જ એ કહેવું છે કે જો એવો નિર્ણય કરે, તેની દૃષ્ટિ રાગના ને પર્યાયના અકર્તાપણા ઉપર જાય. અકર્તા ઉપર જાય તો જ્ઞાતા–દ્રષ્ટા થાય. ત્યારે એને સમ્યગ્દર્શન થાય. આહા...હા! આવી વાત બાપુ! ઝીણી, કયાં'ય સંપ્રદાયમાં તો છે નહીં. જૈન સંપ્રદાય દિગંબરમાં છે નહીં, કયાં ઠેકાણાં છે? આ બધા શેઠિયાઓ એના રહ્યા! કયાં એણે સાંભળ્યું છે કોઈ દી'. આહા...! ભાઈ! વસ્તુસ્થિતિ એવી છે. કોઈને એમ લાગે કે જયારે જે અવસરે પરિણામ થાય ત્યારે થશે, મારે શું? પણ એ અવસરે પરિણામ થાય, એ પરિણામને ત્રણ લાગુ પડે. પૂર્વની અપેક્ષાએ તેને વિનષ્ટ – અભાવ, પોતાની અપેક્ષાએ ઉત્પન્ન અને છેછેછેછે તે ધ્રૌવ્ય – એવી જેની દૃષ્ટિ થાય તે આત્મા ઉપર જાય. આત્મા જ્ઞાતા–દ્રષ્ટા છે કર્તા નથી (એવી પ્રતીતિ થાય.) એ નિર્મળપર્યાય થાય તેનો ય કર્તા (આત્મા) નથી. એ ન્યાં થવાની છે તે થઈ (છે.) આહા...હા! આવી વાતું છે. ધીમેથી (વિચારવું) હજી એનાથી હવે ઝીણી આવશે. ચાલે છે વાત ઝીણી, એનાથી ઝીણી હવે આવશે. આહા...હા!

(અહીંયાં કહે છે કેઃ) દરેક પદાર્થ **"પોતાના અવસરમાં સ્વ–રૂપથી ઉત્પન્ન."** પરિણામ હોં (પદાર્થ નહીં) **"ને પૂર્વરૂપથી વિનષ્ટ હોવાથી તથા સર્વત્ર પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે."** તે એક પ્રવાહ છે તે છે,છે,છે,છે,છે,છે (પણે પ્રવાહ છે.) અરે! લોકો વાંચે નહીં, વિચારે નહીં. બાપુ, શું છે ભાઈ! આહા...હા! હેં શું કીધું? **(શ્રોતાઃ)** છપાઈમાં ભૂલ છે, છાપવામાં ભૂલ છે. એ તો કાના–માત્રાની.

(કહે છે કેઃ) તેથી– **"વડે અનુત્પન્ન – અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ–સંહાર–ધ્રૌવ્યાત્મક છે."** હવે ઈ તો ત્યાં સુધી તો (કાલે) આવ્યું'તું. હવે ઝીણું છે જરી'ક. ધ્યાન રાખો, પકડાશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**"વળી જેમ વાસ્તુનો જે નાનામાં નાનો (છેવટનો) અંશ."** અસંખ્ય પ્રદેશ છે, એ માયલો (એમાંનો) એક પ્રદેશ છે. તેને છેવટનો કહીએ અથવા નાનો કહીએ. એ અંશ – એ પ્રદેશ પૂર્વની અપેક્ષાએ વિનષ્ટસ્વરૂપ છે. **"પૂર્વ પ્રદેશના વિનાશસ્વરૂપ છે તે જ (અંશ) ત્યાર પછીના પ્રદેશના ઉત્પાદ સ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકવાસ્તુપણા વડે અનુભયસ્વરૂપ છે."** (શું કહે છે?) એ નાનો અંશ (છેવટનો અંશ) – એ પ્રદેશ પૂર્વની અપેક્ષાએ વિનષ્ટસ્વરૂપ છે. અને તે જ અંશ 'ત્યારપછીના' એટલે વિનષ્ટસ્વરૂપ છે (જે અંશની અપેક્ષાએ તે અંશ પછીનો અંશ ઉત્પાદસ્વરૂપ છે.) (જુઓ, જે પ્રદેશ છે અહીંયાં અસંખ્યપ્રદેશ (આત્માના) તેમાં જે એક પ્રદેશ ઉપર લક્ષ કરે તો તે પ્રદેશ પૂર્વના (પહેલાના પ્રદેશની) અપેક્ષાએ તે વિનષ્ટ છે અને તે જ પ્રદેશ પછીની અપેક્ષાએ ઉત્પન્ન – પછી એટલે જેને (જે પ્રદેશની) અપેક્ષાએ જેને (જે પ્રદેશને) વિનષ્ટ કહ્યો હતો એની અપેક્ષાએ આને ઉત્પન્ન કહ્યો. આહા...હા! આ ઝીણું છે આ.

આ જેમ આ લાકડી છે જુઓ, આમાં અનંત પરમાણુ છે. એ (લાકડી) એકની બનેલી નથી. એમ અહીં આપણે આત્મામાં લેવું છે. જુઓ, આત્મા અસંખ્યપ્રદેશી છે. હવે એમાં જે (એક) પ્રદેશનું લક્ષ થાય તે (એક) પ્રદેશ પૂર્વની અપેક્ષાએ – બીજા પ્રદેશની અપેક્ષાએ અભાવવ્યયસ્વરૂપ છે. અને એ (એક) પ્રદેશ પોતાની અપેક્ષાએ ઉત્પન્ન સ્વરૂપ છે. અને તે છેછે (તે પ્રદેશ છે) એ ધ્રૌવ્યસ્વરૂપ છે. પણ હવે અહીંયાં તો કઈ અપેક્ષા પાછી લીધી, કેઃ જે પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ છે એ ત્યારપછીની અપેક્ષાએ ઉત્પન્ન છે. 'ત્યારપછી' એટલે ઓલો (જે પ્રદેશ) વિનષ્ટ કહ્યો – જે પૂર્વના (પ્રદેશની) અપેક્ષાએ, એના પછીની અપેક્ષાએ તે ઉત્પન્ન છે. આહા...હા! સમજાણું કાંઈ? ફરીને લઈએ એમાં કાંઈ (પુનરાવૃત્તિ દોષ અધ્યાત્મમાં નથી.). અમારે ભાઈ આવ્યા છે ને...! આવી ઝીણી વાત સાંભળવા આવ્યા (છે.) આહા...હા!

શું કહે છે ? પ્રભુ! તારા ઘરની વાત છે આ. વાસ્તુ એટલે તેનું ઘર. વિસ્તારક્રમ એટલે તેનું ઘર. આહા...હા! પહોળું કેટલું એ એનું ઘર. હવે ઈ પહોળામાં જે અસંખ્યપ્રદેશ છે. એમાં જે એકપ્રદેશ – કોઈપણ એકપ્રદેશ ઉપર લક્ષ જાય, અથવા લક્ષમાં લીધો. તે પ્રદેશ પૂર્વ (ના પ્રદેશની) અપેક્ષાએ અભાવસ્વરૂપ છે – વિનષ્ટસ્વરૂપ છે. (તે પ્રદેશ) પોતાની અપેક્ષાએ ઉત્પન્ન છે અને છેછે અપેક્ષાએ ધ્રૌવ્ય છે. હવે અહીંયાં (ટીકામાં) પાછું એમ કહે છે કે **"જેમ વાસ્તુનો જે નાનામાં નાનો (છેવટનો) અંશ પૂર્વ પ્રદેશના વિનાશસ્વરૂપ છે તે જ (અંશ) ત્યારપછીના."** ત્યારપછીના એટલે કે જે (લક્ષમાં લીધેલ) જે વર્તમાન પ્રદેશને પૂર્વના (પ્રદેશની અપેક્ષા) વિનષ્ટ કહ્યું હતું એ પૂર્વના પ્રદેશ 'ત્યારપછીના' પ્રદેશને ઉત્પન્નસ્વરૂપ કહે છે. (અર્થાત્) ત્યારપછીના એટલે કે જે વિનષ્ટ સ્વરૂપ ને કહ્યું હતું (જે પ્રદેશને) એટલે કે જે વર્તમાન (લક્ષમાં લીધેલ) પ્રદેશને પૂર્વના પ્રદેશની અપેક્ષા વિનષ્ટસ્વરૂપ, પોતાને વિનષ્ટ સ્વરૂપ કહ્યું'તું. ઓલું તો (વિનષ્ટ તો) છે જ પણ એના (વિનષ્ટ) પછીના (પ્રદેશને) ઉત્પન્ન જે વિનષ્ટ જેની અપેક્ષાએ આત્માના જે પ્રદેશને વિનષ્ટ કહીએ – પહેલા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(પ્રદેશની) અપેક્ષાએ તેને વિનષ્ટ કહીએ. ત્યારપછીના એટલે વિનષ્ટ છે એ આ પ્રદેશ છે એને પૂર્વની અપેક્ષા વિનષ્ટ કહ્યો એના પછીના એટલે (ત્યાર પછીના) તે ઉત્પન્ન, પહેલાની અપેક્ષાએ ઉત્પન્ન. સમજાણું કાંઈ? 'ત્યારપછીના' એટલે ઉત્પન્ન છે એની પછીનો એમ નહીં, એ પોતે જ છે. (વિનષ્ટ ને ઉત્પન્ન એ પોતે જ છે અપેક્ષા જુદી–જુદી છે.) આહા...હા!

(દૃષ્ટાંત તરીકે) માળા લ્યોને... માળા ૧૦૮ (મોતીના મણકા છે.) (એમ) આત્મા અસંખ્ય પ્રદેશી છે. હવે આ જે (માળામાં) પહેલો જે છે (મણકો તે લક્ષમાં લીધો) તો એ પછીના (મણકાની અપેક્ષાએ લક્ષમાં લીધેલો પહેલો મણકો) વિનષ્ટ છે. અને તે વિનષ્ટ છે (જે મણકાની અપેક્ષાએ તે મણકા) પછીનો – ત્યારપછીનો છે તેથી તે ઉત્પન્ન. જેમ એ (લક્ષમાં લીધેલ) પ્રદેશ, બીજા પ્રદેશની અપેક્ષાએ વિનષ્ટ હતો. ત્યારપછીના એટલે જે પ્રદેશથી અભાવરૂપ કહ્યો હતો એના પછીનો એટલે આ ઈ જ એને ઉત્પન્ન કહીએ. સમજાણું કાંઈ? **(શ્રોતાઃ)** સમજાતું નથી કાંઈ...! **(ઉત્તરઃ)** પ્રદેશ જે એક – એક છે એ એકને ગમે તે એક લ્યો એમાંથી (લક્ષમાં). જુઓ, (પુસ્તક છે એનાં પાનાં પ્રદેશ છે) આ (પાનું) આ પ્રદેશ છે અહીંયાં. (૧૦૮ નંબરનો પ્રદેશ અહીંયાં છે) હવે અહીંયાં આની (૧૦૭) નંબરના પ્રદેશ પાનાંની અપેક્ષાએ આ (૧૦૮) વિનષ્ટ છે. અનેએના પછી એટલે આના પછી (૧૦૮) પછી, એટલે ઉત્પન્ન થવાનો છે એના પછી એમ નહીં (પણ) જેની અપેક્ષાએ (એટલે ૧૦૭ પ્રદેશ–પાનાં) ની અપેક્ષાએ વિનષ્ટ કહ્યો હતો એ વિનષ્ટની અપેક્ષાએ – પહેલાની અપેક્ષાએ (૧૦૭ પાનાંની) અપેક્ષાએ (૧૦૮ પ્રદેશ–પાનાં) ઉત્પન્ન છે. સમજાય છે કાંઈ? જુઓ આ આંગળીઓ ચાર છે. આ(તર્જની) આંગળી એની આગળની (લાંબી) આંગળીની અપેક્ષાએ વિનષ્ટ છે અને એ (લાંબી આંગળી) પછીની અપેક્ષાએ તે (તર્જની) ઉત્પન્ન છે. (લાંબી આંગળી છે) એના પછીની અપેક્ષાએ તે (તર્જની) ઉત્પન્ન છે. સમજાય છે? હવે આંગળી ઉપરથી તો લીધું હવે. આ (સૌથી લાંબી આંગળી ની અપેક્ષાએ તર્જની) તે વિનષ્ટ છે. અને આના પછીની (એટલે કે સૌથી લાંબી આંગળી છે તેના) પછીની અપેક્ષાએ તે (તર્જની) ઉત્પન્ન છે. સમજાય છે કાંઈ? **(શ્રોતા)** એક ને એક ઉત્પન્ન ને વિનષ્ટ? **(ઉત્તરઃ)** એક ને એકને ત્રણ લાગુ પાડવા છે. ઉત્પન્ન–વ્યય ને ધ્રૌવ્ય. આહા...હા!

(કહે છે કેઃ) ફરીને... જેમ આ પાંચ આંગળી છે, એમ અસંખ્યપ્રદેશ છે (આત્મામાં) આકાશમાં અનંત છે. એમ હાથમાં પાંચ આંગળી છે. આને જયારે (લક્ષમાં) લઈએ (તર્જનીને) એટલે (સૌથી લાંબી આંગળી છે જે છે તર્જની પહેલાં) એની અપેક્ષાએ તે (તર્જની) વિનષ્ટસ્વરૂપ છે. અને ત્યારપછીના એટલે (સૌથી લાંબી આંગળી પછીની) આ (તર્જની) એને ઉત્પન્ન કહીએ. આહા...હા! સમજાય છે કાંઈ? એમ દરેક પ્રદેશને પૂર્વની અપેક્ષાએ વ્યય, અને એની પછીની અપેક્ષાએ ઉત્પન્ન અને છેછેછેછે એ અપેક્ષાએ ધ્રૌવ્ય (કહેવાય છે.) આહા...હા! શું શાસ્ત્રની શૈલી! રાત્રે જરા કહ્યું'તું ને....! પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વર્ત્ય. 'સમયસાર' માં આવે છે. દરેક પદાર્થને જે સમયે જે પર્યાય થવાની છે (તેમાં આ ત્રણેય લાગુ પડે). આ પ્રદેશનું કહ્યું હવે આપણે પરિણામમાં લઈએ છીએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**"ત્યાર પછીના"** એટલે પૂર્વનો પ્રદેશ – જેની અપેક્ષાએ વિનષ્ટ કીધું'તું તે. **"તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા."** પણ કોઈની અપેક્ષા નથી (ધ્રૌવ્યને) છેછેછેછેછેછેછે **"એક પ્રવાહપણા વડે અનુભયસ્વરૂપ છે."** અનુભયસ્વરૂપ (છે) બેમાંથી એકેય સંબંધ નથી. (ઉત્પન્ન કે વિનષ્ટ.) એ દૃષ્ટાંત થયો પ્રદેશનો. હવે પરિણામની વાત કરે છે. આહા...હા!

(કહે છે કે:) તેમ પ્રવાહનો નાનામાં નાનો અંશ એટલે કે જે સમયે તે પર્યાય થાય છે –જે સમયે જે પરિણામ થાય છે, એ થયેલા પરિણામને અંશ કહેવાય. તેને પૂર્વના પરિણામની અપેક્ષાએ વિનષ્ટ કહેવાય, અને પૂર્વના પરિણામની અપેક્ષાએ તેને ત્યારપછીનો (અંશ) કહેવાય. ઉત્પન્ન કહેવાય. અને તેને જ આ છે, આ છે આ છે તેને ધ્રૌવ્ય કહેવાય. **(શ્રોતા:)** એકના ત્રણ નામ ? **(ઉત્તર:)** એકના ત્રણ. (નામ). ('સમયસાર' ગાથા) ૭૬ માં એકના ત્રણ આવ્યાને....! પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય. ભાઈ ! જે પર્યાય પ્રગટ થઈ અને ધ્રૌવ્ય છે ઈ ધ્રૌવ્ય છે. ધ્રૌવ્ય (એટલે) થવાની છે તે કાળે તે થઈ તે ધ્રૌવ્ય. એ અપેક્ષા તેને પ્રાપ્ય કહ્યું. અને પૂર્વની અપેક્ષાએ તેને...કયાં ગયા'તા? ખરેખર ગયું આજ તો. ખરું હતું ને ગયું ! આહા...હા! તદ્દન નવું છે.સમજાણું કાંઈ ? પ્રદેશનું તો ગયું હવે. હવે પરિણામ ઉપર લઈએ છીએ. કે પરિણામ છે જીવના, જે સમયે જે થવાના તે. તે પરિણામ પૂર્વના પરિણામની અપેક્ષાએ વિનષ્ટ, અને ત્યારપછીની અપેક્ષાએ ઉત્પન્ન. ત્યારપછી એટલે પૂર્વની અપેક્ષા જે વિનષ્ટ કહ્યું'તું એ પૂર્વની અપેક્ષા પછીનું એ ઉત્પન્ન. આહા....હા! (પંડિતજી !) આવું ઝીણું છે. ધીમે–ધીમે (વ્યાખ્યા) થાય છે બાપા ! આહા...! આકરો. વીતરાગ મારગ છે. આહા....હા !

(કહે છે) જેમ ઈ પ્રદેશ છે અસંખ્ય (આત્માના). એનો એક અંશ જે છેલ્લો નાનામાં નાનો એ પ્રદેશ. (એ પ્રદેશ) પૂર્વના પ્રદેશની અપેક્ષાએ અભાવસ્વરૂપ તો વિનષ્ટસ્વરૂપ છે. પણ ત્યારપછીની અપેક્ષાએ ઉત્પન્ન. ત્યારપછીના એટલે? એ જે પૂર્વનો પ્રદેશ હતો, તેના પછીની અપેક્ષાએ તે ઉત્પન્ન છે (એટલે ત્યારપછીના કહ્યું છે) અને છે, છે, છે, છે, છે, છે, છે, છે, છે એ અપેક્ષાએ ધ્રૌવ્ય છે. આહા...હા!

(શું કહે છે?) જેમ ('સમયસાર') ૭૬ ગાથામાં પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય (એવું, વ્યાપ્ય લક્ષણવાળું (વ્યાપ્ય જેનું લક્ષણ છે એવું) જે કર્મ (કર્તાનું કાર્ય) કીધું છે. [જુઓ, આમાં શું કહે છે આ ત્રણે અવસ્થા છે – કર્મ છે – કાર્ય છે; જેમ એક ગામ હોય તે ગામને માણસ પહોંચી વળે છે તે 'પ્રાપ્ય', એક અવસ્થાથી બીજી અવસ્થા થવામાં જે બદલવાપણું આવ્યું'તે 'વિકાર્ય', અને નવી અવસ્થાનું જે નીપજવું થાય તે નિર્વર્ત્ય. – સમયસાર પ્રવચનો ભાગ–૪ પાનું–૧૦૦] આહા...હા! ઠીક આવ્યા પ્રભુ! ભાઈ! આવી ઝીણી વાત આવી છે. આહા...હા! શું કહ્યું ? ૭૬ (ગાથામાં) કે જે સમયે જે પર્યાય થવાની છે – દ્રવ્યની કે આત્માની કે બીજા દ્રવ્યોની. તે પર્યાય ધ્રૌવ્ય છે. ધ્રૌવ્ય એટલે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'છે' એને કોઈ અપેક્ષા નથી. આહા...હા! 'છે' હવે એ જ પર્યાયને પૂર્વના પરિણામની અપેક્ષાએ વિકાર્ય કહ્યું. પૂર્વનો અભાવ છે તે જ અપેક્ષાએ તે પર્યાયને વિકાર્ય કહ્યો. પહેલું પ્રાપ્ય કીધું'તું તે જ પરિણામને પૂર્વની અપેક્ષાએ એને વિકાર્ય એટલે બદલીને થયું એમ કહ્યું અને નિર્વર્ત્ય – ઊપજયું છે. ઈ ને ઈ પર્યાયને ઊપજયું છે તે અપેક્ષાએ તેને નિર્વર્ત્ય કહીએ. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. આ...રે! આવી વાતું હવે. (પ્રાપ્ય, વ્રિકાર્ય ને નિર્વર્ત્યનું પૂરું સ્વરૂપ ગાથા) ૭૬–૭૭–૭૮–૭૯ ચારમાં આવે છે. આહા...હા!

(કહે છે કેઃ) દરેક દ્રવ્યને, તે સમયનો પરિણામ – ધ્રૌવ્યનો (એટલે) તે સમય થવાનો થ્યો છે તેથી (ધ્રૌવ્ય). ઓલું ધ્રુવ એટલે ત્રિકાળીધ્રુવ નહીં. આ તો નિશ્ચય 'છે' એને એટલે (ધ્રૌવ્ય પરિણામને કહેવાય છે). આહા...હા! એ પરિણામ એ સમયે ત્યાં 'છે' એની અપેક્ષાએ પ્રાપ્ય–ધ્રૌવ્ય કહીએ. અને પૂર્વની અપેક્ષાએ બદલીને થ્યું માટે એને વિકાર્ય કહીએ અને ઊપજયું છે એ અપેક્ષાએ – પરની અપેક્ષા જયાં ન આવી (ઊપજવામાં) – એ ઊપજયું છે તે (અપેક્ષાએ) તેને નિર્વર્ત્ય કહીએ. આહા...હા! એ ભાઈ! મુંબઈમાં, મુંબઈમાં કાંઈ ન મળે, બધે થોથાં. પૈસા મળે. બે–અઢી હજારનો પગાર મળે. (આ તત્ત્વ ન મળે.) આહા...હા! એમ એ પરિણામ જે આત્મામાં થવાના એ થવાના તે તેનો અવસર જ છે. એ આઘે–પાછળ નહીં. પણ તે પરિણામની ત્રણ અપેક્ષા (છે.) પૂર્વ પરિણામની અપેક્ષાએ વ્યય–વિનષ્ટ કહીએ. તેને જ પૂર્વની અપેક્ષા કહીને ત્યારપછીનો કહીને ઉત્પન્ન કહીએ. (અર્થાત્) ત્યારપછીનો કહીને (ઉત્પાદ) ઉત્પન્ન કહીએ. અને તેને જ પૂર્વની અપેક્ષા અને ત્યારપછીની બે અપેક્ષા છોડી દઈએ 'છે' તો એને ધ્રૌવ્ય કહીએ. આહા..હા! સમજાણું? **(શ્રોતાઃ)** એકમાં ત્રણ. **(ઉત્તરઃ)** એકમાં ત્રણ (ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય). આહા..હા! સમજાય છે આમાં? 'છે' ને... 'છે' ને... 'છે' ને (પરિણામ) 'છે' ને...! ત્રિકાળી ધ્રુવ 'છે' એને એકકોર રાખો. અહીંયાં તો વર્તમાન પરિણામ ઉત્પન્ન થાય, તે તે જ સમયે થાય, આગળ–પાછળ નહીં "ક્રમબદ્ધ" **"આ એક જો સમજે "ક્રમબદ્ધ" નું તો બધો ફેંસલો ઊડી (થઈ) જાય."**

આ ગજરથ ચલોવ્યા..ને આ ઈન્દ્રો થ્યાને... આ હાથીમાં બેઠાને... પાંચ લાખ આપ્યા...ને, માટે મને કંઈક (ધર્મ થશે.) આપે કોણ? લ્યે કોણ? **(શ્રોતાઃ)** આપ્યા વગર આવડું મોટું મકાન (પરમાગમ મંદિર) થ્યું? **(ઉત્તરઃ)** સાંભળને...! એની, એની મેળાએ પર્યાય થઈ છે. પૈસા કોઈએ આપ્યા માટે થઈ છે એમ છે નહીં. બાપુ! આહા...હા! સમજાણું કાંઈ?

(કહે છે કેઃ) જડના પરિણામ લ્યો, આ (પરમાગમ મંદિરની) પર્યાય ઉત્પન્ન થઈ, એ પૂર્વની અપેક્ષાએ તેને વિનષ્ટ કહીએ, અને એ વિનષ્ટ અપેક્ષા ત્યારપછીની (અપેક્ષાએ) એને ઉત્પન્ન કહીએ. ત્યારપછી એટલે પૂર્વની અપેક્ષા કીધી ત્યારપછીની એમ. અને તે કાળે 'છે' પરને લઈને અભાવ (વિનષ્ટ) પોતાને લઈને ઉત્પન્ન (ઉત્પાદ) એવી કોઈ અપેક્ષા નથી 'છે' એ ધ્રૌવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ ગયું. આહા...હા! આ ''ક્રમબદ્ધ'' આમ છે. આહા...હા! પરમાણુમાં પણ જે પર્યાય જે સમયે (જે થવાની હોય તે થાય છે.) ભગવાનની પ્રતિમા – પણ જે સમયે જયાં પર્યાય થવાની છે – પ્રતિષ્ઠા – એ પર્યાય તે સમયે થઈ એ પૂર્વે ન હતી એ અપેક્ષાએ વિનષ્ટ કહીએ અને વર્તમાન જે પર્યાય થઈ તેને ઉત્પન્ન કહીએ. વિનષ્ટ પછીની પર્યાય થઈ તેને ઉત્પન્ન કીધી. અને તેને પૂર્વની અને ઉત્પન્નની એવી અપેક્ષાઓ ન લ્યો તો 'છે' એ ધ્રૌવ્ય છે. સમજાય છે કાંઈ? ભાઈ! આવું બધું કલકતામાં ય નથી ને કયાં'ય નથી! બધું થોથે–થોથાં. પૈસા મળે ને દેખે ઈ. એની (પણ) અહીંયાં તો ના પાડે છે. પૈસાની પર્યાય જે સમયે અહીંયાં આવવાની એ પણ એનો અવસર છે. પૂર્વની અપેક્ષાએ એ પર્યાયને વિનષ્ટ કહી – વ્યય કહીએ. અને એના પછીની અપેક્ષાએ તેને ઉત્પન્ન કહીએ અને તે 'છે' 'છે' 'છે' 'છે' 'છે' એ અપેક્ષાએ ધ્રૌવ્ય કહીએ. ભાઈ! આવું છે, પ્રભુ! શું થાય? આ કંઈ ભગવાને કરેલું નથી. ભગવાન તો એમ કહે છે કે : ભાષાની પર્યાય – દિવ્યધ્વનિની જે થઈ તે વખતે તે પર્યાયનો અવસર હતો તે થઈ. ભાષાની (પર્યાય) આત્માએ કરી નથી. એ (દિવ્યધ્વનિ) પર્યાયને, પૂર્વની અપેક્ષાએ – વર્ગણાની અપેક્ષા લઈએ, હજી ભાષા થઈ નહોતી– તે અપેક્ષાએ તેને વિનષ્ટ કહીએ. અને વર્ગણા પછીની (ત્યારપછીની) પલટીને જે ભાષા થઈ તેને ઉત્પન્ન કહીએ અને તે, તે, તે પર્યાય છે, છે, છે એમ 'છે' ની અપેક્ષાએ ભાષાવર્ગણાની પર્યાય છે, છે, છે તેને ધ્રૌવ્ય કહીએ. ભાઈ! આવું છે. હળવે–હળવે તો કહેવાય છે.

આહા...હા! જે ધ્રુવને કોઈની અપેક્ષા નથી, આ ત્રિકાળી ધ્રુવને....! એમ એક સમયની પર્યાય (જે) જડમાં – ચેતનમાં (થાય છે) તેને તે અવસરમાં તે સમયની તે પર્યાયને પૂર્વની અપેક્ષાએ વ્યય કહી, અને એના પછીની (વ્યય પછીની) અપેક્ષાએ એ પર્યાયને ઉત્પાદ કહી, પણ તે 'છે' ની અપેક્ષાએ તેને ધ્રૌવ્ય કહી. આહા...હા! તે કાળની તે જ પર્યાય છે આહા...હા! (ગાથા) ૭૬, ૭૭, ૭૮ માં એ જ કહ્યું છે. 'સમયસાર' આવી વાત! દિગંબર સંતો! ઘણી સાદી ભાષામાં મૂકે છે, પણ સમજવું તો પડે ને....! બાપુ! આહા....! એઈ...તમે કીધું'તું ને....! આ વાંચવાનું બાકી છે ઈ આવ્યું આજ. આહા...હા! સમજાય છે કાંઈ?

**''આ જે સમજે તો એની પરના કર્તાપણાની બુદ્ધિ તો ઊડી જાય, પણ પોતાની થતી પર્યાયને કરું છું એ બુદ્ધિ પણ ઊડી જાય.''** આહા...હા...હા...હા! આહા...! ગજબ વાત છે ભાઈ!! ભગવાનના શ્રીમુખથી નીકળેલી દિવ્યધ્વનિ (છે.)!

એ દિવ્યધ્વનિની પર્યાય પણ જે સમયે ઉત્પન્ન થવાની (તે જ થવાની) તે પહેલી નહોતી એ અપેક્ષાએ વ્યય કહીએ, અને એના પછીની પર્યાયની અપેક્ષાએ એને ઉત્પાદ કહીએ અને ભાષાની પર્યાય (છે,છે,છે) પુદ્‌ગલમાં કોઈ સમયે પર્યાય નથી એમ તો ન હોય. એમ દરેકમાં છે,છે,છે,છે,છે ની અપેક્ષાએ તે ધ્રૌવ્ય છે. એમ દરેકમાં સમજી લેવું. તેથી એક–એક પર્યાયમાં ત્રણ–પણું લાગુ પડે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. આહા...! સમજાય છે?

(કહે છે કે:) (એ ત્રણ–પણું સમજયા) પછી આખું ઉત્પાદ–વ્યય– અને ધ્રૌવ્ય–ત્રિકાળી. એના ઉપર દષ્ટિ જાય ત્યારે આ ઉત્પાદ, ઉત્પાદના સ્થાને (અને તે) ઉત્પાદ (પૂર્વની) પરની અપેક્ષા એ વિનષ્ટ (તથા) છે,છે,છે,છે,છે તે ધ્રૌવ્ય, એનો નિર્ણય પ્રભુ! આહા...હા! એનો અકર્તાપણાનો આહા...હા! પોતાની (પર્યાય) હો! પરની તો વાતે ય શી કરવી? પરની દયા પાળવી, પૈસા દેવા, પૈસા લેવા, એ પર્યાય તો તારી કર્તાપણાની નથી.' એમાં તારો કાંઈ અધિકાર નથી.' (જયાં પોતાની પર્યાયનો પણ કર્તા નથી.) આહા...હા! મુનિરાજ! સાચા સંતો! એમને આહાર દેવા વખતે શરીરની ક્રિયા – જે આહાર (દેવાની) પર્યાય (થાય છે.) એ એમ તે વખતે ઉત્પન્ન થવાની હતી તે થઈ (છે.) પૂર્વની અપેક્ષાએ તેને વિનષ્ટ કહીએ, થવાની અપેક્ષાએ – ત્યાર પછીની અપેક્ષાએ તેને ઉત્પન્ન કહીએ અને છેછેછેછેછે તેને ધ્રૌવ્ય કહીએ. એમાં આહાર દેનારો કહે કે 'મેં આહાર–પાણી આપ્યાં' એ વાત એમાં રહેતી નથી. આહા...હા! **(શ્રોતાઃ)** બધાને લોલાં (પાંગળા) બનાવી દીધાં...! **(ઉત્તરઃ)** બધાને પુરુષાર્થવાળા બનાવી દીધાં. આહા...હા! વીર્યવાળા બનાવ્યા ઈ. હું મારી પર્યાયનો પણ કર્તા નથી એવું મારું વીર્ય છે. આહા...હા! સમજાણું કાંઈ? જ્ઞાતા છઊં તે મહાવીર્ય છે. એ મહાપુરુષાર્થ છે. સમજાય છે કાંઈ? આવી વાતું હવે!! આમાં વાદ–વિવાદ કરે તો ઈ કયાં પાર પડે! આહાહા! વસ્તુસ્થિતિ!! બધા તો એમ કહે કે કાનજીસ્વામી અહીં આવ્યા ત્યારે આ બધું થયું. એ વાત – એ કહેતા'તા ઓલા **(શ્રોતાઃ)** નહિતર તો ઢોર બેસતા'તા – ખોટી છે કહે છે. અહીંયાં ભેંસું બેસતી ને ન્યાં કરોડો રૂપિયા નંખાઈ ગ્યા. માટે એમ કહે કે'આ આવ્યાને આ બધું થ્યું. ના. ના. હો! ભાઈ એમ નથી બાપુ!

તે પરમાણુની ક્રમસર અવસરે થવાની પર્યાય ત્યાં થઈ. જે પર્યાયનું ત્રણપણું લાગુ પડે. તેને પૂર્વની અપેક્ષાએ વ્યય લાગુ પડે. એમ વ્યયની પછીની અપેક્ષાએ તેને ઉત્પન્ન લાગુ પડે. અને વ્યય ને ઉત્પન્ન બેની અપેક્ષા જયાં છે જ નહીં છેછેછે તે કાળે તે પર્યાય, તે કાળે તે પર્યાય, તે કાળે તે પર્યાય છે. આહા...હા! 'છે' ની અપેક્ષાએ એક–એક પર્યાયમાં ત્રણપણું લાગુ પડે બાપુ! આહા...હા! એ તો ('સમયસાર') ૩૨૦ માં આવ્યું ને ભાઈ! સર્વવિશુદ્ધ અધિકાર. **(जाणदि य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव)** એ ક્રમનિયમિત નકકી કરતાં એ મોક્ષની પર્યાયને, નિર્જરાની પર્યાયને 'જાણે છે' એમ કહ્યું. 'જાણે છે' ઈ પર્યાય પણ તે કાળે થવાની હતી. આહા...હા! 'જાણે છે' તે પર્યાય પણ તે કાળે થવાની હતી. અને તે કાળે થવાની હતી(તે થઈ) તે ઉત્પાદ છે. પહેલાની અપેક્ષાએ વ્યય છે. અને છેછેછે એ અપેક્ષાએ ધ્રૌવ્ય છે. પણ જ્ઞાનમાં 'જાણવાની' વાત (છે.) એ જ્ઞાનની પર્યાય ફેરવું એ નહીં પાછું આહા...હા! આ....રે! **"જ્ઞાતાપણું ને દ્રષ્ટાપણું સહજ થઈ જાય છે."** સમજાણું કાંઈ? આવી વસ્તુસ્થિતિ છે. આહા...હા! ભગવાન ત્રણલોકનાથે દિવ્યધ્વનિ દ્વારા આ કહ્યું, એ સંતોએ શાસ્ત્ર રચીને સમજાવ્યું (છે.) . (આપે સ્પષ્ટીકરણ કરીને સહેલું બનાવી દીધું.) આહા...હા! આવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. કો' ભાઈ! દાનમાં બે લાખ આપ્યાંને ન્યાં મકાન થાશે એમ નહીં, ના પાડે છે અહીંયાં તો. ભારે વાત.

(અહીંયાં કહે છે કે :) **"તેમ પ્રવાહનો જે નાનામાં નાનો અંશ."** હવે પર્યાય ઉપર વાત લીધી. ઓલા (પ્રદેશ) ક્ષેત્ર પર હતી. છે ને? પ્રવાહ એટલે એક પછી એક, એક પછી એક દરેક દ્રવ્યમાં જે પર્યાય થાય(તે પ્રવાહ છે.) એ એક પછી એક એટલે જે થવાની છે તે એક પછી એક હોં! એમ નહી કે એક પછી એક માં (ક્રમસરમાં) એક પછી બીજી કંઈક પણ થઈ જાય એમ નહીં. વર્ણીજી હારે (આ વાતના) વાંધા હતા ને....! હવે દિગંબરના અગ્રેસર એની હારે આ વાંધા મેળ કોની હારે કરવો? એ...ય. આ તમારા ગુરુ કહેવાય....આખા સંપ્રદાયના...અગ્રેસર! એના ગુરુ કહેવાય... હવે ઈ કહે કે "ક્રમબદ્ધ" એમ નહીં. એક પછી એક થાય ખરી પણ આ પછી 'આ જ થાય' (એમ નહીં.) તો અહીંયાં તો કહે છે પૂર્વની જે સમયની જે (પર્યાય) હતી, તેના પછીની જે થવાની તે જ થાય. આહાહાહાહા...!

થોડું પણ સત્યને બરાબર સમજવું. આ કોઈ લાંબું કાંઈ (અસત્ય હોય તો નકામું છે.). પ્રદેશનું (પહેલાં) કહ્યું **"તેમ પ્રવાહનો જે નાનામાં નાનો અંશ."** દ્રવ્યમાં જે પર્યાય થાય આમ આયત લાંબી, એક પછી એક, એક પછી એક એનો (પ્રવાહનો) નાનામાં નાનો વર્તમાન (અંશ) **"પૂર્વપરિણામના વિનાશસ્વરૂપ છે."** એ પૂર્વપરિણામસ્વરૂપે નથી. એ રીતે એને વ્યય કહીએ. **"તે જ ત્યારપછીના"** ત્યારપછી એટલે જે વિનાશસ્વરૂપ છે. એની પહેલાં જે (પરિણામ) હતું એની અપેક્ષાએ એને વિનાશસ્વરૂપ કહ્યું. અને જે (પરિણામની અપેક્ષાએ) વિનાશસ્વરૂપ (વર્તમાન) પરિણામને કહ્યું તો (જે પરિણામની અપેક્ષાએ વિનાશ સ્વરૂપ કહ્યું હતું તે પરિણામ) પછી એટલે ત્યારપછીના પરિણામને ઉત્પન્ન કહ્યું. જેને પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ કહ્યું'તું તેને જ પૂર્વની પછીની અપેક્ષાએ તેને ઉત્પન્ન કહીએ. આહા...હા! સમજાય છે કાંઈ? રાત્રે પ્રશ્ન કરવો. નો' સમજાય તો. ઝીણું છે બાપુ, આ તો. આહા...હા! કયાંય બાપદાદાએ ય સાંભળ્યું નહોતું. આહા...હા...હા!

(કહે છે કે:) જે દ્રવ્યની જે સમય પર્યાય થાય. તે થવાની તે થાય જ તે. તે જ થાય.' બીજી નહીં. પછીની પર્યાય પણ તે જ થાય, બીજી નહીં. એના પહેલાં પણ જે પર્યાય હતી તે થવાની હતી તે જ હતી, બીજી નહીં. પણ પૂર્વની અપેક્ષાએ તેને વર્તમાન પર્યાયને વ્યય કહીએ. અને એના પછીની ને પોતે છે વર્તમાન પર્યાય છે માટે તેને ઉત્પન્ન કહીએ અને પછીની અને પહેલાની (વ્યય–ઉત્પન્ન) છોડી દ્યો તો તેને ધ્રૌવ્ય – અનુભય કહીએ. છે? આમાં તકરારું બધી, વાંધા. બધા ઓલા નાખે (પત્રિકામાં) સોનગઢનું સાહિત્ય બૂડી (બૂડાડી) દેશે. સંસારમાં ઊડાવી દેશે. ઓલો કરુણાદીપ. વર્ણીજી કહી ગ્યા છે ને કે નાખ બધેય! ભગવાન બાપુ! આ વાતને.... (સત્ય વાતને...!) **(શ્રોતાઃ)** અજ્ઞાનને ડૂબાડી દેશે....! **(ઉત્તરઃ)** હેં! ડૂબાડી દેશે. એમ જ કહેવાનો હતો. અજ્ઞાનનો નાશ કરી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નાખશે. એવી આ વાત છે. (**"ક્રમબદ્ધ" ની**). ટકે નહીં અજ્ઞાન. મિથ્યાત્વનો અંશ ટકે નહીં. આહા...હા! જયાં પરની પર્યાય કરવાનું માને એ પણ મિથ્યાત્વ માને. અને એની પોતાની પણ રાગની પર્યાય કરવાનું માને તે મિથ્યાત્વ માને, અરે! નિર્મળપર્યાય પણ કરું (તેને પણ મિથ્યાત્વ માને.) પર્યાય જે થવાની છે પ્રભુ સ્વયં તે સમય થવાની છે. એને ઠેકાણે કરું એ કયાં રહ્યું ? જે થવાની છે તે થવાની જ તે. સમજાય છે કાંઈ? આવી વાત છે ઝીણી શું થાય. આહા...હા! **'સત્ આ જ છે ભાઈ...!'** ભગવાનનું કહેલું અને વસ્તુનું સ્વરૂપ સત્ આમ જ છે. એમાં કયાં'ય સંદેહને સ્થાન નથી. આઘી–પાછી પર્યાય થાય એ પણ સંદેહને સ્થાન નથી. આઘી–પાછીની વ્યાખ્યા શું? પ્રભુ ! કે આ ઠેકાણે આ પર્યાય થવાની હતી તે ન થઈ એટલે શું ? અને આ પર્યાય પચ્ચીસમે સમયે થઈ એટલે શું? પચ્ચીસમે સમયે (જે) પર્યાય થવાની હતી તે ન થઈ એટલે શું? મેળ કયાં? જુવાનોને આકરું પડે એવું છે થોડું! અમારા આ (પંડિતજી) ને એ બધા તો અભ્યાસી છે. એને આ સમજાય એવું છે આ તો. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"તેમ પ્રવાહનો જે નાનામાં નાનો અંશ."** એટલે એક અંશ વર્તમાન – (વર્તમાન પર્યાય). પૂર્વ પરિણામની અપેક્ષાએ વિનાશસ્વરૂપ, આહા...! તે જ ત્યાર પછીના એટલે પૂર્વનું પરિણામ છે તેની અપેક્ષાએ ત્યાર પછી થ્યું છે માટે ત્યારપછીના પરિણામના ઉત્પાદ સ્વરૂપ છે. આહા...હા! તથા તે જ પર્યાય પ્રવાહક્રમમાં આવી એટલે પર્યાય પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા જે પોતે સળંગ છે,છે,છે,છે,છે,છે (ધ્રૌવ્ય.) (માળામાં) મોતી જેમ છેછેછેછે ધ્રૌવ્ય દોરો જેમ છે. મોતી છેછેછે એ દરેકને (પહેલા–પછીના મોતીને) છેછેછે લાગુ પડે છે. **"તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે અનુભયસ્વરૂપ છે."** આહા....હા! ચૈતન્યમાં અને પરમાણુમાં એકપ્રવાહપણે ક્રમસર....ક્રમસર....ક્રમસર એક (આખો) પ્રવાહ ક્રમે, ક્રમે, ક્રમથી થયા જ કરે છે એ અપેક્ષા લઈએ તો તે ઉત્પાદ અને વ્યય ન કહેવાય તે ધ્રૌવ્ય કહેવાય – છે એમ કહેવાય. (અનુભય છે એમ કહેવાય, અનુભયસ્વરૂપ છે.)

આહા...હા! આવું ઝીણું કીધું હશે!! કુંદકુંદાચાર્ય લઈને આવ્યા અને અમૃતચંદ્રાચાર્યે ટીકા કરી. આહા...હા! આવું ઝીણું બહુ માટે.... (સમજાય નહીં પણ) ઝીણું નથી. ભાઈ! એને અભ્યાસમાં નથી અને જયાં–ત્યાં હું કરું, હું કરું. આ શરીર હાલે તો કહે હું હલાવું છું. બોલું તો પણ હું. 'સ્વાહા' ભગવાનની પૂજામાં સ્વાહા–સ્વાહાની ભાષા પણ મારી. અને (અર્ઘ્ય ચડાવું તે) આ આંગળા હાલે છે એ પણ મારા. આવી જયાં હોય ત્યાં બુદ્ધિ પડી છે. **(શ્રોતા:)** આંગળા કેના છે? **(ઉત્તર:)** આંગળા જડના (છે.) અને જડની અવસ્થા થાય ઈ જડના કારણે થાય. અને તે અવસ્થા તે જ સમય તે જ થવાની હતી (તે જ થઈ છે.) સમજાણું કાંઈ?

(એક શ્રોતાને ઉદ્દેશીને) ઓલી કોર છે આ (વિષય). પાનું ફેર છે? આમાં–આમાં તો ૧૮૮

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મે પાને ચાલે છે. ફેર છે પુસ્તકમાં? **(શ્રોતાઃ)** બરાબર છે. તો વળી ફેરફાર કેમ બતાવ્યો'તો! ખબર નથી એટલે ૧૮૮ પાને જુઓ, અહીંયાં એ હાલે છે. આહા...હા!

આહા...હા! ઝીણું છે ને ઝીણું એ તો લાગે. આહા...હા! **'મૂળે માખણ છે આ તો બાપુ.'** પરમાત્માએ કહેલું સત્ (છે.) ઉત્પાદ તે સમયનો તે જ. એ જ સમયનો. આહાહાહા! એને ઠેકાણે હું મકાન બનાવું ને...એમાં આપણે રહેશુંને... બાયડી–છોકરાંવને ત્યાં ઠી'ક પડશે. અરે...રે ભ્રમણા, ભ્રમણા, ભ્રમણા છે. (એમ અહીંયાં) કહે છે પ્રભુ! **(શ્રોતાઃ)** બધાય બાવા થઈ જાય તો આપશે કોણ ખાવા? **(ઉત્તરઃ)** ઈ વખતે પણ ખાવાની પર્યાય (માં જે આવવાનું તે આવવાનું જ તે.) ઈ પ્રશ્ન થ્યો તો ૭૮ માં. ચૂડામાં. ૭૮ ની સાલ. ન્યાં ઘણાં માણસ (ઉપાશ્રયમાં આવે). ન્યાં પોલીસ એક નીકળેલો, બેઠેલો બહાર. એટલે પૂરું થ્યું પછી કહે મારા'જ તમે બહુ ત્યાગનું કહો છો. બધા ત્યાગી થઈ જશે તો એને આહાર–આહાર કોણ આપશે? એવો પ્રશ્ન કર્યો પોલીસે. ૭૮ ની સાલની વાત છે. કેટલાં થ્યાં સત્તાવન. કીધું બાપુ, ઈ કોણ આપશે ઈ પ્રશ્ન ત્યાં છે જ નહીં. એ ટાણે પર્યાય થવાની હોય તે આપશે જ. આપશે જ (એટલે) થશે જ. મેં તો જવાબ ઈ આપ્યો' તો કે' એક માણસ લાખપતિ છે ને પચ્ચીલાખ(પતિ) થવા માંગે છે. તે એમ વિચારે કે આ બધા પચ્ચીસલાખવાળા થઈ જશે તો ગરીબ–વાસણ ઉટકનારા કોણ રહેશે? મારું રાંધનારું કોણ રહેશે? આ લાકડા લાવનાર કોણ રહેશે? એમ વિચાર કરે છે કીધું તે દી'. આ તો ૭૮ ની વાત છે ચૂડામાં.

ઓહોહો! માણસ સાધારણ વાંચી, અને એમ થઈ જાય કે આપણને જ્ઞાન થઈ ગ્યું છે, સાચું. પણ અઘરી વાત છે ભાઈ! જ્ઞાન આત્માનું' થવું જોઈએ. હવે આત્માનું જ્ઞાન કયારે થાય? કે એની પર્યાય જે છે જે સમય થવાની એ પર્યાયને ત્રણ્ય લાગુ પડે. પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ, વર્તમાન અપેક્ષાએ ઉત્પન્ન, છેછે અપેક્ષાએ ધ્રૌવ્ય. એવી જયાં પર્યાયનો નિર્ણય કરે ત્યારે તે જ્ઞાતા–દ્રષ્ટા થાય. ત્યારે તે વર્તમાન થતી પર્યાયનો પણ તે કર્તા ન થાય. કારણ કે એમાં 'ભાવ' નામનો (આત્મામાં) ગુણ છે. અને અનંતગુણમાં 'ભાવ' નું રૂપ છે. જે સમયે જે પર્યાય થવાની હોય તે થાય જ. કરું તો થાય નહિતર ન થાય એમ' છે નહીં. આહા...હા! ઠીક ! ભાઈ આવી ગયા આજ. આવું બધું વારંવાર ન આવે ન્યાં. આતો સામે પુસ્તક આવ્યું. હોય એનો અર્થ થાય ને...! આહા...! આ પંડિતો બધા (અહીંયાં છે ને...!) આ માળા' પંડિતો લ્યો છે ને પચાસ પંડિતો ભેગા થ્યા'તા ઈન્દોર. અહીંયાંનો વિરોધ (કરવા). 'પરંતુ ન કરે એ દિગંબર નહીં. અર...ર અરે પ્રભુ! પ્રભુ! આ તું શું કરે છે!

અહીંયાં તો (કહે છે) પરનું તો ન કરે પણ પોતાની પર્યાય ને ય કરે નહીં. 'થાય' તે તેને કરે (એવું) કયાં છે? સમજાય છે કાંઈ? આહાહાહાહા! (તત્ત્વ) પણ હતું નહીં હોં, હતું નહીં એટલે પછી એ શું કરે? (સત્નો વિરોધ કરે.) સ્થાનકવાસી, શ્વેતાંબરમાં તો એ વાત (ક્રમબદ્ધની) જ નથી. એ તો જૈનપણાથી વિરુદ્ધ બધી વાતો એનામાં તો. આહા! આ તો દિગંબરમાં પણ ગોટા ઊઠયા.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**(શ્રોતાઃ)** ઘરમાં આગ લાગી....! **(ઉત્તરઃ)** શું કીધું? ઘરમાં આગ લાગી. આવું સત્ય પોકાર કરીને પડયા છે લખાણ. પ્રસિદ્ધ પડયા છે આવા. (પ્રવચનસાર, નિયમસાર, સમયસાર આદિ.). (ક્રમબદ્ધ) એણે એમ કે એમ નહીં. આપણે કરીએ તો થાય ને ન કરીએ તો ન થાય. પરનું પણ આપણે કરીએ તો થાય નહિ તો ન થાય. અરે, આત્મામાં પણ પર્યાય કરું તો થાય નહિતર ન થાય. એમ છે નહીં સાંભળ ભાઈ! પ્રભુ, તું તો જ્ઞાનસ્વરૂપ છો ને...! આહા...! જ્ઞાનની પર્યાય પણ થવાની તે કાળે થાય જ. પણ એની પ્રધાનતા દેતાં બીજી પર્યાયને કરું એમ નહીં તેના કરનાર નહીં પણ તેના જાણનાર છું ત્યાં એને ઊભો રાખજે કો' ભાઈ! આવું (સત્ છે.).

(અહીંયાં કહે છે કેઃ) **"ત્યાર પછીના પરિણામના."** પરિણામના – પર્યાયની વાત છે હોં! **"ઉત્પાદસ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા."** છેછેછેછેછે તેથી **"એક પ્રવાહપણા વડે."** છેછેછે ના એક પ્રવાહ વડે **"અનુભયસ્વરૂપ છે."** એ ઉત્પાદ અને વ્યયસ્વરૂપ નથી. એટલે ધ્રૌવ્યસ્વરૂપ છે. આહા...હા! એ ત્રણ–ચાર લીટીમાં આટલું બધું ભર્યું છે. લ્યો, આ શ્રીમદ્‌ના ભગત છે એમણે સાંભળ્યું નહોતું. પણ (પરિણામ) વસ્તુ છે કે નહીં? છે તો તેના ત્રણ અંશ પડે છે કે નહીં? ત્રણ અંશ પડે છે ઈ ત્રણે–ય પોત–પોતાના સમયે, પોત–પોતાથી છે કે નહીં? એ 'છે' એ ધ્રૌવ્ય છે. પૂર્વની અપેક્ષાએ તેને વિનષ્ટ કહીએ. અને વિનષ્ટ કહ્યું'તું (જે પરિણામની અપેક્ષાએ તે પરિણામ) પછી તે પોતે જ છે તેને ઉત્પન્ન કહીએ. આહા...હા! (એમ એકને ત્રણ લાગુ પડે છે.)

"ક્રમબદ્ધ"માં એકાંત થઈ જાય છે ને એમ રાડ નાખે છે. હવે અહીંયાં તો પરનું તો નહીં બાપુ, આહા...હા! શું કહીએ?! આહા...હા! તારી પર્યાય પણ તે કાળે થવાની છે અવસરે તે થાય જ. તેને પણ ત્રણ્ય અપેક્ષા લાગુ પાડી. અને તેને (ઉત્પત્તિ–સંહાર) ધ્રૌવ્ય કીધું. આ 'પ્રવચનસાર' માં આમ કહ્યું. 'સમયસાર' માં પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વર્ત્ય કહ્યું. આહા...હા! એક જ પર્યાયના ત્રણ (નામ) તેથી અર્થ કર્યો કે પ્રાપ્ય એટલે ધ્રૌવ્ય, એટલે તે સમયે તે (પરિણામ) છે. એમ દરેકમાં છેછેછેછેછેછેછે એક પ્રવાહરૂપ છેછેછેછેછેછેછે. આહા...હા! આવો નિર્ણય કરવા જાય એને પરનું કરવાપણું – પરનું કર્તાપણું તો ઊડી જાય પણ પોતાની પર્યાયનું – રાગનું કર્તાપણું ઊડી જાય. આહાહાહાહાહા! **'જ્ઞાતાપણું થાય તે જાણનારો થઈ જાય, જાણનારો થ્યો તે કેવળજ્ઞાન લેશે અલ્પકાળમાં. આહા...હા! એના ક્રમબદ્ધમાં કેવળજ્ઞાન અલ્પકાળમાં થવાનું.'** આહા...હા! આવી વાત છે.

(અહીંયાં કહે છે કેઃ) **"આ પ્રમાણે સ્વભાવથી જ."** જોયું? સ્વભાવથી જ (કહ્યું). **"ત્રિલક્ષણ પરિણામ પદ્ધતિમાં."** દેખો, છે? ત્રિલક્ષણ પરિણામ પદ્ધતિ, એક પરિણામમાં ત્રણ્ય પ્રકારના લક્ષણ છે. ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય. છએ દ્રવ્યમાં. આહા...હા! આ કાંઈ વાર્તા નથી પ્રભુ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ તો વસ્તુની સ્થિતિ (છે.) પરમાત્મા, અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંતો ને મુનિઓએ આ રીતે જાણીને (આત્મતત્ત્વ) અનુભવ્યું છે. આહા...હા! એના સંસારના અંત આવી ગ્યા. એ અંતનો સમય હતો. પણ જયારે એ હતો એવું જ્ઞાન ને આનંદ પ્રગટયો. એને અલ્પસમયમાં સંસારનો અંત આવી જાય, એને ભવનો અંત આવી જાય. આહા.....હા! **"આ પ્રમાણે સ્વભાવથી જ."** સ્વભાવથી જ. એક પરિણામમાં ત્રણલક્ષણપણું. એ સ્વભાવથી જ છે. આહાહાહા! **"ત્રિલક્ષણ પરિણામ."**. ત્રિલક્ષણ પરિણામ – ત્રિલક્ષણ કીધુંને...! ત્રણ લક્ષણવાળું પરિણામ **"પદ્ધતિમાં (પરિણામોની પરંપરામાં.)"** પરંપરા પરિણામની આહા...હા! હવે એક વાર મધ્યસ્થી (થઈને) સાંભળે તો ખરા, બાપુ! શેના વિરોધ કરો છો, ભાઈ! 'આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામ પદ્ધતિમાં (પરિણામોની પરંપરામાં) **"વર્તતું દ્રવ્ય."** છે? હવે ત્રણ્યમાં વર્તતું દ્રવ્ય. **"સ્વભાવને નહિ અતિક્રમતું હોવાથી."** એવું જે દ્રવ્ય સ્વભાવથી જ ત્રિલક્ષણ. આવો જે સ્વભાવ ત્રિલક્ષણ પરિણામ પદ્ધતિની પરંપરામાં વર્તતું દ્રવ્ય **"સ્વભાવ ને નહિ અતિક્રમતું હોવાથી."** આહા..! એ (દ્રવ્ય) સ્વભાવને ઓળંગતું નથી. સમજાય છે? **"સત્ત્વને ત્રિલક્ષણ જ અનુમોદવું."** સત્ત્વ એટલે સત્‌દ્રવ્ય. ઓલું હતું પરિણામનું ત્રિલક્ષણ હવે અહીંયાં દ્રવ્યને ત્રિલક્ષણ (કહ્યું.) દ્રવ્યને ત્રિલક્ષણ અનુમોદવું ઓલું પરિણામનું હતું. એથી દ્રવ્યને ત્રિલક્ષણ જ અનુમોદવું. આહા...હા! 'અનુમોદવું' નો અર્થ કર્યો કે આ રીતે જયારે દ્રવ્યસ્વભાવ ત્રિલક્ષણવાળું લઈને જે દ્રવ્યદૃષ્ટિ થાય એને આનંદથી માન્ય અતીન્દ્રિય આનંદના વેદનથી એને માન્ય રાખવું. આહા..હા...હા...હા!

વિશેષ કહેવાશે.....

ૐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૧૨–૬–૭૯.

પ્રવચનસાર' ૯૯ ગાથા. આહા...! નવ્વાણું હતા. એનું પૂરણ કર્યું, સો ને બસેં એમ. એવું આવે છે. 'નવ્વાણુંનો ધકકો' – આ નવ્વાણુંનો ધકકો! (આ ૯૯ ગાથા સમજે તો પૂરણ થઈ જાય). આહા...હા! **"આ પ્રમાણે સ્વભાવથી."** શું કહે છે? છએ દ્રવ્યની વાત છે હોં! **"આ પ્રમાણે સ્વભાવથી જ" "ત્રિલક્ષણ પરિણામ"**. ત્રણેય લક્ષણવાળું પરિણામ. (એટલે) ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્ય એની **"પદ્ધતિમાં (પરિણામોની પરંપરામાં)** આહા...હા! **"વર્તતું દ્રવ્ય"**. ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્યની પરંપરામાં વર્તતું દ્રવ્ય, દરેક (દ્રવ્યની વાત છે પણ) અત્યારે આત્માની વાત મગજમાં છે. **"પરિણામોની પરંપરામાં"**. આહા...હા...! એક તો ત્રિલક્ષણ (બીજું) પરિણામની પદ્ધતિ પરંપરા – એમાં વર્તતું દ્રવ્ય. **"સ્વભાવને નહિ અતિક્રમતું હોવાથી."** એ ભગવાન આત્મા (દ્રવ્ય) ત્રિલક્ષણ પરિણામની પરંપરામાં વર્તતું, સ્વભાવને નહિ છોડતું **"સત્ત્વને."** સત્ત્વ એટલે દ્રવ્ય. દ્રવ્ય–વસ્તુને **"ત્રિલક્ષણ જ અનુમોદવું"** અનુ–મોદવું. એવું ત્રિલક્ષણ – ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્યમાં વર્તતું દ્રવ્ય, (ત્રિલક્ષણ) તેનો સ્વભાવ છે. (તે) સ્વભાવમાં વર્તતું (એવા) દ્રવ્યને ત્રિલક્ષણ જ અનુમોદવું. એવું જયાં ત્રણલક્ષણમાં વર્તતું દ્રવ્ય, એ દ્રવ્ય ઉપર જયાં દૃષ્ટિ જાય છે ત્યાં તેને અનુમોદન થાય છે. (અનુમોદન) એટલે અનુસરીને મોદન થાય (છે) આનંદ આવે (છે). 'અનુમોદવું' – પ્રમોદ આવે (છે.) આહા...હા! ભાષા તો જુઓ!!

(શું કહે છે કે:) દરેક દ્રવ્યની પર્યાય ત્રણલક્ષણની પદ્ધતિમાં – પરંપરામાં વર્તતું આ દ્રવ્ય (છે) એમ જયાં આ આત્માને (આત્મદ્રવ્યને) પણ ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્યમાં, ત્રણ લક્ષણમાં વર્તતું, એ સ્વભાવ છે એ દ્રવ્યનો. એમાં દ્રવ્ય વર્તતું તે સત્ત્વને – તે દ્રવ્યને **"ત્રિલક્ષણ જ અનુમોદવું"** એ ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય એનો સ્વભાવ છે, એમાં (દ્રવ્ય) વર્તે છે. એની–દ્રવ્યની પર્યાય થવા કાળે થાય છે. (તેમ જાણ્યું) તેથી તેની દૃષ્ટિ જાય છે દ્રવ્ય ઉપર, કેમકે એ ત્રણ્યમાં વર્તતું 'દ્રવ્ય' છે. આહા...હા! એ દ્રવ્ય તેમાં વર્તતું આ ત્રણ્યપણું – એમ દૃષ્ટિ જતાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય, કહે છે. આહા...! અનુ–મોદવું, મોદન. એને (દ્રવ્યને) અનુસરીને આનંદ આવે. આહા...હા! ભગવાન આત્મા (આત્મદ્રવ્ય), અતીન્દ્રિય આનંદ અમૃતનું પૂર છે. એવા આત્માને – ત્રણ લક્ષણ પદ્ધતિમાં વર્તતું (આત્મ) દ્રવ્ય. એમ જયાં નિર્ણય કરવા જાય છે. આહા...! ત્યાં તેને અનુમોદન, એટલે દ્રવ્યને અનુસરીને ત્યાં આગળ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે કહે છે. આહા...હા!

(કહે છે કે:) જેના (આત્મદ્રવ્યના) સ્વાદને વધારવા. ચક્રવર્તીના રાજકુંવર આઠ વરસના. એ અંતરમાં જતાં – અનુમોદન – આનંદ આવતાં. એ આ વસ્તુના ત્રણલક્ષણમાં પ્રવર્તે છે. એમ જયાં દૃષ્ટિ (તેના પર) જાય છે ત્યાં આનંદ આવે છે. આહા...હા! અને એ આનંદને વધારવા. – રાજકુમારોને પણ જયાં આનો આનંદ – આનંદ આવે છે. કયાં'ય પછી (બીજે) એની રુચિ જામતી નથી. આખા સંસારને... જાણી લીધો એણે (એમ) કહે છે. આહા...હા! એની રુચિ આનંદમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વળી જાય છે. આહા...હા! ક્રમસર થતાં ત્રિલક્ષણ પરિણામ, પદ્ધતિમાં વર્તતું દ્રવ્ય. લોકો કહે છે કે પણ આવું (ક્રમબદ્ધ) થાય તો એમાં પુરુષાર્થ કયાં રહયો? પણ પ્રભુ સાંભળ તો ખરો ભાઈ! એ ત્રણ્ય લક્ષણે પ્રવર્તતું દ્રવ્ય એમ જયાં એનો નિર્ણય કરવા જાય છે – એ જ પુરુષાર્થ છે ને એમાં અતીન્દ્રિય આનંદ આવે છે. આહા...હા...હા! અને એ અતીન્દ્રિય આનંદ વધારવા – રાજકુમારો, ચક્રવર્તીના પુત્રો, આઠ–આઠ વરસના (જંગલમાં ચાલી નીકળે છે.) કંઈ પડી નથી એને દુનિયાની! આહા...હા! આઠ વરસના રાજકુમાર એક મોરપીંછીં ને કમંડળ (લઈને) એવા વાઘ ને વરુ, વાઘ અને વીંછીના ઢગલા હોય જંગલમાં (એવા જંગલમાં) હાલી નીકળે છે. આહા...હા! અતીન્દ્રિય આનંદ આવવો (એક જ લક્ષ છે.) બહારની કોઈપણ, અરે! એક વિકલ્પ ઊઠે તે ઘોરસંસારનું કારણ છે. શુભ વિકલ્પ ઊઠે એ પણ (દુઃખ છે) આગમે (જે) પ્રરૂપ્યું છે ત્રિલક્ષણ પરિણામ પદ્ધતિમાં વર્તતું આ દ્રવ્ય, એ દ્રવ્ય ઉપર જયાં પર્યાય જાય છે ત્યાં અનુમોદન – (એટલે) અનુસરીને આનંદ આવે છે. આહા...હા! એ આનંદને વધારવા (મુનિ દીક્ષા લેવી) કરવાનું તો આ છે. આહા...હા! જંગલમાં આઠ વરસના રાજકુમારો વાઘ ને વરુ ને નાગના (સંયોગમાં) ચાલ્યા જાય છે એ તો, એક મોરપીંછીં ને નાનું કમંડળ હાથમાં (અહો! મુનિરાજ!) જેને અતીન્દ્રિય આનંદના વધારવામાં–પ્રેમમાં, જેને કયાંય પ્રતિકૂળતા દેખાતી નથી, તેમ બહારની કોઈ અનુકૂળતા પણ જણાતી નથી. આહા...હા!

(કહે છે) એવો ઈ જ્ઞાતા–દ્રષ્ટા, જાણનાર ને દેખનાર એવો પ્રભુ (આત્મા) જયાં હાથ આવ્યો. આહા...હા! જેને (ચૈતન્ય) રતન મળ્યું હવે એને દુનિયાની કઈ દરકાર હવે. આહા...હા! આબરુને... પુણ્ય કરે... તો લોકો માન આપે, દુનિયામાં ગણાઉં ને ગણતરીમાં આવું ને....આહા..! (નિજાનંદ પ્રગટ થતાં) ગણતરીમાં તો લઈ લીધો પ્રભુએ! આહા...હા! ઈ તો આનંદઘનજીમાં આવ્યું નહોતું ઈ. **"વે ગુન ગનન પ્રવીના, અબધૂ કયા માગું ગુન હીના."** વે ગુન – (આત્મામાં) ગુણ એટલા છે કે ગણતાં પાર ન આવે! ઈ અનંતાગુણનો સ્વાદ (આવે.) એકલા આનંદનો સ્વાદ નહીં. અનંતગુણનો સ્વાદ (આવે.) આહા...હા! જેના આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો, ઈન્દ્રાણીઓ જે એની અનુકૂળતાના ભોગ પણ સડેલા કૂતરા જેવું લાગે. એવો ભગવાન આત્મા, પોતાના સ્વભાવને પ્રાપ્ત થયો (પર્યાયમાં) સ્વ–સ્વભાવ તો આનંદ (સ્વરૂપ પૂર્ણ) હતો. એ કોઈ એમ કહે છે કે તમે આમ **"ક્રમબદ્ધનું"** નકકી કરવાનું કહો છો તો એમાં પુરુષાર્થ કયાં રહ્યો? (પુરુષાર્થ ઊડી જાય છે.) પ્રભુ તું એમ કહેવું રહેવા દે ભાઈ! ઈ ક્રમબદ્ધના પરિણામ–પરિણામ કાળે થાય ને વ્યય થાય ને ધ્રૌવ્ય રહે. એમાં વર્તતું દ્રવ્ય છે એવો તેનો નિર્ણય કરવા (જાય તો) જ્ઞાયક ઉપર દષ્ટિ જાય. ગમે તે પ્રસંગમાં ઊભો હોય (જ્ઞાની). પણ એ નહીં. પોતાના અવસરે ઉત્પાદ થાય એ આવ્યું ને એમાં **(એટલે ક્રમબદ્ધ)**. હવે દાખલો આપશે.

આહા....હા! એવું જયાં ત્રિલક્ષણપણું – ઉત્પાદ થાય, વ્યય થાય અને ધ્રૌવ્ય (રહે) એ દ્રવ્યનો સ્વભાવ (છે.) ને દ્રવ્ય તેમાં વર્તે. પર્યાયમાં દ્રવ્ય વર્તે (એમ) નહીં પણ દ્રવ્ય સ્વભાવમાં વર્તે ત્રણ્યમાં. એમ જયાં અંતરદષ્ટિ કરવા જાય છે, ત્યારે અંતર આનંદથી અનુમોદન – એ અતીન્દ્રિય આનંદનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુભવ છે. આહા...હા! આવી વાતું છે. – **''મોતીના હારની માફક.''** (જુઓ,) આ મોતીનો હાર છે. **''જેમ જેણે (અમુક) લંબાઈ ગ્રહણ કરેલી છે.''** આટલો આ લાંબો હાર છે. **''એવા લટકતા મોતીના હારને વિષે.''** જુઓ, આ લટકતો હાર છે. એ લટકતા હારને વિષે, આમ પડેલો એમ નહીં. લટકતા. આહા...! **''લંબાઈ ગ્રહણ કરેલી છે એવા લટકતા મોતીના હારને વિષે, પોતપોતાનાં સ્થાનોમાં પ્રકાશતાં''** (હારમાં) જયાં જયાં એનું સ્થાન છે ત્યાં ત્યાં એ મોતી છે, (જુઓ,) આ આંહી છે, આ આંહી છે, આ આંહી છે. (એમ) જયાં જયાં એનું સ્થાન છે ત્યાં જ એ મોતી છે. આહા...હા! 'પોતપોતાના સ્થાનોમાં' પાછું ભાષા શું છે. એ સ્વયં પોતપોતાનું સ્થાન છે તે મોતીનું. જયાં જયાં જે જે મોતી છે ત્યાં ત્યાં પોતપોતાનું તે મોતીનું સ્થાન છે. **''પ્રકાશતાં''** પોતપોતાના સ્થાનમાં **''પ્રકાશતાં સમસ્ત મોતીઓમાં, પછીપછીનાં સ્થાનોએ પછીપછીનાં મોતીઓ પ્રગટ થતાં.''** આહા...! પોતપોતાનાં સ્થાનોમાં પ્રકાશતાં અને પછી–પછીનાં, અહીંયાં (હારમાં) એક–એક છે એમ (ગણતાં) નહીં પણ પછીપછીનાં (મોતીઓ) **''પછીપછીનાં સ્થાનોએ પછીપછીનાં મોતીઓ પ્રગટ થતાં હોવાથી અને પહેલાંપહેલાંના મોતીઓ નહિ પ્રગટ થતાં હોવાથી.''** પહેલાં સ્થાનમાં જે મોતીઓ છે ઈ પછીનાં સ્થાનમાં ઈ (મોતી) આવતાં નથી. પછીનાં સ્થાનમાં છે તે પહેલાંનાં સ્થાનમાં નથી ને પહેલાંનાં સ્થાનમાં છે તે પછીનાં સ્થાનમાં નથી. આ દૃષ્ટાંત છે પછી પરિણામમાં ઊતારશે. આહા...હા! જયાં જયાં (જે જે) મોતીનું સ્થાન છે આમ લંબાઈમાં હો, આમ લટકતા (હારમાં) ત્યાં ત્યાં તે સ્થાનમાં તે તે મોતી છે. જયાં જયાં પોતે છે ત્યાં (જ પોતે છે). પછીપછીનાં સ્થાનમાં બીજું (મોતી છે.) એના પછીના સ્થાનમાં ત્રીજું એમ એના પછીપછીનાં જે જે મોતી છે તે તેના તેના સ્થાનમાં છે. **''સમસ્ત મોતીઓમાં પછીપછીનાં સ્થાનોએ પછીપછીનાં મોતીઓ પ્રગટ થતાં.''** જેમ કે આ એક (મોતી) છે વચમાં. એના પછી આ (મોતી) એના પછી આ, એના પછી આ એમ પછી–પછી પ્રગટ થાય એ (મોતી). આહા...હા! **''અને પહેલાં પહેલાંપહેલાંના મોતીઓ નહિ પ્રગટ થતાં હોવાથી.''** (જુઓ,) જયારે આ (વચ્ચેના મોતી) પર લક્ષ ગયું તો એના પછીનું આ મોતી પ્રગટ કહેવાય છે, પણ એના પહેલાંના ગ્યા એ (મોતી) નહિ પ્રગટ થતાં. આહા...હા! આવો મારગ! સંતોએ જગતને ન્યાલ કરવાની રીત (વિધિ) આપી છે. પૈસાદાર ન્યાલ કહેવાય પણ એ તો ધૂળના શેના ન્યાલ! આ તો ભગવાન (થવાનું ન્યાલ એની વિધિ સંતો કહે છે.) (મોતી) જે જે સ્થાનમાં છે. એના પછીપછીમાં થવાનું. એ ત્યાં (સ્થાનમાં) અને એના પહેલાં થઈ ગ્યાં છે એ ત્યાં (સ્થાનમાં). પહેલાં થઈ ગયા તે હવે થાય નહીં અને તે પછી–પછીનાં થાય તે તેના સ્થાનમાં છે. આહા...હા! આવું બાલકને ય સમજાય આઠ વરસના (દૃષ્ટાંત એટલું સરળ છે.)

આહા...હા! આઠ વરસના રાજકુમાર – ભરતાના ૧૦૮ નહીં! રવિકીર્તિ. રાજકુમાર (જે) રતનની ગેડીને સોનાનો દડો (એનાથી) રમતા. (ગેડીદડે રમવા સમયે) એની માએ માણસ મોકલ્યો હારે (ધ્યાન રાખવા) છોકરાંવ ત્યાં રમે છે એકસો આઠ. ત્યાં એક માણસ નીકળ્યો. એણે કહ્યું કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જયકુમારે દીક્ષા લીધી. લશ્કરના અધિપતિએ, છન્નું ક્રોડ પાયદળના અધિપતિએ, સુલોચનાના વરે–ધણીએ દીક્ષા લીધી. સાંભળતાં વેંત જ (એ રાજકુમારો) કહે છે કે હાલો, આપણે આમ જઈએ, આમ જઈએ. ભગવાન પાસે જઈએ એ કહેવા જાય તો (માણસ કહે) માતાની રજા નથીને... (ન જવાય રજા વિના). આહા...! એ સોનાનો દડો ને રતનની ગેડીએ (રમનારા રાજકુમારો) એ જયાં સાંભળે છે ચૈતન્યરતનનું – જયકુમારે ભગવાન પાસે દીક્ષા લીધી. આહા...હા! માતાને પૂછવા પણ જાવું નથી હવે! કે (માતા) અમને રજા આપ હવે. આહા...! (રાજકુમાર વિચારે છે કે) અમારો નાથ અતીન્દ્રિય આનંદનું દળ પ્રભુ (આત્મા). વિકાર એમાં નથી, ઝેર–જડ વિકાર એમાં નથી. પુણ્ય–પાપના પરિણામ બે ય ઝેર છે. આહા...હા! એ પ્રભુમાં નથી. એને સાધવા જયકુમારે સાધુપણું લીધું! અમે પણ ભગવાન પાસે જવા માગીએ છીએ. (એમ વિચારે છે) એમ કહેતો'તો ઓલો (સાથેનો માણસ) કહે કે તમને રમવા માટે મને જોવા (ધ્યાન રાખવા) ગોઠવ્યો છે ને તમે જાવ દીક્ષા લેવા. તમારી મા મને શું કહે? તેથી (રાજકુમારો કહે છે) ભાઈ આમ હાલો, થોડુંક આમ (એમ કરતાં –કરતાં) ભગવાન પાસે (પહોંચી) જાય છે.

પ્રભુ! અતીન્દ્રિય આનંદની વૃદ્ધિ થાય એવી દીક્ષા આપો. આહા...હા! કુંવારા છે. નાની ઉંમરના છે. સોળ–સોળ વરસની ઉંમરના. જુવાન માણસ છે. અતીન્દ્રિયઆનંદના સ્વાદ તો લીધા છે ને હવે સાંભળ્યું કે (જયકુમારે) દીક્ષા લીધી સ્વાદ વધારવા. અતીન્દ્રિય આનંદને પુષ્ટ કરવા. ભગવાન પાસે દીક્ષા લીધી છે. અતીન્દ્રિય આનંદને સાધવા–વધારવા. આહા...હા! એ સમયે પર્યાય ત્યાં થવાની (જ) જયાં એવો નિર્ણય કરે છે ત્યાં. તેમાં વર્તતા દ્રવ્યો નો જ નિર્ણય થઈ જાય છે. આહા...હા! સમજાય છે કાંઈ? કહ્યું ને ઈ...

**"ત્રિલક્ષણ પરિણામ પદ્ધતિમાં (પરિણામોની પરંપરામાં) વર્તતું દ્રવ્ય."** આહા...હા! **"સ્વભાવને નહિ અતિક્રમતું"** ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યના સ્વભાવને નહિ છોડતું **"હોવાથી સત્ત્વને."** સત્ત્વ નામ દ્રવ્યને **"ત્રિલક્ષણ જ અનુમોદવું"** આહા...! એ જયાં ત્રણલક્ષણને 'છે' એમ નિર્ણય કરવા જાય છે ત્યાં એ પર્યાયમાં વર્તતું છે જે દ્રવ્ય – તે સમયે તે થવાની પર્યાય થાય છે – એમાં વર્તે છે દ્રવ્ય. એમ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. આહા...! **"ક્રમબદ્ધમાં"** લોકોને આકરું પડે છે. આહા...હા! એક પછી એક પર્યાય થાય પણ એક પછી 'આ જ થાય' એમ નહીં એ (વર્ણીજીએ) કહ્યું . (હવે જુઓ,) એક પછી એક – એક પછી એક હાર આમ છે. આ હાર છે આમાં જુઓને ઈ હારમાં (મોતી) આડું–અવળું છે? જયાં જે સ્થાનમાં (મોતી) છે ત્યાં તે સ્થાનમાં છે. પહેલાંના સ્થાનમાં પહેલાંના પછીનાં સ્થાનમાં પછીનાં (છે.)

(અહીંયાં કહે છે કે:) **"તથા બધેય પરસ્પર અનુસ્યૂતિ."** (પહેલાં) ઉત્પાદ–વ્યય કહ્યું. **"પરસ્પર અનુસ્યૂતિ રચનારો દોરો."** અંદર દોરો રહે છે જે છે ઈ. જુઓ, આમ બધા મોતીઓમાં છે ને...! આહા....હા! પછીપછીનાં ઉત્પન્ન થાય, એ ઉત્પાદ. પહેલાં પહેલાંના વ્યય થાય, એ વ્યય.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને અનુસ્યૂતિ છેછેછેછે ધ્રૌવ્ય. આહા...હા! **"પરસ્પર અનુસ્યૂતિ રચનારો દોરો."** બધામાં સળંગ રહેનારો દોરો. આહા...હા! ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય કીધું છતાં બધામાં સળંગ રહેનારો દોરો (ધ્રુવ છે.) આહા...હા! આવો જે ભગવાન આત્મા દરેક પર્યાયમાં વર્તતો દોરાની જેમ. આહા...હા! છે? **"અવસ્થિત હોવાથી"** એ દોરો અવસ્થિત છે. દોરો ત્યાં બધે છેછેછેછેછે બધે છે. ભલે મોતી પછીપછીનાં કે પહેલાંપહેલાંના (કે છેછેછે એમ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યપણે છે.) પણ દોરો તો બધામાં સળંગ છે. (ધ્રુવ છે.) આહા...હા! આવી વ્યાખ્યા હવે! **"ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે."** એમાં ત્રણ લક્ષણથી મોતી–દોરો–હાર પ્રસિદ્ધિ પામે છે. છે ને...? ઈ દૃષ્ટાંત થયો, હવે સિદ્ધાંત (કહે છે.)

(અહીંયાં કહે છે કેઃ) **"તેમ જાણે નિત્યવૃત્તિ ગ્રહણ કરેલી છે."** નિત્યવૃત્તિ = નિત્ય ટકવાપણું; નિત્ય હયાતી; સદા વર્તવું તે; આત્મા. એવા નિત્યવૃત્તિ ટકવાપણું ગ્રહણ કરેલું છે. કાયમ, ત્રિકાળ, ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ આહા! જેમણે નિત્ય ટકવું ગ્રહણ કર્યું છે. **"એવા રચાતા (પરિણમતા)"** – એવા પરિણમતા **"દ્રવ્યને વિષે"** આહા...હા! ટકવાપણું જેણે ગ્રહણ કર્યું છે એવા પરિણમતા દ્રવ્યને વિષે. અમૃત ઘોળ્યાં છે. અમૃતચંદ્ર આચાર્યે. **"પોતપોતાના અવસરોમાં પ્રકાશતાં (પ્રગટતાં)."** જેમ ત્યાં (દૃષ્ટાંતમાં) સ્થાનમાં પ્રકાશતાં કહ્યું હતું (અહીંયાં) તેમ પોતાના અવસરોમાં પ્રકાશતાં (કહ્યું છે.). દ્રવ્યની જયાં જયાં જે જે સમયની અવસ્થા ત્યાં ત્યાં તે તે પર્યાય પ્રકાશતી. આહા...હા! ધરમ કરવો હોય એને આટલું બધું સમજવું પડતું હશે?! બાપુ, ધરમની પર્યાય કેમ થાય? જે સમય જે પરિણામ થવાના પોતપોતાના અવસરોમાં. છે? પોતાના દ્રવ્યમાં પોતાના કાળમાં જ તે પર્યાય થાય છે. આહા...હા...! આઘી–પાછી નહીં. આહા...હા! લખાણ શાસ્ત્રમાં એમ આવે – સાધર્મી જીવને અલ્પકાળમાં કેવળજ્ઞાન થશે. અત્યારે (લખાણ) આવે છે ને...! પણ એ પણ ક્રમબદ્ધમાં જ છે. એટલે જેણે આત્માનો આનંદ અનુભવ્યો અને આનંદની રમણતા જામી, એને કેવળજ્ઞાન લેવાનો કાળ જ અલ્પ છે. આહા...હા! આવી વાત છે.

**"પોતપોતાના અવસરોમાં."** જેમ ત્યાં (દૃષ્ટાંતમાં) પોતપોતાના સ્થાનમાં હતું. (અહીંયાં) ઈ આત્માના પોતપોતાના અવસરમાં પ્રકાશતા સમસ્ત પરિણામો – બધા પરિણામો, પોતપોતાના કાળમાં પ્રગટ થતા. આહા..હા...હા! ચિંતામાત્ર છોડી દીધી. ભાઈ! ભાઈએ કહ્યું'તું ને રાત્રે. જેના જે સમય જે પરિણામ થાય છે – સમસ્ત પરિણામ હોં બધા – (પોત પોતાના અવસરોમાં પ્રગટે છે.) પોતપોતાના અવસરોમાં એટલે કાળમાં, ઓલું (દૃષ્ટાંતમાં) ક્ષેત્ર હતું. પોતપોતાના પરિણામમાં – અવસરમાં પ્રગટ સમસ્ત પરિણામ **"(પ્રગટતા) પરિણામોમાં પછીપછીના અવસરોએ પછીપછીના પરિણામો."** આહા...હા! ભવિષ્યમાં પણ પેલા સમયે થવાના એ પછીપછી. વર્તમાનમાં થ્યા એ પોતે. અને વીતી ગયા, થઈને ગયા એ વ્યયમાં ગયા. અને થવાના એ થાશે ઉત્પાદમાં. વર્તમાનમાં જે ઉત્પાદ છે એ ધ્રૌવ્ય તરીકે પાછું દરેકમાં છેછેછેછે. આહા...હા! આવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યા હવે. વાદ–વિવાદે કયાંય પાર પડે એવું નથી બાપુ! એ આ રીતે જેને થાય છે તેને કાળલબ્ધિ પાકી ગઈ. પોતપોતાના અવસરે પરિણામ થાય. આહા...હા...હા...હા! એ પછીપછીના તે તે કાળ તે થાય, તે પહેલાંના અવસરમાં તે તે કાળે થઈ ગ્યાં. બધા પરિણામમાં પ્રકાશતાં સમપરિણામમાં **"પછીપછીના પરિણામો પ્રગટ થતાં હોવાથી." અને પહેલાંપહેલાંના પરિણામો નહિ પ્રગટ થતાં હોવાથી."** જે પરિણામ પહેલે સમયે થઈ ગયાં તે હવે કંઈ થવાના નથી. અને પછીપછીના થશે અને એમાં બેયમાં – પછીપછી થશે તે ઉત્પાદમાં ગયું, અને થઈ ગયાં તે વ્યયમાં ગયું. અને **"તથા બધેય પરસ્પર અનુસ્યૂતિ."** દરેકમાં છેછેછેછેછે તે સમયે છે. પછીનો ઉત્પાદ ને થઈ ગયાં એ વ્યય એ નહિ પણ છેછેછેછે બસ. જેમ (દૃષ્ટાંતમાં) આ બધામાં (મોતીઓમાં) દોરો છે. એમ દરેક પરિણામના કાળમાં સળંગ આત્મા છે. આહા...હા! ઝીણો મારગ બહુ ભાઈ આ!

આજ ચોપડી એક આવી છે. તારણસ્વામી છે ને...! કોઈ બાઈ મરાઠી છે. (એણે લખી છે.) એમ કે ભગવાનના શાસ્ત્રમાં જિનબિંબ અને જિનપ્રતિમા ને જિનમંદિર છે. એ લોકો કંઈ પાળતા નથી ને...તારણ સ્વામીવાળા. અને તમે એમ કહો કે તારણસ્વામી એ માનતા નહોતા. તો તો પછી એનો અર્થ થ્યો કે એ મિથ્યાદૃષ્ટિ હતા. તમે એનો અવર્ણવાદ કરો છો. જિનબિંબ ને જિનપ્રતિમા, ભવન અનાદિના છે. ચોપડી આવી છે અહીં. વાત સાચી. અસંખ્ય જિનપ્રતિમાઓ સ્વર્ગમાં છે. આંહી અસંખ્ય દ્વીપસમુદ્રમાં છે. અકૃત્રિમ. કૃત્રિમ સંખ્યાત છે. અઢી દ્વીપમાં છે એ તો. બધું છે. પ્રતિમા નથી એમ નહીં. અને શાસ્ત્રમાં તો ત્યાં સુધી આવે. જિનબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મનો નાશ થાય. આવે છે ને...! 'ધવલમાં'. આહા...હા! એણે એક અક્ષરને એક પદ કેમ ફેરફાર થાય? શાસ્ત્રનો એક પણ અક્ષર ને એક પદથી ભ્રષ્ટ થાય, મિથ્યાદૃષ્ટિ છે. આવું આકરું પડે. એને તમે એમ માનતા હો કે – જાણે એ (લોકો તારણસ્વામીવાળા) મૂર્તિને નથી માનતા. તો તો પછી સૂત્રને ઊથાપ્યાં છે, તો મિથ્યાદૃષ્ટિ ઠરો તમે. (એવું લખાણ છે એમાં). (જિનપ્રતિમાઆદિ) એનું લક્ષ જતાં છે શુભઉપયોગ, ધરમ નથી પણ વસ્તુ છે. એ પણ પોતપોતાના અવસરે ત્યાં પ્રતિમા છે, મંદિર છે, જિનબિંબ છે. આહા...હા! એ કોઈ પક્ષની વાત નથી, એ પંથ નથી કંઈ ભગવાનનો કહેલો મારગ છે તે છે. સમજાય છે?

(જૈનધર્મ) એમાં મૂર્તિ ને જિનબિંબ નથી, એમ કહેવા જાય તો સૂત્ર અને સૂત્રના પદને (માન્યા નહીં) આવે છે ને...! 'સૂત્રપાહુડ' માં સૂત્રનું એક પણ પદ ને એક પણ અક્ષરથી ભ્રષ્ટ થાય એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા...હા! ભલે છે એ શુભભાવનું નિમિત્ત, પણ છે કે નહીં? (છે) ભાઈ! એ છે માટે ધરમ છે એમાં, એમ નહીં પણ છે ખરું. જ્ઞાનીને પણ એના વંદન, પૂજા, (ભકિત) એનો ભાવ એને કાળે આવે છે. ભલે એ પુણ્યબંધનું કારણ(હોય) પણ આવે છે. ને તે સમયના તે તે પરિણામ પૂજાના, ભકિતના આવે છે ભાઈ! અને તે તે સમયની ચીજ (નિમિત્ત) સામે છે. મંદિર, પ્રતિમા આદિ તેને તે સિદ્ધ કરે છે. આહા...! મંદિરને...જિનબિંબ...ને નથી. (એમ માનવું એ તો) સૂત્રના વચનો, સિદ્ધાંતના વીતરાગનાં વચનો ઊથાપી નાખ્યાં. આહા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યાં મલ્હારગઢ (અમે) ગ્યા' તા ને...! તમે હતા? મલ્હારગઢ નહીં. નહો'તા. ગ્યા તે દી' ઢોલકા વગાડનાર, એ લોકોમાં એવું છે. મૂર્તિનો વિરોધ જ કરે. મૂર્તિનો વિરોધ કરવા માંડયો ગાવામાં. ભગવાનભાઈ શેઠે કહ્યું મારા'જ બેઠા છે! માણસને પક્ષ થઈ જાય છે. પછી સૂઝ પડતી નથી. (એ વિરોધ કરે) અને પાછું એનાથી જુદું જિનબિંબ ને જિનપ્રતિમાથી ધરમ થાય એમ પાછા માને. એ ય પણ (પક્ષ લઈને બેઠા છે) આવો મારગ બાપા! બહુ! અલૌકિક મારગ છે! (એકકોર એવું આવે) ભગવાનની ભકિત કરીને પાપ બાંધે, એવું આવ્યું છે ને...! (અને એકકોર કહે) અને જિનબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મનો (અભાવ થાય.) એ તો એવો શુભભાવ છે તીવ્ર. સમ્યગ્દષ્ટિ(ની) દૃષ્ટિ સહિતની વાત છે હોં. (દૃષ્ટિ) છે એટલે એને આંહી કર્મનો રસ નથી – ઘટી જાય છે નિદ્ધત ને નિકાચિત હોય એમાં ય પણ આહા...હા! સમ્યગ્દર્શન સહિતની વાત છે હોં! એકલાં દર્શન–ભકિત કરે ઈ કાંઈ....આહા...હા!

(કહે છે કે:) આ ત્રિલક્ષણ પદ્ધતિમાં પ્રવર્તતું દ્રવ્ય છે તેની દૃષ્ટિ સહિતના પરિણામ (જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના તેની વાત છે.) આ કોઈ પક્ષ નથી, આ કોઈ પંથ નથી, વાડો નથી બાપુ! આ તો અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, મુનિઓ, સંતો જે પંથે ગયા એ પંથ છે આ. આમાં કોઈ પક્ષ નથી. (કોઈ કહે) કે મૂર્તિને સ્થાપે તો એણે ત્યાં જડ સ્થાપ્યા. પણ બાપુ, ઈ જડ તો છે. (છતાં શુભના નિમિત્ત છે.) એને જ્ઞાનીઓએ પણ સ્વરૂપમાં સ્થિરતા ન થાય ત્યાં સુધી (અશુભ વંચનાર્થ) સ્વઅવસર છે ને...! એ સમયે એ (ભાવ) આવે એને ભાઈ! તે તે સમયે એ આવે, છતાં તેની દૃષ્ટિનું જોર ત્યાં નથી. એ પરિણામમાં વર્તતું જે દ્રવ્ય છે ત્યાં દૃષ્ટિ છે. આહા...હા...હા! આડ–ફાટ!! કટકા થઈ જાય બે! રાગ અને ભગવાન (આત્મા) બે ભિન્ન!! આહા...હા...હા!

અહો! પર્યાયમાં વર્તતું દ્રવ્ય છે. અને એ ત્રિલક્ષણ – ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય સ્વભાવ છે. સ્વભાવમાં વર્તતો સ્વભાવવાન્ આહા...! તેના ઉપર દૃષ્ટિ જતાં એનું અનુમોદન થાય છે કે 'આ' છે. એને આનંદ આવે છે. તે તે સમય થાય માટે એને પુરુષાર્થ નથી એમ નથી, પ્રભુ! આહા...હા! તે તે સમય પરિણામ થાય **(ક્રમબદ્ધ)** બાપુ! આઠ વરસનો બાળક હોય કે આઠ વરસની દીકરી હોય. એ પણ સમકિત પામે છે. આહા...હા...હા! આઠ વરસની દીકરી હોય તે સમકિત પામે ને છોકરો હોય તો તે કેવળજ્ઞાન પણ પામે. આહા...હા! કેમ કે અંદર આત્મપત્તો છે ને...! અને પત્તામાં – અસ્તિત્વમાં – મૌજુદગીમાં અનંત–અનંત ધ્રુવસ્વરૂપ છે...ને...! ભલે ઈ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય ત્રણ લક્ષણમાં વર્તે, છતાં એ કાયમ રહેનારું દ્રવ્ય એમાં વર્તે છે ઈ દ્રવ્ય છે ને...! આહા...હા! એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં દૃષ્ટિ જાય જ તે. અહીંયાં તો ત્રણલક્ષણ પદ્ધતિમાં પ્રવર્તતું દ્રવ્ય એમ જયાં નકકી કરવા જાય ત્યાં એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય'. આહા...હા...હા! આવું છે.

અહીંયાં તો એમ કીધું કે પોતપોતાના અવસરે પરિણામ થાય, આઘા–પાછા નહીં. વર્ણીજી હારે મોટી ચર્ચા થઈ. વર્ણીજી કહે કે એમ નહીં. એક પછી એક પરિણામ થાય પણ 'આ જ' થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ નહીં. 'ક્રમનિયમિત'' નહીં. ક્રમે અને નિશ્ચય તે જ થાય તે થાય – હવે શું થાય? હવે એણે એમ કહ્યું કે : 'સોનગઢનું સાહિત્ય ડૂબાવી દઈશ.' અરે, પ્રભુ! મારગ તો આવો છે, ભાઈ! આહા...હા! આવા ટાણા મળ્યા બાપા! પણ કોઈ કંઈ શું કહે. એ તારે શું કામ છે! આહા...હા!!

અહીંયાં તો કહે છે પોતાનું દ્રવ્ય. ત્રણ લક્ષણમાં પ્રવર્તતું પરંપરામાં – એ તો દ્રવ્ય પ્રવર્તે છે ને....! એ પ્રવર્તતું દ્રવ્ય એનો સ્વભાવ (છે.). સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે ન્યાં ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે અને અતીન્દ્રિય આનંદ આવે છે. એ પુરુષાર્થને બધું આવ્યું ત્યાં. અકર્તાપણું આવ્યું, પુરુષાર્થ આવ્યો, આનંદ આવ્યો, અરે! અનંતા ગુણોની સંખ્યાનો પાર નહીં એ અનંતાગુણો, એ વ્યકતપણે બધાનો અંશ આવ્યો. સવારે નહોતું આવ્યું. જોગમાં પણ અંશનો ક્ષય થયો છે. આહા...હા! શું કહે છે આ? સમ્યગ્દર્શન થતાં દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થતાં, એને લાયક અવિરતિ – કેમકે ચારિત્રગુણ છે તેનો અંશ પ્રગટ થાય છે ભાઈ! આહા...હા! અરે...રે! અને યોગ જે અનંતગુણમાં એ અજોગ નામનો ગુણ છે. આહા! એ પોતપોતાના અવસરે પરિણામ થ્યાં એમાં વર્તતું દ્રવ્ય છે તેમાં એક અજોગ નામનો ગુણ છે. એ પણ અંશે, ચોથે ગુણસ્થાને અંશે પ્રગટ થાય છે. આહા...હા! અરે (કોઈ કહે) અજોગ તો ચૌદમે આવે ને ભાઈ! અજોગપણાનો અંશ પ્રગટ થાય પ્રભુ! આહા...હા! ભગવંત તું કેવડો મોટો આહા...હા! તને જયાં (તારો) સ્વીકાર થતાં અજોગ (ગુણનો) અંશ પણ પ્રગટ થાય. આહા..હા! હેં! વસ્તુસ્થિતિ આ છે. આમાં કોઈ વાદ–વિવાદને (સ્થાન નથી) એવી સ્થિતિ છે.

(કહે છે કે:) પોતપોતાના અવસરમાં થતા, આઘા–પાછાં નહીં. એક ફેર કહ્યું'તું ભગવાન પાસે ભકિત કરીને...! અહીં ભકિત કરીને (આવ્યાં) ઘણાં વર્ષ થયાં. કહ્યું આઘું–પાછું એટલે શું? ઈ શું આઘું–પાછું? આ પર્યાય અહીંયાં થવાની (તે) અહીં થશે. અને ન્યાંની અહીં થશે? શું એની વ્યાખ્યા? આહા..! બાપુ! સ્વકાળે થાય છે તે થાય છે એમાં આઘી–પાછી પ્રશ્ન કયાં છે? આહા...હા! **''દુનિયા માને ન માને સત્ તો આ જ છે.''** ઓલા વળી કહે કે ઢૂંઢિયામાંથી તમે આવ્યા ને તમારી વાત સાચી ને અમારી ખોટી? પ્રભુ! અમે ગમે ત્યાંથી આવ્યા હોય તારી વાત ખોટી છે. અહીંયાં વળી દિગંબરના પંડિતો (બોલે કે) અમારી વાત ખોટી ? સ્થાનકવાસીની ખોટી, શ્વેતાંબરની ખોટી પણ દિગંબરની ય ખોટી! પણ દિગંબરનું શું કહેવું છે એ બાપુ, જાણ્યું! (દિગંબરમાં) જન્મ્યા માટે દિગંબર થઈ ગ્યા? આહા...! **(શ્રોતા:)** 'મોક્ષમાર્ગપ્રકાશક' નો સાતમો અધિકાર દિગંબર માટે જ છે. **(ઉત્તર:)** દિગંબર માટે જ. વસ્તુ જ ઈ છે. દિગંબર ધર્મમાં હોવા છતાં શલ્ય રહી જાય છે એ ટાળવા ઈ વાત કરી છે. સાતમામાં. મિથ્યાત્વનો પણ એક અંશ છે દિગંબરમાં જન્મ્યા, સાધુ થાય વ્રતધારી. પણ શલ્ય રહી જાય છે મિથ્યાત્વનું. આહા. ઈન્દ્રલાલ જયપુરનો છે ને...! ઈ કહે કે દિગંબરમાં જન્મ્યા ઈ સમકિતી તો છે બધાય. ત્યારે અમારે મૂળચંદજી એમ કહેતા કે સ્થાનકવાસીમાં જન્મે ઈ સમકિતી તો બધાય છે. ઈ એમ કહેતા વળી. બાપુ! એમ અહીં વસ્તુમાં કયાં સ્થાનકવાસી ને શ્વેતાંબર કયાં! એ તો વસ્તુનું સ્વરૂપ છે. દિગંબર છે એ તો જેવી વસ્તુની સ્થિતિ છે એવું વર્ણન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરે છે. એ કોઈ પંથ ને પક્ષ નથી. આહા...હા! કઠણ પડે પ્રભુ પણ છે તો આ. દુનિયા ભલે માને ન માને. આહા...હા!

(અહીંયાં કહે છે કેઃ) **"પહેલાં પહેલાંના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી તથા બેય પરસ્પર અનુસ્યૂતિ રચનારો પ્રવાહ."** ઓલામાં દોરો હતો, આમાં અનુસ્યૂતિ રચનારો પ્રવાહ એક પછી એક (છતાં) સળંગ **"અવસ્થિત (–ટકતો) હોવાથી ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે."** ભગવાન આત્મા ને દરેક પરમાણુ (માં ત્રિલક્ષણપણું છે) દરેકમાં છે પણ તેનું જાણપણું તો જ્ઞાનમાં થાય છે. તેના ત્રણ લક્ષણ પરમાણુના પણ છે તેની તે તે સમયની પર્યાય છે. પછીપછીનું ને પહેલાંપહેલાંનું પણ એ જ્ઞાન કોને છે? જડને છે? (ના. જીવને છે.) બધેયથી પરસ્પર અનુસ્યૂત રચનારો પ્રવાહ – પરિણામ, પરિણામ, પરિણામ, પરિણામ એમ (પરિણામોનો) પ્રવાહ!. પ્રવાહ ક્રમ વિસ્તાર ક્રમનો–તો દૃષ્ટાંત દીધો'તો પ્રવાહક્રમ : પણ પરિણામ એક પછી એક, એક પછી એક, એક પછી એક જે થવાના તે થવાના ગ્યા તે ગ્યા એ પણ એમાં અવસ્થિત. આખો પ્રવાહ ગણો તો તે ટકતો હોવાથી – પ્રવાહપણે પણ દરેક પરિણામને ટકતું દેખીને ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે. ઉત્પાદ પણ છે, વ્યય પણ છે, ધ્રૌવ્ય પણ છે. એક પરિણામમાં ત્રણપણું છે. આહા..હા! સમજાણું કાંઈ? આવી વાત બહુ આકરી પડે માણસને. લોકોમાં તો સામાયિક કરો... પોષા કરો....પડિમા લઈ લ્યો, સાધુ થાવ. આ છોડો, રસ છોડો (કહે છે ને) રસ છોડયા સાધુએ અરે પણ પહેલું મિથ્યાત્વ છોડયું નથી ને રસ કયાંથી છોડયો! આત્માનો રસ આવ્યા વિના, રાગનો રસ છૂટે નહીં. આહા...હા! અને એ આત્માનો રસ ત્યારે આવે કે તે તે સમયના પરિણામ ત્યાં ત્યાં થાય, થઈ ગ્યા તે હવે ન થાય, નથી થ્યા તે તે સમયે થાય. તે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યના તે તે ગુણનાં પરિણામોનો છેછેછેછેછે પ્રવાહ એ દ્રવ્ય. એક જ પર્યાયમાં ત્રણ્ય લાગુ કર્યાં. એ તો પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વર્ત્ય – 'સમયસાર' (ગાથા–૭૬, ૭૭, ૭૮, ૭૯) માં કહ્યું છે ને....! આ 'પ્રવચનસાર' માં (આ કહ્યું) જે સમયના જે પરિણામ થાય તે પ્રાપ્ય છે. અને પૂર્વની અપેક્ષાએ અને બદલીને થ્યું માટે વિકાર્ય છે તો એનું એ. અને ઊપજયું તે અપેક્ષાએ નિર્વર્ત્ય તેને કહ્યું. આહા...હા! ગજબ વાત છે!! સત્યનું જાહેરપણું – પ્રસિદ્ધિપણું ઓહોહોહો!! અહીંયાં પણ એ કહ્યું **"ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે."** આહા...હા!

(કહે છે કેઃ) જયાં આ પર્યાય ઉત્પન્નનો કાળ છે. અને પછી પણ ઉત્પન્નનો કાળ થશે તેને કાળ થશે. અને ઉત્પન્નકાળ થઈ ગયો તે સમય તો ગયો. અને છેછે એની અપેક્ષાએ ધ્રૌવ્ય. એમાં વર્તતું દ્રવ્ય એ દ્રવ્યની દૃષ્ટિ થતાં તેને તે લક્ષણપણાનો નિર્ણય સાચો થાય છે. આહા...હા! આવું છે.

**ભાવાર્થ :–** ભાવાર્થ (છે) જે ઓલી ભાષા આકરી હોય ને ટીકાની. ભાવાર્થમાં સાદી ભાષા હોય. ભાવાર્થ :– **"દરેક દ્રવ્ય સદાય સ્વભાવમાં રહે છે."** દરેક દ્રવ્ય એટલે વસ્તુ સ્વભાવમાં જ સદાય સ્વભાવમાં રહે છે. **"તેથી તે સત્ છે."** દ્રવ્ય છે. **"તે સ્વભાવ ઉત્પાદવ્યયધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે."** આહા! તે સત્ દ્રવ્ય **उत्पादव्ययध्रौव्ययुक्तम् सत्** (–તત્ત્વાર્થ સૂત્ર અ. ૫. સૂ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૨૦) **सद्द्रव्यलक्षणम्** (તત્ત્વાર્થસૂત્ર અ. ૫. સૂ. ૨૯) બે સૂત્ર આવે છે ને...! બાકી તો આત્મામાં અનંતગુણમાં એક ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય નામનો ગુણ પણ છે. આહા...હા! આત્મામાં ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્ય નામનો ગુણ છે. [**ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે એવી ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વશકિત–૧૭**] કે જેથી તેને તે તે સમયના તે પર્યાય,ઉત્પન્ન થાય. એ ગુણને લઈને ગુણનો ધરનાર દ્રવ્ય એની દૃષ્ટિ થઈ તેને થાય. એ ઉત્પાદ કરવા પડે નહીં. આહા...હા! આવી વાત છે. **"તે સ્વભાવ ઉત્પાદવ્યયધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે."** એ પરિણામ છે હોં ઈ. **"જેમ દ્રવ્યના વિસ્તારનો નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે."** ઓલી વાત જુદી હતી ભાઈ! સમાનજાતીય, અસમાનજાતીય (ની હતી) આ બીજી વાત છે. ત્યાં તો દ્રવ્યની સીધી પર્યાય ન બતાવતાં વિભાવપર્યાય સમાનજાતીયમાં પરમાણુ–પરમાણુ અને અસમાનજાતીયમાં જીવ ને જડની. ઈ પણ પર્યાયના પ્રકાર બતાવ્યા દ્રવ્યપર્યાયના. અને પછી ગુણપર્યાયના બે ભેદ સ્વભાવ, વિભાવ (કહ્યા હતા) એ જુદી શૈલી છે. આ જુદી વાત છે. અહીંયાં તો અંતર જે સમયે જે પરિણામ થાય તે પરિણામ તેનો ઉત્પાદનો કાળ હતો. અને પછી પણ જે પરિણામ થાય તે તે તેના ઉત્પાદના કાળે થાય. અને (પરિણામ) ગયા તે તેના ઉત્પાદના કાળે હતા તે ગયા. એ અપેક્ષાએ એક એક પરિણામને પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ, પોતાની અપેક્ષાએ ઉત્પન્ન અને છેછેછેછે એ અપેક્ષાએ ધ્રૌવ્ય. આહા...હા! વીતરાગ મારગ!! જેના ફળ બાપા ભવના અંત! આહા...હા! એ ચોરાશીના ભવનો અંત ભાઈ! ભવના અંત જેમાં છે. એ ત્રણલક્ષણ પદ્ધતિમાં વર્તતું દ્રવ્ય, એનો સ્વીકાર થતાં ત્યાં ભવનો અંત આવે છે. આહા...હા! મોક્ષની પર્યાય શરૂ થાય છે એટલે ઈ પણ સમ્યગ્દર્શન પણ મુકતની પર્યાય છે. મુકતવસ્તુ છે ભગવાન પ્રભુ! મુકતસ્વરૂપ એની એ પર્યાય છે. આહા...હા! પૂરણ મુકત તો કેવળજ્ઞાન થઈ જાય. પણ અહીંયાં (આત્મા) મુકતસ્વરૂપ છે તો મુકતની પર્યાય થાય છે. આહા...હા! જયાં અજોગગુણનો અંશ પણ મુકત થાય છે. તો ભગવાન તો અજોગગુણે મુકત છે. તો એનો પણ અંશ વ્યકતમાં મુકત થાય જ તે. ત્યારે તેણે મુકતને જાણ્યું ને માણ્યું કહેવાય. જાણ્યું–માણ્યું કયારે કહેવાય? કે મુકતસ્વરૂપ જ છે પણ મુકતની પર્યાય પ્રગટી ત્યારે કહેવાય.

(અહીંયાં કહે છે કે:) **"તેમ દ્રવ્યના પ્રવાહનો નાનામાં નાનો અંશ તે પરિણામ છે."** જેમ વિસ્તારનો નાનામાં નાનો અંશ છે તે પ્રદેશ છે. વિસ્તારક્રમ છે તેમ દ્રવ્યનો નાનામાં નાનો અંશ તે પરિણામ – પ્રવાહક્રમ (છે.) **"દરેક પરિણામ સ્વ–કાળમાં પોતાના રૂપે ઊપજે છે."** આ આકરું પડે છે ને...! **(ક્રમબદ્ધ).**

વિશેષ કહેવાશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૧૩–૬–૭૯.

'પ્રવચનસાર' ૯૯ ગાથા.

ભાવાર્થ :– થોડું'ક ચાલ્યું છે. ફરીને (લઈએ.)

(અહીંયાં કહે છે કે:) **"દરેક દ્રવ્ય."** એટલે છએ દ્રવ્ય આવ્યા. દરેક દ્રવ્ય એટલે બધા દ્રવ્ય આવ્યા. અનંત – આત્માઓ અનંત, પરમાણુઓ અનંત, અસંખ્ય કાલાણુ (એક) ધર્માસ્તિકાય, (એક) અધર્માસ્તિકાય, (એક) આકાશ. એક વાત.(હવે બીજી વાત) **"સદાય સ્વભાવમાં રહે છે"** તે દ્રવ્યો સદાય (પોતપોતાના) સ્વભાવમાં રહે છે. **"તેથી તે સત્ છે."** (તે દ્રવ્ય છે – અસ્તિત્વ છે). **"તે સ્વભાવ ઉત્પાદ–વ્યયધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે."** તે સ્વભાવ છે, તેમાં એ (ત્રિલક્ષણ)સ્વભાવ છે. કેટલું સ્પષ્ટ છે! દરેક દ્રવ્ય પોતાના સ્વભાવમાં છે અને સ્વભાવ ઉત્પાદવ્યયધ્રૌવ્ય (સ્વરૂપ) છે. એટલે કે તે દ્રવ્ય તેના સ્વભાવમાં ઉત્પન્નને કાળે પર્યાય ઉત્પન્ન થાય. દ્રવ્ય નહીં. દ્રવ્ય ઉત્પન્ન થાય જ નહીં. દ્રવ્યનો જે સ્વભાવ ઉત્પાદવ્યયધ્રૌવ્ય, એમાં એ પોતે દ્રવ્ય વર્તે છે, કે દ્રવ્ય ઉત્પાદને કરે છે. આ તો કરમને લઈને પર્યાય થાય એ વાત આમાં રહેતી નથી. **(શ્રોતા:)** આવે છે ને શાસ્ત્રમાં? **(ઉત્તર:)** એ તો કથન (છે) નિમિત્તનું જ્ઞાન કરાવવા. શ્વેતાંબરમાં તો એકલી કર્મથી જ બધી વાતું. અહીંયાં તો વાડામાં તો ઈ થઈ ગ્યું છે. આહા...હા!

અહીંયાં કહે છે કે : દરેક દ્રવ્ય, સિદ્ધાંત ને વસ્તુસ્થિત છે. તે દ્રવ્ય સદાય પોતાના સ્વભાવમાં રહે છે. કોઈની (બીજા દ્રવ્યની) પર્યાયમાં કે ગુણમાં જતું નથી. આહા...હા! એ સ્વભાવ **"ઉત્પાદ"** તો દરેક દ્રવ્ય, પોતાની વર્તમાન પર્યાયના ઉત્પાદમાં એનો સ્વભાવ છે માટે ઉત્પન્ન થાય છે. એના ઉત્પન્ન (થવા) માટે, બીજા દ્રવ્યના સ્વભાવની એને જરૂર નથી. તેમ બીજું દ્રવ્ય પણ (પોતાના) સ્વભાવથી(પોતાના) ઉત્પાદવ્યયમાં છે. કરમ જે છે જડ, એ પણ પરમાણુદ્રવ્ય છે ને એ દ્રવ્ય ઉત્પાદવ્યયધ્રૌવ્ય સ્વભાવમાં છે (વળી) સ્વભાવ છે ઉત્પાદવ્યયધ્રૌવ્ય (સ્વરૂપ). એટલે (પરમાણુ) કરમ પણ તેની પર્યાયમાં ઉત્પન્ન થાય છે, પૂર્વની પર્યાય વ્યય થાય છે, કાયમ રહેવાની અપેક્ષાએ ધ્રૌવ્ય છે. પર્યાય પણ (ધ્રૌવ્ય) હોં! આહા...! હવે કરમ પણ જ્યારે પોતાના સ્વભાવમાં ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્યમાં વર્તે, એ આત્માને વિકાર કરાવે એ વાત ક્યાં રહી? (છે જ નહીં) . મોટો વાંધો આ અત્યારે. સંપ્રદાયમાં (આવી જ માન્યતા) અહીંયાં તો ના પાડે છે. સ્વભાવ **"ઉત્પાદ."** એક સમયમાં તે દ્રવ્યનો સ્વભાવ ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય. તે સમયમાં એ તેના પરિણામ છે. એ ત્રણ્ય પરિણામ છે. આહા...હા! ભેદ થ્યાને ત્રણ. ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય દ્રવ્યના એ ત્રણ્ય પરિણામ છે. આહાહા!

(અહીંયાં કહે છે કે:) **"જેમ દ્રવ્યના વિસ્તારનો નાનામાં નાનો અંશ."** વસ્તુ છે જેટલી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પહોળી, એના જે પ્રદેશો છે. એનો નાનામાં નાનો અંશ એટલે જે પ્રદેશ છે એનો નાનામાં નાનો ભાગ. ગમે તે (દ્રવ્ય) હો, અનંત(પ્રદેશી) હો કેઅસંખ્ય (પ્રદેશી) હો. પણ એ દ્રવ્યનો જે વિસ્તાર – આમ પહોળાઈ છે. એનો નાનામાં નાનો અંશ **"તે પ્રદેશ છે." "તેમ દ્રવ્યના પ્રવાહનો નાનાંમાં નાનો અંશ તે પરિણામ છે."** આહા...હા! કેટલી ગાથા ચોખ્ખી છે!! છતાં ગરબડ આવી હાલે!! વિકાર પણ ઉત્પાદપણે દ્રવ્ય પોતે કરે એ એનો સ્વભાવ છે. એય અહીંયાં તો સ્વભાવ કીધો પંડિતજી! વિકાર સ્વભાવ? ન્યાં ઈ વાંધા આવ્યા'તા ને ૧૩ ની સાલમાં. વર્ણીજીની હારે.(વર્ણીજી કહે) 'વિકાર કર્મ વિના થાય તો તો ઈ (આત્માનો) સ્વભાવ થઈ જશે.' આપણે ય આમાં આવ્યું'તું દ્રવ્યઆસ્રવ વિના ભાવઆસ્રવ થાય નહીં. સવારમાં. (એ તો) જડ–જડ, જડ હોય નિમિત્ત તરીકે. એના વિના ભાવઆસ્રવ થાય નહીં. (પણ) ઈ તો નિમિત્તનું ફક્ત જ્ઞાન કરાવ્યું છે. થાય છે તો પોતાના ઉત્પાદવ્યયધ્રૌવ્ય (સ્વભાવથી) દ્રવ્ય પોતાના સ્વભાવમાં છે. એ સ્વભાવ ઉત્પાદવ્યયધ્રૌવ્ય (સ્વરૂપ) છે, અને તે ઉત્પાદ તે સમયનો જે થાય એ સમયનો (છે) તે થાય. ઓહોહોહો. **(શ્રોતાઃ)** અનેકાંત આવ્યું? **(ઉત્તરઃ)** અનેકાંત આવ્યું ને...! બીજે–આડે–અવળે ન થાય. બીજાથી ન થાય. આઘે–પીછે ન થાય. ઈ અનેકાંત છે. આવી વાત છે.' આહા...હા! આચાર્યોએ! દિગંબર સંતોએ! પરમસત્‌ને સમાજની પાસે મૂકવામાં પાછી પાની રાખી નથી. કે આવી વાત કરીશું તો દુનિયાને બેસશે કે કેમ! **(શ્રોતાઃ)** મુનિઓને સમાજની શું પડી છે! **(ઉત્તરઃ)** કોઈની દરકાર નથી. વસ્તુની સ્થિતિ છે એ પ્રમાણે પ્રસિદ્ધ કરી છે. આહા...હા!

(કહે છે) જૈનમાં લાકડું આ. કરમને લઈને થાય. કરમ વિના થઈ જાય (વિકાર) તો સ્વભાવ થઈ જાય, અહીંયાં તો કહે છે કે ઈ ઉત્પાદવ્યયધ્રૌવ્ય (સ્વભાવ જ છે) વિકાર પણ લેવો હોં, એકલો અવિકાર નહીં. ઉત્પાદમાં વિકારી, અવિકારી પર્યાય (છે) એવા ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય તે (દ્રવ્યનો) સ્વભાવ છે. લ્યો! અહીં તો સ્વભાવ કીધો ભાઈ! વિકારને સ્વભાવ કીધો! આહા...હા! **स्वस्य भवनम् स्वभावः** – પોતાની પર્યાયમાં થાય માટે તે સ્વભાવ છે. બહુ અત્યારે! પંડિતોમાં વાંધો બધો! એક વળી હુકમીચંદજી નીકળ્યા. હેં બિચારા! વળી શરીરે ઠેકાણું નહીં. એક નીકળ્યો એક પંડિતમાં! હુશિયાર! સત્ય વાતને પ્રસિદ્ધ કરવામાં. જ્ઞાનચંદજી છે. આહા...હા!

શું કીધું? **"ઉત્પાદવ્યયધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે."** પહેલાં (કહ્યું) દ્રવ્ય છે ઈ સ્વભાવમાં છે. સ્વભાવ તેનો ઉત્પાદવ્યય ને ધ્રૌવ્ય છે. આહા...! તે ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય તેના પરિણામ છે. દ્રવ્ય ઉત્પન્ન થતું નથી, દ્રવ્ય વ્યય થતું નથી, દ્રવ્ય ધ્રુવ રહેતું નથી. આહા...હા...હા...હા! ઈ દ્રવ્યના ત્રણ્ય પરિણામ છે. ઉત્પન્ન થવામાં પરિણામ, વ્યય થવામાં પરિણામ અને ધ્રૌવ્ય રહેવામાં (પરિણામ) ત્રણ્ય ભાગ પાડયા ને...! આહા...હા! એ પરિણામ છે. **"જેમ દ્રવ્યના વિસ્તારનો નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે."** આકાશમાં કે જીવમાંનો અસંખ્ય પ્રદેશમાંથી એક પ્રદેશ (છે.) **"તેમ દ્રવ્યના પ્રવાહનો."** આહા...હા! જે દ્રવ્યનો સ્વભાવ – ઉત્પાદવ્યયધ્રૌવ્ય – તેમાં તે દ્રવ્ય (વર્તે છે)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રવાહક્રમમાં તેની જે પર્યાય થવાની છે તે પ્રવાહનો **"નાનામાં નાનો અંશ તે પરિણામ છે."** ચાહે તો જીવમાં વિકારી–મિથ્યાત્વ(ભાવ) થાય, તો પણ તે ઉત્પાદ તેનો દ્રવ્યનો સ્વભાવ છે. સ્વભાવ તે ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય છે. મિથ્યાત્વ પણ એનો સ્વભાવ છે એમ કીધું (છે.) આહા...હા...હા! વસ્તુ જે છે – દરેક દ્રવ્ય, ભગવાને, જિનેશ્વરદેવે જે જોયાં. કે દરેક દ્રવ્ય–વસ્તુ પોતાના સ્વભાવમાં છે. (એ વસ્તુ) પરને અડતી નથી, પર (એને) અડી નથી. અને પોતાનો જે સ્વભાવ છે (એ) ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય(સ્વરૂપ) છે. કેમ કે ઉત્પાદવ્યયધ્રૌવ્ય તે સત્ ને સત્ તે દ્રવ્ય (છે.) આહા...હા! આવી વાત ને... ક્યાં નવરાશ હવે, સત્‌નો નિર્ણય શું? વાસ્તવિક સ્વભાવનો.

કહે છે કે : તે દ્રવ્ય જે છે આત્મા, તેનો પ્રવાહ એટલે પર્યાયનો પ્રવાહક્રમ, જે પ્રવાહના ક્રમમાં જે પર્યાય આવવાની છે તે જ આવશે. આડી–અવળી પર્યાય નહીં થાય. અને તે પ્રવાહના ઉત્પાદમાં દ્રવ્ય આવશે. દ્રવ્યને લઈને ઉત્પાદ છે. આહા...હા! કર્મને લઈને અને શરીરને લઈને આત્મામાં મિથ્યાત્વનો ઉત્પાદ નથી, કર્મને લઈને એ ઉત્પાદ નથી. એમ કહે છે. આહા...હા! રાગ ને દ્વેષ તે પ્રવાહક્રમમાં જીવના પરિણામ થાય તે તેનો સ્વભાવ છે. એ ઉત્પાદવ્યય ને ધ્રૌવ્ય એનો સ્વભાવ છે ને સ્વભાવમાં સદાય દ્રવ્ય રહેલું છે. આહા...હા! તે આત્માથી મિથ્યાત્વ ને રાગદ્વેષ થાય છે. કરમથી નહીં. આહા...! આકરું કામ છે. લોકોને આવું સત્ય સાંભળવા ય મળે નહીં. બિચારા ક્યાં ક્યાંય (રખડે છે.!) કરમ કરે.... કરમ કરે.... વિકાર કરે ઈ કરમ કરે, આપણો આત્મા કર્મ કરે ને કરમને ભોગવે. આમ ભગવાન ના પાડે છે. બીજા દ્રવ્યના પરિણામ, બીજા દ્રવ્યના પરિણામને કરે, એમ વસ્તુના સ્વરૂપમાં નથી. આહા...હા!

(કહે છે કે :) ત્યારે (દરેક દ્રવ્યનું) સ્વરૂપ શું છે? દરેક દ્રવ્ય પોતાના સ્વભાવમાં છે. આત્મામાં (લ્યો ને) એક નિગોદનો જીવ. લસણ, ડુંગળી, (આદિ કંદમૂળમાં) એક અંગુલના અસંખ્ય ભાગમાં અનંત આત્માઓ ત્યાં (છે.) અને તેની હારે તૈજસ ને કાર્માણ એક એક જીવને બબ્બે શરીર (છે.) તે નિગોદનો જીવ પણ – દરેક દ્રવ્ય આવ્યું ને તો – એના પોતાના મિથ્યાત્વના ભાવ, ઉત્પાદવ્યયધ્રૌવ્ય, એના સ્વભાવમાં આત્મા, (તેથી) તે દ્રવ્યનો સ્વભાવ તે ઉત્પાદ તે સમયનો, કાળક્રમમાં જે પર્યાય થવાનો તે તેના પ્રવાહક્રમમાં તે મિથ્યાત્વ (તેના) દ્રવ્યને લઈને છે. આહા...હા! આકરી વાતું! રાગ–દયા, દાન, વ્રત, ભકિત (આદિ) ના પરિણામ તે રાગ, શુભરાગ છે. એને ધર્મ માનવો (મિથ્યાત્વ છે) અને (માનનાર) મિથ્યાદષ્ટિ છે. આહા...હા! એ મિથ્યાદષ્ટિપણું જીવના દ્રવ્યનો સ્વભાવ છે. આહા....હા...હા...હા! આ...રે! કો'ભાઈ! આવી વાતું સાંભળવી મુશ્કેલ પડે બાપા! ત્રણલોકના નાથ, જિનેશ્વરદેવ, સર્વજ્ઞ પ્રભુ એની આ વાણી છે!! આહા...હા! ન્યાયથી આમ બેસી જાય એવી (વાત) છે. પણ જયારે સાંભળવા મળે ત્યારે...ને! અભવીને પણ જે મિથ્યાત્વનો ઉદય થાય છે, તે અભવીનો જીવ પણ પોતે સદાય પોતાના સ્વભાવમાં છે અને એનો સ્વભાવ તે ઉત્પાદવ્યય ને ધ્રૌવ્ય છે. તો જે મિથ્યાત્વના ઉત્પાદમાં આવે છે ઈ દ્રવ્યના પ્રવાહક્રમમાં પરિણામમાં દ્રવ્ય આવે છે. આહા....હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(કહે છે કે:) ઘણા એમ કહે છે 'એકેન્દ્રિય–નિગોદના જીવ છે એને કરમનું જોર છે. મનુષ્ય થ્યો–પછી બહાર આવ્યો પછી જોર ઓછું છે એ વાતની અહીં ભગવાન ના પાડે છે. હેં ! આહા...હા...હા! કેમ કે દરેક દ્રવ્ય – ભગવાને અનંત દ્રવ્ય જોયાં. (તેમાં) અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ – છ દ્રવ્ય (છે). જાતિએ છ ને સંખ્યાએ અનંત (છે). દરેક દ્રવ્ય એક સમયમાં પોતાના સ્વભાવમાં વર્તે છે. અને એનો સ્વભાવ તે ઉત્પાદવ્યયધ્રૌવ્ય (સ્વરૂપ) છે. એથી તેને પ્રવાહક્રમમાં જે પરિણામ થવાના છે (જે) જે થવાના છે તે પરિણામ તે સમયમાં પ્રવાહક્રમમાં આવે. એ દ્રવ્યનો ઉત્પાદ છે ત્યાં, દ્રવ્યનું પરિણામ છે, દ્રવ્યનાં પરિણામ છે. આહા...હા...હા! જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાન રોકાણું, દર્શનમોહનીયને લઈને સમકિત રોકાણું. અરે, બધી વાતું ખોટી. અરે...રે! વીતરાગ ત્રિલોકનાથ! દ્રવ્યની સ્વતંત્રતા (નો) આમાં ઢંઢેરો પીટે છે. કે જે દ્રવ્ય છે તેને પહેલે સમયે વિકાર મંદ હતો અને બીજે સમયે તીવ્ર આવ્યો. તો કહે છે કે કેમ આવ્યો? કે પ્રવાહક્રમમાં તે પરિણામ તેને, તે દ્રવ્યમાં ઊપજવાના તે પરિણામ હતા. આહા...હા! સમજાણું કાંઈ? ભાઈ! આવી ચીજ છે. દુનિયાને આકરી પડે આખી. કંઈ નિર્ણયના ઠેકાણા ન મળે. આહા...હા! ભક્તિનો ભાવ જે સમયે આવવાનો છે તે સમયે ઉત્પાદ તરીકે (થવાનો જ) તેનો સ્વભાવ છે ઉત્પાદવ્યયધ્રૌવ્ય તેથી તે સમયે પ્રવાહક્રમમાં ઉત્પાદ આવશે. આહા...હા! સમજાણું કાંઈ?

(અહીંયાં કહે છે કે:) તે **"દરેક પરિણામ સ્વ–કાળમાં પોતાના રૂપે ઊપજે છે."** દરેક પરિણામ (દ્રવ્યના) પછી તે મિથ્યાત્વના (હોય) કેવળજ્ઞાનના (હોય) સમકિતના (હોય). આહા...હા! ચારિત્રના (હોય). એ સમકિતના પરિણામ ઉત્પાદરૂપે તેના પ્રવાહક્રમમાં જયારે આવવાના છે તો તે દ્રવ્ય તે પરિણામરૂપે ઊપજે છે. એ કર્મને લઈને (કર્મના અભાવથી) ત્યાં સમકિત પામ્યો, કે ગુરુ (પાસેથી) દેશના સાંભળી માટે પામ્યો, એમ નથી. એમ અહીંયાં કહે છે. એ પ્રવાહક્રમમાં એ સમકિતની પર્યાયના પરિણામ આવવાના (હતા તે આવે છે). એ ઉત્પાદ દ્રવ્યનો છે. અને (ઉત્પાદવ્યયધ્રૌવ્ય) ત્રણ પરિણામ થઈને (તે) દ્રવ્યનો સ્વભાવ છે. અને તે દ્રવ્ય તે સ્વભાવમાં વર્તે છે. આહા...હા...હા! ભાષા તો ચોખ્ખી છે બાપુ! પણ મારગ (ફેરવી નાખ્યો) અત્યારે તો કરમને લઈને વિકાર થાય. કરમને લઈને વિકાર થાય (એ વાત જ માંડી છે) પ્રભુ અહીં (એની) ના પાડે છે. આહા...હા! **(શ્રોતા:)** એની કોર હા પાડે છે તો અહીંયાં (પ્રભુ) તો ના પાડે જ ને...! **(ઉત્તર:)** હેં ! પણ ચોખ્ખી ચાલી છે વાત. વર્ણીજીની હારે ચોખ્ખી ચાલી'તી વીસ વરસ પહેલાં. 'કર્મને લઈને જ વિકાર થાય નહિતર વિકાર સ્વભાવ થઈ જશે' (એણે) એમ કહ્યું. અહીંયાં તો (કહ્યું) વિકાર પોતાથી–ષટ્કારકથી પરિણમનથી થાય. 'પંચાસ્તિકાય' ની ૬૨ ગાથા. **{कम्मं वि सगं कुव्वदि सेण सहावेण सम्ममपाणं । जीवो वि य तारिसओ कम्मसहावेण भावेण ॥६२॥}** (અન્વયાર્થ :– કર્મ પણ પોતાના સ્વભાવથી પોતાને કરે છે અને તેવો જીવ પણ કર્મસ્વભાવ ભાવથી (–ઓદયિકાદિ ભાવથી) બરાબર પોતાને કરે છે). ઘણા પંડિતો હતા, બધા હતા. બંસીધરજી, ફૂલચંદજી, કૈલાસચંદજી બધા હતા. જે સમયમાં એનો વિકાર થવાનો, તે સમય તે વિકારનાં પરિણામ તે દ્રવ્યે કર્યા છે. એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણામ (એ) દ્રવ્યના છે. કર્મને લઈને નહીં. કર્મ પરદ્રવ્ય છે. એ કર્મ(ને) પણ તેના પ્રવાહક્રમમાં જે પરિણામ આવવાના એ ઉત્પાદવ્યયધ્રૌવ્ય સ્વભાવમાં એ પરમાણુઓ છે. કર્મના (જે) પરમાણુઓ છે એ પરમાણુઓ કર્મના પરિણામપણે આવ્યા છે. આહા...હા!

(કહે છે:) જ્ઞાનાવરણીયપણે પરિણમે છે (કર્મના) પરમાણુ, તે સમયે તે પરમાણુના તે પર્યાયપણે – ઉત્પાદપણે થવાનો તેનો સ્વભાવ છે. આહા...હા! આવી વાતું છે. **"દરેક પરિણામ સ્વ–કાળમાં"** સ્વ–કાળમાં છે ને....! પરિણામ સ્વકાળે જ ઊપજે છે. જે સમયે જે તેના પરિણામ થવાના તે જ થાય છે, આઘા–પાછા નહીં. આહા...હા...હા! કેમ કે ઉત્પાદ, પ્રવાહક્રમમાં એનો જે સમય આવે છે ત્યારે તે સમયના તે પરિણામ પોતાથી ઊપજે છે. એને કર્મની ને પરની અપેક્ષા છે નહીં. આહા..હા! એમ અજ્ઞાનીએ રાગદ્વેષ કર્યા – થ્યા. એ પોતાના પરિણામથી થ્યા. અને એ વખતે કર્મ બંધાણું. એ કર્મના પરમાણુઓ તેના કર્મરૂપે (પૂર્વની અવસ્થા) વ્યય થઈને પરિણમ્યા તેથી તે કર્મ બંધાણું છે. અહીંયાં રાગદ્વેષ થ્યા માટે કર્મ બંધાણું છે એમ નથી. આહા...હા! આવી વાતું હવે! **(શ્રોતા:)** એમ ને એમ ઉપરથી અધ્ધરથી કંઈ કર્મ બંધાય....! **(ઉત્તર:)** એ વાત જ નથી. એ પ્રશ્ન કર્યો'તો ત્યાં મૂળશંકર (દેશાઈ) એ ત્યાં રાજકોટમાં. એમ કે (જીવ) રાગ ન કરે તો કયાં કર્મ બંધાય? એમ પ્રશ્ન કર્યો હતો. પણ ઈ પ્રશ્ન જ આંહી નથી. મૂળ, તત્ત્વની દૃષ્ટિની આખી ખબર નહીં. આહા...હા!

(કહે છે કે :) અહીંયાં રાગ થાય છે. એ પણ પોતાના ઉત્પાદનો–પરિણામનો કાળ છે. માટે દ્રવ્ય તે રાગપણે પરિણમે છે. એક વાત. (હવે બીજી વાત) અને સામે જ્યાં ચારિત્રમોહના પરિણામપણે (કર્મ) બંધાય. એ પરમાણુઓ પણ તે ચારિત્રમોહની પર્યાયપણે ઉત્પન્ન થાય એવો એનો સ્વભાવ છે. ઈ સ્વભાવમાં ઈ પરમાણુઓ રહ્યા છે. એ પરમાણુઓ એના ઉત્પાદવ્યયધ્રૌવ્ય (સ્વભાવમાં) રહ્યા છે. એ મિથ્યાત્વના – દર્શનમોહના જે પરિણામ થ્યાં એ પરિણામ તે પરમાણુઓએ ઉત્પન્ન કર્યાં છે. અને (જીવે) રાગદ્વેષ – મિથ્યાત્વ સેવ્યું માટે દર્શનમોહ(રૂપે પરમાણુઓ) થ્યાં છે એમ નથી. આવું છે!! આહા...હા! વીતરાગ સિવાય આવી વાત કયાં છે? શ્વેતાંબરમાં તો એ છે (કર્મથી વિકાર થાય) દિગંબરમાં (પણ) એ છે. પંડિતોય (પોકારે છે) કર્મને લઈને થાય... કર્મને લઈનેથાય. શ્વેતાંબરમાં તો ચોખ્ખી વાત જ ઈ છે (કર્મને લઈને બધું થાય.) આહા...હા! પરદ્રવ્યને લઈને પરદ્રવ્યના પરિણામ થાય! અહીંયાં ભગવાન ના પાડે છે. ત્રણ કાળ, ત્રણ લોકમાં આમ બનતું નથી. દરેક કાળે, દરેક દ્રવ્ય, 'પોતાના સ્વભાવમાં વર્તે છે' અને તે સ્વભાવ તેનો 'સત્ (એટલે) **उत्पादव्ययध्रौव्ययुक्तम् सत्** (છે). તે–પણાના ઉત્પાદપણે તે પર્યાય તેના કાળક્રમે આવી તે, તે–પણાના (ઉત્પાદના) એ દ્રવ્યના પરિણામ છે. દ્રવ્યથી તે પરિણામ ઉત્પન્ન થ્યાં છે. આહા...હા! સમજાય છે?

(જુઓ,) આ ભાષા થાય છે. (તે) ભાષા વર્ગણા (છે). કહે છે કે એ પરમાણુ જે ભાષાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(ભાષાવર્ગણાના) છે. તે (અત્યારે) ભાષા વર્ગણાપણે છે. એ પણ પોતાના ઉત્પાદના કારણે છે. અને પછી ભાષાપણે પરિણમ્યા એ પરમાણુઓનો ઉત્પાદવ્યયધ્રૌવ્ય સ્વભાવ (છે) એમાં એ પરમાણુઓ રહ્યા છે. માટે તેનું તે ભાષાની પર્યાયપણે તે પરમાણુઓ ઉત્પન્ન થયાં છે. ભાષાની પર્યાય આત્માથી થાય છે, કે હોઠથી થાય છે, કે જીભથી થાય છે એમ નથી. આ....રે...આરે! આવી વાતું! આહા...હા! હવે અત્યારે તો ઈ ચાલે છે આખું 'કરમને લઈને વિકાર થાય' અને દયા–દાન ને વ્રતના શુભ પરિણામથી ધરમ–ધરમ થાય. એ (અભિપ્રાય) મિથ્યાત્વ છે. તે પણ મિથ્યાત્વના પરિણામ ઉત્પન્ન થવાના કાળમાં તે દ્રવ્યે ઉત્પન્ન કર્યાં છે. કરમને લઈને નહીં, પરને લઈને નહીં. આહા...હા! આવી વાત છે!! **(શ્રોતાઃ)** અગર ઐસે મિથ્યાત્વ હો તો પરિણામ હો જાવે...**(ઉત્તરઃ)** પરિણામ કીધુંને....! પરિણામ છે. દ્રવ્ય પરિણામપણે આવ્યું તો પરિણામ તે પરિણામનો કાળ તો એક સમયનો જ હોય. અને તે પરિણામને તો સ્વભાવ કીધો છે. મિથ્યાત્વ ને રાગદ્વેષના પરિણામને પણ – તે જ સમયે ઉત્પન્ન થાય તેને ત્યાં – (તે) સ્વભાવ કીધો છે. આહા...! એ સ્વભાવમાં જ દ્રવ્ય રહ્યું છે. આહા...હા...હા! કો' ભાઈ! આવું (તત્ત્વ) (આ) વાત છે!!

(કહે છે કેઃ) (આઠ પ્રકારના કર્મ છે) પ્રભુએ પણ ફરમાન કર્યું છે. અરે, પણ કઈ અપેક્ષાએ કહ્યું ભાઈ બાપુ! જ્ઞાનાવરણીય કર્મ કીધું છે ન્યાં. ઈ તો નિમિત્તનું કથન જણાવ્યું હતું, બાકી જ્ઞાનાવરણીય (કર્મ) થી જ્ઞાન અવરાય છે એ વાત જ જૂઠી છે. એ જ્ઞાન (ગુણ) ની હીણી દશા થવી, તે વખતના તે પરિણામ – ઉત્પાદ થાય, તે દ્રવ્યે જ તે ઉત્પાદ પરિણામ કર્યાં છે. કર્મને લઈને નહીં. જ્ઞાનાવરણીયનો ઉદય થ્યો માટે જ્ઞાનની હીણી દશા થાય છે એમ નથી. એ હીણી દશાના ઉત્પાદના કાળે, તેનો સમય હતો પ્રવાહક્રમમાં, તેથી હીણી દશા થઈ અને દ્રવ્ય પોતે તે જ્ઞાનની હીણીદશા–પણે આવ્યું છે. આહા...હા! સમજાણું કાંઈ? મોટો ગોટો છે અત્યારે (માન્યતામાં). આ બે વાતું આખી. નિમિત્તથી થાય અને વ્રત ને તપ ને ભક્તિ કરવાથી ધરમ થાય. બે ય (માન્યતા) મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ પણ દ્રવ્ય પોતે (એ) પરિણામપણે થાય છે. કોઈએ એને ઉપદેશ આપ્યો (ખોટો) માટે તેને એવા મિથ્યાત્વના પરિણામ થાય છે એમ નથી. આહા...હા! આવું છે!! આમાં કોની હારે ચર્ચા કે વારતા કરવી!!

(અહીંયાં કહે છે કેઃ) **"દરેક પરિણામ સ્વ–કાળમાં પોતાના રૂપે ઊપજે છે."** જોયું? તે તે સમયમાં, તે તે પરિણામ, પોતાપણે ઊપજે છે. પરને લઈને નહીં. વિકાર હો કે અવિકાર હો, સમ્યગ્દર્શનપર્યાય પણ તેના પ્રવાહક્રમમાં આવવાની પર્યાય–તેના ઉત્પાદપણે દ્રવ્ય પોતે ઊપજે છે ત્યાં, દ્રવ્યના એ પરિણામ છે. આહા...! એ પરિણામ એનો સ્વભાવ છે. એમ મિથ્યાત્વ પણ – (આત્મદ્રવ્યને) નથી માનતા(અને) દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાથી ધરમ માનવો એવું જે મિથ્યાત્વ, તે સમય તે મિથ્યાત્વના પરિણામ તેના કાળે તેના પ્રવાહક્રમમાં આવ્યા તે દ્રવ્ય પોતે પરિણામપણે ઊપજ્યું છે. આહા...હા! કર્મથી નહીં. એકેન્દ્રિયને કરમનું જોર છે માટે ત્યાં નિગોદમાં પડયા છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ અહીંયાં(એની) ના પાડે છે. **(શ્રોતાઃ)** આપ ના પાડો છો પણ કહે છે ને **'કમ્મો બળિયો, જીવો બળિયો'** **(ઉત્તરઃ)** ઈ કમ્મો બળિયો (એટલે) રાગ–વિકાર પોતે બળિયો ઈ. વિકારના પરિણામ જે સમયે એકદમ તીવ્ર થવાના, તે પોતાથી થ્યા છે ને તે પોતાનો સ્વભાવ છે અને તે સ્વભાવમાં આત્મા છે. આહા...હા! આવું છે! દુનિયાથી વિરુદ્ધ બહુ! આહા...હા!

**(શ્રોતાઃ)** ભાવનગરના પટ્ટણીસાહેબ પણ એમ કહેતા હતા? **(ઉત્તરઃ)** હા, પટ્ટણી ય એમ કહેતો હતો. પટ્ટણી શું? આનું (તત્ત્વનું) ભાન બિચારાને ! એને શું ભાન? દિવાન હતો ને...! ભાવનગર દરબારનો. વ્યાખ્યાનમાં આવ્યા હતા ૯૩ ની વાત છે, ત્રાણું વરસ કેટલાં થ્યાં? બેતાલીસ વરસ. વ્યાખ્યાનમાં ઘણું માણસ હતું – હજારો માણસ. (અહીં) ગુરુકુળમાં વ્યાખ્યાન હતું. (વ્યાખ્યાન) સાંભળ્યું. પછી ઊભા થઈને ભાષણ કર્યું. પ્રભાશંકર પટ્ટણી(એ). 'કોઈ વખતે કર્મનું જોર હોય ને કોઈ વખતે આત્માનું જોર(હોય)' આહા...હા...હા...હા...હા! કીધું : આને કાંઈ ભાન ન મળે, મોટા દિવાન થઈને ફરે છે ને મૂંઢ ! પ્રભાશંકર પટ્ટણી, ભાવનગર દરબારના દિવાન, વ્યાખ્યાનમાં આવ્યા હતા, વ્યાખ્યાનમાં તો રાજાઓ પણ ઘણા–બહુ આવતા. ભાવનગર દરબાર પણ આવ્યા'તા વ્યાખ્યાનમાં બે–ત્રણ વખત અહીંયાં. ગુજરી ગયા. શ્રીકૃષ્ણકુમાર, એ ય બિચારાને ભાન નહીં. માણસ નરમ. સાંભળતો'તો. મેં તો એટલું કહ્યું ત્યાં એને. 'જે કોઈ માણસ મહિને પાંચ હજાર માંગે એ નાનો માંગણ અને લાખ્ખો જુએ, કરોડ જુએ, માંગે. એ માંગણમાં ય માંગણ, મોટો માંગણ – મોટો ભિખારી છે. માગ–માગ, લાવ, લાવ. ભગવાનમાં અનંત આનંદની લક્ષ્મી પડી છે ત્યાં તો જોતો નથી. આહા...હા! એના તને માહાત્મ્ય આવે ! જગતની (ચીજ) પૈસા તેનું તને માહાત્મય! મરવાનો! આંહી અમારે કયાં અમારી પાસે કયાં પૈસા લેવા છે કાંઈ એની પાસેથી? કે રાજા છે. કરોડની ઊપજ. ભાવનગર (સ્ટેટ) ની કરોડની ઊપજ. એનો દીકરો છે એક. આવ્યો'તો. કીધું ભીખારા છે બધા રાજા ને આ શેઠિયાઓ કરોડોપતિ. શાસ્ત્રમાં પાઠ છે (એવો) **'वराकाः'** કહ્યા છે. વરાકા એટલે રાંકા. પોતાની ચીજ (આત્માની) ની કિંમત ન મળે અને પરની ચીજની કિંમત ટાંકે, કિંમત (એની) ટાંકવા જાય એ ભિખારા–રાંકા છે. આહા...હા! પૈસા જરી પાંચ–પચાસ લાખ મળે, બાયડી જરી સારી મળે, છોકરાં થાય, મકાન કાંઈક પાંચ–પચીસ લાખનું કરે ત્યાં રાજી–રાજી. તે (બધા) ભિખારા(છે.) પરની ચીજને લઈને તને રાજીપો! માંગણ છો! એ વસ્તુ મને મળે તો ઠીક! આહા...હા! એ ભાઈ! અહીંયાં તો પરમાત્મા (કહે છે). દિગંબર સંતો જે કહે છે તે પરમાત્માએ કહ્યું છે. પરમાત્માની સીધી વાણી સાંભળી એમની કુંદકુંદાચાર્યે આઠ દી'. **'ત્યાં અમારી હાજરી હતી, બેનની હાજરી હતી.'** છેવટે રોગ એવો આવ્યો'તો **'આંહી ઊપજવું થઈ ગ્યું'** આહા...હા!

અહીંયાં મહાસિદ્ધાંત... મહાસિદ્ધાંત.... જે સિદ્ધાંત ત્રણ કાળમાં ફરે નહીં કયાંય એકે ય ન્યાય!! આહા...હા!

કહે છે (કોઈ જીવને) પહેલે સમયે ક્રોધ મંદ હતો અને બીજે સમયે તીવ્ર થયો. પણ કંઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્મ નિમિત્ત ખરું કે નહીં? નિમિત્તને લઈને! (જૈન સિદ્ધાંત તત્ત્વમીમાંસા') માં આવ્યું છે. પહેલા કંઈક ક્રોધ હતો અને પછી માન થયું. એ ત્યાં માનનો ઉદય આવે, આવે એટલું. નિમિત્તપણે તો આવે ને...! આ નાંખ્યું છે ભાઈએ ફૂલચંદજીએ (પંડિતજીએ). આવે ભલે. પણ થયા છે પરિણામ પોતાના તે પ્રવાહક્રમમાં. આહા...હા...હા...હા!

આ તો '૯૯' ગાથા. ભગવાન કુંદકુંદાચાર્ય! આહા..હા! દિગંબર સંત! ચાલતા સિદ્ધ!! એનો પોકાર છે જગત પાસે. તમે સાંભળ્યું હોય કે ન સાંભળ્યુંહોય ભલે! 'પણ દરેક દ્રવ્યના જે પરિણામ થવાના તે થાય છે.' આહા...હા! ચાર–પાંચ પરમાણુ બે ગુણ ચીકાશવાળા છે. તે બીજા ચારગુણવાળામાં જાય, ચારગુણવાળા થઈ જાય. કહે છે કે એ તો વ્યવહારના કથન છે. ચાર ગુણની ઉત્પન્ન થવાનો પર્યાયનો તે સમય છે. તેથી એ દ્રવ્ય ચારગુણપણે ઊપજયું છે. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"દરેક પરિણામ સ્વ–કાળમાં પોતાના રૂપે ઊપજે છે, પૂર્વ રૂપથી નાશ પામે છે અને સર્વ પરિણામોમાં એકપ્રવાહપણું હોવાથી દરેક પરિણામ ઉત્પાદવિનાશ વિનાનો એકરૂપ–ધ્રુવ રહે છે."** આહા...હા! એકરૂપ ધ્રુવ રહે છે. ત્રણે ય લીધા. પોતે ઉત્પન્ન થવાની અપેક્ષાએ ઉત્પન્ન (ઉત્પાદ), પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ–વ્યય, અને ધ્રુવ. છેછેછે એ ધ્રુવ. (ધ્રૌવ્ય). એક જ પરિણામમાં ત્રણપણું ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય(પણે) વર્તતું દ્રવ્ય તે પોતાના સ્વભાવમાં, તે દ્રવ્ય પોતાના કારણે વર્તે છે. આહા...હા....! શું સ્વતંત્રતા!! આવી વાત. વીતરાગ! દિગંબર સંત અને દિગંબર સર્વજ્ઞ, એ સિવાય કયાં ય છે નહીં (આ વાત) આહા..હા! વાડાવાળાને ખબર નથી! (આવા તત્ત્વની!).

આહા...હા! (એક સમયમાં) ઉત્પાદ પરિણામ વિનાનું દ્રવ્ય ન હોય, વ્યય પરિણામ વિનાનું દ્રવ્ય ન હોય, ધ્રૌવ્ય પરિણામ વિનાનું દ્રવ્ય ન હોય. આહાહાહા! સમજાણું કાંઈ? કેમ કે તે દ્રવ્ય પોતાના સ્વભાવમાં વર્તે અને ઉત્પાદવ્યયધ્રૌવ્ય સ્વભાવ છે. તે ઉત્પાદપર્યાય પ્રગટ છે તેને ત્રણ્યપણું લાગુ પડે છે. પ્રગટપર્યાયને પોતાની અપેક્ષાએ ઉત્પાદ છે, પરની (પૂર્વની) અપેક્ષાએ વ્યય છે, અને છેછેછેછેછે એ અપેક્ષાએ ધ્રૌવ્ય છે. આ પ્રગટપર્યાયની અપેક્ષાએ (ત્રણપણું છે.) તે તે સમયના, તે તે પર્યાયમાં, ઊપજતું દ્રવ્ય પોતાના સ્વભાવથી, પોતાના સ્વભાવમાં ઊપજે છે. આહા..હા!

(કહે છે) ઓલા–અજ્ઞાનીઓએ ઈશ્વર કર્તા છે એમ ઠરાવ્યું, અને જૈનમાં કર્મ(ને) કર્તા છે એમ ઠરાવ્યું. (કર્તાપણાની માન્યતામાં બન્ને સમાન) કર્મ જડ હવે એને ઈશ્વર ઠરાવ્યો. કરમને લઈને બાપુ રખડવું પડે, કરમને લઈને (આપણને) વિકાર થાય. (આ અભિપ્રાયે) મારી નાખ્યા!! **(શ્રોતા:)** કર્મે વાળ્યો આડો આંક...! **(ઉત્તર:)** કાંઈ નહીં. ભકિતમાં આવે છે ને...! **कर्म बिचारे कौन,भूल मेरी अधिकाइ, अग्नि सहे घनघात, लोहकी संगति पायी** આહા...હા! ભારે વાત!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નવ્વાણુમી ગાથા **(ક્રમબદ્ધની) (શ્રોતાઃ)** બે નવડા...! **(ઉત્તરઃ)** બે નવડા. અફર. અફર બેય!! આહા...હા! અને તે પણ વસ્તુ–આત્મા, પોતાના સ્વભાવમાં વર્તે, સ્વભાવ ઉત્પાદવ્યયધ્રૌવ્ય, અને ઉત્પાદ તે તે સમયનો પ્રવાહક્રમમાં થવાનો તે તે. (આવી વસ્તુસ્થિતિ) એણે હવે જોવાનું કયાં રહ્યું? એણે જોવાનું દ્રવ્ય વડે. જે ઉત્પન્ન થાય તે ઉત્પાદ પરિણામમાં (ગયો) એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ, જોવાની રહી. તે પણ તે સમયના તે પરિણામ દ્રવ્યમાં જોવાના–ઉત્પન્ન પોતે સ્વતંત્ર ઉત્પન્ન દ્રવ્યમાં થાય છે. આહા...હા! મિથ્યાત્વનો વ્યય થયો માટે સમકિતની ઉત્પત્તિ થઈ એમે ય નથી. એમ કહે છે. એ (વાત) હજી આવશે ૧૦૧ (ગાથા) માં. જે પર્યાય, જે સમયે ઉત્પન્ન થઈ, તે ઉત્પાદ ને તેના વ્યય કે ધ્રૌવ્યની જરૂર નથી. આહા...હા...હા! અરે....રે! આવું (તત્ત્વજ્ઞાન) ધરમ વીતરાગનો!! ઓલા–સ્થાનકવાસી કહે કે વ્રત કરો ને દયા પાળો, ક્રિયાકાંડ (કરો) એનું નામ ચારિત્ર. દૃષ્ટિ મિથ્યાત્વ છે ત્યાં ચારિત્ર કયાંથી આવ્યા? શ્વેતાંબરમાં મૂર્તિપૂજા ને ભકિત, જાત્રા ને ધમાલું! આહા..હા!

(અહીંયાં કહે છે કે :) **"દરેક પરિણામ સ્વ–કાળમાં પોતાના રૂપે ઊપજે છે, પૂર્વ રૂપથી નાશ પામે છે અને સર્વ પરિણામોમાં એકપ્રવાહપણું હોવાથી દરેક પરિણામ ઉત્પાદ–વિનાશ વિનાનો એકરૂપ–ધ્રુવ રહે છે."** તે પરિણામ તેને ધ્રુવ રહે છે. જેને ઉત્પન્ન કે વ્યયની અપેક્ષા નથી. છેછેછેછેછે તે સમયનું સત્ તે પર્યાયરૂપેછે. આહા...હા! એ પર્યાયને ત્યાં સત્ કહેવામાં આવે છે, ધ્રુવ કહેવામાં આવે છે. આહા...! પણ એ ધ્રુવને પણ અહીંયાં પરિણામ કીધા છે, ત્રણેય ને પરિણામ કહી અને દ્રવ્ય તે સ્વભાવમાં વર્તે છે, તે પરિણામમાં તે જ દ્રવ્ય વર્તે છે એમ. આહા...હા! વાણિયાને – વેપારીને નવરાશ ન મળે. ધંધા આડે હવે આવી વાતું! કલાક નવરો થાય કે સાંભળવા જાય તો માથે કહે 'જય નારાયણ' થઈ રહ્યું જાવ. આહા...હા! સત્ય શું છે અને અસત્ય શું છે? (તેનો નિર્ણય કરવો જોઈએ.) આહા...હા! અરે! આવી જિંદગી જાય છે. 'એક કોર રામ ને એક કોર ગામ' એટલે વિકલ્પથી માંડીને પર વસ્તુ બધી (એ ગામ) એમાંથી ખસીને દ્રવ્યસ્વભાવમાં જા. (એ રામ). જયાં આતમરામ બિરાજે છે! આહા...હા!

(અહીંયાં કહે છે કેઃ) **"વળી ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યમાં સમયભેદ નથી."** જોયું? ઉત્પાદ પહેલે સમય થાય ને વ્યય બીજે સમયે થાય ને ત્રીજા સમયે ધ્રૌવ્ય રહે એમ નથી. એક જ સમયમાં ત્રણ છે. સેકન્ડના અસંખ્યમા ભાગનો સમય, એમાં એક એક સમયમાં ત્રણ છે. આહા...! નવ્વાણું ગાથા ગજબ છે!! 'ઠરી જાય એવું છે' આહા...! કયાંય બહારમાં એણે જોવાનું છે નહીં. **'પોતે જ ભગવાન! અનંતગુણથી બિરાજમાન છે.' (શ્રોતાઃ)** ઘરનું કામ કેદી' કરવું? **(ઉત્તરઃ)** કોણ કરે? ઘરના. વકીલાતના (કામ) કોણે કર્યા'તા. અભિમાન કર્યા'તા. એ ય પંડિતજી! (આ રામજીભાઈ) મોટા વકીલ હતા. ઓલો એક બીજો નહીં વકીલ, કોણ? સો, બસો રૂપિયા લેતો'તો. હા, ભુલાભાઈ (દેશાઈ) બધા ગપ્પે–ગપ્પ મારનારા. આહા...હા!

(જુઓ,) આ (શરીર) તો અનંત પરમાણુનો પિંડ છે, તેનો છેલ્લો એક પરમાણુ–પોઈન્ટ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે પરમાણુ પોતાના સ્વભાવમાં છે. અને તેનો સ્વભાવ ઉત્પાદવ્યયધ્રૌવ્ય (સ્વરૂપ) છે. અને ઉત્પાદવ્યયધ્રૌવ્ય એ ત્રણેય એક સમયમાં લાગુ પડે છે. તે પરિણામમાં દ્રવ્ય પોતે આવે – પરિણમે છે. એ પરમાણુની આમ ગતિ થાય, કે સ્થિર રહે એમાં (એને) પરની અપેક્ષા છે નહીં. આહા...હા! **(શ્રોતાઃ)** પરની ગતિ લ્યે એવું આપ..... **(ઉત્તરઃ)** આ શું કહે છે ? આવ્યું ને....! ઉત્પાદ સ્વકાળેથાય છે. દ્રવ્ય, (ઉત્પાદવ્યયધ્રૌવ્ય) તેના પરિણામ છે. એને પરની અપેક્ષા નથી. પરદ્રવ્યને લઈને નથી. આહા...હા! આ તો સંતોની વાણી! સૂક્ષ્મ છે!! દિગંબર સંતોની વાણી આહા...! કયાંય છે નહીં. પણ એને સમજવી બહુ કઠણ બહુ વાડામાં જન્મ્યા એને. ઓલો – ઈન્દ્રલાલજી, જયપુર કહેતો કે દિગંબરમાં જન્મ્યા એ બધા સમકિતી (તો) છે. હવે એણે ચારિત્ર લેવા (નું જ બાકી છે). બધા માનનારા આમ – કરમને લઈને થાય ને વ્રતના પરિણામને લઈને ધરમ થાય ને....! માનનારા આવા મિથ્યાદૃષ્ટિ અને અમે જૈનધર્મી – સમકિતી છઈએ (એમ માને.) આહા...હા! શું થાય બાપુ! **(શ્રોતાઃ)** તીર્થંકર બધા સમકિત લઈને જન્મે એટલે એ બધા તીર્થંકરો કહેવાય ને...! **(ઉત્તરઃ)** શું કહે છે? તીર્થંકરો લઈને આવે છે સમકિત. પર્યાય છે ને...! ભગવાન માતાના પેટમાં આવે છે ત્યારે ત્રણ જ્ઞાન ને સમકિત લઈને આવે છે. એ સમકિત પર્યાયનું પરિણામ પોતાના દ્રવ્યને લઈને છે. આહા..હા! ગજબ વાત છે!!

(અહીંયાં કહે છે કેઃ) **''વળી ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યમાં સમયભેદ નથી, ત્રણે ય એક જ સમયે છે.''** આહા...હા! **''આવા ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક પરિણામોની પરંપરામાં.... દ્રવ્ય..... સ્વભાવથી જ....સદાય.... રહેતું હોવાથી.''** સાદી ભાષા કરી નાખી. (ભાવાર્થ છે ને) ઉત્પાદવ્યયધ્રૌવ્ય પરિણામોની પરંપરામાં દ્રવ્ય સ્વભાવથી જ સદાય રહેતું હોવાથી **''દ્રવ્ય પોતે પણ, મોતીના હારની માફક, ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક છે**. આહા...હા! બહુ સરસ!!

વિશેષ કહેશે.....

ॐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો પરસ્પર [૧]અવિનાભાવ દૃઢ કરે છે :–

**ण भवो भंगविहीणो भंगो वा णत्थि संभवविहीणो ।**
**उप्पादो वि य भंगो ण विणा धोव्वेण अत्थेण ॥१००॥**

**न भवो भंगविहीनो भंगो वा नास्ति संभवविहीनः ।**
**उत्पादोऽपि च भंगो न बिना ध्रौव्येणार्थेन ॥१००॥**

**ઉત્પાદ ભંગ વિના નહિ, સંહાર સર્ગ વિના નહિ;**
**ઉત્પાદ તેમ જ ભંગ, ધ્રૌવ્ય–પદાર્થ વિણ વર્તે નહિ. ૧૦૦.**

## ગાથા ૧૦૦

અન્વયાર્થ :– (**भवः**) ઉત્પાદ (**भंगविहीनः**) [૨] ભંગ વિનાનો (**न**) હોતો નથી (**वा**) અને (**भंगः**) ભંગ (**संभवविहीनः**) ઉત્પાદ વિનાનો (**नास्ति**) હોતો નથી; (**उत्पादः**) ઉત્પાદ, (**अपि च**)તેમ જ (**भंगः**) ભંગ (**ध्रौव्येण अर्थेन विना**) ધ્રૌવ્ય પદાર્થ વિના (**न**) હોતા નથી.

ટીકા :– ખરેખર [૩]સર્ગ [૪]સંહાર વિના હોતો નથી અને સંહાર સર્ગ વિના હોતો નથી; [૫] સૃષ્ટિ અને સંહાર [૬]સ્થિતિ વિના હોતાં નથી, સ્થિતિ સર્ગ અને સંહાર વિના હોતી નથી.

જે સર્ગ છે તે જ સંહાર છે, જે સંહાર છે તે જ સર્ગ છે; જે સર્ગ ને સંહાર છે તે જ સ્થિતિ છે, જે સ્થિતિ છે તે જ સર્ગ ને સંહાર છે. તે આ પ્રમાણે : જે કુંભનો સર્ગ છે તે જ [૭] મૃત્તિકાપિંડનો સંહાર છે, કારણ કે ભાવનું ભાવાન્તરના અભાવસ્વભાવે અવભાસન છે (અર્થાત્ ભાવ અન્યભાવના અભાવરૂપ સ્વભાવે પ્રકાશે છે–દેખાય છે.) વળી જે મૃત્તિકાપિંડનો સંહાર છે તે જ કુંભનો સર્ગ છે, કારણ કે અભાવનું ભાવાન્તરના ભાવસ્વભાવે અવભાસન છે (અર્થાત્ નાશ અન્યભાવના ઉત્પાદરૂપ સ્વભાવે પ્રકાશે છે). વળી જે કુંભનો સર્ગ અને પિંડનો સંહાર છે તે જ મૃત્તિકાની સ્થિતિ છે, કારણ કે [૮]વ્યતિરેકો અન્વયને અતિક્રમતા (ઓળંગતા, છોડતા) નથી. વળી જે મૃત્તિકાની સ્થિતિ છે તે જ કુંભનો સર્ગ અને પિંડનો સંહાર છે, કારણ કે વ્યતિરેકો દ્વારા જ [૯]અન્વય પ્રકાશે છે.

અને જો આમ જ (–ઉપર સમજાવ્યું તેમ જ) ન માનવામાં આવે તો 'અન્ય સર્ગ છે, અન્ય સંહાર છે, અન્ય સ્થિતિ' છે એવું આવે છે (અર્થાત્ ત્રણે જુદાં છે એવું માનવાનો પ્રસંગ આવે છે.) એમ થતાં (શા દોષો આવે તે સમજાવવામાં આવે છે):

કેવળ સર્ગ શોધનાર કુંભની(–વ્યય અને ધ્રૌવ્યથી જુદો એકલો ઉત્પાદ કરવા જનાર ઘડાની), [૧૦] ઉત્પાદનકારણના અભાવને લીધે, ઉત્પત્તિ જ ન થાય; અથવા તો અસત્નો જ ઉત્પાદ

---

૧. અવિનાભાવ = એક વિના બીજાનું નહિ હોવું તે; એકબીજા વિના હોઈ જ ન શકે એવો ભાવ.
૨. ભંગ = વ્યય; નાશ.
૩. સર્ગ = ઉત્પાદ; ઉત્પત્તિ.
૪. સંહાર = વ્યય; નાશ.
૫. સૃષ્ટિ = ઉત્પત્તિ.
૬. સ્થિતિ = ટકવું તે; ધ્રુવ રહેવું તે; ધ્રૌવ્ય.
૭. મૃત્તિકાપિંડ = માટીનો પિંડ; માટીનો પિંડો.
૮. વ્યતિરેક = ભેદ; એકનું બીજારૂપ નહિ હોવું તે; 'આ તે નથી' એવા જ્ઞાનના નિમિત્તરૂપ ભિન્નરૂપપણું.
૯. અન્વય = એકરૂપતા; સદૃશતા; 'આ તે જ છે' એવા જ્ઞાનના કારણભૂત એકરૂપપણું.

૧૦. ઉત્પાદનકારણ = ઉત્પત્તિનું કારણ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય. ત્યાં (૧) જો કુંભની ઉત્પત્તિ ન થાય તો બધાય ભાવોની ઉત્પત્તિ જ ન થાય. (અર્થાત્ જેમ કુંભની ઉત્પત્તિ ન થાય તેમ વિશ્વના કોઈપણ દ્રવ્યમાં કોઈ પણ ભાવનો ઉત્પાદ જ ન થાય એ દોષ આવે); અથવા (૨) જો અસત્‌નો ઉત્પાદ થાય તો [૧]વ્યોમપુષ્પ વગેરેનો પણ ઉત્પાદ થાય (અર્થાત્ શૂન્યમાંથી પણ પદાર્થો ઉત્પન્ન થવા માંડે એ દોષ આવે.)

વળી કેવળ સંહાર આરંભનાર મૃત્તિકાપિંડનો (–ઉત્પાદ અને ધ્રૌવ્ય રહિત એકલો વ્યય કરવા જનાર મૃત્તિકાપિંડનો), [૨] સંહારકારણના અભાવને લીધે, સંહાર જ ન થાય; અથવા તો સત્‌નો જ ઉચ્છેદ થાય. ત્યાં, (૧) જો મૃત્તિકાપિંડનો સંહાર ન થાય તો બધાય ભાવોનો સંહાર જ ન થાય(અર્થાત્ જેમ મૃત્તિકાપિંડનો વ્યય ન થાય તેમ વિશ્વના કોઈપણ દ્રવ્યમાં કોઈપણ ભાવનો વ્યય જ ન થાય એ દોષ આવે); અથવા (૨) જો સત્‌નો ઉચ્છેદ થાય તો ચૈતન્ય વગેરેનો પણ ઉચ્છેદ થાય (અર્થાત્ સર્વ દ્રવ્યોનો સમૂળગો વિનાશ થાય એ દોષ આવે).

વળી [૩]કેવળ સ્થિતિ પ્રાપ્ત કરવા જનારી મૃત્તિકાની, વ્યતિરેકો સહિત સ્થિતિનો – અન્વયનો – તેને અભાવ થવાને લીધે, સ્થિતિ જ ન થાય; અથવા તો ક્ષણિકનું જ નિત્યપણું થાય. ત્યાં, (૧) જો મૃત્તિકાની સ્થિતિ ન થાય તો બધાય ભાવોની સ્થિતિ જ ન થાય (અર્થાત્ જો માટી ધ્રુવ ન રહે, ન ટકે, તો માટીની જેમ વિશ્વનું કોઈપણ દ્રવ્ય ધ્રુવ જ ન રહે – ટકે જ નહિ એ દોષ આવે); અથવા (૨) જો ક્ષણિકનું નિત્યપણું થાય તો ચિત્તના ક્ષણિક ભાવોનું પણ નિત્યપણું થાય(અર્થાત્ મનનો દરેક વિકલ્પ પણ ત્રિકાળિક ધ્રુવ બને એ દોષ આવે.)

માટે દ્રવ્યને [૪] ઉત્તર ઉત્તર વ્યતિરેકોના સર્ગ સાથે, પૂર્વ પૂર્વ વ્યતિરેકોના સંહાર સાથે અને અન્વયના [૫] અવસ્થાન સાથે અવિનાભાવવાળું, જેને નિર્વિઘ્ન (અબાધિત) ત્રિલક્ષણપણારૂપ [૬]લાંછન પ્રકાશમાન છે એવું, અવશ્ય સંમત કરવું. ૧૦૦.

---

૧. વ્યોમપુષ્પ = આકાશનાં ફૂલ.

૨. સંહારકારણ = સંહારનું કારણ.

૩. કેવળસ્થિતિ = (ઉત્પાદ અને વ્યય વિનાનું) એકલું ધ્રુવપણું; એકલું ટકવાપણું; એકલું અવસ્થાન. (અન્વય વ્યતિરેકો સહિત જ હોય છે તેથી ધ્રૌવ્ય ઉત્પાદવ્યય સહિત જ હોય, એકલું હોઈ શકે નહિ. જેમ ઉત્પાદ (અથવા વ્યય) દ્રવ્યનો અંશ છે – સમગ્ર દ્રવ્ય નથી, તેમ ધ્રૌવ્ય પણ દ્રવ્યનો અંશ છે – સમગ્ર દ્રવ્ય નથી.)

૪. ઉત્તર ઉત્તર = પછી પછીના.

૫. અવસ્થાન = ટકવું તે; ધ્રુવ રહેવું તે.

૬. લાંછન = ચિહ્ન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૧૩ અને ૧૪–૬–૭૯.

'પ્રવચનસાર' ૧૦૦ મી ગાથા.

હવે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો પરસ્પર અવિનાભાવ દૃઢ કરે છે :–

એક વિના બીજાં ન હોય. ઉત્પાદ વિના વ્યય ન હોય ને વ્યય વિના ઉત્પાદ ન હોય, ધ્રૌવ્ય ન હોય. બધું હારે હોય છે. અવિનાભાવ (એટલે) એક વિના બીજાનું નહિ હોવું; એકબીજા વિના હોઈ જ ન શકે એવો ભાવ, અવિનાભાવ સિદ્ધ કરે છે. સો(ગાથા) આવી અખંડ સો.

**ण भवो भंगविहिणो भंगो वा णत्थि संभवविहिणो ।**
**उप्पादो वि य भंगो ण विणा धोव्वेण अत्थेण ॥१००॥**

**ઉત્પાદ ભંગ વિના નહિ, સંહાર સર્ગ વિના નહિ;** ત્યાં તો આ સિદ્ધ કરવું છે હોં, પાંદડું એ તો કહેશે. ઉત્પાદને લઈને ઉત્પાદ છે, વ્યયને લઈને નહિ (ધ્રૌવ્યને લઈને નહીં) અહીંયાં તો સિદ્ધ કરવા છે ત્રણેય. દ્રવ્યમાં ત્રણેય હોય છે એટલું સિદ્ધ કરવું છે.

**ઉત્પાદ તેમ જ ભંગ, ધ્રૌવ્ય પદાર્થ વિણ વર્તે નહિ. ૧૦૦.** આહા...હા!

**ટીકા :– "ખરેખર સર્ગ"** સર્ગ એટલે ઉત્પત્તિ, સર્ગ, સર્ગ એટલે સ્વર્ગ નહીં, સર્ગ. સર્ગ – ઉત્પત્તિ (ઉત્પાદ). **"સર્ગ સંહાર વિના હોતો નથી."** એટલે ઉત્પત્તિ સંહાર વિના હોતી નથી, વ્યય વિના હોતી નથી. છે? સંહાર=વ્યય; નાશ. દરેક દ્રવ્યમાં એક સમયમાં, જે ઉત્પાદ પર્યાયનો છે તે જ સમય વ્યય પણ છે, ઉત્પાદ વ્યય વિના ન હોય, વ્યય ઉત્પાદ વિના ન હોય. **"અને સંહાર સર્ગ વિના હોતો નથી."** (બન્ને એક સમયે છે) અને **"સૃષ્ટિ અને સંહાર સ્થિતિ વિના હોતાં નથી."** સૃષ્ટિ એટલે ઉત્પત્તિ અને સંહાર એટલે નાશ, એ સ્થિતિ વિના હોતાં નથી. ધ્રુવ વિના હોતાં નથી. આહા...હા! ટકતું, ધ્રુવ, ધ્રૌવ્ય – (સ્થિતિ). ધ્રુવ રહે તે ધ્રૌવ્ય. **"સ્થિતિ સર્ગ અને સંહાર વિના હોતી નથી."** અને ધ્રૌવ્ય પણ ઉત્પન્ન, વિનાશ વિના હોતું નથી. આરે.... આવો ધરમ હવે, આમાં શું કરવું આમાં? મંદિર કરવા ને આ કરવું ને ફલાણું કરવું! આહા...હા! **(શ્રોતાઃ)** હવે કયાં કરવું છે પાછું...! **(ઉત્તરઃ)** હવે થઈ ગ્યા છે એમ કહે છે. પણ હજી થવાના છે આંહી. આફ્રીકામાં નૈરોબી, પંદર લાખનું, વીસ લાખનું થશે! જાન્યુઆરીની ૧૯ મી તારીખે, મંદિરનું મુહૂર્ત છે. આફ્રીકા નૈરોબી.' એની માંગણી છે ત્યાં જવાની. ત્યાં સાઠ ઘર છે, શ્વેતાંબર હતા દિગંબર થઈ ગ્યા. સાઠ ઘર. એમાં સાત–આઠ ઘર તો કરોડોપતિ છે, બાકીનાં બીજા ઘર છે (તે કોઈ) વીસ લાખ, પચ્ચીસ લાખ, ચાલીશ લાખ, પચાસ લાખ. બધા પૈસાવાળા સાઠ ઘર (છે). એણે એ લોકોએ પોર જેઠ સુદ–૧૧ મુહૂર્ત (કર્યું, આજે જેઠ વદ ત્રીજ છે. જેઠ શુદ અગિયારસે મુહૂર્ત કર્યું છે. તે(હવે) મંદિર તૈયાર થવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવશે. માંગણી છે ત્યાં (ની) કે લઈ જવા એમ. થાય તે ખરું. ભઈ શરીરનું (છે) નેવું વરસ તો શરીરને થ્યાં. નેવું–નેવું કોને કહે? સો માં દશ ઓછા! શરીર શું, પછી કેટલુંક કામ કરે, વ્યાખ્યાન દેવામાં વાંધો (નથી) હાલવામાં જરી'ક થાક લાગે છે. વ્યાખ્યાનમાં કાંઈ ખબર પડતી નથી(દેહની) કારણ કે ૭૪ ની સાલથી વ્યાખ્યાન હાલે છે. એકસઠ વરસ, બાસઠ વરસ થ્યાં. હજારો માણસમાં (વ્યાખ્યાન થાય છે) ચીમોતેર, સંવત ઓગણીસો ચીમોતેર, સંપ્રદાયમાં – (સ્થાનકવાસી સંપ્રદાયમાં હતા) ત્યારથી વ્યાખ્યાન ચાલે છે. કાયમ (દરરોજ). પહેલાં કરતા કોઈ વખતે પણ કાયમ નહીં. ત્યારે એક વખત (કરતા) પર્યુષણમાં બે વખત. આહા...હા!

(કહે છે કેઃ) શું કીધું : કે સર્ગ નામ ઉત્પત્તિ દ્રવ્યના પર્યાયની, એ વ્યય વિના; સંહાર વિના ઉત્પત્તિ હોતી નથી. અને સંહાર,સર્ગ એટલે ઉત્પત્તિ વિના હોતો નથી. અને ઉત્પત્તિ ને સંહાર, સ્થિતિ નામ ટકવું, ધ્રુવ વિના હોતા નથી. અને સ્થિતિ–ટકવું, સર્ગ અને સંહાર વિના હોતું નથી. આહા...હા! પર વિના હોતાં નથી એમ નહીં. એનામાં (ને) એનામાં, આ વિના હોતાં નથી, એક સાથે ત્રણેય હારે છે. આહા...હા! વીતરાગ સર્વજ્ઞે જે જોયું, એ કહ્યું. બીજે કયાં'ય કોઈ વાત(ની) ગંધેય નથી. ગપ્પે–ગપ્પાં બધેયે... આ તો જિનેશ્વરદેવ, પરમાત્મા! સમોસરણમાં બિરાજે છે. 'મહાવિદેહમાં' ત્યાંથી આવીને 'આ' શાસ્ત્ર બનાવ્યાં કુંદકુંદાચાર્યે. અને ટીકાકાર પણ એવા નીકળ્યા (થયા) તીર્થંકરનું ગણધર કામ કરે એવાં (કામ કર્યાં), કુંદકુંદાચાર્યનું તીર્થંકર જેવું કામ છે અને આ અમૃતચંદ્રાચાર્યે ગણધર જેવું કામ કર્યું છે. જરી, શાંતિથી બે–ચાર–આઠ દી' સાંભળે, તો ખબર પડે કે આ શું છે, અને અમે શું માનીએ છીએ, એક–બે દી' માં આમ કાંઈ પકડાય એવું નથી! હેં! (વીતરાગ તત્ત્વનો) બધો ફેરફાર, બધો ફેરફાર!! આખો દી' દુકાન ઉપર બેઠો હોય ત્યારે (માને કે) હું છું ત્યારે આ બધું હાલે છે, આ હું છું (તેથી) ધંધો હાલે છે. (મારાથી) આમ થાય, ધૂળે ય નથી(થતું) સાંભળને...! તું જયાં છે ત્યાં એ નથી ને એ જયાં છે ત્યાં તું નથી. જયાં તું નથી એનું તારાથી થાય એમ કેમ (બને?) આહા...હા! **(શ્રોતાઃ)** રોજ પાછી ઘડિયાળો સમી કરે છે ને...! **(ઉત્તરઃ)** હેં! કર્યા, કર્યા ઘડિયાળ! અભિમાન (કરે છે). ઘડિયાળનો ઘંધો છે એમને. જેને જે ધંધો હોય, ત્યાં મશગૂલ હોય ત્યાં!

અમારે પાલેજમાં ય તે ધંધો (હતો). ત્યાં પાંચ–પાંચ હજારની તમાકુ રાખતા. આ તો ૬૫–૬૬ (સાલની) વાત છે હોં! નડિયાદ તમાકુ પાકે ને લઈ આવતા એ લોકો. એની દુકાને, અમારી દુકાને. બે દુકાનું (હતી). મોટાભાઈ ત્યાં હતા. પાંચ–પાંચ હજારની તે દી' એ તમાકુ (નો વેપાર હતો). મોટો વેપાર–ધંધો (હતો). આ ૬૪–૬૫ ની વાત છે. સંવત ઓગણીસેં ચોસઠ, પાંસઠ! પિતાજી ગુજરી ગ્યા ત્રેસઠમાં. પછી આ દુકાન. ત્રેસઠમાં કરી, એમની હાજરીમાં કરી હતી. પછી ગુજરી ગ્યા. આહા...હા! અને અભિમાન એવું એને. અમે કરીએ છીએ, બીજાની દુકાન ચાલી નહીં ને, મારી હાજરીએ, મેં ધ્યાન બહુ રાખ્યું ને, વ્યવસ્થિત ધ્યાન રાખ્યું માટે આ (ધંધો જામ્યો). બધું ય બંબગલોલા, દારૂ પીધેલા છે. આ દુકાનની વ્યવસ્થા (મેં કરી) મારી હાજરીમાં બરાબર થઈ, નોકર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

બેસે તો એ ન કરી શકે. એમ માને બધાં. આહા...હા!

અહીંયાં કહે છે કે : તે તે ત્યાં ત્યાં પરમાણુની અવસ્થા છે. ધંધામાં...ને! આ લોચમાં લ્યોને...! એ પરમાણુ છે તેની(અવસ્થાનો) વ્યય થવો, અને તે વ્યય થવો (વાળનો) તે સમય છે. અને પાછું બહાર નીકળવાનો સમય તે જ છે અને ટકી રહેવું (એટલે) તે તે પરિણામ ધ્રૌવ્ય રહેવા – ટકી રહેવા તે પણ તે જ છે. એ લોચને આત્મા કરી શકે (એમ નથી). આંગળી કરી શકે નહીં. હવે આવું કોણ માને!! અને માણસ ભેગાં થઈને (મુનિ) લોચ કરે, તો જાણે ઓહોહો (મુનિએ લોચ કર્યો!) કર્તાબુદ્ધિને અજ્ઞાન સેવે ને માને અમે ધરમ કરીએ (છીએ)! આહા...હા!

'પ્રવચનસાર' છે ને...! બહુ સરસ વાત છે. સ્વતંત્રતાનો ઢંઢેરો છે. ફરીને જુઓ, ટીકા :– **"ખરેખર"** કોઈપણ દ્રવ્યની (પર્યાયની) ઉત્પત્તિનો સમય છે. તે સંહારનો સમયછે. આત્મામાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિનો સમય છે, એ જ મિથ્યાત્વના વ્યયનો, એ જ સમય છે. દર્શનમોહના વ્યયને કારણે, સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થઈ એમ નથી. આટલું હજી સિદ્ધ કરે છે અંદરથી પછી તો એક એક બોલ ઊપાડશે. (ત્રણેને સ્વતંત્ર કહેશે). અહીંયાં તો સમ્યગ્દર્શન જે આત્માનો ધરમ–પર્યાય, એ પૂર્વની(મિથ્યાત્વની) પર્યાયનો વ્યય એ એક જ સમયે છે. જે સમયે ઉત્પાદ છે તે સમયે વ્યય છે તો વ્યયનો પણ આઘો–પાછો (સમય) નથી. આહા...હા! કેમ કે ઉત્પાદનો સમય પોતાના અવસરે છે. તો તેના પૂર્વની પર્યાયનો વ્યય પણ તેના સમયે હોય જ છે. આહા...હા!

દરેક આત્મા ને દરેક પરમાણુ – જે વર્તમાન એની ઉત્પત્તિનો અવસર છે. તે જ અવસર પૂર્વના પર્યાયના વ્યયનો અવસર છે. એ વ્યયનો એ જ અવસર છે, તે સમયે તેનો વ્યય થાય તે વ્યયનો અવસર જ છે. આહા...હા! શું સિદ્ધાંત (વીતરાગના!). વીતરાગની વાત (અલૌકિક) સર્વજ્ઞ પરમાત્મા (એ કહી છે). અહીંયાં તો ગોટા વાળે અંદર કર્મને લઈને આમ થાય, ને ઢીકળાને લઈને આમ થાય. (થોથેથોથાં).

(કહે છે કે:) કર્મની પર્યાયમાં પણ, એની પર્યાયરૂપે ઉત્પન્ન છે કરમની પર્યાય, એનો સમય છે એને ઉત્પન્ન થવાનો. પરમાણુમાં કર્મપર્યાયરૂપે થવાનો –એ ઉત્પન્ન થવાનો સમય છે. તે જ સમયે અકર્મરૂપ (પરમાણુ થયાં) કર્મનો વ્યય થયો. એ સમયે જ છે. આહા...હા! આત્મામાં પણ સમ્યગ્દર્શનની પર્યાયનો ઉત્પાદ છે તે જ સમયે મિથ્યાત્વનો વ્યય છે અને વ્યયનો તે જ સમય છે. આહા...! દરેક દ્રવ્યની પર્યાય (નો ઉત્પાદ–વ્યય એક જ સમયે છે) એમાં આ રીતે થાય એમાં બીજું દ્રવ્ય કરે શું? આહા...હા! જેનો વ્યયનો સમય, તે જ ઉત્પાદનો સમય છે. સમયભેદ નથી. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"ખરેખર સર્ગ (ઉત્પત્તિ) સંહાર વિના હોતો નથી અને સંહાર**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સર્ગ (–ઉત્પત્તિ) વિના હોતો નથી.''** વ્યય પણ ઉત્પત્તિ વિના હોતો નથી. મિથ્યાત્વનો વ્યય થયો, સમકિતની ઉત્પત્તિ વિના એ હોતું નથી. આહા...! કે ભઈ, મિથ્યાત્વનો વ્યય થયો, અને સમકિતની ઉત્પત્તિ થઈ નથી, એમ ન હોય. બેયનો એક જ સમય છે. ભલે, ત્રણેયના લક્ષણ જુદા (છે.) વ્યય એક ઉત્પાદ (એક) ને ધ્રૌવ્ય (એક). છતાં (ત્રણેયનો) સમય તો એક જ છે. એક જ સમયમાં સંહાર નામ વ્યય, વિના (સર્ગ નામ) ઉત્પાદ હોય નહીં. ઉત્પાદ વ્યય વિના હોય નહીં. **''સૃષ્ટિ અને સંહાર''** ઉત્પત્તિ પર્યાયની, તે સમયે, તે કાળે (હોય) અને પૂર્વની અવસ્થાનો વ્યય એ **''સ્થિતિ વિના હોતાં નથી.''** ધ્રૌવ્ય વિના–ટકતા–વિના આ બે (ઉત્પાદ–વ્યય) હોતાં નથી. એનો ય સમય તે જ છે. આહા...હા! આવી સૂક્ષ્મ વાત!! પરમાત્મા, સંતોએ ગજબ કરુણા કરી છે!! આહા...! આવી ટીકા! **(શ્રોતાઃ)** આવી વસ્તુવ્યવસ્થા જગતમાં બીજે કયાં'ય નથી....! **(ઉત્તરઃ)** કયાંય છે નહીં, બધે ફેરફાર છે. ફેરફાર છે. બીજાને એમ લાગે કે તમે જ આ (સત્યવકતા) છો. પણ ભાઈ વાદ રહેવા દે બાપા! વસ્તુનું સ્વરૂપ 'આ' છે. એ રીતે પ્રતીતમાં આવે છે ને એ રીતે જ્ઞાનમાં જણાય છે. આહા...! એમાં શું થાય ભાઈ!

(અહીંયાં કહે છે કેઃ) **''સંહાર ઉત્પત્તિ અને સ્થિતિ વિના હોતાં નથી.''** તેમ **''સ્થિતિ''** એટલે ટકવું, એ ઉત્પાદ અને વ્યય વિના હોતાં નથી. આહા..હા! એટલું તો કાલ આવી ગ્યું'તું. ગજબ કામ કર્યું છે આમાં (ગાથા) ૯૯, ૧૦૦, ૧૦૧. આહા...હા! એ વાત થઈ હતી ને...! કે આત્મામાં જ્ઞાનની જે કમી–વૃદ્ધિ જે થાય છે (એટલે) ઓછા–વત્તાપણું. એ જ્ઞાનાવરણીય કર્મને લઈને થાય છે. વર્ણીજી સાથે ચર્ચા થઈ'તી. અને એ પુસ્તકેય છે ને કયાંક! વિરોધનો સાર છે એ. પુસ્તક વાંચ્યું છે ને નવું હમણાં છપાવ્યું એણે. પ્રશ્ન ત્યાં થયો હતો, કે જે સમયે પર્યાયનો અવસર છે તે સમયે તે થાય, પરથી નહીં. અને ક્રમસર થાય. જે સમયે જે (ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યનો સમય છે તે જ થાય). અહીંયાં તો વ્યયનો સમય પણ એ જ છે. અજ્ઞાન ને મિથ્યાત્વ સમયનો વ્યય છે તે (સમકિતના) ઉત્પાદનો સમય છે. પછી વિશેષ (વાત) કરશું. પણ ઉત્પાદનો સમય છે તે જ વ્યયનો સમય છે. અને જે ઉત્પાદ–વ્યયનો સમય છે તે જ ધ્રૌવ્યનો સમય છે – ટકવાનો સમય છે. આહા...હા! ત્રણેય એક સમયમાં ઉત્પાદવ્યયધ્રૌવ્ય છે. આહા...હા! આમ દરેક દ્રવ્યની અંદર, આ રીતે છે.

હવે અહીંયાં (કહે છે કેઃ) **''જે સર્ગ છે તે જ સંહાર છે.''** અહીંયાં તો જોયું? ભાષા. આહા...હા! દાખલો આપશે આનો (બરાબર સમજવા). ઘટની ઉત્પત્તિનો જે સમય છે તે જ પિંડના વ્યયનો – તે જ તે જ છે એમ કહેશે. સમય નહીં તે જ સંહાર છે. સર્ગ છે તે જ સંહાર છે એમ કેમ (કહ્યું) ઘટની ઉત્પત્તિ – જે સર્ગ છે. તે જ માટીના પિંડનો વ્યય છે. કારણ કે (બન્નેનો) સમય એક છે. તેથી 'તે જ' છે એમ કહે છે. આહા...હા! સર્ગ નામ ઉત્પત્તિ છે 'તે જ' વ્યય છે, ઉત્પત્તિ છે 'તે જ' વ્યય છે, એટલે સમય તે જ છે. આહા...! જે કંઈ દ્રવ્યમાં પર્યાયની ઉત્પત્તિ જે સમય થાય, તે જ સંહાર છે. કેમકે સંહાર થ્યો' છે ત્યારે ઉત્પત્તિ છે સમય એક છે. એથી ઉત્પત્તિ છે તે જ સંહાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. સંહાર છે તે વખતે સંહાર થયો છે (તે વખતે ઉત્પત્તિ છે). આહા...હા! આવી ભાષાને આવો ઉપદેશ! આહા...હા! દિગંબર સંતોએ જગતને કરુણા કરીને (ન્યાલ કરી દીધું છે) પણ એને પચાવવું કઠણ ભારે!! આહા...હા!

જેનો (દરેક દ્રવ્યનો) દરેક દ્રવ્યની ઉત્પત્તિનો સમય તે જ પૂર્વની પર્યાયનો સમય (એક જ સમયે છે) હવે એને પરથી વ્યય થાય ને પરથી ઉત્પન્ન થાય, એ કયાં બન્યું? કે ભગવાન આત્માએ કેવળજ્ઞાનની ઉત્પત્તિ કરી, એ સમયે પૂર્વની પર્યાયનો વ્યય (એટલે) જે (ઉત્પાદ છે) તે વ્યય છે એમ. કેવળજ્ઞાનની પર્યાયનો ઉત્પાદ છે તે જ પૂર્વની પર્યાયનો વ્યય છે. આહા...હા! એને કર્મનો વ્યય છે (થયો માટે) કેવળજ્ઞાનની ઉત્પત્તિ છે એમ' નથી. 'તત્ત્વાર્થસૂત્ર' માં શબ્દ (લખાણ) તો એવો આવે. ચાર ઘાતિ કર્મનો નાશ થાય ત્યારે કેવળજ્ઞાન થાય. આમ તત્ત્વાર્થસૂત્રમાં (લખાણ આવે). (તત્ત્વાર્થસૂત્રના કર્તા) ઉમાસ્વાતિ. બાપુ એમાં શું કહ્યું ભાઈ! આહા...હા! એ ચાર ઘાતિ કર્મનો ક્ષય એટલે વ્યય, એનો સમય તે અકર્મરૂપે પરિણમવાનો પણ તેનો તેને લઈને તે સમયે છે. કેવળજ્ઞાન થયું માટે ઘાતિકર્મ–અવસ્થાનો એને વ્યય આવ્યો એમ નથી. આહા...હા! હવે આવું ઝીણું (સમજવું). નવરાશ ન મળે બાપુ! **'કરવાનું તો આ છે.'** આહા...! અને આનો નિર્ણય થયા વિના તેને અંતર્મુખ દૃષ્ટિ નહીં થાય ભાઈ! જયાં ભગવાન બિરાજે છે પૂર્ણાનંદનો નાથ! (ત્યાં દૃષ્ટિ કરવાની છે).

(કહે છે કે:) (સમ્યગ્દર્શન) એની જે ઉત્પત્તિ છે તે તેના ધ્રુવમાં નથી. અથવા ઉત્પત્તિ છે તે ધ્રૌવ્ય છે. એમ કહ્યું ને ભાઈ અહીંયાં! તો ઉત્પત્તિ છે તે ધ્રૌવ્ય છે. અહીંયાં કહ્યું ને (જુઓ,) જે ઉત્પત્તિ છે તે જ સંહાર છે, જે સંહાર છે તે જ સર્ગ છે. ઈ તો સમય એક છે ને....! તે તે સમયે ઉત્પત્તિ, તે તે જ સમય વ્યય (છે). ઉત્પાદ તે જ સંહાર છે, વ્યય તે જ ઉત્પાદ છે. આહા...હા! હવે આવું કયાં? હેં ભાઈ! નવરાશ કેદી' સાંભળવાની(હતી). અરે...રે! કયાં મા–બાપો, ગુરુ? (આ તત્ત્વ વિના) કયાં ગયા હશે, કહો? વસ્તુ રહી ગઈ!! (અહો! વીતરાગી કરુણા!!) આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **''જે સર્ગ છે તે જ સંહાર છે, જે સંહાર છે તે જ સર્ગ છે; જે સર્ગ ને સંહાર છે તે જ સ્થિતિ છે.''** આહા...હા! તે જ સ્થિતિ છે – ટકવાનો સમય પણ તે જ છે. આહા...હા! ગજબ કર્યું છે!! આવી વાત કયાં'ય, દિગંબર સંત સિવાય કયાં'ય નથી. લોકોને દુઃખ લાગે પણ શું થાય? અરે! એને (ય) સાંભળવા મળતું નથી. દિગંબર સંપ્રદાયમાં જન્મ્યા એને ય. બાપુ, જન્મ–મરણ કરી–કરીને, વિપરીત માન્યતાથી – મારી ઉપસ્થિતિમાં આ દ્રવ્યની પર્યાય થઈ (એવી માન્યતાથી રખડવું છે.) અહીંયાં કહે છે કે એની ઉત્પત્તિ એના સંહારને લઈને થઈ છે. આહા...હા! અને તેનો સંહાર પણ (તે જ સમયે) ઉત્પન્નને લઈને થ્યો. પરની કોઈ અપેક્ષા છે' નહીં. આહા...હા! આવી રીત છે. **(શ્રોતાઃ)** પરની અપેક્ષા ન હોય તો તો નિરપેક્ષ થ્યું....! **(ઉત્તરઃ)** નિરપેક્ષ જ છે ઈ તો. હજી વધારે આવશે આગળ ૧૦૧ માં તો વધારે આવશે. અહીંયાં તો એ જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમય કહે છે ત્યાં તો એમ કહેશે કે ઉત્પાદને વ્યયની અપેક્ષા નથી, ઉત્પાદને ધ્રૌવ્યની અપેક્ષા નથી, ગજબ વાત છે!! આ શ્લોકો!! ગાથાઓ!! ભાઈ, જન્મ–મરણ કરીને ચોરાશીના અવતાર (માં રડવળે) શરીરની એવી સ્થિતિ થાય, જડની થાય – તે સમય તે શરીરનો પર્યાય, જે રીતે – રોગરૂપે થવાનો હોય છે તે રીતે જ તે સમયે (તે પર્યાય) થાય, અને પૂર્વની જે નીરોગ અવસ્થાનો જે વ્યય થાય, (તેનો પણ) તે જ સમય છે. નીરોગતાનો વ્યય ને રોગનો ઉત્પાદ, તે જ સમયે છે. અને તે વખતે પણ પરમાણુનું ટકવું–સ્થિતિ પણ તે જ સમયે છે. આહા..હા! હવે આમાં સ્થિતિ ને ઉત્પાદ ને વ્યય(નો) સમય એક છે. એની ઉત્પત્તિ સંહાર વિના નથી, પરના–નિમિત્ત વિના નથી. એમ છે? કેટલી વાત (સત્ય) કરી છે! આહા...હા! નિમિત્તથી થાય એમ(અજ્ઞાની) કહે છે એનો અહીં નિષેધ કરે છે. નિમિ ત્ત(રૂપે) ચીજ જગતમાં હોય છે ચીજ ભલે હો, બહિઃ ઉચિત આવ્યું'તું ને....! (ગાથા–૯૫ ટીકામાં **'કે જે ઉચિત બહિરંગ સાધનોની સંનિધિના સદ્‌ભાવમાં અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે તે–'** (નિમિત્ત) હો, પણ અહીંયાં ઉત્પાદ–વ્યય થયો છે તે પોતાથી ને વ્યય છે તેનો તેજ ઉત્પાદ છે. ઉત્પાદ તે વ્યય છે ને વ્યય છે તે ઉત્પાદ છે અને ઉત્પાદ વ્યય છે તે ધ્રૌવ્ય છે. સમય એક જ (ત્રણેયનો). આહા..હા! ધીરો થઈને જુએ! આ રીતે જયારે પોતાની પર્યાયમાં પણ (ત્રણે એકસમયે છે). પરમાં તો જોવાનું રહ્યું નહીં. પોતાની પર્યાયનો ઉત્પાદ તે જ વ્યયનો કાળ છે, પણ ઉત્પાદ ને વ્યય ને ધ્રૌવ્યમાં વર્તતું દ્રવ્ય, તેના ઉપર એણે દૃષ્ટિ કરવી. આહા...હા...હા! સમજાણું કાંઈ?

(કહે છે) અહીંયાં તો કાળલબ્ધિ એ નાખી(કીધી) ભાઈ! જે સમયે પર્યાય થવાની, એ કાળલબ્ધિ છે. આહા...હા! ધર્મ કાળલબ્ધિ!! આહા...હા! જે સમયે, જે કાળે, જે અવસરે ધરમની ઉત્પત્તિ છે તે સમયનો ઉત્પાદ – એ વ્યય તે જ ઉત્પાદ ને ઉત્પાદ તે જ વ્યય ને તે જ સ્થિતિ – છે એકસમયને એટલે તે તે કીધું છે. આહા...હા! **"જે સર્ગ ને સંહાર છે તે જ સ્થિતિ છે, જે સ્થિતિ છે તે જ સર્ગ ને સંહાર છે. તે આ પ્રમાણે :"** હવે દૃષ્ટાંત ભગવાન કુંદકુંદાચાર્ય (આપે છે). મૂળ પાઠ છે.ण भवो भंगविहिणो भंगो वा णत्थि संभवविहिणो । उप्पादो वि य धोव्वेण अत्थेण ॥ અમૃતચંદ્રાચાર્યે આહા...હા! (ટીકા કરીને દૃષ્ટાંત કહે છે). આવી ટીકા અમૃતચંદ્રાચાર્યે કરી છે.

શું કહે છે હવે, **"જે કુંભનો સર્ગ છે."** ઘડાની ઉત્પત્તિનો સમય છે. તે જ સમય ઘડાની ઉત્પત્તિ માટીમાંથી થાય. કુંભારથી નહીં. આહા...હા! આગળ તો કહેશે. વ્યયથી (નહીં). પૂર્વપર્યાયના વ્યયથી પણ કુંભની ઉત્પત્તિ નહીં. અહીંયાં તો એકસમયમાં પણ સિદ્ધ કરવા છે (માટે **"જે કુંભનો સર્ગ છે તે જ મૃત્તિકાપિંડનો સંહાર છે.)** એકસો એક (ગાથામાં) તો આમ લેશે. એક પછી એક ગાથા ચડતી છે. આહા...! **"જે કુંભનો સર્ગ છે તે જ મૃત્તિકાપિંડનો સંહાર છે."** (ઘડો થતાં) માટીનો પિંડો છે ને એનો અભાવ થઈ ગ્યો ને...! આ 'ભાવ' થતાં તેનો 'અભાવ' થ્યો. ઈ સમય તો એક જ છે. ઘડાની ઉત્પત્તિનો સમય છે તે જ પિંડના વ્યયનો સમય છે. અરે..! શું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કીધું? કુંભની ઉત્પત્તિ છે તે જ મૃત્તિકાપિંડનો સંહાર છે, **"કારણ"**..... શું સિદ્ધાંત પણ આપે છે!! **"ભાવનું"** ઉત્પત્તિ કીધીને...! ઉત્પત્તિ ઘડાની, એ ઉત્પત્તિ એ 'ભાવ' **"ભાવાન્તરના અભાવસ્વભાવે"** તે ભાવના બીજા અનેરા સ્વભાવના અભાવસ્વરૂપ, આહા...હા! ઘડાની ઉત્પત્તિ તે 'ભાવ'. અને તેનાથી અભાવ (સ્વરૂપ) બીજી ચીજ. છે? ભાવાંતર (એટલે) તે ઉત્પત્તિથી અનેરો ભાવ. તેના અભાવસ્વભાવ(**"અવભાસન છે"**) ભાષા તો ચોખ્ખી છે બહુ! ઉત્પત્તિના ભાવથી અનેરો ભાવ તે સંહારનો ભાવ – એ ભાવાંતરનો અભાવ(સ્વભાવે) વ્યયનો અભાવ. આંહા...હા! અરે! અહીંયાં સંતોએ તો જગતને ન્યાલ કરી નાખ્યાં છે ને...! આહા...હા! જે થાય એને લાગે!

શું કીધું ? ઘડાની ઉત્પત્તિનો જે સમય છે. તે ભાવથી અનેરો ભાવ – સંહારનો – એ ભાવથી ભાવાંતર (એટલે કે) એનો અભાવ, એટલે કે જે ભાવ છે ઉત્પત્તિનો એનાથી અનેરો ભાવ (સંહારનો) એના અભાવસ્વભાવે **"અવભાસન"** છે. (અર્થાત્ ભાવ અન્યભાવના અભાવરૂપ સ્વભાવે પ્રકાશે છે – દેખાય છે.) આહા...હા! આવું ઝીણું લ્યો! હવે બાયડીયુંને નવરાશ બિચારાને ન મળે, એણે આવું સમજવું! **(શ્રોતાઃ)** ભાઈઓ કરતાં બહેનો ઘણી હોંશિયાર છે...! **(ઉત્તરઃ)** વાત તો સાચી (છે). આખો દી' એને છોકરાં સાચવવાં હોય ને રાંધવું હોય ને...! **(શ્રોતાઃ)** રાંધવું હોય તો પણ રાંધતા–રાંધતા તત્ત્વને વિચારે. **(ઉત્તરઃ)** કોણ રાંધે ? રાંધે કોણ? આહા...હા...હા...હા! આહા...હા! એની પર્યાયનો, વિકલ્પના કાળે ઊઠયો, બસ, તે ભાવ અને તેનાથી અનેરો ભાવાંતર – સંહાર થવું તે અનેરો ભાવ છે. સંહાર થવું તે ભાવ ઉત્પાદના ભાવથી અનેરો ભાવ છે, તેનો અભાવભાવ (છે). ભાવ અન્યભાવના અભાવરૂપે પ્રકાશે છે. આહા...હા! સમજાય છે કાંઈ? ભાષા તો જરી(અજાણી લાગે).

(કહે છે) એક પર્યાય ઉત્પન્ન થઈ તે 'ભાવ'. તેનાથી અનેરો ભાવ તે ભાવાંતર. કોણ? વ્યય. એ અનેરા ભાવના અભાવસ્વભાવે છે.(કોણ? ઉત્પાદ). એ વ્યયસહિત ઉત્પાદ છે. ભાઈ! આવી વાત છે ભાઈ! આહા...હા! પરમાત્મા, જિનેશ્વરદેવની શૈલી 'આ' છે! હવે અત્યારે પંડિતો પોકાર કરે છે. કયાં? ઈન્દોરમાં નહિ, પચાસ પંડિત ભેગા થ્યા'તા. ત્યાં આમ કહ્યું; 'સોનગઢવાળા એમ કહે છે કે પરનો કર્તા નથી.' એટલે એ પચાસ ભેગા થઈને કહે કે 'પરનો કર્તા નથી એમ કહે એ દિગંબર નથી, દિગંબરમાંથી કાઢી નાખવો.' આ સોનગઢવાળા દિગંબર નથી (ભઈ એનું મિથ્યાત્વ છે) આહા..હા...હા...હા! (એ લોકો જોર આપીને કહે છે) એમ કે વજ્રઋષભનારાચસંહનન છે તો અહીં કેવળજ્ઞાન થાય છે. ઈ અહીંયાં ના પાડે છે કે : કેવળજ્ઞાનની પર્યાયનો ઉત્પાદ, એનાથી ભાવાંતર (એટલે) જે અનેરો ભાવ હતો – તે પૂર્વપર્યાયનો અભાવ (વ્યય) હતો, તેના અભાવ (સ્વભાવે કેવળજ્ઞાનનો ઉત્પાદ) પ્રકાશે છે. (દેખાય છે.) આહા...હા! સમજાણું કાંઈ? જે ઉત્પાદ છે કેવળજ્ઞાનનો (તેની તો વાત કરી હવે) સમ્યગ્દર્શનનો (ઉત્પાદ) લ્યો. સમ્યગ્દર્શનનો ઉત્પાદ છે, એ ભાવથી અનેરો ભાવ, પૂર્વનો વ્યય (મિથ્યાત્વનો વ્યય) એ અનેરા ભાવના અભાવસ્વરૂપે ભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(સમ્યગ્દર્શન) પ્રકાશે છે. આહા..હા..! ગજબ વાત છે!!

(કહે છે કે:) ભાવનું એટલે કે ઉત્પાદનું દરેક (દ્રવ્યમાં), દરેક દ્રવ્યની જે સમયે જે અવસ્થા જે કાળે ઉત્પાદરૂપે ભાવ છે. એ ભાવથી ભાવાંતર (એટલે) અનેરો ભાવ, જે સંહાર (વ્યય) ના ભાવનો ત્યાં (ઉત્પાદમાં) અભાવસ્વભાવ છે. એના (વ્યયના) અભાવરૂપે ઉત્પાદ પ્રકાશે છે. આહા...હા! સમજાણું કાંઈ? ધીમે–ધીમે પકડે તો પકડાય એવું છે બાપુ! (રુચિ કર.) આહા...! ભાવનું એટલે ઉત્પાદ, સમ્યગ્દર્શનનો કહો, મિથ્યાદર્શનનો કહો, ચારિત્રની પર્યાયનો કહો, એ ચારિત્રની પર્યાયનો જે સમય ઉત્પાદ થવાનો તે તેનો અવસર છે. તે ઉત્પાદ, ભાવાંતર (એટલે) ચારિત્રની પર્યાયથી અનેરો ભાવ – અસ્થિરતાનો ભાવ પૂર્વે હતો ઈ – એનો (અર્થાત્) એ ભાવાંતરનો અભાવ, એ (ઉત્પાદ) ચારિત્ર છે ભાવ, એનાથી એ (ભાવાંતર) અભાવસ્વભાવ છે. આહા..હા! ટીકા આવી બનાવી છે! દિગંબર સંતોએ જગતમાં! અહીં તો જરી જયાં બીજાનું કરીએ, બીજાનું કરીએ (એમ કહીએ તો) સોનગઢવાળા ના પાડે છે (કહે છે કે બીજાનું તું કરી શકતો જ નથી) સોનગઢવાળા ના પાડે છે એમ નહીં પણ ભગવાન ના પાડે છે. પણ બાપુ, આ શું કહે છે? સોનગઢનાં પુસ્તક છે? (આ તો દિગંબર આચાર્યનું બનાવેલું છે).

(જુઓ,) ભાષા જે થાય છે. એ ભાષાની પર્યાયમાં ઉત્પાદ–ભાવ, એનાથી ભાવાંતર (એટલે) અનેરો ભાવ, કારણ કે ભાષાની પર્યાય (જયારે) નહોતી તો વચનવર્ગણાની પર્યાય પહેલી હતી. તે ભાવાંતરમાં ભાવનો અભાવ (હતો) એના અભાવથી ભાષાની પર્યાયનો ઉત્પાદ થાય છે. ભાવાંતરના અભાવથી ભાવનું – ઉત્પાદનું અવભાસન થાય છે. છે? અર્થમાં (ફૂટનોટમાં) પાંચમું નાંખ્યું છે. ભાવાંતર = અન્ય ભાવનો અન્ય ભાવમાં અભાવ. જોયું? જુઓ કૌંસમાં ભાવ અન્ય ભાવના અભાવરૂપ સ્વભાવે પ્રકાશે છે – દેખાય છે. આહા...હા!

(કહે છે કે ઉત્પાદ જે છે તે અનેરા ભાવના અભાવથી જણાય છે. આહા...હા! 'છે' એમ જયારે જણાય છે – જે ઉત્પાદ–ભાવ છે. એનાથી અનેરો જે ભાવ – ભાવાંતર એવો જે સંહારભાવ (છે) તેનો ઉત્પાદમાં અભાવ છે. વ્યય છે ને એ (ભાવાંતર છે ને એ) આહા...હા! આવી ભાષા! ભાષા તો સાદી છે. ભાષા એવી કંઈ સંસ્કૃત કે વ્યાકરણ એવું કાંઈ છે નહીં. આહા...હા!

(ભાવાંતર વિષે) એક જણ વળી એમ કહેતો'તો – દક્ષિણી (હશે). 'જે પર્યાય છે એ જ પર્યાય ભાવાંતર તરીકે ફરીને આવે છે' એક આવ્યો'તો ને...! વળી તારંગાવાળો (એવો જ અર્થ કરતો'તો) પણ એમ નથી. આવા શબ્દોમાંથી એવું કાઢે. વળી એક આવ્યો'તો વાંચનકાર મોટો! એ એમ કહે કે : કોઈ પણ પર્યાયનો ભાવ થાય, તે બીજાના ભાવમાં અભાવસ્વરૂપે – એ જે ભાવ થયો છે તેનો અભાવ થઈને તે જ ભાવ થાય (તે ભાવાંતર). જે પર્યાય છે, તે જ ભાવ છે, એનાથી અનેરો પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય એ તે જ ભાવ છે, જે ભાવ છે એ જ ભાવ ફરીનેઆવ્યો છે એમ નથી. કારંજાનો હતો ને કોક... હતો ને એક... તે આવ્યો હતો. (અમારે તો અહીંયાં) ચર્ચા ઘણી થઈ ગઈ. આહા...હા! અરે, ભાઈ! આહા...! આ તો સર્વજ્ઞ પરમેશ્વરે ત્રણ કાળ, ત્રણ લોક જોયાં. (જોયાં) એમ કહેવું એ પણ વ્યવહાર નયે (છે). કેમ કે (સર્વજ્ઞ) પરમાં તન્મય થઈને જોતા નથી. આહા...હા...હા! **'એ તો પોતાની પર્યાયને જાણે છે.'** (એ નિશ્ચય છે).

(અહીંયાં તો કહે છે કે:) એ કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકથી તો થઈ નથી, લોકાલોકના અભાવથી પણ થઈ નથી. કેવળજ્ઞાનની પર્યાય પોતાનો ભાવ છે, એનાથી ભાવાંતર – જે પૂર્વ પર્યાય હતી એનો અભાવ થઈને કેવળજ્ઞાનની પર્યાય થઈ છે. આહા...હા! સમજાય છે કાંઈ?

(અહીંયાં કહે છે કે:) **"જે કુંભનો સર્ગ છે તે જ મૃત્તિકાપિંડનો સંહાર છે, કારણ કે ભાવનું ભાવાન્તરના અભાવસ્વભાવે અવભાસન છે (અર્થાત્ ભાવ અન્યભાવના અભાવરૂપ સ્વભાવે પ્રકાશે છે – દેખાય છે)."** આહા...હા! જે સર્ગ છે – ઉત્પત્તિ છે, તે જ વ્યય છે અને વ્યય છે તે જ સ્થિતિ છે – ટકવું છે. કેમ કે ભાવ અન્યભાવના અભાવરૂપ સ્વભાવે પ્રકાશે છે અથવા દેખાય છે. ઉત્પાદ છે એનાથી અનેરા ભાવના અભાવસ્વરૂપે જ દેખાય છે, ઈ પર્યાયના ભાવસ્વરૂપે જ દેખાય છે એમ નહીં. આહા...હા!

શું કહ્યું એ? વર્તમાન પર્યાય જે છે એનાથી અનેરી– ભાવાંતર પર્યાય, એટલે વ્યય. એના અભાવથી ભાવનું (ઉત્પાદનું) પ્રકાશન છે. એ ઉત્પાદ, પૂર્વના – પોતાના ભાવથી અનેરો ભાવ, એના અભાવથી તે ઉત્પાદ દેખાય છે. (અર્થાત્) ઉત્પાદ, એના અભાવથી દેખાય છે. (એટલે કે) પૂર્વભાવના અભાવથી ઉત્પાદ જણાય છે. આહા..હા! આવું ઝીણું છે! છતાં પકડાય એવું છે, કાંઈ (ન પકડાય એમ નહીં). આહા...હા! **(શ્રોતા:)** ન પકડાય એવી કંઈ વાત કહે....! **(ઉત્તર:)** એવી છે જ ક્યાં (આ વાત). કેટલા નિકાલ થઈ જાય છે એમાં – કર્મના (કારણે થાય) પરના (કારણે થાય એમ છે નહીં). (જુઓ!) આ આંગળી આમ હાલે છે (સીધી છે તેમાંથી વાંકી વળે છે) એ ઉત્પાદ છે. ઉત્પાદભાવથી અનેરો ભાવ (એટલે) પૂર્વની પર્યાયનો (સીધી આંગળીની પર્યાયનો) વ્યય, જે આમ હતો ને એનો વ્યય થયો ને...! એ પૂર્વની પર્યાયનો વ્યય એના અભાવસ્વભાવે ઉત્પાદ પ્રકાશે છે. પરને – નિમિત્તને લઈને એ ઉત્પાદ પ્રકાશે છે એમ નથી. અંદર ભગવાન આત્મા છે માટે (આંગળીની) અવસ્થા આમ–આમ થાય છે એમ નથી. ઈ (આંગળીની) અવસ્થા તેનાથી અનેરો ભાવ એટલે પૂર્વભાવ–વ્યયભાવ, તેના અભાવસ્વભાવે એ ઉત્પાદ દેખાય છે. આત્માને કારણે (નહીં.) **(શ્રોતા:)** પર્યાય, પર્યાયના કારણે ને....! **(ઉત્તર:)** એને કારણે. આહાહાહા! પછી એ કહેશે. અત્યારે તો બીજાના અભાવસ્વભાવે પ્રકાશે છે એમ કહેવું છે. આહા...હા! એટલી અપેક્ષા લેવી છે. પછી તો અપેક્ષા ય કાઢી નાખશે એકસો એક (ગાથામાં) આહા...હા! અરે, આવી વાત છે બાપુ! અભિમાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઊતરી જાય એવી (વાત) છે. આહા...હા...હા! ત્રણલોકના નાથ, સર્વજ્ઞ પરમેશ્વર દિવ્યધ્વનિમાં ઈ કહે છે.

આહા...હા! (શું કહે છે કે:) પર જીવની દયાનો ભાવ તું કર. કહે છે કે એ પાપભાવનો ઉત્પાદ–પૂર્વનો રાગ ન હતો એનો અભાવ, તે અભાવથી ઈ દયાનો ભાવ પ્રકાશે છે, પણ પરને લઈને ઈ દયાનો ભાવ પ્રકાશે છે (કે) તારા દયાના ભાવને લઈને સામા જીવની જીવતરની પર્યાય ઉત્પાદ થઈ પ્રકાશે છે એમ નથી. આમાં જે એનું (જીવનું) જીવનનું ટકવું છે એ એનો ઉત્પાદ છે. એ ઉત્પાદ તેના ભાવાંતરથી – અનેરો ભાવ છે એના અભાવસ્વભાવે પ્રકાશે છે, પણ એનું જીવતર, બીજો દયા પાળનારો છે માટે (એનું) જીવતર છે (એની) એ અવસ્થા ટકી રહી છે એટલે જીવવું છે એમ નથી. એમ દેખાતું નથી એમ કહે છે. આહા...હા! ભાઈ આવી વસ્તુ છે. એક વાર જીવ તો મારી નાખ.... મિથ્યાત્વને એમ કહે છે. આહા...હા! (કર્તાપણાની) ભ્રમણાને માર. અભ્રમની ઉત્પત્તિ–દશા ને ભ્રમણાનો અભાવ, એનાથી અભ્રમ(ની) દશા ઉત્પન્ન દેખાય છે. શું કીધું? અભ્રાંતિનો ભાવ એટલે સમકિત (ભાવ). એ ભાવ (છે) એમાં પૂર્વની (અવસ્થા–ભ્રાંત દશા) વ્યય છે ઈ ભાવાંતર છે. આ (સમકિત) ઉત્પાદથી (ભ્રાંતદશા વ્યય) –ભાવાંતર – અનેરો ભાવ છે, તેના ભાવના અભાવથી એ ઉત્પાદ પ્રકાશે છે. આહા...હા! પણ જોડે જીવ છે માટે આ ભાષા થઈ એમ પ્રકાશતું નથી. આહા...હા!

(વળી કહે છે કે:) રોટલી થાય છે. એ રોટલીની જે પર્યાય આટામાંથી (લોટમાંથી) થઈ એનો ઉત્પાદ ભાવાંતરવાળી – એટલે અનેરાભાવસ્વરૂપ છે એ અનેરા ભાવ, સ્વભાવનાં અભાવ સ્વરૂપે રોટલીની પર્યાય દેખાય છે. આહા...હા! વેલણાંથી કે સ્ત્રીથી એ રોટલીની પર્યાય (થઈ) એમ દેખાતી નથી, એમ કહે છે. આહા...! હવે એને કયાં જાવું? આહા...હા! અમૃત રેડયાં છે અમૃતચંદ્રાચાર્યે દિગંબર સંત (હજાર વર્ષ પહેલાં થયાં). આટલું સ્પષ્ટ ન કહેવાય તો લોકોને ઝટ સમજાય નહીં. પાઠમાં તો એટલું જ છે **"ખરેખર સર્ગ સંહાર વિના હોતો નથી અને સંહાર સર્ગ વિના હોતો નથી; સૃષ્ટિ અને સંહાર સ્થિતિ વિના હોતાં નથી, સ્થિતિ સર્ગ અને સંહાર વિના હોતી નથી."** આહા...હા! પણ એમાં દેષ્ટાંત દઈને સિદ્ધ કર્યું છે. તને એમ લાગે કે કુંભ–ઘટની ઉત્પત્તિ કુંભારથી થઈ, એમ વાત ત્રણકાળમાં છે નહીં. એ ઘટની ઉત્પત્તિ પિંડના પર્યાયમાં – ઉત્પત્તિથી એ અનેરો ભાવ છે (પિંડપર્યાય) એના અભાવથી એ ઉત્પત્તિ પ્રકાશે છે. આહા...હા! સમજાય છે કાંઈ? આવો દાખલો આપશે. જેટલા દાખલા આપે તે બધાય (સિદ્ધાંત સમજાવવા માટેના છે).

(કહે છે) આ મંદિર બનાવવું – ગજરથ કાઢવા, એ વખતની જે પર્યાય પ્રતિમાની અને મંદિરની ઉત્પત્તિરૂપે જે દેખાય છે, એ એની પૂર્વની પર્યાય જે ભાવાંતર છે – વ્યય – એના અભાવ સ્વભાવે તે ઉત્પાદ પ્રકાશે છે, પણ કોઈએ કરી માટે પ્રકાશે છે (એમ છે નહીં) આહા...હા! આવી વાત છે કયાં, જૈન પરમેશ્વર સિવાય કયાંય આ વાત નથી. આહા...હા!

અહીંયાં તો કહે છે કે ભગવાનની ભકિતનો ભાવ, એ ઉત્પાદ થયો. એ પૂર્વના પર્યાયનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવાંતરના અભાવથી તે પર્યાયનો ભાવ પ્રકાશે છે, પણ ભગવાનના દર્શન કર્યા માટે એ ભાવ પ્રકાશે છે એમ નહિ. ત્રણ લોકના નાથ સમવસરણમાં બિરાજે છે. એના દર્શનનો શુભભાવ થ્યો, કહે છે કે (એ) શુભભાવની ઉત્પત્તિ, પૂર્વના ભાવના અભાવસ્વભાવે પ્રકાશે છે. ભગવાનના દર્શન થ્યા માટે શુભ(ભાવ) પ્રકાશે છે, એમ નથી. આહા...હા...હા! આવી વાત, સાંભળી નો'હોય પહેલી! આહા...! ઘડામાં તો દાખલો આપ્યો. મોટી તકરાર થઈ. (એ લોકો કહે) કુંભારમાં કર્તાપણાનો ભાવ છે. ઘડા કરે ઈ. આ રીતે પણ છે ને...! એમ કહે. પણ એનો અર્થ શું બાપા! આહા...હા! અહીંયાં તો પ્રભુ એમ કહે છે કે કુંભારની પર્યાય જે થઈ – હું ઘડો કરું એવો જે વિકલ્પ ઊઠયો (કુંભારને), એ વિકલ્પ પણ એમ પ્રકાશે છે કે પૂર્વે બીજો વિકલ્પ હતો (માટીનો પિંડો બનાવવાનો) એ વ્યય થ્યો – એને ભાવાંતરનો અભાવ થ્યો એ કાળે જ એ વિકલ્પ પ્રકાશે છે. એ ઘડો થ્યો માટે વિકલ્પ છે (કુંભારને) ઘડાનો તો એ વિકલ્પ પ્રકાશે છે, એમ નથી. આહા...હા! આવું છે!

(અહીંયાં કહે છે કે:) **"જે કુંભનો સર્ગ છે તે જ મૃત્તિકાપિંડનો સંહાર છે, કારણ કે ભાવનું** એટલે કુંભના ઉત્પત્તિના ભાવનું, ભાવાંતર એટલે માટીનો પિંડ જે હતો, તેના અભાવસ્વભાવરૂપે (એ) ભાવાંતર (એટલે) કુંભની ઉત્પત્તિથી અનેરો ભાવ એટલે કે સંહારરૂપ ભાવ – મૃત્તિકાપિંડનો સંહારરૂપ ભાવ, એના અભાવે (કુંભનો સર્ગ) પ્રકાશે છે. આહા...હા! પુસ્તક છે ને સામે ? એનો અર્થ (આ) થાય છે. **(શ્રોતાઃ)** પુસ્તકમાં આવું ઝીણું નથી...! **(બીજા શ્રોતાઃ)** પુસ્તકમાં ઝીણું નથી તો અહીં કયાં ઘરનું નાખ્યું છે? **(ઉત્તરઃ)** કો'વિમલચંદજી! આહા...હા! આ તો એક સિદ્ધાંતનું દૃષ્ટાંત કીધું! ઘડાનું. સિદ્ધાંત તો ઈ છે કે ઉત્પાદ છે તે અનેરા ભાવના અભાવસ્વભાવે (તે) ઉત્પાદ પ્રકાશે છે. એને માટે કહે કે દાખલો (દ્યો) કે ખ્યાલમાં આવે ઈ (સિદ્ધાંત). દાખલો ઈ કે ઘડાની ઉત્પત્તિ છે તે(માટીના) પિંડનો વ્યય – જે ભાવાંતર છે – એ અનેરો ભાવ છે ઈ, એના અભાવસ્વભાવે ઘડાની ઉત્પત્તિ પ્રકાશે છે – દેખાય છે. એમ છે એમ છે એમ દેખાય છે એમ કહે છે. આહા...હા...હા! ભાઈ! આવી વાત!!

(લોકો તો આ) મંદિરો બનાવો, ગજરથ કાઢો, રથ ચડાવો, ધામધૂમ, દશ દશ હજાર, વીસ વીસ હજાર માણસ, પચાસ હજાર માણસ(મહોત્સવમાં) રથ કાઢે (ત્યારે) એક હલાવે એક એક માણસને અંતરે એક એક. (હારબંધ) બેન્ડ વાજાં (વાળા). પચીસ હજાર તો એક સાથે(વરઘોડામાં) માણસ, ભારે શોભા! ભગવાન સાંભળને....ભાઈ, એ ગજરથની પર્યાય – જે હાલે છે હાથી – એનો જે હાલવાનો પર્યાય, એને પૂર્વની પર્યાયમાં હાલવાનું નહોતું તેના ભાવના અભાવસ્વભાવે (આ હાલવાનું) પ્રકાશે છે. માણસ માથે બેઠો છે (મહાવત) એને હલાવે છે હાથીને, એમ નથી. આહા..હા! અને એ પંચકલ્યાણિકનો કરનારો પ્રમુખ છે, માટે આ ગજરથની પર્યાયનો પ્રકાશ થાય છે એમ નથી કહે છે. (મહોત્સવમાં) કરે ને સંઘવી – પ્રમુખ, બે–પાંચ લાખ રૂપિયા ખર્ચેને! એને લઈને(મહોત્સવની) આ બધી પર્યાયો ઉત્પન્ન થાય છે એમ નથી. તે તે ત્યાં પર્યાયો, પૂર્વનો વ્યય એટલે અનેરો ભાવ ઈ

એવા ભાવાંતરના અભાવ સ્વભાવથી (તે તે પર્યાયો) પ્રકાશે છે. અરે...રે! કર્તાપણું કયાં રહ્યું બાપા! આહા...! (એ કર્તા) ગજરથનો નહીંને ઈ હાથીનો નહીં. આહા...હા! હાથી ઊપર બેસવા બોલી ઊઠે કે જાણે એકબીજાને જાણે કંઈ (બોલી બોલે એમાં) પંદરસો કે બીજો કહે બે હજાર ઓલો કહે પાંચ હજાર. ઈ હોય છે કે ઈ શુભભાવ છે. એ કંઈ એનાથી– તને શુભભાવ થ્યો માટે એનાથી થાય છે ત્યાં (એમ માનવું રહેવા દે ભાઈ!) કો' ભાઈ! આ તમારા બાપે'ય સાંભળ્યું નો'હોય આવું **(શ્રોતાઃ)** હતું કયાં પહેલાં આવું ત્યાં **(ઉત્તરઃ)** એ દિગંબર છે ને...! દિગંબર છે. તમે તો પ્રથમથી જ દિગંબર હતા અમે તો ભઈ ઢુંઢિયા હતા. આહા...હા! **(શ્રોતાઃ)** ઢુંઢિયાએ શોધી કાઢયું ને...! **(ઉત્તરઃ)** આહા...હા...હા...હા! ગજબ વાત છે!! અમૃત રેડયાં છે સત્‌ના. **'સતિયાં સત્‌ મત છોડીએ, સત્‌ છોડયે પત જાય'** આહા..હા..હા! **(શ્રોતાઃ)** ઈ તો માગણે ય બોલે છે...! માગણ વાળા આ બોલે છે **(ઉત્તરઃ)** હેં! ઈ આ માગણ છે, માગણ છે આત્મા. **'સતિયાં સત્‌ મત છોડીએ'.** જે સમય જે પર્યાય સત્‌ની થાય. તે પૂર્વના અભાવ સ્વભાવે પ્રકાશે છે બીજાને લઈને નહીં. (એ) સત્‌ને છોડીશ નહીં. (એમ કહે છે) એ તો માગવા આવતા'ને...! (એ બોલતા) **'સતિયા સત્‌ મત છોડીએ, સત્‌ છોડીએ પત જાય. એ સત્‌ની મારી લક્ષ્મી, ફિર મિલેંગી આય.'** એ સાંભળ્યું છે કે નહીં? દુકાને, અમારી દુકાને ઘણાં આવતાં ને....! દરરોજ આવે. દરરોજ એક માંગણ આવે જ તે. એવું સ્થાન છે ત્યાંથી પછી એને ટિકિટ આપે. ઈ પછી માંગે પૈસો, પૈસો. તે દી' પૈસો–પૈસો હતો હવે વધી ગયું! આહા....હા! એને એમ કહ્યું!

(અહીંયાં કહે છે કે :) સત્‌' પ્રભુ! એનો ઉત્પાદ છે ઈ સત્‌ છે. उत्पादव्ययध्रौव्ययुक्तम् सत छे. तो દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય છે તે સત્‌ છે. **'એ સત્‌ને તું આડી – અવળી ન કરીશ. એ બીજાથી થાય એમ ન માનીશ, નહીં તો અસત્‌ થઈ જશે.'** તારી માન્યતામાં હોં! ન્યાં તો એમ છે. (તેમાં કોઈ ફેરફાર કરી શકે નહીં) ત્યાં તો ઈ પર્યાય જે થઈ છે – પૂર્વનો ભાવાંતર – અનેરો ભાવ જે (સંહાર), એના અભાવસ્વભાવે ઈ (પ્રકાશે છે) અને એ જ પર્યાય છે ઈ આવી છે બીજે સમયે એમ નથી. (એટલે ભાવાંતરવાળી પર્યાય બીજે સમયે આવી છે) આમાંથી એવું કાઢે છે કેટલા'ક. (અને કહે છે) એ જે પર્યાય હતી તે જ ભાવાંતર થઈને પાછી આવી છે. ઈ મોટી ચર્ચા થઈ'તી. ઘણી ચર્ચાઓ થઈ. માણસો (અમારી પાસે તો) આવે ને....! ભણેલા ને વાંચેલા. અરે! બાપુ, એમ નથી ભાઈ!

(અહીંયાં કહે છે કેઃ) **"ભાવાન્તરના અભાવસ્વભાવે"** જણાય છે એટલે 'છે'. એ રીતે જ દેખાય છે. **("અવભાસન છે")** તું બીજી રીતે દેખ તો તારી તે ભ્રમણા છે. એમ કહે છે. શું કીધું ઈ? ઘટની ઉત્પત્તિની પર્યાય ને દરેક દ્રવ્યની ઉત્પત્તિની પર્યાય, તેની અનેરી પર્યાય એટલે વ્યય જે છે – અનેરો ભાવ, એના અભાવે તે દેખાય છે. બીજો માણસ ન્યાં આવ્યો નિમિત્ત થઈને એથી તે (પર્યાયો) ત્યાં દેખાય છે ઈ એમ નથી. છતાં નિમિત્ત હો, પણ નિમિત્તને લઈને આંહી(ઉપાદાનમાં)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્પાદ થાય છે એમ નથી. એ ઉત્પાદ એના ભાવાંતર (એટલે) વ્યય, એના અભાવથી તે દેખાય છે. વ્યયના અભાવથી તે ઉત્પાદ દેખાય છે. નિમિત્ત આવ્યું માટે ઉત્પાદ દેખાય છે. (એમ નથી). આહા..હા! આવી વાત! **(શ્રોતાઃ)** આવી ચોખવટ આજે (કરીને)...! **(ઉત્તરઃ)** સામે આવ્યું છે ને....! માટે મંદિરો બનાવ્યા ને માનસ્તંભ બનાવ્યા ને.... સ્વાધ્યાય મંદિર બનાવ્યા ને... સમોસરણ બનાવ્યા ને.... **(શ્રોતાઃ)** એ તો રોજ ગવરાવો છો....! **(ઉત્તરઃ)** આહાહાહા....! વ્યવહાર છે ને...! વ્યવહાર(ની) ભાષા બાપુ! વ્યવહાર કહે છે તેમ નથી. ઈ આવે છે ને...! 'મોક્ષમાર્ગપ્રકાશક' માં વ્યવહાર કહે છે તેમ નથી. (એ તો) નિમિત્ત હતું એનું જ્ઞાન કરાવ્યું છે એમાં. 'મોક્ષમાર્ગપ્રકાશક' માં આવે છે. **('જિનમાર્ગમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયનયની મુખ્યતાસહિત વ્યાખ્યાન છે તેને તો ''સત્યાર્થ એમ જ છે'' એમ જાણવું, તથા કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતાસહિત વ્યાખ્યાન છે તેને ''એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે'' એમ જાણવું .)** આવો ઉપદેશ કઈ જાતનો છે! ભાઈ! કલકત્તામાં ય સાંભળ્યું'તું? અમારે ઝાંઝરી આવ્યા'તાને... વિમલચંદજી ન્યાં એવી ઝીણી વાત છે આ! આહા...હા! ભાઈ, એક વાર આગ્રહ છોડીને વસ્તુની જે રીતે સ્થિતિ મર્યાદા છે તે રીતે તું જ્ઞાન તો કર, પ્રભુ! આહા...હા!

(કહે છે) અક્ષરની ઉત્પત્તિ થાય છે. શાસ્ત્ર લખવામાં. તે ઉત્પત્તિનો પર્યાય એમ જણાવે છે કે પૂર્વની પર્યાય જે વ્યય થઈ એ ભાવના – ભાવાન્તરના, અભાવસ્વભાવે એ પર્યાય દેખાય છે. લખનારને લઈને (અક્ષરની) ભાષા દેખાય છે, લખાણ દેખાય છે, અક્ષર દેખાય છે, એમ નથી. આહા...હા! (નિમિત્તના પક્ષવાળા) ઈ વળી પાછા એમ કહે કે 'ભગવાનનો માર્ગ અનેકાન્ત છે' આ ઠેકાણે (ભલે) આમ કહ્યું પણ બીજે ઠેકાણે (બીજું) કહ્યું છે. અરે ભાઈ...! બીજે ઠેકાણે (આવે કે) વ્યવહાર સાધન છે નિશ્ચયસાધ્ય છે. એવું આવે છે જયસેનઆચાર્યની ટીકામાં – એ તો નિમિત્ત (અહીંયાં છે) વસ્તુના સ્વભાવનું ભાન થયું ત્યારે પહેલું કોણ હતું ત્યાં. એનું જ્ઞાન કરાવ્યું છે. એનાથી થયું છે ને એનાથી થાય છે, એમ છે નહીં.

અહીંયાં તો મોક્ષનો માર્ગ જે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર (પર્યાય) એની ઉત્પત્તિ, પૂર્વના મિથ્યાત્વભાવ, કષાયભાવના અભાવસ્વભાવે (તે પર્યાય) પ્રકાશે છે. મોક્ષનો માર્ગ જે પ્રગટયો તે ઉત્પન્ન (ઉત્પાદ) છે. તે પૂર્વના સંહારના ભાવના – ભાવાન્તર (ભાવના) અભાવસ્વભાવે એ ભાવ પ્રકાશે છે, એનાથી દેખાય છે. પણ બીજી રીતે (નિમિત્તથી) દેખ તો એમ છે નહીં, એમ કહે છે. આહા...હા! ત્રણલોકના નાથ, એ દિવ્યધ્વનિ કરતા હશે!! આહા...! એની વાણીમાં કયા ભાવ આવતા હશે!! ગણધરો ને ઈન્દ્રો પણ એક વાર ચમકે! ચમકે કે ઓહો...હો...! કે શું કહે છે....આ! (ભાવ આવે કે) બાપુ! આ તો ચમત્કાર છે!! દરેક દ્રવ્યની પર્યાયની ઉત્પત્તિ પરથી નહીં.... અને એના ભાવથી ભાવાંતર – અનેરા ભાવના અભાવસ્વભાવે પ્રકાશે છે. નિમિત્તના ભાવે પ્રકાશે છે – ઉચિત નિમિત્ત (છે) એમ તો આવ્યું'તું (ગાથા–૯૫ ની ટીકામાં) હો ઉચિત નિમિત્ત, પણ એનાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ ઉત્પાદ પ્રકાશે છે એમ નથી. આહા...! ઈ એક બોલ થ્યો!

(અહીંયાં કહે છે કેઃ) **''વળી જે મૃત્તિકાપિંડનો સંહાર છે.''** મૃત્તિકાપિંડનો સંહાર છે – વ્યય **''તે જ કુંભનો સર્ગ છે.''** તે જ કુંભની ઉત્પત્તિ છે. તે જ કાળ છે એટલે તેજ સર્ગ છે. 'તે જ' માં એમ ન લેવું કે એ સંહાર થ્યો એ જ પર્યાય ઉત્પાદપણે આવી છે, એમ નહીં. જે સંહાર છે તે કુંભની ઉત્પત્તિ છે કારણ કે અભાવનું ભાવાંતરના અભાવસ્વભાવે (છે). આહા...હા! વ્યય જે અભાવ છે એનાથી ભાવાંતર જે ઉત્પાદ છે એના ભાવસ્વભાવે વ્યયનું ભાસન થાય છે. આહા...હા! ભાષા તો એવી છે મીઠી! એ, મૃત્તિકાપિંડનો સંહાર તે જ કુંભની ઉત્પત્તિ છે. કારણ કે અભાવનું એટલે પૂર્વે (માટીના) પિંડનો અભાવ થ્યો, તેનું ભાવાંતર એટલે તેનાથી અનેરો ભાવ (એટલે) ઉત્પાદ (થ્યો,) અનેરા ભાવના ભાવસ્વભાવે અવભાસન – દેખાય છે, એમ છે એમ દેખાય છે. નાશ–અન્યભાવના ઉત્પાદરૂપ સ્વભાવે પ્રકાશે છે. નાશ છે તે અનેરોભાવ જે એ ઉત્પાદ છે તેના અનેરા સ્વભાવે પ્રકાશે છે. નાશ ને અનેરા ભાવરૂપે જે ઉત્પાદ છે, તેનાથી નાશ પ્રકાશે છે એનો અભાવ થઈને તે નાશ પ્રકાશે છે, પણ ત્યાં કુંભાર હતો માટે તે (માટીના) પિંડનો વ્યય થયો એમ પ્રકાશતો નથી. આહા...હા!

વિશેષ કહેશે....

ૐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૧૫–૬–૭૯.

'પ્રવચનસાર' ૧૦૦ મી ગાથા. (શ્રોતા કહે છે કે) કંઈક ઝીણું પડે છે. કહે છે સવારે સહેલું હતું બપોરે ઝીણું પડે છે. ધ્યાન રાખે તો પકડાય એવું છે.

(અહીંયાં કહે છે કે:) **"જે સર્ગ છે તે જ સંહાર છે."** શું કહે છે ? (આ વિશ્વમાં) જે છ દ્રવ્ય છે તેની જે સમયે (જે) પર્યાય ઉત્પન્ન થાય, તે સંહારથી (એટલે) પૂર્વની પર્યાયના સંહારથી થાય છે. હવે આ તો સમજાય એવું છે. 'સર્ગ છે તે જ સંહાર છે' – ઉત્પન્ન જે છે તે જે સંહાર છે. તે ઉત્પાદથી લેશે. જે સંહાર છે – વ્યય છે તે જ ઉત્પાદ છે. **"જે સંહાર છે તે જ સર્ગ છે; જે સર્ગ ને સંહાર છે તે જ સ્થિતિ છે."** ઉત્પાદ છે, વ્યય છે, એ સ્થિતિ છે. ત્રણેય એક સમયમાં છે. જે સ્થિતિ છે તે જ ઉત્પન્ન અને સંહાર છે. **"જે સ્થિતિ છે તે જ સર્ગ ને સંહાર છે. તે આ પ્રમાણે:"** હવે દૃષ્ટાંતરૂપે સમજાવશે. **"કુંભનો સર્ગ છે તે જ મૃત્તિકાપિંડનો સંહાર છે."** કુંભનો ઘડાનો કર્તા કુંભાર નથી. આહા...! કુંભનો ઉત્પાદ – ઘડાનો ઉત્પાદ, ઘડાનો ઉત્પાદ (એટલે) ઊપજે છે ને ઘડો. એ મૃત્તિકાપિંડનો સંહાર છે. ઘડાની ઉત્પતિ જે છે તે જ મૃત્તિકાપિંડનો અભાવ (છે). મૃત્તિકાપિંડનો સંહાર કહો કે અભાવ કહો (એકાર્થ છે). આહા...હા! આ તો સમજાય એવું છે!

(અહીંયાં કહે છે) **"કારણ કે ભાવનું"** એટલે ઉત્પાદભાવનું, ઘડાની ઉત્પત્તિના ભાવનું **"ભાવાંતર"** એટલે અનેરા ભાવથી **"અભાવસ્વભાવે"** ભાવ એટલે ઉત્પાદ એનાથી ભાવાંતર એટલે સંહાર–વ્યય, એના અભાવસ્વભાવે (એટલે) વ્યયના અભાવસ્વભાવે ઉત્પાદનું **"અવભાસન છે"** **(શ્રોતા:)** વધારે ચોખ્ખું કરો... ને પ્રભુ! **(ઉત્તર:)** કહીએ. આ તો ઘડાનો દૃષ્ટાંત આપ્યો. (આચાર્યે)

(જુઓ,) ભાષા થાય છે. ભાષાની જે ઉત્પત્તિ છે તે જ સંહાર છે. એટલે? વચનવર્ગણાની જે પર્યાય હતી તેનો સંહાર થ્યો એટલે કે ભાષાની પર્યાયથી ભાવાંતરનો અભાવ – ભાષાની પર્યાયથી ભાવાંતર (જે ભાવ છે) તે ભાવનો અભાવ, ભાવાંતર (અર્થાત્) ભાષાની પર્યાયથી બીજો અનેરો ભાવ (એટલે) સંહાર–વ્યય તેના અભાવ સ્વભાવે ઈ ભાષાની પર્યાય પ્રકાશે છે. આત્માથી નહીં. આહા...! લો આવું છે. ભુકકો–બુકકાનું અહીંયાં નથી. ભુકકાનો વેપાર છે ને એને...! શું કહેવાય એને? પાવડર. એ પાવડરની ઉત્પત્તિ થઈ, પર્યાયપણે. તો તે પૂર્વની પર્યાય – અવસ્થા હતી તેનો સંહાર (–તે નાશ). ઉત્પત્તિના (પાવડરના) ભાવથી અનેરો ભાવ એટલે (ગાંગડાનો) સંહાર, એ ભાવથી ભાવાંતર, એના અભાવ (સ્વભાવે) તે ભાવ(પાવડર) દેખવામાં આવે છે. લ્યો, આ તમારા પાવડર પર ઊતાર્યું! આહાહા. આચાર્યે પણ ઘટનો દૃષ્ટાંત આપ્યો છે ને...! જુઓ! ઘડાની ઉત્પત્તિ, એનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જે ભાવ. તેનાથી ભાવાંતર – અનેરો ભાવ (જે પિંડના ભાવનો) સંહાર તે અભાવ. ભાવાંતર એટલે ભાવથી અનેરા ભાવનો (તે) અભાવ. એ અભાવસ્વભાવથી આ ઉત્પાદ ભાસે છે. સમજાય છે કાંઈ? આ તો વસ્તુની સ્થિતિનું વર્ણન છે. **'અને સમ્યગ્દર્શનનો વિષય છે.'** એ રીતે બરાબર પ્રતીત થવી જોઈએ. પ્રતીતિમાં પણ આવે છે. આવ્યું'તું ને ઓલામાં (ગાથા–૯૮ ટીકામાં) અતાદ્ભાવિક (ભેદમાં). પર્યાયથી જોઈએ તો (ભેદ) ઉન્મગ્ન છે (અને દ્રવ્યથી જોઈએ તો નિમગ્ન છે) એમ આવ્યું'તું (ગાથા–૯૮ ની ટીકામાં). ભઈ, આ તો સર્વજ્ઞભગવાન, એના જ્ઞેયો–પદાર્થ, એની પ્રતીતિ કેમ કરવી અને એનું કેવું સ્વતઃ સ્વરૂપ છે એની વાત છે. આહા...હા!

અહીંયાં કહે છે કે ઘડો જે ઉત્પન્ન થયો, એ કુંભારથી નહીં. પણ તે ઉત્પત્તિનો ભાવ છે એનાથી ભાવાંતર – અનેરો ભાવ એટલે વ્યય (અર્થાત્) અનેરો ભાવ વ્યય, એમ (ઉત્પત્તિનો) ભાવ છે તેમાં એનો અભાવ છે, એ અભાવથી તે ભાવ ભાસે છે. પૂર્વની અવસ્થાના અભાવથી ઘડાની અવસ્થા ભાસે છે. ઘડાની અવસ્થા 'ભાવ' છે. તે એ ભાવાંતરના એના ભાવથી અનેરા ભાવ પૂર્વની અવસ્થા તે અનેરો ભાવ એનો અભાવ (એટલે) માટીના પિંડની અવસ્થાનો અભાવ (ને) એ પિંડમાંથી માટીના ઘડાની ઉત્પત્તિનો સદ્ભાવ. આહા...હા! શું વાત કરી છે (અલૌકિક!!) ધ્યાન રાખે તો, પકડાય એવું છે. ભાષા સંસ્કૃતની કંઈ ઝીણી નથી. આહા...!

(વળી ફરીને જુઓ!) આ શરીર છે. (આ હાથ હાલવાની) આ પર્યાય છે, એ પર્યાય એના પહેલાની જે પર્યાય હતી (સ્થિર હાથની) તે આ (હાલવાની) પર્યાયથી ભાવાંતર છે. અનેરો ભાવ– અનેરી દશા (છે). આ ચાલવાની ઉત્પત્તિ એનાથી અનેરો ભાવ (છે). એના અભાવથી આ (હાલવાનો) ભાવ પ્રકાશે છે. પૂર્વ ભાવના અભાવભાવથી આ ભાવ પ્રકાશે છે. આહા...હા! આત્માથી એ ભાવ હાલે છે ને ચાલે છે અને પ્રકાશે છે એમ નથી. આવી વાત છે! **(શ્રોતાઃ)** સમ્યગ્દર્શનની પર્યાયની ઉત્પત્તિ શી રીતે છે? **(ઉત્તરઃ)** સમ્યગ્દર્શનની પર્યાયની ઉત્પત્તિ (માટે) કાલ આ દાખલો આપ્યો હતો. એનાથી ભાવાંતર એટલે મિથ્યાત્વ, તેના અભાવસ્વભાવે સમ્યગ્દર્શન પ્રકાશે છે. દર્શનમોહના અભાવ સ્વભાવે સમ્યગ્દર્શન પ્રકાશે છે એમ નથી. આહા...હા! કહો મિઠાલાલજી, વાતું તો મિઠ્ઠી છે બધી. આહા...હા!

(આ) જ્ઞાનમાં, હીણી દશાનો ઉત્પાદ, એ પૂર્વની જે દશા હતી કંઈક ઠીક તેનો અભાવ, હીણી પર્યાય– હીણી ઉત્પત્તિ એનું એ ભાવથી ભાવાંતર (એટલે) એ પર્યાય હીણી ઉત્પન્ન થઈ –હીનતાની ઉત્પત્તિના ભાવાંતર એટલે અનેરી પર્યાય, એના અભાવસ્ભાવે એ જ્ઞાનની હીનતા પ્રકાશે છે. કર્મને લઈને નહીં. આ મોટો વાંધો ઊઠયો હતો વર્ણીજી હારે. (એણે) ચોપડીમાં લખ્યું છે. આંહીનો વિરોધ કર્યો છે. 'જ્ઞાનાવરણીય' બહાર પાડયું છે. પાડો બાપા! એને ખબર નથી બચારાને... એનું એમ કહેવું હતું કે જ્ઞાનની હીણી અવસ્થા જ્ઞાનાવરણીયના ઉદયને લઈને છે. અને જ્ઞાનની વિશેષ દશા એ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનાવરણીયના ક્ષયોપશમને લઈને છે. આહા...હા! આ તો સમજાય એવું છે બાપા! ભગવાન આત્માને ન સમજાય (તો) કોને સમજાય? આહા...હા! જ્ઞાનની હીણી દશા, અરે! અધિક દશા લ્યો, જ્ઞાનની વિશેષ દશા થઈ એ જ્ઞાનાવરણીય કર્મના અભાવથી થઈ એમ નહીં. આહા...! એ જ્ઞાનની અધિક દશા થઈ એ પૂર્વે જે હીણી દશા હતી એ અધિક દશાથી અનેરો ભાવ છે, એ અધિક દશા જ્ઞાનની એમાં પહેલાં હીણી દશા હતી એ ભાવાંતર છે –અનેરો ભાવ છે, એના અભાવસ્વભાવે જ્ઞાનની અધિકતા ભાસે છે. આહા...હા! જ્ઞાનની હીણીદશામાં અભાવસ્વભાવે જ્ઞાનની અધિક દશા ભાસે છે. જ્ઞાનાવરણીય(કર્મ) ના ક્ષયોપશમથી જ્ઞાનની પર્યાય અધિક થઈ એમ ભાસે છે એમ નથી. આહા...હા! પ્રભુ! પ્રભુ! પ્રભુ! મારગ તો જુઓ ! બહુ સરસ વાત છે આ. એ ભાઈ! બહુ વાત, ઠીક આવી ગ્યા! આવી વાત છે બાપા! શું કહીએ! વર્ણીજી હારે એની ચર્ચા થઈ'તી. વિરોધ કર્યો બહુ! આવી શ્રદ્ધા અજ્ઞાન છે ને તે સંસારને ડૂબાડી દેશે. અરે પ્રભુ, શાંત થા ભાઈ! આ વિદ્વત્તાનું ચિહ્ન નથી બાપા! ચોપડીમાં છાપ્યું'તું, ચોપડી છપાઈ ગઈ છે.

(એ ચોપડીમાં લખ્યું છે શું કોણ ત્યાં ગયા? રતનચંદજી) 'મહારાજ, કાનજી સ્વામી એમ કહે છે કે જ્ઞાનની હીણી – અધિકતા પોતાની યોગ્યતાથી થાય છે. જ્ઞાનાવરણીયને લઈને નહીં. કેમ મહારાજ! (તમે શું કહો છો?) અરે, ઈ અગિયાર અંગનો ભણનાર કહે તો ય ઈ વાત સાચી નહીં. **(શ્રોતાઃ)** આપે સ્વીકારી લીધી? **(ઉત્તરઃ)** એ વસ્તુ જ એની પાસે નથી એને ચાલતી નથી એ બચારાંને (ખબર જ નથી) શું થાય? અરે....રે! એને આત્માનું હિત તો કરવું છે ને...! એને હિત તો કરવું છે ને...! દુઃખી થાય એવું તો (અમને ભાવમાં'ય ન હોય). પણ ખબર ન મળે તત્ત્વની! આહા...! સંતોષકુમાર! આ એ સંતોષકુમાર છે ને..! તમારું નામ કીધું વિદિશા આ દમોહ. આહા...હા! પ્રભુ!

કહે છે કે આત્મામાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ એ 'ભાવ'. એનાથી ભાવાંતરપૂર્વની પર્યાય હીણી તે ભાવાંતર. એના અભાવસ્વભાવે (કેવળ) જ્ઞાનની પર્યાય ભાસે છે. જ્ઞાનાવરણીય (કર્મ) ના ક્ષયથી ભાસે છે એમ નહીં. છે? આત્મામાં રાગ થાય, એ રાગની ઉત્પત્તિ (ની પર્યાય છે). એ પૂર્વની પર્યાયના સંહારથી થાય છે. કર્મના ઉદયને લઈને રાગ ઉત્પન્ન થાય છે એમ નથી. (એ) રાગની ઉત્પત્તિ છે એ 'ભાવ' છે. અને એનાથી અનેરો ભાવ, પહેલી જે પૂર્વપર્યાય હતી પ્રગટી છે પણ થોડી છે એ અનેરો ભાવ, તેના અભાવસ્વભાવે જ્ઞાનની (રાગરૂપ) વર્તમાન દશા દેખાય છે. આહા...હા! શું આચાર્યોની શૈલી! ગજબ વાત છે બાપુ!! તીર્થંકરદેવ સાક્ષાત્ બિરાજે છે આહા...હા! એની દિવ્યધ્વનિ (સાંભળી) જ્યાં ઈન્દ્ર બોલી નીકળે (ઊઠે) (અહો પ્રભુ!) ગલુડિયાંની જેમ બેસે સાંભળવા (એ વાણીને) બાપુ, એ મારગ તો અલૌકિક છે. ઈ લૌકિકથી સમજાય એવું નથી. આહા...હા!

(કહે છે કેઃ) એમ (આત્મામાં) સંપ્રદાન નામનો ગુણ છે એમાં પર્યાય પ્રગટ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વીતરાગ(તા) ની પર્યાય થઈ, પ્રગટ થઈને એ પોતે પોતાને આપે છે. આહા...હા! સંપ્રદાનની એટલે દાનની (નહીં) પરને દાન આત્મા કરી શકતો નથી. પૈસા દેવાનું, રૂપિયા આપવાનું એવું તો આત્મા કરી શકતો નથી. અરે...રે! મુનિને આહારદાન આપે, એ પણ કાર્ય આત્માનું નહીં. આહા...હા! એ આહારના પરમાણુની પર્યાય જે રોટલીરૂપે છે. એ આમ–આમ જાય છે. એ પર્યાયના ભાવથી પૂર્વે જે ભાવ હતો – આમ–આમ નહોતું તે ભાવાંતરના અભાવસ્વભાવે એ પર્યાય (આહારની) થાય છે. દેનારના ભાવથી તે ભાવ થાય છે(એમ છે નહીં). આહા...! દેનારના ભાવથી ત્યાં રોટલી અપાય છે કે મોસંબીનો રસ અપાય છે (એમ નથી). આહા...હા! આવી વાત!! કો' ભાઈ! કોઈએ કોઈ'દી કયાં'ય સાંભળ્યું નહોતું (આવું તત્ત્વસ્વરૂપ). શું શૈલી!! આહા...હા!

કોઈ કહે કે આને દૂધ ખપતું નથી. તો એનો અર્થ શો? દૂધ ખપે છે એવો જે પર્યાય હતો એ પર્યાયનો વ્યય થઈ, સંહાર થયો. અને દૂધ ખપતું નથી એવો જે વિકલ્પ ઉત્પન્ન થયો. એ પર્યાયની વિરુદ્ધ (નો ભાવ) – એનાથી અનેરો ભાવ – ખપતું હતું એવો ભાવ એના અભાવથી ઉત્પન્ન ભાવ (ખપતું નથી એ ભાવ) થયો. આહા...હા! આવું સ્વરૂપ છે! આ તો બધો ઊડાવી દ્યે છે વ્યવહાર **(શ્રોતા:)** વ્યવહાર તો હોય ને પણ... **(ઉત્તર:)** આ જ વ્યવહાર છે. પર્યાય ને...ઉત્પાદ...વ્યય સિદ્ધ કરીએ એ વ્યવહાર છે. એનું લક્ષ દ્રવ્ય ઉપર જાય એ નિશ્ચય છે. આહા...હા! સમજાણું કાંઈ?

(અહીંયાં કહે છે કે:) **"જે કુંભનો સર્ગ છે તે જ મૃત્તિકાપિંડનો સંહાર છે."** ઘડાની ઉત્પત્તિ તે જ મૃત્તિકાપિંડનો સંહાર છે તે જ રીતે તે જ સમયે માટીના પિંડનો સંહાર છે. **"કારણ કે ભાવનું"** એટલે ઘડાની ઉત્પત્તિ થઈ એ ભાવનું **"ભાવાંતરના"** એટલે અનેરા ભાવનું એટલે કે પિંડ જે અનેરો ભાવ હતો તેના **"અભાવસ્વભાવે અવભાસન છે"** આહા...હા! એક ન્યાય સમજે તો (બધું સમજાય જાય). (આ તો) પરનું કરું, પરનું કરવું, પરનું કરું. (એ અભિપ્રાય અજ્ઞાન–મિથ્યાત્વ છે). આહા...હા! 'મોક્ષમાર્ગપ્રકાશક' માં આવે છે ભગવાને ઉપકાર કર્યો. આઠમા (અધ્યાયમાં). એટલે એ તો સમજાય છે કે વાણી નીકળી. **(શ્રોતા:)** તો ભગવાને ઉપકાર કર્યો કેમ કહેવાય? ( **ઉત્તર:)** કોણ કરે? અને તે તે ભાવે વાણી નીકળે તેમ કહ્યું. એ પણ વ્યવહારથી છે, બાકી તો તે સમયે ભાષાવર્ગણાની પર્યાય ઉત્પન્ન થઈ, એનાથી અનેરો ભાવ, એનો વ્યય થઈને અભાવ થ્યો, ત્યારે તે ભાષા નીકળી છે. ભગવાનથી થઈ નથી. કે જગતના ભાગ્યને ઉદયને લઈને થઈ નથી. तातै भवि भाविक जन નથી આવતું.... સમજાવવું હોય ત્યારે એમ જ સમજાવે આહા...હા!

આ આત્મા, સમકિતની પર્યાયનો ઉત્પાદ, એ પૂર્વની મિથ્યાત્વ પર્યાય હતી, એ ભાવાંતર ભાવ છે. એના અભાવસ્વભાવે સમકિતની પર્યાય પ્રકાશે છે. દર્શનમોહના અભાવ સ્વભાવે સમકિતની પર્યાય પ્રકાશે છે એમ નથી. ઓલું આવે છે ને કંઈક નહીં, ફૂલચંદજીએ ખુલાસો કર્યો છે. યાદ રહે નહીં. **(શ્રોતા:)** જૈનતત્ત્વમીમાંસા **(ઉત્તર:)** પહેલાંનું કંઈક છે. પણ યાદ કયાં રહે છે? ભાવ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મગજમાં છે કંઈક! એમ કે આ રીતે આમ કહ્યું છે પણ એ વ્યવહાર છે. **(શ્રોતાઃ)** કર્મના અભાવથી થાય છે.**(ઉત્તરઃ)** હેં, એ તો થાય છે, એ તો ઠીક ! બીજું છે કંઈક, ઈ તો ચાર કર્મના ક્ષયથી...... **(શ્રોતાઃ)** અકર્મદશા.... **(ઉત્તરઃ)** ઈ તો ખ્યાલ છે, બીજું કંઈક છે ભાષામાં. સિદ્ધાંત એને (આપ્યો છે) બહુ સારો છે. થોડું પણ સત્ય હોવું જોઈએ ભાઈ! લાંબી લાંબી વાતો કાંઈ મોટી (કરે) ને સત્ય કાંઈ હાથ ન આવે. ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય સત્, એ ઉત્પાદભાવથી અનેરો વ્યયભાવ,એના અભાવસ્વભાવે ઉત્પન્ન (ઉત્પાદ) છે. આહા...હા! **(શ્રોતાઃ)** કેવલજ્ઞાની ભગવાન ભાવશ્રુતથી દિવ્યધ્વનિમાં જ્ઞાન આપે છે... **(ઉત્તરઃ)** ઈ તો આપે છે. એ તો બધી ખબર છે, ભાવશ્રુતથી આપે છે. બીજી વાત છે, મગજમાં આવે છે પણ **(શ્રોતાઃ)** એનો અભાવ સ્વભાવ છે ઈ **(ઉત્તરઃ)** અહીં ના. એ તો અભાવ છે.**(શ્રોતાઃ)** અભાવસ્વભાવે કહ્યું પણ જડનો અભાવ થયો નથી**(ઉત્તરઃ)** ના, ના. એ તો બધી ખબર છે, પણ બીજું છે. એ શ્રુતજ્ઞાનનો ઉપદેશ પણ કોણ આપે? એ તો પહેલું કહી ગ્યા...ને!

આહા...હા! તે વખતે તે પરમાણુનો સ્વઅવસર, ભાષા થવાનો સ્વઅવસર છે. તે પ્રગટે(છે) ભાષા. તે જ અવસરે, તે જ કાળે, તે જ રીતે દિવ્યધ્વનિ થાય. તેનો પૂર્વની પર્યાયનો તે ભાવથી અનેરો ભાવ(એટલે) નહોતી પર્યાય થઈ એ અનેરો ભાવ, એ ભાવના અભાવસ્વભાવે ભાષા થઈ છે. ભગવાને ભાષા કરી છે એમ નથી. ભવિના ભાગ્યને લઈને થઈ છે એમે ય નથી. આહા...હા! **(શ્રોતાઃ)** ભવિના ભાગ્ય માટે તો કહેવાય છે... **(ઉત્તરઃ)** એ તો કીધું ને... એ બધી નિમિત્તથી વાતું બાપા!

(કહે છે કેઃ) સમય, સમયનું સત્. ઉત્પન્ન. સ્વતંત્રપણે, ભાવાંતર જે પૂર્વનો સંહાર એના અભાવસ્વભાવે ઉત્પન્ન થાય. એ વસ્તુની સ્થિતિ છે. બાકી બધું નિમિત્તથી થાય ને આમથી થાય ને (એ બધા વ્યવહારના કથન છે). (લોકો કહે ને) બે કારણે કાર્ય થાય. (એમ કહીને) વાંધા ઊઠાવે છે. 'તત્ત્વાર્થરાજવાર્તિક' માં એવું આવે છે, બે કારણે કાર્ય થાય. અહીંયાં તો કહે છે કે એ બીજી ચીજ છે એવું જ્ઞાન કરાવ્યું છે. અહીંયાં સાધક રાગ છે એનાથી સમ્યગ્દર્શન થાય, સાધકથી સાધ્ય થાય એમ નથી પણ નિમિત્તથી કથનછે. બાકી તો સાધક જે શુભરાગ છે એનો વ્યય થઈને (સમ્યગ્દર્શન થાય છે). (શુભરાગ છે) એની રુચિનો વ્યય થઈને – એ સમ્યક્ત્વની પર્યાયથી (શુભ) ની રુચિ છે તે અનેરો ભાવ છે – તેનો અભાવ થઈને સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય છે. (વસ્તુનું સ્વરૂપ) આમ છે. કયાંય તમારા ચોપડામાં આવે નહીં. કયાંય, વેપારમાં આવે નહીં, અત્યારે તો સંપ્રદાયમાં ય આવતું નથી,પ્રભુ શું! આહા...હા! અને એકાંત, એકાંત કરીને (આ વાતને લક્ષમાં ન લ્યે.) આહા...હા! માંડ બહાર આવ્યું અનેકાન્ત!! હળવે બોલો, ઉતાવળથી બોલો, સમજાય એમ બોલો – એ બધી વાતું હો! આહા...હા! અરે!

(કહે છે) આ પાનામાં ખ્યાલ ગ્યો અને જે જ્ઞાનની ઉત્પત્તિ થઈ, એ આનાથી નહીં. તે કાળે તે થવાની હતી તે ઉત્પાદ થ્યો, અને બહુ કારણ લ્યો તો પૂર્વની (પર્યાયનો) વ્યય છે – એના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંહાર – અભાવને કારણે (એટલે કે) એના અભાવથી ભાવ ઉત્પન્ન થયો. પૂર્વની પર્યાયના અભાવના કારણે ભાવનું અવભાસન થ્યું. ઉત્પાદનું (પ્રકાશવું થ્યું) આહા...! હવે આવું કયાં યાદ રહે? જુઓ, આ છોકરાંવ છે ને...! ઈ કયે સવારનું સહેલું પડે ને આ બપોરનું જરી ઝીણું પડે (છે)! ભાષા તો સાદી છે બાપા! આ તો આ. આ તો દેષ્ટાંત આપ્યો ઘડાનો. સિદ્ધાંત તો સિદ્ધાંત છે તે છે. પણ લોકોને એકદમ ખ્યાલમાં આવે (તેથી દેષ્ટાંત ઘડાનો આપ્યો છે). ત્યારે એ (લોકો) કહે કે કુંભાર વિના ઘડો થાય નહીં. (વળી કહે) કુંભારમાં ઘડાના કર્તાપણાનો ભાવ છે ત્યાં સુધી કહે છે. ઘડાના કર્તાપણાનો જે ભાવ(ઘડામાં) છે એવો કર્તાપણાનો ભાવ કુંભારમાં પણ છે. અહા...હા! નિમિત્ત કર્તા કહ્યું છે ને...! એમ નથી ભાઈ! આહા...!

(કહે છે કે:) દૂધમાંથી દહીં થાય છે. એ છાશનું (મેળવણ) નાખ્યું એના કારણે નહીં, એમ કહે છે. એ દહીંની જે પર્યાયનો ઉત્પાદ (થયો), તે પૂર્વની (દૂધની) પર્યાયનો સંહાર (અર્થાત્) અભાવ (થયો). દહીંની પર્યાયનો 'ભાવ' એનાથી ભાવાંતર પૂર્વની પર્યાય જે (દૂધની) છે તે (ભાવાંતર છે) એનો અભાવ થઈને દહીંની પર્યાય થાય છે. આહા...હા! હવે આ તે (વસ્તુસ્થિતિ). એ ભાઈ! આવું છે.

અહીંયાં તો કહે છે કે પ્રભુ તું જ્ઞાતા છો ને...! એ જ્ઞાતાની જે પર્યાયનો ઉત્પાદ (થ્યો) એ પરને જાણે છે માટે જ્ઞાતા (થ્યો) એમ નથી. આહા...હા! પણ જ્ઞાતાની પર્યાય જે છે એનો જે ઉત્પાદ(થ્યો) એની પહેલાની પર્યાયનો સંહાર નામ અભાવ થઈને (જ્ઞાતાની) પર્યાય થઈ છે. આહા...હા! (આમ કહીને પ્રભુ) શું કહેવું છે? ('સમયસાર') ૩૨૦ ગાથામાં આવ્યું ને...! કે આત્મા, ઉદય અને બંધને જાણે, નિર્જરા ને મોક્ષને જાણે. આહા..હા! શું શૈલી!! પ્રભુની!! નિર્જરા ને મોક્ષને કરે નહીં પણ જાણે. એ જાણવાની પર્યાય પણ – નિર્જરા ને મોક્ષની પર્યાય છે માટે તેને જાણવાની પર્યાય છે, એમ નથી. સમજાણું કાંઈ? અ...હા...હા...હા! મોક્ષની પર્યાય અને મોક્ષના માર્ગની પર્યાય તો દ્રવ્ય કરે નહીં. આહા...હા! એને જાણે! એને કાળે! કે મોક્ષ છે, નિર્જરા છે એમ. ઈ જાણવાની પર્યાય પણ – એ નિર્જરા ને મોક્ષને જાણે છે – એનાથી જાણવાની પર્યાય થઈ એમ નથી. એ જાણવાની પર્યાય પહેલાં જે જાણવાની પર્યાય હતી, એનો સંહાર નામ એ જાણવાની પર્યાયથી ભાવાંતર સંહાર, એના અભાવસ્વભાવે એ (જાણવાની) પર્યાય ભાસે છે. એ મોક્ષ ને નિર્જરાને જાણે છે માટે પર્યાયને મોક્ષ ને નિર્જરાનું કારણ છે, માટે જ્ઞાનની પર્યાય થાય છે એમ નથી. આ તો આવું–આવું આવી જાય છે! આહા...હા! (લોકોને) કાને તો પડે આહા...! પરમ સત્ પ્રભુ! જ્ઞાતા–દ્રષ્ટાની પર્યાય, એ પણ જેને જાણે છે માટે એનાથી થઈ છે એમ નથી. છે એની પર્યાય પણ, પૂર્વની પર્યાયમાં, ઉત્પન્ન પર્યાય થઈ એનાથી અનેરો ભાવ તે પૂર્વની પર્યાય, તેનો સંહાર નામ અભાવ–ભાવાંતરમાં અભાવસ્વભાવે તે પર્યાય ભાસે છે. આહા...હા! (આત્મા) નવરો નગાર છે. પરથી બિલકુલ નવરો છે!! મફતના અભિમાન કરીને (રખડે–ભટકે છે). **(શ્રોતા:)** પરથી નવરો પણ પોતાના કામથી ભરપૂર છે ને...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**(ઉત્તર:)** કામ કેદી' હતું એને! આહા...! એનું કામ તો જાણવું–દેખવું એ પર્યાય (માં ટકી રહેવું) એ એનું કામ (છે). એ કામમાં પણ જેને જાણે છે એ કારણ કામમાં નહીં. આહા...હા! કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકને જાણે માટે લોકાલોક કારણ છે એમ નહીં. આહા...હા! તે કેવળજ્ઞાનની પર્યાય, પૂર્વની પર્યાયના અભાવસ્વભાવે પ્રકાશે છે. તે જ સમયે ઉત્પાદ છે અને તે જ સમયે પૂર્વની પર્યાયનો અભાવ છે. સંહાર છે. આહા...હા...હા...હા! **'એક સૂત્ર જો આ સમજે તો ક્રમબદ્ધ'** (બેસી જાય). વ્યવહારથી નિશ્ચય થાય, નિમિત્તથી નિશ્ચય (ઉપાદાનનું કાર્ય) થાય એ બધી વાત ઊડી જાયછે. (જ્ઞાતા–દ્રષ્ટા થઈ જાય છે.) અરે! પણ એવો વખત કયાં છે? આહા...! **'પ્રગટ પર્યાય જે છે, પ્રગટ પર્યાય વિનાનું દ્રવ્ય કોઈ દી' ન હોય.'**

અહીંયાં એમ કહે છે, પ્રગટ પર્યાય જે છે ગુણની, આહા...હા! તે પર્યાયથી અનેરી પર્યાય એટલે તે પૂર્વની પર્યાય, તેનો સંહાર એટલે અભાવસ્વભાવે વર્તમાન પર્યાય દેખાય છે. આહા...હા...હા...હા! (આ એક ન્યાયમાં તો) કેટલું સમાડી દીધું છે!! ઉત્પત્તિ કીધી ને...ઘટની. (ઉત્પાદનો પહેલો બોલ થયો) હવે બીજો બોલ આવ્યો.

(અહીંયાં કહે છે કે:) **"વળી જે મૃત્તિકાપિંડનો સંહાર છે."** માટીના પિંડનો વ્યય છે **"તે જ કુંભનો સર્ગ છે."** તે જ ઘડાની ઉત્પત્તિ છે. **"કારણ કે અભાવનું ભાવાન્તરના ભાવસ્વભાવે"** આહા...! સંહાર છે તે અભાવ છે. એનો ભાવાંતર જે અનેરો ભાવ તે ઉત્પાદ (છે). અ...હા...હા..હા! છે? પિંડનો સંહાર, તે કારણ, તે અભાવ – તે કારણનો અભાવ, ભાવાંતર (એટલે) તે ભાવથી અનેરો ભાવ (સંહાર ભાવથી અનેરો ભાવ) કોણ? ઉત્પન્ન થાય તે. ઘડાની ઉત્પત્તિ થાય તે. જેનું સંહારના અભાવનું ભાવાંતરરૂપે પ્રકાશવું. આહા...હા...હા! પહેલા (બોલ) માં એમ હતું. ભાવાંતરનાં અભાવસ્વભાવે પ્રકાશવું, અહીંયાં (બીજા બોલમાં) અભાવનું ભાવાંતરનાં ભાવસ્વભાવે પ્રકાશવું (છે). ઉત્પન્ન છે ને...! સંહારને સમયે જ ઉત્પાદ છે, તે સંહારથી અનેરો ભાવ એટલે ઉત્પત્તિ (ઉત્પાદ). એ ભાવના અભાવસ્વભાવે ભાવ (કહ્યું) પેલામાં અભાવસ્વભાવે અભાવ (કીધું તું) આમાં અભાવસ્વભાવે ભાવ (કીધું). આહા...હા..હા! મૃત્તિકાપિંડનો સંહાર છે – (માટીના) પિંડનો વ્યય છે તે જ ઘડાની ઉત્પત્તિ છે, કારણ કે અભાવનું – એ પિંડનો અભાવ જેનું ભાવાંતર (એટલે) અનેરો ભાવ એવો જે ઘડાની ઉત્પત્તિ તેના ભાવસ્વભાવે **"અવભાસન છે."** આહા...હા...હા! વાણિયાને આ વેપાર આડે સમજવું કઠણ પડે! ધીરેથી સમજે તો આ સમજાય. **(શ્રોતા:)** ડાહી જાત, હુશિયાર જાત એને વળી કઠણ પડે? **(ઉત્તર:)** દુનિયામાં તો એમ કહે છે **(ડાહીના ગાંડા ને ગાંડીના ડાહ્યા)** ડાહીમાના દીકરા વાણિયા ગાંડા. ગાંડી (માના) ડાહ્યા એમ કહે લ્યો! વાણીયાણી ડાહી ને ડાહીમાના દીકરા ગાંડા એમ કહે અને ભરવાડણ ડાહી એના દીકરા ગાંડા એમ (પણ) કહે છે. ભરવાડણ ડાહ્યું એના દીકરા ગાંડા એમ કહે વાણિયાણી વેવલીયું એના દીકરા ડાહ્યા એમ કહે છે. બધી વાતું છે. એવી વાતું સાંભળતા...ઓહોહો! અઢી રૂપિયાનું મણ તો ચાર પૈસાનું શૈર એવી આ કૂંચી ઊતારી છે. એના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપરથી દાખલા (ગણો ને) ચાલીશ શેર સુધી લઈ જાવ એટલા દાખલા (ગણો તો પણ જરી ભૂલ ન પડે).

(અહીંયાં કહેછે કે:) **"અર્થાત્ નાશ અન્યભાવના ઉત્પાદરૂપ સ્વભાવે પ્રકાશે છે."** આહા...હા! મોક્ષમાર્ગની પર્યાય (છે) એનો નાશ. એનો અનેરો ભાવ જે ઉત્પાદ કે જ્ઞાન, તેના સંહારના અભાવસ્વભાવે 'ભાવ' ભાસે છે. સંહારનો અભાવસ્વભાવ અને ભાવાંતર એ ભાવ.ઉત્પન્ન થયેલ ભાવ(અર્થાત્) સંહારના અભાવસ્વભાવરૂપ, ભાવથી અનેરો ભાવ ઉત્પન્ન થાય છે. આહા..હા! કર્મથી બિલકુલ નહીં એમ અહીંયાં કહે છે. આહા...હા...હા!

(કહે છે લોકો કે) અંતરાયકર્મથી આત્મામાં વિઘ્ન પડે. એમ વાતું કરે. આહા...! (અમારે) ભઈ ઘણી સમજવાની (ધગશ) છે પણ જ્ઞાનાવરણીય (કર્મ) નો ક્ષયોપશમ થાય તો ને...! એમ કહે છે. આહા...! (સમજવામાં) જ્ઞાનાવરણીય (કર્મનો) ક્ષયોપશમ જોઈએને! એની અહીંયાં ના પાડે છે. (કહે છે કે:) તારો જે ઉઘાડભાવ વર્તમાન (જે) સ્વતંત્ર ઉત્પાદ છે એને પૂર્વપર્યાયના ભાવના અનેરાભાવના – અભાવસ્વભાવે તારું પ્રકાશવું છે. કર્મના અભાવસ્વભાવે નહીં. કર્મના અભાવસ્વભાવે જ્ઞાનનું પ્રકાશવું છે એમ નહીં. આ તો આવી ગયું છે કાલે. જ્ઞાનની હીણી–અધિક દશા જ્ઞાનાવરણીય (કર્મ) ને લઈને થાય એ વાત સાચી નથી. આ ચર્ચા થઈ'તી મોટી. (વર્ણીજી હારે ગણેશપ્રસાદ વર્ણી). સમજાણું? આહા...હા! છે ને ઈ છે ને! પુસ્તક છે ને એ કયાં છે? ખુલાસામાં આમ કહે છે એ?

(ચોપડીમાં વાંચીને) જુઓ પ્રશ્ન : તો પણ જીવને ઉત્પાદ. જ્ઞાન કી પરિણતિ જીવકા સ્વભાવ તો પરિણમના હૈ. ઔર વર્તમાન મેં જો હમારી સંસાર અવસ્થામેં એકેન્દ્રિય જીવોંકો જ્ઞાનકી કમી હુઈ હૈ કયા વહ કર્મકી વજહસે હુઈ હૈ? બિના કર્મસે હુઈ હૈ (કમી સ્વયમેવ અપનેસે હુઈ હૈ)? આહા...હા! વર્ણીજી : કમી કર્મ કે કારણ હૈ, કમી મેં કારણ કર્મકા ઉદય જ્ઞાનાવરણીયકર્મ હૈ, આહા...હા! છે? કાનજીસ્વામી કહતે હૈં મહારાજ! જ્ઞાનાવરણીય આદિ કર્મ કુછ નહીં કરતા. આહા...! અચ્છા હૈ ઠેઠ...જ્ઞાનાવરણીય કર્મ–કર્મ કુછ નહીં કરતા. અપની યોગ્યતાસે જ્ઞાનમેં કમી હોતી હૈ, મહારાજ ! જ્ઞાનકી કમી–વૃદ્ધિ અપની વજહસે હોતી હૈ, અપની યોગ્યતાસે હોતી હૈ. કાનજીસ્વામી એમ કહતે હૈં. નિમિત્ત કર્મ કુછ નહીં કરતા. મહારાજ! કયા યહ ઠીક હૈ? વર્ણીજી : કયા ઠીક હૈ? યહ ઠીક હૈ! આપ હી સોચો. કૈસે યહ ઠીક હૈ, યહ ઠીક નહીં હૈ. અર...ર...ર! આવી ચીજ થઈ ગઈ. બિચારા વર્ણીજી. આવું કહેવું'તું ધરમમાં. એ લોકો તો પણ વર્ણીજી, વર્ણીજી કરે ને દિગંબરમાં. શાંતિસાગર કરતાં પણ ક્ષયોપશમમાં ક્ષયોપશમ વધારે ને....! હવે ઈ આમ કહે છે. અહીં ભગવાન આમ કહે છે હવે. આહા...હા! કે જ્ઞાનમાં કમી હતી, એ પોતાની પર્યાયનો કમી થવાનો કાળ છે તેથી થાય છે. એ પૂર્વની પર્યાયના અભાવસ્વભાવે થાય છે. એ કર્મના ઉદયને લઈને કમી થાય છે એમ નથી. વર્ણીજીને મળ્યા છો ને...! ત્યાં ભાઈ છે બિચારાં આમ વિષ્ણુમાંથી આવ્યા'તા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ આ મૂળ ચીજ બાપુ! હિંદુસ્તાનમાં નો'તી! એ ભગવાનનો પોકાર છે. આહા...હા!

જ્ઞાન કી કમી જો હૈ, જ્ઞાનાવરણીય કર્મ સે હોતી હૈ એ ઠીક છે. અપની યોગ્યતાસે હોતી હૈ યે (ઠીક) નહીં. કો' મીઠાલાલજી! આ તમારા વર્ણીજી!! જ્ઞાનમાં કમી (જ્ઞાનાવરણીય કર્મસે હોતી હૈ) આહા...! તો તો એનો અર્થ એ થ્યો કે સમકિતની ઉત્પત્તિ પણ દર્શનમોહના અભાવથી થાય. આહા...! અહીંયાં કહે છે કે મિથ્યાત્વના અભાવથી સમકિતની ઉત્પત્તિ થાય. ઉત્પાદથી સંહાર એ અનેરો ભાવ છે. એના અભાવથી તેની (ઉત્પાદની) ઉત્પત્તિ થાય. આહા..હા..હા! **'આ તો મહા સિદ્ધાંત છે.'**

**(શ્રોતાઃ)** ચરણાનુયોગ અને કરણાનુયોગની પદ્ધતિમાં ફેર તો પડે ને...! **(ઉત્તરઃ)** ઈ તો નિમિત્તથી કથન છે. વસ્તુસ્થિતિ 'આ' છે. બાકીની વાતું છે બધી. ઈ કર્મથી થાય ને... એ બધા નિમિત્તનાં કથન છે. એમ નથી. વ્યવહારનય કહે છે એમ નથી. ભાઈએ ન કહ્યું? ટોડરમલ્લ(જી) ('મોક્ષમાર્ગપ્રકાશક') માં કહ્યું છે જયાં જયાં વ્યવહારથી કહ્યું ત્યાં એમ નથી. એમાં નિમિત્ત હતું એનું જ્ઞાન કરાવ્યું છે. (પણ) એમ નથી. **(શ્રોતાઃ)** મોક્ષમાર્ગપ્રકાશકમાં તો ચોખ્ખું છે. **(શ્રોતાઃ)** આવું માને તો કથાનુયોગ આદિ શાસ્ત્રો ખોટાં પડી જાય....! **(ઉત્તરઃ)** શાસ્ત્રો સાચાં પડે છે. ઈ પર્યાય જે અપેક્ષાએ કહ્યું છે ઈ (અપેક્ષાએ) સાચાં છે. આહા...! આ વાત ખોટી પડે ને ઈ વાત સાચી પડે એમ છે? (તો તો) લ્યો, આ પ્રવચનસાર છે ઈ ખોટું પડે છે, ભગવાનની વાણી ખોટી પડે લ્યો!! **(શ્રોતાઃ)** બે ય અપેક્ષામાં કઈ વાત સાચી? **(ઉત્તરઃ)** બે ય અપેક્ષા એટલે સાચી એટલે? નિમિત્તથી કહ્યું છે એ સાચું. પ્રત્યક્ષથી કહ્યું 'આ' (તે નિશ્ચય સાચું અપેક્ષા સમજવી જોઈએ ને...!) **(શ્રોતાઃ)** એ (લોકો) અપેક્ષા જ સમજતા નથી.... **(ઉત્તરઃ)** છે, એ એ મોટો વાંધો... મોટો વાંધો! લખી ગયા છે (વર્ણીજી) સોનગઢનું સાહિત્ય ડૂબાડી દેશે. લખી ગયા છે શું થાય? એ બચારાને બેઠું હશે! ભગવાનદાસને કહ્યું તો એ કહે કે એ તો પંડિતોએ... બનાવ્યું (છે) પણ એ બોલ્યા છે એ લખાણ હજારો પુસ્તક છપાઈ ગ્યા છે. અરે! (આ તત્ત્વની) સૂક્ષ્મતા, બહુ સૂક્ષ્મતા! આ તો પૂર્વનું હતું અંદર એટલે આવ્યું નહીંતર તો કયાં'ય સાંભળ્યું જાય નહીં. આહા...હા! એકોતેરમાં પહેલું બહાર પડયું! બપોરના પોષા કરીને બેઠા હોય ને બધા. આહા...હા! દેશાઈ ને..! ભીમજી દેશાઈ! અને આ મનસુખભાઈ છે ને... એ બધા પોષા કરીને બેઠાં'તા બપોરે. સાંભળે પૂર્વમાં બેઠા હોય ઈ સાંભળે. પાછળ બેઠાબેઠા સાંભળે. કેમ તો બોલી ન શકે! કહ્યું : કર્મને લઈને આત્માને વિકાર થાય એ બિલકુલ જૂઠી વાત. ત્યાં 'આ' કયાં હતું? (પ્રવચનસાર આદિ) આ તો સાંભળ્યું નો'તું કાંઈ! **'પોતાની પર્યાય પોતાથી થાય, પરથી નહીં એવો મહાસિદ્ધાંત છે' કીધું. માનવું ન માનવું જગતની પાસે (છે) જૈનમાં તો કર્મથી – કર્મથી થાય'** (એવો જ અભિપ્રાય ઘણાનો છે). પેલા જેઠાભાઈ છે ને..! રામવિજયજી હારે ચર્ચા કરે. રામવિજયજીએ કહ્યું કે કર્મથી વિકાર થાય, કર્મ બાંધશે પછી કરમ (થી છૂટશે ત્યારે વિકારથી છૂટશે) આ કહે કે એ માન્યામાં આવતું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નથી. આહા...હા!

(કહે છે કે) બીજા દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યથી થાય બાપુ! (એકબીજા દ્રવ્ય) અડે ય નહીં (ને) આ શું કહે છે બાપુ! એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી.' ભગવાન આત્મ (દ્રવ્ય) કર્મના ઉદયને અડતું નથી. (કર્મ) એ જડ છે. પ્રભુ ચૈતન્ય અરૂપી છે. અરૂપી, રૂપીને કેમ અડે? કર્મ જડ છે એ આત્માને કેમ અડે? (કદી ન અડે.) આહા...હા! અને કર્મનો ઊદય પણ ઉત્પન્ન જે થયો, તે સત્તાની પર્યાયમાં અહીં સંહાર થ્યો. આહા...હા! એની સત્તાની પર્યાયનો સંહાર થ્યો (એ) ઉત્પન્ન કાળથી ભાવાંતર – અનેરો ભાવ જે સત્તાના પર્યાયનો અભાવ, એનાથી ઉત્પન્ન છે. આહા...હા...હા! કો'(પંડિતજી)! આવું છે. 'પ્રભુ ત્યાં રહ્યા(અમે) અહીં આવી ગ્યા!! આહા...હા! આ મારગ પ્રભુનો છે, હાલ્યો આવે છે. એના પડયા વિરહ! વાતું રહી ગઈ. એના અર્થ ઊંધા કરીને(અધર્મ ચલાવ્યો.) અને (આ સત્‌ને) એકાંત છે (એકાંત છે) એમ ચલાવ્યું. શું થાય બાપુ! એમાં બીજાને નુકસાન નથી. ઈ (લોકો) એકાંત કહે તો બીજાને નુકસાન છે કાંઈ ? નુકસાન તો એને છે. આહા...હા!

(કહે છે) આ 'જ્ઞેય અધિકાર' છે. છ એ દ્રવ્યો, એની પૂર્વ પર્યાયના સંહારનો ભાવ, એનાથી ભાવાંતર જે ઉત્પન્ન (ભાવ), એના ભાવથી તે ઉત્પન્ન ભાસે છે. અર્થાત્ (ભાવાંતર ભાવના) અભાવના ભાવથી (એ) ભાવ ઉત્પન્ન ભાસે છે. આહા...હા...હા! દાખલા આખી દુનિયાના આવે એમાં (સિદ્ધાંત સમજવો જોઈએ). (સભાને ઉ ેશીને) કો' થોડું–થોડું પકડાય છે કે નહીં? એ ભાઈ! એ એમ કહે છે કે' ભીલાઈ–ભીલાઈમાં મળે તેમ નથી. અહો....હો...હો! આહા...હા! શું ગાથા!! સો. સો...સો તે, તે. આહા...હા! ગજબ વાત છે!! હોય છે રાગ,હોય છે જ્ઞાનીને, શુભભાવ હોય છે, પણ તે તો શુભરાગ, શુભરાગને કારણે અને દેહની ક્રિયા દેહને કારણે થાય ભાઈ! એને(જ્ઞાનીને) જે અશુભરાગ છે તેને, જાણવાની જે પર્યાય થઈ. એ અશુભરાગને લઈને ન્યાં નહીં, જાણવાની પર્યાય પૂર્વે એ જાતની ન્હોતી, તેનો અભાવ થઈને (આ) જાણવાની પર્યાય થઈ. આહા...હા! ભાવ ને અભાવ બે ય ની અંદરમાં (રમત) છે આ. **(શ્રોતાઃ)** પૂર્વનો અભાવ (વર્તમાન) આ ભાવ. **(ઉત્તરઃ) "કારણ કે અભાવનું ભાવાન્તરના ભાવસ્વભાવે અવભાસન છે (અર્થાત્ નાશ અન્યભાવના ઉત્પાદરૂપ સ્વભાવે પ્રકાશે છે).** આહા...હા! છે? બે બોલ થ્યા. (હવે) ત્રીજો (બોલ).

(અહીંયાં કહે છે કેઃ) **"વળી જે કુંભનો સર્ગ અને પિંડનો સંહાર છે તે જ મૃત્તિકાની સ્થિતિ છે."** વળી જે કુંભની ઉત્પત્તિ ને પિંડનો વ્યય તે જ મૃત્તિકાની સ્થિતિછે. તે જ સમયે મૃત્તિકાપિંડનો વ્યય છે. આહા...હા! ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય એક સમયમાં છે. કેટલાક એમ કહે છે કે : ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યમાંથી એક અંશ લ્યો ધ્રૌવ્યનો પર્યાયમાં, ધ્રુવ આખું ન લેવું. એમ નથી. ધ્રુવ પોતે જ અંશ છે. આખામાં ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય ત્રણ થ્યા ને...! એ ત્રણેય ને પર્યાય કીધી છે. આવશે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આપણે (આગળ ગાથામાં). (વળી) કેટલાક એમ કહે કે ઉત્પાદવ્યયધ્રૌવ્ય હારે છે તો ધ્રુવનો એનો અંશ લેવો (પર્યાયમાં). ધ્રુવ ત્રિકાળી છે એ જુદું છે! એમ નથી. આહા...હા! અરે, પ્રભુનો મારગ, પરમ સત્ય!! (છે તેમ જાણવો જોઈએ.)

(કહે છે કે:) અહીંયાં જે (વ્યાખ્યાન) સાંભળતાં, જે જ્ઞાનની પર્યાય ત્યાં ઊઘડે છે. એ તો પૂર્વની પર્યાયના સંહારથી ઊપજે છે. શબ્દોથી ઊપજે છે એમ નથી. એમનું ઊપજવું અને પૂર્વ પર્યાયનો વ્યય એક જ સમયે છે. પૂર્વની પર્યાયના વ્યયથી (એટલે) સંહારથી(જે) અનેરો ભાવ (તે) ઉત્પન્ન થયો. (અર્થાત્) અનેરો ભાવ – ભાવભાસન. (એ) શબ્દને લઈને, સાંભળવાને લઈને ભાસ્યો (એમ નથી). આહા...હા! આવી વાત!! (કોઈ એમ કહે કે) ત્યારે એ પહેલાં (તો) એ પર્યાય નહોતી, અને અત્યારે (વ્યાખ્યાન) સાંભળવા વખતે મગજમાં (બુદ્ધિમાં) પર્યાય આ જ આવી પહેલાં જાણી નહોતી, વિચારમાં પહેલી ન્હોતી. ત્યારે તેને સાંભળવાથી (જ્ઞાન) થ્યું એવું કાંઈક છે કે નહીં એની અસર (શબ્દોની)? 'ના.' તે તે સમયની પર્યાય, જ્ઞાનની, શ્રદ્ધાની, વીર્યની તે તે પોતપોતાના અવસરે તે થઈ છે. એનું કહ્યું'તું પૂર્વની પર્યાયનો સંહાર – એના અભાવથી 'ભાવ' થ્યો (છે.) અભાવથી થ્યો કે ભાવથી થ્યો? અભાવથી થ્યો ને ભાવથી થ્યો એમ (અહીંયાં) આવ્યું ને...! 'અભાવ થ્યો' એટલે એનાથી થ્યો ('ભાવ') એમ આવ્યું ને? અભાવ થતાં' ઉત્પાદ થયો છે પોતાથી. આહા...હા! અભાવ થયો એને કારણે ઉત્પાદ થ્યો એમે ય નથી. તો પણ સમજાવે છે આ. હવે સ્થિતિની વાત છે. લ્યો!

વિશેષ કહેશે....

ॐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૧૬–૬–૭૯.

'પ્રવચનસાર' ૧૦૦ ગાથા. ઉત્પાદ–વ્યયની વાત આવી ગઈ.(હવે) સ્થિતિની–ધ્રૌવ્યની વાત આવે છે. દરેક પદાર્થનો સ્વભાવ ઉત્પાદવ્યયધ્રૌવ્ય છે. એ રીતે જે ન માને, તો તત્ત્વથી વિરુદ્ધ દૃષ્ટિ થાય. એટલે કે દરેક પદાર્થની(પર્યાયની) ઉત્પત્તિ પોતાથી થાય, અને તેનો સંહાર પણ પોતાથી થાય. પરથી નહીં **(શ્રોતાઃ)** પરની જરૂરત તો હોય ને... **(ઉત્તરઃ)** જરૂરત જરીએ નહીં, એ આકરું પડે! આહા...! એનો પોતાનો સ્વભાવ છે દ્રવ્યનો. પોતાનો સ્વભાવ ઉત્પાદવ્યયધ્રૌવ્ય (છે). એ આવ્યું ને પહેલાં, એ આવી ગયું છે.(ગાથા) ૯૯ માં. દરેક દ્રવ્ય સ્વભાવમાં રહે છે. તેથી સત્ છે. દ્રવ્યનો જે ઉત્પાદવ્યયધ્રૌવ્ય સહિત તે પદાર્થોનો સ્વભાવ છે. આહા...હા! દરેક પદાર્થ – આત્મા ને પરમાણુ આદિ (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ). દરેકનો સ્વભાવ પોતાના પોતાથી ઉત્પાદવ્યયધ્રૌવ્ય (સહિત) છે. એટલે બીજાથી (એ પર્યાય) થાય એ વાત રહે નહીં. **(શ્રોતાઃ)** બીજાની ન થાય, પણ બીજાનું થાય....! **(ઉત્તરઃ)** બીજાની ન થાય અને બીજાનું ય થાય નહીં. આવી વાત છે!!

(કહે છે) શરીરના પર્યાયો ઉત્પાદવ્યયધ્રૌવ્ય (સ્વરૂપ) છે. એ એનાથી ઉત્પાદ થાય, એનાથી વ્યય થાય, ને એનામાં ધ્રૌવ્ય રહે. એનામાં જ ઉત્પાદ, એનામાં જ વ્યય ને એનામાં જ ધ્રૌવ્ય. આહા...હા! છતાં એના ઉત્પાદવ્યયધ્રૌવ્ય જ દરેક પરમાણુનો સ્વભાવ છે, તેથી તેનામાં ક્ષણે ક્ષણે ઉત્પાદ પણ છે તે જ ક્ષણે વ્યય પણ છે ને તે જ ક્ષણે ધ્રૌવ્ય પણ છે. એથી અહીંયાં (આપણે આ ગાથામાં) ઉત્પાદ અને વ્યય એ બેની વાત આવી ગઈ. (હવે સ્થિતિની વાત ચાલે છે.)

(અહીંયાં કહે છે કેઃ) **"વળી"** છે? **"જે કુંભનો સર્ગ"** એટલે ઘડાની ઉત્પત્તિ **"અને પિંડનો સંહાર."** પહેલો જે (માટીનો) પિંડ હતો તેનો વ્યય. **"છે તે જ મૃત્તિકાની સ્થિતિ છે."** તે મૃત્તિકાની સ્થિતિ (એટલે) ટકવું છે. આહા...! ઉત્પાદવ્યયની સ્થિતિ છે એમ કહે છે. તેથી તે જ સમયે સ્થિતિ એમ કહે છે. આવી વાત ઝીણી છે! લોજિક છે! મૃત્તિકા – કુંભની જે ઉત્પત્તિ તે જ કુંભનો – પૂર્વના પિંડનો વ્યય, તે જ મૃત્તિકા તે જ ક્ષણે ધ્રૌવ્ય છે. તે જ મૃત્તિકાની સ્થિતિ એટલે તે જ ક્ષણે ટકેલું તત્ત્વ છે. **"કારણ કે"** (કારણોને ન્યાય આપીને) બહુ સિદ્ધાંતો આ તો છે ભાઈ! **"વ્યતિરેકો"** છે? પિંડની પર્યાયમાંથી (ઘડા) ની ઉત્પત્તિ અને પિંડનો વ્યય એ(ઉત્પાદ–વ્યય) વ્યતિરેકો કહેવાય. અનેરી અવસ્થા ઊપજે, અનેરી અવસ્થા(નો) વ્યય તે વ્યતિરેક – ભિન્ન ભિન્ન (અવસ્થાઓ). (ફૂટનોટમાં જુઓ!) વ્યતિરેકભેદ; એકનું બીજારૂપ નહિ હોવું તે; 'આ તે નથી' એવા જ્ઞાનના નિમિત્તભૂત ભિન્નરૂપપણું. **"દ્વારા જ અન્વય પ્રકાશે છે."** વ્યતિરેકો એટલે ભિન્ન–ભિન્ન અવસ્થાઓ અન્વયને ઓળંગતા નથી. શું કહ્યું? કે : દરેક પદાર્થમાં જે ઉત્પાદ અને વ્યય વ્યતિરેક છે, તે તેની સ્થિતિને ઓળંગતા નથી. આહા...હા...હા! છે? અન્વય (એટલે) તે કાયમ રહેવું; એકરૂપતા; સદૃશતા ('આ તે જ છે' એવા જ્ઞાનના કારણભૂત એકરૂપપણું). ઉત્પાદ–વ્યય છે (તે)

વિસદેશ છે.સમજાય છે કાંઈ? અને અન્વય છે ઈ સદેશ છે. એક જાતનું રહે તે સદેશ. ઉત્પાદ–વ્યય વિસદેશ છે. કારણ? ઊપજે ને સંહાર, ઊપજે ને સંહાર (એક જાતના નથી માટે) વિસદેશ છે. ભાઈ! આહા...હા! આવું છે. વાણિયાને વેપાર આડે નવરાશ નહીં ને, ન મળેને ધરમ આ શું છે? (તત્ત્વની વાત સાંભળે નહીં.)

(અહીંયાં) કહે છે કે : ઘડાની ઉત્પત્તિ તે ઉત્પાદ (છે). પિંડનો વ્યય તે સંહાર (છે). ઈ વ્યતિરેકો કહેવાય. ભિન્ન–ભિન્નતા (છે ને...!) શાસ્ત્રમાં તો ત્યાં સુધી કહ્યું છે કે ઉત્પાદ–વ્યય છે એ વિરુદ્ધ છે. કારણ કે ઊપજે છે ને સંહાર છે એમ થ્યું ને....! પર્યાય ઊપજે ને તે જ સમયે વ્યય. એમ થ્યું ને વિરુદ્ધ અને સ્થિતિ છે તે ટકતું તત્ત્વ છે તે અન્વય છે. (આગમમાં) એમ આવે છે. શું કહેવાય ઈ આગમ? ધવલ! ધવલ, ધવલ! ધવલમાં ઈ આવે છે. ઉત્પાદવ્યય છે ઈ વિરુદ્ધ છે. કેમ કે ઊપજવું અને વ્યય થવું. છે એક સમયમાં જ વિરુદ્ધ અને ટકવું તે અવિરુદ્ધ છે. કેમ કે (તેમાં) સદેશપણું કાયમ રહે છે અને આ (ઉત્પાદવ્યય) વિસદેશ છે. વિસદેશ કહો કે વિરુદ્ધ કહો (એ કાર્ય છે.) આહા...હા! હવે આવું બધું!! મુનિઓએ કેટલી મહેનત કરી છે!! જગતની કરુણા!! આહા...! એક એક શ્લોકનું ને એક એક વાતનું સ્પષ્ટીકરણ કર્યું છે!!

(અહીંયાં કહે છે કે:) **"વળી જે મૃત્તિકાની સ્થિતિ છે તે જ કુંભનો સર્ગ અને પિંડનો સંહાર છે, કારણ કે વ્યતિરેકો અન્વયને અતિક્રમતા (ઓળંગતા, છોડતા) નથી."** આહા...હા! તે સ્થિતિ (એટલે અન્વયને) વ્યતિરેકો ઓળંગતા નથી. ઉત્પાદ–વ્યય જે છે વ્યતિરેકો – ભિન્ન ભિન્ન જાત. ઊપજવું અને સંહાર ભિન્ન (પર્યાય) થઈ ને...! એ જાત જ ભિન્ન થઈ. ઊપજવું અને વ્યય (વિરુદ્ધ છે) એ ઊપજવું ને વ્યય (એટલે) વ્યતિરેકો અન્વયને (અર્થાત્) ટકવા તત્ત્વને છોડતા નથી. આહા...હા...હા! પરની હારે આંહી કોઈ સંબંધ નથી. પરથી થાય ને પર (નિમિત્તથી થાય). ઉચિત નિમિત્ત છે એમ કહેવાય, એનું જ્ઞાન કરવા. પણ તે નિમિત્ત છે માટે આમાં (ઉપાદાનમાં) કાંઈ ઉત્પાદ–વ્યય થાય છે એમ નથી. આહા...હા! ઉપર તો આવી ગયું આ! **(શ્રોતાઃ)** જ્ઞાન કરવા માટે જ્ઞાન! **(ઉત્તરઃ)** નિમિત્ત છે, નિમિત્ત ચીજ છે. જ્ઞાનનો સ્વભાવ સ્વ–પરને પ્રકાશવાનો છે. પર ચીજે ય છે. તેનું જ્ઞાન કરવા નિમિત્ત છે. નિમિત્ત નથી એમ નહીં, પણ નિમિત્તથી અહીં ઉત્પાદ–વ્યય થાય એમ નથી. આહા...હા!

(કહે છે કે:) (ઘડો બને ત્યારે) કુંભાર નિમિત્ત છે, નિમિત્ત કહેવાય પણ એથી ઘડાની ઉત્પત્તિ થાય છે, કુંભારથી એમ નથી. આહા...હા! મકાન થવામાં કડિયાને નિમિત્ત કહેવાય. પણ કડિયો નિમિત્ત છે માટે મકાનની ઉત્પત્તિ થાય છે એમ નથી. (પરમાણુઓમાં) ઉત્પાદનો સમય છે માટે મકાનની પર્યાય થાય છે. પૂર્વ પર્યાય પિંડનો કે માટીનો કે પત્થરનો કે (સીમેન્ટનો) કે બીજી–ત્રીજી ચીજનો વ્યય થાય છે (અને ઘડો કે મકાનનો ઉત્પાદ થાય છે) એ ઉત્પાદ અને વ્યય એ વ્યતિરેકો છે, ભિન્ન ભિન્ન છે. **(શ્રોતાઃ)** મજુરોએ (કડિયાઓએ) તડકા સેવ્યા કામ કર્યાં...ને! **(ઉત્તરઃ)** કોણ સેવે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તડકા ને કોણ કરે? રામજીભાઈ બહુ કરતા બહાર વ્યાખ્યાનમાં નીકળીને....! બીજા પૂછતા'તા મેં જોયું'તું ત્યાં. વ્યાખ્યાનમાંથી નીકળે કે પૂછે, આનું કેમ છે? આનું કેમ? લ્યો! **(શ્રોતાઃ)** હું અંદરેય જાતો નથી ને બહારે ય જાતો નથી. **(ઉત્તરઃ)** મેં જોયું'તું ને... બહાર નીકળ્યા તે પૂછતા'તા. આહા...હા! અહીંયાં કહે છે પ્રભુ! ભારે વાત બાપા!

એક એક આત્મા ને એક એક પરમાણુ, પ્રત્યેક પોતાની તે સમયની પર્યાયના ઉત્પાદ વખતે ઊપજે છે. વ્યય વખતે સમય તો તે જ છે. ઉત્પાદનો જે સમય છે તે જ વ્યયનો છે. અને વ્યય ને ઉત્પાદનો જે સમય તે જ સ્થિતિ – ટકવાનો સમય છે. સમયમાં ભેદ નથી પણ તેના ત્રણેયના લક્ષણોમાં ભેદ છે. આહા...હા...હા! બે વાત તો આવી ગઈ છે (ઉપર) ઉત્પાદ–વ્યયની આ તો સ્થિતિ (નો બોલ છે તેની વાત ચાલે છે). કુંભનો સર્ગ ને પિંડનો સંહાર તે જ મૃત્તિકાની સ્થિતિ (છે). કારણ વ્યતિરેકો (એટલે) ભિન્ન ભિન્ન બે દશાઓ, પિંડનો વ્યય ને ઘટની ઉત્પત્તિ (છે). વ્યતિરેકો એટલે (એ) ભિન્ન ભિન્ન દશાઓ અન્વય એટલે કાયમ રહેનારું દ્રવ્ય – માટીને ઓળંગતા નથી. સ્થિતિને–ધ્રૌવ્યને (વ્યતિરેકો) ઓળંગતાં નથી. (અથવા) ધ્રૌવ્યથી ભિન્ન સમય નથી. આહા...હા! એ ઉત્પાદ–વ્યયનો સમય તે જ ધ્રૌવ્યનો (ધ્રુવનો) સમય છે. એ ઉત્પાદ–વ્યય થયો છતાં ધ્રૌવ્યપણું તે (જા ક્ષણે છે, એ ધ્રૌવ્યપણાને વ્યતિરેકો ઓળંગતા – છોડતા નથી. આહા...હા!

આહા...હા! અહીંયાં તો ત્યાં સુધી કહ્યું ને...! કે આત્માનો નિર્ણય – અનિત્યથી તે નિત્યનો (નિર્ણય) થાય છે. તો અનિત્ય એટલે ઉત્પાદ–વ્યય પર્યાય (છે.) અને તે જ સમયે ટકતું તત્ત્વ (છે). તેનો નિર્ણય ઉત્પાદ–વ્યયથી થાય છે. હોં! આહા..હા! નિત્યનો નિર્ણય અનિત્યથી થાય છે. નિત્યનો નિર્ણય નિત્યથી થાય છે એમ નહીં. નિત્ય છે ઈ તો સદૃશ કીધું ને...! **'વ્યતિરેક વિનાનું છે'** અને આ તો નિર્ણય કરે છે ઈ તો ઉત્પાદવ્યય છે આ...હા! એ ઉત્પાદ–વ્યય, ધ્રુવનો નિર્ણય કરે છે. **(શ્રોતાઃ)** ધ્રુવનો કરે છે ને પોતાનો ય કરે છે ને...! **(ઉત્તરઃ)** બધાનો કરે નહીં! એ પોતાનો કરે, બાકીનાનો થાય, બધાને જાણે. બીજાના ઉત્પાદવ્યયધ્રૌવ્ય જાણે (પણ ક્યારે?) પોતાના ઉત્પાદવ્યયધ્રૌવ્યને યથાર્થ જાણે ત્યારે. પણ કહે કે બીજાના ય જાણે, પણ અહીં પોતાના જાણે ત્યારે તેને જાણે. પોતાના ઉત્પાદવ્યયધ્રૌવ્યને યથાર્થપણે ન જાણે અને ગોટા ઊઠે ઈ બીજાના ઉત્પાદવ્યય–ધ્રૌવ્યને પણ યથાર્થ જાણે નહીં.

(કહે છે કેઃ) વ્યતિરેકો અન્વયને (ધ્રુવને) કાયમ ટકતી ચીજ છે. તે જ ક્ષણે જે સ્થિતિ છે પરમાણુ અને આત્માની, એ સ્થિતિને વ્યતિરેકો ઓળંગતા નથી. ઉત્પાદ–વ્યય તેને છોડી દેતા નથી. આહા...! એકલા લોજિક–ન્યાય ભર્યા છે. **"વળી જે મૃત્તિકાની સ્થિતિ છે."** માટીનું ટકવું છે. **"તે જ કુંભનો સર્ગ છે."** તે જ સમયે ઘડાની ઉત્પત્તિ છે. જે સમયે માટીની સ્થિતિ છે – ટકે છે તે જ સમયે કુંભનો ઉત્પાદ છે. **"અને પિંડનો સંહાર છે."** તે જ સમયે – માટીની સ્થિતિને સમયે પિંડનો વ્યય ને કુંભનો ઉત્પાદ છે તે જ સમયે છે. આહા...હા! **("કારણ કે વ્યતિરેકો અન્વયને**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઓળંગતા (અતિક્રમતા) નથી.'')** આહા...હા! 'પ્રવચનસાર'!! ભારે આમાં? આ શું કહે છે આંહી ? ધ્યાન રાખે તો, ભાષા સાદી છે. લખાણ તો ઘણું સાદું! લોજીકથી એકદમ સીધા(ન્યાય હૃદયમાં ઊતરી જાય.) ભાઈ! તું છો કે નહીં આત્મા? (છે.) તો છે તો એ સ્થિતિ થઈ. હવે આત્મા છે એનો નિર્ણય કરનાર પર્યાય વ્યક્ત છે કે નહીં? એ પર્યાય – વ્યતિરેક ભિન્ન ભિન્ન છે કે નહીં? એક જ સમયે ભિન્ન હોં? આ સમયે ઉત્પાદ ને બીજે સમયે વ્યય એમ નહીં. અહીંયાં તો તે સમયે ઉત્પાદને તે સમયે વ્યય અને તે સમયે સ્થિતિ છે કે નહીં? જે સમયે સ્થિતિ છે તે સમયે ઉત્પાદ ને વ્યય છે કે નહીં? (બધું એકસમયે જ છે). આહા...હા...હા!

(કહે છે) જેમ વ્યતિરેકો એટલે ઉત્પાદ–વ્યય, ભિન્ન ભિન્ન એ માટીની સ્થિતિને ઓળંગતા નથી. તેમ મૃત્તિકાની સ્થિતિ છે તે જ કુંભનો સર્ગ અને પિંડનો સંહાર (છે). કારણ કે વ્યતિરેકો દ્વારા જ અન્વય પ્રકાશે છે. જુઓ! ભાષા દેખો! આહા...હા! કે ઉત્પાદ–વ્યય દ્વારા જ સ્થિતિ છે (એમ) પ્રકાશે છે. આ ટકતું છે ઈ ઉત્પાદ–વ્યય દ્વારા જણાય છે. એનો જે ઉત્પાદ–વ્યય છે સમય–સમયનો, તે વડે તે સ્થિતિ – ટકતું જણાય છે. આહા...હા...હા! સમ્યગ્દર્શનની પર્યાયની ઉત્પત્તિ, મિથ્યાત્વનો વ્યય, ભગવાનનું–સ્થિતિ–ટકવું (આત્મદ્રવ્યનું એક જ સમયે છે). તે જ સમયે વ્યતિરેકો એટલે સમ્યગ્દર્શન (નો ઉત્પાદ) અને મિથ્યાત્વનો વ્યય, એ દ્વારા આત્મા છે એ પ્રકાશે છે. એ દ્વારા જ આત્મા શું છે તે પ્રકાશે છે (એટલે કે જણાય છે). આવું કયાં બધું મુશ્કેલ! આહા...હા! શું કીધું : કે સમ્યગ્દર્શનની ઉત્પત્તિનો જે સમય છે તે જ સમય તે પર્યાય ઉત્પન્ન થાયછે, તે જ સમયે મિથ્યાત્વનો વ્યય થાય છે, તે વ્યતિરેકો તે સ્થિતિને ઓળંગતા નથી. તે જુદા–જુદા ભાવો પણ ધ્રુવને છોડતા નથી. એક વાત, બીજી વાત કે વ્યતિરેકો દ્વારા અન્વય પ્રકાશે છે. આહા...હા...હા! જોયું? અરસ–પરસ(કીધું) પહેલાં આમ લીધું કે ઉત્પાદ–વ્યય તે સ્થિતિને છોડતાં નથી, અન્વયને વ્યતિરેકો છોડતા નથી. એક વાત. અને તે ઉત્પાદ–વ્યય છે તે સ્થિતિને પ્રકાશે છે (એ બીજી વાત). આહા...હા! સ્થિતિને સ્થિતિ પ્રકાશે છે એમ નહીં. સમજાયછે કાંઈ? આહા..! વ્યતિરેકો ધ્રુવને છોડતા નથી. પણ એથી કરીને જાણવાનું કામ ધ્રુવ કરે છે એમ નહીં એ કામ ઉત્પાદ–વ્યય કરે છે. આત્માને. અહીં આપણે તો આત્માનું જ લેવું છે બીજે જડમાં ને (થાય છે એનું શું કામ છે?) આહા...હા! અને જે ઉત્પાદ–વ્યય (થાય છે). સમ્યગ્દર્શનનો ઉત્પાદ, મિથ્યાત્વનો વ્યય એ વ્યતિરેકો ટકતા તત્ત્વને છોડતાં નથી, અને તે વ્યતિરેકો – ઉત્પાદવ્યય ટકતા તત્ત્વને પ્રકાશે છે. આહા...હા! સમજાય છે કે નહીં? આ આવો ઉપદેશ હવે! **(શ્રોતાઃ)** પર્યાય પણ એ રીતે જ ઓળખાય... **(ઉત્તરઃ)** એમ જ છે ને...! કાર્ય તો પર્યાયમાં થાય છે ને...! એ પર્યાયો, ધ્રુવને છોડતા નથી એક વાત. અને તે પર્યાયો ધ્રુવને પ્રકાશે છે. (બીજી વાત.) ન્યાયથી (સાબિત થાય છે). ભાષા તો સાદી છે. આહા...હા! અભ્યાસ જોઈએ (આ સમજવા) નિવૃત્તિ જોઈએને બાપા! અરે...રે! આવું કયારે ટાણું મળે? વીતરાગી તત્ત્વ!! એને ઓળખવા ને જાણવા ને માનવા ને (અનુભવવા) ટાણું કયારે મળે ભાઈ!

(કહે છે કેઃ) એથી એમ બે વાત સિદ્ધ કરી. કે જે ઉત્પાદ–વ્યય વિસદેશ છે, તે સદેશને છોડતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. વિસદેશ હોવા છતાં સદેશ જે ધ્રુવ સ્થિતિ એને છોડતાં નથી. અને ઈ વિસદેશ છે એ વિસદેશને જાણે છે એમ ન કહ્યું. આહા...હા! શું કીધું સમજાણું આમાં? વિસદેશ છે ઈ વિસદેશને જ પ્રકાશે છે એમ ન કહ્યું. આહા...હા! વિસદેશ એટલે ? ઉત્પાદ ને વ્યય એ વિસદેશ છે. બેયમાં ભાવમાં વિરોધ છે. એક છે ભાવરૂપ અને એક છે અભાવરૂપ. ઉત્પાદ તે 'ભાવરૂપ' ને વ્યય તે 'અભાવરૂપ' (છે). છતાં બેય એકસમયે હોય છે. છતાં તે બેય સ્થિતિને છોડતાં નથી. ટકતા તત્ત્વને છોડતાં નથી. એક વાત. બીજું તે ટકતા તત્ત્વને તે વ્યતિરેક પ્રકાશે છે. વ્યતિરેક વ્યતિરેકને પ્રકાશે છે એમ નથી. ઈ તો અંદર જ્ઞાન થતાં આવી જાય અંદર. વળી વ્યતિરેકો ધ્રૌવ્યને પ્રકાશે છે. આહા...હા! ગજબ વાત કરે છે ને!! આકરો! આ તો ભઈ મારગ એવો છે આ કાંઈ વારતા નથી. ત્રણલોકના નાથ, સર્વજ્ઞદેવ! એની આ વાણી છે. કુંદકુંદાચાર્ય દ્વારા લખાણું છે! અમૃતચંદ્રાચાર્યે ટીકા કરી છે!!

(શાસ્ત્રપાઠી) વાંધા બહુ કરે કે : નિમિત્ત વિના કાર્ય થાય? 'તત્ત્વાર્થ રાજવાર્તિક' માં આવે છે બે કારણથી કાર્ય થાય. અને અહીંયાં કહે છે કે એનું કાર્ય જે છે ઉત્પાદ–વ્યયનું એ પોતાથી થાય છે. અને તે કાર્ય (આ) સદેશને છોડતું નથી. વળી તે કાર્ય સદેશને છોડતું (જા નથી. (વળી) એ કાર્ય સદેશને પ્રકાશે છે!! આહા...હા! (આ વસ્તુસ્થિતિ) વાણિયાના ચોપડામાં આવે નહીં, બહારની ચર્ચામાં આવે નહીં. આહા...હા! શું વાત કરી છે! (આચાર્ય ભગવંતોએ!) વ્યતિરેકો દ્વારા (એટલે કે) ઉત્પાદ અને વ્યય જે સમયમાં છે તે જ સમય સ્થિતિ, છે, છતાં એ સ્થિતિને વ્યતિરેકો દ્વારા જ પ્રકાશે છે. આહા...હા! એનાથી થ્યું! કે ગુરુ, દેવ, શાસ્ત્રથી ધ્રુવ પ્રકાશતું નથી. એની પર્યાય જે ઉત્પાદ–વ્યય (છે) ઈ પર્યાય દ્વારા ઈ પ્રકાશે છે. આહા...હા! શાસ્ત્ર દ્વારા પણ એ (ધ્રુવદ્રવ્ય) પ્રકાશતું નથી. એના જે પર્યાય છે (ઉત્પાદ–વ્યય) તે ટકતું તત્ત્વ જે છે એનાથી એ બે જુદા નથી. જુદા (છે એ અપેક્ષા અહીંયાં નથી). આહા...હા! અને ટકતા તત્ત્વને પ્રકાશે છે વ્યતિરેક પણ સમય બીજો નથી. વ્યતિરેકો, દ્રવ્યને પ્રકાશે એનો સમય જુદો નથી. આહા...હા! એ ભાઈ! (હવે) આટલું બધું યાદ કરવાનું! વકત ચલ જાય ફિર હોતા નહીં કુછ! હવે એવી ઝીણી વાત છે હોં! કયાં'ય મળે એવી નથી બાપા આકરું કામ છે! એમ અભિમાનથી કહે કે મારી પાસે છે અમે જ કહીએ છીએ સાચું. શું બાપુ! વસ્તુ આમ છે ભાઈ! ગજબ કામ કર્યું છે ને!! કેટલી એમાં...ગંભીરતા છે!!

આહા...હા! સમકિતનો ઉત્પાદ, એ મૂળ ચીજ. મિથ્યાત્વનો વ્યય, એ ટકતું નિત્યાનંદ પ્રભુ (આત્મદ્રવ્ય) તેનાથી વ્યતિરેકો જુદા નથી, જુદો કાળ નથી. આહા...હા! **''વ્યતિરેકો અન્વયને અતિક્રમતા (ઓળંગતા) છોડતા નથી.''** આહા...હા! અને ઈ વ્યતિરેકો ધ્રુવને પ્રકાશે છે. ભિન્ન ભિન્ન વિસદેશ પરિણામ (એ) વિસદેશ પરિણામ અથવા ઉત્પાદ–વ્યય ગુણ છે છતાં તે ઉત્પાદધ્રુવને પ્રકાશે છે. આહા...હા! **भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो** ('સમયસાર') અગિયારમી ગાથા. ભૂતાર્થ વસ્તુને આશ્રયે સમ્યક્ (દર્શન) થાય. એનો અર્થ : સમ્યગ્દર્શન પર્યાય દ્રવ્યને જાણે છે. આહા...હા! દ્રવ્યને પ્રકાશે છે. આવી મૂળ ચીજ (દ્રવ્યદૃષ્ટિ) વિના વ્રત ને તપ ને ભકિત (એ બાળ વ્રત, બાળતપ ને બાળભકિત છે.) આજ આવ્યું છે ભાઈ હુકમચંદજીએ નાંખ્યું છે એ બધાં કરી, કરીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

થોથાં છે. મૂળ સમ્યગ્દર્શન શું છે? ભલે ચારિત્રદોષ કદાચ (દેખાય) એથી કરીને દર્શનનો દોષ નથી. બીજા ગુણનો દોષ, બીજા ગુણને દોષ કરે એમ નથી. ઈ શું કીધું? ચારિત્ર ગુણનો જે દોષ–ઉત્પાદ, એ સમ્યગ્દર્શનની પર્યાયને દોષ કરતું નથી. ચારિત્રના દોષનો ઉત્પાદ તે જ સમય સમ્યગ્દર્શનનો ઉત્પાદ બન્ને એક સમયે હોવા છતાં એ ચારિત્રનો દોષ, સમ્યગ્દર્શનની પર્યાયને દોષ કરતો નથી. આહા...હા...હા! નરકમાં પણ સિદ્ધ લીધું છે. રાતે કહ્યું'તું નરકની અંદર પણ સિદ્ધ છે! 'સિદ્ધ' એટલે સમ્યગ્દર્શન અને અનંતાનુબંધી કષાયનો અભાવ એવું સિદ્ધપણું ત્યાં પણ છે. બીજા દોષો ભલે હો, પણ એ સિદ્ધ ત્યાં છે. (તે) ત્યાં સુધી લીધું છે કે ત્યાંથી તીર્થંકર થશે. આહા...હા! ચારિત્ર દોષ છે, પણ દર્શનદોષ નથી. તેથી એ ઉત્પાદ જે છે તે દ્રવ્યને પ્રકાશે છે. વ્યય જે છે ત્યાં તો એની જાતનો પર્યાયનો વ્યય (છે). ચારિત્રદોષની સાથે જરી સ્વરૂપાચરણચારિત્રનો દોષ ઉત્પાદસ્વરૂપે છે. સ્વરૂપનું અચારિત્ર છે (તેના વ્યયસ્વરૂપે જરી પરિણતિ છે). શું કીધું ઈ? સમ્યગ્દર્શનની પર્યાય વખતે, સમ્યગ્જ્ઞાનની પર્યાય છે, સ્વરૂપાચરણની પર્યાય છે. ઈ પૂર્વની પર્યાય સ્વરૂપાચરણથી વિરુદ્ધ છે એનો ત્યાં વ્યય છે અને સ્વરૂપાચરણની પર્યાયનો ઉત્પાદ છે. અને એ એનાથી વિરુદ્ધ છે તેનો વ્યય છે. એ ઉત્પાદ ને વ્યય સ્થિતિને ધ્રુવ (આત્મદ્રવ્યને) જણાવે છે. આહા...હા! આમાં એમ ન કીધું કે ઉત્પાદને વ્યય, ઉત્પાદને વ્યયને જણાવે છે એમ ન કીધું. આહા...હા! શું શૈલી!!

(કહે છે કે:) (ઉત્પાદ–વ્યય) એ તો જાણવામાં આવી જાય છે. એ ઉત્પાદ–વ્યય દ્રવ્યને જાણે છે. પણ જોર અહીંયાં દીધું. નહિતર તો પદાર્થની સ્થિતિનું વર્ણન છે. જ્ઞેય પદાર્થનું (વર્ણન છે) જે પદાર્થો જ્ઞાનમાં જણાણા, ભગવાનના જ્ઞાનમાં – એ પદાર્થની સ્થિતિ, મર્યાદા કઈ રીતે છે એમ બતાવે છે. એમાં આ નાંખ્યું! (દ્રવ્યદૃષ્ટિનું–લક્ષ્યનું) આહા...હા! પરમાણુમાં પણ ઉત્પાદ–વ્યય છે તે પરમાણુની ધ્રુવતાને જણાવે છે. જાણનારો (છે) આત્મા ભલે, (પણ) પ્રકાશે છે જે ધ્રુવ, તે એની ઉત્પાદ–વ્યયની પર્યાયથી એ ધ્રુવ પ્રકાશે છે. **(શ્રોતા:)** જાણનાર ભલે જ્ઞાન (બીજા પદાર્થને).... **(ઉત્તર:)** બીજે ભલે, જાણનાર ભલે બીજો હોય એનું કાંઈ નહીં. પણ એના ઉત્પાદ–વ્યય જે છે – પોતાના કારણે એ પર્યાયનો ઉત્પાદ–વ્યય છે, તે પરમાણુની કાયમી સ્થિતિને તે પ્રકાશે છે. (પાઠમાં) એમ છે ને? વ્યતિરેકો દ્વારા જ. 'જ' હો પાછું. એકાંત કરી નાંખ્યું. બીજા દ્વારા નહીં. આત્માના ઉત્પાદવ્યય દ્વારા આત્મા જણાય. પણ એ ભગવાનની દિવ્યધ્વનિને દેવ–ગુરુ–શાસ્ત્રને લઈને (જણાય) નહીં. આનાથી જ જણાય એમ એક જ વાત કરી છે. આહા...હા! આવી વાત કયાં છે? શ્વેતાંબરનાં મૂળથી વાંચેલા (એમાં કયાંય આવી વાત નથી.) આ એક એક શબ્દોમાં! સંતો! દિગંબર! કેવળીના કેડાયતો છે. આહા...! જે કેવળજ્ઞાન રેડયાં છે જગત (ઉપર)! ભાઈ! તું આત્મા છો ને પ્રભુ! તારી પર્યાય જે ઉત્પન્ન થાય છે એ તારાથી થાય છે. પરથી નહીં.' આહા...હા! આ તો કીધું ને જ્ઞાનાવરણીય (કર્મ) નો ક્ષયોપશમ થાય તેથી અહીં જ્ઞાનની વૃદ્ધિ થાય, એમ અહીંયાં ના પાડે છે.

(કહે છે કે:) ૮૧ માં હંસરાજભાઈ આવ્યા'તા અમરેલીવાળા. ૮૧ (ની સાલ) ગઢડા(માં) આ જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ પ્રમાણે જ્ઞાન ઊઘડે, કહે. એ જાણે કે ઓલું વાંચ્યું છે ને તે વાત કરું.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કીધું : એમ નથી. ૮૧ ની વાત છે. ગઢડાના ચોમાસામાં. તમારાં ઓલા જનમ પહેલાંની વાતું (છે.) એકાશી કેટલા થયાં? ૫૪ (ચોપન વરસ પહેલાંની વાત છે). જુઓ વાત તો કાંઈ કરે નહીં! દીકરી નો'તી. પણ મળ્યા હશે (ને વેવાઈ) પૈસાવાળાના છોકરાઓ તો પૈસા થ્યા તો દસ લાખ. પછી વધી ગયા કરોડોપતિ થઈ ગ્યા. અહીં તો કાંઈ નહિ. પણ એ વાત કરતા બોલ્યા વ્યાખ્યાનમાં બેઠા. ને એટલું બોલ્યા : જ્ઞાનાવરણીયનો જેટલો ક્ષયોપશમ થાય એટલું જ્ઞાન થાય. કીધું: એમ નથી. પોતાના પુરુષાર્થથી જેટલો જ્ઞાનનો પર્યાય ઊઘડે એટલો ક્ષયોપશમ થાય. કર્મ તો સામે નિમિત્તરૂપ છે એને શું છે? આ...રે! આવી વાતું! લખાણ ઈ આવે નિમિત્તના જ્ઞાનાવરણીય કરમ જ્ઞાનને રોકે લ્યો! હવે, છે? જ્ઞાન ને જ્ઞાનાવરણીય જુદી ચીજ છે. **(શ્રોતા:)** ભાવજ્ઞાન, જ્ઞાનાવરણીયને રોકે ને...! **(ઉત્તર:)** હેં, ભાવ, ભાવ! ભાવઘાતી છે ને...! કીધું'તું ને રાતે. ભાવઘાતી જ્ઞાનની હીણી પર્યાય ઈ ભાવઘાતી પોતે છે. આહા...હા! ઈ બીજી ચીજ તો નિમિત્તમાત્ર વસ્તુ છે. પણ નિમિત્તથી કાંઈ આમાં ફેરફાર જરીએ – ઓછું–અધિક–વિપરીત કાંઈ મદદ થાય એમ નથી. ઈ તો આજ ઘણું આવ્યું'તું ને ઉપાદાનનું (વ્યાખ્યાનમાં). સવારે નહોતું આવ્યું! 'ઉપાદાન–નિમિત્ત' દોહરા, સઝાયમાં **(શ્રોતા:)** શાસ્ત્રકારે નિમિત્ત–ઉપાદાનનો ભેદ બતાવ્યો છે? **(ઉત્તર:)** નિમિત્ત છે એ બતાવ્યું છે. **(શ્રોતા:)** નિમિત્તમાં ફેર બતાવ્યો છે! **(ઉત્તર:)** ફેર એટલે નિમિત્ત છે. દરેકની ચીજમાં નિમિત્ત ભિન્ન ભિન્ન જાતના છે, એક જાતના નિમિત્ત ન હોય. ઉચિત નિમિત્ત છે, એમ કીધું'તું (ગાથા–૯૫, 'નિયમસાર' માં). **(શ્રોતા:)** નોકર્મની અસર તો હોય છે ને...! **(ઉત્તર:)** એ નોકર્મ હોય કે ગમે તે (કર્મ નિમિત્ત છે) એ બધું નિમિત્ત છે. નિમિત્ત છે અને ઉચિત નિમિત્ત હોય પાછું. એની લાયકાતનું (જો હોય છતાં નિમિત્ત એને કાંઈ કરતું નથી. પાઠ જ આ છે ઉચિત નિમિત્ત. એથી કરીને (કાંઈ તે કરે છે એમ નહીં) ઈ તો નિમિત્તને નિમિત્તતા ઉચિત કીધી.

જેમ આત્મા ગતિ કરે તેને ધર્માસ્તિકાય ઉચિત નિમિત્ત છે. છતાં એ ઉચિત નિમિત્ત (ધર્માસ્તિકાય) કાંઈ (આત્માને) ગતિ કરાવતું નથી. આહા...હા! **(શ્રોતા:)** નિમિત્ત તો ઉચિત જ, હોય ને...! **(ઉત્તર:)** એમ જ. ઘડાને (કુંભાર) ઉચિત નિમિત્ત કહેવાય, પણ ઉચિત નિમિત્તથી ઘડામાં કાંઈપણ થાય છે એમ નહીં. આહા...હા! સારા અક્ષર લખનારને એવો ક્ષયોપશમ હોય તે ઉચિત નિમિત્ત કહેવાય, પણ એને લઈને (સારા) અક્ષરો પડે છે ને લખે છે એમ બિલકુલ નહીં જરીએ (નહીં). આહા...હા! જેમ કે આ પાપડ થાય, વડી જાય, પુડલા થાય, એમાં હુશિયાર બાઈ હોય ઈ આમ સરખા કરે– આમ ઘી પાય ને (સરખા ફેરવે ને.) તો એ ઉચિત નિમિત્ત હોય, પણ ઉચિત નિમિત્તથી એમાં કાંઈ થ્યું છે (એમ નથી). **(શ્રોતા:)** પણ ઈ બાઈ હુશિયાર હોય તો થાય ને...? **(ઉત્તર:)** બિલકુલ નહીં. હુશિયારી તો એનામાં (બાઈમાં) રહી. અહા...! આ પુડલામાં કયાં એ ગઈ (છે)? **(શ્રોતા:)** પણ નિમિત્ત હોશિયાર છે એમ તો જણાય છે ને...! **(ઉત્તર:)** ઈ, ઈ ખબર પડે છે એનામાં ઈ હુશિયારી છે એમ જણાય. પણ એનાથી અહીંયાં કાંઈ થ્યું છે (એમ છે નહીં). તેથી ઉચિત નિમિત્ત કીધું છે. ઉચિત નિમિત્તનો અર્થ એજ એ લીધો છે કે તે (ચીજ સામે છે તેથી સારું થાય છે પણ તેનાથી કાંઈક થાય છે એમ નથી એ તો નિમિત્તની યોગ્યતા, એ કાર્યકાળે આવું નિમિત્ત હોય એમ જણાવ્યું છે. પણ એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિમિત્તને લઈને અહીંયાં ઉત્પાદ પર્યાય થાય છે (એમ નથી). આહા...હા! **(શ્રોતાઃ)** બધા કહે છે કે જીત્યા એ શું પાણીમાં ગયું? **(ઉત્તરઃ)** એ બધું જીત્યા, પાણીમાં ગ્યું. પાણીમાં ગ્યું નથી (નકામું થયું નથી) અહંકાર ને દંભમાં (પાપ બાંધ્યું છે.) કહો (પંડિતજી!) આવી વાત છે. આહા...હા!

અહીંયાં તો બીજું સ્વરૂપ મગજમાં આવ્યું. ઉચિત નિમિત્ત કીધું છે ને...? ઉચિત નિમિત્તનો અર્થ જ એ છે કે એને યોગ્ય નિમિત્ત સામે હોય. પણ હોય છતાં તેનાથી કાંઈ થાય– ઉચિત એ જ છે માટે અહીંયાં કાંઈ થાય, એમ નથી. આહા...હા! ભણાવવામાં ઉચિત નિમિત્ત માસ્તર હોય કે કુંભાર હોય? માસ્તર જ હોય. (એ) ઉચિત નિમિત્ત છે માટે ત્યાં છોકરાને જ્ઞાન થાય છે એમ નથી. આહા...હા! આવી વાત છે. **(શ્રોતાઃ)** એકને ઉદાસીન એકને પ્રેરક નિમિત્ત કહેવાય તો એનો મર્મ હોવો જોઈએ ને...! **(ઉત્તરઃ)** બિલકુલ નહીં. એ બધું એકનું એક (છે). પરને માટે બે ય ઉદાસીન. પરને માટે બેય ઉદાસીન (નિમિત્ત છે.) **'ધર્માસ્તિકાયવત્'** 'ઈષ્ટોપદેશ' ૩૫ મી ગાથા (માં કહ્યું છે.) આહા...હા! (જુઓ,) એ ધજા આમ હાલે છે (ફરકે છે) એમાં પવન ઉચિત નિમિત્ત છે. પણ એને લઈને ધજા હાલે છે એમ નથી. આહા...હા...હા! શેરડીમાંથી રસ નીકળવામાં સંચો ઉચિત નિમિત્ત છે, પણ એ નિમિત્તથી શેરડીનો રસ નીકળે છે એમ વાત જૂઠી છે. એના ઉત્પાદને વ્યય એને પ્રકાશે છે બસ! આહા...! આવી વાત!! એ....ઈ (પંડિતજી!) આ તો ઉચિત નિમિત્તનો અર્થ કર્યો! ઉચિત નિમિત્ત હોય છે પણ તેને યોગ્ય–ઉચિતનો અર્થ એને યોગ્ય જ હોય છે. એને યોગ્ય હોવા છતાં પરમાં કાંઈ કરતું નથી. આહા...હા...હા! આવી વાત!! સમજાય છે કાંઈ?

(અહીંયાં કહે છે કેઃ) **"અને જો આમ જ (–ઉપર સમજાવ્યું તેમજા ન માનવામાં આવે."** છે? (પાઠમાં) ભાષા તો સાદી છે પ્રભુ!! એને સમજવું હોય તો એમ ન ચાલે (કાંઈ) આ તો (સૂક્ષ્મ તત્ત્વને સમજવા ઉપયોગ સૂક્ષ્મ કરે તો સમજાય). ભાષા (સાદી), ટીકા ઘણી સાદી! ઘણી હળવી ભાષાથી (કહે છે.) આહા...હા! છતાં ત્યાં સાંભળનારને ઉચિત નિમિત્ત (આ) વાણી કહેવાય, પણ છતાં સાંભળનારને પર્યાય જે થાય છે એ ઉત્પાદને, આ નિમિત્તથી કાંઈ જ અસર નથી. આહા...! ઉચિત નિમિત્તથી કાંઈ અસર નથી એનાથી કાંઈ થતું નથી. ઘડા થવામાં ઉચિત નિમિત્ત તો કુંભાર જ હોય ને...? વાણિયો હોય? ઘડા બનતી વખતે (વાણિયો) હોય? ન હોય. (કુંભાર જ હોય) એટલો ફેર પડયો ને નિમિત્તનો...! પણ નિમિત્તમાં ફેર પડયો પણ પરમાં ફેર કયાં પડયો! (ન પડયો.) **(શ્રોતાઃ)** ઉચિત જ છે, દરેક કાર્યમાં ઉચિત જ નિમિત્ત છે (એવું ખરેખર સમજાયું.) આહા...હા...હા! ગજબ વાત છે બાપા!!

(કહે છે) 'પરમ સત્' ને પ્રસિદ્ધ કરવાની કળા ભગવાન, સંતોની!! આહા...હા! પરમ સત્ય છે એને પ્રસિદ્ધ કરવાની સંતોની ઘણી જ સરળતા છે! આવી સરળતા ને ટીકા!! (અજોડ છે). જગતના ભાગ્ય.... ભાષાની પર્યાય રહી ગઈ!! આહા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અહીંયાં કહે છે કે:) **''અને જો આમ જ ન માનવામાં આવે તો 'અન્ય સર્ગ છે.''** અનેરા કાળે ઉત્પત્તિ છે. **''અન્ય સંહાર છે.''** અનેરા કાળે સંહાર છે. **''અન્ય સ્થિતિ છે.''** અનેરા કાળે સ્થિતિ છે. **''એવું આવે છે.'' અર્થાત્ ત્રણે જુદાં જુદાં છે એવું માનવાનો પ્રસંગ આવે છે)''** એક જ સમયમાં ત્રણેય છે એમ ન માનતાં જુદાં જુદાં સમયે માનવાનો પ્રસંગ આવે છે. આહા...હા! બહુ સિદ્ધાંત.

(કહે છે કે:) (આ સિદ્ધાંત સમજતાં) એની માન્યતામાં ફેર પડે છે ને કે ઉત્પાદ–વ્યય છે તેથી દ્રવ્ય પ્રકાશે છે. પરને લઈને નહીં. એવી શ્રદ્ધા હોય તો એની પરાવલંબી શ્રદ્ધા છૂટી ગઈ. આહા...હા! એટલો તો એને લાભ થાય. હવે એને સ્વતરફ વળવું રહ્યું! અને સ્વતરફ વળવાનું પણ પર્યાય છે તે સ્વતરફ વળે. ધ્રુવ છે તે ધ્રુવ છે. આહા...! પરની પર્યાયથી અંતર વળે એ તો ન રહ્યું. અને પોતાની જે પર્યાય છે તેનાથી અંતર વળે. અને ઉત્પાદની એ પર્યાય એને (દ્રવ્યને) પ્રકાશે. આમ ન માને તો એક સમયે ત્રણ છે (ઉત્પાદવ્યયધ્રૌવ્ય) એ સિદ્ધ થતું નથી. આહા...હા! દાખલા તો ઘણા આવ્યા! (સિદ્ધાંત સમજવાનો રહ્યો!)

**''અને જો આમ જ (–ઉપર સમજાવ્યું તેમ જા ન માનવામાં આવે તો 'અન્ય સર્ગ છે, અન્ય સંહાર છે, અન્ય સ્થિતિ છે' એવું આવે છે (અર્થાત્ ત્રણે જુદાં છે એવું માનવાનો પ્રસંગ આવે છે). એમ થતાં (શા દોષો આવે તે સમજાવવામાં આવે છે):** જો આમ ન માનવામાં આવે તો કયા–કયા દોષો ઉત્પન્ન થાય તે સમજાવવામાં આવે છે.

(અહીંયાં કહે છે કે:) **''કેવળ સર્ગ શોધનાર કુંભની''.** કેવળ–એકલી ઉત્પત્તિ જ શોધનાર કુંભની–કુંભાર, એકલા ઘડાની ઉત્પત્તિને, એકલી ઉત્પત્તિને જાણનારો – શોધનાર. **''(–વ્યય અને ધ્રૌવ્યથી જુદો એકલો ઉત્પાદ કરવા જનાર ઘડાની), ઉત્પાદનકારણના અભાવને લીધે, ઉત્પત્તિ જ ન થાય.''** આહા....હા! વ્યય છે તે ઉત્પાદનકારણ છે એમ કહે છે. કે વ્યય વિના એકલી ઉત્પત્તિ જોવા જાય તો, ઉત્પાદનકારણ અભાવને લીધે એકલી ઉત્પત્તિ નહીં દેખાય. એટલે ઉત્પત્તિ ન થઈ શકે. આહા...હા! ઝીણું તો છે હમણાં. મુંબઈ જેવામાં આવું મૂકે તો.... (લોકો કહે) આ શું કહે છે? કેવળ એકલી ઘડાની ઉત્પત્તિને જોવા જાય (માત્ર) ઉત્પત્તિને સ્થિતિને નહીં ને વ્યયને નહીં. તો ઉત્પાદનકારણના અભાવને લીધે (ઉત્પત્તિ જ ન થાય). ઉત્પત્તિનું કારણ સંહાર છે, સંહારના અભાવનું કારણ ન હોય તો ઉત્પત્તિનું કાર્ય હોય શકે નહીં. આહા...હા! એમાં એમ નથી કહ્યું કે બીજો ઉચિત નિમિત્ત ન હોય તો ઉત્પન્નનું કાર્ય ન થઈ શકે. આહા...હા...હા! સમજાણું કાંઈ?

એનામાં ને એનામાં (એટલે કે માટીમાં) ઘડાની ઉત્પત્તિ છે, એ એકલો (ઉત્પાદ) જોવા જાય તો ઉત્પત્તિનું કારણ જે વ્યય છે – (માટીના પિંડનો) સંહાર છે એનો અભાવ (થયા) વિના ઉત્પત્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ન થાય. આહા...હા! સમજાણું કાંઈ? ઉચિત નિમિત્ત વિના ઘડાની ઉત્પત્તિ ન થાય એમ ન કીધું. આહા...હા! ભાઈ! આવી વાતું છે. અરે આવી વાતું સાંભળવી! મળવી મુશ્કેલ છે બાપુ! આ તો પરમાત્માની જ્ઞાનની ધારા છે. ત્રણલોકના નાથ! એનું કહેલું તત્ત્વ એની આ વાત ને ધારા છે બાપા! આહા...હા! એ વાત સાધારણ રીતે કાઢી નાખે! આહા...હા! શું પ્રભુના શબ્દો! શું ટીકાના શબ્દો! પ્રભુના જ શબ્દો છે (આ) વાણી!! આહા...! કેવળ એકલી ઘડાની ઉત્પત્તિ જ જોવામાં આવે **"(–વ્યય અને ધ્રૌવ્યથી જુદો એકલો ઉત્પાદ કરવા જનાર ઘડાની), ઉત્પાદનકારણના અભાવને લીધે, ઉત્પત્તિ જ ન થાય."** નીચે છે (ફૂટનોટમાં) ઉત્પાદનકારણ = ઉત્પત્તિનું કારણ. ખરેખર તો સંહાર છે ને પર્યાયનો એ જ ઉત્પત્તિનું કારણ છે. ઈ તો આવી ગયું ને ઓલામાં – 'જૈનતત્ત્વમીમાંસા' માં. પૂર્વપર્યાયયુકત દ્રવ્ય તે કારણ (અર્થાત્) પહેલી પર્યાયયુકત દ્રવ્ય તે કારણ. ઉત્તરપર્યાયયુકત દ્રવ્ય તે કાર્ય. જો પૂર્વપર્યાય ન હોય તો ઉત્તર પર્યાય કયાંથી થાય? ઈ પૂર્વ પર્યાયને તેમાં (તેનો) ક્ષય કારણ કીધું. એ પૂર્વપર્યાયનો ક્ષય–સંહાર (કારણ છે) સંહાર ન હોય તો ઘડાની ઉત્પત્તિ ન હોય. આહા...હા...હા! **'મિથ્યાત્વનો વ્યય ન હોય તો સમકિતની ઉત્પત્તિનો જ અભાવ થાય.'** આહા...હા! સમજાણું કાંઈ? મિથ્યાશ્રદ્ધાન એનો સંહાર ન હોય, વ્યય ન હોય અને ટકતું તત્ત્વ સામે ન હોય, તો ઉત્પત્તિ કયાંથી થાય? (ન થાય.) આહા...! એકલા લોજિકથી– ન્યાયથી વાત ભરી છે. (કેટલાક લોકો) આમાં તર્કણા ઊપાડે. એ (સોનગઢનું) એકાંત છે, એકાંત છે. પ્રભુ! પ્રભુ! તું કર એમ બાપુ! **'એકાંત જ છે.'** અનેકાન્ત પણ અનેકાન્ત– પણે છે. અનેકાન્ત – સમ્યક્એકાંત અને સમ્યક્અનેકાંત એમ છે. આહા...હા! તે તે પર્યાયનો અંશ તે તે તેનાથી થાય, તે **'સમ્યક્ એકાંત છે.'** નય છે ઈ સમ્યક્એકાંત છે. પ્રમાણ છે ઈ સમ્યક્ અનેકાન્ત છે. આહા...હા!

અહીંયાં એમ કહે છે કે : એકલી ઉત્પત્તિ માનનાર (ની દોષદૃષ્ટિ છે.) જ્ઞાનમાં, જ્ઞાનની પર્યાયનો વિશેષ જે ઉત્પાદ થયો. એની પહેલાંની જો પર્યાયનો સંહાર ન હોય – એની પહેલી પર્યાયનો વ્યય ન હોય, અને વસ્તુની સ્થિતિ (ધ્રૌવ્ય) ન હોય, તો ઈ ઉત્પાદ જ થાય નહીં. ઉત્પાદના કારણ વિના ઉત્પાદ થાય નહીં પણ કારણ આ – એની પૂર્વની પર્યાયનો વ્યય તે કારણ (છે). બીજું કોઈ કારણ નહીં, બહારનું (બાહ્યનું) કોઈ કારણ નહીં. આહા...હા...હા! (શું કહે છે?) ઉત્પાદના કારણના અભાવે ઉત્પત્તિ જ ન થાય. એક વાત. **"અથવા તો અસત્‌નો જ ઉત્પાદ થાય."** અસત્ અધ્ધરથી આકાશના ફૂલ જેમ થાય, એમ થાય. (જો) સંહાર ને સ્થિતિ ન હોય તો આકાશના ફૂલની જેમ થઈ જાય. આહા...હા! છે? **"અથવા તો અસત્‌નો જ ઉત્પાદ થાય."** અસત્ જ છે નહીં એનો ઉત્પાદ થાય. આહા...હા! સ્થિતિ અને સંહાર, એ વિના જો ઉત્પન્ન થાય તો તો અસત્‌ની ઉત્પત્તિ થાય, વિના સત્!! છે નહીં (ને કાર્ય થાય?) એમ છે નહીં. એકલો ન્યાયનો વિષય ગોઠવ્યો છે! આહા...હા...હા!

(કહે છે કે:) ઈ એક વાત, બીજું **"જો કુંભની ઉત્પત્તિ ન થાય તો બધાય ભાવોની ઉત્પત્તિ જ ન થાય."** આ તો (કુંભનો) તો દૃષ્ટાંત કીધો. કુંભની જે ઉત્પત્તિ, સ્થિતિ ને સંહારના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારણ વિના ન થાય, એમ દરેક દ્રવ્યની પર્યાયની ઉત્પત્તિ, સ્થિતિ (એટલે ધ્રૌવ્ય–ટકવું) અને સંહાર (એટલે) પર્યાયનો અભાવ(એ) ન હોય તો એ પર્યાયો જ થાય. દરેક દ્રવ્યમાં – અનંતા દ્રવ્યો છે એમાં સ્થિતિ (ટકવું) ન હોય, અને પૂર્વનું સંહાર કારણ ન હોય અભાવ તો ઉત્પાદ જ ન થાય, દરેક દ્રવ્યમાં (છ એ દ્રવ્યમાં) આહા...હા! શું વસ્તુ (સ્થિતિ!) સમજાય છે કાંઈ? કુંભારના ઘડાની ઉત્પત્તિ એમાં કહે છે કે સંહાર ને સ્થિતિના કારણ વિના ઉત્પત્તિ થાય તો અસત્‌ની ઉત્પત્તિ થાય. એમ બધાં – અનંતા દ્રવ્યો, જે સમયે તેની (પર્યાયની) ઉત્પત્તિ થાય તેના પૂર્વની (પર્યાયના) સંહારના કારણ વિના અને સ્થિતિ વિના તે ઉત્પત્તિ થાય તો અસત્–અસત્–અસત્‌ની ઉત્પત્તિ થાય એમ કહે છે. અધ્ધરથી ઉત્પત્તિ થાય (વસ્તુ વિના એમ બને નહીં). આહા...હા! ગહન વાત!! મુ ાની રકમ છે!!

આહા...હા! (ન્યાય આપ્યો કે) કુંભની ઉત્પત્તિ ન થાય તો, **"બધાય ભાવોની ઉત્પત્તિ જ ન થાય (અર્થાત્ જેમ કુંભની ઉત્પત્તિ ન થાય તેમ વિશ્વના કોઈપણ દ્રવ્યમાં કોઈપણ ભાવનો ઉત્પાદ જ ન થાય એ દોષ આવે)" અથવા "જો અસત્‌નો ઉત્પાદ થાય."** છે જ નહીં સ્થિતિ છે જ નહીં. વસ્તુમાં ઉત્પાદના કાળે પણ સ્થિતિ છે જ નહીં, તો અસત્‌નો ઉત્પાદ થાય. (અને) **"જો અસત્‌નો ઉત્પાદ થાય તો વ્યોમપુષ્પ વગેરેનો પણ ઉત્પાદ થાય."** નથી તેમાંથી ઉત્પન્ન થાય(તેમ માનવું) આકાશના ફૂલ (જેવું) છે. આહા...આવા–આવા શું પણ ન્યાય આપ્યા છે!! વેપારીઓને 'આ જૈન ધર્મ' મળ્યો! હવે અત્યારે તો આવા ન્યાય! વકીલાતના જોઈએ અત્યારે તો બધા (ન્યાય).(આ સર્વજ્ઞના ન્યાય) મગજમાં બેસવું કઠણ પડે! છે તો સાદી ભાષા પણ બહુ (ન્યાય સૂક્ષ્મ છે!)

(અહીંયાં કહે છે કે:) **"તો બધાય (ભાવોની) દ્રવ્યોની ઉત્પત્તિ જ ન થાય..... અથવા જો અસત્‌નો ઉત્પાદ થાય તો વ્યોમપુષ્પ વગેરેનો પણ ઉત્પાદ થાય."** આહા...! શૂન્યમાંથી પણ પદાર્થો ઉત્પન્ન થવા લાગે એમ. શૂન્યમાં સ્થિતિ નથી, સંહારનો અભાવ નથી (અને ઉત્પાદ થાય) તો અધ્ધરથી થાય તો શૂન્યમાંથી થાય! એ સ્થિતિ સાથેનું વર્ણન થ્યું.

વિશેષ કહેશે....

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૧૭–૬–૭૯.

'પ્રવચનસાર' ૧૦૦મી ગાથા. છેલ્લે ૧૯૧ પાનું છે. છેલ્લો પેરેગ્રાફ. (અહીંથી લેવાનું છે.) છેલ્લો પેરેગ્રાફ (છે). અહીંયાં આવ્યું છે. શું કહે છે? કે ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય એ વસ્તુનો સ્વભાવ છે. દરેક વસ્તુ–જેટલી (વિશ્વમાં) છે, એ બધાના સ્વભાવમાં દ્રવ્ય રહે છે, અને એ સ્વભાવ ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય છે. ઝીણી વાત છે ભઈ! હવે અહીંયાં એમ કહે છે કે ઉત્પાદની વાત તો થઈ ગઈ. (જો કોઈ) એકલો ઉત્પાદ ગોતવા જાય, તો સંહારના કારણ વિના ઉત્પાદ નહીં રહી શકે. ઈ વાત થઈ ગઈ છે કાલ. એકલું ઉત્પાદ જોવા જાય દરેક દ્રવ્યમાં (એટલે એકલો ઉત્પાદ તે) વર્તમાન પર્યાય, પણ એને સંહારના ઉત્પાદ (સંહાર–વ્યય વિના) ઉપાદાનના – કારણમાં અભાવરૂપ (વ્યય વિના) એ ઉત્પાદ હોઈ શકે નહીં. હવે અહીંયાં (આજા કેવળ સંહાર (ની વાત છે.) આજે આ વિષય લઈએ છીએ. ઝીણો છે બહુ!

(અહીંયાં કહે છે કેઃ) **"વળી કેવળ સંહાર આરંભનાર".** કોઈપણ દ્રવ્યમાં (જો કોઈ) એકલો સંહાર–વ્યય જો ગોતવા જાય, તો આરંભનાર' સંહારને શોધવા જાય **"મૃત્તિકાપિંડનો (–ઉત્પાદ અને ધ્રૌવ્ય રહિત એકલો વ્યય કરવા જનાર.")** મૃત્તિકાપિંડનો એકલો વ્યય ગોતવા જાય, તો ઉત્પાદ ને ધ્રૌવ્ય વિના ઈ હોઈ શકે નહીં. ઉત્પાદ એનું કારણ છે. ઉત્પાદનું સંહાર કારણ છે, સંહારનું ઉત્પાદ પણ કારણ છે. આવી વાત છે! અ...હા...હા! કેવળ દરેક દ્રવ્યમાં, વ્યય નામ પર્યાયનો અભાવ, (અર્થાત્) સંહાર, એ જો માનવા જાય એકલું તો મૃત્તિકાપિંડનો ઉત્પાદને ધ્રૌવ્ય રહિત, એકલો વ્યય કરવા જનાર **"મૃત્તિકાપિંડનો સંહાર – કારણના અભાવને લીધે."** જોયું? મૃત્તિકાપિંડનો વ્યય નથી' એમ ગોતવા જાય – તો સંહાર કારણના અભાવને લીધે, એટલે ઉત્પાદ છે ઈ સંહારકારણનું કારણ છે. જે પર્યાય ઉત્પન્ન થાય, એ સંહાર–વ્યયનું કારણ છે. સંહારનું કારણ ઉત્પાદ છે ને ઉત્પાદનું કારણ સંહાર છે. હવે, વાણિયાઓને આવું! કોઈ દી' સાંભળ્યું ન હોય એવી વાત છે. આહા...હા! **(શ્રોતાઃ)** વાણિયા સિવાય આને સાંભળે છે ય કોણ? **(ઉત્તરઃ)** બીજું કોણ સાંભળે! આ તો નવી વાત છે! ઓલું તો દયા પાળો ને આ કરો ને આ કરો. તત્ત્વની દૃષ્ટિની ખબર ન મળે!

(કહે છે) કેવળ એકલો વ્યય ગોતવા જાય, (અર્થાત્) માટીના પિંડનો અભાવ, એ એકલો શોધવા (કોઈ) જાય તો,' મૃત્તિકાપિંડના ઉત્પાદ અને (માટીના) ધ્રૌવ્ય રહિત એકલો "મૃત્તિકાપિંડના સંહારકારણના અભાવને લીધે." ઈ મૃત્તિકા પિંડનો વ્યય, ઈ ઉત્પાદના કારણથી તેનો વ્યય છે. વ્યય, ઉત્પાદનું કારણ છે, અને ઉત્પાદ, વ્યયનું કારણ છે. આહા...હા! (માટીના) પિંડનો વ્યય એ જો ઘડાની ઉત્પત્તિ ન હોય (એટલે કે) ઉત્પત્તિ ન હોય તો સંહાર ન હોય.(વસ્તુસ્થિતિ) આમ છે! ઉત્પત્તિ વિનાનો એકલો સંહાર ગોતવા જાય, તો એ (સંહાર) – વ્યય, ઉત્પાદના કારણના અભાવથી વ્યય જ હાથ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહીં આવે (અથવા) વ્યય જ હોઈ શકે નહીં. આહા...હા! લોજિક તો ભર્યા (છે) ભાઈ એકલા! આહા...હા! **"સંહારકારણના અભાવને લીધે,"** સંહારનું કારણ તો ઉત્પાદ છે. (માટીમાંથી) ઘડો ઉત્પન્ન થયો એ સંહાર એનું કારણ છે અને સંહાર(નું) કારણ ઉત્પાદ કારણ છે. (હવે જો કોઈ) એકલો સંહાર ગોતવા જાય તો ઉત્પાદ વિના એ સંહાર હોઈ શકે નહીં. આવું છે ઝીણું !! **"સંહાર જ ન થાય."** (એટલે કે) ઉત્પાદના કારણ વિના – ઘટની ઉત્પત્તિના કારણ વિના, પિંડનો વ્યય જ ન થાય. આહા...! સમજાણું કાંઈ?

(કહે છે કે:) **"અથવા તો સત્‌નો જ ઉચ્છેદ થાય."** સંહાર એકલો ગોતવા જાય, તો છે તેનો નાશ થઈ જાય. (કેમકે) સંહાર(નું) કારણ ઉત્પાદ છે એનું (માટે). તેથી ઉત્પાદ(ને) કારણ ન માને અને (ઉત્પાદને પણ ન માને) અને સંહાર (એકલો) ગોતવા જાય તો, સંહારનું કારણ તો ઉત્પાદ છે (તેથી) સંહાર જ સિદ્ધ નહીં થાય. અને કાં' સત્‌ છે તેનો સંહાર થશે. (અર્થાત્‌) નાશ થશે. આહા...હા! સમજાણું આમાં કાંઈ?

(કહે છે) એકલો વ્યય ગોતવા જાય તો ઉત્પાદ–કારણ વિના વ્યય હોઈ શકે નહીં. એક વાત. અથવા જો વ્યય એકલો ગોતવા જાય તો 'સત્‌' નો જ વ્યય થઈ જશે. તેનો નાશ થશે. આહા...હા! (ભાઈ!) ઝીણી વાત છે! તત્ત્વજ્ઞાન વીતરાગનું બહુ ઝીણું બાપુ! આહા...! લોકોને અભ્યાસ ન મળે, ને બહારથી દંભ કરે ને અમે માનીએ (છીએ એમ માને પણ) ધરમ કયાં હતા! આહા...હા!

અહીંયાં કહે છે કે **"ધર્મની ઉત્પત્તિના અભાવમાં મિથ્યાત્વનો વ્યય હોઈ શકે જ નહીં"** એકલો મિથ્યાત્વનો વ્યય ગોતવા જાય, તો સમકિતની ઉત્પત્તિ વિના વ્યય હોઈ શકે નહીં. કો' બરાબર છે આમાં? (હા, પ્રભુ! બરાબર છે.) અને કાં' વ્યય ગોતવા જાય એકલો (મિથ્યાત્વનો) તો સત્‌ છે જે ધ્રુવ ચીજ (આત્મવસ્તુ) તેનો નાશ થાય. (અભિપ્રાયમાં) આવું છે (વસ્તુતત્ત્વ) ઓલું તો સહેલું હતું એકેન્દ્રિયા....બેઈન્દ્રિયા.....ત્રિઈન્દ્રિયા....ચતુઈન્દ્રિયા.....પંચેઈન્દ્રિયા....અભયા... મિચ્છામિ દુક્કડમ્‌ થઈ ગઈ સામાયિક! ધૂળે ય નથી, સામાયિકે ય નથી! **(શ્રોતાઃ)** સહજ સામાયિક છે! **(ઉત્તરઃ)** અ...હા...હા...હા! મિથ્યાત્વની સામાયિક થઈ, મિથ્યાત્વનો લાભ થ્યો!! આહા...હા!

કહે છે કે સામાયિકની ઉત્પત્તિની અભાવમાં (એટલે) પહેલી અસામાયિક જે, વિષમતા હતી, તેને એકલી ગોતવા જાય (અર્થાત્‌) વિષમતાનો નાશ એકલો (એટલે ઉત્પાદ વિના) – સામાયિકની ઉત્પત્તિ, એની પૂર્વે અસામાયિકનો સંહાર(એ) સંહાર એકલો ગોતવા જાય તો ઉત્પત્તિના કારણ વિના સંહાર થઈ શકે નહીં. **'સમ્યગ્દર્શનની ઉત્પત્તિ વિના, મિથ્યાત્વનો નાશ થઈ શકે નહીં.** ચારિત્રની ઉત્પત્તિ વિના, અચારિત્રનો વ્યય થઈ શકે નહીં. **"અને 'થાય' તો કાં સત્‌નો નાશ થઈ જાય** (અર્થાત્‌) ધ્રુવ (નો અભિપ્રાયમાં નાશ થઈ જાય). બે કારણ આપ્યા! સંહારકારણ અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉત્પાદકારણ જો ન હોય તો ઉત્પન્ન ન થાય, અને સંહારકારણ એકલું ગોતવા જતાં ધ્રુવ છે તેનો નાશ થઈ જાય. (અર્થાત્) ઉત્પાદ ને ધ્રુવ બેયનો મેળ નથી ત્યાં. આહા...હા! સમજાય છે કાંઈ?

આ તો 'પ્રવચનસાર' તો ઘણીવાર વંચાઈ ગયું છે. આ હમણાં, ફેર ઘણાં વરસથી નહોતું લીધું!

(કહે છે કે:) **"(વળી) કેવળ સંહાર આરંભનાર."** એકલા ઉત્પાદ અને ધ્રૌવ્યના આશ્રય વિના –ઉત્પાદ અને ધ્રૌવ્યના અસ્તિત્વ વિના (એકલા) સંહારને ગોતવા જાય તો ઉત્પત્તિના (ને સ્થિતિના) કારણ વિના સંહાર હોઈ શકે નહીં. અને કાં તે ધ્રુવ છે તેનો સંહાર થઈ જાય! (વસ્તુ સ્થિતિ) આમ છે. **(શ્રોતાઃ)** ધર્મના કામમાં લોજિકનું શું કામ છે? **(ઉત્તરઃ)** આ...હા! લોજિકનું કામ! તમારે વકીલાતમાં કેમ કામ કરે છે ? **(શ્રોતાઃ)** ત્યાં ન્યાય (દેવો છે) **(ઉત્તરઃ)** ત્યાં ન્યાય તો આ ય ન્યાય છે. આ કોર્ટ, તત્ત્વને સિદ્ધ કરવા માટેની (છે.) કોલેજ છે આ. તત્ત્વને સિદ્ધ કરવાની – ન્યાયની કોલેજ છે. અ..હા...! આહા...હા! શું કીધું? કે એકલો જો ઉત્પાદ શોધવા જાય(એટલે) ઘટની ઉત્પત્તિ. તો (તે) પિંડના વ્યય વિના અને માટીની ધ્રુવતા વિના ઘટની ઉત્પત્તિ જ ન થઈ શકે. (ઘટની) ઉત્પત્તિ ન થઈ શકે તો દરેક દ્રવ્યની (ઉત્પાદની પર્યાયની) ઉત્પત્તિ ન થઈ શકે. એમ સંહાર (અર્થાત્) વ્યય, એકલો વ્યય ગોતવા જાય, (તો) એકલો વ્યય, ઉત્પાદકારણ વિના – એ ઊપજયા (ની પર્યાય વિના) એટલે ઉત્પાદકારણ વિના સંહાર હોઈ શકે નહીં. એટલે ઉત્પાદકારણ વિના સંહારનો અભાવ થાય અને કાં' જે ધ્રુવ છે તેનો સંહાર થઈ જાય. આહા...હા! (વીતરાગનું તત્ત્વજ્ઞાન) આવું છે!

(અહીંયાં કહે છે કે:) **'જો મૃત્તિકાપિંડનો સંહાર ન થાય."** **(શ્રોતાઃ)** બધાયનો... **(ઉત્તરઃ)** કીડી છે કીડી (પાનાં ઉપર) આંહી કીડી આવી ગઈ છે લ્યો! કીડી હતી, કયાંથી ન્યાંથી આવી ગઈ!! આહા... હવે સિદ્ધાંત કહે છે. **"(૧) જો મૃત્તિકાપિંડનો સંહાર ન થાય તો બધાય ભાવોનો સંહાર જ ન થાય."** એટલે' જો સંહાર જ ન થાય – બધા દ્રવ્યો છે એની પર્યાયનો વ્યય ન થાય – જે દ્રવ્યો જગતના છે તેનો (પર્યાયનો) વ્યય ન થાય. એકલો માટીના પિંડની ઉત્પત્તિ એના વ્યય વિના (ઘડાની) ઉત્પત્તિ હોઈ શકે નહીં. એમ જો હોય તો બધા દ્રવ્યનો સંહાર થઈ જાય. એટલે કે દરેક દ્રવ્યના પર્યાયની ઉત્પત્તિ ન હોય, ને ઉત્પત્તિના કારણ વિના એનો પૂર્વનો જે વ્યય છે ઈ વ્યય ન થાય. આહા...હા! આવું છે ઝીણું! તત્ત્વ, વીતરાગનું તત્ત્વ ઝીણું બહુ! **"અર્થાત્ જેમ મૃત્તિકાપિંડનો વ્યય ન થાય તેમ વિશ્વના કોઈ પણ દ્રવ્યમાં કોઈ પણ ભાવનો વ્યય જ ન થાય એ દોષ આવે."** (દ્રવ્ય) પલટે જ નહીં. (જો) મૃત્તિકાપિંડનો એકલો સંહાર ગોતવા જાય (તો) ઉત્પાદ ને ધ્રુવ વિના હોઈ શકે નહીં. એમ જગતના બધા પદાર્થમાં એકલો સંહાર (વ્યય) ગોતવા જાય તો (તે) ઉત્પત્તિ ને ધ્રુવ વિના સંહાર હોઈ શકે જ નહીં. આહા...હા! સમજાણું કાંઈ?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(કહે છે કે:) **"અથવા (૨) જો સત્‌નો ઉચ્છેદ થાય તો ચૈતન્ય વગેરેનો પણ ઉચ્છેદ થાય."** આહા...હા! શું કહે છે? મૃત્તિકાપિંડનો વ્યય એકલો ગોતવા જાય, તો ઉત્પાદના કારણ વિના વ્યય સિદ્ધ નહીં થાય અને કાં' સત્‌નો જ વિચ્છેદ થઈ જાય. એમ અહીં વ્યય બધામાં લાગુ પાડે તો ચૈતન્ય વસ્તુ છે એનો ઉચ્છેદ થઈ જાય. આહા...હા! સંહાર એકલો ગોતવા જાય, તો ચૈતન્ય છે, તેનો જ સંહાર થઈ જાય. સંહાર તો ત્યારે હોય કે દરેક દ્રવ્યમાં ઉત્પત્તિની પર્યાય હોય અને ધ્રુવ કાયમ હોય, એને પર્યાયમાં સંહાર લાગુ પડે. પણ ઉત્પાદ કે ધ્રુવ જયાં નથી એને તે (એકલો) સંહાર લાગુ પાડવા જાય તો દ્રવ્યનો જ સંહાર થઈ જાય. દ્રવ્યનો નાશ થતાં ભગવાન ચૈતન્ય, એનો પણ ઉચ્છેદ થઈ જાય. આહા...હા...હા! સચ્ચિદાનંદ પ્રભુ! સત્ છે આત્મા! (છતાં) એકલો જ જો વ્યય ગોતવા જાય તો સત્ ચિદાનંદ પ્રભુ એનો ઉચ્છેદ થઈ જાય. આવું છે! વાણિયાઓને હાથ આવ્યું ને વાણિયાને આ (તત્ત્વ મળ્યું!) બીજું શું? નવરાશ ન મળે! આહા...! લોજિક છે આ બધુ લોજિક છે – ન્યાયથી (આચાર્યે સિદ્ધ કર્યું છે!)

(કહે છે) બે વાત થઈ. શું બે વાત થઈ? (એક વાત.) એકલી જ દ્રવ્યની પર્યાયની ઉત્પત્તિ ગોતવા જાય તો વ્યયના કારણના અભાવથી – ઉપાદાનના કારણના અભાવથી ઉત્પત્તિ જ ન થાય. (બીજી વાત). અને કાં' ઉત્પત્તિ થાય તો દ્રવ્યની જ ઉત્પત્તિ થઈ જાય આખી નવી. એમ છે નહીં. અને (એમ) સંહાર ગોતવા જાય, તો ઉત્પત્તિના કારણ વિના એકલો સંહાર હોઈ શકે નહીં. અને કાં' સંહાર હોઈ શકે નહીં, કાં' દ્રવ્યનો ઉચ્છેદ–નાશ થઈ જાય. દ્રવ્યનો નાશ થતાં સત્ ચૈતન્ય ચિદાનંદ પ્રભુ – સત્ શાશ્વત વસ્તુ છે (આત્મા દ્રવ્ય તેનો નાશ–ઉચ્છેદ થઈ જાય.) એકલો સંહાર ગોતવા જાય, તો ઉત્પાદ વિના સંહાર સિદ્ધ નહીં થાય અને એની ઉત્પત્તિ ને સંહાર (માં) ધ્રુવપણું જો ન રહે તો તો ધ્રુવનો નાશ થઈ જાય (માન્યતામાં). આહા...હા! સમજાણું કાંઈ? બે બોલ થ્યા.

(અહીંયાં કહે છે કે:) **"વળી કેવળ સ્થિતિ પ્રાપ્ત કરવા જનારી."** હવે કેવળ સ્થિતિ પ્રાપ્ત કરવા જનાર (નો ત્રીજો બોલ છે). એટલે શું કહે છે? માટીનું થવું – રહેવું –ટકવું. એકલું ધ્રુવપણું જ જો ગોતવા જાય. આહા...હા! નીચે છે (ફૂટનોટમાં) કેવળ સ્થિતિ = ઉત્પાદ અને વ્યય વિનાનું એકલું ધ્રુવપણું; એકલું ટકવાપણું; એકલું અવસ્થાન. [અન્વય વ્યતિરેકો સહિત જ હોય છે તેથી ધ્રૌવ્ય, ઉત્પાદવ્યય સહિત જ હોય, એકલું હોઈ શકે નહીં. જેમ ઉત્પાદ (અથવા વ્યય) દ્રવ્યનો અંશ છે – સમગ્ર દ્રવ્ય નથી, તેમ ધ્રૌવ્ય પણ દ્રવ્યનો અંશ છે – (સમગ્ર દ્રવ્ય નથી.)] આહા...હા! ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય ત્રણ થઈને દ્રવ્ય છે. એકલું ધ્રૌવ્ય અંશ છે ઈ તો અંશ છે. જો ધ્રૌવ્ય–સ્થિતિ એકલી ગોતવા જાય તો ઉત્પાદ વ્યય વિના સ્થિતિ હોઈ શકે નહીં. શું કીધું? એકલી સ્થિતિ – ટકવું – એકલું તત્ત્વ ટકતું ગોતવા જાય, તો ઉત્પાદવ્યય વિના સ્થિતિ હોઈ શકે નહીં. કેમ કે ઉત્પન્ન ને વ્યય વ્યતિરેક છે, ભિન્ન ભિન્ન(છે.) ભિન્ન ભિન્ન વ્યતિરેક વિના અભિન્ન એકલું દ્રવ્ય અન્વય સિદ્ધ થઈ શકે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહીં. કો' આ કાયદા છે (વીતરાગના) રામજીભાઈ કાયદા શીખ્યા હતા (લૌકિકના) નહીં? આહા...હા! આવો કાયદો છે વીતરાગનો!!

(કહે છે કે:) એકલી સ્થિતિ, ધ્રુવ જ કહે કે ધ્રુવ જ છે (ઉત્પાદવ્યય નથી). તો ધ્રુવ જે છે એ ઉત્પાદવ્યયના કારણ વિના – વ્યતિરેક વિના – ભિન્ન ભિન્ન જાત (વિસદેશ) વિના એકલું ધ્રુવપણું (કૂટસ્થપણું) હોઈ શકે જ નહીં. આહા...હા! હવે આમાં કોઈ ઘેર (જતાં) પૂછે કે (સાંભળીને) શું સમજ્યા? આહા...હા...હા! (તો કહેવું કે) સાંભળવા આવો, તો સમજાય જ તે તમારે! અમે તો બપોરે (બહુ સૂક્ષ્મ તત્ત્વ સમજીએ છીએ!) આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"કેવળ"** – ટકવું – પ્રાપ્ત કરવા જનારી **"મૃત્તિકાની"** માટીની **"વ્યતિરેકો સહિત સ્થિતિનો"**. વ્યતિરેકો એટલે ભિન્નભિન્ન જે ઉત્પાદ ને વ્યય છે તે સહિત સ્થિતિની **"અન્વયનો."** (એટલે) સ્થિતિ કહો, અન્વય કહો કે ધ્રુવ કહો (એકાર્થ છે). **"તેને અભાવ થવાને લીધે, સ્થિતિ જ ન થાય."** ઉત્પાદવ્યયના વ્યતિરેકો વિના સ્થિતિ જ રહે નહીં. ધ્રુવપણું જ રહે નહીં. આહા...હા! ઉત્પાદ–વ્યયના કારણ વિના – વ્યતિરેક વિના (વ્યતિરેક) નામ ભિન્ન ભિન્ન દશા વિના – અભિન્નપણું એકલું રહી શકેજ નહીં. આહા...હા! કેમ કે દરેક દ્રવ્ય(ને) નવી નવી અવસ્થા પલટે છે એ નજરે દેખાય છે. ને જુની અવસ્થા વ્યય થાય છે. એ ઉત્પાદ ને વ્યય ન હોય (તો) એકલું ધ્રુવ હોઈ શકે જ નહીં. ભિન્ન ભિન્ન ઉત્પાદ ને વ્યય વ્યતિરેક વિના અભિન્નપણું – ધ્રુવ રહી શકે જ નહીં. સમજાણું કાંઈ? આચાર્યે ઘણા ન્યાયથી વાત કરી છે. પણ અભ્યાસ જોઈએ'ને ભઈ આ. આહા..! આ તો એક એક તત્ત્વ સ્વતંત્ર!! એક તત્ત્વના ઉત્પાદ, પોતાને કારણે થાય. એ ઉત્પાદ એકલો તું જોવા જા. તો ઉત્પાદનું ઉપાદાનકારણ સંહાર (છે.) સંહાર વિના એ ઉત્પાદ – ઉત્પન્ન દેખાય નહીં. અહા...! સમજાણું ? આહા...હા! અને એકલો સંહાર ગોતવા જાય (તો) સંહારના કારણ ઉત્પાદ (એ ઉત્પાદકારણ) વિના સંહાર હોઈ શકે નહીં. અને ધ્રુવ ગોતવા જાય (તો) ઉત્પાદવ્યયવિના – વ્યતિરેક વિના – અનેકતા વિના એકપણું હોઈ શકે જ નહીં. આહા...! વ્યતિરેક વિના અન્વય હોય નહીં. વ્યતિરેકના ભિન્ન ભિન્ન પ્રકારના ઉત્પાદ વ્યય વિના ધ્રુવ હોઈ શકે નહીં. આવી વાતું છે. કોઈ દી' સાંભળી (ન હોય.) (પંડિતજી!) નવરાશ વગર, આ વખતે નવરાશ લીધો એ ઠીક કર્યું! અ...હા...હા! આ તો ધીમે–ધીમે સમજવાની વાત છે! વીતરાગ મારગ છે બાપુ! સંતોએ કેટલી કરુણા કરીને ટીકાઓ રચી! (છે.). **(શ્રોતાઃ)** કરુણા તો આપે કરી(છે!). **(ઉત્તરઃ)** આ તો સંતો! દિગંબર મુનિઓ(એ)! જગતને ન્યાલ કરવાનો રસ્તો બતાવ્યો છે! **'બંધનથી છૂટી જાય અને સંસારનો અંત આવે' એની વાત છે 'આ'!!** આહા...હા!

(કહે છે) તું જો એકલો ધ્રુવ જ છે એમ ગોતવા જાય, તો ધ્રુવ છે ઈ વ્યતિરેક વિના ધ્રુવ છે ઈ રહે શી રીતે? (કારણ) એમાં કાર્ય જે છે એ કાર્ય નથી ને એકલું કારણ જ – ધ્રુવ છે એમ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોઈ શી રીતે શકે? ઉત્પાદ–વ્યય તે કાર્ય છે ને ધ્રુવ તેનું કારણ છે. તો ઉત્પાદ–વ્યય વિનાનું એકલું ધ્રુવ ગોતવા જાય, તો (એવું) ધ્રુવ હોઈ શકે જ નહીં. કાર્યમાં ધ્રુવતાનો ખ્યાલ' આવે છે. અને તે કાર્યમાં ધ્રુવતાનો ખ્યાલ આવે છે. (અર્થાત્) ઉત્પાદ–વ્યયમાં જ ધ્રુવતાનો ખ્યાલ આવે છે. ઉત્પાદ–વ્યયનો જ જો તું નકાર કર ને એકલી ધ્રુવતા ગોતવા જા તો ધ્રુવ જ રહેશે નહીં. આહા...હા! આ તો રામજીભાઈના કોર્ટના કાયદા જેવું આવ્યું (આ) બધું! આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"અથવા તો ક્ષણિકનું જ નિત્યપણું થાય."** કેમ કે વ્યતિરેક વિના એકલું ધ્રુવ (માનવામાં આવે તો) ધ્રુવ પોતે જ ક્ષણિક થઈ જાય. આહા...હા! એકલો ધ્રુવ, ગોતવા જતાં, વ્યતિરેકો એટલે ઉત્પાદ–વ્યય, એના કારણ વિના ધ્રુવપણું લક્ષમાં જ આવે નહીં. અને બીજી રીતે લઈએ તો કહે છે કે ઉત્પાદ–વ્યય વિના, ધ્રુવ ગોતવા જા તો, ધ્રુવ જ ક્ષણિક થઈ જાય. કાયમ–ટકનાર રહે નહીં. પલટતો હોવા છતાં કાયમ રહે એવી એ ચીજ (દ્રવ્ય) છે. પલટો–ઉત્પાદવ્યય હોવા છતાં કાયમ રહે એવી ચીજ(વસ્તુ) છે. એ ચીજ એકલી (ધ્રુવ) ગોતવા જા તો પલટો ખાધા વિનાની ધ્રુવને ક્ષણિકપણું આવી જશે. ધ્રુવને ક્ષણિકપણું આવી જશે. આહા...હા! સમજાય છે કાંઈ? વિષય જરી આજનો.... ઝીણો છે! આહા...! વસ્તુ છે. ભગવાને જોઈ આ બધી. અનંત દ્રવ્યો (છે.) એ એક સમયમાં ઉત્પાદવ્યયધ્રૌવ્ય સહિત છે. એક સમયમાં!! હવે જો કોઈ એમ કહે કે ત્રણમાંથી એક જ છે ઉત્પાદ, તો ઈ ઉત્પાદ છે ને ઈ વ્યયના કારણ વિના ઉત્પાદ સિદ્ધ જ નહીં રહે અને કાં' અસત્નો ઉત્પાદ થઈ જશે. (અર્થાત્) ઉત્પાદ અસત્નો થઈ જશે. છે નહીં તેનો ઉત્પાદ થશે. એ ધ્રુવનો અભાવ થઈને (અસત્નો ઉત્પાદ થશે.) અને સંહાર એકલો ગોતવા જા, ઉત્પાદના કારણ વિના સંહાર સિદ્ધ થશે જ નહીં. અને કાં' સત્નો જ સંહાર થઈ જશે. ઓલામાં અસત્નો ઉત્પાદ થશે એમ હતું, આ(બોલમાં) સત્નો નાશ થઈ જશે એમ છે. અને સ્થિતિ એકલી ગોતવા જા, તો ઉત્પાદ–વ્યયના–વ્યતિરેકના કાર્ય વિના કારણ (એકલું) સિદ્ધ જ નહીં થાય. આહા...હા! અને કાં' ધ્રુવ છે તે ક્ષણિકપણું પામી જશે. આહા...હા...હા! પહેલામાં અસત્ની ઉત્પત્તિ (કીધી) બીજામાં સત્નો નાશ (કીધો) ત્રીજામાં ક્ષણિકપણું કીધું. આહા...હા..હા! ધીમે....ધીમે સમજવાની વાત છે! આવો મારગ છે!!

**આહા...હા! એક એક દ્રવ્ય, એક એક પરમાણુ ને એક એક આત્મા, દરેક સમયે પોતાની પર્યાયથી ઉત્પન્ન થાય છે એમ સિદ્ધ કરવું છે. એ ઉત્પન્નમાં પરની કાંઈ સહાય નથી.** હા! એ ઉત્પન્નમાં સંહારનું કારણ છે. પૂર્વની પર્યાયનું – સંહારનું કારણ છે. આહા...હા! અને કાં' ટકતું–ધ્રુવ છે એનું ઈ કારણ છે.

(કહે છે કે:) જો એકલો ઉત્પાદ કરવા જા, તો સંહાર વિના ઉત્પાદ ન હોય અને કાં' અસત્ની ઉત્પત્તિ થઈ જશે. આહા...હા! ધ્રુવપણા વિના તું એકલું ઉત્પન્ન કરવા જા, તો ધ્રુવ પોતે જે સત્ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ અસત્ થઈ જશે. આહા...હા! બીજીવાર (કહેવાય) ને પુનરુકિત લાગે તો વાત પકડાય એવું છે આ (તત્ત્વ). આહા...હા! શું આચાર્યોએ (ગજબ કામ કર્યાં છે!!) આવી વાત કયાંય છે નહીં. વીતરાગ! સર્વજ્ઞપરમાત્મા (એ કહેલી આ વાત છે.) આહા..હા!

દરેક આત્મા અને દરેક પરમાણુ (આ વિશ્વમાં) અનંત છે. ઈ અનંત છે ઈ પોતાના સ્વભાવમાં છે. કોઈ એક (પણ) પદાર્થ પરના સ્વભાવમાં નથી. હવે સ્વભાવ શું? તો ઉત્પાદવ્યય ને ધ્રૌવ્ય તેનો સ્વભાવ છે. એમાં ઈ દ્રવ્ય પોતે સત્ છે. બીજા(ના) ઉત્પાદવ્યયના કારણે આ દ્રવ્ય છે એમ છે નહીં. કારણ કે એનો સ્વભાવ ઉત્પાદ વ્યયને ધ્રૌવ્ય એનો સ્વભાવ છે. હવે દ્રવ્ય સ્વભાવમાં રહેલું છે. આહા...! સમજાણુ કાંઈ? એકલો ઉત્પાદ (એટલે) ઉત્પન્ન થવું... ઉત્પન્ન થવું એમ થાય તો સંહાર કારણ વિના એ ઉત્પત્તિ જ સિદ્ધ નહીં થાય. અને કાં' અસત્‌ની ઉત્પત્તિ થશે. આહા...હા! સંહાર ગોતવા જા, તો ઉત્પન્નકારણ વિના (અર્થાત્) ઉત્પત્તિના કારણ વિના, એ ઉત્પત્તિના કારણ વિના, એ ઉત્પત્તિના કારણ વિના (કહ્યું છે હોં) પરના કારણ વિના એમ (કહ્યું) નહીં. ઉત્પત્તિના કારણ વિના સંહાર સિદ્ધ નહીં થાય. અને કાં' સત્‌નો જ સંહાર થઈ જશે. 'છે' તેનો નાશ થઈ જશે. આહા...હા! હવે એકલું ધ્રુવ ગોતવા જા (એટલે કે) દરેક પદાર્થ ધ્રુવ જ (કૂટસ્થ જા છે એમ જો તું જાણ, તો ધ્રુવ છે ઈ કાર્ય–વ્યતિરેક સિવાય(ઉત્પાદવ્યય) સિવાય (ધ્રુવનું) લક્ષ થઈ શકે નહીં. (અર્થાત્) વ્યતિરેક વિનાનું ધ્રુવ હોઈ શકે જ નહીં. અન્વય હોઈ શકે જ નહીં. (વળી) વ્યતિરેક વિના અન્વય હોઈ શકે જ નહીં. (વ્યતિરેક વિના) અન્વયનો અભાવ થઈ જાય. અને કાં' સત્‌નો ઉચ્છેદ થઈ જાય (વળી) સત્‌નું ક્ષણિકપણું થઈ જાય. ત્રીજા બોલમાં (કહ્યું ને) સત્‌નું કાં ક્ષણિકપણું થઈ જાય.

પહેલા બોલમાં (કહ્યું કે) અસત્‌ની ઉત્પત્તિ થઈ જાય.

બીજા બોલમાં (કહ્યું કે) સત્‌નો નાશ થઈ જાય.

ત્રીજા બોલમાં (કહ્યું કે) (ધ્રુવનું) ક્ષણિકપણું થઈ જાય. આહા...હા...હા...હા! હવે આવો ઉપદેશ! નવરાશ (કયાં છે?) ભઈ આ તત્ત્વ તે **'સમ્યગ્દર્શનનો વિષય છે આ'** સમજાણું? જે જ્ઞેયો છે આ રીતે જ છે. એ રીતે તેની શ્રદ્ધામાં ન આવે અને બીજી રીતે શ્રદ્ધામાં આવે, કે એ દ્રવ્યનો ઉત્પાદ સંહાર કારણ વિના માને, તેનો ઉત્પાદ નિમિત્ત વિના ન હોય એમ આવી જાય તો વસ્તુ વિપરીત થઈ જશે (પોતાની માન્યતામાં) આહા...હા...હા! શું કહ્યું ઈ?

કે ધર્મની – સમ્યગ્દર્શનની ઉત્પત્તિ, એ પોતે મિથ્યાત્વના વ્યય વિના હોઈ શકે નહીં. મિથ્યાત્વનો વ્યય તે ઉપાદાનનો અભાવ છે. ઉપાદાન છે એનો અભાવ છે. (અભાવ થયો મિથ્યાત્વનો) ત્યારે સમ્યગ્દર્શનની (પર્યાયની) ઉત્પત્તિ થઈ. અને એકલું જો (સમકિત) ગોતવા જા તો (મિથ્યાત્વના) સંહાર વિના એ ઉત્પન્ન થઈ શકે નહીં. અને અસત્‌ની ઉત્પત્તિ થઈ જશે. વ્યય વિના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉત્પન્ન થશે એમ છે નહીં. આવું છે આ (વસ્તુનું સ્વરૂપ!) આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **વળી કેવળ સ્થિતિ (–ટકતું જ પ્રાપ્ત કરવા જનારી મૃત્તિકાની, વ્યતિરેકો સહિત સ્થિતિનો – અન્વયનો – તેને અભાવ થવાને લીધે, સ્થિતિ જ ન થાય** માટી ધ્રુવ છે એ વ્યતિરેકો વિના–પલટતી અવસ્થા વિના ધ્રુવપણું રહી શકે જ નહીં. વ્યતિરેકો વિના અન્વય રહી શકે જ નહીં. એને લઈને સ્થિતિ જ ન થાય, ટકી શકે જ નહીં. કારણ કે ખ્યાલ આવવો છે ઈ તો ઉત્પાદવ્યયથી ખ્યાલ આવવાનો છે ને ધ્રુવનો. ધ્રુવનો ધ્રુવથી ખ્યાલ આવવાનો નથી. ઉત્પાદ–વ્યયના લક્ષથી (ધ્રુવ લક્ષ્ય થાય છે) ભલે લક્ષ કરનાર બીજો જીવ છે. પણ તેમાં ઉત્પાદ–વ્યયની પર્યાય (વર્તમાન કાર્ય) ન હોય તો ઈ અન્વય સિદ્ધ નહીં થાય. કાયમ ધ્રુવ રહેનારું ઈ સિદ્ધ નહીં થાય. આહા...હા! મુનિઓએ પણ (જંગલમાં વિચરતાં–વિચરતાં) આવી વાતો કરી છે! દિગંબર સંત, આનંદમાં રહેતાં – અતીન્દ્રિય આનંદમાં (ચકચૂર) આહા...હા! એમાં વિકલ્પ આવ્યો.... એમાં આ આવી વાત રચાઈ ગઈ! શબ્દમાં આવી વાત રચાઈ ગઈ!! એમણે રચી નથી. એમનામાં જ્ઞાન આ જાતનું હતું. કે ઉત્પન્ન વિના સંહાર ન હોય, સંહાર વિના ઉત્પન્ન ન હોય અને ઉત્પન્ન–સંહાર–વ્યતિરેકો વિના અન્વય ન હોય. આહા...! કો' ભાઈ! આ કે'દી સાંભળ્યું'તું ન્યાં સ્થાનકવાસીમાં? (ન્યાં તો) એક જ વાત આ દયા પાળો, આ વ્રત કરો ને પોષા કરો(ક્રિયાકાંડ કરો... કરો.) આહા...હા!

(કહે છે) **'વસ્તુની દૃષ્ટિ સમ્યગ્દર્શનનો વિષય છે, આ સમ્યગ્દર્શનનો વિષય છે હોં આ બધો 'જ્ઞેય અધિકાર'.** ૯૨ ગાથા (સુધી) જ્ઞાન અધિકાર(છે.) આ ૯૩ થી ૨૦૦ સુધી 'સમકિત અધિકાર' (છે.) પછી ચરણાનુયોગનો અધિકાર (આવે છે.) આહા...હા!

તો કહે છે કે તારો પ્રભુ છે ને (તારો) આત્મા! એમાં ધર્મની પર્યાયની ઉત્પત્તિ એકલી જોવા (જો કોઈ) જાય, તો મિથ્યાત્વના વ્યય વિના એ ઉત્પત્તિ નહીં થાય (એમ જાણવું) અને (મિથ્યાત્વના વ્યય વિના કોઈ સમકિતની ઉત્પત્તિ માને) તો કાં' અસત્‌ની ઉત્પત્તિ થાય. કાંઈ ન્હોતું ને થ્યું એવું થાય. આહા...હા! પણ ચૈતન્ય ભગવાન (આત્મા) છે.' એમાંથી ઉત્પત્તિ થાય છે, સંહાર થઈને. (જો તું) એકલો સંહાર મિથ્યાત્વનો – નાશ જ ગોતવા જા તો સમકિતની ઉત્પત્તિના કારણ વિના (મિથ્યાત્વના વ્યય વિના) મિથ્યાત્વનો (અભાવ થ્યો છે) એનો નિર્ણય જ નહીં થાય. અને (મિથ્યાત્વના વ્યય વિના સમકિતની ઉત્પત્તિ માનીશ તો) કાં ભગવાન સત્ છે તેનો નાશ થશે. (અભિપ્રાયમાં તારા). એકલી જો ઉત્પત્તિ સંહાર (વિના) ગોતવા જઈશ તો એનો નાશ થશે. (અને) એકલું આત્મા–ટકતું ધ્રુવ છે એમ જો જોવા જા, તો ધ્રુવ જે અન્વય–કાયમ રહેનાર છે, એ કાયમ રહેનાર છે ઈ વ્યતિરેકો વિના કાયમ રહી શકે નહીં. કારણ કે વ્યતિરેક દ્વારા અન્વય જણાય છે. – એ પલટતી અવસ્થા દ્વારા અન્વય જણાય છે. (તું) પલટતી અવસ્થા ન માન ને એકલું ધ્રુવ માન, તો ઈ પલટતી અવસ્થા વિનાનું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધ્રુવ હોઈ શકે જ નહીં. અને કાં' એ ધ્રુવ તે ક્ષણિક થઈ જશે. આહા...હા...હા! આવું કોઈ દી' સાંભળ્યું નહીં હોય આટલાં વરસમાં!! 'પ્રવચનસાર છે આ' ભગવાનની–ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણી! આહા...! સંતોએ (અમૃત વરસાવ્યાં!) વિકલ્પ આવ્યો કરુણાનો! એના ઈ કર્તા પણ નથી વિકલ્પના. અને ટીકા થઈ એના તો કર્તા છે જ નહીં. આહા...હા..હા! પણ ટીકામાં આ વાત રચાઈ ગઈ એમાં એમનું જ્ઞાન–વિકલ્પ નિમિત્ત કહેવાય. (અર્થાત્) જ્ઞાન નિમિત્ત કહેવાય. નિમિત્તનો અર્થ એવો નથી કે આ નિમિત્ત હતું તો આ થયું એવી નિમિત્તની વ્યાખ્યા જ નથી. એ તો લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત કહેવાય, એથી કાંઈ લોકાલોકથી કેવળજ્ઞાન થ્યું છે? અને કેવળજ્ઞાન(માં) લોકાલોક નિમિત્ત કહેવાય. લોકાલોક નિમિત્ત કહેવાય એટલે લોકાલોક કેવળજ્ઞાનથી થ્યાં છે? **(શ્રોતા:)** લોકાલોક તો અનાદિના છે...! **(ઉત્તર:)** બસ, નિમિત્ત કહેવાય એટલું. નિમિત્તની અંદરની વ્યાખ્યા આ છે. નિમિત્ત આવે એટલે (નિમિત્તાધીન દૃષ્ટિવાળાને થાય કે) આહા...! (નિમિત્ત આવ્યું) પણ નિમિત્ત તો થયું છે ને...! પણ શું નિમિત્ત એટલે? નિમિત્તથી શું થ્યું? કેવળજ્ઞાન છે ઈ લોકાલોકને નિમિત્ત છે, એથી કરીને કાંઈ કેવળજ્ઞાનને લઈને લોકાલોક છે એમ નથી. તેમ લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે આહા...હા! સમજાણું કાંઈ? લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે, માટે કેવળજ્ઞાન છે માટે લોકાલોક છે, એમ છે? (ના. એમ નથી.). આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"વળી કેવળ સ્થિતિ પ્રાપ્ત કરવા જનારી મૃત્તિકાની, વ્યતિરેકો સહિત – સ્થિતિનો – અન્વયનો – તેને અભાવ થવાને લીધે,"** અન્વય જ ન રહે. સ્થિતિ જ ન થાય. વ્યતિરેક વિના સ્થિતિ જ ન રહે. આહા...હા! પલટાતી અવસ્થા વિના ધ્રુવ જ ન રહે. **"સ્થિતિ જ ન થાય; અથવા તો ક્ષણિકનું નિત્યપણું થાય."** અથવા ક્ષણિકનું જ નિત્યપણું થાય. (અર્થાત્) ક્ષણિક તે નિત્ય થઈ જાય. **"ત્યાં, (૧) જો મૃત્તિકાની સ્થિતિ ન થાય તો બધાય ભાવોની સ્થિતિ જ ન થાય."** બધા આત્માઓ ને પરમાણુઓને ધ્રુવપણું જ નહિ રહે. જેમ વ્યતિરેક વિના મૃત્તિકાની સ્થિતિ એકલી ન રહે, એમ બધા જ પદાર્થોમાં પણ વ્યતિરેક વિના ધ્રુવપણું નહીં રહી શકે. આહા...હા! ઝીણો વિષય છે, આમ મૂળ વિષય છે. **મૂળ સમ્યગ્દર્શનનો વિષય છે 'આ'.** આ રીતે વસ્તુને માને અંદર. પોતાની ઉત્પત્તિ – સમ્યગ્દર્શનની ઉત્પત્તિ તે મિથ્યાદર્શનના વ્યયને કારણે થઈ, અને તે ઉત્પત્તિ ધ્રુવથી થઈ, અને મિથ્યાત્વનો વ્યય થયો, એ સમકિતના ઉત્પત્તિના કારણે થયો. એકલો સંહાર મિથ્યાત્વનો વ્યય (વિના) ગોતવા જાય તો ધ્રુવનો પણ નાશ થઈ જાય. ઉત્પત્તિનો અભાવ થાય ને ધ્રુવ, એકલું ધ્રુવ ગોતવા જાય તો ધ્રુવ તો છે પણ ધ્રુવથી કાંઈ (ધ્રુવ) જણાય છે? ધ્રુવ છે ઈ તો વ્યતિરેકો –(ઉત્પાદવ્યય) અવસ્થાથી જણાય છે. આ (શરીર) જડ છે તો એની ઉત્પત્તિથી એ જડ જણાય છે. આ ચૈતન્ય છે તો તેના ઉત્પત્તિ (વ્યય) એટલે વ્યતિરેકો છે તેનાથી તે (અન્વય) જણાય છે. આહા...હા....હા...હા! કેટલું ગોઠવ્યું છે!!

(કહે છે) ઓલા (કર્મના પક્ષપાતી) કહેતા હોય કે ધરમની ઉત્પત્તિ કર્મના ક્ષયોપશમથી થાય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેવ–ગુરુની શ્રદ્ધાથી થાય, દેવ–ગુરુની કૃપાથી થાય, આહા...હા! આ ભગવાનના દર્શન ને મંદિરથી સમકિત થાય, એમ અહીં ના પાડે છે. આહા...હા! **(શ્રોતાઃ)** તત્ત્વનો અભ્યાસ કરવાથી થાય **(ઉત્તરઃ)** ઈ તો શુભભાવ હોય છે. વસ્તુ છે. પ્રતિમા, જિનમંદિર એ વસ્તુ છે. પણ એ શુભભાવમાં નિમિત્ત છે. નિમિત્ત છે એટલે એનાથી શુભભાવ થતો નથી. (પણ) શુભભાવમાં એ નિમિત્ત છે. ધર્મમાં નિમિત્ત છે એમ નહીં. આહા...હા! આવું! ધરમના કારણમાં તો પૂર્વની પર્યાયનો નાશ તે કારણ છે અને કાં' પર્યાય જેનાથી ઉત્પન્ન થાય છે, અન્વય – એ કારણ છે. આહા..હા...હા! મીઠાલાલજી! આવું ઝીણું છે!!

(કહે છે કેઃ) ચારિત્રની પર્યાય, વીતરાગી આનંદની પર્યાય, આહા...! એકલી તું (એને) ગોતવા જા, તો પૂર્વના દુઃખની પર્યાયના વ્યય વિના, આનંદની પર્યાયની ઉત્પત્તિ નહીં થાય. આહા...હા! અને કાં' એકલી અસત્‌ની ઉત્પત્તિ થઈ જશે. સત્ છે ભગવાન! અને સંહાર થાય છે તેથી ઉત્પત્તિ થાય છે. આહા...હા...હા! એકલો મિથ્યાત્વનો વ્યય ગોતવા જા, તો સમકિતની ઉત્પત્તિના કારણ વિના મિથ્યાત્વનો વ્યય જણાશે નહીં. અને તેને (વ્યયને) એકલો ગોતવા જા તો સત્‌નો નાશ થશે. આહા...હા! અને (એકલી) સ્થિતિ ગોતવા જા, તો ઉત્પાદ–વ્યયના કાર્ય વિના, આ ધ્રુવ છે ઈ પલટતી ક્રિયા દ્વારા જણાય છે કે આ ધ્રુવ છે. તો (તું) પલટતી અવસ્થા ન માન તો સ્થિતિ (ધ્રુવ) ન જણાય. (અર્થાત્) સ્થિતિ જ નહીં જણાય, સ્થિતિ જ ન રહે. અને કાં' સ્થિતિ તે ક્ષણિક થઈ જશે. કારણ કે પલટો તો ખાય છે. અને સ્થિતિ માનતો નથી (તેથી ક્ષણિક થઈ જશે.) આહા...હા! ભાઈ! આવી વાત છે આજે તો આઠમ છે, જેઠ વદ આઠમ. આહા...હા! ધીમે ધીમે (વિચારવું) તે રાતે પૂછવું ન સમજાય તો હો! **(શ્રોતાઃ)** સમજ્યા જ ન હોય તો રાત્રે પૂછી જ શું શકે? **(ઉત્તરઃ)** કાંઈક, કાંઈક (તો) સમજાય ને...! એમ કહે છે. હવે ઘણાં વરસથી ચાલે છે આ (વ્યાખ્યાન ધારા). ચુમાલીસ વરસ તો આંહી થ્યાં. સોનગઢ, સવા ચુમાલીસ ઉપર હવે, વદ ત્રીજ ઉપર જેટલું જાય તે. આ પાંચમે પાંચ દી' થ્યા સવાચુમાલીસ (ઉપર). સવા ચુમાલીસ ઉપર પાંચ દી'. શું વીતરાગ મારગની શૈલી!! આહા...હા!

(કહે છે કેઃ) તને જોવાનું. ધરમની ઉત્પત્તિમાં જોવાનું, સંહાર છે માટે ઉત્પત્તિ (છે.) ઉપાદાનકારણ છે તે સંહારથી વ્યય થ્યો. આહા...હા! ત્યારે તે ઉપાદાનકાર્ય–સમકિત આવ્યું આહાહાહાહા! એક ઓલામાં કહ્યું છે ને...! પૂર્વપર્યાય સહિત દ્રવ્ય તે ઉપાદાન. આવ્યું છે ને ઈ...! ઝીણું ભઈ વળી મગજમાં આવી ગ્યું! 'સ્વામી કાર્તિકેય (અનુપ્રેક્ષા) માં આવ્યું છે ઈ...! 'જૈનતત્ત્વમીમાંસા' ફૂલચંદજીની છે કે નહીં (નવી આવૃત્તિ) બીજી હમણાં છપાણી છે ઈ... નહીં હોય, બીજી છપાણી છે. બીજી–બીજી છે? ઠીક! રૂપિયા નવા–નવા આવે છે તો કેમ રાખે છે સંઘરીને! 'જૈનતત્ત્વમીમાંસા' એક જૂની છે ને એક નવી (આવૃત્તિ) છે. એમાં મૂકયું છે કે પૂર્વની પર્યાય સહિતનું દ્રવ્ય એ ઉપાદાન, અને ઉત્તરની પર્યાય સહિતનું દ્રવ્ય તે ઉપાદેય. ઓલું (ઉપાદાન) કારણ ને ઓલું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(ઉપાદેય) કાર્ય. એમાં છે. પૂર્વપર્યાય – આ...રે પર્યાયની–બધી, પર્યાયની ય ખબર ન મળે કાંઈ!! (દ્રવ્ય–ગુણ–પર્યાય જાણવા જોઈએ.) પૂર્વની પર્યાય સહિતનું દ્રવ્ય તે ઉપાદાન કારણ છે. અને ઉત્તર પર્યાય સહિતનું દ્રવ્ય તે ઉપાદેય છે. તો અહીંયાં કહે છે કે ઉત્પાદ છે તે પૂર્વના ઉપાદાન કારણના અભાવ વિના ઉત્પાદ હોઈ શકે નહીં. આહા..હા! ઉપાદાન કારણ છે એટલે કે ઉપાદાન કારણ એમાં રહીને કાર્ય થાય એમ નથી. શું કીધું ઈ? પૂર્વની પર્યાય સહિતનું દ્રવ્ય કારણ છે, પછીની પર્યાય સહિતનું દ્રવ્ય કાર્ય છે. એટલે પૂર્વની પર્યાય રહી અને પછીની પર્યાય થાય એમ' નથી. સમજાણું કાંઈ? આહા...! પૂર્વની પર્યાયનો વ્યય થઈને – એથી તેને ઉપાદાન કીધું – વ્યય થઈને પછીની પર્યાયનું કાર્ય થાય. આહા...હા! એ પૂર્વની પર્યાય ઉપાદાન તરીકે ટકી રહે અને પછી કાર્ય થાય એમ' નથી. આહા...હા! જૈનતત્ત્વ (મીમાંસા) માં આવે છે. હમણાં બીજું પુસ્તક છપાણું એમાં તો બહુ–ઘણું (નાખ્યું છે.) આહા...હા! બહુ વાત સરસ છે!! આહા...હા!

(કહે છે) પ્રભુ! તું એકલો (આત્માને) ધ્રુવ જ ગોતવા જા, તો ગોતનાર જે કાર્ય છે એના વિના એ ધ્રુવ રહી શકે શી રીતે? (તે) જણાય શી રીતે? વ્યતિરેક વિના, અન્વય કાયમ ટકતું (તત્ત્વ) ભિન્ન ભિન્ન દશા વિનાનું – એકલું ટકતું તત્ત્વ જણાય શી રીતે? આહા...હા! એમાં આવ્યું ને ('ચિદ્‌વિલાસ'માં) અનિત્ય તે નિત્યનો નિર્ણય કરે છે. જો અનિત્ય ન હોય અને એકલું નિત્ય જ હોય (તો) નિર્ણય કરનાર જ રહેતું નથી! આહા....હા! બરાબર છે? (જી, હા પ્રભુ!) આહા...હા! ચારે કોરથી જુઓ તો ય વાત ઈ સિદ્ધ થઈ જાય છે. વ્યતિરેક વિના ધ્રુવ ન હોય. કેમ કે અનિત્ય તો નિત્યનો નિર્ણય કરે છે. નિત્યનો, નિત્ય નિર્ણય ન કરે. આહા...હા! અને નિત્ય એટલે ધ્રુવ જો ન હોય તો ઉત્પાદ–વ્યયની (જેમ) સ્થિતિ–ધ્રુવ ક્ષણિક જ થઈ જાય. આખો આત્મા જ ક્ષણિક થઈ જાય. ઉત્પાદ–વ્યય છે ક્ષણિક એવું ધ્રુવ ક્ષણિક થઈ જાય. આહા..હા! **(શ્રોતાઃ)** ક્ષણિકને નિત્યપણું લીધું! **(ઉત્તરઃ)** ક્ષણિક નિત્ય થઈ જાય ક્ષણિક! હા, છે? અથવા ક્ષણિકનું નિત્યપણું થાય.

(અહીંયાં કહે છે કેઃ) **"(૧) જો મૃત્તિકાની સ્થિતિ ન થાય તો બધાય ભાવોની સ્થિતિ જ ન થાય (અર્થાત્ જો માટી ધ્રુવ ન રહે – ન ટકે, તો માટીની જેમ વિશ્વનું કોઈપણ દ્રવ્ય ધ્રુવ જ ન રહે – ટકે જ નહિ એ દોષ આવે); અથવા (૨) જો ક્ષણિકનું નિત્યપણું થાય."** આહા...હા! અહીંયાં તો ભગવાન (આત્મા) જે દેખાય છે તેમાં ક્ષણિકનું નિત્યપણું થાય ' **'તો ચિત્તના ક્ષણિક ભાવોનું પણ નિત્યપણું થાય."** જે ક્ષણિક છે – ચિત્તના પરિણામ ક્ષણિક છે. એનું નિત્યપણું થઈ જાય. નિત્ય તો ધ્રુવ છે. એને (બદલે) ચિત્ત(ના) પરિણામ જ ધ્રુવ થઈ જાય. આહા...હા! આવું છે! વીતરાગનો મારગ!! સાચા જ્ઞાન વિના, વાસ્તવિક ભાવભાસન ન થાય, ત્યાં સુધી એની પ્રતીતિ પણ સાચી કયાંથી થાય? આહા...હા! જે ચીજ જે રીતે છે તે રીતનું (ભાવ) ભાસન ન થાય, ભાસન થયા વિના 'આ આ જ છે' એવી પ્રતીતિ પણ કયાંથી થાય? **"(અર્થાત્) મનનો**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**દરેક વિકલ્પ પણ ત્રિકાળિક ધ્રુવ બને એ દોષ આવે.''** આહા...હા! **''માટે દ્રવ્યને.''** દ્રવ્ય એટલે વસ્તુને **''ઉત્તર ઉત્તર વ્યતિરેકોના સર્ગ સાથે.''** આહાહા! પછી પછીની ઉત્પત્તિ સાથે **''પૂર્વ પૂર્વના વ્યતિરેકોના સંહાર સાથે,'' અને અન્વયના અવસ્થાન સાથે.''** દરેક દ્રવ્યને. આહા...હા...હા! પછી પછીની અનેક અવસ્થા સાથે, પહેલાં પહેલાંની અનેક અવસ્થાના અભાવ સાથે, અને અન્વયના અવસ્થાન સાથે (એટલે) ટકતા તત્ત્વની સાથે **''અવિનાભાવપણું''** છે. (નીચે ફૂટનોટમાં) અવસ્થાન ટકવું તે; ધ્રુવ રહેવું તે. **''જેને નિર્વિઘ્ન (અબાધિત) ત્રિલક્ષણપણારૂપ લાંછન પ્રકાશમાન છે.''** આહા...હા...હા! જેને નિર્વિઘ્ન, અબાધિત, ત્રિલક્ષણપણું – ઉત્પાદ – વ્યય ને ધ્રુવ ! આહા...હા...હા ! આમ સાધારણ વાત કરી **उत्पादव्यय-ध्रौव्ययुक्तम् सत्** 'તત્ત્વાર્થસૂત્ર' માં (સૂત્ર છે અ.પ. સૂત્ર. ૩૦) **सद्द्रव्यलक्षणम्** (અ. પ. સૂત્ર. ૨૯) (આમ સાધારણ લાગે) પણ ઈ સાધારણ વાત નથી બાપુ! મોટી ગંભીરતા છે! ઘણી વિચારણા માગે છે! ઘણો ઊહાપોહ માગે અંદર!! આહા...હા...હા!

(કહે છે કે:) **(શ્રોતા:)** આ વાત બરાબર સમજમાં ન આવે, તો સાંખ્યમત અને બૌદ્ધમત જેવું થઈ જાય ને...! **(ઉત્તર:)** બધું અજ્ઞાન થઈ જાય. બધું અજ્ઞાન છે. ગમે તે મત અજ્ઞાન છે ઈ. આહા...હા! ક્ષણિક માને તો બૌદ્ધ થઈ જાય. ક્ષણિકપર્યાયને માને નિત્ય તોય બૌદ્ધ થઈ જાય. અને એકલું ધ્રુવ માને (કૂટસ્થ માને) તો અનિત્ય વિના (પર્યાય વિના) એ પણ અજ્ઞાન થઈ જાય. એ ધ્રુવ માને છે ને વેદાંત. વેદાંત એકલું ધ્રુવ માને, બૌદ્ધ એકલું ક્ષણિક માને. આહા..હા! બે મત થઈ જાય. એકલું ક્ષણિક માને તો ધ્રુવ પણ ક્ષણિક થઈ જાય એટલે બૌદ્ધમત થઈ જાય, અને એકલું ધ્રુવ જ માને, ઉત્પાદ–વ્યય ન માને તો વેદાંત(ની) જેમ કૂટસ્થ થઈ જાય. આહા...હા...હા! ઝીણી વાત છે પણ હવે પાઠ આવ્યો હોય ઈ પ્રમાણે અર્થ કરવો (જોઈએ ને...) અભ્યાસ કરવા મરી જાય છે બિચારા! ક્યાંના ક્યાં (જાય છે.) લંડન જાય ને વિલાયત જાય ને અભ્યાસ (કરે.) આહા...હા! પાપના અભ્યાસ. આ અભ્યાસ ઘરનો અભ્યાસ!! આહા....! જેનો અભ્યાસ કરતાં–કરતાં પુન્ય બંધાઈ જાય. પછી અભ્યાસમાં – અંતર્‌નો અભ્યાસ થઈ જાય ત્યારે ધરમ થઈ જાય!! આહા...હા! **(શ્રોતા:)** પુણ્ય સારુ તો સાચા દેવ–ગુરુ જોઈએ ને...! **(ઉત્તર:)** ઈ જ સાચો. દેવ–ગુરુ આત્મા છે. આહા...! ગુરુ ય આત્મા, દેવે ય આત્મા, ધરમે ય આત્મા. પંચપરમેષ્ઠિ' આત્મા' છે'. એ આવે છે ને...! 'યોગસાર' માં અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ ઈ પાંચ પદ આત્મા જ છે અંદર! આત્મામાં પાંચ પદ છે. આહા...હા! બહારના પદ તો વ્યવહાર કહેવાય આની (અપેક્ષાએ) પોતાનું અંદર નિશ્ચય પદ છે. અરિહંત, સિદ્ધ, કેવળજ્ઞાન આદિ ઉપાધ્યાય, આચાર્ય સાધુ અને વીતરાગતાનો ભાવ – એ પોતે અંદર આત્મા છે. વીતરાગભાવ ક્ષણિક છે. અને વીતરાગીસ્વરૂપ ત્રિકાળી છે તે નિત્ય છે. (જે પર્યાયમાં) વીતરાગીભાવ છે એ તો ક્ષણિક છે. મોક્ષમાર્ગ છે તો ક્ષણિક છે. આહા...! મોક્ષ પોતે ય ક્ષણિક છે. પર્યાય છે ને...! એ પર્યાય વિના દ્રવ્ય સિદ્ધ નહીં થાય, અને દ્રવ્ય વિના પર્યાય સિદ્ધ નહીં થાય. પર્યાય કોને આધારે થાય છે? એ સિદ્ધ નહીં થાય. આજનો વિષય ઝીણો છે થોડો ભઈ! રવિવાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(છે ને) લોકો ભાવનગરથી આવે છે. આવું આવી જાય બરાબર લ્યો!!

(અહીંયાં કહે છે કે:) **"માટે દ્રવ્યને ઉત્તર ઉત્તર વ્યતિરેકોના સર્ગ સાથે."** દ્રવ્યને ઉત્તરવર્તી અવસ્થાઓ સાથે **"પૂર્વ પૂર્વ વ્યતિરેકોના સંહાર સાથે અને અન્વયના અવસ્થાન સાથે અવિનાભાવવાળું."** આહા...હા! ઉત્પાદ વિના વ્યય ન હોય, વ્યય વિના ઉત્પાદ ન હોય, ઉત્પાદ–વ્યય વિના ધ્રુવ ન હોય, ધ્રુવ વિના ઉત્પાદ–વ્યય ન હોય, (એવો) અવિનાભાવ છે. એકની સાથે બીજો ભાવ હોય જ (એ અવિનાભાવ કહેવાય) પહેલું આવી ગ્યું છે. અવિનાભાવ (શબ્દ) આવ્યો' તો ક્યાંક નહીં? સો ગાથા મથાળું (છે?) (એનો અર્થ ફૂટનોટમાં) અવિનાભાવ એક વિના બીજાનું નહિ હોવું તે; એકબીજા વિના હોઈ જ ન શકે એવો ભાવ, તે અવિનાભાવ. **"જેને નિર્વિઘ્ન (અબાધિત) ત્રિલક્ષણપણારૂપ લાંછન પ્રકાશમાન છે એવું, અવશ્ય સંમત કરવું."** એવું માન્ય કરવું એમ કહે છે. આ રીતે વસ્તુ(સ્વરૂપ) છે તેનું જ્ઞાન કરીને, તેને માન્ય કરવું.

વિશેષ કહેશે....

ૐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૧૮–૬–૭૯.

'પ્રવચનસાર' ૧૦૦ ગાથા. ટીકા ફરીને.

**ટીકા :– "ખરેખર સર્ગ સંહાર વિના હોતો નથી."** દરેક દ્રવ્યમાં પર્યાયની ઉત્પત્તિ વિના સંહાર હોતો નથી. સર્ગ (અર્થાત્) ઉત્પત્તિ સંહાર વિના હોતી નથી. સમકિતની ઉત્પત્તિ મિથ્યાત્વના નાશ વિના હોતી નથી. આહા....હા ! સર્ગ એટલે ઉત્પત્તિ, સમકિત (પર્યાયની) ઉત્પત્તિ સંહાર વિના (એટલે) મિથ્યાત્વ (પર્યાય) ના નાશ વિના હોતી નથી. આ તો દેષ્ટાંત (થયું.) બધા સિદ્ધાંત (માં લાગુ પડે છે.)**"અને સંહાર સર્ગ વિના હોતો નથી."** સંહાર પણ ઉત્પત્તિ ન હોય ને સંહાર હોય એમ બને નહીં. (સર્ગ હોય ને) સંહાર ન હોય એમ બને નહીં. ઉત્પત્તિ હોય (છે તેથી) **"સંહાર સર્ગ વિના હોતો નથી."** નાશ થાય એ ઉત્પત્તિ હોય તો નાશ થાય. એટલે ઉત્પત્તિ સંહાર વિના નહીં ને સંહાર ઉત્પત્તિ વિના નહીં. મિથ્યાત્વનો નાશ, સર્ગ વિના નામ સમકિતની ઉત્પત્તિ વિના હોતો નથી. આહા...હા ! **"સૃષ્ટિ અને સંહાર સ્થિતિ વિના હોતાં નથી."** સમકિતની ઉત્પત્તિ એ સૃષ્ટિ, અને સંહાર (એટલે) પૂર્વે (નો) મિથ્યાત્વનો નાશ, એ વિના (અર્થાત્) સૃષ્ટિને સંહાર સ્થિતિ વિના હોતાં નથી. (વળી) સૃષ્ટિ ને સંહાર સ્થિતિ વિના હોતાં નથી. એટલે ? સમકિતની ઉત્પત્તિ, મિથ્યાત્વનો નાશ, (એ) ધ્રુવ વિનાં હોતા નથી. સ્થિતિ, સર્ગ ને સંહાર વિના હોતી નથી. અને ધ્રુવ જે છે – ટકવું જે છે તે પણ ઉત્પાદ ને વ્યય વિના હોતા નથી. આહા...હા ! બહુ સિદ્ધાંત!! એમાં તો મહાસિદ્ધાંત કીધા!!

(કહે છે કે :) જે કંઈ દ્રવ્ય છે. તે સમયમાં તેની જે પર્યાય ઉત્પન્ન થાય, એ પરને લઈને નહીં. (એટલે કે) સંહાર વિના ન થાય. પણ પરને લઈને (તો) નહીં. (અર્થાત્) પૂર્વની પર્યાયના વ્યય વિના–ઉપાદાનકારણના ક્ષય વિના, ઉપાદેયપર્યાય – નવી (પર્યાય)) થાય નહીં. મિથ્યાત્વ છે તે ઉપાદાન છે, એના ક્ષય વિના – સંહાર વિના, સમકિતની ઉત્પત્તિ હોય નહીં. તો સમકિતની ઉત્પત્તિ પરથી હોય, એ વાત્ હોય નહીં. આહા...હા! દેશના – નિસર્ગજ, અધિગમજ સમકિત કહે છે ને...! અધિગમ જ સમકિત ! અહીંયાં કહે છે કે ઈ પર્યાય પોતાથી થઈ છે બીજાથી–ગુરુથી નથી થઈ. ભલે બે પડયા (સમકિતના) નિસર્ગજ અને (અધિગમજા. પણ જે પર્યાય થઈ છે સમ્યગ્દર્શનની એ.... પર વિના થઈ છે. પર વિના (જા થઈ છે. આહા...હા! ક્ષાયિક સમકિતની પર્યાય થાય છે, ત્યારે કહ્યું કે નિમિત્તને કાળે (ઈ) થાય છે. અહીંયા કહે છે કે ઈ નિમિત્ત વિના ઈ પર્યાય થાય છે. ક્ષાયિક સમકિત સમોસરણમાં થાય, કે શ્રુતકેવળીની સમીપે (થાય.) ભલે (એ) સંપન્ન છતાં એનાથી ન થાય. ક્ષાયિક સમકિત શ્રુતકેવળી તે તીર્થંકરના સમીપથી ન થાય. આહા...હા! (સમકિતના ભેદ) અધિગમજ ને નિસર્ગજ કીધાં તો અધિગમથી ન થાય એમ કીધું. અહીંયાં તો ઈ તો એક નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. બાકી થાય છે ઈ પોતાને કારણે ઈ પર્યાય ઉત્પન્ન થાય છે (સમકિતની) આહા...હા! આ ફરીને લીધું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે ! (ગાથા સોની ટીકા.) હવે નીચે (ટીકાનો બીજો પેરેગ્રાફ).

(અહીંયાં કહે છે કે :) **"જે સર્ગ છે તે જ સંહાર છે"** જે ઉત્પત્તિ છે તે જ સમયે સંહાર હોય છે. એટલે તે જ સંહાર છે એમ કીધું. સમકિતની ઉત્પત્તિ છે તે જ મિથ્યાત્વનો સંહાર છે. તે જ સમયે (બન્ને)) છે. આહા...હા! ધરમની ઉત્પત્તિ છે તે જ સમયે અધરમનો વ્યય નામ નાશ છે. આહા...હા! **"જે સંહાર છે તે જ સર્ગ છે."** જે સંહાર છે, જે મિથ્યાત્વનો નાશ છે તે જ ઉત્પત્તિ – સમકિતની ઉત્પત્તિ તે જ સમયે છે. તે જ સમયે છે માટે તે જ છે. આહા...હા! **"જે સર્ગ ને સંહાર છે તે જ સ્થિતિ છે"** સમ્યગ્દર્શન નામ સર્ગ–ઉત્પત્તિ અને મિથ્યાત્વનો સંહાર એ જ સ્થિતિ છે. એ વખતે જ એનું ધ્રુવપણું હોય છે. આહા...હા! દરેક દ્રવ્યની વાત છે આ તો સમકિતની વાત (દૃષ્ટાંત તરીકે) કરીએ છીએ. આહા...હા!

(શું કહે છે ? કે :) "પર વિના કાંઈ થાય નહીં' એમ જે અત્યારે (લોકોનો) પોકાર છે. (વળી તેઓ કહે છે) નિમિત્ત કારણ હોય ત્યારે કાર્ય થાય. એમ જે (લોકો) કહે છે એનો આ (ગાથાનો બોધ) વિરોધ કરે છે. એની પર્યાય જે થાય છે, ચાહે તો શરીરની હો કે વાણીની હો કે (ચાહે) કર્મની હો (અરે,) રાગની હો, રાગની ઉત્પત્તિ પણ આત્માનો સ્વભાવ છે. (એમ દરેક પર્યાય પોતાના સ્વભાવથી થાય છે). કેમ કે દ્રવ્ય સદાય પોતાના સ્વભાવમાં રહે છે. અને સ્વભાવ તે ઉત્પાદવ્યયધ્રૌવ્ય (સ્વરૂપ) છે. તો ઉત્પાદમાં રાગ ને મિથ્યાત્વ પણ આવી ગ્યું. આહા...હા! મિથ્યાત્વનો ઉત્પાદ (છે એ) પહેલી મિથ્યાત્વની પર્યાયના સંહાર વિના, મિથ્યાત્વની ઉત્પત્તિ નહીં. એ મિથ્યાત્વની ઉત્પત્તિ, પહેલા મિથ્યાત્વનો સંહાર (એ બન્ને) ધ્રુવ વિના નહીં. ત્રણેય એ ત્રણેય થઈને દ્રવ્યનો સ્વભાવ છે, એમ કહે છે. કોઈ કહે કે' ભઈ મિથ્યાત્વ ને રાગ દ્વેષ જીવનો સ્વભાવ નથી, ઈ તો કઈ અપેક્ષાએ ? ઈ તો (આત્મદ્રવ્ય–ધ્રુવ) શુદ્ધ છે અને (આ પર્યાય) અશુદ્ધ છે એટલું, બાકી અશુદ્ધ છે પણ એનો સ્વભાવ છે. એનાથી થયેલો એનો સ્વભાવ છે. આહા...હા! આવું ઝીણું (વસ્તુસ્વરૂપ) છે!!

(અહીંયાં કહે છે કે :) **"જે સ્થિતિ છે તે જ સર્ગ ને સંહાર છે."** અને જે સ્થિતિ છે તે જ સર્ગ ને સંહાર છે. ધ્રુવ છે તે જ સમયે સમકિતની નવી પર્યાય ઉત્પન્ન થઈ, મિથ્યાત્વ (પર્યાય) નો નાશ થયો, ધ્રુવતત્ત્વ – ટકતું તત્ત્વ ભગવાન (આત્મદ્રવ્ય) રહ્યું. આહા...હા! **"તે આ પ્રમાણે".** હવે એને વિસ્તારથી સમજાવે છે (તે આ પ્રમાણે કહીને.) **"જે કુંભનો સર્ગ છે."** જે ઘડાની ઉત્પત્તિની પર્યાય થાય છે (વળી) ઘડાની ઉત્પત્તિની પર્યાય થાય છે **"તે જ મૃત્તિકાપિંડનો સંહાર છે."** ઈ મૃત્તિકા જે હતી પિંડ(રૂપે) પિંડ, (ઈ) પિંડનો સંહાર થાય છે, (તેથી) ઘટની પર્યાયનો ઉત્પાદ થાય છે. ઘટની પર્યાયની ઉત્પત્તિમાં, પૂર્વની ઉપાદાનની પર્યાયનો ક્ષય, એ કારણ છે. આહા...હા! સમજાણું ? સમકિતની ઉત્પત્તિમાં, પૂર્વનું ઉપાદાન મિથ્યાત્વ છે, એનો ક્ષય તે કારણ છે. મિથ્યાત્વ(ની પર્યાય જે) છે તે એનું કારણ નથી, એનો ક્ષય – સંહાર' (એટલે) મિથ્યાત્વનો સંહાર તે (સમકિતની)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉત્પત્તિનું કારણ છે. કેમકે ઉપાદાનકારણ એ છે પૂર્વે હતું ઈ. એનો ક્ષય થાય છે ત્યારે નવી પર્યાય થાય છે. આહા...હા! આ તો બીજી વાર હાલે છે. (ગાથા–સોમી).

(કહે છે) કુંભની ઉત્પત્તિ છે તે મૃત્તિકાપિંડનો સંહાર છે. **"કારણ કે ભાવનું ભાવાન્તરના અભાવસ્વભાવે".** એટલે કે ઘડાની ઉત્પત્તિ એવો જે 'ભાવ', એનાથી ભાવાંતર (અથવા) અનેરો ભાવ તેના અભાવસ્વભાવે **"અવભાસન છે."** આહા...હા! એટલા જ શબ્દોમાં !! (પૂર્ણ સ્વરૂપસ્થિતિ છે.) 'ભાવ' એટલે ઘડાની પર્યાય જે ઉત્પન્ન થઈ. અથવા 'ભાવ' એટલે સમકિતની પર્યાય ઉત્પન્ન થઈ. ભાવનું ભાવાંતરના અભાવસ્વભાવે (એટલે કે) એ 'ભાવ' જે સમકિત છે એનાથી અનેરો ભાવ મિથ્યાત્વ, એના અભાવસ્વભાવે અવભાસન છે. (અથવા) સમકિતની ઉત્પત્તિ, મિથ્યાત્વના અભાવસ્વભાવે પ્રકાશે છે. કો' સમજાણું આમાં ? આ તો દૃષ્ટાંત (કહ્યું). બધા તત્ત્વોનું એ રીતે લઈ લેવું. ઓહો...હો...હો!! સો ગાથા એ (અલૌકિક છે).

(કહે છે કે :) દરેક દ્રવ્યની જે સમયે – તે અવસરે થવાની, તે અવસર તેનો હોય તે જ સમયે (તે) પર્યાય થાય. તે પર્યાયનું કારણ સંહાર (કીધું) કારણ કે પર્યાય 'ભાવ' છે તેનાથી ભાવાંતર સંહાર છે. (સંહાર એટલે) પૂર્વની પર્યાય. એના અભાવસ્વભાવે (ઉત્પાદનું) અવભાસન છે. (અર્થાત્) 'ભાવ' અન્યભાવના અભાવરૂપસ્વભાવે પ્રકાશે છે – દેખાય છે. આહા...હા! સમજાણું ?!

આહા...હા! કેવળજ્ઞાનની પર્યાય, એવો જે 'ભાવ' એનાથી ભાવાંતર – પૂર્વની પર્યાય ઈ ભાવાંતર – એના અભાવસ્વભાવે કેવળજ્ઞાન પ્રકાશે છે. કર્મ–ક્ષયથી કેવળજ્ઞાન પ્રકાશે છે આ.....રે આવું 'તત્ત્વાર્થસૂત્ર' માં તો એમ આવે કે ચાર (ઘાતી) કર્મ....ક્ષય....થાય કેવળજ્ઞાન થાય. અહીંયાં કહે છે કે એમ નથી. એ તો નિમિત્તનું કથન કર્યું'તું. બાકી એ તો કેવળજ્ઞાન થાય, ઈ 'ભાવ' છે, એનાથી અનેરો ભાવ – પૂર્વની પર્યાય એનો અનેરો ભાવ છે – એના અભાવ થવાથી જ કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. આહા...હા! કેવળજ્ઞાન પહેલાં, જે અપૂર્ણ જ્ઞાનદશા હતી, ચારજ્ઞાન આદિ (મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય) એ કેવળજ્ઞાનના 'ભાવ' ની અપેક્ષાએ અનેરોભાવ છે. એ અનેરા ભાવના અભાવ વિના કેવળજ્ઞાનની ઉત્પત્તિ હોઈ શકે નહીં. આહા...હા! હવે અહીંયાં તો (અજ્ઞાનીઓ કહે) મનુષ્યપણું હોય તો કેવળજ્ઞાન થાય. વજ્રનારાચસંહનન હોય તો કેવળજ્ઞાન થાય, એ વાત તો રહેતી નથી. (એ વાત તો અજ્ઞાનીઓની છે.) આહા...હા...હા! અને દેશના ગુરુની મળે તો સમકિત થાય, તે વાતે ય રહેતી નથી. આહા...! કુગુરુ ઊંધી શ્રદ્ધાની પ્રરૂપણા કરે, અને ઓલો માને. તે આનાથી (ઓલે) માન્યું છે એમ નથી. એની પર્યાયની ઉત્પત્તિ મિથ્યાત્વની ત્યાં, પૂર્વના મિથ્યાત્વની પર્યાયનો સંહાર થઈ, અને એ નવી મિથ્યાત્વની પર્યાય ઉત્પન્ન થઈ છે. આહા...હા! કોઈ કહે'કે અમને કુગુરુ મળ્યા તો આ થ્યું એમ ના પાડે છે અહીંયાં એમ ના પાડે છે. આહા...હા...હા! તેમ વળી અમને ગુરુ મળ્યા માટે આ (સમકિત) થયું, એ ય ના પાડે છે. આહાહાહા! કેમકે દરેક દ્રવ્ય, પોતાના સ્વભાવમાં

સદા(ય) વર્તે છે. અને તે સ્વભાવ ઉત્પાદવ્યય ને ધ્રોવ્ય એક સમયમાં છે. તેમાં તે દ્રવ્ય વર્તે છે. આહા...હા! આ ચોપડામાં તમારે નહ ીં આવ્યું હોય કયાં'ય! લોઢામાં–ઓલામાં આવે એવી વાત ન્યાં ?

આહા...હા! ઈ લોઢાના કળશા થાય છે, વાસણ થાય છે એ વાસણની જે પર્યાય થઈ ઈ પૂર્વ પર્યાય (રૂપ) ઉપાદાન હતું, તેનો અભાવ થઈને થઈ છે. તમારા સંચા વડે થઈ નથી. સંચાના કારીગરો વડે થઈ નથી, એમ કહે છે. આહા...હા! (એમ) કેમ ? **"અર્થાત્ ભાવ અન્યભાવના અભાવરૂપ સ્વભાવે પ્રકાશે છે – દેખાય છે."** 'ભાવ' એટલે સમકિતની પર્યાય અથવા ઘટની પર્યાય, એનાથી ભાવાંતર એટલે અનેરોભાવ – ભાવાંતર એટલે 'ભાવ' અનેરો (જે છે) એના અભાવસ્વભાવે અવભાસન છે. **અર્થાત્ અન્યભાવના અભાવરૂપ સ્વભાવે પ્રકાશે છે – દેખાય છે.** કેટલી વાત કરી ! સિદ્ધાંત !

આહા...હા! હવે તકરાર કરે પંડિતો! (પણ) આ પરમ સત્ય, પદાર્થની વ્યવસ્થા આ રીતે છે, એને, એની વ્યવસ્થામાં બીજા પદાર્થના અવલંબનની જરૂર નથી. જે પદાર્થ છે, તેની જે વ્યવસ્થા થાય છે તેમાં બીજા પદાર્થની બિલકુલ જરૂર નથી. (વ્યવસ્થિત વ્યવસ્થામાં, વ્યવસ્થાપકની જરૂર નથી.) તે વ્યવસ્થા થાય છે, એ તેના 'ભાવ' થી ભાવાંતર – અનેરો પૂર્વપર્યાય તેના અભાવથી થાય છે. આહા...હા! આ તો બધું વકીલાત જેવું.... લાગે. વેપારીને... (આ વળી સમજવું!)

(અહીંયાં કહે છે કે :) **"વળી જે મૃત્તિકાપિંડનો સંહાર છે."** માટીના પિંડનો જે સંહાર છે. આહા...! **"તે જ કુંભનો સર્ગ છે."** કેમકે સંહારકાળે જ ઘટની ઉત્પત્તિ છે.' સંહાર–વ્યય એટલે (માટીના પિંડનો) ઉપાદાનકારણનો ક્ષય તે જ સમયે ઘડાની ઉત્પત્તિ છે. આહા...હા! હવે, વાણિયા ને વેપારીને આવું બધું યાદ રાખવું! ધ્યાન દેવું કે ! વસ્તુસ્થિતિ છે 'આ'. મૂળમાં વાંધા છે એટલે તકરાર લે છે. (અને બૂમો પાડે છે કે) સોનગઢવાળા એકાંત કહે છે કે નિમિત્તથી થાય નહીં. તો આ શું કહે છે આ. દરેક દ્રવ્યની ઉત્પત્તિનો પર્યાય, તેના અનેરા–ભાવાન્તરના અભાવ વિના થાય નહ ીં. પણ નિમિત્ત વિના ન થાય એમ નહીં. આહા...હા! તે મૃત્તિકાપિંડનો સંહાર છે (તે જ) ઘડાની ઉત્પત્તિની ઉત્પ ત્ત છે. **"કારણ કે અભાવનું ભાવાન્તરના ભાવસ્વભાવે."** જે સંહાર છે તે 'અભાવ' છે. એ અભાવનું ભાવાન્તર એટલે અનેરો ભાવ ઉત્પત્તિનો એવા ભાવ સ્વભાવે **"અવભાસન છે."** આહા...હા! છે ? પહેલા(બોલ)માં ભાવનું ભાવાન્તરના અભાવસ્વભાવે અવભાસન છે (એમ કહ્યું હતું) આમાં (અભાવનું ભાવાન્તરના ભાવસ્વભાવે અવભાસન (કહ્યું છે તો આમાં) અભાવનું ભાવાંતર એટલે અનેરોભાવ એના ભાવસ્વભાવે અવભાસન છે. (અર્થાત્) નાશ અન્યભાવના ઉત્પાદરૂપે સ્વભાવે પ્રકાશે છે. જયાં મિથ્યાત્વનો વ્યય થયો ત્યાં સમકિતપર્યાય પ્રકાશે છે. અને સમકિતપર્યાય પ્રકાશે છે (એમાં) મિથ્યાત્વનો સંહાર (એટલે) સમકિતથી અનેરો એ ભાવ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એનો અભાવ થ્યો. આહા...હા! આ કાલ તો આવી ગ્યું છે આ તો. ભાઈ રામજીભાઈએ કહ્યું (ફરીને લેવાનું.) **(શ્રોતાઃ)** વિશેષ આવે...**(ઉત્તરઃ)** ઈ પછી ઈનું ઈ કાંઈ આવે ! ફેર ને ભાષા આવે! **"અર્થાત્ નાશ અન્યભાવના ઉત્પાદરૂપ સ્વભાવે પ્રકાશે છે."**

(અહીંયાં કહે છે કે:) બે. **"વળી જે કુંભનો સર્ગ."** ઉત્પત્તિ છે ઘડાની કે સમકિતની ઉત્પત્તિ છે. **"અને પિંડનો સંહાર છે તે જ મૃત્તિકાની સ્થિતિ છે."** (એટલે કે) ઘડાની ઉત્પત્તિની અપેક્ષાએ પિંડનો સંહાર, સમકિતની ઉત્પત્તિની અપેક્ષાએ મિથ્યાત્વનો સંહાર – તે જ મૃતિકાની સ્થિતિ છે માટીનું ધ્રુવપણું ત્યાં જ છે. સંહાર અને ઉત્પત્તિમાં જ ધ્રુવતા છે. ધ્રુવ – અન્વય, વ્યતિરેક વિના હોઈ શકે નહીં. ઉત્પાદ – વ્યય વ્યતિરેક એટલે ભિન્ન – ભિન્ન ચીજ છે. ઉત્પાદ, વ્યય ઉત્પાદ, વ્યય ભિન્ન ખરા ને...! ઉત્પાદ 'ભાવ' રૂપ છે, ઓલો (વ્યય) અભાવ રૂપ છે. ઉત્પાદ ભાવરૂપ છે સંહાર અભાવરૂપ છે. (એ) ભાવ ને અભાવ ધ્રુવની–સ્થિતિ વિના હોઈ શકે નહીં. આહા...હા! જે ઉત્પન્ન પર્યાય થઈ, એ પૂર્વના પર્યાયના અભાવથી થઈ છે. અને સંહાર થયો એનાથી અનેરોભાવ(જે) ઉત્પત્તિ, એનાથી થયો. ઉત્પત્તિ થઈ ત્યાં સંહાર થ્યો! ઈ સંહાર (ને) ઉત્પત્તિનો આધાર (અન્વય છે.) વ્યતિરેક અન્વય વિના ન હોય, વ્યતિરેકો બે જુદી જુદી ચીજ છે એ એકરૂપ ધ્રુવ વિના ન હોય. આહા...હા! આવી વાત હવે (તત્ત્વની) ! વાણિયાને નવરાશ ન મળે! 'સત્ય' તો આ છે. પરમાત્મા જિનેશ્વરદેવ! ત્રિલોકનાથ! (નું કહેલું તત્ત્વ છે) સંતો સાદી ભાષામાં પ્રકાશે છે !

પ્રભુ ! તું કોણ છો ? ક્યાં છો ? અને તું બીજા દ્રવ્યોને પણ કઈ રીતે જુએ છે ? તને અને બીજાને (કઈ રીતે જુએ છે!) તને પણ એમ જો કે ઉત્પત્તિની પર્યાય સંહાર વિના ન હોય, એ ઉત્પત્તિની પર્યાય સંહાર વિના ન હોય, સંહાર ઉત્પત્તિ વિના ન હોય અને (સંહાર કે) ઉત્પત્તિ વિના અન્વય ન હોય, ધ્રુવ ન હોય. એ રીતે બીજાને પણ તું જો. આહા...હા! કુંભનો જે સર્ગ – ઉત્પત્તિ, પિંડનો સંહાર તે જ માટીનું ટકવું છે. કારણ કે વ્યતિરેકો એટલે કે ઉત્પાદ ને વ્યય, ભિન્ન ભિન્ન છે. ભિન્ન ભિન્ન છે ને ? ઉત્પાદ ને વ્યય, ઉત્પાદ ને વ્યય, એક ઉત્પાદ ને વ્યય, પછી એક ઉત્પાદને વ્યય એ ભિન્ન ભિન્ન છે (એટલે) વ્યતિરેકો અન્વયને છોડતા નથી. એ ઉત્પાદ ને વ્યય, અન્વય એવું જે ધ્રુવ તેને છોડતા નથી. ધ્રુવ વિના તે વ્યતિરેકો હોય નહીં. વ્યતિરેકો વિના તે ધ્રુવ હોય નહીં. આહા...હા...હા! **(શ્રોતાઃ)** બન્નેના સ્વરૂપ જુદા જુદા પણ પરસ્પર અવિનાભાવ છે...! **(ઉત્તરઃ)** ઈ હારે છે જ તે. એકસમયમાં સિદ્ધ કરવું છે ને...! આ તો એક સમય – પદાર્થની વ્યવસ્થા એકસમયમાં ઉત્પાદ–વ્યયને ધ્રુવ એકસમયમાં છે. અને તે પણ જે સમયે ઉત્પન્ન થવાનો તે સમયે જ ઉત્પન્ન થાય. જે સમય વ્યય થવાનો તે સમયે જ વ્યય થાય. ધ્રુવ તો છે જ. આહા...! આહા...હા! ગુલાબચંદજી સમજાય છે ? આવી વાત છે ન્યાં લાડનૂમાં નથી ક્યાં'ય. કલકતામાં ય નથી. એકલા આવ્યા છે એકલા (કે સાથે) બૈરાં છે ? એકલા આવ્યા છે ? **(શ્રોતાઃ)** કોઈ નથી (સાથે). એકલા છે (સાથે) નોકર છે. **(ઉત્તરઃ)** આ ફેરે રહ્યા પણ ઠીક (સમય)! આ વાત બાપુ! મહેરામણ છે! **દ્રવ્યનો મહેરામણ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઊછળ્યો છે !!** આહા...હા!

(કહે છે કે :) જે કંઈ જે ક્ષણે જે દ્રવ્યની પર્યાય – તે ક્ષણે જ પાછી એમ – તે તે અવસરે જ – આઘી, પાછી નહીં, તે તે અવસરે હોવા છતાં એ ભાવથી ભાવાંતર સંહાર છે એના અભાવ વિના એ ભાવ રહે નહીં, ઉત્પન્ન થાય નહીં. અને સંહાર છે એનાથી જ અનેરો ભાવ (ઉત્પન્ન) એ વિના સંહાર હોઈ શકે નહીં. અને સંહાર ને ઉત્પત્તિ એટલે વ્યતિરેકો ઈ અન્વય વિના – ધ્રુવ વિના હોઈ શકે નહીં. છેછેછેછેછેછેછેછે એવું જ અન્વય છે. આ તો – ઉત્પાદવ્યય વ્યતિરેકો ભિન્નભિન્ન છે. 'છે.' ધ્રુવ 'છે.'. એ ધ્રુવ વ્યતિરેકો વિના હોઈ શકે નહીં. આ બીજીવાર લીધું છે હોં? (ગાથા–સો)

(અહીંયાં કહે છે કે:) **''વળી જે મૃત્તિકાની સ્થિતિ છે.''** માટીની જે ધ્રુવતા છે. આહા...! આત્માની જે ધ્રુવતા છે. સમકિતની ઉત્પત્તિને મિથ્યાત્વનો નાશ એમાં આત્માની ધ્રુવતા છે. આહા...હા! **''તે જ કુંભનો સર્ગ અને પિંડનો સંહાર છે.''** મૃત્તિકાની જે સ્થિતિ છે તે કુંભની ઉત્પત્તિ, પિંડનો અભાવ. એમ આત્મામાં ધ્રુવ આત્મા છે તેમાં સમકિતની ઉત્પત્તિ ને મિથ્યાત્વનો નાશ, એને આધારે છે. આહા...હા! કાયદા છે જુદી જાતના ચીમનભાઈ! આ તો કહે છે કે ભગવાનની ભકિત કરો થઈ જશે કલ્યાણ! અહીંયાં ના પાડે છે. મંદિર બનાવો, કલ્યાણ થઈ જશે લ્યો! ગુરુની ભકિત ખૂબ કરો. કલ્યાણ થઈ જશે. તો કહે છે (અહીંયાં) ઉત્પત્તિ પર્યાયની સમકિતની (થશે.) ના. ના. (એની) ના પાડે છે. આહા...હા...હા! એ ગોવિંદરામજી! **''કારણ કે વ્યતિરેકો અન્વયને અતિક્રમતા (ઓળંગતા, છોડતા) નથી.''** કારણ કે વ્યતિરેકો દ્વારા જ અન્વય પ્રકાશે છે. શું કીધું ? વ્યતિરેકો અન્વયને છોડતા નથી એમ કીધું અને આ કીધું'તું વ્યતિરેકો દ્વારા જ અન્વય પ્રકાશે છે. વાત બીજી. બબ્બે વાત લેવી છે ને...! આહા...હા!

(કહે છે) સમકિતની ઉત્પત્તિ ને મિથ્યાત્વનો નાશ, એમાં ધ્રુવ સ્થિતિ છે તે જ સમકિતની ઉત્પત્તિનો સમય ને તે જ મિથ્યાત્વના નાશનો (સમય). કારણ વ્યતિરેકો દ્વારા જ (એટલે) મિથ્યાત્વનો નાશ (ને) સમકિતની ઉત્પત્તિ દ્વારા જ અન્વય – ધ્રુવ પ્રકાશે છે. આહા...હા...હા! મિથ્યાત્વનો નાશ ને સમકિતની ઉત્પત્તિ એ દ્વારા જ ધ્રુવ જણાય છે કહે છે. આહા...હા! માળા' ઈ પણ આવ્યું પાછું આવ્યું ન્યાં ને ન્યાં ધ્રુવ પર ફરીને પાછું આત્મામાં હો! બધામાં એમ છે પણ આ તો આત્મા જાણે છે ને...! (બધા દ્રવ્યોને). આહા...હા!

(અહીંયાં કહે છે કે :) **''અને જો આમ જ (ઉપર સમજાવ્યું તેમ જા ન માનવામાં આવે તો 'અન્ય સર્ગ છે.'** એટલે કે ઉત્પત્તિનો સમય જુદો છે. **''અન્ય સંહાર છે.''** અને સંહારનો સમય જુદો છે. **''અન્ય સ્થિતિ છે.''** અને સ્થિતિનો સમય જુદો છે. **''એવું આવે છે.'' (અર્થાત્ એ ત્રણે જુદાં છે એવું માનવાનો પ્રસંગ આવે છે.''** એમ થતાં **''શા દોષો આવે તે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સમજાવવામાં આવે છે)**: આહા...હા...હા! **"કેવળ માર્ગ શોધનાર"** કેવળ ઉત્પત્તિ શોધનાર, ઘડાની ઉત્પત્તિ શોધનાર, કે સમક્તિની ઉત્પત્તિ એકલી શોધનાર, **"(–વ્યય અને ધ્રૌવ્યથી જુદો એકલો ઉત્પાદ કરવા જનાર ઘડાની) ઉત્પાદનકારણના અભાવને લીધે."** એટલે ? સમકિતને માટે મિથ્યાત્વ ઉપાદાન(કારણ) છે. ગજબ વાત છે ને...! ઉપાદાનપણાનો ક્ષય–ઉપાદાનનો ક્ષય, એમાં માટીનો પિંડ જે છે ઘડાની (પર્યાય) પહેલાં એ પૂર્વનું ઉપાદાનકારણ છે. (પણ) એના ક્ષયથી (ઘડો) ઉત્પન્ન થાય. ઈ ને ઈ ઉપાદાનથી થતો નથી, એના અભાવથી થાય છે. ગજબ વાત છે!! મિથ્યાત્વ ઉપાદાન, સમકિત ઉપાદેય પણ એ ઉપાદાનનો વ્યય – ક્ષય તે (ઉપાદેયનું) કારણ છે. આવી ચીજ છે! આ તમારા સુધરેલ–સુધરેલમાં આવતું નથી કયાં'ય! કયાંય નથી. વીતરાગ, વીતરાગ, વીતરાગ!! કેવી વાત!! દિગંબર સંતો! કેવળજ્ઞાનના કેડાયતો! કેવળજ્ઞાને ઊભું (ધ્રુવ) રાખ્યું છે! આહા...હા! જયાં નજર કર ત્યાં પ્રભુ! (પ્રભુ ને પ્રભુ). આહા...!

(કહે છે કે :) એ પાણી જે ઊનું થયું છે. એ ઊનાની પર્યાયની ઉત્પત્તિ, ઠંડીપર્યાયના વ્યયથી થઈ છે. અગ્નિથી નહીં. આહા...હા! ઊનું પાણી જે થયું છે એ ઠંડા પાણીનો સંહાર થઈને થયું છે. એ ઉપાદાનકારણ ઠંડીપર્યાય એની છે. અહા...હા! એના અભાવથી ગરમ અવસ્થા થઈ છે. અગ્નિથી નહીં. જુઓ, જુઓ! ચીમનભાઈ! આવું કોણ માને આવું? ગાંડા જ કહે. અહા...! ઓલો એક પંડિત નહોતો આવ્યો જયપુરથી પંડિત! (એ કહેતો'તો) અગ્નિ વિના પાણી ઊનું થાય? આવ્યો'તો ને કયાં'ક નો હતો ઈ ઘણાં વરસ પહેલાં. આહા...હા! **(શ્રોતાઃ)** જુગલકિશોર મુખ્તાર ? **(ઉત્તરઃ)** એ મુખ્તાર નહીં. આ તો આમ બીજેથી હતો. પંડિત એક આવ્યો'તો ને બાયડી લઈને...! **(શ્રોતાઃ)** ઘાસીલાલજી...! **(ઉત્તરઃ)** હા, ઈ, ઈ. મનુષ્યપણા વિના કેવળ(જ્ઞાન)) થાય, વજ્રવૃષભનારાચ સંહનન વિના આમ થાય નહીં. આ બધા પંડિતો! આહા...હા! અહીંયાં કહે છે કે કેવળજ્ઞાનની પર્યાયની ઉત્પત્તિ, એકલી શોધવા જાય તો વ્યય અને ધ્રૌવ્ય વિના – (ઉત્પત્તિ જ ન થાય અથવા તો અસત્‌નો જ ઉત્પાદ થાય.) એકલી સમકિતની પર્યાયનો ઉત્પાદ શોધવા જાય તો ઉપાદાન જે મિથ્યાત્વ છે તેના કારણના અભાવને લીધે **"ઉત્પત્તિ જ ન થાય."** કેમ કે પૂર્વનું કારણ (ઉપાદાનકારણ) એમને એમ રહે અને સમકિતની ઉત્પ ત્ત થાય – માટીનો પિંડ એમને એમ રહે ને ઘડાની ઉત્પત્તિ થાય, એમ બને નહીં. માટીના પિંડનો અભાવ થાય તે ઘડાની ઉત્પત્તિ થાય. (એમ મિથ્યાત્વનો અભાવ થાય તે સમકિતની ઉત્પત્તિ થાય.) આહા...હા! આવી વાતું છે! આહા...! તત્ત્વજ્ઞાન વીતરાગનું (અજોડ છે!) બહુ, બહુ અત્યારે તો ગોટા હાલ્યા બધા. વ્રત ને...તપ ને...ભકિત ને...પૂજા (એ શુભભાવથી ધરમ માને છે પણ કહે છે) એની ઉત્પત્તિ છે, ઈ રાગ છે. એ બંધનું કારણ છે. અને તે રાગ પણ પૂર્વની પર્યાયના વ્યયથી થયો છે. આહા...હા! મારે તો બીજું પાછું કહેવું છે!

કે ભગવાનના દર્શન કર્યાં માટે શુભભાવ થયો, એમ નથી. એ શુભ ભાવ – દર્શન (હતાં) પણ શુભ ભાવ પૂર્વના ભાવનો – ભલે પૂર્વે અશુભે ય હોય કે શુભ હોય – એના અભાવને કારણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવાંતર થયું છે (એટલે કે) શુભથી ભાવાંતર જે પૂર્વની પર્યાય એના અભાવે શુભભાવ થાય. ભગવાનના દર્શનથી શુભભાવ થાય (એમ છે) નહીં. એઈ...! ચીમનભાઈ! આવી વાતું છે. વળી પાછા મંદિરોને ચીમનભાઈની હયાતીમાં સાત–સાત લાખ રૂપિયાને...! પુસ્તકો પાંત્રીસ...ને કેટલું કર્યું છે! અત્યાર લગી થ્યું નથી એવું ચીમનભાઈએ ન્યાં, થ્યું છે. આહા...હા! એ થાય છે.આહા...! અરે, શું આ (કોઈથી થાય છે?) આ તો સત્યના મંત્રો છે. જેમ (કોઈને) સર્પ કરડે ને સર્પનું ઝેર ચડે, મંત્રથી ઊતારે ને...! એકાંત પરથી થાય એમ માનનારાઓ(ને) ઝેર ચડી ગયા છે (મિથ્યાત્વનાં) એના મંત્રો છે આ તો. (ઝેર ઊતારવાના મંત્રો છે.) આહા...હા! બે કારણે કાર્ય થાય એમ આવે, એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા (શાસ્ત્રમાં આવે.) કે (કાર્ય થાય ત્યારે) બીજી ચીજ – એને ઉચિત બીજી ચીજ છે. એને ઉચિત યોગ (કીધું) એ ઉચિતયોગ છે માટે અહીં પર્યાય થઈ છે એમ નથી. આહા...હા!

એક વાણિયો હતો તે વાંઢો હતો. વડોદ. ઉમરાળા પાસે (છે.) રોટલી કરે તે આવડે નહીં તે ગોળ ચકકર ન આવડે. આડી–અવળી થઈ જાય. ખૂણા નીકળે, અમે ગ્યા'તા તો વહોરવા ગ્યા ને તો એવી રોટલી હતી. એણે બિચારે કરી'તી' આવડે તો નહીં. આમ ખૂણા નીકળે બાયડીયું કરે તો આમ સરખી ગોળ (થાય.) પણ ઈ પર્યાય (રોટલીની) ઈ રીતે ત્યાં થવાની હતી જ. આહા...હા! અને એ પર્યાયનું પૂર્વ કારણ જે લોટના (પિંડનો) વ્યય છે તે પર્યાયનો – તે સંહાર કારણ છે, એ રોટલીની ઉત્પત્તિનું કારણ ઈ વેલણને આદમી કારણ નથી. આહા...હા! **(શ્રોતાઃ)** સૂર્યાસ્ત થયો ને રાત્રિ આવી...**(ઉત્તરઃ)** રાત આવે જ નહીં. **(શ્રોતાઃ)** દી' આથમ્યો ને રાત્રિ આવી? **(ઉત્તરઃ)** ઈ એના કારણે નથી. એ રાતની પર્યાય એને (પોતાને) કારણે (છેઃ) અંધારાની પર્યાયની ઉત્પત્તિ, પૂર્વની પર્યાયના ભાવાંતર અજવાળાની પર્યાય તેના (અભાવસ્વભાવે) તે પર્યાય ઉત્પન્ન થઈ છે. અભાવથી થઈ છે (અર્થાત્) રાતના અંધારાની પર્યાય અજવાળાના અભાવથી થઈ છે. શું કીધું ઈ? અંધારાની ઉત્પત્તિ જે પુદ્ગલમાં થાય તે 'ભાવ' છે, એનાથી ભાવાંતર – પૂર્વે જે અંધારું નો'તું એ પર્યાયનો અભાવ થઈને આ થ્યું છે. આહા...હા! આવો મારગ! બેસવો કઠણ પડે! વાસ્તવિક વસ્તુનું સ્વરૂપ જ આવું છે!

(કહે છે કેઃ) છ એ દ્રવ્યમાં, પ્રત્યેક દ્રવ્ય સદા(ય) પોતાના સ્વભાવમાં વર્તે છે. એથી તેને વર્તે છે તે ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય છે. માટે આત્મા એ ઉત્પાદ વ્યયને ધ્રુવ(પણે) વર્તે છે. માટે તેને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાની છે. આહા...હા! પરમાં તો કયાં (જોવાનું છે?) વસ્તુ સ્થિતિ પકડવા ત્યાં જાવું છે. આહા...હા! સર્ગ એકલો જ ઉત્પત્તિ શોધનાર. ઘડાની એકલી ઉત્પન્ન વ્યય જોનાર. એમાં પિંડનો વ્યય ને માટીની ધ્રુવતા (વિના) એકલો ઉત્પાદ જોનાર(ને) ઉત્પાદન કારણના અભાવને લીધે – એ માટીના પિંડના અભાવના કારણને લીધે **"ઉત્પત્તિ જ ન થાય."** માટીનો પિંડ છે તેનો અભાવ ન થાય તો ઘડાની ઉત્પત્તિ જ ન થાય. આહા....હા! કુંભાર નથી માટે ઉત્પત્તિ ન થાય. એમ નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા...હા...હા! કો'મીઠાલાલજી! આવી વાતું છે!

(કહે છે) આ દુકાને હું બેઠો ને પછી પાંચ–પચીસ લાખ ભેગાં થ્યાને...આ ધૂળ થઈ...ને આ થ્યું. બધી (માન્યતા) ગપ્પે–ગપ્પ છે! આહાહા...હા! **(શ્રોતાઃ)** દુકાન છે તો બેઠો છે નહીંતો ઘેર બેસતને...**(ઉત્તરઃ)** હેં! ઘરે જ બેઠો છે મફતનો કલપના કરે છે. પરને તો અડે છે જ કેદી'? શરીરને અડયો નથી, વાણીને અડયો નથી, ધૂળ (પૈસા) આ તમારા કારખાનાને (આત્મા) અડયો નથી. આહા...હા! **(શ્રોતાઃ)** ધ્યાન ન રાખવું ? **(ઉત્તરઃ)** ધ્યાન રાખે તો પોતામાં ધ્યાન છે ન્યાં કયાં ધ્યાન રાખ્યું છે ? ધ્યાનની પર્યાય તો અહીંયાં (પોતાની) છે. એ પર્યાયની ઉત્પત્તિ તો પોતાના પૂર્વપર્યાયના અભાવથી થઈ છે. સામી ચીજ છે માટે ઉત્પત્તિ થઈ છે ? આહા...હા! **(શ્રોતાઃ)** તો તો કોઈ ધંધો કરી શકે નહીં...! **(ઉત્તરઃ)** ધંધો તો ધંધાને કારણે થાય છે. આહાહાહા! એ લોઢાનો કળશો વ્યાપ્યો. તો ઈ લોઢાના કળશાની ઉત્પત્તિ ઈ લોઢાને કારણે થઈ છે. પૂર્વનો એ લોઢાનો જે ભાવ હતો એના અભાવથી આ (ઉત્પત્તિ) થઈ છે. પાછા અભાવથી થઈ બે (ઉત્પન્નસંહાર) એ અન્વય વિના હોય નહીં. વ્યતિરેકો વિના એ લોઢું કાયમ રહે – (ધ્રુવ રહે) એ વિના હોય નહીં. લોઢું અન્વય, વ્યતિરેક વિના હોય નહીં. (ઉત્પાદ–વ્યય) વ્યતિરેક વિના લોઢું (અન્વય) ન હોય અને લોઢું (અન્વય) વિના વ્યતિરેક ન હોય. કાયમ – ટકવું એ વ્યતિરેક વિના ન હોય અને વ્યતિરેક ધ્રુવ વિના ન હોય. આહા...હા...હા! આવી વાત! આ સોનગઢનું છે 'આ'? **(શ્રોતાઃ)** (પંડિતોને) અભિમાનના ઝેર ચડી ગયાં છે...! **(ઉત્તરઃ)** આહા...! આ મારગ એવો બાપા!!

(અહીંયાં કહે છે કેઃ) **"અથવા તો અસત્‌નો જ ઉત્પાદ થાય."** જોયું ? એકલો ઉત્પાદ શોધવા જાય, અને પૂર્વના (ઉત્પાદન) કારણનો નાશ ન હોય. અને એની ઉત્પત્તિનું મૂળકારણ ધ્રુવ ન હોય તો તો ઉત્પત્તિ જ ન થાય એક વાત. બીજી વાત અસત્‌નો જ ઉત્પાદ થાય. સંહાર વિના સર્ગ (ઉત્પત્તિ) ન થાય અને ધ્રુવ વિના અસત્‌નો (જ) ઉત્પાદ થાય. ધ્રુવ છે તો ઉત્પન્ન થાય. ઉત્પન્નને એકલો ગોતે ધ્રુવ વિના તો અસત્‌નો ઉત્પાદ થાય. આહા...હા...હા! સમજાય છે કે નહીં ? આહા...! આવા ધરમ કરો ને કોણ ન્યાં સામું જુએ! 'ઈચ્છામિ, પડિકમ્મામિ, ઈરિયા વહિયા, તસ્સ ઉત્તરી કરણેણં' થઈ ગ્યો લોગ્ગસ્સને...! 'કરમ્ ઈદમ્ નમોત્થુણમ્' એ સામાયિક! ધૂળેય નથી એ બધી (ક્રિયાકાંડની ક્રિયા) મિથ્યાત્વ છે. 'આ હું કરું છું, આને હું પૂજું છું.' આ મેં પથરણું પાથર્યું ને...! (સામાયિક કરી ને લોગ્ગસ્સ કર્યો!) આ...હા...હા...હા! એક એક પર્યાયની ઉત્પત્તિ એના ધ્રુવથી અને સંહારથી (એટલે) પૂર્વના પર્યાયના વ્યયથી થાય છે. આહા...હા! (આ વીતરાગી તત્ત્વજ્ઞાન તો) પાણી ઊતારી નાખે એવું છે અહીંયાં તો. અભિમાનના **(શ્રોતાઃ)** કર્તૃત્વના અભિમાન ઉતરી જાય...! **(ઉત્તરઃ)** હેં! હા. ભગવાન સર્વજ્ઞદેવ, ત્રિલોકનાથ! એણે જે પદાર્થની સ્થિતિ જોઈ, તો ઈ પ્રભુ એમ કહે છે **"દરેક પદાર્થ પોતાના સ્વભાવમાં સદાય વર્તે છે પ્રભુ! અને તે સ્વભાવ તેનો ઉત્પાદ વ્યય ને ધ્રુવ છે".** બીજામાં વર્તે છે અને બીજાથી ઉત્પાદ–વ્યય થાય છે એમ નથી કહ્યું. આહા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(કહે છે કે :) દરેક પદાર્થ પોતાના સ્વભાવમાં વર્તે છે અને એ સ્વભાવ ઉત્પાદ–વ્યય ને ધ્રુવ છે. તેમાં જ તે વર્તે છે. પર પદાર્થમાં વર્તે છે કે પર પદાર્થથી વર્તે છે એમ નથી. કારણ કે દ્રવ્યનો સ્વભાવ જ આવો છે. આહા...હા...હા...! **(પ્રશ્ન)** આવું કહેશો તો પછી કોઈ પુસ્તક નહીં બનાવે (છપાવે.) મંદિર નહીં બનાવે. **(ઉત્તર:)** કેદી' બનાવે છે ? બનાવે છે (તો) નહીં બનાવે (પણ કે'દી બનાવે છે!) આહા...હા! ભગવાનની પૂજા વખતે 'સ્વાહા' (ઉચ્ચારે છે) એ 'સ્વાહા' ની પર્યાય જડમાં (પુદ્‌ગલમાં) ઉત્પન્ન થઈ છે. અને પૂર્વે (આ) 'સ્વાહા' ની પર્યાય નો'તી. પૂર્વે બીજી પર્યાય (હતી) એ પર્યાયનો સંહાર થઈને 'સ્વાહા'ની (પર્યાયની) ઉત્પત્તિ થઈ છે. અને એ સ્વાહાની ઉત્પત્તિ ને પૂર્વની પર્યાયનો વ્યય, ધ્રુવને અન્વયને અવલંબે છે. વ્યતિરેકો, અન્વય વિના – ધ્રુવ વિના હોતા નથી. ધ્રુવ, વ્યતિરેકો વિના હોતા નથી. અને આ (માને કે) 'સ્વાહા' મારા વિના હોતું નથી. (જોરથી બોલે કે) 'સ્વાહા' આહા...હા! અરે રે! આવી વાતું! (દુનિયાથી ઊંધી) કો' વીરચંદભાઈ! આ નાઈરોબીમાં આવું હાલશે?! આહા...હા!

(કહે છે) **(શ્રોતા:)** ઉત્પાદ–વ્યય–ધ્રુવ સમજાવો છો કે ભેદજ્ઞાન સમજાવો છો? **(ઉત્તર:)** ઉત્પાદ–વ્યય–ધ્રુવ છે એનો અર્થ : કે એક એક તત્ત્વ સ્વતંત્ર છે. બીજાથી ત ન જુદું છે. આહા...હા! એ ભેદજ્ઞાન છે. ભેદ(જ્ઞાન) માં તો હજી પરથી જુદો એટલી અપેક્ષા છે, **અહીંયાં તો છે જ આવું.** આ.હા.હા.હા.હા.હા...! આહા...હા! ઈ તો ભેદજ્ઞાનને અભેદ કીધું છે (એક ઠેકાણે) વિકલ્પ પણ કહ્યું છે, ('સમયસાર નાટકમાં' ને 'કળશ ટીકા' સમયસાર) જયસેન આચાર્યની ટીકામાં ભેદજ્ઞાન અભેદ પણ કીધું છે. અહીંથી જુદું પડયું એટલે અભેદ થ્યું ન્યાં એમ(અભેદ). અપેક્ષા જુદી જુદી. **'અહીંયાં તો આ જ વસ્તુ છે'** તે પરથી જુદો એ વાતે ય નહીં. કેમ કે પ્રત્યેક દ્રવ્ય પોતાના સ્વભાવમાં વર્તે છે ઈ તો પહેલાં આવ્યું. ગાથા–૯૯ ભાવાર્થમાં આવ્યું'તું. (જુઓ!) ૯૯ ગાથાનો ભાવાર્થ. **''દરેક દ્રવ્ય સદાય સ્વભાવમાં રહે છે તેથી 'સત્‌' છે. તે સ્વભાવ ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય સ્વરૂપ પરિણામ છે.''** છે ભાવાર્થ(માં)? દરેક દ્રવ્ય એટલે આત્મા, નિગોદનો જીવ, સિદ્ધનો જીવ, પરમાણુ કે કંઈ (ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ). દરેક દ્રવ્ય સ્વભાવમાં રહે છે તેથી 'સત્‌' છે અને તે સ્વભાવ ઉત્પાદવ્યયધ્રૌવ્યસ્વરૂપપરિણામ છે. આહા...હા!

(કહે છે કે :) બીજાનું બીજામાં ને બીજાનું બીજામાં એમ સૌને – કોઈને કાંઈ લેવા દેવાનું ન મળે કહે છે. આ કહે છે કે બાયડી–છોકરાં સાચવીએ, ધ્યાન રાખીને સાચવીએ(તો) રાજી થાય. બધી (માન્યતા) ગપ્પે–ગપ્પ છે, મિથ્યાત્વ છે.

(અહીંયાં કહે છે કે:) **''અથવા તો અસત્‌નો જ ઉત્પાદ થાય.''** એક વાત આવી. (હવે બીજી વાત) **''ત્યાં, જો કુંભની ઉત્પ ત્ત ન થાય તો બધાય ભાવોની ઉત્પત્તિ જ ન થાય.''** એ સિદ્ધાંત લીધો બધાનો. (શું કહે છે?) જયારે કુંભની ઉત્પત્તિ, વ્યયને ધ્રુવથી જુદી ન થાય તો બધા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યોની પર્યાયની ઉત્પત્તિ જ ન થાય. આહા...હા! એકલી ઉત્પત્તિ જોવા જતાં, ભલે તે સમયે જ તે પર્યાય ઉત્પન્ન થઈ, છતાં તે વ્યય અને ધ્રુવ વિના જોઈ હોય તો તે ઉત્પત્તિ જ સિદ્ધ થતી નથી. (એ) ઉત્પત્તિ સિદ્ધ થતી નથી તો બધા દ્રવ્યોની (પર્યાય)ની ઉત્પત્તિ સિદ્ધ થશે નહીં. આહા...હા...હા! **"જો કુંભની ઉત્પત્તિ ન થાય તો બધાય ભાવોની ઉત્પત્તિ જ ન થાય અર્થાત્ જેમ કુંભની ઉત્પત્તિ ન થાય તેમ વિશ્વના કોઈ પણ દ્રવ્યમાં કોઈ પણ ભાવનો.** (એટલે) પર્યાયનો, પર્યાયની જ વાત છે ને અહીંયાં પર્યાયનો **"ઉત્પાદ જ ન થાય એ દોષ આવે."** પર્યાયનો ઉત્પાદ જ ન થાય એ દોષ આવે (છે.) **અથવા જો અસત્‌નો ઉત્પાદ થાય તો વ્યોમપુષ્પ વગેરેનો પણ ઉત્પાદ થાય."** એમ કે ધ્રુવ વિના જો ઉત્પાદવ્યય થાય એમ; (કહે છે.) ધ્રુવ ન હોય અને ઉત્પાદ–વ્યય થાય, તો અસત્‌નો ઉત્પાદ થાય (તો તો) વ્યોમપુષ્પ! આહા! આકાશના ફૂલ! વગેરેનો પણ ઉત્પાદ થાય. ધ્રુવ વિના જો ઉત્પાદ(વ્યય) થાય – અન્વય વિના જો વ્યતિરેક થાય, તો આકાશમાં ફૂલ પણ થાય, સસલાના શીંગડાં પણ થાય. આહા...હા! આવી વાતું છે! એ શ્વેતાંબરમાં આવી વાત સ્પષ્ટ છે નહીં કયાં'ય! અને આ આમ ઊંધી પડે એટલે રસ્તે ચડી ગ્યા, બીજે રસ્તે ચડી ગયા. મૂળ ચીજ છે. પોતે મૂળચીજ છે પરમાણુ.

(કહે છે) (એ) પરમાણુમાં પણ જે સ્પર્શગુણની પર્યાયનો ઉત્પાદ, અને પૂર્વે પર્યાયમાં જે સ્પર્શગુણની થોડી પર્યાય હતી એનો અભાવ અને ધ્રુવ (પરમાણુ દ્રવ્ય). વ્યતિરેકો ધ્રુવ વિના હોય નહીં અને અન્વય વિના વ્યતિરેકો હોય નહીં. (હવે) પરમાણુમાં કોઈ એમ કહે કે એક પરમાણુમાં ચાર ગુણ છે અને બીજા પરમાણુમાં છ ગુણ છે (તો બન્નેનો સ્કંધ થયો) અને (ચારગુણવાળો પરમાણુ) છ ગુણ આને લઈને થયો એ અહીંયાં ના પાડે છે. આહા...હા! એક પરમાણુમાં ચાર ગુણ ચીકાશ છે. બે ગુણ અધિક છે એવો પાઠ શાસ્ત્રમાં આવે છે. બીજામાં છ ગુણ (ચીકાશ) છે. હવે આ પણ છ ગુણ ચીકાશ થાય. તો છ (ગુણ ચીકાશ) થવાનો કાળ છે તો તે એનાથી થયો, ચાર (ગુણ ચીકાશની) પર્યાય એની જે હતી એનો સંહાર થયો તેથી છ (ગુણ ચીકાશ) પર્યાયની ઉત્પત્તિ થઈ. આહા...હા! એ પેલા' શાંતિભાઈ હતા ને...! જેતપુરવાળા પેલા એક ફેરે કહે કે વર્ણીજી આમ કહે છે જુઓ, અંદરમાં થાય? ઉત્પાદ એના વિના થાય ! શું એ કીધું ? હેં! કંઈક વાત હતી. ઊનું પાણી એમ ને એમ થઈ જાય ? અથવા પરમાણુનું કહેતા' તા. શાંતિભાઈ! કે એક પરમાણુમાં ચાર ગુણ ચીકાશ પર્યાયરૂપે છે અને છ ગુણ ચીકાશ બીજા પરમાણુમાં છે (સ્કંધ) થાય ત્યારે છ ગુણ ચીકાશ થાય. માટે પરથી કાંઈ ન થાય તો આ વાત ખોટી પડે છે એમ કહેતા'તા. પણ અહીંયાં કહે છે કે ઈ ચાર ગુણની (ચીકાશની) પર્યાયવાળો, ઉત્પન્ન જે થયો, તેને એની (પૂર્વની) પર્યાયનો વ્યય થઈ અને છ (ગુણ ચીકાશ) પર્યાય થઈ એને પરની અપેક્ષા છે જ નહીં. આહા...હા...હા! એક પરમાણુમાં અનંતગુણની પર્યાય ઉત્પન્ન થાય, એ પૂર્વની પર્યાયના સંહારથી – પણ અનંત– ગુણવાળો પરમાણુ જોડે મળ્યો માટે થાય છે – એમ વસ્તુમાં નથી. વસ્તુની સ્થિતિ આવી છે. પ્રભુનો પોકાર છે. આહા...હા! સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(કહે છે) માણસ મોટરમાં બેઠો છે. અને મોટર હાલે છે. એની પણ પર્યાય જે સમયે જે ઉત્પન્ન છે, તે ઉત્પાદ અને પૂર્વની પર્યાયનો સંહાર – અભાવ, એ ઉપાદાન (કારણ) છે. એ બે લઈને (એટલે ઉત્પાદ–વ્યય) વ્યતિરેકો ધ્રુવને લઈને છે. ધ્રુવ એટલે અન્વય. અન્વયને લઈને એ છે. એમાં (મોટરમાં) બેઠેલો માણસ (માને કે) આને લઈને હું હાલું છું એમ ના પાડે છે અહીંયાં. એ મોટરમાં બેઠો છે ને મોટર હાલે છે માટે હું આમ–આમ હાલું છું એમ નથી. એના પરમાણુની પર્યાયનો એ જાતનો ઉત્પાદ, પૂર્વનો વ્યય થઈને ઉત્પાદ થાય ને ધ્રુવને અવલંબે ઈ એનું સ્વતંત્રપણું છે. એ મોટરને (લઈને માણસ આગળ ગતિ કરે છે એમ નથી). એક જણો કહેતો' તો મશ્કરીમાં કે આપણે જઈએ છીએ મોટરમાં પણ મોટરને લઈને નહીં એમ સોનગઢવાળા કહે છે. કોઈ બ્રહ્મચારી હતો. એ વાત આવી હતી (અમારી પાસે). સોનગઢની મોટર પેટ્રોલ વિના હાલે, અને એની મોટર પેટ્રોલથી હાલે! અરે! ભગવાન! શું કરે છે! (મરી જઈશ મિથ્યાત્વમાં) મોટરના પરમાણુ(ઓ) માં પણ જે પરમાણુઓની પર્યાય આમ ગતિ થવાની છે તે ઉત્પાદની પર્યાય, તે પૂર્વની પર્યાયનો સંહાર થઈ અને ધ્રુવના અવલંબનથી એ (ગતિની પર્યાય) નો ઉત્પાદ થાય છે. આહા...હા! ગજબ વાતો છે! (આ વાત અભિપ્રાયમાં બેસે તો) **"આખો સંસાર ફેરવી નાખે."**

(અહીંયાં કહે છે કે:)) આવ્યું! **"ઉત્પાદનકારણના અભાવને લીધે, ઉત્પત્તિ જ ન થાય; અથવા તો અસત્‌નો જ ઉત્પાદ થાય. ત્યાં (૧) જો કુંભની ઉત્પત્તિ ન થાય તો બધાય ભાવોની ઉત્પત્તિ જ ન થાય (અર્થાત્ જેમ કુંભની ઉત્પત્તિ ન થાય તેમ વિશ્વના કોઈ પણ દ્રવ્યમાં કોઈપણ ભાવનો ઉત્પાદ જ ન થાય એ દોષ આવે; અથવા (૨) જો અસત્‌નો ઉત્પાદ થાય તો."** સંહાર વિના થાય, તો ઉત્પાદ થાય નહીં ને કાં ધ્રુવ કાંઈ નો'તું ને અધ્ધરથી થ્યું આકાશના ફૂલ થ્યાં. જો અસત્‌નો ઉત્પાદ થાય તો **"વ્યોમપુષ્પ વગેરેનો પણ ઉત્પાદ થાય." અર્થાત્ શૂન્યમાંથી પણ પદાર્થો ઉત્પન્ન થવા માંડે એ દોષ આવે."** અસત્‌ને પર્યાયની ઉત્પત્તિને વખતે ધ્રુવપણું ન હોય તો શૂન્યમાંથી પણ ઉત્પન્ન થાય. આહા...હા! એક જણો અમારે કહેતો'તો મોતીલાલ વાણિયો (હતો.) વિલાસપુરનો નહીં...! લાકડાનો ધંધો બોટાદ. 'શૂન્યમાંથી ધૂન ને ધૂનમાંથી આ બધું થ્યું' આહા...હા! પહેલું હતું શૂન્ય એમાં ઊઠી ધૂન્ય, ધૂનમાંથી થઈ આખી સૃષ્ટિ આ. સ્થાનકવાસી હતો. કાંઈ ખબર ન મળે! લાતી હતી લાકડાનો (ધંધો.) મોતીલાલ! (કહેતો'તો) શૂન્યમાંથી ધૂન થઈ છે, ધૂનમાંથી આ જગત થ્યું છે! અરે...રે! આ તો કહે છે અનાદિથી જે જે પરમાણુ ને આત્મા (છ એ દ્રવ્યોની) જે સમય જે પર્યાય ઉત્પન્ન થાય ઈ તેના (પૂર્વ પર્યાયના) સંહારથી ને ધ્રુવથી થાય. પરથી થાય એમ વાત બિલકુલ છે નહીં. આહા...હા!

(લોકો કહે છે ને કે) હાથ જોડીને બેસી રહો, રોટલી, દાળ–ભાત એની મેળાએ થઈ જશે. **(શ્રોતા:)** હાથ જુદો પદાર્થ છે તેની પર્યાય જે થવાની હોય તે થાય **(ઉત્તર:)** હાથને પણ કોણ કરી શકે છે. આમ રહેવું કે ન રહેવું ઈ હાથની પર્યાય છે. ખાલી બેસી રહો એની મેળે દાળ–ભાત થઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જશે એમ માળા મશ્કરી કરે છે. અરે બાપુ! એમ રહેવા દે ભાઈ! ઈ દાળ–ભાત–શાક એ પર્યાય એનો જે પર્યાય જે સમય ઉત્પન્ન થવાનો, એ પૂર્વની પર્યાયનો સંહાર થઈ, ધ્રુવના આધારે ઈ થાય છે. આહા...હા! એવી મશ્કરી કરે... સોનગઢને નામે, કરો બાપુ! મશ્કરી તો પોતાની થાય છે! આહા...હા!

શું થઈ ગ્યો? (સમય.) **(શ્રોતાઃ)** બે મિનિટ બાકી છે. **(ઉત્તરઃ)** આમાં કેમ ફેર છે ? આમાં ફેર નથી. કીધું : આમ કેમ થ્યું? **(શ્રોતાઃ)** બંધ થઈ ગઈ છે. **(ઉત્તરઃ)** આ હાલતું નથી ખરાબ થઈ ગઈ છે કેટલો (સમય) બાકી છે ? **(શ્રોતાઃ)** બે મિનિટ! આહા...હા!

(અહીંયાં કહે છે કેઃ) **''વળી કેવળ સંહાર આરંભનાર''**. એકલો નાશ પર્યાયનો થાય, માને એમાં આ મૃત્તિકાપિંડનો ઉત્પાદ અને ધ્રૌવ્યરહિત એકલો નાશ તો એકલો–એકલો નાશ મૃત્તિકાપિંડનો, સંહાર કર્યા વિના ઉત્પાદ રહે, સંહારનું કારણ પણ છે ઉત્પાદ, ઉત્પાદનું કારણ સંહાર છે.

વિશેષ કહેશે...

ૐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૧૯–૬–૭૯.

'પ્રવચનસાર' ૧૦૦ ગાથા. ઉત્પાદનો બોલ આવી ગ્યો છે. શું કહે છે ? કે દરેક દ્રવ્ય પોતાના સ્વભાવમાં વર્તે છે. આ સિદ્ધાંત એક. પરદ્રવ્યને એને કાંઈ સંબંધ નહીં. આહા...હા! **(શ્રોતાઃ)** નિમિત્ત–નૈમિત્તિક સંબંધ તો છે ને...! **(ઉત્તરઃ)** નિમિત્ત–નૈમિત્તિકનો અર્થ જ (છે) એ નહીં. એ જ્ઞાન કરાવવા બીજી વાત કહે. બાકી દરેક દ્રવ્ય, આત્મા – નિગોદનો હો કે સિદ્ધનો હો કે નરકની ગતિનો જીવ હો, દરેક પોતાના ઉત્પાદવ્યયધ્રોવ્ય એવો સ્વભાવ – એમાં ઈ વર્તે છે. તેથી એનો ઈ ઉત્પાદવ્યયધ્રોવ્ય સ્વભાવ છે. અહીંયાં કહે છે કે એકલો ઉત્પાદ ગોતવા જાય – જેમ કે એકલું સમકિતને ગોતવા જાય, તો મિથ્યાત્વના નાશ વિના અને સમકિતની ઉત્પત્તિનું કારણ ધ્રુવ છે – (એ) બે કારણના (વ્યય ને ધ્રુવ) ના અભાવે સમકિતની ઉત્પત્તિ જ ન દેખાય. સમજાય છે? ઘટની ઉત્પત્તિને શોધવા જાય, ઘડો છે તેને (એકલો) શોધવા જાય, તો ઘડો છે તે પહેલાં માટીનો પિંડ(હતો) તેના અભાવે, ઘડાની પર્યાય સિદ્ધ જ નહીં થાય. ઘડો (બન્યા) વિના માટી કાયમ રહેલી છે એનાથી (પર્યાય) ઉત્પન્ન થયેલી એ ઘડો છે. આહા...! કુંભારથી નહીં. આહા...હા! આવું છે!

કેવળ સર્ગ (એટલે) ઉત્પત્તિ શોધવા જાય તો, વિરુદ્ધ થાય છે. પછી "વળી કેવળ સંહાર આરંભનાર." બે ય ભાષામાં ફેર છે. ઓલામાં – ઉત્પાદમાં केवलं सर्गं मृगयमाणस्य એમ હતું. मृगयमाणस्य એટલે કેવળ ઉત્પત્તિ શોધનાર એમ (અર્થ છે.)'मृगय' એટલે શોધવું. આહા...હા! એકલો પર્યાય ઉત્પાદનો જોવા જાય તો પણ સિદ્ધ નહીં થાય. અહીંયાં પૂર્વકારણ ઉપાદાન(ના) ક્ષય વિના, એ ઉત્પાદ સિદ્ધ નહીં થાય. હવે સંહાર – વ્યય (ની વાત છે.) **"વળી કેવળ સંહાર આરંભનાર મૃત્તિકાપિંડનો (–ઉત્પાદ અને ધ્રૌવ્ય રહિત એકલો વ્યય કરવા જનાર મૃત્તિકાપિંડના સંહારકારણના અભાવને લીધે."** મૃત્તિકાપિંડની ધ્રુવતા અને ઉત્પાદ વિના એકલો વ્યય કરવા જનાર, મૃત્તિકાપિંડના સંહારકારણના અભાવને લીધે, માટીના પિંડમાં સંહારકારણના અભાવને લીધે, એટલે ઉત્પત્તિના કારણના અભાવને લીધે. (અર્થાત્) ઘટની ઉત્પત્તિના કારણના અભાવને લીધે, એનો સંહાર જ સિદ્ધ નહીં થાય. આહા...! છે? (પાઠમાં) **"કેવળ સંહાર આરંભનાર મૃત્તિકાપિંડનો ઉત્પાદ અને ધ્રૌવ્ય રહિત એકલો વ્યય કરવા જનાર મૃત્તિકાપિંડના સંહારકારણના અભાવને લીધે."** એટલે કે ઉત્પત્તિ છે એ સંહારકારણનો અભાવ છે. ભાવ તો સંહાર છે. ભાવ વ્યય તરીકે છે. ઉત્પત્તિની અપેક્ષાએ સંહારકારણનો અભાવ છે. આહા...હા...હા! 'ભાવ' તો ત્રણેય કીધા. ઉત્પાદ–વ્યય ને ધ્રુવ ત્રણે ય સ્વભાવ કીધા ને...! આહા...હા! પણ અહીંયાં વ્યય એકલો ગોતવા જાય, મિથ્યાત્વનો નાશ, એકલો ગોતવા જાય, તો સમકિતની ઉત્પત્તિને એનો આધાર ધ્રુવ આત્મા એના વિના એકલો મિથ્યાત્વનો નાશ (સિદ્ધ) નહીં થાય. આહા...હા!

(કહે છે કે :) આ (શરીરના પરમાણુઓ) અન્વય હારે જુઓ! હવે એમાં ઈ ઉત્પત્તિ આમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. (શરીરનું હલવું–ચલવું છે.) એનો સંહાર જ એકલો ગોતવા જાય (એકલી સ્થિરતા ગોતવા જાય) તો ઉત્પત્તિના સાધન(કારણ) વિના સંહાર (વ્યય) થઈ શકે નહીં. ઉત્પત્તિ એનું કારણ છે અને સંહાર (ઉત્પત્તિનું) કારણ છે. ઉત્પત્તિના અભાવથી સંહાર જ નહીં થઈ શકે. આહા...હા! **(શ્રોતાઃ)** ઉત્પત્તિ નહીં માનો તો સંહાર કયાંથી થાય ? **(ઉત્તરઃ)** ઉત્પત્તિના ભાવમાં, સંહારનો અભાવ સિદ્ધ નહીં થાય. અહીંયાં ઉત્પત્તિ છે તો પૂર્વનો પર્યાય છે એમ સિદ્ધ થાય. ઉત્પત્તિ ને ધ્રુવ નથી અને સંહાર રહે – એ તો નાશ (સ્વરૂપ) છે એકલો નાશ થઈ જશે. ઉત્પત્તિના કારણ વિના, ધ્રુવ કારણ વિના, વ્યય સંહાર સિદ્ધ થઈ શકશે જ નહીં. આહા...હા! આ તો ફરીવાર લેવાય છે. વાણિયાને આવું હવે કયાં સાંભળવા મળે!

આહા...હા! **"(એકલો વ્યય કરવા જનાર મૃત્તિકાપિંડનો) સંહારકારણના અભાવ."** સંહારકારણનો અભાવ કોણ? ઉત્પાદ. એના ઉત્પાદના અભાવથી સંહાર જ સિદ્ધ નહીં થાય. આ ઉત્પન્ન થયું તો (તેની પહેલાંની પર્યાયનો) નાશ થયો એ સિદ્ધ થશે નહિતર ઉત્પન્નકારણ વિના સંહારવ્યય સિદ્ધ થશે નહીં. આહા...! આવો ઉપદેશ! આવી ધરમની રીત! ઓલી તો શૈલી એક (હતી) પરની દયા પાળો, વ્રત કરો ને... ધૂળે ય નથી બાપા! આ દયા પાળું (એ અભિપ્રાય મિથ્યાત્વ છે) એ મિથ્યાત્વનો એકલો વ્યય ગોતવા જઈશ, તો સમકિતની ઉત્પત્તિના કારણ વિના, મિથ્યાત્વનો વ્યય મળશે નહીં તને! આહા...હા...હા! કોઈ એમ કહે'કે મને સમકિતની ઉત્પત્તિ છે.' (પણ) મિથ્યાત્વનો નાશ નથી. (વળી એમ કહે કોઈ) મિથ્યાત્વનો નાશ છે અને સમકિત નથી. એમ કોઈ કહે તે તદ્દન જૂઠું છે. વાત સમજાય છે? આ તો દાખલામાં લીધું. (ઈ એમ કહે કે) મારે તો મિથ્યાત્વનો નાશ છે, એકલો – સમકિતની ઉત્પત્તિ નથી, તેમ આત્મા ધ્રુવ નથી. તો (નાશ એકલો સિદ્ધ જ નહીં થાય.) આહા...હા! બહુ ન્યાય આપ્યા છે! ઓહોહો! વાણિયા ને વેપારવાળાને જરી કઠણ પડે. વકીલોને ઠીક પડે જરી ભલે આવું (ન્યાયનું સ્વરૂપ કીધું.) **(શ્રોતાઃ)** શું (વકીલોને) ઠીક પડે? જે જે વિચાર કરે એને ઠીક પડે! **(ઉત્તરઃ)** હા, હા. વેપારીનું કીધું ભાઈ રામજીભાઈએ, કરે વેપારીઓ કરે! આહા...હા!

(કહે છે કેઃ) એક એક પરમાણુમાં (ઉત્પાદવ્યયધ્રૌવ્ય(સ્વરૂપ) પરિણામ એકસમયમાં છે.) જેમ કે પાણી ઠંડુ છે, એ ઠંડા પાણીમાં ઠંડાનો સંહાર એકલો ગોતવા જાય, તો ઊનાની ઉત્પત્તિ વિના ઠંડા (પણાનો) વ્યય – સંહાર સિદ્ધ થશે જ નહીં. અને ઠંડા(પણા) નો નાશ, (ઊનાની) ઉત્પત્તિ વિના ને ધ્રુવ વિના એ ઠંડાનો નાશ (સિદ્ધ) થશે જ નહીં. આહા...હા...હા! સમજાણું કાંઈ ? **"સંહાર જ ન થાય."** એક વાત. (બીજી વાત.) **"અથવા તો સત્‌નો જ ઉચ્છેદ થાય."** (અહીંયાં) ધ્રુવ સિદ્ધ કરવું છે ને...! એક તો એના ઉત્પાદકારણ વિના, સંહાર સિદ્ધ નહીં થાય અને કાં' સત્‌નો જ ઉચ્છેદ થાય. (વળી) સત્‌નો જ ઉચ્છેદ થાય. કારણ કે 'સત્' ને 'ઉત્પાદ' બે સહિત હોય તો સંહાર હોય. પણ બે માં એક હોય ને બે (બીજું) ન હોય તો એકેય વાત સિદ્ધ થતી નથી. આહા...હા! ઝીણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે થોડું'ક! એથી તો આ ફરીને લીધું!!

(અહીંયાં કહે છે કે :) **''ત્યાં (૧) જો મૃત્તિકાપિંડનો સંહાર ન થાય.''** માટીના પિંડનો ઘડાની ઉત્પત્તિ વિના – ઘટની ઉત્પત્તિ વિના, એકલા માટીના પિંડનો સંહાર શોધે (તો) એ નહીં મળે. અને જેમ એ મૃત્તિકાપિંડનો સંહાર ન થાય. **''તો બધાય ભાવોનો સંહાર જ ન થાય.''** ભાવોનો સંહાર જ ન થાય. (દૃષ્ટાંત તરીકે) કપડું છે એક કપડું છે. કપડું મેલવાળું, હવે ઈ મેલવાળામાં એકલો મેલ શોધવા જાય તો, સફેદપણાની (સ્વચ્છપણાની) પર્યાય(ની ઉત્પત્તિ) વિના એકલા મેલનો નાશ સિદ્ધ નહીં થાય. સફેદપણાની (સ્વચ્છપણાની) ઉત્પત્તિ વિના, મેલનો સંહાર સિદ્ધ નહીં થાય. અને કાં' પોતે વસ્ત્ર (કપડું) છે એનો સંહાર – નાશ થશે. આહા...હા! વસ્ત્રની જેમ (દરેક ભાવોમાં છે.) ચીમનભાઈ! સાંભળ્યું નો હોય કયાંય મુંબઈ – મુંબઈમાં, હિંમતભાઈએ ય. ભકિત–ભકિત બધા ગોઠવે પણ (આ તત્ત્વ નહીં.) આ તમારા બાપ શ્રીમદ્‌ના ભગત હતા. જોયા છે ને અમે વહોરવા એમને ત્યાં વહોરવા (જતા) ડેલામાં, હિંમતભાઈ હતા નહીં, કામ્પમાં હો (વઢવાણ કેમ્પમાં) આહા...હા!

દેવ ને ગુરુને શાસ્ત્ર ન હોય, તો સમકિતની ઉત્પત્તિ ન થાય એમ નહીં. (એટલે) દેવ – ગુરુને શાસ્ત્રન હોય તો સમકિતની ઉત્પત્તિ હોય નહીં, એમ નહીં. (પરંતુ) મિથ્યાત્વનો વ્યય ન હોય તો સમકિતની ઉત્પત્તિ ન થાય. આહા.હા.હા.હા! સમજાણું કાંઈ ?

(કહે છે) અને સંહાર એકલો ગોતવા જાય, તો 'સત્' છે એનો (અભિપ્રાયમાં) નાશ થશે. સત્ છે ને બધું (ઉત્પાદ–વ્યય ને ધ્રુવ ત્રણેય સત્ છે.) તો ઉત્પાદ કારણ વિના સંહાર સિદ્ધ નહીં થાય ને ઉત્પાદ કારણ વિના સત્‌નો નાશ થશે. (જો) એકલો સંહાર ગોતવા જઈશ તો. ધ્રુવ(પણા)નો પણ નાશ થશે. આહા...હા...હા! આચાર્યોએ! (ગજબ કામ કર્યાં છે, જગત પર કરુણા વરસાવી છે.)

(અહીંયાં કહે છે કે:) **''અર્થાત્ જેમ મૃત્તિકાપિંડનો વ્યય ન થાય તેમ વિશ્વના કોઈ પણ દ્રવ્યમાં કોઈ પણ ભાવનો વ્યય જ ન થાય.'' એ દોષ આવે.''** કેમકે એકલો સંહાર જોવા જાઓ, તો ઉત્પત્તિને ધ્રુવ વિના સંહાર મળશે જ નહીં. અથવા ચીજનો(સત્‌નો) નાશ થઈ જશે. આહા...હા! એ દોષ આવે. **''અથવા (૨) જો સત્‌નો ઉચ્છેદ થાય.''** હવે આનું – ધ્રુવનું લીધું. **''તો ચૈતન્ય વગેરેનો પણ ઉચ્છેદ થાય.''** ચૈતન્ય લીધું જોયું ? ભગવાન આત્મા! જો સંહાર એકલો ધ્રુવ વિના હોય, તો ધ્રુવનો – ચૈતન્યનો જ નાશ થાય છે. આહા...હા! એ સમકિતની ઉત્પત્તિ, મિથ્યાત્વના વ્યયને કારણ (વળી) મિથ્યાત્વના વ્યયને કારણ – સંહારને ઉત્પત્તિ કારણ અને ઈ ઉત્પત્તિના કારણમાં સત્ છે. ઈ વ્યતિરેકો છે ઈ અન્વયને અવલંબીને છે. જો ઈ વ્યતિરેકો ન માનો તો ધ્રુવ(જ) સિદ્ધ નહીં થાય. ધ્રુવ પાસે અન્વય – કાયમ રહેનારું તત્ત્વ. ઉત્પાદને વ્યય, વ્યતિરેક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



– ભિન્ન ભિન્ન અવસ્થા (છે.) પણ ઈ ભિન્ન ભિન્ન અવસ્થા એકલી નહીં મળે. એ ભિન્ન ભિન્ન અવસ્થા અન્વયની છે, એના વિના એ હોય નહીં. અને ઈ અન્વય, વ્યતિરેકો વિના હોય નહીં અને એ વ્યતિરેકો, અન્વય વિના હોય નહીં. જો વ્યતિરેકો અન્વય વિના હોય તો ધ્રુવનો (અન્વયનો) જ નાશ થઈ જાય. આહા...હા...હા! માળે સમજાય છે કાંઈ? **(શ્રોતાઃ)** તું ભગવાન છો, ભગવાન બનાવવાની વાત (આપ કરો છો ને...!) **(ઉત્તરઃ)** ચાલે છે, હાલે ઈ ખરું અંદરથી! આહા...હા! કેટલી વાત કરે છે ઓહોહો! કીધું ને...! **"ચૈતન્ય વગેરેનો ઉચ્છેદ થાય."** સત્ છે. એકલો સંહાર ગોતવા જાય ઉત્પત્તિ વિનાનો સંહાર હોઈ શકે નહીં અને કાં' સંહાર એકલો ગોતવા જાય તો સત્‌નો સંહાર થઈ જાય. (માન્યતામાં). સત્ ચૈતન્ય છે એનો સંહાર થઈ જાય! (અહીંયાં) બીજા પરમાણુ આદિ ન લીધા. ભગવાન ચૈતન્ય ધ્રુવ છે ધ્રુવ અંદર એ સંહારમાં, ઉત્પત્તિમાં – વ્યતિરેકોમાં કારણ અન્વય છે. જો એકલો સંહાર ગોતવા જઈશ તો એનું (મૂળ) કારણ અન્વય, તેનો નાશ થશે. આહા...હા! ગુણીરામજી આવી વાત ઝીણી છે. આ વળી ફરીવાર લેવાનું કીધું ભાઈએ, રામજીભાઈએ! આચાર્યોની શૈલી તો ઘણી સરળ અને સીધી સીધી!! આહા...!ઉચ્છેદ થાય **"અર્થાત્ સર્વ દ્રવ્યોનો સમૂળગો વિનાશ થાય એ દોષ આવે."** બે (બોલ) થયા. ઉત્પાદને વ્યય એકલાં નથી એમ સિદ્ધ કર્યું. ઉત્પાદ ને સંહાર ધ્રુવ વિના ન હોય, સંહાર ઉત્પાદ ને ધ્રુવ વિના ન હોય એમ સિદ્ધ કર્યું. હવે 'ધ્રુવ' (સિદ્ધ કરે છે.) આહા...હા...હા!

(અહીંયાં કહે છે કે :) **"કેવળ સ્થિતિ પ્રાપ્ત કરવા જનારી."** ભાષા જાણે એમ કરી. "**केवलां स्थितिमुपगच्छन्त्या मृतिकाया**" સંસ્કૃતમાં એમ છે. ત્રણેયમાં શબ્દ જુદા છે. (ટીકામાં) બીજી લીટી છે. **स्थतिमुपगच्छन्त्या** સ્થિતિને પ્રાપ્ત કરવા જનારી, એટલે એકલા ધ્રુવને(જા માનવા જશો. આહા...હા! કેવળ સ્થિતિ પ્રાપ્ત કરવા (જનારી મૃત્તિકાની) છે ને? (નીચે ફૂટનોટમાં) કેવળ સ્થિતિ = (ઉત્પાદ અને વ્યય વિનાનું) એકલું ધ્રુવપણું; એકલું ટકવાપણું, એકલું અવસ્થાન. અન્વય, વ્યતિરેકો સહિત જ હોય છે. ધ્રુવ છે તે વ્યતિરેકો સહિત જ હોય. અને તેથી ધ્રોવ્ય ઉત્પાદવ્યયસહિત જ હોય, એકલું હોઈ શકે નહીં. જેમ ઉત્પાદ અથવા વ્યય દ્રવ્યનો અંશ છે – સમગ્ર દ્રવ્ય નથી. આહા...હા! ઉત્પાદને વ્યય દ્રવ્યનો અંશ (છે) સમગ્ર દ્રવ્ય નથી. તેમ ધ્રૌવ્ય પણ દ્રવ્યનો અંશ છે, સમગ્ર દ્રવ્ય નથી. આહા...હા! સમગ્ર દ્રવ્ય તો ઉત્પાદવ્યય ને ધ્રુવ ત્રણે થઈને છે. અહા...!

(કહે છે કે :) કેવળ એકલા... માટીની સ્થિતિ છે એમ સિદ્ધ કરવા જાય. આત્મામાં એમ લ્યો! આત્મામાં(એકલું) ધ્રુવપણું છે એમ સિદ્ધ કરવા જાય, તો મિથ્યાત્વનો વ્યય ને સમકિતની ઉત્પત્તિ વિના એ ધ્રુવપણું સિદ્ધ થશે નહીં. આહા...હા! સમજાણું કાંઈ ? આહા...હા! ખૂબી તો જુઓ!! કે ધ્રુવ છે એ મિથ્યાત્વના વ્યય વિના ને સમકિતની ઉત્પત્તિ વિના એ ધ્રુવ સિદ્ધ થશે જ નહીં. એનો અર્થ ઈ કે સમકિતની ઉત્પત્તિ ધ્રુવને આશ્રયે છે, એ ઉત્પત્તિ ધ્રુવ વિના નહીં થાય. આહા...હા! અને ધ્રુવ વિના મિથ્યાત્વનો વ્યય પણ નહીં થાય. કારણ કે બે ય વ્યતિરેકો (ઉત્પાદ–વ્યય) ભિન્ન ભિન્ન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક વ્યય(રૂપ) છે, એક ઉત્પાદરૂપ છે. બે ભિન્ન ભિન્ન છે. એનું એકરૂપ, એક વસ્તુ–ધ્રુવ વિના એ ભિન્ન ભિન્ન સિદ્ધ નહીં થાય. અને ભિન્ન ભિન્ન સિદ્ધ વિના એકલું ધ્રુવ સિદ્ધ નહીં થાય. આહા...હા! આવું તો બહુ સારી વાત છે! **અંદરમાં બેસવાની વાત છે બાપા!** આ એવી વાત છે! તારે જો ધરમ જોઈતો હોય તો ધરમની પર્યાયની ઉત્પત્તિમાં ધ્રુવ અને સંહાર બેય જોઈશે. બેય જોશે. ધરમની પર્યાયની ઉત્પત્તિ તારે કરવી હોય, તો ઉત્પત્તિનું મૂળકારણ ધ્રુવ અને ઉપાદાન કારણ સંહાર – ક્ષણિક ઉપાદાન અહીંયાં લેવું છે – કાયમી ઉપાદાન જે ધ્રુવ છે, એના વિના સમકિતની ઉત્પત્તિ ન થાય અને એને (ક્ષણિક ઉપાદાન) મિથ્યાત્વના વ્યય વિના (પણ) સમકિતની ઉત્પત્તિ ન થાય. આહા...હા...હા! અને ધ્રુવ વિના સમકિતની ઉત્પત્તિ (હોય નહીં તો) એકલો ધ્રુવ ગોતવા જાય તો વ્યતિરેકો વિના એકલું ધ્રુવ કદી હોય નહીં. ઉત્પાદ ને વ્યય વ્યતિરેક જે બે ભિન્ન ભિન્ન છે એ વિના એકલું ધ્રુવ હોય નહીં. એ એકલા વિના ભિન્ન ભિન્ન હોય નહીં. આહા...હા! આવી વાત!! બેનું–દીકરીયુંને અજાણું પડે અજાણ્યાને...! જાણીતા હોય એને તો...! આહા...હા! આવો મારગ છે!!

(અહીંયાં કહે છે કે:) **"(વળી) કેવળ સ્થિતિ પ્રાપ્ત કરવા જનારી મૃત્તિકાની, વ્યતિરેકો સહિત સ્થિતિનો – અન્વયનો – તેને અભાવ થવાને લીધે,"** જોયું ? વ્યતિરેકો સહિત સ્થિતિ એટલે ટકવું – અન્વયનો એટલે ટકવાનો તે અન્વય, એનો અભાવ થવાને લીધે **"સ્થિતિ જ ન થાય."** આહા...હા! ઉત્પાદ ને વ્યય વિના એકલું ટકવું એ સિદ્ધ નહીં થાય. ટકતું તત્ત્વ એ શું ? એ ઉત્પન્ન (જે) પર્યાય છે એ (પર્યાય) એમ સિદ્ધ કરે છે કે ટકવું છે. અને પૂર્વપર્યાયનો સંહાર થાય છે એ સિદ્ધ કરે છે ખરેખર આહા.હા.હા! વ્યય અંદર જાય છે ધ્રુવમાં અંદર. આહા.હા! (તો એ વિના) એકલો ધ્રુવ સિદ્ધ નહીં થાય. અને એકલો ઉત્પાદ ને વ્યય, ધ્રુવ વિના સિદ્ધ નહીં થાય. આવી વાતું! આહા...હા! આવો ધરમ કાઢયો (નવો) કહે છે કો'કે! **(શ્રોતાઃ)** કોણ કહે છે? **(ઉત્તરઃ)** સોનગઢે કર્યો એમ કે' છે માણસ. છે બાપા! બોલો, નવો ન થાય. આ તો અનાદિનો ભાવ છે! આચાર્યોએ (વર્ણવ્યો છે.) આહા...હા! અનંત, અનંત તીર્થંકરોનું આ એક જ કથન છે. આહા...હા!

આહા...હા! સર્વજ્ઞ ભગવાન એમ કહે છે કે : સર્વજ્ઞની પર્યાય એકલી તું ગોતવા જા. તો તેના પહેલાના પર્યાયનો વ્યય ન હોય, તો સર્વજ્ઞ પર્યાય જ ઉત્પન્ન નહીં થાય. અને સર્વજ્ઞ પર્યાયની ઉત્પત્તિનું મૂળકારણ ધ્રુવ (આત્મા) એને ન માન તો સર્વજ્ઞ (પર્યાયની) ઉત્પત્તિ જ ન થાય. આહા...હા...હા...હા! **જે જૈનધર્મનું મૂળ સર્વજ્ઞ છે**. સર્વજ્ઞ છે. એને સર્વજ્ઞને કહેલું તત્ત્વ તે પદાર્થ છે. હવે અહીંયાં કહે છે – સર્વજ્ઞપર્યાયની ઉત્પત્તિ નથી અને એકલો ધ્રુવ જ છે આત્મા. ત્રિકાળી સર્વજ્ઞસ્વભાવી, જરી'ક ઝીણી વાત પડશે. ત્રિકાળી સર્વજ્ઞસ્વભાવી છે. એ સર્વજ્ઞની પર્યાયની ઉત્પત્તિ વિના ઈ સર્વજ્ઞસ્વભાવ સિદ્ધ નહીં થાય. કારણ ઉત્પન્ન થઈ (જે) સર્વજ્ઞપર્યાય, ત્યારે ત્યાં સર્વજ્ઞસ્વભાવી ધ્રુવ (દ્રવ્ય) છે એમ સિદ્ધ થયું. આહા...હા...હા...હા...હા! અને જયારે સર્વજ્ઞપર્યાયે, સર્વજ્ઞસ્વભાવને સિદ્ધ કર્યો, ત્યારે પૂર્વની પર્યાયમાં અસર્વજ્ઞતા – અપૂર્ણપણું હતું એનો નાશ સિદ્ધ થાય છે. આહા...હા! એટલે કોઈ એમ માને કે સર્વજ્ઞપણું છે નહીં, તો એને ધ્રુવપણાની શ્રદ્ધા નથી અને પૂર્વનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



– સર્વજ્ઞપણું નથી તેને અભાવરૂપ – સંહારરૂપ – વ્યયરૂપ એને એણે માન્યું નહીં. સર્વજ્ઞ થવામાં પૂર્વની પર્યાયનો વ્યય છે એ માન્યું નહીં (એટલે) સર્વજ્ઞ(પણું) માન્યું નહીં ને ધ્રુવ (દ્રવ્ય) ય માન્યું નહીં. સર્વજ્ઞ જે પર્યાય છે (તે) સર્વજ્ઞત્રિકાળી સ્વભાવમાંથી આવે છે. ત્રિકાળી સ્વભાવ, સર્વજ્ઞસ્વભાવ છે. આહા...હા! ઝીણું છે ભઈ આ ઝીણું! સાંભળે તો ખરા. આહા...!

(કહે છે) આત્મામાં અનંત આનંદ જયારે પ્રગટે છે. ત્યારે એ પર્યાયમાં (પ્રગટે છે). પર્યાય છે ને...! અતીન્દ્રિય આનંદની સિદ્ધિ, પૂર્વની દુઃખની પર્યાયનો અભાવ ન હોય તો આનંદની પર્યાયની ઉત્પત્તિ થાય નહીં. સંહારકારણ વિના ઉત્પત્તિ હોઈ શકે નહીં. કારણ કે સર્વજ્ઞસ્વભાવ ઉત્પન્ન થયો એનું પૂર્વઉપાદાન કારણ કોણ ? એ પૂર્વની અપૂર્ણ પર્યાય (–અસર્વજ્ઞપર્યાય) હતી તેનો ક્ષય થયો, એનો ક્ષય થતાં જ કેવળજ્ઞાનમાં અપૂર્ણસ્થિતિ પણ રહે અને પૂર્ણસ્થિતિ પણ રહે. એમ નહીં. સમજાણું કાંઈ? ઝીણી વાત છે બાપુ, આ તો મારગ જુદી જાત છે! અત્યારે તો ગરબડ હાલી બધે! અરે! ઝીણું વીતરાગનું તત્ત્વ! સર્વજ્ઞ પરમેશ્વર!! આહા...હા!

(કહે છે કે :) અનંત આનંદની ઉત્પત્તિ એકલી ગોતવા જા તો પૂર્વના દુઃખના અભાવ થયા વિના એ (આનંદની) ઉત્પત્તિ નહીં સિદ્ધ થાય. અને ધ્રુવ વિના – કારણ કે એ તો ક્ષણિક ઉત્પન્ન થયું – સર્વજ્ઞપણું પણ ક્ષણિક ઉત્પન્ન થયું છે – એ તો વ્યતિરેક છે, તે વ્યતિરેક કાયમ રહેનારી ચીજ (ધ્રુવદ્રવ્ય) વિના વ્યતિરેક સિદ્ધ થશે નહીં. હસમુખભાઈ હવે આવ્યા? ઠીક! કો' હસમુખભાઈ! આવું ઝીણું છે! આહા...હા! **પ્રવચનસાર! દિવ્યધ્વનિ! ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ નીકળી!!** આહા...હા! એ પણ દિવ્યધ્વનિની ઉત્પત્તિ, એના પહેલાના (ભાષા) વર્ગણાના વ્યય વિના, વર્ગણાની પર્યાયનો વ્યય થયો, ભાષાની પર્યાય થઈ. એકલી ભાષાની પર્યાય ગોતવા જાય, વ્યય અને ધ્રુવ વિના નહીં સિદ્ધ થાય. તેમ એકલું ધ્રુવપરમાણુ જ જો એકલું સિદ્ધ કરવા જાવ, (તો તે) પરમાણુ વ્યતિરેક વિના સિદ્ધ નહીં થાય. વ્યતિરેક એટલે ઉત્પાદ ને વ્યય. અને અન્વય એટલે કાયમ રહેનારી ચીજ. આહા...! અન્વય વિના વ્યતિરેક નહીં ને વ્યતિરેક વિના અન્વય નહીં. આહા...હા! ઓહોહોહો! સમજાણું કાંઈ?

(અહીંયાં કહે છે કે :) '' **'વ્યતિરેકો સહિત સ્થિતિનો – અન્વયનો – તેને અભાવ થવાને લીધે સ્થિતિ જ ન થાય; અથવા તો ક્ષણિકનું જ નિત્યપણું થાય.** આહા...હા! એકલી સ્થિતિ ગોતવા જાય તો ક્ષણિક નિત્ય થઈ જાય, અને કાયમ રહેનાર ત્યાં સિદ્ધ ન થાય. ઝીણી વાત છે થોડી'ક! શું કીધું? કેવળ ટકતું તત્ત્વ પ્રાપ્ત કરવા જનારી મૃત્તિકાની વ્યતિરેકો એટલે ઉત્પાદ અને વ્યય. સહિત સ્થિતિનો – અન્વયનો તેને અભાવ થવાને લીધે, વ્યતિરેક વિના એકલી સ્થિતિનો અભાવ થવાને લીધે.'' પર્યાય વિનાનું એકલું દ્રવ્ય સિદ્ધ થતું નથી માટે. આહા...હા! પર્યાય પોતે નિર્ણય કરે છે ને વસ્તુનો. નિર્ણયની પર્યાયને મિથ્યાત્વની પર્યાય, બેય વ્યતિરેક છે. એ બે ન હોય તો ધ્રુવ ન હોય. વ્યતિરેક ભિન્ન ભિન્ન છે ધ્રુવ કાયમ રહેનાર – ટકતું છે. વ્યતિરેકો ધ્રુવના છે ને ધ્રુવના વ્યતિરેકો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. વ્યતિરેકો વિના અન્વય ન હોય ને અન્વય વિના વ્યતિરેકો ન હોય. ભાગ્યશાળી છે કે આવા ભાવ બાપુ! સંતોએ તો ગજબ કામ કર્યાં છે દિગંબર સંતોએ! આહા...હા! ટૂંકી ભાષામાં ઉત્પાદ, વ્યય ને ધ્રુવને સિદ્ધ કરે છે! જે વસ્તુનો સ્વભાવ છે, સ્વભાવ છે તેમાં દ્રવ્ય પ્રવર્તે છે. જેના સ્વભાવમાં દ્રવ્યસ્વભાવ પ્રવર્તે છે તે સ્વભાવ ઉત્પાદ–વ્યય ને ધ્રુવ સત્ છે. સત્ તે દ્રવ્ય લક્ષણ છે. 'તત્ત્વાર્થસૂત્ર' **( सद् द्रव्यम् लक्षणम्).**

(અહીંયાં કહે છે કે:) **''જો મૃત્તિકાની સ્થિતિ ન થાય તો બધાય ભાવોની (દ્રવ્યોની) સ્થિતિ જ ન થાય.''** (એટલે કે) માટીનો નાશ થાય (તો તેની જેમ) બધાય દ્રવ્યોનો નાશ થઈ જાય. આહા...હા! સ્થિતિ = ટકવું, ટકતું તત્ત્વ ઉત્પાદ–વ્યય વિના જોવા જાય તો સ્થિતિ જ નહીં રહે અથવા કાં' સ્થિતિનો નાશ થશે. સમજાણું કાંઈ? (વકીલને) વકીલાત ને ન્યાય! લોજિકથી મૂકયું છે બધું! આહા...! વીરનો મારગ છે શૂરાનો. આ સૂક્ષ્મ બુદ્ધિ જોઈએ બાપુ! આમાં સૂક્ષ્મ બુદ્ધિ જોઈએ! અમથું ઈ દ્રવ્યને પકડવા પણ મતિ–શ્રુતની સૂક્ષ્મ બુદ્ધિ હોય તો પકડી શકે. રાગથી નહીં, દ્વેષથી નહીં, દયાથી નહીં, સ્થૂલથી પણ નહીં. (ઉપયોગને સૂક્ષ્મ કરવાથી પકડાય) આહા...હા!

(કહે છે) ભગવાન આત્મા! સ્થિતિ છે ને...! સ્થિતિનો અર્થ છે : ટકવું – ટકતું તત્ત્વ, એની સ્થિતિ એકલી ગોતવા જાય તો જે કંઈ સૂક્ષ્મ ઉપયોગથી જે જણાય છે, એ સૂક્ષ્મ ઉપયોગનો નાશ થાય. અને કાં' એ સૂક્ષ્મ ઉપયોગ ક્ષણિક છે તો સ્થિતિ પણ ક્ષણિક થઈ જાય છે. આહા...હા...હા...હા! સમજાય છે? પ્રવીણભાઈ! બીજી જાત છે. આ કોઈદી' બાપ દાદેય સાંભળી ન હોય લ્યો! આહા...હા! ભારે વાત છે બાપા! શું થાય? ધ્રુવ એકલો ગોતવા જા, તો ઉત્પાદ એના કારણ વિના – સંહારકારણ (વિના) વ્યતિરેક વિના અન્વય સિદ્ધ નહીં થાય. વ્યતિરેક સહિત અન્વય છે. જો તું એકલા અન્વયને સિદ્ધ કરવા જા, વ્યતિરેક વિના નાશ થશે. આહા...હા...હા...હા! વાહ! **''અથવા ક્ષણિકનું નિત્યપણું થાય.''** કાં' તો પર્યાય ક્ષણિક છે તે નિત્ય થશે. એકલું – એકલું નિત્યપણું ગોતે છે ને...? એકલું નિત્યપણું ગોતે છે ને અનિત્યપણું તો નથી ગોતતો. આહા...હા! એટલે પર્યાયમાં નિત્યપણું આવી જશે. આહા...હા! આવો ઉપદેશ કઈ જાતનો લ્યો! આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **(૨) જો ક્ષણિકનું નિત્યપણું થાય તો ચિ ત્તના ક્ષણિક ભાવોનું પણ નિત્યપણું થાય.''** ઓલામાં – (એકલા સંહારના બોલમાં) ચૈતન્ય (વગેરેનો પણ ઉચ્છેદ થાય) લીધું'તું. અહીંયાં ચિત્તના ક્ષણિક (ભાવો) (એટલે) કલ્પના (લીધું છે.) **''ચિત્તના ક્ષણિક ભાવોનું પણ નિત્યપણું થાય.''(અર્થાત્ મનનો દરેક વિકલ્પ પણ ત્રિકાળિક ધ્રુવ બને.''** આહા...હા! એકલી સ્થિતિ ગોતવા જા, તો ઉત્પાદ ને વ્યય જે ક્ષણિક છે તે નિત્ય થઈ જાય. એ નિત્ય થઈ જાય વ્યતિરેક વિનાનું છે (તેથી) નિત્ય ન રહે. ક્ષણિક થઈ જાય. આ તો ફરીવાર લેવાનું કહ્યું'તું ! (તેથી લીધું.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અહીંયાં કહે છે કે:) **"માટે દ્રવ્યને ઉત્તર ઉત્તર વ્યતિરેકોના સર્ગ સાથે, પૂર્વ પૂર્વ વ્યતિરેકોના સંહાર સાથે અને અન્વયના અવસ્થાન સાથે અવિનાભાવવાળું."** માટે દ્રવ્યને.... એ દ્રવ્ય છે ત્રણ થઈને. ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય તરીકે તો દ્રવ્ય છે. ને ત્રણ છે (તે) એના અંશ છે. એ (અંશ) એક એક દ્રવ્ય નથી. ઉત્પાદ, વ્યય ને ધ્રુવ – એક એક દ્રવ્ય નથી. ધ્રુવ પણ એક દ્રવ્ય નથી. (સમગ્ર દ્રવ્ય નથી – અંશ છે.) આહા...હા! જે ધ્રુવ દૃષ્ટિમાં – નિશ્ચયનયની દૃષ્ટિનું જે ધ્રુવ છે એને અહીંયાં એ ધ્રુવને અંશ તરીકે કહ્યું છે. કારણ કે ઓલા (ઉત્પાદ–વ્યય) બે અંશ ખરા ને...? એટલે ધ્રુવને (પણ અંશ કહ્યું છે) દ્રવ્યના ત્રણ અંશ છે. અહીંયાં તો જ્ઞાન કરાવવું છે ને...! ને ત્યાં તો દૃષ્ટિ કરાવવી છે ('જ્ઞાનઅધિકાર' માં તો ધ્રુવને અભેદ કહ્યું છે.) આ જ્ઞાન અધિકારમાંથી 'જ્ઞેયઅધિકાર' માં જ્ઞાનપ્રધાન સમકિતની વાત છે. આહા...હા!

(કહે છે કે :) સર્વ **"દ્રવ્યને ઉ ત્તર ઉત્તર વ્યતિરેકોના સર્ગ સાથે."** એક પછી એક ભિન્ન ભિન્ન અવસ્થા સર્ગ (ઉત્પાદ) સાથે, અને **"પૂર્વ પૂર્વ વ્યતિરેકોના સંહાર સાથે." અને અન્વયના અવસ્થાન સાથે."** કાયમ રહેનારું ધ્રુવનું અવસ્થાન (નીચે ફૂટનોટમાં) અવસ્થાન = ટકવું તે; ધ્રુવ રહેવું તે. **"અવિનાભાવવાળું"** ત્રણેના અવિનાભાવપણે છે. ઉત્પાદ વિના વ્યય નહિ, વ્યય વિના ઉત્પાદ નહિ, ઉત્પાદ વિના ધ્રુવ નહિ, ધ્રુવ વિના વ્યય નહિ, ધ્રુવ વિના ઉત્પાદ નહિ. આહા...હા! વીતરાગ મારગ બહુ ઝીણો! મૂળ તત્ત્વની અંદરની (ખબર નહીંને...) આમાં તો ત્યાં સુધી કહ્યું એની પર્યાય ઉત્પન્ન છે ઈ બીજાથી તો નહીં. બીજાથી તો એ પર્યાય ન થાય'. પણ એના વ્યય વિના ન થાય ને ધ્રુવ વિના ન થાય. આહા..હા..હા! અને વ્યય પણ, કોઈ કરે તો નાશ થાય (જેમ કે) લાકડી મારીને ઘડાનો ભૂકો થયો એટલે એનાથી વ્યય થયું? ના. આહા...હા! એ માટીનો ઘડો (આખો) હતો એના કટકા થયા ઈ સંહાર, ઓલી ઉત્પત્તિનું કારણ સંહાર સંહારનું કારણ ઉત્પત્તિ, ઉત્પત્તિને સંહાર બે ય વ્યતિરેક – એ વ્યતિરેક કારણ (અન્વય : વિના) – માટી વિના એ હોઈ શકે નહીં. આહા...હા! ચીમનભાઈ! આવું છે! આ જૂના દિગંબર છે બધાય, દિગંબરો છે ને...! આ વળી સ્થાનકવાસી લ્યો! ત્યાં સાંભળ્યું'તું આવું! આહા...હા! **(શ્રોતા:)** ઉત્પાદ–વ્યય–ધ્રુવ તો મૂલ પાયાકી બાત હૈ...! **(ઉત્તર:)** મૂળ પાયો, વસ્તુ ઈ છે ને...! ત્રિપદી!! શ્વેતાંબરમાં ય આ વાત છે. ભગવાને ત્રિપદી કીધી એવું આવે છે. ઉત્પાદ – વ્યય ને ધ્રુવ એવું આવે છે. (અર્થાત્) ત્રિપદી કીધી ત્રિપદી – ઉત્પાદ – વ્યય ને ધ્રુવ! પછી તો શાસ્ત્રો બનાવ્યા કલ્પિત! આહા...! આપણે એમ આવે છે, ભગવાને ત્રિપદી કીધી એવું આવે છે. ઉત્પાદ – વ્યય ને ધ્રુવ.

(કહે છે) દરેક વસ્તુ ત્રિપદી છે. ઉત્પાદ–વ્યય ને ધ્રુવ. એ અનંત પદાર્થ પોત–પોતાને કારણે ઉત્પાદ–વ્યય ને ધ્રુવથી છે. એના ઉત્પાદને માટે બીજા બધાની અપેક્ષા નથી. તેના વ્યય માટે બીજા (કોઈ પદાર્થની જરૂર નથી.) ઘડા ઉપર લાકડી પડી ને ઘડો ફૂટયો (એમ નથી.) ઠીકરાની ઉત્પત્તિનો ઉત્પાદ, ઘડો ફૂટવાનું સંહાર કારણ છે. આહા...હા...હા! શું કીધું ઈ ? ઘડાની ઉત્પત્તિ, એનો નાશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને ઠીકરાની ઉત્પત્તિનું મૂળ ઘડાની ઉત્પત્તિ છે એનો સંહાર (ઘડાનું ફૂટવું) એ સંહાર તે આનું કારણ છે. આહા...હા! (ઘડા ઉપર) લાકડી પડી માટે (ઘડાનો) ભૂકો થયો એમ નહીં એમ કહે છે. આહા...હા! બહુ વિચારવા જેવું છે! આહા...હા!

(કહે છે કે:) **"માટે દ્રવ્યને ઉત્તર ઉત્તર વ્યતિરેકોના સર્ગ સાથે, પૂર્વ પૂર્વ વ્યતિરેકોના સંહાર સાથે અને અન્વયના અવસ્થાન સાથે."** ટકવાના અવસ્થાન સાથે **"અવિનાભાવવાળું, જેને નિર્વિઘ્ન (અબાધિત) ત્રિલક્ષણપણારૂપ લાંછન."** આહા...હા! તે તે દ્રવ્યનું ત્રણ લક્ષણ (પણારૂપ) ચિન્હ, એ દ્રવ્યના ત્રણ લક્ષણ – ચિન્હો, આહા..હા! ત્રણ લક્ષણ ચિન્હો તેનાથી **"પ્રકાશમાન છે." એવું અવશ્ય સંમત કર...વું!!** આહા...હા...હા! બહુ ગાથા! (અલૌકિક!) આહા...હા!

(કહે છે) હવે આ કહે કે હું પરની દયા પાળું. પોતે છે કે ટકવું એનું જે છે એ એની પર્યાયની ઉત્પત્તિનો કાળ છે માટે ટકે છે. અને એનો નાશ થાય, (ક્યારે કે) પૂર્વની પર્યાયનો વ્યય – નાશ થાય ત્યારે એનો નાશ થાય (છે), આ કહે કે હું એનો નાશ કરું. (અજ્ઞાની માને કે) હું એને જીવાડું ને હું એનો નાશ કરું. બેય સિદ્ધાંત જૂઠા છે. 'હું એને જીવાડું' તો એની પર્યાય જે ઉત્પાદ છે એનાથી થઈ છે એને ઠેકાણે આ કહે કે હું ઉત્પાદ કરું, પછી ઉત્પન્ન થઈને મરણ થાય છે – દેહ છૂટી જાય છે (ત્યારે એ શું (મરણ) એનાથી થાય છે કે હું એનો નાશ કરું માને છે? નાશ(અર્થાત્) વ્યય એનાથી થાય છે.

...ઈ સાંભળે છે. કીધું કે મારગ તો આ છે. સાંભળવું હોય તો સાંભળો! આહા...હા! ઈ સો ગાથા (પૂરી થઈ). સો એ પૂરું કર્યું! આહા...હા! પૂરી સ્વતંત્રતા 'સો' એ સિદ્ધ કરી. પૂરી સ્વતંત્રતા ઉત્પાદની, જે જે ક્ષણે ઉત્પાદ થાય, તે તે ક્ષણે તેને બીજા નિમિત્તની અપેક્ષા છે નહીં. અને તે પણ ઉત્પાદ થાય, એ એના અવસરે જ ઉત્પાદ થાય. આઘો–પાછો નહીં. આહા...હા! તેના અવસરે જ પર્યાયની ઉત્પત્તિ તે દ્રવ્યની થાય, એને ઉત્પાદને નિમિત્તની બિલકુલ જરૂર નહીં. એના સ્વભાવને ધ્રુવનો આશ્રય ખરો. એનો ને એનો સંહાર ને ધ્રુવનો આશ્રય (એ બે કારણ ખરા) અને તે તે દ્રવ્યની પર્યાયનો વ્યય, એને એના ઉત્પાદ ને ધ્રુવનું કારણ (છે.) પણ લાકડીએ આ (કાચનું ઝૂમર) તોડી નાખ્યું, કે (હાથે કે દાંતે) રોટલીના કટકા કર્યા! (એમ નથી) આહા...હા! રોટલીપણે જે પર્યાય ઉત્પાદ હતી, એનો નાશ થતાં કટકા થયા. એ (કટકાની) ઉત્પત્તિ થઈ. જે ઉત્પાદ હતો તેનો સંહાર થયો ત્યારે કટકા થયા. રોટલી આખી હતી ઉત્પાદરૂપે, એના કટકા થયા, ત્યારે ઉત્પાદનો નાશ થયો અને કટકાની ઉત્પત્તિ થઈ. દાંતને લઈને કટકાની ઉત્પત્તિ થઈ એમ નથી. રોટલીના કટકા દાંતને લઈને થયા, એમ નથી. આવી વાતું છે! ભાઈ! ન્યાં તમારે દુબઈ – દુબઈમાં ક્યાં વાત હતી આ દુબઈમાં! પૈસા મળે ત્યાં બસ! આહા...હા! શું પ્રભુનું તત્ત્વ!! આહા...! એનો આત્મા પોકારે ને કબૂલ કરે...આહા...હા! નિઃસંદેહ! આવી ચીજ(આત્મા) છે. લાખો પંડિતો વિરોધ કરે આખો (અને બૂમો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પાડે કે) બે કારણે કાર્ય થાય, અરે, બે કારણે કાર્ય થાય. આહા...! ઈ તો બીજું ઈ છે એનું જ્ઞાન કરાવવા. બીજું છે એને આરોપથી (નિમિત્ત કહ્યું છે) પણ જ્ઞાન કરાવવા (કહ્યું છે) 'તત્ત્વાર્થ રાજવાર્તિક' માં આવે છે ને...! (બે કારણથી કાર્ય થાય છે) પણ બીજું કારણ છે માટે અહીં ઉત્પત્તિ થઈ એમ નથી. ઉત્પત્તિ તે સમયે પોતાથી, પૂર્વના વ્યયથી ને ધ્રુવના આશ્રયથી (થઈ છે.) ઉત્પત્તિ તે સમયે જે નિમિત્ત હોય તેને ઉચિત નિમિત્ત કહેવામાં આવે છે. આહા....હા!

આહા...હા...હા! કોણ રાખે પણ કયાં? અહીંયાં તો એક દ્રવ્ય બીજાને અડતું નથી. ઈ તો ત્રીજી ગાથા ('સમયસાર') માં સિદ્ધ કર્યું. આહા...હા! એક (એક) દ્રવ્ય, પરમાણુ કે આત્મા, પોતાના ગુણને પર્યાયને ચુંબે છે. પર દ્રવ્યને અડતું નથી. **['સમયસાર' ગાથા–૩ ટીકા :– 'કેવા છે તે સર્વ પદાર્થો? પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે – સ્પર્શે છે તો પણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી.]** આહા...હા! હવે ઈ અડતું નથી એવું જે દ્રવ્ય, તે એનો સ્વભાવ ઉત્પાદ – વ્યય ને ધ્રુવ (છે.) આહા...હા! હવે એના, એનામાં ઊપજે એનો સ્વભાવ ઉત્પાદ–વ્યય ને ધ્રુવ. તેમાં એક પર્યાયની ઉત્પત્તિ વ્યય એના ધ્રુવ વિના ન હોય, એ... વિના ન હોય એમ ખરું (પણ) નિમિત્ત વિના ન હોય એમ નથી. આહા..હા! કો'મીઠાલાલ જી! આવી વાતું છે! ભગવાન સ્પષ્ટ કરે છે. ભગવાને સ્પષ્ટ કર્યું છે ને...! આહા...હા! ભગવાન બોલે છે ઈ! આત્મા બોલે નહીં, વાણી બોલે. (પણ નિમિત્તથી કહેવાય કે ભગવાન બોલે છે.) વાણીનું પણ માહાત્મ્ય છે ને...!

(કહે છે કે:) બીજા શ્લોકમાં આવ્યું છે ને...! **('સમયસાર') अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः । अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम् ॥२॥** સર્વજ્ઞ અનુસાર અને અનુભવસિદ્ધ, વાણીમાં અનુભવસિદ્ધ શબ્દ વાપર્યો છે ને...! અનુભવ–સિદ્ધની વ્યાખ્યા કરી. સર્વજ્ઞઅનુસારિણી વાણી – એ અનુભવસિદ્ધની વ્યાખ્યા કરી. એ સર્વજ્ઞને અનુસારિણી, નિમિત્તથી (કહ્યું.) વાણી! એ પણ પૂજ્ય છે ત્યાં એમ કહ્યું. વ્યવહારે પૂજ્ય છે! નિશ્ચય તો સ્વભાવ (પૂજ્ય છે.) આવી વાત (ચોખ્ખી) એમાં તકરારું કરે! વિરોધ કરે! એય આમ છે ને તેમ છે (બોલે, છાપે) ગમે ઈ કરો બાપુ! અહીં તત્ત્વ ફરે એવું નથી. આહા...હા...હા! હવે તો છોકરાંય નાના નાના વાતું કરવા શીખ્યા છે! આહા...હા! ઘણાં વરસથી ચાલ્યું છે ને...! **(શ્રોતા:)** મોટા ધંધો કરે ને છોકરાંવ વાતો શીખે...! **(ઉત્તર:)** અહા...હા! મોટાં ધંધો કરે એમ ને છોકરાંઓ ભણે. છોકરાંવને ભણે એટલે નિવૃત્તિ મળી ઘણી. આને ધંધા આડે મુંબઈનો ધંધો, કામ્પનો ધંધો, ધંધા કેટલા! આ તો ચીમનભાઈનો દાખલો આપ્યો આ ફેરે. એમ દરેકને છે. આહા...હા! દુકાન બે – ચાર કરે ને હારે...! મુંબઈ દુકાન ને ગયા દુકાન ને આ હીરાભાઈએ નહોતી કરી! (એમનો) કાન તૂટી ગ્યો ને...! હીરાભાઈ તો મોટા ગૃહસ્થ છે. ગયામાં દુકાન, મુંબઈ દુકાન, જામનગર દુકાન, ભાવનગર દુકાન, આહા...હા! મોટા માણસ, નરમ માણસ છે! એટલું કપાઈ ગ્યું આ ઊંહકારો કર્યો નથી એણે એ વખતે ઉંકારો કર્યો નહીં ને આંખમાંથી આંસુ નહીં. 'જ્ઞાયક' બસ આમ બોલ્યા! થવું તે થયું ભાઈ! એ થાય છે. થાય તે થાય છે,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ન થાય તે ન થાય. આહા...હા...હા! થાય છે તે થાય એને તું ન થાય એમ કહે છે? આહા...હા!

(શું કહે છે) જે જે પર્યાયનો ઉત્પાદ થાય છે તે થાય છે. એને તું કહે કે આ કેમ? એ કેમ, કેમ પણ? એ છે તે થાય છે. એ સમયનો અવસર તે જ તે વસ્તુ થવાની ઉત્પાદ. આહા...હા! ઓલો દાખલો નહીં? સોનાનો નહીં દાખલો આપ્યો છે : કે સોનાનો ઘડો હતો. જેને સોનું જોતું'તું એ ઘડો ભંગવે ને (સોનું મળે) રાગ થાય, અને જેને ઘડો જોતો' તો એ ઘડો ફૂટે એટલે દ્વેષ કરે અને જેને કટકા થાય કે ઘડો રહે પણ સોના ઉપર જ નજર છે તે રાગ–દ્વેષ કરે નહીં. છે ને...? 'ચિદ્‌વિલાસ' માં (ઉદાહરણ છે.) કો' આમાં સમજાય છે કે નહીં છોકરાંવ? એ...ઈ થોડું થોડું સમજાય ને થોડું થોડું! પ્રફુલ્લભાઈના દીકરાનો દીકરો ...(છે.)

આહા...હા...હા! **'સમજવાનું તો આ છે'. 'જેમને પાકો નિર્ણય થઈ જાય તે જ્ઞાતા–દ્રષ્ટા થઈ જાય.'** આહા...! થવાનું તે જ થાય ને એના કારણમાં સંહાર અને ધ્રુવ છે. એમાં કો'ક બીજો, બીજો કરે'શું ? બીજો આવીને આમ કર્યું ને આમ કર્યું એ પણ છે કયાં? બીજે મને માર્યો ને બીજે મને આમ કર્યું! આહા...હા! (આ સમજે તો) કેટલી કલ્પનાઓ જૂઠી થઈ જાય છે! **(શ્રોતા:)** તો મારે છે કોણ? **(ઉત્તર:)** ઈ મારે, કોણ' મારે? આહા...હા! પેલા છોકરાઓ કહેતા કે : મહારાજ કહે છે કે કોઈ કોઈનું (કાંઈ) કરી શકે નહીં. મારે ઓલાને પછી (કહે કે) મેં કયાં કર્યું છે! આહા...હા! અરે પ્રભુ! (આવું ઊંધું કયાં માર્યું) ઈ આંગળીઓ આમ વળે છે એ ઉત્પાદ છે અને તે પહેલાની અવસ્થાનો વ્યય થઈને આમ થાય છે એ આંગળીઓમાં ઉત્પાદ થયો એ ધ્રુવપણાને આશ્રયે વ્યતિરેક છે. અન્વયના આશ્રયે વ્યતિરેક છે. વ્યતિરેકો વિના અન્વય હોય નહીં. આહા...હા...હા! કોને મારે ને કોને હાથ (અડે!) આહા...હા! આવી ચીજ છે! સો થઈ.

વિશેષ કહેશે...

ॐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે ઉત્પાદાદિકનું દ્રવ્યથી અર્થાંતરપણું નષ્ટ કરે છે. (અર્થાત્ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય દ્રવ્યથી જુદા પદાર્થો નથી એમ સિદ્ધ કરે છે):–

**उप्पादट्ठिदिभंगा विज्जंते पज्जएसु पज्जाया ।**
**दव्वे हि संति णियदं तम्हा दव्वं हवदि सव्वं ॥१०१॥**

**उत्पादस्थितिभङ्गा विद्यन्ते पर्यायेषु पर्यायाः ।**
**द्रव्ये हि सन्ति नियतं तस्माद्द्रव्यं भवति सर्वम् ॥१०१॥**

**ઉત્પાદ તેમ જ ધ્રૌવ્ય ને સંહાર વર્તે પર્યયે,**
**ને પર્યયો દ્રવ્યે નિયમથી, સર્વ તેથી દ્રવ્ય છે. ૧૦૧.**

## ગાથા –૧૦૧

**અન્વયાર્થઃ–** (**उत्पादस्थितिभङ्गा**) ઉત્પાદ, સ્થિતિ અને ભંગ (**पर्यायेषु**) પર્યાયોમાં (**विद्यन्ते**) વર્તે છે; (**पर्यायाः**) પર્યાયો (**नियतं**) નિયમથી (**द्रव्ये हि सन्ति**) દ્રવ્યમાં હોય છે, (**तस्मात**) તેથી (**सर्वं**) (તે) બધુંય (**द्रव्यं भवति**) દ્રવ્ય છે.

**ટીકાઃ–** ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ખરેખર પર્યાયોને આલંબે છે અને તે પર્યાયો દ્રવ્યને આલંબે છે (અર્થાત્ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય પર્યાયોના આશ્રયે છે અને પર્યાયો દ્રવ્યના આશ્રયે છે); તેથી આ બધુંય એક જ દ્રવ્ય છે, દ્રવ્યાંતર નથી.

પ્રથમ તો દ્રવ્ય પર્યાયો વડે આલંબાય છે (અર્થાત્ પર્યાયો દ્રવ્યને આશ્રિત છે) કારણ કે *સમુદાયી સમુદાયસ્વરૂપ હોય છે; વૃક્ષની માફક. જેમ સમુદાયી વૃક્ષ સ્કંધ, મૂળ અને શાખાઓના સમુદાયસ્વરૂપ હોવાથી સ્કંધ, મૂળ અને શાખાઓથી આલંબિત જ ભાસે છે (જોવામાં આવે છે), તેમ સમુદાયી દ્રવ્ય પર્યાયોના સમુદાયસ્વરૂપ હોવાથી પર્યાયો વડે આલંબિત જ ભાસે છે (અર્થાત્ જેમ થડ, મૂળ અને ડાળીઓ વૃક્ષના આશ્રયે જ છે – વૃક્ષથી ભિન્નપદાર્થરૂપ નથી, તેમ પર્યાયો દ્રવ્યના આશ્રયે જ છે – દ્રવ્યથી ભિન્ન પદાર્થરૂપ નથી).

અને પર્યાયો ઉત્પાદ – વ્યય – ધ્રૌવ્ય વડે આલંબાય છે (અર્થાત્ ઉત્પાદ – વ્યય – ધ્રૌવ્ય પર્યાયોને આશ્રિત છે.) કારણ કે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય અંશોના ધર્મો છે (–[1]અંશીના ધર્મો નથી); બીજ, અંકુર અને વૃક્ષત્વની માફક. જેમ અંશી એવા વૃક્ષના બીજ–અંકુર–વૃક્ષત્વસ્વરૂપ ત્રણ અંશો

* સમુદાયી = સમુદાયવાળું, સમુદાયનું (જથ્થાનું) બનેલું. (દ્રવ્ય સમુદાયી છે કારણ કે પર્યાયોના સમુદાયસ્વરૂપ છે)
૧. અંશી = અંશોવાળું; અંશોનું બનેલું. (દ્રવ્ય અંશી છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભંગ–ઉત્પાદ–ધ્રૌવ્યસ્વરૂપ નિજ ધર્મો વડે આલંબિત એકીસાથે જ ભાસે છે, તેમ અંશી એવા દ્રવ્યના નષ્ટ થતો ભાવ, ઊપજતો ભાવ અને અવસ્થિત રહેતો ભાવ એ ત્રણ અંશો ભંગ–ઉત્પાદ–ધ્રૌવ્યસ્વરૂપ નિજ ધર્મો વડે આલંબિત એકીસાથે જ ભાસે છે.

પરંતુ જો (ભંગ – ઉત્પાદ – ધ્રૌવ્ય અંશોનાં નહિ માનતાં) (૧) ભંગ, (૨) ઉત્પાદ અને (૩) ધ્રૌવ્ય દ્રવ્યનાં જ માનવામાં આવે, તો બધુંય [1]વિપ્લવ પામે. તે આ પ્રમાણે : (૧) પ્રથમ, જો દ્રવ્યનો જ ભંગ માનવામાં આવે તો [2]ક્ષણભંગથી લક્ષિત સર્વ દ્રવ્યોનો એક ક્ષણમાં જ સંહાર થવાથી દ્રવ્યશૂન્યતા આવે અથવા સત્‌નો ઉચ્છેદ થાય. (૨) જો દ્રવ્યનો જ ઉત્પાદ માનવામાં આવે તો સમયે સમયે થતા ઉત્પાદ વડે ચિહ્નિત એવાં દ્રવ્યોને પ્રત્યેકને અનંતપણું આવે (અર્થાત્ સમયે સમયે થતો ઉત્પાદ જેનું ચિહ્ન હોય એવું દરેક દ્રવ્ય અનંતદ્રવ્યપણું પામે) અથવા અસત્‌નો ઉત્પાદ થાય (૩) જો દ્રવ્યનું જ ધ્રૌવ્ય માનવામાં આવે તો ક્રમે થતા ભાવોના અભાવને લીધે દ્રવ્યનો અભાવ આવે અથવા ક્ષણિકપણું થાય.

માટે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય વડે પર્યાયો આલંબિત હો અને પર્યાયો વડે દ્રવ્ય આલંબિત હો કે જેથી આ બધુંય એક જ દ્રવ્ય હોય.

**ભાવાર્થ :–** બીજ, અંકુર અને વૃક્ષત્વ એ વૃક્ષના અંશો છે. બીજનો નાશ, અંકુરનો ઉત્પાદ અને વૃક્ષત્વનું ધ્રૌવ્ય (ધ્રુવપણું) ત્રણે એકીસાથે છે. આ રીતે નાશ બીજને આશ્રિત છે. ઉત્પાદ અંકુરને આશ્રિત છે અને ધ્રૌવ્ય વૃક્ષત્વને આશ્રિત છે; નાશ–ઉત્પાદ–ધ્રૌવ્ય બીજ–અંકુર–વૃક્ષત્વથી ભિન્ન પદાર્થરૂપ નથી. વળી બીજ–અંકુર–વૃક્ષત્વ પણ વૃક્ષથી ભિન્ન પદાર્થરૂપ નથી, માટે આ બધાંય, એક વૃક્ષ જ છે. એ જ પ્રમાણે નષ્ટ થતો ભાવ, ઊપજતો ભાવ અને ટકતો ભાવ એ દ્રવ્યના અંશો છે. નષ્ટ થતા ભાવનો નાશ, ઊપજતા ભાવનો ઉત્પાદ અને ટકતા ભાવનું ધ્રૌવ્ય એકીસાથે છે. આ રીતે નાશ નષ્ટ થતા ભાવને આશ્રિત છે, ઉત્પાદ ઊપજતા ભાવને આશ્રિત છે અને ધ્રૌવ્ય ટકતા ભાવને આશ્રિત છે; નાશ–ઉત્પાદ–ધ્રૌવ્ય તે ભાવોથી ભિન્ન પદાર્થરૂપ નથી. વળી તે ભાવો પણ દ્રવ્યથી ભિન્ન પદાર્થરૂપ નથી. માટે આ બધાંય, એક દ્રવ્ય જ છે. ૧૦૧.

---

૧. વિપ્લવ = અંધાધૂંધી, ઊથલપાથલ; ગોટાળો; વિરોધ.
૨. ક્ષણભંગથી લક્ષિત = ક્ષણવિનાશ જેમનું લક્ષણ હોય એવાં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચનઃ તા. ૧૯–૬–૭૯.

('પ્રવચનસાર'. ૧૦૧ ગાથા.)

**"હવે ઉત્પાદાદિકનું દ્રવ્યથી અર્થાંતરપણું નષ્ટ કરે છે."** દ્રવ્યથી એ ઉત્પાદ, વ્યય જુદા છે એમ નથી. (વળી) દ્રવ્યથી એ ઉત્પાદવ્યય જુદા છે એમ નથી. **"(અર્થાત્ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય દ્રવ્યથી જુદા પદાર્થો નથી એમ સિદ્ધ કરે છે.)"** ઉત્પાદ–વ્યય–ધ્રુવનું દ્રવ્યથી અર્થાંતરપણું (નષ્ટ કરે છે) અર્થાંતર એટલે અનેરો. અર્થાત્ ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય દ્રવ્યથી જુદા પદાર્થો નથી એમ સિદ્ધ કરે છે. ગાથા બહુ સારી છે હો ! બધી એકસો એક ને બે ને...!

**उप्पादट्ठिदिभंगा विज्जंते पज्जएसु पज्जाया ।**
**दव्वे हि संति णियदं तम्हा दव्वं हवदि सव्वं ॥१०१॥**

**ઉત્પાદ તેમજ ધ્રૌવ્ય ને સંહાર વર્તે પર્યયે,**
**ને પર્યયો દ્રવ્યે નિયમથી, સર્વ તેથી દ્રવ્ય છે.૧૦૧.** ઓહોહોહો!

જયાં જયાં જે દ્રવ્યો છે તેમાં ઉત્પન્ન જે પર્યાયો છે. અને વ્યય છે ને ધ્રુવ(છે.) આહા...હા! તે બધું દ્રવ્ય છે. તે બધું, તે' દ્રવ્ય છે. એમાં ઉત્પાદ ને વ્યયમાં બીજું દ્રવ્ય નથી. આહા..હા..હા? છે! (પાઠમાં) ઉત્પાદ, વ્યય ને ધ્રુવ દ્રવ્યથી જુદા નથી. **"ઉત્પાદ તેમજ ધ્રૌવ્ય ને સંહાર વર્તે પર્યયે."** પર્યાયે વર્તે છે. (ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય) **ને પર્યયો દ્રવ્યે નિયમથી, સર્વ તેથી દ્રવ્ય છે!**

## તા. ૨૦–૬–૭૯.

'પ્રવચનસાર' ૧૦૧ ગાથા. **"હવે ઉત્પાદાદિકનું દ્રવ્યથી અર્થાંતરપણું નષ્ટ કરે છે (અર્થાત્ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય દ્રવ્યથી જુદા પદાર્થો નથી એમ સિદ્ધ કરે છે.)" (શ્રોતાઃ)** હોય એ નષ્ટ થાય કે નો હોય એનો નાશ થાય? **(ઉત્તરઃ)** નથી કેમ? અર્થાંતરપણું નષ્ટ કરે છે (એટલે) જુદું છે નહીં એમ કહે છે. ઉત્પાદ–વ્યયને ધ્રુવ દ્રવ્યથી જુદા નથી. ત્રણ પર્યાય છે પણ ત્રણ પર્યાયનું સ્વરૂપ એક દ્રવ્ય છે. અ..હા..હા! ઈ અહીંયાં સિદ્ધ કરવું છે. પ્રમાણનું દ્રવ્ય સિદ્ધ કરવું છે. નિશ્ચયનયના દ્રવ્યની વાત અહીંયાં કયાં છે? અને તે કહ્યું ને અહીંયાં 'તત્ત્વાર્થસૂત્રમાં' '**उत्पादव्यय-ध्रौव्ययुक्तम् सत्**' ધ્રુવ નથી કીધું. ધ્રૌવ્ય (એટલે) ભાવપણું. ઉત્પાદ–વ્યય ને ધ્રુવયુકતં સત્ નથી કીધું પણ उत्पादव्ययध्रौव्ययुक्तं सत् એમ કીધું છે. અહીંયાં (ધ્રૌવ્યને બદલે) સ્થિતિ શબ્દ પણ લ્યે છે. પણ સ્થિતિનો એક અંશ લ્યે છે બહાર. કેમકે ઉત્પાદ–વ્યય ને સ્થિતિ એક સમયની છે. ઓલી ઉત્પાદ–વ્યય ને સ્થિતિ એકસમયની છે. અને આ કાયમની સ્થિતિ એ અપેક્ષાએ એને ઉત્પાદ–સૃષ્ટિ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભંગ–વ્યય એટલે ભંગ અને ધ્રૌવ્ય એટલે ધ્રુવપણું. ત્રણ થઈને દ્રવ્ય છે. આહા...હા! આવી વાત છે! આ 'પ્રવચનસાર' મૂળ પદાર્થની વ્યવસ્થા, સર્વજ્ઞ ભગવાને જોઈ તે રીતે કહે છે. એ રીતે લઈએ. આહા...હા!

અહીંયાં કહે છે જુઓ, **"ઉત્પાદાદિકનું દ્રવ્યથી"** (એટલે) ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એનું દ્રવ્યથી અર્થાંતરપણું એટલે અનેરાપણું, છે નહીં (તેથી) નષ્ટ કરે છે. **(અર્થાત્ ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય"**. જોયું? ધ્રુવ શબ્દ નથી લીધો. ધ્રૌવ્ય (લીધો છે.) અને સંસ્કૃતમાં તત્ત્વાર્થસૂત્રમાં પણ ધ્રૌવ્ય છે. **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्** લીધું છે. ધ્રુવયુક્તં સત્ એમ નથી લીધું. અહીં ભાવપણું લેવું છે ને...! એથી ध्रौव्ययुक्तं सत् એમ છે. આહા...હા! **"ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય દ્રવ્યથી જુદા પદાર્થો નથી."** આહા...હા! ભગવાન આત્મા, તે દ્રવ્ય–વસ્તુ (છે.) અને એમાં ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્યપણું વસ્તુથી જુદા નથી. ઈ વસ્તુસ્વરૂપ જ છે. ઈ ત્રણ પર્યાય છે ઈ પર્યાયને આશ્રયે દ્રવ્ય, અને ત્રણે પર્યાય દ્રવ્યને આશ્રયે છે. લ્યો! ઠીક! સવારે એમ (આવ્યું) હતું કે, જ્ઞાનની ક્રિયાને આશ્રયે આત્મા છે. આહા! સવારે એ આવ્યું'તું. જ્ઞાનની ક્રિયાને આશ્રયે (આત્મા છે.) એનો અર્થ ઈ કેઃ અહીંયાં પરિણતિ થઈ શુદ્ધ ચૈતન્યની, એના આશ્રયે જણાણો ઈ. (આત્મા) એટલે એને આધારે થયું (એમ) કીધું. અહીંયાં એનું એમ નથી અહીંયાં તો વસ્તુસ્થિતિ સિદ્ધ કરવી છે. અને ત્યાં તો 'સંવર' નો અધિકાર હતો ને...! થોડો ફેર શબ્દમાં (પડી જાય તો) ઘણો (અર્થ બદલી જાય!) વળી વાણીને તો મિથ્યા કહે! આહા...હા! આ તો અનંત તીર્થંકરો, કેવળીઓ(એ) જે સ્વરૂપ કહ્યું છે ઈ રીતે એને જાણે, ઈ આવી ગ્યું ને અંદર. 'જે ન માને' આવી ગયું પહેલાં. (ગાથા) ૯૮. (જુઓ,) અઠાણું.

**दव्वं सहावसिद्धं सदिति जिणा तच्चदो समक्खादा । सिद्धं तध आगमदो णेच्छदि जो सो हि परसमओ** [અન્વયાર્થઃ– દ્રવ્ય સ્વભાવથી સિદ્ધ અને (સ્વભાવથી જા 'સત્' છે એમ જિનોએ તત્ત્વતઃ કહ્યું છે; એ પ્રમાણે આગમ દ્વારા સિદ્ધ છે; જે ન માને તે ખરેખર પરસમય છે.] પરસમય મિથ્યાદૃષ્ટિ છે. આહા...હા! અઠાણું–અઠાણું ગાથા (છે.) અઠાણુ ગાથા. છે કે નહીં? જે રીતે વસ્તુ છે એ રીતે જે ન માને તે પરસમય છે, મિથ્યાદૃષ્ટિ છે. અહીંયાં એમ કહે છે. આહા...હા!

અહીંયાં તો (કહે છે) ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય ત્રણેય એકસમયમાં છે. ઉત્પાદનો સમય, ભંગપણાનો સમય અને ધ્રૌવ્યપણાનો સમય એ એકજ સમયે ત્રણે છે. એથી આ ત્રણ એમ લેશે (જુઓ! **"એમ સિદ્ધ કરે છે)**:– **उप्पादट्ठिदि** ઓલો ધ્રૌવ્યનો સ્થિતિ શબ્દ આપ્યો. **उप्पादट्ठिदिभंगा विज्जंते पज्जाएसु पज्जाया** એ પર્યાયના ભેદ છે. આહા...હા...હા! ત્રણ પડયા ને...! ઉત્પાદ – સ્વસંવેદનથી જણાણો, અસંવેદનનો વ્યય થ્યો, ધ્રૌવ્યપણામાં ઈ ટકી રહ્યું! ઈ ત્રણેય પર્યાયો, તેના પર્યાયથી જણાણો'. જણાણો તે શું? તે દ્રવ્ય. આહા...હા! આવી વાત છે! (**दव्वेहि संति णियदं तम्हा दव्वं हवदि सव्वं**) નીચે. (હરિ ગીત)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉત્પાદ તેમજ ધ્રૌવ્યને સંહાર વર્તે પર્યયે,**
**ને પર્યયો દ્રવ્ય નિયમથી, સર્વ તેથી દ્રવ્ય છે.**

અહીં તો ભઈ મારગ એવો, વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એનું કહેલું તત્ત્વ! કયાંય બીજે છે નહીં. એ આકરું પડે જગતને! અભ્યાસ વિના! આહા...હા! અને રીતે (સમજે કે) જે રીતે છે તે રીતે ન માને ઈ મિથ્યાદૃષ્ટિ છે એમ પહેલાં કહ્યું. આવ્યુંને (ગાથા) ૯૮ માં છે ને...! અઠાણું ગાથા! આહા...હા! ઉત્પાદ–વ્યય, એક જ સમયમાં ઉત્પાદ ને વ્યય, વિરુદ્ધભાવ. અને તેમાં જે સ્થિતિ એ તેનાથી વિરુદ્ધ ભાવ!! ટકી રહેવું!! આહા...હા...હા! આ (ઉત્પાદ વ્યય) એક સમય રહે અને આ (ધ્રૌવ્ય) ટકી રહે. છતાં ટકી રહેવું – ધ્રૌવ્યપણું એકસમય છે. પછી ત્રણનો સમુદાય તે દ્રવ્ય (કીધું.) આહા...હા! (વસ્તુ સ્થિતિ) એમ છે. અરે રે! આવું સાંભળવા, નવરાશ મળે નહીં એને! સમ્યગ્દર્શન થવામાં, જે ભગવાને તત્ત્વો કહ્યાં, તે રીતે તત્ત્વોને ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યવાળાં માને, ત્યારે તેને ઉત્પાદ થઈ એવી જે સમ્યગ્દર્શનપર્યાય, મિથ્યાત્વ (પહેલી પર્યાયમાં હતો) તેનો વ્યય, અને સદૃશપણું જે છે – ધ્રુવ – (ધ્રૌવ્યપણું ધ્રુવનું ધ્રૌવ્યપણું રહેવું ઈ (એક સમયમાં ત્રણે છે) ઈ ત્રણે મળીને પછી દ્રવ્ય છે. એનો અર્થ : કે એના ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય માટે બીજા દ્રવ્યની જરૂર નથી. આહા...હા! આત્માના ધરમની પર્યાયના ઉત્પાદ માટે, અને અધરમની પર્યાયના વ્યય માટે અને તે ચીજની – ધ્રુવનું – ટકવા માટે પરની કોઈ અપેક્ષા છે નહીં. આહા...હા! આવી ધરમની રીત! એ કહે છે (અહીંયાં).

**ટીકા:– "ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય."** જોયું? 'ધ્રૌવ્ય' આહા...! **"ખરેખર પર્યાયોને આલંબે છે."** શું કહે છે? આહા...! ઊપજવું = સ્વસંવેદન સમ્યગ્દર્શનની પર્યાય ઊપજવી, અને મિથ્યાદર્શનપર્યાયનો વ્યય, અને ધ્રૌવ્યપણું. ઈ ત્રણ પર્યાયને અવલંબે છે ઈ ત્રણ પર્યાય છે, ત્રણ ભેદ છે. આહા...હા! સમજાય છે કાંઈ? કોને આ પડી (છે) કે અંદર વસ્તુસ્થિતિ શું છે? લોઢાની (વસ્તુસ્થિતિ) નકકી કરવી ત્યાં! **(શ્રોતા:)** ધંધો છે ને એનો... **(ઉત્તર:)** ઈ એનું કરે, વકીલ વકીલાતનું કરે. આ તો મોટાનો દાખલો અપાય છે. (બાકી બધાનું એમ છે.) આહા...હા! આ સર્વજ્ઞપરમાત્મા! એક ન્યાય ફરે તો આખું તત્ત્વ વિરુદ્ધ થઈ જાય! ઉત્પાદ વિનાનું દ્રવ્ય એકલું માને તો પણ (તે) મિથ્યાદૃષ્ટિ થઈ જાય. વ્યય વિનાનું દ્રવ્ય એકલું માને તો પણ મિથ્યાદૃષ્ટિ થઈ જાય, અને ઉત્પાદવ્યય ન માને અને ધ્રુવને જ માને તો તે મિથ્યા– દૃષ્ટિ છે. આહા...હા! **(શ્રોતા:)** (ત્રણમાંથી) એકને ન માનો તો ૧/૩ સાચો ૨/૩ ખોટો એમ માને તો...! **(ઉત્તર:)** એકે એક ખોટું બધું ખોટું. આહા...હા! ભાઈ! આવું છે પ્રભુ! શું થાય? આહા...હા...હા!

(કહે છે) એક ઉત્પાદની પર્યાય છે. એને નથી એમ માને, અને એકલું ધ્રુવ જ છે એમ માને, તે મિથ્યાદૃષ્ટિ છે. એકલો વ્યય માને, ઉત્પાદ વિના વ્યય હોય નહીં (છતાં એકલો વ્યય માને) તે, મિથ્યાદૃષ્ટિ છે. નાસ્તિક થઈ ગ્યો તે નાસ્તિક છે. અને એકલું ઉત્પાદ, વ્યય (એ) બે ને જ માને, અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ટકતું – સ્થિતિ વાળું ધ્રુવ(નું) ધ્રૌવ્યપણું ન માને, તો મિથ્યાદૃષ્ટિ છે. ઈ કહી ગ્યાને (ગાથા) અઠાણુંમાં! આહા,..હા! અઠાણું ગાથામાં છે એ! અરે ઝીણું છે બાપા! મારગ આ (ઝીણો છે!) આ તો જરી ધ્રૌવ્યને ધ્રુવને સાટે (બન્નેનો ભેદ બતાવીને) તત્ત્વાર્થસૂત્ર જેવું કર્યું! આ તત્ત્વાર્થસૂત્રમાં જે લીધું છે ઉત્પાદવ્યયને ધ્રુવયુકતં સત્ નથી લીધું. સમજાણું? 'તત્ત્વાર્થસૂત્ર' (અધ્યાય) પાંચમામાં છે ને? પાંચમો (જુઓ,) **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्** મૂળ પાઠ છે. (અ.પ.સૂત્ર–૩૦) પહેલું ઈ છે કે **सद् द्रव्यलक्षणम्** (અ.પ. સૂત્ર–૨૯), દ્રવ્યનું 'સત્' હોવાપણું એ લક્ષણ – એક વાત – સૂતરું છે આ. ઉમાસ્વાતિ (તત્ત્વાર્થસૂત્રના કર્તા) પજુસણમાં રોજ અહીંયાં વંચાય છે. **(શ્રોતાઃ)** વાંચનારને ય ખબર નહીં **(ઉત્તરઃ)** વાંચનારને ય ખબર ન મળે, હાંકે! આ તો એક એક ન્યાયના અર્થમાં ફેર (શું છે તેનો ખુલાસો થાય છે.)

અહીંયાં કહે છે (અધ્યાય–પ) નું ઓગણત્રીસમું સૂતરું છે. '**सद् द्रव्यलक्षणम्**' કે સત્ દ્રવ્ય લક્ષણ. 'સત્' શું ? ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય તે સત્ ઉત્પાદવ્યયધ્રુવયુકતં નહીં. ધ્રૌવ્ય યુકતં સત્ એમ (સૂત્રમાં કહ્યું છે.) (ધ્રૌવ્ય) પણું આહા...હા! ઈ કયાં'ક વચમાં છે, આવે છે. ધ્રુવનું ધ્રૌવ્યપણું કીધું (છે.) ઈ કયાં'ક વાંચ્યું છે કે એનો ભાવ લેવો એનો ઈ કયાં'ક વાંચ્યુ છે પણ યાદ... આ તો (ધ્રૌવ્ય) એટલે પણું આ જ જોયું (તે.) (અહીંયાં) ઉત્પાદવ્યયધ્રુવયુકતં સત્ નથી કહ્યું પણ ધ્રૌવ્ય (યુકતં સત્ કહ્યું છે.) ધ્રૌવ્ય (કહ્યું છે.) આહા...હા! આ એવી વાત છે લ્યો! આ તો વીતરાગ મારગ છે. (ગાથા–૯૮માં) પહેલું કહ્યું એ રીતે એને જાણવું જોઈએ ને...! આહા...! એનાથી કંઈ પણ વિરુદ્ધ થાય તો આખા તત્ત્વનો વિરોધ થઈ જાય છે! આહા...હા! પછી સદ્ પદ ભાવ એ નિમિત્ત કીધું સદ્ભાવ નાશ ન થાય એને નિમિત્ત કહેવાય છે. પાંચમા અધ્યાયમાં (તત્ત્વાર્થસૂત્ર) માં છે. પાંચમાનું ૨૯મું અને 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુકતં સત્' ત્રીસમું (છે.) 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુકતં સત્' ઈ અહીંયાં છે.

(કહે છે કેઃ) વિચાર શું આવ્યો? ત્રણેય પર્યાય કીધી'તી ને..! ભાઈ, સમજાણું? ત્રણે પર્યાય કીધીને અહીંયાં? ઈ (એક) વિચાર આવ્યો! ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય (તે) પર્યાયને અવલંબે છે. ઈ ત્રણે ય પર્યાયો છે. આહા...! ભેદ છે! આખું દ્રવ્ય નથી. આહા...હા...હા! **"ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ખરેખર પર્યાયોને આલંબે છે અને તે પર્યાયો દ્રવ્યને આલંબે છે."** આહા...હા! સમજાય છે? આહા...હા...હા! ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય પર્યાયને આશ્રયે છે. **"(અર્થાત્ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય પર્યાયોના આશ્રયે છે."** અવલંબેનો અર્થ આશ્રયે કર્યો. **"અને પર્યાયો દ્રવ્યના આશ્રયે છે."** ઠીક! સવારમાં એમ કહ્યું'તું પર્યાયના આશ્રયે દ્રવ્ય છે 'ઉપયોગમાં ઉપયોગ છે' જાણનક્રિયા – જાણન, જાણન, જાણન, શ્રદ્ધા એ નિર્મળ પરિણતિ, એનાથી જણાણો (આત્મા) માટે, આધારથી જણાયો માટે ઈ આધારના (આશ્રયે) આધેય (છે.) અહીંયાં કીધું દ્રવ્યના આશ્રયે (પર્યાયો છે.) આહા...હા! **'જયાં જયાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ' (આત્મસિદ્ધિ, શ્રીમદ્‌રાજચંદ્ર)** એક એક સ્થિતિ (જેમ છે તેમ સમજવી જોઈએ.) દેવીલાલજી! આવી વાત છે! આહા...હા! થોડું પણ એણે સત્ય હોવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જોઈએ! કેમકે પરમાત્મા સર્વજ્ઞ(ના) પ્રવચનમાં આવ્યું છે ધ્રુવમાં! દિવ્યધ્વનિમાં! એ 'આ' છે (તત્ત્વ સ્થિતિ!) આહા...હા! દિવ્યધ્વનિ ને પરમાત્માને વિસરાવી દીધા છે એવી શૈલી છે! (આ પ્રવચનસારમાં એવી સીધી વાત છે! (જાણે કે) પરમાત્મા જ કહેતા હોય ને! આહા...હા! સત્યની જગતને પ્રસિદ્ધિ કરે છે ! (કહે છે) પ્રભુ, એકવાર સાંભળ!

કે : દરેક દ્રવ્યમાં જે ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય છે એ ત્રણ પર્યાયના આશ્રય છે. પર્યાયને અવલંબે છે તેથી પર્યાયના આશ્રયે છે. ધ્રૌવ્ય પણ પર્યાયના આશ્રયે છે. ઉત્પાદ, વ્યય એ તો પર્યાયના આશ્રયે (કીધા) એ તો ઠીક! પણ ધ્રૌવ્યપણાનો ભાવ કીધો એ પણ પર્યાયના આશ્રયે છે. આહા...હા...હા...હા! સમજાણું ? અને પર્યાયો – એ જે ધ્રૌવ્ય પર્યાય લીધી'તી – ઉત્પાદ વ્યય તો પર્યાય છે જ તે પણ ભેદ જે ધ્રૌવ્ય લીધો ઈ **'પર્યાયો દ્રવ્યના આશ્રયે છે.'** ઈ ત્રણપણાનું એકરૂપ દ્રવ્ય, તે દ્રવ્યના આશ્રયે છે. આહા...હા! ધ્રૌવ્યપણું પણ દ્રવ્યના આશ્રયે છે. ઉત્પાદવ્યયપણું પણ દ્રવ્યના આશ્રયે છે. સમજાય છે કાંઈ? ઈ તો અધિકાર ચાલતો હોય ત્યારે આવે ને... એનો વિસ્તાર! **'પર્યાયો દ્રવ્યના આશ્રયે છે; તેથી આ બધુંય એક જ દ્રવ્ય (ના આશ્રયે) છે.** ઈ ઉત્પાદ –વ્યય ને ધ્રૌવ્ય પર્યાયો, ભેદ (ત્રણ) પર્યાયો દ્રવ્યના આશ્રયે છે. એ બધુંય એક જ દ્રવ્ય છે. ત્રણ થઈને આખું એક જ દ્રવ્ય છે. અહીંયાં પ્રમાણનું દ્રવ્ય સિદ્ધ કરવું છે. અથવા વસ્તુ આખી (જે) છે એને (અહીંયાં) સિદ્ધ કરવું છે. નિશ્ચયનયનું દ્રવ્ય, એ તો એકલું ધ્રુવ (છે.) આહા...હા! નિશ્ચયનય (એટલે) ભૂતાર્થ, ભૂતાર્થ, એટલે ધ્રુવ (દ્રવ્ય), એ (દ્રવ્ય) એક નયનો વિષય છે. અને આમ તો ધ્રૌવ્ય અને ઉત્પાદ–વ્યય (એ) ત્રણ પર્યાયો થઈને દ્રવ્ય (કેમ કે) ઈ પર્યાયો દ્રવ્યના આશ્રયે (છે.) તેથી અહીંયાં પ્રમાણનો વિષય (–દ્રવ્ય) સિદ્ધ કરવો છે. આહા...હા...હા! ઝીણું લાગશે, પણ મારગ, તો હોય તે ઈ આવે ને...બીજું શું આવે! ચાલતી પ્રથાથી ભિન્ન લાગે, આહા...હા! સવારમાં તો, (બીજો વિષય ચાલે છે.) અહીંયાં આ તો પર્યાયો વિકારી કે અવિકારી બધી અહીંયાં લેવી. પર્યાયો વિકારી કે અવિકારી, ઉત્પાદ–વ્યયવાળી અને ધ્રૌવ્ય તે અંશ છે. અને અહીંયાં એ ત્રણ થઈને દ્રવ્ય છે. અને સવારમાં તો એમ કહ્યું નિર્મળપર્યાયના આશ્રયે દ્રવ્ય છે. આહા...હા! અહીંયાં તો વિકારી–અવિકારી પર્યાય અને ધ્રૌવ્ય, ત્રણેય પર્યાયના આશ્રયે છે, પર્યાય ત્રણેય દ્રવ્યને આશ્રયે છે, એ દ્રવ્યથી ત્રણે ય કંઈ જુદા નથી. **(શ્રોતાઃ)** સવારે પર્યાયના આશ્રયે દ્રવ્ય કહ્યું અને અત્યારે દ્રવ્યને આશ્રયે પર્યાયો કહી...! **(ઉત્તરઃ)** એ કઈ અપેક્ષાએ (કીધું) ઈ જાણ્યા વિના (અપેક્ષા જાણ્યા વિના એમ લાગે) ફાવાભાઈ કહેતા'તા સવારે કંઈ'ક બીજું આવે, બપોરે બીજું! મગજ ન માને બિચારાને ફાવાભાઈને, પૈસા થઈ ગ્યા ખૂબ છોકરાંને કરોડ રૂપિયા લ્યો! સૂરતમાં, ફાવાભાઈનો દીકરો એક, પહેલી સ્થિતિ સાધારણ – બુદ્ધિ બેયની સાધારણ, બધી સમજવા જેવી, પણ પૈસા મળે એ કંઈ બુદ્ધિનું કારણ નથી. કે બહુ બુદ્ધિ (છે ને) વ્યવસાય બુદ્ધિનો કર્યો ને પૈસા આવે છે વધારે, એમ છે? હશે? તો તો તમારા બીજા બે ભાઈઓ પાસે કેમ પૈસા નથી? તમારી પાસે આ પૈસા આવ્યા તે બુદ્ધિના કારણે લ્યો! **(શ્રોતાઃ)** પૈસા તો પૈસામાં છે એની પાસે મમતા છે..! **(ઉત્તરઃ)** આ તો દાખલો (તમારો) બધાને, ઘણાને એમ છે ને...! આહા...હા!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(કહે છે કે:) **"પર્યાયો દ્રવ્યના આશ્રયે છે."** પર્યાયોની સિદ્ધિ દ્રવ્યને આશ્રયે છે. આહા...હા! એકપણું પર્યાયનું પ્રગટ ઉત્પાદ છે એના વિનાનું એકલું દ્રવ્ય માને, તો તે મિથ્યાદૃષ્ટિ છે. એકલો વ્યય થઈને વ્યયને જ માને અને તે કાળે ઉત્પાદ થયો છે ને ધ્રૌવ્ય છે એમ ન માને તે મિથ્યાદૃષ્ટિ છે. ઉત્પાદ–વ્યય એકલાને માને, બૌદ્ધ (એમ માને છે) બૌદ્ધ ઉત્પાદ–વ્યય એકલાને માને તે મિથ્યાદૃષ્ટિ છે. અને વેદાંતી એકલા ધ્રુવને (કૂટસ્થને) માને, ધ્રુવ એકલું ધ્રુવ (ઉત્પાદવ્યય વિનાનું) માને છે (તેથી) એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહા...હા! હવે (કહે છે) **"તેથી આ બધુંય એક જ દ્રવ્ય છે, દ્રવ્યાંતર નથી."** અનેરું દ્રવ્ય નથી, ઉત્પાદ–વ્યય અનેરો નથી, ધ્રૌવ્ય અનેરું નથી. (એ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય) દ્રવ્યાંતર નથી. (એ બધુંય એક જ દ્રવ્ય છે.) કો' સમજાય છે? ભાષા આ તો સાદી છે! આહા...હા! એક એક વાતમાં કેટલું ભર્યું છે!! ગંભીરતાનો પાર ન મળે !! અરે...રે !

(કહે છે) આહા...! સ્વસંવેદન જ્ઞાનની ઉત્પત્તિ એ પર્યાય છે, અને અસંવેદન – મિથ્યાત્વની પર્યાય, એ પણ પર્યાય છે પણ તેનો વ્યય છે. આહા...હા! અસ્તિપણે તો એક જ પર્યાય હોય. અને વ્યયની અપેક્ષાએ – નાસ્તિપણે (વ્યયને) પણ પર્યાય ગણી. દરેક દ્રવ્યને અસ્તિ છે પણ એ તો એક જ ઉત્પાદ હોય. પર્યાય અપેક્ષાએ (ની વાત છે.) વ્યયની અપેક્ષાએ પર્યાય (કીધી) પણ અભાવ કરી નાખ્યો. અને ટકતું છે એ પણ – એ પણ ભાવરૂપ છે, અને એને પર્યાય કીધી એ ત્રણેય પર્યાયો, ત્રણેય પર્યાયને (ભેદને) આશ્રયે છે. આહા...હા! અને ત્રણે પર્યાયો (ત્રણ ભેદ) દ્રવ્યના આશ્રયે છે. આહા...હા! આવું છે એમાં એક પણ પર્યાયને ન માને (તો) દ્રવ્યના આશ્રયે ત્રણ સિદ્ધ ન થાય અને તો તો દ્રવ્ય જ સિદ્ધ થતું નથી. આહા...હા! (પંડિતજી!) આવું ઝીણું છે! (કેટલા'ક બોલે છે ને...) આવો તો ધરમ કયાંથી કાઢયો? ઈ કરતાં' તો દયા પાળવી ને (એવો ધરમ સહેલો સટ હતો!) પણ વસ્તુ (આત્મા) બાપુ! ઘણી ઝીણી વસ્તુ છે!! (તેનું) ભાવમાં ભાસન ન થાય તો ત્યાં ઠરી શી રીતે શકશે ? આહા...હા! વાત સમજાય છે ને?! જેવી રીતે વસ્તુની મર્યાદા છે તે રીતે ઉત્પાદ – વ્યય ને ધ્રૌવ્ય (સ્વરૂપ દ્રવ્ય) ને માનવાનો ભાવ છે તે ભાવમાં લીધા વિના શી રીતે ઠરશે ? એક પર્યાય (જે) ઉત્પન્ન છે તે ધ્રુવમાં ઠરે. એટલે કે તેની સન્મુખ થાય. આહા...હા!(ઠરે એમ કીધું) છતાં એ પર્યાય પર્યાયપણે રહીને ઉત્પન્ન થયેલી છે. પર્યાય ધ્રુવમાં ભળી ગઈ નથી. કારણ કે (અહીંયાં) ત્રણ પ્રકાર સિદ્ધ કરવા છે ને...! (અથવા) પર્યાયના ત્રણ પ્રકાર કહેવા છે. પછી તો એ પર્યાય દ્રવ્યને અડી નથી એમ લેવું છે. બે વાત લેવી.

(અહીંયાં કહે છે કે:) **"પ્રથમ તો"** છે? (પાઠમાં) આહા...હા! **"દ્રવ્ય પર્યાયો વડે આલંબાય છે." (અર્થાત્ પર્યાયો દ્રવ્યને આશ્રિત છે.)** ત્રણે ઉત્પાદ – વ્યયને ધ્રૌવ્ય એકલા નથી, કહે છે. અને તે પર્યાયો દ્રવ્યને આશ્રિત છે. આહા...હા! ઈ ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય પર્યાયને આશ્રયે છે ને તે પર્યાયો દ્રવ્યને આશ્રિત છે. તેથી આ બધુંય – ત્રણ થઈને – એક જ દ્રવ્ય છે. દ્રવ્યાંતર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. ઉત્પાદ નામ નવો આવ્યો માટે અનેરો છે જેવા કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કે કેવળજ્ઞાન ને અનેરા છે એમ નથી. અને (ત્યારે) મિથ્યાત્વનો વ્યય થઈ જાય, તેથી તે કંઈ દ્રવ્યથી ભિન્ન – દ્રવ્ય સિવાય થાય એમ નથી. એ તો એકદમ (એકસાથ) ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય (છે.) તે ટકતા દ્રવ્યને આશ્રયે છે. એટલે કે જાણે ઈ અનેરા દ્રવ્ય હશે, ઉત્પાદ–વ્યય અનેરાં દ્રવ્ય હશે (એમ' નથી) આહા...હા! (તેથી) **"આ બધુંય એક જ દ્રવ્ય છે"** ઈ એક જ છે ને? ઓલામાં (ટીકામાં) પહેલાં આમ હતું ને...? "ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય ખરેખર પર્યાયોને આલંબે છે." એમ અહીંયાં ખરેખર એક જ દ્રવ્ય છે. (શું કહે છે ટીકામાં જુઓ,) **"ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ખરેખર પર્યાયોને આલંબે છે અને તે પર્યાયો દ્રવ્યને આલંબે છે (અર્થાત્ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય પર્યાયોના આશ્રયે છે અને પર્યાયો દ્રવ્યના આશ્રયે છે); તેથી આ બધુંય એક જ દ્રવ્ય છે, દ્રવ્યાંતર નથી."**

(કહે છે કે:) ભગવાન આત્મા! એની સ્વસંવેદનની પર્યાય (જે) ઉત્પન્ન થઈ, એની જે જાત છે સમ્યક્જ્ઞાનદર્શનઆનંદ, એના વેદનથી ઊપજી. ઉત્પાદ વ્યય છે છતાં, ધ્રૌવ્ય, ધ્રૌવ્યપણે રહે. આહા...હા! અને એ ઉત્પન્ન થઈ છતાં પૂર્વની પર્યાયો જે વિકારની હતી – મિથ્યાત્વની હતી, એ અસ્તિપણે (પૂર્વે) હતી એની નાસ્તિ થઈ પાછી (સમકિતના ઉત્પાદસમયે) એની અસ્તિ હતી (પૂર્વે પણ) એકદમ (એ) અંધારાનો નાશ થઈ, પ્રકાશ ઝળહળ જ્યોતિ ચૈતન્યમૂર્તિ પ્રભુ – સ્વસંવેદનથી પ્રકાશમાં આવ્યો. આહા...હા! વિકાર – મિથ્યાત્વની પર્યાયથી અભાવરૂપે થયો છતાં એ દિવ્ય અને ભાવ્ય ધ્રૌવ્ય, એ ત્રણેય (સમકિતનો ઉત્પાદ, મિથ્યાત્વનો વ્યય ને દિવ્ય ધ્રૌવ્ય) થઈને પર્યાયો કહેવામાં આવી છે. એ ત્રણેય પર્યાયોના આશ્રયે કીધું છે. પણ ધ્રૌવ્યને પણ પર્યાયનો આશ્રય છે એમ લીધું (છે.) આહા...હા! **(શ્રોતા:)** ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય એક પછી એક છે કે એક હારે છે? **(ઉત્તર:)** એક સમયમાત્રમાં ત્રણેય છે. ઈ પર્યાય છે ત્રણેય, (પણ) એક સમયમાં (છે.) આહા...હા! મૂળ આ વસ્તુ! ચાલે નહીંને એટલે લોકોને જરી આકરી લાગે. નહિતર તો વસ્તુની સ્થિતિ તો સંતોએ ઘણી સરળ કરી નાખી છે. આહા...હા! (હવે) બીજો પેરેગ્રાફ (જુઓ!)

(અહીંયાં કહે છે કે:) **"પ્રથમ તો દ્રવ્ય પર્યાયો વડે આલંબાય છે." (શ્રોતા:)** દ્રવ્ય પર્યાયો વડે આલંબાય છે કે પર્યાયો દ્રવ્ય વડે આલંબાય છે? **(ઉત્તર:)** આહા...હા! કઈ અપેક્ષા છે? (તે સમજવું જોઈએ.) જ્ઞાન વસ્તુ આખી પડી છે. એનું જ્યાં ભાન થ્યું પર્યાયમાં. પર્યાયમાં ભાન થાય છે ને...? દ્રવ્યમાં તો છે (ભાન) દ્રવ્ય તો છે ધ્રુવ. (ધ્રુવમાં નવું ભાન ન થાય) ભાન પર્યાયમાં થાય છે. ત્યારે તેને પૂર્વની અવસ્થાનો વ્યય થઈ જાય છે, (અર્થાત્) અંધકાર હતો, કાંઈ ખબર નો'તી, જે ચીજની પર્યાયમાં કાંઈ ખબર નો'તી જે ચીજની પર્યાયમાં કાંઈ ખબર નો'તી એનો વ્યય થઈને ઉત્પાદ થઈ જાય ને એકદમ (ફડાક) ખબર પડી જાય કે ભગવાન આ દ્રવ્ય છે! આહા..હા! આમાં સ્થાનકવાસીમાં સાંભળ્યું'તું કોઈ દિ' આવું? આહા...હા! આહા....હા! દિગંબર (ધર્મ) એટલે સંતોના અમૃત છે! અમૃતના ઘડા! (છલોછલ, ભરચક!) આહા...હા! જરી શાંતિથી...ધીમેથી...સમજવાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાત છે બાપુ, આ તો. અનંતકાળનો અજાણ્યો મારગ! એને જાણીતો કરવો – એક ક્ષણમાં જાણીતો કરવો, કેમકે વ્યય એક ક્ષણમાં થઈને તેને જાણીતાની પર્યાય થાય છે. આહા...હા! ઉપયોગમાં ભલે અસંખ્ય સમયે આવે, પણ કામ અહીંયાં થાય છે એક સમયમાં એમ કહે છે. સમયાંતરમાં એકદમ (વીજળીને ચમકારે) સમ્યગ્દર્શનને સમ્યગ્જ્ઞાનની પર્યાય પ્રગટી જાય છે. આહા...હા! એવી એની તાકાત છે!! થોડું આમાં વખત (જતાં) ભળી ગયું છે(ખોટું તત્ત્વ) તેથી આમાં પડખાં બધાંનો (બરાબર) નિર્ણય કરવો જોઈએ ભાઈ! આહા...હા! હવે આવો વખત કે'દિ' મળશે? અનંતકાળના..અર...ર! નરક–નિગોદના ભવ બાપુ! (તેં કર્યા છે) આમ ભલે તમે કહો પણ એના ભાવને લઈ જરી વિચાર કરે ને...! આહા...હા! નરક ને તિર્યંચ ને (નિગોદને...!)

(કહે છે) **(શ્રોતાઃ)** આગળ કાંઈ ધરમ કર્યા વિના રૂપિયા મળ્યા? **(ઉત્તરઃ)** ધૂળમાં ય રૂપિયા નથી (મળ્યા એને) આહા...! રૂપિયા મને મળ્યા એ (માન્યતા) એ જ મિથ્યાત્વભાવ છે. (શું) પરદ્રવ્ય, સ્વદ્રવ્યને મળે? આહા...હા! અને (શું) સ્વદ્રવ્યનું એ પરદ્રવ્ય છે? પરદ્રવ્ય તો એના ઉત્પાદ–વ્યય–ને ધ્રૌવ્ય એનાં (સ્વરૂપમાં રહેલ છે) એ મારું છે(ખોટો અભિપ્રાય છે) આહા...હા! ગજબ વાત છે બાપુ!! **(શ્રોતાઃ)** તો કર્યું આ બધું પાણીમાં ગયું? **(ઉત્તરઃ)** પાણીમાં ગ્યું નથી, મિથ્યાત્વમાં ગ્યું છે. (અજ્ઞાનતાથી માને કે) જૂઠાભાવ, (એ) મારા ભાવ (પણ) તારા સાચા ભાવ જરીએ (નથી.) આહા..હા! વેણલા વાયા સવારના! એ પ્રકાશ થતાં અંધકારનો નાશ થઈ ગ્યો, એવા વેણલા વાયા છે! એમ કહે છે. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"પ્રથમ તો દ્રવ્ય પર્યાયો વડે આલંબાય છે." (અર્થાત્) પર્યાયો દ્રવ્યને આશ્રિત છે) કારણ કે સમુદાયી સમુદાયસ્વરૂપ હોય છે;"** (નીચે ફૂટનોટમાં જુઓ!) સમુદાયી = સમુદાયવાળું, સમુદાયનું (જથ્થાનું) બનેલું, (દ્રવ્ય સમુદાયી છે, કારણ કે પર્યાયોના સમુદાયસ્વરૂપ છે.) (અર્થાત્) દ્રવ્ય સમુદાયી છે, સમુદાયી છે' અને ઈ પર્યાયોના સમુદાયસ્વરૂપ છે. આહા...હા! હવે આવી ભાષા કોઈ દિ' (સાંભળી ન હોય.) દૃષ્ટાંત આપીને સિદ્ધ કરશે. સમુદાયી સમુદાયસ્વરૂપ છે. એટલે? સમુદાયવાળું, જથ્થાનું બનેલું દ્રવ્ય સમુદાયી છે. એમ કે તે પર્યાયોના સમુદાયસ્વરૂપ છે. સમુદાયી દ્રવ્ય છે અને પર્યાયો તેનો સમૂહ – સમુદાય છે. દ્રવ્ય તે સમુદાયી છે ને પર્યાયો તે સમુદાયસ્વરૂપ છે. આહા..હા! **"વૃક્ષની માફક".** હવે દૃષ્ટાંત આપે છે. ચોપડા આડે નવરાશ જ લીધી નથી આ જોવાને બધી. આહા...હા! ત્રણલોકના નાથ જે વાણી મૂકી ગયા છે! આહા...હા...હા! એ વાણીમાં શું છે, કેમ છે, કેમ છે? એને જોવા નવરાશ નથી લીધી! **(શ્રોતાઃ)** વાણીમાં તો ધરમ કરવાનું કહ્યું છે ને...? **(ઉત્તરઃ)** પણ ધરમ (કરવો છે) તે ધરમ કેમ થાય ત્યાં! ધરમની પર્યાય છે ને...! ધરમ પર્યાય છે કે..કંઈ બીજું? ધરમ(ની દશા) નવી થઈ માટે પર્યાય છે ને...! નવી થાય માટે પર્યાય છે. અહીંયાં તો હજી ધ્રૌવ્યને પણ પર્યાયનો ભેદ કીધો પછી નવી થાય ને...થઈને થઈ ઈ તો પર્યાય છે. ધરમ ઈ પર્યાય છે. એ ધરમનો પર્યાય ઉત્પાદ થાય, ત્યારે અધર્મનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વ્યય થાય, ત્યારે ત્યાં ધ્રૌવ્યપણું – ટકવાપણું હોય છે ન્યાં. ઈ ત્રણે ય પર્યાયને અવલંબે છે. આહા...હા...હા! ધરમની પર્યાય, પર્યાયને અવલંબે છે. આહા...! ધરમની પર્યાય, ધરમની પર્યાયને આશ્રયે છે. અને એ પર્યાય, ત્રણેય થઈને દ્રવ્યને આશ્રિત છે. (હવે અહીંયાં) દૃષ્ટાંત આપે છે.

(અહીંયાં કહે છે કેઃ) **"વૃક્ષની માફક. જેમ સમુદાયી વૃક્ષ."** આખું સમુદાયી છે જાડ. આહા...! **"સ્કંધ"** સ્કંધ, સ્કંધ **"મૂળ અને શાખાઓના સમુદાયસ્વરૂપ હોવાથી."** સમુદાયસ્વરૂપ (કીધું) છે. સમુદાયસ્વરૂપ! જોયું? પહેલાં સમુદાયી, વૃક્ષ સમુદાયી અને સ્કંધ (મૂળ શાખાઓના) સમુદાયસ્વરૂપ! હોવાથી **"સ્કંધ, મૂળ અને શાખાઓથી આલંબિત જ ભાસે છે (જોવામાં આવે છે.)"** ઈ પર્યાયો (જે) વૃક્ષને છે એના ભેદથી (વૃક્ષ) ભાસે છે. આહા...હા! વૃક્ષ તો સમુદાયસ્વરૂપ છે. અને આ બધા (સ્કંધ, મૂળ, શાખાઓ) સમુદાય છે. અને એ સમુદાયથી આલંબિત જ છે વૃક્ષ. (એટલે) પર્યાયથી આલંબિત છે, જોવામાં આવે છે. ઈ દૃષ્ટાંત થ્યો. વૃક્ષ સમુદાયી છે. સમુદાયી છે આ નથી કહેતા કે કયા સમુદાયવાળા તમે (છો?) જેટલા માણસો છે તે સમુદાય છે (અને તેનો જથ્થો) સમુદાયી છે. કયા સમુદાયમાં તમે છો? એમ નથી કહેતા. દરિયાપુરનો સમુદાય, ફલાણાનો સમુદાય (તમે) દરિયાપુરમાં હતા? નહીં. મોટાભાઈ હતા. ઠીક! આહા...હા! કયા સમુદાયમાં (છો?) એમ કહે, અમે બોટાદ સમુદાયમાં. એમ અહીંયાં સમુદાયી (અથવા) સમુદાયી એટલે સમુદાયવાળું; સમુદાયનું – જથ્થાનું બનેલું. (અર્થાત્) સમુદાયી = સમુદાયનું જથ્થાનું બનેલું. (વળી) સમુદાયી, સમુદાયનું બનેલું. દ્રવ્ય સમુદાયી છે કારણ કે પર્યાયોના સમુદાયસ્વરૂપ છે. આહા...હા! આ ભાષા ય સાંભળી નો' હોય લ્યો! એમ વૃક્ષ સમુદાયી છે અને તેના સ્કંધ, મૂળ (અંદરનું મૂળ હોય ઈ) અને શાખાઓ સમુદાયસ્વરૂપ છે. વૃક્ષ સમુદાયી છે અને આ સ્કંધ આદિ એના સમુદાયસ્વરૂપ છે. **"સ્કંધ, મૂળ અને શાખાઓથી આલંબિત જ છે."** એ સમુદાયી (વૃક્ષ) પોતાના સ્કંધ, મૂળ, શાખાઓથી આલંબિત છે. વૃક્ષના ત્રણ (ભેદ) જે કીધા – સ્કંધ, મૂળ અને શાખા. એ ત્રણેય પર્યાયોથી આલંબિત છે. એ વૃક્ષમાંથી આલંબિત નથી એ ત્રણેય.

સમજાણું કાંઈ? સમુદાયી, સમુદાયસ્વરૂપથી એ (સમુદાયી) વૃક્ષ છે. એ સમુદાયસ્વરૂપ છે એ ત્રણને અવલંબે છે. **"તેમ સમુદાયી"** તેમ જાડ કીધું. **"તેમ સમુદાયી દ્રવ્ય પર્યાયોના સમુદાયસ્વરૂપ હોવાથી** તે દ્રવ્ય પર્યાયોનો સમુદાય હોવાથી **"પર્યાયો વડે (તે) (પર્યાયો) આલંબિત જ ભાસે છે."** આહા...હા! **(શ્રોતાઃ)** કઠણ છે જરા...(સમજવું) **(ઉત્તરઃ)** આહા...હા! કોરી પાટી હોય તો સમજવું સહેલું પડે! આગ્રહ હોય ને આગ્રહ પકડેલો હોય એને આકરું પડે! આગ્રહ પકડયો હોય ને...!

(કહે છે કેઃ) સમુદાયી' એના સમુદાયસ્વરૂપ છે. સમુદાયી (એટલે વૃક્ષ) એના મૂળ, સ્કંધ ને શાખાઓ સ્વરૂપ છે. ઈ સમુદાયીસ્વરૂપ ઈ પર્યાયને આશ્રયે છે. એ આલંબિત ભાસે છે. સ્કંધ, (મૂળ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને) શાખાઓથી – (તેઓ) આલંબિત ભાસે છે. વૃક્ષથી નહીં. આહા...હા! વૃક્ષના મૂળ, સ્કંધ ને શાખા, ઈ મૂળ, સ્કંધને શાખા, એથી આલંબિત છે. આ વૃક્ષથી નહીં. આહા...હા! **"તેમ સમુદાયી દ્રવ્ય."** ભગવાન આત્મા સમુદાયી દ્રવ્ય, **"પર્યાયોના સમુદાયસ્વરૂપ હોવાથી પર્યાયો વડે આલંબિત જ ભાસે છે."** આહા...હા! આ...રે! સમુદાયી દ્રવ્ય એમ આ પર્યાયોના સમુદાયસ્વરૂપ, સમુદાયી દ્રવ્ય (છે.) એની પર્યાયોના સમુદાયસ્વરૂપ, એનાથી પર્યાયો આલંબિત જ ભાસે છે. એ પર્યાયો, સમુદાયી જે દ્રવ્ય, તેની પર્યાયોનો સમુદાય તે પર્યાયો વડે, આલંબિત ભાસે છે. આહા...હા! **"અર્થાત્ જેમ થડ, મૂળ અને ડાળીઓ વૃક્ષના આશ્રયે જ છે વૃક્ષથી ભિન્નપદાર્થરૂપ નથી, તેમ પર્યાયો દ્રવ્યના આશ્રયે જ છે દ્રવ્યથી ભિન્ન પદાર્થરૂપ નથી."** પહેલાં (કહ્યું) ઈ ત્રણ પર્યાયો, પર્યાયને આશ્રયે છે હવે એ ત્રણ પર્યાયો દ્રવ્યને આશ્રયે છે (એમ કહ્યું.) આહા...હા! છે ને સામે લખાણ! જરી ઝીણું પડે! પણ સમજવું પડશે કે નહીં એને...! અરે...રે! આંધળી દોડયે સમકિત થતું નથી એમ કહે છે. સમજયા વિના કાંઈ સમકિત નથી ને સમકિત વિના થોથાં બધાં – એ બધાં વ્રત... ને, તપ...ને ભકિત...ને પૂજા ને...દાન (એ) એકડા વિનાનાં મીંડા છે મોટાં! આહા...! રખડી મરશે, ચાર ગતિમાં! આહા...હા! ગમે એટલા ઉપવાસ કરે ને...વ્રત પાળે ને....ભકિત કરે ને...દાન કરે ને... મંદિર બનાવરાવે...ને પોષા–પડિકકમણા કરે પચીસ, પચાસ કે સો બસો અને એમાં આપે કંઈક પ્રભાવના, રૂપિયો– રૂપિયો આપો, બબ્બે રૂપિયા આપો (એમ ધરમ માને) બધા મરી જવાના ક્રિયાકાંડમાં, રાગમાં. એમાં ધરમ માનીને રાગ કરે લ્યો! મિથ્યાત્વને સેવે છે. અર...ર...ર...ર...! આવી વાત!

અહીંયાં કહે છે (કેઃ) વૃક્ષ સમુદાયી છે. મૂળ, સ્કંધ ને શાખાઓ સમુદાયસ્વરૂપ છે. એમ આત્મા (અને) પરમાણુ તેઓ પણ દ્રવ્ય (છે.) એ સમુદાયી છે અને એના ત્રણ પર્યાયો છે, સમુદાયસ્વરૂપ છે. ધ્રૌવ્ય, વ્યય ને ઉત્પાદ એ સમુદાયસ્વરૂપ છે. (સમુદાયી) સમુદાયસ્વરૂપ છે. પ્રમાણનું (દ્રવ્ય) સમુદાયસ્વરૂપ છે. આહા...હા! એમાંથી એક પણ પર્યાયને કાઢી નાખે, તો સમુદાય આખો રહેતો નથી ને સમુદાયીસ્વરૂપ સિદ્ધ થતું નથી. આહા..હા! આમાં કાંઈ કોઈ પંડિતાઈ, પંડિતાઈનું આમાં કામ નથી. આમાં તો રુચિ અને પોષાણ અને વસ્તુ શું છે એની જરૂર છે. પંડિતાઈનું અહીં(યાં) કાંઈ કામ નથી. **(શ્રોતાઃ)** (બીજા શ્રોતાએ કહ્યું) ઈ એમ કહે છે કે આમાં ચોપડામાં નથી. આપ સમજાવો છો તેથી સમજાય છે...! **(ઉત્તરઃ)** ઈ માં – આમાં લખ્યું છે બધુંય. અહા...હા...હા! એના તો અર્થ થાય છે.

(કહે છે કેઃ) સમુદાયી (એટલે) વૃક્ષ. સમુદાયસ્વરૂપ શાખા, સ્કંધ ને મૂળ. એ સમુદાયસ્વરૂપ છે, સમુદાયી નહીં. અને ત્રણ થઈને સમુદાય છે. એમ વસ્તુ આત્મા છે, એ ઉત્પાદવ્યય ને ધ્રૌવ્ય ત્રણ પર્યાયોના સમુદાયસ્વરૂપ છે. સમુદાયી નહીં. સમુદાયી તો દ્રવ્ય છે. આહા...હા! સમજાણું કાંઈ? **'પર્યાયો વડે આલંબિત જ ભાસે છે. પર્યાય હોં? (અર્થાત્) જેમ થડ, મૂળ અને ડાળીઓ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વૃક્ષના આશ્રયે જ છે.''**એ ભિન્ન ભિન્ન – **''વૃક્ષથી ભિન્નપદાર્થરૂપ નથી, તેમ પર્યાયો દ્રવ્યના આશ્રયે જ છે – દ્રવ્યથી ભિન્ન પદાર્થરૂપ નથી.''** અભિન્ન (છે.) એકલા લોજિક! ન્યાય ભર્યા છે એકલા, આહા...હા!હા! વકીલાતના ને કોર્ટના કાયદા, રામજીભાઈ કરતા હશે ન્યાં! ઓલા સરકાર કહે ઈ પ્રમાણે કર્યા કરે. **(શ્રોતાઃ)** એમાં પણ બુદ્ધિ વાપરવી પડે! **(ઉત્તરઃ)** બુદ્ધિ! અજ્ઞાન વાપરવું પડે એમાં. **(શ્રોતાઃ)** અજ્ઞાન કહો એટલે કુબુદ્ધિ વાપરવી પડે ને..! **(ઉત્તરઃ)** (અહીંયાં) કેટલી વાત સિદ્ધ કરે છે! ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્ય એ સમુદાયસ્વરૂપ છે. અને ત્રણનું એકપણું દ્રવ્ય તે સમુદાયી છે. સમુદાયી કહેતાં આખો સમુદાય, જે એ આખો સમુદાય (છે.) હવે સમુદાયના અંશ કેટલા છે ઈ સમુદાયસ્વરૂપ છે. આહા...હા! એમ વૃક્ષ છે એ સમુદાયી છે, સ્કંધ, મૂળ ને શાખા(ઓ) સમુદાયસ્વરૂપ છે. એમ (દરેક) દ્રવ્યમાં ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય તે પર્યાયસ્વરૂપ છે, ઈ સમુદાયસ્વરૂપ છે. (અથવા) સમુદાયસ્વરૂપ (જે) છે. અને એ ત્રણેયનું એકરૂપ તે સમુદાયી છે. આહા...હા...હા! નિશાળમાં ભણીને પાછું આવ્યું એનું ઈ નું ઈ. **(શ્રોતાઃ)** ક્યાંથી આવ્યું ઈ નું ઈ...? **(ઉત્તરઃ)** હેં! અપાસરે ભણવા જાતા હોય ને...! દેરાસરમાં આવ્યું હોય! આહા...હા...હા! આહા...! **''દ્રવ્યથી ભિન્ન પદાર્થરૂપ નથી.''** એથી દ્રવ્યસ્વરૂપ છે (એ) સમુદાયનો સમુદાયીસ્વરૂપ છે. શું કીધું? દ્રવ્ય છે ઈ સમુદાયી છે, અને ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય તેનો સમુદાયસ્વરૂપ છે. સમુદાય નહીં પણ સમુદાયસ્વરૂપ છે. આહા...હા!

(કહે છે) જેમ વૃક્ષ છે એના મૂળ, સ્કંધ ને શાખાઓ, એ એના (વૃક્ષના) પર્યાયો છે. ઈ પર્યાયભેદ છે. સમુદાયસ્વરૂપ છે. એ સમુદાયસ્વરૂપ છે ઈ સમુદાયી એક – એક નથી. ઈ ત્રણ સમુદાયસ્વરૂપ છે. ઈ ત્રણેય થઈને એક સમુદાયી છે. આહા...હા! સમજાણું? આવો ઉપદેશ હવે! ઓલામાં તો અપાસરામાં તો જાય તો વ્રત કરો...તપ કરો...દયા કરો...પ્રતિક્રમણ કરો...પોષા કરો દેરાવાસીમાં જાય તો જાત્રા કરો...ને ભકિત કરો... **(શ્રોતાઃ)** તો યહ સમજને સે લાભ કયા હૈ? **(ઉત્તરઃ)** એ ત્યાં દૃષ્ટિ કરવી ઈ લાભ! પર્યાય છે ઈ સમુદાયસ્વરૂપ છે. અને સમુદાયસ્વરૂપનું દ્રવ્ય છે ઈ સમુદાયી છે. માટે ત્રણના ભેદ ઉપરથી લક્ષ છોડી (હઠાવી) સમુદાયી ઉપર લક્ષ કરવું. આહા...હા...હા! એ સાટુ (માટે) કહે છે આ. એથી કહ્યું ને જેવું એનું સ્વરૂપ છે તેવું જાણીને દ્રવ્ય છે તે સમુદાયી છે. જેમ સમુદાય આખો હોય ને સંપ્રદાય (જેમ આખો હોય તેમ) અને એના માણસો આદિ છે એ સમુદાયસ્વરૂપ છે. પણ એને સ્વરૂપને જાણવાનો હેતુ કે આનો સમુદાયી કોણ છે? કે ભઈ આ તો નોખા નોખા છે પણ ભેગાં થયા છે બધાં તો આ સમુદાયી કોણ છે? એમ આત્મામાં ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય સમુદાયસ્વરૂપ છે (અને) આત્મા સમુદાયી છે. એ સમુદાયસ્વરૂપ દ્રવ્યમાં છે. ઈ સમુદાયસ્વરૂપ તે દ્રવ્યનું છે. એ મૂળ, સ્કંધ ને શાખાઓ વૃક્ષના છે. તેમ ઈ પર્યાયો છે તે પર્યાયો દ્રવ્યના છે. આહા...હા...હા!

(અહીંયાં કહે છે કે:) **''અને પર્યાયો ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય વડે આલંબાય છે.''** (ટીકાનો) ત્રીજો પેરેગ્રાફ. પર્યાયો ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય લીધું. જોયું? ધ્રૌવ્ય (કહ્યું) ધ્રુવ નહીં. ધ્રુવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહીં ધ્રુવપણું (એટલે) ધ્રૌવ્ય. આહા...હા! **"પર્યાયો ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્ય વડે આલંબાય છે (અર્થાત્) ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય પર્યાયોને આશ્રિત છે."** **કારણ કે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય અંશોના ધર્મો છે.** હવે ઈ વધારે છે. ત્રણ અંશો (છે) ઈ અંશોના ધર્મો છે. આખા **"અંશીના ધર્મો નથી."** એક – એક અંશ ઈ અંશીના ધર્મો નથી. આહા...હા...હા! ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્ય વડે આલંબાય (છે.) પર્યાય. ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય અંશોના ધર્મો (છે.) અંશીના ધર્મો નથી. (નીચે ફૂટનોટમાં જુઓ) અંશી = અંશોવાળું; અંશોનું બનેલું (દ્રવ્ય અંશી છે) જોયું? વસ્તુ છે ને આખી ઈ અંશી છે. અને ત્રણ એના અંશ છે. ત્રણ અંશમાં – એક – એક (અંશ) માં આખું દ્રવ્ય છે એમ નથી. એમ કહે છે. આહા...હા!

(કહે છે) હવે આવું સાંભળીને કહે છે કે કરવું શું? કરવું 'આ'. સમુદાયસ્વરૂપ એ કાંઈ સમુદાયી (એટલે આખી) વસ્તુ નથી. આહા...હા! માટે તેનું લક્ષ છોડી, એ સમુદાયસ્વરૂપનું સમુદાયી જે છે ત્યાં એની દૃષ્ટિ મૂકવી. આહા...હા! જ્ઞાનપ્રધાન કથન છે! સમજાણું કાંઈ ? ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય પર્યાયમાં છે. કારણ કે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય અંશોના ધર્મો છે. એ ત્રણે અંશ છે. ત્રણે અંશી નથી. અંશીના ધર્મો નથી. દ્રવ્યનો ધર્મ ધ્રૌવ્ય, દ્રવ્યનો ધર્મ ઉત્પાદ ને દ્રવ્યનો ધર્મ વ્યય એમ' નથી. આહા...હા! આ તો નિવૃત્તિ જોઈએ, પાછળ લાગે તો ખબર પડે, સમજાય તેવું છે! અત્યારે ચાલતું નથી. અત્યારે બધુંય ઊંધું હાલે છે આ. એટલે આ જરી સમજવામાં એને...! નિવૃત્તિ લેવી જોઈએ થોડી ભાઈ! અરે કયાં જાવું છે બાપુ! તારે? ચોરાશીના અવતારમાં... નરક ને નિગોદ! કીડા અને કાગડા! વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિ નહીં હોય, તો પછી એવા અવતાર થાય એને...! આહા...! બધું હારી જશે! માટે હારી ન જવું હોય ને સત્ સિદ્ધ કરવુ હોય, તો આ રીતે એને સમજવું પડશે. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"બીજ, અંકુર અને વૃક્ષત્વની માફક."** શું કીધું? બીજ, અંકુર ને વૃક્ષત્વ' હો વૃક્ષ નહીં. આહા...! વૃક્ષત્વ કીધું છે ને...? ઓલામાં વૃક્ષ કીધું'તું. વૃક્ષત્વ એટલે વૃક્ષપણું. આહા...હા! **"બીજ, અંકુર અને વૃક્ષત્વની માફક જેમ અંશી એવા વૃક્ષના બીજ, અંકુર – વૃક્ષત્વ સ્વરૂપ ત્રણ અંશો."** જોયું? એ બીજ, અંકુરને વૃક્ષત્વસ્વરૂપ એ ત્રણ અંશો છે. જેમ ધ્રૌવ્ય એ પણ એક અંશ છે. એમ બીજ, અંકુર ને વૃક્ષત્વની માફક. આહા...હા! બીજનો વ્યય, અંકુરની ઉત્પત્તિ ને વૃક્ષત્વપણું – ભાવપણું રહેવું. પણ ત્રણે અંશ છે. **"જેમ અંશી એવા વૃક્ષના બીજ, અંકુર – વૃક્ષત્વસ્વરૂપ ત્રણ અંશો ભંગ – ઉત્પાદ – ધ્રૌવ્યસ્વરૂપ નિજ ધર્મો વડે આલંબિત એકીસાથે જ ભાસે છે."** એ ત્રણેયમાં એકસાથે ભાસે છે. **"તેમ"** દ્રવ્યની વાત છે.

વિશેષ હવે કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૨૧–૬–૭૯.

'પ્રવચનસાર' ૧૦૧ ગાથા. ત્રીજો પેરેગ્રાફ. (થોડું ચાલ્યું છે આજે ફરીને...) **"અને પર્યાયો ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય વડે આલંબાય છે."** ત્રણેને પર્યાય કીધી. અંશ છે ને ત્રણ, ધ્રૌવ્ય પણ અંશ છે. **"અર્થાત્ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય પર્યાયોને આશ્રિત છે."** દ્રવ્યને આશ્રિત નહીં, પર્યાય છે ઈ પર્યાયને આશ્રિત (છે એમ કીધું છે.) પછી પર્યાય દ્રવ્યને આશ્રિત કહેશે, પહેલી પહેલી તો પર્યાય, પર્યાયને આશ્રિત છે. ઝીણું છે બાપુ સહુ આ મારગ! વ્યવહારનો મારગ સહેલો – બહારથી બધુંય, ભક્તિ કરોને....પૂજા કરોને....દાન કરો....ને, એ તો અનંતવાર કર્યાં, એમાં તો રખડી મર્યો! વસ્તુ એટલી બધી એકસો એક ગાથામાં સ્વતંત્રતા છે તેને પ્રસિદ્ધ કરે છે. આત્મામાં ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય એ પર્યાયો ત્રણ, ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્ય વડે આલંબાય છે. પર્યાયો ત્રણ, તેના ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય વડે આલંબાય છે. આહા...હા! એના ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય બીજાના આલંબન વડે થાય છે (કે) આલંબન દેવું પડે છે એમ નથી. આહા...હા!

(કહે છે કે:) આત્મામાં અથવા પરમાણુમાં જે ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય છે ઈ પર્યાયો પોતાના ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્યને આલંબે – આશ્રયે છે. પરને આશ્રયે નથી. પહેલાં તો દ્રવ્યને આશ્રયે (પણ) નથી. પર્યાય પર્યાયને આશ્રિત છે. આહા...હા! પછી સિદ્ધ કર્યું. અને એ ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય અંશોના ધર્મો છે. છે ને ? (**"કારણ કે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય અંશોના ધર્મો છે."**) ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય અવસ્થા ઉત્પન્ન થાય, (એમાં) પૂર્વની અવસ્થા વ્યય થાય, અને સદૃશપણે સ્થિતિ ટકે એ બધા અંશોના ધર્મો છે. ત્રણે અંશ છે. ઉત્પાદ અંશ છે, વ્યય અંશ છે ને ધ્રૌવ્ય અંશ છે. આહા...હા!

(કહે છે) સમ્યગ્દર્શનની ઉત્પત્તિ છે, એ ઉત્પાદ છે. મિથ્યાત્વનો નાશ છે. એ વ્યય છે, ધ્રૌવ્યપણું જે છે – કાયમ રહેવું એનો સ્વભાવ. ધ્રૌવ્ય સ્વભાવ છે એ ત્રણેય પોત–પોતાના પર્યાયને અવલંબે છે અત્યારે તો અહીંયાં પર્યાયના છે એમ કીધું છે. એ પર્યાયો ત્રણને અવલંબે છે. એ પર્યાય, બીજા કોઈ દ્રવ્યને અડતું નથી. અવલંબતું નથી – અવલંબન દેતું નથી. આહા...! આવું છે!! વાણિયાને વેપાર આડે નવરાશ ન મળે ને આવી વાત! શું હશે? જે ભગવાન! કરો ભક્તિ ને પૂજા કર્યે રાખો, મરીને જાવ રખડવા ચાર ગતિમાં! બાપુ! તત્ત્વ એવું છે ભાઈ! એમાં આ ગાથાઓ તો બધી એવી છે. બહુ ઊંચી, ઝીણી છે!! બહુ ઊંચી ગાથા!! આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"કારણ કે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય અંશોના ધર્મો છે." અંશીના ધર્મો નથી.'** અંશ નામ પર્યાયો, અંશી નામ દ્રવ્ય. દ્રવ્ય છે ઈ અંશી છે અને આ ત્રણ છે એ અંશ છે. આહા...હા! (અંશ છે) પણ ઈ દ્રવ્યના અંશ છે. ઈ ત્રણે અંશ અંશના છે (તો) પણ ઈ અંશ અંશીના છે. આહા...હા! બીજા દ્રવ્યને લઈને ઈ ઉત્પાદ–વ્યય થાય છે એમ કોઈ દ્રવ્યની (વસ્તુ) સ્થિતિ જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. આહા...હા! એ પછી આવશે. **"બીજ, અંકુર અને વૃક્ષની માફક."** બીજ વ્યય છે ને અંકુર ઉત્પાદ છે ને વૃક્ષત્વ ધ્રૌવ્ય છે. વૃક્ષત્વ (કીધું) છે હોં? વૃક્ષ નહીં. વૃક્ષત્વ (એટલે) વૃક્ષપણું. વૃક્ષ નહીં, વૃક્ષ તો એમાં આવી ગયું છે. **'જેમ સમુદાયી વૃક્ષ, સ્કંધ–મૂળ અને શાખાઓના સમુદાયસ્વરૂપ હોવાથી'** આ તો વૃક્ષત્વપણું કીધું (અહીંયાં). બીજની ઉત્પત્તિ, અંકુરનો વ્યય, વૃક્ષત્વનું ધ્રૌવ્યપણું! વૃક્ષત્વ (કહ્યું) હો? વૃક્ષ (કહ્યું) નથી. આહા...! **"જેમ અંશી એવા વૃક્ષના."** અંશી તે વૃક્ષ છે. **"એવા વૃક્ષના બીજ–અંકુર–વૃક્ષત્વસ્વરૂપ ત્રણ અંશો ભંગ–ઉત્પાદ–ધ્રૌવ્યસ્વરૂપ."** આહા...હા! **"નિજ ધર્મો વડે આલંબિત એકીસાથે જ ભાસે છે."** આ, આ, આ લીટીમાં છે બધું (માર્મિકતત્ત્વ) હેં, ઈ સંસ્કૃતમાં ઈ છે. **'भङ्गोत्पाद-ध्रौव्यलक्षणैरात्मधर्मैरालम्बिता:'** પોતાના ધર્મને પોતે આલંબે છે. આહા...હા! કઠણ વાત છે બાપુ! ઉત્પાદ છે – સમકિતનો ઉત્પાદ છે, કેવળજ્ઞાનનો ઉત્પાદ છે અરે, મિથ્યાત્વનો ઉત્પાદ છે. આહા...! એ ઉત્પાદ પોતાને અવલંબે છે. દર્શનમોહનો ઉદય છે માટે મિથ્યાત્વ થાય છે, અને પર્યાય ઉત્પન્ન થાય છે એ દર્શનમોહનો ક્ષયોયશમ છે માટે ઉત્પન્ન થાય છે એમ નથી. આહા...હા! જ્ઞાનગુણમાં હીણી પર્યાય છે, એનો વ્યય થઈને અધિક પર્યાય થઈ – એ સમય તો એક જ છે – પણ એ (ઉત્પાદ–વ્યય) ને ધ્રૌવ્યપણું છે કાયમ. (એ) ત્રણે પોતપોતાના અવલંબે રહેલા છે. રહેલાં, ઠરેલાં અને ગયેલાં (એટલે કે) રહેલાં–ઉત્પાદ, ઠરેલાં–ધ્રૌવ્ય અને ગયેલાં વ્યય! કો' ચીમનભાઈ! સાંભળ્યું'તું ત્યાં બાપદાદામાં કયાં'ય! આહા...હા! આવી વાતું હવે, હતી અંદર ઈ આવી ગઈ!! આહા...હા!

કહે છે ત્રણ અંશો **"ભંગ–ઉત્પાદ–ધ્રૌવ્યસ્વરૂપ"** ત્રણે અંશો, (તેમાં) ભંગ એટલે વ્યય, ઉત્પાદ–ઊપજવું ને ધ્રૌવ્યપણું એ **"નિજ ધર્મો વડે આલંબિત એકીસાથે જ ભાસે છે."** આહા...હા! નિજ ધર્મો વડે – ત્રણે પોતે નિજ ધર્મો વડે આહા...હા! છે? ટીકામાં? આમ એનો અર્થ છે. આહા...હા! ભાઈએ તો સવારમાં સંભાર્યું'તું પંડિતજી! ઈ કર્યું છે ને... અર્થ, 'નષ્ટ થતા ભાવનો નાશ' ઊપજતા ભાવનો ઉત્પાદ અને ટકતો ભાવ બધું એક સાથે (છે.) આ રીતે નષ્ટ થતા ભાવને નાશ, ઊપજતા ભાવને ઉત્પાદ ને ટકતા ભાવને ધ્રૌવ્ય એક સાથે છે. છે ને? ઉત્પાદ, ઉત્પાદભાવને આશ્રિત છે, ધ્રૌવ્ય ટકતા ભાવને આશ્રિત છે, (વ્યય નષ્ટ થતા ભાવને આશ્રિત છે.) વાણિયાને આ મગજમાં ઊતારવું હવે! વાણિયાને નિર્ણય કરવા માટે ને વિચાર કરવા માટે ઠેકાણાં ન મળે! જિંદગી હારી જાય! બહારથી કાંઈ ભકિત કરીએ ને દાન કરીએ ને (દયા પાળીએ ને માને કે ધરમ કરીએ છીએ) ધૂળે ય નથી ધરમ એમાં કયાં'ય! આહા...હા!

(કહે છે કે:) એક વાત ઈ છે. ઊપજવાનો જે સમય છે એક વાત. ઈ એનો અવસર છે. દરેક દ્રવ્યનો (જે પર્યાય) જે સમયે ઉત્પન્ન થવાનો તેનો તે અવસર છે. એક વાત. અને તે ઉત્પન્ન પોતામાં (પોતાથી પોતાના અવલંબે છે.) તે ઉત્પાદ પોતાના ષટ્કારકોથી છે, વ્યયને કારણે નહીં, ધ્રૌવ્યને કારણે નહીં. દરેક દ્રવ્યનો પર્યાય, તેના અવસરે તે જ કાળે ઉત્પન્ન થાય, તે જ કાળે વ્યય થાય ને તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ કાળે રહે ધ્રૌવ્ય. એક સમય છે ત્રણે નો, છતાં ત્રણે પોતપોતાના દ્રવ્યને અવલંબે છે. વ્યય ને ધ્રૌવ્ય, ઉત્પાદ થાય એને અવલંબતો નથી. આહા...હા! અને અંદર સમ્યગ્દર્શન થાય (તેમાં મિથ્યાત્વનો વ્યય ને ધ્રૌવ્ય) એને ઈ અવલંબતું નથી. એક કોર એમ કેવું ક્ષાયિકભાવ છે ઈ આત્મામાં નથી. આવે છે ને? (' નિયમસાર' ગાથા–૪૧. **અન્વયાર્થ :– જીવને ક્ષાયિકભાવનાં સ્થાનો નથી,, ક્ષયોપશમસ્વભાવનાં સ્થાનો નથી, ઔદયિક ભાવનાં સ્થાનો નથી કે ઉપશમસ્વભાવનાં સ્થાનો નથી.)** અને બીજી કોર એમ કહેવું કે પર્યાયો દ્રવ્યને અવલંબે છે, છતાં પર્યાય પોતાને આલંબને છે. પર્યાય, પ્રગટ પર્યાય પોતાને આલંબને છે. ધ્રુવને આલંબને નથી. આહા...હા! ભારે વાત ભાઈ! દેવીલાલજી! એક કોર એમ કહેવું ભૂતાર્થને આશ્રિત સમકિત થાય છે ('સમયસાર') અગિયારમી ગાથા. (બીજી કોર એમ કહે) ('સમયસાર ગાથા–૬ **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो । एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव ॥'**) પ્રમત્ત–અપ્રમત્ત પર્યાયો દ્રવ્યમાં નથી પર્યાય, પર્યાયમાં છે પણ જ્ઞાયકભાવમાં તે નથી. આહા...હા!

અહીંયાં કહે છે (કે:) ઉત્પાદ, ઉત્પાદને આશ્રયે છે. ઈ ઉત્પાદ દ્રવ્યને આશ્રયે નથી. એ ઉત્પન્ન થયો (પર્યાય) ઈ દ્રવ્યને આશ્રયે નથી. સમકિત જે ઉત્પન્ન થયું એ ધ્રુવને આશ્રયે નથી. આહા...હા...હા! સમજાય છે ? આવું બધું કયાં મુંબઈમાં? બહુ મારગ બાપા! આ તો ભગવાન! દિગંબર સંતોએ ગજબ કામ કર્યાં છે!! કેવળજ્ઞાનીના કેવળજ્ઞાન રેડયાં છે! આવી વાત કયાંય નથી. કેટલાકને દુઃખ લાગે! પણ શું થાય? બાપુ, આ વાત સાંભળવા દિગંબરોને ય મળતી નથી! **(શ્રોતાઃ)** દિગંબરોના તો ઘરમાં પડયું છે...! **(ઉત્તરઃ)** ઘરમાં જ, ઘરમાં પડયું છે ને આ (વીતરાગતત્ત્વ). સંસ્કૃત (ટીકામાં) પડયું છે ત્યાંથી કાઢયું છે આ! **''ભંગ–ઉત્પાદ–ધ્રૌવ્ય (સ્વરૂપ) લક્ષણ (નિજા સ્વ ધર્મો વડે આલંબિત છે.''** સંસ્કૃતમાં છે ને ભાઈ! (જુઓ ટીકામાં) **'भङ्गोत्पादध्रौव्यलक्षणैरात्मधर्मैरालम्बिताः'** કયાં આવી વાત છે? જુઓ તો ખરા! અમૃતચંદ્રાચાર્ય! આહા...હા!

(કહે છે કે:) એનું જે ત્રણ – ઉત્પાદ – વ્યય ને ધ્રૌવ્ય ત્રણ પર્યાયમાં છે. અને ઈ ત્રણ પર્યાયોને આશ્રયે છે. આહા...! પણ ઈ પર્યાય ઉત્પન્ન થાય છે તેને વ્યયને ધ્રૌવ્યની અપેક્ષા નથી. સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય, પોતાના ધરમને અવલંબીને થાય છે. આહા...હા! પર્યાય દ્રવ્યને આશ્રયે કહ્યું પણ આશ્રયનો અર્થ એને એમાં ચોંટે છે એમ નથી. આહા...હા! **'भूदत्थमस्सिदो खलु'** ઈ પર્યાય જે થઈ, ઈ પોતાના અવલંબને થઈ છે. ભલે લક્ષ ત્યાં ગયું પણ (તેને) અવલંબન પોતાનું છે. આહા...હા...હા!

(અહીંયાં કહે છે કે:) **''બીજ, અંકુર અને વૃક્ષત્વની માફક. જેમ અંશી એવા વૃક્ષના બીજ–અંકુર–વૃક્ષત્વસ્વરૂપ ત્રણ અંશો ભંગ–ઉત્પાદ–ધ્રૌવ્યસ્વરૂપ નિજ ધર્મો વડે આલંબિત એકીસાથે જ ભાસે છે.''** ઈ વૃક્ષનો દાખલો આપ્યો.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અહીંયાં કહે છે કે:) **"તેમ અંશી એવા દ્રવ્યના નષ્ટ થતો ભાવ, ઊપજતો ભાવ, અને અવસ્થિત રહેતો ભાવ એ ત્રણ અંશો ભંગ–ઉત્પાદ–ધ્રૌવ્યસ્વરૂપ નિજ ધર્મો વડે આલંબિત એકીસાથે જ ભાસે છે."** આહા...હા! સમજાણું કાંઈ? શાંતિથી સમજવા જેવી વાત છે બાપુ! આ કોઈ વારતા નથી! આહા...હા! ગહન સ્વભાવ! દ્રવ્યનો ને પર્યાયનો ગહનસ્વભાવ!! જે ભગવાને જોયો, અને વાણીમાં આવ્યું! કે ભાઈ...! તું ધરમ કરવા ઈચ્છતો હો તો ઈ ધરમની પર્યાયથી થાય, ઈ પર્યાયને અવલંબને (થાય.) દેવ–ગુરુને અવલંબને નહીં, મંદિરને અવલંબને નહીં, દેવદર્શનને અવલંબને નહીં. આહા...એના વ્યય કે ધ્રૌવ્યને અવલંબને (પણ) નહીં. એ' મીઠાલાલજી! **(શ્રોતા:)** શું સમજવું આમાં? **(ઉત્તર:)** એ બધું...! આહા...હા! પણ એમાં કહ્યું ને ઈ પર્યાયકર્તા સ્વતંત્રપણે લક્ષ કરે છે ઈ!! ઈ પોતાને (ભૂલી) લક્ષ કરે છે ઈ (એનું). આહા...હા...હા! ઝીણી વાત બહુ ભાઈ! સર્વજ્ઞ વીતરાગ, પરમેશ્વર! જિનેશ્વર દેવે કહેલું તત્ત્વ, જે રીતે છે એ રીતે ન સમજે, ત્યાં સુધી એની (દૃષ્ટિ વિપરીત છે!). વિપરીતતા મટે નહીં ત્યાં સુધી એ ભૂલ મટે નહીં. ચોરાશીના અવતાર! મરીને જાઈશ કયાં'ક!

(અહીંયાં કહે છે કે:) **"તેમ અંશી એવા દ્રવ્યના, નષ્ટ થતો ભાવ."** વ્યય **"ઊપજતો ભાવ"** ઉત્પાદ **"અવસ્થિત રહેતો ભાવ"** ધ્રૌવ્ય, સમય તેને તે જ. **એ ત્રણ અંશો ભંગ–ઉત્પાદ–ધ્રૌવ્યસ્વરૂપ નિજ ધર્મો વડે."** વ્યય નિજ ધરમ વડે આલંબિત, ઉત્પાદ નિજ ધરમ વડે આલંબિત, ધ્રૌવ્ય નિજ ધરમ વડે આલંબિત **"એકીસાથે જ ભાસે છે."** ભાષા તો સાદી છે પણ હવે ભાવ તો છે ઈ છે! જગતના નાથનું (તત્ત્વ) ગંભીર!! એની ગેરહાજરીમાં ગોટા ઊઠયા બધા અત્યારે! (લોકો કહે) ભગવાનના દર્શનથી નિદ્ધત્ત ને નિકાચિત કરમ મટે. થાય. હાય! અ...હા...હા...હા! (વળી કહે) ધરમના કારણો છે. વેદન (સાતમે થાય.) ભેદનો મોટો વૈભવ દેખે અને થાય? આહા...હા! એ બધી અપેક્ષાઓ છે. એ વખતે (નિમિત્ત) શું હતું તે (શાસ્ત્રમાં) સમજાવે છે. થાય છે ધરમની પર્યાય, ચાહે તો સમકિતની, ને ચાહે તો ચારિત્રની ને ચાહે તો કેવળજ્ઞાનની તે જ સમયે તે પર્યાય તેના (–ઉત્પાદને) અવલંબીને થાય છે. વ્યયને ધ્રૌવ્યને (પણ) અવલંબીને નહીં. પરને અવલંબીને તો નહીં (જ). એક સમયમાં થાય તો લક્ષ (પરમાં) કયાં ગયું હોય? સમકિતનો ઉત્પાદ બે પ્રકારે (કહ્યો છે ને...) ઈ બે પ્રકાર ગણાય (નિસર્ગજ ને અધિગમજા પણ થ્યું છે પોતાનું નિસર્ગજ તે. એ સમયનો જે સમય છે એ સમયે જ આલંબન છે. ઈ પર્યાય પોતાને આલંબીને થઈ છે. આહા...હા! ચાહે તો સમકિત કેવળી કે શ્રુતકેવળીની સમીપ થાય, એ પર્યાય પણ પોતાને અવલંબીને (જ) થાય છે. આહા...હા! એવા દાખલા શાસ્ત્રોમાં આપે કે આમાં આ લખ્યું ને આમાં આ લખ્યું છે! હવે ઈ તો જ્ઞાન કરાવવા, બાપુ તને ખબર ન મળે! આહા...હા! વસ્તુ છે. પદાર્થ છે ઈ ગંભીર છે!! અને ઈ પદાર્થનો ભરોસો આવવો ઈ પર્યાય છે (નવી). અને એ પર્યાય પછી દ્રવ્યની છે. આહા...હા! ઈ અહીંયાં પહેલી પર્યાયને (સ્વતંત્ર) કહે છે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અહીંયાં કહે છે કે:) **તેમ "અંશી એવા દ્રવ્યના, નષ્ટ થતો ભાવ."** નષ્ટ એટલે પૂરવની પર્યાયનો – મિથ્યાત્વનો નાશ, અચારિત્રનો નાશ, **"ઊપજતો ભાવ."** સમકિતનો ભાવ, ચારિત્રનો ભાવ **"અવસ્થિત રહેતો."** સદૃશપણે રહેતો – **એ ત્રણ અંશો ભંગ– ઉત્પાદ–ધ્રૌવ્યસ્વરૂપ** એ ત્રણ અંશો ભંગ (વ્યય) ઉત્પાદ (ઉત્પન્ન) ધ્રૌવ્યસ્વરૂપ (સદૃશ ટકતો) **"નિજ ધર્મો વડે."** સ્વતંત્ર શકિતથી, પોતાના સ્વભાવથી **"આલંબિત એકીસાથે જ ભાસે છે."** આહા...હા! આવી વાત હવે કયાં! ક્રિયાકાંડ કરો ને બહારની વાતું આનાથી થાય ને આનાથી ય થાય. પરદ્રવ્યથી પરદ્રવ્યમાં થાય ને...! આહા...હા! એ તો કયાંય વાત રહી ગઈ. અહીંયાં તો સ્વદ્રવ્યનું ધ્રૌવ્ય છે એથી ઉત્પાદ થાય એમેય નથી. **(શ્રોતા:)** ઉપયોગ તો પોતાથી જ થાય ને...! **(ઉત્તર:)** ઉત્પાદ, ઉત્પાદથી થાય એમ કહે છે પરથી થાય એ તો પ્રશ્ન જ નહીં, પણ સ્વમાં ય – ત્રણ અંશોમાં એક અંશ બીજા અંશોના કારણે નહીં. આહા...હા! **'એવું ઈ સત્ છે, સત્ ને હેતુ – બીજું નિમિત્ત હોઈ શકે નહીં.'** આહા...હા! ગજબ વાત કરી છે!!

(કહે છે) આપણે વંચાઈ ગયું છે પહેલું આ બધું. ફરીને હાલે છે. **"નિજ ધર્મો વડે."** એક – એક પોતાના ધરમ વડે, **"આલંબિત"** પણ **"એકીસાથે જ ભાસે છે."** સમય તો એક જ છે. આહાહા...હા..હા..હા! ઉત્પાદનો સમય, વ્યયનો (સમય) ધ્રૌવ્ય (નો સમય) સમય તો એક જ છે. છતાં ત્રણે પોતપોતાને અવલંબને થયેલાં પણ એકીસાથે ત્રણ ભાસે છે. એક સમયમાં ત્રણ ભાસે છે. આહા...હા! હવે આવું સત્ય છે, ખ્યાલમાં ન આવે, સમજાય નહીં તો એ....સોનગઢવાળા વ્યવહારનો લોપ કરી નાખે છે (એમ બૂમો પાડે!) હવે ઈ સાંભળને બાપા! વ્યવહારની તો અહીંયાં વાતે ય નથી હવે, કે રાગ (શુભ) હોય તો સમકિત થાય ને મંદ કરે ને, દેવભકિત કરે ને તો થાય એ તો અહીંયાં પ્રશ્ન જ નથી!

અહીંયાં તો (કહે છે) ધરમની પર્યાય થાય, એ પૂરવના વ્યયની અપેક્ષાથી થાય એમે ય નથી. ધરમની પર્યાય થાય ઈ ધ્રૌવ્યના આલંબને – આશ્રય છે – એનો આશ્રયે છે માટે પર્યાય થઈ એમે ય નથી. આશ્રય વ્યવહારથી કહેવામાં (આવે છે) આમ લક્ષ ફરે છે (ધ્રૌવ્ય તરફ લક્ષ થાય છે) એથી એમ કહેવામાં આવે છે. આહા...હા! **"પરંતુ જો (ભંગ–ઉત્પાદ–ધ્રૌવ્ય અંશોનાં નહીં માનતાં."** અંશ ત્રણ છે એમ ઈ ત્રણ અંશોને નહીં માનતાં **(૧) ભંગ. (૨) ઉત્પાદ અને (૩) ધ્રૌવ્ય દ્રવ્યનાં જ માનવામાં આવે."** દ્રવ્યમાં જ માનવામાં આવે આહા...હા! **"તો બધું ય વિપ્લવ પામે."** અંધાધૂંધી થાય, ઊથલપાથલ, (અથવા) ગોટાળો, વિરોધ થાય. આહા...હા! હેઠે છે ને...? (ફૂટનોટમાં) અરે...રે! આહા...હા! ચોરાશીના અવતાર! એક એકમાં અનંત અવતાર કર્યા બાપુ! એ સમકિત વિના એનો–ભવનો અભાવ નહીં થાય. આહા...હા!

(વીતરાગી કરુણાથી કહે છે) એ લાખ ક્રિયા કરે વ્રત ને તપ, ભગવાનના ભજન ને કરોડોના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દાન ને કરોડો મંદિર બનાવે, ભગવાનનું ભજન કરે **णमो अरिहंताणं... णमो अरिहंताणं... णमो अरिहंताणं ...**એ સબ (બધો) રાગ છે. રાગ એના સમયે થાય છે. રાગ જે થાય છે એ એના (પોતાના) અવલંબને થાય છે, રાગને પરનું અવલંબન તો નથી – કરમનું અવલંબન – રાગ થ્યો માટે એનું અવલંબન (હશે) એમ તો નથી. આહા...હા! પણ રાગને પૂર્વના વ્યય કે ધ્રૌવ્યનું અવલંબન નથી. અહીંયાં તો પોકાર ઈ કર્યો છે બધો (સ્વતંત્રતાનો) રતનચંદજી તો એમ લખ્યા કરે છે દ્રવ્યકર્મને લઈને થયું, દ્રવ્યકર્મને લઈને થયું! અહા...હા! અરે! ભગવાન બાપુ! શાન્ત થા ભાઈ! આ તો અહીંયાં કોઈ કલ્પિત ઘરની વાત નથી. આ તો વસ્તુનું સ્વરૂપ એવું છે. એવું પરમાત્મા! સંતો! વર્ણવે છે. એને તારે બેસાડવું જોઈએ!

(અહીંયાં કહે છે કે:) **"ભંગ, ઉત્પાદ અને ધ્રૌવ્ય દ્રવ્યનાં જ માનવામાં આવે, તો બધુંય વિપ્લવ પામે."** વિપ્લવ થાય (એટલે) ગોટાળો ઉઠે. **"તે આ પ્રમાણે : (૧) પ્રથમ, જો દ્રવ્યનો જ ભંગ માનવામાં આવે, તો ક્ષણભંગથી લક્ષિત."** ક્ષણમાં જ દ્રવ્યનો નાશ થઈ જાય. આહા...હા! **"ક્ષણભંગથી લક્ષિત સર્વ દ્રવ્યોનો એક ક્ષણમાં જ સંહાર થવાથી દ્રવ્યશૂન્યતા આવે અથવા સત્‌નો ઉચ્છેદ થાય."** ક્ષણભંગથી લક્ષિત સર્વ દ્રવ્યોનો એક ક્ષણમાં સંહાર થઈ દ્રવ્યશૂન્યતા (એટલે) દ્રવ્યનો અભાવ થાય. શું કીધું ઈ? ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય જો દ્રવ્યના માનવામાં આવે, (અર્થાત્) દ્રવ્યના ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય માનવામાં આવે, તો દ્રવ્યનો ઉત્પાદ ને દ્રવ્યનો વ્યય થતાં દ્રવ્યનો જ નાશ થઈ જાય, અને દ્રવ્ય નો'તું ને ઉત્પાદ (થી) દ્રવ્ય થ્યું એમ થઈ જાય. આહા...હા! સમજાણું કાંઈ...?

(અહીંયાં કહે છે કે:) **"(જો) દ્રવ્યનો જ ભંગ (વ્યય) માનવામાં આવે."** વ્યયથી ઉપાડયું છે ને ભાઈ...! **"તો ક્ષણભંગથી લક્ષિત સર્વ દ્રવ્યોનો એક ક્ષણમાં જ સંહાર થવાથી દ્રવ્યશૂન્યતા આવે."** એક બોલ. એમાં ને એમાં બીજો બોલ હવે **"અથવા સત્‌નો ઉચ્છેદ થાય."** આહા...હા! 'સત્' છે તેનો નાશ થઈ જાય. ભંગ નામ વ્યય, જો પર્યાયનો માનવામાં આવે તો તો વાંધો નહીં (તે તો બરાબર છે) પણ જો દ્રવ્યનો ભંગ માનવામાં આવે તો દ્રવ્ય સત્ છે તેનો નાશ થઈ જાય. આહા...હા! આવું છે (વસ્તુસ્વરૂપ!) માણસો મધ્યસ્થ થઈ સ્વાધ્યાય કરતા નથી. (અને જો) સ્વાધ્યાય કરે તો પોતાની દૃષ્ટિ રાખીને કરે. શાસ્ત્રની દૃષ્ટિથી સમજે તો બરાબર છે. શાસ્ત્ર શું દૃષ્ટિ કરે? એની દૃષ્ટિ માને – એ દૃષ્ટિએ અર્થ કરે! (પોતાનો અહંકાર દૃઢ થાય એ રીતે અર્થ કરે!). અરે...રે! અનંતકાળ થયો... (એમ ને એમ) આહા...હા! અહીંયાં કરોડપતિ! અબજોપતિ! માણસ હોય, એ (મરીને) બીજી ક્ષણે જ અરે...રે! માંસ આદિ ખાતાં હોય તો તો નરકે જાય. માંસ ને દારુ નો ખાતાં હોય ને હોય અબજોપતિ એ મરીને તિર્યંચમાં જાય. ઊંદરડી થાય, બકરી થાય, હેં! મિંદડી થાય, ભૂંડ થાય આહા...હા! તિર્યંચ યોનિ! આહા...! આ તો વસ્તુનું સ્વરૂપ છે! તું તારા અભિમાનમાં સત્‌ને ન સાંભળ અને સત્‌ને ન બેસાડ (અભિપ્રાયમાં) અને (સત્‌ને ન માન) તું સ્વતંત્ર છે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(કહે છે) આહા...હા! ઈ મિથ્યાત્વ–શ્રદ્ધા છે એ પણ એને ઉત્પન્ન થવાનો એનો અવસર છે. અને મિથ્યાત્વના ઉત્પન્નને પૂર્વના મિથ્યાત્વના વ્યયની પણ અપેક્ષા નથી. આહા...હા! અથવા તો ઈ સમ્યગ્દષ્ટિ છે અને પછી પાછી વિપરીત દષ્ટિ થઈ આહા...! આ આમ ન હોય, આમ હોય (અભિપ્રાય ફર્યો) તો એ મિથ્યાત્વને પૂર્વના વ્યયની અપેક્ષા નથી. આહા...હા! એને ધ્રુવની અપેક્ષા નથી. આહા...હા...હા! અમૃત રેડયાં છે! અમૃતચંદ્રાચાર્યે! દિગંબર સંતો! ગ્યા પણ જીવંત (વાણીને) મૂકી ગ્યા! એ જીવતા જયોત લઈ ગ્યા જીવતા છે! આહા...હા! ભલે સ્વર્ગમાં ગ્યા પણ એની જીવનજયોત જાગતી પડી છે (એટલે ધ્રુવ છે.) આહા...હા! આ રીતે અમે જીવ્યા'તા એમ કહે છે. આહા...હા! અમારી ધરમની – ચારિત્રપર્યાય, એ વ્રત – દયા – દાનના વ્રતમાંથી એ ચારિત્રપર્યાય થઈ નથી. આહા...હા! અને ઈ ચારિત્રપર્યાય, નો'તી ને થઈ માટે એને ધ્રુવનો આધાર છે એમ નથી. અને ચારિત્રપર્યાય થઈ, પૂર્વે અચારિત્ર હતું તેનો વ્યય થઈને (આ ચારિત્ર) થ્યું – થાય તો એમ – પણ એની અપેક્ષા નથી. આહા...હા! સમજાણું ?

(કહે છે કે:) આ તો ચર્ચા કરે છે કે શાસ્ત્રોના લખાણ ઘણા આવ્યા. એ તો ઓલામાં નથી આવતું? 'તત્ત્વાર્થસૂત્રમાં' સમ્યક્ત્વ બંધનું કારણ છે લ્યો! સમ્યક્ત્વ તે બંધનું કારણ કહ્યું! કેમ કહ્યું? ('આ કથન') તત્ત્વાર્થસૂત્રમાં છે. ઈ તો સમકિતી જીવને (નિર્મળતાની સાથે) રાગનો ભેગો ભાવ છે ઈ બંધનું કારણ છે. પણ સમકિત સહિત સરાગ કહ્યું છે તો તત્ત્વાર્થસૂત્રમાં! સાતાવેદનીય બંધાય ઈ સરાગથી બંધાય. (સાથે રહેલ રાગથી બંધાય) સાતાવેદનીય. આહા...! અને દેવનું આયુ બંધાય ઈ સરાગ સમકિતથી બંધાય એવો પાઠ છે. (શાસ્ત્રમાં) હવે એનો અર્થ ન (સમજે ને વાદ–વિવાદ કરે!) અને જુઓ આ સરાગ સમકિત (કીધું) છે. અરે! બાપુ, એ તો રાગ તો રાગ જ છે, સમકિત સાથે વર્તતો રાગ છે માટે સરાગ સમકિત કહ્યું, પણ સમકિત તો સમકિત જ છે ઈ સરાગ છે જ નહીં (વીતરાગ જ છે.) અને સમકિતથી બંધ છે જ નહીં. આહા...હા! એ તો 'પુરુષાર્થસિદ્ધિ (ઉપાય)' માં કહ્યું ત્રણ ગાથા લઈને 'જેટલે અંશે સમ્યગ્દર્શન છે એ અબંધ છે. જેટલે અંશે રાગ છે એટલે અંશે બંધ છે. જેટલે અંશે જ્ઞાન છે તેટલે અંશે અબંધ છે, જેટલે અંશે જ્ઞાનમાં (જ્ઞાન સાથે દેખાતો) રાગ છે તેટલે અંશ બંધ છે. જેટલે અંશે ચારિત્રના – અરાગ પરિણામ છે ઈ અબંધ છે. તે વખતે જેટલે અંશે રાગ છે તે બંધનું કારણ છે. એ બધી જુદી જુદી અપેક્ષાઓ છે. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) (૧) પ્રથમ, જો દ્રવ્યનો જ ભંગ માનવામાં આવે તો ક્ષણભંગથી લક્ષિત." ક્ષણમાં બધું નાશ થઈ જાય. **"સર્વ દ્રવ્યોનો એક ક્ષણમાં જ સંહાર થવાથી દ્રવ્યશૂન્યતા આવે અથવા સત્‌નો ઉચ્છેદ થાય."** છે તેનો નાશ થાય. (શું કહ્યું?) ક્ષણમાં નાશ થઈ જાય અને સત્ છે તેનો નાશ થાય. આહા...હા! ઈ એક બોલ છે હોં બે થઈને. હવે **(૨) "જો દ્રવ્યનો જ ઉત્પાદ માનવામાં આવે."** વસ્તુ જ ઉત્પન્ન થાય એમ માનવામાં આવે (એટલે) પર્યાય ઉત્પન્ન થાય એમ ન માનવામાં આવે (પણ) વસ્તુ જ ઉત્પન્ન થાય એમ માનવામાં આવે **"તો સમયે સમયે થતા**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉત્પાદ વડે ચિહ્નિત."** (ચિહ્નિત) એટલે લક્ષણવાળાં. **"એવાં દ્રવ્યોને પ્રત્યેકને અનંતપણું આવે."** આહા....હા! તો તો સમયે સમયે ઉત્પાદ થાય તો એવાં અનંત દ્રવ્યો ઉત્પન્ન થાય. એ એક દ્રવ્ય છે ને આ જો દ્રવ્ય જ ઉત્પન્ન થાય, પહેલે સમયે, બીજે સમયે ઉત્પાદ એમ અનંત – અનંત દ્રવ્યો ઉત્પન્ન થાય. આહા...હા...હા! જરી આકરી વાત છે! જિનેશ્વરદેવ! ત્રિલોકનાથ! પરમાત્માનો મારગ કોઈ જુદો!! અત્યારે તો ગોટો ઊઠયો છે સંપ્રદાયમાં તો! અને આ વાત આવતાં લોકોને (થઈ પડયું કે) એ ય એકાંત છે, એકાંત છે! રામજીભાઈ કે'તા' તા એક ફેરે એકાંત કહેવાની ઠીક (ગતકડું) લોકોએ ગોતી કાઢયું છે! અરે, અરે! ભાઈ, વિચારને બાપા! ભાઈ! તું એકાંત શું (સમજીને) કહે છે? આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"જો દ્રવ્યનો જ ઉત્પાદ માનવામાં આવે તો સમયે સમયે થતા ઉત્પાદ વડે ચિહ્નિત એવાં દ્રવ્યોને પ્રત્યેકને."** ઉત્પાદના લક્ષણથી એના દ્રવ્યોને અનંતપણું આવે, એક દ્રવ્ય અનંત દ્રવ્ય રૂપે થઈ જાય. કારણ કે એકસમયે દ્રવ્ય ઉત્પન્ન થયું, બીજે સમયે બીજું દ્રવ્ય ઉત્પન્ન થયું, ત્રીજે સમયે દ્રવ્ય ઉત્પન્ન થયું એમ અનંત સમયે અનંત દ્રવ્ય ઉત્પન્ન થાય. આહા....હા! **"અનંતપણું આવે" (અર્થાત્ – અથવા સમયે સમયે થતો ઉત્પાદ જેનું ચિહ્ન હોય એવું દરેક દ્રવ્ય અનંતદ્રવ્યપણું પામે.)"** એનો અર્થ કર્યો. હવે બીજો અર્થ **"અથવા અસત્‌નો ઉત્પાદ થાય."** નથી તેનો ઉત્પન્ન (ઉત્પાદ) થાય. આહા...હા! સસલાને શીગડાં નથી જગતમાં, એ ઉત્પન્ન થાય. નથી એ ઉત્પન્ન થાય. આહા...હા...હા! બે વાત (બોલ થયા.) હવે **(૩) જો દ્રવ્યનું જ ધ્રૌવ્ય માનવામાં આવે."** દ્રવ્યનું જ ધ્રૌવ્ય એટલે ધ્રૌવ્યપણું એમ માનવામાં આવે **"તો ક્રમે થતા ભાવોના અભાવને લીધે."** એકલો ધ્રૌવ્ય માનવામાં આવે તો ઉત્પન્ન ને વ્યય ક્રમે થનારા **"ભાવોના અભાવને લીધે દ્રવ્યનો અભાવ આવે અથવા ક્ષણિકપણું થાય."** સમયે – સમયે થતા વ્યતિરેકો એના અભાવને લીધે (અન્વય) દ્રવ્યનો અભાવ થાય. આહા...હા! ઉત્પાદ, વ્યય જ ન માને અને એકલું ધ્રૌવ્ય જ માને તો ઉત્પાદ–વ્યય વિના દ્રવ્યનો નાશ થઈ જાય. (એટલે) દ્રવ્યનો અભાવ થાય. કેમકે ઉત્પાદ–વ્યય વડે દ્રવ્ય છે એમ જણાય છે. દ્રવ્ય છે (ઈ અન્વય છે) વ્યતિરેક વડે ઈ અન્વય જણાય છે. અન્વય વડે અન્વય જણાતું નથી. જો આને ધ્રૌવ્ય એકલું જ કહો, (તેથી) વ્યતિરેકો એટલે ભિન્નભિન્ન અવસ્થા આત્મામાં (દ્રવ્યોમાં) રહી નહીં, અવસ્થાથી તે જણાય એવું તો રહ્યું નહીં **"તો ક્રમે થતા ભાવોના અભાવને લીધે દ્રવ્યનો અભાવ આવે અથવા ક્ષણિકપણું થાય."** આહા...હા! આકરું કામ છે! હવે મુંબઈ જેવામાં આવું માંડે તો બધે કોલાહલ થાય! કાંઈ સમજાય નહીં કહેશે! આહા...હા! (લોકોને) ભાવ આવે અમુક અમુકમાં પણ એક એક અક્ષરનો કે લીટીનો અર્થ કરતાં! આહા...હા! આ તો સિદ્ધાંત છે! ભગવાનને શ્રીમુખે નીકળેલો ('આ તો સિદ્ધાંત છે!) 'ૐકાર ધ્વનિ સૂણી અર્થ ગણધર વિચારૈ, રચી આગમ ઉપદેશ, ભવિ જીવ સંશય નિવારૈ. આહા...હા! એ વાણી છે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અહીંયાં કહે છે કે:) **"જો દ્રવ્યનું જ ધ્રૌવ્ય માનવામાં આવે તો ક્રમે થતા ભાવોના અભાવને લીધે."** એક પછી એક, એક પછી એક એમ ક્રમે થતા ભાવો ઉત્પાદ–વ્યય, ઉત્પાદ–વ્યય એનો અભાવ થતાં **"દ્રવ્યનો અભાવ આવે."** દ્રવ્યનો જ નાશ થાય. આહા...હા...હા! **"અથવા ક્ષણિકપણું થાય."** દ્રવ્યનું ક્ષણિકપણું કહેવાય. આહા...હા! ઉત્પાદ–વ્યયને ન માને તો ધ્રૌવ્ય ક્ષણિક થઈ ગયું! ક્ષણિક તો ઉત્પાદ–વ્યય પર્યાય છે, એનો અભાવ માને તો દ્રવ્ય પોતે ક્ષણિક થઈ ગ્યું! આહા....હા! વસ્તુનું સ્વરૂપ જે રીતે છે, એ રીતે અહીંયાં કહેવામાં આવે છે. એ રીતે જાણીને પછી આત્મા તરફ વળે ત્યારે તેને ધરમની દશા ઉત્પન્ન થાય, એમ વાત છે. આહા...હા! છતાં ઈ વળે છે ઈ પણ સ્વતંત્રપણે વળે છે. આહા...હા! એ ઉત્પાદ, ઉત્પાદને આશ્રયે છે. આમ કહે '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठि हवदि जीवो**' ('સમયસાર' ગાથા–૧૧) અહીંયાં કહે કે ઈ સમ્યક્ દૃષ્ટિનો ઉત્પાદ, ધ્રુવને આશ્રયે ને ધ્રુવને કારણે નથી. આહા...હા! ધ્રુવનું કારણ નથી. આ વાત કયાં'ય છે નહીં આવી! આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"માટે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય વડે પર્યાયો આલંબિત હો** શું કહે છે? ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય ઈ પર્યાય વડે આલંબિત હો. એને પર્યાયનો આશ્રય છે – એને ત્રણને પર્યાયનો આશ્રય છે. (એટલે પર્યાય, પર્યાયના આશ્રયે છે.) **"અને પર્યાયો વડે દ્રવ્ય આલંબિત હો."** ઈ પર્યાયો પછી દ્રવ્યની છે. 'અહં' એને આલંબે છે, આલંબિત છે. આહા...હા! **"જેથી આ બધુંય એક જ દ્રવ્ય હોય."** ત્રણે થઈને – ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય થઈને એક દ્રવ્ય છે. આહા...! ઉત્પાદનો એક અંશ (તે) દ્રવ્ય નહીં, વ્યય(નો અંશ પણ) દ્રવ્ય નહીં. ધ્રૌવ્ય એક અંશ (તે) દ્રવ્ય નહીં. આહા...હા...હા! આ કંઈ હળદરને ગાંઠિયે ગાંધી થવાય એવું નથી એવી ઝીણી વાત છે. આ! આહા...હા! અરે...રે ચોરાશીના અવતાર! કયાં કયાં ઉત્પન્ન થયો? અને હજી સમજશે નહીં ને સમ્યગ્દર્શનને માટે પ્રયત્ન નહીં કરે ને (તો) કયાં જઈને ઉત્પન્ન થશે બાપુ! કોઈ અજાણ્યા પ્રદેશમાં પાંજરાપોળ નથી! ત્યાં માશીબા બેઠી નથી! આહા...હા! અજાણ્યા ખેતરે, અજાણ્યા જાડે, અજાણ્યા (ઠેકાણે) ઈયળ થાય. આહા...હા! તિર્યંચ થાય ને...? ઈયળ થાય, વીંછી થાય, સરપ થાય, વળી મરીને પછી આહા...હા!

(અહીંયાં કહે છે કે:) ભાવાર્થ – સાદી ભાષામાં, પંડિતજીએ કર્યો (છે.) **"બીજ, અંકુર અને વૃક્ષત્વ."** વૃક્ષત્વ હોં, વૃક્ષ નહીં. બીજ–ઉત્પાદ, અંકુર–વ્યય, વૃક્ષત્વ–ધ્રૌવ્ય **"એ વૃક્ષના અંશો છે."** વૃક્ષત્વ (આદિ) પણ વૃક્ષના અંશો છે. આહા..હા! વૃક્ષત્વ પણ વૃક્ષનો અંશ છે, બીજ પણ વૃક્ષનો અંશ છે, અંકુર પણ વૃક્ષનો અંશ છે. આહા..હા! **"બીજનો નાશ, અંકુરનો ઉત્પાદ અને વૃક્ષત્વનું ધ્રૌવ્ય (ધ્રુવપણું)"** જુઓ! ધ્રૌવ્યનો અર્થ કર્યો છે ને... (કૌંસમાં) ધ્રુવપણું એમ. **"ત્રણે એકીસાથે છે."** એકસમયમાં છે. **"આ રીતે નાશ બીજને આશ્રિત છે."** નાશ બીજને આશ્રિત છે. બીજ નાશ થાય છે ને...! **"ઉત્પાદ અંકુરને આશ્રિત છે."** અંકુર ઉત્પન્ન થાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને...! **"અને ધ્રૌવ્ય વૃક્ષત્વને આશ્રિત છે."** આહા...હા...હા! **"નાશ–ઉત્પાદ–ધ્રૌવ્ય બીજ–અંકુર–વૃક્ષત્વથી ભિન્ન પદાર્થરૂપ નથી."** એ અંકુરની ઉત્પત્તિ, બીજનો નાશ અને વૃક્ષપણાનું રહેવું ઈ વૃક્ષથી ભિન્ન નથી. **"માટે આ બધાંય, એક વૃક્ષ જ છે."** એ તો દેષ્ટાંત કીધો. (હવે સિદ્ધાંત કહે છે.) **"એ જ પ્રમાણે"** (દૃષ્ટાંત કીધો) લોકોને સમજાય માટે. આહા.... હા! **"નષ્ટ થતો ભાવ."** દરેક દ્રવ્યનો વ્યય થતો ભાવ. **"ઊપજતો ભાવ"** ઉત્પન્ન થતો ભાવ, **"અને ટકતો ભાવ એ દ્રવ્યના અંશો છે."** વસ્તુના ત્રણ ઈ અંશો છે. આહા...હા! આ અંશી ને અંશ ને...(વળી સમજવું) આ ચોપડામાં આવે છે. આહા...હા! આ અંશીને અંશને...(વળી સમજવું) આ ચોપડામાં આવે નહીંને સાંભળવામાં આવે નહીં. (આ શેઠ રહ્યા) ચોપડામાં આવે છે? તમારા નામામાં આવે છે? (આ શેઠ રહ્યા એને ધંધો ય મોટો છે!) આવે છે (આ વાત) કયાંય? **(શ્રોતાઃ)** કયાંથી આવે, ત્યાં કયાં છે (આ વાત!) આહા...હા...હા!

(અહીંયાં કહે છે કે:) **"એ જ પ્રમાણે નષ્ટ થતો ભાવ, ઊપજતો ભાવ, અને ટકતો ભાવ એ દ્રવ્યના અંશો છે."** હવે એને સ્પષ્ટ કરી નાખ્યું. ઓલું (ટીકામાં) **"નિજ ધર્મો વડે આલંબિત"** હતું ને અંદર. એનું સ્પષ્ટ કર્યું (છે.) કે **"નષ્ટ થતા ભાવનો નાશ."** આહા...હા! નષ્ટ થતા ભાવનો નાશ **"ઊપજતા ભાવનો ઉત્પાદ અને ટકતા ભાવનું ધ્રૌવ્ય એકીસાથે છે."** છે? હવે એનું સ્પષ્ટ કર્યું. **"આ રીતે નાશ નષ્ટ થતા ભાવને આશ્રિત છે."** આહા...હા! શું કીધું ? મિથ્યાત્વનો નાશ, મિથ્યાત્વના નાશને આશ્રિત છે. આહા....હા...હા! માટીનો પિંડ છે, એનો વ્યય થઈને ઘડો થાય છે. પણ એ વ્યય પિંડને આશ્રિત છે. માટીના પિંડનો વ્યય એ માટી (દ્રવ્ય)ને આશ્રિત નહીં ને એ ઘડાનો ઉત્પાદ થયો એને આશ્રિત નહીં. આહા...હા! આવું છે! આ નાશ નષ્ટ થતા ભાવને આશ્રિત છે, જોયું? વ્યય, વ્યયને આશ્રિત છે. આહા...હા...હા! ઉત્પાદ, ઊપજતા ભાવને આશ્રિત છે. દરેક દ્રવ્યના સમયે – સમયે જે અવસરે (ઉત્પાદ થવાના) તે જ પરિણામ થાય, તે ઉત્પાદ, ઉત્પાદને આશ્રિત છે. આહા...હા! કોઈ એમ કહે : કે અગિયારમે ગુણસ્થાને તો કર્મનો ઉદય નથી, હવે જયારે કર્મનો ઉદય આવે ત્યારે ઈ અગિયારમે ગુણઠાણેથી હેઠે આવે. બરાબર નથી? અગિયારમેથી હેઠે આવે છે, ઈ તો ધ્યાન તો અંદર છે. હેઠે આવે છે શેને લઈને? ઉદય આવ્યો રાગનો (કર્મનો) માટે? એની અહીંયાં ના પાડે છે. આહા...હા...હા! એ અગિયારમેથી જે લોભનો ઉદય આવ્યો, એ એનો ઉદય આવવાનો – ઉત્પાદ થવાનો તેનો અવસર હતો. અને તે ઉત્પાદને કર્મની તો અપેક્ષા નથી, પણ તેને વ્યય ને ધ્રૌવ્યની પણ અપેક્ષા નથી. આહા...હા...હા! એ સૂજનમલ્લજી ! સાંભળ્યું'તું ન્યાં કોઈ દિ'? નહીં! આ જૂના દિગંબર છે બધા! અ.હા..હા..હા! **(શ્રોતાઃ)** જૂના બધા કહેવાના બધા...! **(ઉત્તરઃ)** સાચી વાત છે. આવો મારગ છે આ! દિગંબર જૈન ધરમ એટલે શું? આહા...હા...હા! (સનાતન સત્ય ધર્મ!)

દિગંબર ધરમ ઈ એમ કહે છે : કે ઉત્પાદ, ઉત્પાદને આશ્રયે છે. મિથ્યાત્વનો ઉત્પાદ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમકિતનો ઉત્પાદ, ચારિત્રનો ઉત્પાદ, એક પરમાણુમાં ચાર (ગુણ ચીકાશ) પરમાણુની પર્યાયનો ઉત્પાદ, અને છ–છ (ગુણ ચીકાશ) પર્યાયનો પાછો ઉત્પાદ એ વખતે પોતે (પોતાથી) ઉત્પાદ છે એ બધા ઉત્પાદ ઉત્પાદના આશ્રયે છે. જુઓ! છ વાળો (પરમાણુ) હતો તે આ ચાર(ગુણ ચીકાશ) વાળો પરમાણુ (તેને મળ્યો) માટે અહીંયાં છ ગુણ(ચીકાશ) વાળો થ્યો એમ નથી. આહા...હા! **द्वयधिकादिगुणानां तु** ('તત્ત્વાર્થસૂત્ર' અ. ૫. સૂત્ર–૩૬) આવે છે ને...! **(અર્થ:– બે અધિક ગુણ હોય એવા પ્રકારના ગુણવાળા સાથે જ બંધ થાય છે.)** 'તત્ત્વાર્થસૂત્ર' માં ગુણ અધિક બે, એને લઈને (બંધ) થાય એવો પાઠ છે એ તો એને (નિમિત્તનું) જ્ઞાન કરાવ્યું છે! ઈ ચારગુણની ચીકાશની પર્યાયવાળો પરમાણુ, છ ગુણની ચીકાશવાળા પરમાણુની પર્યાયને લઈને ઈ ચારગુણ ચીકાશ છગુણની ચીકાશ થઈ છે એમ નહીં. એ અવસરે છ ગુણ (ચીકાશ) – ઈ ગુણ એટલે પર્યાય હોં? (એ) છગુણની પર્યાયનો ઉત્પાદ છે તે ઉત્પાદને આશ્રયે છે. પરને આશ્રયે નથી, જયાં જેનો વ્યય થ્યો એને આશ્રયે નથી, પરમાણુને આશ્રયે નથી – ધ્રુવને આશ્રયે નથી. આહા...હા! મધ્યસ્થ થઈ એકવાર સાંભળે! બે–ચાર દિ' – આઠ દિ' પછી એમ (અભિપ્રાય) આપે પછી કે આ આવા છે આ! **(શ્રોતા:)** લોકો એમ કહે છે કે સાંભળવા જઈએ ને તો કાન પકડાવે! **(ઉત્તર:)** આહા..હા..હા..હા! આહા...! હા, એમ કહે છે નહીં...કાન....જી છે ને...કાન પકડાવે કહે છે! કાન...જી (એટલે) હા, હા. અહીં કાનજીએય નથી ને કાંઈ નથી અહીં તો આત્મા છીએ. હેં? કહાન, કાન પકડાવે! (એમ લોકો બોલે છે) કે ન્યાં જાઈએ તે હા પડાવે, ફરી જઈએ (છીએ!) એક બાઈ કહેતી'તી કે એની પાસે જવું ના. આ અશોકના મા ને બાપ લ્યોને...! એનો બાપ ઉદ્‌ઘાટન ટાણે આવ્યો'તો એની મા નો'તી આવી. એ ન્યાં ગઈ'તી ભાવનગર. એ ન્યાં આપણે જવું નહીં ન્યાં છોકરો ફરી ગ્યો આખો. અ...હા! ન્યાં જાયને બધાં ફરી જાય! જાદુગર લાગે ન્યાં કંઈક! આવી વાત કરે. (અજાણ લોકો!) આહા...હા! ઈ તો વીતરાગનો મારગ જ જાદુગર છે બાપુ! એની જાદુ વીતરાગના મારગની!! આહા...હા! (કોઈ વિરલા જાણે.)

(અહીંયાં કહે છે કે:) **"આ રીતે નાશ નષ્ટ થતા ભાવને આશ્રિત છે, ઉત્પાદ ઊપજતા ભાવને આશ્રિત છે, અને ધ્રૌવ્ય ટકતા ભાવને આશ્રિત છે; નાશ–ઉત્પાદ–ધ્રૌવ્ય તે ભાવોથી ભિન્ન પદાર્થરૂપ નથી."** શું કીધું? નાશ, ઉત્પાદ ને ધ્રૌવ્ય એ તેના ભાવોથી જુદું નથી. આહા...હા! એનો ભાવ પોતાનો ઉત્પાદનો ભાવ ઉત્પાદરૂપે ભાવ છે. વ્યયનો વ્યયરૂપે ભાવ છે, વ્યય કાંઈ ઓછો નથી. વ્યય (સત્ છે.) સત્ 'સદ્‌દ્રવ્યલક્ષણમ્' કીધું છે ને...! ('તત્ત્વાર્થસૂત્રમાં') **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्** કીધું છે. વ્યયને પણ સત્ કીધું છે. અભાવનું કહ્યું પણ સર્વથા અભાવ નથી થતો.' એ વ્યય થઈને દ્રવ્યમાં જાય છે. માટે વ્યયને પણ સત્ કીધું છે. આ...રે....! ત્રણેય સત્!! **उत्पादव्ययध्रौव्ययुक्तं** અને **सद्द्रव्यलक्षणम्** ('તત્ત્વાર્થસૂત્ર. અ.૫ સૂત્ર ૩૦, ૨૯) આહા...હા...હા!

(અહીંયાં કહે છે કે:) **"નાશ–ઉત્પાદ–ધ્રૌવ્ય તે ભાવોથી ભિન્ન પદાર્થરૂપ નથી."**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વળી તે ભાવો પણ.''** ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્ય વળી તે ભાવો પણ, **''દ્રવ્યથી ભિન્ન પદાર્થરૂપ નથી.''** આહા...હા! શું કીધું ઈ? પોતાનો ભાવ, પોતાના ભાવથી તો ભિન્ન નથી, પોતાનો ભાવ, પોતાના ભાવથી ભિન્ન પદાર્થ નથી, પણ પછી કહે છે કે ઈ ત્રણેય જે ભાવ છે એ દ્રવ્યના છે. **''દ્રવ્યથી ભિન્ન પદાર્થ (રૂપ) નથી.''** આહા...હા! પહેલાં એમ કહ્યું કે : દરેક દ્રવ્યના ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય છે ઈ તો સમય–સમયના છે, એ પોતપોતાના ભાવથી છે, ઈ બીજાના ભાવથી નથી. અને પછી કહે છે કે ઈ ત્રણેય ભાવો (જે) પર્યાયના છે એથી પર્યાય તે તે સમય પોતપોતાને કારણે છે વ્યયને કારણે ઉત્પાદ ને ઉત્પાદને કારણે ધ્રૌવ્ય એમ નથી. પણ એ ત્રણેય પદાર્થો દ્રવ્યથી ભિન્ન નથી. આહા...હા! દ્રવ્યના એ છે. આ...હા...હા...હા! **''માટે આ બધાંય, એક દ્રવ્યજ છે.''** જોયું? એ બધાંય એક દ્રવ્ય જ છે. આહા...હા!

(કહે છે) આવી ટીકા કરતી વખતે, સંતોની કેટલી દૃષ્ટિ ને! આહા! દિગંબર મુનિ!! જંગલમાં વસતા અમૃતચંદ્ર આચાર્ય! નગ્ન, એ મોરપીંછી, કમંડળ પડયું હોય, એની કાંઈ પડી નથી, આહા...હા! લખવા ટાણે લખાણું, એ પણ ન્યાં પડયા રહે, પાછળથી (ભેગાં કરે) પોતે વયા (ચાલ્યા) જાય! પાછળ ખબર પડે કે આ મહારાજ (લખે છે) ઈ વાંસે જાય. (ભેગાં કરે) આહા...હા! વીતરાગી મુનિ હતા! લખેલા તાડપત્ર હોય ઈ તો ત્યાં ને ત્યાં પડયા રહે! આહા...હા! ઈ ટીકાની પર્યાય થઈ અક્ષરોની, ઈ ઉત્પાદ, ઉત્પાદથી થ્યો છે. એ આ અક્ષરની ઉત્પત્તિ જે છે એ કલમથી નહીં, આચાર્યથી નહીં, આચાર્યના વિકલ્પથી નહીં, રુશનાઈને (શાહી) ને માથે (તાડપત્રની) નહીં, અને ઈ ઉત્પત્તિ થઈ તે પૂર્વના વ્યયને ધ્રુવની અપેક્ષાથી પણ નહીં. આહા...હા...હા! આવી વાત!

(અહીંયાં કહે છે કે :) **''હવે''** આ એ ગાથા બહુ ઊંચી છે! એકસો બે. 'જન્મક્ષણ' કહેશે. આહા...! દરેક દ્રવ્યને પર્યાયનો જન્મક્ષણ છે. દરેક દ્રવ્યને પર્યાયનો જનમક્ષણ છે. તે સમયનો કાળ છે તેથી તે ઉત્પન્ન થાય છે. આહા...હા! દરેક વસ્તુને, પર્યાય ઉત્પન્ન થાય તે તેનો સમય છે. ઉત્પત્તિનો એ કાળ છે. આહા...હા!

ઈ વિશેષ કહેવાશે પછી....

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે ઉત્પાદાદિકનો ક્ષણભેદ [1]નિરસ્ત કરીને તેઓ દ્રવ્ય છે એમ સમજાવે છેઃ–

**समवेदं खलु दव्वं संभवठिदिणाससण्णिदट्ठेहिं ।**
**एक्कम्मि चेव समये तम्हा दव्वं खु तत्तिदयं ॥१०२॥**

**समवेतं खलु द्रव्यं संभवस्थितिनाशसंज्ञितार्थैः ।**
**एकस्मिन् चैव समये तस्माद्द्रव्यं खलु तत्त्रितयम्॥१०२॥**

**ઉત્પાદ–ધ્રૌવ્ય–વિનાશસંજ્ઞિત અર્થ સહ સમવેત છે**
**એક જ સમયમાં દ્રવ્ય નિશ્ચય, તેથી એ ત્રિક દ્રવ્ય છે. ૧૦૨.**

## ગાથા ૧૦૨.

**અન્વયાર્થ** :–(**द्रव्यं**) દ્રવ્ય (**एकस्मिन् च एव समये**) એક જ સમયમાં (**संभवस्थितिनाशसंज्ञितैः अर्थैः**) ઉત્પાદ, સ્થિતિ અને નાશ નામના [2]અર્થો સાથે (**खलु**) ખરેખર (**समवेतं**) [3]સમવેત (એકમેક) છે; (**तस्मात्**) તેથી (**तत् त्रितयं**) એ [4]ત્રિક (**खलु**) ખરેખર (**द्रव्यं**) દ્રવ્ય છે.

**ટીકા** :– (પ્રથમ શંકા ઉપસ્થિત કરવામાં આવે છેઃ) અહીં (વિશ્વમાં), વસ્તુની જે જન્મક્ષણ હોય તે, જન્મથી જ વ્યાપ્ત હોવાથી, સ્થિતિક્ષણ અને નાશક્ષણ ન હોય (–જુદી હોય); જે સ્થિતિક્ષણ હોય તે, બન્નેના અંતરાળમાં (અર્થાત્ ઉત્પાદક્ષણ અને નાશક્ષણની વચ્ચે) દ્રઢપણે રહેતી હોવાથી, જન્મક્ષણ અને નાશક્ષણ ન હોય; અને જે નાશક્ષણ હોય તે, વસ્તુ ઊપજીને અને ટકીને પછી નાશ પામતી હોવાથી, જન્મક્ષણ અને સ્થિતિક્ષણ ન હોય. – આમ દલીલથી વિચારતાં ઉત્પાદાદિકનો ક્ષણભેદ હૃદયભૂમિમાં ઊતરે છે. (અર્થાત્ ઉત્પાદનો સમય, સ્થિતિનો સમય અને નાશનો સમય ભિન્નભિન્ન હોય, એક ન હોય – એમ વાત હૃદયમાં બેસે છે.)

---

૧. નિરસ્ત કરીને = દૂર કરીને; ખંડિત કરીને, નિરાકૃત કરીને.

૨. અર્થો = પદાર્થો. (૮૭ મી ગાથામાં સમજાવ્યા પ્રમાણે પર્યાય પણ અર્થ છે.)

૩. સમવેત = સમવાયવાળું; તાદાત્મ્યપૂર્વક જોડાયેલું; એકમેક.

૪. ત્રિક = ત્રણનો સમુદાય. (ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણનો સમુદાય ખરેખર દ્રવ્ય જ છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(હવે ઉપરની શંકાનું સમાધાન કરવામાં આવે છે:) એ પ્રમાણે ઉત્પાદાદિકનો ક્ષણભેદ હૃદયભૂમિમાં તો જ ઊતરે, જો દ્રવ્ય પોતે જ ઊપજે છે, પોતે જ અવસ્થિત રહે છે (–ટકે છે) અને પોતે જ નાશ પામે છે' એમ સ્વીકારવામાં આવતું હોય. પરંતુ તે તો સ્વીકારવામાં આવ્યું નથી. પર્યાયોના જ ઉત્પાદાદિક છે (એમ સ્વીકારવામાં અને સિદ્ધ કરવામાં આવ્યું છે); ત્યાં ક્ષણભેદ કયાંથી હોય? ( ન જ હોય. ) તે સમજાવવામાં આવે છે.

જેમ કુંભાર, દંડ, ચક્ર (ચાકડો) અને દોરી વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં, જે રામપાત્રની જન્મક્ષણ હોય છે, તે જ મૃત્તિકાપિંડની નાશક્ષણ હોય છે અને તે જ બન્ને [1]કોટિમાં રહેલા માટીપણાની સ્થિતિક્ષણ હોય છે; તેમ અંતરંગ અને બહિરંગ સાધનો વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં, જે ઉત્તર પર્યાયની જન્મક્ષણ હોય છે, તેજ પૂર્વ પર્યાયની નાશક્ષણ હોય છે અને તે જ બન્ને કોટિમાં રહેલા દ્રવ્યપણાની સ્થિતિક્ષણ હોય છે.

વળી જેમ રામપાત્રમાં, મૃત્તિકાપિંડમાં અને માટીપણામાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય પ્રત્યેકપણે (એકેક છૂટાંછૂટાં) વર્તતા હોવા છતાં ત્રિસ્વભાવસ્પર્શી માટીમાં તેઓ સમસ્તપણે (બધાંય ભેગાં) એક સમયમાં જ જોવામાં આવે છે; તેમ ઉત્તર પર્યાયમાં, પૂર્વ પર્યાયમાં અને દ્રવ્યપણામાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય પ્રત્યેકપણે (એકેક) વર્તતાં હોવા છતાં [2]ત્રિસ્વભાવસ્પર્શી દ્રવ્યમાં તેઓ સમસ્તપણે (ત્રણે ભેગાં) એક સમયમાં જ જોવામાં આવે છે.

વળી જેવી રીતે રામપાત્ર, મૃત્તિકાપિંડ અને માટીપણામાં વર્તનારાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય માટી જ છે, અન્ય વસ્તુ નથી; તેવી જ રીતે ઉત્તરપર્યાય, પૂર્વપર્યાય અને દ્રવ્યપણામાં વર્તનારાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય દ્રવ્ય જ છે, અન્ય પદાર્થ નથી. ૧૦૨

---

૧. કોટિ = પ્રકાર. (માટીપણું તો પિંડરૂપ પ્રકારમાં તેમજ રામપાત્રરૂપ પ્રકારમાં –બન્ને પ્રકારમાં રહેલું છે.)

૨. ત્રિસ્વભાવસ્પર્શી = ત્રણે સ્વભાવને સ્પર્શનારું. (દ્રવ્ય ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે સ્વભાવને ધારે છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન તા. ૨૨–૬–૭૯

'પ્રવચનસાર' ૧૦૨ ગાથા. છે ને...? અધિકાર ચાલ્યો ગયો ઘણો. દ્રવ્ય જે વસ્તુ છે. આત્મા કે પરમાણુ, એમાં એક એક સમયમાં, ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્ય ત્રણ થાય છે. તો કહે છે એ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યનો ક્ષણભેદ (નિરસ્ત કરીને) એમાં સમયભેદ નથી. એક દ્રવ્યમાં (જે) ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્ય છે, તે એકસમયમાં છે. ક્ષણભેદ નથી. જે સમય ઉત્પાદ થાય, તે જ સમય પૂર્વનો વ્યય થાય, ધ્રૌવ્યપણે તો (ટકે છે.)

(અહીંયાં કહે છે કે:) **"હવે ઉત્પાદાદિકનો ક્ષણભેદ નિરસ્ત કરીને"** (નીચે ફૂટનોટમાં જુઓ અર્થ) નિરસ્ત કરીને = દૂર કરીને; નષ્ટ કરીને; ખંડિત કરીને; નિરાકૃત કરીને. **"તેઓ દ્રવ્ય છે એમ સમજાવે છે."** ત્રણેય થઈને દ્રવ્ય છે. આ દ્રવ્ય પ્રમાણનું છે. ત્રિકાળી દ્રવ્ય જે સમ્યગ્દર્શનનો આશ્રય છે ઈ નયનું દ્રવ્ય છે. અને આ દ્રવ્ય છે ઈ પ્રમાણનું દ્રવ્ય છે. આમ આખી યે વસ્તુ છે ધ્રુવ! એ પણ આમાં ખ્યાલમાં આવે, અને ઉત્પાદ–વ્યય ખ્યાલમાં આવે. બેયનું જ્ઞાન થાય એ પ્રમાણ, પણ જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું જ્ઞાન જો ન કરે, વિરુદ્ધ (જ્ઞાન) કરે તો મિથ્યાદષ્ટિ થાય. ઈ(ગાથા) અઠાણુમાં કહેવાણું છે. આહા...હા! આગમમાં જે રીતે, વસ્તુની મર્યાદા કહી છે ને જાણવી છે એ રીતે જો ન માને તો પરસમય છે. મિથ્યાદષ્ટિ છે. આહા...હા! એથી કહે છે. **(શ્રોતા:)** આખું જગત મિથ્યાદષ્ટિ થઈ જશે...! **(ઉત્તર:)** મિથ્યાદષ્ટિ જ છે ઘણાં. મોટો ભાગ, તત્ત્વની જ ખબર ક્યાં છે? વાડામાં જન્મ્યા તો અમે જૈન છીએ. પણ શું જૈન કહે છે? એ તત્ત્વની (કાંઈ ખબર ન મળે!) અહીંયાં તો ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યની (વાતથી) શરૂ કર્યું. દરેક પદાર્થને દરેક સમયે અવસરે, જે પર્યાય થાય તે ઉત્પાદ છે, અને તે ક્ષણે પૂર્વની પર્યાયનો વ્યય થાય, અને તે જ ક્ષણે ધ્રૌવ્યપણે રહે – ઈ પર્યાયના ત્રણ ભેદ છે. અહીં શિષ્ય શંકા કરશે પછી. **(શ્રોતા:)** જે કાળે જન્મે એ જ કાળે થોડા મરી જાય છે. **(ઉત્તર:)** જે કાળે જન્મે છે તો પૂર્વનો વ્યય થાય છે ને...? પૂર્વની અવસ્થાનો વ્યય થાય છે. પૂર્વ ભવનું મરણ હતું તેનો વ્યય થાય છે. અને અહીં જન્મે છે. સમય એક છે. આહા...હા! જે સમયે દેહ છૂટયો એની પોતાની પર્યાયની યોગ્યતાથી દેહ છૂટયો છે એ વ્યય થઈને બીજે ઊપજે–જન્મે તે સમય એક છે.

(કહે છે) આ સિદ્ધ ભગવાન! સિદ્ધ થયા, દેહથી ભિન્ન થયા – પૂર્ણાનંદ કેવળજ્ઞાન શાંતિ પૂરણ પ્રાપ્તિ થઈ. એ પણ અહીંથી છૂટીને જાય, તો એક સમયમાં છે. અહીંયાં થઈ છે મુક્તિ! કેવળજ્ઞાન ને પૂર્ણાનંદ! જતાં આમ રસ્તામાં ન્યાં (સિદ્ધાલયમાં જતાં) એક સમય છે. આહા...હા! એ ઉત્પાદનો એ સમય છે ને (એ સમયે જા સંસારનો વ્યય છે. સિદ્ધપણાનો ઉત્પાદ છે ને સંસારની પર્યાયનો વ્યય છે અને ધ્રુવ તો છે જ. **'એક સમયમાં ત્રણ છે!'** ઈ ચાલે નહીં વિષય (અત્યારે તો) શું થાય? લોકોને (સમજવું આકરું પડે !)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**समवेदं खलु दव्वं संभवठिदिणाससण्णिदट्ठेहिं ।**
**एक्कम्मि चेव समये तम्हा दव्वं खु तत्तिदयं ॥१०२॥**

**ઉત્પાદ–ધ્રૌવ્ય–વિનાશસંજ્ઞિત અર્થ સહ સમવેત છે**
**એક જ સમયમાં દ્રવ્ય નિશ્ચય, તેથી એ ત્રિક દ્રવ્ય છે. ૧૦૨.**

આહા...હા! મુનિઓએ પણ જંગલમાં રહીને (અદ્ભુત કામ કર્યાં છે!!)

**ટીકા :– (પ્રથમ શંકા ઉપસ્થિત કરવામાં આવે છે.) શંકાકાર શંકા કરે છે ''અહીં (વિશ્વમાં), વસ્તુની જે જન્મક્ષણ હોય તે''**, આહા...હા! બધી ભાષા જુદી જાત છે. જે વસ્તુ છે ને...આત્મા કે પરમાણુ, એની અવસ્થા જે થાય છે એની જન્મક્ષણ છે. તે જ સમયે, તે ઉત્પત્તિનો કાળ છે. આહા...હા! ઈ આત્માથી કર્યો થાય છે એમે ય નથી. પોતાની પર્યાયની પણ જન્મક્ષણ છે. આહા...હા! જે સમયે તેને પર્યાય ઉત્પન્ન થવાનો તેને જન્મનો – ઉત્પત્તિનો એનો કાળ છે. હવે આ શિષ્યની શંકા છે કે જન્મસમય–જન્મક્ષણ હોય – જન્મથી જ વ્યાપ્ત હોવાથી વાત કરી છે કે ઉત્પત્તિની જે ક્ષણ છે તે ઉત્પત્તિની ક્ષણ સાથે સંબંધ રાખે. **''તે, જન્મથી જ વ્યાપ્ત હોવાથી, સ્થિતિક્ષણ અને નાશક્ષણ ન હોય.''**આવી વાત છે. માણસને અભ્યાસ ન મળે, ધરમ (કરવો ને) ધરમ શું છે એની (ખબર ન મળે!) આ તો વીતરાગ સર્વજ્ઞદેવ, એણે જોયેલાં છ દ્રવ્યો, અને તેમાં ઉત્પાદ વ્યય ને ધ્રૌવ્ય (એ) ત્રણ પર્યાયો એક એક (દ્રવ્યમાં એકસમયે છે). આહા...હા! ઈ પર્યાયોનો સમુદાય ઈ આખું દ્રવ્ય. એ અહીંયા સિદ્ધ કરવું છે. શિષ્ય કહે છે **''વસ્તુની જે જન્મક્ષણ હોય તે, જન્મથી જ વ્યાપ્ત હોવાથી, સ્થિતિક્ષણ અને નાશક્ષણ ન હોય (–જુદી હોય).''** એમ ઈ કહે છે.

(કહે છે) જે સમયે ઊપજે – રાગ ઊપજયો, સમકિત ઊપજયું તો તે સમયે ઊપજે છે તે સમયે જ નાશ ને ધ્રુવતા કેમ હોય? ઊપજે છે તે સમયે નાશ ને તે સમયે ધ્રુવ કેમ હોય? (આ) શિષ્યનો પ્રશ્ન છે. બધી લોજિકથી વાત છે પણ ભઈ (ગળે ઊતારવું એને છે ને...!) અભ્યાસ ન મળે, એને (આ તત્ત્વસ્વરૂપ) અજાણ્યા જેવું લાગે! શું આ તે કહે છે જૈન ધરમ આવો હશે? આહા...! જૈન ધરમની ખબર જ કયાં છે? વાડા બાંધીને બેઠા! આહા...હા! **''સ્થિતિક્ષણ અને નાશક્ષણ ન હોય.''** શું કહે છે ? શિષ્યનો પ્રશ્ન છે કે જે દ્રવ્યમાં, જે ક્ષણે જે પર્યાય ઉત્પન્ન થાય, તે ક્ષણે – ક્ષણિક અને ધ્રૌવ્ય, એ સમયે ન હોઈ શકે. (અર્થાત્) એ જ સમયે ન હોઈ શકે. એમ શિષ્યનો પ્રશ્ન છે. **''જે જન્મક્ષણ હોય તે, જન્મથી જ વ્યાપ્ત હોવાથી, સ્થિતિક્ષણ અને નાશક્ષણ ન હોય.''** છે ને? **''જુદી હોય.''** દરેકની સ્થિતિ જુદી હોય. દ્રવ્યમાં જે સમયે, જે અવસરે, જે પર્યાય થાય, તે પર્યાયનો ક્ષણ અને વ્યયનો ક્ષણ ને ધ્રૌવ્યનો ક્ષણ જુદો હોય, ત્રણની એક (જ) ક્ષણ કેમ હોય? ત્રણનો એક જ સમય હોય તો ત્રણ કેમ? માટે એની ઉત્પત્તિનો ક્ષણ જુદો, વ્યયનો જુદો ને ધ્રૌવ્યનો જુદો – એમ શિષ્યનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન છે. આહા...! આહા...હા! અને સ્થિતિક્ષણ હોય – જે ટકવાનો ક્ષણ હોય – આત્માને ને પરમાણુને ટકવાનો (જે) ક્ષણ હોય, (એટલે) **"જે સ્થિતિક્ષણ હોય તે, બન્નેના અંતરાળમાં (અર્થાત્ ઉત્પાદક્ષણ અને નાશક્ષણની વચ્ચે) દ્દઢપણે રહેતી હોવાથી."** સ્થિતિ તો કયારે રહે ? ઉત્પન્ન ને નાશની વચ્ચમાં રહે તો (સ્થિતિ રહે.) વચ્ચમાં સ્થિતિ રહે. અભાવ થાય પહેલાં – અભાવ થાય પછી સ્થિતિ રહે. અને ઉત્પન્ન થાય એના પહેલાં સ્થિતિ રહે. પણ સ્થિતિ તો પછી રહે. પણ તમે કહો છો એકસમયમાં નાશ, એક સમયમાં ઉત્પત્તિ અને એકસમયમાં સ્થિતિ!! આહા...હા!

(અહીંયાં કહે છે કે:) શું કીધું? **"ઉત્પાદક્ષણ અને નાશક્ષણની વચ્ચે દ્દઢપણે રહેતી હોવાથી, જન્મક્ષણ અને નાશક્ષણ ન હોય."** બે બોલ થ્યા. ઉત્પત્તિના અને ધ્રૌવ્યના – સ્થિતિના (હવે વ્યયનો બોલ) **"અને જે નાશક્ષણ હોય તે,"** જે દ્રવ્યમાં નાશનો કાળ છે. કે આત્મામાં કે પરમાણુમાં અભાવનો કાળ છે, નાશનો (કાળ છે.) ઈ નાશપણાની વચ્ચે દ્રવ્યપણે રહેતી હોવાથી જન્મક્ષણ ને નાશક્ષણ ન હોય. આહા...હા! નાશક્ષણ દ્રવ્યપણાને રહેતી હોવાથી એ સ્થિતિ. જન્મને નાશપણાની ક્ષણે વચ્ચે રહેતી સ્થિતિ, એને સ્થિતિ–ટકવું કહેવાય. **(પ્રશ્નઃ)** ઉત્પત્તિ વખતે ઈ નું ઈ ઉત્પન્ન થાય ને ઈ નું ઈ ટકે ને ઈ નું ઈ નાશ થાય? આ પ્રશ્ન છે. ઈ નો ઈ ઊપજે, ઈ નો ઈ ક્ષય થાય, ઈ નો ઈ ટકે!! સમજાય છે કાંઈ? આહા...હા!

(શું કહે છે કે:) ' **'અને જે નાશક્ષણ હોય તે, વસ્તુ ઊપજીને અને ટકીને પછી નાશ પામતી હોવાથી.'** પહેલી તો વસ્તુ ઊપજે, અને પછી ટકીને રહે. વસ્તુ ઊપજે થોડીવાર રહે પછી નાશ થાય. શું કીધું? આહા...હા...હા...હા! શિષ્યનો પ્રશ્ન છે. વસ્તુ ઊપજે, અને થોડીવાર ટકે, પછી નાશ થાય. તમે તો (કહો છો) એક સમયમાં ત્રણ થાય, એક સમયમાં ત્રણ થાય! એટલું તો સમજયોને ઓલો શિષ્ય! આવો પ્રશ્ન હજી કયાં છે? આહા...હા! **"વસ્તુ ઊપજીને અને ટકીને પછી નાશ પામતી હોવાથી."**, ઊપજે, થોડી વાર ટકે પછી નાશ થાય. (જે) વખતે ઊપજે ને (તે) વખતે જ નાશ થઈ જાય ? અને ઊપજે, ઊપજવું તો ટકવું (તો) રહેતું નથી? ઊપજે તે વખતે નાશ થઈ જાય તો ટકવું તો રહેતું નથી? અ...હા...હા...હા! આવો ઉપદેશ ભઈ તત્ત્વની વાત છે આ બધી! તત્ત્વનું જ્ઞાન, મૂળ તત્ત્વનું જ્ઞાન નથી એને કાંઈ ધરમ જ હોતો નથી. એ દયા ને વ્રત ને કરે એ બધું સંસાર – રાગ! રખડે નરક–નિગોદમાં ! આહા...હા! આ એવી વાત છે.

(કહે છે) શિષ્યનો પ્રશ્ન : ત્રણ ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય, એમ સાંભળીને તેને પ્રશ્ન ઊઠયો, કે જે જનમ છે – ઉત્પત્તિનો ક્ષણ છે એ સ્થિતિનો ને નાશનો ક્ષણ કેમ હોય? ઉત્પન્ન થાય છે એ વખતે સ્થિર રહે? એ વખતે પાછો નાશ થાય એમ કેમ હોય? અને ટકતું તત્ત્વ છે એને ઊપજે ને વ્યય થાય તો પણ ટકતું ને ટકતું ઈ એમ કેમ થાય? અ...હા! ઊપજે, ટકે ને નાશ થાય? ઊપજે (પહેલે) સમયે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ટકે પછીના સમયે, નાશ થાય પછીને સમયે (એ તો સમજાય પણ) આ તો ઊપજે ને નાશ થાય તરત જ (એમ કેમ હોય?) આહા...હા! પ્રશ્ન સમજાય છે પહેલો? **(શ્રોતાઃ)** અહીંયાં ત્રણ ભેદ બતાવવા... છે. **(ઉત્તરઃ)** ત્રણ ભેદ બતાવવા છે, એટલું!

(અહીંયાં કહે છે કેઃ) **"જન્મક્ષણ અને સ્થિતિક્ષણ ન હોય. આમ દલીલથી વિચારતાં ઉત્પાદાદિકનો ક્ષણભેદ હૃદયભૂમિમાં ઊતરે છે."** શિષ્ય કહે છે આ રીતે મને સમજાય છે કે ઉત્પાદનો કાળ જુદો, ટકવું ઈ જુદું, ઈ ઊપજે છે ઈ ટકે કયાંથી? ટકવું જુદું ને નાશ પામવું ઈ(ક્ષણ પણ) જુદી. આહા...હા! આવો પ્રશ્ન! ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય (શબ્દ) પણ કેટલાકે તો સાંભળ્યાં ન હોય બિચારાંએ (કે) ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય શું છે? **"–આમ દલીલથી વિચારતાં ઉત્પાદનો ક્ષણભેદ હૃદયભૂમિમાં ઊતરે છે (અર્થાત્ ઉત્પાદનો સમય, સ્થિતિનો સમય અને નાશનો સમય ભિન્નભિન્ન હોય, એક ન હોય – એમ વાત હૃદયમાં બેસે છે."** (આ) શિષ્યનો પ્રશ્ન છે. એ અમને બેસે છે. કારણ કે ઊપજે છે ને ઈ ઊપજયું તે જ વ્યય થયું ઊપજેલું? ઊપજે હજી તો ઊપજે છે તે વખતે સ્થિતિ હોય? એ સ્થિતિ છે ને ઊપજયું ને તે જ નાશ પામ્યું? ત્રણ ભેદ પડવા જોઈએ ને...! તમે તો એક જ સમયે કહો છો ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય! આહા...હા! હવે એનો ઉત્તર.

(અહીંયાં કહે છે કેઃ) **"હવે ઉપરની શંકાનું સમાધાન કરવામાં આવે છે." "એ પ્રમાણે"**, જો **"જો ઉત્પાદાદિકનો ક્ષણભેદ હૃદયભૂમિમાં તો જ ઊતરે, જો દ્રવ્ય પોતે જ ઊપજે છે."** જોયું? દ્રવ્ય ઊપજે, દ્રવ્ય વ્યય થાય ને દ્રવ્ય ટકે એમ હોય તો તો તારી વાત બરાબર છે. પણ અહીંયાં તો (કહે છે) દ્રવ્યની પર્યાય ઊપજે ને ટકે ને દ્રવ્યની પર્યાય તે સમયે વ્યય થાય ને દ્રવ્યપણું ટકી રહે તે સમયે એની વાત છે અહીંયાં, દ્રવ્ય ઊપજે ને દ્રવ્ય થાય એમ કયાં કીધું છે અહીંયાં. આહા...હા! સમજાણું? આવું (તત્ત્વ) ધરમની વાતું હવે! વેપારીને નવરાશ ન મળે ને પાપના આડે આખો દિ' એમાં પાછું સાંભળવાનું આવું મળે નહીં. હવે એને નિર્ણય શું કરવો? અરે....રે જિંદગીયું હાલી જાય છે! ઢોરની જેમ. જિંદગી ઢોરની જેવી છે બધી. ભલે લાખ, પાંચ–પચાસ લાખ કરોડ ભેગા કર્યા હોય! આહા...હા! વીતરાગ, સર્વજ્ઞદેવ પરમેશ્વર દ્રવ્યનું–તત્ત્વનું જે સ્વરૂપ કઈ રીતે છે તે રીતે ઈ સમજમાં ન આવે, તો ઈ રખડી મરશે. આહા...! ભલે ઈ વ્રત ને તપ કરતો હોય તો ય ઈ રખડી મરશે. આહા...હા!

(અહીંયાં કહે છે કેઃ) **"જો દ્રવ્ય પોતે જ ઊપજે છે, પોતે જ અવસ્થિત રહે છે (–ટકે છે) અને પોતે જ નાશ પામે છે." એમ સ્વીકારવામાં આવતું હોય."** હોય, **"પરંતુ તે તો સ્વીકારવામાં આવ્યું નથી."** એમ કોણે કીધું તને? એમ કહે છે. દ્રવ્ય ઊપજે છે, પદાર્થ (ઊપજે છે), દ્રવ્ય નાશ પામે છે,દ્રવ્ય ધ્રૌવ્ય રહે છે એમ કોણે કીધું તને? અમે તો એના પર્યાયના ત્રણ પ્રકાર પાડીએ (ને કીધું કે) એક સમયમાં ત્રણ (છે.) **"જો દ્રવ્ય પોતે જ ઊપજે છે, ટકે છે ને નાશ**

**પામે છે'' એમ સ્વીકારવામાં આવતું હોય, પરંતુ તે તો સ્વીકારવામાં આવ્યું નથી.''** કો' છે? **''પર્યાયોના જ ઉત્પાદાદિક છે.''** અવસ્થાના જ ઉત્પાદાદિક છે લ્યો! અવસ્થાના જ દ્રવ્યના (નહીં). દ્રવ્ય જે છે કાયમી ચીજ એની આ ત્રણ અવસ્થાઓ છે. ત્રણ અવસ્થા થઈને આખું દ્રવ્ય છે. એ દ્રવ્ય પોતે ઊપજે ને ધ્રૌવ્યપણે ટકે ને નાશ પામે એમ કોણે કહ્યું તને એમ કહે છે. એ તો પર્યાયો છે. ત્રણ. પર્યાય ઊપજે એ વખતે પૂર્વની પર્યાયનો વ્યય થાય, અને ઊપજે છે ને (વ્યય થાય છે) એમાંથી એ ધ્રૌવ્ય છે. એક સમયમાં ત્રણેય રહે છે. આહા...હા!

**''આ પણ સમજીને એને ઉતારીને જવું પાછું ધ્રુવમાં હોં!** આહા...હા...હા...હા! ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય પર્યાયના છે. પણ ઈ પર્યાયના ત્રણ છે એમ સમજીને પણ પર્યાયમાં દૃષ્ટિ રાખવી એમ નથી. આહા...હા! એમાં પર્યાય આવી જાય. એ પર્યાય ત્રિકાળી જ્ઞાયક ભગવાનનો આશ્રય કરે, ત્યારે જ્ઞાયકભાવ આવી જાય ને આ ત્રણ પર્યાય આવી જાય. નિર્ણય કરે ત્યારે **''હું તો પરમાત્મા નિજ પરમાત્મ દ્રવ્ય છું'** હું પર્યાય છું એમ નહીં. આહા...હા! **'હું તો નિજ પરમાત્મ દ્રવ્ય છું'** ત્રિકાળ નિરાવરણ એવી હું ચીજ છું અંદર. આહા...! અખંડ છું, એક છું, પ્રત્યક્ષપ્રતિભાસમય, જ્ઞાનમાં પ્રત્યક્ષ થાય તે જ સ્વરૂપ છે એ. અવિનશ્વર છું શુદ્ધ પારિણામિક સહજ સ્વભાવભાવ લક્ષણ તે નિજ પરમાત્મદ્રવ્ય **''તે હું છું.''** પર્યાય એમ જાણે છે કે **'આ હું છું'** પર્યાય એમ જાણતી નથી કે હું પર્યાય છું. માળે આ...રે...આરે! પણ પર્યાય આવી ગઈ. પર્યાયે નિર્ણય કર્યો ને...? નિર્ણય કર્યો ઈ અસ્તિત્વ આવી ગ્યું! દૃષ્ટિ પડી ધ્રુવ ઉપર. ઈ ધ્રુવ છે તે હું છું. આહા...હા! આવી વાતું છે! વીતરાગના ઘરની.

(કહે છે કે:) **''પર્યાયોના ઉત્પાદાદિક છે.''** છે? (પાઠમાં) પર્યાયના ઉત્પાદ વ્યય છે. **''એમ સ્વીકારવામાં અને સિદ્ધ કરવામાં આવ્યું''** છે. એમ સ્વીકારવામાં અને સિદ્ધ કરવામાં આવ્યું છે. કે પર્યાયમાં પર્યાય પોતે (એટલે) અવસ્થા (ના ઉત્પાદાદિક છે.) વસ્તુની એક અવસ્થા ઉત્પન્ન થાય છે. વસ્તુ ઉત્પન્ન થતી નથી, વસ્તુ તો અનાદિ છે. એની પર્યાય એક સમયમાં ઉત્પન્ન થાય છે, તે જ સમયે પૂર્વની પર્યાયનો વ્યય થાય છે, તે જ સમયે ટકતું તત્ત્વ છે. તો એમ કીધું ઉત્પન્ન–વ્યય વચ્ચે ધ્રૌવ્ય છે, ઊપજે થોડીવાર ટકે પછી વ્યય થાય. એમ કીધું ને...? (શંકાકારે) પ્રશ્ન પણ ઝીણો લ્યો! ઊપજે, થોડી વાર ટકે કે પાધરું નાશ થાય? પણ પછી નાશ થાય. નાશ ને ઉત્પાદ વચ્ચે ધ્રૌવ્ય હોય. કાળ હો કાળ. કહે (છે) એમ નથી. અમે તો પર્યાયોના ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્ય કહ્યા છે. દ્રવ્યના ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય કહ્યા નથી. આહા...હા! **''એમ સ્વીકારવામાં (અને સિદ્ધ કરવામાં આવ્યું)'' ત્યાં ક્ષણભેદ કયાંથી હોય?** જ્યાં પર્યાયના ત્રણ (ભેદ) સ્વીકારવામાં આવ્યા છે ત્યાં કાળભેદ, ક્ષણભેદ, સમયભેદ કયાંથી હોય? દ્રવ્યના સ્વીકારવામાં આવ્યા હોય તો તે કદાપિ હોય, પણ (અહીંયાં તો પર્યાયના ઉત્પાદાદિક સ્વીકારવામાં અને સિદ્ધ કરવામાં આવ્યા છે.) દ્રવ્ય તો કદી પણ ઊપજતું નથી, વ્યય થતું નથી ને દ્રવ્ય ધ્રૌવ્ય (ટકતું) નથી. ઈ તો એક અંશ ઊપજે છે, એક અંશ

વ્યય થાય છે ને એક અંશ ધ્રૌવ્ય છે. ઈ ત્રણેય મળીને દ્રવ્ય છે. આહા...હા! છતાં ઈ સમ્યગ્દર્શનનો વિષય ત્રણ નથી. આહા...હા! આ તો, જ્ઞાન કરાવ્યું છે. (સમકિતનો) વિષય તો ધ્રુવ છે. પરમપારિણામિક સહજાત્મસ્વરૂપ ભગવાન (આત્મા) સહજાત્મસ્વરૂપ! પરમાત્મસ્વરૂપ! પૂરણઆનંદ જ્ઞાનાદિથી ભરેલો જ્ઞાનપરમાત્મા, પોતે પરમાત્મા છે ઈ સમ્યગ્દર્શનનો વિષય છે. અને એમાં સમ્યગ્દર્શન (આદિની) પર્યાય આવી ગઈ. પૂર્વની પર્યાયનો વ્યય આવ્યો, સમ્યગ્દર્શનની ઉત્પત્તિ આવી, મિથ્યાત્વનો વ્યય આવ્યો (એટલે કે) સમકિતની ઉત્પત્તિ આવી ને ધ્રૌવ્ય આવ્યું પણ એના વિષયમાં ઉત્પાદ–વ્યય ન આવે. આહા...આવો કઈ જાતનો ધરમ હશે આ....! સ્થાનકવાસી અપાસરે જાય તો સામાયિક કરો ને પડિકકમણ કરો ને પોષા કરો ને... સપરમે આમ કરો ને... એ વળી એવું હોય. દેરાસરમાં (દેરાવાસી) જાય તો ભકિત કરો, જાત્રા કરો, પૂજા કરો ને અને દિગંબરમાં જાય તો લૂગડાં છોડો ને પડિમા લઈ લ્યો (ધરમ થશે.) પણ બાપા! મૂળ તત્ત્વની દૃષ્ટિ વિના – ખબર વિના શું (તત્ત્વ) છે ભાવ ભાસન (તો નથી.) પહેલા જ્ઞાનમાં, આ સ્થિતિ છે (એનું) ભાસન થયા વિના, તેની પ્રતીતિ કઈ રીતે થશે? જે વસ્તુ જણાણી નથી, એની પ્રતીતિ કેવી રીતે (આવે) ? આપણે આવી ગયું છે. ગધેડાના શિંગડાં નથી દેખાતા નથી તો એની પ્રતીતિ શી રીતે? ('સમયસાર' ગાથા ૧૭–૧૮). આહા...હા!

(કહે છે) (ગાથા ૧૭–૧૮ ટીકામાં **'નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાંના શ્રદ્ધાન સમાન હોવાથી, શ્રદ્ધાન પણ ઉદય થતું નથી.')** જે વસ્તુને ખ્યાલમાં અસ્તિત્વ નથી, અને ખ્યાલ નથી તેને શ્રદ્ધવું? શી રીતે શ્રદ્ધવું? વાડો આમ બાંધીને અનંતકાળથી રખડે છે બિચારાં! આહા... વાડા બાંધી બેઠા રે...પોતાનું (પેટ ભરવા.) વસ્તુ ભગવાન! જિનેશ્વરદેવ, કેવળજ્ઞાનીએ જે જોયું પદાર્થનું સ્વરૂપ, તે રીતે ન સમજતાં – સમજયાં વિના (આ) ગોટા ઊઠયા ને સામાયિક થઈ ગઈ (ક્રિયાકાંડ કરીને એમ માને પણ) ધૂળમાં ય નથી. સામાયિકે ય નથી ને પડિકકમણા ય નથી. (વળી) વરસીતપ કરે છે, મીંડાં કરે છે એકડા વિનાના મીંડા! આહા...હા! (ખોટા અભિપ્રાયથી) મિથ્યાત્વનું પાપ વધારે છે. પરના ત્યાગ–ગ્રહણ આત્મામાં નથી છતાં મેં છોડયું – આટલું મે મૂકયું! બધું મિથ્યાત્વ છે. આહા...! આકરી વાત છે.

(કહે છે કે:) મિથ્યાત્વની ઉત્પત્તિને સમયે, પૂર્વની મિથ્યાત્વની પર્યાયનો વ્યય છે. બેય નો સમય એ જ છે. અને સમકિતની (પર્યાયની) ઉત્પત્તિના સમયે ઉપાદાનની પર્યાયનો ક્ષય છે. (એટલે) પૂર્વની પર્યાય એ ઉપાદાન (છે.) 'સ્વામી કાર્તિકેય' (અનુપ્રેક્ષા) માં આવ્યું છે. **'पूर्वपर्याययुक्तं द्रव्यम्'** ઉપાદાન પછીની પર્યાય **उत्तरपर्याययुक्तं द्रव्यम्** તે ઉપાદેય. એટલે જે સમયમાં સમકિત થયું તે જ સમયમાં મિથ્યાત્વનો વ્યય છે.પૂર્વે જે ઉપાદાન હતું મિથ્યાત્વ હોં! એ સમકિતનું મિથ્યાત્વ ઉપાદાન! પણ એનો ક્ષય – ઉપાદાનનો ક્ષય એ (સમકિતની પર્યાયની ઉત્પત્તિનું) કારણ છે. ભાષા એવી છે. અવ્રતનો ભાવ પછી જે વ્રત (નો ઉત્પાદ છે) સ્થિરતા (ની ઉત્પત્તિ છે) એનું ઉપાદાન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવ્રત(નો ભાવ) છે. **(શ્રોતા)** અભાવ ઉપાદાન **(ઉત્તરઃ)** હેં, એનો અભાવ ઉપાદાન (છે.) આત્મામાં જે ચારિત્રદોષ છે, એ ચારિત્રદોષનો 'અભાવ', ચારિત્રની ઉત્પત્તિનું કારણ છે. આહા...હા! **(શ્રોતાઃ)** પૂર્વ પર્યાયનો વ્યય તે ઉત્પાદનું કારણ... **(ઉત્તરઃ)** તે આવે જ તે ઉત્પન્ન થાય તો આગલી પર્યાયનો વ્યય થાય જ તે. તેથી ત્રણેને 'સત્' કહ્યું છે ને...! ભલે ઉત્પાદ એક જ સમયનો છે પર્યાય, એક જ સમય ઉત્પાદ રહે છે છતાં ઉત્પાદને ને ધ્રૌવ્યને સત્ કહ્યું છે એમ નહીં. **उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्** એમ કહ્યું છે. આહા...હા...હા! ઝીણું ભારી ભાઈ! નવી પર્યાય ઊપજે, જૂની પર્યાયનો વ્યય અને કાયમનું ટકવું – એમ કરીને 'સત્' કહ્યું છે. એકલા ધ્રૌવ્યને સત્ કહ્યું નથી, એકલા ઉત્પાદને ય સત્ કહ્યું નથી, એકલા વ્યયને ય સત્ કહ્યું નથી. આહા...હા! **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्** અને **सद् द्रव्यलक्षणम्** ઈ 'સત્' દ્રવ્યનું લક્ષણ છે. આહા...હા!

(અહીંયાં કહે છે કેઃ) **''ત્યાં ક્ષણભેદ કયાંથી હોય? (ન જ હોય.)'' તે સમજાવવામાં આવે છે. ''જેમ કુંભાર''** જુઓ, આમ અંગુઠો ઊઠાવ્યો જરી (એમાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય ત્રણે સિદ્ધ થયાં.) **''જેમ કુંભાર, દંડ, ચક્ર (ચાકડો) અને દોરી વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં''** એ નિમિત્ત છે. એની હાજરીમાં, (પણ) ઘડો–પર્યાય એનાથી થયો નથી. અને એની હાજરીમાં! આહા...હા! કુંભાર, દંડ, ચાકડો અને દોરી એ વડે કરવામાં આવતા સંસ્કાર એની હાજરીમાં (એટલે) સંસ્કારની હાજરીમાં, **''જે રામપાત્રની જન્મક્ષણ હોય છે''** રામપાત્ર ઉત્પન્ન થાય. રામપાત્ર, (અથવા) શકોરું. ઈ દાખલો આવે છે ને એક બાઈ હતી તે કોઈ ધરમનું કાંઈ નહિ, પછી એને છેવટે એક છોકરાએ કહ્યું કે આ કાંઈક (મરણ ટાણે) રામનું નામ લ્યે ને... એટલે એને શકોરું બતાવ્યું આનું શું (નામ?) આનું શું (નામ?) બા આનું નામ શું કે તે (કહે) શકોરું! એને કહેરાવવું'તું રામ(પાત્ર), એ લોકોમાં આવે છે. રામ (તો) મોક્ષ પધાર્યા છે. આહા...! પણ ઈ તો કર્તા માને. તો(અંતસમયે) રામનું નામ (મુખે) આવે તો એનું ઠીક થાય. શકોરું બતાવ્યું કે બા આ શું છે બા? રામપાત્ર છે એમ તો બોલી નહીં (શકોરું છે એમ બોલી.) આહા...હા!

શું કીધું? **''કુંભાર, દંડ, ચક્ર અને દોરી વડે કરવામાં આવતા સંસ્કાર''**. નિમિત્ત, એ નિમિત્ત – નિમિત્તની **''હાજરીમાં''** નિમિત્તથી નહીં પણ નિમિત્તની હાજરીમાં, એને અનુકૂળ ઘડાની પર્યાય થાય, ત્યારે અનુકૂળ નિમિત્ત હોય. પણ એ અનુકૂળ નિમિત્તથી ઘડો થ્યો નથી. આહા...! એ દંડ, ચક્ર અને કુંભાર એનાથી ઘડાની પર્યાય થઈ નથી. પણ (એની) ઉપસ્થિતિ છે. પહેલાં આવી ગયું (ગાથા–૯૫ ની ટીકામાં **'કે જે ઉચિત બહિરંગ સાધનોની સંનિધિના સદ્ભાવમાં અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે.')** ઉચિત, ઉચિત (નિમિત્ત) ઉચિતની હાજરીમાં. અરે...આમાં 'હાજરી' માં કીધું. ત્યાં પકડે કે આ જુઓ! એ અહીંયાં વિરોધ આવ્યો! 'નિમિત્તથી થાય નહીં' નિમિત્તથી થાય નહીં એકાંત કરે છે. આહા...હા! 'કરુણાદીપ' (પત્રિકા) માં ઈ જ આવે છે ને...! નિમિત્ત હોય છે. એ (નિમિત્ત) પરને અડતું નથી ને કુંભારથી ઘડો થતો જ નથી, તેમ દંડ, ચક્ર (કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દોરી) થી પણ ઘડો થતો નથી. આહા...હા...હા! ઘડો તો માટીની પર્યાયથી થાય છે. આહા...હા...હા..! માટીની પર્યાય છે ઘડો! માટીથી ઘડો થ્યો છે. માટીની પર્યાય છે ઈ (ઘડો), ઈ પર્યાય, દ્રવ્યથી પર્યાય થઈ છે. કુંભાર (માટી) દ્રવ્ય છે કે એની પર્યાય થાય ઈ (ઘડો.) શું કીધું? સમજાણું? કુંભાર (પરમાણુ) દ્રવ્ય છે કે એની પર્યાય આ ઘડો છે? આહા...હા!

(કહે છે) દંડ, ચક્ર આદિ હોય, ઈ વસ્તુ છે. માટીના ઘડાની પર્યાય માટીની છે કે ઈ વસ્તુની છે? આહા...હા! થોડા ફેરે ફેર ઘણો! આહા...હા...હા....હા!

(અહીંયાં કહે છે કે:) **''દોરી વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં''**. એ (નિમિ ત્ત – સાધન) વિના ન થાય એમ કહે છે. **''જે રામપાત્રની જન્મક્ષણ હોય છે.''** રામપાત્ર ઊપજ્યું માટીથી **''તે જ મૃત્તિકાપિંડની નાશક્ષણ હોય છે.''** રામપાત્ર ઊપજ્યું તે જ ક્ષણમાં માટીના પિંડનો વ્યય હોય. માટીના પિંડનો વ્યય–નાશ થઈ અને રામપાત્રની પર્યાય થાય. ઈ દંડને ચકકરને ચાકડો (ઘડાની) રામપાત્રની પર્યાયને ઊપજાવે નહીં. પણ તેની હાજરી હોય. આહા...હા! **''અને તે જ બન્ને કોટિમાં રહેલા માટીપણાની સ્થિતિક્ષણ હોય છે.''** જે રામપાત્રની જન્મક્ષણ તે જ મૃત્તિકાપિંડની નાશક્ષણ અને **''તે જ બન્ને કોટિમાં રહેલા માટીપણાની સ્થિતિક્ષણ હોય છે.''** (નીચે ફૂટનોટમાં જુઓ) કોટિ=પ્રકાર ઓલો (શિષ્ય) કહેતો'તો કે ઉત્પાદ ને વ્યય વચ્ચે ધ્રૌવ્ય હોય. ઊપજે, કંઈક ટકે પછી નાશ થાય ને...! અહીંયાં કહે છે તું વાત કરે છે દ્રવ્યની ને અહીંયાં તો પર્યાયની વાત છે. ત્રણ પર્યાય છે ઈ. (ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય). આહા...હા! ઈ પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય. વ્યય વિનાનું દ્રવ્ય ન હોય, ધ્રૌવ્ય વિનાનું દ્રવ્ય ન હોય, (ઉત્પાદ વિનાનું દ્રવ્ય ન હોય) ઈ ત્રણની ક્ષણ તો એક જ છે. આહા...હા! (લોકો બોલે છે ને...) આમાં ધરમ શું આવ્યો પણ? બાપુ! જેણે આવું (વસ્તુસ્વરૂપ) જાણ્યું એને આત્માનો ધરમ એટલે સમ્યગ્દર્શનની પર્યાય, સ્વના લક્ષે, ઉત્પન્ન થાય છે (એ) પર્યાય, એ પર્યાય, પર્યાય સ્વતંત્ર છે! એ પર્યાય ઉત્પન્ન થઈ એ ક્ષણે મિથ્યાત્વનો વ્યય છે, અને તે જ સમયે આત્માની–ધ્રૌવ્ય–હયાતી છે એમાં લક્ષ થયું. એનાથી થ્યું નહીં પણ એના લક્ષે થયું! આહા...હા...હા! **(શ્રોતાઃ)** ધ્રુવનું લક્ષ હતું ત્યારે થયું ને? **(ઉત્તરઃ)** ઈ તો એની જન્મક્ષણ હતી. તેથી ધ્રુવમાંથી થ્યું! આત્મામાંથી (થ્યું.) ને પૂર્વનો મિથ્યાત્વનો વ્યય થયો. આવું અહીંયાં હાલે! બહારમાં...! આહા...હા! વાણિયાને નવરાશ ન મળે એકલા પાપ આડે આખો દિ' ધંધો...ધંધો...ધંધો...ધંધો... એકલા પાપના પોટલા બાંધે અને નવરો થાય તો બાયડી–છોકરાં હારે...રમતું કરે ને પછી છ–સાત કલાક ઊંઘે. આ મજુર જેવી દશા છે! આહા...હા! ભગવાન શું કહે છે ને કયું તત્ત્વ છે? એને નિર્ણય કરવાનો વખત ન મળે! સાંભળવા મળે નહીં ને નિર્ણય કયારે કરે? આહા...હા! આ તો દયા પાળો ને... વ્રત કરો વ્રત કરો, બ્રહ્મચર્ય લઈ લ્યો! પણ બ્રહ્મચર્ય લ્યે ઈ એ યં શુભભાવ છે. ધરમ કયાં હતો. કાયાથી જાવજ્જીવ બ્રહ્મચર્ય પાળવું એ તો શુભભાવ–પુણ્યભાવ છે. એ કાંઈ ધરમ નથી. આહા...! આકરું પડે જગતને! **'અપૂર્વ વાત છે'** અનંત–અનંત કાળમાં,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એણે એ વાત(પોતાની કરીને) સમજયો જ નથી. બીજી રીતે ખતવીને એણે ઊંધાઈ કરી છે. આહા...હા!

(કરુણાથી કહે છે) કાં' ઈ રીતે જાણ્યું હોય તો એનો પ્રયોગ નો હોય, બીજું હોય. માન મેળવવાનું કે ઈ...આવે છે ને...! 'મોક્ષમાર્ગપ્રકાશક' માં 'મોક્ષમાર્ગપ્રકાશક' માં આવે છે. તો ઈ પણ અસત્‌જ્ઞાન થ્યું. જ્ઞાન સાચું હોવા છતાં પ્રયોજન બીજું છે. મેં જાણ્યું, બીજાને (સમજાવું) (લોકો કહે કે) આને આવડે છે આ. એ એવી યુકિતથી બીજાને કહે, એ પણ મિથ્યાજ્ઞાન છે. આહા...હા! (આ જ્ઞાન તો) વીતરાગ! વીતરાગ! વીતરાગ!

(અહીંયાં કહે છે કે:) **''સ્થિતિક્ષણ હોય છે; તેમ અંતરંગ અને બહિરંગ.''** એ શું કીધું? પહેલો દાખલો રામપાત્રનો આપ્યો. રામપાત્રની (ની પર્યાયમાં) કુંભાર, દંડ, ચાકડો સંસ્કારનું નિમિત્ત હો, પણ એનાથી ઊપજે નહીં. હવે આત્મા ઉપર–દ્રવ્ય ઉપર ઊતારે છે. **''તેમ અંતરંગ અને બહિરંગ સાધનો વડે.''** છે? બહિરંગ સાધન...! અહા...હા! એક અંતરંગ સાધન છે એક બહિરંગ સાધન (એટલે) નિમિત્ત છે એને સાધનનો આરોપ આપ્યો. આહા...હા...હા! અંતરંગ આત્માની સ્થિતિ (અથવા) દરેક દ્રવ્યની પોતાની અને બહિરંગ – બહારના નિમિત્ત એ સાધનો વડે **''કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં.''** દેખો! સંસ્કારની હાજરી છે ત્યાં. કુંભારને ખ્યાલ હોય છે ને...! ઘડો આમ કરવો. બીજાને ખ્યાલ હોય કે આમ –આમ (બીજાનો). સીસપેનને આમ કરવી, હાથને આમ કરવું, ફલાણું આમ કરવું, મકાન આમ કરવું એવો ખ્યાલ હોય છે, સંસ્કાર હોય છે. (પણ) એ સંસ્કારની હાજરીમાં કાર્ય થાય છે સ્વતંત્ર. સંસ્કારને લઈને (કાર્ય) નહીં. આહા...હા! આ બીડીના વેપારી, બીડીમાં હુશિયાર હોય. બટનના વેપારી, બટન (હોય છે ને એ તેમાં હુશિયાર હોય.) એમાં હુશિયારી છે એ સંસ્કાર છે. પણ ઈ સંસ્કારથી આમાં કાંઈ થાય છે એમ નહીં પણ સંસ્કારની 'હાજરી' હોય છે. આહા...હા! આવું છે! આમાં વાંધા ઊઠાવે...!

(કહે છે) સંસ્કાર **''અંતરંગ અને બહિરંગ સાધનો વડે કરવામાં આવતા'' સંસ્કારની 'હાજરીમાં'.** જોયું? આહા...હા! ઓલામાં (ઉદાહરણમાં) એમ હતું ને... **''જેમ કુંભાર, દંડ, ચાકડો અને દોરી વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં''** રામપાત્રમાં, આહા...આત્મા રામપાત્ર છે. આહા...હા! આતમરામ છે. એને નિમિત્તપણે ગુરુઆદિ સંસ્કાર–વાળા હો, પણ ઉત્પન્ન થવું સમ્યગ્દર્શન ઈ પોતાથી થાય છે. એ પછી થતું એ આતમરામ **''નિજ પદ રમે સો રામ''** કહીએ. ભગવાન પોતે પોતાના સ્વરૂપમાં રમે તો રામ કહીએ. આહા...હા...હા! ઈ આતમરામ! રાગમાં એકાકાર થઈને રમે ઈ હરામ કહીએ. આહા...! આવું છે. **''અંતરંગ અને બહિરંગ સાધનો વડે''** એ બહિરંગ સાધન આવ્યું આમાં! એ (પંડિતજી!) નિમિત્ત આવ્યું જુઓ! **(શ્રોતા:)** હાજરી ન હોય તો ન થાય...? **(ઉત્તર:)** હેં! ઈ પ્રશ્ન જ નથી ને...! આંહી તો થાવા કાળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ હોય છે બસ એટલું. પહેલી તો ઈ વાત આવી ગઈ છે. પોતાને અવસરે થાય, તેમ જન્મક્ષણમાં એ (વાત) આવી ગઈ. જનમક્ષણ છે. એ ત્યારે ત્યાં આવા નિમિત્ત હોય છે. નિમિત્ત એને કહીએ કે અનુકૂળ હોય એને. અનુકૂળ છે માટે પરને કાંઈ કરે છે એમ નથી. થોડા ફેરે મોટો ફેર છે. આહા...હા!

(કહે છે કેઃ) સંસ્કાર શું કે આનો ઘડો આમ થાય, રામપાત્ર આમ થાય, કે પર્યાય આની ઉત્પન્ન આમ થાય, એવો ખ્યાલ હોય, ઈ ખ્યાલની હાજરીમાં ત્યાં સામે પર્યાય ઉત્પન્ન થાય છે ઈ એને (પોતાને) લઈને થાય છે. અંતરંગકારણથી. આહા...હા! **''અંતરંગ અને બહિરંગ સાધનો વડે.''** આ બધી તકરારો અહીંયાં આવે છે ને...! સોનગઢવાળા બાહ્ય સાધન માનતા નથી, અને બાહ્ય સાધન વિના કાર્ય થાય નહીં, બે (કારણ–સાધન) વિના કાર્ય થાય નહીં. પણ અંતરંગ સાધન જે છે ઈ વખતે બાહ્ય સાધન હોય છે. હોય છે પણ તેનાથી અહીંયાં (કાર્ય) થાતું નથી. ઈ તો કૈલાસચંદજીએ છાપામાં નકકી કર્યું છે. ઈ તો વિરુદ્ધ હતો. તેરની સાલ. હવે નકકી કર્યું કે સોનગઢવાળા નિમિત્ત માનતા નથી એમ નહીં, નિમિત્ત માને છે પણ નિમિત્તથી કાર્ય થતું નથી એમ માને છે. એમ છાપામાં આવ્યું છે! **(શ્રોતાઃ)** પોતે શું માને છે? **(ઉત્તરઃ)** ઈ નથી કાંઈ ખુલાસો! આહા...હા! પણ એટલે ઊંડેથી, વિચારવાનું આયોજન છે કયાં? નવરાશ ન મળે, પછી બેઠું હોય ઈ પ્રમાણે કહે, જે જે મહારાજ! જે પ્રમાણ, જાવ (રખડવા.) આહા...હા! **''અંતરંગ અને બહિરંગ સાધન વડે.''** જોયું? **''કરવામાં આવતાં''** કરવામાં આવતા **''સંસ્કારની હાજરીમાં'' જે ઉત્તર પર્યાયની જન્મક્ષણ હોય છે.''** જે થવાની પર્યાય છે ઉત્પાદની એની જન્મક્ષણ હોય. **''તે જ પૂર્વ પર્યાયની નાશક્ષણ હોય છે'' અને તે જ બન્ને કોટિમાં રહેલા દ્રવ્યપણાની સ્થિતિક્ષણ હોય છે.''** આહા...હા! કેટલું આચાર્યોએ કરુણા કરીને સહેલી ભાષા સાદી ભાષા. આમ તો સંસ્કૃત બનાવેલું! આ સંસ્કૃત નથી ગુજરાતી છે!

(અહીંયાં કહે છે કેઃ) **''વળી જેમ રામપાત્રમાં, મૃત્તિકાપિંડમાં અને માટીપણામાં ઉત્પાદ–વ્યય અને ધ્રૌવ્ય પ્રત્યેકપણે (એકેક છૂટાંછૂટાં) વર્તતાં હોવા છતાં.''** હવે અહીંયાં બીજું દ્રવ્યને સિદ્ધ કરવું છે. આહા...હા! જેમ રામપાત્ર ઉત્પન્ન થાય, મૃત્તિકાપિંડનો વ્યય થાય, માટીપણું અન્વય – કાયમ રહે. આમ ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્ય પૃથક્પણે એક એક છૂટાં છૂટાં વર્તતાં હોવા છતાં – જુદા જુદા લક્ષણોથી વર્તતાં છતાં – એક કાળે જુદી જુદી જાત, ઉત્પાદનું લક્ષણ જુદું, વ્યયનું જુદું ને ધ્રૌવ્યનું લક્ષણ જુદું! આહા...હા! એક સમયમાં (ત્રણ) જોવામાં આવે છે. માટીના પિંડનો નાશ, ઘડાની ઉત્પત્તિ ને માટીનું કાયમ રહેવું. **''ત્રિસ્વભાવસ્પર્શી માટીમાં તેઓ સમસ્તપણે (બધાંય ભેગાં) એક સમયમાં જ જોવામાં આવે છે.''** એક સમયમાં જ જોવામાં આવે છે. આહા...હા! **''તેમ''** ઓલો દ્દષ્ટાંત થયો. **''ઉત્તર પર્યાયમાં''** એટલે ઉત્પન્ન થાય ઈ પર્યાયમાં **''પૂર્વ પર્યાયમાં''** પૂર્વની વ્યય પર્યાયમાં **''અને દ્રવ્યપણામાં''** (ધ્રૌવ્યપણામાં) **''ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય પ્રત્યેક પણે (એકેક) વર્તતાં હોવા છતાં''** એક જ સમયમાં ભિન્ન ભિન્ન વર્તતાં હોવા છતાં આહા...હા! **''ત્રિસ્વભાવસ્પર્શી દ્રવ્યમાં તેઓ સમસ્તપણે''**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા...હા...હા...હા...હા! એ ત્રણે દ્રવ્યમાં સમાઈ જાય છે, દ્રવ્ય છે. આમાં જે દ્રવ્ય છે ઈ ત્રણ પર્યાયો દ્રવ્ય નથી. ઈ ત્રણ પર્યાયો ત્રણ દ્રવ્ય નથી. ત્રણ પર્યાયો દ્રવ્યમાં છે એક દ્રવ્યમાં છે. પર્યાય, પર્યાયને આશ્રિત કીધી, પછી પર્યાય દ્રવ્યને આશ્રિત કીધી. આહા...હા! **''ત્રણે ભેગાં એક સમયમાં જ જોવામાં આવે છે.'' વાત તો ઘણી આવી ગઈ. લ્યો!**

(વળી કહે છે) **''અને દ્રવ્યપણામાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય પ્રત્યેકપણે (એકેક) વર્તતાં હોવા છતાં** ઉત્પાદ, ઉત્પાદપણે, વ્યય વ્યયપણે, ધ્રૌવ્ય ધ્રૌવ્યપણે એમ હોવા છતાં **''ત્રિસ્વભાવસ્પર્શી દ્રવ્ય''** આહા...હા! ત્રણે સ્વભાવને સ્પર્શનારું દ્રવ્ય. દ્રવ્ય, ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે સ્વભાવને ધારે છે. આ સ્વભાવને દ્રવ્ય ધારે છે. આહા...હા! છે? એક આત્મા! સમ્યગ્દર્શનની ઉત્પત્તિ, વ્યય મિથ્યાત્વનો, વસ્તુનું ધ્રુવ રહેવું (ધ્રૌવ્ય) ઈ ત્રણ હોવા છતાં –પ્રત્યેકપણે ત્રણ હોવા છતાં એક દ્રવ્યનું સ્વરૂપ છે. બીજા દ્રવ્યનું સ્વરૂપ એમાં, ઈ એના દ્રવ્યનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહા...હા!

(ફરીને કહે છે:) **''વર્તતાં હોવા છતાં ત્રિસ્વભાવસ્પર્શી''** સ્વભાવ ત્રિસ્પર્શી (કહ્યો) જોયું? ત્રિ...સ્વભાવ...સ્પર્શી! દ્રવ્ય ત્રિસ્વભાવસ્પર્શી! ઈ ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય સ્વભાવ છે અને સ્વભાવમાં દ્રવ્ય વર્તે છે. એમ આવી ગયું છે પહેલું! (ગાથા–૯૯) ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય સ્વભાવ છે અને સ્વભાવમાં સદાય દ્રવ્ય વર્તે છે. આહા...હા! એમ અહીંયાં ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય પ્રત્યેક ત્રણ હોવા છતાં, ત્રિસ્વભાવસ્પર્શી દ્રવ્યને પોતે સ્પર્શે છે – અડે છે. **''ત્રિસ્વભાવસ્પર્શી દ્રવ્યમાં તેઓ સમસ્તપણે (ત્રણે ભેગાં) એક સમયમાં જ જોવામાં આવે છે.''** દ્રવ્યમાં એક સમયમાં ભેગાં ત્રણે જોવામાં આવે છે. આહા...હા! આવું હવે! ઓલું તો મિચ્છામિ પડિકકમામિ ઈરિયા વહીયા તસ્સ ઉતરીકરણેણં થઈ ગ્યું લ્યો! પાણકકમણે થઈ ગઈ સામાયિક! ધૂળે ય નથી કાંઈ! ભાષા બોલાય છે ઈ જડ (પરમાણુની પર્યાય) છે. અંદર વિકલ્પ ઊઠે છે ઈ રાગ છે. ભગવાન (આત્મા) ભાષાને રાગથી ભિન્ન છે. એની તો ખબર નથી. આહા...હા! એને સામાયિક કયાંથી થયો? સમતાનો લાભ સામાયિક એટલે. સમતાનો લાભ કયારે થાય? કે ધ્રુવ, વીતરાગસ્વરૂપ આત્મા છે, અને તેના ઉપર લક્ષ કરીને જે ઉત્પત્તિ વીતરાગની થાય, ત્યારે તૂટે રાગ (એટલે) રાગ પર્યાયનો વ્યય થાય ને વીતરાગપણાની ઉત્પત્તિ થાય, પહેલું સમકિત થાય પછી એમાં ઠરે – સ્વરૂપમાં ઠરે ત્યારે સામાયિક થાય. આહા...હા! આવું છે!

(અહીંયાં કહે છે કે:) **''વળી''** હવે સમજાવવું ને...? **''ત્રિસ્વભાવસ્પર્શી દ્રવ્યમાં તેઓ સમસ્તપણે (ત્રણે ભેગાં) એક સમયમાં જ જોવામાં આવે છે.''** ઉત્પાદનો સમય જુદો, વ્યયનો સાવ જુદો, અને ધ્રૌવ્યનો સમય જુદો (એમ) તેં કહ્યું'તું એમ નથી. આહા...હા! દ્રવ્યનું એ ત્રિસ્પર્શી ભાવ ઈ દ્રવ્ય છે. આહા...! અંતે ત્યાં લઈ ગ્યા પાછા. એટલું બધું કહી–કહીને ત્રિસ્પર્શી દ્રવ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકસ્પર્શી પર્યાય છે. ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય એક–એક સ્પર્શી પર્યાય છે. અને દ્રવ્ય છે ઈ ત્રિસ્પર્શી દ્રવ્ય છે. આહા...હા...હા! હવે એક કલાક આવું આવે એમાં સાંભળ્યું નો'હોય કોઈ દિ' બાપદાદાએ! **"એક સમયમાં 'જ' જોવામાં આવે છે."** શેમાં? ત્રિ...સ્વભાવ....સ્પર્શી...દ્રવ્યમાં! ત્રણ સ્વભાવથી સ્પર્શેલું દ્રવ્ય! આહા...હા! **"વળી જેવી રીતે રામપાત્ર"** (ની) ઉત્પત્તિ. **"મૃત્તિકાપિંડ"** (નો) વ્યય **"અને માટીપણામાં"** માટી ધ્રૌવ્ય **"વર્તનારાં ઉત્પાદ–વ્યય અને ધ્રૌવ્ય માટી જ છે."** ઈ માટી જ છે. આહા...હા! એમ સમ્યગ્દર્શનની ઉત્પત્તિ, મિથ્યાત્વનો વ્યય, અને આત્માનું ધ્રુવપણું એ ત્રણે આત્મા જ છે. ત્રણેય આત્મા જ છે. લે! (આ શું કીધું!) ૩૮ ગાથામાં ('નિયમસાર') એમ કહે કે ત્રિકાળી આત્મા તે જ ખરો આત્મા છે. 'શુદ્ધઅધિકાર' પહેલી ગાથા. ('નિયમસાર') **जीवादि बहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा ।** ત્રિકાળી સ્વભાવભાવ, ભગવાન ભગવાન પરમસ્વભાવ પ્રભુ! ઈ જ એક આદરણીય છે. આહા...હા! વસ્તુસ્થિતિ ઈ છે.

અહીંયાં તો (કહે છે કે:) **"વળી જેવી રીતે રામપાત્ર, મૃત્તિકાપિંડ અને માટીપણામાં વર્તનારાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય માટી જ છે."** પહેલું કહ્યું'તું ત્રિસ્પર્શી ઈ દ્રવ્ય જ છે. ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય ત્રિસ્પર્શી દ્રવ્ય જ છે. એમ આ માટીપણામાં વર્તનારાં માટી જ છે. આહા...હા! આમાં યાદ કેટલું'ક રાખે! કઈ જાતનો ઉપદેશ? ઓલુ તો કાંઈ સમજાય ખરું! (પણ એનાથી ભવભ્રમણ નહીં મટે) એને માટે અરે...રે! ભવભ્રમણને ટાળવા, ભવનો અંત લાવવા, (આ સમજીને) ચોરાશીના અવતાર કરી કરીને મરી ગ્યો! (ભવ કર્યા કેવા–કેવા) કાગડાના....કૂતરાનાં...મિંદડાંના...આહા...હા! નરકના ભવ કરી–કરીને (દુ:ખી દુ:ખી થયો) એ ભવના અભાવ એ સમ્યગ્દર્શન વિના નહીં થાય. અને ઈ સમ્યગ્દર્શન આત્મામાં, દ્રવ્યના આશ્રયે થાય, બીજાને આશ્રયે ન થાય. આહા...હા....હા!

(અહીંયાં કહે છે કે:) **"વળી જેવી રીતે રામપાત્ર, મૃત્તિકાપિંડ અને માટીપણામાં વર્તનારાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય માટી જ છે, અન્ય વસ્તુ નથી'."** આહા...હા! જોયું? અન્ય વસ્તુ ત્યાં આવી જ નથી. અન્ય વસ્તુથી એ (ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય) થયું નથી આહા...હા! **"તેવી જ રીતે ઉત્તર પર્યાય."** દરેક વસ્તુની ઉત્તર પર્યાય (ઉત્પાદ) **"પૂર્વ પર્યાય"**. તેના પછીની પર્યાય (વ્યય) **"અને દ્રવ્યપણામાં વર્તનારાં"** (ધ્રૌવ્ય) **"ઉત્પાદ–વ્યય અને ધ્રૌવ્ય દ્રવ્ય જ છે."** ઈ ઉત્પન્ન ને વ્યય ને ધ્રૌવ્ય તે વસ્તુ જ છે. બીજી ચીજની (નિમિત્તની) હાજરી હો, પણ ઈ હાજરી છે, ઈ વસ્તુ આ વસ્તુ છે એમ નહીં. આહા...હા! ભારે વાત ભાઈ!

વિશેષ કહેશે....

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે દ્રવ્યનાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય * અનેક દ્રવ્યપર્યાય દ્વારા વિચારે છે :–

**पाडुब्भवदि य अण्णो पज्जाओ पज्जओ अण्णो वयदि अण्णो ।**
**दव्वस्स तं पि दव्वं णेव पणट्ठं ण उप्पण्णं ॥१०३॥**

**प्रादुर्भवति चान्यः पर्यायः पर्यायो व्येति अन्यः ।**
**द्रव्यस्य तदपि द्रव्यं नैव प्रणष्टं नोत्पन्नम् ॥१०३॥**

**ઊપજે દરવનો અન્ય પર્યાય, અન્ય કો વિણસે વળી,**
**પણ દ્રવ્ય તો નથી નષ્ટ કે ઉત્પન્ન દ્રવ્ય નથી તહીં. ૧૦૩.**

## ગાથા ૧૦૩

**અન્વયાર્થ :**–(**द्रव्यस्य**) દ્રવ્યનો (**अन्यः पर्यायः**) અન્ય પર્યાય (**प्रादुर्भवति**) ઉત્પન્ન થાય છે (**च**) અને (**अन्यः पर्यायः**) કોઈ અન્ય પર્યાય (**व्येति**) નષ્ટ થાય છે; (**तद्अपि**) પરંતુ (**द्रव्य**) દ્રવ્ય તો (**प्रणष्टं न एव**) નષ્ટ પણ નથી, (**उत्पन्नं न**) ઉત્પન્ન પણ નથી (–ધ્રુવ છે.)

**ટીકા:**– અહીં (વિશ્વમાં) જેમ એક ત્રિ–અણુક સમાનજાતીય અનેક દ્રવ્યપર્યાય વિનષ્ટ થાય છે અને બીજો [1]ચતુરણુક (સમાનજાતીય અનેક દ્રવ્યપર્યાય) ઉત્પન્ન થાય છે પરંતુ તે ત્રણ કે ચાર પુદ્‌ગલો (પરમાણુઓ) તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે (–ધ્રુવ છે), તેમ બધાય સમાનજાતીય દ્રવ્યપર્યાયો વિનષ્ટ થાય છે અને ઉત્પન્ન થાય છે પરંતુ સમાનજાતિ દ્રવ્યો તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે. (–ધ્રુવ છે.)

વળી જેમ એક મનુષ્યત્વસ્વરૂપ અસમાનજાતીય દ્રવ્યપર્યાય વિનષ્ટ થાય છે અને બીજો દેવત્વસ્વરૂપ (અસમાનજાતીય દ્રવ્યપર્યાય) ઉત્પન્ન થાય છે પરંતુ તે જીવ ને પુદ્‌ગલ તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે, તેમ બધાય અસમાનજાતીય દ્રવ્યપર્યાયો વિનષ્ટ થાય છે અને ઉત્પન્ન થાય છે પરંતુ અસમાનજાતિ દ્રવ્યો તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે.

આ પ્રમાણે પોતાથી (અર્થાત્ [2]દ્રવ્યપણે) ધ્રુવ અને દ્રવ્યપર્યાયો દ્વારા ઉત્પાદ–વ્યયરૂપ એવાં [3]દ્રવ્યો ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય છે. ૧૦૩.

---

* અનેક દ્રવ્યપર્યાય : એકથી વધારે દ્રવ્યોના સંયોગથી થતો પર્યાય.

૧. ચતુરણુક : ચાર અણુઓનો (પરમાણુઓનો) બનેલો સ્કંધ.

૨. 'દ્રવ્ય' શબ્દ મુખ્યપણે બે અર્થમાં વપરાય છે. (૧) એક તો, સામાન્ય વિશેષના પિંડને અર્થાત્ વસ્તુને દ્રવ્ય કહેવામાં આવે છે; જેમ કે – 'દ્રવ્ય ઉત્પાદવ્યયધ્રૌવ્યસ્વરૂપ છે, (૨) બીજું, વસ્તુના સામાન્ય અંશને પણ દ્રવ્ય કહેવામાં આવે છે; જેમ કે – 'દ્રવ્યાર્થિક નય' અર્થાત્ સામાન્ય અંશગ્રાહી નય, જયાં જે અર્થ ઘટતો હોય ત્યાં તે અર્થ સમજવો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન તા. ૨૩–૬–૭૯.

'પ્રવચનસાર' ગાથા–૧૦૩. એકસો બે ગાથામાં એ આવી ગ્યું કે : દરેક પદાર્થ – આ આત્મા છે, પરમાણુ (છે.) (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ) એક – એક દ્રવ્ય, એની પર્યાય એનો જન્મક્ષણ હોય ત્યારે ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ? ઝીણી વાત જરીક તત્ત્વની! પરમાણુ કે આત્મા, એની પર્યાય ઉત્પન્ન થવાનો કાળ હોય, તે જન્મક્ષણ છે. ત્યારે (પર્યાય ઉત્પન્ન) થાય. આઘી–પાછી ન થાય ને બીજાથી, ફેરવવાથી ન થાય. આહા...! દરેક આત્મા ને દરેક પરમાણુ, તેના વર્તમાન સમયની અવસ્થા ઉત્પન્ન થાય (તેની) જન્મક્ષણ (તે) છે. આહા...હા! એવો નિર્ણય કરે કે આત્મામાં પણ જે સમયે, જે અવસ્થા, જે સમયે થવાની છે તે થાય. **'તો એનું તાત્પર્ય દ્રવ્યસ્વભાવ પર એની નજર જાય.'** આહા...હા! આવી વાત ઝીણી! ધરમ બહુ ઝીણી ચીજ છે! અંદર વસ્તુ છે આત્મા, દેહથી ભિન્ન આ તો (શરીર) માટી છે. હાડકાં–ચામડાં છે. અંદર ચૈતન્ય છે **'એની પણ જે સમય જે અવસ્થા થવાની તે તેનો જન્મક્ષણ, ઈ થવાની તે થઈ'** હવે, એમાં ધરમ કેમ, શું કરવો? **કે : થવાની જે છે ઈ થાય છે, ઈ દ્રવ્યની પર્યાય છે.'** એને પર્યાયમાં થાય છે તેની નજર છોડી, અને નજર **'દ્રવ્યની કરવી.'** આહા...હા...હા! **'કારણ કે ઈ તો થાશે જ, એ સમયે પર્યાય થાશે'** જે સમયે જે પર્યાય થવાની તે થાશે (જ.), એટલે ઈ થાશે એના અવસરે, એવો નિર્ણય કરનારે પર્યાયને દ્રવ્ય ઉપર વાળવી જોઈશે. વસ્તુ ભગવાન ચિદાનંદ પ્રભુ! **'એના તરફ પર્યાય વળે તો એને આનંદનો અંશ–સ્વાદ આવે'** અરે....રે....રે! એનો અતીન્દ્રિયસ્વરૂપ છે આત્મા! અતીન્દ્રિય આનંદ (સ્વરૂપ છે આત્મા!) આ ઈન્દ્રિયના વિષયમાં (આનંદ) માને છે કલ્પના (કરીને) ઈ તો અજ્ઞાની, મૂઢજીવ પરમાં–સ્ત્રીમાં–શરીરમાં–ઈન્દ્રિયોના વિષયોમાં સુખ છે, સુખ માને તો મિથ્યાભ્રમ છે.

(કહે છે કે:) આત્મામાં અતીન્દ્રિય આનંદ છે અને એ જેને જોતો હોય, તો એણે વર્તમાન પર્યાય થાય તે થાય જ છે એ સમયે, એના ઉપરથી નજર છોડીને (હઠાવીને) ધ્રુવ જે ભગવાન આત્મા – ઉત્પાદ – વ્યય ને ધ્રૌવ્ય (સ્વરૂપ આત્મા) જે સમયે ઉત્પન્ન થઈ, પર્યાય ઉત્પન્ન, પૂર્વની થઈ વ્યય, ધ્રૌવ્યપણે રહ્યું! ઈ ત્રણે પર્યાયો દ્રવ્યને આશ્રયે (છે.) દ્રવ્યમાં છે એટલે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી. આહા...! આવી વાતું! નવરાશ ન મળે, દુનિયાના પાપ આડે આખો દિ' આવું તત્ત્વ, કયાં એને સાંભળે? ઈ એકસો ને બે (ગાથામાં) કહ્યું. એકેક દ્રવ્યના ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય, અને ત્રણે દ્રવ્યના છે. એમાં દ્રવ્ય છે. એમ ૧૦૨ (ગાથામાં) કહ્યું. સમજાણું કાંઈ?

(કહે છે) હવે, એકસો ત્રણ (ગાથામાં) (આ વિષય વિચારે છે.) **''હવે દ્રવ્યનાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય અનેક દ્રવ્યપર્યાય દ્વારા વિચારે છે:–** (શું કહે છે) પરમાણુ આદિ જાજા (પરમાણુ) ભેગાં થઈને પર્યાય થાય, કે આત્મા અસમાનજાતીય છે. (પહેલાં કહ્યું ઈ) સમાનજાતીય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(દ્રવ્યપર્યાય) પરમાણુ છે. જુઓ! આ આંગળી છે. એ સમાનજાતીય (દ્રવ્યપર્યાય છે) રજકણે–રજકણ (નો સ્કંધ) અને ઈ સમાનજાતીયની જે આ પર્યાય થાય, ઈ એનાથી તેને કાળે થાય. આત્મા તેને કરી શકે નહીં. આહા...! આત્મા આંગળી હલાવી (ચલાવી) શકે નહીં. તત્ત્વ એવું છે બાપુ! આહા...હા! વીતરાગ સર્વજ્ઞદેવ! પરમેશ્વર ત્રિલોકનાથ! એમણે જે જોયું એવું કહ્યું, અને તેને અંતર આહા...હા...હા! (ગ્રહણ કર.) ઓલામાં – 'નિયમસાર' માં એક શબ્દ છે. ટીકા, ભાઈ! એ કરી (છે) ને....! 'પદ્મપ્રભમલધારિદેવે'! 'સકલ સમૂહના હિતકારી' માટે આ કહ્યું છે, એવા શબ્દો છે. સકલ ભવ્યજીવ હોં? લાયક (જીવ), અભવ્ય નહીં. આહા...હા! (વળી) સકલ ભવ્યજીવોના સમૂહ એના હિતકારી માટે આ શાસ્ત્ર છે. નિયમસારમાં છે. નિયમસાર છે ને...? (છે અહીંયાં) નિયમસાર? જુઓ! શાસ્ત્રમાં! ન્યાં (એ ગાથામાં) એવા શબ્દો છે. **(શ્રોતાઃ)** દિગંબરો તો કહે છે એમાં એમ કયાં કહ્યું છે એમાં તો કહ્યું છે 'એ મારા માટે કર્યું છે' **(ઉત્તરઃ)** એ પોતે કહ્યું છે. કુંદકુંદાચાર્યે તો (મૂળ) પાઠ કર્યો, આ તો ટીકાકાર આમ કહે છે કે આ માટે આમ કહેવામાં આવે છે. (જુઓ, શાસ્ત્રમાં) એ આવ્યું, આવ્યું હવે પહેલી ગાથામાં પાછળ છે. ટીકામાં છે **'સકળ ભવ્યસમૂહને હિતકર 'નિયમસાર' નામનું પરમાગમ હું કહું છું'** સકળ ભવ્યસમૂહને હિતકર આ 'નિયમસાર' શાસ્ત્ર છે. આહા...હા! પહેલી જ ગાથામાં છે હોં? ટીકા(માં) કળશમાં નહીં. **'આવું હોય ત્યારે આવે ને ઈ પર્યાય.'**

(અહીંયાં કહે છે : **"હવે દ્રવ્યનાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય અનેક દ્રવ્ય પર્યાય દ્વારા વિચારે છેઃ–**

**पाडुब्भवदि य अण्णो पज्जाओ पज्जओ वयदि अण्णो ।**
**दव्वस्स तं पि दव्वं णेव पणट्ठं ण उप्पण्णं ॥१०३॥**

નીચે હરિગીત :–

**ઊપજે દરવનો અન્ય પર્યય, અન્ય કો વિણસે વળી,**
**પણ દ્રવ્ય તો નથી નષ્ટ કે ઉત્પન્ન દ્રવ્ય નથી તહીં. ૧૦૩.**

**ટીકાઃ–** જરી ઝીણી વાત પડશે અજાણ્યા માણસને! અભ્યાસ ન મળે લોકોને તત્ત્વનો! આહા...હા! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એણે જોયેલું તત્ત્વ ઈ પ્રમાણે સમજે તો ઈ આગળ – આગળ વધી શકે. જે રીતે છે એ રીતે ન સમજે તો, તો મિથ્યાદૃષ્ટિ થાય ઈ તો. વસ્તુની સ્થિતિ જે રીતે છે ઈ રીતે ન માને તો મિથ્યાદૃષ્ટિ થાય. (હવે ટીકા એકસો ત્રણ(ગાથાની) ટીકા.

(અહીંયાં કહે છે કેઃ) **"અહીં વિશ્વમાં એક (દ્વિ–અણુક)"** બે પરમાણુઓ સમાનજાતીય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે ? બે પરમાણુ આ. ઝીણું પોઈન્ટ. આ (આંગળી.) કાંઈ એક નથી. (અનેક છે) આના કટકા કરતાં – કરતાં –કરતાં – છેલ્લો રહે, એને પરમાણુ કહે (છે.) ઈ બે અણુ સમાનજાતીય છે ને...? **''સમાનજાતીય અનેક દ્રવ્યપર્યાય વિનષ્ટ થાય છે.''** આહા...હા! એ દ્વિ–અણુક સમાનજાતીયની પહેલી જે પર્યાય હતી તે વિનષ્ટ થાય છે. **''અને બીજો ચતુરણુક (સમાનજાતીય અનેક દ્રવ્યપર્યાય) ઉત્પન્ન થાય છે.''** શું કીધું? બે પરમાણુમાં જે પર્યાય છે પહેલી એનો નાશ થાય છે અને ત્રણ–ત્રીજો પરમાણુ ભેગો થાય છે ને ત્રણ પરમાણુ પર્યાય ઉત્પન્ન થાય છે. બે નો વ્યય થ્યો, ત્રણની ઉત્પત્તિ થઈ. આહા...! આંહી સિદ્ધ કરવું બહું ઝીણું છે! આંહી ભાષા, એ આત્મા કરી શકે એમ નહીં ત્રણ કાળમાં! આ હાથ હલાવી શકે નહીં ત્રણકાળમાં! આહા...! ઈ પરમાણુ બે છે ઈ ત્રણમાં જ્યારે આવ્યો, સમાનજાતીય (તો) બે નો વિનષ્ટ થઈને ત્રણની ઉત્પત્તિ થઈ (સ્કંધમાં) અને એને કારણે એ (ઉત્પત્તિ) થઈ આત્માથી નહીં. આહા...હા!

(અહીંયાં કહે છે કેઃ) **''સમાનજાતીય અનેક દ્રવ્યપર્યાય ઉત્પન્ન થાય છે પરંતુ તે ત્રણ કે ચાર પુદ્‌ગલો (પરમાણુઓ) તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે (–ધ્રુવ છે).''** શું કીધું? આહા...હા! ત્રણનો (સમૂહ) હતો ને...! ત્રિ–અણુક હતો ને પહેલો. ત્રિ–અણુક (એટલે) ત્રણપરમાણુ અને અનેક દ્રવ્યપર્યાય થતાં બીજો ચતુરણુક, ત્રણ પરમાણુઓની પર્યાય તો હતી, હવે ઈ ચોથા પરમાણુમાં જ્યારે જોડાણું ત્યારે ચાર પરમાણુની પર્યાય નવી થઈ. એ ઉત્પન્ન થઈ, ત્રણ પરમાણુની પર્યાય વિનષ્ટ થઈ. પરમાણુપણે કાયમ રહ્યા. આહા...હા! આખો દિ' કહે છે અમે કરીએ – કરીએ! છીએ. ધંધા ઉપર બેઠો દુકાને ને આ કરીએ, ના પાડે છે ભગવાન! આહા....હા...હા...હા! દુકાને બેઠો હોય તે અમે કરીએ, આનું આમ વેંચીએ ને (નોકરોને કહીએ) આનું આમ કરો ને આનું આમ કરો. ભાષાનો ધણી થાય, શરીરનો ક્રિયાનો ધણી થાય. પૈસા આપે એનો ધણી થાય, પૈસા લ્યે એનો ધણી થાય. અહીંયાં ના પાડે છે. આહા...હા! **(શ્રોતાઃ)** ત્યાગીઓ તો ના જ પાડે ને..! **(ઉત્તરઃ)** વસ્તુનું સ્વરૂપ એમ છે. ત્યાગી એટલે શું? વસ્તુનું સ્વરૂપ એમ છે.

કે જે ત્રણ પરમાણુઓ છે. અને ઈ ત્રણ પરમાણુઓની તે પર્યાય તો હોય જ છે. હવે ઈ ચાર પરમાણુ જ્યારે થાય ત્યારે (સ્કંધની ઉત્પત્તિ) ચારની થાય એટલે ત્રણનો વિનષ્ટ થાય. પરમાણુ તો કાયમ રહે. આમ તો અનંત (પરમાણુઓ) માં એમ છે. દાખલો ત્રણ(ચાર પરમાણુનો) આપ્યો છે. બાકી આ અનંત (પરમાણુઓની વાત) છે. હવે આ અનંતા પરમાણુ છે (શરીરના) એની પર્યાય ઉત્પન્નરૂપ છે. હવે એની પર્યાયમાં જ્યારે હીણી બીજી પર્યાય થાય ત્યારે ઈ બીજી પર્યાયપણે ઉત્પન્ન છે અને પહેલી પર્યાયપણે વ્યય છે. પણ આમ (હાથ કે શરીર) હાલવાની પર્યાયનો કર્તા પરમાણુ છે. આત્મા એને હલાવે હાથ (કે શરીરને) એમ છે નહીં. આખો દિ' ત્યારે શું કરે આ (લોકો) ? અભિમાન કરે આખો દિ'. **'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે (શકટનો ભાર જેમ શ્વાન તાણે')**. આહા...હા! આ આંગળી, એક છે, ઈ પર્યાય છે (પરમાણુની) આમ થઈ (બે ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પહોળી) તો એની પર્યાય થઈ બે ય ની એક. એક (પહેલી) પર્યાયનો વિનષ્ટ થ્યો, અને બે (બીજી) પર્યાયની ઉત્પત્તિ થઈ, એ પરમાણુ છે તો ઈ ઉત્પન્ન થ્યું ને વિનષ્ટ થ્યું તેનાથી થ્યું છે. આત્માથી નહીં. આહા...હા! આ તો દાખલો આપ્યો (એનો) ત્રણ પરમાણુ સમાનજાતીય અનેક દ્રવ્યપર્યાય વિનષ્ટ થાય છે અને બીજો ચાર (અણુક) સમાનજાતીયનો ઉત્પન્ન થાય છે. પરંતુ તે ત્રણ કે ચાર પુદ્ગલો – પરમાણુઓ તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે. પરમાણુ કાંઈ નાશ થતા નથી, એની પર્યાયનો વિનષ્ટ કે ઉત્પાદ થાય છે. આહા...હા! આવું ઝીણું! (વીતરાગી તત્ત્વ.)

(કહે છે) એક શેરડીનો કટકો છે શેરડીનો કટકો. હવે કહે છે કે ઈ શેરડીની જે પર્યાય છે, એને આ જયારે ઘસાણી (પીલાણી) ત્યારે રસ (નીકળીને) પર્યાય બદલાઈ ગઈ. નવી પર્યાય થઈ. ઈ પર્યાય–પરમાણુની શેરડીથી થઈ છે, સંચાથી નહીં. આવું કોણ માને? આહા...હા! શું કહ્યું? શેરડીનો રસ જે નીકળ્યો, એ સંચાથી (ચિચોડાથી) નીકળ્યો નથી. એ રસની પર્યાય, એ શેરડીના સાંઠાપણે હતી, એ પર્યાયનો વ્યય થઈ અને રસની પર્યાય ઉત્પન્ન થઈ, પરમાણુ તો એમ કાયમ (ધ્રુવ) રહ્યા. **(શ્રોતાઃ)** ચિચોડામાં નાખે ને શેરડીને...**(ઉત્તરઃ)** કોણ ચિચોડામાં નાખે! આહા...હા...હા! આવું કામ છે બાપુ! આકરું કામ છે (ગળે ઊતારવું) વીતરાગ સર્વજ્ઞદેવ! અત્યારે બધું ગોટા હાલ્યા, પરની દયા પાળોને...! પણ પરના પરમાણુઓ છે એનાં – શરીરનાં, અને એનો આત્મા છે (જોડે) ઈ અસમાનજાતીય (દ્રવ્યપર્યાય છે) આમાં આવશે. હવે ઈ તો જે સમયે એનું મનુષ્યનું શરીર છે. અને (જોડે) આત્મા. હવે ઈ સમયે એનો જે પર્યાય – અસમાનજાતીય છે – તેથી ઈ પર્યાય છે હવે બીજે સમયે, પહેલી પર્યાયનો વ્યય થાય, ઈ પર્યાય ઉત્પન્ન થાય, અને પરમાણુને આત્મા તો કાયમ રહે. આહા...હા! આવી વાત છે. આ તો સિદ્ધાંત છે. પછી એમાંથી કૂંચીમાં (કૂંચીરૂપ) દાખલા આપે! **(શ્રોતાઃ)** ધરમ કરવા માટે આ બધું સમજવું પડે?**(ઉત્તરઃ)** પણ ધરમ સત્ય કરવો છે કે નહીં. તો વસ્તુની સત્યતા કઈ રીતે છે! સત્યથી ધરમ થાય કે અસત્યથી ધરમ થાય? તો વસ્તુનું સ્વરૂપ સત્ય કઈ રીતે છે? એની ખબરું વિના, એને ધરમ થાય કયાંથી? આહા...! પરનું અભિમાન કરે ને મેં આ કર્યું ને આમ કર્યું આખો દિ' સવારથી સાંજ ધંધામાં મશગૂલ, બાયડી–છોકરાંવને રાજી રાખવામાં મશગૂલ ! આહા...હા! અને ખાવા વખતે આહાર ને પાણી (સ્વાદિષ્ટ) આવ્યા હોય તે આમ તૃપ્તિ....તૃપ્તિ....કહે (ઓડકાર ખાઈને) ઓ....ઓ...ઓ....આહા...હા!

(કહે છે) **(શ્રોતાઃ)** (આજે) જાણે સોનાનો સૂરજ ઊગ્યો...! **(ઉત્તરઃ)** ધૂળે ય નથી સોનાનો સૂરજ. પાપનો સૂરજ (ઊગ્યો છે) ત્યાં. મેં કર્યું....મેં કર્યું (કર્તાપણાનું ઝેર!) આહા...હા! (કર્તાભાવ ટાળવો) આકરું કામ ભાઈ! વીતરાગ પરમેશ્વર! ત્રિલોકનાથ બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં! **એમની આ વાણી છે.'** આહા...હા...હા! આકરી વાત છે.

(કહે છે કેઃ) આ ચશ્મા છે ને....! (જુઓ,) ચશ્માની જે પર્યાય છે જુઓ. આ (દાંડી હલવાની)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ પર્યાયનો વ્યય થઈને આમ (દાંડી) થાય છે. ઈ પરમાણુને લઈને થાય છે, હાથને લઈને નહીં. અને એની પહેલી પર્યાયનો વ્યય થ્યો બીજી પર્યાયની ઉત્પત્તિ થઈ, પરમાણુ દ્રવ્ય તરીકે કાયમ રહ્યાં. આહા...હા...હા! આવી વાતું હવે! ઓલી તો દયા પાળો....વ્રત કરો... અપવાસ કરો....બસ ઈ (વાતું) હાલે! (આત્મા) દયા પાળી શકતો નથી ને દયા પાળો (કહેવું) ઈ વાત જૂઠી છે – ખોટી છે. પરદ્રવ્યની પર્યાય, એ પણ આત્મા કરી શકતો નથી. આહા...હા...હા! વ્રતને તપના પરિણામ હોય તો એ શુભરાગ છે. એ કાંઈ ધરમ નથી. એ શુભરાગેય તે કાળે થાય, તેની જન્મક્ષણ છે. અને પૂર્વની પર્યાયનો વ્યય થાય, દ્રવ્ય–ગુણ કાયમ રહે. આવો જે નિર્ણય કરે, એની દૃષ્ટિ, દ્રવ્ય ઉપર જાય. દ્રવ્ય ઉપર જતાં શુભભાવનો વ્યય થઈ અને સમકિતની પર્યાય ઉત્પન્ન થાય. આત્મા એમ ને એમ રહે આખો (પૂર્ણ.) આહા...હા...હા! આવો મારગ છે! આહા...!

(અહીંયાં કહે છે કેઃ) **"તેમ બધાય સમાનજાતીય દ્રવ્યપર્યાયો."** જોયું? ઓલું–(પરમાણુનું) તો દૃષ્ટાંત આપ્યું. ત્રણ પરમાણુ ને ચાર પરમાણુનું દૃષ્ટાંત આપ્યું **"તેમ બધાય સમાનજાતીય દ્રવ્યપર્યાયો."** આ શરીરના, પુસ્તકના, લાકડીના બહારના (બધા પરમાણુ પદાર્થોના) આહા...હા! બધા પરમાણુઓ – પુદ્‌ગલો. છે ? (પાઠમાં) **"દ્રવ્યપર્યાયો વિનષ્ટ થાય છે."** દ્રવ્યોની–પદાર્થોની વર્તમાન અવસ્થા છે ઈ નાશ થાય છે. અને પછી બીજી અવસ્થા **"ઉત્પન્ન થાય છે" પરંતુ સમાનજાતિ દ્રવ્યો તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે (–ધ્રુવ છેઃ)** આહા...હા...હા! પરમાણુ ત્રણને ચારનો દાખલો આપી, (એમાં કહ્યું કે) ત્રણ પરમાણુનો પિંડ (જે) ચાર પરમાણુ પિંડરૂપે થ્યો તો એ ત્રણ પરમાણુની પર્યાયનો વ્યય થ્યોને ચાર પરમાણુની પિંડની પર્યાયરૂપે ઉત્પન્ન થ્યો અને પરમાણુઓ તો ધ્રુવ રહ્યા. એમ બધા દ્રવ્યોનું લઈ લેવું (સમજી લેવું) કહે છે. સમાનજાતીય બધા પરમાણુ (ની વસ્તુસ્થિતિ એ જ છે.) આહા...હા! ગજબ વાત છે!!

(કહે છે કેઃ) આ થાંભલી છે લ્યો! થાંભલી છે ને....! એની વર્તમાન પર્યાય દેખાય છે, એ ઘણા પરમાણુ પિંડની પર્યાય (છે.) એ પર્યાય બદલે છે. અને પછી નવી અવસ્થા એમાં થાય છે. અને પરમાણુ કાયમ રહે છે. એ (થાંભલી) કડિયાએ કર્યુંને કરી ત્યાં, રામજીભાઈએ ધ્યાન રાખ્યું માટે (સરખું) કર્યું એમ નથી આહા..હા! વજુભાઈ! વજુભાઈએ ધ્યાન કર્યું (રાખ્યું) લ્યો ને...! (પણ એમ નથી.) આહા...હા! **(શ્રોતાઃ)** પ્રમુખને તો ધ્યાન રાખવું જ પડે ને...! **(ઉત્તરઃ)** પ્રમુખ તરીકે ને....! આહા....હા! શું પ્રભુની વાણી!! આહા...હા!

(કહે છેઃ) જેમ ત્રણ પરમાણુને ચાર પરમાણુની વાત કરી. કે ત્રણ પરમાણુ એકલા હતા એની પર્યાય અને ચોથાને એની પર્યાય થઈ. (તેમાં) ત્રણની પર્યાય વિનષ્ટ થઈ, ચોથાની પર્યાય નવી ઉત્પન્ન થઈ ને પરમાણુ એમને એમ રહ્યા. એમ આ જગતના જેટલા પદાર્થો (છે.) આ જડ – એક પરમાણુથી માંડીને અનંત પરમાણુના આ સ્કંધ (જેવા કે) પુસ્તકના, આંગળીના, હાથના, જીભના,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દાળ–ભાત રોટલી(ના) કટકાના, સમાનજાતીય પર્યાયો છે. દાળ–ભાત, રોટલી છે (ભોજનમાં) સામે, રોટલીપણે ઘણાં પરમાણુઓ સમાનજાતીય (દ્રવ્યપર્યાય) છે. હવે એ રોટલીનું બટકું થયું. તો (આખી રોટલીની) પર્યાયનો વ્યય થયો, નવી બટકાની (કટકાની) પર્યાય ઉત્પન્ન થઈ, પરમાણુ કાયમ રહ્યા. ઈ કોને લઈને બટકું કર્યું, એને (હાથ ને દાંત) ને લઈને નહીં, પુદ્‌ગલને લઈને ઈ (બટકાની પર્યાય થઈ છે.) આ...રે! આવી વાતું! વાણિયાને નવરાશ ન મળે ને આવી વાતું એને (સમજવી) ઝીણી! આહા...હા! **(શ્રોતાઃ)** ગરજ હશે તે આવશે સમજવા..! **(ઉત્તરઃ)** જેને ગરજ હશે ઈ આવશે, વાત સાચી. આવી વાત કયાં (છે.)? આહા...હા...હા!

(કહે છે કેઃ) આ કપડું છે. જુઓ! આમ છે ને...અત્યારે અવસ્થા આવી છે. ઈ પછી આમ થાય. એમાં પહેલી અવસ્થાનો વ્યય થાય, બીજી (નવી) અવસ્થા ઉત્પન્ન થાય, અને (કપડાંના) પરમાણુ કાયમ રહે. આંગળીથી એ વસ્ત્ર આમ ઊંચું થ્યું એમ નહીં. **(શ્રોતાઃ)** આંગળીથી નહીં પણ એની મદદથી...! **(ઉત્તરઃ)** આંગળીથી નહીં, પણ એ (કપડાંના) અનંત પરમાણુ (ની પર્યાયપણે (પોતાથી) ઊંચા થયા. આહા...હા! આમ છે ભગવાન! શું આ તો વાતું! જગતથી જુદી છે! તીર્થંકરદેવ! ત્રિલોકનાથ, જિનેશ્વરદેવ! જેણે એકસમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયાં, એ પ્રભુની વાણીમાં આ (વસ્તુસ્વરૂપ) આવ્યું!

આહા...હા! જેમ ત્રણ પરમાણુની પર્યાયનો વ્યય, ચાર (પરમાણુપર્યાય) નો ઉત્પાદ ને પરમાણુપણું કાયમ (રહે છે.) એમ અનંતા પરમાણુઓનો એ કોથળો – શું કહેવાય. આ? કાગળ, લાકડી, આ નાક, જીભ એ અનંતપરમાણુની પર્યાય છે ઈ સમાનજાતીય (છે.) સરખી છે ને...બધાની! છે ને પરમાણુ – પરમાણુમાં. ઈ જે સમયે ઉત્પન્ન થઈ એ સમયે તે અનંત પરમાણુની પર્યાય છે. બીજે સમયે અનંત પરમાણુમાંથી કેટલાક પરમાણુ નીકળી ગ્યા. તો એ પરમાણુની (નવી) પર્યાય ઉત્પન્ન થઈને પરમાણુ કાયમ રહ્યા. ઈ કાઢી નાખ્યા પોતે (સ્કંધમાંથી) એમ નહીં. રોટલી (કોઈ) ખાય છે. અને કાંકરી આવીને આમ (કોળિયો) કાઢી નાખ્યો, ઈ આત્માથી થ્યું નથી એમ કહે છે. **(શ્રોતાઃ)** પણ ઈ કાંકરીવાળો કોળિયો કાઢયોને એણે...**(ઉત્તરઃ)** કાઢયા. (કાઢયા!) એ....મીઠાલાલજી! આવી વાતું છે! ગાંડી–ઘેલી જેવી વાતું છે! દુનિયા પાગલ, કાંઈ ખબર ન મળે (વસ્તુતત્ત્વની) કયાં જાઈએ છીએ ને શું કરીએ છીએ! (ભાન ન મળે કાંઈ!) પાંચ હજારનો પગાર હોય મહિને પણ ભાન ન મળે કાંઈ! આહા...હા!

અહીંયાં પરમાત્મા ત્રણ અણુને ચાર અણુનો દાખલો આપીને....આહા...હા! બધા દ્રવ્યો, કીધા ને બધા! જોયું? (બધાની વાત કરે છે.) **''તેમ બધાય સમાનજાતીય.''** બધામાં જેટલા અનંત છે બધા (પુદ્‌ગલો) આહા...હા! **''તેમ બધાય સમાનજાતીય દ્રવ્યપર્યાયો વિનષ્ટ થાય છે અને ઉત્પન્ન થાય છે પરંતુ સમાનજાતિ દ્રવ્યો તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે.''** અવિનષ્ટ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(એટલે) એ કંઈ પરમાણુ નાશ થતા નથી અને ઉત્પન્ન થતા નથી. એ ધ્રુવ રહે છે. બહુ આકરી – આકરી આહા...હા...હા!

(કહે છે કે:) એકસો બે (ગાથામાં) જનમક્ષણ કીધી'તી. જેટલા અનંતા દ્રવ્યો ભગવાને જોયા, અનંતા આત્માઓ, અનંતા પરમાણુ(ઓ), દરેકને પર્યાયની ઉત્પત્તિ તેનો જન્મ કાળ હોય છે. ઉત્પત્તિકાળ (હોય) ત્યારે થાય. હવે અહીંયાં એથી આગળ લઈ ગ્યા હવે (આ ગાથામાં) કે ભઈ! સમાનજાતીયના પરમાણુઓ ત્રણ છે ને ચાર છે. ત્રણના ચાર થ્યા(તો) ત્રણની પર્યાયનો વ્યય થ્યો ને ચારની પર્યાય ઊપજી. મેળવીને ભેગાં થ્યા માટે એમ થ્યું એમ નથી. આહા...હા! સમજાણું કાંઈ? દેવીલાલજી! આહા...હા!

(શું કહે છે કે:) સીસપેનની અણી કાઢે છે આમ અણી. હવે આહા...હા...હા! ઈ સીસપેન છે ઈ અનંત પરમાણુનો સ્કંધ છે. હવે એનો જે પહેલો પર્યાય છે, એ સીસપેન આખી હતી. પછી છરી પડીને.... આમ થવા માંડી (છોલાવા લાગી) ત્યારે એ અનંત પરમાણુ જે (આખી સીસપેનના) પર્યાયપણે હતી તે પર્યાયનો નાશ થ્યો, અને ઝીણી કે સુંવાળી (અણી નીકળી) એની પર્યાયનો ઉત્પાદ થ્યો. એ પરમાણુથી ઉત્પન્ન (ઉત્પાદ) થ્યો. છરીથી નહીં, બીજાથી (હાથથી કે માણસથી) નહીં. આહા....હા...હા! છરીથી આમ છોલાણું એ નહીં. છરી એને એ સીસપેનને અડતી નથી. **(શ્રોતા:)** (હોનહાર કીધું તો અણી કાઢે તો છે...) **(ઉત્તર:)** કાઢી રહ્યા, કોણ કાઢતું'તું! ઈ વખતે બાપુ! આ તો તત્વદર્શીનો વિષય છે! આ તો કોલેજ! તત્ત્વની કોલેજ છે! આહા...હા!

(કહે છે) ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા! ત્રણ પરમાણુ ને ચાર પરમાણુનો દાખલો આપી, **''તેમ બધાય સમાનજાતીય''** (સિદ્ધાંત સિદ્ધ કર્યો છે.) આહા...હા! **''દ્રવ્યપર્યાયો વિનષ્ટ થાય છે.''** ઘઉંનો લોટ છે લોટ. એમાં (એ) લોટમાંથી શીરો થાય છે. (શીરો બન્યો તેથી) લોટની પર્યાયનો વિનષ્ટ થયો, શીરાની પર્યાય ઉત્પન્ન થઈ, અને પરમાણુ તો કાયમ (ધ્રુવ) રહ્યા. ઈ શીરો બાઈએ કર્યો ઈ વાત સાચી નથી. એમ કહે છે. **(શ્રોતા:)** આવું શીખીને કોઈ રાંધશે નહીં. **(ઉત્તર:)** રાંધશે નહિ (એમ નહીં) રાંધ્યા વિના રહેશે નહીં. આહા...હા! આવું છે. (કહે છે) ચૂલામાં (પહેલી) થોડી અગ્નિ હોય, પછી લાકડાં વધારે નાખે આમ. ત્યારે લાકડાં વધારે નાખ્યાં તો જ પહેલી (અગ્નિ) થોડાની હતી તેનો વ્યય થ્યો, અને વધારે અગ્નિ ઉત્પન્ન થ્યો. આમ લાકડું ચૂલામાં જતાં, એટલે કોઈ માણસે લાકડું નાખ્યું અંદર (ચૂલામાં) અને અગ્નિ વધારે થ્યો, એ વાતમાં કાંઈ માલ નથી. (લાકડાના ને અગ્નિના પરમાણુ સ્વતંત્ર છે.) આહા....હા! આવું છે. અહીંયાં તો (કહ્યું છે) **''બધાય સમાનજાતીય દ્રવ્યપર્યાયો''** ત્રણે ય કાળના ને બધાય (ત્રણે લોકના) ઓલો તો – (ત્રણ પરમાણુ ને ચાર પરમાણુનો) દાખલો આપ્યો' તો. (પણ સિદ્ધાંત તો બધાય સમાનજાતીય દ્રવ્યપર્યાયોને લાગુ પડે છે.) આહા...હા! આવી (વસ્તુ) સ્થિતિ હજી સાંભળવા મળે નહીં એને હવે જાવું કયાં? આ તો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જયાં હોય ત્યાં અમે કરીએ ને આનું આ કર્યું ને આનું આ કર્યું... પુસ્તક મેં બનાવ્યાં ને....મકાન (મંદિર) અમે બનાવ્યુ ને... પ્રભુ! ના પાડે છે એની, ભાઈ! ઈ પરમાણુની જે પહેલી પર્યાય હતી પછી બીજી ઘણાં પરમાણુ મળીને બીજી પર્યાય થઈ અને પરમાણુ કાયમ રહ્યા! તે કાંઈ એમાં કર્યું છે, એમ છે નહીં. આહા...હા! **(શ્રોતાઃ)** શુભભાવ તો કર્યોને એણે? **(ઉત્તરઃ)** રાગ કર્યો, ઈ તો રાગ કર્યો. પૂર્વ પર્યાયમાં રાગ બીજો હતો, એનો વ્યય થ્યો અને આનો (શુભરાગનો) ઉત્પાદ થ્યો, ને આત્મા એનો એ રહ્યો. આહા...હા! વાણિયાના વેપારમાં ભારે હાકોટા, આખો દી' વેપાર તે માથાકૂટ. હવે આ (ભગવાન) કહે કે વેપાર કરી શકાય નહીં. એ દુકાનને થડે બેસે, આ તમારે શું? લોખંડ (નો વેપારી) ચીમનભાઈને લોખંડ...લોખંડ આ પૂરજા બનાવે લોખંડના. એક વાર પગલાં કરવા લઈ ગ્યા'તા. કળશો દ્યો મા'રાજને! કે મારે માથામાં! ઈ લોઢાના કળશા ઉત્પન્ન થ્યા ઈ પહેલી પર્યાય લોઢાની હતી, પછી આ કળશાની થઈ, ઈ એને કારણે થઈ છે. કારીગરના કારણે નહીં, સંચાને કારણે નહીં. એ...! ગુલાબચંદજી! વાત તો સાદી છે. આહા...હા!

(કહે છે) આ હાથ હલવાની અવસ્થા થઈ, આ અવસ્થા થઈ તે જડની છે. આ તો. 'બધાય સમાનજાતીય' કીધાને....? પહેલા ત્રણ કે ચાર પરમાણુનો દાખલો આપ્યો (પણ) આ (હાથના) બધા સમાનજાતીય છે. ઈ સમાનજાતીય (પરમાણુની) પર્યાય પહેલાં આમ છે ને પછી આમ થાય (હાથ વાંકો વળે ને સીધો થાય) એ પરમાણુ કાયમ રહીને આનો નાશ થ્યો ને આનો ઉત્પાદ થ્યો. પણ ઈ (પર્યાય વાંકા વળવાની ને સીધા થવાની) કોને લઈને? એ પરમાણુને લઈને થ્યો છે (હાથ એમ, એમ) અંદર આત્મા છે માટે એને લઈને થ્યો, ઈ વાતમાં માલ (નથી), એકેય દોકડો સાચો નથી. (ઈ વાતમાં.) હવે આવું તત્ત્વજ્ઞાન! આહા...હા! આ તો તત્ત્વજ્ઞાનની કોલેજ છે. આ ઝીણી, સાધારણ વાત નથી 'આ.' આહા....હા....હા! ભાષા તો સાદી આવે છે. ભાવ પણ જેવા...!જુઓ!

અહીંયાં તો આ કીધું. જેમ ત્રણ ને ચાર પુદ્ગલો–પરમાણુઓ છે. અને એની પર્યાય ત્રણની હતી (એનો) નાશ થઈ, ચારની થઈ – પર્યાયો ભેગી (સ્કંધ) **"તેમ બધાય સમાનજાતીય દ્રવ્યપર્યાયો."** જોયું? આ રીતે વાત કરી છે. દરેક પર્યાયની એટલે વ્યંજનપર્યાય ને એક દ્રવ્યપર્યાયની વાત નથી. સમાનજાતીયમાં ભેગી વાત લીધી છે ભાઈ! **"દ્રવ્યપર્યાયો વિનષ્ટ થાય છે અને (નવી) ઉત્પન્ન થાય છે. પરંતુ સમાનજાતિ દ્રવ્યો તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે (–ધ્રુવ છે.)"** હવે એક વાત ઈ સમાનજાતિની કરી. હવે બીજી અસમાનજાતીય (ની કરે છે.) આહા...! અસમાનજાતીય એટલે? કે મનુષ્ય (શરીર) જડ છે. અને ભગવાન અરૂપી ચૈતન્ય છે. (બન્ને) એક જાત નથી. અંદર ચૈતન્યસ્વરૂપ, જાણનાર–દેખનાર પ્રભુ (આત્મા) અરૂપી (એટલે કે) વર્ણ, ગંધ, સ્પર્શ, રસ વિનાનો છે ઈ. અને આ (કાયા) વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળી માટી, ધૂળ (છે.) બે ય અસમાન છે. બેય (જાતિએ)સરખાં નથી. પરમાણુ, પરમાણુ (નો સ્કંધ) એ બેય સમાન (જાતીય) છે. પણ આ આત્મા ને શરીર, બે સમાનજાતિ નથી. અસમાનજાતીય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા...હા! **"વળી જેમ એક મનુષ્યત્વ સ્વરૂપ."** મનુષ્યની પર્યાય, યોગ્યતા. **"અસમાનજાતીય દ્રવ્યપર્યાય વિનષ્ટ થાય છે."** આહા...હા...હા! એક મનુષ્યત્વસ્વરૂપ અસમાનજાતીય, કારણ કે મનુષ્યનો આત્મા ને શરીર બે જુદી જાત છે, એક જાત નથી. અસમાનજાતીય (દ્રવ્યપર્યાય) છે. આહા...હા! થોડી ભાષામાં પણ કેટલું સમાડયું છે!! **"અને બીજો દેવત્વસ્વરૂપ (અસમાનજાતીય દ્રવ્યપર્યાય) ઉત્પન્ન થાય છે."** શું કહે છે ? અહીંયાં જે છે એ આત્માને દેહ ઈ અસમાનજાતીય (દ્રવ્યપર્યાય) છે. એક જાત નથી. અને આનો વ્યય થશે. અને દેવમાં જશે, ત્યારે દેવની પર્યાય ઉત્પન્ન થશે, ઈ પણ અસમાનજાતીય ને ભેગાં (એટલે, દેવનું શરીરને આત્મા ભેગાં) અહીંયા મનુષ્યમાં છે ઈ અસમાનજાતીય (દ્રવ્યપર્યાય) વિનષ્ટ થશે. અને આત્મા તો અંદર કાયમ છે. આત્મા આમ થાય એમ છે? (સમાનજાતીય) પરમાણુમાં તો સમાનજાતીય – કારણ પરમાણુ–પરમાણુનો સ્કંધ થાય છે. આહા...હા!

(કહે છે કે:) અહીંયાંથી મનુષ્યનો આત્મા, દેવમાં જાય. તો કહે છે કે એની (મનુષ્યની) પર્યાય વિનષ્ટ થઈને (દેવની) નવી પર્યાય ઉત્પન્ન કરી. કર્મથી નહીં. કર્મને લઈને અહીંયાંથી દેવલોકમાં જાય એમ નહીં, દેવલોક કેમ નાખ્યું કે મુનિ હોય તે દેવલોકમાં જવાના! પંચમ આરાના મુનિ છે, આહા...હા! સ્વર્ગમાં જવાના, એટલે એને કહ્યું કે મનુષ્યપણું આ છે તે અસમાનજાતીય છે. આત્મા જાત જુદી છે ને જડની જાત જુદી છે. એટલે બે ય અસમાન છે બેય સરખાં નથી. ઈ અસમાન(જાતીય) મનુષ્ય પર્યાયનો નાશ થઈ, અસમાનજાતીય દેવપર્યાયની ઉત્પત્તિ થશે, અને એમાં પરમાણુને આત્મા છે એ તો કાયમ રહેનારાં છે. પર્યાયમાં વિનષ્ટ ને ઉત્પન્ન છે. એ વિનષ્ટ ને ઉત્પન્ન કર્મને લઈને પણ થાય એમ નહીં. મનુષ્યની ગતિ અહીં પૂરી થઈ ગઈ, એ કર્મને લઈને પૂરી થઈ એમ નહીં. એ જીવને પુદ્‌ગલની એ જ પર્યાય તે તે તેટલી ત્યાં રહેવાની હતી. આહા...હા...હા! **(શ્રોતાઃ)** થોડો'ક ટાઈમ જીવ રોકાઈ જાય એમ તો કહે છે...**(ઉત્તરઃ)** એ બધી વાતું. ઓલી નાથ, નાથ આવે છે ને...... બળદને નહીં (નાકમાં નાથે છે) નાથ! અહીંયાં કહે છે કે કોઈને લઈ જાય ત્રણકાળમાં એમ બનતું નથી. આહા...હા! એ નાથ છે તે (બળદના) નાકને અડી નથી. જુદી જાત છે ભાઈ! આહા...હા! અનંતકાળથી રખડે છે. દુઃખી, ચોરાશીના અવતાર! સત્‌ને સમજયા વિના! વિપરીત સમજે ને વિપરીત માને (તેઓ બધા) રખડી મરશે. આહા...હા...હા!

(અહીંયાં કહે છે કે:) **"અને બીજો દેવત્વસ્વરૂપ ઉત્પન્ન થાય છે પરંતુ તે જીવને પુદ્‌ગલ તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે."** જીવ તો જીવ તરીકે રહે છે. જીવ તો મનુષ્યપર્યાય (પણે) હતો એ દેવપર્યાય (પણે) થ્યો. પરમાણુની જેમ આ દેહની મનુષ્ય(શરીરરૂપની) પર્યાયપણે હતા, એ પર્યાય બીજી થઈ ગઈ. (પણ પરમાણુ તો કાયમ રહ્યા જ છે.) આહા...હા! આ...ગજબ વાત છે!! તે તે સમયે થાય, અને તે તે સમયે ઉત્પન્નને વિનષ્ટ સમાનજાતીય (દ્રવ્યપર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે અસમાનજાતીય (દ્રવ્યપર્યાય) પોતાને કારણે થાય છે. આહા....હા....હા....હા! આવી વાત છે! ભઈ, અંતરંગનું કારણ આવ્યું નહોતું કાલ! ''અંતરંગ–બહિરંગ કારણ'' આવ્યું' તું કે નહીં? **(શ્રોતાઃ)** સમયસારમાં **(ઉત્તરઃ)** હેં, સમયસારમાં? એ આમાં – આમાં આવ્યું'તું નહીં! પ્રવચનસારમાં. એ આ રહ્યું લ્યો! આ પ્રવચનસાર જુઓ! (ગાથા–૧૦૨ ટીકામાં વચ્ચે છે) **'તેમ અંતરંગ અને બહિરંગ સાધનો વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં,'** (જે ઉત્તરપર્યાયની જન્મક્ષણ હોય છે, તે જ પૂર્વપર્યાયની નાશક્ષણ હોય છે અને તે જ બન્ને કોટિમાં રહેલા દ્રવ્યપણાની સ્થિતિક્ષણ હોય છે). છે? અંતરંગ ઈ. (કાર્ય થાય ત્યારે) ઈ તો બહિરંગ નિમિત્ત હોય છે તેનું જ્ઞાન કરાવ્યું (છે.) પણ નિમિત્તથી કંઈ પણ એમાં થાય, એની પર્યાય, એનો ઉત્પાદ થાય ને સ્કંધ થાય, નિમિત્ત આવીને (એ કાર્ય કર્યું એમ નથી). કુહાડો આવ્યો, કુહાડો! એનાથી આમ લાકડાને માર્યો, માટે એનો કટકો (ફાડો) થ્યો. કહે છે કે લાકડાને કુહાડો અડયો જ નથી. ફક્ત ઈ લાકડાની જે અવસ્થા પહેલી હતી, ઈ નાશ થઈને બીજી (ફાડાની) અવસ્થા થઈ, ઈ પોતાને કારણે થઈ છે. (કુહાડાને કારણે નથી થઈ) ગાંડા કહે એવું છે! પાગલ જેવી વાતું લાગે! આવી તે કેવી રીત? (વસ્તુસ્વરૂપની) **(શ્રોતાઃ)** 'પરમાત્મપ્રકાશ' માં એમ જ કહે છે...! **(ઉત્તરઃ)** કહે છે ને 'પરમાત્મપ્રકાશ' માં **'પાગલ લોકો ધરમીને પણ પાગલ કહે એવી આ ચીજ** (વસ્તુસ્વરૂપ) છે! આહા...હા!

(કહે છે કેઃ) લ્યો, (આત્મા) કાંઈ કરી શકતો નથી, કાંઈ કરી શકતો નથી. (અમે) કાંઈ કરી શકતા નથી તો પ્રરૂપણા શું કામ કરો છો? પણ કોણ કરે (પ્રરૂપણા) બાપુ! ઈ ભાષા જે કારણે આવવાની હોય ઈ તે ત્યાં આવે. આહા...હા! એ આત્માનું કર્તવ્ય નથી બાપા! તને ખબર નથી! આહા...હા...હા! ભાષા છે તે અનંત પરમાણુનો સમાનજાતીય (દ્રવ્યપર્યાય) સ્કંધ છે. (વળી) ભાષા અનંત પરમાણુનો સમાનજાતીય સ્કંધ છે. એ સ્કંધ પહેલાં, પહેલી જે વર્ગણાપર્યાય હતી, એનો વ્યય થઈને ભાષાપણે (પર્યાય) થઈ, પરમાણુઓ કાયમ રહ્યા. ઈ આત્માએ ભાષા કરી છે કે આ જીભ હલાવે છે આત્મા, એ વાતમાં કાંઈ માલ નથી. (એટલે કે તે વાત ખોટી છે.) હવે ત્યારે લોકો એમ કહે છે કેઃ ભાઈ! ચાવી–ચાવીને ખાવું. પેટમાં કાંઈ દાંત નથી. એમ નથી કહેતા? (કહે છે ને...) ચાવી–ચાવીને ખાવું! પેટમાં કાંઈ દાંત નથી. (વળી એમ કહે). (અહીંયાં કહે છે કેઃ) કોણ ચાવે? અરે પ્રભુ! ગજબ વાત છે!! એ એ (મોઢામાં) દાંત જે હલે છે (ખાતી વખતે). સ્થિર હતાં એનું હલવું–પહેલી પર્યાયનો વ્યય થ્યો અને હલવાની પર્યાયનો ઉત્પાદ થ્યો, દાંત રહ્યા કારણ કે એ પરમાણુથી થ્યા છે. આત્માથી નહીં, જીભથી નહીં. આહા...હા! ભગવાનથી નહીં. આ તો સિદ્ધાંત છે ને એક!! ભગવાન પરમાત્મા, ત્રિલોકનાથ તીર્થંકરદેવ બિરાજે છે, મહાવિદેહમાં બિરાજે છે. ત્યાં કુંદકુંદ આચાર્ય ગ્યા'તા. આઠ દિ' રહ્યા' તા. એ ન્યાંથી આવીને આ....શાસ્ત્રની રચના કરી. **(શ્રોતાઃ)** આ દિવ્યજ્ઞાન ત્યાંથી લાવ્યા...! **(ઉત્તરઃ)** હા....હા...આવી વાત! જૂના પંડિતો તો એમ કહે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ન કરે એમ માને તો તે દિગંબર જૈન નથી. ન કરે એમ માને ઈ, કરી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(જ) શકે. અરે, ભગવાન! તું તારી પર્યાયમાં ઉત્પન્ન રહીને (તારામાં) તું કર. બીજા દ્રવ્ય છે એના ઉત્પાદ–વ્યય એનામાં નથી? અને તેના દ્રવ્યને કારણે તે કાળે ઉત્પન્ન નથી? તે તે કાળે પર્યાયની જન્મક્ષણ છે તેનો વ્યય થાય ને બીજી (નવી) પર્યાય થાય. અને (દ્રવ્યઆત્મા) કે પરમાણુ કાયમ રહે. (એમાં બીજો શું કરે? આહા...હા...હા! આવું સાંભળ્યું નથી બધું લાડનૂમાં! કલકતામાં (કે) વેપારમાં આહા...હા...હા...! **(શ્રોતાઃ)** આખી નવી બનાવી છે (કોલેજ)**(ઉત્તરઃ)** નવી જ છે! આહા...હા! ભગવાનનો પોકાર છે. તીર્થંકરદેવ, કેવળી જિનેશ્વરપ્રભુ! એનો પોકાર છે કે પરમાણુ ત્રણ પરમાણુને ચાર પરમાણુ જ્યારે (સ્કંધરૂપે) થાય. તો ત્રણ પરમાણુની પર્યાયનો વ્યય થાય ને ચાર પરમાણુ(રૂપે) પર્યાયનો ઉત્પાદ થાય, અને પરમાણુપણે કાયમ રહે. ત્યાં એ સમાનજાતીય (દ્રવ્યપર્યાય) નો દાખલો (દીધો છે.) હવે આત્મા ને શરીર (એકસાથે દેખાય) એ અસમાનજાતીય (દ્રવ્યપર્યાય) છે. આત્માની પર્યાય મનુષ્યની છે અત્યારે. દેવમાં જશે ત્યારે દેવની પર્યાય થશે. એ સમય–સમયે આની પર્યાય બદલે છે એ પૂર્વની પર્યાય વિનષ્ટ, નવી પર્યાયનું ઉત્પન્ન (થવું) આત્માનું કાયમપણું છે. શરીરના પરમાણુઓની (પર્યાય) પણ સમાનજાતીયપણે, જે સમયે છે – જે એની જન્મક્ષણ છે, એ ઉત્પન્ન થાય છે, તે જન્મક્ષણે બીજી પર્યાય (પૂર્વની પર્યાય) નાશ થાય છે. બીજી (નવી) પર્યાયની જન્મક્ષણ પણ એ જ છે. આહા...હા...હા! **(શ્રોતાઃ)** આ શુભ ભાવ થ્યા અંદર એનું કેમ છે? **(ઉત્તરઃ)**એ બધું ભેગું બધું શુભભાવ. શુભભાવ પહેલો હોય બીજે સમયે વિનષ્ટ થઈ જાય. અને પહેલાં પછી નવી (પર્યાય) ઉત્પન્ન થાય. ઈ વખતે શુભભાવ આત્માથી થયેલો છે. કર્મથી નહીં. ભઈ કર્મ મોળાં પડયાં માટે શુભભાવ થ્યો, (એમ' નથી) આહા...હા! આકરું કામ બાપા!

(શું કહે છે?) આ કેળવણી જુદી જાતની છે. આહા...! કોઈ દિ' મળી નથી. અને દરકારે ય કરી નથી. રળવું...ને બાયડી–છોકરાં હારે રમવું ને રાજી થાવુંને... આ ધૂળ! એ ઢોર જેવા અવતાર છે બધા. આહા..હા! આવો ધ્રુવ છે આત્મા!! કહે છે કે! પરનું એક પાંદડું (ય) હલાવી શકે નહીં. આહા...હા! (ઝાડના) પાંદડાં હલે છે ને...! પવનથી નથી હલતાં એમ કહે છે. આહા...! ઈ ધજા છે ને ધજા! ઈ પવનથી નથી હલતી (ફરફરતી) ઈ ધજા જે આમ છે ને આમ–આમ થાય છે (એમાં) પૂર્વની પર્યાયનો વ્યય, નવીન પર્યાયનો ઉત્પાદ ને સમાનજાતીય પરમાણુઓનું ટકી રહેવું. એ પવનને લઈને ધજા હલતી નથી (ફરફરતી નથી) માળે! આવી વાતું! **(શ્રોતાઃ)** આ તો ભગવાન બનાવવાની વાત છે....! **(ઉત્તરઃ)** હેં, ભગવાન બનાવવાની વાત છે. આહા..હા! ભાઈ, ભગવાન જ છો પ્રભુ! તું જ્ઞાતા–દ્રષ્ટા છો. ભગવાનનો અર્થ ઈ છે કે તું જ્ઞાતા–દ્રષ્ટા છો! **'જ્ઞાતા–દ્રષ્ટા પોતાની પર્યાયમાં પણ કરવું એ પણ નથી'** આહા...હા! એને પણ જાણવું–જાણે એમ છે. પરની પર્યાય તો કરે ઈ ત્રણકાળમાં હોઈ શકે નહીં. આહા...હા! અમે આ કર્યું, થોડું અમે આ કર્યું. આટલા સુધારા કર્યા....ને આટલી અમે વ્યવસ્થા કરી...ને અવ્યવસ્થા હતી તેની વ્યવસ્થા કરીને...દુકાને અમે હતા. આહા...હા! અમારે કુંવરજીભાઈને એટલો (ગર્વ) હતો મેં આ કર્યું મેં કર્યું...આ કર્યું આહાહાહા! શું છે આ કીધું? આટલું બધું. હું કર્યું ને મેં કર્યું, બીજાને દુકાન નો' હાલી હોય નો' આવડી હોય...એ તો પુણ્યને લઈને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય. પુણ્ય છે ઈ નિમિત્ત છે, ને નિમિત્તથી કહેવું (કહે પુણ્ય હોય તો થાય) આહા....હા...હા...હા!

(કહે છે કે:) એ તો સમાનજાતીયના પરમાણુઓ ત્યાં છે એની પર્યાયો ત્યાં થાય છે. પુણ્ય (કર્મ) ના પરમાણુઓ સમાનજાતીયના છે એનાથી આ બહારનું (કાર્ય) થાય છે એમે ય નહીં. પુણ્યને લઈને પૈસા આવે છે એમ નહીં એમ કહે છે (અહીંયાં). આહા..હા! (અન્યક્ષેત્રથી) આમ આવે એમ કે આમ આવે. બીજે છે તે આમ આવે છતાં પૈસાની પર્યાય જે હતી પૂર્વની તેનો વ્યય થઈ, અને આ ઉત્પન્ન થઈ. પૈસાના પરમાણુ કાયમ રહ્યા, કર્મને લઈને નહીં (પણ) પરમાણુને લઈને આમ થ્યું છે. આહા...હા! ભારે કામ! આ ઓલો (કહે છે ને) પાંગળો બનાવી દીધો આત્માને, પાંગળો નથી બનાવ્યો, એની જ્ઞાતા–દ્રષ્ટાની શકિતનો વિકાસ કર્યો છે! આહા...હા! **'જાણનાર દેખનાર પ્રભુ તું છો.'** બીજી વાત' મૂકી દે! આહા...હા!

(કહે છે) પરનું હું કરી દઉં, બાયડીનું હું કરી દઉં... 'અર્ધાંગના' કહે બાયડીને ! ધૂળે ય નથી અર્ધાંગના, એનું શરીર જુદું ને એનો આત્મા જુદો! એના આત્માની ને શરીરની પર્યાય એનાથી થાય છે. તારાથી થાય છે ન્યાં? આહા...હા...હા! થોડામાં કેટલું નાખ્યું!! આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"તેમ બધાય અસમાનજાતીય દ્રવ્યપર્યાયો"** પહેલા ઈ લીધું. પહેલામાં સમાનજાતીયનું લીધું દાખલો (આપ્યો) પછી બધાય સમાનજાતીય દ્રવ્યને લઈ લીધું. આખી દુનિયાના દ્રવ્યો – ચાર અરૂપી છે, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, જીવ અને બે (કાળ ને પુદ્ગલ) **"તે જીવ ને પુદ્ગલ તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે, "તેમ બધાય અસમાનજાતીય"** નારકીનું શરીર ને નારકીનો જીવ, એ અસમાનજાતીય (દ્રવ્યપર્યાય) છે અને નારકીના શરીરનો એ જે સમયે વ્યય થાય, તે જ સમયે શરીરના પરમાણુ બીજી રીતે પરિણમે અને શરીરનો ત્યાં વ્યય થાય, અને મનુષ્યપણામાં આવે (તેમાં) ઓલાનો વ્યય થાય (નારકીગતિનો) અને ઓલાનો ઉત્પાદ થાય (મનુષ્યગતિનો). અંદર આત્મા તો કાયમ છે. કર્મને લઈને નર્કમાંથી (મનુષ્યમાં) આવ્યો એમ નહીં. કર્મને લઈને નર્કમાં ગ્યો એ નહીં. કહે છે ને આને નર્ક આયુષ્ય બાંધ્યું છે ને એટલે કર્મ નર્કમાં લઈ ગ્યા (આત્માને) એમ નથી. ઈ જીવની પર્યાયનો ઉત્પદ કાળ જ ઈ જાતનો આમ અંદર જવાનો છે. એક–એક પૂર્વની પર્યાયનો વ્યય, નવીનો ઉત્પાદ, આત્માનું કાયમ રહેવું (છે.) આહા...હા! આવું બધું કોણે કર્યું હશે કે આવું? ભગવાન કહે છે કે મેં કર્યું નથી. હું તો વાણી આવી'તી, વાણી વાણીને કારણે આવી છે. **(શ્રોતા:)** કંઈ કરે નહીંને કહેવાય ભગવાન...! **(ઉત્તર:)** સર્વજ્ઞભગવાન કહે છે મેં કાંઈ કર્યું નથી. વાણીને ય કરી નથી. કારણ કે વાણીનો પર્યાય પહેલા નો'તો. સમાનજાતીય પરમાણુમાં. પછી ઉત્પન્ન થયો (પર્યાય) પરમાણુ કાયમ રહ્યા. ઈ તો ભાષાવર્ગણા ઊપજે છે. ઈ વાત કીધી' તી પાલીતાણે, પાલીતાણે ગ્યા ને રામવિજયજી હતા (શ્વેતાબંર) અરે, એમ ખોટી વાત છે કેવળી ભાષા પહેલે સમયે ગ્રહે, બીજે સમયે છોડે, ઈ ગ્રહે ને છોડે? આહા...હા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરે....રે! આવી વાતો ભારે આ તો! અને એને માનનારા ય મળે!! જૂઠા અનાદિથી જૂઠું સેવ્યું છે તે જૂઠાને મળે ને! આહા...હા! ઈ કરમને લઈને થાય એમ ઈ કહે છે. ઈ તો ચર્ચા થઈને જેઠાભાઈ હારે. ખેડાવાળા જેઠાભાઈ! શ્વેતાબંર (હતા) પહેલા આંહી (નો) પરિચય, આવ્યા અમરેલી. રુચે નહીં, ગોઠે નહીં, એકદમ અજાણી વાત! પછી એને પરિચય કરતાં લાગ્યું કે વાત કંઈક બીજી લાગે છે. પછી એ લોકોમાં પ્રશ્ન મૂકયા પચાસ. આનો ઉત્તર આપો જો ઠીક પડે તો આમાંથી નહીં નીકળું, ઉત્તર કયાંયથી મળ્યો નહીં સરખો, છેવટે રામવિજયજી કહે કે મારી હારે ચર્ચા કરો. પછી કહે કે ચર્ચા કરીએ. પણ પહેલી કબૂલાત કરો. રામવિજયજી કહે 'કર્મથી વિકાર થાય' પહેલી કબૂલાત કરો. આ કહે મારે માન્ય નથી.

(કહે છે કે:) વિકારી પર્યાય છે ઈ તો જીવની, જીવમાં અસ્તિત્વને લઈને થાય છે. આહા...હા...હા! કર્મની પર્યાય છે ઈ કર્મમાં કર્મને લઈને થાય છે. જ્ઞાનાવરણીયની પર્યાય થાય છે ઈ કર્મની – પરમાણુની પર્યાય, પહેલી હતી એનો વ્યય થઈને કર્મરૂપે થઈ, એને આત્માને લઈને – આત્માએ રાગદ્વેષ કર્યો, માટે તે જ્ઞાનાવરણીયની પર્યાય થઈ એમ નથી. માળું સારું! આમાં કેટલો'ક ફેરફાર કરવો? મીઠાલાલજી! આ તો બધું ગાંડું કહેવાય એવું છે. આહા...હા!હા! આજ આવ્યા? સંસારના ડાહ્યા તે ગાંડા કહે એવું છે! આહા...હા! ભાઈ, મારગ જુદો બાપા! કેમ કે અનંત આત્માઓ ને અનંત પરમાણુ છે. તે અનંતપણે કયારે રહી શકે? તે તે કાળના, પોતાના પરિણામમાં, પોતે રહે તો રહે પણ બીજાઓને પરિણમાવી દ્યે અને બીજા આને પરિણમાવી દ્યે (તો તો) અનંત–અનંત, પૃથક્ પૃથક્પણે નહીં રહે. આહા...હા! હેં! આહા...! વીતરાગ મારગ અલૌકિક છે. બાપુ ! એવું કયાંય છે નહીં. પરમેશ્વર સિવાય આ વાત કોઈ ઠેકાણે છે નહીં. વાડામાં નથી અત્યારે, વાડાવાળાઓએ તો ઊંધું માર્યું! દયા પાળો...ને વ્રત કરોને... અપવાસ કરો...ને ભકિત કરો.. ને પૂજા કરો...આહા...હા!

(કહે છે) અહીંયાં તો પરમાત્માની પૂજા કરતાં, વાણી જે બોલાય તે પર્યાયની ઉત્પત્તિ ભાષા (વર્ગણા) થી થઈ છે. 'સ્વાહા' એ ભાષાની પર્યાય થઈ છે આત્મથી નહીં. અને ચોખા ચડાવ્યા આમ ભગવાનને, અર્ધ્ય ચડાવે ઈ આંગળીથી નહીં ને આત્માથી નહીં. આહા...હા! ચોખાની પર્યાય, તે રીતે પૂર્વની પર્યાયનો વ્યય થઈ ત્યાં ગયા ચોખા ઈ ઉત્પાદને ચોખાના પરમાણુ કાયમ (ધ્રુવ) છે. ચોખાના પરમાણુની પર્યાયથી એ ચોખા ગયા છે આત્માએ આમ મૂકયા માટે ગયા છે એમ નથી. આરે....આવી વાતું હવે! કાને તો પડે! કે કાંઈક છે, કાંઈક વાત આ છે એમ થાયને માણસને... આવું અત્યાર સુધી માનીએ છીએ એના કરતાં કાંઈક બીજી વાત છે બાપુ!

(અહીંયાં કહે છે કે:) **"તેમ બધાય અસમાનજાતીય દ્રવ્યપર્યાયો વિનષ્ટ થાય છે અને ઉત્પન્ન થાય છે પરંતુ અસમાનજાતીય દ્રવ્યો તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે."** આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રમાણે પોતાથી (અર્થાત્ દ્રવ્યપણે) ધ્રુવ.''** છે ને? (પાઠમાં) દ્રવ્યને બે ઠેકાણે – બે અર્થ કરવા. પછી નીચે છે (ફૂટનોટમાં) 'દ્રવ્ય' શબ્દ મુખ્યપણે બે અર્થમાં વપરાય છે (૧) એક તો, સામાન્યવિશેષના પિંડને સામાન્ય ત્રિકાળ રહેવું અને પર્યાય વિશેષ, એ બે થઈને પણ દ્રવ્ય કહેવાય છે. સામાન્યવિશેષનો પિંડને અર્થાત્ વસ્તુને દ્રવ્ય કહેવામાં આવે છે; જેમકે દ્રવ્ય ઉત્પાદવ્યયધ્રૌવ્યસ્વરૂપ છે. ઈ રીતે દ્રવ્ય કહેવામાં આવે છે. (૨) બીજું, વસ્તુના સામાન્ય અંશને પણ દ્રવ્ય કહેવામાં આવે છે. શું કીધું? ઉત્પાદવ્યય ને ધ્રૌવ્ય – ત્રણ થઈને એક એને પણ દ્રવ્ય કહેવામાં આવે છે અને એક ધ્રૌવ્ય છે તેને પણ દ્રવ્ય કહેવાય ઈ નયની અપેક્ષાએ. આહા...હા! દ્રવ્ય કહેવામાં બે પ્રકાર છે ઉત્પાદ–વ્યય તો છે. ઈ ઉત્પાદવ્યય ને ધ્રૌવ્ય ત્રણ મળીને પણ દ્રવ્ય કહેવામાં આવે છે. પ્રમાણનું (દ્રવ્ય). અને ઉત્પાદ–વ્યય વિના એકલું ધ્રુવ ત્રિકાળી એનું લક્ષ કરાવવા ધ્રૌવ્યને પણ દ્રવ્ય કહે છે. એ નયનું દ્રવ્ય છે. અને ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય સહિત આખું પ્રમાણનું દ્રવ્ય છે. આ...રે...આહા...! પ્રમાણ શું ને નય શું? વસ્તુસ્થિતિ એવી છે ભાઈ!

**''આ પ્રમાણે પોતાથી (અર્થાત્ દ્રવ્યપણે)** દ્રવ્યના બે અર્થ લીધા. લીધા ને? **ધ્રુવ અને દ્રવ્યપર્યાયો દ્વારા ઉત્પાદ વ્યય એવાં દ્રવ્યો ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય છે.''** દરેક દ્રવ્ય, દરેક પદાર્થ ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્યસ્વરૂપ છે. એ રીતે દ્રવ્ય કહીએ અને ઉત્પાદ–વ્યય છોડીને ત્રિકાળીને પણ દ્રવ્ય કહીએ. (એમ) 'દ્રવ્ય' કહેવામાં બે પ્રકાર છે.

વિશેષ કહેશે....

ૐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે દ્રવ્યનાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય એક દ્રવ્યપર્યાય દ્વારા વિચારે છે :–

परिणमदि सयं दव्वं गुणदो य गुणंतरं सदविसिट्ठं ।
तम्हा गुणपज्जाया भणिया पुण दव्वमेव त्ति ॥१०४॥

परिणमति स्वयं द्रव्यं गुणतश्च गुणान्तरं सदविशिष्टम् ।
तस्माद्गुणपर्याया भणिताः पुनः द्रव्यमेवेति ॥१०४॥

**અવિશિષ્ટસત્ત્વ સ્વયં દરવ ગુણથી ગુણાંતર પરિણમે,**
**તેથી વળી દ્રવ્ય જ કહ્યા છે સર્વ ગુણપર્યાયને. ૧૦૪.**

## ગાથા ૧૦૪.

**અન્વયાર્થ :–** (**सदविशिष्टं**) સત્તા–અપેક્ષાએ અવિશિષ્ટપણે, (**द्रव्यं स्वय**) દ્રવ્ય પોતે જ (**गुणतः च गुणान्तरं**) ગુણમાંથી ગુણાંતરે (**परिणमति**) પરિણમે છે (અર્થાત્ દ્રવ્ય પોતે જ એક ગુણપર્યાયમાંથી અન્ય ગુણપર્યાયે પરિણમે છે અને તેની સત્તા ગુણપર્યાયોની સત્તા સાથે અવિશિષ્ટ – અભિન્ન – એક જ રહે છે.) (**तस्मात् पुनः**) તેથી વળી (**गुणपर्यायाः**) ગુણપર્યાયો (**द्रव्यम् एव इति भणिताः**) દ્રવ્ય જ કહેવામાં આવે છે.

**ટીકા :–** ગુણપર્યાયો એકદ્રવ્યપર્યાયો છે, કારણ કે ગુણપર્યાયોને એકદ્રવ્યપણું છે (અર્થાત્ ગુણપર્યાયો એકદ્રવ્યના પર્યાયો છે કારણ કે તેઓ એક જ દ્રવ્ય છે – ભિન્ન ભિન્ન દ્રવ્યો નથી.) તેમનું એકદ્રવ્યપણું આમ્રફળની માફક છે. (તે આ પ્રમાણે:) જેમ આમ્રફળ પોતે જ હરિતભાવમાંથી પીતભાવે પરિણમતું થકું, પહેલાં અને પછી પ્રવર્તતા એવા [1]હરિતભાવ અને [2]પીતભાવ વડે પોતાની સત્તા અનુભવતું હોવાને લીધે, હરિતભાવ અને પીતભાવની સાથે [3]અવિશિષ્ટ સત્તાવાળું હોવાથી એક જ વસ્તુ છે, અન્ય વસ્તુ નથી; તેમ દ્રવ્ય પોતે જ [4]પૂર્વ અવસ્થાએ અવસ્થિત ગુણમાંથી ઉત્તર અવસ્થાએ અવસ્થિત ગુણે પરિણમતું થકું, પૂર્વ અને ઉત્તર અવસ્થાએ અવસ્થિત

---

૧. હરિતભાવ = લીલો ભાવ; લીલી અવસ્થા; લીલાપણું.
૨. પીતભાવ = પીળો ભાવ; પીળી દશા; પીળાપણું (પહેલાં કેરીની લીલી અવસ્થા હોય છે પછી પીળી થાય છે.)
૩. અવિશિષ્ટ સત્તાવાળું = અભિન્ન સત્તાવાળું; એક જ સત્તાવાળું. (કેરીની સત્તા લીલા તથા પીળા ભાવની સત્તાથી અભિન્ન છે, તેથી કેરી અને લીલો ભાવ તથા પીળો ભાવ એક જ વસ્તુઓ છે, ભિન્ન વસ્તુઓ નથી.
૪. પૂર્વ અવસ્થાએ અવસ્થિત = ગુણ પહેલાંની અવસ્થામાં રહેલો ગુણ; ગુણનો પૂર્વ પર્યાય, પૂર્વ ગુણપર્યાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે ગુણો વડે પોતાની સત્તા અનુભવતું હોવાને લીધે, પૂર્વ અને ઉત્તર અવસ્થાએ અવસ્થિત ગુણો સાથે અવિશિષ્ટસત્તાવાળું હોવાથી એક જ દ્રવ્ય છે, દ્રવ્યાંતર નથી. (કેરીના દૃષ્ટાંતની જેમ, દ્રવ્ય પોતે જ ગુણના પૂર્વપર્યાયમાંથી ઉ ત્તરપર્યાયે પરિણમતું થકું, પૂર્વ અને ઉત્તર ગુણપર્યાયો વડે પોતાની હયાતી અનુભવતું હોવાને લીધે, પૂર્વ અને ઉત્તર ગુણપર્યાયો સાથે અભિન્ન હયાતી હોવાથી એક જ દ્રવ્ય છે, દ્રવ્યાંતર નથી; અર્થાત્ તે તે ગુણપર્યાયો અને દ્રવ્ય એક જ દ્રવ્યરૂપ છે, ભિન્ન ભિન્ન દ્રવ્યો નથી.)

વળી જેમ પીતભાવે ઊપજતું, હરિતભાવથી નષ્ટ થતું અને આમ્રફળપણે ટકતું હોવાથી, આમ્રફળ એક વસ્તુના પર્યાય દ્વારા ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય છે, તેમ ઉત્તર અવસ્થાએ અવસ્થિત ગુણે ઊપજતું, પૂર્વ અવસ્થાએ અવસ્થિત ગુણથી નષ્ટ થતું અને દ્રવ્યત્વગુણે ટકતું હોવાથી, દ્રવ્ય એકદ્રવ્યપર્યાય દ્વારા ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય છે.

**ભાવાર્થ :–** આના પહેલાંની ગાથામાં દ્રવ્યપર્યાય દ્વારા (અનેક દ્રવ્યપર્યાય દ્વારા) દ્રવ્યનાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય બતાવવામાં આવ્યાં હતાં. આ ગાથામાં ગુણપર્યાય દ્વારા (એક દ્રવ્યપર્યાય દ્વારા) દ્રવ્યનાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય બતાવ્યાં છે. ૧૦૪.

ॐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન તા. ૨૪–૬–૭૯.

'પ્રવચનસાર.' ગાથા–૧૦૪. ઉપરનું મથાળું.

**''હવે દ્રવ્યનાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય એકદ્રવ્યપર્યાય દ્વારા વિચારે છેઃ–** ભાષા તો અધ્યાત્મની છે ભાષા. શું કહે છે? કે દ્રવ્ય એટલે વસ્તુ. આત્મા વસ્તુ છે આ પરમાણુ જડ (એ પણ વસ્તુ છે.) આ કંઈ એક ચીજ નથી. (આ શરીર) આના કટકા કરતાં–કરતાં છેલ્લો પોઈન્ટ રહે તેને પરમાણુ કહે છે. એને દ્રવ્ય કહે છે. એવા અનંત દ્રવ્યો છે (આ વિશ્વમાં) અને અનંતા આત્માઓ છે. ઈ દરેક આત્મામાં (ને દરેક દ્રવ્યમાં) ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્ય, છે ને? નવી અવસ્થા ઉત્પન્ન થાય, પૂર્વની અવસ્થા વ્યય થાય, અને સદેશ–ધ્રુવપણે કાયમ રહે. એવો એનો સ્વભાવ છે. દરેક આત્મા ને દરેક પરમાણુનો (એવો સ્વભાવ છે.) એ દ્વારા વિચારે છે હવે વિચારે છે. મથાળું બાંધ્યું હોં!

**परिणमदि सयं सव्वं गुणदो य गुणंतरं सदविसिट्ठं ।**
**तम्हा गुणपज्जाया भणिया पुण दव्वमेव त्ति ॥१०४॥**

**અવિશિષ્ટસત્ત્વ સ્વયં દરવ ગુણથી ગુણાંતર પરિણમે,**
**તેથી વળી દ્રવ્ય જ કહ્યા છે સર્વ ગુણપર્યાયને. ૧૦૪.**

ઝીણી વાત છે ભઈ !

**ટીકાઃ– ''ગુણપર્યાયો એકદ્રવ્યપર્યાયો છે.''** શું કીધું ઈ? જેમ કેઃ આ આત્મા છે. એના ગુણ છે જ્ઞાન–દર્શન–આનંદ, પ્રભુ આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ છે. 'સત્' શાશ્વત રહેનાર છે. અને તેના ગુણો એટલે શકિતઓ – સ્વભાવ, એ પણ શાશ્વત છે. એની પર્યાયો એટલે અવસ્થાઓ બદલે છે, એને પર્યાય કહે છે. તો કહે છે કેઃ ગુણપર્યાયો, એ ગુણોની જે અવસ્થાઓ, એ દ્રવ્ય છે. દ્રવ્યથી જુદી જુદી નથી. ઝીણી વાત છે! આહા...! ગુણપર્યાયો પરમાણુના કહ્યા અને આત્માના કહ્યા. એમ હવે આ પરમાણુ છે એની અવસ્થાઓ (છે.) જુઓ, આ આંગળી (આમ વળે છે, સીધી થાય છે એ પરમાણુની અવસ્થાઓ છે.) પહેલી અવસ્થા હતી લોટની, એની પહેલાં ધૂળની (માટીની હતી). પરમાણુ જે રજકણ છે ઈ તો કાયમના છે. એ રજકણની અવસ્થા–રૂપાંતર થાય છે. તે રજકણના ગુણ છે. એમાં જે એક એક પરમાણુ (રજકણ) પોઈન્ટ – અણુ છે એમાં વર્ણ–રસ–સ્પર્શ–ગંધ (આદિ અનંત) ગુણ છે. એ ગુણો ત્રિકાળ છે અને એની વર્તમાન અવસ્થા બદલે છે એ તેની પર્યાય છે. ઈ ગુણને પર્યાય થઈને દ્રવ્ય છે. આહા...હા! આવી વાત છે આ! **(શ્રોતાઃ)** ગુણ એટલે લાભ થ્યો આટલો અમને... **(ઉત્તરઃ)** ગુણ એટલે શકિત છે પ્રભુ જે આત્મા ને પરમાણુ છે, તો શકિતઓ એમાં જે છે એને ગુણ કહે છે. જે આત્મા 'છે' તો એમાં (અનંતા) ગુણ છે. જાણવું–દેખવું–આનંદ–શાંતિ–સુખ–સ્વચ્છતા–પ્રભુતા (આદિ અનંત) શકિતઓ છે એટલે ગુણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. અને તેની વર્તમાન હાલત–બદલવું (એ) તેની પર્યાય છે. એ ગુણ અને પર્યાય તે દ્રવ્ય છે. ગુણ ને પર્યાય દ્રવ્યથી જુદી ચીજ નથી. આહા...હા! આકરું–આકરું કામ છે બાપુ આ તો! આ તો વીતરાગની કોલેજ છે. કેટલો'ક અભ્યાસ હોય તો સમજાય આ તો! અત્યારે આ ચાલતું નથી બધી ગરબડ–ગરબડ (ગોટા ઊઠયા છે.)

(અહીંયાં કહે છે કેઃ) **"ગુણપર્યાયો એકદ્રવ્યપર્યાયો છે."** સમજાણું આમાં? આત્મા વસ્તુ છે, આ તો (શરીર) તો જડ છે માટી. વાણી જડ છે, ધૂળ, અંદર આત્મા જે ચૈતન્યસ્વરૂપ 'છે' – જાણનાર છે, એનામાં જાણવું–દેખવું–આનંદ આદિ ગુણ છે. એ ગુણની વર્તમાન અવસ્થા, જે ક્ષણે જે અવસ્થા રૂપાંતર થાય, તે અવસ્થા ને તે ગુણ (એટલે) અવસ્થાઓ ને ગુણો તે દ્રવ્ય છે. તે (આત્મ) વસ્તુ છે. એના ગુણ અને એની વર્તમાન અવસ્થા તેના દ્રવ્યથી જુદા નથી. આ...રે... આ આકરું કામ! એટલે બીજું દ્રવ્ય, બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે એમ નથી ત્રણકાળમાં. આહા...હા! **"ગુણપર્યાયો એકદ્રવ્યપર્યાયો છે."** એટલા શબ્દોનો એ અર્થ છે. આ તો સિદ્ધાંત છે!!

(અહીંયાં કહે છે કેઃ) **"કારણ કે ગુણપર્યાયોને એકદ્રવ્યપણું છે."** ગુણ જે આત્મા (ના) જ્ઞાન–દર્શન–આનંદ, એની થતી દશાઓ એ બધું દ્રવ્ય છે. આત્મા–વસ્તુ છે. બે, ગુણપર્યાયો થઈને આત્મવસ્તુ છે. (તેમ) પરમાણુમાં પણ વર્ણ–ગંધ–રસ–સ્પર્શ (આદિ ગુણો) અને આ એની અવસ્થાઓ, પરમાણુની અવસ્થા (એ બે થઈને પરમાણુ દ્રવ્ય છે.) આ લૂઆની અવસ્થા છે અત્યારે, ઈ પરમાણુ છે એની અવસ્થા છે. પહેલી એની અવસ્થા લોટપણે હતી, (પછી) રોટલીપણે (થઈ) એના પહેલાં લોટપણે, એના પહેલાં ઘઉં–પણે, એનાં પહેલાં કાંકરાપણે (એ) પલટતાં–પલટતાં–પલટતાં, અવસ્થા પલટે ઈ અવસ્થા (પર્યાય) કહેવાય. અને એમાં કાયમ રહેલી શક્તિ(ઓ) છે આમાં (પરમાણુમાં) વર્ણ–ગંધ–રસ–સ્પર્શ (આદિ) એ ગુણો છે અને એ ગુણો ને પર્યાયનો સમુદાય તે દ્રવ્ય–વસ્તુ છે. ત્રણ થઈને વસ્તુ છે. આહા...! આકરું કામ છે. બાપુ! અભ્યાસ અત્યારે મૂળ તત્ત્વનો અભ્યાસ આખો વયો ગ્યો. (ચાલ્યો ગયો.) ઉપરની વાતું કરે. એક તો નવરો ન થાય ધંધા આડે! પોતાના પાપના ધંધા, ભલે પછી પાંચલાખ–દશલાખ પેદા કરતો હોય. આહા....હા!

(કહે છે) 'આ' આત્મા અંદર વસ્તુ છે. તે ગુણપર્યાયરૂપ દ્રવ્ય છે. એ શરીરપણે નથી, વાણીપણે નથી, ખરેખર તો પુણ્ય–પાપના વિકાર પરિણામ વર્તમાનપર્યાય છે, એ પર્યાયને ત્રિકાળી ગુણ થઈને દ્રવ્ય કહેવાય છે. સમજાય છે કાંઈ? સમજાય છે કે નહીં? શું કહે છે? અ...હા...હા! એમ કહે છે પ્રભુ! કેઃ કોઈ પણ તત્ત્વ છે – આત્મા, પરમાણુ આ જડ (શરીર) એ વસ્તુ છે. અંદર દ્રવ્ય (આત્મા) (અથવા) દ્રવ્ય એટલે પદાર્થ! એ પદાર્થ શકિત વિનાનો ન હોય. 'શકિતવાન' છે એ પદાર્થ ને શકિત (સ્વભાવ છે.) પદાર્થ 'સ્વભાવવાન' છે એ સ્વભાવ વિના ન હોય. (એ) સ્વભાવને ગુણ કહેવામાં આવે છે. અને તેની થતી હાલત–પર્યાય તેને અવસ્થા કહે છે. એ ગુણને પર્યાયનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમુદાય તે દ્રવ્ય છે. આહા...હા...! આ તો, વીતરાગની કોલેજ છે બાપા! આ તો બીજી જાત, આખી દુનિયાથી બીજી જાત છે. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"કારણ કે ગુણપર્યાયોને એકદ્રવ્યપણું છે." (અર્થાત્ ગુણપર્યાયો એક દ્રવ્યના પર્યાયો છે કારણ કે તેઓ એક જ દ્રવ્ય છે."** એક જ વસ્તુ છે. આહા...હા! આ...આ શરીર છે. આ પરમાણુનું છે આ એક નથી, અનંત પરમાણુઓનો પિંડ–દળ છે. એમાં એકેક પરમાણુ, વર્ણ–ગંધ–રસ–સ્પર્શ તેની શકિત નામ ગુણ છે. અને આમ થવું – અવસ્થા થવી (હાથ–પગનું હલવું તથા બોલવું) એની પર્યાય છે, એ ગુણ ને પર્યાયો થઈને તે પરમાણુ છે. એમ દરેક પરમાણુ, પોતાના ગુણ ને પર્યાય થઈને દ્રવ્ય છે. એમ દરેક આત્મા, એની શકિત(ઓ) છે અને એની બદલતી અવસ્થા(ઓ) છે, એ શકિત ને અવસ્થાઓ થઈને એ (આત્મ) તત્ત્વ (દ્રવ્ય) છે. બીજો કોઈ એની અવસ્થા પલટાવી દ્યે (એવું સ્વરૂપ નથી.) (આ સમજમાં બેસાડવું) આકરું કામ છે બાપુ! એક દ્રવ્ય, બીજા દ્રવ્યનું કાંઈ કરી દ્યે એમ નથી. કેમ કે પ્રત્યેક દ્રવ્ય, પોતાના શકિત–વાળાં તત્ત્વ હોવાથી, તે શકિત(ઓ) ની બદલતી અવસ્થાવાળો હોવાથી, તે દ્રવ્ય જ છે. (એનું કામ) બીજું દ્રવ્ય કાંઈ કરી શકે (એવું પરતંત્ર તત્ત્વ નથી.) તો આખો દિ' કરે છે ને આ બધા? દાકતર ઈન્જેકશન મૂકે, ફલાણું મૂકે, ઢીકડું મૂકે....આહા...હા...હા! આહા...હા! આંહી તો મોટો દાકતર આવ્યો'તો, ઓલો મુંબઈમાં છે ને આંખનો. શું એનું હતું નામ? હેં **(શ્રોતા:)** અશોકભાઈ **(ઉત્તર:)** અશોકભાઈ નહીં. હેં! મોટો નહીં આંખનો કહેવાય છે. **(શ્રોતા:)** ડોકટર ચીટનીસ **(ઉત્તર:)** હા, ચીટનીસ. આવ્યા'તા. બે–ત્રણ વાર આવી ગ્યા મોટા દાકતર! વ્યાખ્યાનમાં બેઠા'તા. પણ આ કયાં અભ્યાસ! ન મળે, એકલી આખો દિ' ધૂળધાણી! વેપારમાં ને ધંધામાં ને નોકરીમાં આખો દિ' ધંધા આડે પાપ! આમ થોડો વખત મળે ને સૂઈ જાય છે–સાત કલાક! કાં થોડો વખત રહે તો બાયડી–છોકરાં રાજી રાખવા માટે રહે પણ હું કોણ છું? શું આ ચીજ (આત્મા) છે? અને કેમ મારું આ પરિભ્રમણ મટતું નથી? ચોરાશીના અવતાર કરી–કરીને મરી ગ્યો છે!! આ (મનુષ્યનો) પહેલો અવતાર નથી કે આવા તો અનંત કર્યા. (વર્તમાન આ અવતાર છે તો) એના પહેલાં અવતાર, એના પહેલાં અવતાર, એના પહેલાં અવતાર એમ અનાદિથી અવતાર કરી આવ્યો ભવ કરતાં કરતાં. ઈ આત્મા રખડે છે કેમ? ઈ કહે છે.

(કહે છે કે:) એના ગુણ અને પર્યાય, દ્રવ્યના આધારે છે. દ્રવ્યના છે. એની દૃષ્ટિ કરતો નથી તેથી પરિભ્રમણ કરે છે. આહા...હા! એની દૃષ્ટિ પરદ્રવ્ય પર જ છે. આનું થાય, આનાથી આનું થાય, આનાથી આનું થાય. ફલાણી દવા લગાડું તો આ થાય, એ બધું ખોટું પાડે છે અહીંયાં! આહા...હા! આહા...હા! છે? (પાઠમાં) **"તેઓ એક જ દ્રવ્ય છે – ભિન્ન ભિન્ન દ્રવ્યો નથી. તેમનું એકદ્રવ્યપણું."** ઈ દ્રવ્ય એટલે વસ્તુ, દ્રવ્ય કેમ કહે છે? 'દ્રવતીત્તિ દ્રવ્યં' જેમ પાણીમાં તરંગ ઊઠે, એમ આ દ્રવ્યમાં પર્યાય–અવસ્થા થાય છે, જુઓ! આ ભિન્ન ભિન્ન અવસ્થાઓ થાય છે એને દ્રવ્ય કહીએ, 'દ્રવતીતિ દ્રવ્યમ્' દ્રવે, પર્યાય, પર્યાય–અવસ્થા પલટે, પર્યાય–અવસ્થા દ્રવે એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્ય કહીએ.

આહા...! બીજો, એની પર્યાયને પલટાવે, એવું ત્રણકાળમાં બનતું નથી. આવી વાત છે. આ હલે છે આ (હાથ) જુઓ! આ હલે છે ઈ અવસ્થા છે. એમાં વર્ણ–રસ–ગંધ–સ્પર્શ ગુણ પરમાણુમાં છે. આ પરમાણુ તે એનો ધરનાર છે. આ તો (હાથ) અનંતા પરમાણુ છે. ઈ અનંતા પરમાણુમાં, એકેક પરમાણુમાં અનંતા ગુણ છે – શકિતઓ છે. વર્ણ–ગંધ–રસ–સ્પર્શ વિગેરે... શકિત(ઓ) સમયે–સમયે પલટે છે. એ પલટવું ને ગુણો એ બધું થઈને તત્ત્વ–પરમાણુ છે. એ પલટવું ને ગુણો થઈને બીજું દ્રવ્ય છે એમ નથી. આહા..હા! આવું છે! (તત્ત્વસ્વરૂપ!) શું થાય બાપુ! મારગ બહુ જુદો બાપા!

(અહીંયાં કહે છે કે:) **"આમ્રફળની માફક છે. તે આ પ્રમાણે"** દૃષ્ટાંત આપે છે. **"તેમનું દ્રવ્યપણું આમ્રફળની માફક છે."** કેરી, કેરી! **"જેમ આમ્રફળ પોતે જ હરિતભાવથી પીતભાવે પરિણમતું થકું"** દૃષ્ટાંત આપે છે. કેરી જે લીલાપણે રંગે છે. એ લીલો રંગ પલટીને પીળો થાય છે. (કેરી)પાકે એટલે. **"હરિતભાવથી પીતભાવે પરિણમતું થકું, પહેલાં અને પછી પ્રવર્તતા એવા હરિતભાવ અને પીતભાવ વડે પોતાની સત્તા અનુભવતું હોવાને લીધે."** બે ય (અવસ્થા) થઈને પોતાની સત્તા છે. લીલું અને પીળું એ એના પોતાની સત્તાથી, પરમાણુની સત્તા છે. આહા...હા! **"પોતાની સત્તા અનુભવતું હોવાને લીધે, હરિતભાવ અને પીતભાવની સાથે અવિશિષ્ટ સત્તાવાળું હોવાથી."** એકસત્તાવાળું છે. ખાસ એક સત્તા છે. ઈ તો અવસ્થા પલટી, (પણ) સત્તા એક જ છે. આહા...હા! આવી વાતું હવે! આવું કઈ જાતનું? (વસ્તુસ્વરૂપ!) મારગ એવો છે બાપુ, શું કહીએ?

આહા...હા! અહીંયાં તો બોંતેર વરસ થ્યાં આ શાસ્ત્રોના અભ્યાસથી. અઢાર વરસની ઉંમરથી, નેવું થ્યાં નેવું. પણ આ વાત! બીજી જાતની બાપુ, શું કહીએ? બહુ, પરિચય થોડો કરે શું?

અહીંયાં એમ કહે છે કે જે તને દેખાય છે ને...! એ છે કે નહીં? (નિર્ણય કર.) તો ઈ જડ છે કે ચૈતન્ય છે? ત્યારે કહે કે અંદર જાણનાર છે ઈ ચૈતન્ય છે અને જણાય છે આ શરીર, વાણી, મન એ જડ છે. હવે 'છે' ઈ સત્તા એની 'છે' એનાથી તે સત્ત્વ, સત્તાથી જુદું નથી. તેની 'સત્તા' નામનો ગુણ છે. 'અસ્તિત્વ' નામનો ગુણ છે (એ) ગુણથી તત્ત્વ જુદું નથી. એ ત્રણેય થઈને એક સત્તા છે. આહા..હા...હા! કો' સમજાય છે કે નહીં? આ તો 'પ્રવચનસાર' વીતરાગની વાણી છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ! આત્મા સર્વજ્ઞ થાય છે. ત્રણકાળ, ત્રણલોકને જાણે. ત્યારે જે વાણી નીકળે ઈચ્છા વિના, ઈ આ વાણી છે. આહા...હા! પણ એને અભ્યાસ નહીં ને... (જરી કઠણ લાગે!)

એ કહે છે (અહીંયાં) **"હરિતભાવ અને પીતભાવ સાથે અવિશિષ્ટ સત્તાવાળું"**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવિશિષ્ટ સત્તાવાળું' એટલે ? અભિન્ન સત્તાવાળું – એક જ સત્તાવાળું. (જુઓ) નીચે (ફૂટનોટમાં) અવિશિષ્ટ સત્તાવાળું = અભિન્ન સત્તાવાળું; એક જ સત્તાવાળું, કેરીની સત્તા લીલા તથા પીળા ભાવની સત્તાથી અભિન્ન છે, તેથી કેરી અને લીલો ભાવ તથા પીળો ભાવ એક જ વસ્તુઓ છે, ભિન્ન વસ્તુઓ નથી. આહા...હા!

(કહે છે કે:) આ શરીર–જડ છે. એમાં તાવ આવે. ઈ પરમાણુઓ છે, ઈ પરમાણુઓ છે આઘાં (અડયા વિનાનાં) એ એકેક પરમાણુમાં વર્ણ–ગંધ–રસ–સ્પર્શ શક્તિ(ઓ) છે. અને એ શક્તિ(ઓ) ગુણ કહેવાય છે. તેનું પરિણમન (સ્પર્શગુણની પર્યાય ગરમ થઈ) ઈ તાવ આવ્યો. ઈ પર્યાય એની છે જડની. ઈ પર્યાય ને ગુણ થઈને ઈ દ્રવ્ય છે. એ તાવની પર્યાય ને શક્તિ–ગુણો થઈને એ દ્રવ્ય (પરમાણુદ્રવ્ય) છે. એને બીજા ઉપર નજર કરવાની નથી એમ કહે છે. આહા...હા! તારું દ્રવ્ય જે છે અંદર! આહા...હા! એ વસ્તુ તરીકે એમાં વસેલા અનંતા ગુણો–શક્તિઓ વસેલા છે. એ ગુણોનું ક્ષણે–ક્ષણે પરિણમન થાય છે. એ પરિણમન એટલે અવસ્થા–પર્યાય–બદલવું. એ બદલતી અવસ્થા અને ગુણ ઈ દ્રવ્ય છે. અનેરું કોઈ દ્રવ્ય નથી, ગુણ કોઈ અનેરું દ્રવ્ય નથી. સમજાય છે? ભાષા તો સાદી છે પણ ભઈ! ભાવ ગમે એટલા દ્યો પણ ભઈ, અધ્યાત્મભાષા છે આ તો!! આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **''અન્ય વસ્તુ નથી''** જોયું? લીલો અને પીળો જે ભાવ, કેરીનો (છે.) એ કેરીથી અનેરો ભાવ નથી, અનેરી ચીજ નથી. એ વસ્તુ પોતે જ છે, અન્ય વસ્તુ નથી. **''તેમ દ્રવ્ય પોતે જ પૂર્વ અવસ્થાએ અવસ્થિત ગુણમાંથી ઉત્તર અવસ્થાએ અવસ્થિત.''** ગુણમાંથી બીજો થ્યો (પર્યાય) લીલામાંથી પીળો થઈ ગ્યો (વર્ણગુણ) **''ગુણે પરિણમતું થકું.''** આહા...હા! એ વસ્તુ છે આત્મા, એમાં જ્ઞાન, દર્શન, આનંદ એનો ગુણ છે. શક્તિ છે. એની પર્યાય જે પરિણમે છે એ પૂર્વની અવસ્થા બદલે છે ને નવી અવસ્થા થાય છે. તે ગુણે પરિણમતું (થકું) **''પૂર્વ અને ઉત્તર અવસ્થાએ અવસ્થિત ગુણો સાથે** છતાં પર્યાય પલટે છતાં ગુણો તો એવા ને એવા છે. ગુણમાં કોઈ બીજી રીતે અવસ્થા થતી નથી શક્તિઓની એની. એ ગુણો ને પોતાની સત્તા અનુભવતું હોવાને લીધે **(''પૂર્વ અને ઉત્તર અવસ્થાએ અવસ્થિત ગુણો સાથે અવિશિષ્ટ સત્તા–વાળું હોવાથી એક જ દ્રવ્ય છે.'')** આહા...હા

(કહે છે) આત્મા, જડ પદાર્થોથી જુદો તત્ત્વ છે! અને એના અંતરમાં અનંત–અનંત ગુણ છે. કે જે આત્મામાં અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય અનંત આનંદ, અતીન્દ્રિય સ્વચ્છતા, પ્રભુતા એવી અનંતી શક્તિ(ઓ) તે ગુણ છે. અને એ ગુણો (પણ) જેમ દ્રવ્ય છે કાયમ રહેનાર, ઈ શક્તિઓ પણ કાયમ રહેનાર છે. એની વર્તમાન થતી, બદલતી અવસ્થા (એ) અવસ્થા ને ગુણ દ્રવ્ય જ છે. બીજું દ્રવ્ય નહીં. આહા...હા! અથવા બીજા દ્રવ્યથી તે ગુણ–પર્યાય થાય, એવું ઈ દ્રવ્ય નથી. આહા...હા! સમજાય છે આમાં?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(શું કહે છે કે:) આખો દિ' આ બધા કરેને વેપાર–ધંધા! દુકાને બેસીને, આ વેચ્યું આ પાંચ રૂપિયા(માં) પચીસ(માં) પચાસ(માં) ઢીકણું! બાપુ! તને ખબર નથી ભાઈ! તું એક જ તત્ત્વ છો એમ નહીં બીજાં તત્ત્વ છે (જગતમાં) અને બીજાં તત્ત્વો છે (ઈ) તેની શકિત ને ગુણોથી ખાલી નથી. (અથવા) બીજાં તત્ત્વો છે તે તેના ગુણો ને શકિતથી ખાલી નથી છતાં વર્તમાન તેનું બદલવું થાય છે, પરિણમે છે ઈ પરિણમે છે ઈ પર્યાય ને ગુણ ઈ દ્રવ્ય છે. બીજું દ્રવ્ય–આત્માનો એમાં ગુણ ને પર્યાય કરે એમ બની શકે નહીં. આકરી વાત બહુ! આહા...હા! આખી દુનિયાથી જુદી જાત છે ભઈ! સંપ્રદાયમાં જુદી જાત છે ભઈ! સંપ્રદાયમાં હતાં ત્યારે આ ચાલતું નહીં! આહા...હા!

(અહીંયાં કહે છે કે:) કીધું? **"પૂર્વ અને ઉત્તર અવસ્થાએ અવસ્થિત તે ગુણો"**. પર્યાય બદલે પણ ગુણો તો અવસ્થિત છે. **"વડે પોતાની સત્તા અનુભવતું હોવાને લીધે."** પૂર્વની પર્યાય ને ઉત્તર પર્યાય, એમાં પોતાની સત્તા અનુભવતું (તે દ્રવ્ય) એક જ સત્તા છે. આહા...હા! ' **'પૂર્વ અને ઉત્તર અવસ્થાએ અવસ્થિત ગુણો સાથે અવિશિષ્ટસત્તાવાળું હોવાથી એક જ દ્રવ્ય છે."** આહા...હા...હા! ઓલામાં પહેલું આવ્યું'તું ને ભાઈ! પંચાણું ગાથા(માં) **अपरिच्चत्तसहावेणुपादव्वयधुवत्तसंबद्धं** ' અને **अपरिच्चित्तसहावेण** દરેક પદાર્થ પોતાના, સ્વભાવથી અપરિચિત નામ જુદો નથી. દરેક વસ્તુ, વસ્તુ છે. એમાં અંદરમાં તેની શકિતઓ વસેલી છે. 'વાસ્તુ' (એટલે) વસ્તુ છે. (લોકો) વાસ્તુ લ્યે છે ઈ કોઈ પીપળામાં લેતા નથી મકાનમાં લ્યે છે. એમ વસ્તુ છે આ આત્મા ને પરમાણુ આદિ. તેમાં 'વાસ્તુ' એટલે વસ્તુમાં રહેલ અનંતાગુણો છે. આહા...હા...હા! એ ગુણોની વર્તમાન પરિણતિ તે પર્યાય છે. પર્યાય પરિ + આય (એટલે) સમસ્ત પ્રકારે પરિમણવું, બદલવું, રૂપાંતર થઈ જવું જેમ લીલારંગની પીળી કેરી થઈ ગઈ ને...! આહા...હા! એમ દરેક દ્રવ્યની એક અવસ્થાથી બીજી અવસ્થા થાય, તેમાં તો ગુણો અવસ્થિત રહે – (એ) ગુણો ને અવસ્થા તે દ્રવ્ય છે. આહા...હા!

**'બીજાનું કાંઈ કરી શકે નહીં એમ કહે છે. તેમ બીજાથી તારામાં કાંઈ થાય' ના પાડે છે' (સર્વજ્ઞભગવાન!)** એ...ઈ? આ પ્લેન હલાવતાં ને પ્લેન એમાં નોકર હતા પંદરસોનો પગાર, છોડી દીધી – નોકરી છોડી દીધી. મુંબઈ ગ્યા'તા ને અમે પ્લેન(માં) હારે આવતા. ટોપી પહેરીને હાલતાં ને જાણે! આહા...હા! ધૂળમાં ય નથી કાંઈ! આહા...હા...હા! જે પૈસા છે ઈ કો'ક અસ્તિ છે ને? અસ્તિ છે તો ઈ પૈસો એક–એક તત્ત્વ નથી. પૈસામાં આ તમારી શું કહેવાય ઈ **(શ્રોતાઃ)** નોટ, નોટ **(ઉત્તરઃ)** હા, ઈ નોટ. અનંત પરમાણુની બનેલી છે. જેમ આ આંગળી અનંત પરમાણુની બનેલી છે. તે કાંઈ એક પરમાણુ નથી. (આ આંગળીના) કટકા કરતાં– કરતાં– કરતાં– કરતાં જે છેલ્લો પોઈન્ટ રહે તે પરમાણુ (છે.) તેને દ્રવ્ય કહે છે. એવા અનંત પરમાણુઓ એમાં (નોટમાં, હાથમાં) રહેલા છે. (અને વિશ્વમાં) એવા અનંતા (અનંતા) પરમાણુઓ છે.

એમ આ આત્મા જે આ અંદર છે. એમાં ગુણ–જ્ઞાન, દર્શન આદિ ગુણ છે. અને ક્ષણે–ક્ષણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પલટતી એની પર્યાય છે. ઈ પર્યાય એટલે અવસ્થા. (ઈ)અવસ્થા ને ગુણ થઈને (આત્મા) દ્રવ્ય છે. પરને લઈને ઈ દ્રવ્ય છે એમ નથી. આહા...હા...હા! સમજાણું કાંઈ? સમજાય છે કે નહીં હવે? ભાષા તો સાદી છે. માલ (ભાવ) તો જે હોય તે હોય ને...!

(કહે છે) (જેમ) ક્રોડ રૂપિયાનો (માલ હોય) હિસાબ કરવા માટે કહે, તો (કિંમત) ચાર આના કહે. ઈ સહેલું કહેવાય? આહા...ક્રોડના (માલને) ક્રોડપણે સમજે (એની કિંમત) તો સમજાયું કહેવાય. એમ વસ્તુની સ્થિતિ, જે રીતે છે તે રીતે જ સમજવું તે ભાવ (કિંમત) છે. સહેલું કરીને – ઊંધું કરીને સમજવું (ઊંધાઈ છે.) આહા....હા! અરે! અનંતકાળ થ્યા, ચોરાશી લાખ, અવતાર કરતાં –કરતાં –કરતાં, પોતે આત્મા તો નિત્ય છે. કયા ભવે નથી? બધા ભવમાં ભમતાં–ભમતાં–ભમતાં, ભૂતકાળ માં ભવ..ભવ..ભવ..ભવ..ભવ.. કયાંય આદિ નથી. એવા અનંત ભવ કર્યાં છે, કાગડાના, કૂતરાના આહા...! આહા...હા!

(કહે છે કે:) વસ્તુ પોતે નિત્ય છે ને પર્યાય પલટે છે. વસ્તુ નિત્ય છે, તેની શકિતઓ નિત્ય છે અને અવસ્થા તેની પલટે છે, ઈ તો છ એ દ્રવ્યનું સ્વરૂપ છે. છ દ્રવ્ય છે ઈ લાંબી વાત પડે તમને (એટલે વિસ્તાર કરતા નથી). અત્યારે આપણે આત્મા ને પરમાણુ બે ને જ લઈએ છીએ. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **''એક જ દ્રવ્ય છે, દ્રવ્યાંતર નથી.''** શું કીધું ઈ? કેરીની લીલીની પીળી અવસ્થા થાય, પણ પરમાણુ તો ઈ ના ઈ જ છે. દ્રવ્ય બીજું, નથી થ્યું. એમ આ શરીરમાં બિલકુલ તાવ ન હતો. અને એમાં તાવની પર્યાય થાય, એથી તે દ્રવ્ય બીજું થઈ ગ્યું એમ નથી. (પરમાણુ શરીરના છે તેની) એ પૂર્વની ઠંડી પર્યાયનો વ્યય થઈ, ઊની પર્યાયનો ઉત્પાદ થઈ, અને દ્રવ્યપણે–વસ્તુપણે કાયમ રહે છે. આહા...હા...હા! આવી ચીજ છે! કો'પટેલ? આવો મારગ છે! આહા..હા! ગમે તેટલી ભાષા સાદી કરે પણ એની મર્યાદામાં તે આવેને...! આહા...!

અહા...હા! આ જગતમાં જે દેખાય છે. ઈ છે ઈ દેખાય છે ને...? એક વાત. અને દેખનારો છે એ દેખે છે ને....? બે વાત. શું કીધું? લોજિકથી, કંઈ ન્યાયથી સમજવું પડશે ને...(એને) કે જે આ દેખાય છે ચીજો આ. તે છે કે નહીં? અસ્તિ છે કે નહીં? એની સત્તા છે કે નહીં? ઈ મૌજુદગી ચીજ છે કે નહીં? કે આકાશના ફૂલની પેઠે છે? 'આકાશના ફૂલ' ન હોય. આ તો અસ્તિ છે. ઈ બધું અસ્તિ છે અને એનો જાણનારો આ છે. એને ખબર નથી એની (કે અમે આ પ્રમાણે છીએ.) આને (શરીરને) ખબર નથી એની આ તો જડ છે માટી! ભાષા જડ છે એની એને ખબર નથી, શરીર જડ છે એને ખબર નથી (કે) હું જડ છું આહા...! જાણનાર એવો આત્મા, એ પણ 'છે' ને જણાય એવી ચીજ પણ છે. આહા...હા! બે ય ચીજની અંદર જાણનારો આત્મા એક (છે.) એવા અનંત આત્માઓ છે. આહા...હા! જણાય એવા પદાર્થો અનંત, એ અનંત તત્ત્વો છે. ઈ અનંત તત્ત્વોને જાણનારો આત્મા. એની એક સમયમાં પર્યાય એટલે અવસ્થા અનંતને જાણવાની થાય. પહેલી (પર્યાય) થોડાને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જાણવાની હતી, પછી ઘણાને જાણવાની થઈ, અને ગુણ જે છે જ્ઞાન (ગુણ) એ તો કાયમ રહયો. કાયમપણે ગુણ રહીને ઈ પલ્ટી અવસ્થા. ઈ પલટતી અવસ્થા ને ગુણ, ઈ દ્રવ્ય–તત્ત્વ છે. એ પલટતી અવસ્થા બીજાથી થઈ છે, એ કરમને લઈને પલટતી અવસ્થા થઈ છે એમ નથી. ભારે કામ બાપુ! આહા...હા...હા! આ લોજિક! ઝીણી વાત છે! આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **''કેરીના દૃષ્ટાંતની જેમ, દ્રવ્ય પોતે જ ગુણના પૂર્વ પર્યાયમાંથી ઉત્તર પર્યાયે પરિણમતું થકું''.** પહેલી અવસ્થા જેમ કેરીની લીલી હતી, પછી ઉત્તર અવસ્થાએ પીળી થઈ, ઈ પોતે જ – એ કેરીના ગુણ છે ઈ કેરીમાં છે. એ દ્રવ્ય પોતે જ, તેમ કોઈ પણ દ્રવ્ય આત્મા કે પરમાણુઓ **''પૂર્વ અને ઉત્તર''** પૂર્વ એટલે પહેલું, ઉત્તર એટલે પછી **''ગુણપર્યાયો વડે પોતાની હયાતી અનુભવતું.''** પોતાની સત્તાને અનુભવતું, પૂર્વપર્યાય વ્યય થઈ, નવી પર્યાય (ઉત્પન્ન)થઈ, એ સત્તાને અનુભવતું (એટલે) સત્તા એ પોતાની સ્થિતિ છે. અનુભવતું અર્થાત્ હોય છે. અનુભવતું જડને પણ અનુભવતું છે એમ કીધું અહીંયાં તો. આહા.હા.હા. આહા...હા! જાણવું–દેખવું એમાં નથી, આ તો (શરીર) તો માટી. પણ એમાં એનો ઉત્પાદ–વ્યય જે થાય છે, તે તેના પર્યાયને અનુભવે છે ઈ પરમાણુ! એની પર્યાયને (પરમાણુ) અનુભવે છે એમ કહે છે. આહા...હા! બીજી રીતે કહીએ, તો શરીરમાં જે તાવ આવે છે, તાવ જે પરમાણુમાં અંદર શકિત છે, વર્ણ–ગંધ–રસ–સ્પર્શની એનું ઈ (તાવ) પરિણમન છે. પરમાણુમાં એક સ્પર્શ નામનો ગુણ છે, પરમાણુ છે ઈ અસ્તિ તત્ત્વ છે. છેછેછે એમાં એક સ્પર્શ નામની શકિત–ગુણ છે, સ્પર્શ, સ્પર્શ (ગુણ) એની ઠંડી અવસ્થામાંથી ગરમ થાય છે, પહેલી ઠંડી હતીને પછી ગરમ થઈ, એ ગરમ થતાં ને ઠંડી જતાં, ગુણો ને ઈ પર્યાયો થઈને બધું દ્રવ્ય જ છે. એ પરને લઈને થ્યું છે. (ગરમ–ઠંડું)અને પરને લઈને (દવાને, દાકતરથી) મટે છે. (એમ નથી.) તો આ બધા દવાખાના બંધ કરવા પડે! અહા...હા...હા...હા....હા! બાપુ! પ્રભુ! એ તો એની ચીજ એને કારણે થાય છે. તું મફતનો અભિમાન કરતો હો તો મારાથી થાય છે, એ કાઢી નાખવાનું છે! સમજાણું કાંઈ? આહા...! **'હું કરું, હું કરું એ જ અજ્ઞાન છે.'** નરસી મહેતા કહે છે. જુનાગઢ. **''હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.''** ગાડાનો ભાર જેમ કૂતરું તાણે, હેઠે અડતું હોય (એમ માને) ગાડુ તો હાલે બળદથી, ઠીઠું અડયું હોય તો મારાથી હાલે છે આ. એમ આ દુકાનને થડે બેઠો ને કંઈક પાંચ–પચીસ હજાર મળતા હોય ને, મારાથી આ મળે છે હું હતો ને માટે વ્યવસ્થા બધી કરું છું બરાબર, નોકરો–નોકરોથી વ્યવસ્થા બરાબર હાલતી નથી ને હું થડે બેસુંતો....એ વ્યવસ્થા કરું. એ હિંમતભાઈ! તમે બેસો ને નોકર બેસે તો શું ફેર ન પડે? **(શ્રોતા:)** ફેર પડે **(ઉત્તર:)** ફેર પડે? ફેર તો એને લઈને પડે છે. તમે મથો એમાં, ને ફેર પડે છે એમ નથી. એમ કહે છે. ઝીણી વાત છે બાપુ! ધરમ સમજવો બહુ! અનંત–અનંત કાળ થ્યા પરિભ્રમણ કરતાં, એ દુ:ખી છે, દુ:ખી છે. અંદર અતીન્દ્રિય આનંદ ભર્યો છે. આહા...! પણ એનાથી વિપરીત માન્યતામાં, વિપરીત શ્રદ્ધામાં, વિપરીત (અભિપ્રાયમાં). અસ્તિત્વ જેનું સ્વતંત્ર છે તેમ ન માનતાં મારે લઈને એમાં (કાર્ય) થાય ને એને લઈને મારામાં થાય, એવી મિથ્યાશ્રદ્ધાથી દુ:ખી છે ઈ. ભલે ક્રોડોપતિ–અબજોપતિ હો ! બિચારાં ભિખારાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દુઃખી–દુઃખી છે. બરાબર હશે? **(શ્રોતાઃ)** એકદમ બરાબર! અહીં તો આવતા નહીં? સાહૂ શાન્તિપ્રસાદ સાહૂ, ફોટો આવ્યો છે ભાઈ એનો, દિલ્હીવાળા. ચાલીશ કરોડ. સાહૂજી શાન્તિપ્રસાદ! આંહી ઘણીવાર આવી ગ્યા છે! ધૂળમાં ય કાંઈ, એ પરમાણુ એ પરમાણુ સ્વતંત્ર છે, તારા નહીં. અર...ર...ર! આવું **(શ્રોતાઃ)** એટલા બધા – કરોડો રૂપિયા હતા ને... તમે ના પાડો. **(ઉત્તરઃ)** કોને કહેવા કરોડો. એ બધી ધૂળ, બે અબજ કીધું નહીં? આપણે ગોવામાં છે એક શાંતિલાલ ખુશાલ. જૈન, સ્થાનકવાસી! બે અબજ ચાલીશ કરોડ (રૂપિયા) ગુજરી ગયો હમણાં દોઢ–પોણા બે વરસ પહેલાં, મુંબઈ. એની વહુને હેમરેજ થયેલું.ન્યાં તો ચાલીશ લાખનો બંગલો છે, દસ–દસ લાખના બે બંગલા છે ગોવામાં. બે અબજ ચાલીશ કરોડ રૂપિયા છે. એને બાઈને (પત્નીને) હેમરેજ થ્યું ને આવી'તી ન્યાં, ત્યાં બે–ચાર દિ' થ્યા ને મને કંઈક દુઃખે છે, દાકતર બોલાવો. દાકતર જયાં આવે ત્યાં, જાવ રખડવા ચારગતિ! આહા...હા! કયાં જવું? જેવા ભાવ કર્યા, એ ભવે જઈને અજાણ્યા ક્ષેત્રે, ન્યાં અવતાર અવતરશે. એના પાછા ચાલીશ લાખના બંગલા પડયા રહ્યા હેઠે. બે અબજ ને ચાલીશ કરોડ! હમણાં આવ્યો'તો છોકરો દર્શન કરવા, મુંબઈ ગ્યાને અમે તો આવ્યો–આવ્યો! આવે! સાંભળવા પણ કયાં બિચારાંને! આ વાત! ક્રિશ્ચિયનને પરણ્યો છે, પૈસા બહુ(ને) એટલે ખ્રિસ્તિને પરણ્યો છે છોકરો આવ્યો'તો દર્શન કરવા હમણાં મુંબઈ હતા ને અમે! અરે! બિચારાં ભિખારાં! ભિખારાં એટલે ?

(કહે છે) આ આત્મામાં અનંત લક્ષ્મી છે, જ્ઞાન, દર્શન, આનંદની, એ લક્ષ્મીની જેને ભાવના ને શ્રદ્ધા નથી, અને આ લક્ષ્મી – બાયડી આવે ને છોકરાં આવે ને એ બધાં ભિખારાં, પર વસ્તુને માગનારા માગણ છે. આહા...હા...હા...હા! દરબારને કહ્યું'તું ને આંહી. ભાવનગર દરબાર આવ્યા'તા. વ્યાખ્યાનમાં શ્રીકૃષ્ણકુમાર. અત્યારે છે ને એના બાપ. કૃષ્ણકુમાર. ભાવસિંહજીનો દીકરો. આવ્યા'તા વ્યાખ્યાનમાં બે–ત્રણ વાર કીધું. દરબાર ! મહિને લાખ માગે નાનો માગણ, પાંચ લાખ માગે ઈ મોટો માગણ ને કરોડો માગે ઈ માગણનો માગણ છે. આંહી અમારે કયાં એની પાસેથી કાંઈ લેવું'તું કે ન્યાં રાજી થાય તો પૈસા આપે ઈ, આંહી શું છે! માણસ નરમ હતો, બિચારા કહે કે : સાચી વાત મહારાજ! માગવું (તો એની પાસે માગવું)કે અંદર ભર્યું પડયું છે અંદર. આહા...! અતીન્દ્રિય સચ્ચિદાનંદ પ્રભુ! સત્ શાશ્વત ને જ્ઞાન ને આનંદનો ભંડાર છે. અનંત જ્ઞાન ને અનંત અનંત આનંદ જેનો સ્વભાવ છે, એની આનંદની – અનંતની મર્યાદા શી? આહા...! ઈ તારી નજરું ગઈ નથી ત્યાં, તેં શ્રદ્ધા કરી નથી. એવો જે ભગવાન આત્મા (એને મૂકીને 'આ લાવો' 'આ લાવો' બાયડી લાવો, છોકરાં લાવો. ને છોકરાં ને વહુ લાવો, દીકરીને ઠેકાણે પાડો, છોકરાંને ઠેકાણે પાડો ને ફલાણું ને ઢીકણું, મરી ગ્યો અનાદિથી (અહંકાર ને મમકારથી). પોતાની સત્તાનો સ્વીકાર ન કરતાં, પરની સત્તાના સ્વીકારમાં, પરના કાર્ય હું કરું છું, મારે લઈને બધું થાય છે. (એ અહંને મમથી આનંદલક્ષ્મી ખોઈ બેઠો.). આહા...હા! આવું છે! ઈ મૂઢતા છે. આહા...હા!

(વળી કહે છે) તમારો શેઠ આવ્યો'તો ને...! મુંબઈ આવ્યો'તો. પચાસ કરોડ! આવે બિચારા, જાણીતા રહ્યાને આવે, સમજે શું ધૂળ કાંઈ? પચાસ કરોડ **(શ્રોતાઃ)** કિલાચંદ દેવચંદ **(ઉત્તરઃ)** હા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઈ. પોતે બધા વિષ્ણુ ને બૈરાંઓ બધા જૈન છે. આવ્યા'તા બિચારા, કાંઈ ખબરુ ન મળે બિચારાને! વાતું મોટી કરે. અને ઓલા સાંભળનારા બચારાં સાધારણ હોય, મોટપ નાખીને મારી નાખે! આહા...હા! બાપુ મોટો તો પ્રભુ તું અંદર આનંદને જ્ઞાનથી મોટો છે. આહા...હા! અરે...રે! એ ચૈતન્ય હીરલો અંદર છે, ચૈતન્ય હીરો! જેમ હીરાને પાસા હોય છે એમ આ ચૈતન્ય (હીરાને) અનંતગુણના પાસા હોય છે. આહા...હા! એ ગુણની વર્તમાન અવસ્થા થાય, તે ગુણ–પર્યાય છે. ગુણ–પર્યાય એટલે દ્રવ્ય–વસ્તુ છે. ગુણ–પર્યાય તે દ્રવ્યથી અનેરી ચીજ નથી. આહા...હા! સમજાય છે કાંઈ? આપણે અહીંયાં ચુમાલીસ વરસથી હાલે છે. સવાચુમાલીસ વરસ તો આંહી થ્યા. જંગલમાં! પીસતાલીસ વરસે આવ્યાને આંહી. સવાચુમાલીસ થ્યા. ૯૧ માં ફાગણ વદ ત્રીજે આવ્યા. આ બધું કરોડો રૂપિયા નખાઈ ગ્યા પછી. એની પર્યાય થવા કાળે થાય, એમાં કોઈથી થાય નહીં હોં! આહા...હા...હા!

(કહે છે કે:) 'અસ્તિ' છે કે નહીં.... જે દેખાય છે ને દેખનારો છે. દેખાય છે ને દેખનારો છે, એ અસ્તિ છે કે નહીં, સત્તા છે કે નહીં, મૌજુદગી ચીજની છે કે નહીં? તો મૌજુદ જે ચીજ છે એ કાયમ રહેનારી છે ને અનાદિ–અનંત (છે.) એ ચીજ છે એમાં અનંતા ગુણ ભર્યાં છે. (એટલે ધ્રુવ છે) નવું–નવું થાય એ તો પર્યાય – અવસ્થા થાય. ગુણ ને દ્રવ્ય એ તો કાયમ છે. અવસ્થા બદલે– રૂપાંતર થાય. પણ રૂપાંતર ને ગુણ એ દ્રવ્ય છે, દ્રવ્યથી ઈ જુદાં નથી.' આહા...હા...હા! આવો ઉપદેશ હોય!! છે? (પાઠમાં).

(અહીંયાં કહે છે કે:) **"દ્રવ્ય પોતે જ ગુણના પૂર્વ પર્યાયમાંથી ઉત્તર પર્યાયે પરિણમતું થકું, પૂર્વ અને ઉત્તર ગુણપર્યાયો વડે પોતાની હયાતી અનુભવતું હોવાને લીધે, પૂર્વ અને ઉત્તર ગુણપર્યાયો સાથે અભિન્ન હયાતી હોવાથી એક જ દ્રવ્ય છે."** દ્રવ્ય એટલે વસ્તુ. અથવા દ્રવ્ય એટલે '**द्रवतीति द्रव्यम्**' પાણીનો પિંડ જેમ હોય ને પછી તરંગ ઊઠે – દ્રવે તરંગ એમ વસ્તુ છે. (તેની) પર્યાય–અવસ્થા બદલે છે, એ અવસ્થાને દ્રવ્ય કરે છે. ઈ તેને દ્રવ્ય કહીએ. ઈ દ્રવ્યની પર્યાય પોતે દ્રવે–કરે છે. પણ એની પર્યાય બીજો કોઈ દ્રવે–કરે ઈ ત્રણ કાળમાં બનતું નથી. માને ન માને સ્વતંત્ર છે. આહા...હા! પરમ સત્ય આ છે. સત્–સત્ સાહેબ! ચૈતન્યપ્રભુ! અનંત આનંદ ને અનંતજ્ઞાનથી ભરેલો પદાર્થ છે પ્રભુ (આત્મા)! એની અવસ્થા ક્ષણે–ક્ષણે થાય છે (એટલે કે દ્રવે છે) ઈ અવસ્થા ને ગુણ થઈને ઈ દ્રવ્ય છે. શરીર થઈને દ્રવ્ય છે. ને વાણી થઈને...દ્રવ્ય છે...ને...પૈસા થઈને દ્રવ્ય છે...ને...બાયડી લઈને દ્રવ્ય છે...ને...બાયડી...અર્ધાંગના કહેવાય, ધૂળમાંય નથી અર્ધાંગના! આહા...હા! સાંભળને ...હવે! બાયડી વળી એને પતિદેવ કહે. ઈ વળી એને ધરમપત્ની કહે. એમ ભાષામાં ઓગાળે! કોણ હતા બાપા! વસ્તુ જુદી છે. આહા...હા! જુદી જુદી ચીજને જુદું કોઈ કરે ઝીણું પડે ભાઈ! એક તત્ત્વ, બીજા તત્ત્વને અડે નહીં. કેમ બેસે? આત્મભગવાન અંદર અરૂપી, વર્ણ, રસ, ગંધ, સ્પર્શ વિનાનો અને જ્ઞાન, દર્શન, આનંદવાળો! એ શરીરને અડતો નથી. અને આ શરીરના રજકણો એ આત્માને અડતા નથી. કેમ કે આ તો જડ–રૂપી છે ને પ્રભુ (આત્મા) અરૂપી છે. આહા...હા! **(શ્રોતાઃ)** તાવ આવે છે ત્યારે દુઃખે છે કેમ? **(ઉત્તરઃ)** દુઃખે છે

ઈ તો દ્વેષ કરે છે માટે. અણગમો કરે છે ને દ્વેષને લઈને દુઃખ છે. તાવને લઈને નહીં. અહા...હા...હા. તાવની તો જડની અવસ્થા છે. પણ એમાં અણગમો કરે છે. 'ઠીક નથી આ' એનું નામ દ્વેષ છે એનું નામ દુઃખ છે. આહા...હા!

આહા...! ધરમી જીવને આત્મજ્ઞાન ને દર્શન ને આનંદનું ભાન હોવાથી, એને ઈ શરીરમાં રોગાદિ હોવા છતાં, પોતાને આનંદ (સ્વરૂપ) માને ઈ આનંદનો અનુભવ કરે, એ જરી દુઃખ થાય જરી પણ જાણે! આહા...હા...હા! બહુ ફેર! વસ્તુ વસ્તુનો!

અહીંયાં તો સવાચુમાળીશ વરસથી હાલે છે ભઈ! ૯૧ ના ફાગણ વદ ત્રીજે આવ્યા છે અહીંયાં, ત્રણ વરસ બીજામાં રહયા. 'સ્ટાર ઓફ ઈન્ડિયા' (નામનું) મકાન છે જંગલમાં. ત્રણ વરસ ત્યાં રહયા. બાકી આ સ્વાધ્યાય મંદિર થ્યું. ૯૪ માં (સંવત–૯૪) આહા...હા! બાવીસ લાખ તો પુસ્તક બહાર પડયા છે. આંહીથી (સોનગઢથી) વાંચન કરે છે જયપુર વગેરેમાં. નૈરોબી છે, આફ્રિકામાં છે, આ બધાય મંદિર બનાવે છે આફ્રિકા. પૈસાવાળા છે કરોડોપતિ આઠ, બીજા પૈસાવાળા છે. આ જેઠ શુદ અગિયારસે પૂરું. મંદિર પંદર લાખનું તૈયાર કર્યું છે. હવે એ લોકોની માગણી છે, ન્યાં આવવાની. હવે થાય ઈ ખરું નેવું વરસ થ્યાં. હવે દેખાવ લાગે પણ જાવું.માગણી છે એની. આહા...હા! આ ચીજ! અરે...રે! સાંભળવા મળે નહીં, અને જે સાંભળવા મળે એ બધું ઊલટું મળે. અરે. ઈ સત્‌ને કે દિ' પહોંચે! સત્‌નો સત્ તરીકે કે દિ' સ્વીકાર કરે? આહા...હા! છે? (પાઠમાં)

(અહીંયાં કહે છે કેઃ) **"પૂર્વ અને ઉત્તર ગુણપર્યાયો સાથે અભિન્ન હયાતી હોવાથી એક જ દ્રવ્ય છે." દ્રવ્યાંતર નથી.** વસ્તુ એક જ છે. કેરીની (પર્યાય) લીલીની પીળી થઈ, અને એનો વર્ણ જે ગુણ છે. એ ગુણની અવસ્થા લીલી ને પીળી ઈ પર્યાય કહેવાય. અને અંદર વર્ણ છે ઈ ગુણ કહેવાય. ગુણ ને પર્યાય ને એવા અનંતા ગુણો અને એની અનંતી પર્યાયો, તે દ્રવ્ય–વસ્તુ છે તે તત્ત્વ છે. પરને લઈને નહીં. આહા...હા! પર તત્ત્વને લઈને પર તત્ત્વના પર્યાયો નહીં, પરતત્ત્વને લઈને પરતત્ત્વના ગુણો નહીં. પરતત્ત્વને લઈને પરતત્ત્વનું દ્રવ્ય નહીં. આહા...હા..હા! હવે આ કે દિ' ભેગા થાય ? જે સાંભળવા મળે મુશ્કેલ! પકડવાનું મુશ્કેલ! દુનિયાને જાણીએ છીએ ને ભઈ! જાણતાં! છાસઠ વરસ તો દુકાન છોડયાને થ્યા છે. સડસઠ થ્યા સડસઠ દુકાન છોડયાને...! આહા...! દુકાન ઉપરેય હું તો શાસ્ત્રનો અભ્યાસ કરતો. નાની ઉંમરમાં, દુકાન પિતાજીની. અભ્યાસ બધો 'દશવૈકાલિક સૂત્ર' ને બધાં વાંચેલા દુકાન ઉપર. ૬૪–૬૫ની સાલ. 'સમવાયાંગ' ૬૪–૬૫–૬૬ (ની સાલમાં વાંચ્યું) એટલા વરસની વાત છે! આહા...હા!

(પણ) **'આ તત્ત્વ કંઈ અલૌકિક છે, એ તત્ત્વ કહીએ (છીએ)એ તત્ત્વ કયાંય એ પુસ્તકોમાં હતું નહીં.' આહા...હા!**

અહીંયાં એમ કહયું કે : જેમ કેરી છે ઈ પરમાણુ છે રજકણ. એમાં વર્ણ, રસ, ગંધ, સ્પર્શ, એના ગુણો છે. અને તેની લીલી ને પીળી અવસ્થા છે. તો ઈ લીલી, પીળી અવસ્થાથી ને એના ગુણોથી તેનું દ્રવ્ય જુદું નથી. અભિન્ન છે. એમ દરેક દ્રવ્યને ક્ષણે ક્ષણે થતી અવસ્થા અને તેના કાયમ રહેનારા ગુણ, તે ગુણ ને પર્યાય તે દ્રવ્ય છે. બીજા દ્રવ્યને લઈને એમાં પર્યાય પલટે છે, એમ નથી. સમજાય છે કે નહીં? આહા...હા! વાડામાં તો આ વ્રત પાળો, દયા કરો, અપવાસ કરો, ભકિત કરો, દેરાસર બનાવો, એમાં શું ધૂળમાં છે? (ધરમ કાંઈ?)

આહા...હા! આનું–આનું તાત્પર્ય ઈ છે કે જયારે એના, દરેક દ્રવ્યના ગુણપર્યાય તે દ્રવ્ય છે. તો તારો આત્મા જે છે તેના ગુણ ને પર્યાય તે આત્મા છે. તેથી તે આત્મા અખંડ છે તેના પર દૃષ્ટિ કર. કે જેથી તને બધાની સત્તાનો નકાર થશે, પોતાની પૂર્ણ સત્તાનો સ્વીકાર થશે. સ્વીકાર થતાં તને અતીન્દ્રિય આનંદ આવશે. આહા...હા...હા...હા! આ એનું તાત્પર્ય છે. એ...ઈ! આ શું કરવા સામે જોયું? પ્રશ્ન કર્યો' તો ને...! અહા...હા...હા! આહા...હા! ભગવાન આત્મા, દ્રવ્ય છે – વસ્તુ છે. એમાં જ્ઞાન જાણવું–દેખવું આનંદ એના ગુણો છે, અનંત! અને તેમાં પર્યાય જે થાય છે મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન આ થાય છે ને...! થોડું જ્ઞાન (હોય) પછી વધુ જ્ઞાન પલટે છે ઈ દશા, (તે) પર્યાય છે. તો પર્યાય (ને) ગુણ તે આત્મા છે. જયારે એમ છે તો એને બીજા દ્રવ્યો ઉપરથી દૃષ્ટિ હઠાવી દઈ, કારણ કે બીજાનું કરી શકતો નથી, બીજાના ગુણપર્યાય. તેના (તેનામાં) છે. આહા...હા...હા! કો' ચીમનભાઈ! વેપારમાં શું કરવું? આ હુશિયાર હોય એને? હુશિયાર માણસ કહેવાય છે ને...! દશ હજારનો પગાર! હુશિયાર ન કહેવાય? હુશિયાર જ હોય ને...! રામજીભાઈનો દીકરો હુશિયાર લ્યો! આઠ હજારનો પગાર લ્યો!! મહિને આઠ હજાર! રામજીભાઈનો દીકરો છે એક જ. મુંબઈમાં છે. 'એસો' 'એસો' છે ને કંપની. 'એસો' કંપની નથી? 'ઊડતો ઘોડો' એમાં નોકરી હતી પણ ઈ એસો બદલી ગઈ. નામ બીજું ફરી થઈ ગ્યું છે હવે. પહેલાં 'એસો કાં' હતું. આઠ હજારનો પગાર છે માસિક હોં! એમાં કાંઈ નહીં, પંદર હજારનો પગાર હોય (એવા પણ) બહુ આવે છે અહીંયાં. દલીચંદભાઈનો દીકરો નથી એક, પંદર હજારનો પગાર મહિને. એકનો દશ હજારનો છે ને એકનો આઠ હજારનો છે. પગાર ધૂળમાં ય નથી કયાંય! આહા...હા! એ રજકણે – રજકણ તે તેના ગુણ–પર્યાયથી છે. એને લઈને તું નથી ને તારે લઈને એ નથી. આહા...હા...હા! આવું બેસવું કઠણ પડે! છે? (પાઠમાં) હવે બીજું વાંચીએ.

(અહીંયાં કહે છે કે:) **''એક જ દ્રવ્ય છે, દ્રવ્યાંતર નથી.''** શું કીધું ઈ? કે દરેક પદાર્થમાં જે ગુણો છે, જે શકિત(ઓ) અને એની થતી અવસ્થા, એ દ્રવ્ય છે. તે દ્રવ્ય (એટલે) તે વસ્તુ છે. દ્રવ્યાંતર એટલે અનેરું દ્રવ્ય નથી. પલટી અવસ્થા એટલે એમ થઈ ગ્યું કે 'આ'. લીલીની પીળી ને, પીળીની કાળી ને, ઈ તો એની અવસ્થાઓ છે. ઈ કાંઈ અનેરું દ્રવ્ય નથી. એ દ્રવ્ય સ્વરૂપ જ છે. ઈ પદાર્થ ઈ સ્વરૂપ જ છે. આહા...હા! **''અર્થાત્ તે તે ગુણપર્યાયો અને દ્રવ્ય એક જ દ્રવ્યરૂપ છે, ભિન્નભિન્ન દ્રવ્યો નથી.''** આહા...હા! આ આત્મા, શરીરને કે વાણીને અડયો ય નથી. ફકત એ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા, તેનામાં જે કાયમના ગુણો છે – જાણવું – દેખવું – આનંદ એની વર્તમાન પર્યાય કોઈની વિકારી ને કોઈની અવિકારી થાય, એ પર્યાય ને ગુણ તે જ આત્મા છે. એવું આત્માનું અસ્તિત્વ, એના ગુણ–પર્યાયના અસ્તિત્વમાં છે. એનું અસ્તિત્વ સત્તા, એ અસ્તિત્વ છોડીને પરની સત્તાના અસ્તિત્વમાં છે એમ કદી નથી. આહા...હા...હા!

(અહીંયા કહે છે કે:) **"વળી જેમ પીતભાવે ઊપજતું,** કેરી **હરિતભાવથી નષ્ટ થતું અને આમ્રફળપણે ટકતું હોવાથી."** આહા...! આમ્રફળ ટકે છે ને...! **"આમ્રફળ એક વસ્તુના પર્યાય દ્વારા ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય છે.** આમાં શુ કહેવું છે? કે ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય અમે સિદ્ધ કરી ગયા છીએ. પણ આમાં ગુણ–પર્યાય છે ઈ દ્રવ્ય છે ઈ સિદ્ધ કરવું છે. ઉત્પાદ–વ્યય–ને ધ્રૌવ્ય એક સમયમાં ઊપજે, વ્યય થાય ને ધ્રૌવ્યપણે રહે ઈ સાબિત કરી ગ્યા છીએ. પણ આ તો ગુણપર્યાય તે દ્રવ્ય સિદ્ધ કરવું છે. આહા...હા! ઓલા ત્રણ બોલ હતા (ઉત્પાદ–વ્યય–ને ધ્રૌવ્ય) આ બે બોલ છે (ગુણ ને પર્યાય). નવી અવસ્થા ઊપજે, પૂર્વની અવસ્થા જાય ને વસ્તુ તરીકે સદેશ –કાયમ રહે. ઈ ત્રણ થઈને દ્રવ્ય કીધું'તું. અહીંયાં ગુણ, પર્યાય બે થઈને દ્રવ્ય કહે છે. આહા...હા! આ તો કોલેજ જુદી જાતની છે ભઈ! દુનિયાની બધી ખબર નથી? દુનિયાના દશ–દશ હજાર માઈલ ફર્યા છીએ આખી હિન્દુસ્તાનના ત્રણ વાર. દશ–દશ હજાર માઈલ! બધા સમજવા જેવા છે!! અ.હા...હા...હા! આ તત્ત્વ જે અંદર છે. એમાં એની જે અવસ્થા થાય છે – દશાઓ, આ બધી જાણવાની – દેખવાની –માનવાની, અરે, રાગની! એ બધી દશા ને ગુણ એ તત્ત્વ છે. એનું ઈ અસ્તિત્વ છે. ઈ અસ્તિત્વ (માં) પરને લઈને વિકાર થાય, પરને લઈને ગુણ ટકે, પરને લઈને આ દ્રવ્ય રહે એમ નથી. સમજાણું કાંઈ? આહા...હા! આવો ઉપદેશ કઈ જાતનો? ઓલું તો આમ કરો! સેવા કરો! દવા આપો! ફલાણું (સેવાનું કામ) કરો! આહા...હા! ભૂખ્યાને અનાજ આપો! તરસ્યાને પાણી આપો! ખાલી જગ્યામાં ઓટલા (ઉતારા) બનાવો, બધા આરામ કરે! આરે... અહાહાહાહા! ભગવાન! સાંભળને પ્રભુ! તું કર, કર એમ કહે છે તંઈ સામી ચીજ એ છે કે નહીં? સામી કોઈ ચીજ છે એને તું કરવા માગે છે નહીં? સામી ચીજ છે તો ઈ ચીજ એના ગુણ ને શકિત વિનાની છે કે ગુણ ને શકિતવાળી છે ? અને ગુણને શકિતવાળી એ ચીજ હોય તો એનું પરિણમન એનાથી થાય છે કે તારાથી થાય છે? આહા...હા! લોજિકથી છે વાત ન્યાયથી (સિદ્ધ થયેલી છે.) પણ ઈ સમજવું જોઈએ એમાં (આળસ ન ચાલે!)

(અહીંયાં કહે છે કે:) **"આમ્રફળ એક વસ્તુના પર્યાય દ્વારા ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય છે, તેમ ઉત્તર અવસ્થાએ અવસ્થિત ગુણે ઊપજતું"** જોયું? ગુણ–પર્યાય થઈને (દ્રવ્ય–સિદ્ધ) કરવા છે ને ? ઉત્તર અવસ્થાએ (એટલે) પછીની પર્યાય ગુણે ઊપજતું **"પૂર્વ અવસ્થાએ અવસ્થિત ગુણથી નષ્ટ થતું"** ગુણ તો અવસ્થિત છે. **"અનેદ્રવ્યત્વગુણે ટકતું હોવાથી"** આહા...હા...હા! વસ્તુપણે ટકતું હોવાથી **"દ્રવ્ય એકદ્રવ્યપર્યાય દ્વારા ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય છે."** લ્યો! આહા...હા! મૂળ માથે (મથાળે) તો એમ કહ્યું. ગુણપર્યાય ઈ એકદ્રવ્યપર્યાયો છે. પહેલું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એનો અર્થ સ્વભાવ કર્યો છે. આ ઈ ઉત્પાદ–વ્યય પર્યાયમાં આવી. અને ગુણ આવ્યો ગુણમાં (ધ્રૌવ્યમાં) ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય તે ગુણ–પર્યાય છે. ઉત્પાદવ્યયધ્રૌવ્ય દ્રવ્ય છે એમ ગુણ–પર્યાય (પણ) દ્રવ્ય છે એમ. આહા...હા! **''દ્રવ્ય એક દ્રવ્યપર્યાય દ્વારા ઉત્પાદવ્યયધ્રૌવ્ય છે.''**

**''ભાવાર્થ :– આના પહેલાંની ગાથામાં દ્રવ્યપર્યાય દ્વારા (અનેક દ્રવ્યપર્યાય દ્વારા) દ્રવ્યનાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય બતાવવામાં આવ્યાં હતાં.''** આહા...હા...હા! બે પરમાણુથી માંડી અનંત પરમાણુ, ભેગાં થાય તેની ઈ પર્યાયને સમાનજાતીય દ્રવ્યપર્યાય – અવસ્થા કહેવામાં આવે છે. અને આત્મા ને શરીર બેય ને(એકસાથે દેખવાથી) અસમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે. આ જાત જુદી (આત્માની) આની જાત જુદી (પરમાણુની) એને અસમાનજાતીય (દ્રવ્ય) પર્યાય કહેવામાં આવે છે. આહા...હા! આ ભાષા કઈ જાતની.... ને આહા...! છે ને? (પાઠમાં)

**''ભાવાર્થ :– આના પહેલાંની ગાથામાં દ્રવ્યપર્યાય દ્વારા (અનેકદ્રવ્યપર્યાય દ્વારા) દ્રવ્યનાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય બતાવવામાં આવ્યાં હતાં. આ ગાથામાં ગુણપર્યાય દ્વારા.** વાત અહીંયાં છે. સમજાણું? આહા...હા! ઓલામાં ત્રણ બોલ હતા – ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્ય. ઉત્પાદ (એટલે) નવી–નવી અવસ્થા થાય છે દરેક પદાર્થમાં તે. (વ્યય એટલે) પુરાણી અવસ્થા બદલે છે અને (ધ્રૌવ્ય એટલે) રહે છે – ટકે છે. એ ત્રણે થઈને તત્ત્વ છે. અહીંયાં ગુણ–પર્યાયને લીધું. ગુણો તત્ત્વમાં–દ્રવ્યમાં કાયમ રહેનારા, અને એની પરિણતિ જે થાય બદલીને ઈ પર્યાયને ગુણ, દ્રવ્ય છે. પહેલું ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય તે દ્રવ્ય કીધું'તું. અહીંયાં ગુણ ને પર્યાયને દ્રવ્ય કીધું છે. બે માં કાંઈ ફેર નથી. **''આ ગાથામાં ગુણપર્યાય દ્વારા (એકદ્રવ્યપર્યાય દ્વારા) દ્રવ્યનાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય બતાવ્યાં છે.''** લ્યો! પહેલાં ઉત્પાદવ્યયધ્રૌવ્ય (દ્રવ્ય) બતાવ્યું આમાં ગુણ–પર્યાય (દ્રવ્ય) બતાવ્યું. આહા...હા!

વિશેષ કહેશે....

ॐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે સત્તા અને દ્રવ્ય અર્થાંતરો (ભિન્ન પદાર્થો, અન્ય પદાર્થો) નહિ હોવા વિષે યુક્તિ રજૂ કરે છે :–

**ण हवदि जदि सद्दव्वं असद्धुव्वं हवदि तं कहं दव्वं ।**
**हवदि पुणो अण्णं वा तम्हा दव्वं सयं सत्ता ॥१०५॥**

**न भवति यदि सद्द्रव्यमसद्ध्रुवं भवति तत्कथं द्रव्यम् ।**
**भवति पुनरन्यद्वा तस्माद्द्रव्सं स्वयं सत्ता ॥१०५॥**

**જો દ્રવ્ય હોય ન સત્, ઠરે જે અસત્, બને કયમ દ્રવ્ય એ?**
**વા ભિન્ન ઠરતું સત્ત્વથી ! તેથી સ્વયં તે સત્ત્વ છે. ૧૦૫.**

## ગાથા ૧૦૫

**અન્વયાર્થ :** (**यदि**) જો (**द्रव्यं**) દ્રવ્ય (**सत् न भवति**) (સ્વરૂપથી જ સત્ ન હોય તો – (૧) (**ध्रुवं असत् भवति**) નક્કી તે અસત્ હોય; (**तत् कथं द्रव्यं** )જે અસત્ હોય તે દ્રવ્ય કેમ હોઈ શકે? (**पुनः वा**) અથવા (જો અસત્ ન હોય) તો (૨) (**अन्यद् भवति**) તે સત્તાથી અન્ય (જુદું) હોય! (તે પણ કેમ બને?) (**तस्मात्**) માટે (**द्रव्यं स्वयं** ) દ્રવ્ય પોતે જ (**सत्ता**)સત્તા છે.

**ટીકા :–** જો દ્રવ્ય સ્વરૂપથી જ [૧]સત્ ન હોય, તો બીજી ગતિ એ થાય કે – (૧) તે [૨]અસત્ હોય, અથવા (૨) સત્તાથી પૃથક્ હોય. ત્યાં, (૧) જો અસત્ હોય તો, ધ્રૌવ્યના અસંભવને લીધે પોતે નહિ ટકતું થકું, દ્રવ્ય જ [૩]અસ્ત થાય; અને (૨) જો સત્તાથી પૃથક્ હોય તો સત્તા સિવાય પણ પોતે ટકતું (–હયાત રહેતું) થકું, [૪]એટલું જ માત્ર જેનું પ્રયોજન છે એવી સત્તાને અસ્ત કરે.

પરંતુ જો દ્રવ્ય સ્વરૂપથી જ સત્ હોય તો – (૧) ધ્રૌવ્યના સદ્ભાવને લીધે પોતે ટકતું થકું, દ્રવ્ય ઉદિત થાય છે. (અર્થાત્ સિદ્ધ થાય છે); અને (૨) સત્તાથી અપૃથક્ રહીને પોતે ટકતું (–હયાત રહેતું) થકું, એટલું જ માત્ર જેનું પ્રયોજન છે એવી સત્તાને ઉદિત કરે છે (અર્થાત્ સિદ્ધ કરે છે.) માટે દ્રવ્ય પોતે જ સત્ત્વ (સત્તા) છે એમ સ્વીકારવું, કારણ કે ભાવ અને [1]ભાવવાનનું અપૃથક્પણા વડે અનન્યપણું છે. ૧૦૫.

---

૧. સત્ =હયાત. ૨. અસત્ = નહિ હયાત એવું.

૩. અસ્ત = નષ્ટ. (જે અસત્ હોય તેનું ટકવું = હયાત રહેવું કેવું? માટે દ્રવ્યને અસત્ માનતાં, દ્રવ્યના અભાવનો પ્રસંગ આવે અર્થાત્ દ્રવ્ય જ સિદ્ધ ન થાય.)

૪. સત્તાનું કાર્ય એટલું જ છે તે દ્રવ્યને હયાત રાખે. જો દ્રવ્ય સત્તાથી ભિન્ન રહીને પણ હયાત રહે. ટકે, તો પછી સત્તાનું પ્રયોજન જ રહેતું નથી. અર્થાત્ સત્તાના અભાવનો પ્રસંગ આવે છે.

* ભાવવાન = ભાવવાળું. [દ્રવ્ય ભાવવાળું છે અને સત્તા તેનો ભાવ છે. તેઓ અપૃથક્ છે (–પૃથક નથી) તે અપેક્ષાએ અનન્ય છે (–અન્ય નથી) પૃથક્ત્વ અને અન્યત્વનો ભેદ જે અપેક્ષાએ છે તે અપેક્ષા લઈને તેમના ખાસ (જુદા) અર્થો હવેની ગાથામાં કહેશે. તે અર્થો અહીં લાગુ ન પાડવા. અહીં તો અનન્યપણાને અપૃથક્પણાના અર્થમાં જ સમજવું.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૨૫–૬–૭૯.

'પ્રવચનસાર' ૧૦૫ ગાથા.

### હવે સત્તા અને દ્રવ્ય અર્થાંતરો (ભિન્ન પદાર્થો, અન્ય પદાર્થો) નહિ હોવા વિષે યુકિત રજૂ કરે છે :–

શું કહે છે? આ વસ્તુ જે છે. એમાં અસ્તિત્વ, અસ્તિત્વ (એટલે) સત્તા, અસ્તિત્વ નામનો એ ગુણ છે. દરેક પદાર્થ છે એમાં અસ્તિત્વ – સત્તા નામનો ગુણ છે. તે સત્તા ગુણ દ્રવ્યથી જુદો નથી. 'સત્' છે તે સત્તા ગુણથી જુદું નથી. આ પરમાણુ ય સત્ છે, આત્મા ય સત્ છે. તો જે સત્ છે તે સત્તા નામના ગુણથી તે સત્ જુદું નથી. આહા...હા! જરી ઝીણો વિષય છે. લોજિકથી સિદ્ધ કરે છે. હવે સત્તા – વસ્તુ છે એમાં સત્તા નામનો ગુણ છે. 'છે' એવી સત્તા નામનો ગુણ છે. (એ ગુણ) ન હોય તો વસ્તુ જ ન હોય. આત્મા, પરમાણુ આદિ (છ એ દ્રવ્યો) એમાં સત્તા નામનો ગુણ છે. એ સત્તા ને દ્રવ્ય અર્થાંતરો, ભિન્નપદાર્થો નથી. સત્તા ભિન્ન છે ને દ્રવ્ય ભિન્ન છે એમ નથી. સત્તા ગુણ છે દ્રવ્ય ગુણી છે. છતાં તે ભિન્ન નથી. (ભિન્ન) નહિ હોવા વિષે (આ ગાથામાં) યુકિત રજૂ કરે છે.

**ण हवदि जदि सद्दव्वं असद्धुव्वं हवदि तं कहं दव्वं ।**
**हवदि पुणो अण्णं वा तम्हा दव्वं सयं सत्ता ॥१०५॥**

**જો દ્રવ્ય હોય ન સત્, ઠરે જ અસત્, બને કયમ દ્રવ્ય એ?**
**વા ભિન્ન ઠરતું સત્ત્વથી! તેથી સ્વયં તે સત્ત્વ છે. ૧૦૫.**

ટીકા :– બધી લોજિકથી વાત છે ભઈ આ તો. વાણિયાના વેપારથી જુદી જાત છે. આહા...હા! **''જો દ્રવ્ય સ્વરૂપથી જ સત્ ન હોય.''** શું કહે છે? આત્મા, પરમાણુ એક–એક, એ વસ્તુ પોતાના સ્વરૂપથી જ જો હયાતી ધરાવતી ન હોય, એના સ્વરૂપથી જ સત્તા ન હોય, નિજ સ્વરૂપથી જ એમાં સત્ત્વ ન હોય, આહા...! **''તો બીજી ગતિ એ થાય કે''** શું કીધું ઈ? સમજાણું? વસ્તુ જે છે આત્મા, આ પરમાણુ, એમાં જો દ્રવ્ય સ્વરૂપથી જ સત્તા ન હોય, પોતાથી જ સત્તાપણે – હોવાપણે ન હોય – હયાત રહે–ટકે (અર્થ આપ્યો છે) અંદર (નીચે ફૂટનોટમાં) [કે સત્તાનું કાર્ય એટલું જ છે કે તે દ્રવ્યને હયાત રાખે. જો દ્રવ્ય સત્તાથી ભિન્ન રહીને પણ હયાત રહે – ટકે, તો પછી સત્તાનું પ્રયોજન જ રહેતું નથી, અર્થાત્ સત્તાના અભાવનો પ્રસંગ આવે છે] (જો એમ હોય) તો બીજી ગતિ શી થાય? કે : **''તે અસત્ હોય.''** 'છે'... ઈ વસ્તુ પોતાના સ્વરૂપથી છે. એમ ન હોય તો, વસ્તુનો અભાવ થઈ જાય. આહા...હા...હા! **''અથવા સત્તાથી પૃથક્ હોય.''** કાં' અસત્ થઈ જાય, કાં, સત્તાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

દ્રવ્ય જુદું થઈ જાય. દ્રવ્ય પોતાથી – સ્વરૂપ(થી) સત્તા ન હોય તો સત્તાથી દ્રવ્ય જુદું થઈ જાય. આહા...હા! **''જો અસત્ હોય તો, ધ્રૌવ્યના અસંભવને લીધે પોતે નહિ ટકતું થકું.''** વસ્તુ છે ઈ અસત્ હોય, સત્તા સ્વરૂપ ન હોય, હોવાપણાના ગુણવાળું ન હોય, તો તે અસત્ હોય. તો તે ધ્રૌવ્યના અસંભવને લીધે, કાયમ રહેવું એના અસંભવને લીધે, પોતે નહિ ટકતું થકું, દ્રવ્ય જ પોતે ટકતું નથી. (તેથી) **''દ્રવ્ય જ અસ્ત થાય''** છે. વસ્તુ નાશ પામી જાય છે. સમજાય છે કાંઈ? બધો ન્યાયનો વિષય છે! આ 'પ્રવચનસાર'.

કહે છે વસ્તુ (જે) છે. એ વસ્તુ, પોતાથી સત્તા ન હોય, પોતાથી હોવાપણે ન હોય, તો સત્ છે ઈ બીજું થઈ જાય, સત્‌થી દ્રવ્ય બીજું થઈ જાય. એમ પોતાથી સત્ ન હોય, એતો અસત્ થઈ જાય. આહા...હા! હા! **''દ્રવ્ય જ અસ્ત થાય.''** છે' એવું જો દ્રવ્ય પોતાથી છે એમ ન હોય, તો તે દ્રવ્યનો નાશ થાય. આહા...હા...હા! **''જો સત્તાથી પૃથક્ હોય.''** વસ્તુ જે છે ભગવાન આત્મા કે પરમાણુ (વગેરે) એની સત્તા નામના ગુણથી જો તે (સત્) જુદું હોય. **''તો સત્તા સિવાય પણ પોતે ટકતું (–હયાત રહેતું) થકું.''** સત્તા સિવાયથી પણ પોતે ટકતું, સત્તાથી હોવાપણે થ્યું અને સત્તા સિવાય જો હોય તો, સત્તા સિવાય પણ પોતાથી ટકતું (–હયાત રહેતું) થકું, **''એટલું જ માત્ર જેનું પ્રયોજન છે.''** એ ટકતું તત્ત્વ છે ઈ સત્તા છે. પણ પોતાથી હયાત છે. અને એમ ન હોય તો, સત્તા સિવાય પણ **''એટલું જ માત્ર જેનું પ્રયોજન છે.''** સત્તાનું પ્રયોજન એ છે કે દ્રવ્ય પોતે પોતાથી છે. જો ઈ સત્તાને ન માને, તો દ્રવ્યનો જ અભાવ થઈ જાય. અસ્તિત્વ ન રહે 'છે' ઈ છે સત્તાથી છે. સત્તાની ના પાડે તો વસ્તુ અસ્ત થઈ જાય. આહા...હા! સમજાય છે? **''એવી સત્તાને (જ) અસ્ત કરે.''** એટલે શું કહે છે? દ્રવ્ય પોતે વસ્તુ, પોતાથી સ્વરૂપે સત્ ન હોય, તો સત્તા વિનાની એ ચીજ નાશ થઈ જાય. એ દ્રવ્ય જ નથી એમ થાય. 'સત્તા' છે તો આત્મા–દ્રવ્ય છે. એમ જો સત્તા ન માને, અથવા (સત્તાને સત્‌થી) ભિન્ન માને તો (દ્રવ્યનું) હોવાપણું જ નકાર થઈ જાય. દ્રવ્યના હોવાપણાની (જ) નાસ્તિ થઈ જાય. આહા...હા...હા!

(અહીંયાં કહે છે કે:) **''પરંતુ જો દ્રવ્ય સ્વરૂપથી જ સત્ હોય તો –''** હવે! (માર્મિક છે) પોતે પોતાથી જ સત્ હોય, સત્તા સત્ છે એમ. સત્તા ગુણ છે. પણ, પોતાથી જ સત્ હોય. વસ્તુ પોતાથી જ સત્ છે, પરમાણુ (એ) પરમાણુ પોતાથી સત્ છે. આહા...હા! તો **''ધ્રૌવ્યના સદ્‌ભાવને લીધે પોતે ટકતું થકું''** ઈ દ્રવ્યમાં સત્તા(ગુણ) છે. તેથી પોતે જ પોતાથી ટકતું થકું **''દ્રવ્ય ઉદિત થાય છે (અર્થાત્ સિદ્ધ થાય છે.)''** કહે છે (તેથી) દ્રવ્યની સિદ્ધિ થાય છે. આહા...હા! આવું છે. વાણિયાને વેપાર સિવાય હવે આવી વાતું (સમજવી) બીજી જાતની છે આ બધી! અહીંયાં સત્તાગુણ, અસ્તિત્વ ગુણ, સત્તાગુણ, (એ જા અસ્તિત્વ, એ આત્મા(ને સત્તાગુણ) બે અભેદ છે. જો એમ ન હોય તો અસ્તિત્વ વિના, સત્તાના ગુણ વિના દ્રવ્ય જ, તેનો અભાવ થઈ જાય. આહા...હા...હા! સમજાણું? **''સત્તાથી પૃથક્ રહીને પોતે ટકતું (હયાત રહેતું) થકું એટલું જ માત્ર જેનું**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રયોજન છે."** એટલું જ માત્ર તે સત્તાનું પ્રયોજન હતું. કારણ કે (તે) દ્રવ્ય ટકી રહે. દ્રવ્ય ટકી રહે એ સત્તાનું પ્રયોજન હતું. આહા...હા...હા!

(કહે છે) ભગવાન આત્મા કે પરમાણુ (એમ આ વિશ્વમાં) છ દ્રવ્ય છે. એનું (સત્તાનું) પ્રયોજન એટલું હતું કે (છએ દ્રવ્યો) ટકી રહે. (જો) સત્તાગુણ ન હોય તો દ્રવ્યો ટકી રહે એવું રહેતું નથી. સત્તાથી ત ન ભિન્ન દ્રવ્ય હોય, (એટલે) દ્રવ્યમાં સત્તા (ગુણ) ન હોય, તો તે સત્તા વિના દ્રવ્ય જ રહેતું નથી. આહા...હા...હા! **(શ્રોતાઃ)** આનું શું કામ છે? આટલું બધું સમજવાનું શું કામ છે? **(ઉત્તરઃ)** કામ છે ઈ. વસ્તુસ્થિતિ આવી છે. 'છે' ગુણ અને ગુણી. ગુણ અને ગુણી (બન્નેને) અતદ્ભાવ કહેશે. એક ન્યાયે. અહીંયાં તો તે અતદ્ભાવે (હોવા) છતાં અનન્ય છે. એમ અહીંયાં સિદ્ધ કરવું છે. આહા...હા!

(શું કહે છે કેઃ) જે વસ્તુ છે ને તે સત્તા છે ને 'છે', 'છે' ઈ છે તેને લઈને (સત્તાગુણને લઈને) તે દ્રવ્ય ટકી રહ્યું છે. પણ ઈ સત્તા જ ન હોય એમાં, તો તે ટકવું જ એમાં રહી શકે નહીં. આહા...હા! (પરંતુ) **"જો દ્રવ્ય સ્વરૂપથી જ સત્ હોય."** વસ્તુ પોતાથી જ છે. સત્ છે. સચ્ચિદાનંદ પ્રભુ! પોતાથી સત્ છે આત્મા (અને બાકીના દ્રવ્યો) આહા...હા! તો – **(૧)ધ્રૌવ્યના સદ્ભાવને લીધે પોતે ટકતું થકું."** પોતાથી જ સત્તાવાળું સત્ છે. તેથી ધ્રૌવ્યના સદ્ભાવને લીધે, પોતે ટકતું થકું, સત્તા પોતાની છે, પોતાની સત્તાથી પોતામાં હોવું (હયાત રહેવું) તેથી તે ધ્રૌવ્યપણે ટકતું થકું. **(શ્રોતાને ઉદ્દેશીને)** આ વાંચી તો ગ્યા હશે, કેમ? વાંચ્યું'તું ને તમે? અહા...હા...હા! **"એટલું જ માત્ર જેનું પ્રયોજન છે એવી સત્તાને ઉદિત કરે છે (અર્થાત્ સિદ્ધ કરે છે)** તેથી દ્રવ્ય સિદ્ધ થાય છે. શું કીધું? કે આ તત્ત્વ છે ઈ સ્વરૂપથી જ ન હોય, પોતાના સ્વરૂપથી જ સત્ હોય, તો તો પોતે પોતાનાથી ધ્રૌવ્ય રહે. બીજા – બીજા રાખે તો રહે (પણ) સત્તા તો એનો ગુણ છે. (સત્) ને સત્તાસહિત છે. હોવાપણાસહિત છે. અસ્તિત્વગુણ સહિત છે.એથી અસ્તિત્વગુણને લઈને, એનું ધ્રૌવ્યપણું ટકી રહે છે. અને અસ્તિત્વગુણ જો ભિન્ન છે અને આત્માને (છએ) દ્રવ્ય (અસ્તિત્વગુણથી) ભિન્ન છે તો તો અસ્તિત્વગુણ વિના આત્માનો (છએ દ્રવ્યોનો) અભાવ થઈ જાય છે. સત્તા, સત્તા એકેય નથી(રહેતી) અસત્તા થઈ જાય છે. આહા... હા! (ભાઈ) આ જ તો આવ્યા !! ૯૩ ગાથાથી ઝીણું હાલે છે આ. આહા... 'જ્ઞેય અધિકાર' છે. જ્ઞેય–ભગવાને જોયાં (છ એ દ્રવ્યો જ્ઞેય) આવું સ્વરૂપ છે. એની મર્યાદા કેટલી? કેમ છે? તે જણાવે છે. મર્યાદાથી વિપરીત, અધિક કે ઓછું કે વિપરીત – એ શ્રદ્ધા વિપરીત છે. આહા...હા!

(અહીંયાં કહે છે કેઃ) **(૧) ધ્રૌવ્યના સદ્ભાવને લીધે પોતે ટકતું થકું, દ્રવ્ય ઉદિત થાય છે (અર્થાત્ સિદ્ધ થાય છે"** એટલે વસ્તુ સત્તાગુણથી 'છે'. એટલે (કે) દ્રવ્ય પોતે જ સિદ્ધ થાય છે એટલે 'છે'. જો (વસ્તુમાં) સત્તાગુણ ન હોય તો દ્રવ્ય સિદ્ધ થતું નથી.' સમજાણું કાંઈ? '

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'અને સત્તાથી અપૃથક્ રહીને.''** દ્રવ્ય, દ્રવ્ય, (અપૃથક્ રહીને), વસ્તુ જે છે આત્માને પરમાણુ (આદિ છ એ દ્રવ્ય) એ સત્તાથી અપૃથક્–અભેદ રહીને, **''પોતે ટકતું થકું (હયાત રહેતું)** પોતે ટકતું થકું **''એટલું જ માત્ર જેનું પ્રયોજન છે'' ''એવી સત્તાને ઉદિત કરે છે''** સત્તાનું પ્રયોજન એટલું જ છે કે પોતે પોતાને પ્રગટ કરે. પોતાથી પ્રગટ કરે ઈ સત્તાનું પ્રયોજન છે. તો સત્તાને આત્મા એક છે. સત્તાને આત્મા (બેય) જુદા છે. એક અપેક્ષાએ એમ કીધું હો અત્યારે. પછી બીજી અપેક્ષા આવશે હજી. આહા...હા! આવું કયાં? માણસને નવરાશ છે? હેં! હીરા–માણેકના ધંધા આડે! લાખો રૂપિયા પેદા થાય (ઈ) ન્યાં બહારે ય દેખાય. લોકો માને કે આહા...! પૈસાવાળા છે! આહા...! પૈસા...વાળા કોને કહેવા? અહીંયાં તો સત્તાવાળું દ્રવ્ય છે. આહા...હા...હા! એટલું જ સિદ્ધ કરવું છે. બાકી તો સત્તાને દ્રવ્ય, (બંનેને) પ્રદેશ ભેદ નથી. અને સંજ્ઞાભેદે ભેદ તે અન્યત્વ ભેદ છે. આહા..હા!

(કહે છે કે:) સત્તાથી દ્રવ્ય, દ્રવ્ય **''સત્તાથી અપૃથક્ રહીને''** જુદું નહીં રહીને, **''પોતે ટકતું''** હયાત–ટકતું થકું **''એટલું જ માત્ર જેનું પ્રયોજન.''** ઈ સત્તાનું, કે પોતે ટકી રહે દ્રવ્ય, એવું સત્તાનું પ્રયોજન છે. એ સત્તા પોતાથી જ હોય, તે બરાબર વ્યાજબી દેખાય. એમ કહે છે. લોજિક! ન્યાય ઝીણા બહુ!! સાધારણ બુદ્ધિમાં તો (કે) આ સમજમાં ન આવે, પત્તો શું અંદર છે? આત્મા ' છે' પણ કહે છે કે આત્મામાં સત્તાના અભાવે અસત્ થઈ જશે. આહા...હા! અને, સત્તાથી જો દ્રવ્ય હશે, તો તે સત્તાથી ટકતું દ્રવ્યપણું, તેને લઈને, પોતાને લઈને ધ્રૌવ્યપણું રહેશે. અને તેથી સત્તાપણું, સ્વરૂપ એનું છે તેથી તે દ્રવ્ય, એમ ન હોય તો, તેનું હોવાપણું, પદાર્થનું–દ્રવ્યનું હોવાપણું સાબિત થશે. નહીંતર પદાર્થનું સાબિતપણું નહીં થાય. આહા..હા...હા!

(અહીંયાં કહે છે કે:) **''માટે દ્રવ્ય પોતે જ સત્ત્વ (સત્તા) છે.''** વસ્તુ પોતે જે સત્તા–હોવા વાળા ગુણથી છે. દરેક દ્રવ્ય, પોતાના હોવાવાળા સત્તાગુણથી છે. આહા...હા! **''એમ સ્વીકારવું''** જુઓ! અહીંયાં (એમ) સ્વીકારવું એમ કહે છે. પરને લઈને નથી., તેમ સત્તા નામનો ગુણ, એનાથી ધ્રૌવ્યનું–ટકવું થાય છે. એથી દ્રવ્યની પ્રસિદ્ધિ થાય છે. તેથી દ્રવ્ય પોતાથી 'સત્' છે. એમ સાબિત થાય છે. આહા...હા! **(શ્રોતાઃ)** સાબિત કરવાનું તો કોર્ટમાં હોય અહીંયાં શું છે? **(ઉત્તરઃ)** (આ) કોર્ટ છે ભગવાનની! કોલેજ છે વીતરાગની! આહા...હા...હા! કયાં! નવરાશ નહીં ને ધંધા આડે! મુંબઈ જેવામાં તો – મોહનગરી! આખો દિ' ધમાલ! (ધમાલ!) આહા...હા!

(કહે છે વીતરાગી કરુણાથી) આજ ભાઈ! સમાચાર આવ્યા છે ભાઈના – પાછા લાભુભાઈના! એમને એમ છે. સારું નથી. લાભુભાઈ બેશુદ્ધ છે! વચ્ચમાં તાર આવી ગ્યો'તો સારું છે! આજે જુઓ આવ્યા છે (સમાચાર) એમને એમ છે, બેશુદ્ધ છે! આહા...હા! આમને આમ પડયો છે (દેહ) શરીર મોળું પડતું જાય છે!!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(કહે છે) અહીંયાં પણ આત્મા ચૈતન્યસ્વરૂપ છે, એવા સાધ્ય વિનાના જીવને પણ અસાધ્ય જ કહેવાય છે. શું કીધું? આ ભગવાન આત્મા અંદર છે અનંતગુણનો પિંડ પ્રભુ! તેનું જેને સાધ્ય નથી. જેને એ સિદ્ધિની ખબર નથી, એ બધા અસાધ્ય(અભાન) છે. આહા...હા...! એને અસાધ્યનો રોગ લાગુ પડયો છે આહા...! કેટલા કાળથી (એ અસાધ્યરોગ) છે? કે તે તો અનંતકાળથી છે. આહા...હા! **(શ્રોતાઃ)** હવે વીતરાગને સાંભળવા આવ્યાને...! **(ઉત્તરઃ)** એ તો હવે, ટાઈમ આવી ગ્યો હવે! આહા...હા! શરીરના પરમાણુ–અસ્તિત્વ, પરમાણુનું અસ્તિત્વ આત્માથી જુદું છે અને પરમાણુમાં અસ્તિત્વ ન હોય, પરમાણુ ટકી શકે નહીં. (પરમાણુ) દ્રવ્ય જ સિદ્ધ થાય નહીં. પણ પરમાણુ, પોતાથી–સત્તાથી હોય, એના સત્તા નામના ગુણથી પોતે હોય, તો દ્રવ્ય (પરમાણુ) સિદ્ધ થાય. ધ્રૌવ્યપણું સિદ્ધ થાય. પોતાથી ધ્રૌવ્યપણું સિદ્ધ થાય. આહા...હા...હા!

આ ઉપદેશ મળે નહીં (બીજે કયાં'ય). (આ તો) બહારમાં સામાયિક કરો ને... પોષા કરોને... પડિકકમણ કરો. મરી ગ્યાં એમ કરીને! આહા...હા! ભગવાન આત્મા, 'છે' ઈ પોતે સત્તા નામના ગુણને લઈને 'છે' એકલાથી હોય તો સત્તા વિનાનો અસત્ થઈ જાય. 'નથી દ્રવ્ય' એમ થઈ જાય. આહા...હા...હા! ન્યાય સમજાય છે? 'આત્મા છે' 'પરમાણુ છે' એ 'છે' એમાં દ્રવ્યમાં સત્તા જો ન હોય, તો 'દ્રવ્ય છે' એવું ટકવું જ ત્યાં રહે નહીં. ટકવું ન રહે તો દ્રવ્યોનો જ અભાવ થાય. આહા...હા! **''માટે દ્રવ્ય પોતે જ સત્ત્વ (સત્તા) છે.''** જોયું? દ્રવ્ય પોતે જ સત્તા છે. **એમ સ્વીકારવું, કારણ કે ભાવ અને ભાવવાનનું અપૃથક્પણા વડે અન્યપણું છે.'' ૧૦૫.** બીજું આવશે જુદું હો? આ અપેક્ષાથી બીજી અપેક્ષા જુદી આવશે. અત્યારે તો અહીંયાં એટલું જ સિદ્ધ કરવું છે કે સત્તાવાન ને સત્તાનો ધરનાર દ્રવ્ય, ભાવવાન **''અપૃથક્ પણા વડે અન્યપણું છે.''** (બંને) જુદા નથી એથી અનેરાપણું નથી. અનન્યપણું છે. સત્તાને દ્રવ્યને અનન્યપણું છે, અન્યપણું નથી. (અર્થાત્) અનન્યપણું છે અન્યપણું નથી. આહા...હા! હેઠે કહ્યું છે (ફૂટનોટમાં –૪) સત્તાનું કાર્ય એટલું જ છે કે તે દ્રવ્યને હયાત રાખે. જો દ્રવ્ય સત્તાથી ભિન્ન રહીને પણ હયાત રહે– ટકે, તો પછી સત્તાનું પ્રયોજન જ રહેતું નથી અર્થાત્ સત્તાના અભાવનો પ્રસંગ આવે છે.

(કહે છે કે) હવે નીચે (ફૂટનોટમાં) ભાવવાન = ભાવવાળું [દ્રવ્ય ભાવવાળું છે] અને સત્તા તેનો ભાવ છે. તેઓ અપૃથક્ છે (–પૃથક નથી) તે અપેક્ષાએ અનન્ય છે (–અન્ય નથી.) પૃથક્ત્વ અને અન્યત્વનો ભેદ જે અપેક્ષાએ છે તે અપેક્ષા લઈને તેમના ખાસ (જુદા) અર્થો હવેની ગાથામાં કહેશે, તે અર્થો અહીં લાગુ ન પાડવા.

પાછું આમ જે કહે છે કે અપૃથક્ છે એ પાછું ત્યાં ગુણભેદ કહીને એ ત્યાં પૃથક્ સિદ્ધ કરશે. પૃથક્ એટલે અતદ્ – અતદ્ભાવ, અન્ય છે એમ સિદ્ધ કરશે. પૃથક્ તત્ત્વ–ભિન્ન છે, એમ સિદ્ધ કરશે. (એટલે) સત્તા ને આત્મા વચ્ચે અન્યપણું છે. અનન્ય નથી. આહા...હા! કેમ કે દ્રવ્ય છે એનું નામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્ય છે ને ગુણ છે ઈ ગુણ છે એવા નામભેદ આદિ અન્યપણું છે. આહા...હા! 'અતદ્‌ભાવ' તરીકે અન્યપણું છે. અતદ્‌ભાવ તરીકે પૃથક્‌પણું નહીં. આહા...! આવું હોય? યાદ કોને? રસ (કોને હોય?) આવશે. (અતદ્‌ભાવની ચોખવટ) (હવેની) ગાથામાં કહેશે, તે અર્થો અહીં લાગુ ન પાડવા. પછીના અર્થમાં આવશે કે : 'સત્તા' અન્ય છે. 'દ્રવ્ય' અન્ય છે. (પરન્તુ) પૃથક્‌પણું નથી. પણ જે ભાવ 'ગુણીનો' છે તે ભાવ 'ગુણનો' નથી. (અથવા) ગુણીનો જે 'ભાવ' છે તે 'ભાવ' ગુણનો નથી. એથી તે અપેક્ષાએ સત્તા ને (સત્‌ને) અન્યત્વ એટલે અનેરા–અનેરા (કહીને) ત્યાં (કહીને) ત્યાં (બંને) અનેરા છે (એમ) કહેશે. અહીંયાં અન્યત્વ કહે છે ત્યાં ભિન્ન કહેશે. આહા...હા...હા! આવું છે! વીતરાગ મારગ!! (બધાથી નિરાળો છે.) લોકોને સાંભળવા મળ્યો નથી બિચારાંને! અને એમને એમ જિંદગી વઈ જાય, થઈ રહ્યું! આહા...હા!

અહીંયાં તો કહે છે કે : આત્મા, જે સત્તાથી' છે. તેથી બે (સત્તા ને સત્‌) અનન્ય છે, એકમેક છે. છતાં હવેની બીજી ગાથામાં એવો અર્થ આવશે કે સત્તાને દ્રવ્યમાં અન્યપણું છે. એ જે ભાવ ' દ્રવ્ય' નો છે તે ભાવ 'ગુણનો' નહીં. (એટલે) જે ભાવ 'ગુણ'નો છે એ ભાવ 'દ્રવ્ય' નો નહીં. તેથી એ બે વચ્ચે 'અતદ્‌ભાવ' ને લીધે 'અન્યપણું' પણ કહી શકાય છે. આહા...હા...હા!

(પરંતુ) અહીંયાં કહે છે કે : **"માટે દ્રવ્ય પોતે જ સત્ત્વ (સત્તા) છે એમ સ્વીકારવું." કારણ કે ભાવ અને ભાવવાનનું"** ભાવવાન (એટલે) ભગવાન આત્મા, અને સત્તા તેનો 'ભાવ', બેયનું અપૃથક્‌પણું છે ઈ જુદા નથી. અનન્યપણું છે, અનેરાપણું નથી. અનન્ય એટલે એકમેક છે. **"અપૃથક્‌પણા વડે અનન્યપણું છે."** આહા...હા! (ગાથા–૧૦૫) અહીંયાં આટલા સુધી સિદ્ધ કર્યું. હવે (વાત આવશે ગાથા એકસો) છઠ્ઠીની.

વિશેષ કહેશે....

ૐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે પૃથક્ત્વનું અને અન્યત્વનું લક્ષણ ખુલ્લું કરે છે :–

**पविभत्तपदेसत्तं पुधत्तमिदि सासणं हि वीरस्स ।**
**अण्णत्तमतब्भावो ण तब्भवं होदि कधमेगं ॥१०६॥**

**प्रविभक्तप्रदेशत्वं पृथक्त्वमिति शासनं हि वीरस्य ।**
**अन्यत्वमतद्भावो न तद्भवत् भवति कथमेकम् ॥१०६॥**

**જિન વીરનો ઉપદેશ એમ – પૃથક્ત્વ ભિન્નપ્રદેશતા;**
**અન્યત્વ જાણ અતત્પણું; નહિ તે–પણે તે એક ક્યાં? ૧૦૬.**

## ગાથા ૧૦૬

**અન્વયાર્થ :–** (**प्रविभक्तप्रदेशत्वं**) વિભક્ત પ્રદેશત્વ તે (**पृथक्त्वं**) પૃથક્ત્વ છે (**इति हि**) એમ (**वीरस्य शासनं**) વીરનો ઉપદેશ છે. (**अतद्भावः**) અતદ્ભાવ (અતત્પણું અર્થાત્ તે–પણે નહિ હોવું) તે (**अन्यत्वं**) અન્યત્વ છે. (**न तत् भवत्**) જે તે–પણે ન હોય (**कथं एकम् भवति**) તે એક કેમ હોય? (કથંચિત્ સત્તા દ્રવ્યપણે નથી અને દ્રવ્ય સત્તાપણે નથી માટે તેઓ એક નથી.)

**ટીકા :–** વિભકતપ્રદેશત્વ (ભિન્નપ્રદેશત્વ) પૃથક્ત્વનું લક્ષણ છે. તે તો સત્તા અને દ્રવ્યને સંભવતું નથી, કારણ કે ગુણ અને ગુણીને વિભકતપ્રદેશત્વનો અભાવ હોય છે – શુકલત્વ અને વસ્ત્રની માફક. તે આ પ્રમાણે : જેમ જે શુકલત્વના – ગુણના– પ્રદેશો છે તે જ વસ્ત્રના –ગુણીના– છે તેથી તેમને પ્રદેશવિભાગ (પ્રદેશભેદ) નથી, તેમ જે સત્તાના–ગુણના–પ્રદેશો છે તે જ દ્રવ્યના–ગુણીના– છે તેથી તેમને પ્રદેશવિભાગ નથી.

આમ હોવા છતાં તેમને (–સત્તા અને દ્રવ્યને) અન્યત્વ છે, કારણ કે (તેમને) અન્યત્વના લક્ષણનો સદ્ભાવ છે. [1]અતદ્ભાવ અન્યત્વનું લક્ષણ છે. તે તો સત્તા અને દ્રવ્યને છે જ, કારણ કે ગુણ અને ગુણીને [2]તદ્ભાવનો અભાવ હોય છે – શુકલત્વ અને વસ્ત્રની માફક. તે આ પ્રમાણે : જેવી રીતે એક ચક્ષુ–ઈન્દ્રિયના વિષયમાં આવતો, બીજી બધી ઈન્દ્રિયોના સમૂહને ગોચર નહિ થતો એવો જે શુકલત્વગુણ છે તે સમસ્તઈન્દ્રિયસમૂહને ગોચર થતું એવું વસ્ત્ર નથી, તથા જે સમસ્તઈન્દ્રિયસમૂહને ગોચર થતું એવું વસ્ત્ર છે તે એક ચક્ષુ– ઈન્દ્રિયના વિષયમાં આવતો, બીજી

---

૧. અતદ્ભાવ = (કથંચિત્) 'તે' નહિ હોવું તે; (કથંચિત્) તે–પણે નહિ હોવું તે; (કથંચિત્) અતત્પણું. [દ્રવ્ય (કથંચિત્) સત્તાપણે નથી અને સત્તા (કથંચિત્) દ્રવ્યપણે નથી માટે તેમને અતદ્ભાવ છે.]

૨. તદ્ભાવ = 'તે' હોવું તે; તે–પણે હોવું તે; તે–પણું; તત્પણું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બધી ઈન્દ્રિયોના સમૂહને ગોચર નહિ થતો એવો શુકલત્વગુણ નથી, તેથી તેમને તદ્ભાવનો અભાવ છે; તેવી રીતે [1]કોઈના આશ્રયે રહેતી, [2]નિર્ગુણ, એક ગુણની બનેલી, [3]વિશેષણ, [4]વિધાયક (–રચનારી) અને [5]વૃત્તિસ્વરૂપ એવી જે સત્તા છે તે કોઈના આશ્રય વિના રહેતું, ગુણવાળું, અનેક ગુણોનું બનેલું, [6]વિશેષ્ય, [7]વિધીયમાન (–રચાનારું) અને [8]વૃત્તિમાનસ્વરૂપ એવું દ્રવ્ય નથી, તથા જે કોઈના આશ્રય વિના રહેતું, ગુણવાળું, અનેકગુણોનું બનેલું, વિશેષ્ય, વિધીયમાન અને વૃત્તિમાનસ્વરૂપ એવું દ્રવ્ય છે તે કોઈના આશ્રયે રહેતી, નિર્ગુણ, એક ગુણની બનેલી, વિશેષણ, વિધાયક અને વૃત્તિસ્વરૂપ એવી સત્તા નથી, તેથી તેમને તદ્ભાવનો અભાવ છે. આમ હોવાથી જ, જો કે સત્તા અને દ્રવ્યને કથંચિત્ અનર્થાંતરપણું (–અભિન્નપદાર્થપણું, અનન્યપદાર્થપણું) છે તો પણ, તેમને સર્વથા એકત્વ હશે એમ શંકા ન કરવી; કારણ કે તદ્ભાવ એકત્વનું લક્ષણ છે. જે 'તે'–પણે જણાતું નથી તે (સર્વથા) એક કેમ હોય? નથી જ; પરંતુ ગુણ–ગુણીરૂપે અનેક જ છે એમ અર્થ છે.

**ભાવાર્થ :–** ભિન્નપ્રદેશત્વ તે પૃથક્પણાનું લક્ષણ છે અને અતદ્ભાવ તે અન્યપણાનું લક્ષણ છે. દ્રવ્યને અને ગુણને પૃથક્પણું નથી છતાં અન્યપણું છે.

પ્રશ્ન :– જેઓ અપૃથક્ હોય તેમનામાં અન્યપણું કેમ હોઈ શકે?

ઉત્તર:– વસ્ત્ર અને સફેદપણાની માફક તેમનામાં અન્યપણું હોઈ શકે છે. વસ્ત્રના અને તેના સફેદપણાના પ્રદેશો જુદા નથી તેથી તેમને પૃથક્પણું તો નથી. આમ હોવા છતાં સફેદપણું તો માત્ર આંખથી જ જણાય છે, જીભ, નાક વગેરે બાકીની ચાર ઈન્દ્રિયોથી જણાતું નથી, અને વસ્ત્ર તો પાંચે ઈન્દ્રિયોથી જણાય છે. માટે (કથંચિત્) વસ્ત્ર તે સફેદપણું નથી અને સફેદપણું તે વસ્ત્ર નથી. જો એમ ન હોય તો વસ્ત્રની માફક સફેદપણું પણ જીભ, નાક વગેરે સર્વ ઈન્દ્રિયોથી જણાવું

---

૧. સત્તા દ્રવ્યના આશ્રયે રહે છે. દ્રવ્યને કોઈનો આશ્રય નથી. [જેમ વાસણમાં ઘી રહે છે તેમ દ્રવ્યમાં સત્તા રહેતી નથી (કારણ કે વાસણને અને ઘીને તો પ્રદેશભેદ છે) પરંતુ જેમ કેરીમાં વર્ણ, ગંધ વગેરે છે તેમ દ્રવ્યમાં સત્તા છે.]

૨. નિર્ગુણ – ગુણ વિનાની. [સત્તા નિર્ગુણ છે, દ્રવ્ય ગુણવાળું છે. જેમ કેરી વર્ણગુણવાળી, ગંધગુણવાળી, સ્પર્શગુણવાળી વગેરે છે, પરંતુ વર્ણગુણ કાંઈ ગંધગુણવાળો, સ્પર્શગુણવાળો કે અન્ય કોઈ ગુણવાળો નથી. (કારણ કે વર્ણ કાંઈ સૂંઘાતો કે સ્પર્શાતો નથી); વળી જેમ આત્મા જ્ઞાનગુણવાળા, વીર્યગુણવાળો વગેરે છે. પરંતુ જ્ઞાનગુણ કાંઈ વીર્યગુણવાળો કે અન્યગુણવાળો નથી; તેમ દ્રવ્ય અનંત ગુણોવાળું છે પરંતુ સત્તા ગુણવાળી નથી. (અહીં, જેમ દંડી દંડવાળો છે તેમ દ્રવ્યને ગુણવાળું ન સમજવું; કારણ કે દંડી અને દંડને તો પ્રદેશભેદ છે, દ્રવ્ય ને ગુણ તો અભિન્નપ્રદેશી છે.)]

૩. વિશેષણ = ખાસિયત; લક્ષણ; ભેદકધર્મ.

૪. વિધાયક = વિધાન કરનાર; રચનાર.

૫. વૃત્તિ = વર્તવું તે; હોવું તે; હયાતી; ઉત્પાદવ્યયધ્રૌવ્ય.

૬. વિશેષ્ય = ખાસિયતોનો ધરનાર પદાર્થ; લક્ષ્ય; ભેદ્યપદાર્થ – ધર્મી [જેમ ગળપણ, સફેદપણું, સુંવાળપ વગેરે સાકરનાં વિશેષણો છે અને સાકર તે વિશેષણોથી વિશેષિત થતો (તે તે ખાસિયતોથી ઓળખાતો, તે તે ભેદોથી ભેદાતો) પદાર્થ છે, વળી જેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય વગેરે આત્માનાં વિશેષણો છે અને આત્મા તે વિશેષણોથી વિશેષિત થતો (ઓળખાતો, લક્ષિત થતો, ભેદાતો) પદાર્થ છે, તેમ સત્તા વિશેષણ છે અને દ્રવ્ય વિશેષ્ય છે. (વિશેષ્ય અને વિશેષણોને પ્રદેશભેદ નથી એ ખ્યાલ ન ચૂકવો.)]

૭. વિધીયમાન = રચાનારું; જે રચાતું હોય તે. (સત્તા વગેરે ગુણો દ્રવ્યના રચનારા છે અને દ્રવ્ય તેમનાથી રચાતો પદાર્થ છે.)

૮. વૃત્તિમાન = વૃત્તિવાળું; હયાતીવાળું; હયાત રહેનાર. (સત્તા વૃત્તિસ્વરૂપ અર્થાત્ હયાતી સ્વરૂપ છે અને દ્રવ્ય હયાત રહેનાર સ્વરૂપ છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જોઈએ. પણ એમ તો બનતું નથી. માટે વસ્ત્ર અને સફેદપણાને અપૃથક્પણું હોવા છતાં અન્યપણું છે એમ સિદ્ધ થાય છે.

એ જ પ્રમાણે દ્રવ્યને અને સત્તાદિગુણોને અપૃથક્ત્વ હોવા છતાં અન્યત્વ છે; કારણ કે દ્રવ્યના અને ગુણના પ્રદેશો અભિન્ન હોવા છતાં દ્રવ્યમાં અને ગુણમાં સંજ્ઞા–સંખ્યા–લક્ષણાદિ ભેદ હોવાથી (કથંચિત્) દ્રવ્ય તે ગુણપણે નથી અને ગુણ તે દ્રવ્યપણે નથી. ૧૦૬.

## પ્રવચન : તા. ૨૫–૬–૭૯.

'પ્રવચનસાર' ૧૦૬ ગાથા.

આ તો ધ્યાન રાખે તો પકડાય એવું છે ભાઈ! (આ તો લોકોમાં વાતો છે ને કે) દયા પાળો, જૂઠું બોલવું નહીં, શરીરથી બ્રહ્મચર્ય પાળવું, વળી કહે કે લીલોતરી ખાવી નહીં, કંદમૂળ ખાવાં નહીં, ચોવિહાર કરવો (આવી પ્રિયાનું) સમજાય તો ખરું! (પણ એમાં) શું સમજાય? ધૂળ સમજાય? (ઈ તો) અજ્ઞાન છે અનાદિનું! આહા...હા...હા! પરનો ત્યાગ કરું છું, ને હું આમ કરું છું ને તેમ કરું છું, ઈ તો (કરું, કરુંના) મિથ્યાત્વ ભાવ છે. આહા...! અરે...રે!

અહીંયાં તો સત્તા ગુણને પણ અન્ય(પણું) છે એમ ઠરશે, હવેની ગાથા(માં). આ ગાથામાં તો (ગાથા–૧૦૫) માં અનન્યપણું ઠેરવ્યું, નહીંતર તો ઈ દ્રવ્ય 'છે' એમ સિદ્ધ નહીં થાય. 'સત્તા' ગુણ વિના અસ્તિત્વ આત્માનું છે, ધ્રૌવ્ય આત્મા છે એ સિદ્ધ નહીં થાય. એ કારણે સત્તાથી દ્રવ્યનું અસ્તિત્વ છે, એમ અનન્યપણું – એકમેકપણું કહ્યું. પણ જરી ફેર એમાં છે ઈ હવે ફેર પાડશે. (આ ગાથામાં). આહા...હા....હા! (જુઓ!)

**હવે, પૃથક્ત્વનું અને અન્યત્વનું લક્ષણ ખુલ્લું કરે છે :–** એટલે શું? પૃથક્ એટલે આત્માથી, દરેક દ્રવ્ય (જે) જુદી ચીજ છે. એના પ્રદેશો જુદા છે. તેને અહીંયાં પૃથક્પણું કહે છે. આત્મા ને આ પરમાણુ(દેહ) એ બે વચ્ચે પૃથક્પણું છે. કારણ કે આના (શરીરના) પ્રદેશ જુદા છે ને આત્માના પ્રદેશ જુદા છે. છતાં **"અન્યત્વનું લક્ષણ ખુલ્લું"** કરશે. છતાં તે ગુણ ને ગુણી, એ ભેદ હોવા છતાં, તે અનેરું–અનેરું છે. ભેદ છે – પહેલું અભેદ સિદ્ધ કર્યું સત્તા ને સત્ – અભેદ સિદ્ધ કરતાં છતાં સત્તા ને દ્રવ્ય વચ્ચે ભેદ છે. સત્તા એટલે હોવાપણું રહે. દ્રવ્ય તો અનંતગુણપણે હોવાપણે છે. એટલે સત્તા અને દ્રવ્ય વચ્ચે નામભેદે, લક્ષણભેદે અન્યપણું છે. ભેદ નથી એમ પહેલાં સિદ્ધ કર્યું છે. (અહીંયાં ભેદ છે એમ કહે છે.) આહા....હા! આવું છે! કેટલાંકને કાને પહેલું પડતું હોય! કોઈ દી' ખબર ન મળે કાંઈ! **(પ્રશ્નઃ)** આવું વાંચીએ, તો ન્યાં માણસ ભેળાં શી રીતે થાય? બીજામાં તો રાજી થાય માણસો, (કહીએ) આમ કરો...આમ કરો...આમ કરો.... (તો માણસો ઝાઝા ભેગાં થાય!)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ દેહના–તારા પરમાણુમાં, તારા આત્મા સિવાય, તારી સત્તા સિવાય, બીજાની સત્તામાં કાંઈ તારો અધિકાર નથી. આહા...હા! દેશની સેવા કરવી, ભૂખ્યાને આહાર આપવો (પરના કામ કરવા) એ તારા અધિકારની વાત નથી, એમ કહે છે અહીંયાં તો. આહા...હા...હા! **(શ્રોતાઃ)** પોતામાં અસંખ્યપ્રદેશ છે, એમાં આહાર ક્યાં હતો? **(ઉત્તરઃ)** અસંખ્ય પ્રદેશ પોતામાં છે. ઓલાના – બાયડી – છોકરાંના પ્રદેશ જુદાં છે છતાં કહે છે ને મારાં છે. મારાં છે એની અહીંયાં ના પાડે છે. આહા...હા! જેના પ્રદેશ જુદા, તેની વસ્તુ જુદી! અહીંયાં તો સત્તાના ને દ્રવ્યના પ્રદેશ એક છે. પ્રદેશની અપેક્ષાએ પૃથક્પણું નથી. પણ દ્રવ્ય અને ગુણ, દ્રવ્ય ને સત્તા, નામભેદ પડે છે (તે) સંજ્ઞાભેદે અન્યપણું કહેવામાં આવે છે. આહા...હા...હા...હા! આવો મારગ!!

**पविभत्तपदेसत्तं पुधत्तमिदि सासणं हि वीरस्स ।**
**अण्णत्तमतब्भावो ण तब्भवं होदि कधमेगं ॥१०६॥**

**જિન વીરનો ઉપદેશ એમ** – ત્રિલોકનાથ, પરમાત્મા મહાવીર દેવદેવ! એમ બધા અનંત તીર્થંકરો (નો ઉપદેશ એમ છે.)

**જિન વીરનો ઉપદેશ એમ – પૃથક્ત્વ ભિન્નપ્રદેશતા;**
**અન્યત્વ જાણ અતત્પણું; નહિ તે–પણે એક ક્યાં? ૧૦૬**

આહા...હા! ધ્યાન રાખે તો, પકડાય એવું છે. આહા...હા!

**ટીકા :– "વિભક્તપ્રદેશત્વ"** એટલે કે જેના ક્ષેત્ર – પ્રદેશ જુદા છે. આ પરમાણુનું ક્ષેત્ર (દેહનું ક્ષેત્ર) ને આત્માનું ક્ષેત્ર જુદું છે. આહા...હા! બીજા આત્માઓ અને આ આત્માનું ક્ષેત્ર જુદું છે. આ પરમાણુનું ને આત્માનું ક્ષેત્ર જુદું છે. એમ એક આત્માના પ્રદેશ (તે) બીજા આત્માના પ્રદેશ (થી) જુદા છે. આહા..હા! **"વિભક્તપ્રદેશત્વ (ભિન્નપ્રદેશત્વ) પૃથક્ત્વનું લક્ષણ છે."** એમ કહે છે પ્રદેશ જુદા, એ પૃથક્ત્વનું લક્ષણ છે. ઈ જુદું જ છે, જુદું છે. એમ આત્માથી પરમાણુ તદ્દન જુદા છે, શરીરાદિ, કર્મના પરમાણુઓ આત્માથી જુદા(છે). અને આત્માથી, શરીરને કર્મના (પરમાણુઓથી) ભગવાન આત્મા તદ્દન જુદો છે. બે ના પ્રદેશ જુદા છે. બેનું ક્ષેત્ર જુદું છે. આહા...હા! તેથી તેના ભાવ પણ ભિન્ન છે. આહા...હા...હા!

(અહીંયાં કહે છે કે:) **"વિભક્તપ્રદેશત્વ (ભિન્નપ્રદેશત્વ) પૃથક્ત્વનું લક્ષણ છે."** આત્માના પ્રદેશો ને પરમાણુના પ્રદેશો, એ ભિન્નપણું – પૃથક્પણું (છે.) એ ભિન્નપણાનું પૃથક્ત્વ લક્ષણ છે. એ જુદા છે. **"તે તો સત્તા અને દ્રવ્યને સંભવતું નથી."** શું કીધું? જ્યારે એક દ્રવ્યના પ્રદેશ, બીજા દ્રવ્યના પ્રદેશથી જુદા–પૃથક્ છે. એમ આત્માને સત્તાના પ્રદેશ જુદા છે ઈ સંભવતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે પ્રદેશ આત્માના છે તે જ સત્તાના છે. એના પ્રદેશ જુદા નથી. આહા...હા...હા!

(અહીંયાં કહે છે કે:) **''વિભકતપ્રદેશત્વ (ભિન્નપ્રદેશત્વ) પૃથક્ત્વનું લક્ષણ છે. તે તો સત્તા અને દ્રવ્યને સંભવતું નથી. ''કારણ કે ગુણ અને ગુણીને વિભકતપ્રદેશત્વનો અભાવ હોય છે.''** ગુણ એટલે સત્તા, જ્ઞાન આદિ ને ગુણી દ્રવ્ય, એને જુદા પ્રદેશનો અભાવ હોય છે. કોની પેઠે? દૃષ્ટાંત આપે છે. **''શુકલત્વ અને વસ્ત્રની માફક.'' ''તે આ પ્રમાણે:''** જેમ ધોળાપણું ગુણના પ્રદેશો છે તે જ વસ્ત્રના પ્રદેશો છે. તે (પ્રદેશો પણ) ગુણીના છે. જુઓ! આ વસ્ત્ર છે. એ જે પ્રદેશો છે વસ્ત્રના. એ આ ધોળું છે એના એ પ્રદેશો છે. ધોળપમાં એ જ પ્રદેશો છે. ધોળપના પ્રદેશો જુદા, વસ્ત્રના પ્રદેશ જુદા, એમ નથી. સમજાણું કાંઈ આમાં? આહા...! ભેદ સૂક્ષ્મ! ભેદ કરે છે. ભેદજ્ઞાનની વાત છે આ. આહા..હા! પરથી તો પૃથક્ છે માટે જુદાં, પણ પોતે ગુણ–ગુણીનો ભેદ, પણ ભેદ પડયો એ અપેક્ષાએ અન્ય છે, માટે **નજરું એને અભેદ પર કરવાની છે! આહા...હા...હા!**

શું કહ્યું ઈ? જેના પ્રદેશ ભિન્ન છે એવા દ્રવ્ય ઉપરથી તો દૃષ્ટિ ઊઠાવવી (હઠાવવી) જોઈએ, પણ જેના પ્રદેશ એક છે, છતાં તેના અન્યત્વપણું લક્ષણથી, 'જે દ્રવ્ય છે તે સત્તા નથી ને સત્તા છે તે દ્રવ્ય નથી' નહીંતર બેના નામ જુદા કેમ પડે? (માટે જુદા છે) એવું અન્યત્વ દ્રવ્ય ને સત્તા વચ્ચે છે. છતાં દૃષ્ટિવંતે અન્યત્વને (બે ગુણ, ગુણીને) ભિન્ન ન પાડતાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી. આહા...! આ પ્રયોજન! આહા...! **(શ્રોતા:)** બરાબર, બરાબર! **(ઉત્તર:)** હેં, આહા...હા! સમજાય એવું છે સમજે તો, (દેહને દેખાડીને) આના પ્રદેશ ને આત્મા તો નીકળી જાય છે ને આ તો અહીંયાં પડયા રહે છે. આ માટી! એના પ્રદેશ – અંશ બધા જુદા છે. એના સત્તાના પ્રદેશો જુદા, આત્મ ભગવાનની સત્તાના પ્રદેશ જુદા, આહા...હા! છતાં, ગુણી ને ગુણના વિભકતપ્રદેશનો અભાવ હોવાથી, **''જેમ જે શુકલત્વના–ગુણના–પ્રદેશો છે.''** જે ધોળાગુણના પ્રદેશો છે આ **''તે જ વસ્ત્રના–ગુણીના છે.''** કાંઈ વસ્ત્રના પ્રદેશો જુદા ને આ ધોળાના(પ્રદેશો) જુદા એમ છે? (નથી.) **''તેથી તેમને પ્રદેશવિભાગ (પ્રદેશભેદ) નથી.''** આ ધોળાપણાને અને વસ્ત્રપણાને પ્રદેશ(ભેદ) એટલે ક્ષેત્રભેદ નથી.' **''તેમ જે સત્તાના–ગુણના–પ્રદેશો છે.''** સત્તા(એટલે) અસ્તિત્વ (અથવા) અસ્તિત્વગુણ, એના જે પ્રદેશો છે તે જ આત્માના પ્રદેશો છે. **''તે જ દ્રવ્યના–ગુણીના–છે.** આહા...હા! **''તેથી તેમને પ્રદેશવિભાગ નથી.''**

(કહે છે) રાતે પૂછે તો આ જવાબ આપશે કે, આપશે કે નહીં આમાં! (વાહ! પરીક્ષક સદ્ગુરુ! શિષ્યોની ખબર લે છે.) આહા...હા!

(શું કહે છે? કે:) જેમ ધોળું વસ્ત્ર (આ.) ધોળું તે તો ગુણ છે. અને આ વસ્ત્ર છે. (દેહ ઉપર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ધોળું તો પર્યાય છે પણ અત્યારે ગુણ (કહેવામાં આવે છે.) છતાં એ ધોળાના પ્રદેશ ને વસ્ત્રના પ્રદેશ બે ય એકમેક છે. એમ સત્તાના ને દ્રવ્યના પ્રદેશ એકમેક છે. (આત્મામાં) એમ સત્તાના પ્રદેશ જુદા અને આત્માના પ્રદેશ જુદા, એમ પરમાણુમાં, પરમાણુની સત્તાના પ્રદેશ જુદા ને પરમાણુના પ્રદેશ જુદા એમ નથી. આહા...હા...હા! ધીમે...થી તો કહેવાય...છે...ભાઈ! આ તો બહુ....મૂળ સત્તાની વાત છે. મૂળનું અસ્તિત્વ જે છે, ઈ અસ્તિત્વ સત્તાને લઈને છે. સત્તાનું એટલું પ્રયોજન હતું કે ઈ ટકી શકે. હવે સત્તાને આત્માથી ભિન્ન કરી નાંખવું, તો ભિન્ન કરે તો સત્તાનું જે ટકવું એ નહીં રહે. આહા...હા! **"જે સત્તાના–ગુણના–પ્રદેશો છે તે જ દ્રવ્યના–ગુણીના– છે તેથી તેમને પ્રદેશવિભાગ નથી."** આહા...હા!

(કહે છે કે અહીંયાં) **"આમ હોવા છતાં"** આવે ત્યારે આવે ને....! આમ હોવા છતાં **"તેમને (સત્તા અને દ્રવ્યને) અન્યત્વ છે."** અનેરાપણું છે.' આહા...હા...હા...હા! દ્રવ્ય એટલે સત્તાગુણ ને સત્તાવાન, ગુણ (એટલે) ભાવ, ને આત્મા ભાવવાન. એ જુદા નથી. છતાં દ્રવ્ય અને ગુણ વચ્ચે અન્યત્વપણું છે. આહા...હા....હા....હા! કારણ કે જે દ્રવ્ય છે તે ગુણ નથી ને ગુણ છે તે દ્રવ્ય નથી. આહા...હા...હા...હા! **(શ્રોતાઃ)** સ્વરૂપભેદે ભેદ છે....**(ઉત્તરઃ)** હેં, વસ્તુ ભેદે બે ભેદ છે ને...! પૃથક્ પ્રદેશ નથી. અન્યત્વ છે અનેરાપણું એટલે જેવું દ્રવ્ય છે, ગુણ છે ઈ દ્રવ્યના ને ગુણના પ્રદેશો એક ઈ અપેક્ષાએ પૃથક્ નહીં. છતાં સત્તા ગુણ છે ને દ્રવ્ય ગુણી છે. એટલા ભાવની અપેક્ષાએ અનેરાપણું પણ છે. ગુણીથી ગુણ અન્ય છે ને ગુણથી ગુણી અન્ય છે. (તેથી અન્યત્વ છે.) આહા...હા! આવું આવ્યું'તું ચોપડામાં એમાં? (નહીં.) અત્યારે તો સંપ્રદાયમાં ય હાલતું નથી. આવી ઝીણી વાત કોણ કરે? (અનુભવી કરે!) આહા...હા! હવે એક તો સમજી શકે નહીંને... પણ બાપુ! વસ્તુ આ છે. (માટે રુચિ કર.)

(કહે છે) આત્મા છે. એમ જેણે કબૂલવું છે. તો કહે છે કે સત્તાના ગુણને લઈને તેનું ધ્રુવપણું છે. માટે તે જુદા નથી. પ્રદેશ જુદા નથી. 'આત્મા છે' છ બોલમાં આવે છે ને...! ('આત્મસિદ્ધિ' શ્રીમદ્‌રાજચંદ્ર) આત્મા છે તે નિત્ય છે. 'છે' 'નિત્ય છે' પણ સત્તાગુણને લઈને 'છે'. સત્તાગુણનું પ્રયોજન 'છે' એથી સત્તાગુણ જુદો રહી જાય, તો દ્રવ્ય સિદ્ધ છે ઈ કોઈ રીતે સાબિત ન થાય. આહા...હા...હા! **(શ્રોતાઃ)** બહુ ઝીણું આવ્યું આ તો... **(ઉત્તરઃ)** હેં? એ તો કહ્યું'તું પહેલું ભઈ! ઝીણું છે, છે તો લોજિકથી પણ હવે (ઉપયોગ સૂક્ષ્મ કરે) ઈ કયાં પડી છે અત્યારે દુનિયાને! (કંઈ વિચાર છે) મરીને કયાં જાશું? દેહ છૂટીને કયાં જઈશું? હારે ઓલું છે (મિથ્યાત્વ) આહા...હા! ઘણા–ઘણાને તિર્યંચના અવતાર થાશે. પશુ થાશે ઘણાં. સમ્યગ્દર્શન નથી.' પુન્યના પરિણામ એવા નથી કે સત્‌સમાગમ, સાચો ચાર–ચાર કલાક હંમેશાં કે વાંચન કે શ્રવણ તો પુન્યે ય બંધાય. ઈ એ ન મળે, કલાક મળે, સાંભળવા જાય તો ઊંધું સાંભળવા મળે! મિથ્યાત્વનું પોષણ! આહા...હા! અરે...રે! એને કયાં જાવું ભાઈ!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અહીંયાં) તો પરમાત્મા (કહે છે) સત્તા નામનો ગુણ છે અસ્તિત્વ, આત્મામાં (ને) પરમાણુમાં (એમ છે એ દ્રવ્યોમાં) જે ગુણ ને ગુણીના પ્રદેશો જુદા નથી. છતાં ગુણ ને ગુણી બે અન્યત્વપણે છે. એ ય પણ પ્રદેશપણાની અપેક્ષાએ એકપણે છે. પણ ભાવ ને આ ભાવવાન, આ ગુણ ને ગુણી, એ અપેક્ષાએ અન્યપણું પણ છે. જુઓ આ સિદ્ધાંત!! (વીતરાગના સિદ્ધાંતની સૂક્ષ્મતા!) આહા...હા...હા!

(અહીંયાં કહે છે કે:) **''આમ હોવા છતાં''** આમ હોવા છતાં એટલે? કે : વસ્તુ જે છે, ઈ સત્તાથી છે. સત્તાથી ટકી રહી છે ધ્રુવપણે. જો સત્તાથી એને ભિન્ન ઠરાવો, (તો) ધ્રુવપણે ટકવું કોને લઈને? સત્તાનું પ્રયોજન તો એટલું જ છે કે 'કાયમ રહેવું' હવે જો સત્તા ભિન્ન ઠરાવો તો 'કાયમ રહેવું' રહેતું નથી. આહા...! માટે તે સત્તા, અને આત્મા પૃથક્ નથી, છતાં – એમ નક્કી કર્યા છતાં – બે વચ્ચે અન્યપણું છે જ. આ...રે! આહા...હા...હા! ભઈ! ધ્યાન રાખે તો, પકડાય તેવું છે. આહા...હા! મીઠાલાલજી! પકડાય એવું છે કે નહીં? આહા...હા!

(કહે છે કે:) આ શરીર છે, જુઓ, ઈ શરીરના, એના પરમાણુમાં (જો) અસ્તિત્વગુણ ન હોય, (એટલે) સત્તા (ન હોય) તો ઈ પરમાણુ ટકી શી રીતે શકે? સત્તા વિના ટકી શી રીતે શકે? માટે તે સત્તા ને ઈ પરમાણુના પ્રદેશ એક છે. અભેદ છે, એમ આત્મા, એનામાં સત્તા નામનો એક ગુણ છે. એ ગુણ વિનાનું ધ્રુવપણું (આત્માનું) ટકી શી રીતે શકે? સત્તા નથી, હોવાપણાની શકિત નથી, તો હોવાપણે રહેવું કયાંથી બને? (ન બને.) આહા...હા...હા! એ અપેક્ષાએ, ગુણી ને ગુણ વચ્ચે, પૃથક્પણું નથી, પણ અન્યપણું છે. આહા...હા...હા...હા! ઈ કહે છે જુઓ!

(અહીંયાં કહે છે કે:) **''આમ હોવા છતાં તેમને (–સત્તા અને દ્રવ્યને) અન્યત્વ છે.'' કારણ કે (તેમને ) અન્યત્વના લક્ષણનો સદ્ભાવ છે.''** છતાં ગુણી (એટલે) ભગવાન આત્મા, (એનો) સત્તાગુણ બે વચ્ચે અન્યત્વના લક્ષણનો સદ્ભાવ છે. બે જુદા છે, અનેરા છે એવું અન્યત્વલક્ષણ તેમાં છે. આહા...હા! ગુણ અને ગુણી ભિન્ન છે એવું અન્યત્વ લક્ષણ છે. ગુણ તે કંઈ ગુણી થઈ જતો નથી ને ગુણી તે કંઈ ગુણ થઈ જતો નથી. આહા...હા...હા! મુનિઓએ આવું કર્યું છે. આહા..હા! દિગંબર સંતોએ આવી ટીકા કરી હશે! આનંદમાં રહેતા અતીન્દ્રિયઆનંદમાં ઝૂલતા! એકલવિહારી ને આવી ટીકા થઈ ગઈ! આહા...હા! છતાં પ્રભુ કહે છે : અમે તો અમારા જ્ઞાનમાં છીએ, એ ટીકામાં – કરવામાં – પરમાં અમે આવ્યા જ નથી. આહા...! ટીકાનો વિકલ્પ છે એમાં ય આવ્યા નથી ને! આહા...હા! ત્યારે કોઈ કહે કે (એ તો) નિર્માનપણાનું કથન છે. (પણ એમ નથી) એ વસ્તુના સ્વરૂપનું કથન છે. આહા...હા!

(મુનિરાજ કહે છે) ટીકા કરવામાં અમે નથી, અમે તો સ્વરૂપમાં ગુપ્ત છીએ. અમારું (લક્ષ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બહાર આવ્યું નથી. વિકલ્પ આવ્યો ઈ પણ અમે નથી. તો બહાર આવીને ટીકા થાય! આહા...હા! એ અમારાથી થઈ નથી! (ભાષાએ ભાષાનું કામ કર્યું છે.) આહા...હા! આંહી તો થોડું'ક કામ જયાં કરે, એના અભિમાન ચડી જાય. અમે આ કામ કર્યું ને અમે આ કર્યું ને અમે તે કર્યું ને... 'મરી જવાના રસ્તા છે બધા' આહા...હા...હા...હા! **'સત્ છે ઈ સત્‌થી જ ટકી શકશે.'** આ ન સમજાય ને અસત્ સમજાય ને એને લઈને ટકી શકે, સત્ય નહીં ટકે બાપુ! એ પરિભ્રમણમાં – રખડવું પડશે. આહા...હા...હા! 'સત્' નહીં ટકે એટલે? વસ્તુ, સચ્ચિદાનંદપ્રભુ! જયાં સત્તા ને આત્માને ભિન્નતા નથી, તેથી સત્તા છે તે દ્રવ્ય છે. ને સત્તા છે એનું પ્રયોજન અસ્તિત્વ રહેવું તો પ્રયોજન અસ્તિત્વ એને લઈને રહ્યું છે. એવું હોવા છતાં – રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપની વાત અહીં નથી લેવી. સત્તાની વાત છે અત્યારે તો. આહા...હા! છતાં ભગવાન આત્મા ગુણી છે, ભાવવાન છે. અને સત્તા તે ભાવ છે. એવું બે વચ્ચે અન્યપણું (છે.) આવું અન્યપણું છે. પૃથક્‌પ્રદેશનું અન્યપણું નથી. પણ પૃથક્‌ભાવનું અન્યપણું છે. આહા...હા...હા! આહા...હા...હા! આવો કેવો ઉપદેશ આ તે? ગુલાબચંદજી! આમાં ઝાઝુ ભણ્યે ય મળે તેવું નથી કયાં'ય!

આહા...હા! પરમાત્મા(ના) શ્રીમુખે નીકળેલી વાણી છે. આહા...હા! મુનિઓ! દિગંબર સંતોએ પણ ગજબ કામ કર્યાં છે!! આમાં રોકાવું પડયું એણે વિકલ્પ આવ્યો એટલે. આહા...હા! વિકલ્પ આવ્યો. (ટીકા રચવાનો) આહા...હા! પદ્મપ્રભમલધારીદેવ કહે છે ને ભાઈ! [**'નિયમસાર' શ્લોકાર્થઃ– ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યકત કરાયેલા આ પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ?** શ્લોક. ૫. તથાપિ–
**હમણાં અમારું મન પરમાગમના સારની પુષ્ટ રુચિથી ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે. (એ રુચિથી પ્રેરિત થવાને લીધે 'તાત્પર્યવૃત્તિ' નામની આ ટીકા રચાય છે.)**] કે આની ટીકા તે અમે કોણ કરનારા? પદ્મપ્રભમલધારીદેવ કહે છે. મંદબુદ્ધિ અમે(છીએ) એ તો પરંપરાથી ચાલી આવી છે. એ આ છે. આહા...હા! ધન્ય! મુનિરાજ!! જેને એમ છે કે આ ટીકા કરનાર અમે કોણ મંદબુદ્ધિ! હમણાં એવું કંઈક રહ્યા કરે છે કે કંઈક થાય, થાય, થાય. પણ એ ટીકા, અમારાથી થઈ નથી ઈ ટીકાના પરમાણુની પર્યાય, તે વખતે તેના દ્રવ્યને પહોંચી વળે છે ને થાય છે. આહા...હા...હા! પરમાણુઓ તે સમયની પર્યાયનો, એ ટીકાની પર્યાયને પહોંચી વળે છે, તેથી ટીકા થાય છે. આહા...હા...હા! અને તે પર્યાય, એના દ્રવ્ય ને ગુણથી તે પર્યાય થાય છે. અમારાથી નહીં ને અમે નહીં (એ કાર્યમાં) આહા...હા...હા! કઠણ પડે!! કયારેય સાંભળ્યું નથી એથી કઠણ પડે!! આહા...હા! આ તો વકીલોની – જાતની વાત છે! વેપારીઓને તો આ તર્ક! આહા...હા!

શું કીધું જુઓ! **"આમ હોવા છતાં"** એટલે? સત્તા નામનો ગુણ અને આત્મા ભાવવાન, એવું એનામાં અન્યત્વપણું હોવા છતાં, તેમને અન્યત્વ છે. **"કારણ કે તેમને અન્યત્વના લક્ષણનો**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સદ્‌ભાવ છે.''** લ્યો! આમ હોવા છતાં ઈ તો પૂર્વમાં ગ્યું. ઈ દ્રવ્યગુણ એક છે એમ હોવા છતાં એમ. (એટલે કે) દ્રવ્યગુણ એક(મેક) છે. ગુણ અને ગુણી બે એકપણે નથી. પ્રદેશ ભેદ નથી, પણ ગુણ–ગુણીનો 'ભાવ' એકપણે નથી. આહા...હા...હા! અરે...રે! જયાં ગુણીથી ગુણ પણ અન્યત્વ છે, ગુણથી ગુણી અન્યત્વ છે, તો પછી શરીર, કર્મ ને આ બધી ચીજો મકાન ને બંગલા એ તો કયાં'ય રહી ગયા, એ તો પ્રદેશભેદ છે એને તો. જેના પ્રદેશભેદ નથી છતાં તે અન્યત્વ છે આહા...હા...હા! કેમ કે સત્તા નામનો ગુણ છે ને ગુણી પોતે(છે.) ભલે સત્તાથી તેને સિદ્ધ કર્યું એમ હોવા છતાં, સંજ્ઞા, સંખ્યા, નામ આદિ લક્ષણથી ગુણ ને ગુણીના ભેદ છે એથી તે બે વચ્ચે અન્યપણું છે. આહા...હા! તો આ બાયડી–છોકરાં, પૈસા–ધંધાપણે અન્યપણું કયાં આવ્યું! એક–એકનું કરવા આહા...હા...હા! તો દેરાસર બનાવવા ને પૂજા–ભકિત કરવી ને ઈ તો અનેરાપણે છે. અનેરાપણાને તું અનેરો કેમ કરી શકે? આહા...હા! આવી વાત છે. હોશું ઊડી જાય એવું છે. અમે આમ કરીએ છીએ ને અમે આમ કરી દઈએ ને, બે લાખ રૂપિયા આપ્યા ને પાંચ લાખ આપ્યા ને.... હમણાં પાંચ લાખ આપ્યા ને.... મિશ્રિલાલ ગંગવાલ! **(શ્રોતાઃ)** પૈસાવાળા, પૈસા આપે તો જ કામ થાય ને...! **(ઉત્તરઃ)** ધૂળ માંય નથી, પૈસાથી કામ ચાલતું જ નથી, જે તત્ત્વ છે એની પર્યાયને તે દ્રવ્ય પહોંચી વળે છે ને એનાથી તે કામ ચાલે છે. કડિયો એને પહોંચી વળતો નથી, કડિયો એની પર્યાયને (પોતાની ઈચ્છાને) પહોંચી વળે છે. આહા...હા...હા! અને તે પર્યાય, દ્રવ્ય ને ગુણથી ઉત્પન્ન થાય છે. એ પર્યાય પરથી (ઉત્પન્ન) થાય છે એમ નથી. બહુ ફેર ભાઈ!! આવું વીતરાગનું સ્વરૂપ હશે?! જિનેશ્વરદેવની આ વાણી છે બાપુ! આહા...હા! જેના પ્રદેશ ભિન્ન છે એની તો વાત શું કહીએ. પણ જેના પ્રદેશ એક છે ગુણ–ગુણીના, એને પણ અન્યત્વ લાગુ પડે છે. આહા...હા...હા!

(કહે છે) છે? (પાઠમાં) **''કારણ કે તેમને અન્યત્વના લક્ષણનો સદ્‌ભાવ છે.''** સત્તા ગુણ ને આત્મા ગુણી, એ બંન્ને વચ્ચે અન્યત્વ લક્ષણનો સદ્‌ભાવ છે. અનેરાપણાના લક્ષણનો બે વચ્ચે સદ્‌ભાવ છે. આહા...હા! (વળી) અનેરાપણાના લક્ષણનો સદ્‌ભાવ છે, ઓલામાં એકપણાનો સદ્‌ભાવ હતો. આહા...હા...હા...હા! પછી આ વાંચ્યું છે કે નહીં કોઈ દી'? **(શ્રોતાઃ)** એમ ને એમ સમજાય એવું નથી.... **(ઉત્તરઃ)** ગજબ વાત છે બાપુ!! શું કહે!!

કહે છે કે : તું આત્મા છો પ્રભુ! અને એમાં આત્મા છો ઈ આત્મા સત્તાથી છે. સત્તા ન હોય તો, આત્માનું હોવાપણું–ધ્રુવપણું હોઈ શકે નહીં. એમ હોવા છતાં – આમ હોવા છતાં ગુણ–ગુણીના ભેદનું અન્યત્વલક્ષણ લાગુ પડે છે. **''અન્યત્વના લક્ષણનો સદ્‌ભાવ છે.''** આહા...હા! **''અતદ્‌ભાવ અન્યત્વનું લક્ષણ છે''** છે? (પાઠમાં નીચે ફૂટનોટમાં) અતદ્‌ભાવ(કથંચિત્ 'તે' નહિ હોવું તે; (કથંચિત્) તે–પણે નહિ હોવું તે; (કથંચિત્) અતત્પણું. [દ્રવ્ય (કથંચિત્) સત્તાપણે નથી અને સત્તા (કથંચિત્) દ્રવ્યપણે નથી માટે તેમને અતદ્‌ભાવ છે.] અર...ર! ચીરી–ચીરીને વાત કયાં લઈ ગ્યા! આ બીજાનું કાંઈ કરી શકુંને બીજામાંથી કાંઈ જાણું એ વાત તો કયાં'ય રહી ગઈ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ તો છે નહીં, તારી કલ્પના! પણ સત્તા નામનો ગુણ છે ને આત્મા ગુણી છે એ અપેક્ષાએ કથંચિત્ અન્યપણું પણ છે. પ્રદેશ એક હોવા છતાં ભાવભેદે ભિન્ન છે તો અન્યત્વ લક્ષણ લાગુ પડે છે. આહા...હા...હા! ઝીણું બહુ ભઈ! અહીંયાં. **'જ્ઞેય અધિકાર બહુ સરસ છે.'** જગતના–જ્ઞેયોનો આવો સ્વભાવ છે. અનંત જ્ઞેયો છે – જાણવા લાયક. એ બધા જ્ઞેયો પોતાથી અસ્તિ છે. જેથી સત્તા ગુણથી અભિન્ન છે. પણ ગુણ ને ગુણીના નામ ને લક્ષણથી, અન્યપણે પણ છે. આહા...હા! સમજાણું કાંઈ?

(કહે છે) અન્યપણું નથી, ને અન્યપણું પણ છે. પણ કઈ અપેક્ષાએ? પ્રદેશભેદ નથી માટે અન્યપણું નથી, પણ બેના ભાવમાં ભેદ છે માટે અન્યપણું છે. આહા...હા! **"અતદ્ભાવ અન્યત્વનું લક્ષણ છે."** શું કીધું? પહેલું એમ કહ્યું'તું કે 'અન્યત્વના લક્ષણનો સદ્ભાવ છે.' અને એ અન્યત્વનુંલક્ષણ ઈ અતદ્ભાવ (છે.) **"અતદ્ભાવ અન્યત્વનું લક્ષણ છે."** અતદ્ભાવ છે? (પાઠમાં નીચે ફૂટનોટમાં) (કથંચિત્) 'તે' નહિ હોવું તે; ગુણ તે ગુણી નહીં ને ગુણી તે ગુણ નહીં. કથંચિત્ પ્રકારે (છે.) આહા...હા! આવી વાતુ હવે કયાં! ઓલા – એમ. એ ના પૂછડાં લગાડે ને... વકીલો એલ.એલ.બી. નાં લગાડે... એમાં આવું કાંઈ ન આવે! આહા...હા! આ તો થોડે...થોડે...થોડે... ધીમે....ધીમે સમજવા જેવી વાત છે બાપુ! પરમસત્ય! એ જગતથી જુદી, જુદી જાત છે! આહા....હા! અરે! પરમ સત્ય કાને ન પડે! એને વિચાર કે દિ' આવે ને આનું પૃથક્પણું કે દિ' કરે! આહા...હા!

શું કહ્યું કે? આમ હોવા છતાં એટલે સત્તા અને દ્રવ્યને પ્રદેશ ભેદ નહીં હોવા છતાં, સત્તા ને દ્રવ્યને અન્યત્વ છે.' ગુણ અને ગુણીને અન્યપણું પણ છે. કારણ અન્યત્વના લક્ષણનો સદ્ભાવ છે ત્યાં ભાવનું લક્ષણ **"અતદ્ભાવ અન્યત્વનું લક્ષણ છે."**

વિશેષ હવે કહેશે........

ૐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૨૬–૬–૭૯.

'પ્રવચનસાર' ૧૦૬ ગાથા. બીજો પેરેગ્રાફ. ઝીણું છે આ.

(કહે છે કે અહીંયાં) **"આમ હોવા છતાં"** એટલે કે : આત્મા છે (એમાં) સત્તા ગુણ છે. પરમાણુ છે એમાં વર્ણ, ગંધ, રસ, (સ્પર્શ) ગુણ છે. એમાં ઈ સત્તા છે. પણ સત્તા ગુણ છે ઈ દ્રવ્ય નથી. અને દ્રવ્ય છે તે એક ગુણરૂપ નથી. એવો બે વચ્ચે 'અતદ્ભાવ અન્યત્વ' છે. 'તે–નહીં' એ રીતે અતદ્ભાવ અન્યત્વ છે. પૃથક્ત્વ અન્યત્વ નથી. એટલે શું? શરીર, વાણી કર્મ આદિ, સ્ત્રી–કુટુંબ–પરિવાર લક્ષ્મી આદિ, એ તો પૃથક્ પ્રદેશ છે. પૃથક્ પ્રદેશ છે તેથી અન્ય છે. અહીંયાં આત્મામાં છે અસ્તિત્વગુણ, એ ગુણ અને આત્માને પ્રદેશભેદ નથી. છતાં ગુણ તે દ્રવ્ય નહીં, દ્રવ્ય તે ગુણ નહીં. ગુણ દ્રવ્યને આશ્રયે રહે છે. તેથી બે વચ્ચે અતદ્ભાવ છે. આહા...હા! અને અતદ્ભાવને લઈને, દ્રવ્યને અને ગુણને અન્યત્વ કહેવામાં આવે છે. અનેરાપણું છે એમ કહેવામાં આવે છે. કો' સાંભળ્યું?

(કહે છે કે:) આ શરીર, વાણી, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસો મકાન એ તો આત્માના પ્રદેશથી ભિન્ન છે, પૃથક્ પ્રદેશ છે. અને તેથી અન્યત્વ છે જ. એમાં નથી આ આત્મા, આત્મામાં નથી એ. આહા...હા! પણ આત્મામાં એક સત્તા નામનો ગુણ છે. 'અસ્તિત્વ'. (આ) અસ્તિત્વ ન હોય તો તેનું 'છે–પણું' રહી શકે નહીં. અસ્તિત્વ 'છે' ઈ સત્તાગુણને લઈને છે. છતાં સત્તાગુણની ને દ્રવ્યની વચ્ચે 'અતદ્ભાવ' છે. (એટલે) જે દ્રવ્ય છે તે ગુણ નહીં ને ગુણ છે તે દ્રવ્ય નહીં. કેમ કે ગુણ છે તે આત્માના – દ્રવ્યના આશ્રયે રહે છે. આહા...હા! આવી વાતું હવે ધરમની નામની! કયાં પડી છે, દુનિયાને! આહા...હા! કયાં મરીને જશું કયાં? આહા...હા! દેહની સ્થિતિ ક્ષણમાં છૂટી જાય, ફડાક દઈને! જાય....રખડવા (ચાર ગતિમાં!) આ તત્ત્વ જ અંદર છે, એ કઈ રીતે છે, એનું યથાર્થ (પણે) પદાર્થનું જ્ઞાન કરાવે છે(આ.) એટલે ખરેખર તો **'ભેદજ્ઞાન કરાવે છે.'**

(શું કહે છે? કે:) પહોળો – પૃથક્ છે, તે અન્ય છે તેથી એનાથી જુદો ઠરાવ્યો, અને આમાં (એટલે) આત્મામાં ગુણ છે સત્તા, છતાં પ્રદેશભેદ નથી, પણ તે અન્ય છે. એટલે (અનુભવ માટે) ગુણભેદ ઉપર દૃષ્ટિ રાખવાની નથી. આહા...હા...હા! ઈ શૈલી કહેવા માગે છે. ગુણી જે છે 'વસ્તુ' – અનંતગુણો જેને આશ્રયે રહેલ છે. તેની દૃષ્ટિ કરતાં, બધેથી (દૃષ્ટિને) સંકેલીને (એકાગ્ર થતાં) તેને સમ્યગ્દર્શન થાય. તેને ધરમની શરૂઆત થાય. આહા...હા...હા! **"આમ હોવા છતાં** એટલે? કે આત્મા એની સત્તા (બંનેને) પ્રદેશભેદ નથી. એમ હોવા છતાં, પ્રદેશભેદ નથી એમ હોવા છતાં **"તેમને (સત્તા અને દ્રવ્યને) અન્યત્વ છે."** આહા...હા! સત્તા નામનો ગુણ છે અસ્તિત્વ, અસ્તિત્વ. અને આત્મા અનંતગુણનો ધરનાર છે, તો બે વચ્ચે પ્રદેશભેદ નથી. બેના ક્ષેત્ર જુદા નથી. બેનું રહેઠાણ – રહેવું એ જુદું નથી, પણ બેના 'ભાવ' ભિન્ન છે. આહા...હા...હા! ધરમ કરવામાં આવું શું કામ હશે? આહા....હા...હા...હા! આ ભેદજ્ઞાન કરાવે છે બાપુ! જેમ પરથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પૃથક્ મન કીધું, હવે ગુણ ને ગુણીને પ્રદેશભેદ – પૃથક્તા નથી, પણ અન્યત્વ છે એવું છે સ્વરૂપ! અન્યત્વ છે ઈ ભેદ છે. આહા...હા! તેથી એને અભેદ દૃષ્ટિ – દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરાવવા, ગુણનો અતદ્ભાવ છે તે (દૃષ્ટિમાંથી) છૂટી જાય છે. સમજાય છે કાંઈ? આહા...હા...હા!

(કહે છે) દ્રવ્ય એટલે આત્મા, એમાં સત્તા (આદિ) જ્ઞાન, દર્શન કોઈ (પણ) ગુણ, એ ગુણ જે છે અને ગુણી જે આત્મા, બે વચ્ચે પ્રદેશ – ક્ષેત્રભેદ નથી. છતાં અતદ્ભાવરૂપ – અતદ્ (એટલે) 'તે' નહીં (હોવું તે). ગુણ તે દ્રવ્ય નહીં ને દ્રવ્ય તે ગુણ નહીં એ રીતે **"અતદ્ભાવરૂપ અન્યત્વ છે."** છતાં એ અન્યત્વ આશ્રય કરવા લાયક નથી ઈ ભેદ (છે.) આહા...હા! બીજા દ્રવ્યોમાં તો એની મેળે થાય છે. આને તો (આત્માનો તો) આશ્રય કરવાનો છે ને? જીવને તો. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"કારણ કે તેમને અન્યત્વના લક્ષણનો સદ્ભાવ છે."** કોને? આત્માને અને સત્તાને. પરમાણુને અને સત્તાને. એને અન્યત્વ લક્ષણનો સદ્ભાવ છે. અનેરાપણું છે એવા લક્ષણની ત્યાં હયાતી છે. આહા...હા...હા! 'સમયસાર' તો ઊંચું છે જ પણ આ 'પ્રવચનસાર' પણ ઊંચી ચીજ છે! **'જ્ઞેય અધિકાર' આ સમકિતનો અધિકાર છે 'આ'.** સમ્યગ્દૃષ્ટિને આત્મા સિવાય, અન્ય વસ્તુ છે ઈ તો અન્ય છે. એમાં અન્યમાંથી કોઈ ચીજ મારી નથી (એવો દૃઢપણે અભિપ્રાય છે.) શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દીકરા–દીકરી કોઈ ચીજ એની નથી. એટલેથી હદ નથી. હવે એનામાં રહેલો જ્ઞાનગુણ છે, તે ગુણ છે તે દ્રવ્યને આશ્રયે છે. તેથી તે ગુણને અને દ્રવ્યને (બન્નેની) વચ્ચે અતદ્ભાવ (છે.) એટલે 'તે–ભાવ' નહીં. ગુણભાવ તે દ્રવ્યભાવ નહીં ને દ્રવ્યભાવ તે ગુણભાવ નહીં. એવા અતદ્ભાવનું અન્યપણું સિદ્ધ થાય છે. (ગુણ અને ગુણી વચ્ચે.) આહા...હા...હા! આહા...હા! લોકોને બહારથી મળે, બિચારાને જિંદગી વઈ(ચાલી) જાય છે! અંદર વસ્તુ શું છે એની ખબરું ન મળે! આખો દિ' ધંધાના પાપના પોટલા બાંધે! આહા...! વીસ વરસનો થાય તે (છેક) ૬૦–૭૦ વરસ સુધી મજૂરી કરે! આ ધંધાની! એમાં આ આત્મા શું ને ગુણ શું ને ગુણી શું? આહા...હા...હા!

(કહે છે) **(શ્રોતા:)** વેપાર ધંધો કરતાં, કરતાં આ થાય ને...! **(ઉત્તર:)** વેપાર–ધંધો હવે ધૂળમાંય, એ તો થવાનો હશે તે થાય છે. એ આત્માથી કયાં થાય છે! અહા...હા! આહા...હા! વિકલ્પ કરે. (ઈચ્છા કરે.) બાકી ધંધાની ક્રિયા ઈ કરી શકે (એમ નહીં) એની પણ સમય, સમયની અવસ્થા ક્રમમાં ધંધામાં જે પરમાણુ છે, પૈસાના ને મકાનના (દુકાનના), માલના, એ માલની જે સમય જે પર્યાય છે ઈ ત્યાં થવાની જ છે તે (થશે જ.) આહા...હા...હા! **(શ્રોતા:)** રોટલી જે વખતે થવાની તે વખતે થવાની, તો બાઈએ શું કર્યું?.... **(ઉત્તર:)** ઈ ત્યારે જ થવાની છે ઈ. **(શ્રોતા:)** રાંધ્યા વિના? **(ઉત્તર:)** રાંધે નહીં તો પણ ઈ વખતે વિકલ્પ હોય. (રોટલી થવા કાળે વિકલ્પ હોય બાઈને) ઉચિત નિમિત્ત હોય. (વળી) ઉચિત નિમિત્ત હોય. ઈ નિમિત્ત છે માટે ન્યાં (કાર્ય) થાય છે એમ નથી.

આહા...હા! આવી વાત છે! શાંતિભાઈ! આમાં કયાં, આ તમારા રૂપિયામાં કયાં આમાં સૂઝ પડે એવું છે?

આહા....હા! એક એક બોલ કેટલો ઊતાર્યો છે ઊંડો!! **"કારણ કે તેમને અન્યત્વના લક્ષણનો સદ્ભાવ છે."** આત્મા અને સત્તા તેની એ બેની વચ્ચે (અને) આત્મા ને જ્ઞાનગુણની વચ્ચે અન્યત્વના લક્ષણનો સદ્ભાવ છે. બે એક નથી એમ ત્યાં અન્યત્વ લક્ષણની હયાતી છે. ગુણ અને ગુણી વચ્ચે અન્યત્વ (લક્ષણનો) સદ્ભાવ–હયાતી છે. આહા...હા...હા! **"અતદ્ભાવ અન્યત્વનું લક્ષણ છે."** 'તે' નહીં. સત્તા તે દ્રવ્ય નહીં, ને દ્રવ્ય તે સત્તા નહીં. એમ એને અતદ્ભાવ (અર્થ નીચે ફૂટનોટમાં) અતદ્ભાવ = (કથંચિત્) 'તે' નહિ હોવું તે; (કથંચિત્) તે–પણે નહિ હોવું તે; (કથંચિત્) અતત્પણું. [દ્રવ્ય (કથંચિત્) સત્તાપણે નથી અને સત્તા (કથંચિત્) દ્રવ્યપણે નથી માટે તેમને અતદ્ભાવ છે.] કો' આવું વાંચ્યું'તું કે'દિ શાંતિભાઈ! તો ચોપડા બહુ ફેરવે છે ન્યાં! હીરાના ને હીરા, હીરા. હીરામાં હેરાન! અહા...હા...હા! આહા...હા! ચૈતન્ય હીરો! **'જેમાં ગુણ ને ગુણીની ભેદતા લક્ષમાં લેવા જેવી નથી'** આહા...! શું સંભાળે છે!! (તારા સ્વરૂપને) પ્રભુ, તું આત્મા છો ને...! અને તે આત્મા અનંતગુણનું એકરૂપ છે તો અનંતગુણનો આશ્રય છે. ગુણને આશ્રયે દ્રવ્ય નથી, દ્રવ્યને આશ્રયે ગુણ છે છતાં ગુણ ને દ્રવ્ય બે વચ્ચે અતદ્ભાવ છે. (એટલે ગુણ છે તે દ્રવ્ય નથી ને દ્રવ્ય છે તે ગુણ નથી. આહા...હા...હા! આંહી સુધી જયાં અતદ્ભાવ (સુધી) લ્યે છે. ભલે ઈ અતદ્ભાવ અન્યનું કારણ છે – અનેરો ઈ (ગુણ છે.) ગુણ અનેરો છે, દ્રવ્ય અનેરું છે. આ પ્રદેશભેદમાં તો વસ્તુ (જા ત ન જુદી (હોય છે.) આહા...! એનો અર્થ: શું કહેવાય તમારે? લાદી! પોપટભાઈની લાદી આવી યાદ. લાદી ને રજકણે–રજકણ, એને સમયથી (તેની) તે તે પર્યાય થાય, તે તે પરમાણુના ગુણ–સત્તા–ને(પરમાણુ) દ્રવ્ય તો ઈ પરમાણુ ને સત્તા (વચ્ચે) અતદ્ભાવ છે. ભલે પરમાણુમાં વર્ણ–ગંધ–રસ–સ્પર્શ (આદિ ગુણ) છે. પણ (એ) વર્ણ–ગંધ–રસ–સ્પર્શ ને પરમાણુ (દ્રવ્ય) બે વચ્ચે એકભાવ નથી અતદ્ભાવ છે, અતદ્ભાવ છે એટલું અન્યત્વ છે. અહા...હા! આહા...હા! સમજાય એવું છે, ભાષા તો સાદી છે પણ. આ (વાત) કોઈ દિ' સાંભળી નો હોય (એટલે) આકરી પડે!

(આ તો આ ક્રિયાકાંડ) દયા પાળો, વ્રત કરો ને ઈચ્છામિ, વંદામિ, પયાહિણં સામાયિકં, પાયઈચ્છિતં, કરણેણં, વિસેહિ કરણેણં (પાઠ બોલ્યાને) થઈ ગઈ સામાયિક! શેની ય ખબર ન મળે ને! અરે....રે!

(અહીંયાં કહે છે કે:) **"અતદ્ભાવ અન્યત્વનું લક્ષણ છે."** ગુણ તે દ્રવ્ય નહીં ને દ્રવ્ય તે ગુણ નહીં (એ અતદ્ભાવ છે.) એવો જે અતદ્ભાવ અન્યત્વ–અનેરાપણાનું લક્ષણ છે. એટલે તે અનેરું છે. પ્રદેશભેદથી ભલે અનેરું નહીં, પણ આ રીતે અનેરું છે. **"તે તો સત્તા અને દ્રવ્યને છે**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જ."** સત્તા નામનો ગુણ છે. અને દ્રવ્ય છે ઈ ગુણી છે. બે વચ્ચે આટલો તો – અતદ્‌ભાવ – લક્ષણ અન્યત્વ તો સાબિત થાય છે. આહા...હા! **"કારણ કે ગુણ અને ગુણીને."** ગુણ જે સત્તા–જ્ઞાન આદિ, અને દ્રવ્યને **"તદ્‌ભાવનો અભાવ હોય છે."** તે ભાવનો બે વચ્ચે અભાવ હોય છે. આહા...હા! 'તે–પણે' હોવું; ગુણ દ્રવ્યપણે હોવું અને દ્રવ્યને ગુણપણે હોવું (એવા તદ્‌ભાવનો અભાવ હોય છે) આવી વાતું હવે! અહા...હા...હા! વીતરાગનો મારગ બહુ ઝીણો બાપુ! ધરમ શૈલી એવી છે આ. આ તો ધીરાના કામ છે! આહા...હા...હા!

કહે છે (કે:) જેના પૃથક્ પ્રદેશ છે ઈ તો અન્ય છે. એને ને તારે તો કાંઈ સંબંધ નથી. આહા...હા! પણ તારામાં રહેલ ગુણ–સત્તા અને આત્મા, બે વચ્ચે એકભાવ નથી. જે ગુણ છે એ રૂપે દ્રવ્ય નથી ને જે દ્રવ્ય છે એ રૂપે ગુણ નથી. એ રીતે **"તદ્‌ભાવનો અભાવ હોય છે."** બેમાં તદ્‌ભાવનો અભાવ હોય છે. સત્તા તે દ્રવ્ય નહીં ને દ્રવ્ય તે સત્તા નહીં. એવો તદ્‌ભાવનો બે વચ્ચે અભાવ છે. અહા...હા! આહા...હા! ઘોડચંદજી! આવું કયાં'ય સાંભળવા કલકત્તામાં મળે નહીં કયાં'ય! આ ફેરે વળી પડયા છે આવી ને! આહા...હા!

એકલો પ્રભુ તું છે એમ કહે છે. આહા...હા! એકલડામાં પણ ગુણ ને ગુણીની અન્યતા છે. આહા...હા! આહા...! એ...ઈ? પૃથક્ પ્રદેશે આ શરીર, વાણી, કરમ, આબરુ, દીકરા, દીકરી (એ તો) કયાંય અન્ય છે. ઈ (તો) આત્મામાં છે જ નહીં. પણ આત્મામાં, જે જ્ઞાન ને સત્તા ગુણ છે તેને ને આત્માને અતદ્‌ભાવ લક્ષણ સિદ્ધ થાય છે. તદ્‌ભાવનો અભાવ (સિદ્ધ) થાય છે. તદ્‌ભાવનો અભાવ સિદ્ધ છે. આહા...હા! જે સત્તા છે તે દ્રવ્ય નથી ને દ્રવ્ય છે તે સત્તા નથી. તેવો બે વચ્ચે (અતદ્‌ભાવ છે.) તેમ જ્ઞાન છે તે આત્મા નથી ને આત્મા છે તે જ્ઞાન નથી, એમ આનંદ છે તે આત્મા નથી ને આત્મા છે તે આનંદ નથી. એવો **"તદ્‌ભાવનો અભાવ છે."** આ તે આ છે ને આ તે આ છે. એવા તદ્‌ભાવનો ત્યાં અભાવ છે. આહા...હા...હા...હા! દુકાનમાં 'આ' આવે નહીં, બાયડી–છોકરાં વચ્ચે આ વાત કે દિ' આવે? અપાસરે (ઉપાશ્રયે) જાય તો આ વાત મળે નહીં, આહા..હા! **(શ્રોતા:)** દિગંબર મંદિરે જાય તો ન્યાં'ય મળે નહીં? **(ઉત્તર:)** ન્યાં'ય કયાં છે? બધી વાતુ બહુ ફેર! દિગંબર મંદિરોમાં બિચારા, ફેર કરી નાખ્યા!

આહા...હા! વસ્તુ છે 'આ'. તે પરને સ્પર્શતી નથી. જે ચીજ સ્વ છે. એ શરીર, કરમને સ્પર્શતી જ નથી. એથી તો તે પૃથક્–અન્યત્વ છે (તેનાથી) પણ આત્મા અને ગુણ તો સ્પર્શેલા છે. આહા...હા! છતાં બે વચ્ચે 'તદ્‌ભાવનો અભાવ છે.' ગુણ તે આત્મા ને આત્મા તે ગુણ એવા **"તદ્‌ભાવનો અભાવ છે."** આહા...હા! આવું ઝીણું છે!! **(શ્રોતા:)** આ ન જાણીએ તો કાંઈ વાંધો ખરો? **(ઉત્તર:)** આ ન જાણે એને ગુણભેદ ઉપર દૃષ્ટિ રહેશે. પર અન્ય છે એમ નહીં જાણે તો એના ઉપર દૃષ્ટિ રહેશે. અને ગુણ અને દ્રવ્ય, બે ભિન્નભિન્ન છે એમ ન માને તો, એને ગુણભેદ, ગુણી–ગુણના ભેદની દૃષ્ટિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રહેશે. અહા...હા...હા! એ...ઈ? આહા...હા! આ તો વીતરાગના વચન છે!! એના એક એક વચન ઉપર (અનંત આગમના ભાવ સમાયેલા છે!) **"તદ્‌ભાવનો અભાવ હોય છે."** હવે દૃષ્ટાંત આપે છે.

(અહીંયાં કહે છે કે:) દૃષ્ટાંતથી સમજાવે છે કે: **"શુકલત્વ અને વસ્ત્રની માફક."** શુકલત્વ એટલે ધોળાપણું, આ વસ્ત્રનું ધોળાપણું (છે ને) અને વસ્ત્ર(જે છે.) આ ધોળાપણું અને આ વસ્ત્ર. એની માફક. **"તે આ પ્રમાણે : જેવી રીતે એક ચક્ષુ–ઈન્દ્રિયના વિષયમાં આવતો, બીજી બધી ઈન્દ્રિયોના સમૂહને ગોચર નહિ થતો એવો જે શુકલત્વગુણ."** શું કહે છે? આ ધોળો ગુણ છે ઈ આંખનો વિષય એકલો રહ્યો. બીજી કોઈપણ ઈન્દ્રિયોનો વિષય (એ) નહીં. આ ધોળું છે ઈ આંખનો વિષય છે. બીજી કોઈપણ ઈન્દ્રિયોનો વિષય (તે) નહીં. અને આ 'વસ્ત્ર' છે ઈ બધી ઈન્દ્રિયોનો વિષય છે. બે 'ભાવ' ફેર પડી ગ્યા! સમજાણું કાંઈ? ફરીને...! 'શુકલત્વ અને વસ્ત્રની માફક.' જેવી રીતે એક ચક્ષુ–ઈન્દ્રિયના વિષયમાં આવતો', કોણ? ધોળો ગુણ. 'બીજી બધી ઈન્દ્રિયોના સમૂહને ગોચર નહિ થતો.' (કોણ?) ધોળો ગુણ (બીજી) ઈન્દ્રિયનો વિષય જ ન થાય. બીજી ઈન્દ્રિયોનો વિષય ન થાય. ધોળાપણું નાકથી જણાય? (કાનથી જણાય, જીભથી જણાય, ચામડીથી જણાય? આહા...હા! ધોળાપણું વસ્ત્રનું જે છે ઈ આંખ ઈન્દ્રિયનો એકનો જ વિષય છે. બીજી બધી ઈન્દ્રિયોનો વિષય એ (ધોળાપણું) નથી. આહા...હા! દાખલો કેવો આપ્યો, જુઓને!!

(અહીંયાં કહે છે કે:) **"બીજી બધી ઈન્દ્રિયોના સમૂહને ગોચર નહિ થતો એવો જે શુકલત્વગુણ છે તે સમસ્ત ઈન્દ્રિયસમૂહને ગોચર થતું એવું વસ્ત્ર નથી."** કોણ વસ્ત્ર. વસ્ત્ર તે સમસ્ત ઈન્દ્રિયસમૂહને ગોચર છે. શું કીધું? આ ધોળો જે ગુણ છે. એ એક ચક્ષુ–ઈન્દ્રિયનો જ વિષય છે, બીજી બધી (ઈન્દ્રિયોનો) એ વિષય નથી, વસ્ત્ર છે ઈ બધી ઈન્દ્રિયોનો વિષય છે. સ્પર્શ–રસ–ગંધ–વર્ણ બધા વિષય (ગુણો વસ્ત્રમાં છે.) માટે વસ્ત્ર અને ધોળાપણામાં અતદ્‌ભાવપણે અન્યત્વ છે. (પણ) પૃથક્–પ્રદેશપણે અન્યત્વ નથી. આહા...હા! **(શ્રોતા:)** અતદ્‌ભાવ પુરવાર કરે છે.... **(ઉત્તર:)** હેં, અતદ્‌ભાવ છે બે વચ્ચે, ધોળપણ છે ને ઈ એક ઈન્દ્રિયનો વિષય છે. આંખથી જણાય. અને બીજી (કોઈ) ઈન્દ્રિયો વડે એ ન જણાય. આંખ બંધ કરે તો (ધોળપ) નાકથી જણાય? (ના. ન જણાય.) અને આ વસ્તુ (વસ્ત્ર) છે તે આખી(બધી) ઈન્દ્રિયોથી જણાય. આહા...હા! સમજાણું કાંઈ? **(શ્રોતા:)** ન્યાય સરસ છે. **(ઉત્તર:)** હેં? સરસ ન્યાય છે. આહા...હા! **"શુકલત્વગુણ છે તે સમસ્ત ઈન્દ્રિયસમૂહને ગોચર થતું એવું 'વસ્ત્ર' નથી."** આહા...હા...હા!

આહા...હા! એક ઈન્દ્રિયને ગમ્ય છે, ધોળો રંગ. ઈ બીજી બધી ઈન્દ્રિયને ગમ્ય નથી. (અને) વસ્ત્ર છે ઈ બધી ઈન્દ્રિયોને ગમ્ય છે. માટે વસ્ત્ર અને ધોળપણમાં અતદ્‌ભાવરૂપ અન્યત્વ છે. ધોળાપણું તે વસ્ત્ર ને વસ્ત્ર તે ધોળાપણું એમ' નથી. માળે'... ! આ...રે...! આ વકીલોનો વિષય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એ વેપારીઓને આવી ગ્યો! આહા...હા...હા! **(શ્રોતાઃ)** વાણિયાને.... આહા...હા! આ તો દૃષ્ટાંત આપ્યો હોં? (વસ્તુસ્થિતિ) સિદ્ધ કરવા. સત્તા નામનો ગુણ અથવા જ્ઞાન આદિ ગુણ અને આત્મા, બેના ભાવનો તદ્‌ભાવ નથી. બેના તદ્‌ભાવનો અભાવ છે. કેમ? કે વસ્ત્રની ધોળપ છે ઈ એક આંખ ઈન્દ્રિયથી જ જણાય છે, બીજી ઈન્દ્રિયોથી નહીં. અને વસ્ત્ર છે ઈ તો બધી ઈન્દ્રિયોથી જણાય છે. માટે તેને અતદ્‌ભાવ છે. ધોળાપણા અને વસ્ત્રને તદ્‌ભાવ નથી. તદ્‌ભાવનો બે વચ્ચે અભાવ છે. આહા....હા! સમજાણું? **(શ્રોતાઃ)** લૂગડા સિવાય બીજાને આવે કે નો' આવે? **(ઉત્તરઃ)** હેં? **(શ્રોતાઃ)** કપડાંનું (ઉદાહરણ છે) તો બીજામાં, છત્રીમાં લાગુ પડે કે નહીં? **(ઉત્તરઃ)** આ કપડાનો દાખલો આ તો. સમજે માણસ એટલે. આ છે તે આંખે (થી) જણાય, કાને (કાનથી) જણાય? આ આખું વસ્ત્ર તો કાને ય જણાય. આંખ્યું બંધ કરીને આ આમ કાનથી જણાય, સ્પર્શથી જણાય, (કપડાંના ફરફરાહટથી જણાય.) આહા...હા! આવો ઉપદેશ કયાં? આહા...હા! એવી વાત છે! (લોકોને) દરકાર નથી! એટલે એને ઝીણું લાગે છે. **'ઝીણું નથી સત્ય છે.' પરમ સત્યની સ્થિતિ જ આવી–મર્યાદા છે.'** જે સત્‌ની મર્યાદા જે પ્રમાણે છે ઈ પ્રમાણે નહીં સમજે, તો ઈ સત્‌જ્ઞાન નહીં થાય, સત્‌જ્ઞાન નહીં થાય તો સત્‌સ્વરૂપ તેને મળી શકશે જ નહીં. આહા...હા! સત્‌સ્વરૂપ પ્રભુ! જેવું સત્‌ છે એના તરફ ઈ વળી નહીં શકે. આહા...હા! અસત્‌જ્ઞાનથી તે સત્‌ તરફ વળી શકે? આહા...હા...!

(અહીંયાં કહે છે કેઃ) **"તથા જે સમસ્ત ઈન્દ્રિયસમૂહને ગોચર થતું એવું વસ્ત્ર."** બધા–પાંચેય ઈન્દ્રિયના સમૂહને જણાતું એવું વસ્ત્ર. **"તે એક ચક્ષુ–ઈન્દ્રિયના વિષયમાં આવતો, બીજી બધી ઈન્દ્રિયોના સમૂહને ગોચર નહિ થતો એવો શુકલત્વગુણ નથી"**, વસ્ત્રથી શુકલત્વગુણ કેમ જુદો પડયો? એ એક જ ઈન્દ્રિયનો વિષય છે. અને બીજી બધી ઈન્દ્રિયોનો વિષય તે નથી. વસ્ત્ર બધી ઈન્દ્રિયનો વિષય છે. માટે બેયને ભિન્નતા છે. આહા...હા! **"તેથી તેમને તદ્‌ભાવનો અભાવ છે."** અરે! ગુણ–ગુણીની (વચ્ચે) ભિન્નતા! ગજબ વાત છે!! આહા...હા!

હજી તો આ બાયડી–છોકરાં બીજા નહીં, આ શરીર મારું નહીં. (એ માનવું) પરસેવો ઊતરે એને. આ શરીર તો જડ–માટી ધૂળ છે. આ એની પર્યાય જે સમયે–સમયે થાય ઈ એનાથી થાય છે. અને ઈ જાણે કે મારાથી થાય છે, મેં આમ કર્યું. શરીરનું આમ કર્યું ને...! શરીર દ્વારા કામ કર્યું (આખો દિ') શરીર દ્વારા કામ કર્યું (એમ જ ઘૂંટણ છે!) આહા...હા! **(શ્રોતાઃ)** થપાટ મારે તો શરીર દ્વારા જ મારે ને...! **(ઉત્તરઃ)** કોણ મારે? ઈ તો પરમાણુની પર્યાય થવાની તે થાય. થપાટ મારી શકતો નથી ઈ(આત્મા) અ...હા...હા...હા! એ પરમાણુની પર્યાય ઈ રીતે થવાની હોય તો જ થાય. અને એ (બીજાના હાથની થપાટ) અડતી નથી આને(ગાલને). થપાટ એને અડતી નથી ગાલને. આહા...હા...હા! આવું (વસ્તુ) સ્વરૂપ!! જે પોતે પોતામાં છે એ બીજાથી અભાવસ્વરૂપ છે પોતાથી ભાવસ્વરૂપ છે, બીજાથી અભાવસ્વરૂપ છે. અત્યંત અભાવ છે. હવે અત્યંતાભાવ (હોવાથી) એને અડે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ય કયાં? આહા...! આકરી વાત બહુ બાપુ, આ તો! આહા...હા! એ હીરાને અડતો નથી આત્મા, એમ કહે છે.' આ આત્મા (તો) નહીં પણ હાથે ય અડતો નથી. **(શ્રોતાઃ)** એનું શું કામ છે પણ પૈસા આવે છે ને...! હાથ ન અડે તો કાંઈ નહીં, અમારે તો પૈસાનું કામ છે ને! **(ઉત્તરઃ)** પૈસા કોની પાસે આવે? આહા...! પૈસાનો માલિક હતો કે દિ'? પૈસાનો માલિક પૈસો છે. આહા...હા! (અરે!) પરમાણુમાં વર્ણ–ગંધ–રસ–સ્પર્શ (ગુણો) છે તે પણ પરમાણુમાં અન્યભાવ છે. અતદ્દભાવ છે. ઈ પરમાણુમાં સ્પર્શ (નામનો ગુણ છે) આ સ્પર્શ, ટાઢું–ઊનું ઈ અને પરમાણુ (દ્રવ્ય) વચ્ચે અતદ્દભાવ છે. કેમકે (ટાઢું–ઊનું) સ્પર્શ એક ઈન્દ્રિયનો વિષય છે અને આ આખું તત્ત્વ છે એ પાંચેય ઈન્દ્રિયનો વિષય છે. એટલે (આખા તત્ત્વને – દ્રવ્યને) અતદ્દભાવનો અભાવ છે. અહા...હા...હા...હા! પણ, અતદ્દભાવ તરીકે વિશેષ છે. પ્રદેશ તરીકે. પણ તદ્દભાવ તરીકે, તદ્દભાવનો ભાવ હોવા છતાં – ભિન્નભિન્ન ભાવ હોવા છતાં, તેનો અભાવ તે એનું સ્વરૂપ છે. આહા...હા...હા! સમજાણું કાંઈ? આવી વાત કયાં સૂક્ષ્મ! ધરમ કરવો એમાં આવી વાત શું કરવી? પણ ધરમ કોણ કરે છે? ખબર છે તને? આહા...હા! ધરમ કરનારો શું કરે છે? ધરમ કરનારો'... પરપદાર્થની સામું જોતો નથી, અને પોતાના ગુણ–ભેદને કરતો નથી! એ ધરમ કરે છે ઈ દષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે ને એ ધરમ કરે છે. દેવીલાલજી! આહા...હા...હા!

(કહે છે કેઃ) ધરમ તો પર્યાયમાં થાય ને? આહા..હા! પર્યાય કયાં વળે છે? એનું લક્ષ કયાં જાય છે? ધ્યેય કોને બનાવે છે? ઈ જો પરને ધ્યેય બનાવે તો અજ્ઞાન છે. હવે પોતે છે પર્યાય, એમાં આત્મા ને જ્ઞાનગુણ બે ભિન્ન, એમ જો પર્યાયમાં લક્ષ કરે તો ઈ વિકલ્પ ઊઠે છે. કારણ કે બે (વચ્ચે) અતદ્દભાવ છે. આહા... હા! આવી વાતુ છે ઝીણી! પણ જયારે ગુણ ને આત્મા, ભલે અન્યપણે–અતદ્દભાવને (લઈને) અન્યપણે કહેવાય, છતાં એવા (ભેદનું) લક્ષ છોડી દઈને, એક દ્રવ્ય ઉપર–જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરે તો સત્ય હાથ આવે (એટલે આત્મતત્ત્વ જણાય.) આહા...હા! હવે આવું કયાં! આહા...હા! મુંબઈ જેવા શહેરમાં આવી વાત થાય ત્યાં તો (લોકો બૂમો પાડે કે) શું કહે છે આ?

(અહીંયાં કહે છે કેઃ) **''તેથી તેમને તદ્દભાવનો અભાવ છે.''** કોને? વસ્ત્રને અને ધોળા સ્વભાવને. ધોળાગુણને તદ્દભાવનો અભાવ છે.' આહા...હા...હા! એક–એક શબ્દનો અર્થ તો ધીમે'ક થી થાય છે પણ હવે. આહા..હા! નિર્ણય–પરથી ભિન્ન છે. એવા નિર્ણય કરવાનો પણ અવસર ન લે, ઈ કે દિ' આત્માના–અંતરમાં જાય. આહા...હા! કે પ્રભુ! મારું સ્વરૂપ જ પરથી તદ્દન ભિન્ન, કર્મથી–કર્મના પ્રદેશો ભિન્ન અને આત્માના પ્રદેશો ભિન્ન, એથી કર્મના ઉદયથી આત્માને રાગ થાય, એમ નથી. આહા..! મોટો વાંધો 'આ'!! **(શ્રોતાઃ)** જૈન ધર્મ તો કર્મને જ માને છે... **(ઉત્તરઃ)** તેમને નહીં આહા...હા ! અહીંયાં તો કર્મનો પહેલેથી જ નકાર દઈએ છીએ. આહા...! સંશય થાય ઈ જીવની પોતાની ભૂલ છે. એ કરમને લઈને સંશય થાય, દર્શનમોહને લઈને એમ નથી. છતાં સંશયભાવને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને આત્માને– આ સંશયભાવ આત્માને આશ્રયે થાય છે – છતાં સંશયભાવ ને આત્મા બે ને અતદ્ભાવ છે. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **''તેથી તેમને તદ્ભાવનો અભાવ છે.''** કોને? ધોળાપણું અને વસ્ત્રપણું (અર્થાત્) ધોળાપણું અને વસ્ત્રપણું એ એક નથી. કેમ કે ધોળાપણું એક ઈન્દ્રિયનો વિષય થયો, અને વસ્ત્ર પાંચ ઈન્દ્રિયનો વિષય થયો. ધોળાપણું એ આંખનો વિષય છે. બીજી ઈન્દ્રિયોનો વિષય નથી. (એથી એ બે વચ્ચે તદ્ભાવ નથી.) સમજાણું કાંઈ? એક ઈન્દ્રિયનો વિષય થયો (બાકીની) ચાર ઈન્દ્રિયોનો વિષય (ધોળાપણું) ન થયો. આ વસ્ત્ર છે ઈ (આંખ સહિત બાકીની) ચારેય ઈન્દ્રિયોનો વિષય છે. (એટલે કે) પાંચે ય નો. અહા...હા...હા! માટે બે વચ્ચે અતદ્ભાવ છે. અતદ્ભાવ અનેરાપણે ગણવામાં આવે છે. ઓલા પ્રદેશભેદનું અન્યત્વ જૂદું, આ અતદ્ભાવનું અન્યત્વ જૂદું. આહા...હા...હા! **(શ્રોતા:)** પ્રદેશભેદ નામ પૃથક્ત્વ..... **(ઉત્તર:)** હેં! પૃથક્ છે તદ્દન (એ તો.) આ ભાષા તો સાદી છે આમાં કોઈ સંસ્કૃત ને વ્યાકરણ ને... (એવું નથી.) બેનું–દીકરિયુંને પકડાય એવું છે! નહીં?!

(કહે છે કે:) તેને એક વાર હળવો બનાવી દે. પર મારાં છે ઈ બોજો ઊઠાવી નાખ. આહા...હા...હા! (આત્મા) હળવો તો છે... પણ માને (જૂઠી) માન્યતાને લઈને... આ મારું, આ પૈસા મારા, એ પૈસા પેદા કરી શકું, પૈસાને હું વાપરી શકું, છોકરાંને બરાબર ભણાવી શકું, વ્યવસ્થા ઘરની સરખી રાખું તો એ (બધા સરખા) રહે. આહા...હા! દીકરીને પણ ઠેકાણે પાડવી હોય તો, ધ્યાન રાખીને (શોધી કાઢું કે) વર કેવો છે? ઘર કેવું છે? એવી બધી ધ્યાન રાખે તો ઠેકાણે પડે. એ બધી ભ્રમણા છે!! અહા...હા....હા...હા! ભારે જગત, તો ભાઈ! આહા...હા! છતાં એ ચીજોમાં રહ્યો દેખાય. પણ એનાથી ભિન્નપણે આત્મા ભાસ્યો હોય, તથા સંયોગો હોય, સંયોગ સંયોગને કારણે હોય, ઈન્દ્રિયોના વિષયો પણ જયાં સંયોગે હોય, છે પૃથક્ પણ સંયોગે આવે. પણ છતાં અંદર દૃષ્ટિમાં ફેર હોય. આહા...! કે હું તો આત્મા જ્ઞાયક! ચૈતન્યસ્વરૂપ અભેદ! ગુણી અને ગુણના ભેદથી પણ વિકલ્પ ઊઠે છે માટે ઈ હું નહીં. (હું તો અભેદ–એકરૂપ છું.) આહા...હા! આહા...હા...હા! કો' બાબુભાઈ! આવું ઝીણું છે! આહા...હા! અરે...રે! આવા આ! અમારે હીરાચંદજી મા'રાજ બિચારા! વયા ગ્યા! કાને પડી નહીં વાત! ઈ કરતાં ભાગ્યશાળીને જીવો અત્યારે! આહા...હા! છેંતાલીસ વરસની દિક્ષા! બાર વરસની ઉંમરે લીધેલી. શાંત માણસ! ગંભીર! બહુ હજારો માણસ – બે હજાર માણસ વ્યાખ્યાન સાંભળે, શાંતિ! અરે...રે! આ શબ્દ કાને નહીં પડેલા 'આ'!! આહા..હા! કે: પરથી પૃથક્ છે તો ઈ તો (અત્યારે કે'છે કે) નહીં, પરની દયા પાળી શકે છે. एवं पमाणं सारं णाणसंजं किंचन ''ઈ પરની દયા પાળવી ઈ અહિંસા ને એ જ્ઞાનનો સાર'' હવે આનું શું કરવું કહો? હવે અહીંયાં તો (કહે છે) કે પરની દયા તો પાળી શકે નહીં કેમ કે પર છે ઈ પ્રદેશથી પૃથક્ છે. (વળી એ બે) પ્રદેશથી પૃથક્ છે. તેની દયા કોઈ પાળી શકે નહીં. પણ એનામાં જે દયાનો ભાવ આવે. આહા...! એ ભાવને અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યને પણ અતદ્‌ભાવ છે. અહહહા! એકરૂપ નથી. આહા...હા! એનો પણ (વિકલ્પ) છોડીને, ગુણ અને આત્માનો પણ વિકલ્પ છોડીને – ઓલો તો વિકાર છે. આ જ્ઞાન છે આત્માને જાણનારું અને હું આત્મા છું ઈ બે વચ્ચે પણ અતદ્‌ભાવ છે. આહા...હા! 'અતદ્‌ભાવ'!! અતદ્‌ભાવમાં એકલું કર્યું. ઉન્મગ્ન, નિમગ્ન નહીં? આહા...! પર્યાયદૃષ્ટિથી જોઈએ તો ગુણ ને ગુણી નિમગ્ન નજરે પડે. (અને) દ્રવ્યદૃષ્ટિએ જોઈએ, તો આહા...હા...હા! તો ન્યાં (ભેદ) ઊડી જાય છે. ભેદ તો ઊડી જાય છે. આહા...હા...હા...હા! ઉન્મગ્ન–નિમગ્ન. આવી ગયું' તું ને (ગાથા–૯૮ ફૂટનોટમાં અર્થ છે.) કેવી વાત એમ! સિદ્ધાંત આ છે!!

(કહે છે કે:) પર્યાયદૃષ્ટિથી જુએ તો ભેદ દેખાય, ઈ તો વિકલ્પ આવે. આહા...હા...હા! તેને પર્યાયથી – અવસ્થાના ભેદથી દેખે કે 'આ રાગ છે – આ મારો છે – (આ અતદ્‌ભાવ છે.) ત્યાં તો વિકલ્પ ઊઠે. પણ પર્યાયદૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિથી દેખે તો નિમગ્ન – ભેદ પણ ડૂબી જાય છે. ભેદ પણ બૂડી (ડૂબી) જાય છે. આહા...હા...હા! અભેદપણું પ્રસિદ્ધિમાં આવે છે. અભેદપણું દૃષ્ટિમાં આવે છે. આ આનું નામ ધરમ છે!! અરે! કયાં પહોંચવું! અમૃત રેડયાં! પંચમઆરામાં, સંતોએ તો અમૃત રેડયાં છે!! ભાવ કહેવાની આ શૈલી!!

કહે છે અતદ્‌ભાવ છે. છતાં પૃથક્ પ્રદેશ નથી. આહા...હા! પણ એ અતદ્‌ભાવમાં પૃથક્ પ્રદેશ નથી. છતાં અતદ્‌ભાવને જોવાની બે દૃષ્ટિ (છે.) પર્યાયદૃષ્ટિથી જુએ તો અતદ્‌ભાવ એવું જુદાપણું ભાસે. અને દ્રવ્યદૃષ્ટિથી દ્રવ્યાર્થિકનયે જુએ તો તે નિમગ્ન પણ છે. આહા...હા! ઓલું ઉન્મગ્ન હતું એ વિકાર, પર્યાય (ભેદ) નિમગ્ન થઈ જાય છે. દ્રવ્યમાં પણ ઈ અભેદ થઈ જાય છે. આહા...હા! **(શ્રોતાઃ)** બહુ ખુલાસો... આવ્યો. **(ઉત્તરઃ)** આવી વ્યાખ્યા છે. આહા...! **''તેથી તેમને તદ્‌ભાવનો અભાવ છે.''**

(અહીંયાં કહે છે કે:) **''તેવી રીતે કોઈના આશ્રયે રહેતી''**. હવે આવ્યું પાછું ઝીણું! સત્તા જે છે એ દ્રવ્યને આશ્રયે રહે છે. દ્રવ્ય છે ઈ કોઈના આશ્રયે રહેતું નથી. આહા...! છે? (પાઠમાં) **''તેવી રીતે કોઈના આશ્રયે રહેતી''** આહા...! (એટલે) દ્રવ્યના આશ્રયે રહેતી. **''નિર્ગુણ''** (એટલે) ગુણમાં ગુણ નથી (એ નિર્ગુણ). આહા...હા...હા! **द्रव्याश्रया निर्गुणा गुणाः।** 'તત્ત્વાર્થસૂત્ર' નું સૂત્ર છે. (અ.પ. સૂત્ર. ૪૧.) દ્રવ્યને આશ્રયે ગુણ છે પણ द्रव्याश्रया निर्गुणा गुणाः। ગુણને આશ્રયે ગુણ નહીં. ભારે આકરું કામ!! આહા...હા! હજુ એના પલાખા સાચા (તો ગોખે.) પ્રયોગમાં લેવું તો અલૌકિક વાતું છે. આહા..હા! ભાઈ! નથી ને...? હસમુખ નથી આવ્યો...! આહા...! ''નિર્ગુણ'' શું કીધું? ગુણ વિનાની 'સત્તા' (ગુણ) નિર્ગુણ છે. દ્રવ્ય ગુણવાળું છે. જેમ નીચે (ફૂટનોટમાં જુઓ!) કેરીમાં વર્ણ ગુણ છે, કેરીમાં વર્ણ–ગંધ વગેરે છે તેમ દ્રવ્યમાં સત્તા છે. ''નિર્ગુણ'' = ગુણ વિનાની. [સત્તા નિર્ગુણ છે, દ્રવ્ય ગુણવાળું છે. જેમ કેરી વર્ણ ગુણવાળી, ગંધગુણવાળી, સ્પર્શગુણવાળી વગેરે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. પરંતુ વર્ણગુણ કાંઈ ગંધવાળો, સ્પર્શવાળો કે અન્ય કોઈ ગુણવાળો નથી (કારણ કે વર્ણ કાંઈ સૂંઘાતો કે સ્પર્શાતો નથી); વળી જેમ આત્મા જ્ઞાનગુણવાળો, વીર્યગુણવાળો વગેરે છે, પરંતુ જ્ઞાનગુણ કોઈ વીર્યગુણવાળો કે અન્ય કોઈ ગુણવાળો નથી; તેમ દ્રવ્ય અનંતગુણોવાળું છે, પરંતુ સત્તા ગુણવાળી નથી. (અહીં જેમ દંડી દંડવાળો છે તેમ દ્રવ્યને ગુણવાળું ન સમજવું; કારણ કે દંડી અને દંડને તો પ્રદેશભેદ છે, દ્રવ્ય ને ગુણ તો અભિન્નપ્રદેશી છે.] 'જેમ દંડી દંડવાળો છે તેમ દ્રવ્યને ગુણવાળું ન સમજવું' એ શું કીધું? દંડી–લાકડીવાળો અને દંડ–લાકડી એ બે તદ્દન જુદી ચીજ છે. એમ અહીંયાં ન સમજવું. ઈ તો પૃથક્ પ્રદેશ છે (બન્નેના) એમ અહીંયા ગુણ અને ગુણી વચ્ચે એમ ન સમજવું. (અહીં તો) ફકત ગુણ તે દ્રવ્ય નહીં ને દ્રવ્ય તે ગુણ નહીં એટલો અતદ્ભાવ છે. આહા...હા! **(શ્રોતાઃ)** આ વાતમાં ક્ષેત્ર એક છે ને...! **(ઉત્તરઃ)** ક્ષેત્ર એક છે. એક જ છે. ગુણ લેવું છે ને...! ગુણ ને દ્રવ્ય ક્ષેત્ર એક જ છે. પર્યાય છે એ વળી પછી વાત. ઈ (પ્રદેશભેદની) અત્યારે વાત નહીં. આ તો ગુણ ને દ્રવ્ય વચ્ચેની વાત છે. આહા...હા!

અનેકાન્ત મારગ વસ્તુના સ્વરૂપમાં છે એ રીતે હોં? અને અનેકાંત એટલે અનેક ધરમ એમાં છે ઈ રીતે અનેકાન્ત છે. એમાં નથી ને અનેકાંત ઠેરાવવું બીજી રીતે – પરનું પણ કરી શકે, ઈ તો એમાં છે નહીં એનામાં. એનામાં છે નહીં ને ઈ અનેકાંત કયાંથી લાગુ પડે એને...! આહા...હા! એ સત્તા નામનો ગુણ છે આત્મામાં, એ નિર્ગુણ છે. એમાં ગુણ નથી (બીજો). પોતે એક ગુણ છે પણ એમાં બીજો ગુણ નથી. (વસ્તુ) એ ગુણોની બનેલી છે અને સત્તા એક જ ગુણની બનેલી છે. વિશેષણ છે. (નીચે ફૂટનોટમાં) વિશેષણ = ખાસિયત; લક્ષણ; ભેદક ધર્મ. એ ખાસ ભેદ ધર્મ છે. સત્તા ને આત્માને ખાસ જુદા પ્રકાર છે એમ. આહા...હા! વિધાયક છે = રચનારી છે. એ ગુણ છે ઈ દ્રવ્યને રચનાર છે. દ્રવ્ય છે તે ગુણોનો રચનાર નથી. છે? (પાઠમાં) વિધાયક = વિધાન કરનાર; રચનાર છે. આહા...હા! ગુણ છે ઈ દ્રવ્યને બતાવે છે. એટલે એનો રચનાર છે. દ્રવ્ય એનો રચનાર (ગુણ) છે. દ્રવ્ય એને–ગુણને રચનાર નથી. આહા...હા! છે? (ફૂટનોટમાં) વિધાન કરનાર; રચનાર. **"નિર્ગુણ એક ગુણની બનેલી, વિશેષણ, વિધાયક (–રચનારી).**

(અહીંયાં કહે છે કેઃ) **"અને વૃત્તિસ્વરૂપ"** વૃત્તિસ્વરૂપ (નીચે ફૂટનોટમાં) વૃત્તિ = વર્તવું તે; હોવું તે; હયાતી; ઉત્પાદવ્યયધ્રૌવ્ય. એની એ સત્તા છે. (તેને) આટલા બોલ વિશેષણ કહયા. 'સત્તા ગુણ' **નિર્ગુણ છે, એકગુણની બનેલી છે, વિશેષણ છે, દ્રવ્યનું વિશેષણ છે, અને વિધાયક છે – રચનારી છે અને વૃત્તિસ્વરૂપ છે.** છે ને વૃત્તિસ્વરૂપ (એટલે) વર્તવું તે. **એવી જે સત્તા છે "તે કોઈના આશ્રય વિના રહેતું"** હવે દ્રવ્ય. હવે દ્રવ્ય કેવું છે? કે : **"કોઈના આશ્રય વિના રહેતું"** પહેલી એ ગુણની વાત કરી. આહા! સત્તા નામનો ગુણ છે. તે નિર્ગુણ છે. ગુણમાં ગુણ નથી. એકગુણની બનેલી છે. વિશેષણ છે, વિધાયક છે – રચનારી છે અને વૃત્તિસ્વરૂપ છે એવી જે સત્તા છે. બસ ત્યાં એ વાત પૂરી. (હવે દ્રવ્યની વાત) **"તે કોઈના આશ્રય વિના રહેતું"**

દ્રવ્ય. દ્રવ્ય કેવું છે? કે **"કોઈના આશ્રય વિના રહેતું દ્રવ્ય."** આહા...હા...હા! આ...રે! **"ગુણવાળું"** છે. ઓલી તો એકગુણની (વાત) હતી. એ એકગુણમાં નહોતો બીજો ગુણ. આ દ્રવ્ય તો ગુણવાળું છે. આહા...હા! અનેક ગુણોનું બનેલું છે. રચેલું અનાદિથી. **"અનેક ગુણોનું બનેલું" "વિશેષ્ય" છે. છે?** (પાઠમાં ફૂટનોટમાં).

આહા...! વિશેષ્ય = ખાસિયતોનો ધરનાર પદાર્થ; લક્ષ્ય; ભેદ્ય પદાર્થ–ધર્મી. [જેમ ગળપણ, સફેદપણું, સુવાંળપ વગેરે સાકરનાં વિશેષણો છે, અને સાકર તે વિશેષણથી વિશેષિત થતો (– તે તે ખાસિયતોથી ઓળખાતો, તે તે ભેદોથી ભેદાતો) પદાર્થ છે, વળી જેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય વગેરે આત્માનાં વિશેષણો છે અને આત્મા તે વિશેષણોથી વિશેષિત થતો (ઓળખાતો, લક્ષિત થતો, ભેદાતો) પદાર્થ છે, તેમ સત્તા વિશેષણ છે. આહા...હા! દ્રવ્યના લક્ષણથી સત્તાનું લક્ષણ ભિન્ન છે અને દ્રવ્ય વિશેષ્ય છે (એટલે) સામાન્ય છે. અને ગુણ છે તે વિશેષણ છે. આહા...હા! (વિશેષ્ય અને વિશેષણોને પ્રદેશભેદ નથી એ ખ્યાલ ન ચૂકવો.)] ઝીણું બધું બહુ ઝીણું! આહા...હા! મારગ લોકોએ બહારથી (માન્યો છે.) આ કાંઈક દયા પાળોને... આ પૂજા કરી ને ભકિત કરીને માનીએ કે હાલ્યા જવાના, હાલ્યા જવાના ઘણા તો પશુમાં જવાના. આ બધા વાણિયા, મરીને! કારણ કે માંસ આદિ નથી, પુણ્યે ય નથી. બે–ચાર કલાક હંમેશા વાંચન હોય ને સત્‌સમાગમેય અત્યારે તો ન મળે, એને કોનો કરવો સત્‌સમાગમ? અને કોના સમાગમે વાંચવું – વિચારવું? (એની ગમ નહીં) બે–ચાર કલાક વાંચે તો પુણ્યે ય બંધાય. આહા...! એકા'દ કલાક મળે એમાં એવા મળે કુસંગી કે પાપ બંધાય મિથ્યાત્વનું! હવે કયાંથી ઉદ્ધાર! આહા...હા! છે? (પાઠમાં).

(અહીંયાં કહે છે કે:) **"ગુણવાળું, અનેક ગુણોનું બનેલું, વિશેષ્ય વિધીયમાન (રચાનારું) અને વૃત્તિમાનસ્વરૂપ એવું દ્રવ્ય નથી."** જુઓ! છે? (પાઠમાં) જે કોઈના આશ્રય વિના રહેતું દ્રવ્ય, એમ વૃત્તિમાનસ્વરૂપ એવું દ્રવ્ય નથી. **"તથા કોઈના આશ્રય વિના રહેતું, ગુણવાળું, અનેક ગુણોનું બનેલું, વિશેષ્ય, વિધીયમાન અને વૃત્તિમાનસ્વરૂપ એવું દ્રવ્ય છે તે કોઈના આશ્રયે રહેતી, નિર્ગુણ, એકગુણની બનેલી, વિશેષણ, વિધાયક અને વૃત્તિસ્વરૂપ એવી સત્તા નથી."** આહા...હા...હા! આકરું પડે એવું છે!

(કહે છે કે:) જે એક સત્તા છે. એ એક ગુણવાળી છે ને ઈ દ્રવ્યને આશ્રયે છે. અને દ્રવ્ય છે ઈ અનંતગુણવાળું છે. કોઈના આશ્રયે નથી. માટે બે વચ્ચે અતદ્‌ભાવ (એટલે) તે તે ભાવ તે તે નહીં. એટલે અતદ્‌ભાવનું અન્યપણું અંદર છે. આહા...હા! એ સત્તા છે તે દ્રવ્ય નથી ને દ્રવ્ય છે તે સત્તા નથી. આહા...હા! **(શ્રોતા:)** બન્ને અનાદિના છે કોણ કોને રચે? **(ઉત્તર:)** રચે કોણ? એ રચાયેલું છે એમ કહેવાય. છ દ્રવ્યથી રચાયેલો છે લોક એમ કહેવાય. પાછું આવે! આહા...હા...હા! રચાયેલું એટલે બનેલું છે એમ(સમજવું.) રચાયેલ એટલે એમ 'છે'. આ લોક પણ છ દ્રવ્યથી રચાયેલો છે એમ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બોલાય. 'પંચાસ્તિકાય' 'છે' એમ ભાવ એમ છે. આહા...હા! ઈ તો ઓલામાં આવ્યું નહીં! 'છહઢાળા' માં (**तीनलोक तिहुँकाल माँही नहि, दर्शन सो सुखकारी, सकल धरम को मूल यही इस बिन करनी दुखकारी** – ઢાળ ત્રીજી–૧૬) કોઈએ લોકને કર્યો નથી, કોઈએ (લોકને) ધારી રાખ્યો નથી. એમ આવે છે ને...! વસ્તુ છે ઈ છે. આહા...હા!

અહીંયાં તો વસ્તુનો ગુણ અને વસ્તુ, એ પણ ખરેખર એકપણે નથી. બેયના લક્ષણો – (બન્નેમાં) ભિન્નપણું છે. એટલું બે વચ્ચે અન્યત્વ છે. પણ પરના પ્રદેશો ભિન્ન છે એ અન્યપણું ને આ અન્યપણું બીજી જાતનું છે. આહા...હા! **''તેથી તેમને તદ્દ્ભાવનો અભાવ છે.'' ''આમ હોવાથી જ, જો કે સત્તા અને દ્રવ્યને કથંચિત્ અનર્થાંતરપણું (અભિન્નપદાર્થપણું, અનન્યપદાર્થપણું) છે.''** સત્તા ને દ્રવ્યને એકપદાર્થપણું છે. **''તો પણ, તેમને સર્વથા એકત્વ હશે એમ શંકા ન કરવી.''** સર્વથા – સત્તા અને દ્રવ્યને સર્વથા એકત્વ છે એમ શંકા ન કરવી. આહા...હા! **''કારણ કે તદ્દ્ભાવ એકત્વનું લક્ષણ છે.''** તદ્દ્ભાવ='તે–ભાવ' તે એકત્વનું લક્ષણ છે. આહા...હા! જોયું? પાછું તે–ભાવ તે એકત્વનું લક્ષણ છે. જે શ્વેતપણે જણાતું નથી. **''જે તે–પણે જણાતું નથી તે સર્વથા એક કેમ હોય? નથી જ.''** સર્વથા એક નથી. **''પરંતુ ગુણ–ગુણીરૂપે અનેક જ છે એમ અર્થ છે.''** ગુણ ને ગુણીના ભેદથી અતદ્દ્ભાવ અન્યત્વ છે. એમ સમજવું જોઈએ. ત ન અન્યત્વ નથી (એટલે) એકદમ પ્રદેશ ભિન્ન છે માટે અન્યત્વ છે એમ નહીં. આ પર્યાયદૃષ્ટિથી જોતાં ભિન્નપણે છે. દ્રવ્ય (દૃષ્ટિ) થી જોતાં અભિન્ન છે. છે? (પાઠમાં) આહા...હા! બધો વિષય ઝીણો! અભ્યાસ ન મળે ને! **(શ્રોતાઃ)** આપ તો 'હા' પડાવી દ્યો છો... **(ઉત્તરઃ)** પણ વાત આ કહેવાય છે એ બેસે છે કે નહીં? આહા...હા...હા!

જે વસ્તુ છે. એ તો અનંતગુણસ્વરૂપ છે. અને એક ગુણ છે એ નિર્ગુણ સ્વરૂપ છે. નિર્ગુણ છે એટલે ગુણમાં ગુણ નથી. દ્રવ્ય તો અનંતગુણવાળું છે. નિર્ગુણ (ગુણ) અને ગુણવાળા (દ્રવ્ય) ને અતદ્દ્ભાવ છે. ભેદભાવ છે. છતાં એવો ભેદભાવ નથી કે એના પ્રદેશો સત્તાના ને આત્માના પ્રદેશો જુદા એવું નથી.

વિશેષ કહેશે.......

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૨૭–૬–૭૯.

'પ્રવચનસાર' ૧૦૬ ગાથા લઈએને...! ભાવાર્થ છે. છેને....? (પાઠમાં) ભાવાર્થ :– **''ભિન્નપ્રદેશત્વ તે પૃથક્પણાનું લક્ષણ છે.''** શું કીધું? કેઃ આત્માના પ્રદેશ અને બીજા છ યે દ્રવ્ય અને કર્મના પ્રદેશ ભિન્ન છે. એથી પૃથક્ છે તેથી જીવ છે. વળી તેમની સ્થિતિ પૃથક્પણાનું લક્ષણ છે. આહા..! ભલે એની ઈ જ્ઞાનની પર્યાય, અનંતને જાણે, છતાં તે (જ્ઞાનની પર્યાય) અનંતને જાણે, તે પોતાના પ્રદેશમાં રહીને જાણે છે. બીજાના પ્રદેશને અડયા વિના જાણે છે. આહા..હા...હા! જેના પૃથક્ પ્રદેશ છે. એને જાણે ખરું, જાણવા છતાં પૃથક્ પ્રદેશપણે અન્યને અન્યપણે રાખીને જાણે છે. આહા...હા! જણાણું માટે આત્મામાં આવી ગઈ વાત (–વસ્તુ), કે આત્મા જણાય (એને) જાણનારો છે. માટે પરપદાર્થના પ્રદેશમાં–ક્ષેત્રમાં ગયો, એમ નથી. ન્યાયનો વિષય છે જરી ભઈ! **(શ્રોતાઃ)** જુદાપણું કહેવું છે તો વળી એમાં ગયા વગર જણાય કેવી રીતે....? **(ઉત્તરઃ)** ઈ વાત છે ને અહીંયાં! જાય કયાં? ઈ સાટુ તો કહ્યું. **''ભિન્નપ્રદેશત્વ''** આત્માના પ્રદેશ અને લોકાલોકના પ્રદેશ ભિન્ન છે. ઈ લોકાલોકને જાણે, એથી કરીને એના જાણવામાં (જ્ઞાનપ્રદેશમાં) એ ચીજ આવી ગઈ નથી. તેમ ઈ ચીજમાં ઈ જાણવું (જ્ઞાનપ્રદેશ) પરિણમ્યું નથી. આહા...હા...હા!

(શું કહે છે કેઃ) એવું **''ભિન્નપ્રદેશત્વ''** ભિન્નપણું **તે પૃથક્પણાનું લક્ષણ છે.'' ''અને અતદ્ભાવ તે અન્યપણાનું લક્ષણ છે.''** એટલે? કે : ગુણ અને ગુણી; જ્ઞાન અને આત્મા એ (બે વચ્ચે) અતદ્ભાવ છે. એટલે કે જ્ઞાન તે આત્મા નહીં ને આત્મા તે જ્ઞાન નહીં એટલો અતદ્ભાવ છે. એ અતદ્ભાવ 'તે અન્યપણાનું લક્ષણ છે.' અન્યપણું તો ઓલું ય કહ્યું'તું, એના પૃથક્ પ્રદેશ છે એટલે ત ન ભિન્ન છે. કો'વાણિયાને આવું કાંઈ.... મળે નહીં સાંભળવા કયાં'ય! આહા...હા...હા...હા!

(કહે છે) ભગવાન આત્મા! પોતાના અસંખ્યપ્રદેશમાં રહીને, અનંત....અનંત....અનંત... અનંત...અનંત...પદાર્થ અને અનંત ક્ષેત્ર, અનંત કાળ.... જાણે છે. તેથી તે અનંત પદાર્થના પ્રદેશો અહીં (આત્મામાં) આવી ગયા એમ નથી. તે આ જ્ઞાન અનંતને જાણે, છતાં પોતાના પ્રદેશથી પૃથક્ થઈને, અન્યને જાણવા જાય છે એમ નથી. આહા...હા!

(અહીંયાં કહે છે કેઃ) **''ભિન્નપ્રદેશત્વ તે પૃથક્પણાનું લક્ષણ છે.'' અને અતદ્ભાવ તે અન્યપણાનું લક્ષણ છે.'' ''દ્રવ્ય અને ગુણને પૃથક્પણું નથી.''** આત્મા અને એના ગુણ, પરમાણુ અને એના ગુણ – વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ પૃથક્ નથી. પૃથક્પણું તો અનેરા દ્રવ્ય સાથે હોય છે. અન્યપણું તો પોતામાં હોય ને પૃથક્પણું પરમાં (પરની સાથે) હોય. ઈ શું કહ્યું? આહા...હા!

આહા...! કે આ આત્મા વસ્તુ છે. એને (એનાથી) અનંત પદાર્થ પર છે. ઈ બધા પૃથક્ પ્રદેશે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. આના પ્રદેશને એના પ્રદેશ એક નથી. અને આત્માના ગુણ ને આત્માના પ્રદેશ (તો) એક છે. એક હોવા છતાં અતદ્ભાવ છે. ગુણ તે દ્રવ્ય નહીં ને દ્રવ્ય તે ગુણ નહીં. એવી રીતે (એ) બે વચ્ચે અતદ્ભાવપણાનું અન્યપણું સાબિત થાય છે. અહા...હા! આવું છે. આહા...હા! કેટલું નાખ્યું!! અન્ય પદાર્થ, ભગવાન હો તીર્થંકરદેવ! એની વાણી! એ આત્માના પ્રદેશથી, ભિન્ન પ્રદેશે છે. ભગવાનના પ્રદેશ ભિન્ન છે તે પૃથક્ પ્રદેશ તરીકે અન્ય છે. આહા...હા...હા! મંદિર, મૂર્તિને, એ બધા આત્માથી પૃથક્ પ્રદેશે કરીને ભિન્ન છે. આહા...હા! કો' શાંતિભાઈ! આહા... આવું છે! વીતરાગ મારગ!

અને એ આત્મા! પૃથક્ પ્રદેશ છે એવા ઈ દ્રવ્યો! એને જાણવાનું કામ કરે (એ આત્મા) છતાં ઈ જાણવાનું કામ, પોતાના પ્રદેશમાં રહીને ઈ જાણે છે. ઈ પરના પ્રદેશમાં જાતું નથી (ઈ આત્મદ્રવ્ય). તેમ પર અહીંયાં આવતા નથી. એટલો, પરથી, પૃથક્લક્ષણ પરનું – ઈ મુખ્ય લક્ષણ છે. અને હવે આત્માની અંદર, દ્રવ્યમાં, એના ગુણ અને ગુણી (એટલે) આત્મદ્રવ્ય, આ દ્રવ્ય છે આ ગુણ છે એ બેયને અતદ્ભાવ (અર્થાત્) 'તે–નહીં' ગુણ છે તે દ્રવ્ય નહીં ને દ્રવ્ય છે તે ગુણ નહીં. એવો અતદ્ભાવ, (એ) અતદ્ભાવની અપેક્ષાએ અન્યપણું છે. (પણ) (પ્રદેશ પૃથક્ નથી.) પૃથક્ પ્રદેશપણું નથી. પૃથક્ પ્રદેશનું 'અન્યપણું' ને અતદ્ભાવ નું 'અન્યપણું' બે ય જુદી જાત છે. અહા...હા...હા! આહા! આવી વાત સાંભળવા, નવરાશ ન મળે કયાં'ય! (આ શું કહે છે!) પૃથક્ પ્રદેશ! (ને વળી) અતદ્ભાવ! અતદ્ભાવ એટલે 'તે–ભાવ નહીં' (આત્મ) દ્રવ્ય છે તે જ્ઞાન નહીં ને જ્ઞાન છે તે (આત્મ) દ્રવ્ય નહીં. (ઈ) અતદ્ભાવ છે. અતદ્ભાવની અપેક્ષાએ દ્રવ્ય અને ગુણને અન્યપણું છે. પૃથક્ પ્રદેશની અપેક્ષાએ, અન્ય–પરની સાથે અન્યપણું છે. (અર્થાત્ પર સાથે અન્યપણું છે.) 'અતદ્ભાવ' (અર્થાત્) 'તે–નહીં'. દ્રવ્ય તે ગુણ નહીં ને ગુણ તે દ્રવ્ય નહીં. અતદ્ભાવની અપેક્ષાએ દ્રવ્ય ને ગુણને અન્યપણું છે. સમજાય છે કાંઈ?

(કહે છે) **(શ્રોતાઃ)** પ્રયોજન નથી સમજાતું...! **(ઉત્તરઃ)** પ્રયોજન આ છે અંદર. કહ્યું'તું ને સવારે, કે પર પદાર્થ – પૃથક્ પ્રદેશ છે. એનું લક્ષ છોડી દે. તારામાં પણ ગુણ ને આત્મા – બે વચ્ચે – અતદ્ભાવ અન્યત્વ છે. તેથી તેના ગુણ અને ગુણીના ભેદનું લક્ષ છોડી દે. આહા...હા...હા! અને એક આત્મા, જ્ઞાયકભાવસ્વરૂપ છે, તેના ઉપર દૃષ્ટિ દે તો તને સત્ હાથ આવશે. લો! સમજાણું કાંઈ? કે'ને પડી છે, કે'ને પડી! આહા...હા! હજી તો સાચું – જ્ઞાન સાચું, સમ્યક્ પછી, પણ સાચું જ્ઞાન (કરે). જેમ છે તેમ જ્ઞાન થવું એ પણ કઠણ! જ્ઞાન થયું નથી ને સમકિત થાય, એમ નથી કાંઈ! આહા...હા! **(શ્રોતાઃ)** આનું જ્ઞાન થાય, તો તો થઈ જાય ને....? **(ઉત્તરઃ)** ઓઘે થયું તો હોય જ તે. જેમ તિર્યંચોને થાય છે પણ એને આ ગુણ ને ગુણીને આ અતદ્ભાવ એનું એને જ્ઞાન નથી **"છતાં દૃષ્ટિ ઉપર છે એથી એને સમ્યગ્દર્શન થાય છે."**

**(શ્રોતાઃ)** ઈ ઓઘે–ઓઘે થાય.... **(ઉત્તરઃ)** ઓઘે–ઓઘે (નહીં) પણ જ્ઞાન ઘણું છે. જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે અંદર. પણ ઈ જુદું પાડીને જાણે કે આ તદ્‌ભાવ ને અતદ્‌ભાવ ને એમ ખ્યાલ ન આવે પણ વસ્તુ પોતાના ગુણથી – અભેદ છે, અને ગુણથી અભેદ–એક છે એમ દૃષ્ટિ કરતાં તિર્યંચને પણ સમ્યગ્દર્શન થયું. આહા...હા...હા! આમ છે.

(અહીંયાં કહે છે કે:) **"દ્રવ્યને અને ગુણને પૃથક્‌પણું નથી."** પ્રદેશથી–ક્ષેત્રથી જુદાપણું નથી. છે? (પાઠમાં) **"છતાં અન્યપણું છે."** બે લીટીમાં સમાડી દીધું બધું! **"છતાં અન્યપણું છે."** આહા...હા...હા! શરીર, વાણી, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર (અને) દેશ, ગામ એ તો કયાં'ય રહી ગ્યા કહે છે એ તો અન્ય છે, એના પ્રદેશ પૃથક્ છે તેથી તેને અન્યપણું છે, એની હારે કાંઈ–કાંઈ સંબંધ નથી. આહા...હા! ફકત તારામાં, ગુણ અને ગુણી – અનંતગુણ ભર્યા છે (એટલે ધ્રુવ છે જ.) અને આત્મા અનંતગુણનો ધરનાર દ્રવ્ય છે. એટલો અતદ્‌ભાવ (બે વચ્ચે છે.) ગુણ તે દ્રવ્ય નહીં ને દ્રવ્ય તે ગુણ નહીં. અને એટલો અતદ્‌ભાવ (છે તેથી) અન્યપણું છે. **'એ પણ છોડી દઈને** (દૃષ્ટિમાંથી) આહા...હા! **(શ્રોતાઃ)** બહુ મજા આવી....! **(ઉત્તરઃ)** આવી વાત છે. લોકોને તો શું! બિચારા, ખબર ન પડે, ઝીણી વાત!! બહારમાં ચડાવી દીધા. કહે કે જિનબિંબ દર્શન કરીએ કલાક! જાવ.....! પ્રભુ! આવો વખત કં'યે (કયારે) મળે! સંસારનો અભાવ કર્યા વિના, એને–એને ચોરાશીના અવતાર મટે એમ નથી ભાઈ! આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"પ્રશ્ન :– જેઓ અપૃથક્ હોય તેમનામાં અન્યપણું કેમ હોઈ શકે?"** શું પ્રશ્ન છે? કે જે અપૃથક્ હોય – આત્મા ને આત્માનો ગુણ. એ અપૃથક્ છે. (ગુણ–ગુણી) પૃથક્ નથી. આત્મા અને (એનો) જ્ઞાનગુણ આત્મા અને સત્તાગુણ. આત્મા અને આનંદગુણ એને (આત્માથી) અપૃથક્‌પણું છે. પૃથક્ નથી. જુદાપણું નથી, પૃથક્‌પણું નથી. તો **"જેઓ અપૃથક્ હોય તેમનામાં અન્યપણું કેમ હોઈ શકે?"** જેના પ્રદેશો ભિન્ન છે, પૃથક્ છે એમાં (તો) ભિન્નપણું સંભવે, આ તો તમે આત્માની અંદર (પ્રદેશ એક હોવા છતાં) ભિન્નપણું ઠરાવ્યું! બીજાથી ભિન્નપણું ઠરાવ્યું હોય તો તે ભલે... કહો. આહા...હા...હા...હા! દેવ–ગુરુ ને શાસ્ત્ર, એ પણ પૃથક્‌પણે અન્ય છે. આહા...! એ તો ભલે! પણ, આત્માના ગુણ અને ગુણીમાં પૃથક્‌પણું નથી, છતાં તમે એને અન્યપણું ઠરાવો છો. એ શું છે? એમ પ્રશ્ન છે! આહા...હા...હા!

(કહે છે કે:) **"જેઓ અપૃથક્ હોય તેમનામાં અન્યપણું કેમ હોઈ શકે?"** આત્મા અને ગુણના જુદા પ્રદેશ નથી. જ્ઞાન, દર્શન, આનંદના પ્રદેશ અને દ્રવ્યના પ્રદેશ–ક્ષેત્ર (કાંઈ) જુદા નથી. 'અપૃથક્‌પણું હોય તેમનામાં અન્યપણું કેમ હોઈ શકે? જે જુદા જ નથી, પ્રદેશ–ક્ષેત્ર જુદા જ નથી. એમાં અન્યપણું કેમ સંભવે? એવો પ્રશ્ન શિષ્યનો છે.

(અહીંયાં કહે છે કે:) **"ઉત્તર :– વસ્ત્ર અને સફેદપણાની માફક તેમનામાં અન્યપણું**

**હોઈ શકે છે.''** વસ્ત્ર અને તેનું સફેદપણું એ બે વચ્ચે અન્યપણું છે. સફેદ તેનો ગુણ છે. વસ્ત્ર તે ગુણી છે. ગુણી અને ગુણ વચ્ચે તફાવત છે. **''અન્યપણું હોઈ શકે છે.''** આહા...હા! **''વસ્ત્રના અને તેના સફેદપણાના પ્રદેશો જુદા નથી.''** વસ્ત્રના અને ધોળાપણાના પ્રદેશ જુદા નથી. આહા...હા! **''તેથી તેમને પૃથક્‌પણું તો નથી.'' આમ હોવા છતાં સફેદપણું તો માત્ર આંખથી જ જણાય છે.''** સફેદપણું તો માત્ર આંખનો જ વિષય છે. અને વસ્ત્ર તો પાંચેય ઈન્દ્રિયનો વિષય છે. (તેથી) ભાવ ફેર છે. અહા...હા...હા! આહા...હા! સફેદપણું એ આંખનો વિષય છે. આખું વસ્ત્ર છે ઈ પાંચેય ઈન્દ્રિયનો વિષય છે. ઈ અપેક્ષાએ તેના બે વચ્ચે અતદ્‌ભાવ છે. ભલે પ્રદેશ જુદા નથી (બન્નેના) પણ અતદ્‌ભાવ છે. જે ગુણ છે તે દ્રવ્ય નથી ને દ્રવ્ય છે તે ગુણ નથી. આહા...હા...હા! આવી ઝીણી વાત!! હેતુ તો અંદર દ્રવ્યમાં અભેદપણું સિદ્ધ કરવું છે. પરથી તો જુદાં પાડીને, કરેલ જ છે. એનો કાંઈ ત્યાગ – ગ્રહણ કરવાનો નથી. એમ કહે છે. આહા...હા! પરમાં અનંતા પર છે પ્રદેશે, એનો કોઈ ત્યાગ–ગ્રહણ નથી. ફકત, તારામાં જે કાંઈ.... આહા...હા! રાગ આદિ થાય, એ પ્રદેશ ઈ જ છે. એથી તેને તેના કહેવામાં આવે છે. પણ રાગનો ભાવ ને આત્માનો ભાવ, બે ભિન્ન છે. (બન્ને વચ્ચે) અતદ્‌ભાવ છે. એથી તેણે રાગની દૃષ્ટિ છોડી, અને જ્ઞાયકની દૃષ્ટિ કરવી, ઈ અપેક્ષાએ ગુણી અને ગુણમાં અન્યત્વ છે. આહા...હા..હા!

હવે અહીંયાં તો કહે કે : પરની દયા પાળો! તો ધરમ! હવે અહીંયાં તો (કહે છે કેઃ) પરના તો પ્રદેશ ભિન્ન છે એનું ઈ શું કરે? આહા...! પરની દયા તો પ્રદેશ ભિન્ન છે. તારા પ્રદેશ ને એના પ્રદેશ ભિન્ન છે. (પ્રદેશ ભિન્ન છે) તો એનું શું કરે? આહા...હા! શરીરના પ્રદેશ ને આત્માના પ્રદેશ, બે ભિન્ન છે તો આત્માના પ્રદેશ ઈ શરીરના પ્રદેશને શું કરે? આહા...હા! વાણીના પ્રદેશ ને આત્માના પ્રદેશ ભિન્ન છે માટે વાણીને આત્મા શું કરે? કર્મના ને આત્માના પ્રદેશ જુદા માટે કર્મને આત્મા શું કરે? તેમ, કર્મ આત્માને શું કરે? કેમ કે તેના પ્રદેશ (તો) જુદા છે. આહા...હા! બહુ સરસ!! સૂક્ષ્મ, શબ્દ રહી જાય છે, અનાદિ! જે રીતે છે વસ્તુ, એ રીતે તેને ન સમજતાં, પોતાની કલ્પનાથી, બહાર – પદાર્થના સંબંધે કંઈક લાભ થાય, એવું માની બેઠો (છે) અંદર! પોતે કોણ છે? એને તો જાણતો નથી! આહા...હા!

અહીંયાં તો (કહે છે કે) ગુણ, ગુણી જાણ્યા તો પણ, બન્ને વચ્ચે અતદ્‌ભાવ (છે.) પરની હારે તો સંબંધ નથી. આહા...હા! ઈ પરની દયા પાળવી કે મંદિરો બનાવવા (અને) દર્શન કર્યા માટે ધરમ કરીએ (છીએ, ધર્મ) થાય. એમ છે જ નહીં. આહા...હા! ત્યારે આ બધા લાખો ખર્ચ્યા ને આ છવ્વીસ લાખનું મકાન (પરમાગમ મંદિર) કર્યું લો! ફોગટ ગયું? એનાથી કાંઈ ધરમ નહીં? આહા...હા...હા! જેના પ્રદેશ ભિન્ન, તેનું અસ્તિત્વ ત ન પૃથક્!! તેને તો આત્મા અડતો (ય) નથી. આહા...હા! પૃથક્‌ભાવની અપેક્ષાએ ઈ અન્યપણું છે. આહા...હા...હા! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે. પણ માણસને દરકાર જોઈએને...! અરે...રે!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અહીંયાં કહે છે કે:) **''આમ હોવા છતાં સફેદપણું તો માત્ર આંખથી જ જણાય છે.'' ''જીભ, નાક વગેરે બાકીની ચાર ઈન્દ્રિયોથી જણાતું નથી.''** ઈ વસ્ત્ર ને સફેદપણામાં ફેર પડયો. સફેદપણું માત્ર આંખથી જ જણાય, અને બાકીની ઈન્દ્રિયોથી જણાતું નથી, માટે સફેદાઈ ને વસ્ત્ર વચ્ચે ભિન્નતા થઈ. અતદ્ભાવ થયો. પૃથક્પણું ભલે નહીં. આહા...હા! કયાં લઈ ગયા!! આહા...! ગુણ ને ગુણી(વચ્ચે) અતદ્ભાવ છે! અન્યપણું – બે વચ્ચે અન્યપણું છે. પણ પૃથક્ પ્રદેશની અપેક્ષાએ અન્યપણું નહીં, પણ ભાવની અપેક્ષાએ તેને અન્યપણું છે. આહા...! જે ગુણનો ભાવ છે, તે ગુણીનો ભાવ નહીં ને ગુણીનો ભાવ તે ગુણનો નહીં. આહા...હા...હા! ત્યાં સુધી જા! ઈ, ઈ અતદ્ભાવને છોડી દે!! પૃથક્ પ્રદેશવાળા દ્રવ્ય છે એને તો છોડી જ દે, (અરે!) પંચ પરમેષ્ઠિને પણ છોડી દે!! આ...હા...હા...હા! પણ તારા પ્રદેશમાં – તારા જ પ્રદેશમાં જે ગુણ, જ્ઞાન, આનંદ (છે.) એમાં પણ (દ્રવ્ય અને ગુણને) ભાવ ફેર છે. એ કપડાના દૃષ્ટાંતે, કપડું છે એનું ધોળાપણું ઈ આંખનો વિષય છે, અને **''જીભ, નાક વગેરે બાકીની ઈન્દ્રિયોથી જણાતું નથી.'' અને વસ્ત્ર તો પાંચે ઈન્દ્રિયોથી જણાય છે.''** અને સફેદ જે વસ્ત્ર છે ઈ આખું વસ્ત્ર પાંચેય ઈન્દ્રિયનો વિષય છે. માટે બેમાં ફેર છે બેમાં એકપણું માન તો વિપરીત છે. આહા..હા!

(કહે છે કે:) વસ્ત્ર તો પાંચે ય ઈન્દ્રિયોથી જણાય છે. માટે કથંચિત્ વસ્ત્ર તે સફેદ–પણું નથી. ભાવની અપેક્ષાએ કથંચિત્ એટલે. આહા...હા! વસ્ત્ર તે સફેદપણું નથી.' અને સફેદપણું તે વસ્ત્ર જ નથી. આહા...હા! પહેલાં કહ્યું ઈ વસ્ત્રનું. વસ્ત્ર તે સફેદપણું નહીં. આહા...હા! કેમ કે સફેદ ગુણ તે તો એક આંખથી જ જણાય, અને આખું વસ્ત્ર છે એ તો બધી ઈન્દ્રિયોનો વિષય (થાય છે.) વર્ણ–રસ–ગંધ–સ્પર્શ બધી ઈન્દ્રિયોથી. (વસ્ત્રમાં બધા ગુણો છે.) માટે ઈ વસ્ત્ર અને સફેદાઈ વચ્ચે અતદ્ભાવ છે. અતદ્ભાવની અપેક્ષા તો અન્ય છે. આહા...હા...હા! એ વાણી, દેહ, બૈરાં–બાયડી–છોકરાં (આદિ) કયાં'ય (દૂર) રહી ગયા! મકાન, આબરૂ ને પૈસા ને આ વકીલાત કરતા'તા ને... એ અન્યમાં વયું ગયું (ચાલ્યું ગયું) કહે છે. અહા...હા! એ અન્યમાં – પૃથક્પ્રદેશમાં (છે તેની સાથે) આત્માને કાંઈ સંબંધ નથી, એમ કહે છે. આહા..હા! કે અમારો દીકરો સારો થયો ને મારી દીકરી.... ઠેકાણે પડી ને આ છોકરાં હુશિયાર થયાં ને...! આહા... દશા શું હશે, આ? **(શ્રોતા:)** છોકરાં ઠોઠ થયાં એમ કહેવું? **(ઉત્તર:)** છોકરાં'વ કે દિ' હતા? આનો આત્મા જુદો, એનો આત્મા જુદો, એનું શરીર જુદું, તમારા આ શરીરથી એનું શરીર તો જુદું (છે) ને તમારા આત્માથી એનો આત્મા જુદો (છે.) અહા...હા...હા! આવું છે. **(શ્રોતા:)** છોકરાં'વ આવે તો સમજાય શું? **(ઉત્તર:)** હેં? **(શ્રોતા:)** છોકરાં'વનું સમજાવજો! **(ઉત્તર:)** અહા...હા...હા...હા! આ બધાને સમજાવવાનું કારણ કેમ કહેવું....! અહા...હા! આહા...હા! પ્રભુ તો એમ કહેવા માગે છે (કે:) તારા તત્ત્વને અને બીજા તત્ત્વને કાંઈ સંબંધ નથી. જેના પ્રદેશ ભિન્ન, ક્ષેત્ર ભિન્ન, જેના ભાવ ભિન્ન, જેનું દ્રવ્ય ભિન્ન!! આહા...હા...હા...હા! કોની આશાએ તું જંગ કરીશ? પરની આશાએ? પર તો ભિન્ન છે. દેવ–ગુરુ–શાસ્ત્રથી મને લાભ થાય, એ વાત આમાં રહેતી નથી. આહા...હા...હા...હા! પરમેશ્વરના પ્રદેશો – પંચ પરમેષ્ઠિના પ્રદેશો જુદા છે. તારા પ્રદેશો જુદા છે, ક્ષેત્ર બે ય નું જુદું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. હવે ભાવની વાત રહી, તો ભાવમાં પ્રદેશ તો એ જ છે તારાના ને ભાવના, આત્માના. એના ભાવ ને આત્માના પ્રદેશ એક છે. પણ ભાવ અને ભાવવાન વચ્ચે પૃથક્ત્વ નથી, પણ અતદ્ભાવપણું છે. આહા...! એથી એટલું પણ અતદ્ભાવપણે અન્યત્વ છે. આહા...હા...હા! આવી વાતું હવે!

ન્યાં તો દુકાને જાય એ... એ ધમાધમ! આ મેં કર્યું ને આનું મે કર્યું ને, આમાં આમ કર્યું... આ કેમ? તને આવડયું નહીં ને આ પડી ગયું ને આ કટકા થઈ ગયા ને...ઢીકડું થયું ને...! પણ પરના પ્રદેશ જુદા છે, એને અડતું નથી (આત્મ) દ્રવ્ય! તો એને ભાંગે ને તોડે–રાખે એ બને કયાંથી? આહા...હા...હા! **'તણખલાના બે કટકા કરવાની તાકાત આત્મામાં નથી.'** કેમ કે તણખલાના પ્રદેશ જુદા છે ને (આત્મ) પ્રભુના પ્રદેશ જુદા છે. આહા...હા...હા! એક આત્મા સિવાય, સારા જગતથી તું (અરે!) સિદ્ધભગવાનથી ય જુદો, આહા...હા! પંચપરમેષ્ઠિથી જુદો, અરે, તે તે પંચપરમેષ્ઠિનું સ્વરૂપ છે તારું! અને તે ભાવ અને ભાવવાન, આ પરમેશ્વરનું સર્વજ્ઞપણું અને આત્મા, બે વચ્ચે પણ અતદ્ભાવ છે. આહા...હા...હા...હા! શું કીધું ઈ? આત્મામાં સર્વજ્ઞપણું થયું એ કેવળજ્ઞાન ને આત્માના પ્રદેશ એક છે. છતાં સર્વજ્ઞપણું તે(આત્મ) દ્રવ્ય નહીં ને દ્રવ્ય તે સર્વજ્ઞપણું નહીં. બે વચ્ચે ભાવમાં અતદ્ભાવ છે. તે–ભાવ, તે–છે એમ નથી. તે–ભાવ, તેમ–નથી એમ છે. આહા...હા! મીઠાલાલજી! આવું સાંભળવાનું (મળવું) બહુ મુશ્કેલ ભાઈ! બહારથી– કરવું ને ઈ ક્રિયા ને... ભગવાનની પાણી રેડે ને સ્વાહા! (અર્ધ્ય ચડાવે) એ તો શુભ ભાવ છે. એ શુભભાવ ને આત્માના પ્રદેશ એક છે. પણ ભાવ ભિન્ન છે. ભાવ છે તે વિકારી પર્યાય અને આત્મા અવિકારી દ્રવ્ય છે. અરે! અવિકારી પરિણામ હોય, એનાથી આત્માના પ્રદેશ ભિન્ન નથી, છતાં એ બે વચ્ચે ભાવમાં અતદ્ભાવ છે. આહા...હા...હા! ભગવાન આત્મા, સર્વજ્ઞસ્વભાવ તરીકે, ભાવ અન્ય છે તેથી અતદ્ભાવની અપેક્ષાએ, તે ભાવથી અન્ય કહેવામાં આવ્યો છે. આહા...હા...હા! જ્ઞેયનું સ્વરૂપ છે આ. એ જ્ઞેયસ્વરૂપની આવી પ્રતીતિ જે થાય, તેને સમકિત કહે છે. સમ્યગ્દર્શનનો વિષય છે આ. આહા...હા! લોકોને મૂળ વાતની ખબર નહીં ને, જાડના પાંદડા તોડે છે, એ પાંદડા પાછા પાંગરશે પંદર દિ' એ! આહા...હા!

(અહીંયાં કહે છે કેઃ) **"માટે કથંચિત્ વસ્ત્ર તે સફેદપણું નથી અને સફેદપણું તે વસ્ત્ર નથી. જો એમ ન હોય તો વસ્ત્રની માફક સફેદપણું પણ જીભ, નાક વગેરે સર્વ ઈન્દ્રિયોથી જણાવું જોઈએ." "પણ એમ તો બનતું નથી. માટે વસ્ત્ર અને સફેદપણાને અપૃથક્પણું હોવા છતાં અન્યપણું છે."** વસ્ત્ર અને ધોળાપણું જુદાં નહીં હોવા છતાં, પ્રદેશ ભિન્ન નથી માટે અપૃથક્ છે છતાં અન્યપણું છે. આહા...હા...હા!

(કહે છે) અત્યારે તો સત્ય વાતને, ઊડાડી દ્યે, માળા મશ્કરી કરીને, નિશ્ચય છે, આ નિશ્ચયાભાસ છે એમ કહે છે. (માટે) વ્યવહાર કરો, કાંઈ કરો બોલે છે ઈ આગ્રામાં. આગ્રામાં એક પંડિત છે. (તે મશ્કરીમાં) બોલે 'ભારે વાત, ભણવું–ગણવું કાંઈ નહીં... આનંદ (આનંદ!)'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા...હા! અરે! બ્રાહ્મણ કો'ક હતા આગ્રામાં. **(શ્રોતાઃ)** બાબુરાવ. **(ઉત્તરઃ)** કેવું? બાબુરાવ **(શ્રોતાઃ)** બાબુરાવ પંડિત! હતા ને બાબુરાવ, પંડિત છે આગ્રામાં **(ઉત્તરઃ)** હા, ઈ. વ્યાખ્યાન થયું, સાંભળ્યું. ભારે વાત! કહે ભણવું–ગણવું કાંઈ નહીં ને આનંદ! આ...હા! ભાઈ! તું શું કરે છે ભાઈ! ભગવાન! તને તારા સિવાય, જેના પ્રદેશો ભિન્ન છે, એનામાં તારો અધિકાર કાંઈ નથી. તારામાં અધિકાર છે ગુણ–ગુણીનો આહા...હા! છતાં તે ગુણ અને ગુણીને, એક ભાવ છે એમ નથી. બેના ભાવ ભિન્ન છે. આહા...હા...હા!

(કહે છે કેઃ) અરે! બાળ અવસ્થા તે કયાં ગઈ? એવી વાત સિદ્ધ કરે છે. વારતા નથી આ. આહા..હા! બાપુ! (આ તો) સિદ્ધાંત, મંત્રો છે! ભગવંત! તું આત્મા ને જ્ઞાન, બે નામ કહ્યા ઈ સંખ્યા, સંજ્ઞા, લક્ષણથી ભિન્ન છે. ગુણ અનંત છે, દ્રવ્ય એક છે. એનું નામ 'ગુણ' છે ને એનું નામ 'દ્રવ્ય' છે, ભેદ થઈ ગયો. આહા...હા...હા! સંજ્ઞા, સંખ્યા, લક્ષણ ભેદ છે. દ્રવ્યનું લક્ષણ ગુણોને આશ્રયગુણોનું લક્ષણ પોતે–પોતાપણે રહે. (જેમ કે) જ્ઞાન જાણપણું–પણે, દર્શન શ્રદ્ધા–પણે વગેરે. આહા...હા! માટે વસ્ત્રને અને સફેદપણાને અપૃથક્‌પણું એટલે જુદાપણું નથી, બની શકે છે છતાં અન્યપણું છે. **''એમ સિદ્ધ થાય છે.''**

(અહીંયાં કહે છે કેઃ) **''એ જ પ્રમાણે.''** ઈ તો દૃષ્ટાંત આપ્યો'તો. આહા...હા! આહા...હા...હા! ભારે કામ આકરું!! ઈ પાણી આવે ને અનાજ પાકે. (અર્થાત્ વરસાદથી પાક પાકે.) એમ કહે છે બનતું નથી. અહાહાહાહા! પર વસ્તુથી પરવસ્તુમાં કાંઈ બનતું નથી. આ તો તારી ચીજની અંદર પણ (અતદ્‌ભાવ) ભેદ બતાવીએ છીએ. કેમ કે દ્ર વ્ય ને ગુણ એવા (બે) નામ પડયા, દ્રવ્ય તે અનંત ગુણનું (રૂપ) એક છે, ગુણો અનંતા છે. બેય ની વચ્ચે અતદ્‌ભાવ(છે.) એટલે 'તે–પણે નહીં (હોવું તે)' ગુણ તે દ્રવ્ય નહીં ને દ્રવ્ય છે તે ગુણ નહિ. 'તે–ભાવ નહીં' તેથી અતદ્‌ભાવ! (અથવા) 'તે–ભાવ નહીં' તેથી અતદ્‌ભાવ. છતાં ઈ અતદ્‌ભાવને લઈને, દ્રવ્ય અને ગુણને અન્યત્વ કહેવાય છે. આહા..હા..હા! પૃથક્‌પણું નથી, અતદ્‌ભાવ છે. તેથી તેને અન્યપણું કહેવામાં આવે છે. આવી વાત હવે કયાં'ય નવરાશ ન મળે! આકરું લાગે લોકોને! મૂળ–મૂળ વસ્તુ છે આ તો મૂળ ચીજ છે! આહા...હા!

(કહે છે) આખું – ગુણ, ગુણીના ભેદને ઊથાપી નાખ્યો. પર ચીજને ઊથાપી. આહા...હા! પરને અને તારે કાંઈ સંબંધ નથી. આ હું (દાળને) હલાવી દાળ–ભાત ખા. બળખો કાઢયો, એને ને તારે કાંઈ સંબંધ નથી. આહા...હા...હા...હા! એના પ્રદેશો ભિન્ન, એનું (તું) કરી શું શક! (શકે?) એને અડતો નથી ને કરી શું શક? (શકે?) આહા...હા! પાણી ઊનું થાય છે. પાણીના પ્રદેશ જુદા છે અને અગ્નિના પ્રદેશ જુદા છે. (ઈ તો) પૃથક્ પ્રદેશ છે. પૃથક્ પ્રદેશ છે તેથી ઈ અન્ય છે. અન્યથી અન્યનું કાંઈ બને કેમ? આહા...હા! એ થયું છે ઊનું પોતે, પોતાથી. છતાં ઈ (પાણીનો) ઊનાનો ભાવ અને દ્રવ્ય, (એ) બે વચ્ચે પણ અતદ્‌ભાવ અન્યત્વ છે. આહા..હા..હા! આવો ઉપદેશ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા...! મૂળ રકમની વાત છે! જ્ઞેય અધિકારની વાત છે દર્શનની વાત છે! **'સમ્યગ્દર્શનનો અધિકાર છે ને...!!** આહા...હા! એમણે આ રીતનો ખ્યાલ (કરી) પ્રતીતિ કરવી જોઈએ. એમ કહે છે.

(અહીંયાં કહે છે કેઃ) **''એ જ પ્રમાણે દ્રવ્યને અને સત્તાદિગુણોને અપૃથક્ત્વ હોવા છતાં''** વસ્તુમાં સત્તા આદિ પહેલાં, જ્ઞાન-દર્શન આદિ અપૃથક્ત્વ હોવા છતાં **''અન્યત્વ છે.''** અપૃથક્(ત્વ) હોવા છતાં – જુદાં નહીં હોવા છતાં અન્યપણું છે. આહા..હા...હા...હા! **''કારણ કે દ્રવ્યના અને ગુણના પ્રદેશો ભિન્ન હોવા છતાં દ્રવ્યમાં અને ગુણમાં''. સંજ્ઞા** – નામભેદ કીધા ને...! **''સંખ્યા''** દ્રવ્ય એક ગુણ અનેક **''લક્ષણાદિ''** દ્રવ્યને આધારે ગુણ, ને ગુણનો આધાર તે દ્રવ્ય, **द्रव्याश्रया निर्गुणा गुणाः** દ્રવ્યને આશ્રયે ગુણ હોય પણ ગુણના આશ્રયે ગુણ (ન હોય.) ભેદ પડી ગયો. આહા...હા! **''સંજ્ઞા-સંખ્યા-લક્ષણાદિ ભેદ હોવાથી (કથંચિત્) દ્રવ્ય તે ગુણપણે નથી.''** આહા...હા! અતત્ભાવની અપેક્ષાએ કથંચિત્ (કહ્યું.) પ્રદેશપણે તે એક છે. ગુણો અને આત્માના પ્રદેશો એક જ છે. પણ 'કથંચિત્' એટલે? ગુણ અને ગુણી વચ્ચે 'ભાવ' એક નથી. ઈ અપેક્ષાએ કથંચિત્ ગુણ તે દ્રવ્ય નથી, દ્રવ્ય ગુણપણે નથી. **''અને ગુણ તે દ્રવ્યપણે નથી.''** આહા...હા! ઈ ૧૦૬ (ગાથા) થઈ.

વિશેષ કહેશે....

ॐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે અતદ્ભાવને ઉદાહરણ વડે સ્પષ્ટ રીતે દર્શાવે છેઃ–

**सद्दव्वं सच्च गुणो सच्चेव य पज्जओ त्ति वित्थारो ।**
**जो खलु तस्स अभावो सो तदभावो अतब्भावो ॥१०७॥**

**सद्रव्यं सच्च गुणः सच्चैव च पर्याय इति विस्तारः ।**
**यः खलु तस्याभावः स तदभावोऽतद्भावः ॥१०७॥**

**'સત્ દ્રવ્ય'; 'સત્ પર્યાય'; 'સત્ ગુણ' – સત્ત્વનો વિસ્તાર છે;**
**નથી તે–પણે અન્યોન્ય તેહ અતત્પણું જ્ઞાતવ્ય છે. ૧૦૭.**

## ગાથા ૧૦૭

**અન્વયાર્થ :–** (**सत् द्रव्यं**) 'સત્ દ્રવ્ય (**सत् च गुणः**) 'સત્ ગુણ' (**च**) અને (**सत् च एव पर्यायः**) 'સત્ પર્યાય' – (**इति**) એમ (**विस्तारः**) (–સત્તાગુણનો) વિસ્તાર છે. (**यः खलु**) (તેમને પરસ્પર) જે (**तस्यः अभावः**) 'તેનો અભાવ' અર્થાત્ 'તે–પણે હોવાનો અભાવ' છે, (**सः**) તે (**तदभावः**) 'તદ્–અભાવ' (**अतद्भावः**)એટલે કે 'અતદ્ભાવ' છે.

ટીકા :– જેમ એક *મૌક્તિકમાળા, 'હાર' તરીકે, 'દોરા' તરીકે અને 'મોતી' તરીકે – એમ ત્રિધા (ત્રણ પ્રકારે) વિસ્તારવામાં આવે છે, તેમ એક દ્રવ્ય, 'દ્રવ્ય' તરીકે 'ગુણ' તરીકે અને 'પર્યાય' તરીકે – એમ ત્રિધા વિસ્તારવામાં આવે છે.

વળી જેમ એક મૌક્તિકમાળાનો શુકલત્વ–ગુણ, 'શુકલ હાર', 'શુકલ દોરો' અને 'શુકલ મોતી' – એમ ત્રિધા વિસ્તારવામાં આવે છે, તેમ એક દ્રવ્યનો સત્તાગુણ, 'સત્ દ્રવ્ય', 'સત્ ગુણ' અને 'સત્ પર્યાય' – એમ વિસ્તારવામાં આવે છે.

વળી જેવી રીતે એક મૌક્તિકમાળામાં જે શુકલત્વગુણ છે તે હાર નથી, દોરો નથી કે મોતી નથી. અને જે હાર, દોરો કે મોતી છે તે શુકલત્વગુણ નથી – એમ એકબીજાને જે 'તેનો અભાવ' અર્થાત્ 'તે–પણે હોવાનો અભાવ' છે તે 'તદ્–અભાવ' લક્ષણ 'અતદ્ભાવ' છે કે જે (અતદ્ભાવ) અન્યત્વનું કારણ છે; તેવી રીતે એક દ્રવ્યમાં જે સત્તાગુણ છે તે દ્રવ્ય નથી, અન્ય ગુણ નથી કે પર્યાય

* મૌક્તિકમાળા મોતીની માળા; મોતીનો હાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી, અને જે દ્રવ્ય, [1]અન્ય ગુણ કે પર્યાય છે તે સત્તાગુણ નથી – એમ એકબીજાને જે 'તેનો અભાવ' અર્થાત્ 'તે–પણે હોવાનો અભાવ' છે તે 'તદ્–અભાવ' [2]લક્ષણ 'અતદ્ભાવ' છે કે જે અન્યત્વનું કારણ છે.

**ભાવાર્થ :–** એક આત્માને વિસ્તારકથનમાં 'આત્મદ્રવ્ય' તરીકે, 'જ્ઞાનાદિગુણ' તરીકે અને 'સિદ્ધત્વાદિપર્યાય' તરીકે – એમ ત્રણ પ્રકારે વર્ણવવામાં આવે છે. એ જ પ્રમાણે સર્વ દ્રવ્યો વિષે સમજવું.

વળી એક આત્માના હયાતી ગુણને 'હયાત આત્મદ્રવ્ય' 'હયાત જ્ઞાનાદિગુણ' અને 'હયાત સિદ્ધત્વાદિપર્યાય' – એમ ત્રણ પ્રકારે વિસ્તારવામાં આવે છે. એ જ પ્રમાણે સર્વ દ્રવ્યો વિષે સમજવું.

વળી એક આત્માનો જે હયાતીગુણ છે તે આત્મદ્રવ્ય નથી, (હયાતીગુણ સિવાયનો) જ્ઞાનાદિગુણ નથી કે સિદ્ધત્વાદિપર્યાય નથી, અને જે આત્મદ્રવ્ય છે, (હયાતી સિવાયનો) જ્ઞાનાદિગુણ છે કે સિદ્ધત્વાદિપર્યાય છે તે હયાતીગુણ નથી – એમ પરસ્પર તેમને અતદ્ભાવ છે કે જે અતદ્ભાવને લીધે તેમને અન્યત્વ છે. આ જ પ્રમાણે સર્વ દ્રવ્યો વિષે સમજવું.

આ રીતે આ ગાથામાં સત્તાનું ઉદાહરણ લઈને અતદ્ભાવને સ્પષ્ટ રીતે સમજાવ્યો.

(અહીં એટલું વિશેષ છે કે જે સત્તાગુણ વિષે કહ્યું તે અન્ય ગુણો વિષે પણ યોગ્ય રીતે સમજવું જેમ કે :– સત્તાગુણની માફક, એક આત્માના પુરુષાર્થગુણને 'પુરુષાર્થી આત્મદ્રવ્ય', 'પુરુષાર્થી જ્ઞાનાદિગુણ' અને પુરુષાર્થી સિદ્ધત્વાદિપર્યાય' – એમ વિસ્તારી શકાય છે. અભિન્ન પ્રદેશો હોવાને લીધે આમ વિસ્તાર કરવામાં આવે છે, છતાં સંજ્ઞા–લક્ષણ–પ્રયોજનાદિ ભેદ હોવાને લીધે પુરુષાર્થગુણને તથા આત્મદ્રવ્યને, જ્ઞાનાદિ અન્યગુણને કે સિદ્ધત્વાદિપર્યાયને અતદ્ભાવ છે કે જે અતદ્ભાવ તેમનામાં અન્યત્વનું કારણ છે.) ૧૦૭.

---

૧. અન્યગુણ  સત્તા સિવાયનો બીજો કોઈપણ ગુણ.

૨. તદ્–અભાવ  તેનો અભાવ. [तद्-अभावः  तस्य अभावः] [તદ્–અભાવ અતદ્ભાવનું લક્ષણ (અથવા સ્વરૂપ) છે. અતદ્ભાવ અન્યત્વનું કારણ છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૨૭–૬–૭૯.

'પ્રવચનસાર' ગાથા–૧૦૭.

**''હવે અતદ્ભાવને ઉદાહરણ વડે સ્પષ્ટ રીતે દર્શાવે છે:–** દાખલો આપે છે.

**सद्दव्वं सच्च गुणो सच्चेव य पज्जओ त्ति वित्थारो ।**
**जो खलु तस्स अभावो सो तदभावो अतब्भावो ॥१०७॥**

**'સત્ દ્રવ્ય, 'સત્ પર્યાય', 'સત્ ગુણ' – સત્ત્વનો વિસ્તાર છે;**
**નથી તે–પણે અન્યોન્ય તેહ અતત્પણું જ્ઞાતવ્ય છે. ૧૦૭.**

આહા...હા! આચાર્યોએ કેટલી કરુણા કરીને, આટલું સ્પષ્ટ કરવા માટે (આ ટીકા રચી વિસ્તારથી સમજાવ્યું) છતાં કહે : અમે કર્ત્તા નથી હોં! ઈ ટીકાના કર્ત્તા અમે નથી, કાંઈ! કેમ કે અક્ષરના પ્રદેશો જુદા છે, અમારાથી ઈ પૃથક્ છે. અક્ષરના પ્રદેશ અને આત્માના પ્રદેશ બે ત ન ભિન્ન છે. ઈ અક્ષરને અક્ષર (કરે) અમે કર્ત્તા નથી. આહા...હા! અમે જાણવાનું કામ કરીએ છીએ, અમારા આત્માના ગુણ વડે, એ ગુણને પણ અતદ્ભાવ છે આત્માથી. આહા...હા! તો પૃથક્તાની ક્રિયા તો (અમારાથી) કયાં'ય દૂર રહી. આહા...હા! ગોખી રાખે, આ હાલે એવું નથી હોં? અંદર એને બેસારવું જોઈએ. આહા...હા...હા!

**ટીકા :– ''જેમ એક મૌકિતકમાળા''.** મોતીની માળા.'' **'હાર' તરીકે, 'દોરા' તરીકે અને 'મોતી' તરીકે.'' – એમ ત્રિધા (ત્રણ પ્રકારે) વિસ્તારવામાં આવે છે.''** છે ને...? (પાઠમાં) (જુઓ!) એક મોતીની માળા, હાર તરીકે(એટલે) એને હાર કહેવાય. 'દોરો છે અને મોતી છે' એમ ત્રિધા પ્રકારે વિસ્તારવામાં આવે છે. **''તેમ એક દ્રવ્ય, 'દ્રવ્ય' તરીકે, 'ગુણ' તરીકે અને 'પર્યાય' તરીકે – એમ ત્રિધા વિસ્તારવામાં આવે છે.''** ઓહોહોહો!

એકલો આત્મા, એક–એક ચેતનદ્રવ્ય, તે સત્દ્રવ્ય, સત્ગુણ, સત્પર્યાય–સત્નો વિસ્તાર છે. છે ને એની અંદર? (પાઠમાં) આહા...! સત્દ્રવ્ય (અર્થાત્) અનંતગુણનું એકરૂપ. અનંત ગુણ ને એની પર્યાય, (એટલે) દ્રવ્ય સત્, ગુણ સત્ ને પર્યાય સત ્! આહા...! **''તેમ એક દ્રવ્ય, દ્રવ્ય તરીકે, ગુણ તરીકે અને પર્યાય તરીકે – એમ ત્રિધા વિસ્તારવામાં આવે છે.''**

(અહીંયાં કહે છે કે:) **''વળી જેમ એક મૌકિતકમાળાનો શુક્લત્વગુણ.''** આહા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'શુક્લ હાર', 'શુક્લ દોરો' અને 'શુક્લ મોતી'** મોતીની માળામાં શુક્લત્વગુણ એટલે શુક્લત્વગુણ – ધોળા મોતી, (ધોળો દોરો, ધોળો હાર) – **"એમ ત્રિધા વિસ્તારવામાં આવે છે."** આહા...હા! માળા એક છે. પણ એમાં મોતીની ધોળાશ, હાર ધોળો, દોરો ધોળો અનેમોતી ધોળું. **"એમ ત્રિધા વિસ્તારવામાં આવે છે." તેમ એક દ્રવ્યનો સત્તાગુણ, 'સત્ દ્રવ્ય,'** સત્તા ગુણ – સત્તાગુણ લીધો છે હાર. તેમ એક દ્રવ્યનો સત્તાગુણ **'સત્ દ્રવ્ય', 'સત્ ગુણ' અને 'સત્ પર્યાય' – એમ ત્રિધા વિસ્તારવામાં આવે છે.**

શું કીધું ઈ? મોતીની માળા એટલે હાર છે. એને ત્રણ પ્રકારે જાણવામાં આવે છે. એક તો હાર છે. પછી દોરો છે. અને મોતી છે. ત્રણ પ્રકાર થયા ને...! છે તો હાર એક એના ત્રણ પ્રકાર! એમ ભગવાન આત્મા. આહા...હા! (દ્રવ્ય એક પણ ત્રણ પ્રકાર દ્રવ્ય–ગુણ–પર્યાય.).

(અહીંયાં કહે છે કે:) **"વળી જેવી રીતે એક મૌકિતકમાળામાં જે શુક્લત્વગુણ છે તે હાર નથી."** આહા...હા...હા! પરદ્રવ્ય છે ઈ તો આત્મામાં નથી, એ તો નાસ્તિ ત્રણે કાળ. આહા...હા! પણ ઈ પછી (કહેશે.) આ તો દૃષ્ટાંત છે. **"દોરો નથી કે મોતી નથી."** શુક્લગુણ તે હાર નથી, શુક્લગુણ તે દોરો નથી, શુક્લગુણ તે મોતી નથી. **"અને જે હાર, દોરો કે મોતી છે તે શુકલત્વગુણ નથી."** એમ પરસ્પર એકબીજાનો અભાવ **"–એમ એકબીજાને જે 'તેનો અભાવ' અર્થાત્ 'તે–પણે હોવાનો અભાવ' છે"** આહા...હા! તેથી સફેદપણું હારપણે થઈ જાય ને હાર, સફેદપણે થઈ જાય એકલો, અને દોરો સફેદ છે ઈ હારપણે થઈ જાય, મોતીપણે થઈ જાય, એમ બનતું નથી. આહા...હા! દ્રવ્ય અભાવ થઈ જાય, આહા...હા! **"તે 'તદ્–અભાવ' લક્ષણ"** દોરાનું, મોતીનું ને હારનું 'તદ્–અભાવ' લક્ષણ, તે તદ્–અભાવ લક્ષણ **"અતદ્ભાવ છે."** અતદ્ભાવ લક્ષણ (એટલે કે) તદ્–અભાવ લક્ષણ, (એ જા અતદ્ભાવ છે. આહા...હા! ધોળો (વર્ણ) તે હાર નહીં ને હાર તે ધોળાપણું નહીં એટલો ફેર છે ને બેયમાં. એ રીતે તદ્અભાવ લક્ષણ, દ્રવ્ય તે ભાવ નહીં ને ભાવ તે દ્રવ્ય નહીં ઈ તદ્–અભાવ લક્ષણ, અતદ્ભાવ છે. એને અતદ્ભાવ કહેવાય છે. આહા...હા...હા! કેટલાકે તો આ વાંચ્યું જ ન હોય. પુસ્તક પડયું હોય! **(શ્રોતાઃ)** વાંચે તો સમજાય નહીં...! **(ઉત્તરઃ)** સમજાય નહીં, હા, સમજવા નિશાળે નથી જાતા? સમજે માટે નિશાળે જાય છે કે નહીં? (જાય છે.) કે આ શું કહેવાય છે આ! ક, ખ, ગ, ઘ એમ બોલતા નથી? એ શીખવા જાય છે કે નહીં? **(શ્રોતાઃ)** જાય છે (પ્રભુ!) **(ઉત્તરઃ)** તો આ સમજવા માટે ભણવું પડે કે નહીં? આહા...હા! આહા...! **"કે જે અતદ્ભાવ અન્યત્વનું કારણ છે."** આહા...હા! શું સિદ્ધ કરી છે વાત!!

(કહે છે) ગુણ, ગુણી વચ્ચે અતદ્ભાવ, તે જ તદ્–અભાવ લક્ષણ, તદ્–અભાવ લક્ષણ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને...? હાર તે દોરો નહીં ને હાર, દોરો સફેદ, તે સફેદ તે હાર નહીં. ઈ તદ્અભાવ લક્ષણ (એ જા અતદ્ભાવ છે. આહા...હા! **"કે જે અતદ્ભાવ અન્યત્વનું કારણ છે."** અન્યત્વનું કારણ (ઈ) છે. આહા...હા...હા! એ ગુણ જુદો ને આત્મા જુદો એમ અન્યત્વ, આત્માની અંદર સત્દ્રવ્ય, સત્ગુણ, સત્પર્યાય (છે.) છતાં ત્રણેયને અન્યપણું છે. દ્રવ્ય ને ગુણ વચ્ચે અને દ્રવ્ય–ગુણ ને પર્યાય વચ્ચે અતત્પણું છે. આહા...હા...હા! આમ કહ્યું ને 'સત્ દ્રવ્ય', 'સત્ ગુણ', 'સત્ પર્યાય'. સત્નો જ વિસ્તાર છે. છતાં દ્રવ્ય તે ગુણ નથી, ગુણ તે પર્યાય નથી, પર્યાય તે ગુણ નથી ગુણ તે દ્રવ્ય નથી. આહા...હા...હા! **ભેદ–જ્ઞાન ક્યાં સુધી લઈ ગયા છે!!** પરથી તો જુદો પાડયો, પણ પોતાના જે ભેદ છે ગુણ–ગુણીના એનાથી (પણ) જુદો પાડયો. આહા...હા! એને પણ છોડ! (દૃષ્ટિમાંથી) આહા...હા...હા! ભગવાન અંદર આત્મા! નિર્વિકલ્પ અને અભેદપણે બિરાજે છે. તેની ઉપર દૃષ્ટિ કર. તેનો આદર કર. તેનો સ્વીકાર ને સત્કાર કર. ત્યારે તે ચીજનો (આત્માનો) આદર થતાં તેને સત્દર્શન થશે. જેવું એ સ્વરૂપ છે, એવું જ તને દર્શન થશે ને પ્રગટશે. સમ્યગ્દર્શન! દર્શન એટલે શ્રદ્ધા! આહા...હા! એથી સત્શ્રદ્ધા ને ત્યારે સત્યદર્શન થાશે ત્યારે સત્ દેખાશે. જેવું અખંડ સત્ (સ્વરૂપ) છે તેવું સત્ શ્રદ્ધાશે. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"તેવી રીતે એક દ્રવ્યમાં જે સત્તાગુણ છે તે દ્રવ્ય નથી."** સત્તા, અસ્તિત્વગુણ છે. એક છે. ઈ દ્રવ્ય નથી, દ્રવ્ય અનંતગુણ(સ્વરૂપ) છે. આહા...હા! **"અન્ય ગુણ નથી."** સત્તાગુણ છે તે અનેરાગુણપણે નથી. સત્તાગુણ, સત્તાગુણરૂપે છે. સત્તાગુણ, જ્ઞાન–દર્શન–આનંદ (ગુણ) પણે નથી. સત્તાગુણ દ્રવ્યપણે પણ નથી ને સત્તાગુણ, અનેરાગુણપણે પણ નથી. આહા...હા...હા! એમ જ્ઞાનગુણ, દ્રવ્યપણે નથી, તેમ જ્ઞાનગુણ, સત્તા આદિ બીજાગુણપણે નથી. આહા...હા! દરેક ગુણની ભિન્નતા છે. (એક ગુણ બીજાગુણપણે નથી.) આહા...હા! આમાં તો ભઈ વખત જોઈએ, નિવૃત્તિ જોઈએ, અભ્યાસ કરે તો બેસે એવું છે! આહા...હા! આ કાંઈ લૌકિક ભણતર નથી. આહા...હા! **"જે સત્તાગુણ છે."** આહા...હા! **તે દ્રવ્ય નથી. અન્યગુણ નથી."** સત્તાગુણ તે સત્તાગુણ (જા છે. અન્ય ગુણ નથી. આહા...! ગુણ–ગુણ વચ્ચે પણ અતદ્ભાવ છે. આહા...હા! દ્રવ્ય ને ગુણ વચ્ચે અતદ્ભાવ અને ગુણ–ગુણ વચ્ચે અતદ્ભાવ. આહા...હા...હા! **"કે પર્યાય નથી."** સત્તાગુણ જે છે ઈ સત્તાગુણપણે છે તે દ્રવ્યપણે નથી, અન્યગુણપણે નથી અને પર્યાય નથી. પોતે ગુણ છે. અનેરાગુણપણે નથી ને પર્યાય(પણે) નથી. આહા...હા...હા!

(કહે છે કે:) ભણ્યા–ગણ્યા શાથી કહીએ એને? દ્રવ્યની વાત. ઓલું તો સહેલું પડે એને.

(અહીંયાં કહે છે કે:) **"અને જે દ્રવ્ય, અન્યગુણ કે પર્યાય છે તે સત્તાગુણ નથી."** દ્રવ્ય છે ઈ અન્યગુણ કે પર્યાય થઈ તે સત્તાગુણ નથી. અન્યગુણ એટલે સત્તાગુણ સિવાય કોઈપણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણ, તે સત્તાગુણ નથી. અને પર્યાય છે તે સત્તાગુણ નથી, **"–એમ એકબીજાને જે 'તેનો અભાવ' અર્થાત્ 'તે–પણે હોવાનો અભાવ'** સત્તા (અન્ય) ગુણપણે નહીં, સત્તા દ્રવ્યપણે નહીં, સત્તા પર્યાયપણે નહીં. આનંદગુણ, દ્રવ્યપણે નહીં, આનંદગુણ જ્ઞાન(ગુણ) પણે નહીં, આનંદગુણ પર્યાયપણે નહીં. આહા...હા...હા! **આનું નામ ભેદજ્ઞાન કહેવાય.** ઝીણું ઝીણું!! પરથી જુદો, તારા ગુણથી પણ ગુણ–ગુણથી જુદો! હવે ભેદપણું છોડી દે! આહા...હા! એ બધા ગુણોનો પિંડ, તે દ્રવ્ય છે. દ્રવ્યને ગુણ ન કહેવાય. ગુણોને દ્રવ્ય ન કહેવાય. ને ગુણોને પર્યાય ન કહેવાય. આહા...હા! **"એમ એકબીજાને જે 'તેનો અભાવ' અર્થાત્ 'તે–પણે હોવાનો અભાવ' છે તે તદ્–અભાવ લક્ષણ."** (અથવા) તદ્–અભાવ લક્ષણ આ ભાવ તે આ નહીં એવું તદ્–અભાવ લક્ષણ, એકબીજાની વચ્ચે તદ્–અભાવ લક્ષણ, આહા...હા! એ **"અતદ્ભાવ છે"** બે વચ્ચે અભાવ, તદ્–અભાવ લક્ષણ જેનું તદ્–અભાવ લક્ષણ એ **"અતદ્ભાવ' છે કે જે અન્યત્વનું કારણ છે."** જે અનેરાપણાનું કારણ છે. આહા...હા! દ્રવ્યથી ગુણ અનેરો, ગુણથી દ્રવ્ય અનેરું. આહા...હા...હા! કો' ભાવાર્થ આવ્યો!

**ભાવાર્થ :– "એક આત્માને વિસ્તારકથનમાં"** એક આત્માને વિસ્તારવામાં આવે તો **'આત્મદ્રવ્ય' તરીકે, 'જ્ઞાનાદિગુણ' તરીકે અને 'સિદ્ધત્વાદિપર્યાય' તરીકે એમ ત્રણ પ્રકારે વર્ણવવામાં આવે છે. એ જ પ્રમાણે સર્વ દ્રવ્યો વિષે સમજવું."** આહા...હા! બધાં દ્રવ્યો, દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે.... આહા...હા! જ્યારે જુઓ ત્યારે, એના સમયે પર્યાય, જે પર્યાય થાય છે. પર્યાય તે પર્યાયપણે છે ને ગુણ તે ગુણપણે છે ને દ્રવ્ય તે દ્રવ્યપણે છે. આહા...! એ ગુણને લઈને પર્યાય છે એની ના કહે છે. આહા...હા! બે વચ્ચે અતદ્ભાવ છે ને....! એ અતદ્ભાવ લક્ષણ બે ચીજ વચ્ચેનો અહીંયાં સિદ્ધ કરે છે. આહા...હા...હા! આનંદસ્વરૂપ ભગવાન આત્મા એ જ્ઞાનસ્વરૂપ નહીં ને જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા તે આનંદસ્વરૂપ નહીં. આહા...હા! એમ એક વ્યકિતનો અભાવ સિદ્ધ કરે છે. સત્તાગુણ છે એ આત્મદ્રવ્ય તરીકે, એક આત્મા તે જ્ઞાનગુણ તરીકે, અને સિદ્ધત્વાદિ પર્યાય તરીકે – એમ ત્રણ પ્રકારે વર્ણવવામાં આવે છે. એ જ પ્રમાણે સર્વ દ્રવ્યો વિષે સમજવું. જેટલા બધા આ જગતમાં પદાર્થો છે તે બધા (વિષે સમજવું.) આહા...હા!

(કહે છે) એક પરમાણુ આ આંગળીનો છે. એ એક પરમાણુ અને બીજા પરમાણુ (આંગળીના) એ બે વચ્ચે પ્રદેશભેદ છે. માટે પૃથક્ અન્યત્વ છે. આહા...હા! આંગળી છે એના એક એક પરમાણુ, બીજા પરમાણુથી અન્ય–પૃથક્ છે. કારણ એક પરમાણુનો પ્રદેશ જુદો, બીજા પરમાણુનો જુદો. એ પૃથક્ (પ્રદેશ) અન્યત્વ છે. અને પરમાણુમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે ઈ પરમાણુના પ્રદેશમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. એમાં બે વચ્ચે અતદ્ભાવરૂપ અભાવ છે તે સિદ્ધ થાય છે. આહા...હા! વર્ણગુણ તે પરમાણુ નહીં ને પરમાણુ (દ્રવ્ય) તે વર્ણગુણ નહીં. આહા...હા...હા! અને તે પરમાણુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ દ્રવ્યપણે છે, ગુણપણે છે, પર્યાયપણે છે. એનો સત્તાગુણ કે જે દ્રવ્યપણે નથી, ગુણપણે નથી, પર્યાયપણે નથી. આહા...હા! તે ગુણ, ગુણપણે છે (સત્તાગુણ) પણ અનેરાગુણપણે નથી. પર્યાયપણે નથી. એકગુણ ગુણપણે નથી ઈ કઈ અપેક્ષાએ કે બીજા ગુણપણે નથી. એમ દ્રવ્ય, દ્રવ્ય તરીકે નથી તે બીજા દ્રવ્ય તરીકે નથી. એમ એક પર્યાય, બીજી પર્યાયપણે નથી. આહા...હા! **"– એમ ત્રણ પ્રકારે વિસ્તારકથનમાં વર્ણવવામાં આવે છે. એ જ પ્રમાણે સર્વ દ્રવ્યો વિષે સમજવું."** આહા...હા!

વિશેષ આવશે.....

## પ્રવચન : તા. ૨૮–૬–૭૯.

'પ્રવચનસાર' ૧૦૭ ગાથા. ભાવાર્થ. (ગઈ કાલે ચાલ્યો'તો આજે ફરીને.)

**ભાવાર્થ :– "એક આત્માને"** જરી અટપટી (વાત છે.) પરથી તો જુદું બતાવ્યું છે. એક દ્રવ્યને, બીજા દ્રવ્ય હારે કાંઈ નહીં. એક દ્રવ્ય, બીજા દ્રવ્યને અડે નહીં, ને એક દ્રવ્ય, બીજા દ્રવ્યની પર્યાયને કરે નહીં. એટલે પરની હારે તો કાંઈ સંબંધ છે નહીં. હવે પોતામાં – એમાં ત્રણ પ્રકાર પડે છે. આત્માને 'એક આત્માને' **"વિસ્તાર કથનમાં 'આત્મદ્રવ્ય' તરીકે,** આત્મા વસ્તુ છે વસ્તુ! દ્રવ્ય તરીકે **'જ્ઞાનાદિગુણ' તરીકે."** કારણ દ્રવ્ય તે ગુણ નથી. (એ બે વચ્ચે) અતદ્ભાવ છે ને...! તેથી 'જ્ઞાનાદિગુણ તરીકે' **"અને 'સિદ્ધત્વાદિપર્યાય' તરીકે,"** આંહી સિદ્ધની પર્યાયની વાત લીધી એમ સમ્યગ્દર્શનપર્યાય, ચારિત્રની પર્યાય લેવી. **"–એમ ત્રણ પ્રકારે વર્ણવવામાં આવે છે." એ જ પ્રમાણે સર્વ દ્રવ્યો વિષે સમજવું."** જેમ એક દ્રવ્યમાં ત્રણ પ્રકાર વર્ણવ્યા, – દ્રવ્ય, ગુણ ને પર્યાય ભિન્ન–ભિન્ન! આ અતદ્ભાવ. દ્રવ્યમાં ગુણ નહીં, ગુણમાં દ્રવ્ય નહીં, ગુણમાં પર્યાય નહીં. એકબીજાના વચ્ચે અતદ્ભાવ (છે.) 'તે–ભાવ, તે નહીં' દ્રવ્યભાવ તે ગુણભાવ નહીં, ગુણભાવ તે (દ્રવ્ય કે) પર્યાય ભાવ નહીં. આહા..હા! એક જ વસ્તુની અંદર (છે.) પરની સાથેની અહીંયાં વાત નહીં. એ રીતે એક ગુણને વિસ્તારી શકાય. એમ 'સર્વ દ્રવ્યો વિષે સમજવું.'

(કહે છે) જેમ પરમાણુ! તો પરમાણુ તરીકે જે છે પરમાણુ – દ્રવ્ય તરીકે પરમાણુ એના વર્ણ, રસ, સ્પર્શ, ગંધ તે ગુણ, અને એની ભીની, ઊની, કાળી આદિ પર્યાય, એ રીતે એક પરમાણુમાં પણ અભિન્ન હોવા છતાં – (એ ગુણપર્યાય) પ્રદેશે અભિન્ન હોવા છતાં, આ રીતે વિસ્તાર સમજી શકાય છે. આવું સ્વરૂપ છે લો! પરની હારે કાંઈ નહીં હવે રહ્યું જ નહીં, હવે (તો) એકમાં – એકમાં અંદર. ચાહે તો પરમાણુ હોય કે ચાહે આત્મા! ચાર દ્રવ્ય તો છે જ એ તો. આહા..! ચાર દ્રવ્યમાં ઈ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્માસ્તિકાય કે બીજાની પર્યાય (કરે) હલાવવાની એમ નથી. એમ અધર્માસ્તિકાય બીજાને સ્થિર કરાવે એમ નથી. તેમ કાળ બીજાને બદલાવે એમ નથી. આહા...હા! 'નિયમસાર' માં આવે છે. ' કાળ ન હોય તો પરિણમન ન હોય બીજામાં લો! એવું આવે. આહા...! એ તો કાળદ્રવ્યની સિદ્ધિ કરવા (કથન) છે. 'કાળદ્રવ્ય ન હોય, તો પરમાં પરિણમન થાય નહીં' એમ પાઠ છે. એ તો ફકત કાળદ્રવ્યને સિદ્ધ કરવા કહ્યું છે. એક દ્રવ્યની પર્યાય, બીજા દ્રવ્યની પર્યાયને કરે, એ ત્રણકાળમાં બનતું નથી. આહા...હા...હા! ઝીણું બહુ!

(કહે છે કે:) **(શ્રોતા:)** મોટા માણસો તો ઘણાના કાર્ય કરી દ્યે છે...! **(ઉત્તર:)** હેં આ રામજીભાઈએ ઘણાને જીતાવ્યા'તા... વકીલ થઈને! (શ્રોતા પોતે) પાપ કર્યું તું! શાંતિભાઈએ ઘણા રૂપિયા ભેગા કર્યા છે. હુકમ કેવા? નાનો ને ઈ બે એ! કોણ કરે ભાઈ! જે એક દ્રવ્ય છે ઈ બીજા દ્રવ્યને, ક્ષેત્રથી ફેરવી શકે, કાળથી ફેરવી શકે, કાળથી ફેરવી શકે – ઈ કાંઈ બની શકે નહીં. આહા...હા...હા! એની વાત તો એક બાજુ રહી ગઈ કે : આત્મા, શરીરને અડતો નથી. માટે આત્મા શરીરની પર્યાય કરતો નથી. ગજબ વાત છે!! આ હાથ હાલે ને આ આંગળી હાલે! રોટલી તૂટે તો કહે છે કે રોટલી તૂટે છે એને હાથ અડતો નથી. તૂટે છે ઈ એની પર્યાય છે, રોટલીની. હાથ (એને) અડતો નથી. હાથ આત્માને અડતો નથી. આત્મા હાથને અડતો નથી. એવું પરથી તો આ રીતે જ ભિન્ન છે. બધા દ્રવ્યોમાં! અનંત દ્રવ્યોમાં!! આહા...હા! જયાં સિદ્ધભગવાન બિરાજે છે ત્યાં અનંતા નિગોદના જીવ છે. (ઓહો) જયાં સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં. છતાં એક દ્રવ્યને, બીજા દ્રવ્યને – કોઈ (કોઈ) અડતું નથી. આહા...હા! એમ નિગોદના જીવ અનંતા, એક અંગૂલના અસંખ્યભાગમાં (છે.) બધે ઠેકાણે ભર્યાં છે આંહી – આખા લોકમાં. પણ એક નિગોદનો જીવ, બીજા નિગોદના જીવને અડતો નથી, ને એક–એક જીવને બે–બે શરીર છે. તૈજસ ને કાર્માણ. (એ) તૈજસ–કાર્માણ શરીર (છે) પણ એને આત્મા અડતો નથી. તૈજસ (શરીરમાં) અનંત પરમાણુ છે તેમાં એક પરમાણુ, બીજા પરમાણુને અડતો નથી. એ તો જાણે મુખ્ય–મુખ્ય વસ્તુ છે. આહા..હા...હા!

હવે અહીંયાં તો એક વસ્તુમાં અતદ્ભાવ કેમ છે એ સિદ્ધ કરે છે. એક તત્ત્વ અને બીજા તત્ત્વ વચ્ચે અન્યત્વભાવ છે. એની હારે કાંઈ સંબંધ નહીં. પણ એક દ્રવ્યની વચ્ચે – પ્રદેશ ઈ ના ઈ હોવા છતાં – તેમાં તે ભાવ આ નહીં, દ્રવ્ય ભાવ તે ગુણ(ભાવ) નહીં, ને પર્યાય નહીં, (એવો) અતદ્ભાવ સિદ્ધ કરે છે. આહા..હા...હા...હા! છે ને? (પાઠમાં)

(અહીંયાં કહે છે કે:) **''એક આત્માને વિસ્તારકથનમાં 'આત્મદ્રવ્ય' તરીકે, ' જ્ઞાનાદિગુણ' તરીકે** સત્તાનો – આજ તો બોલ આવ્યો'તો સવારમાં. સત્તા ય ગુણ છે એમ જ્ઞાનાદિગુણ (તરીકે), **''અને 'સિદ્ધત્વાદિપર્યાય' તરીકે** – એમ નિશ્ચયે, એક આત્મદ્રવ્ય છે ઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્ય તરીકે, એમાં પેટા જે જ્ઞાનાદિગુણ તરીકે, અને એની મિથ્યાદશા છે ઈ પર્યાય તરીકે, (એમ) પરથી ભિન્ન છે પણ દ્રવ્ય છે ઈ પર્યાય નથી ને પર્યાય છે ઈ દ્રવ્ય નથી (એવો અતદ્‌ભાવ છે.) આહા...હા...હા! મિથ્યાત્વ જે છે ઈ પર્યાયમાં, એ દર્શનમોહને લઈને નથી. પણ તે પર્યાય છે, તે દ્રવ્ય નથી ને દ્રવ્ય છે તે પર્યાય નથી. આહા...હા...હા...હા! – "એમ એક આત્મામાં **"ત્રણ પ્રકારે"** ધર્મની પર્યાયનો વિચાર કરે, તો આત્મા 'દ્રવ્ય' તરીકે છે, જ્ઞાનાદિ ત્રિકાળ 'ગુણ' તરીકે છે, અને સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની પર્યાય 'પર્યાય' તરીકે છે. એ પર્યાય ગુણરૂપે નથી, ગુણ દ્રવ્યરૂપે નથી, દ્રવ્ય પર્યાયરૂપે નથી. આહા...હા! આવું ઝીણું છે!

(કહે છે) વળી એક આત્માના હયાતીગુણને, અહીંયાં સત્તા લીધી. સત્તા, અસ્તિત્વગુણ છે ને...? પ્રદેશે તો અભેદ છે. એક આત્માના સત્તાગુણને, સત્તા તે દ્રવ્ય, સત્તાદ્રવ્ય, સત્તાજ્ઞાનાદિગુણ, ને સત્તાસિદ્ધત્વપર્યાય, એમ **"ત્રણ પ્રકારે વિસ્તારવામાં (વર્ણવવામાં) આવે છે.** એમ નીચે એક આત્માને સત્તાદ્રવ્ય તરીકે, સત્તાગુણ તરીકે, છે ને...? બીજા હયાતી (આદિ) જ્ઞાનાદિગુણ તરીકે હોં! એક ગુણ તો છે (સત્તા) ઈ જ્ઞાનાદિગુણો છે પણ એમાં એકબીજાનો અભાવ છે એમાં. અને ઈ સત્તાને સમ્યગ્દર્શનની પર્યાય થઈ, ઈ (સત્તા) પર્યાય તરીકે એને વર્ણવવામાં આવે (છે.) સત્તા ગુણ ને જ્ઞાનની પર્યાય થઈ, દર્શનની પર્યાય થઈ એ હયાતી સાથે છે. એ પર્યાય છે (ઈ) પર્યાયમાં અસ્તિત્વ છે. તે અસ્તિત્વ ગુણમાં તે અસ્તિત્વ નથી, ગુણનું અસ્તિત્વ છે ઈ દ્રવ્યમાં અસ્તિત્વ નથી. દ્રવ્યની સત્તા છે ગુણની સત્તા નથી. ગુણની સત્તા છે ઈ પર્યાયની સત્તામાં નથી. (ત્રણેયની સત્તા જુદી જુદી છે.) આવું! અહા...હા! ઝીણું બહુ!! મારગ ઝીણો બહુ!!

(કહે છે કે:) વળી, એક આત્માનો, જે સત્તાગુણ છે – હયાતી તે સત્તાગુણ. તે આત્મદ્રવ્ય નથી. ઈ એક જ જે સત્તાગુણ છે ઈ આત્મદ્રવ્ય નથી, આત્મા તો અનંતગુણ(નો પિંડ) છે. હયાતીગુણ – સત્તાગુણ સિવાયનો તે, જ્ઞાનાદિગુણ નથી. સત્તાગુણ તરીકે સત્તા છે. પણ સત્તાગુણપણે દ્રવ્ય, તે સત્તાગુણ નથી. સત્તાગુણ જ્ઞાન–દર્શનાદિ ગુણ નથી. સત્તા, સત્તાથી છે. જ્ઞાનાદિ અનંતગુણ છે ઈ રીતે સત્તા નથી. આહા...હા! આવો વિષય! ગાથા (બધી) તત્ત્વનો વિષય છે આ તો! એકદમ ભિન્ન–ભિન્ન વસ્તુ બતાવે છે. પરથી તો ભિન્ન પણ એકમાં ય ભિ ન્નદ્રવ્ય, ગુણ, પર્યાય, (ત્રણે ભિન્ન ભિન્ન સ્વરૂપે છે.) આહા...હા!

(કહે છે:) એકમાં પણ જયારે સત્તા ને દ્રવ્ય, સત્તાથી બીજા ગુણ આદિ તે ગુણ અને પર્યાય, એકબીજામાં અભાવ છે. અતદ્‌ભાવ છે. તો પરની સાથેની શું વાત કરવી? આહા...! **'ગમે તે સંયોગમાં ને ગમે તે ક્ષેત્રમાં ને ગમે તે કાળમાં હોય – પણ પ્રત્યેક દ્રવ્ય પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયમાં છે.'** નારકીમાં જીવ છે એમ કહેવું ઈ વ્યવહાર છે. દેવમાં જીવ છે એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેવું વ્યવહાર છે. દેવના ક્ષેત્રમાં, નારકીના ક્ષેત્રમાં જીવ છે એમ કહેવું ઈ વ્યવહાર છે. આહા...હા! શ્રેણિકરાજા! નરકમાં છે ઈ કહેવું વ્યવહાર છે, પણ એની ગતિની **'યોગ્યતા જ'** નારકીની છે. ઈ પર્યાયમાં એ છે. પણ ઈ ગુણમાં નથી ને ઈ દ્રવ્યમાં નથી. જે પર્યાયમાં છે તે ગુણમાં નથી ને તે દ્રવ્યમાં નથી. આહા...હા...હા! આવું છે! કાં' (શાસ્ત્રમાં) એમ કહે છે ને...! કે શ્રેણિકરાજા, નરકે ગયા તે સમકિતી છે – ક્ષાયિક સમકિતી (છે.) તીર્થંકરગોત્ર બાંધ્યું છે. હવે ઈ તો એને પૂર્વનું આયુષ બંધાઈ ગયું, એને લઈને નરકમાં ગયા! અહીંયાં ના પાડે છે. અહા...હા! આયુષ્યકર્મની પર્યાયમાં આયુષ્યપર્યાય હતી, આંહી જવાની પર્યાય ત્યાં હતી તે પોતાની પર્યાયથી ત્યાં (જવાની) ગતિ કરે છે. આયુષ્યકર્મ તો નિમિત્તમાત્ર છે. એ નિમિત્તથી કાંઈ આમાં થતું નથી. આહા...હા...હા! શાસ્ત્રમાં એવો લેખ આવે. આનુપૂર્વ્ય નામની એક પ્રકૃતિ છે. નામકર્મની. જેમ બળદને નાથ નાખે. ને ખેંચે એમ આનુપૂર્વી પ્રકૃતિ નરકમાં લઈ જવા (જીવને) ખેંચે છે. દેવમાં લઈ જવા, મનુષ્યમાં લઈ જવા, તિર્યંચમાં લઈ જવા ગતિ (કરાવે છે) આનુપૂર્વ્ય અહીંયાં કહે છે કે : (એ ગતિ થઈ ત્યારે) હતી ચીજ આનુપૂર્વ્ય એ બતાવ્યું છે. બાકી તો તે સમયે જે પર્યાય છે ગતિ કરવાની એકતા, એને લઈને ઈ ગતિ કરે છે. આનુપૂર્વ્ય (પ્રકૃતિ) ને લઈને નહીં. આહા...હા...હા! **ઘણું ભેદ–જ્ઞાન!! પરથી તો ભેદ–જ્ઞાન! પણ પોતાના પરિણમનમાં (સ્વરૂપમાં) જુદા, જુદા અતદ્ભાવ!!** આહા...હા...હા...હા! (કેટલાકે તો) સાંભળ્યું ન હોય, (અને માને કે) વાડામાં જન્મ્યા જૈન છીએ. જૈન પરમેશ્વર શું કહે છે તત્ત્વને ઈ ખબર ન મળે! આહા...હા! નવરાશ નહીં ને પણ નવરાશ, ધંધા! ધંધો કરવો, બાયડી–છોકરાં સાચવવાં! વેપાર સાચવવો! કે નો' સાચવે તો ઓલું થઈ જાય! **(શ્રોતાઃ)** પણ દુકાને ન જાય તો, દુકાનો બધી બંધ થઈ જાય...! **(ઉત્તરઃ)** કોણ કરે વેપાર? એ તો જડની પર્યાયના સમયે તે થશે. એ પરમાણુમાં પર્યાય, જે રીતે ગતિ થવાની, તે થશે જ. એ પર્યાય (જે થાય છે ઈ) બીજો જોડે આ છે, એનાથી પર્યાય ઈ પર્યાય થાય છે, એમ તો છે જ નહીં. પણ એની જે પર્યાય થાય છે જે પૈસા લેવાની–દેવાની આદિ, (તે) પર્યાય તે દ્રવ્ય નથી ને પર્યાય તે ગુણ નથી. આહા...હા! (પંડિતજી!) આવી વાતું છે!! (તત્ત્વનો) સૂક્ષ્મપણે વિચાર કરવો જોઈએ ભાઈ! આ તો, પ્રભુનો મારગ છે! સર્વજ્ઞપરમેશ્વર! ત્રિલોકનાથ! એણે જ્ઞાનમાં જોયું એવું કહ્યું છે. આહા...! છે ઈ? (પાઠમાં) ત્રીજો પેરેગ્રાફ!

(અહીંયાં કહે છે કેઃ) **"વળી એક આત્માના હયાતીગુણને 'હયાત આત્મદ્રવ્ય' 'હયાતજ્ઞાનાદિગુણ' અને 'હયાત સિદ્ધત્વાદિપર્યાય' એમ ત્રણ પ્રકારે વિસ્તારવામાં આવે છે. એ જ પ્રમાણે સર્વ દ્રવ્યો વિષે સમજવું."**

(અહીંયાં કહે છે કેઃ) **"વળી એક આત્માનો જે હયાતીગુણ છે."** એક આત્મા નો સત્તાગુણ જે છે, **"તે આત્મદ્રવ્ય નથી."** ઈ એક જ ગુણ આત્મદ્રવ્ય નથી. **"(હયાતીગુણ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સિવાયનો) જ્ઞાનાદિગુણ નથી.''** સત્તા, સત્તાગુણ છે, પણ સત્તા સિવાયના જે જ્ઞાન, આનંદ એ ગુણ(પણે) સત્તાગુણ નથી. સત્તાગુણથી જ્ઞાન આદિ બધા ગુણ, જુદા છે. આહા...હા...હા! પ્રવચનસાર વાંચ્યું છે કોઈ ફેરે? નવરાશ કયાંથી, નવરાશ? વાંચો તો એ સમજાયને! આહા...હા! **(શ્રોતાઃ)** આપની હાજરી વગર બરાબર સમજાય નહીં.... **(ઉત્તરઃ)** હાજરી તો પોતાની છે, એમાં સમજાય છે. આહા...હા! **(શ્રોતાઃ)** તો ય નિશાળે તો બેસવું પડે છે ને... જાવું પડે છે ને...! **(ઉત્તરઃ)** નિશાળે જાય છે કોણ? જીવદ્રવ્યની પર્યાય એવી (થવાની) હોય તો જાય. શરીરની પર્યાયની યોગ્યતા હોય, તો શરીરપર્યાય જાય. આહા...હા...હા...હા! એ માસ્તર પાસે જાવું માટે એને લઈને (એટલે) શરીરને લઈને ગયો છે અને શરીર આત્માને લઈને ન્યાં ગયું છે એમ નથી. આહા...હા...હા...હા! અમે (ભણતા'તા) ત્યારે ધૂળી (નિશાળ) હતી. **(શ્રોતાઃ)** નિશાળનો દાખલો એટલા માટે આપ્યો કે આપના પાસે આવવું પડે ને...! **(ઉત્તરઃ)** આવવું પડે ને...! અહાહાહાહા! નિમિત્તથી તો કહેવાય એમ ને? અમારે માસ્તર હતો ધૂળી નિશાળનો, છ વરસની ઉંમર હતી. પહેલી ધૂળી, પછી પહેલી ચોપડીમાં જતા. પહેલી ધૂળી નિશાળે, ધૂળમાં એકડો કરાવે પહેલો! એને (માસ્તરને) પૈસા ન આપતા, પણ કંઈ સારું વરસ એવું હોય ત્યારે કે દા'ડો હોય તો, લગન હોય તો બાપ આપે પીરસણું એટલે એને હાલે (ગુજરાન) છોકરાં ઘણાં હોય ને એટલે હાલે (ગુજારો) ઈ શીખવતો, એક માસ્તર હતો જડભરત! હતો સાધારણ ભણેલો ઈ 'એકડે એક' ધૂળમાં શીખડાવતો! અહા...હા...હા...હા!

અહીંયાં તો કહે છે કે : આંગળીને લઈને ઈ ધૂળમાં આમ એકડો અંદર થયો નથી. ધૂળને આંગળી અડી નથી. આવી વાત, પ્રભુ! આ શું? આ સત્–સત્ રીતે છે તેને સત્ રીતે જાણવું! જે રીતે સત્ છે તે રીતે સત્‌ને સત્‌પણે જાણવું! સત્‌ને ગોટા વાળશે, અસત્‌પણે રખડવું પડશે, મરી જશે!! ચોરાશીના અવતારમાં આહા...હા! અહીંયાં ખમ્મા! ખમ્મા! થાતું હોય, પાંચ–પચીસ કરોડ રૂપિયા હોય, આહા... ઈ મરીને ભાઈ ભૂંડને કૂખે જાય. માંસ આદિ ન ખાય દારૂ (ન) પીએ. ભૂંડને કૂખે જાય ને વિષ્ટા ખાય. આહા...! બાપુ, એવું અનંતવાર થઈ ગયું છે! આહા...હા! વિવેક, વિચાર કર્યો નથી એણે. દીર્ઘસૂત્રી થયો નથી. વર્તમાનમાં એકલો રોકાઈ ગયો બસ! પરદ્રવ્યથી ભિન્ન (હું) એનો નિર્ણય કર્યો નથી. અને આમ તો, દ્રવ્ય તે ગુણ નહીં ને ગુણ તે પર્યાય નહીં, એનો નિર્ણય કર્યો નથી. આહા...હા!

(અહીંયાં કહે છે કેઃ) **''વળી એક આત્માનો જે હયાતીગુણ છે તે આત્મદ્રવ્ય નથી, (હયાતીગુણ સિવાયનો) જ્ઞાનાદિગુણ નથી.''** જ્ઞાનાદિગુણ પણ હયાતી(ગુણ) નથી. સત્તાગુણ છે ઈ જ્ઞાનગુણ નથી, સત્તાગુણ છે ઈ દર્શનગુણ નથી, આહા...! અને સત્તાગુણ છે ઈ સમ્યગ્દર્શનની પર્યાય આદિ નથી. **''કે સિદ્ધત્વાદિપર્યાય નથી.''** આ સિદ્ધત્વની પર્યાય લીધી છે એમાં, (જે) સત્તાગુણ છે ઈ સમ્યગ્દર્શન કે સમ્યક્ચારિત્રની પર્યાય નથી. આહા...હા..હા! જ્ઞાનગુણની પર્યાય જે છે, એ સત્તાગુણની પર્યાય નથી ને સત્તાગુણની પર્યાય ઈ જ્ઞાનગુણની પર્યાય નથી. અહા...! એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાથે સમ્યગ્દર્શન ને જ્ઞાન ઉત્પન્ન થાય, અરે! અનંતા ગુણની એકસાથે અંશવત્ પર્યાય પ્રગટ થાય. **'સર્વગુણાંશ તે સમકિત'** એ અનંતગુણનો પિંડ! એનો જયાં દૃષ્ટિ ને અનુભવ થયો, (આત્માના) જેટલા ગુણોની સંખ્યા એનો એકઅંશ વ્યક્તપણે બધુ પ્રગટ! પૂરણ! પણ તે એકપર્યાય, બીજી પર્યાયપણે નથી. આહા...હા! આહા...! હા! **(શ્રોતાઃ)** છતાં સત્તા, દ્રવ્ય–ગુણ–પર્યાય – ત્રણેયમાં વ્યાપેલી છે...! **(ઉત્તરઃ)** વ્યાપી છે સત્તા સત્તામાં! દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્ ઈ તો આવી ગયુંને... (ટીકામાં) ઈ તો ગાથા ચાલે છે આ. **सद्दव्वं सच्च गुणो सच्चेव य पज्जओ (वित्थारो)** સત્દ્રવ્ય તે ગુણ નહીં ને ગુણ તે સત્દ્રવ્ય નહીં ને સત્દ્રવ્ય તે સત્પર્યાય નહીં. આહા...હા! ઝીણી વાત છે ભાઈ! ઈ તો અધિકાર જે આવે ઈ (સ્પષ્ટીકરણ થાય.) આહા...હા..!

(અહીંયાં કહે છે કેઃ) **''(હયાતીગુણ સિવાયનો) જ્ઞાનાદિગુણ નથી કે સિદ્ધત્વાદિપર્યાય નથી.''** આહા...! સત્તા નામનો ગુણ છે. અને અહીંયાં સમકિતપર્યાય થઈ, તો ઈ સત્તાગુણની પર્યાયથી ઈ સમકિતની પર્યાય નથી (થઈ.) સમકિતની પર્યાય, સમકિતની પર્યાયને લઈને છે. સત્તાગુણને લઈને નથી. બીજી રીતે કહીએ તો, શ્રદ્ધાગુણ જે છે ત્રિકાળ, આત્મા જે ત્રિકાળ છે એમ શ્રદ્ધાગુણ ત્રિકાળ છે. તો શ્રદ્ધાગુણ છે ઈ આતમ–દ્રવ્યનો શ્રદ્ધાગુણ, આત્મદ્રવ્ય એ શ્રદ્ધાગુણરૂપે નથી ઈ આત્મદ્રવ્ય, અને ગુણ તો ત્રિકાળ છે. અને એની પર્યાય છે ઈ શ્રદ્ધાની પર્યાય તરીકે છે. એ બીજા ગુણને લઈને પર્યાય છે એમ નહીં. એ પર્યાય થઈ ઈ સમકિતદર્શનની પર્યાય છે એ બીજા ગુણથી થઈ એમ નથી. ગુણને કોઈ ગુણ સહાય નથી. બીજા દ્રવ્યને તો બીજા દ્રવ્યની સહાય નથી (જ), એક દ્રવ્ય બીજા દ્રવ્યને તો સહાય નથી, પણ આત્મામાં ને પરમાણુમાં જે અનંતગુણ રહ્યા છે, તો ઈ એકગુણ બીજાગુણને સહાય નથી. આહા....હા...હા! એનું અસ્તિત્વ, સત્તા છે ભિન્ન–ભિન્ન! આહા...હા!

(કહે છે કેઃ) સમકિતની પર્યાય પ્રગટ થઈ. માટે સમ્યગ્જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ, માટે અનંત આનંદનો સ્વાદ આવ્યો, એ પર્યાય સમ્યગ્દર્શન પર્યાયપણે (પ્રગટ થઈ) માટે આવ્યો એમ નથી. તે (તે) પર્યાય જુદી છે (તે તે) ગુણ જુદો છે ને ગુણમાં દ્રવ્ય જુદું છે! આહા...હા! આવું લાંબુ! આચાર્યોએ કામ કર્યાં છે ને!! આહા...હા...હા! જંગલમાં રહીને, મુનિ! મુનિઓ, તો નગ્ન જ હતા, દિગમ્બર જ હતા. શ્વેતાંબર તો નીકળ્યા, હમણાં બે હજાર વરસ, પછી એમાંથી નીકળ્યા. જૈનદર્શનમાં તો એકલા નગ્ન મુનિ જ હોય અનાદિથી. અનાદિથી અનંતકાળ! (મુનિ નગ્ન જ હોવાના) વસ્ત્રસહિત તે મુનિપણું નથી.' **(શ્રોતાઃ)** એના શાસ્ત્રમાં લખ્યું છે કે અમારામાંથી દિગંબર નીકળ્યા છે...! **(ઉત્તરઃ)** ઈ ગમે ઈ કહે ને! માણસો ગમે ઈ કહે! અનાદિ સનાતન સત્ય આ છે. એમાંથી શ્વેતાંબર બે હજાર વરસ પહેલાં નીકળ્યા છે. અને પોતાની દૃષ્ટિએ શાસ્ત્ર બનાવ્યાં, એમાં આ બધા ગોટા વાળ્યા છે. આહા...હા! ન્યાં તો લૂગડાંના પોટલાનાં પોટલા રાખ્યાં છે. અને અહીંયાં તો કહે કે એક લૂગડાંનો કટકો (પાસે) રાખે ને મુનિપણું માને તો નિગોદમાં જશે. એને સાધુ માને તો ઈ નિગોદમાં જશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા...હા! **વસ્ત્રસહિત સાધુપણું માનશે એ નિગોદમાં જવાના છે, અને જે એને માનનારા છે 'કે આ સાધુ છે' એ પણ નિગોદમાં જામી જવાના છે.** આહા...હા! ગજબ કામ બાપુ! આકરું કામ બહુ!! વસ્તુંનું સ્વરૂપ એમ છે. આ તો અનાદિ ભગવાન ત્રણલોકના નાથ! સર્વજ્ઞદેવે જોયું–જાણ્યું, એમ કહ્યું છે. ઓલું તો કલ્પિત બધું બનાવ્યું છે. શ્વેતાંબર લોકોએ શાસ્ત્ર કલ્પિત બનાવ્યાં છે બધાં! એની શ્રદ્ધાને માને તે ગૃહીતમિથ્યાદૃષ્ટિ છે. આહા...હા! આવું આકરું કામ પડે!! આહા...હા!

(વળી કહે છે કે:) સૌને સારું લગાડીને ભેગાં કરવા છે? માણસ ભેગાં થાય જાજાં! કે ભઈ! આહા...હા! **સત્‌ને સંખ્યાની જરૂર નથી. સત્ તો સત્‌સ્વરૂપે છે ત્રિકાળ!**

અહીંયાં (તો કહે છે) એ પરની હારે કાંઈ સંબંધ નથી. આહા...હા...હા! વસ્ત્રનો ટુકડો રાખે ને આંહી ચારિત્ર હોય અંદર. એમ નહીં કહે છે ઈ તો જાણે ભિન્ન પડી ગયું. પણ ચારિત્રગુણની પર્યાય છે, એ ચારિત્રગુણ છે ઈ ચારિત્રગુણની પર્યાય છે એમ નથી. એ ચારિત્રગુણ છે ને ચારિત્રનું દ્રવ્ય છે (એ ચારિત્રની પર્યાય છે) એ બધું ભિન્ન છે. (દ્રવ્ય–ગુણ ને પર્યાય) દ્રવ્યરૂપે ચારિત્ર, ગુણરૂપે ચારિત્ર, પર્યાયરૂપે ચારિત્ર – (એ ત્રણે ય ભિન્ન છે.) આવી વાત છે! આહા...હા...હા! (મુનિરાજને) એની દશામાં વિકલ્પ હોય, પંચમહાવ્રતના, પણ એને ઈ (મુનિરાજ) બંધનું કારણ માને. અને નગ્નદશા હોય ઈ નિમિત્ત તરીકે નગ્નદશા. ઈ મેં કરી નથી ને મારાથી નગ્નદશા થઈ નથી. આહા...હા...હા! કારણ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને (કાંઈ કરી શકે નહીં) એ લૂગડું છોડી શકે. લંગોટી છોડી શકે, એમ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહીં આહા...હા! આવી વાત છે.

અહીંયાં તો (કહે છે) એક દ્રવ્યમાં પણ ગુણ તે દ્રવ્ય નહીં ને દ્રવ્ય તે ગુણ નહીં કે પર્યાય નહીં. એવો ત્રણ વચ્ચે ભિન્ન ભાવ (છે) કે આ ભાવ તે આ ભાવ નહીં ને આ ભાવ તે આ ભાવ નહીં. આહા...હા! ગજબ વાતું!! પરમાત્મા સિવાય, જિનેશ્વરદેવ ત્રિલોકનાથ! કેવળીએ કહેલી વાત, સંતો કહે છે. એવી વાત, કયાં'ય બીજે છે નહીં. આહા...! આકરું લાગે પણ શું થાય? ભાઈ! બીજાને દુઃખ લાગે. અમે આ બધું કરીએ ત્યારે ખોટું? ભક્તિ કરીએ, પૂજા કરીએ, સામાયિક કરીએ, પડિક્કમણા (કરીએ) – બધું મિથ્યાત્વસહિત છે. આહા...હા! દિગંબરમાં રહીને પણ જે સામાયિક હોય, વિકલ્પ ઊઠે એને સામાયિક માને 'અમે સામાયિક કરીને બેઠા છીએ' મિથ્યાત્વ છે ભાઈ! આહા...હા! આહા...!

(કહે છે કે:) એવી રીતે એક આત્માનો હયાતીગુણ છે ઈ આત્મદ્રવ્ય નથી. હયાતીગુણ સિવાયનો એ ગુણ (આત્મદ્રવ્ય) નથી. અને સિદ્ધત્વાદિપર્યાય (તે આત્મદ્રવ્ય) નથી. આહા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આપણે તો અહીંયાં સમ્યગ્દર્શન ને સમ્યક્ચારિત્ર ઉપર ઊતારવું વધારે. ગોટા એમાં છે ને...! સમ્યગ્દર્શનની પર્યાય, સ્વદ્રવ્યના લક્ષે, કર્ત્તાના સ્વતંત્રપણે, ષટ્કારકના પરિણમનથી સમ્યગ્દર્શન થાય, (અર્થાત્) ષટ્કારકના પરિણમનથી સમ્યગ્દર્શન થાય. એનું લક્ષ ભલે દ્રવ્ય ઉપર છે. પણ છે સ્વતંત્રપણે ષટ્કારકનું પરિણમન! ઈ સમ્યગ્દર્શનની પર્યાય (જે છે તે) સમ્યક્ત્વ શ્રદ્ધાગુણ જે ત્રિકાળ છે તે–રૂપે નથી. ત્રિકાળ જે શ્રદ્ધાગુણ છે, એની આ પર્યાય છે ને...? પણ છતાં એ પર્યાય, શ્રદ્ધાગુણપણે નથી. પર્યાય, પર્યાયપણે છે, ગુણ ગુણપણે છે, દ્રવ્ય દ્રવ્યપણે છે. આહા...! આવું છે. આહા..! આવું સાંભળવા ય લોકો નવરા કયાં છે? જિંદગી ચાલી જાય છે આમ બફમમાં ને બફમમાં! ઘણા વખતમાં!

(અહીંયાં કહે છે કે:) **"અને જે આત્મદ્રવ્ય છે, (હયાતી સિવાયનો) જ્ઞાનાદિગુણ છે કે સિદ્ધત્વાદિપર્યાય છે તે હયાતીગુણ નથી "એમ પરસ્પર તેમને અતદ્ભાવ છે." "કે જે અતદ્ભાવને લીધે તેમને અન્યત્વ છે."** અતદ્ભાવને લઈને અન્યત્વ છે. પૃથક્ પ્રદેશને લઈને અન્યત્વ પરનું છે. પણ પોતામાં, અસંખ્ય પ્રદેશમાં, પૃથક્ પ્રદેશ નથી. છતાં અતદ્ભાવપણે અન્યત્વ છે. 'તે–ભાવ નથી' તે અન્યત્વ છે. ગુણથી પર્યાય અન્યત્વ છે, ગુણથી દ્રવ્ય અન્યત્વ છે, દ્રવ્યથી ગુણ અન્યત્વ છે, અતદ્ભાવની અપેક્ષાએ તેને અન્યત્વ કહેવામાં આવે છે. એના પ્રદેશો ભિન્ન નહીં હોવા છતાં (અન્યત્વ કહેવામાં આવે છે.) આહા...હા...હા! જેના પ્રદેશો ભિન્ન છે – આ આત્માના પ્રદેશો ને આ શરીરના પ્રદેશો તો ભિન્ન ભિન્ન છે. આહા...!તો આત્મા, શરીરને હલાવી શકતો નથી. હોઠને હલાવી શકતો નથી, રોટલીના ટુકડા કરી શકતો નથી. દાંતને આમ ખેંચ કરી (દબાવી) શકતો નથી. આહા...હા! **(શ્રોતા:)** પેટમાં દાંત નથી, તો ચાવવું શી રીતે...? **(ઉત્તર:)** આહા...હા! ઈ દાંત દાંતનું કામ દાંતની પર્યાયમાં છે. દાંતની પર્યાય જે છે સત્તા એનું ઈ પરમાણુ જે દાંતના છે તેમાંય ઈ સત્તાગુણ છે. એની શકિતમાં સત્તાગુણ છે, એનાથી બીજા જે ગુણો છે ઈ–રૂપે સત્તા નથી. તેની એકસમયની પર્યાય સત્તાની, સત્તાપણે છે. આહા...હા! આવું સ્વરૂપ છે! કેવું તે આ! આવો વીતરાગનો મારગ!! ઓલું તો કહે : છકાયની દયા પાળવીને...! **(શ્રોતા:)** દયા તો પળેલી છે જ પોતામાં **(ઉત્તર:)** આહા...! બાપુ! તું કોણ છો? કેટલી મર્યાદામાં છો? બીજા કોણ છે, કેટલી મર્યાદામાં છે? એનું યથાર્થ જ્ઞાન, ઈ તારી દયા છે. જેમ છે તેમ જાણવું ઈ તારી દયા છે. અને જેમ છે તેમ ન જાણવું ઈ તારી હિંસા છે. આહા...હા! આવું છે! આ ગાથાઓ બધી ઝીણી છે!! પણ છતાં સમજાય એવી છે. **(શ્રોતા:)** આપ સમજાવો, તો સમજાય! **(ઉત્તર:)** અહા...હા...હા...હા! (મુકત હાસ્ય)!

(અહીંયાં કહે છે કે:) **"એમ પરસ્પર તેમને અતદ્ભાવ છે કે જે અતદ્ભાવને લીધે તેમને અન્યત્વ છે."** 'કે જે અતદ્ભાવને લીધે' એટલે 'તે–ભાવ' નથી એને લીધે તેમને અન્યત્વ છે. દ્રવ્ય તે ગુણભાવ નથી ને ગુણભાવ તે દ્રવ્યભાવ નથી ને ગુણભાવ (કે દ્રવ્યભાવ) તે પર્યાયભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. એ અપેક્ષાએ ત્રણને અતદ્દભાવની અપેક્ષાએ (એટલે કે) 'તે–ભાવ તે નથી' એ અપેક્ષાએ અન્યત્વ છે. તે દ્રવ્ય તે ગુણપણે નથી, તે ગુણ તે પર્યાયપણે નથી, તે બીજાગુણપણે નથી. એ રીતે અતદ્દભાવને લીધે અન્યત્વ છે. પૃથક્ પરમાણુ, એક–એક દ્રવ્ય જુદા એની વાત નહીં (એ તો પ્રદેશે જ જુદાં છે.) ઈ તો પૃથક્ પ્રદેશ છે (તેથી) જુદાં જ છે. આહા...હા! ભારે કામ! એ સીસપેનની અણી કોઈ કાઢી શકતું નથી એમ કહે છે. કલમથી લખી શકતો નથી. બોલી શકતો નથી, બોલવાની જડની અવસ્થા છે. એ તો પૃથક્પણામાં ગયું! અહીંયાં તો અતદ્દભાવ તરીકે અન્યત્વની વાત હાલે છે, ઓલાં તો પૃથક્ પ્રદેશ છે માટે અન્યત્વ છે. એની હારે તો અહીંયા કાંઈ વાત જ નથી. આહા... હા ! આ તો અતદ્દભાવ (એટલે) 'તે–ભાવ નથી' ને "તે–તે ભાવ આ નથી" એવા અતદ્દભાવની અપેક્ષાએ એકબીજામાં પ્રદેશભેદ ન હોવા છતાં અન્યપણું કહેવામાં આવે છે. આહા...હા...હા...હા! છે કે નહીં આમાં જુઓ ને? (પાઠમાં) આ સોનગઢનું લખાણ નથી આ (શાસ્ત્રમાં). ઘણાં બોલે, એમ કે સોનગઢ નું એકાંત છે! એકાંત કહીને કાઢી નાખે. અરે! ભાઈ, સાંભળ તો ખરો! પ્રભુ! આહા...હા! એકાંત કોને કહેવું? અનેકાંત કોને કહેવું? એની ખબર નથી'! (તને.) આહા...હા...હા!

**"આ જ પ્રમાણે સર્વ દ્રવ્યો વિષે સમજવું"** જેમ એકગુણનું કહ્યું સ ત્તાનું. કે સત્તા અને દ્રવ્ય ભિન્ન, સત્તાના ગુણ ભિન્ન, અને સત્તાની પર્યાય, સત્તાથી ભિન્ન! એ જ પ્રમાણે સર્વ દ્રવ્યો વિષે સમજવું. **"આ રીતે આ ગાથામાં સત્તાનું ઉદાહરણ લઈને."** સત્તાનું ઉદાહરણ આપ્યું છે. એમ જ્ઞાન–દર્શન–આનંદ કોઈપણ ગુણ, એ ગુણ ગુણરૂપે, એ ગુણ દ્રવ્યરૂપે, એ ગુણ પર્યાયરૂપે ભિન્ન ભિન્ન છે. આહા...હા! **"સત્તાનું ઉદાહરણ લઈને અતદ્દભાવને સ્પષ્ટ રીતે સમજાવ્યો."**

**(અહીં એટલું વિશેષ છે કે જે સત્તાગુણ વિષે કહ્યું તે અન્ય વિષે પણ યોગ્ય રીતે સમજવું." જેમ કે :– સત્તાગુણની માફક, એક આત્માના પુરુષાર્થગુણને."** વીર્યગુણ લીધો. (જુઓ!) વીર્ય! પુરુષાર્થગુણ આત્મામાં એક છે અનાદિ અનંત. (એ) પુરુષાર્થગુણને **'પુરુષાર્થી આત્મદ્રવ્ય.'** પુરુષાર્થગુણે પુરુષાર્થી આત્મદ્રવ્ય. આહા...હા! પુરુષાર્થગુણને અનેરાગુણથી ભિન્નપણું **'પુરુષાર્થી જ્ઞાનાદિગુણ'** છે? (પાઠમાં) એક આત્માના પુરુષાર્થગુણને, પુરુષાર્થી આત્મદ્રવ્ય, પુરુષાર્થી જ્ઞાન આદિ ગુણ, બીજો ગુણ લો એનાથી. **"અને પુરુષાર્થી સિદ્ધત્વાદિપર્યાય એમ વિસ્તારી શકાય."** આહા...હા...હા! એમ સમકિતની પર્યાય છે, એનો શ્રદ્ધાગુણ છે. શ્રદ્ધાગુણ છે આત્મામાં. સમકિત પર્યાય છે. એ શ્રદ્ધાગુણ છે એ આત્મદ્રવ્ય છે, એ શ્રદ્ધાગુણ અનેરાગુણરૂપ નથી, અને ઈ શ્રદ્ધાગુણ છે તે એક સમયની પર્યાય તરીકે નથી. સમકિતની પર્યાય તરીકે શ્રદ્ધાગુણ નથી. શ્રદ્ધાગુણ પર્યાય તરીકે નથી ને પર્યાય શ્રદ્ધાગુણ તરીકે નથી. અને શ્રદ્ધાગુણ એક દ્રવ્ય તરીકે નથી. આહા...હા...હા! આવું છે. આ તો સામે અધિકાર આવ્યો હોય, ત્યારે આવેને...! ખેંચીને ઉપરથી લેવાય તો, બેસે નહીં ઝટ! આ તો આમાં લખાણ છે. અરે...રે! એણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દરકાર કરી નથી! મારું શું થશે! આંહી આંખ મિંચાઈને હાલ્યો જશે! ચોરાશીના અવતારમાં. સત્યનું શરણ નહીં લે ને સત્ય છે તે તે એને સત્યને સત્યપણે વસ્તુને વસ્તુપણે રાખ. શ્રીમદ્ કહે છે. શ્રીમદ્‌માં એક વાકય છે. 'વસ્તુને વસ્તુપણે રાખ' તું ફેરફાર કરીશ નહીં કાંઈ! આહા...હા...હા!

(કહે છે) જેવી રીતે દ્રવ્ય છે તેવી રીતે રાખ. જે રીતે ગુણ છે તે રીતે રાખ. જે રીતે પર્યાય છે તે રીતે રાખ. આહા...હા! અહીંયાં તો એકદ્રવ્ય બીજા દ્રવ્યનું કરે (નહીં) એના જ વાંધા છે, માનવામાં. ઓલામાં તો ઈ આવે છે ને! સ્થાનકવાસીમાં 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ.' 'અનંતા જીવ મોક્ષે ગયા, દયા તણા' (એ જ જાણે) – પ્રમાણ' – ઈ પરની દયા. પરની દયા ત્રણકાળમાં (આત્મા) કરી શકતો નથી. આહા...હા...હા! હવે એનાથી એને ધરમ માનવો છે ને મુકિત કરવી છે. પરની દયાનો ભાવ છે ઈ જ રાગ છે. આહા..હા..હા! રાગ છે ઈ આત્માના સ્વરૂપની હિંસા છે! 'પુરુષાર્થસિદ્ધિઉપાય' માં છે. અમૃતચંદ્રાચાર્ય! આ તો વીતરાગના સિદ્ધાંત છે ભાઈ! કલ્પિત નથી આ કાંઈ, કલ્પિત બનાવેલું! કયાં'ય મેળ નો' ખાય ને...! આ તો ચારે બાજુથી જુઓ તો સત્‌નું સત્પણું ઊભું રહે છે. આહા...હા...હા!

(અહીંયાં કહે છે કે:) **"અહીં એટલું વિશેષ છે કે જે સત્તાગુણ વિષે કહ્યું તે અન્ય ગુણો વિષે પણ યોગ્ય રીતે સમજવું. જેમ કે :– સત્તાગુણની માફક, એક આત્માના પુરુષાર્થગુણને 'પુરુષાર્થી આત્મદ્રવ્ય'.** આહા...! **"પુરુષાર્થી જ્ઞાનાદિગુણ" અને 'પુરુષાર્થી સિદ્ધત્વાદિપર્યાય' – એમ વિસ્તારી શકાય છે."** આહા...હા! એમ એક શ્રદ્ધા નામનો ગુણ છે. જે શ્રદ્ધાદ્રવ્ય તરીકે વર્ણાવાય છે. એ શ્રદ્ધા(ગુણ) અનેરા ગુણ તરીકે નથી. અને એ શ્રદ્ધા(ગુણ) સમકિતની પર્યાય તરીકે નથી. આહા...હા! સમ્યગ્દર્શનની પર્યાય (ઈ તો એક સમય છે.) શ્રદ્ધાગુણ છે ઈ તો કાયમ છે. પર્યાય તો એક સમયની અવસ્થા છે. એટલે ઈ શ્રદ્ધાગુણની પર્યાય નથી, પર્યાય પર્યાયની છે (સમકિતની.) આહા...હા...હા!

(હવે કહે છે કે:) **"અભિન્ન પ્રદેશો હોવાને લીધે આમ વિસ્તાર કરવામાં આવે છે."** પણ તે તે દ્રવ્યના ને ગુણના અને પર્યાયના પ્રદેશો અભિન્ન છે. જેમ એક દ્રવ્યના પ્રદેશથી બીજા દ્રવ્યના પ્રદેશ ભિન્ન છે, ઈ તો સર્વથા અત્યંત અભાવ છે. (એક–બીજા દ્રવ્યમાં એકબીજા દ્રવ્યનો.) એ રીતે અહીંયાં નથી. અહીંયાં તો પ્રદેશો અખંડ છે – અભેદ છે બધાના. (દ્રવ્યગુણ પર્યાયના.) **"અભિન્ન પ્રદેશો હોવાને લીધે આમ વિસ્તાર કરવામાં આવે છે." "છતાં સંજ્ઞા"** દ્રવ્યનું નામ 'દ્રવ્ય', ગુણનું નામ 'ગુણ', પર્યાયનું નામ 'પર્યાય' ઈ સંજ્ઞા – સંજ્ઞા. **"લક્ષણ"** ગુણોનું લક્ષણ દ્રવ્યનો આશ્રય, દ્રવ્યનું લક્ષણ દ્રવ્ય પોતે સ્વતંત્ર, પર્યાયનું લક્ષણ (એક સમયનું) સ્વતંત્ર. આહા...હા...હા! **"પ્રયોજનાદિ"** પ્રયોજન – દ્રવ્યનું પ્રયોજન ગુણોને આશ્રય દેવો, એક ઠેકાણે (ધ્રુવ) રહેવું ઈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ગુણનું ગુણપણે (ધ્રુવ) રહેવું ઈ. પર્યાયનું પ્રયોજન પર્યાય દ્રવ્યને આશ્રયે રહે તે. એમ પ્રયોજનાદિ **"ભેદ હોવાને લીધે પુરુષાર્થગુણને તથા આત્મદ્રવ્યને, જ્ઞાનાદિ અન્યગુણને કે સિદ્ધત્વાદિપર્યાયને અતદ્ભાવ છે."** બે ય વચ્ચે અતદ્ભાવ છે. આહા...હા!

(કહે છે કેઃ) જ્ઞાનગુણ છે તે દર્શનગુણ નથી, અને જ્ઞાનની પર્યાય છે તે જ્ઞાન(ગુણ) પણે નથી. આહા...હા! જ્ઞાનગુણ છે તે એની પર્યાયપણે નથી. સમકિત – સમકિત – શ્રદ્ધા નામનો ગુણ ત્રિકાળ છે. ઈ એની વર્તમાન પર્યાય સમકિતપણે નથી. એ સમકિતપર્યાય તે ત્રિકાળીશ્રદ્ધા ગુણપણે નથી. અને તે દ્રવ્યપણે નથી. આહા...હા...હા! આ તો આંખનો મોતિયો ઊતારવો હોય, એની વાત છે. આહા...આહા! મોતિયો ઊતારવા જવાના છે ને...? બીજી આંખનો. આહા...હા! આંખમાં પડળ વળી ગયા છે કહે છે. તારી દૃષ્ટિમાં – જ્ઞાનમાં પડળ વળી ગયા છે અજ્ઞાનના (મિથ્યાત્વના.) આહા...હા! છતાં તે અજ્ઞાનની પર્યાય, મિથ્યાત્વ–અજ્ઞાનપણે છે. એ ગુણપણે થઈ નથી. દ્રવ્યપણે થઈ નથી. આહા...હા! ભૂલ થઈ છે ઈ ભૂલપણાની પર્યાયમાં છે. અને જેની ભૂલ થઈ છે એ ગુણપણે છે એ ગુણમાં ભૂલ નથી. અને એ ભૂલ (આત્મ) દ્રવ્યમાં નથી. આહા...હા! આવું છે! કઈ જાતનો ઉપદેશ આ તે!! અહીંયાં કયાં'ય આવ્યા છ–કાય જીવને સામાયિક કરવી ને પોષા કરવા ને પડિક્કમણા કરવા ને ચોવિહાર કરવો ને ઈ તો કાંઈ આવ્યું નહીં આમાં!!

ભાઈ! તું શું કરી શકે છો એ તો પહેલું સમજ! કે તારી કરવાની મર્યાદા શું છે? તારી કરવાની મર્યાદા તારી પર્યાયમાં છે. તારી કરવાની મર્યાદામાં એ પરને કાંઈ તું કરી શકે (એમ માન) તો તારી મર્યાદામાં તું નથી. આહા...હા...હા! **(શ્રોતાઃ)** બાવો બનાવી દીધો! **(ઉત્તરઃ)** હેં! બાવો બનાવી દીધો! અહા...હા! આહા...હા! દુકાન ઉપર બેસે! હવે દરરોજ આમ હજારોની પેદાશ હોય, અને પાંચ–પાંચ, દશ–દશ, વીસ હજાર પૈસાનું (રૂપિયાનું) રોકાણ થતું હોય, શું કહેવાય તમારે ઈ? લાકડાનો ઈ? **(શ્રોતાઃ)** ગલ્લો. **(ઉત્તરઃ)** હા, ઈ ભરાય આમ પેટ ભરીને. પહેલાં તો આ...આ નહોતું ને...! નોટું નો'તી. રૂપિયા રોકડા (ચાંદીના સિકકા) અમારે નાનો હડફો રાખતા હડફો! સમજયા? શું કીધું ઈ? હડફો! હડફાનું શું કીધું? ગલ્લો! ઈ રાખતા એમાં કોઈ વખતે ઈ આખો રૂપિયાથી ભરાઈ ગયો' તો! વેપાર હતો. ઈ તો સીતેર વરસ પહેલાની વાત છે. એકવાર રોકડા રૂપિયાથી ઈ આખું ભરાઈ જાય, આમ! દાણા ને (માલનું) વેચાણ થઈ ગયું હોય તો, ત્યારે આ (જીવ) ખુશી થાય કે ઓહોહોહો! આ જ તો ત્રણસે રૂપિયાનું ભરાણું, ત્રણસેં રોકડા! તે દિ' ઓલી–નોટ કયાં હતી. આ ભ્રમ છે બધો! **(શ્રોતાઃ)** આખો ખોવાઈ જાય છે...! **(ઉત્તરઃ)** હેં? ખોવાઈ જાય છે. આહા...હા! કયે રસ્તે ચડી જાય છે? અજ્ઞાનને રસ્તે ચડી જાય છે. આહા...હા! સત્‌નો રસ્તો મૂકી દઈને અસત્‌ને પંથે ચડી જાય છે. ખબર નથી એને. આહા...હા! નગ્ન સાધુ થાય તો ય પણ 'કુ–પંથે' ચડી જાય છે. ઈ રાગની ક્રિયા – દયા –દાન છે ઈ ધરમ છે, એ મને ધરમનું કારણ છે. ઈ મિથ્યાત્વભાવમાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચડી ગયેલા છે. આહા...હા...હા! આવી વાત છે.

(અહીંયાં કહે છે કે:) **"– એમ વિસ્તારી શકાય છે–અભિન્ન પ્રદેશો હોવાને લીધે આમ વિસ્તાર કરવામાં આવે છે. છતાં સંજ્ઞા–લક્ષણ–પ્રયોજનાદિ ભેદ હોવાને લીધે પુરુષાર્થગુણને અને આત્મદ્રવ્યને."** આહા...હા! એ વીર્યગુણ અને એના આત્મદ્રવ્યને, વીર્યગુણને અને જ્ઞાનાદિ અનંતગુણને **"જ્ઞાનાદિ અન્યગુણને કે સિદ્ધત્વાદિપર્યાયને."** પુરુષાર્થગુણ છે એની જોડે જ્ઞાન–દર્શન–આનંદ ગુણ છે. છતાં તેને, અન્યગુણને કે સિદ્ધત્વ આદિપર્યાયને (એટલે) એ ગુણની પર્યાયને **"અતદ્ભાવ છે."** ત્રણ વચ્ચે અતદ્ભાવ છે. 'તે–આ નહીં, તે–આ નહીં, તે–આ નહીં. આહા..હા! પર્યાય, તે ગુણ નહીં ને ગુણ તે દ્રવ્ય નહીં ને દ્રવ્ય તે ગુણ નહીં ને દ્રવ્ય તે પર્યાય નહીં. આહા..હા...હા...હા! **"અતદ્ભાવ છે કે જે અતદ્ભાવ."** કે જે ત્રણ્યમાં અતદ્ભાવ કીધો. પર્યાય તે દ્રવ્ય નહીં ને દ્રવ્ય તે ગુણ નહીં ને ગુણ તે અન્ય ગુણ નહીં. એવો જે અતદ્ભાવ કહયો (એ અતદ્ભાવ) **"તેમનામાં અન્યત્વનું કારણ છે."** એ અતદ્ભાવમાં ભિન્ન–ભિન્ન ચીજ (દ્રવ્ય–ગુણ–પર્યાય) ભિન્ન છે એ અન્યત્વનું એ કારણ (અતદ્ભાવ) છે. અને અન્યત્વ છે ઈ. પૃથક્પ્રદેશ છે ઈ અન્યત્વ તો ત ન જુદું (પ્રદેશ જુદા માટે ચીજ જુદી.) એક દ્રવ્યને અને બીજા દ્રવ્યને પ્રદેશ જુદા છે તો અન્યત્વ જુદું. પણ આ રીતે અતદ્ભાવની અપેક્ષાએ તેને અન્યપણું છે. પ્રદેશ પૃથક્ નહિ હોવા છતાં. આહા...હા...હા! આવો જૈન ધરમ હશે? આવો! જૈનપણું બધું ઊડાડી દીધું લોકોએ તો! આહા...હા!

કહે છે કે: આ એકબીજાના ભાવરૂપે ઈ નહીં. તેથી અતદ્ભાવ થયો. એ જ અન્યત્વ છે બસ! એ અન્યત્વ છે. ઓલું પરનું અન્યત્વ તો પ્રદેશભેદે છે. આ અતદ્ભાવની અપેક્ષાએ (એટલો) અન્યત્વભાવ છે. આહા...હા! બહુ ઝીણું લખાણ આવ્યું.

વિશેષ આવશે.....

ॐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે સર્વથા અભાવ તે અતદ્ભાવનું લક્ષણ હોવાનો નિષેધ કરે છે :–

**जं दव्वं तण्ण गुणो जो गुणो सो तच्चमत्थादो ।**
**एसो हि अतब्भावो णेव अभावो त्ति णिद्दिट्ठो ॥१०८॥**

**यद्द्रव्यं तन्न गुणो योऽपि गुणः स न तत्त्वमर्थात् ।**
**एष ह्यतद्भावो नैव अभाव इति निर्दिष्टः ॥१०८॥**

**સ્વરૂપે નથી જે દ્રવ્ય તે ગુણ, ગુણ તે નહિ દ્રવ્ય છે,**
**–આને અતત્પણું જાણવું, ન અભાવને; ભાખ્યું જિને.૧૦૮.**

**ગાથા ૧૦૮**

અન્વયાર્થ :– **(अर्थात्)** સ્વરૂપ–અપેક્ષાએ **(यद् द्रव्यं)** જે દ્રવ્ય છે **(तत् न गुणः)** તે ગુણ નથી **(यः अपि गुणः)** અને જે ગુણ છે **(सः न तत्त्वं)** તે દ્રવ્ય નથી; **(एषः हि अतद्भावः)** આ અતદ્ભાવ છે; **(न एव अभावः)** સર્વથા અભાવ તે અતદ્ભાવ નથી; **(इति निर्दिष्टः)** આમ (જિનેન્દ્ર દ્વારા) દર્શાવવામાં આવ્યું છે.

**ટીકા :–** એક દ્રવ્યમાં, જે દ્રવ્ય છે તે ગુણ નથી, જે ગુણ છે તે દ્રવ્ય નથી – એ રીતે જે દ્રવ્યનું ગુણરૂપે અભવન (–નહિ હોવું) અથવા ગુણનું દ્રવ્યરૂપે અભવન તે અતદ્ભાવ છે; કારણ કે આટલાથી જ અન્યત્વવ્યવહાર (–અન્યત્વરૂપવ્યવહાર) સિદ્ધ થાય છે. પરંતુ દ્રવ્યનો અભાવ તે ગુણ, ગુણનો અભાવ તે દ્રવ્ય – એવા લક્ષણોવાળો અભાવ તે અતદ્ભાવ નથી. જો એમ હોય તો (૧) એક દ્રવ્યને અનેકપણું આવે, (૨) ઉભયશૂન્યતા થાય (અર્થાત્ બન્નેનો અભાવ થાય), અથવા (૩) અપોહરૂપતા થાય. તે સમજાવવામાં આવે છે :–

(દ્રવ્યનો અભાવ તે ગુણ અને ગુણનો અભાવ તે દ્રવ્ય એમ માનતાં પ્રથમ દોષ આ પ્રમાણે આવે:)

(૧) જેમ ચેતનદ્રવ્યનો અભાવ તે અચેતનદ્રવ્ય છે, અચેતનદ્રવ્યનો અભાવ તે ચેતનદ્રવ્ય છે – એ રીતે તેમને અનેકપણું (બે–પણું) છે, તેમ દ્રવ્યનો અભાવ તે ગુણ, ગુણનો અભાવ તે દ્રવ્ય – એ રીતે એક દ્રવ્યને પણ અનેકપણું આવે (અર્થાત્ દ્રવ્ય એક હોવા છતાં તેને અનેકપણાનો પ્રસંગ આવે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અથવા ઉભયશૂન્યતારૂપ બીજો દોષ આ પ્રમાણે આવે:)

(૨) જેમ સુવર્ણનો અભાવ થતાં સુવર્ણપણાનો અભાવ થાય, સુવર્ણપણાનો અભાવ થતાં સુવર્ણનો અભાવ થાય – એ રીતે ઉભયશૂન્યત્વ (બન્નેનો અભાવ) થાય, તેમ દ્રવ્યનો અભાવ થતાં ગુણનો અભાવ થાય, ગુણનો અભાવ થતાં દ્રવ્યનો અભાવ થાય – એ રીતે ઉભયશૂન્યતા થાય (અર્થાત્ દ્રવ્ય તેમજ ગુણ બન્નેના અભાવનો પ્રસંગ આવે).

(અથવા અપોહરૂપતા નામનો ત્રીજો દોષ આ પ્રમાણે આવે:)

(૩) જેમ પટ–અભાવમાત્ર જ ઘટ છે, ઘટ–અભાવમાત્ર જ પટ છે (અર્થાત્ વસ્ત્રના કેવળ અભાવ જેટલો જ ઘડો છે અને ઘડાના કેવળ અભાવ જેટલું જ વસ્ત્ર છે) – એ રીતે બન્નેને અપોહરૂપતા છે, તેમ દ્રવ્ય–અભાવમાત્ર જ ગુણ થાય, ગુણ–અભાવમાત્ર જ દ્રવ્ય થાય – એ રીતે આમાં પણ (દ્રવ્ય–ગુણમાં પણ) [૧]અપોહરૂપતા થાય (અર્થાત્ કેવળ નકારરૂપતાનો પ્રસંગ આવે).

માટે દ્રવ્ય અને ગુણનું એકત્વ, અશૂન્યત્વ ને [૨]અનપોહત્વ ઈચ્છનારે યથોકત જ (જેવો કહ્યો તેવો જ) અતદ્ભાવ માનવાયોગ્ય છે. ૧૦૮.

---

૧. અપોહરૂપતા = સર્વથા નકારાત્મકપણું; સર્વથા ભિન્નતા. (દ્રવ્ય અને ગુણમાં એકબીજાનો કેવળ નકાર જ હોય તો 'દ્રવ્ય ગુણવાળું છે' આ ગુણ આ દ્રવ્યનો છે' – વગેરે કથનથી સૂચવાતો કોઈ પ્રકારનો સંબંધ જ દ્રવ્યને અને ગુણને ન બને.)

૨. અનપોહત્વ = અપોહરૂપપણું ન હોવું તે; કેવળ નકારાત્મકપણું ન હોવું તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પ્રવચન : તા. ૨૯–૬–૭૯.

'પ્રવચનસાર' ગાથા–૧૦૮.

**હવે સર્વથા અભાવ તે અતદ્ભાવનું લક્ષણ હોવાનો નિષેધ કરે છે :–** અતદ્ભાવ કીધો માટે સર્વથા ભિન્ન છે, બીજા પ્રદેશે (જે) ભિન્ન છે એમ આ નથી.

**जं दव्वं तण्ण गुणो जो गुणो सो तच्चमत्थादो ।**
**एसो हि अतब्भावो णेव अभावो त्ति णिद्दिट्ठो ॥१०८॥**

**સ્વરૂપે નથી જે દ્રવ્ય તે ગુણ, ગુણ તે નહિ દ્રવ્ય છે,**
**–અને અતત્પણું જાણવું, ન અભાવને; ભાખ્યું જિને ૧૦૮.**

આટલી અપેક્ષાએ તેને અતત્પણું કહ્યું. બીજી રીતે અતત્પણું છે નહીં. પરની અપેક્ષાએ (પ્રદેશ ભિન્નતાની અપેક્ષાએ) જે અતત્પણું છે એવું આ અતત્પણું નથી. આત્મા અને પરદ્રવ્યને જેમ તદ્દન ભિન્નતા છે. એવું અહીંયાં નથી. અહીંયાં તો 'તે–ભાવ એ ભાવપણે નથી' એ અપેક્ષાએ અતત્પણું છે. આહા...હા...હા...હા! દાદા, તમે તો દિગંબર પહેલેથી છો! તો વાંચ્યું નથી તમે આ. કંઈ અત્યારનું નથી આ. આ તો પુસ્તક ('પ્રવચનસાર') પહેલેથી છે. કુંદકુંદઆચાર્ય! (ગાથા) એકસો આઠ.

**ટીકા :– "એક દ્રવ્યમાં, જે દ્રવ્ય છે તે ગુણ નથી, "જે ગુણ છે તે દ્રવ્ય નથી – એ રીતે જે દ્રવ્યનું ગુણરૂપે અભવન (–નહિ હોવું) અથવા ગુણનું દ્રવ્યરૂપે અભવન."** દ્રવ્યનું ગુણરૂપે અભવન ને ગુણનું દ્રવ્યરૂપે અભવન – બે ની (આ) અપેક્ષા એ **"તે અતદ્ભાવ છે."** તે રીતે અતદ્ભાવ છે. **"કારણ કે આટલાથી જ અન્યત્વવ્યવહાર (–અન્યત્વરૂપ વ્યવહાર) સિદ્ધ થાય છે!** આહા...હા...હા! કેટલું સ્પષ્ટ કર્યું છે! 'કારણ કે આટલાથી જ' એટલે કે: દ્રવ્યનું ગુણરૂપે નથી ને ગુણનું દ્રવ્યરૂપે નથી. એટલેથી જ અન્યત્વવ્યવહાર એટલે અન્યત્વરૂપ વ્યવહાર, (સિદ્ધ) થાય છે. **"પરંતુ દ્રવ્યનો અભાવ તે ગુણ."** એમ નથી. આહા...હા! દ્રવ્યનો અભાવ તે ગુણ, **ગુણનો અભાવ તે દ્રવ્ય – એવા લક્ષણવાળો અભાવ તે અતદ્ભાવ નથી."** આહા...હા! સમજાણું કાંઈ? આહા..હા! (જેમ) પરદ્રવ્યનું ત ન અન્યપણું – ભિન્ન કર્યું, એવું અન્યપણું આમાં નથી. દ્રવ્ય બિલકુલ ગુણરૂપે નથી ને ગુણ, પર્યાય રૂપે નથી ઈ તો (અતદ્ભાવની) અપેક્ષાએ ત ન કીધું. 'અભાવ તે અતદ્ભાવ નથી' **"જો એમ હોય તો (૧) એક દ્રવ્યને અનેકપણું આવે."** આહા...હા! તો સત્તાગુણ, જ્ઞાનગુણ, દર્શનગુણ એવા અનંતગુણ, અનંત ન રહે. અને તો અનંતગુણ છે ઈ તો અનંત દ્રવ્ય આવે (દ્રવ્યે રૂપે થઈ જાય.) 'એક દ્રવ્યને અનેકપણું આવે, અથવા **"ઉભયશૂન્યતા થાય." (અર્થાત્ બન્નેનો અભાવ થાય.)** બેય નો નાશ થાય.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(તદ્દન અભાવ રૂપે) દ્રવ્ય તે ગુણ નહીં ને ગુણ તે દ્રવ્ય નહીં (જો એમ હોય તો) બેય નો નાશ થાય. આહા...હા..હા! ઝીણું તો બહુ!! **"પરંતુ દ્રવ્યનો અભાવ તે ગુણ, ગુણનો અભાવ તે દ્રવ્ય – એવા લક્ષણવાળો અભાવ તેં અતદ્દ્ભાવ નથી.' જો એમ હોય તો એક દ્રવ્યને અનેકપણું આવે, ઉભયશૂન્યતા થાય.** બેયનો અભાવ આવે. અથવા **અપોહરૂપતા થાય."** એક–બીજાનો તદ્દન ત્યાગ. તદ્દન ત્યાગ (એટલે) દ્રવ્યને ગુણનો ત્યાગ, ગુણને દ્રવ્યનો ત્યાગ (તે અપોહરૂપતા થાય) તથા તેને અન્યપણાનો પ્રસંગ આવે. આહા..હા! એ પહેલો બોલ કહ્યો, બીજો બોલ કહેશે વિશેષ.

## પ્રવચન : તા. ૨૯–૬–૭૯.

'પ્રવચનસાર' ૧૦૮ ગાથા. એમાં નીચેથી ચાલે છે. 'ઉભયશૂન્યતા થાય' ઈ. ફરીને લઈએ. 'દ્રવ્યનો અભાવ તે ગુણ ને ગુણનો અભાવ તે દ્રવ્ય' એમ માનતાં, પ્રથમ દોષ આ પ્રમાણે આવે. ફરીને (લઈએ છીએ.) દ્રવ્ય છે એનો અભાવ તે, ગુણ છે. અન્યત્વવ્યવહાર બરાબર છે. દ્રવ્ય અને ગુણને અન્યત્વ તે બરાબર છે. પણ દ્રવ્યનો અભાવ તેગુણ, અને ગુણનો અભાવ તે દ્રવ્ય, એ વાત જૂઠી છે. એમાં બેયની શૂન્યતા થઈ જાય છે. **"પરંતુ દ્રવ્યનો અભાવ તે ગુણ, ગુણનો અભાવ તે દ્રવ્ય." – એવા લક્ષણવાળો અભાવ તે અતદ્દ્ભાવ નથી. જો એમ હોય તો. (૧) એક દ્રવ્યને અનેકપણું આવે, (૨) ઉભયશૂન્યતા થાય (અર્થાત્ બન્નેનો અભાવ થાય), અથવા (૩) અપોહરૂપતા થાય. તે સમજાવવામાં આવે છે :–** (એ પહેલો બોલ કહ્યો, હવે બીજો બોલ.)

(અહીંયાં કહે છે કે:) **(દ્રવ્યનો અભાવ તે ગુણ અને ગુણનો અભાવ તે દ્રવ્ય એમ માનતાં, પ્રથમ દોષ આ પ્રમાણે આવે :** એ કહે છે. **"(૧) જેમ ચેતનદ્રવ્યનો અભાવ તે અચેતનદ્રવ્ય છે, અચેતનદ્રવ્યનો અભાવ તે ચેતનદ્રવ્ય છે."** આહા...હા! ચેતનદ્રવ્ય છે એનો અભાવ અચેતનદ્રવ્ય છે. કરમ, શરીર, વાણી, મન – બધું અચેતન (છે.) એ અચેતનદ્રવ્યનો અભાવ તે, ચેતનદ્રવ્ય છે એમ ઠરે. **"–એ રીતે તેમને અનેકપણું છે (બે–પણું) છે, તેમ દ્રવ્યનો અભાવ તે ગુણ, ગુણનો અભાવ તે દ્રવ્ય – એ રીતે એક દ્રવ્યને પણ અનેકપણું આવે (અર્થાત્ દ્રવ્ય એક હોવા છતાં તેને અનેકપણાનો પ્રસંગ આવે.)"** દ્રવ્ય તે ગુણ નહીં એમ કીધું. એ રીતે અન્યત્વ છે. પણ દ્રવ્યનો અભાવ તે ગુણ, અને ગુણનો અભાવ તે દ્રવ્ય, – તો બે ય સત્ય નહીં સમજાવે. બેયની શૂન્યતા થશે. આવી હવે વાતું! અહા...હા! આચાર્યે વાત સિદ્ધ કરવા કેટલી (યુકિતઓ આપી છે!) કારણ કે દ્રવ્ય છે, એ અનંતગુણનો પિંડ છે. હવે ઈ ગુણ છે તે દ્રવ્ય કહીએ, તો તો ગુણ છે ઈ તદ્દભાવે ભિન્ન છે. અને દ્રવ્ય છે ઈ તદ્દભાવભિન્ન છે. તદ્દ્ભાવ ભિન્ન છે અપેક્ષાએ અતદ્દ્ભાવ છે. તો અતદ્દ્ભાવ એવો નથી, કે બીજાનો તદ્દન અભાવ. એવો અન્યત્વ(ભાવ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. આહા..હા! આ તો બધા ન્યાયના ગ્રંથ છે!

(અહીંયાં કહે છે કે:) **(અથવા ઉભયશૂન્યતારૂપ બીજો દોષ આ પ્રમાણે આવે.'' (૧) ''જેમ સુવર્ણનો અભાવ થતાં સુવર્ણપણાનો** સુવર્ણપણું એનો **અભાવ થાય.''** સુવર્ણ એટલે દ્રવ્ય, સુવર્ણનો અભાવ થતાં સુવર્ણપણાનો અભાવ થાય. **''સુવર્ણપણાનો અભાવ થતાં સુવર્ણનો અભાવ થાય – એ રીતે ઉભયશૂન્યતા (બન્નેનો અભાવ) થાય, તેમ દ્રવ્યનો અભાવ થતાં ગુણનો અભાવ થાય,** આહા...હા! દ્રવ્યથી, ગુણ તદ્દન અભાવ છે. એમ કહે(માને) તો બેયની શૂન્યતા આવે. જો દ્રવ્ય તદ્દન ભિન્ન અને ગુણ તદ્દન ભિન્ન (હોય) તો દ્રવ્યનો પણ અભાવ થાય. ગુણસ્વભાવવાળું દ્રવ્ય છે. તો જો દ્રવ્યનો તદ્દન અભાવ કહો તો ગુણનો અભાવ થઈ જાય. અને ગુણનો અભાવ કહો તો દ્રવ્યનો અભાવ થઈ જાય. કો' વેપારીને.... આ ન્યાય પકડે! **(શ્રોતાઃ)** કેમ નો' પકડે, વેપારીને બુદ્ધિ નથી! **(ઉત્તરઃ)** તમે તો વકીલ છો. તો આ (વેપારીની વકીલાત!) **(શ્રોતાઃ)** વેપારીને બુદ્ધિ નથી? **(ઉત્તરઃ)** આહા...હા! સિદ્ધ તો એમ કરવું છે, કેઃ ત્રણ છે – દ્રવ્ય–ગુણ ને પર્યાય. તો ઈ અપેક્ષાએ એનું અન્યપણું છે. પણ દ્રવ્યનો અભાવ તે ગુણ ને ગુણ નો અભાવ તે દ્રવ્ય, એમ નથી. શાંતિભાઈ! આમાં તમારે ચોપડામાં આવતું નો'હોય કયાં'ય! આજે આવ્યું છે (પત્રિકામાં) સંપૂર્ણ આહાર વિના ચાલતું નથી! (પરંતુ અહીંયાં તો) સિદ્ધ ઈ કરવું છે કે (જે) ગુણ છે એનો ભાવ, દ્રવ્યથી અતદ્‌ભાવ છે. જેવો તે ગુણભાવ છે તેવો જ દ્રવ્યભાવ છે એમ નહીં. (કારણ) દ્રવ્ય એકરૂપ 'ભાવ' છે. ગુણભાવ અનેકરૂપ 'ભાવ' છે. આહા...હા! પણ (એકબીજામાં) તદ્દન અભાવ જોવા જાવ (તો તો) દ્રવ્યના અભાવે ગુણ પણ નહીં રહે અને ગુણના અભાવે દ્રવ્ય પણ નહીં રહે. આહા...હા! એમાં (બે વચ્ચે) અતદ્‌ભાવ તરીકે અનેરાપણું કહેવામાં આવ્યું, છતાં પણ એકબીજામાં તદ્દન અભાવ તરીકે, ગણશો, તો તે બેયની શૂન્યતા થશે. સમજાણું કાંઈ?

(કહે છે) આહા...હા! આવું વેપારીને તો આવ્યું નો' હોય કોઈ દિ'! લોઢાના વેપારમાં આવે છે આવું? આહા...હા...હા! અહીંયાં તો (કહે છે) પરદ્રવ્યથી તો (આત્મદ્રવ્યને) અભાવ છે. પણ દરેક પદાર્થમાં – દ્રવ્ય અને ગુણ છે. એ (બે) વચ્ચે અતદ્‌ભાવ છે. એ અતદ્‌ભાવની અપેક્ષાએ તેને (દ્રવ્ય અને ગુણને) અન્યત્વ કહેવાય છે. પણ સર્વથા–દ્રવ્યમાં ગુણ નથી ને ગુણમાં દ્રવ્ય નથી તો તો બેયનો અભાવ થઈ જાય. આહા...હા! સમજાણું કાંઈ? આહા....હા...હા! આચાર્યોએ! અરે! જગતને કરુણા કરીને! એક–એક (ન્યાયને) આ શબ્દો! આ ટીકા! અપ્રમત્તદશામાં રહેવું! જાણનાર રહેવું! આહા...હા! એમાં વળી આ વિકલ્પ (ટીકાનો) આવ્યો તો આ ટીકા (રચાઈ ગઈ.) આહા...હા...હા! ભવ્યોના હિતને માટે.

(અહીંયાં કહે છે કે:) **''એ રીતે ઉભયશૂન્યતા થાય.''** એટલે બેયનો અભાવ થઈ જાય, દ્રવ્યનો ને ગુણનો. (જો એમ કોઈ માને) તદ્દન દ્રવ્યથી ગુણ જુદા ને ગુણથી દ્રવ્ય જુદું (તો તો) બેયનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અભાવ થઈ જાય. એમ તદ્દન બેય જુદા છે નહીં. માત્ર એટલું જ કે એ ભાવરૂપે તે નથી, દ્રવ્યના ભાવરૂપે ગુણ નથી ને ગુણના ભાવરૂપે દ્રવ્યભાવ નથી, એટલી અન્યરૂપતા ને અતદ્દ્ભાવને (અહીંયાં) સિદ્ધ કરવું છે. પણ દ્રવ્યથી ગુણ સર્વથા જુદા ને ગુણથી દ્રવ્ય સર્વથા જુદું (હોય તો તો) બેયની શૂન્યતા થઈ જશે. દ્રવ્ય ગુણવિના ન હોય ને ગુણ દ્રવ્ય વિના ન હોય. બરાબર છે? **(શ્રોતાઃ)** જી. હા. જી. હા!

(અહીંયાં કહે છે કેઃ) **"(અથવા અપોહરૂપતા નામનો ત્રીજો દોષ આ પ્રમાણે આવે.)"** (૩) **"જેમ પટ–અભાવમાત્ર જ ઘટ છે."** વસ્ત્રના પૂરણ અભાવરૂપ ઘટ છે. **(અર્થાત્ વસ્ત્રના કેવળ અભાવ જેટલો જ ઘડો છે અને ઘડાના કેવળ અભાવ જેટલું જ વસ્ત્ર છે.) – એ રીતે બન્નેને અપોહરૂપતા છે."** બન્ને વચ્ચેનો (સર્વથા નકારાત્મકપણું; સર્વથા ભિન્નતા.) નકાર છે, **"તેમ દ્રવ્ય–અભાવ માત્ર જ ગુણ થાય, ગુણ અભાવમાત્ર જ દ્રવ્ય થાય."** દ્રવ્ય ને ગુણનો (સર્વથા) ત્યાગ ને ગુણનો (સર્વથા નકારાત્મકપણું) ત્યાગ તે દ્રવ્ય – " **એ રીતે આમાં પણ (દ્રવ્ય–ગુણમાં પણ) અપોહરૂપતા થાય (અર્થાત્ કેવળ નકારરૂપતાનો પ્રસંગ આવે.)"** આહા...હા! ઘડો છે અને ઘડાના કેવળ અભાવ જેટલું જ વસ્ત્ર છે – એ રીતે બન્નેને અપોહરૂપતા છે. (હવે) "તેમ દ્રવ્ય–અભાવમાત્ર જ ગુણ હોય ને ગુણ–અભાવમાત્ર જ દ્રવ્ય હોય (અર્થાત્) દ્રવ્યના અભાવમાત્ર જ ગુણ જુદો રહે, જેમ પટથી તદ્દન જુદો ઘટ છે. એમ દ્રવ્યથી તદ્દન જુદો ગુણ રહે અને ગુણ–અભાવમાત્ર જ દ્રવ્ય હોય, ગુણના અભાવમાત્ર જ એકલું દ્રવ્ય જુદું હોય (ગુણ વિનાનું) એ રીતે આમાં પણ (દ્રવ્ય–ગુણમાં પણ) અપોહરૂપતા થાય. (અર્થાત્ કેવળ) નકારરૂપતા આવે – સર્વથા નકાર આવે. (દ્રવ્ય–ગુણને) સર્વથા નકાર – સર્વથા ભિન્નતા એમ બને નહીં. કથંચિત્ તદ્દ્ભાવને જુદો (ભિન્ન) ગણીને અતદ્દ્ભાવ કહયો છે. 'તદ્દ્ભાવે–નહીં' એ ગણીને જુદા–જુદા કહ્યું છે. પણ તદ્દન– સર્વથા (ભિન્નતા) ગુણ વિનાનું દ્રવ્ય, અને દ્રવ્ય વિનાનો ગુણ – (એમ) સર્વથા કહો તો બેયની શૂન્યતા થઈ જશે. દ્રવ્ય વિના ગુણ ન રહી શકે, ગુણ વિના દ્રવ્ય નહીં રહી શકે. આહા...હા...હા! આવું કયાં'ય આવે તમારે વેપારમાં? આહા..હા...હા...હા! **(શ્રોતાઃ)** કોર્ટમાં આવે! **(ઉત્તરઃ)** કોરટમાં કયાં કહેવું છે, આ તો વેપારીઓને કહેવું છે ને...! આહા...હા...હા!

(કહે છે કેઃ) સિદ્ધ શું કરવું છે? કે : વસ્તુ જે છે. એ દ્રવ્ય છે. હવે એના જ્ઞાન આદિ સત્તા આદિ ગુણ છે. હવે ઈ બે વચ્ચે (એકબીજાનો) સર્વથા અભાવ માનો (એટલે) દ્રવ્યના અભાવરૂપે ગુણ અને ગુણના અભાવરૂપે દ્રવ્ય, તો બેયનો નકાર થઈ જશે. બેય શૂન્ય થઈ જશે. દ્રવ્ય વિના ગુણ રહી શકે નહીં ને ગુણ વિના દ્રવ્ય રહી શકે નહીં. આહા..હા! સમજાય છે?

(અહીંયા કહે છે કેઃ) **"–એ રીતે બન્નેને અપોહરૂપતા છે, તેમ દ્રવ્યઅભાવમાત્ર જ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ગુણ થાય.''** વસ્તુના અભાવમાત્ર જ એકલો જ્ઞાનગુણ જુદો! જેને દ્રવ્યને અને એને કાંઈ સંબંધ નથી. એમ જો કહેવા જાવ, બેય બેય વાતનો (વસ્તુનો) અભાવ થઈ જશે. આહા...હા! આચાર્યોએ કામ! કરુણાની કૃપા આવી છે ને...! કરુણા વરસે છે જગત ઉપર હે! પ્રાણીઓ! જે રીતે વસ્તુ છે તેને (તે રીતે) સમજો. અને સમજયા પછી અંતરથી, ભેદ કરો પરથી. **અને અભેદની દૃષ્ટિને ખીલવો!! અભેદદૃષ્ટિને ખીલવો!!** આહા...હા! એવી વાત કરી છે. આ તો જેંને સંસારના ભય લાગ્યા હોય, ચોરાશીના અવતારના ડર લાગ્યા હોય, એને માટે આ વાત છે. જેને ભવનો અભાવ કરવાનો ભાવ હોય, એને આ રીતે (એટલે) જે રીતે કહ્યું છે એ રીતે – એમાંથી ઓછું, અધિક, વિપરીત એ નહીં. (એમ યથાર્થ સમજીને.)

આહા...હા! જેમાં શરીરનો તદ્દન અભાવ તે આત્મા! અને આત્માનો તદ્દન અભાવ (જેમાં) તે શરીર. બરાબર છે? (અથવા) આ શરીરનો તદ્દન અભાવ તે આત્મા! અને આત્માનો તદ્દન અભાવ તે શરીર. એમ દ્રવ્યનો તદ્દન અભાવ તે ગુણ, અને ગુણનો તદ્દન અભાવ તે દ્રવ્ય. એમ કહેવા જાઈશ તો (એમ માનીશ તો) બેયનો નાશ થઈ જશે. આમાં સમજાય છે કાંઈ? આહા...હા! અરે! દિગંબર સંતોએ તો ગજબ કરી નાખ્યો!! કલ્યાણ કરવાનો માર્ગ ન્યાલ! ન્યાલ કરવું છે આ તો! આહા...હા! ઓલામાં વિષ્ણુમાં કહે છે. સ્વામીનારાયણમાં એમ કહે. સ્વામીનારાયણ એમ કહે. ન્યાલ કર્યા! ઓલા (સહજાનંદ) માંસ (આદિ) છોડાવે કાઠીને (કોળી જેવી જાતિને). બ્રહ્મચારી કહેતા કે એને લઈને છાપ બહુ પડી છાપ (સમાજમાં.) બ્રહ્મચર્યનું પાકું બહુ કહેતા હો! એક ફેરે એની બાઈ હતી એક હતી કાઠિયાણી, ઈ બેઠી'તી છતાં એના તરફ દૃષ્ટિ નહીં. પણ વસ્તુની ખબર નહીં એટલે.... (મિથ્યાત્વ તો ખરું) આહા...હા!

અહીંયાં કહે છે. આહા...હા! ભગવાન આત્મા, જેમ પરદ્રવ્યથી અભાવસ્વરૂપ છે. તેમ પોતના ગુણથી તદ્દન અભાવસ્વરૂપ છે, અને દ્રવ્ય છે તે ગુણથી તદ્દન અભાવસ્વરૂપ છે – જેમ વસ્ત્રથી ઘડો તદ્દન અભાવસ્વરૂપ છે. ઘડાથી વસ્ત્ર તદ્દન અભાવસ્વરૂપ છે – એમ જો (દ્રવ્યગુણથી) અભાવસ્વરૂપ હોય તો શૂન્ય થઈ જાય. આહા...હા! સમજાણું કાંઈ? ધ્યાન રાખે તો ભાષા તો, ભાષા તો સાદી છે. આ તો મારગ એવો છે બાપુ! આહા...હા! સર્વજ્ઞભગવાન! ત્રિલોકનાથ! એમની વાણી આવી ઈ ગણધરોએ રચી. એનો આ નમૂનો રહ્યો છે આ! આહા...હા! એમ ન સમજવું કે આ સાધારણ અત્યારે પાંચમો આરો છે ને...! ફલાણું છે ને (ઢીકણું) છે.... માટે! (આ તો) ભગવાનની સાક્ષાત્ વાણી છે!! ત્રણલોકના નાથ, સર્વજ્ઞદેવની વાણી છે પ્રભુ! તને પરથી તદ્દન ભિન્ન બતાવ્યો. એ તો બરાબર છે. (વળી) તને – દ્રવ્ય ને ગુણથી અતદ્‌ભાવ તરીકે ભિન્ન બતાવ્યો. પણ એથી તું એમ માની લે કે દ્રવ્ય તે ગુણ નહીં ને ગુણ તે દ્રવ્ય નહીં (સર્વથા તો) મોટો દોષ આવશે. (અને તેથી) ગુણ–ગુણીના ભેદની સિદ્ધિ નહીં થાય, અને દ્રવ્ય વિના ગુણની (પણ) સિદ્ધિ ન થાય, અને ગુણ વિના દ્રવ્યની પણ સિદ્ધિ નહીં થાય, વાત સાધારણ નથી. આહા...હા...હા! જંગલમાં વસ્યા, સંતો જગતને! આહા...હા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાહેર કરીને (જગતને) જાગૃત કરે છે. જાહેર કરીને જાગૃત કરે છે ને (કહે છે) પ્રભુ તું પરથી તો ત્રિકાળ ભિન્ન (છો.) આ કરમથી, શરીરથી, વાણીથી અરે! દેવ–ગુરુ છે એનાથી તું તદ્દન ભિન્ન (છો.) આહા...હા! (એ પરને) દ્રવ્યને વિષે માન. એમ નથી.

(કહે છે) અમે (દ્રવ્ય–ગુણ વચ્ચે) અન્યત્વ કહ્યું ખરું, દ્રવ્ય તે ગુણ નહીં ને ગુણ તે દ્રવ્ય નહીં (એવું) અન્યત્વ, અતદ્‌ભાવ તરીકે, 'તે–ભાવ નહીં' (એટલે) દ્રવ્યભાવ તે ગુણભાવ નહીં, એ અપેક્ષાએ (એટલે કે) દ્રવ્યભાવ તે ગુણભાવ નહીં ને ગુણભાવ તે દ્રવ્યભાવ નહીં. એ અપેક્ષાએ અમે અતદ્‌ભાવરૂપે અન્યત્વ કહ્યું. અને એનો અર્થ તું એવો લઈ જા 'ગુણમાત્રનો અભાવ તે દ્રવ્ય અને દ્રવ્યમાત્રનો અભાવ તે ગુણ' તો બેયની શૂન્યતા થઈ જશે. આહા...હા! આ તો લોજિક છે. બહુ ન્યાય! કાયદા શાસ્ત્ર છે ભગવાનનું! સરકારના કાયદા નોંધે છે ને આ વકીલો! આ તો ભગવાનના કાયદા છે પ્રભુ! વસ્તુની મર્યાદા આ રીતે છે. એ રીતે મર્યાદાનું જ્ઞાન યથાર્થ ન આવે, ત્યાં સુધી સ્વભાવ તરફ ઢળી નહીં શકે! આહા...હા! જે રીતે તેની મર્યાદાભેદની અપેક્ષાએ છે. તો અતદ્‌ભાવની અપેક્ષાએ અન્યત્વ છે. અને ગુણ વિનાનું એકલું દ્રવ્ય ન રહી શકે ને દ્રવ્ય વિના એકલા ગુણ ન રહી શકે ઈ અપેક્ષાએ તેમાં બેયભાવ એકસાથે છે. આહા...હા! (અર્થાત્) બેય ભાવ (ગુણભાવ ને દ્રવ્યભાવ) એકસાથે છે. દ્રવ્યભાવ વિના ગુણભાવ ન રહે અને ગુણભાવ વિના દ્રવ્યભાવ ન રહે. (છતાં) દ્રવ્યભાવ ને ગુણભાવ વચ્ચે અતદ્‌ભાવ અન્યત્વ તો કહ્યું! આહા...હા...હા! આવી વાત ક્યાં છે બાપુ? એકલા! દિગંબર સંતો એ તો જૈનધર્મ! કેવળજ્ઞાનના કેડાયતો છે બાપા! આ રસ્તે જ કેવળજ્ઞાન થવાનું છે!

કેવળીના કહેણ છે. મોટા પુરુષના વેણ છે. આહા..હા! પરમાત્મા ત્રિલોકનાથના કહેણ, પ્રભુના આવ્યા આ વેણ, આહા...! એનો નકાર ન થાય. આહા...! તું ગમે એવા ડહાપણમાં ચડી ગયો હો, પણ આ રીતે નહીં હોય તો ડહાપણ તારું નહીં કામ આવે. આહા...હા! **'ત્યાં ને ત્યાં ત્યાં સમાઈ જા' ગુણ છે એને દ્રવ્યમાં અભેદ રીતે આહા...હા!' છે ભલે અતદ્‌ભાવ પણ છતાં ગુણ, દ્રવ્યમાં ભેળવી દે!** આહા...હા...હા! **ત્યારે તને દ્રવ્યદૃષ્ટિ થઈને સમ્યક્ જેવું સત્ય છે, એવી સત્યદૃષ્ટિ પ્રગટશે!** આહા...હા...હા...હા! જે દૃષ્ટિ – સવારમાં આવ્યું હતું **'ભેદ–વિજ્ઞાન' પ્રથમ મૂળ કારણ જ એ છે.'** આહા...હા...હા! ભેદવિજ્ઞાન તે મૂળ કારણ છે. એ તો, આત્માનો આશ્રય લો(તેમાં) પરથી જુદો પડીને આત્માનો આશ્રય લીધો તેમાં ભેદ–વિજ્ઞાન જ મૂળકારણ છે. ભલે ('સમયસાર' ગાથા–૧૧) **भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठि हवदि जीवो** ॥ ભૂતાર્થનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય, ત્યાં પણ ભેદ–વિજ્ઞાન જ આવ્યું. આહા...હા! પરથી ભિન્ન, સ્વભાવથી અભિન્નની દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન થાય. ત્યાં પણ પરથી ભિન્ન, સ્વભાવથી અભિન્નની દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન થાય. ત્યાં પણ પરથી ભિન્ન ને સ્વથી અભિન્નની વાત આવી. એટલે ભેદ મૂલતઃ કારણ. કારણ કે અનંત દ્રવ્યો છે. એક હોય તો (ભેદ–જ્ઞાન ન હોય) (પરંતુ) અનંત દ્રવ્યો છે અને એક–એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યમાં પણ ગુણભેદ ને દ્રવ્યભેદ છે. (માટે ભેદ–જ્ઞાન હોય છે.) પણ જેવો અન્યથી ભિન્ન ભાવ છે (આત્માને) એવો ગુણ ને દ્રવ્ય વચ્ચે અભાવ નથી. આહા...હા! શું કહું એનો (ભાવ)! વાત કરે છે! છે સાદી (વાત) પણ બહુ ઊંચી! આહા....હા!

(અહીંયાં કહે છે કેઃ) –**''એ રીતે બન્નેને અપોહરૂપતા છે,** એટલે બન્નેમાં અપોહરૂપતા (અર્થાત્) બંનેનો નકાર થઈ જાય. **''તેમ દ્રવ્યઅભાવમાત્ર જ ગુણ થાય, ગુણ–અભાવમાત્ર જ દ્રવ્ય થાય – એ રીતે આમાં પણ (દ્રવ્ય–ગુણમાં પણ) અપોહરૂપતા થાય.''** અપોહરૂપતા (એટલે અર્થ જુઓ ફૂટનોટમાં) અપોહરૂપતા = સર્વથા નકારાત્મકપણું; સર્વથા ભિન્નતા. સર્વથા જુદાપણું થઈ જાય, સર્વથા એકબીજાનો ત્યાગ, દ્રવ્યને ગુણનો ત્યાગ, ગુણને દ્રવ્યનો ત્યાગ. એમ થઈ જાય. આહા...હા! પરથી તો શૂન્ય છે. પરનું તો ગ્રહણ–ત્યાગ આત્મામાં છે જ નહીં. પરમાણુથી માંડીને છ દ્રવ્યો, ભગવાન આદિ – એ બધાંનો ગ્રહણ–ત્યાગ આત્મામાં છે જ નહીં. એવો તો એનો સ્વભાવ છે. પણ એનો(દ્રવ્યનો) જે ગુણ છે. એ ગુણને અને ગુણીને (બે) વચ્ચે અતદ્ભાવ (અન્યપણું) છે. આહા...હા! પર–ત્રિલોકનાથથી તારું જુદાપણું, એ તો બિલકુલ અભાવસ્વરૂપ છે. સર્વથા અભાવસ્વરૂપ છે. એમ જ્ઞાન તે આત્મા નહીં ને આત્મા તે જ્ઞાન નહીં, એવો સર્વથા અભાવ નથી એમાં (આત્મામાં) ઈ તો અતદ્ભાવ (છે.) એટલે દ્રવ્યભાવ છે તે ગુણભાવ નહીં ગુણભાવ છે તે દ્રવ્યભાવ નહીં, પર્યાયભાવ છે તે ગુણભાવ નહીં ઈ અપેક્ષાએ ભાવને ભિન્ન કહયો. (જો) સર્વથા ભિન્ન કરવા જા(તો) નહીં રહે દ્રવ્ય, નહીં રહે ગુણ ને નહીં રહે પર્યાય. આહા...હા! સાધારણ માણસને લાગે કે સાવ ભેદ આવો! સાધારણ નથી એ ભેદ! આહા...હા! તદ્દન ભિન્નતા અને સ્વભાવભાવ ભિન્ન – બે વચ્ચે ભેદ. (એટલે) પરથી તદ્દન ભિન્નતા અને દ્રવ્યમાં દ્રવ્યગુણ સાથે સર્વથા અભાવ નહીં, પણ અતદ્ભાવ તરીકે અન્યત્વ ખરું. એને પણ તું કાઢી નાખ (ને સર્વથા અન્યત્વ માન) તો નહીં હાલે. (એમ) ગુણ–ગુણીને અતદ્ભાવ તરીકે અન્યત્વ કહ્યું એમ બે વચ્ચે સર્વથા અન્યત્વ માન તો એકેય નહીં થાય. આહા..હા!

(કહે છે કેઃ) કો' સુખલાલજી! આ પ્રવચનસાર વાંચ્યું છે કે નહીં? **(શ્રોતાઃ)** હા, પ્રભુ! **(ઉત્તરઃ)** વાંચ્યુ છે. તમે તો નવરા છો. આહા...હા! **''અર્થાત્ કેવળ નકારરૂપતાનો પ્રસંગ આવે.'' માટે દ્રવ્ય અને ગુણનું એકત્વ, અશૂન્યત્વ ને અનપોહત્વ ઈચ્છનારે.''** કથંચિત્ પ્રકારે દ્રવ્ય ને ગુણનું એકપણું, અશૂન્યત્વ અને અનપોહત્વ ઈચ્છનારે **''યથોક્ત જ જેવો કહ્યો તેવો જ અતદ્ભાવ માનવાયોગ્ય છે.''** અહીંયાં વાત આ સિદ્ધ કરી છેલ્લે! અતદ્ભાવ આ રીતે માનવાલાયક છે. શી રીતે? કે દ્રવ્ય છે તે 'ભાવ' અને ગુણ છે તે 'ભાવ' એ બે વચ્ચે અતદ્ભાવ છે. અન્યત્વ એટલું. પણ એ બેય વચ્ચે (એકબીજાનો) તદ્દન અભાવ છે (એટલે કે) અતદ્ભાવ છે તે જુદી વાત છે ને સર્વથા અભાવ છે તે જુદી વાત છે. સર્વથા અભાવમાં તો દ્રવ્યે ય ભિન્ન રહે ને ગુણે ય ભિન્ન રહે. દ્રવ્ય વિના ગુણ ને ગુણ વિના દ્રવ્ય (માનો તો) બધું શૂન્ય થઈ જશે. આહા...હા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેટલો ન્યાય નીકળે છે!! માણસો તો બહારની ક્રિયામાં જોડાઈ ગયા!! પણ વાસ્તવિક તત્ત્વ જે છે તે જ્ઞાનમાં – ભાવમાં ભાસન થવું જોઈએ, એ કહે છે. કેમ કે ભાસન વિના એની પ્રતીતિ નહીં થાય. આહા...હા!

(કહે છે) (વસ્તુની સ્થિતિ) જે રીતે છે ભેદ–અભેદ, એ રીતે ભાસન (ભાવનું) ન થાય, તો તત્ત્વની રુચિ (યથાર્થ) નહીં થાય. આહા....હા! ત્યાં કાંઈ એને ક્રિયાકાંડ નહીં કામ આવે જરીએ! આહા...હા! **(શ્રોતાઃ)** ક્રિયાકાંડમાં તો કંઈ વિચારવું ન પડે ને...! **(ઉત્તરઃ)** ક્રિયાકાંડમાં તો વિચારવાનું શું? શું દ્રવ્ય કે ગુણ કે પર્યાય.... **(શ્રોતાઃ)** વિચારવાનું નહીંને...પણ! **(ઉત્તરઃ)** કલેશ છે કલેશ! બીજા અધિકારમાં કીધું છે કલેશ છે કલેશ (એ ક્રિયાકાંડ) કરો તો કરો! આહા...હા! કલેશ છે! પ્રભુ! તું તો રાગથી તદ્દન અભાવસ્વભાવ છો. ગુણથી તો તદ્દન અભાવસ્વભાવ નહીં, ગુણથી તો અતદ્ભાવ છે, પણ રાગથી તો (આત્મા) તદ્દન અભાવસ્વરૂપ છે. આહા..હા! સમજાણું કાંઈ? એનાથી તો ત ન અભાવસ્વરૂપ છે તેથી શરીરની કાંઈપણ ક્રિયા થાય, કે શરીર તને ક્રિયામાં કાંઈપણ મદદ(રૂપ) થાય. એમ બિલકુલ નથી. કારણ (કે) બે વચ્ચે તદ્દન અભાવસ્વભાવ છે. એમ ગુણ અને દ્રવ્ય વચ્ચે તદ્દન અભાવસ્વભાવ નથી. ફકત 'ભાવ' માં ફેર છે એટલો અતદ્ભાવ કહ્યો. કે દ્રવ્ય તે ગુણ નહીં ને ગુણ તે દ્રવ્ય નહીં. એટલે કોઈ માની લે કે અતદ્ભાવ છે એટલે અન્યભાવ છે તેથી એ વસ્તુ જ જુદી છે ત ન (અર્થાત્) દ્રવ્ય જુદું ને ગુણ જુદો – તો બેયની શૂન્યતા થશે. બાપુ! તને યથાર્થ નહીં સમજાય. આહા...હા!

(કહે છે કેઃ) અને અહીંયાં બેયને – ગુણી ને ગુણને અતદ્ભાવ કહ્યો છતાં તે જુદા નથી. દ્રવ્ય પરિણમતાં, ગુણ પરિણમે છે ભેગાં. ભાઈ! આવે છે ને 'ચિદ્વિલાસ' માં....! 'ચિદ્વિલાસ' માં(આવે છે) ગુણ પરિણમતાં દ્રવ્ય પરિણમતું નથી. જો તમે દ્રવ્યથી ગુણ તદ્દન જુદો જ કહો, તો ગુણ પરિણમતાં દ્રવ્ય પરિણમતું નથી. આહા...હા...હા! 'ચિદ્વિલાસ' માં છે. **['દ્રવ્ય અધિકાર' (૩) 'द्रव्यत्वयोगाद् द्रव्यम्' – ''ગુણપર્યાયોને દ્રવ્યા વગર દ્રવ્ય ન હોય (દ્રવ્ય પોતે) દ્રવીને ગુણ–પર્યાયમાં વ્યાપીને તેને પ્રગટ કરે છે.'']** દ્રવ્ય પરિણમતાં ગુણ પરિણમે છે, કારણ કે દ્રવ્ય તો ગુણનો પિંડ છે. દ્રવ્ય પરિણમતાં ગુણ પરિણમે છે. આહા...હા! (ગુણી–ગુણ) બે વચ્ચે અતદ્ભાવ હોવા છતાં, બે વચ્ચે અન્યત્વનો, તદ્દન અન્યત્વનો અભાવ છે. માટે દ્રવ્ય પરિણમતાં ગુણ પરિણમે છે. આહા...હા...હા! **(શ્રોતાઃ)** અનંતગુણનો પિંડ છે દ્રવ્ય એટલે, દ્રવ્ય પરિણમે ગુણ તો પરિણમે જ ને....! **(ઉત્તરઃ)** દ્રવ્ય પરિણમે એટલે ગુણ(પરિણમે). ગુણ પરિણમે એટલે દ્રવ્ય પરિણમે એમ નહીં. દ્રવ્ય પરિણમતાં ગુણ પરિણમે છે. આહા...હા! કારણ કે અનંતગુણનો આશ્રય દ્રવ્ય છે. (**द्रव्याश्रया निर्गुणा गुणाः**) આધાર એનો દ્રવ્ય છે (તેથી) દ્રવ્ય પરિણમતાં ગુણ પરિણમે છે. આહા...હા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(કહે છે) સમ્યગ્દર્શનની પર્યાય થતાં પણ, દ્રવ્ય પરિણમે છે ઈ. આહા...હા! ત્રિકાળીધ્રુવસ્વરૂપ હું છું એવી દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતાં, દ્રવ્ય પરિણમે છે સમ્યગ્દર્શનની પર્યાયપણે, આહા...! એમાં (બધા) ગુણ પરિણમે(છે) એ આવી ગયું! જેટલા ગુણો છે એટલા અંશપણે વ્યકતપણે–પ્રગટ પરિણમે છે. આહા...હા! દ્રવ્ય પરિણમતાં – દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતાં, દ્રવ્યનો આશ્રય લેતાં, દ્રવ્ય પરિણમતાં એના અનંતાગુણો છે તે (સર્વ) પરિણમે છે. તેથી તે દ્રવ્ય પરિણમતાં – દૃષ્ટિ દ્રવ્ય ઉપર રાખતાં(એકાગ્ર થતાં) અનંતાગુણો જેટલા છે તેની શકિતની વ્યકતતા, પરિણમનપણે પ્રગટ પરિણમે છે. આહા...હા...હા! આવું (સ્વરૂપ) કહે છે. **(શ્રોતાઃ) એનું પરિણમન પર્યાયપણે... (ઉત્તરઃ) દ્રવ્ય પરિણમ્યું. દ્રવ્ય પરિણમે છે ઈ અત્યારે કહેવું છે.** 'દ્રવતીતિ દ્રવ્યં' આહા...! પરિણમે છે પર્યાય, પણ અત્યારે (અભેદથી) દ્રવ્ય (પરિણમે છે) એમ કહેવું છે. ગુણ પરિણમતો નથી એટલું સિદ્ધ કરવું છે (ખરેખર) પરિણમે છે તો પર્યાય, ગુણ ને દ્રવ્ય તો (ધ્રુવ) છે. આહા...હા! વાત આ તો કાંઈ, એમ લેવું છે ને અહીંયાં.... (આ વિષયમાં) આહા...હા! (કોઈ કહે) કે ભઈ! ગુણ પરિણમે (તેથી) દ્રવ્ય પરિણમે છે (તો કહે છે) કે એમ નહીં. 'ચિદ્‌વિલાસ' માં છે. **(શ્રોતાઃ)** તે બરાબર છે...! **(ઉત્તરઃ)** વાત સાચી છે! બીજી વાત એક. કે આખું ચૈતન્યદ્રવ્ય છે એના ઉપર દૃષ્ટિ જયાં પડે છે તો દ્રવ્ય પરિણમે છે એમ. દ્રવ્ય પરિણમે છે એટલે કોઈપણ ગુણ પરિણમ્યા વિનાનો રહેતો નથી. એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડતાં આહા...હા...હા...હા! દ્રવ્ય ને ગુણ (વચ્ચે) તદ્દન અભાવ નથી માટે અતદ્‌ભાવ તરીકે (અન્યત્વ) ભલે કીધું, માટે દ્રવ્યદૃષ્ટિ થતાં જેટલા ગુણો દ્રવ્યમાં છે એ બધા ગુણનું પરિણમન થઈને વ્યકત પ્રગટ થાય છે. આહા...હા! કોઈ ગુણ બાકી રહેતો નથી. આહા...હા! આવું છે. આ તો બીજાને એમ લાગે, આ તો વાતું જ છે પણ કંઈ કરવું પડશે (કે) નહીં? પણ આ 'કરવું' નથી? આવી સત્યવસ્તુ 'આ' છે એનો નિર્ણય કરવો. (એ 'કરવું' નથી!) આહા...હા! **'મૂળ ચીજ તો એ છે. પરથી ભેદ–જ્ઞાન કરવું ને સમ્યગ્દર્શન કરવું એ તો મૂળચીજ છે.'** આહા...હા! મૂળની ખબર વિના પાંદડાં તોડયા કરે, મૂળ તોડે નહીં (તો તો) એમ ને એમ પાંદડાં પાછાં (પાંગરશે.) સાજાં રહેશે. બાયડી–છોકરાં છોડયાં, દુકાન છોડી એકલો થયો, નગ્ન થયો, પરવસ્તુથી રહિત થઈ ગયો, પાછું મિથ્યાત્વ છે તે એમ ને એમ થઈ જશે. કસાઈખાના માંડશે ઈ. આહા...હા...હા!

અને સમ્યગ્દૃષ્ટિ વર્તમાનમાં અવ્રતમાં પડયો હોય, છન્નું હજાર સ્ત્રીના (સંગમાં દેખાતો) પડયો હોય, પણ ઈ કેવળજ્ઞાન પામશે. એનો સરવાળો (ઈ બધું) છોડીને કેવળજ્ઞાન પામશે. આહા..હા..હા! જેનો મૂળત્યાગ કરવો છે ઈ ત્યાગ થયો ત્યાં, મિથ્યાત્વનો! આહા...! મૂળત્યાગ જે દ્રવ્યસ્વભાવને આશ્રયે, દ્રવ્યનો આશ્રય લીધો ત્યાં મૂળત્યાગ થઈ ગયો મિથ્યાત્વનો. આહા...હા...હા...હા! અને આ બહારના ત્યાગ અનંતવાર કર્યા પણ કાંઈ મૂળત્યાગ થયો નહીં. આહા...હા...હા! આવી વાત છે! લોકોને બેસે ન બેસે! પ્રભુના ઘરની તો આ વાત છે.' આહા...હા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અહીંયાં કહે છે કે:) **"માટે દ્રવ્ય અને ગુણનું એકત્વ, અશૂન્યત્વ ને અનપોહત્વ ઈચ્છનારે યથોકત જ (જેવો કહ્યો તેવો જ) અતદ્ભાવ માનવાયોગ્ય છે."** આ રીતે જ માનવો (અર્થાત્) આ રીતે જ અતદ્ભાવ માનવો. એટલે સર્વથા એકબીજામાં એકબીજા નથી એમ ન માનવું. આ રીતે કીધું એ રીતે માનવું. હવે સત્તા ને દ્રવ્યનું ગુણ–ગુણીપણું સિદ્ધ કરે છે.

વિશેષ આવશે......

ૐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હવે સત્તા ને દ્રવ્યનું ગુણ–ગુણીપણું સિદ્ધ કરે છે :–

**जो खलु दव्वसहावो परिणामो सो गुणो सदविसिट्ठो ।**
**सदवट्ठिदं सहावे दव्वं त्ति जिणोवदेसोऽयं ॥१०९॥**

**यः खलु द्रव्यभावः परिणामः सः गुणः सदविशिष्टः ।**
**सदवस्थितं स्वभावे द्रव्यमिति जिनोपदेशोऽयम् ॥१०९॥**

**પરિણામ દ્રવ્યસ્વભાવ જે, તે ગુણ 'સત્' – અવિશિષ્ટ છે;**
**'દ્રવ્ય સ્વભાવે સ્થિત સત્ છે'–એ જ આ ઉપદેશ છે. ૧૦૯.**

## ગાથા ૧૦૯.

**અન્વયાર્થ :–** (**यः खलु**) જે, (**द्रव्यस्वभावः परिणामः**) દ્રવ્યના સ્વભાવભૂત (ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક) પરિણામ છે (**सः**) તે (પરિણામ) (**सदविशिष्टः गुणः**) 'સત્' થી અવિશિષ્ટ (–સત્તાથી કોઈ જુદો નહિ એવો) ગુણ છે, (**स्वभावे अवस्थितं**) સ્વભાવમાં અવસ્થિત (હોવાથી) (**द्रव्यं**) દ્રવ્ય (**सत्**) સત્ છે' – (**इति जिनोपदेशः**) એવો જે (૯૯ મી ગાથામાં કહેલો) જિનોપદેશ (**अयम्**) તે જ આ છે (અર્થાત્ ૯૯ મી ગાથાના કથનમાંથી આ ગાથામાં કહેલો ભાવ સહેજે નીકળે છે.)

**ટીકા :–** દ્રવ્ય સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી સત્ છે – એમ પૂર્વે (૯૯ મી ગાથામાં) પ્રતિપાદિત કરવામાં આવ્યું છે; અને (ત્યાં) દ્રવ્યનો સ્વભાવ પરિણામ કહેવામાં આવ્યો છે. અહીં એમ સિદ્ધ કરવામાં આવે છે કે – જે દ્રવ્યના સ્વભાવભૂત પરિણામ છે, તે જ 'સત્' થી અવિશિષ્ટ (–અસ્તિત્વથી અભિન્ન એવો, અસ્તિત્વથી કોઈ બીજો નહિ એવો) ગુણ છે.

દ્રવ્યના સ્વરૂપની વૃત્તિભૂત એવું જે અસ્તિત્વ દ્રવ્યપ્રધાન કથન દ્વારા 'સત્' શબ્દથી કહેવામાં આવે છે, તેનાથી અવિશિષ્ટ (–તે અસ્તિત્વથી અનન્ય) ગુણભૂત જ દ્રવ્યસ્વભાવભૂત પરિણામ છે; કારણ કે દ્રવ્યની *વૃત્તિ ત્રણ પ્રકારના સમયને (–ભૂત, વર્તમાન ને ભવિષ્ય એવા ત્રણે કાળને) સ્પર્શતી હોવાથી (તે વૃત્તિ અર્થાત્ અસ્તિત્વ) પ્રતિક્ષણે તે તે સ્વભાવે પરિણમે છે.

(આ પ્રમાણે) ત્યારે પ્રથમ તો, દ્રવ્યના સ્વભાવભૂત પરિણામ છે; અને તે (ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક પરિણામ), અસ્તિત્વભૂત એવી દ્રવ્યની વૃત્તિસ્વરૂપ હોવાને લીધે, 'સત્' થી અવિશિષ્ટ એવો, દ્રવ્યવિધાયક (–દ્રવ્યને રચનારો) ગુણ જ છે. – આ રીતે સત્તા ને દ્રવ્યનું ગુણ–ગુણીપણું સિદ્ધ થાય છે. ૧૦૯.

---

* વૃત્તિ = વર્તવું તે; હયાત રહેવું તે; ટકવું તે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૩૦–૬–૭૯.

'પ્રવચનસાર' ૧૦૯ ગાથા.

## હવે સત્તા ને દ્રવ્યનું ગુણ–ગુણીપણું સિદ્ધ કરે છે:–

મૂળ વાત તો એ છે કે આત્મા તો એકલો જ્ઞાનસ્વરૂપ જ છે. ભલે બીજા ગુણ છે પણ ઈ અસાધારણ (જ્ઞાનગુણ) એક જ છે. એથીં જ્ઞાનસ્વરૂપનું સત્ જે રીતે છે. એ ગુણ–ગુણીના ભેદ તરીકે અભેદ(માં) અતદ્ભાવ કહ્યો. છતાં સર્વથા અન્યતા (અન્યપણું) નથી, એથી તે દ્રવ્ય ઉપર (અભેદ) દૃષ્ટિ આપતાં ગુણનું પરિણમન થાય છે. આહા...હા! સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર થાય. આહા...હા! અરે! અનંતગુણનું પરિણમન થાય. સમ્યગ્દર્શન એટલે 'સર્વગુણાંશ તે સમકિત'!! આહા...હા! એ દ્રવ્ય અને ગુણને સર્વથા અભાવ માને તો, દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતાં ગુણની વ્યકતતા–પ્રગટતા નહીં થાય. આહા...હા! ગુણ ને દ્રવ્ય વચ્ચે તદ્દન અભાવ માને તો, દ્રવ્ય ઉપર દૃષ્ટિ થતાં(છતાં) ગુણની વ્યકતતાનો અંશ નહીં આવે. આહા...હા! અને દ્રવ્ય ઉપર (અભેદ) દૃષ્ટિ પડતાં દ્રવ્ય ને ગુણ – ભલે બે વચ્ચે અતદ્ભાવ છે પણ બે છે એનો(એકબીજામાં) તદ્દન અભાવ છે એમ નથી – માટે તે દ્રવ્યની દૃષ્ટિ થતાં ગુણનું – અનંતગુણનું પરિણમન (વ્યકતપણે) પ્રગટ થાય છે. પરિણમનમાં આખી દશા પલટી જાય છે. આહા...હા...હા! સમજાણું કાંઈ? **(શ્રોતા:)** છતાં આપ ગુણની દૃષ્ટિ તો છોડાવો છો... ગુણની દૃષ્ટિ છોડાવો છો...! **(ઉત્તર:)** અહીં તો અભિન્નપણું છે પુણ્યની તો વાત જ અહીંયાં કયાં છે. **(શ્રોતા:)** પુણ્ય નહીં ગુણ–ગુણીનું **(ઉત્તર:)** અભેદપણું (છે.) તદ્દન–સર્વથા અભાવ છે (ગુણ–ગુણીને) એમ નહીં. (અતદ્ભાવનું અન્યત્વ પણ) એમ નહીં. અતદ્ભાવ કહ્યો ને અન્યત્વ કહ્યું. ગુણ ને દ્રવ્ય વચ્ચે અતદ્ભાવ – અન્યત્વ કહ્યું. તો (તે બે) સર્વથા જુદા છે – બીજા દ્રવ્યો જેમ સર્વથા અન્યત્વ છે. અન્યત્વ કહો કે જુદા કહો (એકાર્થ છે.) એમ આત્મા ને ગુણને સર્વથા જુદા માનો તો વસ્તુ બેય નહીં રહે.

કારણ કે અહીંયાં તો દ્રવ્યદૃષ્ટિ છતાં, દ્રવ્ય ને ગુણ અભેદ છે. તેથી તે તે ગુણનું – અનંતગુણનું પરિણમન નિર્મળ થઈને વ્યકતપણે પ્રગટ થઈ સાથે જ્ઞાન–આનંદ–શાંતિ–સ્વસ્છતા બધા ગુણોનું પરિણમન થઈ જશે. આહા...હા...હા! આવો પ્રભુનો મારગ છે! સત્ય જ આવું છે. આહા...હા! સત્યને કાંઈ પણ મોળું કરવાનું કરે (તો) ઘરમાં મિથ્યાત્વ રહેશે, શલ્ય! આહા...હા..હા!

(અહીંયાં કહે છે કે:) ''હવે સત્તા ને દ્રવ્યનું ગુણ–ગુણીપણું સિદ્ધ કરે છે:– અહીંયાં એક ગુણનું કીધું (પરંતુ) દરેક ગુણ લેવા (સમજવા.).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जो खलु दव्वसहावो परिणामो सो गुणो सदविसिट्ठो ।**
**सदवट्ठिदं सहावे दव्वं त्ति जिणोवदेसोऽयं ॥१०९॥**

આહા...હા! કુંદકુંદાચાર્ય કહેતાં–કહેતાં પણ ભગવાન આમ કહે છે (એમ ગાથામાં કહે છે.) કહે છે તો પોતે! આહા... એટલી નિર્માનતા ને એટલી (કે ગાથામાં કહે છે) **जिणोवदेसोयं** પ્રભુ! ત્રણલોકનાથ! તીર્થંકરની વાણી આમ છે. અહા...હા...હા! કુંદકુંદાચાર્ય (આમ) કહે, એ પોતે સ્વતંત્ર પણ કહી શકે છતાં અહીંયાં કહે છે જિનનો ઉપદેશ–વીતરાગનો ઉપદેશ, આવો ઉપદેશ છે બાપુ! આહા...હા!

**પરિણામ દ્રવ્યસ્વભાવ જે, તે ગુણ 'સત્' – અવિશિષ્ટ છે;**
**'દ્રવ્ય સ્વભાવે સ્થિત સત્ છે' – એ જ આ ઉપદેશ છે. ૧૦૯.**

**ટીકા :– "દ્રવ્ય સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી સત્ છે."** સત્તાને અને દ્રવ્યને એક સિદ્ધ કર્યું. દ્રવ્ય સ્વભાવમાં નિત્ય અવસ્થિત છે એથી સત્ છે. **"–એમ પૂર્વે ૯૯ મી ગાથામાં પ્રતિપાદિત કરવામાં આવ્યું છે."** (ગાથા) ૯૯ પોતપોતાના અવસરે પરિણામ થાય છે. દ્રવ્યના ઉત્પાદવ્યયધ્રૌવ્ય ત્રણેય પરિણામ લીધા છે. ઉત્પાદવ્યયને ધ્રૌવ્ય ત્રણે પરિણામ લીધા ત્યાં દ્રવ્યના. આહાહાહા! **[ગાથા ૯૯ ટીકા :– અહીં વિશ્વને વિષે સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી દ્રવ્ય 'સત્' છે. સ્વભાવ દ્રવ્યનો ધ્રૌવ્ય–ઉત્પાદ–વિનાશની એકતાસ્વરૂપ પરિણામ છે.] એ વાતને યાદ કરે છે. ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય તે ત્રણ પરિણામ છે. પણ કોના? કે! દ્રવ્ય જે પરિણમે (છે) તેના. આહા..હા! પરિણામી જે દ્રવ્ય છે તેના ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્ય એ ત્રણ એનામાં પરિણામ છે. તેથી 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' ને 'सद् द्रव्यलक्षणम्'** (તત્ત્વાર્થસૂત્ર અ.૫ સૂત્ર. ૨૯–૩૦) આહા...હા...હા!

(અહીંયાં કહે છે કે:) **દ્રવ્ય સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી સત્ છે – એમ પૂર્વે ૯૯ મી ગાથામાં પ્રતિપાદિત કરવામાં આવ્યું છે." દ્રવ્યનો સ્વભાવ 'હોવો' "અને (ત્યાં) દ્રવ્યનો સ્વભાવ "પરિણામ કહેવામાં આવ્યો છે."** જોયું? આ લો –ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્ય ત્રણેય પરિણામ છે એમ કહેવામાં આવ્યું ત્યાં. અંશ કહ્યા'તા ને...! ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્ય ત્રણ પર્યાય–અંશ કહ્યા'તા. એ પર્યાય આશ્રિત ત્રણ છે. અને પર્યાય દ્રવ્ય આશ્રિત છે એમ કહ્યું'તું. આહા...હા...હા...હા! સમજાણું કાંઈ?

(વળી કહે છે) ફરીને, કે જે એ ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્ય પરિણામ છે. તે પરિણામ, દ્રવ્યનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સ્વભાવ – ત્રણેય કહેવામાં આવ્યો છે. આહાહા..હા! દ્રવ્યનો સ્વભાવ, પરિણામ કહેવામાં આવ્યો છે. આવો – અને એમ સિદ્ધ કરવામાં આવે છે, કે દ્રવ્યના સ્વભાવભૂત પરિણમન છે. દ્રવ્યના સ્વભાવભૂત પરિણમન ત્રણ (સ્વરૂપે છે.) સ્વભાવભૂત એટલે ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય. ઈ ત્રણને અહીંયાં પરિણામ કહેવાં છે. કારણ કે ત્રણેયને પર્યાય કીધી'તી ને? (ગાથા–૯૯માં.) એ ત્રણ પર્યાયો છે. ઈ ત્રણ પર્યાયને આશ્રિત છે. પર્યાય દ્રવ્યને આશ્રિત છે. અહા...હા...હા! આ તો વકીલાતનું કામ હશે બધામાં, નહિ?! આ અરે.....! વાણિયા સાટુ તો આ શાસ્ત્ર છે. વાણિયાને વેપારને જૈનપણું મળ્યું! આહા..હા! **(શ્રોતાઃ)** વાણિયા તો ઘણા બુદ્ધિવાળા હોય, ને એટલા બધા રૂપિયા કમાય...! **(ઉત્તરઃ)** કમાણા–બમાણા ધૂળમાં કયાં'ય! ખોટ–ખોટ જાય છે બધી એને. 'આ' કમાણો ઈ જૈન! દ્રવ્યની દૃષ્ટિ થતાં – ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યપણે પરિણમન થાય છે એ માપ છે ત્યાં. સમ્યગ્દર્શન પરિણામ થાય છે (ત્યારે) મિથ્યાત્વના પરિણામ જાય છે ને સમકિતના પરિણામ થાય છે ને ધ્રૌવ્યપણાનો અંશ રહે છે. એ દ્રવ્યના ત્રણ પરિણામ છે. આહા..હા! ઝીણું પણ બહુ બાપુ! આહા...! દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડતાં, દ્રવ્યના ત્રણ પરિણામ છે. પરની તો વાત અહીં કાંઈ છે નહીં. એના પોતાના પરિણામ ત્રણ છે. ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય એ પરિણામ છે. એની ભલે સમીપ હોય! ઉત્પાદ–વ્યયને ધ્રૌવ્ય પર્યાય આશ્રિત છે. પર્યાય કહો કે પરિણામ કહો (એક જ છે.) આહા...હા! અને તે પરિણમન દ્રવ્યને આશ્રિત છે. આહા..! તે પર્યાયો દ્રવ્યઆશ્રિત છે. અહા... ઠીક!

(અહીંયાં કહે છે કેઃ) **"અને (ત્યાં) દ્રવ્યનો સ્વભાવ પરિણામ કહેવામાં આવ્યો છે."** આહા...હા! એ પરને લઈને પરિણમે છે એમ નહીં, એમ કહે છે. ઈ દ્રવ્યનો(જ)સ્વભાવ પરિણામ કહેવામાં આવ્યો છે. શું કહ્યું? **(શ્રોતાઃ)** દ્રવ્યનો સ્વભાવ પરિણામ કહેવામાં આવ્યો છે. **(ઉત્તરઃ)** હા, દ્રવ્યનો સ્વભાવ જ પરિણામ કહેવામાં આવ્યો છે. એનું પરિણમન કોઈ બીજા લઈને છે એમ નથી. આહા..હા...હા! શું? એકેક ન્યાય! આહા...! 'દ્રવ્યનો સ્વભાવ પરિણમંન કહેવામાં આવ્યો છે. **"અહીં એમ સિદ્ધ કરવામાં આવે છે કે – જે દ્રવ્યના સ્વભાવભૂત પરિણામ છે, તે જ 'સત્' થી અવિશિષ્ટ (–અસ્તિત્વથી અભિન્ન એવો, અસ્તિત્વથી કોઈ બીજો નહિ એવો) ગુણ છે."** તે અસ્તિત્વ–સત્તાથી અભિન્ન છે. આહા..હા! જે દ્રવ્ય આપણે અહીંયાં (એની વાત) પણ છે તો છ એ દ્રવ્યની વાત. પણ જે દ્રવ્યને પરિણામ છે ઉત્પાદવ્યયધ્રૌવ્યના એ અસ્તિત્વને લઈને છે. છે ને? (પાઠમાં) 'સત્' થી અવિશિષ્ટ, અસ્તિત્વથી અભિન્ન એવો અસ્તિત્વથી કોઈ બીજો નહિ એવો ગુણ છે. એ ઉત્પાદવ્યયધ્રૌવ્ય (કોઈ) જુદી ચીજ નથી. પણ ઈ અસ્તિત્વગુણનું જ એ રૂપ છે. આહા..હા...હા! સત્તા જે છે. એ અસ્તિત્વગુણ છે. એનું ઉત્પાદ વ્યય ને ધ્રૌવ્ય ત્રણ પરિણામ છે. અને સત્તા છે ઈ દ્રવ્યની સાથે અભેદ છે. અતદ્ભાવ કહ્યો ઈ તો અપેક્ષાએ (તે–ભાવ નહીં) બાકી અભેદ છે. એટલે દ્રવ્યનું પરિણમન થતાં, ઉત્પાદ વ્યય ને ધ્રૌવ્યના પરિણામ પરિણમે છે. આહા...હા...હા! સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! આવું કયાં? આવું કાંઈ તમારા વેપારમાં આવે નહીં.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા..હા..હા! આવો મારગ આહા...!! સંતોએ તો સરળ કરીને બતાવ્યું છે આ!

(કહે છે કેઃ) (ત્યાં) **''દ્રવ્યનો સ્વભાવ પરિણામ કહેવામાં આવ્યો છે.''** (ગાથા) ૯૯ માં. **અહીં એમ સિદ્ધ કરવામાં આવે છે કે – જે દ્રવ્યના સ્વભાવભૂત પરિણામ છે, તે જ 'સત્' થી અવિશિષ્ટ અસ્તિત્વથી અભિન્ન એવો ગુણ છે.** એ સત્તાગુણથી ઉત્પાદવ્યયધ્રૌવ્ય સત્ છે. અને સત્‌થી તે અભિન્ન છે. જે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય પરિણામ કહ્યાં'તા (ઈ) સત્ છે. કારણ **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्** તે સત્‌થી તે પરિણામ જુદાં નથી. આહા...હા...હા!

તો તમે તો આ મહિના દિ' થી અહીંયાં છો. તો ય સાંભળ્યું નથી? નહીં? લે! **(શ્રોતાઃ)** સંભળાય તો પાપ લાગી જાય ને...! **(ઉત્તરઃ)** એમાં વળી પાપ લાગી જાય? આ વળી નવા સ્થાનકવાસી! આ શેઠેય મહિના દિ' થી અંદર છે. આહા..હા. આહા...હા!

શું કહે છે? કે દ્રવ્યનો સ્વભાવ પરિણામ હોં, પરિણામ. પર્યાય. દ્રવ્ય તે ગુણ નહીં ને ગુણ તે દ્રવ્ય નહીં એવો અતદ્‌ભાવ કહ્યો હતો. તે કાંઈ બે વચ્ચે ત  ન અભાવ નથી. એમ અહીંયાં દ્રવ્યના પરિણામ છે, એ એના સત્‌થી તદ્દન અભિન્ન છે. સત્‌થી જુદાં નથી. સત્તાથી જુદાં નથી. આહા...હા! અસ્તિત્વથી દ્રવ્યનું પરિણમન ઉત્પાદવ્યયધ્રૌવ્ય જુદાં નથી. એથી જયાં આમ દ્રવ્યની દૃષ્ટિ કરે છે, ત્યાં સત્તામાં ઉત્પાદવ્યયધ્રૌવ્ય પરિણમે છે, ત્રણેય પરિણમન થાય છે એથી ત્યાં સમ્યગ્દર્શન–જ્ઞાનચારિત્રના પરિણામ ઉત્પન્ન થાય છે. આહા...હા...હા! બધા આ તો તમારા ચોપડા છે. દિગંબરના ચોપડા (ગ્રંથો) છે. ઘરના ચોપડા (હોય તે) ફેરવે, આમ આમ! આહા...હા! મધ્યસ્થતાથી જરી સાંભળે–વિચારે તો સત્‌ની વાત એને બેસે! અને બેસતાં, એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય તો પરિણમન થયા વગર રહે નહીં કેમ કે સત્તા (ચીજા 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' પરિણમનવાળી છે. આહા...હા...હા! એ સત્તા ને દ્રવ્ય અભિન્ન છે. પ્રદેશે તો બેય ત  ન અભિન્ન છે. આહા..હા! તેથી સત્તાને–અસ્તિત્વને લઈને, દ્રવ્યમાં ત્રણ પ્રકારના પરિણામ થાય છે. ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય. આહા..હા!

અહીંયાં તો ઈ કહેવું છે. કે દ્રવ્યસ્વભાવમાં સત્તા છે – ગુણ (છે.) એ કાંઈ સર્વથા (દ્રવ્યથી) ભિન્ન નથી. એથી સત્તા ને દ્રવ્યને અતદ્‌ભાવ (જે) ભાવભેદથી ભેદ કહ્યો. છતાં ઈ દ્રવ્યની દૃષ્ટિ થતાં સત્તાગુણ જે એની સાથે છે એના ત્રણ પ્રકારના પરિણામ થાય છે. એટલે એ ત્રણ પ્રકારના પરિણામ દ્રવ્યના જ થયા. આહા...હા! સત્તાના ત્રણ પરિણામ કીધાં કારણ કે 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' ઈ ઈ સત્ કીધું પાછું सद् द्रव्यलक्षणम् એમ. આહા..હા..હા! આકરી વાત છે થોડી! આ તો મુદ્દાની રકમની વાત છે! આહા...હા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અહીંયાં કહે છે કે:) **"દ્રવ્યનો સ્વભાવ પરિણામ કહેવામાં આવ્યો છે. અહીં એમ સિદ્ધ કરવામાં આવે છે કે જે દ્રવ્યના સ્વભાવભૂત પરિણામ છે. તે જ 'સત્'થી અવિશિષ્ટ અસ્તિત્વથી અભિન્ન."** દ્રવ્યનો સત્તાગુણ છે. અસ્તિત્વગુણ છે. તેના ઉત્પાદવ્યયધ્રૌવ્ય પરિણામ કહ્યાં. એ અસ્તિત્વથી અભિન્ન છે. અસ્તિત્વથી દ્રવ્ય અભિન્ન છે તેના પરિણામ પણ અસ્તિત્વ અભિન્ન છે. **"અસ્તિત્વથી કોઈ બીજો નહિ એવો ગુણ છે."** સત્તા નામનો ગુણ છે ઈ પરિણમે છે, તો સત્તા ને ગુણ કોઈ બીજા (અન્ય) નથી. ત્રણપણે પરિણમે ઈ તો સત્તાગુણ પોતે પરિણમે છે. પરિણમે છે માટે બીજો(અન્ય) કોઈ ગુણ છે (એમ નથી.) **"અસ્તિત્વથી અભિન્ન એવો, અસ્તિત્વથી કોઈ બીજો નહિ એવો ગુણ છે."** શું કહેવા માગે છે? કે અસ્તિત્વગુણ છે. અને આ ઉત્પાદવ્યયને ધ્રૌવ્ય પરિણામ કહ્યાં. (તેથી તે તો) એમ કહે ત્રણ થયાં. ઉત્પાદ–વ્યય ને ધ્રૌવ્ય (ત્રણ) પરિણામ થયાં. પણ સત્તાગુણથી કોઈ (ઈ) ભિન્ન નથી. ઉત્પાદવ્યયધ્રૌવ્યથી દ્રવ્ય ભિન્ન નથી. પણ સત્તાગુણથી આ ઉત્પાદવ્યયધ્રૌવ્ય (ત્રણ) પરિણામ ભિન્ન નથી. આહા...હા...હા! આકરું બહુ બાબુભાઈ! ધંધા આડે નવરાશ ન મળે એને ક્યાં'ય! અહા...હા...હા! આહા...હા! શું અમૃતવાણી છે ને... ભગવાનની! હેં? આવી વાત ક્યાં'ય (બીજે નથી.) અમૃત વરસાવ્યાં છે!! એક–એક શબ્દે ન્યાયના ભંડાર ભર્યાં છે! આહા...હા...હા!

(અહીંયાં કહે છે કે:) **"દ્રવ્યના સ્વરૂપની વૃત્તિભૂત એવું જે અસ્તિત્વ."** અમૃત વરસ્યાં છે. "દ્રવ્યના સ્વરૂપની વૃત્તિભૂત." ટકવું એ; હયાત રહેવું તે; વર્તવું તે. **"એવું જે અસ્તિત્વ દ્રવ્યપ્રધાન કથન દ્વારા 'સત્' શબ્દથી કહેવામાં આવે છે."** શું કીધું ઈ? આહા...! કે દ્રવ્યમાં, સ્વરૂપની વૃત્તિભૂત એટલે અસ્તિત્વ – હયાતી – (છે.) સ્વરૂપની હયાતી (સ્વરૂપ) સત્તા. એવું જે અસ્તિત્વ. દ્રવ્યપ્રધાન કથન દ્વારા – દ્રવ્યની મુખ્યતાના કથન દ્વારા, 'સત્' શબ્દથી કહેવામાં આવેલ છે. આહા...હા...હા! **"તેનાથી અવિશિષ્ટ (–તે અસ્તિત્વથી અનન્ય) ગુણભૂત જ દ્રવ્યસ્વભાવભૂત પરિણામ છે."** એ ઉત્પાદવ્યયધ્રૌવ્ય (ત્રણ) પરિણામ છે ઈ અસ્તિત્વગુણથી ભિન્ન નથી. અસ્તિત્વગુણના સ્વભાવભૂત પરિણામ છે. સત્તાગુણના ઈ ઉત્પાદવ્યય ને ધ્રૌવ્ય, અસ્તિત્વગુણનું જ પરિણામ છે. આહા..હા...હા! માણસ વાંચે નહીં, સ્વાધ્યાય કરે નહીં શાસ્ત્રનો, પછી (બૂમો પાડે) એકાંત છે, એકાંત છે, એકાંત છે એમ કહે! આહા...હા! ભાઈ! તને સમજવા શાસ્ત્ર છે, આ તો અમૃતના શાસ્ત્ર છે! આહા...હા! અમૃતના ઝરણાં કેમ (શી રીતે) ઝરે... એમ કહે છે. આહા...હા...હા...હા!

(કહે છે કે:) કેમ કે ઈ અસ્તિત્વગુણ, દ્રવ્યથી જુદો નથી. તેથી અસ્તિત્વગુણના પરિણામ ઉત્પાદવ્યયધ્રૌવ્ય છે આહા...હા! અસ્તિત્વગુણના જે મૂળભૂત દ્રવ્યસ્વભાવભૂત પરિણામ છે. એ સત્તા ને (સત્) એક જ છે. એ સત્તાથી–સત્તા નામનો ગુણ એક જ છે. સત્તા નામના ઉત્પાદવ્યયધ્રૌવ્ય, સત્તા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને એ એક જ છે. શું કહ્યું ઈ? સમજાણું? આહા...હા! દ્રવ્યના સ્વરૂપની વૃત્તિ એટલે ટકવું. એવું જે અસ્તિત્વ–સત્તા, એ દ્રવ્યપ્રધાન કથન દ્વારા 'સત્' શબ્દથી કહેવામાં આવેલ છે. 'દ્રવ્ય' પોતે જ 'સત્' છે એમ કહેવામાં આવેલ છે. **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्** તે જ **सद्द्रव्यलक्षणम्** એને અહીંયાં સિદ્ધ કર્યું છે. આહા..હા...હા! ઉમાસ્વાતિએ જે સૂત્રો કહ્યાં છે ('તત્ત્વાર્થસૂત્ર'માં તેને સિદ્ધ કર્યાં છે.)

(કહે છે કે:) વસ્તુની સ્વરૂપની હયાતી (સ્વરૂપ) ગુણ એવી (જે) સ ત્તા. એમને દ્રવ્યપ્રધાન કથન દ્વારા – **'દ્રવ્યના સ્વરૂપની વૃત્તિભૂત એવું જે અસ્તિત્વ દ્રવ્યપ્રધાન કથન દ્વારા 'સત્' શબ્દથી કહેવામાં આવે છે." તેનાથી અવિશિષ્ટ (–તે અસ્તિત્વથી અનન્ય) ગુણભૂત જ દ્રવ્યસ્વભાવભૂત પરિણામ છે."** ઈ એવો અસ્તિત્વથી જુદાં નહીં (અનન્ય) ગુણભૂત જ દ્રવ્યસ્વભાવ, અસ્તિત્વના ઉત્પાદવ્યયધ્રૌવ્ય પરિણામ છે. અસ્તિત્વને દ્રવ્યની પ્રધાનતાથી કહીએ, તો કહે છે ઈ અસ્તિત્વનો જે દ્રવ્યસ્ભાવ, ઉત્પાદવ્યયધ્રૌવ્ય ઈ દ્રવ્યનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? અસ્તિત્વગુણનું દ્રવ્યપ્રધાન કથન કહીએ, તો અસ્તિગુણ–ઉત્પાદવ્યયધ્રૌવ્ય છે એમ ન કહેતાં દ્રવ્યથી તે ઉત્પાદવ્યયધ્રૌવ્ય છે. આહા...હા...હા! સમજાણું કાંઈ? આહા...! દ્રવ્યના સ્વરૂપની હયાતી એવું જે અસ્તિત્વ એનું દ્રવ્યની મુખ્યતાથી કથન કરતાં (એટલે) સત્તાગુણથી નહિ પણ સત્તાગુણને દ્રવ્યની મુખ્યતાથી કથન કરતાં 'સત્' શબ્દથી કહેવામાં આવે છે. **"તેનાથી અવિશિષ્ટ (–તે અસ્તિત્વથી અનન્ય) ગુણભૂત જ દ્રવ્યસ્વભાવભૂત પરિણામ છે." કારણ કે દ્રવ્યની વૃત્તિ ત્રણ પ્રકારના સમયને (–ભૂત, વર્તમાન ને ભવિષ્ય એવા ત્રણ કાળને) સ્પર્શતી હોવાથી (તે વૃત્તિ અર્થાત્ અસ્તિત્વ) પ્રતિક્ષણે તે તે સ્વભાવે પરિણમે છે.**

## પ્રવચન : તા. ૩૦–૬–૭૯.

છેલ્લો પેરેગ્રાફ છે. **"(આ પ્રમાણે) ત્યારે પ્રથમ તો, દ્રવ્યના સ્વભાવભૂત પરિણામ છે."** શું કહે છે? કે ઉત્પાદવ્યયને ધ્રૌવ્ય થાય છે. ઈ દ્રવ્યના પરિણામ છે. જે ક્ષણે ક્ષણે ઉત્પાદવ્યયને ધ્રૌવ્ય, પોત–પોતાના અવસરે થાય છે. એ દ્રવ્યના પરિણામ છે. એ પરિણામ (બીજા) કોઈથી થયા છે, કે (બીજા) કોઈથી થાય છે, કે કોઈથી બદલાય છે એમ નથી. આહા...હા! **"અને તે ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક પરિણામ, અસ્તિત્વભૂત એવી દ્રવ્યની વૃત્તિ."** (નીચે ફૂટનોટમાં અર્થ) વૃત્તિ = વર્તવું તે; હયાત રહેવું તે; ટકવું તે. (તેથી) દ્રવ્યની હયાતી. દ્રવ્યનો જે હયાતી નામનો સત્તાગુણ (છે.) એના અસ્તિત્વસ્વરૂપ દ્રવ્યની હયાતીને લીધે **'સત્' થી અવિશિષ્ટ એવો"** 'સત્' (એટલે) **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्** અને સત્તાગુણ બેય જુદા નથી બેય એક છે. આહા..હા...હા! જેમ પરદ્રવ્યનું પૃથક્પણું ત ન છે એમ આ (ગુણ–ગુણી) પૃથક્ નથી. પહેલું જરી કહી ગયા છે ને કે દ્રવ્ય અને સત્તા અતદ્ભાવ છે. અતદ્ભાવ તરીકે અન્યત્વ છે એમ કહ્યું'તું. છતાં એ અતદ્ભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે પણ છે તો તદ્ભાવસ્વરૂપ. ઈ દ્રવ્યની જ સત્તા છે ને દ્રવ્યનો જ ગુણ છે. આહા..હા...હા! ઈ દ્રવ્યનો ખાસ **"એવો દ્રવ્યવિધાયક (–દ્રવ્યને રચનારો) ગુણ જ છે."** એતો દ્રવ્ય, સત્તાસ્વરૂપે (જ) છે. (અથવા) દ્રવ્ય સત્તાસ્વરૂપ જ છે. આહા...હા! એની સત્તાના સ્વરૂપમાં જે ઉત્પાદવ્યયધ્રૌવ્ય થાય, એ સત્તાથી ભિન્ન નથી અને સત્તા દ્રવ્યથી ભિન્ન નથી. આવી વ્યાખ્યા છે. કેળવણી કરવી પડશે ને જરી!

(કહે છે) એવી દ્રવ્યની હયાતીને લીધે 'સત્' થી અવિશિષ્ટ (એટલે) સત્થી જુદું નહિ એવો **"દ્રવ્ય વિધાયક (–દ્રવ્યને રચનારો સત્તા ઈ ગુણ જ છે"** દ્રવ્યને રચનારો સત્તા – અસ્તિત્વ (વસ્તુમાં) ઈ એનો ગુણ જ છે. અહીંયાં અસ્તિત્વથી વાત લીધી છે. **"– આ રીતે સત્તા ને દ્રવ્યનું ગુણ–ગુણીપણું સિદ્ધ થાય છે."** સત્તા ગુણ છે, દ્રવ્ય ગુણી છે. એ રીતે એ ગુણીનો જ ગુણ છે એ ગુણ, ગુણીનો છે. ગુણીનો(જ) ગુણ છે. આહા..હા! અને એ ગુણની હયાતીપણાને લઈને ઉત્પાદવ્યયધ્રૌવ્યના પરિણામ થાય, તે દ્રવ્યના જ છે. આવી વાત છે! આહા...! બહુ સ્પષ્ટ કર્યું (છે.). એ પરિણામ કોઈ બીજા દ્રવ્ય કરે નહીં એ માટે આ બધું (વસ્તુસ્થિતિના ન્યાયથી) સિદ્ધ કરે છે. ગમે તે પ્રસંગમાં, પ્રત્યેક દ્રવ્ય, પોતાની હયાતીવાળા ગુણથી, જુદો નથી. તેથી તે હયાતીવાળો ગુણ જે છે એમાં પરિણામ ઉત્પાદવ્યયને ધ્રૌવ્ય છે અને ઉત્પાદવ્યયધ્રૌવ્ય પરિણામ સત્તાથી જુદાં નથી, ને સત્તાથી ગુણી જુદો નથી. ગુણીનો (સત્તા) ગુણ છે ને (સત્તાના) ઉત્પાદવ્યયધ્રૌવ્ય(એ ત્રણ) પરિણામ છે. આહા...હા! હવે આવું અનોખું! વેપારીને(સમજવા) નવરાશ નહીં ને....! આવી ઝીણી વાત! ભાષા તો સાદી છે!

(કહે છે કે:) આત્મા! સિદ્ધ તો ઈ કરવું છે કે પરિણમન જે થાય છે ઈ તો એની સત્તાને લઈને થાય છે. અને ઈ સત્તા ગુણીનો ગુણ છે. અને ઈ સત્તા **उत्पादव्ययध्रौव्ययुक्तं** છે. તેથી તે સત્તાનું પરિણમન તે દ્રવ્યનું પરિણમન છે. **(શ્રોતા:)** એક ગુણનું પરિણમન છે તે આખા દ્રવ્યનું પરિણમન? **(ઉત્તર:)** એ ઈ બીજા ગુણનું ઈ પ્રમાણે, ત્રીજા ગુણનું પરિણમન ઈ પ્રમાણે. અહીંયાં તો સત્તાગુણની વ્યાખ્યા કરી. એમ જ્ઞાનગુણ લો, જ્ઞાનગુણ પણ હયાતીવાળો તો છે. તે ગુણીથી ગુણ કાંઈ જુદો નથી. અને જ્ઞાનગુણમાં પણ ઉત્પાદવ્યયધ્રૌવ્ય પરિણામ થાય છે. આ તો સત્તાગુણથી વાત કરી (છે.) એમ અનંતગુણનું પરિણમન–હયાતી, એ ગુણીના ગુણ છે. એ ગુણમાં હોવાપણાપણું છે. અને એને લઈને એના ઉત્પાદવ્યય ને ધ્રૌવ્ય પરિણામ થાય છે. એ ઉત્પાદવ્યયધ્રૌવ્યના પરિણામથી દ્રવ્ય જુદું નથી. આહા...હા...હા...હા! ઘણી વાત કરે છે! શબ્દો થોડા પણ ઘણી વાત ગંભીર કરી છે!! કો' ભાઈ! આમાં ઉપરટપકેથી સમજાય તેવું નથી. આહા...હા!

અહીંયાં તો ભગવંત! સર્વજ્ઞ પરમાત્માએ, અનંત દ્રવ્ય પૃથક્ (પ્રત્યક્ષ) જોયાં. તે અનંતદ્રવ્યમાં,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે દ્રવ્યનું હોવાપણું – ઈ હોવાપણાનો ગુણ (અસ્તિત્વ) તે દ્રવ્યથી જુદો નથી. અને તે હોવાપણાનો ગુણ, ઉત્પાદવ્યય ને ધ્રૌવ્ય પરિણામથી જુદો નથી. હોવાપણાના ગુણના જ ઉત્પાદવ્યયધ્રૌવ્ય છે. આહા...હા...હા! એની વાત કરી. દ્રવ્ય છે તે સત્તા સહિત છે. અસ્તિત્વગુણ સહિત છે. અને એ ગુણ છે ઈ ઉત્પાદવ્યયધ્રૌવ્ય પરિણામ સહિત છે. માટે તે સત્તાગુણ–ગુણીથી જુદો નથી. સત્તા(ગુણ) નું પરિણમન (ઉત્પાદવ્યયધ્રૌવ્ય) પણ દ્રવ્યથી જુદું નથી. આહા...હા! હવે આ વાણિયાઓને યાદ રાખવું બધું ધંધા આડે! આહા...હા! વાત તો એમાં ઈ સિદ્ધ કરવી છે પ્રભુ! તું પોતે આત્મા છો. અને આત્મામાં અનંતગુણો એની હયાતી ધરાવે છે. એ ગુણીના ગુણો હયાતી ધરાવે છે. અને એ ગુણીના ગુણો, સમય–સમયમાં ઉત્પાદવ્યયધ્રૌવ્યપણે પરિણમે છે. આહા...! ત્રણે ય પર્યાય લીધી છે ને...? ઉત્પાદવ્યયધ્રૌવ્યને પરિણામ કીધાં છે પર્યાય કીધી છે. આહા...હા! એટલે એને બીજું (કોઈ) દ્રવ્ય ઉત્પાદપણે પરિણમાવે નવી રીતે (બદલાવે) એનો પ્રવાહ તોડી દ્યે – આહા...હા! ભગવાન આત્મા કે કોઈપણ દ્રવ્ય, એની હયાતીવાળા ગુણોનો ઉત્પાદવ્યયધ્રૌવ્યનો પ્રવાહ(ક્રમ) એ ગુણ ગુણીથી જુદો નથી, અને તે ગુણીથી ગુણ જુદો નથી. એથી તે પ્રવાહને કોઈ તોડી શકે – પર્યાય કોઈ આડી–અવળી કરી શકે, એ નથી એમ કહે છે. છે થોડું, પણ ઘણો માલ ભર્યો છે!! આચાર્યોના હૃદયમાં ઘણો માલ છે!! આખી દુનિયાને વહેંચી નાખી. અનંત દ્રવ્યો, અનંતપણે પોતાથી કાયમ કેમ રહે? (એની વહેંચણી કરી નાખી.) જેને પરથી હયાતીની જરૂર નથી કેમ કે પોતે જ (દરેક દ્રવ્યો) હયાતીવાળા–અસ્તિત્વવાળા ગુણોથી છે. અને તે હયાતીવાળા ગુણો પોતે જ ઉત્પાદવ્યયધ્રૌવ્યપણે પરિણમે છે. એટલે એને પરિણમન માટે બીજા કોઈ દ્રવ્યની જરૂર પડે એમ નથી. ઉચિત–યોગ્ય નિમિત્ત ભલે હોય એ તો પહેલાં (ગાથા–૯૫) માં કહી ગયો. ઉચિત–નિમિત્ત – પણ ઉચિત નિમિત્ત છે ઈ પરિણમનને કાળે છે. એ ઉચિત નિમિત્ત આવ્યું એટલે (અહીં દ્રવ્ય) ઉત્પાદવ્યય ને ધ્રૌવ્યપણે પરિણમ્યું એમ નથી. આહા...હા...હા! સમજાય છે કાંઈ? ઝીણી વાતું બહુ! ભાઈ! આ તો દયા પાળવી ને... પ્રતિક્રમણ કરવા ને.... વ્રત કરવાં ને.... અપવાસ કરવાં... ને એ તો સહેલું સટ હતું! રખડવાનું!! મિથ્યાત્વપોષક હતું ઈ તો બધુ! કેમ કે અહીંયાં સામું દ્રવ્ય પણ તે ગુણીથી ગુણ(સહિત) છે. અને તે ગુણ તે ઉત્પાદવ્યયધ્રૌવ્યથી છે. અને તેથી તેના ઉત્પાદવ્યયધ્રૌવ્ય તેની સત્તાથી જુદાં નથી, તે સત્તા તે સત્–દ્રવ્યથી જુદાં નથી. એટલે બીજાનું કાંઈપણ (કોઈ દ્રવ્ય) કરી શકે કે બીજા (દ્રવ્યને) અડી શકે (એવું વસ્તુસ્વરૂપમાં છે નહીં) આહા...હા! **(શ્રોતા:)** અડી ન શકે એટલે તો આચાર્યોએ લખ્યું છે આમાં....! **(ઉત્તર:)** એ આવી ગયું ને પહેલાં. ઈ એટલા માટે તો કહે છે. કે વસ્તુ છે ઈ સત્તાગુણવાળી અસ્તિત્વપણે છે. અને એવા બધા ગુણો પણ અસ્તિત્વપણે છે. અને અસ્તિત્વગુણ છે એ બધા ગુણ–પણ ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળા છે. (તેથી) કોઈપણ ગુણ ઉત્પાદવ્યયધ્રૌવ્ય વિનાનો હોય નહીં. અને ઉત્પાદવ્યયધ્રૌવ્ય છે તે સત્તાના છે ને એ (સત્તા) ગુણ ગુણીનો છે. એટલે એના પરિણમનમાં કોઈ બીજાનું કારણ છે (એમ નથી) એમાં આવી ગઈ ઈ વાત! આહા..હા...હા! **(શ્રોતા:)** વધારે (ચોખ્ખું) આવ્યું નહીં **(ઉત્તર:)** અંદર તત્ત્વથી આવી ગયું ન્યાયથી. આહા...હા! અરે...રે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા...હા! શું વાણી છે! 'પ્રવચનસાર' ! વીતરાગની દિવ્યધ્વનિ!! આહા...હા! વહેંચી નાખ્યા અનંતા (પદાર્થોને) જુદા (જુદા!) ભલે અનંત હો!

(હવે કહે છે કે:) કોઈ પણ દ્રવ્યના ઉત્પાદવ્યયધ્રૌવ્યમાં (અન્ય) કોઈ દ્રવ્યનું ઉત્પાદવ્યયધ્રૌવ્ય આવે એમ નથી. કારણ કે સત્તા(ગુણ) થી જ તે ગુણી છે. અને ગુણીની તે સત્તા છે. અને તે સત્તા પોતે જ ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળી છે. એટલે હવે એને ઉત્પાદવ્યયધ્રૌવ્યના પરિણમન માટે કોઈ બીજા દ્રવ્યની અપેક્ષા છે (એમ નહીં.) ઉચિત (નિમિત્ત) હો! પણ ઈ પરિણમન (નિમિત્ત છે માટે) પરિણમન કરે એમ નથી. ઈ તો (માત્ર) નિમિત્ત છે. આહા..હા! ચીમનભાઈ! આવી વાતું છે! આમાં માથાં શું ગણે વેપારી આખો દિ', માથાકૂટમાં પડયા ને આ તો નિવૃત્તિ જોઈએ, નિવૃત્તિ! મગજે ય શું કામ કરે? આહા...હા...હા!

(કહે છે) (દ્રવ્યમાં) ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન અવસ્થા થાય છે. તેથી કોઈ બીજા તત્ત્વના અસ્તિત્વને લઈને (એ અવસ્થા) છે (એવું નથી.) કે ભિન્ન ભિન્ન અવસ્થા ઈ સત્તાના પોતાના ઉત્પાદવ્યયધ્રૌવ્ય ગુણ છે એનાથી થાય છે. આહા...હા! એક દ્રવ્યને, બીજા દ્રવ્યનો સંયોગ થતાં, એની અવસ્થા બીજી દેખાય, એથી કહે છે કે તને એમ થઈ જાય છે કે આ સંયોગથી અવસ્થા બદલી છે એમ નથી, એમ કહેવું છે. આહા...હા...હા! ઘણું સમાડયું! તે તેનામાં, તું તારામાં. સંયોગથી તું જોવા માંડ કે અગ્નિ આવી માટે પાણી ઊનું થયું – ઉચિત નિમિત્ત આવ્યું માટે પાણી ઊનું થયું એમ નથી. એ અગ્નિમાં સત્તા નામનો ગુણ છે. અને ઉષ્ણ(તા) નામનો ગુણ છે. એ પણ ઉત્પાદવ્યય ને ધ્રૌવ્યવાળા (ગુણ) છે. તો ઈ ઠંડી અવસ્થામાંથી ઊની અવસ્થા થઈ ઈ એના ઉત્પાદને લઈને થઈ છે. આહા..હા...હા...હા! એ ઉચિત નિમિત્ત છે માટે થઈ છે એમ નથી. કારણ કે ઉચિત નિમિત્ત છે એ પણ સત્તાવાળું તત્ત્વ છે. અને એ પણ એના ઉત્પાદવ્યયધ્રૌવ્યપણે સત્તા (સ્વયં) થાય છે. અને તે સત્તાથી ઉત્પાદવ્યયધ્રૌવ્ય (તેના) જુદા નથી. અને તે સત્તા તેના સત્‌થી (એટલે) દ્રવ્યથી જુદી નથી. આહા...હા! મીઠાભાઈ, સમજાય છે આમાં ? થોડી વાત છે પણ ગંભીર છે ! આહા...હા! **"ઘણી (વાતથી) ભેદજ્ઞાન કરાવ્યું છે!" વહેંચણી કરી નાખી વહેંચણી!** કે ગમે એવા સંયોગોમાં પર્યાય દેખાય એકદમ, જેમ પાણીની ઠંડી અવસ્થા હતી ને ઉષ્ણ દેખાય એકદમ, એથી તને એમ લાગે કે અગ્નિનો સંયોગ છે માટે તે (ઉષ્ણ) થઈ એમ નથી. એ તો અગ્નિનો સત્તા નામનો ગુણ છે ને ઉષ્ણતા નામનો ગુણ છે, એ પોતે જ ઉત્પાદવ્યયપણે પરિણમીને ઉષ્ણતા છે. (પણ) અગ્નિને લઈને (પાણી ઉષ્ણ થયું) એમ નહિ. આહા...હા...હા...હા! બહુ સમાવ્યું છે!! ગાથામાં!

(કહે છે) શરીરમાં રોગ આવ્યો, ઈ એની સત્તા નામનો ગુણ છે (પુદ્‌ગલનો) એથી એમાં અહીંયાં એનું પરિણમન ઉત્પાદવ્યયધ્રૌવ્યપણે (થઈ રહ્યું છે.) માટે આ થયો (રોગ.) હવે ઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્પાદવ્યય કોઈ બીજા કારણે થયો છે એમ નથી. અને ઈ(રોગનો) ઉત્પાદ ને કોઈ દવાનો ઉત્પાદ આવે ઈ જાતનો (ઉચિત નિમિત્તપણાનો) માટે ઈ(રોગનો) ઉત્પાદ જાય છે એમ નથી. અને ઈ ઉત્પાદ છે અને આવે ઓલો દવાનો ઉત્પાદ માટે (રોગ) નો ઉત્પાદ ફરી જાય છે એમ નહીં. આ દવાખાના મીંડા વળે બધા. આહા...હા! સંયોગને દેખનારો એના (સંયોગથી – સંયોગી દૃષ્ટિથી દેખે છે.) શાસ્ત્રમાં (નિમિત્તની) ભાષા આવે. આ દવા, આ દવાથી આમ થાય એ બધી વાતું નિમિત્તથી કથન છે. આહા...હા! અહીંયાં તો એક (એક) ગુણ (સત્તા સહિત) તે ઉત્પાદવ્યયધ્રૌવ્ય પરિણમન સહિત જ હોય છે. એથી તને એમ લાગે કે આ સંયોગ આવ્યો માટે આ પર્યાય થઈ તો તો એની સત્તાને (નિમિત્ત કે ઉપાદાન) એના ગુણનો ઉત્પાદવ્યયધ્રૌવ્ય એનાથી (તે તે પરિણમન) થયું તે તેં માન્યું નહીં. આહા..હા! સમજાય છે કાંઈ? આ ત્રણ લીટીમાં એટલું ભર્યું છે અહીં! આહા...હા! શું ત્યારે આમાં વાંચ્યું શું હશે ત્યારે તમે ત્યાં? દુકાને. શાંતિભાઈ! આહા..હા! **(શ્રોતાઃ)** કોઈ આત્માની વાત હોય તો અર્થ સમજાય. **(ઉત્તરઃ)** પણ આ તો સીધી વાત છે. એના વ્યાજમાં ને એના કાઢવામાં ને કેમ હુશિયાર થાય છે? આહા..હા...હા! અહીંયાં તો ગજબ વાત કરી છે ને...!

(કહે છે) આહા...હા! સત્ – સત્તા – ઉત્પાદવ્યયધ્રૌવ્યયુકતં પરિણમન – આહા...હા! તે તે દ્રવ્યનું, તે તે ગુણનું. આહા...હા! તે તે ગુણનું ઉત્પાદવ્યયને ધ્રૌવ્ય તે એ ગુણનો જ ઉત્પાદવ્યયધ્રૌવ્ય છે. હવે ઈ ગુણ ગુણીનો છે. માટે ગુણી પોતે જ તે રીતે ઉત્પાદવ્યયધ્રૌવ્યપણે પરિણમ્યું છે. આહા..હા! સંયોગોને ન જુઓ! **(શ્રોતાઃ)** તો હાથમાં કેમ આવે છે? જો શકિત આત્માની નહીં માનો તો તો આત્મા શકિતથી – સંયોગોથી (હાથમાં) આવે છે....**(ઉત્તરઃ)** ઈ...ઈ....ઈ વ્યવહારે કથન છે. ઈ તો વાત કરી પહેલી. કહ્યું છે આવું નથી. આહા...હા! **(શ્રોતાઃ)** કહ્યું છે ને (શાસ્ત્રમાં) પણ.... **(ઉત્તરઃ)** કહ્યું છે ને વ્યવહારથી કહ્યું છે. નિમિ ત્ત ગણાવ્યું છે ખબર છે...ને...! આહા...હા!

અહીંયાં તો માણસને એમ થાય કે આ સંયોગો આવ્યા ને એકદમ પલટન થયું, માટે સંયોગથી થયું, એમ નથી. (જુઓ,) અત્યારે (અહીંયાં વ્યાખ્યાનમાં બેઠા છો ત્યારે) સાંભળવામાં આવે છે, જ્ઞાન થાય છે અંદર, એ સાંભળવાનો સંયોગ આવ્યો માટે ત્યાં જ્ઞાન થયું તે(ની) અહીંયાં ના પાડે છે. (કારણ કે) એ જ્ઞાનમાં સત્તા નામનો અસ્તિત્વ ગુણ છે. અને એ ગુણ પણ (હયાતીવાળો) છે ને...! એ એના ઉત્પાદવ્યયધ્રૌવ્યપણે પરિણમે છે તેથી (જ્ઞાન) એનું થાય છે. એને લઈને (જ્ઞાનગુણને લઈને) ઉત્પાદ જ્ઞાનનો પર્યાય છે. સાંભળવાને લઈને (કે) શબ્દની પર્યાયને લઈને ત્યાં (જ્ઞાનપર્યાયનો ઉત્પાદ) છે એમ નથી. આહા...હા! **(શ્રોતાઃ)** એ તો ઉપાદાનથી છે... **(ઉત્તરઃ)** હેં? **(શ્રોતાઃ)** આ તો ઉપાદાનથી વાત કરી. **(ઉત્તરઃ)** ઉપાદાનની નહીં, એ તો વસ્તુની સ્થિતિ એ જ છે. ઉચિત નિમિત્ત ભલે હો! પણ તે કાળે – તે તે પોતાને કારણે ઉત્પાદવ્યયધ્રૌવ્યપણે સત્તા પરિણમે છે ને એ સત્તાગુણ, ગુણીનો છે. ઈ સત્તાનું પરિણમન છે જે ઈ ગુણીનું જ પરિણમન છે. સંયોગનું નહીં. આહા...હા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેવીલાલજી! આવી વાત છે. બેસવી કઠણ પડે! **(શ્રોતાઃ)** બેસે તો સમાધાન થાય... **(ઉત્તરઃ)** વસ્તુસ્થિતિ આમ છે.

(કહે છે) અહીંયાં બતાવવામાં એટલો ભાવ છે કે કોઈપણ તત્ત્વને એકદમ બદલતી અવસ્થા દેખીને, સંયોગ આવ્યો માટે બદલતી અવસ્થા (એકદમ) થઈ એમ નથી. પહેલાં આમ હતું ને પછી કેમ આમ થયું? પહેલાં આ રીતે, આ પર્યાય નહોતી ન્યાં બેઠો ત્યારે અહીંયાં (બેઠો ત્યારે) આ જ્ઞાનની પર્યાય આવી થઈ આંહી. સાંભળવામાંથી થઈ તો એનું કારણ શું? આહા..હા! કહે છે કે એનો જ્ઞાનગુણ ને સત્તાગુણ જ ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ (પરિણમે) છે. એથી તેના ગુણનું ઉત્પાદવ્યય ને ધ્રૌવ્ય કરીને જ એ (જ્ઞાન) થયું છે. અને એ ગુણ ગુણીનો એટલે દ્રવ્યનું જ એ પરિણમન છે. બીજાનું છે નહીં'. દેવીલાલજી! આહા...હા! હવે આમાં પરની દયા ને પરની હિંસા... મંદિર બનાવવા ને.... રથયાત્રા બનાવવા ને.... આહા...! ભારે વાત ભઈ!

કોઈ પણ દ્રવ્ય, તે તે કાળે – સંયોગો ભલે વિવિધ પ્રકારના આવે – એથી અહીંયાં વિવિધ પ્રકારની પર્યાયો થઈ એમ' નથી. તે ક્ષણે જ તેના ઉત્પાદનો, વ્યયનો, ધ્રૌવ્યનો – સત્તાગુણનું પરિણમન છે. માટે થાય છે. તે ગુણ છે ગુણીનો તે, ગુણી તો ધ્રુવરૂપે પડયું છે. સંયોગોરૂપે પરિણમ્યા'તા માટે સંયોગોને લઈને પરિણમ્યા છે એમ' નથી. આહા...હા! આ તો બેસે એવું છે.

(અહીંયાં કહે છે કેઃ) **"ગુણ જ છે. – આ રીતે સત્તા ને દ્રવ્યનું ગુણ–ગુણીપણું સિદ્ધ થાય છે."**

ૐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે ગુણ ને ગુણીના અનેકપણાનું ખંડન કરે છે :–

**णत्थि गुणो त्ति व कोई पज्जाओ त्तीह वा विणा दव्वं ।**
**दव्वत्तं पुण भावो तम्हा दव्वं सयं सत्ता ॥११०॥**

**नास्ति गुण इति वा कश्चित् पर्याय इतीह वा विना द्रव्यम् ।**
**द्रव्यत्वं पुनर्भावस्तस्माद्द्रव्यं स्वयं सत्ता ॥११०॥**

**પર્યાય કે ગુણ એવું કોઈ ન દ્રવ્ય વિણ વિશ્વે દીસે**
**દ્રવ્યત્વ છે વળી ભાવ; તેથી દ્રવ્ય પોતે સત્ત્વ છે. ૧૧૦**

## ગાથા ૧૧૦

**અન્વયાર્થ :–** (**इह**) આ વિશ્વમાં (**गुणः इति वा कश्चित्**) ગુણ એવું કોઈ (**पर्यायः इति वा**) કે પર્યાય એવું કોઈ, (**द्रव्यं विना न अस्ति**) દ્રવ્ય વિના (–દ્રવ્યથી જુદું) હોતું નથી; (**द्रव्यत्वं पुनः भावः**) અને દ્રવ્યત્વ તે ભાવ છે (અર્થાત્ અસ્તિત્વ તે ગુણ છે); (**तस्मात्**) તેથી (**द्रव्यं स्वयं सत्ता**) દ્રવ્ય પોતે સત્તા (અર્થાત્ અસ્તિત્વ) છે.

**ટીકા :–** ખરેખર દ્રવ્યથી પૃથગ્ભૂત (જુદું) ગુણ એવું કોઈ કે પર્યાય એવું કોઈ પણ ન હોય; –જેમ સુવર્ણથી પૃથગ્ભૂત તેની પીળાશ આદિ કે તેનું કુંડળપણું આદિ હોતાં નથી તેમ. હવે, તે દ્રવ્યના સ્વરૂપની વૃત્તિભૂત 'અસ્તિત્વ' નામથી કહેવાતું જે દ્રવ્યત્વ તે તેનો 'ભાવ' નામથી કહેવાતો ગુણ જ હોવાથી, શું તે દ્રવ્યથી પૃથક્પણે વર્તે છે? નથી જ વર્તતું. તો પછી દ્રવ્ય સ્વયમેવ (પોતે જ) સત્તા હો. ૧૧૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૩૦–૬–૭૯.

'પ્રવચનસાર' ૧૧૦ ગાથા. 'હવે ગુણ ને ગુણીના અનેકપણાનું ખંડન કરે છેઃ– આહા...હા! અભેદ સિદ્ધ કરી અને પછી તદ્દન ગુણ ને ગુણી એક જ છે, એમ' નથી. ગુણ અને ગુણીના અનેકપણાનું ખંડન કરે છે. આહા...હા!

**णत्थि गुणो त्ति व कोई पज्जाओ त्तीह वा विणा दव्वं ।**
**दव्वत्तं पुण भावो तम्हा दव्वं सयं सत्ता ॥११०॥**

**પર્યાય કે ગુણ એવું કોઈ ન દ્રવ્ય વિણ વિશ્વે દીસે;**
**દ્રવ્યત્વ છે વળી ભાવ; તેથી દ્રવ્ય પોતે સત્ત્વ છે. ૧૧૦.**

આહા...હા! આચાર્ય! દિગંબર આચાર્યો! કુંદકુંદ આચાર્ય!! આહા...હા! પ્રચુર સંવેદન ભર્યાં છે! પ્રચુર આનંદના સંવેદનમાં પડયા છે! આવી ટીકા થઈ ગઈ છે. આહા...હા! એનો તાત્પર્ય એ છે કે કોઈપણ પર્યાય થવા કાળે સંયોગ ઉપર દૃષ્ટિ ન કર. સંયોગ આવ્યા માટે આ થયું! આહા...હા! ઘરે બેઠો'તો ત્યારે પરિણામ બીજાં હતાં, અને ભગવાનના દર્શન કર્યા ત્યારે પરિણામ બીજાં આવ્યાં, માટે ઈ પરિણામ સંયોગથી આવ્યાં, એમ નથી. તે પરિણામ તે વખતે સત્તાગુણનો એવો જ ઉત્પાદનો સમય હતો. એ થયો છે. સત્તા ઉત્પાદવ્યયધ્રૌવ્યપણે થઈ છે. અને એ સત્તા દ્રવ્યથી જુદી નથી માટે દ્રવ્ય જ એ ઉત્પાદવ્યયધ્રૌવ્યપણે થયું છે. આહા...હા! ભગવાનને લઈને એ શુભભાવ થયો નથી, એમ કહે છે. આહા...હા...હા! કો'! અને ઈ શુભભાવ થયો, તે કાળે સાતાવેદનીય બંધાણી, એ આ શુભભાવને લઈને નહીં એમ કહે છે. તું સંયોગથી ન જો! આહા...હા..હા! ઈ સાતાવેદનીયના પરમાણુ જે છે ઈ અસ્તિ છે ઈ સત્તા ધરાવે છે. અને સત્તા (છે) તેમાં ઉત્પાદવ્યયધ્રૌવ્ય પરિણમન છે તેથી તે વખતે કર્મ (પ્રકૃતિ) પણે પરિણમવાની પર્યાય, એના સત્તાગુણને લઈને, અને ઈ ગુણ ગુણીનો–દ્રવ્યનો છે. તો દ્રવ્યને લઈને ઈ પરિણામ કર્મરૂપે થયાં છે'. આત્માએ રાગ–દ્વેષ કર્યા માટે સાતાવેદનીય(પ્રકૃતિ) થઈ કે કષાય થઈ (તો) એમ નથી. આહા...હા...હા! **(શ્રોતાઃ)** નિમિત્ત કારણને લઈને સાતાવેદનીય બંધાય, સકારણ...! **(ઉત્તરઃ)** એ બધી વાતું! ઈ સાટુ તો વાત કહેવાય છે આ.

(કહે છે) ઈ વાત કરતાને બહુ, પણ નિમિત્ત કોણ? ઉચિત નિમિત્ત હો! પણ એને લઈને પરિણામ થયાં છે (એમ નથી કહે છે) આહા...હા! ગજબ વાત છે!! તીર્થંકરગોત્ર બંધાય(એવા) શુભભાવ થયા, એ એની સત્તાની પર્યાયનો ઉત્પત્તિનો કાળ છે. તેથી તે તીર્થંકરગોત્ર બંધાણું એમ નહીં. તીર્થંકરગોત્ર બંધાણું એમાં એના પરમાણુના જે સત્તાગુણ છે એ કર્મની પર્યાયપણે થવાનો ઉત્પાદપણે, વ્યયપણે ને ધ્રૌવ્યપણે એ સત્તાગુણનું (પરિણમન) છે. ને સત્તાગુણના પરિણામ, ગુણીના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે એટલે કર્મના પરમાણુ છે. એ ક્રમબદ્ધ જ એ રીતે પરિણમ્યા છે. આહા...હા! આવી વાત છે. આહા..હા! એકસો દસ (ગાથા.)

**ટીકા :– ''ખરેખર દ્રવ્યથી પૃથગ્ભૂત (જુદું) ગુણ એવું કોઈ કે પર્યાય એવું કોઈ પણ ન હોય;''** પર્યાય ભિન્ન ભિન્ન જાતની લાગે. માટે એ તો પૃથક્ છે. એમ નથી. દ્રવ્ય–ગુણની પર્યાય, એકદમ ફેરવાળી લાગે. એક સમયે મતિ–શ્રુત ને બીજે સમયે કેવળજ્ઞાન. સમજાણું કાંઈ? એથી એમ ન લાગે કે ઓલા સંયોગો અનુકૂળ આવ્યા માટે થયું. કે ના. એ તો ઉત્પાદવ્યયધ્રૌવ્યપણે પરિણમન માટે કેવળજ્ઞાન થવાનું, એના ગુણ–ગુણીનો સ્વભાવ જ એવો છે તે થયું. પૂર્વની પર્યાયને લઈને ય નહીં. આહા...હા! કેવળજ્ઞાનનો પર્યાય, ઉત્પાદરૂપે સત્તાથી પોતાના જ્ઞાન (ગુણ) ની હયાતીથી, ઉત્પાદરૂપે, વ્યયરૂપે, ધ્રૌવ્યરૂપે થયો. સ્વતઃ પોતાથી થયો છે. તે કર્મનો નાશ થયો કે પૂર્વની પર્યાયને લઈને થયો તો આ ઉત્પાદ કેવળજ્ઞાનનો થયો એમે ય નથી. આહા...હા! એ તો પહેલાં આવી ગયું (ગાથા.) એકસો એકમાં. વ્યય છે ઈ ઉત્પાદને લઈને નથી, ઉત્પાદને વ્યયની અપેક્ષા નથી, પોતાના વ્યયની અપેક્ષા નથી. તો પરની અપેક્ષા હોય, એમ જ નહીં. આવી વાત છે ભાઈ! આહા...હા...હા!

(કહે છે) મંદિર બનાવવા પંદર–પંદર લાખના. આવો પ્રમુખ માણસ હોય, અગ્રેસર ઠીક હોય તો ઈ સારું કામ કરે. એની અહીંયાં ના પાડે છે. અહા...હા...હા! વ્યવસ્થાપક બરાબર હોય ધ્યાન રાખનારો. તો ત્યાં (સંસ્થા કે મંદિરોમાં) પર્યાય સરખી થાય. એમ નથી કહે છે. આહા..હા! ઈ વખતે તેના તે વસ્તુમાં (જે) ગુણ છે સત્તાગુણ લો, જ્ઞાનગુણ ગણીએ, એનું પરિણમન એ કાળે એ જ ઉત્પાદવ્યયધ્રૌવ્ય રૂપે પરિણમન થવાનું છે. તેથી તે (ગુણ દ્રવ્યનો છે) તેથી તે દ્રવ્યનું જ પરિણમન છે. વ્યવસ્થા, વ્યવસ્થા કરનારો છે માટે (વ્યવસ્થિત) અહીંયાં થયું છે એમ નથી. આહા...હા! કેટલું ફેરવવું પડે આમાં! આખો દિ' દુકાને બેઠો. ને આ કર્યું ને આનું કર્યું ને આવું કાર્યું ને આ કર્યું, ઘરાકને બરાબર સાચવ્યા ને....! આહા..હા! મીઠાશથી બોલીને આમ કર્યું! (કરું–કરું ના મિથ્યાત્વથી ફેરવવું પડે!) **(શ્રોતાઃ)** આમ મિથ્યાત્વ કર્યું ને વળી નોકર રાખે **(ઉત્તરઃ)** એ બધા નોકર–નોકર બધા, આહા! કોણ રાખે? ને કોણ છોડે? બધી વાતું છે. આહા...હા!

(કહે છે) શેઠિયાનો જે આત્મા છે. તો તેના ગુણનું અસ્તિપણું (તેનામાં) છે કે નહીં! તેના ગુણનું અસ્તિપણું છે કે નહીં, સત્તા છે કે નહીં! (તો) સત્તા છે તે ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળી છે કે એકલી સત્તા જ હોય. **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्** અને **सद्द्रव्यलक्षणम्** એ સિદ્ધ કરે છે. 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુકતં સત્' અને 'સદ્દ્રવ્ય લક્ષણમ્' – એટલે કોઈ પણ પદાર્થમાં સમય–સમયે સત્તાને લઈને ઉત્પાદવ્યયધ્રૌવ્ય થાય, એ તો તેનું સ્વરૂપ જ છે. એ પરને લઈને નહીં. અને તે સત્તાનો ઉત્પાદવ્યયધ્રૌવ્ય તે દ્રવ્ય છે તેથી દ્રવ્યના જ એ પરિણામ છે. આહા..હા! કો' સમજાય છે આમાં? આ બધા (સામે બેઠેલા) હુશિયાર માણસ કે'વાય. આ દાકતરો, વકીલો – દવાયું – દાકતરને દવાનું આવ્યું ને અહીંયાં. હવે કે' એને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માટે થશે. બોલાવે કે ન બોલાવે! એ તો એ વખતે બોલાવે નહીં તો ય પર્યાય થવાની તે થવાની. આહા..હા! અને દાકતરનો આત્મા પણ તે વખતે પોતાના ઉત્પાદવ્યયધ્રૌવ્યના પરિણમનમાં તે પર્યાય થાયને! તે આવે છે. આહા..હા...હા! બહુ આકરું કામ! આખી દુનિયામાંથી જુદો પડી જા! કહે છે. જુદો છો. પડી જા એટલે...! (જુદો છો જ.)

(કહે છે) આ સંયોગોને દેખીને, મારી પર્યાયમાં ફેરફાર થયો, બીજાની પર્યાયમાં સંયોગને લઈને ફેરફાર થયો, એ ભુલી જા! આહા...હા...હા! તે તે કાળે તેના ઉત્પાદવ્યયને સ્વભાવ ધ્રૌવ્ય (એટલે) **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्** એ ઉત્પાદવ્યયધ્રૌવ્ય તે પરિણામ છે. એનું નામ સત્તાના પરિણામ છે. અને સત્તા સત્‌દ્રવ્યની છે. તેથી ખરેખર દ્રવ્યના જ એ પરિણામ છે. આહા...હા...હા! આ સાંભળ્યું નો હોય તો બેસે નહીં. એકાંત લાગે એને એકાંત! આહા...હા! શું થાય ભાઈ! ત્રણલોકના નાથ! કેવળી પરમાત્માની આ વાણી છે. આહા...હા! એ વાણીમાં કાંઈપણ ફેરફાર કરે કે ઓછું, અધિક કે વિપરીત (માને) તો સત્‌ને સત્‌પણે શાસ્ત્રને, એ રીતે ન માને એ તો મિથ્યાદષ્ટિ છે. આહા...હા! શાસ્ત્રમાં એક પણ પદને, કે એકપણ અક્ષરને – આવે છે ને 'સૂત્ર પાહુડ' માં ભાઈ! સૂત્રપાહુડમાં કહે છે કે શાસ્ત્રના એક પદને કે એક અક્ષરને ફેરવે એ મિથ્યાદષ્ટિ છે. આહા...હા! ભારે! આકરું કામ બહુ! આહા...હા!

(કહે છે કે:) તો દ્રવ્યની જે સમયની પર્યાય સત્તાને લઈને થઈ, ઈ પરને લઈને થઈ એમ માને ઈ મિથ્યાદષ્ટિ છે. આહા...હા! શું! સ્વતંત્રતાના ઢંઢેરા!! આવા સાંભળ્યા નથી. આહા...હા! **(શ્રોતા:)** તેની લાયકાત નહોતી તો નહોતું તે વખતે... **(ઉત્તર:)** માત્ર હાસ્ય જ....આહા...!

(અહીંયાં કહે છે કે:) **"ખરેખર દ્રવ્યથી પૃથગ્ભૂત (જુદું) ગુણ એવું કોઈ કે પર્યાય એવું કોઈ પણ ન હોય."** એમ સિદ્ધ કરે છે હવે. કે ગુણ ને ગુણી જુદા નથી. એ (સત્તા) ગુણનું ઉત્પાદવ્યયધ્રૌવ્યનું પરિણમન થયું ઈ (દ્રવ્યનું) ગુણીનું જ થયું છે. એ દ્રવ્ય ને ગુણ બેય અભેદ છે. એમ કહે છે. આહા...હા! **"જેમ સુવર્ણથી પૃથગ્ભૂત તેની પીળાશ આદિ કે તેનું કુંડળપણું આદિ હોતાં નથી."** એ સુવર્ણ એટલે દ્રવ્ય, પીળાશ એટલે ગુણ ને કુંડળ આદિ પર્યાય, એ સુવર્ણથી તેના ગુણો જુદા નથી. અને કુંડળાદિ પર્યાયો હોતાં નથી. સોનાથી સોનાના પીળાશ આદિ ગુણો, અને કુંડળ આદિ પર્યાયો, એ સોનાથી જુદાં હોતાં નથી. આહા...હા! હજી આ તો દૃષ્ટાંત છે હોં? **"તેમ હવે, તે દ્રવ્યના સ્વરૂપની વૃત્તિભૂત 'અસ્તિત્વ' નામથી કહેવાતું જે દ્રવ્યત્વ."** દ્રવ્યનો–સ્વરૂપની હયાતીવાળું એટલે અસ્તિત્વ – સત્તા, નામથી કહેવાતું જે દ્રવ્યત્વ **"તે તેનો 'ભાવ' નામથી કહેવાતો ગુણ."** દ્રવ્યત્વ નામનો ગુણ, સત્તા નામનો ગુણ, કહેવાતો **"ગુણ જ હોવાથી"** સત્તા નામનો – દ્રવ્યત્વ નામનો – અસ્તિત્વ નામનો ગુણ જ હોવાથી, **"શું તે દ્રવ્યથી પૃથક્‌પણે વર્તે છે?** (અર્થાત્) સત્તા, ઉત્પાદવ્યયધ્રૌવ્યપણે પરિણમી ઈ સત્તા દ્રવ્યથી પૃથક્‌પણે વર્તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે? આહા...હા! થોડામાં બહુ –ઘણું ભર્યું છે ભાઈ! દ્રવ્યત્વ તે ભાવ કહેવાય છે એ દ્રવ્યનો 'ભાવ'કહેવાય ને...! દ્રવ્ય (જે છે) તે ભાવવાળું ને દ્રવ્યત્વ (તે) ભાવ.(અથવા) દ્રવ્ય ભાવવાળું–ગુણવાળું અને સત્તા–દ્રવ્યત્વ તે ગુણ. તે 'ભાવ' નામથી કહેવાતો ગુણ જ હોવાથી – કહે છે ને દ્રવ્યનો આ 'ભાવ'. તો એ ભાવ તે ગુણ જ છે. આહા...હા! દ્રવ્યનો 'અસ્તિત્વ' ભાવ. દ્રવ્યનો સત્તાભાવ. પણ ઈ દ્રવ્યનો સત્તાભાવ તે દ્રવ્ય જ છે. આહા...હા! આહા...હા...હા...હા! આચાર્યોએ! દિગંબર સંતોએ! કામ કર્યું છે! માણસને આગ્રહ છોડીને જરી (વિચારવું જોઈએ) ખોટું લાગે કે આ બધું (ત્યારે) અમારું શું ખોટું? બાપુ! માણસને. વિચાર તો કર ભાઈ! આહા...! આવી વાતની ગંધ કયાં છે બીજે શાસ્ત્રમાં ય. આ કરો.... આ કરો.... આ કરો.... આ કરો.... અહીંયાં કહે છે કે તું કરવાનું કહે છે, (તો સાંભળ) એની સત્તાના પરિણામ એનામાં ને તારી સત્તાના પરિણામ તારામાં (થઈ જ રહ્યા છે.) શું કરવું છે તારે? આહા...હા! કેમ કે ઈ દ્રવ્ય (શું) સત્તા વિનાનું છે? અને ઈ સત્તા ઉત્પાદવ્યયધ્રૌવ્ય વિનાની છે? અને ઉત્પાદવ્યયધ્રૌવ્ય વિનાનું એ દ્રવ્ય છે? (નથી જ.) આહા...હા! આવી વાત છે. (લોકો તો) વાદ–વિવાદ કરે પછી, નહીં? આનાથી આમ રહ્યું – કર્મનો આકરો ઉદય આવે ત્યારે વિકાર થાય જ. નહીંતર વિકાર છે ઈ સ્વભાવ થઈ જાય. અહીંયાં કહે છે કે વિકાર થવાનો પર્યાય તે સમયે સત્તાનામના ગુણનું એ જાતનું અસ્તિત્વ પરિણામ થવાનું છે ઈ ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપે પોતાથી થયું છે. કર્મને લઈને નહીં. આહા...હા!

હવે આ રતનચંદજી તો જયાં આવે ન્યાં ઈ જ નાખે છે. આવે તે એ કર્મને લઈને થાય, કરમને લઈને થાય, કરમને લઈને થાય – જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાન થાય. આહા...હા! અહીંયાં કહે છે કે ઈ જ્ઞાનનું જે ઓછા–વત્તાપણું થાય છે ઈ જ્ઞાનમાં સત્તા નામનો ગુણ છે અથવા જ્ઞાનમાં જ્ઞાનનું હયાતીવાળો ગુણ છે ને...! એ હયાતીવાળો પોતે જ ઉત્પાદવ્યય(ધ્રૌવ્ય) પણે થાય છે. ધ્રૌવ્યપણું રાખીને, ઉત્પાદપણે (પોતે જ) થાય છે. હીણી પર્યાય થાવ કે અધિક થાવ. એ પોતાના જ ઉત્પાદવ્યય(ધ્રૌવ્ય) થી થાય છે, પરને લઈને નહીં'. આહા...હા...હા! આ મોટો વાંધો હતો ને...? વર્ણીજી હારે. ઈ એણે લખ્યું છે બધા પુસ્તકો(માં). સોનગઢનું સાહિત્ય જૂઠું છે. બૂડાડી મૂકશે બધાને! આહા...હા! એણે આ વાત સાંભળી નો'તી. આહા...હા!

(કહે છે કે:) કોઈ પણ સમયે, કરમનો ઉત્પાદ–વ્યય, એની સત્તાના ને સત્‌થી છે. શું કીધું? ઈ કરમ છે તેની સત્તાથી છે ને 'ઉત્પાદવ્યયધ્રૌવ્ય યુકતં સત્ તેનું દ્રવ્ય છે. એટલે ઈ સત્‌થી સત્તા છે ને સત્તાથી પરિણમન છે ને ઈ બધું અભેદ છે. આહા...હા! એમ ભગવાન આત્મામાં, વિકારના પરિણામ છે ઈ ઉત્પાદપણે, સત્તા નામના કે અસ્તિત્વગુણને લઈને ઉત્પાદવ્યયપણે પરિણમે છે તે સત્તાગુણનું પરિણમન છે. ઈ કરમને લઈને નહીં. આહા...હા! (માથે હાથ મૂકીને લોકો બોલે છે ને) અમારે શું કરવું ભાઈ, કરમનું જોર છે. કરમનું જોર છે, કરમનું જોર છે. ઈ તદ્દન બધી મિથ્યા–ભ્રમણા છે. આહા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અહીંયાં કહે છે કે:) **"જે દ્રવ્યત્વ તે તેનો 'ભાવ' નામથી કહેવાતો ગુણ જ હોવાથી."** સત્તા કહો, ગુણ કહો કે કહો (એકાર્થ છે.) **"શું તે દ્રવ્યથી પૃથક્‌પણે વર્તે છે?** જે ગુણ કહો કે ભાવ કહો (કે સત્તા કહો) એ શું દ્રવ્યથી જુદા વર્તે છે? **"નથી જ વર્તતું. તો પછી દ્રવ્ય સ્વયમેવ (પોતે જ) સત્તા હો."** કે વસ્તુ પોતે સ્વયમેવ જ છે. સત્તા છે ને ઈ સત્તા ઉત્પાદવ્યય(ધ્રૌવ્ય) પણે પરિણમે છે. આહા...હા! શબ્દો થોડા (છે.) પણ એમાં ભાવ ઘણા ભર્યા છે! આહા...હા! અહીંયાં તો વાત – સત્ શું છે એની વાત છે બાપા! અહીં કોઈ પક્ષ નથી, વાડો નથી. આ તો **'સત્' ની 'સ્થિતિ' ની 'મર્યાદા'** – સત્‌ની મર્યાદા કયે પ્રકારે છે. (એની વાત છે.) આહા...હા! ઈ એકસો દસ થઈ (ગાથા–૧૧૦).

વિશેષ કહેશે.....

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે દ્રવ્યને સત્–ઉત્પાદ અને અસત્–ઉત્પાદ હોવામાં અવિરોધ સિદ્ધ કરે છેઃ–

**एवंविहं सहावे दव्वं दव्वत्थपज्जयत्थेहिं ।**
**सदसब्भावणिबद्धं पादुब्भावं सदा लभदि ॥१११॥**

**एवंविधं स्वभावे द्रव्यं द्रव्यार्थपर्यायार्थाभ्याम् ।**
**सदसद्भावनिबद्धं प्रादुर्भावं सदा लभते ॥१११॥**

**આવું દરવ દ્રવ્યાર્થ–પર્યાયાર્થથી નિજભાવમાં**
**સદ્‌ભાવ–અણસદ્‌ભાવયુત ઉત્પાદને પામે સદા. ૧૧૧.**

### ગાથા –૧૧૧

**અન્વયાર્થ** :– (**एवंविधं द्रव्यं**) આવું (પૂર્વોકત) દ્રવ્ય (**स्वभावे**) સ્વભાવમાં (**द्रव्यार्थपर्यायार्थाभ्यां**) દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયો વડે (**सदसद्भावनिबद्धं प्रादुर्भावं**) સદ્‌ભાવસંબદ્ધ અને અસદ્‌ભાવસંબદ્ધ ઉત્પાદને (**सदा लभते**) સદા પામે છે.

ટીકા :– આ પ્રમાણે યથોદિત સર્વ પ્રકારે [૧]અકલંક લક્ષણવાળું, અનાદિનિધન આ દ્રવ્ય સત્–સ્વભાવમાં (અસ્તિત્વસ્વભાવમાં) ઉત્પાદ પામે છે. દ્રવ્યનો તે ઉત્પાદ, દ્રવ્યની [૨]અભિધેયતા વખતે સદ્‌ભાવસંબદ્ધ છે અને પર્યાયોની અભિધેયતા વખતે અસદ્‌ભાવસંબદ્ધ છે. તે સ્પષ્ટ સમજાવવામાં આવે છેઃ–

જ્યારે દ્રવ્ય જ કહેવામાં આવે છે – પર્યાયો નહિ, ત્યારે ઉત્પત્તિ–વિનાશ રહિત, યુગપદ્ પ્રવર્તતી, દ્રવ્યની નિપજાવનારી [૩]અન્વય શકિતઓ વડે, ઉત્પત્તિવિનાશલક્ષણવાળી, ક્રમે પ્રવર્તતી,

---

૧. અકલંક = નિર્દોષ. (આ દ્રવ્ય પૂર્વે કહેલા સર્વ પ્રકારે નિર્દોષ લક્ષણવાળું છે.)

૨. અભિધેયતા = કહેવાયોગ્યપણું; વિવક્ષા, કથની.

૩. અન્વયશકિતઓ = અન્વયરૂપ શકિતઓ. (અન્વયશકિતઓ ઉત્પત્તિ અને નાશ વિનાની છે. એકીસાથે પ્રવર્તે છે અને દ્રવ્યને નિપજાવે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે આત્મદ્રવ્યની અન્વયશકિતઓ છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પર્યાયોની નિપજાવનારી તે તે [1]વ્યતિરેકવ્યકિતઓને પામતા દ્રવ્યને [2]સદ્‌ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે; સુવર્ણની જેમ. તે આ પ્રમાણે : જ્યારે સુવર્ણ જ કહેવામાં આવે છે– બાજુબંધ વગેરે પર્યાયો નહિ, ત્યારે સુવર્ણ જેટલું ટકનારી, યુગપદ્ પ્રવર્તતી, સુવર્ણની નિપજાવનારી અન્વયશકિતઓ વડે, બાજુબંધ વગેરે પર્યાયો જેટલું ટકનારી, ક્રમે પ્રવર્તતી, બાજુબંધ વગેરે પર્યાયોની નિપજાવનારી તે તે વ્યતિરેકવ્યકિતઓને પામતા સુવર્ણને સદ્‌ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે.

અને જ્યારે પર્યાયો જ કહેવામાં આવે છે – દ્રવ્ય નહિ, ત્યારે ઉત્પત્તિવિનાશ જેમનું લક્ષણ છે એવી, ક્રમે પ્રવર્તતી, પર્યાયોની નિપજાવનારી તે તે વ્યતિરેકવ્યકિતઓ વડે, ઉત્પત્તિવિનાશ રહિત, યુગપદ્ પ્રવર્તતી, દ્રવ્યની નિપજાવનારી અન્વયશકિતઓને પામતા દ્રવ્યને *અસદ્‌ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે; સુવર્ણની જેમ જ. તે આ પ્રમાણે : જ્યારે બાજુબંધ વગેરે પર્યાયો જ કહેવામાં આવે છે – સુવર્ણ નહિ, ત્યારે બાજુબંધ વગેરે પર્યાયો જેટલું ટકનારી, ક્રમે પ્રવર્તતી, બાજુબંધ વગેરે પર્યાયોની નિપજાવનારી તે તે વ્યતિરેકવ્યકિતઓ વડે, સુવર્ણ જેટલું ટકનારી, યુગપદ્ પ્રવર્તતી, સુવર્ણની નિપજાવનારી અન્વય શકિતઓને પામતા સુવર્ણને અસદ્‌ભાવયુકત જ ઉત્પાદ છે.

હવે, પર્યાયોની અભિધેયતા વખતે પણ, અસત્–ઉત્પાદમાં પર્યાયોની નિપજાવનારી તે તે વ્યતિરેકવ્યકિતઓ યુગપદ્‌પ્રવૃત્તિ પામીને અન્વયશકિતપણાને પામતી થકી પર્યાયોને દ્રવ્ય કરે છે (–પર્યાયોની વિવક્ષા વખતે પણ, વ્યતિરેકવ્યકિતઓ અન્વયશકિતરૂપ બનતી થકી પર્યાયોને દ્રવ્યરૂપ કરે છે); જેમ બાજુબંધ વગેરે પર્યાયોની નિપજાવનારી તે તે વ્યતિરેકવ્યકિતઓ યુગપદ્‌પ્રવૃત્તિ પામીને અન્વયશકિતપણાને પામતી થકી બાજુબંધ વગેરે પર્યાયોને સુવર્ણ કરે છે તેમ. દ્રવ્યની અભિધેયતા વખતે પણ, સત્–ઉત્પાદમાં દ્રવ્યની નિપજાવનારી અન્વયશકિતઓ ક્રમપ્રવૃત્તિ પામીને તે તે વ્યતિરેકવ્યકિતપણાને પામતી થકી દ્રવ્યને પર્યાયો (–પર્યાયોરૂપ) કરે છે, જેમ સુવર્ણની નિપજાવનારી અન્વયશકિતઓ ક્રમપ્રવૃત્તિ પામીને તે તે વ્યતિરેકવ્યકિતપણાને પામતી થકી સુવર્ણને બાજુબંધઆદિ પર્યાયમાત્ર (–પર્યાયમાત્રરૂપ) કરે છે તેમ.

માટે દ્રવ્યાર્થિક કથનથી સત્–ઉત્પાદ છે, પર્યાયાર્થિક કથનથી અસત્–ઉત્પાદ છે – તે વાત અનવદ્ય (નિર્દોષ, અબાધ્ય) છે.

---

૧. વ્યતિરેકવ્યકિતઓ = ભેદરૂપ પ્રગટતાઓ. [વ્યતિરેક વ્યકિતઓ ઉત્પત્તિવિનાશ પામે છે, ક્રમે પ્રવર્તે છે અને પર્યાયોને નિપજાવે છે. શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન વગેરે તથા સ્વરૂપાચરણચારિત્ર, યથાખ્યાત ચારિત્ર વગેરે આત્મદ્રવ્યની વ્યતિરેક વ્યકિતઓ છે, વ્યતિરેક તથા અન્વયના અર્થો માટે આગળ આવેલ પદટિપ્પણ (ફૂટનોટ) જુઓ.]

૨. સદ્‌ભાવ સંબદ્ધ = હયાતી સાથે સંબંધવાળો – સંકળાયેલો. [દ્રવ્યની વિવક્ષા વખતે અન્વયશકિતઓને મુખ્ય અને વ્યતિરેકવ્યકિતઓને ગૌણ કરાતી હોવાથી, દ્રવ્યને સદ્‌ભાવસંબદ્ધ ઉત્પાદ (સત્–ઉત્પાદ, હયાતનો ઉત્પાદ) છે.].

* અસદ્‌ભાવસંબદ્ધ = અહયાતી સાથે સંબંધવાળો – સંકળાયેલો [પર્યાયોની વિવક્ષા વખતે, વ્યતિરેકવ્યકિતઓને મુખ્ય અને અન્વયશકિતઓને ગૌણ કરાતી હોવાથી, દ્રવ્યને અસદ્‌ભાવ–સંબદ્ધ ઉત્પાદ (અસત્–ઉત્પાદ, અવિદ્યમાનનો ઉત્પાદ) છે.]

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થ :–** જે પહેલાં હયાત હોય તેની જ ઉત્પત્તિને સત્–ઉત્પાદ કહે છે અને જે પહેલાં હયાત ન હોય તેની ઉત્પત્તિને અસત્–ઉત્પાદ કહે છે. જ્યારે પર્યાયોને ગૌણ કરીને દ્રવ્યનું મુખ્યપણે કથન કરવામાં આવે છે, ત્યારે તો જે હયાત હતું તે જ ઉત્પન્ન થાય છે (કારણ કે દ્રવ્ય તો ત્રણે કાળે હયાત છે); તેથી દ્રવ્યાર્થિક નયથી તો દ્રવ્યને સત્–ઉત્પાદ છે. અને જ્યારે દ્રવ્યને ગૌણ કરીને પર્યાયોનું મુખ્યપણે કથન કરવામાં આવે છે, ત્યારે જે હયાત નહોતું તે ઉત્પન્ન થાય છે. (કારણ કે વર્તમાન પર્યાય ભૂતકાળે હયાત નહોતો), તેથી પર્યાયાર્થિક નયથી દ્રવ્યને અસત્–ઉત્પાદ છે.

અહીં એ લક્ષમાં રાખવું કે દ્રવ્ય અને પર્યાયો જુદી જુદી વસ્તુઓ નથી; તેથી પર્યાયોની વિવક્ષા વખતે પણ, અસત્–ઉત્પાદમાં, જે પર્યાયો છે તે દ્રવ્ય જ છે, અને દ્રવ્યની વિવક્ષા વખતે પણ, સત્–ઉત્પાદમાં, જે દ્રવ્ય છે તે પર્યાયો જ છે. ૧૧૧.

## પ્રવચન : તા. ૩૦–૬–૭૯.

'પ્રવચનસાર.' ૧૧૧ ગાથા.

**'હવે દ્રવ્યને સત્–ઉત્પાદ અને અસત્–ઉત્પાદ હોવામાં અવિરોધ સિદ્ધ કરે છે :–** આહા...! શું કહે છે? દ્રવ્ય છે... ને ઉત્પાદ થાય છે. ઈ સત્‌નો ઉત્પાદ છે. અને અસત્‌નો ઉત્પાદ છે. એટલે પહેલાં નો'તું ને નવું ઉત્પન્ન થયું એ પર્યાયને અસત્ ઉત્પાદ કહે છે. (એ સત્‌ઉત્પાદ અને અસત્‌ઉત્પાદ હોવામાં) અવિરોધ સિદ્ધ કરે છે; એમાં વિરોધ નથી. શું કહ્યું ઈ? દ્રવ્ય છે, તે છે, છે એનો ઉત્પાદ છે. છે તેનો ઉત્પાદ છે. એક વાત. અને બીજી (વાત) નથી (પર્યાય) તેનો ઉત્પાદ છે. આહા...હા! દ્રવ્યમાં તે હતું તે આવ્યું છે. ઈ સત્ છે. અને પર્યાયમાં નહોતું ને પર્યાય (નવી) થઈ છે ઈ અસત્‌ઉત્પાદ છે. બેયમાં વિરોધ નથી. આહા..હા! અસત્–ઉત્પાદમાં હોવામાં અવિરોધ દર્શાવે છે. બેયમાં વિરોધ નથી એમ કહેવું છે. આ માથું (મથાળું) ગાથામાં નાખવું છે. (એનો ભાવ ગાથામાં છે.) છે? (પાઠમાં.) વસ્તુનો સત્‌ઉત્પાદ છે તે ઊપજે છે. અને નથી તે ઊપજે છે એ બે ભાવમાં વિરોધ નથી. આહા...! છે તે ઊપજે છે ઈ સત્ (દ્રવ્ય) ની અપેક્ષાએ, અને નથી તે ઊપજે છે ઈ પર્યાયની અપેક્ષાએ. પર્યાય નો'તી ને ઊપજી એ પર્યાયની અપેક્ષાએ (અસત્‌ઉત્પાદ). સમજાણું કાંઈ આમાં? એકસોને અગિયાર (ગાથા).

**एवंविहं सहावे दव्वं दव्वत्थपज्जयत्थेहिं ।**
**सदसब्भावणिबद्धं पादुब्भावं सदा लभदि ॥१११॥**

**આવું દરવ દ્રવ્યાર્થ–પર્યાયાર્થથી નિજભાવમાં**
**સદ્‌ભાવ–અણસદ્‌ભાવયુત ઉત્પાદને પામે સદા. ૧૧૧.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા...હા! આવી જાતનો ઉપદેશ! આહા...! શું આમાં કરવું શું? ન કરવું કાંઈ? શું કરવું ઈ આમાં શું નથી આવતું? તે દ્રવ્યની તેની પર્યાય, તેનાથી છે તેમ માનવું. તે માન. (ઈ કરવાનું છે.) તે કોઈ પણ ક્ષણે, વિલક્ષણ દ્રવ્ય (સંયોગમાં) દેખીને અને આ દ્રવ્યને દેખીને, વિલક્ષણ પર્યાય તને દેખાતી હોય, (તો પણ) ઈ પરને લઈને નથી. આહા...હા! આમ અમથું લાકડું પડયું છે તેના ઉપર વાંસલો આમ પડયો (છોડા થયાં) તો ઈ (વાંસલાના) સંયોગને લઈને (લાકડાની) ઈ પર્યાય થઈ છે એમ નથી. વાંસલો નહોતો ત્યાં સુધી કટકો નહોતો લાકડાનો, આમ લાગતાં જ થયો, (લોકો) સંયોગથી જુએ છે ને (માને છે કે) આને લઈને આ થયું. જ્ઞાની જુએ છે કે એનામાં સત્તા છે એના ઉત્પાદવ્યયધ્રૌવ્ય પરિણમન છે તેનાથી તે થયું છે. આહા...હા! શાંતિભાઈ! આ તો સમજાય તેવું છે. આહા..હા!

કો' સીસપેનને છરી સારી અડી, આમ છરી. ઈ સંયોગથી દેખનારા એમ દેખે છે કે એનાથી (સીસપેન છોલાય) છે. ઈ સંયોગને દેખનારા મિથ્યાદૃષ્ટિ, એનાથી દેખે છે. અને સ્વભાવની સ્થિતિના દેખનારા (સમ્યગ્દૃષ્ટિ) તે ટાણે, તે સત્તાનો, તે રીતે ઉત્પાદ થવાનો છે તે તેના ઉત્પાદવ્યયધ્રૌવ્યથી થયું છે. એ છરીથી (સીસપેનનું છોલાવું) થયું નથી. આહા...હા...હા! (એમ જ્ઞાની દેખે છે.) આવું કોણ માને? હવે ચોખ્ખી વાત. (આંખેથી દેખાય.) જેને સત્ જોતું હોય ઈ માને બાપા! દુનિયા, દુનિયાને ઠેકાણે ગમે તે રહી! રોટલીના બે ટુકડા દાંતથી થાય છે. એમ જોનારા સંયોગથી જુએ છે. શું કીધું ઈ? રોટલીના ટુકડા બે દાંતથી થાય ઈ સંયોગથી જોવે છે. સંયોગ (દાંતનો) થયો માટે આ ટુકડા થયા ઈ એની વિલક્ષણતા સંયોગથી થઈ એમ અજ્ઞાની માને છે. ધર્મી એમ માને છે કે એની સત્તા તે રોટલીના પરમાણુની, તે રીતે ટુકડા થવાના પર્યાયનો ઉત્પાદ છે તે ઉત્પાદ થયો છે. (દાંતને લઈને નહીં.) એકદમ વિલક્ષણતા દેખી માટે પરને લઈને થયું – પહેલું કેમ નહોતું કે આ આવ્યું ત્યારે થયું – દાંત અડે ત્યારે આમ કટકા થયા ઈ સંયોગને દેખનારા, એના સત્‌ની તે સમયની ઉત્પાદવ્યયધ્રૌવ્ય સત્તા છે. તેનાથી થયું (છે.) એ જોતો નથી. આહા...હા! આવું છે. (વસ્તુસ્વરૂપ!)

**(ગાથા)** અગિયારમીને? **(શ્રોતાઃ)** જી, હા.

**"ટીકા :– આ પ્રમાણે યથોદિત."** યથા ઉદિત **"સર્વ પ્રકારે અકલંક લક્ષણવાળું."** આહા...હા! નિર્દોષ, આ દ્રવ્ય પહેલાં(થી જ નિર્દોષ લક્ષણવાળું છે. આહા...હા! દ્રવ્યની સત્તા ને સત્તાના ઉત્પાદવ્યયધ્રૌવ્ય, એ નિર્દોષ લક્ષણ છે. શું કીધું, સમજાણું? દ્રવ્યનો સત્તાગુણ, અને સત્ તે ઉત્પાદવ્યયધ્રૌવ્યયુકતં એટલે **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्** ને **सद्द्रव्य- लक्षणम्** એ નિર્દોષ લક્ષણ છે. આહા..હા! 'તત્ત્વાર્થસૂત્ર' ના સૂત્રો છે. (અધ્યાય–૫ સૂત્ર. ૨૯, ૩૦). પક્ષને આડે સૂઝ પડે નહીં (લોકોને) સૂઝ પડે નહીં! આહા...હા! **"આ પ્રમાણે યથા ઉદિત સર્વ પ્રકારે અકલંક લક્ષણવાળું"** છે સત્! અકલંક લક્ષણવાળું છે દ્રવ્ય. **"અનાદિનિધન આ દ્રવ્ય સત્–સ્વભાવમાં (અસ્તિત્વસ્વભાવમાં) ઉત્પાદ પામે છે."** આહા...હા...હા...હા! કેટલી વાત કરે છે!! અનાદિ–અનંત આ દ્રવ્ય, કોઈપણ દ્રવ્ય – સત્–સ્વભાવમાં – અસ્તિત્વસ્વભાવમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાના ઉત્પાદને પામે છે. આહા...હા!

(કહે છે) ગુરુનો શિષ્ય નથી ને શિષ્યનો ગુરુ નથી. એમ કહે છે. ગુરુથી થાતું નથી. ગુરુનો સંયોગ દેખીને – વાણી સાંભળીને – આ (જ્ઞાન) થયું. એથી સંયોગથી દેખનારા(ની) ઈ દૃષ્ટિ ખોટી છે. **(શ્રોતાઃ)** ગુરુનો ઉપકાર ભૂલવાની વાત (આ) છે...! **(ઉત્તરઃ)** ઈ પછી ઉપકારની વાત. અહા...હા...હા! (મુક્તહાસ્ય). ઉપકારનો અર્થ પછી (બહુમાન) આવે. વિનય આદિ (આવે.) પહેલાં આ સિદ્ધાંત નક્કી થઈને (પછી નિમિત્તની વાત છે.) અહીંયાં તો એવી વાત છે બાપુ! આહા...હા! કે આ હું (તમારો ગુરુ) ને અમારો ઉપકાર તમે માનો, ને તમે આમ કરો ને તમે આમ કરો ને.... અરે બાપુ! સાંભળને ભાઈ! આહા...હા! ઈ જ નંખાઈ છે ને! (છાપે છે ને) આ ચૌદ બ્રહ્માંડનું ચિત્ર આવે છે ને...! અને પછી (મોટા અક્ષરથી) जीवानाम् परस्परः उपग्रहः જીવ પરસ્પર (અનુ) ગ્રહે છે, ગુરુ શિષ્યને અનુગ્રહે છે. શિષ્ય ગુરુની સેવા કરે ઈ પરસ્પર ઉપગ્રહ છે.' આહા...હા...હા! **(શ્રોતાઃ)** પણ ઉપકાર છે ને એમનો? **(ઉત્તરઃ)** કો'મીઠાભાઈ? આવે છે કે નહીં આ ચોપાનિયામાં? પહેલું ચૌદ બ્રહ્માંડ ચિતરે ને હેઠે લખે 'આ' जीवानाम् परस्परः उपग्रहः જીવોને પરસ્પર ઉપકાર! કેવું મીઠું લાગે કે માણસને ઓશિયાળા ભિખારીને! અહા...હા..હા! (વક્તા–શ્રોતાનું હાસ્ય) ઓશિયાળા! ભિખારીને લાગે કે આહા! પરસ્પર ઉપકાર! એનો આપણને ઉપકાર! આહા..હા! એને લઈને આપણું નથી હોં! **(શ્રોતાઃ)** ઉમાસ્વાતીએ કહ્યું એનું શું સમજવું? **(ઉત્તરઃ)** એમ ક્યાં કીધું છે ઈ? એ તો ઉપકારનો અર્થ છે એટલું જણાવ્યું છે. શાસ્ત્રીજીએ '(પરમાર્થ) વચનિકા' માં એનો અર્થ કર્યો છે. ઉપકારનો અર્થ (એક દ્રવ્ય બીજા દ્રવ્યનું) કાંઈ કરે છે એ નહીં. એ વખતે છે 'આ' એને આંહી ઉપકાર તરીકે કહ્યું છે. શાસ્ત્રીજીએ 'વચનિકા' માં અર્થ કર્યો છે એવો. આહા...હા! અત્યારે મોટો! જગતમાં આમ જાણે કે ....આહા...હા! (વ્યાખ્યાનો કરે) 'પરસ્પર ઉપકાર કે એક–બીજા' 'માંહોમાંહે સંપ કરો' 'પરોપકાર કરો' 'બીજાને મદદ કરો'! આહા...હા! બલુભાઈ! શું કર્યું ઈ રૂપિયા ભેગા કર્યા ને દવા...ને.....બવા.....ને મોટા કારખાના!

(અહીંયાં તો કહે છે) એક પણ દ્રવ્ય, સત્તા ગુણ વિના હોય નહીં. અને સત્તા ગુણ, ઉત્પાદવ્યય(ધ્રૌવ્ય) થયા વિના રહે નહીં. (કર્તાપણાનું ભૂત) ખલાસ થઈ ગયું!! આહા...હા! કોઈ પણ દ્રવ્ય, સત્તા વિના હોય નહીં, અને સત્તાનો ગુણ ઉત્પાદવ્યયધ્રૌવ્ય (પરિણમન) વિના હોય નહીં. (અહો! સદ્‌ગુરુનો વાત્સલ્ય ગુણ) લો! અત્યારે ક્યાંથી આવ્યા?

જે વસ્તુ છે (ઈ) વસ્તુ છે અસ્તિ! સમજાણું કાંઈ? 'છે' (અસ્તિ અથવા) 'છે' એનો જે જ્ઞાનગુણ ને સત્તાગુણ છે. (એટલે) અસ્તિત્વગુણ–સત્તાગુણ છે ઈ પણ ચીજ(અસ્તિ) છે. 'છે' એ અસ્તિત્વનામનો ગુણ છે. ઈ સત્ છે. સત્તાગુણ છે ઈ ગુણીનો ગુણ છે. (એટલે કે) ઈ દ્રવ્યનો ગુણ છે. અને તે સત્તા (ગુણ) ઉત્પાદવ્યયધ્રૌવ્યપણે પરિણમે છે. સમય–સમય એનું પરિણમન થાય (છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્પન્ન તે ઉત્પાદ ને જૂનું જાય ને ધ્રૌવ્યપણે રહે. (તે એકેક સમયમાં ત્રણ છે) સત્તાનું (સ્વરૂપ) પરિણમન સ્વરૂપ છે. (અથવા) ઈ સત્તાનું સ્વરૂપ (જા પરિણમન છે. (એ પરિણમન) ઈ દ્રવ્યનું (જ) પરિણમન છે. એના પરિણમનમાં બીજાથી કાંઈ (કાર્ય) થયું છે એ વાતમાં કાંઈ માલ નથી. આહા...હા! આવી વાતું છે બાપા! આહા...હા! ઈ અહીંયાં કહે છે જુઓ!

**"દ્રવ્યનો તે ઉત્પાદ, દ્રવ્યની અભિધેયતા વખતે."** અભિધેયતા – કહેવાયોગ્યપણું; વિવક્ષા; કથની (ફૂટનોટમાં છે અર્થ.) અભિધેયતા વખતે **"સદ્ભાવસંબદ્ધ છે."** શું કહે છે? વસ્તુ જે છે – આ આત્મા, પરમાણુ, માટી–જડ–ધૂળ એ દરેકમાં જ્યારે એની પર્યાય થાય છે (ઈ પર્યાય) એની સત્તાથી થઈ, એના દ્રવ્યથી થઈ (દ્રવ્યમાં હતી તે થઈ) ઈ સદ્ભાવસંબદ્ધથી કહ્યું. અને પર્યાય અપેક્ષાએ કહીએ તો એ ટાણે (ઉત્પાદપર્યાય) નહોતી ને થઈ એ અસદ્ભાવ સંબદ્ધ કીધો. પણ (જે) હતી ને થઈ, એને સદ્ભાવસંબદ્ધ છે.

વસ્તુ જે છે આત્મા, આ પરમાણુ (દેહના આદિ) એમાં સત્તા સંબંદ્ધ છે. સત્તાથી થઈ (પર્યાય) તે સત્તાના સંબંધથી થઈ એમ કીધું. 'છે તે થઈ' અને પૂર્વે 'નહોતી ને થઈ' તો પહેલાંને સંબદ્ધ – (સદ્ભાવસંબદ્ધ) અને 'નહોતી ને થઈ' તેને અસદ્ભાવસંબદ્ધ કીધો. પૂર્વે નહોતી ને થઈ ઈ અપેક્ષાએ અસંબદ્ધ કહી છે પૂર્વની (પર્યાયની) હારે સંબંધ નથી. નવી પર્યાય સ્વતંત્ર થાય છે. ઝીણી વાત છે બહુ બાપુ! આહા...હા! આવ્યું ને... (મૂળ પાઠમાં કે) **"દ્રવ્યનો ઉત્પાદ, દ્રવ્યની અભિધેયતા વખતે."** દ્રવ્યનો ઉત્પાદ, દ્રવ્યની મુખ્યતાથી કહેવું હોય તો તે સદ્ભાવસંબદ્ધ છે. 'છે તે પર્યાય થઈ છે' 'છે તે થઈ છે' 'હતી તે આવી છે'. અને પર્યાયની અપેક્ષાએ જોઈએ તો 'ઈ પર્યાય નહોતી ને થઈ છે' (ઉત્પાદ નહોતો ને થયો.) આહા...હા! આવું વાંચન બાપુ! ઝીણી વાતું બહુ બાપુ! **(શ્રોતા:)** 'આ' ને 'આ' બેય (પર્યાય)! **(ઉત્તર:)** હા, બેય છે. 'છે' એમાંથી આવી છે. (ઈ) સદ્ભાવસંબદ્ધ છે. અને પર્યાય નહોતી ને વર્તમાન (ઉત્પાદપણે) થઈ એ અસદ્ભાવસંબદ્ધ છે. બેય અવિરુદ્ધ છે. બેયમાં વિરોધ નથી. આહા...હા...હા!

ॐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પ્રવચન : તા. ૧–૭–૭૯.

'પ્રવચનસાર' ટીકા. (કાલે થોડી ટીકા ચાલી હતી આજે ફરીને.)

ટીકા :– **"આ પ્રમાણે યથોદિત સર્વ પ્રકારે."** એમ કહેવામાં આવ્યું છે **"યથોદિત સર્વ પ્રકારે અકલંક લક્ષણવાળું."** નિર્દોષ જેનું લક્ષણ છે. **"અનાદિનિધન"** આ દ્રવ્ય, દ્રવ્ય. છ જ્ઞેયો છે. જ્ઞેયનો અધિકાર છે ને...! ઈ જ્ઞેય છે – વસ્તુ તો અનાદિ અનંત છે. અનાદિ(નિધન) **"આ દ્રવ્ય સત્–સ્વભાવમાં (અસ્તિત્વસ્વભાવમાં) ઉત્પાદ પામે છે."** આહા...હા! ઈ અસ્તિત્વ સ્વભાવ છે. એમાં ઉત્પાદ પામે છે. સત્ ઉત્પાદ છે. એમ કહીને (કહે છે કે) બીજો સંયોગ આવ્યો, માટે ત્યાં ઉત્પાદ–વિલક્ષણ રીતે, વિપરીત રીતે દેખાય છે એમ નથી. એ દ્રવ્યની અન્વયશકિતઓમાંથી પર્યાય આવી છે. પરદ્રવ્યના સંબંધથી આવી નથી. જરી વિચાર માગે છે ભઈ આ તો! વિચારનો વિષય છે આ. **"આ દ્રવ્ય સત્સ્વભાવમાં (અસ્તિત્વસ્વભાવમાં) ઉત્પાદ પામે છે."** (શું કહે છે?) અસ્તિત્વસ્વભાવમાં ઉત્પાદ પામે છે. ઉત્પાદવ્યય(ધ્રૌવ્ય) એનો સ્વભાવ છે એમાં ઉત્પાદ પામે છે. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"દ્રવ્યનો તે ઉત્પાદ, દ્રવ્યની અભિધેયતા વખતે."** દ્રવ્યના મુખ્ય કથન વખતે, અભિધેયતા છે ને? (તેનો અર્થ ફૂટનોટમાં) કહેવાયોગ્યપણું; વિવક્ષા; કથની. **"સદ્ભાવસંબદ્ધ છે."** આત્મામાં કે પરમાણુમાં જે સમયે અન્વયશકિત જે છે – આત્માની જ્ઞાન, દર્શન, આનંદ (આદિ) અન્વયશકિતઓ, પરમાણુમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ (આદિ) અન્વયશકિતઓ – એમાં સદ્ભાવસંબદ્ધ છે એમાંથી પર્યાયો ઉત્પન્ન થાય છે. દ્રવ્યથી – દષ્ટિએ જોઈએ તો દ્રવ્ય જ કહેવામાં આવે છે એમ કહ્યું ને...! ત્યારે પર્યાયો નહિ. આહા..! **("અને પર્યાયોની અભિધેયતા વખતે અસદ્ભાવસંબદ્ધ છે. તે સ્પષ્ટ સમજાવવામાં આવે છે:–)**

(અહીંયાં કહે છે કે:) **"જયારે દ્રવ્ય જ કહેવામાં આવે છે – પર્યાયો નહિ, ત્યારે ઉત્પત્તિવિનાશ રહિત,"** અંદર, અંદર શક્તિઓ. સત્‌ની. વસ્તુ છે તે સત્ છે એની અન્વય શકિતઓ પણ સત્ છે. **"યુગપદ્ પ્રવર્તતી"** યુગપદ્ (એટલે) સાથે પ્રવર્તતી, **"દ્રવ્યની નિપજાવનારી અન્વયશકિતઓ વડે."** આ ભાષા બધી એવી છે! વસ્તુ છે આત્મા! એના જ્ઞાન–દર્શન–આનંદ (આદિ) અન્વયશકિતઓ (તે) ગુણ છે. કાયમ રહેનારી શકિતઓ ગુણ – (તે) અન્વયશકિતઓ એ **'વડે ઉત્પત્તિવિનાશલક્ષણવાળી'** એ વડે એટલી વાત ત્યાં. હવે **'ઉત્પત્તિવિનાશલક્ષણવાળી', ક્રમે પ્રવર્તતી પર્યાયોની નિપજાવનારી."** અવસ્થાને નિપજાવનારી **તે તે વ્યતિરેક વ્યકિતઓને પામતા દ્રવ્યને સદ્ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે."** આહા...! જે વસ્તુ છે. એમાં અન્વયશકિતઓ એટલે ગુણ છે. એને સંબદ્ધથી જ ત્યાં પર્યાય ઉત્પન્ન થાય છે. દ્રવ્યનું લક્ષ છે તેય એનો અન્વય છે, સત્ છે એનાથી તે ઉત્પન્ન થાય છે. શકિતઓ છે તે ઉત્પન્ન થાય છે. સમજાય છે આમાં?

(કહે છે) વસ્તુ જે છે. એમાં અન્વયશક્તિઓ –ગુણો છે. અનાદિઅનંત વસ્તુ જેમ અનાદિ અનંત છે, એમ (ગુણો) અનાદિ અનંત છે. એ શક્તિઓને અવલંબીને જે વ્યતિરેકપર્યાયો થાય છે. એ નવી થઈ છે એમ નહીં. ઈ છે એમાંથી થઈ માટે તેને સત્–સંબંધ કહેવામાં આવે છે. આહા..! વાણિયાને આવો વિચાર (વાનો) વખત ક્યાં રહ્યો! આહા..હા! **"પર્યાયોની નિપજાવનારી તે તે વ્યતિરેકવ્યક્તિઓને પામતા દ્રવ્યને સદ્ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે."** સદ્ભાવસંબદ્ધનો અર્થ છે (ફૂટનોટમાં) સદ્ભાવસંબદ્ધહયાતી સાથે સંબંધવાળો – સંકળાયેલો. [દ્રવ્યની વિવક્ષા વખતે, દ્રવ્યની જયારે મુખ્યતા (કરીને) કથન કરવામાં આવે ત્યારે અન્વયશક્તિઓને મુખ્ય અને વ્યતિરેકશક્તિઓને ગૌણ, અન્વયશક્તિઓ એટલે આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ શક્તિઓ ત્રિકાળ (છે.)] એની મુખ્યતાથી કથન થાય, તેમાંથી પર્યાય થાય છે, ઈ સત્, સત્ છે તેમાંથી (પર્યાય) થાય છે તેથી સત્થી ઈ પર્યાય ઉત્પન્ન થઈ એમ કહેવામાં આવે છે. **(શ્રોતાઃ)** શું દ્રવ્યમાં પર્યાયનું બંડલ વાળીને (પડીકું) પડયું છે? **(ઉત્તરઃ)** ઈ અન્વયશક્તિ છે એમાંથી આવે છે. આત્મામાં અનંત ગુણો છે એમાંથી જ આવે છે ઈ સદ્ભાવસંબદ્ધ કહેવામાં આવે છે. નવી ઉત્પન્ન થઈ એમ નહીં દ્રવ્યની મુખ્યતાથી. આહા...! આહા...હા! આવું છે. ક્રિયાકાંડ – તેથી બિચારા (તેમાં) ચડી ગયા! તત્ત્વની વાત પડી રહી આખી!

(અહીંયાં ઈ કહેવા માગે છે) કે વસ્તુમાં પર્યાય જે ઉત્પન્ન થાય છે. ઈ અન્વય શક્તિઓના સંબંધથી થાય છે. હતી તે સત્સંબદ્ધથી – સત્સંબદ્ધથી થઈ છે. 'છે એમાંથી થઈ છે' સમજાણું કાંઈ? આહા...હા! એકદમ નવી પર્યાય લાગે (કોઈ) વિલક્ષણપર્યાય લાગે એને કોઈ એમ માને કે આવી વિલક્ષણ પર્યાય કોઈ સંયોગ થયો માટે આવી પર્યાય આવી, તો આંહી કહે છે કે ઈ વાત તારી જૂઠી છે. ઈ અન્વયશક્તિના સંબંધથી આવેલી છે માટે સદ્ભાવસંબદ્ધ કહેવામાં આવે છે. આહા..હા! આવું બધું શીખવું! પાધરું સામાયિક ને પોષા ને પડિક્કમણા કરવા માંડે, થઈ ગયું બિચારાને! મીંડા વળ છે એકલા! (ધર્મના નામે.) આહા..હા! ધરમની ખબર ન મળે! લોકોને બિચારાને!

એક જણ (પાસેથી) તો એવું સાંભળ્યું. નામ નથી આપતો કે આ શરીર છે ઈ આ સોંપવું. મરી ગયા પછી (દાન આપે) ઈ શું તમારે કહેવાય ઈ? મેડિકલ કોલેજ (ને સોંપવું) પણ ભઈ આપણને (તમારા નામ આવડે નહીં.) જીવતું સોંપવું પણ મરી ગયા પછી સોંપવું. તેથી અહીં કામ આવે ચીરવામાં (શિખાઉ દાકતરને). આંખ્યું કાઢીને આપવી. (ચક્ષુદાન કરવું) મરી ગયા પછી. આહા..! આ શું પણ (ગાંડપણ). આ શરીર પર છે. આંખ્યું પર છે. હું આ દઉં છું (દેહદાન–ચક્ષુદાન કરું છું) એ માન્યતા જ મિથ્યાત્વ છે. **(શ્રોતાઃ)** આંખ્યું કાઢી ને આંધળા માણસને **(ઉત્તરઃ)** ચડાવે છે ને... ખબર છે ને! ચડાવે છે જોતા'તા એક ફેરે. ઈ આંખ તો જડ હોય, પણ ઓલાની (આંધળાની)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આંખમાં તેજ હોય ને – અંદર આત્મા. જોડાય જાય અંદર. ઈ દેખાય એમ. અને આ તો કહે શરીર મેડિકલ (કોલેજો ને સોંપી દેવું અને આંખ્યુંય સોંપી દેવી. ઈ જાણે એમાંથી કાંઈ મોટો ધરમ કર્યો (એમ માને.) આહા...હા! અરે...રે શું કરે છે જીવ! ઈ શરીરને અને એને સંબંધ એના દ્રવ્યનો, ઈ શરીરને અને આત્માને સંબંધ શું છે? ઈ શરીર હતું ક્યાં આત્માનું તે આત્મા તેને આપે, કે આ શરીર, મરી ગયા પછી આ શરીર મારું નહીં તેથી (આપી જાઉં છું.) તે તમારે ચીરવું હોય તો ચીરજો ને આમ કરજો ને આમ કરજો. ઈ તો જડનું (પરમાણુનું) હતું. કંઈ આત્માનું હતું નહીં. ઈ આપ્યું – મેં આપ્યું ઈ વાત જ જૂઠી છે. (જૂઠો અભિપ્રાય છે.) **(શ્રોતાઃ)** શુભભાવ તો ખરો ને...! શુભભાવ. **(ઉત્તરઃ)** ઈ શુભભાવ! પાપ મિથ્યાત્વનું. શુભભાવ (માને) એમાં. આહા...હા! આ કાંઈ... આહા..હા...હા...હા!

અહીંયાં તો એમ કહેવા માગે છે. કે તમામ, બાહ્ય સંયોગોમાં, એ વખતે આત્માની પર્યાય, વિલક્ષણ – એકદમ નવી દેખાય. કે મતિજ્ઞાનમાંથી એકદમ શ્રુતકેવળ થાય. આહા...હા...હા! અને મિથ્યાત્વનો નાશ થઈને એકદમ ક્ષાયિક સમકિત થાય. ક્ષયોપશમ થઈને ભલે ક્ષાયિક થાય. આમ ક્ષાયિક! જાણે કે આહા...હા! તો ઈ ચીજ થઈ ઈ પરના સંબંધને લઈને છે એમાં? કે ના. એની અન્વયશકિતઓ જે છે ગુણો એના સંબંધથી થયેલી – સત્‌થી થયેલી છે ઈ (પર્યાયો) આહા...હા! આવું સમજવું પડતું હશે, ધરમ માટે? જેન્તીભાઈ! સમજણ વિના ન થાય કાંઈ ધરમ? આહા...હા!

અહીંયાં તો એમ કહે છે પ્રભુ! કે પરમાણુઓ (છે.) પરમાણુમાં પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અન્વય શકિતઓ છે. કાયમ રહેનારી (અન્વયશકિતઓ–ગુણો) એમાંથી પર્યાય થાય છે તે સત્‌થી થઈ છે. કોઈ સંયોગ આવ્યો માટે એકદમ ધોળીની પીળી થઈ, પીળીની કાળી થઈ એમ નથી. ઈ અવસ્થા(ઓ) અન્વયશકિતના સંબદ્ધથી થયેલી છે. 'છે તે થઈ છે' આહા...! સમજાણું કાંઈ? એમ તારા તત્ત્વની (આત્માની) અંદર, ભગવાન આત્મામાં, જ્ઞાન–દર્શન–અનંત અનંત અનંત અતીન્દ્રિય ગંભીર શકિતઓનો ભંડાર પ્રભુ! એના સંબદ્ધમાંથી થયેલી પર્યાય 'તે છે તે થઈ છે' એમ કહેવામાં આવે છે. છે એમાં જુઓ! (પાઠમાં) **"સદ્‌ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે."** આહા...! સદ્‌ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે. 'છે એ ભાવ તે ઉત્પાદ છે' છે. એમાંથી થયું માટે સદ્‌ભાવ ઉત્પાદ છે.' આહા..હા! મૂળ તત્ત્વની ખબર ન મળે એટલે પર્યાયમાં આમ–એકદમ નવું લાગે. જાણે કાંઈક સંયોગ આવ્યો માટે નવું થયું એ મોટી ભ્રમણા–મિથ્યાત્વ છે એમ કહે છે. પરની હારે કાંઈ સંબંધ છે જ નહીં. એમાંથી સત્–વસ્તુ છે–શકિતઓ છે( અન્વય) એના સંબંધમાંથી આવેલી વસ્તુ છે. માટે સદ્‌ભાવ સંબદ્ધ સત્ છે તે આવી છે. 'હતી તે થઈ છે' આહા...હા! સમજાય છે આમાં? તેથી તો હળવે–હળવે કહેવાય, વાણિયાનો ધંધો બીજો, આ વિચાર બીજો માગે છે. આહા...હા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સત્‌ની પર્યાય, સત્‌ના અન્વયથી થઈ એમ કહેવાય, દ્રવ્યની મુખ્યતાથી. અને ઈ પર્યાય નો'તી ને થઈ એથી અસત્ ઉત્પન્ન થઈ એમ પણ કહેવાય. આહાહા...હા! 'એમાં છે' એમાંથી થઈ, એથી 'છે તે થઈ' એમ કહેવાય. અન્વયશકિતને સંબદ્ધને લઈને. ગુણને લઈને. અને પહેલી નહોતી ને થઈ, પર્યાયદૃષ્ટિથી જુઓ, વસ્તુતઃ નહોતી ને થઈ છે. એનો સંબંધ અન્વય હારે નો રહ્યો. ઈ તો આંહી પર્યાયને જ (માત્ર) જોઈએ તો એ પર્યાય નહોતી અને થઈ એ અસદ્‌ઉત્પાદ, પર્યાય–દૃષ્ટિથી કહેવામાં આવે છે. દ્રવ્યદૃષ્ટિથી અન્વયશક્તિ(ઓ)ના સંબદ્ધમાંથી ઉત્પન્ન થઈ માટે તે 'છતી આવી છે' 'છે તે આવી છે', 'હતી તે આવી છે' 'હતી તે થઈ છે' આહા..હા! **(શ્રોતાઃ)** આમાં કાંઈ સમજાણું નહીં.... **(ઉત્તરઃ)** હેં? કો' આમાં સમજાતું નથી એ... દેવીલાલજી! આહા...હા! વસ્તુ તો વસ્તુ છે. હવે વસ્તુમાં દ્રવ્ય–ગુણ ને પર્યાય ત્રણ છે. પરની હારે કાંઈ સંબંધ નહીં. વસ્તુ છે આત્મા, પરમાણુ–પરમાણુ છે એને એક કોર રાખો, અત્યારે આત્માની (વાત) લઈએ. આત્મા વસ્તુ છે તેમાં ત્રણ પ્રકાર – કે દ્રવ્ય, ગુણ ને પર્યાય (એ ત્રણ પ્રકાર છે.) હવે એ દ્રવ્યની સાથે અન્વયશકિતઓ– ગુણ જે રહેલ છે. અન્વય છે ઈ. (એટલે) સાથે રહેનારા. છેછેછેછેછેછેછેછે. હવે એમાંથી થયેલી પર્યાય – ઈ અન્વયમાંથી થયેલી પર્યાય માટે તે છતીમાંથી થયેલી પર્યાય એમ કહેવામાં આવે છે. 'હતી તે થઈ' 'છે તે થઈ' આહા...! કો' ચેતનજી ભઈ આ પ્રવચનસાર છે! ઘણા વખતે વંચાય છે. ચાર વરસ પહેલાં (વંચાયું હતું.) આહા..હા!

અહીંયાં તો પર્યાય ઉત્પન્ન થાય છે. થાય છે એના બે પ્રકાર. અંતરંગમાં અન્વય(રૂપ) જે શકિતઓ છે. વસ્તુ અન્વય છે અને શકિતઓ (પણ) અન્વય છે. અન્વય એટલે કાયમ રહેનારી. છેછેછેછેછે. ઈ છેછેછે એમાંથી થઈ, એને દ્રવ્યદૃષ્ટિએ કહેવું હોય ત્યારે છે એમાંથી થઈ, હતી એમાંથી થઈ, એથી (સદ્‌ભાવસંબદ્ધ) કહેવામાં આવે છે. કો' આ તો સમજાય છે કે નહીં? પરને લઈને નહીં. પરનો સંયોગ એકદમ આવ્યો ને થઈ (છતાં) પરને લઈને નહીં. દૃષ્ટાંત :– કે જેમ આત્મામાં મતિજ્ઞાન છે અને એકદમ બીજે સમયે કેવળજ્ઞાન થયું, હવે કેવળજ્ઞાન જે થયું એ અન્વયશકિતઓના સંબદ્ધે થયું એટલે છતું તે થયું છે. અંદર–અંદર અન્વયશકિતના સંબદ્ધે થયું માટે છતું તે થયું છે કેવળજ્ઞાન. એ સદ્‌ભાવસંબદ્ધ (છે.) સદ્‌ભાવસંબદ્ધ ઉત્પાદ છે. આહા...હા! હીરાભાઈ નથી? ગયા કયાંય ગયા? (શ્રોતાઃ) રાજકોટ ગયા છે. (ઉત્તરઃ) રાજકોટ? ઠીક!

(અહીંયાં કહે છે કેઃ) **"સુવર્ણની જેમ". તે આ પ્રમાણે : જયારે સુવર્ણ જ કહેવામાં આવે છે."** સોનું જ કહેવામાં આવે છે. **"–બાજુબંધ વગેરે પર્યાયો નહિ".** કુંડળ, કડાં આદિ પર્યાયો નહીં. **"ત્યારે સુવર્ણ જેટલું ટકનારી."** ત્યારે સોના જેટલું ટકનારી **"યુગપદ્ પ્રવર્તતી"** અન્વય(શકિતઓ) હો અંદર. **"સુવર્ણની નિપજાવનારી અન્વયશકિત."** એટલે ગુણ – સોનાના ગુણો – અન્વયશકિતઓ. એ અન્વયશકિતઓ **"વડે, બાજુબંધ વગેરે પર્યાયો જેટલું ટકનારી" ક્રમે પ્રવર્તતી બાજુબંધ વગેરે પર્યાયોની નિપજાવનારી તે તે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વ્યતિરેકવ્યક્તિઓનો પર્યાયોને પામતા સુવર્ણને સદ્ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે.''** સોનામાં હતી તે પર્યાય આવી. આહા...હા! સોનામાં અન્વયશક્તિઓ હતી, 'કાયમ રહેનારી હતી', એમાંથી ઈ બાજુબંધની પર્યાય આવી એમ દ્રવ્યદૃષ્ટિથી – દ્રવ્યની મુખ્યતાથી એને (સદ્ભાવસંબદ્ધ જ ઉત્પાદ) કહેવામાં આવે છે. આહા...હા...હા! કો' સમજાય છે કે નહીં? **(શ્રોતાઃ)** કોઈ 'હા' પાડતું નથી... **(ઉત્તરઃ)** હા પાડે તો.... ઈ કેવી રીતે? પૂછે તો.... (પણ) આ સાદી ભાષા તો છે!

(કહે છે) વસ્તુ છે. આત્મા વસ્તુ છે. અને વસ્તુ છે તો તેમાં વસેલી અન્વયશક્તિઓ છે. જ્ઞાન–દર્શન આદિ. હવે જો અન્વયશક્તિમાંથી કેવળજ્ઞાન થયું. મતિ(જ્ઞાન)માંથી એકદમ કેવળ (જ્ઞાન) થયું. તો કહે છે કેઃ કેવળજ્ઞાનની પર્યાય, ઈ અન્વયશક્તિ (જે) સદ્ભાવસંબદ્ધ છે. તેના સંબદ્ધે થઈ માટે 'છે તે થઈ છે' એમાં 'હતી તે થઈ છે' 'હતીમાંથી આવી છે' 'છતીમાંથી છતી થઈ છે' આહા...હા...હા...હા! સમજાણું કાંઈ...? 'સુવર્ણનો દાખલો દીધો ને...! સુવર્ણમાં એની પીળાશ, ચીકાશ, વજન આદિ અન્વયશક્તિઓ પડી છે. એમાંથી ઈ બાજુબંધ આદિ પર્યાયો થઈ. બાજુબંધ આદિ એટલે કડાં, વીંટી (વગેરે) એ સુવર્ણમાં અન્વયશક્તિઓ છે એમાંથી ઈ પર્યાયો થઈ છે. કોઈ હથોડો, એરણ કે (કારીગરે) ઘડી (એટલે થઈ) એમ નહીં એમ કહે છે. આહા...હા! સમજાણું કાંઈ? અહીંયાં તો હજી દ્રવ્યની મુખ્યતાથી કથન આવે છે. પર્યાયની મુખ્યતાથી આવશે ત્યારે એમ આવશે. ઈ પર્યાય પણ દ્રવ્યની જ છે, દ્રવ્ય જ છે. દ્રવ્ય, પર્યાયરૂપ છે. ઈ પર્યાય છે તે જેમ દ્રવ્ય છે અન્વયશક્તિ(ઓ) થી પ્રાપ્ત થઈ માટે ઈ પણ દ્રવ્ય છે. પર્યાય પણ દ્રવ્ય છે. જેમ દ્રવ્ય છે તે પર્યાય છે તેમ પર્યાય છે તે દ્રવ્ય છે. આહા...હા! વીતરાગ મારગ બહુ ઝીણો બાપુ! તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ વિના, તત્ત્વનો વાસ્તવિક ભાવ અંદર શું છે? એનું જ્ઞાન થયા વિના ક્યાં એને અટકે છે ને ક્યાં છૂટે છે એની એને ખબરું નથી. આહા....હા!

અહીંયાં કહે છે કે આત્મામાં જે સદ્ભાવસંબદ્ધ છે, અન્વયશક્તિઓ વડે – છે અંદર? સુવર્ણની અન્વયશક્તિ(ઓ) જે પીળાશ, ચીકાશ આદિ, એમાંથી બાજુબંધ વગેરે – કડાં – કુંડળ પર્યાયો જેટલું ટકનારી – પર્યાય જેટલું, ક્રમે પ્રવર્તતી **''બાજુબંધ વગેરે પર્યાયોની નિપજાવનારી તે તે વ્યતિરેક.''** વ્યતિરેક એટલે જુદી જુદી પર્યાયોને **''વ્યક્તિઓને''** જુદી જુદી પર્યાયોને **''પામતા સુવર્ણને સદ્ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે.''** 'છે એવું ઉત્પન્ન થયું છે' એવો–એવો સંબંધ છે. કો'દેવીલાલજી! ચીમનભાઈ! સમજાણું કે નહિ આમાં? **(શ્રોતાઃ)** પ્રાપ્તની પ્રાપ્તિ છે.... **(ઉત્તરઃ)** છે એમાંથી આવે છે. 'છે' (એમાંથી આવે છે) ઈ અહીંયાં અત્યારે (વાત કહેવી છે) પછી બીજી (વાત) કહેશે. આહા....! ઈ દ્રવ્યનું સ્વરૂપ જ ઈ છે. એને તું બીજી–બીજી ચીજ કહી દે કે આ અમુક પર્યાય આવી એકદમ, માટે કોઈ બીજાને લઈને ને બીજી ચીજ છે, બીજું દ્રવ્ય છે એમ નહીં. આહા...હા! **(શ્રોતાઃ)** બીજાને લઈને થઈ નથી, એ વાત જ બરાબર છે....! **(ઉત્તરઃ)** ઈ સાટુ તો કહેવું છે અહીંયાં....! 'કે એકદમ'! (પર્યાયો બદલે છે.) સોનામાં અન્વયશક્તિઓ છે – પીળાશ, ચીકાશ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વજન (આદિ) છે. તેમાંથી કડાંની, કુંડળની પર્યાયો થઈ, તે કડાંની–કુંડળની પર્યાય હથોડાથી ને એરણથી ને સોનીથી (કદી થાય) નહીં, ઈ એમ નથી કીધું: (એનાથી તે પર્યાયો થઈ નથી) પણ અહીંયાં તો આનાથી (સોનાથી) આ આમ થઈ છે એ અસ્તિ સિદ્ધ કરવું છે. આહા...હા! વાણિયાને વખત મળે નહીં. અને વખત મળે તો આ સંસારમાં....! આહા...! પુસ્તકો આપે છે (પણ) પુસ્તકો વાંચતા નથી માળા... કે આ શું કહે છે? વાંચ તો ખરો! ઈ વાંચે તો અર્ધો કલાક વાંચેને... કહે કે...! અહીંયાં આવે છે કેટલી'ક બાઈયું! ઈ પુસ્તક પડયું હોય ઈ લઈ, બે મિનિટ વાંચી ને એક સૂત્ર વાંચે! ઈ વાંચ્યું કહેવાય! આહા...હા...હા!

અરે! બાપુ મારગ જુદા ભાઈ! અહીંયાં તો દ્રવ્યની પર્યાયના બે પ્રકાર પાડવા છે. એક તો સત્‌સંબંધે પ્રગટી છે માટે સત્ હતી તે થઈ. એક વાત કીધી. (બીજી વાત હવે.)

(અહીંયાં કહે છે કે:) **"અને જયારે પર્યાયો જ કહેવામાં આવે છે."** અને જયારે (પર્યાયો) જ કહ્યું. ઓલામાં શું હતું? **"જયારે દ્રવ્ય જ કહેવામાં આવે છે."** એમ હતું. પેરેગ્રાફનો પહેલો શબ્દ! આહા..હા! બીજા પેરેગ્રાફનો પહેલો શબ્દ (વાકય છે.) **"જયારે દ્રવ્ય જ કહેવામાં આવે છે – પર્યાયો નહિ."** અને અહીંયાં (કહ્યું છે) **"જયારે પર્યાયો જ કહેવામાં આવે છે – દ્રવ્ય નહિ."** આહા...! **"ત્યારે ઉત્પત્તિ–વિનાશ જેમનું લક્ષણ છે** પર્યાયનું **(લક્ષણ ઉત્પત્તિવિનાશ છે.) "એવી, ક્રમે પ્રવર્તતી."** ક્રમે–ક્રમે પ્રવર્તે છે આ ક્રમે પ્રવર્તતી, ક્રમબદ્ધ આવી ગયું કે નહીં? (આવ્યું.) આહા...હા! અરે! ભાઈ, આવો વખત કયારે મળે! માંડ માણસ (થયો) નીકળવાનો વખત આવે, એ વખતે બફમમાં બફમ કાઢી નાખે! અરે ઈ પાછો નિગોદમાં જાય, મિથ્યાત્વના જોરે! આહા...હા..હા! કુંદકુંદાચાર્ય તો એમ કહે : એક વસ્ત્રનો ટુકડો રાખીને મુનિપણું માનશે, મનાવશે આહા...હા! પ્રભુ! એણે નવે તત્ત્વનો વિરોધ કર્યો છે. ઈ નિગોદમાં જાશે. આહા...! ઈ, ઈ શું કહેવાય? **(શ્રોતા:)** કાકડીના ચોર ને... **(ઉત્તર:)** કાકડીના ચોરને દ્યો ફાંસો! એમ હશે? એમ નથી ભાઈ! એણે તત્ત્વનો પૂરો – પૂરો વિરોધ કર્યો છે. તત્ત્વનો પૂરો વિરોધ કર્યો છે. આહા...હા! એક પણ વસ્ત્રનો ટુકડો રાખીને (પોતાને) મુનિ માને, મનાવે, માનતાને ગુરુ જાણે નિગોદમાંથી કીધો છે બાપા! કેમકે ઈ રાગનો ટુકડો – (વસ્ત્ર) નો ટુકડો રાખ્યો છે માટે રાગ છે, તીવ્ર રાગ છે ત્યાં મુનિપણું હોય નહીં. વસ્ત્ર રાખવાનો ભાવ છે ત્યાં તીવ્ર રાગ છે, તેને મુનિપણું હોય નહિ. ત્યાં મુનિપણું નથી ને મુનિપણું મનાવે છે. આહા..હા! સાધુને કુસાધુ માને કુસાધુને સાધુ માને – પચીસ મિથ્યાત્વ કહેવામાં આવ્યા છે ને...! વિચાર કયાં છે? પોતાના સંપ્રદાયમાં માનેલો સાધુ! અરે! જે નારાયણ 'આહારદાન'.

(અહીંયાં કહે છે કે:) **"અને જયારે પર્યાયો જ કહેવામાં આવે છે – દ્રવ્ય નહિ, ત્યારે ઉત્પત્તિવિનાશ જેમનું લક્ષણ છે."** પર્યાયોનું **"એવી ક્રમે પ્રવર્તતી."** ક્રમે પ્રવર્તનારી પર્યાયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(ઈ) **"પર્યાયોની નિપજાવનારી તે તે વ્યતિરેકવ્યક્તિઓ** પર્યાયોની નિપજાવનારી જુદી જુદી – વ્યતિરેક વ્યક્તિઓ "વડે" વ્યતિરેક જુદી–જુદી વ્યક્તિઓ "વડે" **"ઉત્પત્તિવિનાશ રહિત"** અન્વય(શક્તિઓ) **"યુગપદ્ પ્રવર્તતી દ્રવ્યની નિપજાવનારી અન્વયશક્તિઓને પામતા દ્રવ્યને અસદ્ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે."** જે અન્વયશક્તિઓવાળું દ્રવ્ય છે. પર્યાયની દૃષ્ટિએ જોતાં ઈ અસદ્ભાવસંબદ્ધ છે. 'નહોતી ને થઈ છે.' અન્વયશક્તિના સંબદ્ધ વિના 'નહોતી ને થઈ છે' આહા..હા! સમજાય છે?

(કહે છે) **"દ્રવ્યની નિપજાવનારી અન્વયશક્તિઓને પામતા દ્રવ્યને અસદ્ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે"** 'જે નહોતી ને થઈ છે' પર્યાયદૃષ્ટિએ પર્યાય નહોતી ને પર્યાય ઉત્પન્ન થઈ, છતાં તે પર્યાય દ્રવ્ય છે. એ પર્યાય દ્રવ્યથી જુદી છે એમ નહિ. પર્યાય જુદી–જુદી ભિન્ન ભિન્ન થઈ છતાં તે દ્રવ્યથી થઈ ને તે દ્રવ્ય છે. આહા...હા! ન્યાં પર્યાય ભિન્ન ભિન્ન છે માટે બીજું દ્રવ્ય છે અને બીજા દ્રવ્યને કારણે ભિન્ન ભિન્ન થઈ છે (એમ નથી). સમજાણું કાંઈ? પહેલાં તો સદ્ભાવસંબદ્ધ કીધો! (એટલે) 'છે એમાંથી થઈ' પણ 'નથીમાંથી થઈ' માટે કો'કના સંબંધે થઈ એમ' નથી. ઈ તો પર્યાયદૃષ્ટિએ જોતાં મુખ્યપણે જ્યારે જોઈએ કે જે અન્વયમાં જે હતું તે આવ્યું એમ ન જોતાં ('જે નથી તે થઈ' એમ પર્યાયથી જોતાં અસદ્ભાવસંબદ્ધ કહેવામાં આવ્યો છે).

(કહે છે કે:) તત્ત્વનું જે સ્વરૂપ (છે) એથી (કોઈ) ઓછું, અધિક કે વિપરીત માન્યતા કરે તો ઈ મિથ્યાત્વને પામે છે. તેથી મિથ્યાત્વ, સત્યને અસત્ય(પણે) સ્થાપે છે. એથી મિથ્યાત્વના ફળ માં – અસત્યના (ફળમાં) ચોરાશીના અવતાર છે. આહા...હા! અને સત્યના ફળમાં કેવળજ્ઞાન ને મોક્ષ છે! આહા...હા! એટલે કે: જે અંદર શક્તિ હતી એને સંબદ્ધે પર્યાય થઈ માટે સદ્ભાવસંબદ્ધ – 'છે તે થઈ' એ પણ સત્. અને 'નહોતી ને થઈ, એકદમ નહોતી ને થઈ' માટે તે પરદ્રવ્યથી થઈ એમ નથી. એ (અસદ્ભાવસંબદ્ધ પર્યાય) પણ અન્વયના સંબદ્ધમાં રહીને અનેરી (અનેરી) પર્યાય થઈ છે. આહા...હા! સમજાણું કાંઈ? એ નવી થઈ (માટે) અન્વયનો સંબંધ છૂટી ગયો છે એમ નથી. ફક્ત 'નહોતી ને થઈ' ઈ અપેક્ષાએ એ પર્યાયને અસદ્સંબંધ કહેવામાં આવે છે. આહા...હા! છે? (પાઠમાં) **"સુવર્ણની જેમ જ." તે આ પ્રમાણે : જ્યારે બાજુબંધ વગેરે પર્યાયો."** કડાં–કુંડળ વગેરે પર્યાયો **"જ કહેવામાં આવે છે સુવર્ણ નહિ."** પર્યાયને કહેવામાં આવે સોનાને નહિ. ' **'ત્યારે બાજુબંધ વગેરે પર્યાયો જેટલું. "** એ કુંડળ–કડાં જેટલો કાળ રહે તેટલું **"ટકનારી"** તેટલું ટકનારી **"ક્રમે પ્રવર્તતી"** એક પછી એક થતી – ક્રમબદ્ધપણે એક પછી એક થતી (એટલે ક્રમે) **"પ્રવર્તતી બાજુબંધ વગેરે પર્યાયોની નિપજાવનારી તે તે વ્યતિરેક– વ્યક્તિઓ."** ભિન્ન ભિન્ન પ્રગટતાઓ **"વડે સુવર્ણ જેટલું ટકનારી."** આહા...હા! **"યુગપદ્ પ્રવર્તતી, સુવર્ણની નિપજાવનારી અન્વયશક્તિઓને પામતા સુવર્ણને અસદ્ભાવયુક્ત જ ઉત્પાદ**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**છે.''** આહા...હા..હા! જોયું? અસદ્‌ભાવયુકત ઉત્પાદ (કહ્યો) પણ અન્વયશકિતઓની સાથે સંબદ્ધ તો છે જ. અધ્ધરથી નથી. સમજાણું કાંઈ? પણ પર્યાયદષ્ટિની મુખ્યતાએ જોતાં 'નહોતી ને થઈ' એમ કહેવામાં આવે છે. આહા..! પણ થઈ છે ઈ તો અન્વયસંબદ્ધે તો છે જ. પર્યાય દ્રવ્યની જ છે. ઈ દ્રવ્યના સંબદ્ધે જ થઈ છે. ઈ પર્યાય દ્રવ્યની છે ને પર્યાય દ્રવ્ય છે. ઈ દ્રવ્ય છે ઈ પોતે પર્યાય છે. આહા...હા...હા! આવી વાતું છે! આ તો એકસો ને અગિયાર ગાથા!! **''અસદ્‌ભાવયુકત જ ઉત્પાદ છે.''** જોયું ને? જોર તો ત્યાં છે.

(કહે છે) 'ઈ નહોતી ને થઈ' એ પણ બરાબર છે અને 'હતી ને થઈ' એ પણ બરાબર છે. આહા...હા! અન્વયશકિતઓ હતી તે પરિણમી છે. અને પહેલી નહોતી ને પરિણમી છે માટે અસદ્‌ઉત્પાદ કહેવામાં આવે છે. છતાં ઈ પર્યાયને પણ અન્વયશકિતઓ સાથે સંબંધ તો છે. સંબદ્ધ છૂટીને અધ્ધરથી થઈ છે એમ નહીં. આહા...હા! સમજાણું કાંઈ?

(કહે છે કે:) સમજાય એટલું સમજવું બાપુ! આ તો વીતરાગનો મારગ! મહા ગંભીર છે! ત્રણ લોકના નાથ! આહા...હા! એક દ્રવ્યમાં અનંતી શકિતઓ છે બાપુ! એક દ્રવ્ય ભલે અંગૂલના અસંખ્યમાં ભાગમાં પરમાણુ રહ્યું પણ એની શકિતઓ અનંત....અનંત....અનંત...અનંત... એ શું છે? અને એ શકિત જે અન્વય છે તેની શકિતઓમાંથી જે પર્યાયો થઈ 'જે હતી તે થઈ' એ અપેક્ષાએ એને સદ્‌ભાવ સંબંધ છે. અને એની પર્યાયની મુખ્યતાથી જ્યારે કહેવું હોય ત્યારે પહેલી નહોતી ને થઈ' એ અસદ્‌સંબંધ એમ' કહેવામાં આવે છે. છતાં 'નહોતી ને થઈ' એમ કહેવામાં આવે છે તે અન્વયના સંબંધમાં તો છે જ તે. પણ મુખ્યપણે 'નહોતી ને થઈ' એમ કહેવામાં આવે છે. આહા...હા! આવું ધરમ કરવામાં શું કામ હશે એનું? કહે છે ધરમ (તે શું છે) ધરમની પર્યાય જે છે. આહા...! ધરમની પર્યાય જે છે. ઈ શું છે? એ કયાંથી આવી? કોઈ રાગની ક્રિયા કરી–દયા–દાનની એમાંથી આવી? એમાં હતી? દયા–દાન–વ્રત–ભકિતના પરિણામ કર્યાં એમાંથી (ધરમની) પર્યાય આવી? એમાં (આ શાંતિની) પર્યાય છે? અન્વયમાં છે. અન્વયમાં શકિતરૂપ છે, માટે આવે છે. આહા...હા! અને 'નહોતી ને આવી' (એમ અસદ્‌પર્યાય) કહેવાય છે પર્યાયની મુખ્યતાથી પણ એને સંબધ તો અન્વય (શકિતઓ) નો છે જ. ગૌણપણે. ઈ 'નહોતી ને થઈ' એ અપેક્ષાએ અસદ્‌પર્યાય (કહેવાય છે.) પણ 'નહોતી ને થઈ' માટે કોઈ સંયોગ આવ્યા, માટે નહોતી ને થઈ એકદમ – એમ નથી. આહા...હા! સત્‌નો સંબંધ ને સત્‌નો અસંબંધ – એમાં ને એમાં સમાઈ જાય છે. સમજાણું કાંઈ?

**[હવે, પર્યાયોની અભિધેયતા વખતે પણ, અસત્–ઉત્પાદમાં પર્યાયોની નિપજાવનારી તે તે વ્યતિરેકવ્યકિતઓ યુગપદ્‌પ્રવૃત્તિ પામીને અન્વયશકિતપણાને પામતી થકી પર્યાયોને કરે છે (–પર્યાયોની વિવક્ષા વખતે પણ, વ્યતિરેકવ્યકિતઓ અન્વયશકિતરૂપ બનતી થકી પર્યાયોને દ્રવ્યરૂપ કરે છે.)]**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અહીંયાં કહે છે કે:) **"જેમ બાજુબંધ વગેરે પર્યાયોની નિપજાવનારી તે તે વ્યતિરેકવ્યકિતઓ યુગપદ્‌પ્રવૃત્તિ પામીને અન્વયશકિતપણાને પામતી થકી બાજુબંધ વગેરે પર્યાયોને સુવર્ણ કરે છે." તેમ. દ્રવ્યની અભિધેયતા વખતે પણ, સત્‌–ઉત્પાદમાં દ્રવ્યની નિપજાવનારી અન્વયશકિતઓ ક્રમપ્રવૃત્તિ પામીને તે તે વ્યતિરેકપણાને પામતી થકી દ્રવ્યને પર્યાયો (–પર્યાયોરૂપ) કરે છે."** દ્રવ્યને પર્યાયોરૂપ કરે છે. થોડું વાંચવું જોઈએ, વિચારવું જોઈએ. એમને એમ અધ્ધરથી હાલે એમ નહીં હાલે! આહા...હા! આ એમને એમ અનાદિ–અજ્ઞાન તો હાલ્યું છે! આહા....હા! વસ્તુની સ્થિતિ જે છે એમાંથી કંઈપણ ઓછું, અધિક, વિપરીત (માને.) પરના સંબંધે (કાર્ય) થાય. એ જો કંઈ થઈ જાય તો ઈ વિપરીતદષ્ટિ છે ઈ. આહા...હા! (પર્યાય) 'નહોતી ને થઈ' માટે પરના લક્ષે ને પરના સંબંધે થઈ – એકદમ કેવળ (જ્ઞાન) થાય, એકદમ ક્ષાયિક સમકિત થાય, એકદમ મતિ–શ્રુતજ્ઞાન, ઝળહળ જ્યોતિ પ્રભુ! ચૈતન્ય પ્રગટે, એ સંબદ્ધ નહોતો ને પહેલો થયો, એ તો પર્યાયની મુખ્યતાથી કહેવામાં આવે છે. બાકી એની પર્યાયની સાથે, અન્વયની સાથે સંબદ્ધ ગૌણ–પણે છે. આહા...હા! અને જ્યારે અન્વયના સંબદ્ધથી જ્યારે સદ્‌સંબદ્ધપર્યાય થઈ જ્યારે એમ કહીએ તો અન્વય છે એમાંથી જ એ આવી છે. એને સદ્‌સંબદ્ધ પર્યાય (અહીંયાં) કહેવામાં આવે છે. અહા..હા...હા! હવે આવી વાતું! એના ચોપડામાં આવે નહીં, દુકાનમાં (આવે નહીં.) અપાસરે જાય તો ય સાંભળવા મળે નહીં. દેરાસર જાય તો ય સાંભળે નહીં. આહા...! આવી વાતું છે બાપુ! ઝીણી બહુ ભાઈ! શું થાય?

દીપચંદજી કહી ગયા છે. (તેમણે) એક 'અધ્યાત્મપંચસંગ્રહ' શાસ્ત્ર બનાવ્યું છે. એમાં કહી ગયા છે કે હું જોઉં છું તો આગમ પ્રમાણે શ્રદ્ધા કોઈની દેખાતી નથી. કારણ કે એને આગમ શું કહે છે એની એને ખબરું નથી. મોઢે કહીએ તો સાંભળતા નથી. પણ ઈ તો એકાંત છે –એકાંત છે એમ એકાંત કહીને (તત્ત્વની વાતને) ઉડાડી દે. (તેથી) આ લખી જાઉં છું એમ કહીને આમાં લખ્યું છે. 'પંચસંગ્રહ છે' અધ્યાત્મનું (શાસ્ત્ર) એમાં લખી ગયા છે. લખી જાઉં છું બાપુ! મારગડા કોઈ જુદા છે! આહા...હા! સમ્યગ્દર્શનની પર્યાય, એ અન્વય અંદર દર્શન–શ્રદ્ધાગુણ છે એના સંબદ્ધ 'છે એમાંથી આવી છે' એ દ્રવ્યદષ્ટિને મુખ્ય કરતાં એમ કહેવાય. (અને) પર્યાયને મુખ્ય કરીને (કહીએ તો પણ) અન્વય ને ગુણ તો રાખવા જ તે – અભાવ છે એમ બિલકુલ નહીં. એ પર્યાયની મુખ્યતાથી (કહીએ ત્યારે) મિથ્યાત્વ ગયું, સમકિત થયું ઈ પર્યાય અસદ્‌ થઈ 'નહોતી ને થઈ' (સમકિતની પર્યાય) એમ કહેવામાં આવે છે. આહા...હા...હા! અને એમેય કહેવામાં આવે છે કે મિથ્યાત્વ છે એ ઉપાદાન છે. અને સમકિત છે તે ઉપાદેય છે. એટલે કે : મિથ્યાત્વ છે તેનો ક્ષય થાય છે ત્યારે સમકિતની પર્યાયની ઉત્પત્તિ થાય છે એમ એનો (ઉપાદાન–ઉપાદેય) નો અર્થ છે. આહા...હા! આકરી વાતું બહુ બાપુ! લોકોને કંઈ કાને પડી નથી! એમને એમ આંધળે આંધળા, જગત ચાલ્યું જાય છે. તત્ત્વ જે છે અંદર આત્મા! અનંત–અનંત ગુણનો ગંભીર સાગર! એની પર્યાય જે થાય – અવસ્થા તે અવસ્થા છતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે. 'છે તે થાય છે' 'છતી થાય છે' આહા...! એ દ્રવ્યતાની મુખ્યતાથી કહીએ ત્યારે એમ છે. પર્યાયની મુખ્યતાથી કહીએ ત્યારે અછતી થાય છે 'નહોતી ને થઈ' છતાં ગૌણપણે અન્વયનો સંબંધ તો છે એને. અધ્ધરથી આમ ને આમ થઈ છે (એમ છે નહીં.) સમજાણું કાંઈ? આહા...હા! આવી વાતું છે હવે! થયું ને? (સ્પષ્ટીકરણ) **"દ્રવ્યને પર્યાયો (–પર્યાયોરૂપ) કરે છે."**

(અહીંયાં કહે છે કે:) **"જેમ સુવર્ણની નિપજાવનારી અન્વયશકિતઓ ક્રમપ્રવૃત્તિ પામીને તે તે વ્યતિરેકવ્યકિતપણાને પામતી થકી સુવર્ણને બાજુબંધ આદિ પર્યાયમાત્ર (–પર્યાયમાત્રરૂપ) કરે છે તેમ."** આહા..હા! ઈ પર્યાય સુવર્ણને કરે છે ને સુવર્ણ પર્યાયને કરે છે. આહા...હા...હા...હા! એ સુવર્ણની પર્યાય જે છે, તેથી સુવર્ણની સિદ્ધિ થાય છે કહે છે. અને સુવર્ણની સિદ્ધિ છે તેનાથી પર્યાયની સિદ્ધિ થાય છે. આહા...હા! કોઈ પરદ્રવ્ય છે માટે (સુવર્ણના) પર્યાયની સિદ્ધિ થાય છે – પર્યાયની સિદ્ધિ થાય છે નવી એકદમ (બાજુબંધમાં વીંટી, વીંટીમાંથી કડાં) એથી પરદ્રવ્યનો સંબંધ છે તેથી થાય છે એમ નથી. દેવીલાલજી! આહા...હા! **(શ્રોતાઃ)** ભગવાનના સમવસરણમાં આવતા આંધળા ય દેખતા થઈ જાય? **(ઉત્તરઃ)** અહા...હા! મિથ્યાદષ્ટિ પડયા છે ન્યાં. અનંતવાર સમોસરણમાં ગયો છે. અનંતવાર સાંભળ્યું છે. પણ અંદર પર્યાય છતી, છતાં દ્રવ્યમાં છતી પડી છે – શકિતઓ ને શકિતવાન પર દષ્ટિ ન ગઈ. આહા..હા! શકિતવાન ને શકિતવાળો ને શકિત છે અનંત – અનંતગુણનો સાગર ગંભીર પ્રભુ! એ પર દષ્ટિ ન ગઈ – ભગવાનના સમોસરણમાં (ભગવાનને) અનંતવાર સાંભળ્યા. ભગવાનની આરતી અનંતવાર ઉતારી. આહા..હા! મણિરતનના દીવા! હીરાના થાળ! કલ્પવૃક્ષના ફૂલ – લઈ ભગવાનની આરતી ઉતારી એમાં શું વળ્યું અનંતવાર ઉતારી ઈ તો રાગ છે! આહા...! એ કંઈ ધરમ નથી. આહા...હા...હા!

અહીંયાં તો કહે છે કે પર્યાયની ઉત્પત્તિ ભલે રાગની થઈ. તો પણ અંદર શકિતની યોગ્યતા તો હતી, એ યોગ્યતા વિના થતી નથી. પરને લઈને થઈ નથી એમ સિદ્ધ કરવું છે. આહા...વાહ! આહા...હા! **"માટે દ્રવ્યાર્થિક કથનથી સત્–ઉત્પાદ છે;** શું કીધું? 'દ્રવ્યાર્થિક' શું સાંભળ્યું ન હોય કેટલાકે તો. વાણિયામાં જનમ થયો ને જન્મીને...! 'દ્રવ્યાર્થિક' એટલે શું? (તેની ખબર ન મળે!) દ્રવ્યાર્થિક એટલે જે વસ્તુ છે – દ્રવ્ય છે. એના – દ્રવ્યના પ્રયોજનવાળી જે દષ્ટિ છે એ દ્રવ્યાર્થિક દષ્ટિ કહેવાય છે. આહા...હા! આંધળે–આંધળું હાલ્યું! આ બાજુ દેખનાર ને (એક) આંધળો હતો. આવે છે (પદમાં) 'અંધોઅંધ પલાય' આંધળો છું કે દેખનાર વિચારેય કરતો નથી. કે શું પણ. સમ્યગ્દર્શન શું છે? અને ધરમની શરૂઆત થાય ત્યારે શું થાય? અને કેમ થાય? આહા...હા! તેની શરૂઆત થવા દ્રવ્યમાં છતી શકિત પડી છે. એથી તેને દ્રવ્યની દષ્ટિ થતાં તેને સમકિત થાય છે. સમજાણું કાંઈ? આહા...હા! દ્રવ્યમાં શ્રદ્ધા નામની શકિત તો અનાદિ અન્વય પડી છે. અને એ શકિતનો ધરનાર ભગવાન (આત્મા) એ પણ અન્વયસ્વભાવ છે. આહા...હા! પણ એના ઉપર દષ્ટિ દીધી નહીં જેમાંથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય આવે છે – થાય છે તેના ઉપર દષ્ટિ આપી નહીં. આમ–આમ દષ્ટિને–ભગવાનને સાંભળી ને થાશે ને...! આહા...હા! અને નવી પર્યાય થઈ, એને તો મુખ્યપણે પર્યાય 'નહોતી ને થઈ' એમ કહ્યું. ગૌણપણે તો એનેય અન્વયનો સંબંધ છે. સમજાય છે કાંઈ...? આહા...હા! શું શૈલી!! ગજબ શૈલી છે!!!

(કહે છે સદ્‌ગુરુ કે:) તને જો ધર્મની પર્યાય પ્રગટ કરવાની હોય. તો ઈ પ્રગટ થવાની તે કયાંથી (થશે) કંઈ અધ્ધરથી તે થશે? અધ્ધરથી થશે. આકાશમાં ફૂલ (ઊગતા) નથી, તે ફૂલ થઈ જશે અધ્ધર! ઈ છે અંદર બાપુ! આહા...! અન્વય નામ કાયમ રહેનારું દ્રવ્ય છે. તેમાં અન્વય–કાયમ રહેનારા ગુણો–શકિતઓ છે. આહા...હા...હા! છે'... એની પ્રતીતિ કરતાં પર્યાય થાય છે. છે' આખું–દ્રવ્ય આખું, તેની પ્રતીતિ–તેનું જ્ઞાન કરતાં તે પર્યાય નિર્મળ થાય છે. આહા..હા! અને તેને પર્યાયથી જુઓ કે 'નો'તી ને થઈ' તો પણ તે અન્વય ત્રિકાળ છે એનો ગૌણપણે સંબદ્ધ તો છે જ. એમાંથી સમકિતદર્શન થાય છે. આહા...હા! કો' પ્રવિણભાઈ! આમાં કયાં! લોઢાના વેપારમાં આવું સાંભળ્યું છે કેદી' કોઈએ? આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"માટે દ્રવ્યાર્થિક કથનથી સત્‌–ઉત્પાદ છે"** એટલે છે'.... એમાંથી આવે છે. (અને) **"પર્યાયાર્થિક કથનથી અસત્‌–ઉત્પાદ છે" તે વાત અનવદ્ય (નિર્દોષ, અબાધ્ય) છે."** એ બેય રીતે નિર્દોષ ને અબાધ્ય છે. આહા..હા! છે? (પાઠમાં) હવે એમાં પંડિતજીએ સહેલું કરી નાખ્યું છે. સાદી ભાષામાં. (ભાવાર્થ.) **"જે પહેલાં હયાત હોય તેની જ ઉત્પત્તિને સત્‌–ઉત્પાદ કહે છે."** આ સાદી ભાષા કરી નાખી. જે.... પહેલાં... હયાત...સત્તા 'છતી ચીજ હોય' તેની જ ઉત્પત્તિને સત્‌–ઉત્પાદ કહે છે. **"અને જે પહેલાં હયાત ન હોય તેની ઉત્પત્તિને અસત્‌–ઉત્પાદ કહે છે." "જયારે પર્યાયોને ગૌણ કરીને"** ગૌણ કરીને હોં? **દ્રવ્યનું મુખ્યપણે કથન કરવામાં આવે છે, ત્યારે તો જે હયાત હતું તે જ ઉત્પન્ન થાય (છે)"** હયાત હતું તે ઉત્પન્ન થાય. **"કારણ કે દ્રવ્ય તો ત્રણે કાળ હયાત છે." તેથી દ્રવ્યાર્થિક નયથી** દ્રવ્યાર્થિકનય એટલે વસ્તુના પ્રયોજનની દષ્ટિએ કહીએ તો **"દ્રવ્યને સત્‌–ઉત્પાદ છે.** દ્રવ્યને સત્‌ઉત્પાદ છે એટલે 'છે' તે ઉત્પન્ન થાય છે. એ દ્રવ્યમાં છે તે પર્યાયમાં આવે છે. આહા..હા! ભાષા તો સમજાય એવી છે પણ હવે એને (રુચિથી સાંભળવું જોઈએ) કોઈ દી' સાંભળ્યું નો' હોય ને... નમો અરિહંતાણં.....નમો અરિહંતાણં..... નમો અરિહંતાણં.... મિચ્છામિ પડિકકમાણિ ઈરિયા–વિહિયા... તસ્સ ઉત્તરી મિચ્છામિ... કરીને જાવ થઈ ગઈ સામાયિક! આહા...હા! પ્રભુ! વીતરાગનો મારગ! અને તું જ મોટો પ્રભુ છો! પ્રભુ! આહા...! હા! તારી મોટપનો પાર નથી નાથ!! તારામાં એટલા ગુણો!! એટલા ગુણો ભર્યાં છે!!! કે એનો જો સંબંધ કર, તો પર્યાય અંદરમાંથી ઉત્પન્ન થયા વિના રહે નહીં. એને સત્‌–ઉત્પાદ કહે છે. આહા...હા...હા! મુખ્યપણે. અને ગૌણપણે (આ અને) પર્યાયને મુખ્યપણે કહીએ જે નહોતી ને થઈ ત્યારે તેને (આ) પર્યાયને અન્વય સાથે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગૌણપણે. (તે પર્યાયને અસત્–ઉત્પાદ કીધો.) સમજાય છે કાંઈ? આહા...હા...હા! આવો કલાક જાય હવે એમાં ઘરે કોઈ પૂછે કે શું તમે સાંભળ્યું? આહા....હા...હા **(શ્રોતાઃ)** એટલે તો અમે ઘેરે ચોપડી ઉઘાડતા નથી...! **(ઉત્તરઃ)** ઉઘાડતા નથી! (મુકત....હાસ્ય) અહહાહા! આહા...હા!

પ્રવચનસાર!! ભગવાનની દિવ્યધ્વનિનો પોકાર છે. ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ! અવાજ....ૐકારધ્વનિ સૂની, અર્થ ગણધર વિચારૈ. ભગવાનને ૐકાર નીકળે, આવી વાણી ન હોય એની, કારણ કે અભેદસ્પર્શી થઈ ગઈ, કેવળજ્ઞાન પૂરણ!! એને વાણી અભેદ નિરક્ષરીવાણી હોય છે. ૐકાર ધ્વનિ સૂની અર્થ ગણધર વિચારૈ. રચી આગમ ઉપદેશ – એ વાણીમાંથી (ગણધર) આગમ રચે અને ઉપદેશે. (સાંભળીને) 'સંશય ભવી જીવ નિવારૈ.' જે પાત્ર જીવ હોય ઈ સંશયને નિવારે. આહા...હા...હા! બનારસીદાસના વચન છે. બનારસીદાસનું છે. 'બનારસી વિલાસ' છે ને...? આહા...હા!

(અહીંયાં કહે છે કેઃ) **"ત્યારે તો જે હયાત હતું તે જ ઉત્પન્ન થાય છે. (કારણ કે દ્રવ્ય તો ત્રણે કાળે હયાત છે); તેથી દ્રવ્યાર્થિક નયથી તો દ્રવ્યને સત્–ઉત્પાદ છે."** આહા...હા! (હવે અસત્–ઉત્પાદ કહે છે.)

**"અને જયારે દ્રવ્યને ગૌણ કરીને પર્યાયોનું મુખ્યપણે કથન કરવામાં આવે છે, ત્યારે જે હયાત નહોતું તે ઉત્પન્ન થાય છે."** આહા..હા! (અસત્) પર્યાયની (વાત છે.) હયાત નહોતું તે ઉત્પન્ન થાય છે. (એટલે) પર્યાય પહેલી ઈ નહોતી. અન્વયપણે ગુણ (ત્રિકાળ) છે. **"કારણ કે વર્તમાન પર્યાય ભૂતકાળે હયાત નહોતો."** વર્તમાન પર્યાય ગયાકાળમાં–ભૂતકાળમાં નહોતી. **"તેથી પર્યાયાર્થિક નયથી દ્રવ્યને અસત્–ઉત્પાદ છે."** (એને અસત્–ઉત્પાદ કહેવામાં આવે છે.)

(વળી) **"અહીં એ લક્ષમાં રાખવું કે દ્રવ્ય અને પર્યાયો જુદી જુદી વસ્તુઓ નથી."** હવે આ (માર્મિક) આની સિદ્ધિ કરીએ. દ્રવ્ય અને પર્યાય જુદી જુદી ચીજ નથી. જેમ પરમાણુ ને બીજા છ દ્રવ્યો (આ) આત્માથી જુદાં છે, એમ દ્રવ્ય ને પર્યાય જુદાં નથી. આહા...હા! **"તેથી પર્યાયોની વિવક્ષા વખતે પણ"** ભલે પર્યાયની (મુખ્યતાથી) કહેવામાં આવે, પણ **"અસત્–ઉત્પાદમાં"** પણ **"જે પર્યાયો છે તે દ્રવ્ય જ છે"** જે પર્યાય ઉત્પત્તિ છે તે દ્રવ્ય જ છે. આહા...હા...હા...હા! દ્રવ્યના ઘેરાવામાં એ ઉત્પન્ન થયેલી છે. પરના ઘેરાવામાંથી એ ઉત્પન્ન થઈ નથી. આહા...હા...હા! અરે! ત્રણ લોકનો નાથ! દિવ્યધ્વનિ કરતો હશે અને ગણધરો ને સિંહ ને વાઘ સાંભળે, સિંહ ને વાઘ ને નાગ! કાળા નાગ હાલ્યા આવે આમ જંગલમાંથી (સમવસરણમાં) ઈ બાપુ! વાણી કેવી હોય! ભાઈ! આહા..હા! એ વીતરાગની વાણી!! એના રચેલાં શાસ્ત્રો, એના ભાવ ગંભીર કેટલા હોય?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ! એની ઊંડી ગંભીરતા હોય છે. એને ઊંડું લાગે માટે – આવું શું છે? એમ એનો કંટાળો ન આવવો જોઈએ. ગંભીરતા લાગે, એકદમ ન પકડાય, તેથી એમાં કંટાળો ન આવવો જોઈએ. (ઊલટાની રુચિ વધવી જોઈએ.) આહા...હા...હા...હા!

(અહીંયાં કહે છે કેઃ) **"તેથી પર્યાયોની વિવક્ષા વખતે પણ અસત્–ઉત્પાદમાં, જે પર્યાયો છે તે દ્રવ્ય જ છે"**, જે પર્યાયો છે તે દ્રવ્ય જ છે. આહા...હા! બીજું દ્રવ્ય નથી એમ કહેવું છે. પર્યાયો છે તે દ્રવ્ય જ છે. પર્યાય બદલીને બીજી થઈ માટે બીજું દ્રવ્ય છે, એમ નથી. **"અને દ્રવ્યની વિવક્ષા વખતે પણ, સત્–ઉત્પાદમાં, જે દ્રવ્ય છે તે પર્યાયો જ છે."** જે દ્રવ્ય છે તે પર્યાયો જ છે. જે પર્યાયો છે તે દ્રવ્ય જ છે. અને જે દ્રવ્ય છે તે પર્યાયો જ છે. આહા...હા! અસત્–ઉત્પાદમાં પણ અન્વય ગૌણ રાખીને પર્યાયની મુખ્યતાથી કથન કર્યું છે. અને સત્–ઉત્પાદમાં અન્વયને મુખ્ય કરીને સત્‌ને સત્ ઉત્પન્ન (સત્–ઉત્પાદ) છે એમ કહેવામાં આવ્યું છે. પણ અસત્–ઉત્પાદ છે (એમ કીધું) એટલે બિલકુલ અન્વયનો સંબંધ જ નહોતો એમ નહીં (કારણ કે) પર્યાય પોતે દ્રવ્ય જ છે. આહા...હા...હા! અને દ્રવ્ય છે તે પર્યાયો છે.

વિશેષ કહેશે.....

ॐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે (સર્વ પર્યાયોમાં દ્રવ્ય અનન્ય છે અર્થાત્ તેનું તે જ છે માટે તેને સત્–ઉત્પાદ છે – એમ) સત્–ઉત્પાદને અનન્યપણા વડે નક્કી કરે છે :–

**जीवो भवं भविस्सदि णरोऽमरो वा परो भवीय पुणो ।**
**किं दव्वतं पजहदि ण जहं अण्णो कहं होदि ॥११२॥**

**जीवो भवन् भविष्यति नरोऽमरो वा परो भूत्वा पुनः ।**
**किं द्रव्यत्वं प्रजहाति न जहदन्यः कथं भवति ॥११२॥**

**જીવ પરિણમે તેથી નરાદિક એ થશે; પણ તે–રૂપે**
**શું છોડતો દ્રવ્યત્વને? નહિ છોડતો ક્યમ અન્ય એ? ૧૧૨.**

## ગાથા ૧૧૨

**અન્વયાર્થ** :– (**जीवः**) જીવ (**भवन्**) પરિણમતો હોવાથી (**नरः**) મનુષ્ય, (**अमरः**) દેવ (**वा**) અથવા (**परः**) બીજું કાંઈ (–તિર્યંચ, નારક કે સિદ્ધ) (**भविष्यति**) થશે. (**पुनः**) પરંતુ (**भूत्वा**) મનુષ્યદેવાદિક થઈને (**किं**) શું તે (**द्रव्यत्वं प्रजहाति**) દ્રવ્યપણાને છોડે છે? (**न जहत्**) નહિ છોડતો થકો તે (**अन्यः कथं भवति**) અન્ય કેમ હોય? (અર્થાત્ તે અન્ય નથી, તેનો તે જ છે.)

**ટીકા** :– પ્રથમ તો દ્રવ્ય દ્રવ્યત્વભૂત અન્વયશક્તિને સદાય છોડતું થકું સત્ જ (હયાત જ) છે. અને દ્રવ્યને જે પર્યાયભૂત વ્યતિરેકવ્યક્તિનો ઉત્પાદ થાય છે તેમાં પણ દ્રવ્યત્વભૂત અન્વયશક્તિનું અચ્યુતપણું હોવાથી દ્રવ્ય અનન્ય જ છે (અર્થાત્ તે ઉત્પાદમાં પણ અન્વયશક્તિ તો અપતિત–અવિનષ્ટ–નિશ્ચળ હોવાથી દ્રવ્ય તેનું તે જ છે, અન્ય નથી.) માટે અનન્યપણા વડે દ્રવ્યનો સત્–ઉત્પાદ નક્કી થાય છે (અર્થાત્ ઉપર કહ્યું તેમ દ્રવ્યનું દ્રવ્ય–અપેક્ષાએ અનન્યપણું હોવાથી, તેને સત્–ઉત્પાદ છે – એમ અનન્યપણા દ્વારા સિદ્ધ થાય છે).

આ વાતને (ઉદાહરણથી) સ્પષ્ટ કરવામાં આવે છે :

જીવ દ્રવ્ય હોવાથી અને દ્રવ્ય પર્યાયોમાં વર્તતું હોવાથી જીવ નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ, દેવત્વ અને સિદ્ધત્વમાંના કોઈ એક પર્યાયે અવશ્યમેવ થશે – પરિણમશે. પરંતુ તે જીવ તે પર્યાયરૂપે થઈને શું દ્રવ્યત્વભૂત અન્વયશક્તિને છોડે છે? નથી છોડતો. જો નથી છોડતો તો તે અન્ય કઈ રીતે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય કે જેથી ત્રિકોટિ સત્તા (–ત્રણ પ્રકારની સત્તા, ત્રિકાળિક હયાતી) જેને પ્રગટ છે એવો તે (જીવ), તે જ ન હોય? (અર્થાત્ ત્રણે કાળે હયાત એવો જીવ અન્ય નથી, તેનો તે જ છે.)

**ભાવાર્થ :–** જીવ મનુષ્ય–દેવાદિક પર્યાયે પરિણમતાં છતાં અન્ય થઈ જતો નથી, અનન્ય રહે છે, તેનો તે જ રહે છે; કારણ કે 'તે જ આ દેવનો જીવ છે, જે પૂર્વ ભવે મનુષ્ય હતો અને અમુક ભવે તિર્યંચ હતો' એમ જ્ઞાન થઈ શકે છે. આ રીતે, જીવની માફક, દરેક દ્રવ્ય પોતાના સર્વ પર્યાયોમાં તેનું તે જ રહે છે, અન્ય થઈ જતું નથી – અનન્ય રહે છે. આમ દ્રવ્યનું અનન્યપણું હોવાથી દ્રવ્યનો સત્–ઉત્પાદ નક્કી થાય છે. ૧૧૨.

## પ્રવચન : તા. ૭–૭–૭૯.

'પ્રવચનસાર'. ૧૧૨ ગાથા. એકસો અગ્યાર થઈ ગઈ.

**"હવે સર્વ પર્યાયોમાં દ્રવ્ય અનન્ય છે."** ગમે તે પર્યાય હોય – નારકી, દેવ દ્રવ્ય તો અનન્ય છે દ્રવ્ય તો **"તેનું તે જ છે"** આહા..હા! દ્રવ્ય તો તેનું તે જ છે પણ જ્ઞાનગુણ પણ તેનો તે જ છે. આહા..હા! જેમ આનંદ ગુણ, શ્રદ્ધા ગુણ, અનન્ય છે તે સદાય છે. ગમે તે પર્યાયમાં હો પણ વસ્તુ છે ઈ પોતે અનંત ગુણથી અનન્યમય ત્રિકાળ–ત્રિકોટિ કહેશે. એ ત્રિકાળ છે. આહા...હા! **"અર્થાત્ તેનું તે જ છે."** જે દ્રવ્ય છે તે ભલે મનુષ્યપણે થયું, દેવપણે થયું, અરે મતિજ્ઞાનની પર્યાયપણે થયું પણ દ્રવ્ય તો તે વસ્તુ છે તે તે જ છે. આહા..હા! એમાં કયાંય ઓછા–અધિકપણું થયું નથી. વસ્તુ એવી છે આખી (પૂર્ણ). જેને કારણપરમાત્મા કહો, કારણજીવ કહો, સહજ ત્રિકાળી, સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન ત્રિકાળ કહો. ઈ ગમે તે પર્યાયમાં હો પણ વસ્તુ તો વસ્તુમાં (પૂરણ) છે. દૃષ્ટિ તો ત્યાં રાખવા જેવી છે એમ કહે છે. આહા...હા! સ્વરૂપ પ્રત્યક્ષ કીધું ને...! સ્વરૂપદૃષ્ટિ ત્રિકાળ છે. એમ દ્રવ્ય **"તેનું તે જ છે તેમ તેની દૃષ્ટિ–શ્રદ્ધા તેની તે જ છે."** ત્રિકાળી હોં! તેની તે જ છે (દૃષ્ટિ) મિથ્યાત્વ અવસ્થા હો (પણ શ્રદ્ધાત્રિકાળ તેની તે જ છે.) આહા..હા! તો ઈ શ્રદ્ધા–જ્ઞાન–આનંદ અન્વય શકિતઓ છે. અન્વયશકિત લેવી છે ને...! **"માટે તેને સત્–ઉત્પાદ છે – એમ સત્–ઉત્પાદને અનન્યપણા વડે નક્કી કરે છે :–** સત્–ઉત્પાદથી અનન્ય છે ભલે પર્યાય–ઉત્પાદ અન્ય થાય પણ વસ્તુ તો અનન્ય છે. વસ્તુ અનેરી થઈ નથી. પર્યાય અનેરી–અનેરી થાય.

(ગાથા) એકસો બાર.

**जीवो भवं भविस्सदि णरोऽमरो वा परो भवीय पुणो ।**
**किं दव्वत्तं पजहदि ण जहं अण्णो कहं होदि ॥११२॥** નીચે હરિગીત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**જીવ પરિણમે તેથી નરાદિક એ થશે; પણ તે–રૂપે**
**શું છોડતો દ્રવ્યત્વને? નહિ છોડતો કયમ અન્ય એ? ૧૧૨.**

**"ટીકા :– પ્રથમ તો દ્રવ્ય વસ્તુ દ્રવ્યત્વભૂત અન્વયશકિતને"** દેખો. આહા..હા! દ્રવ્ય જે છે વસ્તુ! એનું દ્રવ્યપણું – ભાવ જે છે તેનું ભાવપણું – એવી અન્વયશકિતઓને **"સદાય નહિ છોડતું થકું"** આહા...હા! પ્રથમ તો ઈ કહેવું છે કે દ્રવ્ય, દ્રવ્યત્વભૂત વસ્તુ તેનો ભાવ, તેનું ભાવપણું આહા...હા! વાત થઈ'તી હમણાં નહીં! ચંદુભાઈ આવ્યા'તા દાકતર. તે દિ' વાત થઈ'તી. ભાવ અને ભાવવાન વસ્તુ એક જ છે. નામ ભલે બે (હોય) વસ્તુ અભેદ જ છે. એમ દ્રવ્યત્વ–દ્રવ્ય દ્રવ્યત્વભૂત (એટલે) વસ્તુ છે ઈ દ્રવ્ય, દ્રવ્યત્વભૂત (એટલે) એનું ભાવપણું અન્વયશકિતઓ. જેમ દ્રવ્ય અન્વય છે (અથવા) કાયમ રહેનાર. એમ એની અન્વયશકિતઓને **"સદાય નહિ છોડતું થકું"** આહા...હા! દ્રવ્ય જે છે ઈ દ્રવ્ય તો પોતે દ્રવ્યને નહિ છોડતું પણ દ્રવ્ય છે તેના દ્રવ્યત્વ (એટલે) અન્વયશકિતઓ કે ભાવવાન (અર્થાત્) ભાવનો ભાવવાનને કદી નહિ છોડતું. આહા..હા! આવી ચીજ (સત્) છે. એક લીટીમાં કેટલું સમાડયું છે! બીજા હારે તારે શું સંબંધ? (મૂળ તો) એમ કહેવું છે.

(કહે છે) ભલે તે દ્રવ્ય દ્રવ્યત્વભૂત અન્વયશકિતઓને સદાય નહિ છોડતું (ભલે) તે ગમે તે પર્યાયમાં હો. આહા...હા! તો ય પરને અને એને કાંઈ સંબંધ નથી. ત્રિકાળી દ્રવ્ય, એનું દ્રવ્યત્વપણું એટલે અન્વયશકિતઓ – એ તો કાયમ એકરૂપ ત્રિકાળ છે. પણ તેની થતી પર્યાયો ઈ અન્વયશકિતને છોડીને નથી થતી. દ્રવ્યને છોડીને પર્યાય થતી નથી. પર્યાયમાં તો તેનો તે અન્વય તે દ્રવ્ય અને તેનો તે ગુણ (છે) એવો ને એવો ગુણ ને એવું ને એવું દ્રવ્ય રહે છે. આહા..હા! સમજાય છે આમાં? 'સત્' પ્રભુ! સત્–ઉત્પાદ સિદ્ધ કરે છે. 'સત્' વસ્તુ છે. એનું જે દ્રવ્યપણું (એટલે) દ્રવ્યનું દ્રવ્યપણું. આહા...હા! (એટલે કે) અન્વયશકિત. વસ્તુને અન્વય કીધી, પણ એની શકિતઓ જે સત્ત્વ છે (અર્થાત્) સત્નું સત્ત્વપણું – દ્રવ્યનું દ્રવ્યપણું – ભાવનું ભાવવાનપણું – એવી **"અન્વયશકિતને સદાય નહિ છોડતું થકું (સત્ જ છે.)** આહા..હા!

(કહે છે કે:) ગમે તે પર્યાયમાં હો, પણ દ્રવ્ય પોતાનું દ્રવ્યત્વ (એટલે) અન્વયશકિતઓ – ત્રિકાળ એકરૂપ છે ગુણો – એને ઈ (દ્રવ્ય) કોઈ દિ' છોડતું નથી. આહા...હા! **એવી દષ્ટિ કરાવવા આ વાત કરે છે.** આહા...હા! દ્રવ્ય તો લીધું પણ દ્રવ્યનું દ્રવ્યત્વ એટલે કે અન્વયશકિતઓ એમ. આહા...હા! 'દ્રવ્યત્વભૂત' કીધું છે ને ભાઈ...! 'દ્રવ્યત્વભૂત' ઝીણી વાત છે પ્રભુ! દ્રવ્ય છે વસ્તુ છે. ઈ **'સત્ જ (હયાત જ) છે.'** સત્નું જે સત્પણું – દ્રવ્યત્વપણું – અન્વયશકિતપણું – એ અન્વયશકિતને દ્રવ્ય સદાય નહિ છોડતું (થકું) સત્ જ (હયાત જ) છે. આહા...હા! **"જયારે જુઓ ત્યારે ઈ પુરણ ભંડાર ભર્યો છે"** એમ કહે છે એ દ્રવ્ય છે (એનું) દ્રવ્યત્વભૂત – દ્રવ્યપણું એટલે અન્વયશકિતપણું એટલે ભાવનું ભાવપણું – દ્રવ્ય(ને) જયારે 'ભાવ' કહીએ ત્યારે એનું સત્ત્વપણું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવવાન (અથવા) ભાવપણું એને કદી (દ્રવ્ય) છોડતું નથી. આહા...હા! ઝીણી વાત છે ભાઈ! મુદ્દાની રકમની વાત છે. આહા...હા! **પરને ને એને કાંઈ સંબંધ નથી એમ (આચાર્યદેવ) કહે છે.** પરમાણુ હો કે (અન્ય દ્રવ્યો હો) અહીંયાં તો આત્માની સાથે સંબંધની વાત છે. આત્માની વાત કહેવી છે ને અહીંયાં તો...! દ્રવ્યપણે અને મૂળપણે. પરમાણુની કાંઈ વાત નથી કહેવી અત્યારે. આહા...હા! **"પ્રથમ તો" (સંસ્કૃત ટીકામાં) तावद् કહ્યું છે.** द्रव्यं हि तावद् સંસ્કૃત છે. મૂળ વાત એ છે કે એમ (અર્થ છે) तावद् એટલે મૂળ વાત એમ છે કે સંસ્કૃત ટીકાની પહેલી લીટી (જુઓ) **"द्रव्यं हि तावद्द्रव्यत्वभूतामन्वयशक्तिं "** આહા...હા!

(કહે છે) પ્રભુ! તું કોણ છો? કહે છે કે : અન્વયશકિતઓ – દ્રવ્યત્વપણું નહીં છોડતો. એ હું છું. આહા...હા! પર્યાયપણે ભલે – નારકપર્યાય, મનુષ્યપર્યાય, દેવપર્યાય (હો) પણ મારી ચીજ જે છે અને ચીજનું ચીજપણું જે છે – એની અન્વયશકિતઓ લીધી છે ને...? અન્વયશકિત કહો કે અન્વયસામર્થ્ય (અથવા) સ્વભાવનું સામર્થ્ય (ને સદાય નહિ છોડતું થકું સત્ જ (હયાત જ) છે. આહા..હા! આ અધિકાર 'જ્ઞેય અધિકાર' છે! કે. આત્મજ્ઞેય! જ્ઞેય અધિકારમાં અહીંયાં (મુખ્યપણે) આત્માને જ લીધો છે. દૃષ્ટાંત તરીકે તો આત્માને જ લીધો. જ્ઞેયો તો બધાં છે. એ દરેક દ્રવ્ય જ્ઞેય છે એને દ્રવ્યત્વ(ભૂત) અન્વયશકિતઓને એ દ્રવ્ય છોડતું નથી. એ ભલે ગમે તે પર્યાયપણે થાવ (તે તો તેનું તે જ છે.) અહીંયાં તો ભલે આત્માનો દૃષ્ટાંત દીધો. (પણ બધા દ્રવ્યો તે તો તેના તે જ છે.) પ્રભુ! તું ગમે તે સ્થિતિમાં હો પણ તે દ્રવ્ય છે તે દ્રવ્યત્વને – અન્વયશકિતઓને (કદી છોડતું નથી.) એ ભાવવાન તે 'ભાવ' ને કદી છોડતું નથી. આહા...હા! છે? એક લીટી છે. **तावद्** (એટલે) મૂળ વાત એમ છે કે એમ (કહેવું છે.) **तावद्** નામ પ્રથમ એટલે મુખ્ય વાત તે 'આ' છે. આહા...હા! બે (પ્રકારે) ભાષા લીધી છે ને...! દ્રવ્ય (તે) દ્રવ્યત્વભૂત (અર્થાત્) ભાવવાન તેના ભાવને કદી છોડતો નથી. આહા...હા! દ્રવ્ય, દ્રવ્યત્વ એવો ભાવ, એવી અન્વય શકિતઓ – ગુણ, (એમાં) એટલી અનંતી શકિતઓ છે તે ભાવને ભાવવાન કોઈ દિ' છોડતું નથી. આહા..હા...હા..હા! પહેલી લીટી (નો જ ભાવ સ્પષ્ટ થાય છે.)

(કહે છે કેઃ) આ ચાર મહિના (આ વરસના) થયા આને. પાંચ વરસ ને ચાર મહિનાનો આજે દિવસ છે ને...! ફાગણ શુદ-૧૩ (છે.) ચૈત્ર, વૈશાખ, જેઠ ને અષાઢ તેથી પાંચ વરસ ને ચાર મહિના થયા 'પરમાગમ (મંદિરની પ્રતિષ્ઠાને) આહા...હા! **(શ્રોતાઃ)** ખજાનો ખોલી દીધો છે આપશ્રીએ તો...!

**(ઉત્તરઃ)** કહે છે કે તું દ્રવ્ય છો કે નહીં! તો એનું દ્રવ્યપણું છે કે નહીં! દ્રવ્યપણું એટલે કે અન્વયશકિતઓ છે કે નહીં! અન્વય એટલે કાયમ રહેનારું સામર્થ્યવાળું તત્ત્વ છે કે નહીં! આહા...હા! કાયમ સામર્થ્ય ને સત્ત્વને રહેનારું સત્, સત્ કહો કે દ્રવ્ય કહો, સત્ત્વ – અન્વયશકિતઓ તેને તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અન્વયશકિતને સત્ કદિ છોડે છે? ('સદાય નહિ છોડતું થકું સત્ જ (હયાત જ છે.) આહા...હા...હા! ગમે તે (પર્યાયમાં હો) નિગોદની પર્યાયમાં હો, મનુષ્યની પર્યાયમાં હો, પ્રભુ તું દ્રવ્ય છો ને! અને તારું દ્રવ્યત્વપણું – અન્વયશકિતઓ – ગુણો છે (અર્થાત્) ભાવ ઈ ભાવવાનને (છોડતું નથી.) ભલે નિગોદમાં પર્યાય અક્ષરના અનંતમા ભાગે થઈ જાય, પણ એને – દ્રવ્યે દ્રવ્યત્વશકિતઓને (કદી) છોડી નથી. આહા...હા...હા! સમજાણું કાંઈ..? ભાષા તો સાદી છે પણ હવે ભાવ તો (આકરા છે!)

(અહીંયાં કહે છે કે:) **"અન્વયશકિતને સદાય નહિ છોડતું થકું સત્ જ (હયાત જ) છે.'** ઈ તો કાયમ–હ્યાત જ છે. ગમે તે પર્યાયમાં હો પણ ઈ સત્ હયાત જ છે. આહા...હા! સંયોગને લઈને તો નહીં, પણ એક સમયની પર્યાય–પર્યાય થાય એને લઈને અસત્ (થઈ જાય એમ) નહીં ઈ તો હ્યાત–કાયમ તત્ત્વ છે. આહા...હા...હા! આ જ્ઞેય અધિકાર! આત્મજ્ઞેય! આહા...! એ જ્ઞેયનું જ્ઞેયપણું જ્ઞેયે કદી છોડયું નથી. આહા...હા! આવો ભગવાન આત્મા! એણે ભગવાનપણું કદી છોડયું નથી. 'નિયમસાર' માં તો ઈ જ આવે છે ને..! 'કારણજ્ઞાન' ('નિયમસાર ગાથા ૧૩–૧૪) કારણદ્રવ્ય તો ઠીક, કારણ પરમાત્મા ઈ પણ દ્રવ્ય ઠીક! પણ 'કારણજ્ઞાન'– 'ત્રિકાળીકારણઅન્વયજ્ઞાન'. જે છે એમાં. જ્ઞાની એવો જે આત્મા, એનું જે જ્ઞાન – કાયમી જ્ઞાન – કારણજ્ઞાન (ત્રિકાળ અન્વય છે) અને કેવળજ્ઞાન તે કાર્યજ્ઞાન છે. આહા..હા!

(કહે છે) ભગવાન આત્મા, એની અન્વયશકિતઓ – દ્રવ્યત્વપણું સદાય તેને નહિ છોડતું –એકધારાએ સદાય ચાલે છે કહે છે. આહા...હા! **"અને દ્રવ્યને જે પર્યાયભૂત વ્યતિરેકવ્યકિતનો ઉત્પાદ થાય છે."** હવે કહે છે કે એ દ્રવ્ય જ છે એને જે પર્યાયો – વ્યતિરેક ભિન્ન ભિન્ન પ્રગટતા–ઉત્પાદ થાય છે. (જોયું?) ઓલી અન્વય (શકિતઓ) ની સામે વ્યતિરેક (પર્યાયો) લીધી. સમજાણું? ઉત્પાદ થાય છે વ્યતિરેક વ્યકિતઓ તે અન્વયની સામે વ્યતિરેક લીધી. છે ? સમજાણું? ઓલા દ્રવ્યને દ્રવ્યત્વભૂત અન્વયશકિત લીધી (અને) દ્રવ્યને પર્યાયભૂત વ્યતિરેકવ્યકિત લીધી. આહા...હા! એ દ્રવ્યને જે અન્વયશકિતને નહિ છોડતું એને પર્યાયભૂત વ્યતિરેક વ્યકિતનો ઉત્પાદ થાય છે. પર્યાયભૂત વ્યતિરેક નામ ભિન્ન ભિન્ન (પર્યાયો). ઓલામાં (દ્રવ્યમાં) એકરૂપ ત્રિકાળ (અને આ) ભિન્નભિન્ન પ્રગટતા ઉત્પન્ન થાય છે **"તેમાં પણ દ્રવ્યત્વભૂત અન્વયશકિતનું અચ્યુતપણું હોવાથી"** આહા...હા! ઈ દ્રવ્યને પર્યાયભૂત વ્યતિરેકપ્રગટતાઓ ભિન્ન ભિન્ન છે **"તેમાં પણ દ્રવ્યત્વભૂત અન્વયશકિતનું** દ્રવ્યને. એમ છે ને...? અને દ્રવ્યને પણ પર્યાયરૂપ વ્યતિરેક છે તેમાં પણ તે દ્રવ્યને દ્રવ્યત્વભૂત અન્વયશકિતનું અચ્યુતપણું હોવાથી **"દ્રવ્ય અનન્ય જ છે."** આહા..હા...હા! આ સિદ્ધાંત કહેવાય આ! હેં? વારતા (કાંઈ નથી.) આ ભગવાનની વાર્તા છે!

(કહે છે કે:) ભગવત્સ્વસ્વરૂપ! એનું (આત્મદ્રવ્યનું) ભગવત્સ્વરૂપ છે. અન્વયશકિતઓ (ત્રિકાળ છે.) આહા...હા! પર્યાયભૂત વ્યતિરેક ઉત્પાદ થાય તેમાં પણ, **"દ્રવ્યત્વભૂત અન્વયશકિતનું**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**અચ્યુતપણું હોવાથી.''** દ્રવ્યનો દ્રવ્યત્વગુણ એવી અન્વયશકિત (એટલે) અન્વયસામર્થ્ય – એકરૂપ રહેવાવાળું અન્વયસામર્થ્ય(નું) અચ્યુતપણું હોવાથી – ચ્યુત જરીએ થઈ નથી. આહા...હા! ચાહે તો નિગોદની પર્યાય હો, લસણ–ડુંગળી (માં રહેલા છે) એક અક્ષરનો અનંતમો ભાગ – ઉઘાડ. (ઉપયોગમાં) તે પર્યાયમાં હોવા છતાં તે દ્રવ્યે દ્રવ્યત્વને – અન્વયશકિતને છોડી નથી. આહા...હા...હા! (વાત કરવા પૂરતી) વાત નથી બાપા આ! આહા...હા! 'સત્ ને પ્રસિદ્ધ કરવાની એ ટીકા! આ 'ટીકા' કહેવાય. આહા..! અમૃતચંદ્રાચાર્ય! (કહે છે) પ્રભુ! તું દ્રવ્ય છો ને...! અને દ્રવ્યમાં દ્રવ્યત્વપણું – અન્વય શકિતઓ છે ને...! એ અન્વયશકિતઓવાળું દ્રવ્ય, વ્યતિરેક–ભિન્ન ભિન્ન પર્યાયને પ્રાપ્ત થતું છતાં એ અન્વય–દ્રવ્યનું દ્રવ્યપણું અન્વયશકિતઓને કદી છોડતું નથી. આહા...હા! એમાં કદી ઘાલ–મેલ કાંઈ થતી નથી. નિગોદમાં અક્ષરના અનંતમાં ભાગની થઈ છતાં દ્રવ્યના દ્રવ્યત્વપણામાં કાંઈ ખામી થઈ નથી. આહા...હા...હા..હા! અને કેવળજ્ઞાનની પર્યાય થઈ, તો પણ દ્રવ્યમાં દ્રવ્યત્વ – અન્વયશકિતમાં કાંઈ પણ ઘટાડો થયો નથી તેમ વધારો થયો નથી. (દ્રવ્ય તો તેનું તે જ છે.) આહા...હા...હા! સમજાય છે કાંઈ?

(સદ્‌ગુરુ કહે છે) **'અનંતકાળથી આથડયો વિના ભાન ભગવાન'** (–'શ્રીમદ્‌રાજચંદ્ર') આહા...હા! દેશને તિથિ છે આજ. 'પરમાગમ (મંદિર) ની' માસિક તિથિ! ભકિત આંહી થાશે હો આજ. હિંમતભાઈ કરાવશે. તેરસ છે ને...! આહા...! તેરમું ગુણસ્થાન પામે – કેવલ – તો ય દ્રવ્યનું દ્રવ્યત્વ – અન્વયશકિત તો એવી ને એવી છે. આહા...હા...હા! અને અક્ષરના અનંતમા ભાગની નિગોદની પર્યાય થાય, તો ય દ્રવ્યનું દ્રવ્યત્વ – અન્વયશકિત સદાય એવડી ને એવડી (એવી ને એવી) છે. **''સદાય નહિ છોડતું થકું.''** આહા..હા..હા! અરે! ટીકાના વધારે શબ્દોની શું જરૂર છે? આહા...હા! થોડું લખ્યું ઘણું કરીને જાણજો. એવી વાત છે આ તો! થોડું કહ્યું : કે દ્રવ્યનું દ્રવ્યત્વપણું – અન્વયશકિતઓ કોઈ દિ' ત્રિકાળ–ત્રિકાળ (દ્રવ્યને) છોડતું નથી. આહા...હા! પર્યાયમાં ગમે તે હીનાધિક દશાઓ થાવ. છતાં દ્રવ્યનું દ્રવ્યત્વ – અન્વયશકિતપણું, એમાં સદાય છોડયું નથી એણે. એમાં કદી ઘટાડો–વધારો થયો નથી. આવો ઉપદેશ હવે, આકરો લાગે લોકોને! નિશ્ચય છે નિશ્ચય છે પણ બાપા સત્ય 'આ' છે. (તું) નિશ્ચય–(નિશ્ચય) કરીને એકાંત કરી નાખ. પર્યાય હો, ઈ તો પર્યાય તો કહે છે. પણ પર્યાય હોવા છતાં, પૂર્ણતા દ્રવ્યની–પૂર્ણતા દ્રવ્યત્વની દ્રવ્યત્વપણાની અન્વયશકિતઓ એવી ને એવી બધી છે. જ્ઞાન એવું ને એવું, દર્શન એવું ને એવું, આનંદ એવો ને એવો, શ્રદ્ધા એવી ને એવી, શ્રદ્ધા એટલે પર્યાય નહીં (ત્રિકાળીગુણ) આહા...! સત્તા એવી ને એવી, વસ્તુત્વ એવું ને એવું, પ્રમેયત્વ એવો ને એવો, જીવતર શકિત એવી ને એવી ઈ (બધી) શકિતઓનું શકિતપણું એવું ને એવું છે. આહા...હા...હા!

(અહીંયાં કહે છે કે:) **''તેમાં પણ દ્રવ્યત્વભૂત અન્વયશકિતનું અચ્યુતપણું હોવાથી** આહા...હા! પહેલામાં એમ કહ્યું હતું **''અન્વયશકિતને સદાય નહિ છોડતું થકું''** છે ને? એમાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ દ્રવ્ય દ્રવ્યત્વભૂત અન્વયશકિતનું અચ્યુતપણું હોવાથી **"દ્રવ્ય અનન્ય જ છે"** દ્રવ્ય તો અનન્ય એનું એ જ છે. આહા...હા...હા! કયાં નિગોદની પર્યાય ને (કયાં) તિર્યંચની અને કયાં સર્વાર્થસિદ્ધિના દેવની પર્યાય! ત્રણ જ્ઞાન – ક્ષાયિક સમકિત સહિત (જે દેવને વર્તે છે.) અરે! આહા...હા! છતાં દ્રવ્ય ને દ્રવ્યની અન્વયશકિતઓ તો એવા ને એવા જ છે. એ 'મહાસત્તા' ને પકડવાની છે. હેં? એવી 'મહાસત્તા' પ્રભુ છે. અન્વયશકિતનું ભરેલું તત્ત્વ, એટલે 'ભાવ'થી ભરેલો ભગવાન (આત્મા) આહા...હા! (તેમાં એકાગ્રતા કરવાની છે.) **"અર્થાત્ તે ઉત્પાદમાં પણ"** પર્યાયમાં નવી નવી (પર્યાયમાં) વ્યતિરેક ઉત્પાદમાં પણ **"અન્વયશકિત તો"** આહા...હા! કયાં એ ચક્રવર્તી રાજા હોય, અને એ મરીને નરકમાં જાય. કે રાજા મોટો હોય તે નિગોદમાં જાય મરીને. આહા...! આંહી જુઓ તો કેટલો ઉઘાડ દેખાતો હોય, (ઈ) મરીને નિગોદમાં જાય. પણ છતાં કહે છે કે ઈ તો પર્યાયમાં ફેર છે. વસ્તુ તો છે ઈ છે એમાં (ફેર થયો નથી.) **"તે ઉત્પાદમાં પણ અન્વયશકિત તો અપતિત–અવિનષ્ટ–નિશ્ચળ હોવાથી દ્રવ્ય તેનું તે જ છે, અન્ય નથી"** વસ્તુ તો તેની તે જ છે (તેમાં ફેર થયો નથી.) આહા...હા! સમજાય છે આમાં? **"માટે અનન્યપણા વડે દ્રવ્યનો સત્–ઉત્પાદ નકકી થાય છે."**

આહા...હા! 'માટે અનન્યપણા વડે....દ્રવ્યનો સત્–ઉત્પાદ છે એમાંથી થાય છે ઉત્પાદ એમ કહે છે. આહા...હા! છે એમાંથી આવ્યું છે. એ જ છે (એમ) કહે છે. ઈ પર્યાય જે થઈ છે ઈ 'સત્' માંથી થઈ છે. છે એમાંથી થઈ છે. આહા...હા! 'સત્–ઉત્પાદ' કહ્યો છે ને...!' છે એમાંથી થઈ છે. 'સત્–ઉત્પાદ' આહા...! **"(અર્થાત્ ઉપર કહ્યું તેમ દ્રવ્યનું દ્રવ્ય–અપેક્ષાએ અનન્યપણું હોવાથી, તેને સત્–ઉત્પાદ છે એમ અનન્યપણા દ્વારા સિદ્ધ થાય છે.")** આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"આ વાતને (ઉદાહરણથી) સ્પષ્ટ કરવામાં આવે છે.:" જીવ દ્રવ્ય હોવાથી અને દ્રવ્ય પર્યાયોમાં વર્તતું હોવાથી"** વળી શું કીધું (આ) પાછું દ્રવ્ય, અન્વયશકિતઓને છોડતું નથી ઈ એ રાખ્યું; અને ઈ દ્રવ્ય પર્યાયોમાં વર્તતું હોવાથી (એમ પણ કહ્યું) આહા...હા! જે દ્રવ્ય છે – ભગવાન આત્મા, એમાં અનંત અન્વયશકિતઓ જે છે દ્રવ્યત્વ(પણા) રૂપની એવું જે દ્રવ્ય, ઈ પર્યાયમાં વર્તતું હોવાથી! આહા..હા! ભાઈ! એક બાજુથી કહેવું કે પર્યાય ષટ્કારકપણે સ્વતંત્ર પરિણમે છે એને દ્રવ્ય (ગુણ) ની પણ અપેક્ષા નથી. પર્યાય જે છે ઈ 'સત્' છે. **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्** છે ઈ (પર્યાય). વ્યય પણ 'સત્' છે. ઉત્પાદ પણ 'સત્' છે. ધ્રૌવ્ય પણ 'સત્' છે. એ તો છે. આહા...હા! તેથી એ ઉત્પાદની પર્યાયમાં દ્રવ્ય વર્તતું હોવાથી (એમ અહીં કહ્યું પણ) દ્રવ્ય તો અન્વયશકિતઓમાં વર્તે છે. ત્રિકાળપણે. ઈ દ્રવ્ય હવે 'પર્યાયોમાં વર્તતું થકું' આહા...હા! **"જીવ દ્રવ્ય હોવાથી"** એમ અહીંયાં જીવ ઉપર ઉતારવું છે ને...? જીવ પણ **"દ્રવ્ય હોવાથી અને દ્રવ્ય પર્યાયોમાં વર્તતું હોવાથી"** 'દ્રવ્ય પર્યાયમાં વર્તતું હોવાથી' લો! (એમ કીધું) એક બાજુથી એમ કહેવું કે પર્યાય ષટ્કારકથી પરિણમે છે. આહા..! એકકોર એમ કહેવું કે જીવદ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષ અને મોક્ષની પર્યાયને કરતું નથી.('સમયસાર') સર્વ વિશુદ્ધ અધિકાર (માં કહ્યું છે કે) મોક્ષ ને મોક્ષની પર્યાયને દ્રવ્ય કરતું નથી. આંહી કહે છે કે 'દ્રવ્ય પર્યાયમાં વર્તતું થકું' આહા...હા! ભેદ સમજાવવો છે ને... ભિન્ન–ભિન્ન! આહા...હા!

(કહે છે કેઃ) **"જીવ દ્રવ્ય હોવાથી"** – જીવ, દ્રવ્ય હોવાથી એમ. જીવ....દ્રવ્ય હોવાથી. આહા...! ઓલો (પહેલાં) સિ દ્ધાંત કીધો હવે ઉતારે છે ( જીવના ઉદાહરણ ઉપર) **"જીવ...દ્રવ્ય હોવાથી, દ્રવ્ય.... પર્યાયોમાં વર્તતું હોવાથી"** આહા...હા! **"જીવ નારકત્વ"** જીવનારકીપણું **"તિર્યંચત્વ"** તિર્યંચપણું **"મનુષ્યત્વ"** મનુષ્યપણું **"દેવત્વ"** દેવપણું અને **"સિદ્ધત્વ"** સિદ્ધપણું (અથવા) સિદ્ધ – પાંચેય પર્યાય હોં? (પર્યાયો છે). ચાર ગતિની જ માત્ર એમ નહીં. **"સિદ્ધત્વમાંના કોઈ એક પર્યાયે અવશ્યમેવ થશે"** – ઈ પાંચમાંથી કોઈ એક પર્યાયે (જીવ) જરૂર થશે. આહા...હા! ચાર ગતિ(ની) અને (એક) સિદ્ધપર્યાય. (બધી) પર્યાય છે ને...! ઈ જીવ પર્યાયમાં વર્તતું થકું આહા...હા! **"પરિણમશે." પરંતુ તે જીવ તે પર્યાયરૂપે થઈને શું દ્રવ્યત્વભૂત અન્વયશકિતને છોડે છે?"** આહા...હા! એ સિદ્ધની પર્યાય થઈ, છતાં ઈ દ્રવ્ય (જીવ) તે પર્યાયરૂપે થઈને શું દ્રવ્યત્વભૂત અન્વયશકિતને છોડે છે? સિદ્ધપર્યાય થઈ છતાં દ્રવ્ય પોતાનું દ્રવ્યત્વ અન્વયશકિતને છોડે છે? **("નથી છોડતો")** આહા..હા! આવું (વસ્તુસ્વરૂપ) દ્રવ્યાનુયોગની વાત છે. નારકીપણે તો ઠીક, ચાર ગતિની પર્યાયપણે વર્તતું થકું – જીવદ્રવ્ય વર્તતું થકું પોતાના ત્રિકાળી અન્વયગુણોને છોડતું નથી. એમ સિદ્ધત્વની પર્યાયે વર્તતું થકું જીવદ્રવ્ય પોતાની દ્રવ્યત્વ – અન્વયશકિતઓને છોડતું નથી. આહા...હા...હા...હા! છે ને એમ અંદરમાં? (પાઠમાં). જુવાનિયાઓને તો આ બધું નવું લાગે. જુવાન કોણ છે બાપા આમાં? એ તો બધી જડની અવસ્થા છે. ભગવાન (આત્મા) તો આ અંદરમાં (તેનો તે જ છે) કહે છે ને કે પર્યાયમાં પરિણમ્યો તો ય વસ્તુ તો એવી ને એવી ને એમ ને એમ રહી છે. આહા...હા! એ વસ્તુ પર્યાયોમાં વર્તે છે એમ કહેવું વ્યવહારે. આહા...હા! **(શ્રોતાઃ)** વ્યવહારે આત્મા! **(ઉત્તરઃ)** વ્યવહારે પર્યાય. (આત્મદ્રવ્ય નહીં) ઈ દ્રવ્યનું પર્યાયમાં પ્રવર્તવું – પરિણમન એનું છે એમ બતાવવું છે ને દ્રવ્યત્વ(કીધું ને) દ્રવ્યત્વ બતાવવું છે ને? દ્રવ્યત્વગુણ છે ને..! દ્રવ્યત્વ ગુણ છે ને...! તો દ્રવ્યત્વગુણનો અર્થ : દ્રવે છે. એમ ત્યારે સિદ્ધ થાય છે ને... (પાંચ પર્યાયો.) આહા..હા! તેથી દ્રવ્યત્વ લીધું છે ને...? (કીધું છે) 'દ્રવ્યત્વભૂત' એનું જે 'પણું છે ઈ 'પણું' પાછું પર્યાયમાં જયારે પરિણમે છે છતાં તે અન્વયશકિતને છોડતું નથી. આહા...હા! અરે! આવો વિચાર કરવો કયારે? (વખત) મળે! નહીં ને સાંભળવા મળે નહીં ને નિર્ણય કયારે કરે? **'કરવાનું તો આ છે'.** આહા...હા!

(કહે છે) ભાઈ...! ઈ કાંતિભાઈના સમાચાર આવ્યા'તા કાલ. કે રાત્રે દશ વાગ્યા સુધી તો વાતું કરતા'તા. કહે સવારમાં ઊઠયા ને... ત્રેસઠ વરસની (ઉંમર) દીકરો–દીકરી થયા નથી. દશ વાગ્યા સુધી રાતે મિત્રો હારે વાતું કરી સૂઈ ગયા. સવારે ઊઠયા–ઊઠયાને એકદમ આંચકો – બંધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ ગયું (હૃદય) આ ઊઠયા ને આ બંધ થઈ ગયું લો!!

આહા...હા! જડની અવસ્થા જે સમયે જે થવાની – કોણ રોકે? ને કોણ કરે? ઈ પર્યાયનો કર્તા દ્રવ્ય છે હોં પાછા. ઈ અહીંયાં સિદ્ધ કરવું છે. 'કળશટીકા' માં આવે છે ને...! પર્યાયનો કર્તા દ્રવ્ય છે. કરણ દ્રવ્ય છે. કર્તા દ્રવ્ય છે. અપેક્ષાથી જે વાત હોય (તે અપેક્ષા સમજવી જોઈએ) **(શ્રોતાઃ)** પર્યાય શું સ્વભાવ છે? **(ઉત્તરઃ)** પર્યાય એની છે ઈ સ્વભાવ છે. અહીંયાં ઈ સિદ્ધ કરીને, પરદ્રવ્યોને લઈને કાંઈ (કાર્ય) થતું નથી એમાં – એમ સિદ્ધ કરવું છે. એ (આત્મા) પોતે આખો ભરેલો દ્રવ્યત્વ- દ્રવ્યત્વની (અન્વય) શકિતઓથી (છે.) છતાં એ દ્રવ્ય, પર્યાયોમાં વર્તતું (થકું) એને બીજું દ્રવ્ય કાંઈ પણ કરી શકતું નથી. આહા...હા! કરમ, શરીર, વાણી, મન, દેશ – કુટુંબ (આદિ પરદ્રવ્યો) કોઈ ચીજ એને (કાંઈ પણ કરી શકતું નથી.) ઈ દ્રવ્ય, પોતે જ ઈ પર્યાયોમાં (પર્યાયભૂત વ્યતિરેકવ્યકિતઓમાં) વર્તે છે (એમ કીધું છે.) બીજાં દ્રવ્ય, એને વર્તાવે છે (એમ નથી.) આહા...હા! આવું (અકર્તાપણું સમજવા) વખત કયાં મળે? (આવું) સાંભળવું જ કઠણ પડે! (લોકોને) ઓલું તો દયા પાળો.... વ્રત કરો... ભકિત કરો... તપ કરો..... લો! (સમજવાની એમાં જરૂર જ નહીં.) આહા...હા! **'એક વ્યાખ્યાને પૂરું છે'!!**

(અહીંયાં કહે છે કેઃ) **"કોઈ એક પર્યાયે અવશ્યમેવ થશે – પરિણમશે."** જોયું? દ્રવ્ય, દ્રવ્યત્વ – અન્વયશકિતઓને નહિ છોડતાં છતાં, તે દ્રવ્ય, પર્યાયમાં વર્તે છે. તેથી (આ પાંચમાંથી) કોઈ પણ એક પર્યાયે અવશ્યમેવ થશે. કોઈપણ પર્યાયે જરૂર થશે (જ). આહા...હા! એમ કરીને – એ પર્યાયનો કાળ – એનાથી છે. એ પર્યાય (નો ઉત્પાદ) ફલાણું દ્રવ્ય આવ્યું અકસ્માત ને એકદમ આમ થઈ ગયું. એકદમ ફેરફાર થયો પરદ્રવ્યમાં – એ દ્રવ્ય(કર્મ) નો સંયોગ એકદમ આકરો આવ્યો (માટે આમ થયું) એ વાતમાં માલ કાંઈ નથી એમ કહે છે. એ દ્રવ્ય પોતે જ તે કાળે પર્યાયમાં વર્તે છે તેથી તે થઈ છે. આહા...હા! પર(દ્રવ્ય) કર્મને લઈને નહીં, સંયોગને લઈને નહીં, અકસ્માત કાંઈ નહીં, આહા...હા! અકસ્માત નહીં, તે દ્રવ્ય પોતે તે સમયે તે પર્યાયે વર્તે છે, તે પ્રમાણે વર્તે છે. આહા..હા! સમજાણું?

(અહીંયાં કહે છે કેઃ) **"પરંતુ તે જીવ તે પર્યાયરૂપે થઈને શું દ્રવ્યત્વભૂત અન્વયશકિતને છોડે છે?"** એમ કીધું. નરકની પર્યાય થઈ કે સિદ્ધની પર્યાય થાય. તે જીવ તે પર્યાયરૂપે થઈને– પર્યાયરૂપ (જીવદ્રવ્ય) થયું છતાં શું તે દ્રવ્ય, દ્રવ્યત્વભૂત અન્વયશકિતને છોડે છે? આહા...હા! તેનો ભાવ અને ભાવવાન (જીવદ્રવ્યનું) ઈ પર્યાયમાં ભલે આવ્યું છતાં તેનું ભાવવાનપણું એ 'ભાવે' કદી છોડયું છે? આહા...હા! વસ્તુ છે ને...! તત્ત્વ છે ને તત્ત્વ.... અસ્તિ છે ને....! 'સત્'... છે ને...! 'સત્' નું સત્પણું છે ને...! સત્‌પણું રાખીને પર્યાયમાં પ્રવર્તે છે ને...! કે સત્‌પણુ છોડીને પર્યાયમાં પ્રવર્તે છે? આહા...હા! શું શૈલી!! આચાર્યની ટીકા!! **"પરંતુ તે જીવ તે પર્યાયરૂપે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**થઈને''** પર્યાયપણે (આત્મા) થયો. **''શું દ્રવ્યત્વભૂત અન્વયશકિતને છોડે છે?** સિદ્ધપર્યાય થઈ, એથી શું ગુણની – અન્વયશકિત – દ્રવ્યનું દ્રવ્યત્વ છે – એ છોડે છે? કે નરકમાં જઈને – સાતમી નરકે ગયો. પણ તે પર્યાયોમાં વર્તતું દ્રવ્ય, એ દ્રવ્યનું દ્રવ્યપણું – આ અન્વયશકિતઓ શું ત્યાં છોડે છે? આહા...હા! આ ટીકા કહેવાય! જોઈ! આ સિદ્ધાંત!! થોડામાં ઘણું ભર્યું હોય – 'ભાવ'. અમૃતચંદ્રાચાર્ય! દિગંબર સંત! ચાલતા સિદ્ધ!! આહા...હા! એની આ ટીકા છે.

(કહે છે) **(શ્રોતાઃ)** અભવી તો અનાદિ–અનંત મિથ્યાત્વરૂપે જ પરિણમે છે....! **(ઉત્તરઃ)** ભલે પરિણમે. (પણ) દ્રવ્યનું દ્રવ્યત્વપણું છૂટયું છે? ભલે મિથ્યાત્વપણે પરિણમ્યો. પણ દ્રવ્યનું દ્રવ્યત્વ – અન્વયશકિતઓ જે ગુણો છે એમાંથી કંઈ ઓછું (થયું કે) કંઈ છૂટયું છે? **(શ્રોતાઃ)** અનંતકાળથી શું એવો ને એવો છે? **(ઉત્તરઃ)** એવો ને એવો છે ને એવો ને એવો રહેશે, સિદ્ધ થશે તોય એવો ને એવો છે. આહા...હા...હા! (મુકત હાસ્ય...) અને તે પણ પર્યાયમાં દ્રવ્ય વર્તતું કહ્યું એવી ભાષા લીધી છે. છતાં દ્રવ્ય એવું ને એવું છે!! કારણ કે પર્યાય એની સિદ્ધ કરવી છે ને...! પરને લઈને કાંઈ થયું નથી એમાં. આહા...હા...હા! કેટલી.... સાદાઈ અંદર વસ્તુ છે! સાદી વસ્તુ છે!! આહા..હા! એ આવું દ્રવ્ય? દ્રવ્યત્વ – અન્વયશકિતઓવાળું દ્રવ્ય, પર્યાયમાં વર્તતું છતાં – ભલે સાતમી નરકની પર્યાયમાં વર્તતું – કે નિગોદની પર્યાયે વર્તતું કે સિદ્ધની પર્યાયે વર્તતું, કે સર્વાથસિદ્ધિના દેવની પર્યાયમાં વર્તતું – ત્રણજ્ઞાનના ધણી, એકાવતારી! એ પર્યાયપણે પ્રવર્તતું – શું દ્રવ્યનું દ્રવ્યત્વપણું છૂટયું છે? છે? (પાઠમાં) તે પાછો જીવ 'તે પર્યાયરૂપે થઈને' (વળી) પર્યાયરૂપે થઈને **''શું દ્રવ્યત્વભૂત અન્વયશકિતને છોડે છે? નથી છોડતો.''** આહા...હા...હા...હા!

(કહે છે કેઃ) ભગવાન આત્મા, પર્યાયના અંશમાં – ગમે તે પર્યાયમાં હો, પણ ભગવાને પોતે દ્રવ્યત્વભૂત – અન્વયશકિતઓને કદી છોડી નથી. આહા...! જ્ઞાનની પૂરણતા, દર્શનની પૂરણતા, આનંદની પૂરણતા, સ્વચ્છતાની પૂરણતા, પ્રભુતાની પૂરણતા, આહા...હા! એ પર્યાયમાં વર્તતું છતાં આ પૂરણતાને છોડી નથી. આહા...હા..! કો'હિંમતભાઈ! આવું સાંભળ્યું'તું કે દિ'? આહા...! **તારી નજરને આળસે, રહી ગયું છે!** કહે છે. આચાર્ય! વસ્તુ તો એવી ને એવી રહી, પર્યાયમાં વર્તે છે છતાં વસ્તુ તો એવી ને એવી જ રહી છે. આહા...હા! સિદ્ધપણે પરિણમે તો ય વસ્તુ એવી ને એવી રહી છે. તો બીજાની વાત કયાં કરવી? અનંત–અનંત પર્યાયો જયાં અનંતી–અનંતી પર્યાયોની વ્યકતતા અનંતી પૂરણ થઈ ગઈ! અનંત શકિતઓ (જે) છે. અનંત સામર્થ્યવાળો ભાવ દ્રવ્યત્વ – એમાંથી અનંત પૂરણ જ્ઞાન, દર્શન પર્યાય થઈ છતાં વસ્તુએ એનું અન્વયપણું (શું) છોડયું છે? (કદી નથી છોડયું.) આહા...હા...હા! એ વસ્તુ છે તે એકરૂપે છે દ્રવ્ય અને દ્રવ્ય–ગુણ. દ્રવ્ય ને દ્રવ્યગુણ, અન્વયશકિત કહો (એકાર્થ છે.) શું કથન પદ્ધતિ!! આહા...હા! **એક ગાથાએ ન્યાલ કરી નાખે એવું છે!!** તકરાર, વાદવિવાદે પાર ન પડે બાપા! આ વાત તો વસ્તુસ્થિતિની મર્યાદા ભગવાન કહી વર્ણવે છે. આહા...હા! ગમે તે પર્યાયે પરિણમો – સિદ્ધ કે કેવળજ્ઞાનપણે પરિણમે તોય શું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા..હા! કેવું છે કેવળજ્ઞાન? કે એક સમયમાં અનંતા કેવળીઓને જાણે છતાં ત્યાં અન્વયશકિતને કાંઈ ઘસારો થયો છે? (એ તો એવી ને એવી છે.) આહા...હા!

(કહે છે) જ્ઞાનશકિત, દર્શનશકિત, આનંદશકિત, કારણશકિત – એ તો પૂરણ બધી (છે.) કારણદ્રવ્ય છે એમ કારણ શકિત(ઓ) પૂરણ એની (છે.) એમાં કયાંય ઓછી–વત્તી થઈ છે કાંઈ? (ના.) એ દૃષ્ટિમાં લેવું અઘરી વાત છે બાપુ! આહા...! કો'ચીમનભાઈ! હેં? આવી વાત છે. આ બહારની ક્રિયાકાંડ ને... આ ને આ ને...એ વખતે પણ કહે છે કે ક્રિયાકાંડના તારા રાગની પર્યાય થઈ છતાં દ્રવ્ય ને ગુણ તો એવા ને એવા રહ્યા છે આહા...હા...હા! ગ્રહીતમિથ્યાત્વપણે પરિણમો એ – તો અનાદિ છે. તે દ્રવ્ય તે પર્યાયમાં પ્રવર્તે છે. છતાં તે પર્યાયમાં (મિથ્યાત્વ) પરિણમ્યું છે પણ તે દ્રવ્ય ને ગુણ તો તેવાને તેવા જ રહ્યા છે. આહા...હા! એની મોટપને આંચ નથી કયાં'ય. પ્રગટ દશા થાય તો એને આંચ–ઘટી જાય છે એમ નથી. મહાપ્રભુ!! કેવળ થયું સિદ્ધ અનંત–અનંત, અનંત જ્ઞાન અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય જેટલા ગુણો છે તેટલી પર્યાયો – વ્યકિતઓ પૂરણ પ્રગટી, આહા...! છતાં આંહી જે પૂરણ ગુણો છે દ્રવ્યત્વ – એ દ્રવ્યનું દ્રવ્યત્વ અન્વયશકિતઓ સદાય એવી ને એવી છે. આહા...હા! આ વાત બેસારવી ઓછી વાત છે બાપા!

(અહીંયાં કહે છે કે:) **"જો નથી છોડતો તો તે અન્ય કઈ રીતે હોય."** ઈ છોડતો નથી પ્રભુ! પોતાના અનંત ગુણો જે ધ્રુવ છે. અન્વયશકિતઓ – દ્રવ્યત્વ છે. આહા..હા! આ દ્રવ્યત્વ છે (ઈ) ઓલું દ્રવે પર્યાય ઈ નથી હોં? ભાઈ! (ઓલું) દ્રવ્ય–ગુણમાં દ્રવે–દ્રવે આવે છે ને પંચાસ્તિકાય' માં નવમી ગાથા. [**અન્વયાર્થ :– તે તે સદ્ભાવપર્યાયોને જે દ્રવે છે – પામે છે તેને (સર્વજ્ઞો) દ્રવ્ય કહે છે– કે જે સત્તાથી અનન્યભૂત છે.**] દ્રવે છે – વિભાવપણે પરિણમે છે. ઈ અહીંયાં નહીં. (અહીંયાં તો) દ્રવ્યત્વ એટલે એનું ભાવપણું લેવું છે. દ્રવ્ય, દ્રવે છે પર્યાય એમ અહ ીંયાં નથી લેવું. સમજાણું કાંઈ ? અહીંયાં તો દ્રવ્યનું દ્રવ્યપણું કાયમ જે છે – અન્વયશકિતઓ એને શું કાંઈ ઘસારો લાગ્યો છે? નિગોદમાં. (ગયો ત્યારે) અને સિદ્ધ થયો ત્યારે (અન્વયશકિતઓ) વધી! એમાં શું કાંઈ ઓછું–વધારે થયું છે કે (પર્યાયમાં) જ્ઞાન ઓછું–અધિક દેખાય ત્યારે? નિગોદમાં કે પૂર્ણતામાં કાંઈ–કાંઈ ઓછપ આવી છે? (કહે છે ના. એવી ને એવી છે.) આ તે શું વાત છે!! આહા...હા...હા! આ તો ભાઈ! મધ્યસ્થની વાત છે. આગ્રહ છોડીને – પોતે માન્યું હોય એ પ્રમાણે કાંઈ થાય, એમ ન હોય, વસ્તુ જેમ છે તેમ હશે, તેમ(જ) રહેશે. માન્યતા કરી'તી એમ ઈ પ્રમાણે આમાંથી નીકળે એમ નથી. આહા..હા!

(અહીંયાં કહે છે કે:) **"તો તે કઈ રીતે હોય કે જેથી ત્રિકોટિ સત્તા."** જોયું? ત્રિકોટિ સત્તા એટલે **"ત્રણ પ્રકારની સત્તા, ત્રિકાળિક હયાતી."** ત્રણ પ્રકારની સત્તા, આહા...હા! ત્રિકાળ હયાતી! દ્રવ્ય અને અન્વયશકિતઓની ત્રિકાળ હયાતી (છે.) આહા...હા! દ્રવ્યની, દ્રવ્યત્વને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અન્વયશકિતઓની ત્રિકાળ હયાતી (છે.) એકરૂપતા – ત્રિકાળિક હયાતી! આહા...હા! ત્રિકોટિસત્તા – ત્રણ પ્રકારની સત્તા એટલે ભૂત, ભવિષ્ય ને વર્તમાન એમ. ત્રિકાળિક હયાતી **"જેને પ્રગટ છે એવો તે જીવ, તે જ ન હોય? (તે જ હોય.)** ગમે તે પર્યાય હોય વસ્તુ તે જ હોય, વસ્તુ તે જ છે. આહા...હા! કારખાનાં (કસાઈખાનાં) નાખે મોટાં, લાખો ગાયો ને ભેંસુ કાપે. એવાં પાપ! આહાહા! એ પર્યાયમાં વર્તતું દ્રવ્ય, શું દ્રવ્યે દ્રવ્યત્વપણું છોડયું છે? કહે છે. આહા...હા! હા! નથી(છોડયું) એમ કહે છે આત્મા (એવો) નથી એમ કહે છે. એ પર્યાયે –પરિણમન છે. આહા...હા...હા! છતાં એના દ્રવ્યના દ્રવ્યત્વપણામાં કાંઈ ખામી છે? ઈ ભલે ના પાડે. (આચાર્યદેવ ભલે ના પાડે.) છે? (પાઠમાં) ત્રિકોટિસત્તા લીધી ને...! ત્રિકોટિ સત્તા – ત્રણ પ્રકારની સત્તા – ભૂત – ભવિષ્ય ને વર્તમાન. ત્રણેય કાળે એકરૂપ સત્તા છે. આહા...હા! **"ત્યાં જોવાનું છે"** પર્યાય ગમે તે પ્રકારની હોય ત્યાં જોવાનું નથી. (એકરૂપ સત્તા જોવાની છે.) આહા...હા! દ્રવ્ય ને દ્રવ્યત્વ–શકિતઓ તે (અભેદપણે) છે તે જોવાની છે. આહા...! અને તે જોવાથી જ **સમ્યગ્દર્શનજ્ઞાન ને મોક્ષ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.** આહા...હા! કેમ કે ઈ સત્–સત્માંથી સત્ આવે છે. એમ (અહીંયાં) કહેવું છે. આહા...! છતાં સત્માંથી સત્ આવ્યું છતાં–પ્રવર્ત્યું છતાં સત્માં ન્યાં ખામી કાંઈ છે નહીં આહા...હા! ક્ષાયિક સમકિત થયું, કેવળજ્ઞાન થયું લો અરે! ગ્રહીતમિથ્યાત્વ થયું, નાસ્તિક થયો – 'આત્મા નથી' 'હું નથી' એવું પર્યાયમાં પ્રવર્તવા છતાં દ્રવ્યે શું દ્રવ્યત્વપણું – અન્વયશકિતઓ છોડી છે? (નથી છોડી.) આહા...હા..હા! ભાષા તો સાદી પણ ભાવ જરી આકરા છે!

(અહીંયાં કહે છે કે:) **"જેને પ્રગટ છે એવો તે જીવ, તે જ ન હોય? ત્રણે કાળે હયાત એવો જીવ અન્ય નથી."** અનેરો નથી **તેનો તે જ છે."** તેનો...તે...જ...છે આહા...હા...હા! શું વસ્તુની સ્થિતિ'!! સમયસારમાં ય છે પણ આ પ્રવચનસાર! (પણ અલૌકિક આગમ!)વળી છે નિયમસાર! 'નિયમસાર' (માં કહ્યું) સ્વરૂપપ્રત્યક્ષ ઈ ત્રિકાળ (છે.) **('નિયમસાર' ગાથા ૧૨ ટીકા)** આહા..હા! સ્વરૂપદષ્ટિ એ ત્રિકાળસ્વરૂપ! અરે! ત્રિકાળી ઉપયોગમાં તો એમ લીધું'તું ને ભાઈ! કે જ્ઞાનદર્શન ત્રિકાળ છે એ પોતપોતાને જાણે છે. ઈ ગુણ જાણે છે એટલું! ગુણ, સ્વરૂપ છે પૂરણ એને જાણે છે. તેવું એનું સામર્થ્ય છે. પર્યાયની વાત નહીં. આહા..હા..હા! ઉપયોગમાં છે પહેલી શરૂઆતમાં **('નિયમસાર' ગાથા ૧૦, ૧૨, ૧૩)** વસ્તુ પોતે જે છે એમાં જે જ્ઞાન–દર્શન અનંતા ગુણો રહેલા જે – અનંત અન્વયરૂપે છે તેને તે જ્ઞાન ને દર્શન જાણે ને દેખે છે. એ એવી તાકાતવાળું છે. પર્યાય નહીં (તેની વાત નથી) અન્વયશકિતનું સ્વરૂપ જ એવું છે કહે છે. આહા...હા! આમાં તો ધીરજ જોઈએ બાપુ! ત્યારે તો માલ (હાથ આવે.) આ તો પૂર્વના આગ્રહ કર્યા હોય બધા, (એ બધા પર) મીંડાં મૂકે ત્યારે બેસે એવું છે 'આ'. આહા...! આવી વસ્તુની સ્થિતિ જ છે'. પરમાત્મા! ત્રિલોકનાથ! જે કહ્યું તે સંતો કહે છે. આહા...હા! જિનેશ્વર એમ કહે છે એમ બોલ્યા ને... સંતો! જિનેશ્વર એમ કહે છે બાકી (પ્રભુ!) તમે કહો છો ઈ (પણ) કયાં ઓલું–ખોટું છે! પણ વાસ્તવ(દર્શી) આપે છે પ્રભુનો! ત્રિલોકનાથ! સર્વજ્ઞદેવ! પરમેશ્વર એમ કહે છે. ગમે તે પર્યાયમાં દ્રવ્ય પ્રવર્તે છતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્ય, દ્રવ્યપણું કંઈ ઓછું (અધિક) થયું છે? (તો કહે છે ના.) આહા...હા! ત્રણે કાળે તે રીતે ને એક ચીજપણે રહી છે. આહા...હા! **એવી અંતર્દષ્ટિ થવી, ગમે તે પર્યાયમાં હો પણ આ દૃષ્ટિ થવી – એ તે છે એવી દૃષ્ટિ થવી – દૃષ્ટિ – એવડો ઈ છે. છે તેને તેવડો માનવો ઈ કાંઈ સાધારણ વાત નથી ભાઈ! આહા...હા! મહા પુરુષાર્થ છે! ઈ ત્રણે કાળે હયાત – એવો ને એવો છે!! આહા...હા!**

વાત કરશે....

ૐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પ્રવચન : તા. ૮–૭–૭૯.

'પ્રવચનસાર' ગાથા–૧૧૨ નો ભાવાર્થ. ટીકા આવી ગઈ છે.

શું કહે છે? **"ભાવાર્થ :– જીવ મનુષ્ય–દેવાદિક પર્યાયે પરિણમતાં છતાં અન્ય થઈ જતો નથી."** ભગવાન આત્મા! દ્રવ્યસ્વરૂપ છે જે ત્રિકાળ. એ મનુષ્યની પર્યાયને પામે કે દેવની પામે કે સિદ્ધની પામે, પણ કાંઈ તે વસ્તુ અન્ય થઈ જતી નથી. પર્યાયપણે પરિણમે એમ ભિન્ન ભિન્ન. વસ્તુ તો એની એ – એવડી ને એવડી – એવી ને (એવી) એ વસ્તુ છે. આહા...હા! **"જીવ મનુષ્ય દેવાદિક"** દેવાદિકમાં તિર્યંચ–નારકી એના પર્યાયે પરિણમતાં છતાં–અવસ્થામાં– અવસ્થારૂપે થવા છતાં (આત્મા) અન્ય થઈ જતો નથી. અનેરી ચીજ થઈ જતી નથી. આહા...હા! જીવદ્રવ્ય તો જીવદ્રવ્યરૂપે ત્રિકાળ છે. આહા...! ભગવત્સ્વરૂપ! અહીંયાં તો પર્યાયોરૂપે પરિણમે છે એમ કહ્યું. 'નિયમસાર' માં તો એમ કહ્યું કે જે મોક્ષ અને સંવર–નિર્જરા આદિની પર્યાય છે એ પરદ્રવ્ય છે. કેમ કે સ્વદ્રવ્ય જે છે ત્રિકાળ! સચ્ચિદાનંદ પ્રભુ! એકરૂપ સ્વભાવ–જ્ઞાયક પરમ પારિણામિક સ્વભાવ, એ સ્વદ્રવ્ય છે. અને મોક્ષની પર્યાય, સંવર–નિર્જરાની પર્યાય (પરદ્રવ્ય છે.) **('નિયમસાર' ગાથા–૪૧ અન્વયાર્થ :– જીવને ક્ષાયિકભાવનાં સ્થાનો નથી, ક્ષયોપશમ–સ્વભાવનાં સ્થાનો નથી, ઔદયિકભાવનાં સ્થાનો નથી કે ઉપશમસ્વભાવનાં સ્થાનો નથી.)** (આમ છે છતાં) અહીંયાં કહે છે કે જીવ(પર્યાયોમાં) પ્રવર્તે છે. આહા...હા...હા! પર્યાય એની છે. ઈ કાંઈ કરમથી થઈ છે કે કાંઈ સંયોગો – બીજી ચીજથી થઈ છે (એ પર્યાયો કે) સિદ્ધની કે નર્કની (કે અન્ય પર્યાય) સંયોગી ચીજથી થઈ છે એમ નથી. છતાં તે અનેરી અનેરી પર્યાયે, સ્વયંસિદ્ધ પોતે (સ્વતઃ) પરિણમે (છે) છતાં વસ્તુ(આત્મા) અન્ય–અન્ય થઈ જતી નથી. આહા...હા...હા!

(કહે છે) બહારની તો વાત જ શી કરવી? શરીર ને વાણી ને મનના બધાં – જડ જુદી જુદી અવસ્થાએ થાય એ તો બધાં જડ–પર, પણ આત્મા પોતે એ પાંચ પર્યાયપણે થાય. નારકીપણે, મનુષ્યપણે, તિર્યંચપણે, દેવપણે ને સિદ્ધપણે – એ પાંચ (પ્રકારની) પર્યાયપણે પરિણમતાં છતાં (આત્મા) અન્ય થઈ જતો નથી. દ્રવ્ય બીજું થઈ જાય છે એમ નથી. આહા...! ત્યાં **('નિયમસાર' શુદ્ધભાવ અધિકાર)** ગાથા–૩૮ માં તો એમ કહ્યું **जीवादिबहितच्चं** પરદ્રવ્ય છે. ઈ તો ટીકાકારે કહ્યું. ટીકાકારે નાખ્યું છે કયાંથી? કે ('નિયમસાર') ૫૦ મી ગાથામાં નાખ્યું છે ને....! કુંદકુંદાચાર્યે પોતે નાખ્યું છે. **('નિયમસાર' ગાથા–૫૦ અન્વયાર્થ :– પૂર્વોકત સર્વ ભાવો પરસ્વભાવો છે, પરદ્રવ્ય છે, તેથી હેય છે; અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય – આત્મા – ઉપાદેય છે.)** ભગવાન આત્મા! નિત્યાનંદ ધ્રુવ! એની અપેક્ષાએ જેટલી પર્યાયો થાય, એ બધી પરદ્રવ્ય, પરભાવ હેય છે. (તો એને તો) પોતે ભગવાન કુંદકુંદાચાર્યે પરદ્રવ્ય કહ્યું. તો એનો (આધાર) લઈને जीवादिबहितच्चं પરદ્રવ્ય છે એમ કીધું. ઈ તો ટીકાકાર પરદ્રવ્ય કહે, પણ આચાર્ય પોતે (મૂળ પાઠમાં) કહી ગયા છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અર્થાત્) કહેવાના છે. (ગાથા) પચાસમાં. આ તો ૩૮ માં (કહ્યું છે.) આહા...હા! સ્વદ્રવ્ય, ભગવાન (આત્મા) ધ્રુવ! ટંકોત્કીર્ણ,વજ્રનું બિંબ! જેમ એકરૂપ હોય, જેમાં પર્યાયનો પ્રવેશ નથી, છતાં પર્યાય છે. આહા...હા! વસ્તુ ભગવાન આત્મા! **દૃષ્ટિના વિષય માટે છે જે દ્રવ્ય, એ તો પર્યાયપણે પરિણમે પણ એનું લક્ષ ત્યાં નથી. સંવર–નિર્જરાપણે પરિણમે તે (પરિણામ–પર્યાય) ઉપર સમકિતી–જ્ઞાનીને તેનું લક્ષ નથી. જ્ઞાન બરાબર કરે. જ્ઞાન તો છ દ્રવ્યનું ય કરે. (એ જ્ઞાન) કરવા છતાં એક સ્વદ્રવ્ય જે ચૈતન્યપ્રભુ! ઈ કોઈ(પણ) પર્યાયે થતો નથી માટે એકરૂપ છે, એવી દૃષ્ટિ ધર્મીની કદી ખસતી નથી!! આહા!** અને એ દૃષ્ટિ ખસે તો ઈ પર્યાયબુદ્ધિ – મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. આહા..હા! એ કીધું (હવે કહે છે.)

(અહીંયાં કહે છે કેઃ) **"અનન્ય રહે છે"** અનેરી–અનેરી પર્યાયપણે પરિણમવા છતાં – અરે, નિગોદની, એકેન્દ્રિયની, તિર્યંચની – એ તો (આગળ) આવી ગયું ને...! તિર્યંચમાં ઈ આવી ગયું. નિગોદની–લસણ ને ડુંગળી, એની એક કટકીમાં અનંતાજીવ (એવો) એક જીવ અક્ષરના અનંતમા ભાગમાં વિકાસ હોવા છતાં જીવદ્રવ્ય અનેરું થતું નથી. આહા...હા! (જીવ) પર્યાયમાં પરિણમ્યું છે. એમ કહેવાય, ઈ અહીંયાં કીધું છે. **('દ્રવ્ય પર્યાયોમાં વર્તતું હોવાથી')** પર્યાયમાં વર્તે છે. આગળ તો કહેશે (ગાથા એકસો) તેરમાં તો ઈ પર્યાયનું કરણ–સાધન ને કર્તા તો દ્રવ્ય છે. **(–ગાથા–૧૧૩ ટીકા 'કે જે પર્યાયોના સ્વરૂપનું કર્તા, કરણ અને અધિકરણ હોવાને લીધે પર્યાયથી અપૃથક્ છે')** એમ કહેશે. આહા...હા! આહા...હા! પાછળ છે છેલ્લી છે. એ પર્યાયનું એક બાજુ એમ કહે પર્યાયનું ષટ્કારક પરિણમન, દ્રવ્ય ને ગુણની અપેક્ષા વિના સ્વતંત્ર છે. એક બાજુ એમ કહે કે દ્રવ્ય પોતે તે પર્યાયમાં પરિણમે છે. પરિણમે છતાં દ્રવ્ય એમ થતું નથી. આહા..હા! પર્યાયને પરદ્રવ્ય કહીને, પરદ્રવ્યરૂપે પરિણમે છે છતાં ઈ દ્રવ્ય છે સત્ ઈ અનેરાપણે થતું નથી. આહા...હા..હા! એની પોતાની પર્યાય જે પાંચ (પ્રકારની) છે એ–પણે થવા છતાં, દ્રવ્ય એમ થતું નથી. તો બીજા પદાર્થ– સંયોગની તો વાત શી કરવી? કે સંયોગને લઈને આમ થયું – સંયોગને લઈને આમ થયું – કર્મનો ઉદય આકરો આવ્યો માટે આમ થયું – આહા...! દુશ્મન એવો પ્રતિકૂળ આવ્યો કે ખરેખર સૂતા'તા ને માર્યો! આ જ તો એવું સાંભળ્યું ઓલા કાન્તિભાઈનું કયારે મરી ગયા ખબર નથી કહે. એમ કે રાતે થઈ ગયો અકસ્માત કહે. સવારે દૂધવાળી આવી તે કહે કે કાન્તિભાઈનું માથું આમ કેમ થઈ ગયું છે? દૂધ દેવાવાળાએ (કીધું). ત્યાં જયાં જોવે તે ખલાસ ભાઈ! કાંઈ નથી. કયારે દેહ છૂટયો? આહા...હા! જે સમયે દેહ છૂટવાનો તે સમયે દેહ છૂટશે. આહા..હા! ઈ પહેલું ખબર દઈને છૂટશે? કે ભઈ લો હવે હું આ સમયે છૂટવાનું છું.

અહીંયાં તો કહે છે કે જે દ્રવ્ય પર્યાય–પણે પરિણમ્યું છે. પરિણમ્યું છે (તે પર્યાયોમાં) દ્રવ્ય વર્તે છે. છતાં દ્રવ્ય તો દ્રવ્યપણે રહે છે, દ્રવ્ય અનેરું થતું નથી. કયાં (એક જીવની) નિગોદની પર્યાય ને કયાં સિદ્ધની પર્યાય, આમ હોવા છતાં દ્રવ્ય તો તેનું તે જ ને એનું એ રહ્યું છે. આહા..હા! તિર્યંચની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય (કીધી ને) એટલે નિગોદની. સિદ્ધની પર્યાય કેવળજ્ઞાનની આહા...! એ જીવ મનુષ્ય, દેવાદિક – એ પાંચ (પર્યાયોપણે) પરિણમતાં છતાં અન્ય થતો નથી (કોણ?) દ્રવ્ય–જીવ. **"અનન્ય રહે છે તેનો તે જ રહે છે"** તેવો ને તેવો જ રહે છે. આહા...હા! **'અનન્ય રહે છે'** અને **"તેનો તે જ રહે છે"** આહા...હા! આ **'જ્ઞેય અધિકાર' છે.** જ્ઞેયની મર્યાદા સ્વતંત્ર છે. ગમે તે પર્યાયો–રૂપે પરિણમે છતાં દ્રવ્ય તો દ્રવ્યરૂપે જ રહે છે. દ્રવ્ય અનેરું થતું નથી, તેનું બીજું થતું નથી, બીજી રીતે થતું નથી. **"તેનો તે જ રહે છે"** આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"કારણ કે તે જ આ દેવનો જીવ છે, જે પૂર્વભવે મનુષ્ય હતો"** આહા..હા! આચાર્યોની સ્થિતિ તો આચાર્યદેવ દેહ છૂટીને દેવમાં જવાના છે. પંચમઆરાના છે ને...! તો ઈ દેવપર્યાય થઈ, એ પૂર્વભવે મનુષ્ય હતા. એ જીવ જ પૂર્વભવે મનુષ્ય હતો. આહા...! **"અને અમુક ભવે તિર્યંચ હતો" – એમ જ્ઞાન થઈ શકે છે."** આહા..હા! **"આ રીતે, જીવની માફક."** જીવનું દૃષ્ટાંત દીધું અહીંયાં તો (એમ) **"દરેક દ્રવ્ય પોતાના સર્વ પર્યાયોમાં તેનું તે જ રહે છે"** પરમાણુ આદિ દરેક દ્રવ્ય, પોતાના સર્વ પર્યાયો – અવસ્થામાં, ગમે તેવી પર્યાયમાં વર્તતું હોય પણ **"તેનું તે જ"** દ્રવ્ય રહે છે. આહા...હા...હા!

(કહે છે) પરમાણુ વીંછીના ડંખ–પણે પરિણમે અને (એજ પરમાણુ) મેસુબની પર્યાય–પણે પરિણમે, પણ પરમાણુ (દ્રવ્ય) તો તેનો તે જ ને તેવડો ને તેવડો (એવો ને એવો) જ રહે છે. આહા..હા! એકવાર ઈ પરમાણુ સર્પની દાઢમાં ઝેર–પણે પરિણમેલો હોય છે. આહા...હા! છતાં પરમાણુ તો તેનો તે જ – તે રીતે જ રહ્યો છે. અને એ પરમાણુ સાકરની પર્યાયપણે પરિણમે. આહા...હા! તો દ્રવ્ય છે તે તો તેનું તે જ રહ્યું ને તેવું ને તેવું જ રહ્યું છે. દ્રવ્યમાં કંઈ ઓછું–વત્તું કે ઘાલમેલ થઈ નથી. આહા...હા! **આવી અંદર પ્રતીતિ, પર્યાયપણે દ્રવ્ય વર્તે છતાં દ્રવ્ય, દ્રવ્યમાં છે આહા..હા! એવી દૃષ્ટિનું પરિણમન થવું – એ એનું તાત્પર્ય છે.**

(કહે છે કે:) આનું તાત્પર્ય શું? કે (વસ્તુસ્થિતિ) આમ છે, આમ છે. એનું તાત્પર્ય આ છે. આહા..હા! ઈ ગમે તે મનુષ્યની પર્યાય–પણે તું હો (પણ) પ્રભુ! તું આત્મા તો તેવો ને તેવો જ રહ્યો છો. ગરીબને ઘરે – માગી ખાય ત્યારે રોટલા મળે. અને લૂલો હોય – પાંગળો હોય, આંધળો હોય. આહા...હા! ઈ શરીરની અવસ્થા છે. અંદરમાં એ જાતની યોગ્યતા (છે.) છતાં (આત્મ) દ્રવ્ય તો તેવું ને તેવું જ છે. આહા...હા! ગમે તે અવસ્થા (હો) આ પરમાણુ (શરીરના) એક વાર વીંછીના ડંખપણે પરિણમેલા હતા. આ પરમાણુ સર્પની દાઢમાં ઝેર–રૂપે થયેલા હતા. અત્યારે આ (શરીરની) પર્યાયપણે છે છતાં વસ્તુ (પરમાણુદ્રવ્ય) છે ઈ છે એવી ને એવી છે. આહા...હા! (અવસ્થાઓમાં) કેટલો ફેર! પર્યાયનો કેટલો ફેર! ઈ તો પર્યાયનો ફેર, વસ્તુનો ફેર કાંઈ નથી. આહા...હા! આવું સ્વરૂપ છે (જ્ઞેયોનું.) આ 'જ્ઞેય અધિકાર' છે. જ્ઞેય છે ઈ દ્રવ્ય તરીકે તે એવું ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એવું સદા કાળ ત્રણ લોકમાં (રહ્યું છે.) આહા..હા! ગમે તે સ્થિતિ પર્યાયમાં (હોય) ભંગીની અવસ્થા થાય, વિષ્ટા ઉસેડે, પાયખાને(થી) એવી પર્યાય થાય પર્યાય. ઈ ક્રિયા તો જડની છે. આહા...હા! એ પર્યાય થવા છતાં વસ્તુ તો જેવી છે એવી જ રહી છે. આહા...હા! અને એક તીર્થંકરનો જીવ, ત્રણ જ્ઞાન ને ક્ષાયિકની પર્યાય વખતે આહા...હા! માતાના ઉદરમાં આવે છે. (ગર્ભમાં) સવા નવ મહિના રહે છે. એવી ભલે પર્યાય હોય કહે છે, છતાં દ્રવ્ય તો તેવું ને તેવું છે એમાં અંદર. આહા..હા! વિસ્મય! આશ્ચર્યકારી વાત છે! સર્વજ્ઞ સિવાય, આવું કોઈએ જોયું નથી ને જાણ્યું નથી. કલ્પનાની વાતું કરી એ કાંઈ વસ્તુની સ્થિતિ નથી. આહા..હા!

(અહીંયાં કહે છે કેઃ) **"આ રીતે, જીવની માફક, દરેક દ્રવ્ય પોતાના સર્વ પર્યાયોમાં તેનું તે જ રહે છે, અન્ય થઈ જતું નથી – અનન્ય રહે છે"** (ઓહોહોહો) અનન્ય રહે છે. અનેરું નહીં એમ. **"આમ દ્રવ્યનું અનન્યપણું હોવાથી દ્રવ્યનો સત્–ઉત્પાદ નક્કી થાય છે."** ભગવાન આત્મા! તેનો તે હોવાથી તે દ્રવ્યનો સત્–ઉત્પાદ, છે એમાંથી થાય છે. ઈ સત્–ઉત્પાદ અન્વયશક્તિ અંદર શક્તિરૂપે હતી સત્પણે તે આવી છે. ઈ સત્–ઉત્પાદ છે. એને બહારના કોઈ સંયોગોને કારણે સત્–ઉત્પાદ થયો છે એમ નથી. આહા...હા!

વિશેષ કહેશે....

ॐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે અસત્–ઉત્પાદને અન્યપણા વડે (અન્યપણા દ્વારા) નક્કી કરે છે :–

मणुवो ण होदि देवो वा माणुसो व सिद्धो वा ।
एवं अहोज्जमाणो अणण्णभावं कधं लहदि ॥११३॥

मनुजो न भवति देवो देवो वा मानुषो वा सिद्धो वा ।
एवमभवन्ननन्यभावं कथं लभते ॥११३॥

**માનવ નથી સુર, સુર પણ નહિ મનુજ કે નહિ સિદ્ધ છે;**
**એ રીત નહિ હોતો થકો કયમ તે અનન્યપણું ધરે? ૧૧૩.**

## ગાથા ૧૧૩

**અન્વયાર્થ** :– (**मनुजः**) મનુષ્ય તે (**देवः न भवति**) દેવ નથી,(**वा**) અથવા (**देवः**) દેવ તે (**मानुषः वा सिद्धः वा**) મનુષ્ય કે સિદ્ધ નથી; (**एवम् अभवन्**) એમ નહિ હોતો થકો (**अनन्यभावं कथं लभते**) અનન્ય કેમ હોય?

**ટીકા** :– પર્યાયો પર્યાયભૂત સ્વવ્યતિરેકવ્યક્તિના કાળે જ સત્ (–હયાત) હોવાને લીધે તેનાથી અન્ય કાળોમાં અસત્ જ (–અહયાત જ) છે. અને પર્યાયોનો દ્રવ્યત્વભૂત અન્વયશક્તિ સાથે ગૂંથાયેલો (–એકરૂપપણે જોડાયેલો) જે ક્રમાનુપાતી (ક્રમાનુસાર) સ્વકાળે ઉત્પાદ થાય છે તેમાં પર્યાયભૂત સ્વવ્યતિરેકવ્યક્તિનું પૂર્વે અસત્પણું હોવાથી, પર્યાયો અન્ય જ છે. માટે પર્યાયોના અન્યપણા વડે દ્રવ્યનો – કે જે પર્યાયોના સ્વરૂપનું કર્તા, કરણ અને અધિકરણ હોવાને લીધે પર્યાયોથી અપૃથક્ છે તેનો – અસત્ ઉત્પાદ નક્કી થાય છે.

આ વાતને (ઉદાહરણ વડે) સ્પષ્ટ કરવામાં આવે છે :

મનુષ્ય તે દેવ કે સિદ્ધ નથી, દેવ તે મનુષ્ય કે સિદ્ધ નથી; એ રીતે નહિ હોતો થકો અનન્ય (તેનો તે જ) કેમ હોય, કે જેથી અન્ય જ ન હોય અને જેથી મનુષ્યાદિ પર્યાયો જેને નીપજે છે એવું જીવદ્રવ્ય પણ – વલયાદિ વિકારો (કંકણ વગેરે પર્યાયો) જેને ઊપજે છે એવા સુવર્ણની જેમ – પદે પદે (પગલે પગલે, પર્યાયે પર્યાયે) અન્ય ન હોય? જેમ કંકણ, કુંડળ વગેરે પર્યાયો અન્ય છે (–ભિન્નભિન્ન છે, તેના તે જ નથી) તેથી તે પર્યાયો કરનારું સુવર્ણ પણ અન્ય છે, તેમ મનુષ્ય, દેવ વગેરે પર્યાયો અન્ય છે તેથી તે પર્યાયે કરનારું જીવદ્રવ્ય પણ પર્યાય–અપેક્ષાએ અન્ય છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થ** :– જીવ અનાદિ–અનંત હોવા છતાં, મનુષ્યપર્યાય કાળે દેવપર્યાયની કે સ્વાત્મોપલબ્ધિરૂપ સિદ્ધપર્યાયની અપ્રાપ્તિ છે અર્થાત્ મનુષ્ય તે દેવ કે સિદ્ધ નથી માટે તે પર્યાયો અન્ય–અન્ય છે. આ રીતે પર્યાયો અન્ય હોવાથી, તે પર્યાયોનો કરનાર, સાધન અને આધાર એવો જીવ પણ પર્યાય – અપેક્ષાએ અન્યપણાને પામે છે. આ રીતે, જીવની માફક, દરેક દ્રવ્યને પર્યાય–અપેક્ષાએ અન્યપણું છે. આમ દ્રવ્યને અન્યપણું હોવાથી દ્રવ્યને અસત્–ઉત્પાદ છે એમ નિ શ્ચિત થાય છે. ૧૧૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૮–૭–૭૯.

'પ્રવચનસાર'. ૧૧૩ ગાથા.

**હવે અસત્–ઉત્પાદને અન્યપણા વડે (અન્યપણા દ્વારા) નક્કી કરે છે :–** અસત્–ઉત્પાદ થાય છે પણ અનેરી–અનેરી અનેરી અવસ્થા છે, પર્યાયે. આહા..હા! ઓલા સત્–(ઉત્પાદ) પણામાં તો જેવી છે તેવી પર્યાય આવી. અને હવે આ તો અસત્–ઉત્પાદ (કહે છે.) પર્યાય આમ નહોતી પર્યાય એવી પર્યાય થઈ. એ અસત્–ઉત્પાદ (છે.) અસત્–ઉત્પાદમાં અન્યપણા વડે – અનેરાપણા વડે ઈ વખતે જીવદ્રવ્ય ઈ નો ઈ રહ્યો. પણ પર્યાય તરીકે બીજો (અન્ય) થઈ ગયો! આહા...હા! ક્યાં ઈ સર્વાર્થસિદ્ધિના દેવનો જીવ, અને ક્યાં એક નરક–નિગોદ ને સાતમી નરકનો જીવ, પર્યાયે? (એ અસત્–ઉત્પાદ હોવા છતાં દ્રવ્ય તો ઈ ને ઈ જ છે.) એને વિશ્વાસ બેસવો (કે) તત્ત્વ આવું જ છે. પરના સંયોગ વિના, આવી એકદમ પર્યાય સિદ્ધની થાય, દેવની થાય, નિગોદની થાય – એમાં કોઈ સંયોગોને કારણે (એ થાય) છે એમ નથી. તે તે સમયના તે (તે) ઉત્પાદ – છે એમાંથી થાય ઈ અપેક્ષાએ સત્–ઉત્પાદ છે. હવે નો'તી ને થઈ, એ અસત્–ઉત્પાદ છે. પર્યાયની અપેક્ષાએ. (હવે આ ગાથામાં) ઈ કહે છે.

**मणुवो ण होदि देवो देवो वा माणुसो व सिद्धो वा ।**
**एवं अहोज्जमाणो अणण्णभावं कधं लहदि ॥११३॥**

**માનવ નથી સુર, સુર પણ નહિ મનુજ કે નહિ સિદ્ધ છે;**
**એ રીત નહિ હોતો થકો કયમ તે અનન્યપણું ધરે? ૧૧૩.**

એનું એ પર્યાય કેમ રહે? એમ કહે છે. પર્યાય તો જુદી (જુદી થાય જ ને...! આહા..હા! એકવાર સ્ત્રીનું શરીર પામે ને....! ભંગીનું શરીર પામે, વિષ્ટા (ઉપાડે.) આહા...હા! પણ એની પર્યાય જે છે તે છે. ઈ અનેરી–અનેરી પર્યાય થઈ છે. આહા...! વસ્તુ અનેરી થઈ નથી. આહા...હા...હા...હા! આ 'જ્ઞેયનો વિષય' છે. જ્ઞેયના સ્વરૂપની મર્યાદા આ છે. આહા...હા! આમ.... કેમ? એવો જેમાં અવકાશ નથી. આહા...! (હવે) એની ટીકા.

**ટીકા :– "પર્યાયો"** (શું કહ્યું?) પર્યાયો બહુવચન છે. બધી પર્યાય છે. **"પર્યાયો પર્યાયભૂત"** અવસ્થાસ્વરૂપ **"સ્વવ્યતિરેકવ્યકિતના કાળે જ"** સ્વવ્યતિરેકવ્યકિત (એટલે) પહેલાથી ભિન્ન વ્યકિતના કાળે જ "સત્ (હયાત) હોવાને લીધે જુઓ આ ક્રમબદ્ધ! આ તો અધ્યાત્મનો ગ્રંથ છે. આ કાંઈ વારતા નથી. આ તો સર્વજ્ઞ પરમેશ્વર, ત્રિલોકનાથ જેણે એક સમયમાં, ત્રણ કાળ ત્રણ લોક જાણે એવી પર્યાય પ્રગટ કરી – તો પણ કહે છે પર્યાય છે તે ઈ અનેરી–અનેરી (છે.) ઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પર્યાય અનેરી છે. પહેલાં નો'તી ને થઈ છે. એ અપેક્ષાએ પર્યાયને અસત્–ઉત્પાદ કહેવાય છે. ઓલામાં આવે છે ને...! 'પંચાસ્તિકાય' (માં) અભૂતપૂર્વ! ઈ બીજી અપેક્ષાએ. સિદ્ધપર્યાય અભૂતપૂર્વ (કીધી કેમકે) પૂર્વે નો'તી ને થઈ છે. આહા..હા! અનંતકાળમાં કોઈ દિ' સિદ્ધદશા (કે જે) અનંત જ્ઞાન–આનંદ અનંત–અનંત શકિતઓનું વ્યકતપણું પૂરણ અનંતકાળમાં કોઈ દિ',થયું નહોતું. એ થાય છે – એ પર્યાયપણે અનેરું થયું છે. દ્રવ્ય તરીકે ભલે એનો એ છે. પણ પર્યાય તરીકે દ્રવ્ય અનેરું થયું છે. આહા..હા! લેબાશ એનો ઈ પર્યાયનો એ આવ્યો છે. આહા..હા! દીર્ઘદષ્ટિની વાત છે અહીંયાં તો ભાઈ! લાંબી દૃષ્ટિ કરે (તો સમજાય તેવું છે.) વર્તમાન પર્યાયમાં–કહે છે. **"પર્યાયો પર્યાયભૂત"** એટલે પર્યાયો છે. **"સ્વવ્યતિરેકવ્યકિતના"** એટલે ભિન્ન ભિન્ન (વ્યકિતના) આત્મા અને (છ) દ્રવ્ય જે છે એની દ્રવ્યત્વ – અન્વયશકિતઓ તો ત્રિકાળ છે, એ વ્યતિરેક નથી. ભિન્ન ભિન્ન નથી. આત્મા અને પરમાણુઓમાં – દ્રવ્યત્વપણું – એની અન્વયશકિતઓપણું – ગુણશકિતઓપણું એ તો ત્રિકાળ છે. એમાં અનેરાપણું, એમાં નથી. આહા...હા! આ તો **"પર્યાયો પર્યાયભૂત સ્વવ્યતિરેકવ્યકિતના"** સ્વ (વ્યતિરેક એટલે) ભિન્ન વ્યકિત નામ પ્રગટને **"કાળે જ સત્'** છે. એ કાળે જ તે પર્યાય સત્ છે. પહેલાં નો'તી ને થઈ માટે અસત્–ઉત્પાદ (કહ્યો પણ) તે કાળે જ સત્ છે. આહા...હા!

(કહે છે કે:) અહીંયા હોય ચક્રવર્તી એક સમયે, બીજે સમયે સાતમી નરકનો નારકી(થાય.) આહા...! રતનને ઢોલિયે સૂતો હોય, દેવ ખમ્મા–ખમ્મા કરતો હોય, છન્નું હજાર રાણીઓ. એક રાણીની હજાર દેવ સેવા (કરતા હોય). ઈ આમ પડયો હોય (રતનને ઢોલિયે). બહારની દશાની વાત નથી આ તો અંતરની (કે) એ બીજે સમયે સાતમી નરકનો નારકી (થાય.) આહા...હા! (એકદમ) અનેરી–અનેરી પર્યાયપણે! (તો) કહે છે કે આટલો બધો ફેર પડે છે તેથી કોઈ સંયોગને કારણે તે (ફેર) છે એમ નથી ઈ કહેશે હમણાં (ટીકામાં) સમજાણું કાંઈ?

આહા...હા! તે **"કાળે જ સત્ (–હયાત) હોવાને લીધે તેનાથી અન્ય કાળોમાં અસત્ જ (–અહયાત જ છે.)"** જે કાળે, જે પર્યાય છે તે કાળે જ તે સત્ છે. બીજા કાળે તે અસત્ છે. પર્યાયની અપેક્ષાએ (અસત્–ઉત્પાદ છે) દ્રવ્યની અપેક્ષાએ સત્–ઉત્પાદ કહ્યો'તો. છે તે ઊપજે છે અહીંયાં તો નથી તે ઊપજે છે, પર્યાય નો'તી ને ઊપજે છે. આહા...હા! આ વીતરાગનો અનેકાંત મારગ!! એ વસ્તુની સ્થિતિ એવી છે. કેટલાક લોકો એમ કહે છે (કે) બધા મારગો ભેગાં કરીને ભગવાને આવું અનેકાંતપણું પ્રરૂપ્યું!! આહા...હા...હા! એમ કહે છે પંડિતો અત્યારે (કેટલાક) કે એકાંત – (વેદાંત) દ્રવ્યનું એકાંત (બૌદ્ધ) પર્યાયનું એકાંત – એમ બધાનું ભેગું કરીને અનેકાંત કર્યું! (પણ એમ નથી ભાઈ!) એમને તો કેવળજ્ઞાન થયું ત્યારે વસ્તુ જે પ્રમાણે છે તે પ્રમાણે (કેવળજ્ઞાનમાં) જણાણી છે. જણાણી એવી વસ્તુ આ વાણી દ્વારા આવી છે. એમાંથી આગમ રચાણા છે. (એ) આગમને સાંભળીને (સમજીને) ભવ્ય જીવો સંશય નિવારે (છે.) આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"અને પર્યાયોનો દ્રવ્યત્વભૂત અન્વયશકિત સાથે ગૂંથાયેલો**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**(–એકરૂપપણે જોડાયેલો) જે ક્રમાનુપાતી (ક્રમાનુસાર)** પર્યાય જે થાય – એમાં દ્રવ્યનું દ્રવ્યત્વભૂત – દ્રવ્યપણું (અર્થાત્) સત્નું સત્પણું, ભાવનું ભાવવાનપણું જે આગળ આવી ગયું છે તે દ્રવ્યત્વભૂત **"અન્વયશકિત સાથે ગૂંથાયેલો (–એકરૂપપણે જોડાયેલો) જે ક્રમાનુપાતી ક્રમાનુસાર** (એટલે) એ અન્વયની સાથે પર્યાય (વ્યતિરેક) જોડાયેલી છે. (પર્યાય) ત ન અધ્ધરથી આમ (આધાર વિના) થઈ છે એમ નથી. આહા...હા! પહેલી નો'તી ને થઈ માટે અન્વય સાથે કાંઈ સંબંધ જ નથી એમ નહીં. આહા...હા! અન્વય એટલે ગુણો. આહા! આ બધી ભાષા જુદી જાત છે. પર્યાયપણે અસત્ છતાં તે વ્યતિરેકો પર્યાય **"અન્વયશકિત સાથે (ગૂંથાયેલો) એકરૂપપણે જોડાયેલો જે ક્રમાનુપાતી ક્રમાનુસાર સ્વકાળે ઉત્પાદ થાય છે."** આહા...હા! તે જ કાળે તે પર્યાય, સ્વકાળે ઉત્પન્ન થાય. આહા...હા! **હવે આમાં કયાં આડું અવળું? બીજાને લઈને તો આડું–અવળું નથી. (ક્રમબદ્ધ છે.)** શું કીધું? સમજાણું? સંયોગો એકદમ ફર્યા માટે પર્યાય ફરી, ઈ વાત તો છે જ નહીં, એમાં પણ એની પર્યાય પણ પરથી નથી. સ્વકાળે જે ઉત્પન્ન (પર્યાય) એની અન્વયશકિતઓ – જે તેના ગુણો છે તેના સંબંધેથી પર્યાય ઉત્પન્ન થાય છે, પોતે થાય છે પણ અન્વયશકિત સાથે સંબંધ છે. આહા...હા! અન્વયશકિત સાથે સંબંધ તૂટીને – નો'તી ને થઈ છે માટે સંબંધ તૂટીને થઈ છે (એમ નહીં) આહા...હા! ગજબ વાત છે!!

શું કીધું? **"પર્યાયોનો દ્રવ્યત્વભૂત અન્વયશકિત સાથે ગૂંથાયેલો (–એકરૂપપણે જોડાયેલો) જે ક્રમાનુપાતી (–ક્રમાનુસાર) સ્વકાળે ઉત્પાદ થાય છે** આહા...હા! શું ટીકા!! આ ટીકા – સિદ્ધાંતો કહેવાય. જેના શબ્દોમાં ગંભીરતાનો પાર નથી! થોડામાં ઘણું કરીને સમાડી દીધું છે! આહા...હા! **દિગંબર સંતોએ ભરતક્ષેત્રમાં કેવળજ્ઞાનના બીજડાં રોપ્યાં છે** આહા..! અન્વયશકિત સાથે એકરૂપપણે જોડાયેલો જે ક્રમાનુપાતી (એટલે) ક્રમે થતો – જે થવાની તે જ થાય તે ક્રમે અનુપાતી – આહા..હા! સાધારણ અધિકાર છે, આ પ્રવચનસાર ને જ્ઞેય અધિકાર એમ કરીને કાઢી નાખે. બાપુ! એમ નથી ભાઈ! આ તો વીતરાગની વાણી છે!! આહા... પરમાગમ છે!! દિવ્યધ્વનિમાં આવેલો સાર છે!! આહા...હા! ભલે કહે છે એકદમ પર્યાયનો પલટો ખાય, સિદ્ધની પર્યાય પલટે એકદમ! છતાં એની અન્વયશકિતના સંબંધમાં રહીને થઈ છે. આહા..હા...હા! સત્–ઉત્પાદમાં તો તે હોય જ તે. છે ઈ થઈ છે એમ. પણ અસત્–ઉત્પાદમાં પણ નો'તી ને થઈ માટે અસત્–(ઉત્પાદ) છતાં એ પર્યાયને ક્રમાનુપાતી જે અન્વયશકિતઓ છે – ગુણો છે – દ્રવ્યનું દ્રવ્યપણું છે. દ્રવ્યનું દ્રવ્યત્વપણું – એની શકિતપણું જે છે એનો સંબંધ રાખીને પર્યાયો ક્રમાનુપાતી થાય છે. આહા..હા! હવે આવું બધું કયારે યાદ રહે? આહા...હા! હાલ્યા જાય જુઓને આમ અકસ્માત! ખબર ન પડી કહે છે આજે સવારે વળી એવું સાંભળ્યું! સવારે ઓલી દૂધવાળી આવી ત્યારે ખબર પડી! દૂધવાળી કહે કે આ કાન્તિભાઈનું માથું આમ કેમ છે? થઈ ગયેલું (મૃત્યુ) જોવે ત્યાં કાંઈ ન મળે, આ દેહની સ્થિતિ! રાત્રે ત્યાં કયારે થયું એકલા! આહા..હા! એ જ સમય તે પરિણામ છૂટવાનો કાળ. છતાં તે પરિણામ અન્વયશકિતઓને સાથે ગૂંથાયેલ છે. અધ્ધરથી થયેલ છે (એમ નહીં). ઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો પર્યાય પૂર્વે નહોતી ને થઈ છે માટે અસત્ કીધી (છે.) પણ એ પર્યાય જે થઈ છે તે અન્વયશકિતનો સંબંધ રાખીને થઈ છે. એ (તેની સાથે) ગૂંથાયેલી છે. આહા...હા! કો'દેવીલાલજી! આવું કથન કયાં છે? **(શ્રોતાઃ)** બીજે કયાંય (આ વાત) નથી!

(કહે છે કેઃ) દિગંબર સંતો! (સિવાય કોઈએ વસ્તુસ્વરૂપ કીધું નથી.) ઈ છાપામાં પહેલું આવ્યું'તું. છાપું છે ને....! આવ્યું'તું ને કે સૌરાષ્ટ્રના કાનજીસ્વામીએ દિગંબર સંપ્રદાયનો બહુ પ્રચાર કર્યો છે! આવ્યું'તું આમાં કયાં'ક છે, આમાં છાપું છે ને...! (તેમાં છાપ્યું છે કે) શ્રીમદ્ રાજચંદ્ર પણ એમ કે સમયસાર ને પ્રવચનસારનો અભ્યાસ કરતા અને એમને કો'કે પૂછયું કે આ સ્થિતિ કયારે થશે? (કે આ જ્ઞાનનો પ્રચાર કયારે થશે?) તેઓએ કહ્યું કે પચાસ વરસ પછી તેનો પ્રકાશ વધારે થશે. **(શ્રોતાઃ તાળીઓ)** આમા કયાં'ક છાપામાં (લખાણ) છે. (આ છાપું) કે'દુનું પડયું છે ઈ તો આમાં મેં તો આ જ વાંચ્યું અંદરથી.

(પત્રિકા–છાપું શોધીને સ્વ–મુખે વાચન કરે છે) સૌરાષ્ટ્રમાં દિગંબર જૈન સંપ્રદાય. લેખક છે સત્ય. આજથી ચાલીશ વર્ષ ઉપર સૌરાષ્ટ્રમાં મૂળ દિગંબર તરીકે એકેય ઘર દિગંબર જૈન નહોતું. એ સંપ્રદાયની માન્યતાની કોઈપણને જરા પણ ખબર નહોતી. તે આ ૫૦ વર્ષ પર નિર્વાણપદને પામેલા શ્રીમદ્રાજચંદ્રજી એકલા દિગંબર સંપ્રદાયના સિદ્ધાંતો કેવળ પોતાના અથાગ બુદ્ધિબળે યથાર્થ સમજયા હતા. એણે દેશકાળ જોઈને દિગંબરના પવિત્ર સિદ્ધાંતોનું સૌરાષ્ટ્રમાં કે ગુજરાતમાં કોઈને ખાસ શિક્ષણ આપ્યું નહોતું. એનો શિષ્યવર્ગ એટલું જાણતો હતો કે શ્રીમદ્–કૃપાળુદેવ દિગંબર જૈન સંપ્રદાયના સમયસાર, પ્રવચનસાર, ભગવતી આરાધના વગેરે આગમો–પરમાગમોનું અવલોકન કરે છે. પણ એ સં. ૧૯૫૭ ની સાલમાં રાજકોટ મધ્યે શ્રીમદ્રાજચંદ્રજીનું અવસાન થયું. ત્યારે એની આગળ કોઈ કોઈ જિજ્ઞાસુએ પૂછેલું આપનું – પવિત્ર જ્ઞાન – ખરેખરું કયારે પ્રસાર પામશે? ત્યારે (તેઓશ્રી) એક જ ઉત્તર આપતા હતા કે અમારા નિર્વાણ પછી પચાસ વર્ષે આ પવિત્ર જ્ઞાનનો પ્રચારક નીકળશે. (તાળીઓ–હર્ષનાદ).

એ તો એ લોકો કહે છે, એ લોકોને ખબર નથી. તે દિ' પાંચ હજાર રૂપિયા આપીને ફોટો મૂકાવ્યો'તો ને...! એ આવું ધારીને ફોટો મૂકયો છે ને...! એના તરફથી માણસ આવ્યો'તો. શેઠે મોકલ્યો'તો. કયા શેઠ? હા, જયસુખ શેઠ! એને માણસને મોકલ્યો'તો. પાંચ હજાર રૂપિયા દઈને કે શ્રીમદ્નો ફોટો! કે અહીંથી શરૂઆત... (થાય એમ ધારીને.) ઘણું આ લખ્યું છે આમાં હોં! અને પ્રસાર કરશે. અને હાલમાં જ્ઞાનનો પ્રચાર સોનગઢના સંત પૂજય કાનજીસ્વામી સૌરાષ્ટ્રમાં કરે છે. સૌરાષ્ટ્રમાં ચારે બાજુ – ગામે–ગામ દિગંબર જૈન સંપ્રદાયના મંદિરો તૈયાર થઈ રહ્યાં છે. પ્રતિષ્ઠા અને અંજનશલાકાઓ ધામ–ધૂમપૂર્વક થાય છે. ભાગ્યશાળી હજારો લોકો ગામો–ગામ ધનનો સદુપયોગ કરે છે. આ રીતે પૂ. કાનજીસ્વામીના અથાગ પ્રયત્ન વડે સૌરાષ્ટ્રભરમાં દિગંબર જૈન ધર્મની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જયોત ઝળહળી રહી છે. એમ કરીને ઘણું લખ્યું છે. ઘણા વખતથી છાપું આવ્યું છે પડયું છે આમાં.

આહા..હા! આ વસ્તુ ઝીણી બહુ બાપુ! એનો એકદમ (તીવ્રતાથી) અભ્યાસ કરે તો પકડાય. એની રીત જે છે – એની પદ્ધતિની જે રીત છે તે રીતે પકડવી કઠણ! આહા...હા! જુઓને કેવું કહે છે? (ગાથામાં)

(અહીંયાં કહે છે કે:) **"પર્યાયો પર્યાયભૂત સ્વવ્યતિરેકવ્યકિતના કાળે જ સત્ (–હયાત) હોવાને લીધે તેનાથી અન્ય કાળોમાં અસત્ જ (અહયાત જ) છે. અને પર્યાયોનો દ્રવ્યત્વભૂત અન્વયશકિત સાથે ગૂંથાયેલો (–એકરૂપપણે જોડાયેલો) જે ક્રમાનુપાતી**–ક્રમે થતો **સ્વકાળે ઉત્પાદ થાય છે."** આહા..! કેટલું મૂકયું છે? અસત્–ઉત્પાદ છે છતાં તદ્દન અધ્ધરથી – આમ આકાશના ફૂલની જેમ છે એમ નહીં. ઈ (અસત્–ઉત્પાદ) અન્વયની સાણે જોડાણથી ઉત્પન્ન થાય છે. અને તે સ્વકાળે પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા! આમાં હવે વાદ–વિવાદે એકાંત છે, સોનગઢનું એકાંત! કહો બાપુ! તું શું કરી રહ્યો છે? પ્રભુ! તમે ય પ્રભુ છો બાપુ! ભગવાન! બાપુ, આ તો ભગવાન થવાની કળા છે! ઈ ભગવાનસ્વરૂપ છે. છે તે થાય છે. (ઈ સત્–ઉત્પાદ) અને અસત્–ઉત્પાદની પર્યાય કીધી તો તે પણ અન્વયશકિત હારે ગૂંથાયેલી કીધી (છે.) ચેતનજી! આંહી બહારમાં તો સત્–ઉત્પાદ કીધો અને (વળી) અસત્–ઉત્પાદ પણ કીધો. નથી પહેલી ને થઈ, એ પર્યાય અપેક્ષાએ (કીધું) છતાં (પહેલી) નહોતી ને થઈ તેને અસત્–ઉત્પાદ કીધો, પણ અન્વયશકિત સાથે તેને સંબંધ છે – જોડાયેલી છે. આહા...હા! આવી વાત! કયાં છે બાપા! ભાગ્યશાળીને કાને પડે એવી વાતો છે આ તો! **ગરીબ ઘરે આવી ગયા ને....! ભરતક્ષેત્ર ગરીબ! વાત રહી ગઈ ભગવાનની! આહા...હા! (શ્રોતાઓ:)** અમારા ભાગ્ય (છે ને...!)

(કહે છે :) આહા....હા! શું શૈલી!! સત્–ઉત્પાદ તો ઠીક, એ તો અન્વયશકિત–દ્રવ્યત્વ (એટલે કે) દ્રવ્ય જે છે – વસ્તુ–સત્–ભાવ(જે છે) એનો ભાવપણું–સત્ત્વપણુ–એમાંથી થાય છે માટે તે સત્–ઉત્પાદ છે. છે તે થાય છે. અંદર–માં છે (તે આવે છે.) અંદરમાં યોગ્યતા, એ જાતની પડી છે. ભગવાને તો જોઈ છે ને કે આ પર્યાય થાશે, અહીંયાં. આહા...હા! અન્વયશકિતમાંથી – ભગવાને તો જોયું છે કે આ પર્યાય છે ઈ આમાંથી આવશે. અહીંયાં હવે અસત્–ઉત્પાદમાં પણ ભગવાન! વાત ઝીણી બહુ પ્રભુ! એ પર્યાય નો'તી ને થઈ, તો પણ જે દ્રવ્ય – જે વસ્તુ છે એની અન્વયશકિત–દ્રવ્યત્વપણું–ગુણપણું–ભાવપણું જે છે એની સાથે, નથી ને થઈ તે (અસત્–ઉત્પાદ) પણ ગૂંથાયેલી છે. શશીભાઈ! આહા...હા! જુઓ! આ પ્રવચનસાર! આહા...! ગજબ વાત છે!! એની રીત અને પદ્ધતિ અલૌકિક છે!! આહા...હા! એમાં દુનિયાના વિસ્મયો અને અચિંત્યતા કયાં રહે એમાં? આહા...હા! (ખરેખર અલૌકિક તો) એના દ્રવ્ય ને પર્યાય – બેની સમજણમાં, એની વિસ્મયતા લાગે. (અને બાકીની સર્વ) બીજી ચીજો – ગમે તેટલી અનુકૂળતા(વાળી) – કરોડો પ્રકારની હો,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમાં અચિંત્યતા શું? (વિસ્મયતા શું?)

(અહીંયાં તો કહે છે પ્રભુ! તારામાં અન્વયશકિતઓ – દ્રવ્યનું દ્રવ્યત્વપણું એવું છે, (કે) દ્રવ્ય જે તું દ્રવ્ય છો, ભગવાન કહે છે કે તું વસ્તુ છો તો તેમાં વસ્તુપણું (દ્રવ્યપણું) રહ્યું છે. ઈ દ્રવ્યત્વ કહેવાય, ઈ અન્વયશકિત કહેવાય (ઈ ગુણ કહેવાય.) આહા...હા! એ (પર્યાય) નથી ને ઉત્પન્ન થઈ (છતાં એ) અસત્–ઉત્પાદને સંબંધ છે અન્વયશકિત સાથે. એ (અસત્–ઉત્પાદ કીધો) અધ્ધરથી સાધન થઈ ગઈ છે – નથી ને થઈ માટે પણ એમ નથી. આવી વાતું છે હવે! આ બેનું–દીકરિયું ને સાધારણ ને અભ્યાસ (કંઈક) હોય એને તો ઠીક, પણ આ રોટલા રાંધે ને ખાય ને.. એમાં આ વાતું (બેસારવી)! શું કહે છે આ? બેસવું કઠણ પડે! આહા...હા!

(શું કહે છે કે:) પાછી પર્યાયો 'પર્યાયભૂત' કીધી (છે.) એટલે કે 'છે'. એવી એકરૂપપણે જોડાયેલો **"જે ક્રમાનુપાતી–ક્રમાનુસાર"** જોયું? ક્રમાનુસાર પર્યાય થાય પણ એ અન્વયશકિત સાથે (–એકરૂપપણે) જોડાયેલ છે. ક્રમાનુસાર છે. જે સમયે, જે થવાની તે ક્રમ–અનુસાર (જ) છે. આહા...હા! **(જુઓ આ) "ક્રમબદ્ધ"!!** તમે ક્રમબદ્ધ માનો તો પુરુષાર્થ ઊડી જાય છે. અરે પ્રભુ! સાંભળ તો ખરો! (એમ છે નહીં.) આ 'ક્રમાનુપાતી' (ક્રમબદ્ધ) નો નિર્ણય કરે છે ત્યારે સ્વદ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. (એ જ પુરુષાર્થ છે.) કારણ કે (પર્યાય) નો'તી ને થઈ, એ પર્યાય અન્વય સાથે ગૂંથાયેલી છે. (એને) અન્વય સાથે સંબંધ છે. એ અન્વય–ગુણ છે તે, અન્વયી–દ્રવ્ય છે તેનું અન્વયપણું છે – એ દ્રવ્યનું દ્રવ્યપણું છે. (માટે) ગૂંથાયેલી પર્યાય દ્રવ્યમાંથી – જે નહોતી ને થઈ – એમ જયાં નિર્ણય કરવા જાય છે ત્યાં દ્રવ્યનો નિર્ણય થાય છે. દેવીલાલજી! આહા...હા!

(કહે છે) ભાઈ! ભલે પર્યાય અસત્ ઉત્પન્ન થાય, નહોતી ને થઈ પણ એનું તાત્પર્ય શું છે? (એનું તાત્પર્ય એ છે કે) એ નો'તી ને થઈ (છતાં) અન્વ્ય સાથે સંબંધ વિના થઈ એવો અર્થ નથી, તેમ જ અન્વયશકિતઓ જે છે – ગુણો છે એની સાથે (એ અસત્ પર્યાયને) કાંઈ પણ સંબંધ નથી ને એ વિનાની થઈ છે એમ નથી. આહા...હા! શું દ્રવ્ય–ગુણ ને પર્યાયને (અલૌકિક રીતે) સિદ્ધ કરે છે! હેં? એક માણસ પૂછતો'તો (કહે કે) આ દ્રવ્ય–ગુણ–પર્યાય પોતાથી જાણવા–દ્રવ્ય–ગુણ જાણવા એમાં શું? અરે! ભગવાન! એમાં સર્વસ્વ છે! દ્રવ્યમાં સર્વસ્વ છે, એના ગુણોમાં સર્વસ્વ છે, અને તે કાળે ક્રમાનુપાતી–ક્રમાનુસાર (ક્રમબદ્ધ) સ્વકાળે તે જ (ઉત્પાદ) થાય. આહા...હા! **(શ્રોતા:)** આમાં જ પુરુષાર્થ છે... **(ઉત્તર:)** અનંત પુરુષાર્થ છે! ભાઈ! આવો નિર્ણય જેણે કરવો છે. આ કહેલાનું તાત્પર્ય શું છે? (અહીંયાં) એવું કહ્યું કે આમ થાય છે (સત્–ઉત્પાદ) ને આમ થાય છે (અસત્–ઉત્પાદ) બસ એટલું – એમ જ છે! (તો કહે છે કે:) એનું તાત્પર્ય છે કે નહોતી ને થઈ તો પણ ગુણ સાથે સંબંધ છે અને ગુણ છે ઈ ગુણીના છે. એના ઉપર દૃષ્ટિ જતાં સત્‌ની તને ખબર – શ્રદ્ધા પડશે. આવો સત્ પરમાત્મા! સત્ છે. આહા...હા! **આવો ભગવાન (આત્મા) સત્ છે અંદર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**એ તને પ્રતીતમાં આવશે, તને વેદનમાં આનંદ આવશે. અને તંય (તને) ખબર પડશે કે આ આખી ચીજ આનંદમય છે. જેનો (આ) નમૂનો આવવાથી....!!** સમજાણું કાંઈ? આહા...હા!

(કહે છે) સાદી ગાથા લાગે આજે (પણ) સાદીમાં કેટલું ભર્યું છે! આહા...હા! આ તમારે ન્યાં પાંચ–પચાસ હજાર પેદા થાય મહિના–મહિનામાં ને દિવસમાં ને ગણતરો કયાં હતો ધૂળમાં ન્યાં! દશ–દશ લાખ પેદા કરે છે મહિને! આમ દુકાને બેસે, તો નોકરો વીસ–પચીસ. ભાઈ! ન્યાં છે ને શાંતિભાઈને ત્યાં, શાંતિ(ભાઈ) ઝવેરી! શું કહેવાય ઈ? ઝવેરાત, ઝવેરાત. આ હીરા ઘસે છે ને...! બધા હુશિયાર માણસ! એક–એકને મહિને ચારસે–પાંચસે–છસે મળતા હશે! **(શ્રોતાઃ)** વધારે મળતા હશે.... **(ઉત્તરઃ)** હજાર લો ને....! અમને કો'ક વાત કરે અમે... એમાં ઈ કોઈ નવીન ચીજ નથી બાપુ! આહા...હા! એ કંઈ વિસ્મયકારી નથી. આહા...હા! (વિસ્મયકારી ચીજ તો) પ્રભુ! તારું (આત્મ) દ્રવ્ય ને દ્રવ્યત્વપણું અને તેની ક્રમાનુપાતી–ક્રમાનુસાર (ક્રમબદ્ધ) સ્વકાળે પરિણમન થાય એવું તારું સ્વરૂપ–સ્વભાવ છે!! આહા...હા! કો' સમજાણું આમાં? આહા...હા! આ તો મારગ બાપા! ત્રણ લોકના નાથ, તીર્થંકરદેવ(ની) વાણીમાં આવ્યું (ઈ) અલૌકિક વાતું છે. **(શ્રોતાઃ)** દ્રવ્યમાં હતી તે આવી, એ વાત દ્રવ્યદૃષ્ટિવાળા જ કહે ને....! **(ઉત્તરઃ)** ઈ તો દ્રવ્યદૃષ્ટિ છે. પણ નહોતી ને થઈ (ઈ) ઉત્પાદને અન્વય સાથે સંબંધ છે. આહા...હા! દેવીલાલજી! અધ્ધરથી – આમ અધ્ધરથી (શું) થઈ છે! (ના.) એ તો હારે જ રાખ્યું છે. આહા....હા! ઓલી સત્ છે ઈ ઉત્પન્ન થાય છે એ દ્રવ્યનું દ્રવ્યત્વપણું – અન્વયશકિતઓના સંબંધમાં હતી – છે ઈ આવી છે પણ અહીંયાં પર્યાય તરીકે જુઓ કે (પહેલી) નહોતી ને આવી તો પણ અન્વય સાથે સંબંધ છે. આહા...હા!

(અહીંયાં કહે છે કેઃ) **"જે ક્રમાનુપાતી–ક્રમાનુસાર સ્વકાળે ઉત્પાદ છે."** હવે આટલો તો શબ્દ છે! હેં? ભલે! ઈ અન્વયશકિતની હારે સંબંધ (કીધો) પણ સ્વકાળે ઈ પર્યાયો ઉત્પન્ન થાય છે. આહા...હા! જેમ અન્વયશકિતનું દ્રવ્ય, એકરૂપ સ્વકાળે છે, ત્રિકાળ એકરૂપ છે. અને આમાં (પર્યાયમાં) એક સમયનો કાળ, તે સમયનો તે જ કાળ છે. આહા...હા! સ્વકાળે તે પર્યાય ઉત્પન્ન થાય છે. કેટલી ભાષા વાપરી છે. (જુઓ!) "ક્રમાનુપાતી" છે? (પાઠમાં) "સ્વકાળે" "ઉત્પાદ" થાય છે. **"તેમાં પર્યાયભૂત સ્વવ્યતિરેકવ્યકિતનું પૂર્વે અસત્પણું હોવાથી"** એ પર્યાયભૂત – નવી થઈ, પૂર્વે નહોતી, એથી એને અસત્પણું હોવાથી **"પર્યાયો અન્ય છે."** એ અપેક્ષાએ પર્યાય અન્ય છે. આહા...હા! પર્યાય –અન્ય હોવા છતાં – નહોતી ને થઈ માટે 'છે' છતાં અન્વય વિનાની – તેના સંબંધ વિનાની (થઈ છે) એમ નહીં. આહા...હા! આવી વાતું!! ઓલું તો કહે કે દયા પાળો.... ને છ–કાયની દયા પાળો.... ને વ્રત કરો ને... ઉપવાસ કરો..... ને આ કરો..... ને ધૂળમાં ય, એ તો અજ્ઞાન છે. આહા...હા!

અહીંયાં કહે છે (કેઃ) **તેમાં પર્યાયભૂત સ્વવ્યતિરેકવ્યકિતનું પૂર્વે અસત્પણું**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**હોવાથી, પર્યાયો અન્ય છે. માટે પર્યાયોના અન્યપણા વડે દ્રવ્યનો – કે જે પર્યાયોના સ્વરૂપનું કર્તા, કરણ અને અધિકરણ હોવાને લીધે.''** દેખો! શું આવ્યું? ''માટે પર્યાયોના અન્યપણા વડે દ્રવ્યનો – કે જે પર્યાયોના સ્વરૂપનું કર્તા છે'' આહા...હા! એ પર્યાયનો, સ્વદ્રવ્ય કર્તા છે. પરદ્રવ્ય – કર્મની પ્રકૃતિનો ઉદય તીવ્ર આવ્યો માટે અહીંયાં વિકાર થયો ને... એ કરમ ખસી ગયું સમકિત થયું ને... એમ નહીં. આહા...હા! એ સમકિતની પર્યાયને કાળે – પહેલી નહોતી ને થઈ – અરે! સિદ્ધપણું પહેલું નો'તું. એ સિદ્ધપણું થયું – એ અભૂતપૂર્વ થયું છતાં – અન્વયશકિતનો સંબંધ રાખીને થયું છે. અને તે ક્રમાનુસારી (ક્રમબદ્ધ) તે પર્યાય તે કાળે, સિદ્ધની પર્યાય તે (સ્વકાળે) થાય છે. આહા...હા...હા! એ પર્યાયને તેનું દ્રવ્યત્વ – અન્વયશકિત સાથે સંબંધ છે. અન્વયશકિત છે તે દ્રવ્યની છે. આહા...હા! ત્રણે ય ભેગું થયું!! આહા...હા! ભલે! નરકની પર્યાય, થાય પણ કહે છે કે પર્યાય છે તો એની–એનામાં–એનાથી છે ને...! એમાં દ્રવ્ય વર્તે છે ને...! દ્રવ્ય વર્તે છે તે દ્રવ્યની અન્વયશકિતઓ સાથે તે (પર્યાય) ગૂંથાયેલી છે ને....! અધ્ધરથી થઈ નથી (કાંઈ એ પર્યાય) આહા...હા!

(કહે છે) એ તો પહેલી નહોતી ને થઈ (તેથી અસત્–ઉત્પાદ છે) પણ થઈ ઈ છે સ્વકાળે, ઈ અન્વયના–ગુણના સાથે સંબંધ રાખીને થઈ છે. આહા...હા! ગજબ વાત છે ને...!! આવું સાંભળવું બહુ મુશ્કેલ પડે! આહા...હા! હીરાલાલજી! તમે આવી ગયા ઠીક રવિવાર છે ને...! વાત આવી ગઈ. ભાગ્યશાળીને કાને પડે એવું છે! આહા...હા!

(કહે છે કે:) એક તો ઉત્પન્ન નહોતી ને થઈ કહેવું; અન્વય હારે સંબંધ (છે.) કહેવું અને તેથી અન્ય છે એમ કહેવું. એમ કીધું ને...! **''પર્યાયો અન્ય છે''** અન્ય જ (છે.) એમ કીધું. છે? (પાઠમાં) **''માટે પર્યાયોના અન્યપણા વડે દ્રવ્યને કે જે પર્યાયોના સ્વરૂપનું કર્તા.''** એ દ્રવ્ય છે ઈ પર્યાયોના સ્વરૂપનું કર્તા (છે.) આહા...હા...હા...હા! એ દ્રવ્ય છે એ પર્યાયોના સ્વરૂપનું કરણ – સાધન (ઈ દ્રવ્ય). એ પર્યાયનું સાધન દ્રવ્ય (છે.) આહા...હા! કરમનો (ઉદય) આકરો આવ્યો ને કરમ ઘટયાં માટે (પર્યાય આમ થઈ એની ના પાડે છે.) આહા...હા! **''પર્યાયોના સ્વરૂપનું કર્તા.''** એ અસત્–ઉત્પાદ છે, એ પર્યાયનો કર્તા, કરણ અને અધિકરણ હોવાને લીધે આહા...! દ્રવ્ય એનું સાધન ને અધિકરણ!! (અસત્–ઉત્પાદ) અનેરાપણે થઈ – સ્વકાળે થઈ – પહેલી નો'તી ને થઈ, એ અન્વયશકિતનો સંબંધ રાખીને થઈ (એટલું કહ્યા પછી) દ્રવ્ય લીધું. આ પર્યાયને અન્વયશકિત સાથે રાખીને કીધું. હવે દ્રવ્ય લીધું. આહા...હા! કે દ્રવ્ય જે છે તે તેની પર્યાયનું કર્તા – તે સ્વકાળ પર્યાય થાય તેનું સાધન – સ્વકાળે પર્યાય થાય તેનો આધાર (દ્રવ્ય) હોવાને લીધે ''પર્યાયોથી અપૃથક્ છે.'' પર્યાયોથી જુદું (દ્રવ્ય) નથી. ''તેનો – અસત્–ઉત્પાદ નક્કી થાય છે.'' દ્રવ્ય (કાંઈ) પર્યાયોથી જુદું નથી. આહા...હા! અપૃથક્ છે. પર્યાયો દ્રવ્યથી અપૃથક્ છે. આહા..હા! તેનો અસત્–ઉત્પાદ નક્કી થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૯–૭–૭૯.

'પ્રવચનસાર' ૧૧૩ ગાથા. ભાવાર્થ, ઉદાહરણ છે ને...! એના ઉપર આવી ગયું કાલ. બે લીટી ઉપરની (ત્યાંથી ફરીને.)

(અહીંયાં કહે છે કે:) **"દ્રવ્યનો – કે જે પર્યાયોના સ્વરૂપનું કર્તા."** દ્રવ્ય જે છે આત્મા કે પરમાણુ એની જે સમયે જે અવસ્થા થાય, એ કાળે જ થાય. (સ્વકાળે થાય) ક્રમાનુપાતી એમ લખ્યું ને...! ક્રમાનુપાતી –ક્રમાનુસાર અને તે તે પર્યાયનો કર્તા દ્રવ્ય છે: આહા...હા! જ્ઞાનમાં એની દશા થાય, એનો કર્તા આત્મા છે. જ્ઞાનાવરણીયનો ઉદય એનો કર્તા નથી. એમ કહે છે. એમ આત્મામાં, આયુષ્યગતિને લઈને – આયુષ્યકર્મને લઈને, દેહમાં રહે છે એમ નથી. એની પોતાની પર્યાયને કારણે ત્યાં પર્યાયમાં (છે.) તે પર્યાયનો કર્તા આયુષ્ય (કર્મ) નથી. દેહમાં રહેવું – જેટલો કાળ (રહેવું) એ કાળની પર્યાયનો કર્તા આયુષ્ય(કર્મ) નથી. એ શરીરમાં રહેવાનો જેટલો કાળ છે તેટલો એ જ સમયનો કર્તા તે દ્રવ્ય છે. આહા...હા! એ દ્રવ્ય તેનો કર્તા, દ્રવ્ય તેનું કરણ–સાધન અને દ્રવ્ય તે પર્યાયનો આધાર (અધિકરણ) (છે.) આહા...હા ! આ દરેક દ્રવ્યની વાત છે. આ મનુષ્યપણે સમજાવી છે. ઈ દરેક દ્રવ્ય એના પર્યાયના સ્વરૂપનો કર્તા છે (કરણ ને અધિકરણ છે.) કેટલી વાત સમાવી દીધી છે!! ઓલા કહે કે અંતરાય કરમને લઈને આત્મામાં, દીક્ષા લેવાનો ભાવ ન થાય – એવું આવે છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં. એય? 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં (એવું લખાણ આવે છે.) આહા...હા!

અહીંયાં કહે છે કે જે પર્યાય થાય છે, તે દ્રવ્યમાં–વસ્તુના ક્રમ અનુસાર –ક્રમાનુપાતી – તે ક્રમે આવવાની છે તે આવે છે – તે દ્રવ્યને તેથી અસત્–ઉત્પાદ કહેવામાં આવે છે. દ્રવ્યનો અસત્–ઉત્પાદ (કહે છે) પર્યાય પહેલી નહોતી ને થઈ – એ અપેક્ષાએ દ્રવ્યને અસત્–ઉત્પાદ કહેવામાં આવે છે. છતાં તે તે પર્યાય, તે તે દ્રવ્યની શક્તિ જે છે અનંત–અન્વયશક્તિઓ અનંત છે. દ્રવ્ય એક છે, પણ એની શક્તિઓ એટલે ગુણો અનંત છે. અને ઈ અનંત (ગુણો) ની હારે અનંતી પર્યાયો ગૂંથાયેલી છે. આહા...હા...હા! **(શ્રોતાઃ)** પ્રગટ નથી ને ગૂંથાયેલી શી રીતે છે?... **(ઉત્તરઃ)** ઈ ગૂંથાયેલી છે એમાંથી પ્રગટ થાય છે. એને સંબંધ છે અન્વયશક્તિનો. ઈ તો પર્યાય પહેલી નહોતી તેથી તેને અસત્–ઉત્પાદ, દ્રવ્યનો અસત્–ઉત્પાદ છે એમ કીધી. દ્રવ્યમાં ઈ અસત્(ઉત્પાદ) છે એમ કીધું. છતાં એની અન્વયશક્તિઓ – જે ગુણો છે (તેની સાથે સંબંધ છે.) અન્વયો – રાતે વાત થઈ'તી ને ભાઈ! અન્વયા ગુણાઃ પણ આવે છે. અન્વય દ્રવ્ય ને 'અન્વયા ગુણાઃ' આવે છે બીજે. ત્યાં વાંચેલું નો'તું – દ્રવ્ય તે વિશેષ છે અને તેના ગુણો તે વિશેષ્ય છે એમ આવ્યું'તું. અથવા દ્રવ્ય તે વસ્તુ છે અને એની શક્તિઓ, અન્વયો છે. તો ઈ અન્વયો શક્તિ છે અનંતી. આહા...હા! આવી વાત!! અને એ શક્તિઓની સાથે, તે તે સમયે જે પર્યાયો થવાની તે શક્તિ સાથે સંબંધ રાખે છે. (પર્યાયો) શક્તિ સાથે ગૂંથાયેલી છે. આહા..હા...હા! કોઈ તત્ત્વની પર્યાય (બીજા તત્ત્વને લઈને નથી.) કે આ આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આયુષ્ય (કર્મ) ને લઈને શરીરમાં રહ્યો, કે શાતાના ઉદયને લઈને અનુકૂળતા થઈ એમ નથી એમ કહે છે. આહા...હા! ગજબ વાત છે!! લાભુભાઈનું લખાણ કાંઈક આવ્યું છે, કાંઈક ઠીક છે. કંઈક સાધ આવતી જાય છે, પોતાની મેળે પીવે છે ને...! આહા...હા!

(કહે છે કે:) દરેક દ્રવ્યની પર્યાય, આત્મા (કે) પરમાણુ – (આ શરીર) તો અનંત પરમાણુનો પિંડ છે. તેમાં એક–એક પરમાણુ દ્રવ્ય છે. અને એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ (આદિ) અન્વયશકિતઓ અનંત છે. તેની સમયે–સમયે ક્રમાનુપાતી(ક્રમબદ્ધ) ક્રમે જે થવાની પર્યાય તે તે દ્રવ્યને લઈને થાય છે. આહા...હા! પર્યાય, પરને લઈને તો બિલકુલ નહીં. હો નિમિત્ત – પણ નિમિત્તને લઈને કાંઈ અંદર થાય (એમ છે નહીં) આહા...હા! આવી વાત! જુઓ! આ આંગળી હાલે છે આંગળી આ. એ પરમાણુઓ (દ્રવ્ય) છે. એમાં અનંત–અન્વયશકિત–ગુણો છે. એને અનુસરીને – ગૂંથાયેલી (પર્યાયો) તે કાળે, તે જ ક્રમે–ક્રમાનુસાર જે પર્યાય આવવાની–થવાની તે જ થાય છે. તેથી તે પર્યાયને અસત્–ઉત્પાદ ને દ્રવ્યને પણ અસત્–ઉત્પાદ કહીએ. પર્યાયને અસત્–ઉત્પાદ તો ખરો પણ દ્રવ્યને અસત્–ઉત્પાદ કહીએ. આહા...! આહા...હા! છે? જુઓ! (પાઠમાં).

(અહીંયાં કહે છે કે:) **"માટે પર્યાયોના અન્યપણા વડે દ્રવ્યનો – કે જે પર્યાયોના સ્વરૂપનું કર્તા** – પર્યાયોના સ્વરૂપનું **"કરણ"** પર્યાયોના સ્વરૂપનું **"અધિકરણ" હોવાને લીધે પર્યાયોથી અપૃથક્ છે"** પર્યાયોથી અપૃથક્ છે. (દ્રવ્ય) પર્યાયોથી જુદું નથી. તેથી **'તેનો** – (દ્રવ્યનો) **અસત્–ઉત્પાદ નકકી થાય છે.** આહા...હા! બે લીટીમાં કેટલું ભર્યું છે!! અહીંયાં (અજ્ઞાની) કહે કે હું પરની દયા પાળી દઉં, પરને (બચાવી) અહિંસા કરી દઉં, પૈસા રળી દઉં, કમાઈ દઉં દુકાને બેસીને, દુકાનની વ્યવસ્થા – લોઢા – બોઢાની સરખી વ્યવસ્થા કરી દઉં, આહા...હા! ધંધો દાણાનો (તો) ઘઉં, બાજરો આદિ જે છે એમાં એક એક દાણો અનંત પરમાણુનો પિંડ છે. અને ઈ પરમાણુમાં અનંત અન્વયશકિતઓ રહેલી છે. તે કારણે (તે દાણાની) તે પર્યાય તે થવાની તે – આમ જવાની હોય – આવવાની હોય તે કાળે તે પર્યાય (તેનાથી (દ્રવ્ય–ગુણથી) થાય. ઓલો બીજો કહે કે મેં આને દાણા આપ્યા ને મેં દાણા તોળીને આપ્યા, એ બધી જૂઠી વાત છે. આહા...હા! **(શ્રોતાઃ)** વ્યવહાર છે...! **(ઉત્તરઃ)** વ્યવહાર એટલે કથનમાત્ર બોલવામાં. મારો દીકરો! દીકરા કેવાં? કોનાં દીકરાં? સુમનભાઈ મારો દીકરો લો! આઠ હજાર પગાર પાડે! કોનો દીકરો ને કોનો (બાપ)? આહા...હા! આ મારો દીકરો હુશિયાર થયો છે. પણ દીકરો કોનો? અહીંયાં કહે છે. એ દીકરો તો આત્મા છે ને આત્માની પર્યાય તો એનાથી થાય છે. એ પર્યાય તારાથી થઈ છે ને તેં દીકરાને ઉત્પન્ન કર્યો છે? ત્રણ કાળ, ત્રણ લોકમાં આ વાત સાચી નથી. આહા...હા! આકરું ભારે ભાઈ!! પૈસાવાળા તો આમ જાણે – કરોડો પૈસા (રૂપિયા) અબજો પૈસા (રૂપિયા) (માને કે) અમે આમ કરી દઈએ –અમે આમ કરી દઈએ, (કોઈને) બે–પાંચ લાખ આપીને ધંધે ચડાવી દઈએ, એમાંથી આપણને નફો તો મળે! મહિને ટકા–દોઢ ટકાનું વ્યાજ આપે, પેદાશમાં આઠ આના અમારા ને આઠ(આના)

એના. મહિને–મહિને ચોપડા તપાસવા જાય ઈ. કે કાંઈ ખાઈ ન જાય એમાંથી અરે! આ બધું બફમ હશે? આહા..હા! આવી વાત છે! અરે! દુનિયાએ વીતરાગતત્ત્વ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા – એણે જે વસ્તુનું સ્વરૂપ કહ્યું – એ રીતે સાંભળવા મળે નહીં જગતને તો બિચારા કરે શું? એમાં (વળી) જુવાની (યુવાન) અવસ્થા – વીસ–પચીસ–સત્તાવીસની ફાટેલી ઉંમર ને એમાં બે–પાંચ લાખની પેદાશ હોય – અને દુનિયા વખાણે – કરમી જાગ્યો અમારે (છોકરો.) કરમી જાગ્યો એમ કહે છે ને....! ધરમી જાગ્યો એમ કહે છે? આહા...! પાપી જાગ્યો. આહા...હા! એ કાન્તિભાઈ? રામજીભાઈ પાસે કયાં હતા – પૈસા હતા? એની પાસે પૈસા છે (કાન્તિભાઈ પાસે) એમ કહે છે લોકો! આહા...હા...હા!

અહીંયાં તો કહે છે પૈસાની (પર્યાય) – એક પૈસો છે, એના અનંત પરમાણુનો ઈ પિંડ છે. અને એક–એક પરમાણુમાં અનંત અન્વયો – ગુણો છે અને તે ગુણની જે સમયે–જે પર્યાય થવાની ક્રમાનુસાર (ક્રમબદ્ધ) તે જ પર્યાય તે સમયે થાય. અને છતાં તે પર્યાય, પહેલી નો'તી માટે અસત્–ઉત્પાદ કહી, દ્રવ્યનો અસત્–ઉત્પાદ આવ્યો છે એમ કહે છે. આહા...હા! હવે આને અભિમાનના પાર ન મળે. આનું આ કરી દઉં – ને આનું આ કરી દઉં ને આનું આ કરી દઉં – દેરાસર કરી દઉં લો ને! મંદિર બનાવી દઉં! આહા...! **પ્રભુ (આત્મા) છે એ તો જાણનાર દેખનાર છે, જાણનાર–દેખનારનો પિંડ પ્રભુ છે ને...! આહા..! એ જાણનાર–દેખનારને તું દ્રવ્યદૃષ્ટિથી જો!!** પર્યાયદૃષ્ટિ કહેશે હમણાં. (એ તો જાણવા માટે) પણ દ્રવ્યદૃષ્ટિ–વસ્તુથી તું જો તો તને જનમ–મરણના અંત આવશે. આ ભવની પર્યાયનો અંત આવે એ તેની સ્થિતિ છે. આહા..હા!

ભગવાન આત્મા, સચ્ચિદાનંદ પ્રભુ! સર્વજ્ઞ જિનેશ્વર દેવે સત્ શાશ્વત ને જ્ઞાન ને આનંદનો સાગર! અથવા આહા...હા! સુખના સાગરમાં સુખનું જળ ભર્યું છે એમાં. સુખનો સાગર – જળનું (દળ) છે. આ ખારા સાગરમાં જળ બીજું છે. આ તો (શરીર તો) માટી ધૂળ છે. ભગવાન આત્મામાં – અંદર ભગવાન આત્મા સુખના સાગરનું જળ છે ઈ તો. આહા..હા! આ શરીર તો જગતની ધૂળ છે. સાગરમાં જેમ પાણી છે. એમ આમાં આનંદનું જળ છે. એ સુખનો સાગર છે પ્રભુ!! એની એક સમયની પર્યાય થાય. તેની પણ સ્વતંત્ર કર્તા – એ દ્રવ્ય છે. અત્યારે તો ઈ સિદ્ધ કરવું છે ને...! દીકરા–દીકરી, બાયડી કયાં'ય રહી ગયા બાપા! આહા...હા! આ શરીરનો એક–એક રજકણ દ્રવ્ય છે ને દ્રવ્યમાં ગુણો છે (અનંત) અન્વયો. 'અન્વયા ગુણાઃ' શબ્દ છે કયાં'ક! 'તત્ત્વાર્થ રાજવાર્તિક' માં આમાં કયાં'ક છે. 'અન્વયા ગુણાઃ' અન્વય શકિત લીધી છે પણ શકિત કહો કે ગુણ બધું એક જ છે. છે ને...? કયાં? એકસો છાસઠ પાનું? નીચેથી પાંચમી લીટી. છે ને...! લો! અંદર સંસ્કૃતમાં છે. 'અન્વયિનો ગુણાઃ' અથવા 'સહભુવોઃ ગુણાઃ' સંસ્કૃતમાં છે ભાઈ! વ્યતિરેક એટલે પર્યાય એ તો આવી ગઈ છે વાત. છે? સંસ્કૃતમાં છે. એકસો છાસઠ પાને. એ સંસ્કૃતમાં નીચેની છઠ્ઠી લીટી. (વાચન).

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अन्वयिनो गुणा अथवा सहभुवो गुणा**
**इति गुणलक्षणम् । (जयसेनाचार्य)**

અહીંયાં કહે છે પ્રભુ! જેવા સિદ્ધના ગુણ છે. ભલે એને પ્રગટ છે પર્યાય. એવા ગુણો તારામાં ભરેલા છે પ્રભુ! એવો જે મહાસાગર! સુખનો મહાસાગર! શાંતિનો મહાદરિયો! જ્ઞાનનો મહા પ્રવાહ! જ્ઞાનનો પ્રવાહ!! આહા...હા! જ્ઞાન....જ્ઞાન...સમજણ.... જ્ઞાન....જ્ઞાન....જ્ઞાન....જ્ઞાન....! એવો જે દ્રવ્યસ્વભાવ, તેના ગુણો અન્વય એટલે કાયમ રહેનારા અન્વયની સાથે રહેનારા અન્વયો (અનંત) આહા...હા! ઓલું વિશેષણ આપ્યું છે ને...! વિશેષણ કહો કે અન્વયશકિત કહો કે અન્વયગુણ કહો (એકાર્થ છે) શક્તિનો અર્થ એટલો જ. અન્વયગુણો લીધા અહીંયાં. આહા...હા! આ તો મૂળતત્ત્વની વાતું છે બાપુ! અત્યારે તો ગોટા હાલ્યા છે ગોટા! જે બોલવાની પર્યાયભાષા (વર્ગણાના પરમાણુ છે.) તો કહે છે કે એ પરમાણુની જે અન્વયશકિતઓ છે એને ક્રમે ભાષા (પર્યાય) થવાની છે તે કાળ જ તે ભાષાની પર્યાય થાય છે. એ ભાષાની પર્યાયનો કર્તા તે પરમાણુ છે. આત્મા નહીં – જીવ નહીં – હોઠ નહીં. આહા...હા! કો'દેવીલાલજી! આવી વાત છે! આટલામાં એ (બધું) ભર્યું છે!

(અહીંયાં કહે છે કે:) **"પર્યાયોના અન્યપણા વડે દ્રવ્યનો" અસત્–ઉત્પાદ નક્કી થાય છે."** ભાષા એમ લેવી ભાઈ! આહા...હા! શું કહે છે? ઘણું ભર્યું છે! ભાઈ! તું કોણ છો? ભગવાન છો. ભગવાનમાં અનંતા–અનંતા ગુણો ભગવત્સ્વરૂપે પડયા છે (ધ્રુવ છે.) એની વર્તમાનમાં, તે પર્યાય, જો દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોય, તો તો તે પર્યાય ક્રમાનુપાતી (ક્રમબદ્ધ) સમ્યગ્દર્શન–જ્ઞાન ને ચારિત્ર એ પર્યાય આવે. જો દૃષ્ટિ દ્રવ્ય ઉપર ન હોય, તો રાગ અને પર ઉપર હોય – સંયોગ ઉપર (હોય) તો વિકારી થાય આવે, વિકાર મારો છે એ મિથ્યાત્વની પર્યાય ઉત્પન્ન થાય. ઈ પર્યાયોનો ઉત્પાદ – અસત્(ઉત્પાદ) પહેલો નહોતો ને થયો છતાં ઈ દ્રવ્ય પોતે જ ઈ અસત્–ઉત્પાદપણે ઊપજ્યું એમ પણ કહેવાય છે. આહા...હા! કેમ કે દ્રવ્ય પોતે પર્યાયના કર્તા, કરણ અને અધિકરણ હોવાને લીધે પર્યાયોથી અપૃથક્ છે. આહા..હા! કેટલું સમાવ્યું છે! હવે આવું સાંભળવું! મળે નહિ બિચારાને ને રખડયા–રખડ, ચોરાશીના અવતાર! આહા...હા! ઓગણ પચાસ દિ' થી છે લાભુભાઈને! હજી પંદર દિ' રહેવું પડશે! આહા....હા! ભાષા નહીં ને આમ ને આમ રહેવું – એ પણ એ પર્યાયનો જે દ્રવ્યના અન્વયગુણની સાથે સંબંધવાળો પર્યાય એ કાળનો એ ક્રમાનુપાતી – ક્રમે થનારો તે જ પર્યાય થાય છે. આહા...હા ! દાકતરોથી મટે..... દવાથી મટે. આરે.... ! આરે ! એ બધી વાત જૂઠી છે. તે દ્રવ્યની તે સમયની તે ક્રમમાં આવેલી પર્યાય, એ અન્વયની સાથે સંબંધ રાખીને – સંબંધ તોડીને નહીં – એ પર્યાય થાય છે તેનો કર્તા તે દ્રવ્ય, કરણ એટલે દ્રવ્ય સાધન અને દ્રવ્યવસ્તુ તે તેનો આધાર (છે.) એ પર્યાયનો આધાર દ્રવ્ય (છે.) આહા...હા...હા!

(શું કહે છે કે:) આ (ઠવણી) ઉપર રહેલ પુસ્તકનો આધાર (ઠવણી) હેઠે (છે.) તે નહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ કહે છે. (મંદિરના) શિખર ઉપર પાણો ચડાવે તો કહે છે કે એ (મંદિરના) આધારે રહેલ છે એમ નહીં. આહા...હા! ઈ પરમાણુના, તે સમયની પર્યાય થઈ તે પર્યાયનો કર્તા–સાધન ને આધાર તે પરમાણુ છે. આહા...હા! આ શિખરે સોનાનો (કળશો) ચડાવ્યો – ફલાણું આમ કર્યું ને ફલાણુ આમ કર્યું અભિમાનના પાર ન મળે અરે....રે! એ અભિમાનમાં ગોથાં ખાય ને મરીને જાય ચાર ગતિમાં (રખડવા.) આહા...હ! કેટલું સમાડયું છે જુઓ! આ તો વિશેષમાં આવ્યું કે : **"પર્યાયોના અન્યપણા વડે દ્રવ્યનો" – પર્યાયોના અન્યપણા વડે દ્રવ્યનો – કે જે અસત્–ઉત્પાદ નકકી થાય છે" કે જે પર્યાયોના સ્વરૂપનું કર્તા છે, કરણ અને અધિકરણને લીધે પર્યાયોથી અપૃથક્ છે."** પર્યાયોથી જુદો નથી. ઈ દ્રવ્ય, પર્યાયોથી જુદો નથી. તેથી **"તેનો – અસત્–ઉત્પાદ નકકી થાય છે."** આહા....હા! આટલામાં કેટલું ભર્યું છે! આ કાલ આવી ગયું છે. પણ આ તો દ્રવ્ય પોતે અસત્–ઉત્પાદપણે નકકી થાય છે એમ કહે છે. અને છતાં તે પર્યાય, એકદમ બીજી જાતની થાય – સંયોગોમાં આવીને બીજી થાય એટલે તને એમ લાગે કે એનાથી થઈ (તો) કહે છે કે ના. એના ક્રમાનુપાતીથી (થઈ છે ક્રમબદ્ધ). અન્વયના સંબંધથી થઈ છે અને ક્રમે આવવાની તે આવીને તે પણ અસત્–ઉત્પાદપણે પર્યાય ઊપજે છે. આહા...હા! ત્રણ લોકનો નાથ, સત્સ્વરૂપ પ્રભુ! જે પલટતો નથી – બદલતો નથી, એ પણ અહીંયાં કહે છે કે ઈ પર્યાયપણે અસત્–ઉત્પાદપણે તે ઊપજે છે. આહા...હા! સમજાણું કાંઈ...? છે કે નહીં એમાં? (પાઠમાં) આહા...હા! ગર્વ ગાળી નાખે એવું છે!! ગર્વ ગાળતાં ભગવાન નજરે પડે એવું છે! આહા...હા! **આવો જે ગર્વ ગાળે, એની પર્યાય (પર) નજર ન રહેતાં, આહા..હા! કેમ કે ઈ પર્યાયનો કર્તા તો દ્રવ્ય છે, એનો આધાર ઈ દ્રવ્ય છે, સાધન ઈ દ્રવ્ય છે.** (તેથી દ્રવ્યને જ જોવાનું આવ્યું) આ બહારના સાધનો મેળવીને, પર્યાય નિમિત્ત ઉત્પન્ન કરે, નિમિત્તો મેળવે સાધન અનુકૂળ સાટુ કહે છે એ વાત બધી જૂઠી છે. આહા...હા! **(શ્રોતાઃ)** પર્યાયની દૃષ્ટિનો ભૂકકો ઊડી જાય... **(ઉત્તરઃ)** વસ્તુ એવી છે બાપુ! વીતરાગ, સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વરદેવ – એના જ્ઞાનમાં આવ્યું એ કથનમાં આવ્યું ઈ કથનમાં આવ્યું ઈ આ રચનામાં આવ્યું (છે.) આહા...હા!

(કહે છે કેઃ) પ્રભુ (આત્મા) તું કોઈ પણ પરમાણુને હલાવી શકે નહીં, હાથને હલાવી શકે નહીં, જીભને હલાવી શકે નહીં, આંખને આમ (પટપટાવી) શકે નહીં આત્મા. કેમ બેસે? આહા..! આ દાકતર કહે કે ઊંડો શ્વાસ લો! સારું ઊંડો લઈએ. બાપુ! ઈ શ્વાસની પર્યાય, પરમાણુની તે કાળે, તે રીતે જ આવવાની છે તે રીતે થાય છે, આત્મા અંદર પ્રેરણા કરે માટે ઊંડો શ્વાસ થાય, એમ નથી. આહા...હા! એક ગાથાએ તો ગજબ સિદ્ધાંત!! મારું મકાન ને મારા પૈસા ને... મારા દીકરા ને... મારી દીકરિયું ને... મારા જમાઈ – સારો જમાઈ મળ્યો હોત તો (ફુલાઈને બીજાને કહે) આ મારા જમાઈ છે.. કયાં કરવો એ જમાઈ! પ્રભુ! તારી પર્યાયમાં પણ તું અસત્પણે ઉત્પન્ન થા. પહેલી પર્યાય નો'તી માટે (અસત્–ઉત્પાદ) એમાં તું બીજાને એમ માન કે આ મારા (છે એ ગર્વ છે.) આહા...હા! દેવીલાલજી! હિન્દીવાળા છે એ નો' સમજે ગુજરાતી ભાષામાં! આહા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અહીંયાં કહે છે કે:) **પર્યાયો અન્ય છે. માટે પર્યાયોના અન્યપણા વડે દ્રવ્યનો – કે જે પર્યાયોના સ્વરૂપનું કર્તા, કરણ અને અધિકરણ હોવાને લીધે પર્યાયોથી** – પર્યાયોના અન્યપણા વડે દ્રવ્યનો અપૃથક્ છે તેથી તેનો **અસત્–ઉત્પાદ નકકી થાય છે."** આહા...હા!

**આ વાતને (ઉદાહરણ વડે) સ્પષ્ટ કરવામાં આવે છે :** દાખલો દઈને સોનાનો. (આ વાતને સ્પષ્ટ કરવામાં આવે છે):

**"મનુષ્ય તે દેવ કે સિદ્ધ નથી."** આ (શરીર) તે મનુષ્ય નહીં હો આ તો પરમાણુ છે પણ મનુષ્યની અંદર ગતિ જે છે ને, ગતિની યોગ્યતા જીવમાં રહેલી એ મનુષ્યની ગતિ છે તે સિદ્ધ નથી કે દેવ નથી. મનુષ્યની જે પર્યાય છે તે દેવની પર્યાય નથી, તે સિદ્ધની પર્યાય નથી. આહા...હા! આચાર્યે બે વાત લીધી. મનુષ્ય તે દેવ કે સિદ્ધ નથી, એમાં તિર્યંચને અંદર લઈ લેવું. **"દેવ તે મનુષ્ય કે સિદ્ધ નથી."** ભલે સ્વર્ગમાં દેવ થાય. આહા...હા! આચાર્ય છે ને... મનુષ્યથી દેવ થવાના છે. દેવ પછી સિદ્ધ થવાના છે. આહા...હા! (દેવમાંથી) પછી મનુષ્ય થઈને સિદ્ધ થવાના છે. આહા...હા! દિગંબર સંતોની વાત છે બાપા! **"મનુષ્ય તે દેવ કે સિદ્ધ નથી,"** મનુષ્યપણાની ગતિ જે છે અંદર તે દેવપણું નથી ને સિદ્ધપણું નથી. અને **"દેવ તે મનુષ્ય કે સિદ્ધ નથી."** આહા..હા! મુનિરાજ તો દેવમાં જવાના. દેવની પર્યાય થવાની – પંચમકાળ છે ને...! આહા...! પણ ઈ **"દેવ તે મનુષ્ય કે સિદ્ધ નથી."** આહા...હા! **"એ રીતે નહિ હોતો" થકો અનન્ય (–તેનો તે જ) કેમ હોય ?"** જીવ તેનો તે જ કેમ હોય? જોયું? આહા...! એ જીવ જે છે મનુષ્ય છે તે દેવ કે સિદ્ધ નથી, અને દેવ કે સિદ્ધ છે તે મનુષ્ય નથી, તો પછી તેનો તે જ કેમ (જીવ) હોય? આહા...! તેનો તે જ કેમ હોય? આહા...હા! પર્યાયમાં અનેરો થાય છે ને...! દુનિયા તો શરીરને જ દેખે છે (માને છે) આત્મા. આ (શરીર તો) માટી છે, પુદ્ગલની અવસ્થા – જડ–માટી છે. એ (શરીરમાં) અનંતા પરમાણુ છે એકેક પરમાણુમાં અનંતી અન્વયશકિતઓ છે અને તે તે પરમાણુની (પર્યાયો) ક્રમાનુપાતી (ક્રમબદ્ધ) જે પર્યાય આવવાની તે જ આવે છે એ પર્યાયનો કર્તા–સાધન ને અધિકરણ (આધાર)-એ પરમાણુ છે. આહા...હા! આવું જગતને બેસવું (ઘણું કઠણ!) અભ્યાસ કયાં છે? જગતના અભિમાન આડે (સમજવા) નવરો કયાં છે? આ કર્યું ને.... આ કર્યું ને.... આ કર્યું ને...!

(અહીંયાં કહે છે કે:) **(તેનો તે જ) કેમ હોય, કે જેથી અન્ય જ ન હોય"** અનેરો છે. એ પર્યાયથી અનેરો–અનેરો છે. **"અને જેથી મનુષ્યાદિ પર્યાયો જેને નીપજે છે એવું જીવદ્રવ્ય પણ** – આહા...! આહા...હા! જીવદ્રવ્ય પણ અને જેથી મનુષ્યાદિ પર્યાયો જેને નીપજે છે એવું જીવદ્રવ્ય પણ – એ જીવદ્રવ્ય પર્યાય અપેક્ષાએ અન્ય છે એમ સિદ્ધ કરવું છે. આહા...હા! આવો ઉપદેશ હવે મીઠાલાલજી! નવરા કયાં? એક તો ધંધા આડે નવરા કયાં? પાપ. આખો દિ' ધંધો! બાયડી–છોકરાં (સાચવવાં) ધૂળ–ધાણી! આહા...હા! કાંઈ જેની હારે સંબંધ ન મળે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઊગમણો–આથમણો કયાં'ય ન મળે. એક બાવળમાંથી આવ્યો હોય ને એક હારે લીમડામાંથી આવ્યો હોય. આહા...હા...હા! એ પ્રશ્ન થયેલો. એક ફેરે. અમરેલી ચોમાસું હતું ને... છીયાસીનું. પૂરું થઈને ચિતલ ગયા ચિતલ. ન્યાં એક કુંવરજીનો મનસુખ ને... એનું સગપણ ન્યાં કર્યું તું ન્યાં શેઠિયાવમાં. લાલચંદ શેઠની દીકરી. લાલચંદ શેઠ! આ બધા પૈસાવાળા! જે દિ' સગપણ કર્યું તે દિ' પૂછયું મને આણંદજીએ કે આ શું? છોડી કયાંની ને છોકરો કયાંનો? આ બધો મેળ શું થાય છે. કહે છે. સત્યાસીની વાત છે. કારતક વદ–૧. પુનમે પૂરું થાય ને.... એટલે અમરેલીથી ચિતલ આવેલા. સીધા જ. આણંદજી હારે હતો. કીધું કે ભાઈ! એ બાઈ કયાં'કથી બાવળમાંથી આવી હોય, અને આ છોકરો લીમડામાંથી આવ્યો હોય. એ આમ ભેગાં કહેવાય પણ ભેગાં કોને કહેવા? આહા... શાંતિભાઈ! કોને ભેગાં કહેવાં? ભેગાં થયા કહે છે કર્મ અનુસાર. આહા...! હા!

(અહીંયાં કહે છે) દરેક દ્રવ્ય તે તે સમયની ક્રમાનુપાતી પર્યાયપણે તે દ્રવ્ય ઊપજે છે. આહા...હા! તેથી તે દ્રવ્યનો પણ અસત્–ઉત્પાદ કહેવામાં આવે છે. પર્યાયની અપેક્ષાએ. આહા...હા...હા! એ અહીંયાં કહે છે. **''જેથી મનુષ્યાદિ પર્યાયો જેને નીપજે છે એવું જીવદ્રવ્ય''** જોયું? જીવદ્રવ્ય પણ હવે દૃષ્ટાંત આપે છે. **''વલયાદિ વિકારો (કંકણ વગેરે પર્યાયો) જેને ઊપજે છે એવા સુવર્ણની જેમ.''** કંકણ આદિ પર્યાયો સોનામાં ઊપજે છે. સોનામાં કડું (કુંડળ, વીંટી) આદિ થાય ને...! એવા સુવર્ણની જેમ. વલયાદિ વિકારો એટલે પર્યાયો, સોનામાંથી થાયને કુંડળ, કડાં, વીંટી, થાળી પણ થાય – સોનાની થાળી, સોનાના વાટકા, સોનાના પ્યાલા હોય છે ને...! છે ને અહીંયાં આવે છે અમારે આહાર (દાન) વખતે. અમુકને ઘરે સોનાના (થાળી–વાટકા) પ્યાલા હોય છે. સોનાની ચમચી વળી હોય છે ને...! આહા...હા! એ કહે છે કે જે આકાર થયો સોનાનો (જેને) વલયાદિ વિકારો (કહ્યાં) એ જીવદ્રવ્ય પણ – વલયાદિ વિકારો, કંકણ વગેરે જેને ઊપજે છે (અર્થાત્) જેને ઊપજે છે એવા સુવર્ણની જેમ – જીવદ્રવ્ય પણ **''પદે પદે (પગલે પગલે, પર્યાયે પર્યાયે) અન્ય ન હોય?''** આહા..! ઈ જીવ પણ અન્ય–અન્ય ન હોય કેમ? એમ કહે છે. જેમ સોનું પણ પર્યાયે–પર્યાયે ભિન્ન ભિન્નપણે ઊપજે છે અને અન્ય–અન્ય છે તો જીવ પણ ભિન્ન ભિન્ન પર્યાયે ઊપજે છે તો અન્યપણે કેમ ન હોય? આહા...હા! અહીંયાં તો પરની હારે કાંઈ સંબંધ નથી ઈ સિદ્ધ કરીને – એકદમ ભિન્નપણાની પર્યાય દેખાય – મનુષ્યદેહ છૂટીને દેવમાં – તો (લોકો) કહે કે આહા.... આયુષ્ય દેવનું બાંધ્યું માટે દેવપણું થયું તે વાત ખોટી છે. આહા...હા! સમજાય છે? ઘણા સંસ્કારવાળા જીવો તો દેવમાં જવાના. આવી સ્થિતિ સાંભળે – દરરોજ સાંભળે એના પુણ્ય બંધાય, એ મરીને સ્વર્ગમાં જવાના. આહા...હા! એકદમ મનુષ્યદેહ છૂટીને સ્વર્ગ(માં જાય) તો એમ થઈ જાય કે આ શું નવું ઊપજયું? કે ના. અનેરી પર્યાય થઈ – પણ ઈ પહેલી નો'તી માટે અનેરી–અન્ય કીધી. એ અન્ય છે (પર્યાય) માટે દ્રવ્ય એમ ને એમ રહ્યું છે એમ નહીં. એ પણ ઊપજયું છે. આહા..હા! છે ને? (પાઠમાં)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(કહે છે કે:) **"એવું જીવદ્રવ્ય પણ – વલયાદિ વિકારો (કંકણ વગેરે પર્યાયો જેને ઊપજે છે એવા સુવર્ણની જેમ – પદે પદે (પગલે પગલે, પર્યાયે પર્યાયે) અન્ય ન હોય? કેમ ન હોય? અનેરું (દ્રવ્ય) કેમ ન હોય?** અહીં સોનામાં **"જેમ કંકણ, કુંડળ વગેરે પર્યાયો અન્ય છે."** પર્યાયો અનેરાપણે થાય છે. એ સુવર્ણ અનેરી–અનેરી પર્યાયપણે થાય છે એમ જીવદ્રવ્ય અનેરાપણે કેમ ન હોય? આહા...હા! પરની હારે કાંઈ લેવા–દેવા ન મળે. કર્મને લઈને ને ફલાણાને લઈને ને ઢીંકડાને લઈને (આમ થયું એ વાત નહીં.) આહા...હા! આવી વાત છે! સુકનલાલજી! શુકન આ છે. આહા..હા! દ્રવ્ય અનેરું કેમ ન હોય? એમ કહે છે ભાઈ! આહા...હા! પર્યાય અપેક્ષાએ (ની વાત છે!) આહા...! દ્રવ્ય તો દ્રવ્ય છે. પણ પર્યાય ભિન્નભિન્ન થઈ તે કાળે તે થવાની ક્રમાનુપાતી – ક્રમે આવવાની હતી (તે) થઈ, આવવાની હતી ને થઈ, એ વખતે દ્રવ્ય અન્ય કેમ ન કહીએ? દ્રવ્ય અન્યરૂપે નથી થયું એમ કેમ ન કહીએ? પહેલી (મનુષ્ય પર્યાય) પણે હતું ને (દેવપણે) થયું તો અન્ય કેમ નથી? આહા...હા! આવી વાતું! સાંભળવા મળવી મુશ્કેલ! અને સાંભળવી ય મુશ્કેલ પડે! લો, આ હાથે ય હલાવી શકે નહીં, બોલી શકે નહીં. આહા..હેં? સાધુને આહાર દઈ શકે નહીં, ભગવાનની સ્તુતિ કરી શકે નહીં. આહા...! ભગવાનની પૂજા (સમયે) ચોખા વડે કરીને (અર્ઘ્ય) ચડાવી શકે નહીં. ઈ આત્મા કરી શકે નહીં એમ કહે છે. આહા...હા! એ વખતે ઈ જીવદ્રવ્યનો પર્યાય, પહેલો નહોતો ને અનેરો થયો એથી તને એમ લાગે કે આ પર્યાયને લઈને આ બધું – આ થાય છે એમ નથી. આહા...હા! કો'કાન્તિભાઈ! આવું તો સાંભળ્યું નથી. નાની ઉંમરમાં વયા ગયા બિચારા! બુદ્ધિવાળા હતા પણ. ગોરધનભાઈએ તો થોડું'ક પાછળથી સાંભળેલું! તત્ત્વની વાત! આહા...હા! અરે...રે! જે કમાણી કરવી જોઈએ એ કમાણી કરી નહીં. હેં? આ દશ હજારનો પગાર ને પંદર હજારનો પગાર ને વીસ હજારનો પગાર ને...! બાપુ! પણ એમાં શું થયું? એમાં કયાં તું આવ્યો? એ કયાં તારાથી થયું? તારાથી થયું – જે પર્યાય પહેલી નહોતી એમ અહીંયાં થયું તો અનેરું થયું તો દ્રવ્ય અન્ય કેમ ન હોય? એમ કહે છે. પરને લઈને થયું નથી. એમ કહે છે. એ પર્યાયને લઈને દ્રવ્ય અનેરું કેમ ન થયું? આહા...હા!

(અહીંયાં કહે છે) **"અન્ય ન હોય? જેમ કંકણ, કુંડળ વગેરે પર્યાયો અન્ય છે (ભિન્નભિન્ન છે, તેના તે જ નથી) તેથી તે પર્યાયો કરનારું સુવર્ણ પણ અન્ય છે."**, છે? (પાઠમાં) કઈ પર્યાય? કંકણ, કુંડળ આદિ તે પર્યાયો કરનારું સુવર્ણ પણ અન્ય છે. એનું – પર્યાયોનું કરનારું સુવર્ણ પણ પર્યાયની અપેક્ષાએ અન્ય છે. આહા...હા! **"તેમ મનુષ્ય, દેવ વગેરે પર્યાયો અન્ય છે તેથી તે પર્યાયો કરનારું જીવદ્રવ્ય પણ પર્યાય–અપેક્ષાએ અન્ય છે."** આહા...હા! કેટલું સ્પષ્ટ કર્યું છે!! હજી તો અહીંયાં બહારના અભિમાન મૂકવા નથી. અમે આ કર્યું ને અમે આનું આમ કર્યું ને આ કર્યું ને – કો'કને છેતરવા હોય તો આમ છેતરવા ને આમ (ચાલાકીથી) છેતરવા ને અરે...રે! છેતરાય જાય છે તું (તે) તને તારી ખબર નથી. આહા...હા! તે પર્યાયની ઉત્પત્તિનું કારણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તો તારું દ્રવ્ય છે. આહા...હા! એના બીજાના પૈસા ગયા ને (છેતરાણો) તો એ તો એને કારણે – પૈસાની પર્યાય પૈસાથી થઈ એને કારણે ખેદ થયો કે રાગ થયો તો એને કારણે (થયો છે) એ કાંઈ પૈસાને કારણે (ખેદ કે રાગ) થયો એમ નહીં. આહા...હા! આવી વાતું! ત્રણ લોકનો નાથ! આમ સામે ઊભો રહ્યો હોય જાણે અને સત્‌ની વાતું કરતો હોય આહા...હા! ફાટ–ફાટ. પ્યાલા કે! (અજર પ્યાલા!) આહા...હા!

પરદ્રવ્યથી થાય.... પ્યાલા ભિન્ન છે. એ સમયે પણ પરદ્રવ્યની પર્યાયપણે તું નહીં અને તારી પર્યાયપણે તે નહીં. તારી પર્યાય તેનાથી (થાય) નહીં. આહા...હા...હા!

અહીંયાં તો કહે છે કે તારી પર્યાય ભિન્નભિન્ન ભાસે – એકદમ વિલક્ષણ ભાસે તો પણ ઈ ક્રમાનુપાતી છે. અને તે એના ગુણની સાથે સંબંધ રાખીને છે. અને તેથી તે દ્રવ્ય તે–પણે ઊપજયું છે, દ્રવ્યને પણ તેથી અમે અન્ય કહીએ છીએ. આહા...હા! કો' હેં? આવું છે! આમાં આવું ઝાઝા માણસ સાંભળનારા – શું કહે છે? બહુ થોડા (સાંભળનારા હોય) વાત સાચી! થોડા જ હોય. આવું પરમ સત્ય!! આહા...હા! ત્રણ લોકનો નાથ! સીમંધરદેવ પરમેશ્વર! ઈન્દ્રોની વચ્ચે કહેતા હતા ઈ આ વાત છે. અને હજી કહી રહ્યા છે પરમાત્મા! સીમંધર ભગવાન તો સાક્ષાત્‌ અરિહંત પદે છે ને...! મહાવીર પરમાત્મા સિદ્ધપદ થઈ ગયા. આહા...હા! પણ તે ય કહે છે કે સિદ્ધપદ પર્યાય ટાણે ઈ અનેરી પર્યાય થઈ છે અને જીવ પણ ત્યાં અનેરાપણે થયો છે. દેવપણે હતો અથવા મુનિપણે હતો તે પર્યાયપણે હતું તે વખતે તે પર્યાયપણે (જીવદ્રવ્ય) હતું. અને સિદ્ધપર્યાય થઈ તે પહેલાની પર્યાયને લઈને થઈ એમ નહીં. આહા...હા...હા! ઈ સિદ્ધની પર્યાય, તે સમયે ક્રમાનુપાતી (ક્રમબદ્ધ) થઈ તેનો કર્તા – કરણ – સાધન ને આધાર એ આત્મા છે. આહા..હા..હા! એ મોક્ષની પર્યાયનો કર્તા મોક્ષમાર્ગે ય નહીં. આહા...હા! કેમ કે (મોક્ષ) મારગની પર્યાય કાળે દ્રવ્ય તે–પણે ઊપજેલું અને જયાં સિદ્ધપદ થયું તે પર્યાય તે કાળે તે દ્રવ્ય ઊપજયું તેથી અન્ય–અન્ય દ્રવ્ય થયું એમ કેમ ન કહેવાય? પર્યાય અપેક્ષાએ (થયું એમ કહેવાય છે.) આહા...હા! ઈ આ દ્રવ્ય (ગળે ઉતારવું) મુશ્કેલ! આ તો બધું! આવી વાતું હશે?! અરે! ભાગ્યશાળી લોક છો બાપા! આવી વીતરાગની વાતું – ઘરની વાત – સાક્ષાત્‌ ભગવાન બિરાજતા હોય એમ કહે છે. આહા...હા! લો! આ એકસો ને તેરમી ગાથા.

ભાવાર્થ :– **"જીવ અનાદિ અનંત હોવા છતાં, મનુષ્ય પર્યાયકાળે દેવપર્યાયની કે સ્વાત્મોપલબ્ધિરૂપ સિદ્ધપર્યાયની અપ્રાપ્તિ છે."** ભગવાન (આત્મા) અનાદિ અનંત હોવા છતાં – ભગવાન એટલે આત્મા. મનુષ્ય પર્યાયકાળે દેવપર્યાયની પોતે આચાર્ય છે ને.... સંત છે ને.... મુનિ છે ને.... કહે છે કે મનુષ્યની પર્યાયકાળે દેવપર્યાયની કે સ્વાત્મોપલબ્ધિરૂપ સિદ્ધપર્યાયની અપ્રાપ્તિ છે. આહા...હા...હા! વાત ઈ નાખી છે દેવમાંથી મનુષ્ય થઈને સિદ્ધ થવાના (મુનિરાજ.) આહા...હા! અરે! આનો એકાંત કહે (અજ્ઞાની લોક). લોકો એમ કહે. પરથી કાંઈ ન થાય – અને આડી–

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવળી કાંઈ પર્યાય ન થાય – (મુનિરાજ કહે છે) પરથી કાંઈ ન થાય ને આડી–અવળી કાંઈ પર્યાય ન થાય. લે શું કહેવું છે તારે? ''ક્રમાનુપાતી'' તેના યોગથી આવવાની પર્યાય જે છે તે આવે છે. અન્વયનો–ગુણનો સંબંધ રાખીને – અન્વયનો સંબંધ તોડીને નહીં. (ક્રમાનુપાતી –ક્રમસર) થાય છે. અન્વયનો સંબંધ રાખ્યો તો અન્વય તો ગુણ છે એટલો પણ સંબંધ થયો એની હારે. એથી અહીંયાં કીધું કે દ્રવ્ય અન્યપણે ઊપજયું છે. આહા...હા! આવી વાતું છે. ભકિત અહીં થાશે હોં! શરીરનું કારણ હોવાને કારણ! પૂનમ છે આ જ. ચોમાસાનો દિવસ! કાલે તો ભગવાનનો દિવ્ય ધ્વનિનો દિવસ છે. ભગવાનની દિવ્યધ્વનિનો – ગણધરની ઉત્પત્તિનો કાલે દિવસ છે. ચાર જ્ઞાન થવાનો – બાર અંગની રચનાનો – એ દિવસ છે કાલ! નૈગમકાલની અપેક્ષાએ: કાલે જ કેમ? (અપેક્ષાએ વાત છે.) નૈગમ એટલે સંકલ્પ–વિકલ્પ. એથી એમ કહેવાય એને. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **''અર્થાત્ મનુષ્ય તે દેવ કે સિદ્ધ નથી માટે તે પર્યાયો અન્ય અન્ય છે. આ રીતે પર્યાયો અન્ય હોવાથી,** તે પર્યાયોનો કરનાર, આહા...હા! એક બાજુ એમ કહે કે પર્યાયોનો કરનાર દ્રવ્ય–ગુણ નહીં. પર્યાયનો કરનાર પર્યાય, પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન, પર્યાય અધિકરણ – આધાર (પણ) અહીંયાં તો બીજી વાત સિદ્ધ કરવી છે ને...! આહા...હા! સ્યાદ્વાદ અનેકાંત માર્ગ – આ રીતે છે. ફુદડીવાદ નથી. આહા...હા! સિદ્ધની પર્યાયોનો કરનાર, મોક્ષની પર્યાયથી મોક્ષની પર્યાય થઈ એમે ય નહીં એમ કહે છે. હેં? આહા...હા! એક કોર મોક્ષમાર્ગ છે એનાથી મોક્ષ થાય એમ કહેવું. અહીંયાં કહે છે સિદ્ધની પર્યાયનો કરનાર, સિદ્ધનો આત્મા છે. **(શ્રોતાઃ) કઈ અપેક્ષા સાચી? (ઉત્તરઃ) બેય અપેક્ષા સાચી છે.** કયાં ગયા તમારા વડીલ મોતીલાલ છે? ગયા? છે. કે ગુજરાતી સમજે કે નહીં? ઈ તો સમજે છે ગુજરાતી. **(શ્રોતાઃ)** બહુ સરળ ભાષા છે. **(ઉત્તરઃ)** ભાષા સરળ છે! અને ઈ તો ઘણી વાર આવે છે ને...! આહા...હા! કપાટ ફાડી નાખ્યા છે અંદરથી! (ભેદ ખોલી નાખ્યા છે.) પરની હારે કાંઈ સંબંધ નહીં અને પૂર્વે પર્યાય નો'તી માટે થઈ તેથી કંઈક વિલક્ષણ પરનું થયું. એના સંબંધથી બિલકુલ નહીં. અને તે પર્યાય દ્રવ્યને અડતી નથી છતાં તે પર્યાયનો કર્તા દ્રવ્ય છે. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **''તે પર્યાયોનો કરનાર, સાધન અને આધાર એવો જીવ પણ પર્યાય–અપેક્ષાએ અન્યપણાને પામે છે.''** પર્યાય અપેક્ષાએ (જીવ) અન્યપણાને પામે છે. આહા...હા! શું વીતરાગની શૈલી!! **''આ રીતે જીવની માફક, દરેક દ્રવ્યને''** દરેક દ્રવ્ય–પરમાણુ, આકાશ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ – દાળ, ભાત, રોટલા, શાક દરેક દ્રવ્યને **''પર્યાય અપેક્ષાએ અન્યપણું છે.''** ઈ શાકની પર્યાય જે થાય છે (કાચામાંથી) પાકી. એ પાકવાની પર્યાયનો એનો કાળ છે ક્રમાનુપાતી એ થયો છે. એ પાકી પર્યાયનો કર્તા ઈ પરમાણુ છે. બાઈ નહીં, (વાસણ) નહીં, અગ્નિ નહીં. આહા...હા! આંહી તો અભિમાનનો પાર નહીં કે મારાથી કેવું સરસ થાય છે. કેવા (મજાના) પુડલા થાય છે. હાથ હલાવું (હળવે–હળવે) શું કહેવાય? વડી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે ને... પાપડ (સરસ) થાય છે ને ઢીકડું થાય છે ને...! (માને કે હું) હુશિયાર! મરી ગયો છે. આત્માને મારી નાખ્યો પરનું કર્તાપણું માનીને–કરીને આહા...હા! ભગવાન (આત્મા) તો જીવતી જયોત! જીવતી જયોત બિરાજે છે ચૈતન્ય!!

કહે છે કે તે તે કાળે તે પર્યાયપણે દ્રવ્ય ઊપજે છે માટે અન્ય પણ કહેવામાં આવે છે દ્રવ્યને. પણ અનેરો (કોઈ) બીજો છે એમ નહીં. એ પર્યાય વિલક્ષણ આદિ પર્યાય થાય એના કરવામાં એનું દ્રવ્ય છે. બાકી કોઈ બીજું દ્રવ્ય – એનું નિમિત્તપણું છે, નિમિત્તપણું હોં. પણ એથી કંઈ (નિમિત્ત) એનો કર્તા છે કે સાધન છે કે આધાર છે, અપાદાન છે એમ નથી. આહા...હા!

(અહીંયાં કહે છે કેઃ) **પર્યાય–અપેક્ષાએ અન્યપણું છે."** આહા...! **"દરેક દ્રવ્યને પર્યાય – અપેક્ષાએ અન્યપણું છે. આમ દ્રવ્યને અન્યપણું હોવાથી દ્રવ્યને અસત્–ઉત્પાદ છે. એમ નિશ્ચિત થાય છે.** દ્રવ્યને હોં? પર્યાય તો અસત્ છે જ, પણ ઈ પર્યાય દ્રવ્યની છે ને....! તેથી દ્રવ્યને અસત્–ઉત્પાદ કહેવામાં આવે છે. આહા...હા! આવું ઝીણું છે! ઈ એકસો તેર થઈ.

વિશેષ કહેશે......

ૐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે એક દ્રવ્યને અન્યત્વ અને અનન્યત્વ હોવામાં જે વિરોધ તેને દૂર કરે છે (અર્થાત્ તેમાં વિરોધ નથી આવતો એમ દર્શાવે છે) :–

**दव्वट्ठिएण सव्वं दव्वं तं पज्जयट्ठिएण पुणो ।**
**हवदि य अण्णमणण्णं तक्काले तम्मयत्तादो ॥११४॥**

**द्रव्यार्थिकेन सर्वं द्रव्यं तत्पर्यायार्थिकेन पुनः ।**
**भवति चान्यदनन्यत्तत्काले तन्मयत्वात् ॥११४॥**

**દ્રવ્યાર્થિકે બધું દ્રવ્ય છે; ને તે જ પર્યાયાર્થિકે**
**છે અન્ય, જેથી તે સમય તદ્રૂપ હોઈ અનન્ય છે. ૧૧૪.**

## ગાથા ૧૧૪

**અન્વયાર્થ :–** (**द्रव्यार्थिकेन**) દ્રવ્યાર્થિક (**નય**) વડે (**सर्वं**) સઘળું (**द्रव्यं**) દ્રવ્ય છે; (**पुनः च**) અને વળી (**पर्यायार्थिकेन**) પર્યાયાર્થિક (નય) વડે (**तत्**) તે (દ્રવ્ય) (**अन्यत्**) અન્ય–અન્ય છે, (**तत्काले तन्मयत्वात्**) કારણ કે તે કાળે તન્મય હોવાને લીધે (**अनन्यत्**) (દ્રવ્ય પર્યાયોથી) અનન્ય છે.

**ટીકા :–** ખરેખર સર્વ વસ્તુ સામાન્ય–વિશેષાત્મક હોવાથી વસ્તુનું સ્વરૂપ જોનારાઓને અનુક્રમે (૧) સામાન્ય અને (૨) વિશેષને જાણનારાં બે ચક્ષુઓ છે – (૧) દ્રવ્યાર્થિક અને (૨) પર્યાયાર્થિક.

તેમાં, પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જ્યારે અવલોકવામાં આવે છે, ત્યારે નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું – એ પર્યાયોસ્વરૂપવિશેષોમાં રહેલા જીવસામાન્યને અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા એ જીવોને 'તે બધું ય જીવદ્રવ્ય છે' એમ ભાસે છે. અને જ્યારે દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને એકલા ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે અવલોકવામાં આવે છે, ત્યારે જીવદ્રવ્યમાં રહેલા નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું – એ પર્યાયોસ્વરૂપ અનેક વિશેષોને અવલોકનારા અને સામાન્યને નહિ અવલોકનારા એવા એ જીવોને (તે જીવદ્રવ્ય) અન્ય–અન્ય ભાસે છે, કારણ કે દ્રવ્ય તે તે વિશેષોના કાળે તન્મય હોવાને લીધે તે તે વિશેષોથી અનન્ય છે – છાણાં, તૃણ, પર્ણ –અને કાષ્ઠમય અગ્નિની માફક (અર્થાત્ જેમ તૃણ, કાષ્ઠ, વગેરેનો અગ્નિ તે તે કાળે તૃણમય, કાષ્ઠમય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વગેરે હોવાને લીધે તૃણ, કાષ્ઠ વગેરેથી અનન્ય છે, તેમ દ્રવ્ય તે તે પર્યાયોરૂપ વિશેષોના સમયે તે–મય હોવાને લીધે તેમનાથી અનન્ય છે – જુદું નથી.) અને જ્યારે તે બન્ને ચક્ષુઓ – દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક– તુલ્યકાળે (એકીસાથે) ખુલ્લાં કરીને તે દ્વારા અને આ દ્વારા (દ્રવ્યાર્થિક ચક્ષુ દ્વારા તેમ જ પર્યાયાર્થિક ચક્ષુ દ્વારા) અવલોકવામાં આવે છે, ત્યારે નારકત્વ–તિર્યંચત્વ –મનુષ્યત્વ– દેવત્વ–સિદ્ધત્વ–પર્યાયોમાં રહેલો જીવસામાન્ય અને જીવસામાન્યમાં રહેલા નારકત્વ – તિર્યંચત્વ – મનુષ્યત્વ – દેવત્વ – સિદ્ધત્વ પર્યાયોસ્વરૂપ વિશેષો તુલ્યકાળે જ દેખાય છે.

ત્યાં, એક ચક્ષુ વડે અવલોકન તે એકદેશ અવલોકન છે અને બે ચક્ષુઓ વડે અવલોકન તે સર્વ અવલોકન (–સંપૂર્ણ અવલોકન) છે. માટે સર્વ અવલોકનમાં દ્રવ્યનાં અન્યત્વ અને અનન્યત્વ વિરોધ પામતાં નથી.

**ભાવાર્થ :–** દરેક દ્રવ્ય સામાન્ય–વિશેષાત્મક છે. તેથી દરેક દ્રવ્ય તેનું તે જ પણ રહે છે અને બદલાય પણ છે. દ્રવ્યનું સ્વરૂપ જ આવું ઉભયાત્મક હોવાથી દ્રવ્યના અનન્યપણામાં અને અન્યપણામાં વિરોધ નથી. જેમ કે મરીચિ અને શ્રીમહાવીરસ્વામીનું જીવસામાન્યની અપેક્ષાએ અનન્યપણું અને જીવના વિશેષોની અપેક્ષાએ અન્યપણું હોવામાં કોઈ પ્રકારનો વિરોધ નથી.

દ્રવ્યાર્થિકનયરૂપી એક ચક્ષુથી જોતાં દ્રવ્યસામાન્ય જ જણાય છે તેથી દ્રવ્ય અનન્ય અર્થાત્ તેનું તે જ ભાસે છે અને પર્યાયાર્થિકનયરૂપી બીજા એક ચક્ષુથી જોતાં દ્રવ્યના પર્યાયોરૂપી વિશેષો જણાય છે તેથી દ્રવ્ય અન્ય–અન્ય ભાસે છે. બન્ને નયોરૂપી બન્ને ચક્ષુઓથી જોતાં દ્રવ્યસામાન્ય તથા દ્રવ્યના વિશેષો બન્ને જણાય છે તેથી દ્રવ્ય અનન્ય તેમ જ અન્ય–અન્ય બન્ને ભાસે છે. ૧૧૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૧૦–૭–૭૯.

'પ્રવચનસાર' ગાથા–૧૧૪.

**"હવે એકદ્રવ્યને અન્યત્વ અને અનન્યત્વ હોવામાં જે વિરોધ તેને દૂર કરે છે. (અર્થાત્ તેમાં વિરોધ નથી આવતો. એમ દર્શાવે છે):–**

એટલે શું? કેઃ સામાન્યપણે દ્રવ્ય તેનું તે જ છે, અને વિશેષપણે દ્રવ્ય ભિન્ન–ભિન્ન અન્ય–અન્યપણે છે. છતાં તે અનન્ય છે. સામાન્યથી જુદું નથી (વિશેષ). અન્ય–અન્ય અવસ્થા હોવા છતાં અનન્ય છે. આહા...હા! આવી વાત! દરેક દ્રવ્ય(ની વાત છે.) દાખલો જીવનો આપશે. પણ દરેક દ્રવ્ય, સામાન્ય છે એ તો તેનું તે જ છે. વિશેષ છે (તે) અન્ય–અન્ય છે. છતાં તે વિશેષ – પર્યાય તે સ્વકાળે, અન્ય–અન્ય હોવા છતાં દ્રવ્યથી અનન્યમય છે. દ્રવ્યથી જુદી નથી. આહા...હા...હા! આ તો દરેક દ્રવ્યનું સ્વરૂપ (આવું છે.) આત્માને પરદ્રવ્ય હારે કાંઈ સંબંધ નથી. આહા...હા! (આત્માને) કર્મની હારે, શરીરની હારે, દેશની હારે, કુટુંબ હારે, આબરુ હારે, પૈસા હારે, પગાર હારે, (પુત્ર–પુત્રીઓની હારે) કાંઈ સંબંધ નથી. દરેક દ્રવ્ય(નું) પોતાનું સ્વરૂપ કાયમ રહીને, અનેરી–અનેરી, અન્ય–અન્ય અવસ્થા થાય, એ અપેક્ષાએ અન્ય પણ કહેવાય, અને એની ને એની (અવસ્થાઓ) છે માટે અનન્ય છે. એની છે – એ દ્રવ્ય પોતે જ પર્યાયપણે આવ્યું છે. આહા...હા...હા! આવી વાત! આવી વહેંચણી (દરેકે–દરેક દ્રવ્યની!) આખી દુનિયાની વહેંચણી થઈ ગઈ! આહા...હા!

અહીંયાં બધા દ્રવ્યની વાત છે. દાખલો જીવનો આપશે.

**दव्वट्ठिएण सव्वं दव्वं तं पज्जयट्ठिएण पुणो ।**
**हवदि य अण्णमणण्णं तक्काले तम्मयत्तादो ॥११४॥**

**દ્રવ્યાર્થિકે બધું દ્રવ્ય છે; ને તે જ પર્યાયાર્થિકે**
**છે અન્ય, જેથી તે સમય તદ્રૂપ હોઈ અનન્ય છે. ૧૧૪.**

**ટીકા :–** આહા...હા! તત્ત્વજ્ઞાન એટલું સૂક્ષ્મ છે કે પર્યાયમાં જીવને, નારકીઆદિ (ની પર્યાય) હોવા છતાં, તે અન્ય–અન્ય હોવા છતાં, તે અનન્ય છે. આત્માની સાથે એ પર્યાયોનું તન્મયપણું છે. આહા...હા! ચાહે તો હિંસાના પરિણામ હો, (ચાહે) દયાના હો, પૂજાના–ભક્તિના પરિણામ, રૌદ્રધ્યાનના પરિણામ હો – એ પરિણામ દ્રવ્યની પર્યાયમાં છે. અનેરી–અનેરી અવસ્થા(ઓ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોવાથી અન્ય પણ કહેવાય છે. અને આત્મા તેમાં વર્તે છે માટે અનન્ય પણ કહેવાય છે. આહા...હા! પરની હારે કાંઈ સંબંધ નહીં. પર અન્ય છે એ જુદી ચીજ. અને દ્રવ્યની પર્યાય અન્ય–અન્ય થાય છે એ જુદી ચીજ. આહા...હા! દરેક દ્રવ્યની પર્યાય અન્ય–અન્ય થાય છે. છતાં તે અનન્ય છે. અન્ય છે તે અનન્ય છે. બીજા પદાર્થો અન્ય છે એ અનન્ય નથી એ તદ્દન ભિન્ન છે. આહા..હા! સમજાય છે?

(અહીંયાં કહે છે કે:) **"ટીકા : ખરેખર સર્વ વસ્તુ".** જોયું? દ્રવ્ય શબ્દ ન આપતાં વસ્તુ કીધી. **सर्वस्य हि वस्तुनः** કેમ કે એમાં વસેલી શકિતઓ છે અનંત. દરેક દ્રવ્ય – જીવ કહો કે પરમાણુ કહો કે આકાશ કહો (ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ કહો). વસ્તુ કેમ કીધી? કે એમાં (છએ દ્રવ્યોમાં) અનંત અન્વયી ગુણો વસેલા (તે કેટલા છે?) અનંત–અનંત અત્યંત અનંત! આહા...હા! ચાહે તો આત્મા હો કે આકાશ હો કે ચાહે પરમાણુ હો (તેમાં) અનંત–અનંત અત્યંત અનંત ગુણથી ભરેલી (વસ્તુ) છે માટે તેને વસ્તુ કીધી. વસ્તુમાં વસેલી શકિતઓ છે. એ પોતાની છે. એ શકિતઓ બીજાની શકિતઓમાં વસે અને બીજાની શકિત અહીંયાં આવે એમ નથી. આહા...હા! (જીવને) નજીકમાં નજીકનું શરીર, નજીકમાં નજીકનો દીકરો, સ્ત્રી કે કુટુંબ – છતાં ઈ ચીજ તદ્દન જુદી (છે.) એનું વિશેષપણું (દરેક) દ્રવ્યનું અન્ય–અન્ય હોવા છતાં, તે દ્રવ્યથી અનન્ય છે, તે (કાંઈ) જુદી નથી તે પર્યાયો. જેમ જુદું દ્રવ્ય તદ્દન અન્ય છે એમ આ પર્યાય અનેરી–અનેરી થાય, માટે (તદ્દન) અન્ય જ છે એમ નહીં. (પર્યાય અપેક્ષાએ) અન્ય (અન્ય) પણ કહેવાય છે. (કેમકે) પહેલી નહોતી ને થઈ એ અપેક્ષાએ. (પરંતુ) દ્રવ્ય એમાં વર્તે છે માટે અનન્ય પણ છે. આહા...હા! આવું છે (વસ્તુસ્વરૂપ!) કો'ચીમનભાઈ! ઝીણું છે ભાઈ!

(અહીંયાં કહે છે કે:) **"ખરેખર સર્વ વસ્તુ"** એક વસ્તુ ન કીધી. (સર્વ વસ્તુ કીધી.) અનંત –અનંત વસ્તુ **"સામાન્ય–વિશેષાત્મક હોવાથી"** દરેક –અનંત વસ્તુ પોતે પોતાથી સામાન્ય – વિશેષ (હોવાથી) સામાન્ય (વિશેષ) એટલે દ્રવ્ય તરીકે સામાન્ય અને પર્યાય તરીકે વિશેષ. ઈ દરેક દ્રવ્યનું સ્વતઃ સામાન્ય–વિશેષસ્વરૂપ છે. આહા...હા! એ વિશેષપણું–જેમ સામાન્યપણું એકરૂપ સ્વનું છે એમ વિશેષપણું પરના સંયોગે થાય છે કે પરથી થાય છે? એમ નથી. એ વિશેષ અવસ્થા દરેક દ્રવ્યની તે તે સમયે, પહેલાં નહોતી ને થઈ, માટે તે અનેરા દ્રવ્યના સંબંધે થઈ એમ નથી. આહા...હા! આમ અન્યને એકદમ' અકસ્માત બીજી લાગે પર્યાય! છતાં તે પર્યાય, પહેલી નહોતી (ને થઈ) અપેક્ષાએ – વિશેષપણે જોઈએ તો તે અન્ય છે. પણ તે વિશેષપણું – સામાન્ય ત્યાં વર્તે છે માટે સામાન્યથી અનન્ય છે. સામાન્યથી (તે) જુદી ચીજ નથી. આહા...! જેમ બધી ચીજો તદ્દન જુદી છે (એમ આ પર્યાય જુદી નથી વસ્તુથી.) આહા...હા! એક આત્માને અને બીજા આત્માને કાંઈ સંબંધ નથી. સામાન્યપણે બેય એક ને વિશેષપણે જુદા એમેય નથી, પરની હારે. આહા...હા! અથવા સામાન્યપણે જુદા ને વિશેષપણે એક, એમે ય નથી. શું કીધું ઈ? અનંત જે આત્માઓ અને અનંત પરમાણુઓ છે. એ સામાન્યપણે જુદા અને વિશેષપણે એક એમેય નથી, તેમ સામાન્યપણે જુદા છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માટે (દરેક વસ્તુ પોતાની) પર્યાયથી પણ જુદી નથી. (પર્યાયપણે અન્ય પણ (વસ્તુપણે) અનન્યત્વ છે. સામાન્ય દ્રવ્યથી તે તે પર્યાયનો કાળ – સ્વકાળ, 'ક્રમાનુપાતી' કાલ આવી ગયું છે. (ગાથા–૧૧૩માં) તે સમયે, તે પર્યાય ક્રમે–સ્વકાળે ક્રમાનુસાર આવવાની તે આવી, તેથી તેને પહેલી પર્યાયની અપેક્ષાએ અન્ય કહીએ. પણ વસ્તુની અપેક્ષાએ અનન્ય છે. આહા...હા..હા! એ પર્યાય કોઈ બીજા (દ્રવ્ય) થી થઈ છે (એમ નથી.) આહા...! આ વાત બેસવી (આકરી છે.) ભાષા! ભાષા તો ભલે સહેલી છે. આહા...! પણ એનો 'ભાવ' કઠણ છે!! 'કળશટીકા' માં (કળશ–૬૦માં) કહ્યું છે **[પ્રશ્નઃ સામ્પ્રત (હાલમાં) જીવદ્રવ્ય રાગાદિ અશુદ્ધ ચેતનારૂપે પરિણમ્યું છે ત્યાં તો એમ પ્રતિભાસે છે કે જ્ઞાન ક્રોધરૂપે પરિણમ્યું છે. તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન – એવું અનુભવવું ઘણું જ કઠણ છે. ઉત્તરઃ આમ છે કે સાચે જ કઠણ છે, પરંતુ વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.]** કળશટીકામાં કહે છે ભઈ કઠણ છે, ભાઈ! ખરેખર કઠણ તો છે. પણ સ્વરૂપનું વેદન કરતાં, વેદન પરથી જુદું જણાય છે. કઠણ તો છે. પણ, ભગવાન આત્મા, સામાન્યપણે દ્રવ્ય જે છે તેને જોતાં –જોનારી પર્યાય ભલે એની – પણ એ જુએ છે સામાન્યને, અને તે પર્યાય એમ માને છે (જાણે છે) કે હું તો અખંડ એકસ્વરૂપે બિરાજમાન છું. પર્યાય એમ જાણે છે. આહા...હા! કેમ કે પર્યાયનો વિષય જે છે – એકલો પર્યાયનો વિષય પર્યાય ન રહેતાં, પર્યાયનો વિષય ત્રિકાળી દ્રવ્ય(થાય) છે. આહા...હા...હા! ત્રિકાળી દ્રવ્ય વસ્તુ જે છે મહાપ્રભુ! (એ પર્યાયનો વિષય થાય છે.) અહીંયાં દાખલો જીવનો આપશે. વાત સર્વદ્રવ્યની કહેવી છે. દૃષ્ટાંત જીવનું આપશે. લોકોને ખ્યાલમાં આવી શકે માટે (જીવનું દૃષ્ટાંત આપશે.)

(અહીંયાં કહે છે કેઃ) **"ખરેખર સર્વ વસ્તુ સામાન્ય–વિશેષાત્મક હોવાથી."** એટલે એનો અર્થ (એ) કે કોઈ ચીજ કોઈથી બનેલી છે, કોઈ ઈશ્વર કર્તા છે, કે એક દ્રવ્ય બીજા દ્રવ્ય(ની) પર્યાય કરી શકે છે એવું કાંઈ નથી. આહા...હા...હા! 'સર્વ દ્રવ્યો' એટલે **"સર્વ વસ્તુ સામાન્ય–વિશેષાત્મક હોવાથી"** કાયમ રહેવાની અપેક્ષાએ સામાન્ય, અને પલટવાની અપેક્ષાએ વિશેષ – નહીં પલટવાની અપેક્ષાએ સામાન્ય, (ને પલટવાની અપેક્ષાએ વિશેષ.) આહા...હા! દરેક વસ્તુ નહીં પલટવાની અપેક્ષાએ સામાન્ય, પલટવાની અપેક્ષાએ વિશેષ. બે (પડખાં) થઈને એનું સ્વરૂપ(જ) એ બે (પડખાંમાં) છે. પરની હારે એને કાંઈ સંબંધ નથી. આહા...હા! **(પ્રશ્નઃ)** વહાલા દીકરા હોય, વહાલી સ્ત્રી હોય એની હારે કાંઈ સંબંધ નહીં? આહા...હા! **(શ્રોતાઃ)** દીકરો તો પરમાં છે. આત્માને દીકરો કેવો? **(ઉત્તરઃ)** પણ સુમનભાઈ જેવો છોકરો હોય લો (તમારે.) આઠ આઠ હજારનો પગાર. **(શ્રોતાઃ)** આપ તો ના પાડો છો. **(ઉત્તરઃ)** કોના દીકરા બાપા? કોનો બાપા કોનો દીકરો? આહા...! એનું વિશેષ પણ એક સમય ટકે. આહા...હા...હા! તે તે દ્રવ્યનું વિશેષ પણ એકસમય ટકે. તો બીજી ચીજ એની છે કયાં આવી પ્રભુ! આહા...હા....હા...હા! સમજાય છે કાંઈ?

(કહે છે) દરેક વસ્તુ, કાયમ રહેવાની અપેક્ષાએ તો ભલે ધ્રુવ છે પણ ક્ષણિક અવસ્થાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપેક્ષાએ એટલે એક સમય હોય છે. છતાં વિશેષ જે ક્ષણિક છે (તે) એક જ સમય છે. એની (ધ્રુવની) છે છતાં એક સમય છે. અને તેને પૂર્વની પર્યાયની અપેક્ષાએ અન્ય પણ કહીએ. અને આત્માની અપેક્ષાએ (આત્મા) અંદર વર્તે માટે અનન્ય પણ કહીએ. પરને અને આત્માને કે પરમાણુને કે આત્મા, આત્માને કે બીજા પરમાણુને (કાંઈ સંબંધ નથી.) આહા...હા! આ વાત બેસવી (આકરી બહુ) લોકોને ઈ વિચારેય કયાં? વખત ન મળે ને કયાં (વિચાર) કરે? એ દુનિયાની જંજાળમાં! આહા...હા! (નકામો) વખત ગાળી જિંદગી ચાલી જાય છે. અને પછી અવતાર! ઘણાંના અવતાર પશુ થવાના, તિર્યંચમાં જવાના. આહા...હા! કારણ કે ધરમ નથી, તેમ આ શું વસ્તુ છે? તેને સમજવાનો વિકલ્પ પણ વિશેષે નથી, કે દિવસમાં બબ્બે–ચચ્ચાર કલાક એ શું ચીજ છે આ? તો તો પુણ્યે ય બાંધે. આહા...હા!

અહીંયાં કહે છે : એ **"વસ્તુનું સ્વરૂપ જોનારાઓને અનુક્રમે (૧) સામાન્ય અને (૨) વિશેષને જાણનારાં બે ચક્ષુઓ છે (–(૧) દ્રવ્યાર્થિક અને (૨) પર્યાયાર્થિક)** એવી રીતે જ લીધું છે. અનુક્રમે જોવામાં સામાન્ય અને વિશેષ. **"(૧) દ્રવ્યાર્થિક અને (૨) પર્યાયાર્થિક."** એક સાથે જોવાનું પણ લેશે. (એ પ્રમાણ.) (અહીંયાં) તો આટલું લીધું છે. પણ એકસાથે જોવાનું પાછું લેશે.

(અહીંયાં કહે છે કે:) **"તેમાં, પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરી."** આહા...હા! ન્યાંથી ઊપાડયું (જુઓ) દ્રવ્યાર્થિકને બંધ કરીને ન્યાંથી (ઊપાડયું) નહીં. દરેક દ્રવ્યને જોવા માટે, પર્યાયાર્થિક આંખ્યુંને સર્વથા બંધ કરીને, પર્યાય છે ખરી. છે પણ તેને જોવા તરફની આંખ્યુંને – દૃષ્ટિને બંધ કરી. આહા...હા! હા! ગજબ વાત છે!! પહેલી તો કીધી : કે સામાન્ય–વિશેષ વસ્તુ છે. પણ વિશેષને જોવાની આંખ્યુંને બંધ કરી, આહા...હા! છે? (પાઠમાં) તે પાછી કથંચિત્ બંધ કરીને એમ નહીં. **"પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને"** જાણવું છે ને...! આહા...હા! **"એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે"** એકલી ઉઘાડેલી જ્ઞાનની પર્યાય (વડે) આહા....હા! **"દ્રવ્યાર્થિક ચક્ષુ વડે"** દ્રવ્ય જેનું પ્રયોજન છે. દ્રવ્ય + અર્થી (એટલે) અર્થ=દ્રવ્ય જેનું પ્રયોજન છે (તે દ્રવ્યાર્થિક) એ નયથી જોતાં, વિશેષ નયની આંખ્યું બંધ કરી દઈને. આહા...હા...હા! **"એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે"** ભાષા જોઈ? ઓલી તો (પર્યાયાર્થિક) બંધ કરી દીધી. અવસ્થાને જોવાની આંખ્યું જ બંધ કરી દે. આહા...હા! તો તને સામાન્ય, અવસ્થામાં જણાશે. અવસ્થાને જોવાની આંખ્યું બંધ કરી દે અને સામાન્યને જો. તો પાછી જોનારી પર્યાય તો રહેશે. આહા...હા! પણ પર્યાયનો જોવાનો (વિષય) વિશેષ નહીં, સામાન્ય રહેશે. વિશેષને–પર્યાયને જોવાની આંખ્યું સર્વથા બંધ કરી દે. આવી વાત! આહા...હા! બીજાને જોવાનું બંધ કરી દે એ વાત તો એકકોર (પડી રહી) હેં? આહા...હા!

(કહે છે કે:) તારા સિવાય બીજા પદાર્થો, ચાહે તો ભગવાન ત્રણ લોકનો નાથ (કે અન્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છ દ્રવ્યો) એને જોવાની દૃષ્ટિ એ કોઈ પર્યાયાર્થિક દૃષ્ટિ કે દ્રવ્યાર્થિક દૃષ્ટિ નથી હેં? આહા...હા...હા! ફકત તારામાં બે પ્રકાર છે. સામાન્યપણું (એટલે) કાયમ રહેવાપણું અને બદલવાપણું – વિશેષપણું (છે.) ઈ બદલવાપણાની આંખ્યુંને બંધ કરી દઈ (ઉપરાંત) પરને જોવાની આંખ્યુંને બંધ કરી દઈ તો નહીં જ તે (ઈ તો વસ્તુમાં છે જ નહીં.) આહા...હા...હા! ગજબ વાત છે!! પરને જોવાનું તો બંધ જ કરી દે. આહા...હા..હા! થોડે શબ્દે ઘણું છે હો પ્રભુ! આહા...હા! **(શ્રોતાઃ)** ખરેખર વસ્તુ છે...! **(ઉત્તરઃ)** બહુ વસ્તુ 'આ' છે! આહા...હા! પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરી દઈ, એમ ન કહ્યું કે પરદ્રવ્યને જોવાનું બંધ કરી દઈ. આહા...હા...હા...હા! પ્રભુ! તારામાં જ જયાં છે બે (પડખાં) સામાન્ય ને વિશેષ. ઈ બે છે એમાં ઈ વિશેષને જોવાની આંખ્યું સર્વથા બંધ કરી દઈને – કથંચિત્ બંધ કરીને ને (કથંચિત્) ઉઘાડીને અથવા ગૌણ કરીને ઈ (પણ) અહીંયાં તો નથી (કીધું) આહા...હા! **(શ્રોતાઃ)** આપ તો હમણાં જ સમ્યગ્દર્શન થવાની વાત કરો છો....! (ઉત્તરઃ) હેં? વસ્તુ ઈ છે. ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ છે. આહા..! જગતના ભાગ્ય છે, (આ) વાણી રહી ગઈ છે! કુંદકુંદાચાર્ય તો નિમિત્ત છે! આહા...હા! એને સાંભળવાનો ને વિચારવાનો અવસર લેવો નહીં. પ્રભુ! તારે કયાં જાવું છે? કયાં રહેવું છે?

અહીંયાં તો (કહે છે) પર્યાયની આંખ્યું પણ સર્વથા બંધ કરી દઈને (એકલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જો.) આહા..હા! બાયડી–છોકરાં જોવાનું બંધ કરીને એ તો વાત જ (આચાર્યદેવ કરતા નથી.) એ તો તારામાં નથી (તેથી) તેની તો વાત જ અમે નથી કરતા. આહા...! સમજાણું કાંઈ....?

આહા...હા! **"પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને, એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે"** ઉઘડેલું હો પણ ઈ જ્ઞાન પાછું, છે તો પર્યાય. એને (દ્રવ્યને) જોનારી પણ ઈ ઉઘડેલું જ્ઞાન કે (જયારે) પર્યાયને જોવાની (આંખ્યું) બંધ કરી દીધી એટલે સ્વને જોવાનું ઉઘડયું જ્ઞાન. આહા...હા..હા! સમજાણું કાંઈ...? આહા...! શું ટીકા! આવી વાત કયાં છે? ભરતક્ષેત્રમાં! આહા..હા! દિગંબર સંતોએ તો અમૃતના સાગર રેલ્યાં છે! થોડા શબ્દમાં ઘણું છે!! **શું કહીએ એની ગંભીરતા!! આહા...!**

(અહીંયાં) એમ ઈ કહે છે. પહેલી વાત કીધી, કે સર્વ વસ્તુઓ સામાન્ય–વિશેષાત્મક છે, હવે **ત્યારે વસ્તુને તારી, તને (તારે) જોવી હોય તો....** આહા...હા! **"ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે." "જયારે અવલોકવામાં આવે છે."** જુઓ, એમાં પરની વાત નથી લીધી. કે પર્યાયનયને બંધ કરીને પરને જોવું. આહા...હા...હા! પર્યાયાર્થિક નયને બંધ કરી દઈને. ઓહોહોહો! અમૃત રેડયાં છે પ્રભુએ! અરે...રે! જગતને (પોતાની ખબર નથી!) કહે છે કે તારામાં બે પ્રકાર – સામાન્ય અને વિશેષ. જીવમાં ઊતારે છે હોં? સામાન્ય વાત તો બધાની (બધા દ્રવ્યોની) કરે છે. પણ ઉતારે છે જીવમાં. જીવમાં ઉતારીને કહે છે કે સર્વ દ્રવ્યોમાં એમ સમજી લેવું. આહા...હા! જયસેનાચાર્યની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ટીકામાં છે. આમાં ચોખ્ખું નથી. જયસેનઆચાર્યની છે ને ટીકા? એમાં છે જુઓ, **सर्वद्रव्येषु यथासंभवं ज्ञातव्यं इति अर्थः** – છેલ્લા શબ્દો છે, જયસેનઆચાર્યની ટીકા. આહા...! આ તો ધીરાનાં કામ છે ભાઈ! ઓલામાં (સમયસાર) માં આવે છે ને ભાઈ!! 'નિભૃત' – નિભૃત પુરુષો વડે આહા...હા! ચિંતા વિનાના પુરુષો વડે આહા...! નિભૃત પુરુષો વડે કરીને આ વસ્તુ વિચારાય છે **(અર્થાત્ સ્વરૂપમાં એકાગ્ર થનારા પુરુષો વડે, ચિંતા વિનાના પુરુષો વડે આ વસ્તુ વિચારાય છે.)** આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે"** આહા...હા! આટલું પર્યાયચક્ષુને સર્વથા બંધ કરીને (કહીને) જોર આપ્યું. તેથી **"એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે"** – દ્રવ્યને જોઈ શકે તે રીતે જ્ઞાનને ખુલ્લો પ્રગટ કરીને – પર્યાયને જોવાનું નહીં', પણ દ્રવ્યને જોવાની પર્યાયનો – ઉઘાડ કરીને (એકાગ્ર થવા કહે છે) **"એકલા ઉઘાડેલા"** ઉઘાડેલા પાછા કીધું છે હોં! પ્રગટ કરીને.... આહા...હા! આ વસ્તુ છે વસ્તુ! એની કહે છે પર્યાયને જોવાની આંખ્યું બંધ કરી, અને દ્રવ્યાર્થિક – (એકલા) ઉઘાડેલા ચક્ષુ વડે (જો.) એ નયનું જ્ઞાન ઉઘડેલું છે. દ્રવ્યાર્થિક નય જે જોવે છે ત્યાં (તે જ્ઞાન) ઉઘડેલું છે. પર્યાયને જયારે (જોવાનું) બંધ કરી દીધું છે ત્યારે એને સ્વને જોવાનું જ્ઞાન ઉઘડયું છે. આહા...હા...હા! હા...!

(અહીંયાં કહે છે કે:) **"એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જયારે અવલોકવામાં આવે છે, ત્યારે નારકપણું, તિર્યંચપણું"** જુઓ ઉતાર્યું જીવમાં. **"મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું"** સિદ્ધ એ પર્યાય છે ને...! આહા...હા! **"એ પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા** (અર્થાત્) એ પર્યાયો સ્વરૂપવિશેષોમાં રહેલા એક **"જીવ સામાન્યને અવલોકનારા"** આહા...હા...હા! પાછી અવલોકનારી પર્યાય જ છે. આહા...હા! પર્યાયને જોવાની (પર્યાયનય) બંધ કરી દઈને, દ્રવ્યને જોવાની ઉઘાડેલી જ્ઞાનની પર્યાયથી આહા...હા! શું ભર્યું છે!! હવે આમ ને આમ વાંચી જાય. પ્રવચનસાર વાંચી ગયો, એક જણો કે' તો' તો સમયસાર, મહારાજ બહુ વખાણ કરે છે ને... (હું તો) પંદર દિ'માં વાંચી ગયો છું કહે. બાપા! પંદર દિ' શું? ભાઈ! એ ગહન વાત નો પાર આવે એવું નથી પ્રભુ! (દૃષ્ટિ મળ્યા વિના જન્મારો ય વાંચે તો.) આહા...હા! ગહન વાત છે!! આ પ્રવચનસાર ચાલે છે. પ્ર...વચન દિવ્યધ્વનિ ચાલે છે. આહા...હા! **(શ્રોતા:)** આજ દિવ્યધ્વનિનો જ દિવસ છે...!! **(ઉત્તર:)** દિવ્યધ્વનિનો દિવસ છે, હા, વાત સાચી! આહા...!

(કહે છે) ઓલું 'દિવ્યધ્વનિ' (નામનું માસિક) પત્ર કાઢયું છે. શ્રીમદ્ તરફથી છે ને...! ઓલા સોની, અમદાવાદવાળા **(શ્રોતા:)** સોનેજી, ડો. સોનેજી **(ઉત્તર:)** હા, ઈ. ગોટા બધા ગોટા! શ્વેતાબંરના નાખ્યા ને અને આમ – શ્વેતાંબર સાધુએ કર્યું ને... ઢીકણાંએ આમ કર્યું ને...! આહા...હા! આ એનું લખાણ છે વજુભાઈનું મોરબીવાળા વાંચે છે ને... (વ્યાખ્યાન). એનું લખાણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ લખે છે 'શ્રીમદે નવ તત્ત્વ કહ્યાં ને... એમાં સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરી છે, છ–પદને જોવું ને... અહીંયાં તો કહે છે કે ઈ છ–પદના ભેદ છે. **(શ્રોતાઃ)** ઈ ભેદ તો રાગ છે, એને વિચારવાથી તો રાગ (વિકલ્પ) ઉત્પન્ન થાય.... **(ઉત્તરઃ)** આહા...! (ભેદને જોવાની) એ આંખ્યું ને બંધ કરી દઈને.. આહા...હા! **'એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે.''** (અવલોકન કર.) બહેનું–દીકરિયું ને ઝીણું પડે ધ્યાન રાખીને સાંભળવું. **બાપુ! આ તો અમૃતના ઘર છે બાપુ, માંડ માંડ આવ્યું છે!** બે'ન–દીકરી, માતાઓને ઝીણું પડે થોડું, ધી...રે થી સાંભળવું – વિચાર કરવો. આહા..! અરે, આવા સમય કયારે આવે ભાઈ! આહા...હા!

(કહે છે) વાહ! ભર્યા છે (ભાવ) શું જોયું? સામાન્ય–વિશેષ વસ્તુ છે. એણે વિશેષ(ને) જોવાની આંખ્યું સર્વથા બંધ કરી દઈ અને દ્રવ્યાર્થિક (એટલે) ઉઘડેલું જ્ઞાન દ્રવ્યને જોનારું ઉઘડેલું જ્ઞાન, પાછું છે તો ઈ પર્યાય, 'પણ પર્યાય પર્યાયને ન જોતાં, પર્યાય દ્રવ્યને જોતાં' – એમ કહેવું છે. ઓહોહો! આહા...હા...હા! ગજબ વાત છે ભાઈ! મીઠાલાલજી! સમજાય છે ને? વસ્તુ છે ઈ ભગવાન આત્મા, એમાં સામાન્ય અને વિશેષ બે પડખાં ખરાં. છતાં વિશેષ પડખાંને જોવાની આંખ્યું તો સર્વથા બંધ કરી દે. પરને જોવાની વાતું તો નહીં પણ તારી પર્યાયને જોવાનું સર્વથા બંધ કરી દે. આહા...હા! અને એકલા ઉઘડેલા દ્રવ્યાર્થિક (એટલે) એકલા દ્રવ્યને જાણવાનું જે જ્ઞાન ઉઘડેલું જે છે. આહા...હા...હા! ગજબ ભર્યું છે ને...! **(શ્રોતાને)** સામે પુસ્તક છે ને...? આહા...હા! ''એકલા'' ઓલાને બંધ કરી દીધું છે ને...? 'એકલા' ને પાછું ''ઉઘાડેલા'' દ્રવ્યાર્થિક, એમ ને એમ દ્રવ્યાર્થિક નય (નહીં), પણ દ્રવ્યનું જેને પ્રયોજન છે એવું જ્ઞાન ઉઘડયું છે. આહા..હા! હેં? આવી વાતું છે. દેવીલાલજી! આહા...હા! સંતોએ તો અમૃત રેડયાં છે! શબ્દે–શબ્દમાં કેટલી ગંભીરતા ને કેટલી ઊંડપ છે! આહા...હા! ભલે (સમજણમાં) થોડો વખત લાગે. સત્યને સમજવા માટે પણ બરાબર થોડું (પણ) સત્ય સમજવું જોઈએ. આહા...હા!

(કહે છે કેઃ) ભગવાન આત્મા, સામાન્ય ને વિશેષ(પણે) હોવા છતાં, સામાન્ય નામ ત્રિકાળી ધ્રુવ એવું ને એવું અને વિશેષ નામ પર્યાય, બદલતી રહેતાં છતાં, બદલતી પર્યાયને જોવાની આંખ્યું બંધ કરી દઈને, આહા...હા...હા! બીજાને જોવાનું ને ભગવાનને જોવાનું તે(તો) બંધ કરી જ દઈને, પણ તારી પર્યાય છે તેને જોવાની આંખ્યું બંધ કરી દઈને આહા...હા! વિમલચંદજી! વિમલચંદ (આત્મા) ની વાત હાલે છે અહીંયાં. આહા...હા...હા! પ્રભુ! તારી વાત તો જો (અનિર્વચનીય) આચાર્યો–સંત કહી શકયા નથી. ગંભીર વાત! છોડીને બેઠા (છે મૌન જંગલમાં.) આહા...હા! પર્યાયને (જોવાનું) સર્વથા બંધ કરી દઈને પ્રભુ શું કહેવું છે તારે આ! આત્માને જોવા માટે એની પર્યાયને જોવાની આંખ્યું સર્વથા બંધ કરી દઈ અને જયારે હવે દ્રવ્યાર્થિકને (દ્રવ્યને) જોવું છે ને....! તો ઈ તો (જોવાનું) પર્યાયમાં આવે કે નહીં? (જોવાનું કાર્ય તો પર્યાયનું છે.) તેથી કહે છે **''એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે.''** આહા...હા! વાહ! પ્રભુ! અંદરનો જ્ઞાનનો પર્યાય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે એકલો દ્રવ્યને જાણે તે ઉઘડયો છે. આહા...હા! પર્યાયાર્થિકને જોવાનું સર્વથા બંધ થઈ ગયું છે આહા...હા! આવી વાતો સાંભળવા મળે નહીં અને માણસ પછી કહે એ એકાંત છે ત્યાં એકાંત છે. બાપુ! એકાંત છે સાંભળ ભાઈ! આહા...હા! બાપુ, તારા ઘરની વાતું છે ભાઈ! ઓહોહોહો! સંત કહે છે કે તારી પર્યાયને જોવાનું તો સર્વથા બંધ કરી દે. આહા...હા...હા! અને દ્રવ્યને જોવાનું ઉઘડેલું જે જ્ઞાન (દ્રવ્યાર્થિક ચક્ષુ વડે અવલોક.) આહા....હા...હા! સમજાય છે કાંઈ?

(અહીંયાં કહે છે કે:) **''એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જયારે અવલોકવામાં આવે છે.''** અવલોકવામાં આવે છે તે (અવલોકે છે) પર્યાય, તે પર્યાય છે ને...! પર્યાયથી દ્રવ્યને જોવામાં આવે છે ને...! પર્યાયને, પર્યાય તરીકે જોવાનું બંધ કરી દે. અને દ્રવ્યને જોવાની ઉઘડેલી પર્યાય વડે અવલોકન કર. આહા...હા...હા! આવી વાતું છે. **''જયારે અવલોકવામાં આવે છે ત્યારે નારકપણું.''** જીવ ઉપર લીધું હવે. કહેવું છે તો સર્વ દ્રવ્યનું, પણ સમજાય એટલે એકદમ જીવને (ઉદાહરણમાં લીધું) મૂળમાં અહીંયાં આ સમજાય તો બરાબર (સર્વદ્રવ્યોનું) સમજે. **સ્વને જાણે બરાબર તો પરને જાણે.** પણ આને જ ન જાણે તો પરનું જાણવું કયાંથી આવે? સ્વ–પર, પ્રકાશક એનો સ્વભાવ છે. **પણ સ્વને જાણ્યા વિના પરનો પ્રકાશક** – જાણવાનો સ્વભાવ હોવા છતાં પણ **સ્વને જાણ્યા વિના પરનું જાણવું એમાં આવી શકે જ નહીં**. આહા...હા! સમજાણું કાંઈ?

(અહીંયાં કહે છે કે:) **''નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું** – સિદ્ધે ય પર્યાય છે. આહા...હા! સિદ્ધની પર્યાયને જોવાની દૃષ્ટિને બંધ કરી દઈને.... આહા...હા! વાહ! પ્રભુ તારે શું કહેવું છે? સિદ્ધની પર્યાયને જોવાની દૃષ્ટિ–પર્યાય નયને, (એટલે) પર્યાયને જોવાની આંખ્યું સર્વથા બંધ કરી દઈને, સુમનભાઈ! ઈ તમારા કાયદા–ફાયદામાં નથી આવું કયાંય! આહા...! તો આવ્યા બરાબર ઠીક! ભાગ્યશાળી! ટાણે આ વાત આવી, આવી છે (અપૂર્વ વાત!) આહા...! **જેવું ઊંડું ભાસે છે ઈ ભાષા એટલી બધી આવે નહીં.** આહા...હા!

સંતો કહે છે. કે તારી પર્યાયને જોવાની આંખ્યું બંધ કરી દે. પણ (આ કહીને) શું કહેવું છે પ્રભુ તારે! બીજાને જોવું – પરમાત્મા ને પંચપરમેષ્ઠિને એ તો કયાંય વાત જ નથી રહી કહે છે. પણ તારી (પોતાની) પર્યાય જોવાની આંખ્યું ને સર્વથા બંધ કરી દઈ અને પર્યાયમાં દ્રવ્યને જોવાનું થાય તે જ્ઞાન ઉઘાડી (આત્મદ્રવ્યને જો.) ઉઘડે જ તે (જ્ઞાન) એમ કહે છે. આમ પર્યાયાર્થિક નયને બંધ કર્યું એટલે સ્વને જોવાનું જ્ઞાન ઉઘડે અંદર. છે તો ઈ એ ય પર્યાય. પણ (ઈ) પર્યાયનો વિષય પર્યાય નથી. (પર્યાયનો વિષય દ્રવ્ય છે.) આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **''અને સિદ્ધપણું – એ પર્યાયોસ્વરૂપ.''** ઈ પાંચ પર્યાય કીધી ને...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચાર ગતિની ને એક સિદ્ધની. આહા...હા! એ સિદ્ધને જોવાની પર્યાયની આંખ્યુંને પણ સર્વથા બંધ કરી દઈને, અરે....રે! આહા...હા! પોતાને તો સિદ્ધપર્યાય નથી, પણ શ્રદ્ધામાં એને છે કે સિદ્ધપર્યાય થવાની છે મારે. છતાં ઈ સિદ્ધપર્યાયને જોવાની આંખ્યું (સર્વથા) બંધ કરી દે. આહા...! અને બીજા સિદ્ધ જે છે – અનંતા સિદ્ધો **वंदित्तु सव्वसिद्धे** ('સમયસાર' ગાથા–૧) લો! કીધું ત્યાં. ભાઈ! સમયસારમાં. (ત્યાં તો કહ્યું) જ્ઞાનમાં સ્થાપીને, એમ કહ્યું છે ને ત્યાં....! અહીંયાં તો કહે છે કે તારી પર્યાયમાં સિદ્ધને જોવાનું ય બંધ કરી દે. આહા...હા! ભાઈ...! આ તો પ્રવચનસાર છે! ભાઈ, આ તો સંતોના કાળજાં – હૃદય છે!! અરે! એવી વાત સાંભળવા મળે ક્યાં? ભાઈ! આહા...!

કહે છે **"ઉઘાડેલા દ્રવ્યાર્થિક નય વડે"** આહા....હા! જ્યારે આ (પર્યાયને જોવાનું) બંધ કર્યું ને ઈ ઉઘડયું ને જ્ઞાન સ્વને જોવાનું. સમજાય છે કાંઈ? **"જ્યારે અવલોકવામાં આવે છે, ત્યારે નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું – એ પર્યાયોસ્વરૂપ–વિશેષોમાં રહેલા** (એક) **જીવસામાન્યને અવલોકનારા."** જોયું? પર્યાયને (જોવા) તરફની આંખ્યું બંધ કરી દઈ – પછી તો દ્રવ્ય (ને જોવાની) આંખ્યું બંધ કરી દઈને પર્યાયને જાણ એમે ય કહેશે. જાણવાની અપેક્ષાએ (આદરવાની અપેક્ષાએ) મૂળ–પહેલું આંહીથી લીધું. દ્રવ્યને જોવાનું (સૌથી પહેલું) કીધું છે. આહા...હા! ભગવાન! આ તો ભગવાનના ઘરની વાતું છે! પામર પ્રાણી! શું કરે એને! આહા...! એવી ચીજ છે! એમાં એમ અભિમાન કરી નાખે કે આવડે છે મને આ, અમને વાંચ્યું છે ને...! બાપુ! ગર્વ ઊતરી જાય એવું છે. આહા...હા...હા! ભાઈ! તારી પર્યાયને જોવાનું પણ બંધ કરી દે. અને (છતાં) જોવાનું રહેશે તો ખરું (પર્યાયને) જોવાનું બંધ કર્યું એટલે દ્રવ્યને જોવાનું ઉઘડેલું જ્ઞાન, એ વડે કરીને અવલોકવામાં આવતાં પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા – ઈ પાંચેય પર્યાયમાં – વિશેષમાં રહેલો એક **"જીવસામાન્યને અવલોકનારા"** ભાષા શું છે? **"એ પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા"**... પાછું વિશેષોમાં રહેલા. આહા...હા...હા! બીજી ચીજ તો ઈ પર્યાયમાં રહેલી છે જ નહીં. આહા...હા! દેવ–ગુરુ–શાસ્ત્ર અને સિદ્ધને ય કાઢી નાખ અહીંથી. ફકત પર્યાયોરૂપ જે સિદ્ધની પર્યાય છે એવા વિશેષોમાં રહેલા(વળી) એવા વિશેષોમાં રહેલા એક **"જીવ સામાન્યને અવલોકનારા"** – એક જીવને – સામાન્યને – ધ્રુવરૂપે જાણનારા (ઈ) પર્યાય તો થઈ. આહા...હા! કો' આવું કોઈ દિ' સાંભળ્યું'તું! સ્થાનકવાસીમાં કયાંય નહોતું? **(શ્રોતાઃ)** દુનિયાની કોઈ પીઠમાં નથી... **(ઉત્તરઃ)** આહા...! ભગવાન ત્રિલોકના નાથની વાણી છે આ. આહા...! **આત્માને સ્પર્શી નાખે એવી વાત છે!** રહે નહીં ભાઈ, બીજું જુદું – જુદું ન રહી શકે હવે! આવી રીતે જાણે જોયો (આત્માને) કે જેને સિદ્ધની પર્યાયમાં પણ દૃષ્ટિ નથી. પણ એ પર્યાયમાં રહેલો જે આત્મા, છે? (પાઠમાં) સિદ્ધની પર્યાયમાં – એ પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા **"એક જીવસામાન્યને."** એક જીવસામાન્યને.... ઓલી (નારક આદિ) પાંચ પર્યાયો હતી. ઈ પાંચેય પર્યાયમાં રહેલો પાછો. આહા...હા...હા! શું શૈલી ને શું ટીકા!! ગજબ છે!!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(કહે છે કેઃ) એક **"જીવ સામાન્યને અવલોકનારા." અને વિશેષોને નહિ અવલોકનારા."** આહા...હા...હા! શું કીધું? 'એક જીવ સામાન્યને' – 'સામાન્ય' શું હશે આ? કાયમ રહેનારી એકરૂપ – બદલ્યા વિનાની રહેનારી એક(રૂપ) ચીજ – અસ્તિ તરીકે બદલ્યા વિનાનું, કાયમ રહેનારું તે સામાન્ય. આહા...હા! આ તો કયાં'ય વાણીમાં આવ્યું નહીં વેપારના, ધંધામાં આવ્યું નહીં ભાઈ! આ ભૂકામાં ન આવ્યું. પાવડરનો ધંધો છે ને એને...! **(શ્રોતાઃ)** પરનો વિષય એ તો છે, એ વિષય જુદો **(ઉત્તરઃ)** એને જોવાનું બંધ આંહી તો (કહે છે) આહા...! પાવડર ઈ પરમાણુની પર્યાય છે એને જોવાનું નહીં આંહી સિદ્ધની પર્યાયને જોવાની ય ના પાડે છે. આહા...! આહા...હા! હા, એમાં રહેલા (પાંચ પ્રકારની પર્યાયમાં પણ) એક **"જીવ સામાન્યને અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા એ જીવોને 'તે બધું ય જીવદ્રવ્ય છે' એમ ભાસે છે."** છે? (પાઠમાં) આહા...હા!

(શું કહે છે? કેઃ) પોતાની પર્યાયને, સિદ્ધ આદિ પર્યાયને પણ જોવાની આંખ્યું બંધ કરી દઈ. આ આંખ્યું (ચર્મચક્ષુ) આમ બંધ કરી દ્યે ઈ નહીં હો? (એની વાત નથી.) જે પર્યાય જોવામાં આવે તે પર્યાયને (જોવાનું) બંધ કરી દઈને, અને ઉઘડેલા દ્રવ્યાર્થિક નય ને ઉઘડેલા ચક્ષુ વડે, પર્યાયમાં રહેલા –**વિશેષો માં રહેલા** ને અવલોકે **"એ જીવોને તે બધુંય જીવદ્રવ્ય છે.' એમ ભાસે છે"** આહા...હા! તે પર્યાય ઉપરની નજરું બંધ કરી દઈ અને દ્રવ્યને જાણનારી પર્યાયને (જે) ઉઘડેલી છે એ દ્વારા દ્રવ્યને જોતાં **'તે બધું ય જીવદ્રવ્ય છે'** બસ વસ્તુ! ઈ છે. આહા...હા! સમજાણું કાંઈ?

આહા...હા! **'તે બધું ય જીવદ્રવ્ય છે'** એમાં પર્યાય–પર્યાય(ના) ભેદ નહીં. પર્યાયમાં રહેલો કીધું. એમ કીધું ને...? હેં? **"એ પર્યાયોસ્વરૂપવિશેષોમાં રહેલા" જીવસામાન્યને અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા એ જીવોને 'તે બધું ય જીવદ્રવ્ય છે' એમ ભાસે છે."** આહા...હા...હા! ભગવાન આત્મા, દ્રવ્ય જે સામાન્ય જે અનંત–અનંત અચિંત્ય અનંત શકિતઓનો સાગર પ્રભુ! એકરૂપ! દ્રવ્યાર્થિક નયના ઉઘડેલા જ્ઞાનથી જોતાં 'તે બધું ય જીવ જ છે' આહા...હા! સમજાણું કાંઈ? આમ લાગે ગાથા(ઓ) સાધારણ! પ્રવચનસાર(ની) એના કરતાં સમયસાર આમ છે ને...બાપુ! બધું ય છે ઈ છે બાપુ! એકે–એક સમયસાર, પ્રવચનસાર, નિયમસાર! એની શું વાતું કરવી? (અલૌકિક આગમ છે.) ભરતક્ષેત્રમાં કયાંય એવી વાત છે નહીં. આહા...હા!

(સદ્‌ગુરુ કહે છે) **અને આ રીતે અંદર કરે એટલે પ્રાપ્ત થયા વિના રહે જ નહીં.** એમ કહે છે. આહા...! એમ કીધું ને...? 'બધું ય જીવદ્રવ્ય છે એમ ભાસે છે' કીધું ને? હેં શું કીધું? 'ભાસે છે' એમ કીધું. 'જણાય છે એમ કીધું.' આહા...હા! ધન્ય કાળ! ધન્ય સમય બાપુ અહા! પર્યાયને જોનારી દષ્ટિને સર્વથા બંધ કરી દઈને અને દ્રવ્યને જોનારા જ્ઞાનને–ઉઘડેલા દ્રવ્યાર્થિક નય વડે, એ પાંચે પર્યાયોમાં રહેલો (જીવ). પાછો પાંચેય પર્યાયોમાં રહેલો (કીધો અને એક જીવસામાન્યને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવલોકનારો પણ કીધો) પરમાં રહ્યો છે જ નહીં – પરની પર્યાયમાં ને એમાં તો રહ્યો છે જ નહીં. વ્યવહારે ય રહ્યો નથી (આત્મા). આહા...હા! (છતાં) પોતાની પાંચ પર્યાયમાં રહેલો – **"એ પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા જીવસામાન્યને અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા એ જીવોને 'તે બધું ય જીવદ્રવ્ય છે' એમ ભાસે છે."** આહા...હા! આ રીતે જો જુએ તો જીવદ્રવ્ય ભાસે છે કહે છે. આહા...હા! પ્રભુ! આ પાંચમો આરો છે ને...? આવો હલકો આરો છે એમાં... (કહે છે કે) આરા–ફારા કંઈ લાગુ પડતા નથી પ્રભુ! આહા..! જેને પર્યાય નયેય લાગુ પડતી નથી. આહા...હા! પર્યાય નયથી જોવાની વાત કરશે. જાણવા માટે. પણ ઈ પછી કરશે. (પહેલું) આ કરીને. બે નયમાં પહેલી આ નય લીધી છે. આહા...હા! **(શ્રોતાઃ)** તો જ પર્યાયનું જ્ઞાન સાચું થાય ને...? **(ઉત્તરઃ)** ત્યારે જ્ઞાન(પર્યાય) સાચું નહીં ઈ વાત નહીં (કેમ કે તેમાંય પર્યાય ઉપર વજન આવી જાય છે.) જ્ઞાન (પર્યાય) એને જોવે છે (વજન અહીં છે) **(શ્રોતાઃ)** દ્રવ્યને જુએ... **(ઉત્તરઃ)** ઈ જ જ્ઞાન સાચું છે. છતાં સાચું જ્ઞાન જોવે છે દ્રવ્ય – બધું જીવ (દ્રવ્ય) આ છે. પાંચે ય પર્યાયમાં રહેલું તત્ત્વ 'આ' 'આ' છે. આહા...હા! સારી વાત છે. પ્રવચનસાર હમણાં વંચાણું નો'તું. આંહી વજન વધારે આંહી છે. (દ્રવ્યને જોવામાં દ્રવ્યાર્થિક નયે.) ઈ તો પર્યાય ભાસે છે એમે ય કહેશે. પર્યાયનયથી ભાસે છે (કહેશે) જ્ઞાન કરવા (માટે.) આંહી તો પહેલું આ ઉપાડયું (છે) અહીંયાંથી.... આહા...હા...હા! (અનુક્રમના પહેલા ક્રમથી.)

(કહે છે) પ્રભુ! તારી પાંચ પર્યાયમાં રહેલો તું, તે પર્યાયને જોવાની આંખ્યું બંધ કરી દે. સિદ્ધની પર્યાયને જોવાની આંખ્યું બંધ કરી દે. આહા...હા! અને એ વસ્તુ જે છે (આત્મા) એમાં ઉઘડેલા જ્ઞાન વડે અવલોકન કર. ત્યારે તને ભાસશે કે આ જીવ(દ્રવ્ય) આ બધું ય આ છે. આખો પરમાત્મા–પરમાત્મા (આહા...હા! (દેખાશે.)

(કહે છે) (આત્મા) અનંત અનંત અચિંત્ય શકિતઓનું એકરૂપ – એકરૂપ (કહ્યું) બે–રૂપે નહીં. આહા..હા! ગુણભેદે ય નહીં. એમ કહ્યું ને... ! શું ટીકા! અમૃતચંદ્રાચાર્ય! અરે! જીવો જરી શાંતિથી વિચારતા નથી, વાંચતા નથી. એકદમ (વગર વિચાર્યે) કહી નાખે. એ એનું એકાંત છે, એકાંત છે, એકાંત છે. ભાઈ, બાપા! પરિણામ આવશે ભાઈ! પરિણામ તો સત્ય હશે તે આવશે. અસત્‌ના અસત્‌ પરિણામ આવશે બાપુ! આહા...હા! એ એક વાત પહેલી લીધી. હવે પર્યાય જોવાની વાત લેશે.

(અહીંયાં કહે છે કેઃ) **"અને જયારે દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને."** જોયું? જ્ઞાન કરાવવું છે ને...? પર્યાય એની છે, એનામાં છે. એમાં ઈ (આત્મા) રહેલો છે. માટે પર્યાયનું જ્ઞાન કરાવવાનું છે. આહા...હા! પરનું કાંઈ જ્ઞાન કરાવવાની ઈ વાત આંહી નથી. આહા...હા! **"અને જયારે દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને એકલા ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે."** પાછું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ ન્યાં ઉઘડેલું તો છે જાણવાનું પર્યાયમાં. પર્યાયને જોનારું જ્ઞાન છે ને...! દ્રવ્યને જોનારું જેમ જ્ઞાન છે એમ પર્યાયને જોનારું જ્ઞાન છે ને....આહા...હા! **“ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે અવલોકવામાં આવે છે ત્યારે જીવદ્રવ્યમાં રહેલા નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું – એ પર્યાયોસ્વરૂપ અનેક વિશેષોને અવલોકનારા.”** જીવદ્રવ્યમાં રહેલા – આ પાંચેય પર્યાયો પાછી જીવદ્રવ્યમાં (રહેલી) આહા...હા! કાંઈ પરમાં નથી ઈ કાંઈ. હવે આવો ઉપદેશ એટલે અજાણ્યા માણસને – ક્રિયાકાંડવાળાને એવું લાગે કે આ, શું આ માંડી છે? બાપા! પ્રભુ! તારા ઘરની વાત માંડી છે ભાઈ! આહા...હા! તારું ઘર એવડું મોટું છે તેં સાંભળ્યું નથી પ્રભુ! પર્યાયથી વાત આવશે.

વિશેષ કહેશે.....

ॐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પ્રવચન : તા. ૧૧–૭–૭૯.

'પ્રવચનસાર' ૧૧૪ ગાથા.

**ટીકા :– ખરેખર સર્વ વસ્તુ''** દાખલો આત્માનો આપશે. **''સામાન્ય –વિશેષાત્મક હોવાથી વસ્તુનું સ્વરૂપ જોનારાઓને અનુક્રમે (૧) સામાન્ય અને (૨) વિશેષને જાણનારાં બે ચક્ષુઓ છે (૧) દ્રવ્યાર્થિક અને (૨) પર્યાયાર્થિક.** એમાં શું કહ્યું? કે જોનાર જે છે આત્મા. ઈ સામાન્ય–વિશેષ જુએ છે. પરને નહીં. પોતાની વિશેષ પર્યાયમાં પર જણાય છે ઈ પોતાની પર્યાય છે. એટલે સામાન્ય–વિશેષને જોનારાં. જોનારાંની વાત લીધી છે. સમજાણું કાંઈ? **''સર્વ વસ્તુ સામાન્ય–વિશેષસ્વરૂપ હોવાથી''** વિશેષ સ્વરૂપ હોવાથી **''વસ્તુનું સ્વરૂપ જોનારાઓને અનુક્રમે (૧) સામાન્ય** પહેલું સામાન્યને જાણે છે. પછી વિશેષ જાણે છે. કારણ સામાન્યનું જ્ઞાન યથાર્થ થાય, તેને વિશેષનું જ્ઞાન યથાર્થ થાય. અને વિશેષ જાણવામાં – પર જાણવાની વાત તો લીધી જ નથી. કેમ કે આત્મા જે પરને જાણે છે ઈ તો પોતાની પર્યાયમાં, પર્યાયને જાણે છે. આહા...હા! સમજાણું કાંઈ? ઈ કાલ નહોતું આવ્યું. આ જ અત્યારે આવ્યું કંઈક! આહા..હા! વસ્તુને સામાન્ય–વિશેષ જોનારા – એમ કહ્યું. વસ્તુને સામાન્ય–વિશેષ અને પર જોનારા એમ નથી કહ્યું. **(શ્રોતાઃ)** અંદર પોતે જાણે છે...! **(ઉત્તરઃ)** પોતે પોતામાં પર્યાયમાં જણાય છે પર્યાય જણાય છે પણ આ (પર) વસ્તુ જણાય એમ કહેવું ઈ તો અસદ્ભૂત વ્યવહાર છે. આહા...હા! સામાન્ય જે ત્રિકાળ છે એનું જે વિશેષ છે, આત્મામાં ઈ વિશેષને વિશેષ જાણે. અહીંયાં તો ઈ વિશેષ દ્વારા સામાન્ય જાણશે પહેલું એને જાણીને પછી વિશેષને જાણે એમ કહેશે. કેમ કે સામાન્યને જાણતાં જે જ્ઞાન થાય, તે વાસ્તવિક પોતાની પર્યાય છે. તેને વાસ્તવિક રીતે તે જાણી શકે. દેવીલાલજી! આહા...હા!

(અહીંયાં કહે છે કેઃ) **(૧) સામાન્ય અને (૨) વિશેષને જાણનારાં બે ચક્ષુઓ છે** – ત્રણ ચક્ષુ નથી. પોતાનું સામાન્યસ્વરૂપ ને પોતાનું વિશેષસ્વરૂપ બસ (એને જાણનારાં બે ચક્ષુ કીધાં છે.) એ વિશેષમાં બીજા જણાઈ જાય, એ તો પોતાની પર્યાય છે. આહા..! આ કાલ નહોતું આવ્યું. આજ ફરીને લીધું ને...! આહા...હા! આ લોકો આવ્યા છે ને...! આહા...હા! અને તે 'અનુક્રમે' એમ શબ્દ છે. પહેલું સામાન્ય જુએ છે પછી વિશેષ – એમ આવશે. સમજાય છે કાંઈ...? **''તેમાં''** હવે તેમાં – સામાન્ય–વિશેષ જોનારાં તેમાં **''પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને.''** પોતાની પર્યાયમાં જે જણાય છે, ઈ પર્યાય જણાય છે. ઈ પરને જાણવાનું ચક્ષુ બંધ કરીને એમ ન કહ્યું. (પણ) પોતાની પર્યાય છે – જેમાં બધું જણાય છે તે પર્યાય જાણે છે. એ પર્યાય છે, ઈ પર્યાયદૃષ્ટિનું ચક્ષુ બંધ કરી દઈને આહા...! આ તે કંઈ વાત છે!! આંખ્યું બંધ કરી દઈને ને પરવસ્તુનું જાણવું બંધ કરી દઈને ને – એમ નથી કહ્યું. સમજાય છે કાંઈ.....? આહા...હા...હા...હા! ગંભીર વસ્તુ છે ભગવાન! એક પણ – એક–એક ગાથા!! પ્રવચનસાર, સમયસાર, નિયમસાર! નિયમસારની તો વાત જ (અલૌકિક!) પોતે પોતા માટે બનાવ્યું છે. આહા...હા...હા! **(શ્રોતાઃ)**નિયમ– 'નિયમસાર'

**(ઉત્તરઃ)** એ તો પોતા માટે બનાવ્યું છે! આહા..હા! (મુનિરાજે પોતા માટે). આ તો ઉપદેશના વાકય (પ્રવચનસારમાં).

(કહે છે) શું સંઘવી છે? આવો, આવો મોઢા આગળ, મોઢા આગળ એકલા આવ્યા કે બહેન આવ્યા છે? **(શ્રોતાઃ)** એકલા **(ઉત્તરઃ)** હેં? એકલા આવ્યા છે. એમનો દીકરો મરી ગયો. જુવાન! બે વર્ષનું પરણેતર. બાઈ જુવાન! અહીં સાંભળી ગયા – ચાર દિ' સાંભળી ગયા, સાંભળીને એકદમ પાલીતાણે ગયા ત્યાં ઓફ થઈ ગયો. જુવાન! ત્રેવીસ વર્ષની ઉંમર! એના બૈરાં ગુજરી ગયેલાં, પણ આંખમાંથી આંસુ નહીં, શોક કરવા આવે એને સમજાવે. ભાઈ! ઈ તો મહેમાન હતો તો મહેમાન કેટલો કાળ રહે? એ સુમનભાઈ! આહા...! રમણિકભાઈ છે સંઘવી! બાપુ! જગતની ચીજો એવી છે.

અહીંયાં તો કહે છે કે ઈ પરને જાણતો નથી. આહા...હા! પરને (જાણતો જ નથી ને) કીધું ને... લોકાલોકને જાણવું કહેવું ઈ અસદ્‌ભૂત વ્યવહાર છે. આહા...હા...હા! પરને ને એને સંબંધ શું છે? પરને અને સ્વની વચ્ચે મોટો અત્યંત અભાવનો કિલ્લો કીધો છે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની પર્યાય વચ્ચે (અત્યંત અભાવ છે.) દ્રવ્ય–ગુણ તો સામાન્ય છે. આહા...હા! (સ્વ–પરની) પર્યાય વચ્ચે અત્યંત (અભાવનો) કિલ્લો કીધો છે. સવારે કીધું હતું ને સજઝાયનું – ભગવાન આત્મા અભય છે. મજબૂત કિલ્લો છે. એ એવો કિલ્લો છે કે એમાં પર્યાયનો પ્રવેશ નથી. આહા...હા...હા! અહીંયાં તો હજી સ્વની પર્યાય છે – એમાં પરનો પ્રવેશ નથી. અને પરને અને પરની પર્યાય ને સ્વની પર્યાય વચ્ચે અત્યંત અભાવરૂપી કિલ્લો પડયો છે. આહા...હા! છતાં અહીંયાં એવું લીધું છે ભગવાન આત્મા વિશેષને જાણે છે. સામાન્યને જાણે છે ઈ પહેલું કહ્યું પછી વિશેષને જાણે છે. પરને જાણે છે એમ નથી લીધું. ભાઈ! આહા...હા! હવે આંખ્યું બંધ કરીને અને આમ પરને જોવાનું (બંધ કરીને) એમ ન લીધું. આહા...હા!

**''પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા''** સર્વથા–કથંચિત્ એમે ય નહીં. પર્યાયમાં જે વિશેષતા છે, એને જે જાણે છે પોતે પણ ઈ પર્યાયચક્ષુને સર્વથા **''બંધ કરીને''** આહા....હા! આંખ્યું બંધ કરી દઈને ને પરને જોવાનું બંધ કરી દઈને – એમ નથી કહ્યું. ભાઈ! આ તો વીતરાગની દિવ્યધ્વનિ છે! **''પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરી (દઈને)''** પર્યાયનું લક્ષ જ છોડી દઈને... આહા...હા! પોતાની પર્યાય હોં? **''એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે''** શું કીધું? કે પર્યાયને (જોવાના ચક્ષુને) બંધ કરી – તો પર્યાય જોનારી (છે.) તે (જોનારી) પર્યાય રહી કે નહીં? દ્રવ્યને જોનારી પર્યાય રહી છે કે નહીં? તો કહે છે **''ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે''** (અર્થાત્) **''એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે.''** આહા...હા! શું કામ કર્યું છે (મુનિરાજ આચાર્યે!) આ ટીકા! આહા...! પોતાની પર્યાયને જોવાનું સર્વથા બંધ કરી દઈ **''એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે''** દ્રવ્યાર્થિક નય છે ઈ જ્ઞાન છે, ઈ ઉઘડેલું જ્ઞાન છે, છે તો પર્યાય. પણ ઈ પર્યાય જોનારી, જોનારને ન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોતાં–પર્યાયને ન જોતાં (દ્રવ્ય–સામાન્યને જાણે છે.) પર્યાય નય તરીકે છતાં એમાં દ્રવ્યનું જ્ઞાન છે. કારણ કે એ જ્ઞાન દ્રવ્યને જાણે છે (માટે દ્રવ્યાર્થિક નય છે.) આહા...હા! આ તો ત્રણ લોકના નાથની વાતું છે બાપા! આ કાંઈ આલી–દુવાલીની વાત નથી. આહા..હા...હા!

કહે છે : વસ્તુ, સામાન્ય–વિશેષ તું પોતે છો. એમાં આમ વિશેષમાં પરને જાણવું ઈ કંઈ આવ્યું નહીં. ઈ તો તારી પર્યાય જણાય છે ત્યાં. હવે ઈ પર્યાય જણાય છે તેને જોનારી આંખ (સર્વથા) બંધ કરી દઈને – પર્યાયને જોવાની (પર્યાયાર્થિક) ચક્ષુ સર્વથા બંધ કરી દઈને – હવે બંધ કરી દઈને થયું ત્યારે ત્યાં કોઈ દ્રવ્યને જોનારી જ્ઞાનચક્ષુ રહી કે નહીં? આહા...હા...હા! (તો કહે છે કે) **''એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ''** ભાષા જુઓ! એકલી ઉઘડેલી દ્રવ્યાર્થિક નય. આહા...હા! અજબ વાતું છે બાપા! આ તો વીતરાગ ત્રિલોકનાથ! સર્વજ્ઞની વાણી છે!! **''પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને! '' એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ''** દ્રવ્યાર્થિક નય છે નય છે ને...! એટલે દ્રવ્યને જોનારી દશા (જ્ઞાનની) ઉઘડેલી છે. (જયાં) પર્યાયને જોનારી (ચક્ષુ) બંધ કરી દઈને... આહા...હા! ત્યાં દ્રવ્યને જોનારી પર્યાય, ત્રિકાળ થઈ છે. આહા...હા! આ કાલ લેવાયું' હતું – હોં? આ તમે આવ્યા ફરીને લીધું! **(શ્રોતા:)** અમને ય લાભ થાય... **(ઉત્તર:)** આ તો જયારે–જયારે કહે, વાત જ જુદી છે. આહા...હા! અલૌકિક વાણીની ગંભીરતાનો પાર નથી પ્રભુ! આહા...હા!

કહે છે કે: પરને જાણવાની વાત તો મૂકી દીધી. પરને જાણવાનું બંધ કરીને – એમ ન કહ્યું. કારણ કે પરને જાણતો જ નથી. આહા...હા! એ તો પર્યાયને જાણે છે. આવે છે ને... 'સમયસાર નાટક' **'સમતા રમતા ઉરધતા, જ્ઞાયકતા સુખભાસ, વેદકતા ચૈતન્યતા, એ સબ જિવ વિલાસ'** ઊર્ધ્વતા એટલે મુખ્યતા, પોતે પર્યાયમાં છે એથી પર્યાય જ જણાય છે. નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવ અને સિદ્ધ – એ પાંચ પર્યાય. એની પોતાનો હો પાંચ (પર્યાય છે), તે સિદ્ધપર્યાયને જોનારી પણ પર્યાયચક્ષુને (સર્વથા) બંધ કરી દે. આહા...હા! એથી તને અંદર દ્રવ્યને જોનારી ચક્ષુનો ઉઘાડ થાશે જ. આહા...હા! ગજબ વાત છે!! સમજાય છે કાંઈ...? અરે...રે! પ્રભુના વિરહ પડયા! વાણી રહી ગઈ!

(કહે છે કે:) પોતાની પર્યાય – જે એ પાંચ પર્યાયોને દેખે છે જે – સિદ્ધની પર્યાયને પણ દેખે છે જે – તે ચક્ષુને બંધ કરી દે પ્રભુ! આહા...હા! પહેલી પર્યાયને બંધ કરી દે, દ્રવ્યને બંધ કરી દે ને પર્યાયને જો એમ ન લીધું. અહીંથી (પર્યાયને જોવું બંધ કરી દે) કેમ કે સામાન્યને જોવાથી જે જ્ઞાન થાય, એ જ્ઞાન વિશેષને બરાબર (યથાર્થ) જાણી શકે. પોતાના વિશેષને (જાણવાની વાત છે હોં!) આહા...હા! સમજાય છે કાંઈ? સમજાય એટલું સમજવું ભાઈ! તત્ત્વનો પાર ન મળે! એની ગંભીરતાનો પાર ન મળે! આહા...હા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(અહીંયાં કહે છે કે:) **''એકલા ઉઘાડેલા''** આ (પર્યાયચક્ષુ) બંધ છે ત્યારે એકલા ઉઘડેલા છે. આહા...હા! કાલ કહેવાઈ ગયું છે આ બધું. **(શ્રોતા:)** જમાવટ થાય છે આજ. **(ઉત્તર:)** આ તો ફરીવાર લીધું કે બે જણ આવ્યા છે ને...! આહા...! આ તો ભગવાનની વાણી! ગમે ત્યારે લો એ કાંઈ ફરીને છે જ નહીં, તેનો પાર નથી. **''પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરી''** દઈને જ્યારે સર્વથા બંધ કરી દઈને (એટલે શું કે) ઈ તો પર્યાયને જોવાની ચક્ષુ સર્વથા બંધ કરી, પણ દ્રવ્યને જોનારું જ્ઞાન ઉઘડેલું છે. આહા...હા! એક લીટી! (સમજે તો બેડો પાર!) આહા...હા! જો તો ખરો પ્રભુ! તું કોણ છો? આહા...હા! સામાન્ય–વિશેષમાં પણ, વિશેષની આંખ્યું સર્વથા બંધ કરી દીધી. એટલે કે વિશેષને જોનારી આંખને સર્વથા બંધ કરી. પણ વિશેષમાં સ્વને જોનારી આંખ તો ઉઘડી ગઈ(છે.) આહા...હા...હા! સમજાય છે કાંઈ? તે (પર્યાયચક્ષુ) બંધ થઈ પણ **''એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે''** સ્વને જોવાનો ભાવ – એકલા દ્રવ્યને જોવાનો ભાવ ઉઘડી ગયો છે. વસ્તુ છે તેને જોવાનો ભાવ રહી ગયો છે. થઈ ગયો છે. આહા...હા! પર્યાયને જોવાનું જ્યાં બંધ કર્યું. ત્યાં દ્રવ્યને જોવાનું (જ્ઞાન) ઉઘડી ગયું છે. આહા...હા! જાણનારો છે ઈ જાણનારો – એને પર્યાયમાંથી અંધારું થઈ જાય એમ તો છે નહીં. હેં? ભલે કહે છે કે પર્યાયને (જોવાની ચક્ષુ) સર્વથા તેં બંધ કરી – તારી પર્યાયને જોવાની સર્વથા બંધ કરી – પરની વાત તો છે જ નહીં. આહા...! પરની ચીજ કે પર્યાયને જોવાની તો વાત જ નથી. અહીંયાં તો પોતાની પર્યાય સિદ્ધ(સહિત) પાંચ પર્યાય લેશે. નારકી–તિર્યંચ–મનુષ્ય–દેવ અને સિદ્ધ પર્યાય – એ પાંચ પર્યાયો. (પોતાની) પરની નહીં. પણ એ (જીવદ્રવ્ય) પોતાની પાંચ પર્યાયમાં વર્તે છે તેને જોવાનું બંધ કરી દઈને. આહા...હા! ભગવાન! વાત બીજી છે! આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **''એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે''** જોયું? ઈ ટાણે દ્રવ્યાર્થિક ચક્ષુ છે. છે તો ઈ એ પર્યાય. સમજાય છે કાંઈ? હવે આ કહે કે અમે પ્રવચનસાર વાંચી ગયા! તો એક જણો વળી કહે મહારાજ સમયસારના (બહુ વખાણ કરે છે તો હું તો) પંદર દિ' માં વાંચી ગયો! પણ બાપુ! એ એક કડીનો કે એક શબ્દનો પાર ન મળે ભાઈ! (ભાવો બ્રહ્માંડના ભર્યા) આહા...! ઈ પરમાત્માની આ વાણી છે! દિગંબર સંતોની વાણી છે આ. કેવળીના કેડાયતોની આ વાણી છે! આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **''એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જ્યારે અવલોકવામાં આવે છે.''** પર્યાયાર્થિક (ચક્ષુને) સર્વથા બંધ કરી – પર્યાયને જોવાનું સર્વથા બંધ કરી અને દ્રવ્યને જોનારી પર્યાય દ્વારા જ્યારે દ્રવ્યને અવલોકવામાં આવે છે. સમજાય છે કાંઈ? આમાં તો ભાઈ! અમે જાણીએ છીએ (પણ) બાપા પાર ન મળે! આહા...હા! પ્રભુની વાણી અને સંતો દિગંબર મુનિ! એટલે કે કેવળીના કેડાયતો! જેને કેવળજ્ઞાન પ્રગટશે. પણ કહે છે કે પર્યાયને જોવાનું (સર્વથા બંધ કરી દઈને) આહા...હા! અમારે તો દ્રવ્યને જ જોવું છે – એમ કહે છે. અને તે પર્યાયને જોવાની (સર્વથા) બંધ કરી દઈને કીધું તો જોવાની પર્યાય રહી કે નહીં? પર્યાયને જોવાનું બંધ કરી દીધું એટલે દ્રવ્યને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોવાનું જ્ઞાન ઉઘડી ગયું! આહા...હા! રમણિકભાઈ! આવી વાત આવી! આહા...હા! **"એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે"** એટલે બે (ચક્ષુ) થયાને! ઓલાને બંધ કરીને અને આને ઉઘાડેલા વડે. આહા...હા! **"એકલા ઉઘાડેલા"** દ્રવ્યાર્થિક એટલે પોતાના પુરુષાર્થથી ઉઘાડેલા એમ. આહા...હા! પર્યાયને જોવાનું જ્યાં બંધ કર્યું આહા...હા! ત્યાં દ્રવ્ય જોવાની પર્યાય ઉઘડી ગઈ!! આહા...હા! રતિભાઈ! આવી વ્યાખ્યા છે, આવી વસ્તુ છે.

(કહે છે કે:) એમ કે સમયસાર! બાપા આ તો પ્રવચનસાર! નિયમસાર અષ્ટપાહુડ – (એમાં) અલૌકિક વાતું છે! આહા...હા! એ કંઈ એમ ને એમ મળે એવું નથી. આહા..હા! પહેલેથી જ કહે છે કે પર્યાયને જાણવાનું (બંધ કરી દઈને.) આહા...હા! (પર્યાય) એને તો બંધ કરી દઈ જોવું ત્યારે એક બંધ કર્યું ત્યારે એક ઉઘડે જ તે. આહા...હા! કહેવાનો આશય એવો છે કે પર્યાયદૃષ્ટિ જ્યાં બંધ કરી, ત્યાં દ્રવ્યદૃષ્ટિ – દ્રવ્યને જોવાની ઉઘડેલું જ્ઞાન થયું. ઉઘડેલું દ્રવ્યાર્થિક ચક્ષુ આહા..હા! એ વડે **"જયારે અવલોકવામાં આવે છે, ત્યારે નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું – એ પર્યાયોસ્વરૂપ"** હવે વિશેષને કહેશે. **"વિશેષોમાં રહેલા"** એ વિશેષો છે પણ એ વિશેષમાં રહેલ સામાન્ય છે. આહા...હા! પર્યાયોને જોવાનું બંધ કરીને 'આ' જોવાનું છે. આહા...હા! **"એ પર્યાયો સ્વરૂપ વિશેષોમાં રહેલા"** (અર્થાત્) "પર્યાયો સ્વરૂપ વિશેષોમાં રહેલા." આહા...હા! પરમાં રહેલા નહિ પણ ફકત તારી જે પર્યાયો – એ પાંચ પ્રકારની, ચાર ગતિની ને પાંચમી (સિદ્ધની) એ પાંચ પર્યાય વિશેષ છે. એમાં રહેલા **"જીવસામાન્યને"** એની સંધિ તો કરી. **"એ પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા (એક) જીવસામાન્યને"** એવું જે જીવસામાન્યને – કહેવું છે તો સર્વ દ્રવ્યો સામાન્ય–વિશેષ છે પણ લોકોને સમજાય તેથી જીવદ્રવ્યનો દૃષ્ટાંત આપ્યો છે. સમજાણું? બાકી બધા દ્રવ્યોને વિશેષને જોનારો તો છો ને તું? એટલે વિશેષમાં તો આવી ગયો તું. સમજાણું કાંઈ? એ વિશેષોમાં રહેલો જે સામાન્ય. જે (પર્યાયને) જોવાની આંખ્યું હતી તેને બંધ કરી દઈને. છતાં તે પર્યાયમાં રહેલો જીવ(સામાન્ય) આહા...હા...હા! સમજાણું કાંઈ?

(અહીંયાં કહે છે કે:) **"એ પર્યાયો "સ્વરૂપ" વિશેષોમાં રહેલા (એક) જીવસામાન્યને અવલોકનારા"** 'એક' 'જીવ' 'સામાન્યને' અવલોકનારા – અવલોકન છે તો પર્યાય, પણ જોનાર જુવે છે દ્રવ્યને (સામાન્યને) આહા...હા! ('સમયસાર') ૩૨૦ ગાથામાં કહ્યું ને...! છેલ્લે જયસેનઆચાર્ય! (ટીકામાં છે ને...!) – **જે સકલનિરાવરણ– અખંડ– એક– પ્રત્યક્ષ–પ્રતિભાસમય – અવિનશ્વર–શુદ્ધપારિણામિક–પરમભાવ લક્ષણ–નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું – એમ પર્યાય જાણે છે.** કેમકે 'આવું દ્રવ્ય હું છું' – એમ જાણવું (કાર્ય) દ્રવ્યને છે નહીં. પર્યાયમાં જાણવું (કાર્ય) થાય છે. તેથી પર્યાય એમ કહે છે કે 'હું તો આ છું' નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું. ભલે વિશેષોમાં રહેલો છું, પણ છું આ – એમ પર્યાય જાણે છે. એજ કહે છે કે – **"જીવસામાન્યને અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા એ જીવોને 'બધું ય**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જીવદ્રવ્ય છે' એમ ભાસે છે.''** લો! ત્યાં (૩૨૦ ગાથામાં) જે કહ્યું છે, બધે એક જ વાત છે.

(કહે છે કે:) જોનારી પર્યાયે એક સામાન્યને જોયું – બીડાઈ ગયેલી પર્યાયે – બંધ થઈ ગયેલી પર્યાયે અને તે બંધ થઈ એટલે ઉઘડેલી દ્રવ્યાર્થિક પર્યાય(થી) સામાન્યને જોતાં (બધું ય જીવદ્રવ્ય છે એમ ભાસે છે) આહા...હા! બે–ત્રણ લીટીમાં કેટલું નાંખ્યું છે! અપાર વાત છે બાપુ! કોઈ સાધારણ વાત નથી. આ તો દિગંબર સંતોની વાણી છે! કયાં'ય છે નહીં. (બીજે) કયાં'ય છે નહીં. એમાં રહેલું તત્ત્વ, તે તત્ત્વને જાણનાર. (ચક્ષુ) ઉઘડયું કહે છે. આહા..હા! એ પર્યાય ઉપર દૃષ્ટિ હતી ત્યારે દ્રવ્યને જાણનારું જ્ઞાન અસ્ત થઈ ગયું હતું. આહા...હા! પણ પર્યાયને જોવાનું જયાં સર્વથા બંધ કર્યું આહા...! એટલે તને અવલોકવાનું ઉઘડયું જ્ઞાન – તે વિશેષોમાં રહેલો જે જીવસામાન્ય છે? (પાઠમાં) **''વિશેષોમાં રહેલા (એક) જીવસામાન્યને'' અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા''** છે ને? સામું પુસ્તક છે કે નહીં? આહા...! આ કંઈ કથા નથી પ્રભુ! (કે જે નારાયણ!) આ તો ભાગવતકથા છે. આહા...હા! કેના ગર્વ કરવા? કોના અભિમાન કરવા જાણવાના? ભાઈ! પરમાત્માની એક–એક ગાથા! (અલૌકિક છે!) બધું રહસ્ય ભર્યું છે પ્રભુ! ઈ સંતો જયારે એની વ્યાખ્યા કરતા હશે, એની વ્યાખ્યાનો પાર ન મળે ! ભગવાનની વાણીમાં આવ્યું હશે એટલું તો ઝીલાણું નહીં. આહા...હા! ભગવાને જોયું એનું અનંતમે ભાગે કહેવાયું – દિવ્યધ્વનિનો દિવસ છે કાલ! કાલ આ શરૂ થયું છે (આ ગાથાનું વ્યાખ્યાન) **''દિવ્યધ્વનિ છે આ''** એ દિવ્યધ્વનિમાં આવેલું છે આ. (આવે છે ને કે...) **''મુખ ઓંકાર ધુનિ સુનિ અર્થ ગણધર વિચારૈ, રચિ આગમ ઉપદિશૈ ભવિક જીવ સંશય નિવારૈ.''** આહા...હા! અહીંયાં કહે છે કે આગમમાં આવેલી આ વાત જેણે જાણી છે અંદર, એને સંશય રહેતો નથી. દ્રવ્યને–(જાણનાર) ઉઘડેલું જ્ઞાન, જયાં વિશેષોમાં રહેલા (શુદ્ધસામાન્ય) જીવને જોયો – સામાન્યને જોયો (ભાળ્યો) ત્યાં સંશય રહેતો નથી. મિથ્યાત્વનો કોઈ અંશ રહેતો નથી. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **''અને વિશેષોને નહિ અવલોકનારા એ જીવોને''** બધાય જીવો લીધા છે ને...! એક જ જીવ લીધો નથી. જે આ પર્યાય ચક્ષુને બંધ કરીને દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જુએ છે એવા બધા જીવોને 'તે બધુંય જીવદ્રવ્ય છે.' આહા...હા! અરે...રે! પાંચમા આરાના પ્રાણીને (જીવને) પણ આમ છે એમ કહે છે. પંચમઆરાના સંત (પંચમઆરાના) શ્રોતાને એમ કહે છે. આહા...હા! તારાથી ન થાય એમ કહેતા નથી અહીંયાં (મુનિરાજ) આહા...હા! 'મને ન સમજાય' એ વાત મૂકી દે. પર્યાય છે એને જાણવાનું બંધ કરી દે, હું નહીં જાણી શકું – નહિ જાણું એ પ્રશ્ન જ કયાં છે? (એમ આચાર્ય) કહે છે. આહા...હા! એવા **''વિશેષોને નહિ અવલોકનારા એ જીવોને''** જીવને નથી લીધું. (બહુવચન લીધું છે) એવા જીવોને. આહા...હા! પંચમઆરાના સંત સામે (બેઠેલા) બધાય જીવોને –(કે જે) પર્યાયચક્ષુને (સર્વથા) બંધ કરીને એકલા ઉઘડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે અવલોકનારા એવા પંચમઆરાના જીવોને – ચોથા આરાની વાત છે આ? આહા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**''તે બધું ય જીવદ્રવ્ય છે'** એમ ભાસે છે.'' આહા...હા!

(કહે છે કે:) (પંચમઆરામાં સમકિત) ઓલું પડશે, આ તો ફલાણા શ્લોકો (માં કહ્યું છે.) આ (દ્રવ્યદૃષ્ટિ) પડશે ત્યાં ઊભો થઈ જઈશ અંદર જો તો ખરો! ઉઘડેલું જ્ઞાન જ્યાં પર્યાય (ચક્ષુને) બંધ કરીને થયું અંદર, ત્યાં ભગવાન તને ભળાશે. (દેખાશે.) આહા...હા! ભગવાનનો તને ભેટો થશે. એ ભગવાન છાનો નહીં રહે. આહા...હા! ગજબ વાત છે! ચાર લીટી! આહા...હા! **''એવા જીવોને''** – અવલોકનાર જીવને એમ નથી લીધું (**''એવા જીવોને''** લીધું છે). એ પંચમઆરાના પ્રાણીને કહે છે. પ્રભુ! તું આવો છો ને...! અને પર્યાયચક્ષુને બંધ કરીને જોનારા ઘણા જીવોને **(–એ પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા જીવસામાન્યને અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા'')** એ જીવોને **''તે બધું ય જીવદ્રવ્ય છે.''** પર્યાયનું લક્ષ છૂટી ગયું છે. આખો જીવદ્રવ્ય છે આ તો. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) દ્રવ્યાર્થિક નયના ઉઘડેલા જ્ઞાનથી વિશેષમાં રહેનારા સામાન્યને અવલોકન કરનારને **''તે બધુંય જીવદ્રવ્ય છે' એમ ભાસે છે.''** છે? (પાઠમાં) આ જીવદ્રવ્ય છે એમ ભાસે છે. આહા...હા! કાલે આવ્યું'તું થોડું! આ તો તમે આવ્યા તો જરી ફરીને લીધું. આ(નો) તો પાર ન મળે બાપા! ગમે તેટલી વાર લો ને...! આહા...હા! એના ભાવની ગંભીરતા! (અપૂર્વ.) એના ભાવની અપરિમિતતા! (અથાગ) **(શ્રોતા:)** પરમ પરમેશ્વરની વાત.... **(ઉત્તર:)** હો! પરમેશ્વર થવાની જ વાત છે.

(કહે છે કે:) **''તે બધુંય જીવદ્રવ્ય છે''** એમ કીધું ને...! આહા...હા! એમ કીધું ને...? **'તે બધુંય (જીવદ્રવ્ય છે)** એટલે પાંચ પર્યાયો (સ્વરૂપ) જીવ નથી. એક પર્યાય (જેવડો) જીવ નથી. આહા...હા! અરે....રે! આવી વાત ક્યાં મળે? ભગવાનના વિરહ પડયા!! વાણી રહી ગઈ!! વાણીએ વિરહ ભૂલાવ્યા!! હેં? (વળી) વાણીએ વિરહ ભૂલાવ્યા(ભગવાનના.) આહા..હા! એક **'જીવસામાન્યને અવલોકનારા'** – એક જ જીવસામાન્યને જોનારા અને વિશેષોને નહિ અવલોકનારા – (જોયું?) બહુવચન છે. **પંચમઆરાના જીવો** પણ ઘણા આ પ્રમાણે અવલોકશે. આહા...હા! (એમ આચાર્યદેવ કહે છે.) **વિશ્વાસ–વિશ્વાસ લાવ, તારામાં તાકાત છે, પ્રભુ! તું પૂરણ વીર્યથી ભરેલો પ્રભુ! સુખના સાગર, જળનું (દળ), સુખનો સાગર! એ સુખનું જળ, એ ભરેલા ભગવાનને તું જો! આહા...હા! તને ત્યાં 'જીવદ્રવ્ય' તે બધું ય છે તેમ ભાસશે. (દેખાશે.)** છે? (પાઠમાં). આહા...હા!

(કહે છે) પ્રભુ! તું સ્ત્રી–પુરુષ કે નપુંસક નથી. તું એ શરીરને અને લૂગડાંને અને આકૃતિને ન જો. પરને જોવાની જ વાત બંધ કરી દઈને – આ સ્ત્રીનું શરીર છે ને આ પુરુષનું શરીર છે એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો (જોવાની) વાત જ બંધ કરી દે. એમ કહે છે (ઉપરાંત) પોતાનામાં જોવામાં પણ (તારી) પર્યાયને જોવાનું બંધ કરી દે. (દ્રવ્યાર્થિક નયની આંખથી તને જો.) **'આ વસ્તુ' 'આ સિદ્ધાંત'** (ત્રિકાળાબાધિત છે.) આહા...! ''બધુંય જીવદ્રવ્ય છે'' આ બધું ય જીવદ્રવ્ય છે એમ ભાસે છે. કહે છે (કે) ભાસે છે. એમ કીધું છે ને...? ઘણા જીવોને ને...? ઉઘડેલી આંખથી ને....? બંધ કરી આંખ એક (પર્યાયની ને?) એ બંધ કરી અને (બીજી) ઉઘડેલી આંખથી (જુએ છે એને ને?) **''તે બધુંય જીવદ્રવ્ય છે' એમ ભાસે છે.''** આના પછી સપ્તભંગી આવશે. એકસો પંદરમાં. આ તો અહીંથી... આ તો કુંદકુંદાચાર્યની વાણી! સાક્ષાત્ ભગવાન પાસે ગયા હતા. આહા..હા! અને એની ટીકા કરનાર અમૃતચંદ્રાચાર્ય! ઈ ભગવાન પાસે ગયા'તા. આ ભગવાન (પોતાનો) કુંદકુંદાચાર્યદેવ પણ પોતાના અને સીમંધરદેવ પાસે ગયા'તા. આહા...હા! એ અમૃતચંદ્રાચાર્ય આ કહે છે. શ્લોકમાં તો (મૂળ ગાથામાં તો) આટલું જ છે. **दव्वट्ठिएण सव्वं दव्वं तं पज्जयट्ठिएण पुणो** પર્યાયથી પર્યાય સિદ્ધ થઈ છે. **हवदि य अण्णमणण्णं** પર્યાયથી અન્ય છે, અન્ય છે. **(तक्काले तम्मयत्तादो)** દ્રવ્યથી અનન્ય છે. પર્યાય અપેક્ષાએ અન્ય–અન્ય છે, વસ્તુથી અનન્ય છે. અનેરો–અનેરો નથી. આહા...હા! આવી વાતું **तक्काले तम्मयत्तादो** તે કાળે તે તે પર્યાયમાં–વિશેષમાં છે. પણ વિશેષને ન જોતાં સામાન્યને જોવા જા તું બાપુ! – જેમાં અતીન્દ્રિય સુખનો સાગર ઊછળે છે. જે ઈન્દ્રિયગમ્ય નથી. વિકલ્પગમ્ય નથી. પર્યાયચક્ષુથી ગમ્ય નથી. આહા...હા! જે દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જ જણાય (એવું) તત્ત્વ છે. આહા...હા!

(કહે છે કેઃ) પેલામાં આવ્યું ને...! (ગાથા) એકસો તેરમાં. **''અને પર્યાયોનો દ્રવ્યત્વભૂત અન્વયશકિત સાથે ગૂંથાયેલો (–એકરૂપપણે જોડાયેલો) જે ક્રમાનુપાતી (ક્રમાનુસાર) સ્વકાળે ઉત્પાદ થાય છે.''** છે એકસો તેરની ટીકા(માં). ''જે ક્રમાનુપાતી–ક્રમાનુસાર ને તે કાળે (સ્વકાળે) ઉત્પાદ થાય છે એ વિશેષને જોવાની આંખ્યું બંધ કરી દે. આહા...હા...હા! સ્વ–કાળે તે તેની પર્યાય થશે જ. એ 'કાળ' તે નકકી થઈ ગયેલો જ છે. તેની 'જન્મક્ષણ' છે. આહા...હા! પણ તે પર્યાયને જોવાનું બંધ કર. આહા...હા! સ્વકાળે પર્યાય ઉત્પન્ન થશે જ. છતાં તેને જોવાનું બંધ કરી, બંધ કરી એટલે બંધ જ થઈ ગઈ – જોવાનું (બંધ થઈ ગયું) એમ નહીં. પર્યાયનયને જોવાનું તેં સર્વથા બંધ કર્યું એથી હવે એને પર્યાયમાં કંઈ જાણવાનું રહ્યું નહીં એમ નહીં. આહા...હા! પર્યાયને જોવાનું જયાં સર્વથા બંધ કર્યું ત્યારે દ્રવ્યાર્થિક નયથી ઉઘડેલું જ્ઞાન, એ જ્ઞાન વડે તે જાણવામાં આવ્યો. આરે...! આવી વાતું કયાં છે? બહારની વાતું – ક્રિયાકાંડ અરે પ્રભુ! તારો જયાં ભવનો અંત ન આવે (એ વાતમાં શું સાર છે કે તું ત્યાં રોકાણો!) આહા...! ચોરાશીના અવતાર! નરકના દુઃખોનું વર્ણન સાંભળ્યું ન જાય! બાપુ! તને જોતાં આનંદની વ્યાખ્યા એ કહી ન જાય એવો આનંદ આવશે તને. આહા....હા! ઉઘડેલા જ્ઞાન વડે દ્રવ્યને! જોતાં–પહેલું એ જ્ઞાન બંધ હતું – પર્યાયદૃષ્ટિમાં (બંધ હતું ઉઘડેલું નહોતું) પરની દૃષ્ટિમાં નહીં. આહા...હા! અવસ્થાને જોનારી તારી દૃષ્ટિ તને જોતી નહોતી (તારા દ્રવ્યને જોતી નહોતી.) આહા...હા! ઈ અવસ્થા (ને જોવાની દૃષ્ટિ) બંધ કરીને – તો પછી કંઈ (જોવાનું) રહ્યું કે નહીં? ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ! કેવળજ્ઞાનનો કંદ છે ને....! આ (પર્યાયને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોવાનું) બંધ કર્યું તો પછી પર્યાયમાં કાંઈ વિકાસ રહ્યો કે નહીં? વિકસિત–ચમત્કાર જે વસ્તુ છે એ બંધ વખતે પણ પ્રભુ! પરિચિત નહિ શકે એમ કરીશ મા સર્વજ્ઞ પ્રભુ! પરિચિત પરિ એટલે સમસ્ત પ્રકારે ને ચિદ્ એટલે જ્ઞાન – પરિચિત એટલે સર્વજ્ઞ! આનો પરિચય! ઓલું 'શ્રુતપરિચિતા અનુભૂતા:' એ નહીં. ગુલાંટ ખાઈને આમ પરિચિત થાય છે. પહેલો પરિચિત રાગને એનો પરિચય છે, પર્યાયદૃષ્ટિનો પરિચય છે. આહા...હા! ગુલાંટ ખાય છે. ત્યારે દ્રવ્યને જોનારી આંખ્યું વડે જોતાં ત્યારે પરિચિત નામ સર્વજ્ઞપણું પ્રગટ થઈ જાય છે. પરિ + ચિત્ છે ઈ. પરિ નામ સર્વથા પ્રકારે (ચિત્) નામ જોવું જ્ઞાનને. પરને જોવું નહીં. **જ્ઞાનને જોવું હોં? ભાઈ! આહા...હા!** આવી વાતું છે.

(અહીંયાં કહે છે કે:) **"તે બધુંય જીવદ્રવ્ય છે" એમ ભાસે છે."** તે બધુંય જીવદ્રવ્ય છે એમ ભાસે છે. આંહી સુધી તો પર્યાયને જોવાનું બંધ કરીને અને બંધ થઈ એટલે ઉઘડયું જ્ઞાન, દ્રવ્યને જોવાનું ઉઘડયા વિના રહે જ નહીં. આહા...હા! જેણે પર્યાયને જોવાની ચક્ષુ બંધ કરી, એને સ્વને જાણવાનું ઉઘડેલું જ્ઞાન ઉઘડયા વિના રહે જ નહીં. (એ જ્ઞાન ઉઘડે જ.) આહા...હા! અને એ ઉઘડેલા જ્ઞાન વડે (એટલે) દ્રવ્યાર્થિક નય વડે – દ્રવ્યાર્થિક નય પણ જ્ઞાન છે ને...! નય છે ને...! ઈ તો જ્ઞાનનો અંશ છે ને...! દ્રવ્યાર્થિક એટલે દ્રવ્યને(જોનારું) જ્ઞાન, દ્રવ્યાર્થિક નયથી જોનારું દ્રવ્ય (છે.) આહા...હા! એ ઉઘડેલું જ્ઞાન તે દ્રવ્યાર્થિક નય છે એનાથી જોતાં દ્રવ્ય જોવાય. (દેખાય.) આહા...હા! લખે છે ને...? પાછું નાખશે, આતમધરમમાં આવશે ઈ. આહા...હા! હવે આ જયારે ભાસ્યું ત્યારે હવે પર્યાયને જાણવાનું યથાર્થ જ્ઞાન થયું. પહેલી દ્રવ્યાર્થિક (નય) ને બંધ કરીને પર્યાયને જોવાનું નથી કીધું. (પરન્તુ) પર્યાયાર્થિક ચક્ષુને (સર્વથા) બંધ કરીને દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જો. (એમ કીધું છે.) અને દ્રવ્ય ભાસ્યું ત્યારે પર્યાયનું યથાર્થ જ્ઞાન થયું. કો' સમજાણું કાંઈ?

(અહીંયાં કહે છે કે:) **"અને જયારે દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને"** જે દેખવામાં આવ્યું છે. પણ તેના તરફનું લક્ષ છોડી દઈ અત્યારે આહા...હા! સામાન્ય જીવ 'આ બધુંય છે' 'આ બધુંય છે' એવું જ્ઞાન થયું છે. છતાં તે તરફનું જોવું બંધ કરી પર્યાય પણ તારી છે – તારામાં છે એને જોવા માટે આ (ચક્ષુ–દ્રવ્યાર્થિકનય) બંધ કર. આહા...હા! બહુ ઝીણી વાત છે ભાઈ ચંદુભાઈ! ગંભીર છે બાપુ! પરમાત્માની વાણી! દિગંબર સંતોની વાણી! શ્વેતાંબરમાં તો કથન પદ્ધતિ ય મિથ્યાદૃષ્ટિ થયા પછી કરે છે આરે! પ્રભુ! આકરું લાગે! શું થાય? આ વાત છે આકરી! આહા...હા...હા! જયાં કેવળજ્ઞાન રેલાય છે આમ!! **અલ્પકાળમાં કેવળજ્ઞાન થવાની તૈયારીવાળું છે જ્ઞાન! આહા...હા! છતાં કહે છે પર્યાયને જોવાનું – તારી પર્યાયને જોવાનું બંધ કરી દે.** અને હવે, દ્રવ્યાર્થિક (ચક્ષુને) બંધ કર. જોવાઈ ગયું – જણાઈ ગયું! પણ તે તરફનું લક્ષ બંધ કર. સમજાણું....? આહા...હા...હા! **"દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને."** એટલે તેના તરફનું લક્ષ છોડી દઈને **"એકલા ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે"** ઓલામાં **"એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે"** હતું. પહેલી લીટીમાં. આમાં **"એકલા ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે"**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય પણ એનામાં છે ને...? એમાં (પર્યાયમાં) વર્તતું દ્રવ્ય છે ને....! પરને ને એને કાંઈ સંબંધ નથી. એ વાત અહીંયાં સિદ્ધ કરવા (કહે છે) પર્યાય એની છે પણ પરને ને એને કાંઈ સંબંધ નથી. આહા...હા!

(કહે છે કે:) અહીંયાં કેવળજ્ઞાન થયું માટે વજ્રનારાચ (સંહનન) હતું માટે થયું, અરે ચાર જ્ઞાન ને મોક્ષનો મારગ હતો માટે કેવળજ્ઞાન થયું – એમે ય નહીં. આહા...હા! હવે પર્યાયને અંદર ભલે જો. કહે છે. પણ ઈ પર્યાય પર્યાયથી સિદ્ધ છે હોં? નારકી–તિર્યંચ–મનુષ્ય–દેવ એ ચાર ગતિની ને સિદ્ધપર્યાય – એ પાંચ પર્યાય છે. છે? (પાઠમાં) **''એકલા ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે અવલોકવામાં આવે છે, ત્યારે જીવદ્રવ્યમાં રહેલા''** જોયું? એ વિશેષોમાં રહેલા (એમ) હતું પહેલામાં. **''એ પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા''** ત્યાં એમ હતું. હવે અહીંયાં **''જીવદ્રવ્યમાં રહેલા''** (કહ્યું.) દ્રવ્યમાં રહેલા!! આહા...હા! પર્યાયનો સંબંધ (બતાવવો) છે ને...! પરની હારે કાંઈ સંબંધ નથી (એમ બતાવવાનું જોર છે.) આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **''ત્યારે જીવદ્રવ્યમાં રહેલા નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું – એ પર્યાયોસ્વરૂપ અનેક વિશેષોને અવલોકનારા અને સામાન્યને નહિ અવલોકનારા''** લક્ષ એ પરથી છોડીને એકલું પર્યાયનું લક્ષ હોં? આહા...હા...હા! **''એવા એ જીવ ને (તે જીવદ્રવ્ય) અન્ય અન્ય ભાસે છે.''** પર્યાયદૃષ્ટિમાં એકરૂપ બધું ભાસતું હતું. હવે અન્ય દ્રવ્ય છે અન્ય પર્યાય છે અન્ય અન્ય ભાસે છે. હવે અનેરી – અનેરી – અનેરી, અન્ય, અન્ય, અન્ય.... અન્ય....અન્ય....અન્ય....અન્ય ભાસે છે.

વિશેષ કહેશે.....

ॐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન : તા. ૧૨–૭–૭૯.

'પ્રવચનસાર' ૧૧૪ ગાથા. ફરીને દ્રવ્યાર્થિક પહેલું કહ્યું કે પર્યાયાર્થિકને ન જોતાં દ્રવ્યાર્થિક નયનો વિષય ઉઘડયો. ઉઘડયું છે જ્ઞાન. એ જ્ઞાન વડે દ્રવ્યાર્થિક દ્રવ્ય ને જો. તો ઈ સામાન્ય તને નજરે પડશે. પણ પર્યાય(નય) ની આંખ્યું બંધ કરી દઈને. પરને જોવાની (આંખ્યું) બંધ કરીને નહીં. પરને તો ઈ જોતો જ નથી. પર્યાયની આંખ્યું – પોતાનો પર્યાય છે તન્મય છે તેમાં આત્મા રહે છે. આહા...હા! જેવી પર્યાયનયની આંખ્યું બંધ કરી, દ્રવ્ય નયને જોતાં બધું ય એક આત્મા છે એમ ભાસે છે. આવી વાત છે! હવે એને (જ્યારે) **"દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને"** એટલે ઉઘડેલું જ્ઞાન તો છે. ફક્ત એનું લક્ષ નથી. લક્ષ તો પર્યાય ઉઘડેલી છે તેમાં છે. દ્રવ્યાર્થિક ચક્ષુ બંધ કરીને **"એકલા ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે અવલોકવામાં આવે છે"** પર્યાયથી જ્યારે જીવની દશાઓ જોવામાં આવે છે. (ખરેખર તો) એને જોવાનું એનામાં ને એનામાં છે. સામાન્ય ને વિશેષ. બહારમાં ક્યાં'ય નહીં. આહા...હા! બહારમાં કરવાનું તો કાંઈ નથી, તારા દ્રવ્ય–પર્યાય સિવાય બહારમાં કાંઈ કરવાનું તો છે નહીં, પણ બહારને જોવાનું ય નથી. જુવે છે તે તારી પર્યાયને (જુવે છે.) આહા...હા! આવી વાત છે.

(કહે છે કે:) આત્મા સિવાય કોઈ કષાયને કે કરમને કે પરને કાંઈ કરું એ નહીં. નિશ્ચયથી તો ચૈતન્યને શરીર કહ્યું છે. ચૈતન્યવિગ્રહ એમ પુણ્યને પાપ – કષાયભાવ એ પણ વિગ્રહ છે. છે એની પર્યાયમાં. પણ એ પણ એક શરીર છે. આ શરીર છે જે ચૈતન્યભગવાન! પરમ પારિણામિક સ્વભાવભાવ, એ ચૈતન્યશરીર છે. ચૈતન્યવિગ્રહ છે. વિગ્રહ શબ્દ છે ને...! એમ પુણ્ય ને પાપના ભાવ, કે ગતિના આ ઉદયભાવ. સિદ્ધભાવ એકકોર રાખો. અહીંયાં તો સિદ્ધપર્યાયને જોવાની વાત છે. પણ ચાર ગતિ જે છે ઉદય, ચૈતન્યશરીર છે ભગવાન, ચૈતન્યવિગ્રહ એ અપેક્ષાએ તો ચૈતન્ય વિગ્રહ છે. (શરીર છે ચૈતન્ય.) ચૈતન્ય શરીર જ છે. આહા...હા...હા! ત્રણ પ્રકારના શરીર : ચૈતન્યશરીર, કષાય શરીર, કર્મ શરીર, ઔદારિક શરીર, આહારક શરીર, વૈક્રેયિક શરીર, પછી આહારક, તૈજસ, કાર્મણ એ જડ(શરીર (છે.) અને આત્મામાં થતો વિકાર એ ચૈતન્યનું વિકૃત શરીર અને એનો ત્રિકાળી સ્વભાવ, પરમસ્વભાવ, જ્ઞાયકભાવ એ એનું નિજશરીર (છે.) નિજ વસ્તુ છે ઈ.

(કહે છે કે:) એ નિજવસ્તુ જ્ઞેય થવા માટે તું એક વાર પર્યાયને (જોવાનું) ચક્ષુ (સર્વથા) બંધ કર. પણ હવે સ્વને જોયું. અને સ્વને જાણ્યું તો પર્યાયમાં પણ ઈ સામાન્ય વર્તે છે. એથી એને જોવા માટે પણ આ બાજુનું (દ્રવ્યનું) લક્ષ છોડીને આ બાજુ (પર્યાયને) જો. કારણ કે ઈ પર્યાય પણ તારા અસ્તિત્વમાં છે. જેમ બીજા (કોઈપણ) દ્રવ્યનો અંશ તારા અંશીમાં નથી, કારણ શરીરનો – પર્યાયનો એક અંશ તારામાં નથી. તારા અસ્તિત્વમાં પર્યાયનું અસ્તિત્વ ન હોય તો, ચાર ગતિની અને સિદ્ધની પર્યાયનું અસ્તિત્વ (સાબિત જ ન થાય.) પણ એ પાંચે પર્યાયનું અસ્તિત્વ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા....હા! એને જોવાને ઉઘડેલું જ્ઞાન છે. કીધું ને...? **"એકલા ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે."** પર્યાયનું અસ્તિત્વ જોવા માટે સ્વને જોયું છે તે જ્ઞાન પર્યાય જોવાને ઉઘડેલું છે. આહા...હા! આવી બધી વાતું ઝીણી! લોકોને બહારથી (સુખ મેળવવું છે.) પણ એ બહાર છે જ નહીં ને...! બહારમાં તો પરનું કંઈ તો કરતો નથી, પણ બહારમાં ઈ વિષય–કષાય–શુભભાવ એ પણ એને પરમાર્થે પરશરીર કીધું છે એને. આહા....હા! પણ અહીંયાં કહે છે કે તારી પર્યાયનું અસ્તિત્વ છે એને જોવાની ઉઘડેલી આંખ્યથી જો – જાણ. આહા...હા! છે? (પાઠમાં.)

(કહે છે કે:) **"એ પર્યાયોસ્વરૂપ અનેક વિશેષોને અવલોકનારા" "જીવદ્રવ્યોમાં રહેલા"** છે? (પાઠમાં.) ઓલામાં તો એક અંશે ય રહેલો નથી. કરમને શરીર આદિ (પરમાં તો રહેલો જ નથી.) આહા...હા! અરે....રે! કયારે ફુરસદ લે ને કયારે નિર્ણય કરે! ચોરાશીના અવતાર કરી–કરીને સોથા નીકળી ગયા છે ને હજી એને દરકાર નથી. કે હું કોણ છું? કયાં છું? કયાં (શું કરી રહ્યો છું?) અહીંયાં ગતિ છે ઈ પણ પર્યાયના અંશમાં છે. તે ત્રિકાળી ચીજમાં નથી. આહા...હા! કષાય–શુભ દયા–દાન–વ્રત–ભકિતના પરિણામ પણ મારી પર્યાયમાં, પર્યાયમાં, પર્યાયમાં વર્તે છે જરી. એમાં વર્તે છે વસ્તુમાં તો ઈ નથી. પણ વસ્તુનું જ્ઞાન થયા પછી એના અસ્તિત્વમાં છે (પર્યાય) એને જો. પરને જોવાની વાત જ નથી. પરને જુવે છે ઈ તો પોતાની પર્યાયને જુવે છે. આહા...હા! ખરેખર તો રાગ–દ્વેષને જુવે છે એ પણ જ્ઞાનની પર્યાય છે અને એને જોવે છે. આહા..હા...હા!

(કહે છે કે:) પણ, એની પર્યાયમાં ગતિ છે. એ પર્યાયને જોતાં **"જીવદ્રવ્યમાં રહેલા"** એમ છે ને...? (અહીં પાઠમાં) કર્મ–શરીર કે (બીજું કંઈ) જીવદ્રવ્યમાં રહેલ નથી. આ શરીર જે છે એ જીવદ્રવ્યમાં રહ્યું નથી. આહા...હા! જીવદ્રવ્યની પર્યાયમાં (જે) રહેલું છે. એના સામાન્ય (દ્રવ્યમાં) એ રહેલ નથી. હવે એના વિશેષમાં રહેલું જે – એ જીવદ્રવ્યમાં રહેલા છે? (પાઠમાં) જીવદ્રવ્યમાં રહેલા (નારકપણું–તિર્યંચપણું–મનુષ્યપણું–દેવપણું કે સિદ્ધપણું) એમ કીધું છે ત્યાં. આહા...હા! એ તો પહેલાં આવી ગયું કે જીવદ્રવ્યમાં રહેલા એટલે ત્રિકાળીમાં રહેલા એમ નહીં. આહા...હા! **"જીવદ્રવ્યમાં રહેલા"** જીવદ્રવ્ય ભગવાન ચૈતન્ય પરમાત્મસ્વરૂપ એનું જયાં જ્ઞાન ઉઘડયું ત્યારે ન્યાં જીવ(ની) પર્યાયને જોવાનું. ઈ ભણતરથી ઉઘડયું કે ઈ પ્રશ્ન અહીંયાં છે જ નહીં. ઈ શું કહ્યું? શાસ્ત્રથી–ભણતરથી પર્યાયને જોવાની ઈ વાત અહીંયાં લીધી નથી. આહા...હા!

અહીંયાં તો જીવ ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ પ્રભુ! એને જોતાં પર્યાયને જોવાનું ઉઘડેલું જ્ઞાન (છે તેનાથી પર્યાયનું જ્ઞાન છે) સમજાય છે આમાં કાંઈ? અરે! આ તો ત્રણ લોકના નાથ, જિનેશ્વરદેવ! પરમેશ્વર એટલે કોણ? આહા...! જેની પાસે એકાવતારી ઈન્દ્રો ગલુડિયાં–બચ્ચાંની જેમ બેસે! આહા...હા! એવા ત્રિલોકનાથ! જિનેશ્વરદેવની વાણી છે 'આ'. એ વાણીની ગંભીરતાનો પાર ન મળે! આહા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે કે: આંખ્યું પર્યાયને (જોવાની) બંધ કરી, સર્વથા હોં? ત્યારે (દ્રવ્ય) જોવામાં આવ્યું, ઉઘડેલું જ્ઞાન (દ્રવ્યાર્થિક નય) થી જોવામાં આવ્યું – હવે ઈ ઉઘડેલા જ્ઞાનથી "જીવ(દ્રવ્યમાં) રહેલા પર્યાયો. છે ને...? (પાઠમાં.) **"નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું એ પર્યાયોસ્વરૂપ અનેક વિશેષોને અવલોકનારા"** પર્યાયસ્વરૂપ અનેક વિશેષોને જાણનારા. **"અને સામાન્યને નહિ અવલોકનારા"** એક આના તરફ લક્ષ છે એટલે એને નહિ જોનારા એમ. **"એવા એ જીવોને (તે જીવદ્રવ્ય) અન્ય અન્ય ભાસે છે."** પર્યાય છે તે જીવદ્રવ્યમાં અનેરી–અનેરી ભાસે છે. સિદ્ધપર્યાય ને દેવપર્યાય ને એ (આદિ પર્યાયો) અનેરી–અનેરી છે. આહા...! **"અન્ય અન્ય ભાસે છે કારણ કે દ્રવ્ય તે તે વિશેષોના કાળે તન્મય હોવાને લીધે"** ભગવાન આત્મા, દ્રવ્ય! તે તે વિશેષોના કાળે – તે તે કોણ? નારકી–મનુષ્ય–દેવ–તિર્યંચ અને સિદ્ધ (પર્યાયો) તે તે વિશેષોના કાળે તન્મય હોવાને લીધે" તે તે પર્યાયમાં જીવદ્રવ્ય (તે કાળે) તન્મય છે. આહા...હા!

(કહે છે કે:) જેમ કાર્મણ શરીર, ઔદારિક શરીર અને સ્ત્રી–કુટુંબ પરિવાર આદિ એનો ત્રણેયનો એકકે ય અંશ અહીંયાં (જીવદ્રવ્યમાં) તન્મય નથી. એ તો સ્વતંત્ર(પણે) જુદા છે. આહા...હા! આ તો ઓલા (ભાઈ) કહેતા'તા ને...! કે બાવો થાય તો સમજાય. ઓલો અમૃતલાલ નહીં? વડિયાવાળો. બૈરાં મરી ગયાં! પછી એક ફેરે (કહે કે આ વાત તો બાવો થાય તો સમજાય.) પણ ભાઈ! બાવો જ છે. (આત્મા) તારામાં રાગે ય નથી ને ખરેખર તો સામાન્યમાં તો ગતિએ ય નથી. પણ પર્યાયનું અસ્તિત્વ તારામાં છે એ (અહીંયાં) સિદ્ધ કરવું છે. એ પરને લઈને પર્યાય નથી. આહા...હા! એમ કહ્યું ને...? **"જીવદ્રવ્યમાં રહેલા"** એમ કીધું. જીવની પર્યાયમાં રહેલા (એમ ન કીધું.) આહા..હા! એ જીવદ્રવ્ય પર્યાયમાં છે. એ જીવદ્રવ્ય પર્યાયદષ્ટિએ પર્યાયમાં (તે તે કાળે) છે. આહા...હા! **"અન્ય અન્ય ભાસે છે."** અનેરી–અનેરી દશા(ઓ) છે. સામાન્યને દેખતાં અનન્ય–અનન્ય તે તે તે ભાસે છે. વિશેષને જોતાં તે અન્ય–અન્ય પર્યાય ભાસે છે. આવું છે બાપુ!! આહા...! જનમ–મરણ રહિત! આહા...! વીજળીના ચમકારે જેમ મોતી પરોવે! આહા...! આ તો ચમકારો આવી ગયો છે એમ વીતરાગ મારગની વાણી (અલૌકિક) આ બધું તૂત છે! જોવાનું – જાણવાનું હોય તો તારું સામાન્ય અને વિશેષ બે. આહા...હા...હા! પરને જોવાને–જાણવાને તો વાત જ નહીં. આહા...હા! પરને છોડી – કાંઈ બાયડી–છોકરાં–કુટુંબને – વ્યવસ્થિત કંઈ વ્યવસ્થા કરી શકું – એ વાત તો ત્રણ કાળમાં છે જ નહીં આત્મામાં. (એ વાત) દ્રવ્યમાં તો નથી પણ પર્યાયમાં ય નથી. આહા...હા! આવો જે ભગવાન આત્મા, સામાન્યને જોઈને (દેખીને) – સામાન્યનું (લક્ષ) બંધ કરીને, પછી વિશેષને જાણવું છે. એટલે છદ્મસ્થનો ઉપયોગ સામાન્યમાં હોય ત્યારે વિશેષમાં હોતો નથી. એથી તે ઉપયોગને પર્યાયમાં લાવવો છે એથી (સામાન્યને) જોવાનું બંધ કરીને કીધું. આહા...હા! સમજાણું કાંઈ...?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અહીંયાં કહે છે કે:) **"–એ પર્યાયોસ્વરૂપ અનેક વિશેષોને અવલોકનારા અને સામાન્યને નહિ અવલોકનારા એવા એ જીવોને (તે જીવદ્રવ્ય) અન્ય અન્ય ભાસે છે."** ઈ પર્યાય અન્ય અન્ય ભાસે. નારકીપણું–તિર્યંચપણું–મનુષ્યપણું–દેવપણું અને સિદ્ધપણું – એ. પર્યાય છે ને...? આહા...હા! સામાન્ય જે ત્રિકાળ છે તે અનન્ય છે. એ નહીં. અત્યારે તો સામાન્ય જોનારે, વિશેષ જોવા માટે જ્ઞાન ઉઘડયું છે. ખુલ્યું છે, ખીલ્યું છે. તે પણ પોતાની પર્યાયને જોવા માટે (ખીલ્યું છે.) આહા...હા! અહીં તો હજી બહાર આડે નવરો થતો નથી. અર...ર...ર! અરે! ક્યાં જાશે? આંહી મોટા પૈસાવાળા કહેવાય, આ બધા કરોડોપતિ! ચીમનભાઈ ગયા? **(શ્રોતાઃ)** જી હા! **(ઉત્તરઃ)** મોટા શેઠ! પચાસ કરોડ રૂપિયા! મુંબઈમાં. ચીમનભાઈ તો તેમાં નોકર હતા ને...! શેઠની પાસે પચાસ કરોડ રૂપિયા! આવ્યો'તો મુંબઈ આવ્યો'તો. એમાં–એમાંને માણસ આમ! પૈસા ને વેપાર ને આ બાયડી ને છોકરાંવ ને જે તારી પર્યાયમાં પણ એ નથી. આહા...હા! તેની સંભાળમાં તું (પડયો છો ને) તેમાં તારો કાળ બધો જાય છે! આહા...હા! કાન્તિભાઈ! આવું છે. તારામાં જે છે એને જોવાને ફુરસદે ય નથી મળતી તને. આહા...હા! તારે કરવું છે શું? એ કર્યું (અત્યાર સુધી) રખડવાનું તો – એ રખડવાનું તો કરે જ છો અનંત કાળથી! ઈ તો અનંત કાળથી અનંત જીવો (આ) કરે છે. આહા...હા!

(કહે છે કે) આચાર્ય મહારાજ તો જુદા પાડી અને જીવદ્રવ્ય બધુંય છે એમ જોનારને કહે છે. હવે તું પર્યાય પણ તારામાં છે એને જો. આહા...હા! ઈ પર્યાયથી જીવ(દ્રવ્ય) અન્ય અન્ય ભાસે છે. ભલે **"જીવદ્રવ્યમાં રહેલા"** પણ અનેરી (અનેરી) ભાસે છે. **"કારણ કે દ્રવ્ય તે તે વિશેષોના કાળે તન્મય હોવાને લીધે."** આહા...હા! જોયું? કારણ કે વસ્તુ જે ભગવાન આત્મા – દ્રવ્ય જે પરમજ્ઞાયકભાવ ભગવાન – પરમ સ્વભાવભાવ, તે વિશેષોના કાળે તન્મય હોવાને લીધે – પર્યાયમાં તન્મય છે. સ્ત્રી–કુટુંબ, પરિવાર કે પૈસો મકાન એમાં કોઈ દિ' એ છે જ નહીં, રહી શકતો જ નથી. આહા...હા...હા! એમાં તન્મય નથી (એ) અનંત કાળથી. અરે...રે! એને (એની) દયા નથી. કે તારી તને દયા નથી. આહા..હા!

(કહે છે કે:) **"જીવદ્રવ્યમાં રહેલા"** એને જાણતાં એમ કીધું ને...? ઓલા (સ્ત્રી–કુટુંબ આદિ) જીવદ્રવ્યમાં રહેલા નથી. સ્ત્રીકુટુંબ (કે કોઈ) જીવદ્રવ્યમાં રહેલા છે? (નથી રહેલા.) આહા...હા! આ શરીર જીવદ્રવ્યમાં રહેલું છે? (જી, ના.) અંદર આઠ કરમ છે ઈ જીવદ્રવ્યમાં રહેલા છે? (જી, ના.) એની પર્યાયમાં (માત્ર) આ ચાર ગતિની ને સિદ્ધની પર્યાય – એ રહેલા છે. એ જીવ રહ્યો છે (એમાં.) આહા..હા! **"દ્રવ્ય તે તે વિશેષોના કાળે તન્મય હોવાને લીધે."** આહા...હા! એક બાજુ એમ કહેવું – ત્રિકાળી સામાન્ય – સ્વભાવમાં ગતિએ નથી ને ભેદે ય નથી ને ગુણભેદ નથી. આહા...હા! ભગવાન પરમસ્વભાવ ભાવ, પરમ જ્ઞાયક પારિણામિક સ્વભાવભાવ, એમાં તો પર્યાય છે ઈ એ ય નથી. આહા...હા! એ વસ્તુની સ્થિતિ ત્રિકાળી છે. એમાં નજર ઠરાવવા (એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેવામાં આવે છે.) અહીંયાં (કહે છે) પર્યાયમાં તું તન્મય છો. એનું જ્ઞાન કરાવવા (કહેવામાં આવે છે.) આહા...હા! આવી વાતું છે. **"તે તે વિશેષોના કાળે"** તે તે સમયે એમ. **"તન્મય હોવાને લીધે"** આહા...હા! દ્રવ્ય છે તેની પર્યાય નારકપણું (આદિ) શરીર નહિ હોં? એ (નારકાદિ) નું શરીર નહીં. ગતિની જે પર્યાય છે તેમાં ઈ તન્મય હોવાને લીધે. આહા...હા! એ ગતિની પર્યાય છે એમાં ઈ તન્મય છે. પણ પર્યાયઅપેક્ષાએ (કહ્યું છે.) હોં? આહા...! **"તે તે વિશેષોથી અનન્ય છે."** તે તે વિશેષોથી તે અનન્ય છે. અન્ય અન્ય છે પણ અનન્ય છે. પર્યાય છે. અહા...હા...હા! એટલે વિશેષોથી તે અનન્ય છે. અન્ય–અન્ય નહીં પણ તે તે વિશેષોથી (દ્રવ્ય) અનન્ય છે. તે તે (પર્યાયોથી) વિશેષોથી જીવદ્રવ્ય તન્મય (હોવાને લીધે) અનન્ય છે. અનેરા–અનેરા (પણે) છે એમ નહીં. આહા...હા! આ તો ભગવદ્‌વાણી છે! સંતો–કુંદકુંદાચાર્ય! સાક્ષાત્ ભગવાન પાસે (સીમંધર ભગવાન પાસે વિદેહમાં) ગયા. સાક્ષાત્ વાણી સાંભળી, હતા તો મુનિ! પણ ભગવાન પાસે ગયા હતા. કે એટલી યોગ્યતા હતી મનુષ્ય હોવા (છતાં પણ) એ આવીને (અહીંયાં) જગત પાસે જાહેર કરે છે. આહા...હા!

(કહે છે કે:) પ્રભુ! તારામાં બે જ ભાવ છે. એક સામાન્ય અને એક વિશેષ. બીજા કોઈ દ્રવ્યનો અંશ. તારામાં ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી. આહા...હા! જેની વ્યવસ્થામાં જ પ્રભુ! તું રોકાણો!! શરીરને આમ રાખું – વાણીને આમ રાખું (કરું), આમ થોડા–સરખા રાખું તો શરીરને આમ ઠીક રહે ને, છોકરાંવ ઠીક રહે. માળે....! એ બધાની પરદ્રવ્યની અવસ્થા (વ્યવસ્થા) તારાથી થતી જ નથી ને. તેની અવસ્થામાં જ રોકાઈ ગયો પ્રભુ! शरीरमाद्यं खलु धर्मसाधनम्। પુરુષાર્થસિદ્ધિ (ઉપાયમાં) આવે છે એ તો નિમિત્તની વાતું છે. આહા...હા! સાધન તો રાગથી ભિન્ન પડવું – પ્રજ્ઞાબ્રહ્મથી એ સાધન છે.

(અહીંયાં તો જ્ઞાન–જ્ઞાનનું છે પણ હારે જે ગતિ છે મનુષ્યપણા (આદિની) એનું જ્ઞાન કરવું, મુનિ! અહીંથી તો દેવમાં જશે ગતિ, અહીંયાંથી તો દેવમાં જવાના છે. આહા...હા! મુનિઓને કે ધર્માત્માને કે આના ધર્મના સંસ્કાર પડેલા છે એને સ્વર્ગમાં જવાના છે કહે છે કે ત્યાં એ જીવ ત્યાં ગતિમાં તન્મયપણે હશે. એમાં (જીવદ્રવ્ય) તન્મય છે. અનેરું–અનેરું નથી. એમાં તન્મય છે. આહા...હા! ભાઈ આવ્યા? હસમુખભાઈ છે? આહા..હા!

(અહીંયાં કહે છે કે:) **"અન્ય અન્ય ભાસે છે", કારણ કે દ્રવ્ય તે તે વિશેષોના કાળ તન્મય હોવાને લીધે તે તે વિશેષોથી અનન્ય છે"** એક પર્યાય છે ત્યારે બીજી પર્યાય નથી. શું કીધું ઈ? નારકપર્યાય છે એમાં મનુષ્યપર્યાય નથી, મનુષ્યપર્યાય છે તંયે સિદ્ધપર્યાય નથી. સિદ્ધપર્યાય છે તંયે નારક–મનુષ્ય (તિર્યંચ કે દેવપર્યાય) નથી. આહા...હા! (એક સમયે) એક જ પર્યાય છે. તેથી તે અન્ય અન્ય છે છતાં (તે તે વિશેષોથી) અનન્ય છે. પર્યાયથી અન્ય અન્ય છે, વસ્તુથી (દ્રવ્યથી એક જ છે) માટે અનન્ય છે. એથી પર્યાયો અન્ય છે એનાથી (દ્રવ્ય) અનન્ય છે. આહા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માની સાથે (એ) પર્યાયો તન્મય છે માટે અનન્ય છે. આહા...હા...હા! ભાઈ! આવો મારગ છે! **"તે તે વિશેષોના કાળે તન્મય હોવાને લીધે તે તે વિશેષોથી અનન્ય છે"** અનન્ય છે એટલે અનેરો નહીં. તે તે પર્યાયમાં તે તે કાળે તે તે વિશેષોથી અનન્ય છે. આહા...હા! ભલે નરકગતિની પર્યાય હો, શ્રેણિકરાજા! સમકિતી છે પહેલી નરકમાં(છે.) તેના (નરકના) સંયોગની સાથે તન્મય નથી. ક્ષાયિક સમકિતી છે. છતાં નરક ગતિની (પર્યાય) સાથે તન્મય છે. તે કાળે તે તે વિશેષો પૂરતી તન્મય છે. આહા...હા! છતાં તે ગતિ મારી છે એમ ઈ માનતો નથી. વસ્તુદૃષ્ટિએ પણ પર્યાયમાં તન્મય છું એમ જાણે છે. એ મારામાં ને મારાથી છે આ પર્યાયમાં મારો જીવ છે. આહા...હા! જાણવાની વાત છે ને...! નરકગતિમાં પહેલી નરક છે. તીર્થંકર થવાના છે. આહા...હા! ત્રણ જ્ઞાન અને ક્ષાયિક સમકિત લઈને નીકળવાના છે. માતાના પેટમાં આવશે તંયે ત્રણ જ્ઞાનને ક્ષાયિક સમકિત છે. આહા...હા! પણ ઈ જાણે છે કે આ પર્યાય છે ઈ મારામાં છે. તે તે કાળે તે પર્યાયમાં હું તન્મય છું પર્યાય(દૃષ્ટિએ) પર્યાયથી, દ્રવ્યથી નહીં. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"કારણ કે દ્રવ્ય તે તે વિશેષોના કાળે તન્મય હોવાને લીધે તે વિશેષોથી અનન્ય છે."** કોની પેઠે? હવે દૃષ્ટાંત આપે છે. **"–છાણાં, તૃણ, પર્ણ** એટલે પાંદડાં **કાષ્ઠમય** (અથવા) લાકડાંમય **અગ્નિની માફક."** કાષ્ઠમય અગ્નિની માફક **(અર્થાત્ જેમ તૃણ, કાષ્ઠ વગેરેનો અગ્નિ તે તે કાળે તૃણમય, કાષ્ઠમય વગેરે હોવાને લીધે"** એ અગ્નિ તૃણમય, કાષ્ઠમય પરિણમે છે ને...! આહા...હા! **"તૃણ, કાષ્ઠ** (તણખલાં, લાકડાં **વગેરેથી અનન્ય છે.** અનન્ય છે, અનેરા–અનેરા(પણે) અગ્નિ નથી. એ અગ્નિ લાકડાંથી–પાંદડાથી તન્મય છે. અનન્ય છે. આહા...હા...હા! આ તો દૃષ્ટાંત આપ્યો હોં? એ ગતિમાં જેમ આત્મા તન્મય છે – વસ્તુને જેણે જાણી છે ઈ જાણે છે કે આ પર્યાયમાં મારું તન્મયપણું છે. આહા...હા! એ પર્યાય કોઈ પરદ્રવ્યમાં થઈ છે (એમ નથી.) આહા..હા! ઓલામાં તો એમ આવ્યું છે, જીવના ચૌદ ભેદો નામકર્મના કર્મને કારણે થયા છે. નામ કરમ કરણ છે એના કારણે (થયા છે.) ('નિયમસાર' ગાથા–૪૨) ત્યાં એકદમ વસ્તુનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય! પૂર્ણાનંદનો નાથ! એમાં એ નથી એમ બતાવવું છે. અહીંયાં એની પર્યાયમાં – અંશમાં જેટલું નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું ઊપજયું છે, મનુષ્યપણું એટલે (આ) શરીર નહીં, પણ એ મનુષ્યપણા (રૂપ) ગતિ, ગતિ! જે તન્મયપણે છે જેમ અગ્નિ લાકડાં કે પાંદડા જે–મય હોય તેમ તન્મય થઈ જાય છે. અગ્નિ એ વખતે જુદી રહે છે એમ નથી. એમ આત્મા જે જે પર્યાયને પામે છે, એ પાંચમાંથી (પાંચ પ્રકારની પર્યાયમાંથી) તે વખતે તેમાં તન્મય છે. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"અગ્નિ તે તે કાળે તૃણમય, કાષ્ઠમય વગેરે હોવાને લીધે તૃણ, કાષ્ઠ વગેરેથી અનન્ય છે."** અનન્ય છે એટલે અનેરી–અનેરી નથી. અગ્નિ લાકડાંને છાણાને બાળ છે જયારે, તો અગ્નિ ત્યારે ત્યાં ત્યાં તન્મય છે – બાળે છે. અગ્નિ અને લાકડાં (છાણાં) જુદા પડી જાય છે એમ નથી. આહા...હા! એક ઠેકાણે એમ કહે છે કે ઈ તૃણાદિની અગ્નિ (અથવા જુદાં છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તૃણ અને અગ્નિ) એમ જીવ પર્યાયપણે પરિણમેલો છે ઈ પર્યાય છે આત્મા નથી, એ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ (કીધું છે.) આહા...હા! પણ ઈ દ્રવ્યદૃષ્ટિમાં જ્ઞાન થયા ને કાળે, ત્યારે એની પર્યાયમાં શું છે તેનું અહીંયા જ્ઞાન કરાવ્યું છે. પ્રવચનસાર જ્ઞાનપ્રધાન ગ્રંથ છે. આહા...હા! જેમ અગ્નિ તે તે કાળે લાકડાં–છાણાં–તૃણ–પાંદડા આદિ સાથે તન્મય છે પર્યાયથી. **"તેમ દ્રવ્ય તે તે પર્યાયોરૂપ વિશેષોના સમયે"** તે તે સમયે **"તે–મય હોવાને લીધે"** તે તે પર્યાયોરૂપ વિશેષોના સમયે – તે તે સમયે તે–મય હોવાને લીધે **"તેમનાથી અનન્ય છે – જુદું નથી"** એ ગતિ તેની પર્યાયથી જુદી નથી. આહા...હા! જેમ પર જુદું–શરીર જુદું–કાર્મણ શરીર જુદું એમ આ પર્યાય એની જેમ જુદી એમ નથી. આહા...હા! એ પર્યાય અનન્ય છે એનાથી તન્મય છે. આહા...હા! આવો ઉપદેશ!! કોઈ દિ' સાંભળ્યો ન હોય બાપુ! સાંભળે તો વિચારવાની નવરાશ ન મળે! એકલા પાપ આડે આખો દિ' પાપ! રળવું ને બાયડી–છોકરાં સાચવવાં – એકલાં પાપ!! એ પોટલાં પાપના બાંધીને હાલ્યા જશે. (ચાર ગતિમાં રખડવા.)

અહીંયાં તો હજી દ્રવ્યને જેણે જોયું છે એનામાં જ્ઞાન ઉઘડયું છે. પોતાને જાણતાં પર–પર્યાયને જાણવાનું જ્ઞાન ઉઘડયું છે. એથી તે જાણે છે કે આ પર્યાય મારામાં છે. બીજી ચીજ કોઈ મારામાં નથી. દીકરો મારો, બાયડી મારી, છોકરાં મારાં, પૈસા મારા, બંગલા મારા, આબરુ મારી મોટી. એ બધી ધૂળ તારા પર્યાયમાં ય નથી. આહા...હા! એને તું પોતાનું માનીને શું કરવું છે પ્રભુ તારે? રખડી મરવું છે તારે? આહા...હા! દુનિયાને બેસે કે ન બેસે વસ્તુસ્થિતિ આ છે. આ બહારની – આત્મા સિવાય બહારના ભપકાની એથી જરી પણ ઠીક! લાગે. આહા...હા! ગજબ વાત છે પ્રભુ!! તો કહે છે કે (એ ઠીકની માન્યતા) મિથ્યાદૃષ્ટિ છે. એને નથી દ્રવ્યનું જ્ઞાન કે એને નથી પર્યાયનું જ્ઞાન. (માત્ર મૂઢ છે.) આહા...હા!

(કહે છે કે:) આત્મામાં દ્રવ્ય અને પર્યાય સિવાય, પરપદાર્થની ગમે તેટલી વિભૂતિ–વૈભવ ખડકાયેલા દેખાય એને ને તારે પર્યાયમાં પણ સંબંધ નથી. આહા...હા! ફકત તારી પર્યાયમાં, ગતિ થઈ છે તે તારામાં તન્મય છે. આહા...હા! **"તે તે કાળે"** પાછું કહે છે તે તે કાળે – સદાય એ ગતિ નથી એમ કહે છે. મનુષ્યગતિ ફરીને એકદમ દેવગતિ થશે, દેવગતિ ફરીને એકદમ મનુષ્યગતિ થશે. મનુષ્યગતિ ફરીને એકદમ સિદ્ધદશા થશે. આહા...હા! એ પર્યાય તારામાં અન્ય–અન્ય છે, એ અન્ય–અન્ય છે છતાં તારામાં અનન્ય છે. (જુદું નથી.) એ....ય? ઈ તો પાંચ છે પર્યાય માટે અન્ય–અન્ય કીધી. પણ તારી હારે એ (પર્યાય) અનન્ય છે. આહા...હા! હવે આવું સમજવા માટે રોકાવાય તે. કયાં વખત મળે? આહા...! ઓહો...હો! સંતોએ તો અમૃતનાં વેણલાં વાયાં છે! આહા...હા! પ્રભુ! તારે ને પરદ્રવ્યને કાંઈ સંબંધ નથી હોં? આ મારો દીકરો ને આ મારા દીકરાની વહુ ને...આહા...! એને દાગીના ચડાવ્યા હોય, પાંચ–દશ વીશ હજારના! પહેરીને નીકળે ત્યારે ખુશી થાય, મારા પૈસા ને ખરચાણા ને લોકમાં જાણે માટે આવી ગયું! આહા...હા! (હાસ્ય) આહા...હા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પ્રભુ! તું ક્યાં ગયો? ક્યાં ખોવાઈ ગયો તું? પરમાં–અટવાઈ ને ખોવાઈ ગયો પ્રભુ તું! પર્યાયથી ખોવાઈ ગયો, દ્રવ્ય તો ઠીક! **(શ્રોતાઃ)** ખોવાઈ તો પર્યાયથી જ હોય ને...? **(ઉત્તરઃ)** હા, આહા...હા! ગાથા દીઠ તે અમૃત ભર્યાં છે. વારતા નથી પ્રભુ આ! આ તો ભગવત્–કથા છે. એ અબજો રૂપિયા ને કરોડો રૂપિયા ને મહેલ અને મકાન, આ તો હજી સાધારણ મકાન છે. અબજોના મકાન (હોય) આ તો કોઈ કહે પડયું ઈ ગયા ભવનું હતું, આ પડયું ને...? ગયા ભવનું હતું. કાંઈક પડયું છે આ બાજુ કહે છે નો' હોય. એ તો જે પ્રકારે, જે ક્ષેત્રે જે હોય થવાનું એમાં કાંઈ નહીં. પ્રભુ! તને ડર લાગ્યો એટલું! લોકોને (ભય થાય) કે અહીંયાં પડશે કે (આપણું) પડશે. પરદ્રવ્યની અવસ્થા તો તને અડતી ય નથી ને...! આહા...હા! એની શેની તને ચિંતા છે? ફકત દ્રવ્યના સ્વભાવને જોઈને, પર્યાયમાં–અસ્તિત્વમાં પાંચ ગતિ છે પાંચ(ગતિ) છે ને ઈ....? ચાર ગતિ અને સિદ્ધગતિ – પાંચ ગતિ છે. એ પર્યાય તન્મયપણે છે તારામાં તે તે કાળે. આહા...હા! સિદ્ધને. વખતે સિદ્ધની પર્યાય તારામાં તન્મયપણે છે. ત્યારે બીજી ગતિ છે જ નહીં. અને જયારે બીજી ગતિમાં તન્મય છે ત્યારે સિદ્ધગતિ અને બીજી ગતિ નથી. આહા...હા!

(કહે છે કેઃ) મનુષ્યગતિને કાળે તારી પર્યાયમાં મનુષ્યગતિ તન્મય છે. તારું દ્રવ્ય તેમાં તન્મય છે. તે વખતે દેવગતિ કે સિદ્ધગતિ કે (મનુષ્ય ગતિ સિવાય) બીજી ગતિ તારામાં છે જ નહીં. આહા...હા! સમજાણું કાંઈ? **''તેમ દ્રવ્ય તે તે પર્યાયોરૂપ વિશેષોના સમયે તે–મય હોવાને લીધે તેમનાથી અનન્ય છે – જુદું નથી.''** એ પર્યાયને જોવાની વાત કરી. પણ ઈ પર્યાય એટલે ગતિ. આહા...હા! એમાં ક્રોધ–માન, રાગ–દ્વેષની વાતે ય કરી નથી. આ તો ગતિ છે, ઈ ગતિ છે જ. અને ઈ ગતિ પણ આયુષ્ય હોય ત્યાં સુધી રહે છે. છતાં સમય–સમયમાં તન્મયપણું ભિન્નભિન્ન છે. આહા...હા! ઈ પચાસ–સાઠ વરસ મનુષ્યપણું રહે, માટે ઈ ને ઈ પર્યાય તે–પણે રહી છે એ વરસમાં એમ નથી. તે તે પર્યાય એ અવસ્થામાં તે દ્રવ્ય તે કાળે તન્મય છે. અગ્નિ લાકડામાં ને છાણામાં જેમ તન્મય છે એમ (દ્રવ્ય પર્યાયમાં તન્મય છે.) આહા...હા! હવે ત્રીજી વાત કરે છે. આ તો (અહીંયાં) તો એક આંખ્ય બંધ કરીને બીજી (ખોલીને) એમ કહ્યું હતું. (હવે એક હારેની વાત – પ્રમાણની વાત કરે છે.)

(અહીંયાં કહે છે કેઃ) **''અને જયારે તે બન્ને ચક્ષુઓ – દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક – તુલ્યકાળે (એકીસાથે) ખુલ્લાં કરીને''** પ્રમાણ છે. તુલ્યકાળે પાછું એક સમયમાં (ખુલ્લાં કરીને કીધું.) સામાન્યને જાણે. જાણવાની વાત છે ને અહીંયાં...! સામાન્યનો આદર છે ઈ તો એક જ પ્રકારનો છે. એમાં વિશેષનો આદર એમ નથી (કહ્યું.) પણ અહીંયાં તો જ્ઞાનમાં જેમ સામાન્યને જાણે છે તેમ વિશેષને જાણે છે. વિશેષ ભલે આદરણીય નથી. આશ્રય કરવા લાયક નથી. આહા..હા! ક્ષાયિકભાવ પણ આશ્રય કરવા લાયક નથી છતાં ઉદયભાવ અત્યારે ગતિની હારે તન્મય છે કહે છે. સમજાણું કાંઈ? સમય–સમયનું અસ્તિત્વ, દ્રવ્ય અને પર્યાયનું કઈ રીતે છે? તેની સંધિ કરે છે?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા...હા! **"અને જ્યારે તે બન્ને ચક્ષુઓ – દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક તુલ્યકાળે (એકીસાથે) ખુલ્લાં કરીને."** ક્ષયોપશમ છે ને..! ઉઘાડ છે ને બેયને જાણવાનો...! **"તે દ્વારા અને આ દ્વારા (–દ્રવ્યાર્થિક ચક્ષુ દ્વારા તેમ જ પર્યાયાર્થિક ચક્ષુ દ્વારા)** બેય દ્વારા **"અવલોકવામાં આવે છે"** દ્રવ્ય, સામાન્ય છે તે અવલોકવામાં આવે છે અને તે દ્રવ્ય પર્યાયમાં તન્મય છે એને પણ અવલોકવામાં આવે છે. બેય એકસાથે જોવામાં આવે છે. આહા...હા! જાણવાની–અપેક્ષાએ વાત લીધી છે ને...!

(અહીંયાં કહે છે કે:) **"દ્રવ્યાર્થિક ચક્ષુ દ્વારા તેમ જ પર્યાયાર્થિક ચક્ષુ દ્વારા અવલોકવામાં આવે છે."** જાણવામાં (આવે છે.), **ત્યારે નારકત્વ–તિર્યંચત્વ–મનુષ્યત્વ–દેવત્વ–સિદ્ધત્વ–પર્યાયોમાં રહેલો જીવસામાન્ય"** પર્યાયમાં રહેલ જીવસામાન્ય, પાંચ પર્યાય છે તે એક સમયે પાંચ (પર્યાય) નહીં. પણ તે તે સમયે – એક–એક સમયે (એક પર્યાય) એમ જુદી જુદી પર્યાય જુદે જુદે સમયે પાંચ પર્યાયમાં રહેલો જીવ (સામાન્ય). આહા...હા! નારકત્વ–તિર્યંચત્વ–મનુષ્યત્વ–દેવત્વ–સિદ્ધત્વ પર્યાયોમાં 'રહેલો' જીવસામાન્ય એમ કીધું ને...! આહા...હા! **"પર્યાયોમાં રહેલો જીવસામાન્ય અને જીવસામાન્યમાં રહેલા"** અન્યત્વમાં રહેલા જીવસામાન્ય – અન્ય–અન્ય પર્યાયોમાં રહેલો જીવસામાન્ય અને **"જીવસામાન્યમાં રહેલા નારકત્વ–તિર્યંચત્વ–મનુષ્યત્વ–દેવત્વ–સિદ્ધત્વ પર્યાયો સ્વરૂપ વિશેષો તુલ્ય– કાળે જ દેખાય છે."** આહા...હા! પહેલું મુખ્ય ને ગૌણ કરીને સામાન્યને જોવાનું કહ્યું'તું. અને પર્યાયને જોવાને ટાણે દ્રવ્યને જોવાનું છોડી (લક્ષ છોડી કહ્યું'તું) એ બેયને સમકાળે જોવા માટે પ્રમાણજ્ઞાન છે. આહા...! પરને જોવા માટે ઈ પ્રશ્ન જ અહીંયાં છે નહીં. કારણ કે પરને જાણે છે ઈ પર્યાય પોતાની છે. ઈ કાંઈ પરને લઈને થઈ છે ને પરને માટે (એને જાણવા) આ પર્યાય થઈ છે એમ નથી. આહા...હા!

(કહે છે) એક આત્મા, દ્રવ્ય ને પર્યાય સિવાય – અનંત દ્રવ્યના અને પર્યાયના ગર્વને ઉઠાવી દેવાની વાત કરે છે. જો ક્યાં'ય પણ (પરને કરવાનો) ગર્વ રહ્યો. (મિથ્યાદૃષ્ટિ છે.) આહા...હા! સામાન્ય એવું દ્રવ્ય ત્રિકાળી અને વિશેષ જે એની પાંચ (પ્રકારની) પર્યાયો, એ (પર્યાયમાં) તે સમયે તે તન્મય છે. પાંચે ય (પર્યાય) એક સાથે નહીં. (એક પર્યાય હોય.) તે તે સમયે એક જ ગતિમાં અન્ય છતાં અનન્ય, એવી રીતે બીજા (દ્રવ્ય) સાથે અન્ય કે અનન્ય કોઈ દિ' થાય નહીં. પર્યાય છે ઈ અન્ય અન્ય છે, છતાં અનન્ય છે. પર્યાય પ્રગટે (મનુષ્યગતિની) એ વખતે બીજી ગતિ નથી. છતાં તે પર્યાયની સાથે અનન્ય છે. જેમ બીજાં દ્રવ્યો અન્ય છે તેની સાથે કોઈ દિ' એક સમય પણ અનન્ય છે એ ત્રણકાળમાં નથી. આહા...હા! આ પુસ્તક ને પાનાં અને આંગળીની પર્યાય છે અને એને જાણવું ઈ એ નથી (આત્મામાં) એને જાણવા કાળે તારી જ્ઞાનની પર્યાય છે તેમાં તું તન્મય છો. એને જાણવામાં તન્મય છો એમ નથી. આહા...હા! શું કીધું સમજાણું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા...હા! જાણવામાં આવ્યું કે છે આ શાસ્ત્ર! તે જ્ઞાનની પર્યાય તેમાં (શાસ્ત્રમાં) તન્મય નથી. તે કાળે વિશેષ જાણવામાં આવ્યું પણ તે કાળે પોતે પરની હારે તન્મય નથી. એ અન્ય–અન્ય પર્યાય છે એ તે પર્યાયની અપેક્ષાએ અન્ય કહેવાય, છતાં દ્રવ્યની અપેક્ષાએ તેને અનન્ય કહેવાય. દ્રવ્યથી તે (પર્યાયવિશેષ) જુદી નથી. આહા...હા!

આહા...હા! જેમ બીજાં દ્રવ્યો અને પર્યાયો (આ દ્રવ્યથી) તદ્દન જુદાં છે. શેઢે ને સીમાડે કયાં'ય મેળ નથી. સ્વદ્રવ્યની પર્યાય અને દ્રવ્યને બીજાં દ્રવ્ય કે તેની પર્યાય હારે કયાં'ય મેળ નથી – સંબંધ નથી. આહા...હા! જેની હારે પચાસ–પચાસ, સાઠ–સાઠ વરસ ગાળ્યાં હોય (ધર્મપત્ની હારે) સીતેર–સીતેર, સો વરસ ગાળ્યાં હોય, પણ કહે છે કે એક સમય (માત્ર) પણ તેની હારે તન્મય નથી. અન્ય છે તે અન્ય જ છે. અને આ પર્યાય અન્ય છે તે પર્યાય અનન્ય(પણ) છે. આહા...હા! કેટલે ઠેકાણેથી આને ઉપાડી મૂકવો! (બધેથી ખૂંટીઓ ઉપાડી મૂકવી.) આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **''ત્યાં, એક ચક્ષુ વડે અવલોકન તે એકદેશ અવલોકન છે''** એક ચક્ષુ વડે જોતાં એકદેશ જ્ઞાન છે. એક ભાગનું (અવલોકન છે) **''અને બે ચક્ષુઓ વડે અવલોકન તે સર્વ અવલોકન (–સંપૂર્ણ અવલોકન) છે''**, જાણવાનું–જાણવાની અપેક્ષાએ વાત છે ને...! આદરવાનું શું છે ઈ અત્યારે અહીંયાં (વાત નથી.) આદરવાનું તો જયાં ક્ષાયિકભાવ પણ આદરણીય નથી. આહા...હા! એક બાજુ એમ કહે છે કે ક્ષાયિકભાવ પરદ્રવ્ય, પરભાવ હોય છે. અહીંયાં ઉદયભાવ ગતિનો **(શ્રોતા:)** હેય છે. **(ઉત્તર:)** છે ઈ જ. છે તારામાં. હેં? એકે–એક ગાથા!! કેટલી ગંભીરતાથી છે!! એમ ને એમ વાંચી જાય. (રહસ્યની ગંભીરતા ન સમજાય). **''માટે સર્વ અવલોકનમાં દ્રવ્યનાં અન્યત્વ''** અનેરી–અનેરી પર્યાય **''અને અનન્યત્વ''** વર્તમાન–અપેક્ષાએ અનન્યત્વ છે. પર્યાય જુદી નથી, દ્રવ્યથી (અનન્ય છે.) એ **''વિરોધ પામતાં નથી.''** (દ્રવ્યનાં) અન્યત્વ અને અનન્યત્વ વિરોધ પામતાં નથી. શું કીધું ઈ?

જે પાંચ પર્યાયો છે ગતિની. ઈ ગતિની પર્યાય છે એક–એક તે અન્ય–અન્ય છે. સિદ્ધ સિવાયની ઓલી ચાર છે ઈ ગતિની છે. સિદ્ધ છે ઈ ઓલી ચાર નથી. મનુષ્યની છે તે દેવની નથી. અન્ય છે, અનેરી–અનેરી છે. પણ આત્માની અપેક્ષાએ – આત્મા એમાં તન્મયપણે વર્તે છે, (તેથી) અનન્ય છે. આહા...હા! હવે આવું સમજવાનો વખત મળે કયારે? આખો દિ' જગતના પાપ! બાયડી–છોકરાં (ની ઉપાધિમાં) એ કયાં જશે? ઘણા (તો) મરીને ઢોરમાં જવાના. પશુ થવાના. જેને હજી પુણ્યના ય ઠેકાણાં નથી. ધરમ તો કયાં રહ્યો? અરે...રે!

અહીંયાં તો પરના સંબંધથી તો સર્વથા ભિન્ન જ કરી નાખ્યું. ભિન્ન જ છે. પરથી–એનાથી ભિન્ન છે સર્વથા–એની વ્યવસ્થામાં રોકાઈ જવું. આહા...હા! કો'ચીમનભાઈ! આવું છે. કયાં બાયડી?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્યાં છોકરાં? ક્યાં વહુઓ? ક્યાં મકાન? ક્યાં લૂગડાં ને દાગીના ને ધૂળ! આહા...હા! વસ્તુની પર્યાય ક્યા કાળે થઈ એની, એને ને તારે કાંઈ સંબંધ નથી. આહા...હા! પ્રભુ! એના સાટુ તું રોકાઈ ગયો! તેં તારા દ્રવ્ય–પર્યાયની સ્થિતિને ન જોઈ. એ અહીંયાં કહેવા માગે છે (મુનિરાજ!) **તાત્પર્ય તો આ છે.** શરીરની એટલી વાત (કરી છે ને...!) **(તારા દ્રવ્ય–પર્યાયને જો. એ તાત્પર્ય છે.!)**

વિશેષ કહેશે....

**પ્રવચન : તા. ૧૩–૭–૭૯.**

'પ્રવચનસાર' ૧૧૪ ગાથાનો ભાવાર્થ.

**"ભાવાર્થ :– દરેક દ્રવ્ય સામાન્ય–વિશેષાત્મક છે."** એમ કહીને શું કહેવું છે? દ્રવ્યમાં જે વિશેષપણું ભાસે છે. ઈ એનું સ્વરૂપ છે. વિશેષ કોઈ પરને લઈને થાય છે, ઈ એમાં–વસ્તુનાં સ્વરૂપમાં નથી. "દરેક દ્રવ્ય સામાન્ય–વિશેષસ્વરૂપ છે." એટલે સામાન્ય છે તે ધ્રુવપણે ઠીક! પણ વિશેષમાં પર્યાયોમાં બદલો થાય છે. ઈ બદલો થાય છે એમાં પરની અપેક્ષા કાંઈ છે કે નહીં? કે ના. પ્રભુ! બદલો થવું એ તો એનો–પર્યાયનો સ્વભાવ છે. આહા...હા! એથી બીજા દ્રવ્યની – એમાં કોઈ દ્રવ્યની, પર્યાયમાં અપેક્ષા નથી. આહા...હા! આકરું કામ (આ) બેસવું! આખી દુનિયા! ચૌદ બ્રહ્માંડમાં અનંત–અનંત દ્રવ્યો, સામાન્ય–વિશેષસ્વરૂપે જ બિરાજે છે. એના વિશેષને માટે કોઈની અપેક્ષા નથી, કોઈ કાળે, કોઈ ક્ષેત્રે – કોઈ પ્રતિકૂળ સંયોગે કે અનુકૂળ સંયોગે – એની અવસ્થાને પરની કોઈ અપેક્ષા છે જ નહીં. આહા...હા! તેની અવસ્થા તેને કાળે સ્વતંત્ર થાય – તેવું જ એનું સામાન્ય(એકરૂપ) રહે, વિશેષપણે બદલે એવું સ્વરૂપ છે. આહા...હા!

(અહીંયાં કહે છે કે:) **"તેથી દરેક દ્રવ્ય તેનું તે જ પણ રહે છે.** ધ્રુવ તરીકે દરેક દ્રવ્ય તે જ રહે છે. સામાન્ય તરીકે – જેમાં બદલવું નથી – એવી સ્થિતિ તરીકે તે તેનું તે જ રહે છે. **"અને બદલાય પણ છે."** પલટે પણ છે. આહા...હા! ઈ પલટવું ઈ તો એનો–પર્યાયનો ધર્મ જ છે. પર્યાય તે પરને લઈને પરિણમે છે – કોઈ પણ દ્રવ્યની – પરમાણુની કે આત્માની નરકના જીવની કે નિગોદના જીવની, પરમાણુ એક–એકની કે સ્કંધની કોઈ દ્રવ્યની કોઈની પર્યાય–વિશેષપણે થવાનો તેનો પોતાનો સ્વભાવ છે. એમાં વિશેષપણું લાગે છે ઈ વિશેષપણું બીજાને લઈને કે સંયોગને લઈને (થાય છે) એ દૃષ્ટિ વિપરીત છે. આહા...હા! આ વાત (અલૌકિક છે) પણ શબ્દો સામાન્ય છે. વસ્તુની વહેંચણી – અનંતથી ભિન્ન છે. દરેક દ્રવ્ય, એક ક્ષેત્રમાં રહ્યાં છતાં – એક આકાશના પ્રદેશમાં છ દ્રવ્ય છે. ભલે આત્મા આખો નહીં પણ અસંખ્યપ્રદેશે. એક આકાશના પ્રદેશે છે. અસંખ્યપ્રદેશી હોવા છતાં. એવા–એવા અનંતા જીવના અસંખ્યપ્રદેશ. એક જીવ એક પ્રદેશમાં ન રહી શકે. એક જીવ અસંખ્યપ્રદેશમાં રહે. આકાશના. છતાં કહે છે કે ઈ આકાશની પર્યાયની – અપેક્ષાએ ત્યાં ઈ રહેલો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. આહા...હા! એમ નથી. **(શ્રોતાઃ)** આકાશ ન હોય તો રહે કયાં? **(ઉત્તરઃ)** ઈ તો નિમિત્તની (વ્યવહાર) કથની છે. ઈ જ આવે છે ને...! કે આકાશ પરનો આધાર હોય, તો આકાશનો આધાર કોણ? **(શ્રોતાઃ)** આકાશનો આધાર આકાશ... **(ઉત્તરઃ)** થઈ રહ્યું. અને પરિણમનમાં દરેક દ્રવ્યના પરિણમનમાં કાળ નિમિત્ત છે. તો કાળના પરિણમનમાં કોણ? ઈ તો એક નિમિત્તપણું સિદ્ધ કરવું હોય ત્યારે (એમ કથની થાય.) એથી કરીને સ્વદ્રવ્યની પર્યાયમાં કોઈ પણ ઘાલમેલ કે ફેરફાર પરદ્રવ્યથી થાય એવું સ્વરૂપ નથી. આકરી વાત બાપુ!! ભાષા સાદી છે. **(શ્રોતાઃ)** એ વાત વ્યાજબીને યથાર્થ જ છે... **(ઉત્તરઃ)** ચૌદ બ્રહ્માંડમાં – અનંતા દ્રવ્યો પોતાથી સામાન્ય ને વિશેષપણે રહેલા છે. પોતાના સામાન્યને તો પરની અપેક્ષા હોય જ નહીં, પણ પલટવાની ભિન્નભિન્ન અનેક અવસ્થા થાય, એથી એમ લાગે કે જાણે પરની કોઈ અપેક્ષા હશે? કે ના. તો સામાન્ય તેનું તે જ પણ રહે અને બદલાય પણ છે. **"દ્રવ્યનું સ્વરૂપ જ. આવું ઉભયાત્મક હોવાથી"** સ્વરૂપ જ ઉભયાત્મક આવું છે. સામાન્ય ને વિશેષ – એનું સ્વરૂપ જ છે. વિશેષપણું પરને લઈને થાય, એ કોઈ ચીજ નથી. આહા...હા!

(કહે છે કેઃ) એક આત્માને પોતાના સામાન્ય–વિશેષ માટે કોઈ અનંત–અનંત પદાર્થમાંથી – તીર્થંકરની પણ તેને જરૂર નથી. આહા...હા! શાસ્ત્રમાં તો વાત ઘણે ઠેકાણે આવે. 'એમના ચરણ–કમળથી પ્રાપ્તિ થાય સમ્યગ્દર્શનની' આહા...હા! વાત ત્યાં કરી કે નિમિત્ત ત્યાં કેવું હોય? એટલું જણાવે છે. બાકી સમ્યગ્દર્શનની પર્યાય, વિશેષ છે. સામાન્ય પોતે કાયમ છે અને સમ્યગ્દર્શન પર્યાય, એ વિશેષ છે. વિશેષપણું પણ એનું પોતાનું સ્વરૂપ છે. એ વિશેષપણું કોઈ પરની–અપેક્ષાથી થયું છે, કર્મનો ઉઘાડ થયો અંદર ને દર્શનમોહનો અભાવ થયો, માટે સમ્યગ્દર્શનની પર્યાય થઈ, તો ત્યાં વિશેષનું સામર્થ્યપણું પોતાનું છે તે રહેતું નથી. આહા..! સમજાણું કાંઈ...? **(શ્રોતાઃ)** 'તત્ત્વાર્થસૂત્ર' માં તો આવે છે... **(ઉત્તરઃ)** એ નિમિત્તની નિમિત્તની કથની. 'તત્ત્વાર્થસૂત્રમાં' આવે છે કે **द्रव्याश्रया निर्गुणा गुणाः ।** (અધ્યાય–૫ સૂત્ર–૪૧) દરેક દ્રવ્યનાં ગુણો, તે દ્રવ્યને આધારે અને ગુણને આધારે ગુણ નહીં. એ સુતરું છે. આ નિત્યભાવ છે તે પરિણમે છે. પરિણમવું પરિણમન એનું સ્વરૂપ છે (દ્રવ્યનું.) આહા...હા!

(કહે છે) સમ્યગ્દષ્ટિ જીવ, પોતાના સામાન્ય–વિશેષ સિવાય, પર પદાર્થથી અંતરમાં તદ્દન ઉદાસ છે. આહા...હા! કોઈ પરની અપેક્ષાએ મારામાં ફેર પડશે, અને મારે લઈને પરની અવસ્થામાં કયાં'ક, કોક ઠેકાણે કંઈક ફેર પડશે, એ દૃષ્ટિ, સમ્યગ્દષ્ટિની નથી. આહા...હા! વાત તો થોડી છે પણ ગંભીરતા શી એની ઘણી! **"દ્રવ્યનું સ્વરૂપ જ આવું ઉભયાત્મક"** સામાન્ય ને વિશેષસ્વરૂપ જ એ છે. **"દ્રવ્યનાં અન્યત્વપણામાં અને અનન્યત્વપણામાં (વિરોધ પામતાં નથી)"** દ્રવ્યની પહેલી પર્યાય નહોતી ને થઈ એ માટે – તે અપેક્ષાએ તે તે પર્યાય અન્ય–અન્ય છે તે દ્રવ્યની સાથે અનન્યપણે છે એ બેયમાં વિરોધ નથી. અન્યપણું પણ કહેવાય છે ને અનન્યપણું પણ કહેવાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. પહેલી (પર્યાય) નહોતી ને બીજી થઈ અને તે–કાળે સિદ્ધપદ વખતે નરકગતિ કે મનુષ્યગતિ (આદિ) નથી કે મનુષ્યગતિ વખતે તે સિદ્ધગતિ નથી. ઈ અન્ય–અન્ય કહેવાય છે. છતાં તે અન્ય–અન્ય, અનન્ય છે. એ દ્રવ્યથી તે વિશેષ અનન્ય છે. આહા...હા...હા...હા! સમજાય છે કાંઈ...? આવું સ્વરૂપ હવે!! બાઈયું ને બધાને બિચારાને... વખત મળે નહીં. જિંદગીયું હાલી જાય છે! આહા...હા! મનુષ્યપણાનું આયુષ્ય છે. છે એટલું જ છે. જેટલો કાળ દેહમાં રહેવાનું–વિશેષપણે રહેવાનું (છે.) તેટલો કાળ રહેશે. આયુષ્યને કારણે કહેવું એ પણ એક નિમિત્ત છે. આહા..હા! એ સ્થિતિમાં પોતાની સામાન્ય–વિશેષ દ્રવ્યશકિત, પરથી જુદી જો સંભાળી નહીં અને પરને લઈને કંઈપણ મારામાં ફેરફાર થાય છે ને મારાથી પરમાં કંઈ ફેરફાર થાય છે (એવા અભિપ્રાયવાળાનું) પરિભ્રમણ નહિ મટે પ્રભુ! આહા...! એના ભવભ્રમણના ચક્રો વિપરીત દૃષ્ટિને લઈને નહીં મટે. આહા...હા!

અહીંયાં કહે છે **"આવું ઉભયાત્મક હોવાથી દ્રવ્યના અનન્યપણામાં** એ પર્યાય અનન્ય છે દ્રવ્યની. **"અને અન્યપણામાં"** પહેલી નહોતી ને અન્ય થઈ છે, ઈ અન્યપણું કહેવાય અને અનન્યપણું પણ કહેવાય છે. (એમાં **"વિરોધ નથી." જેમ કે, મરીચિ અને શ્રીમહાવીર સ્વામી"** મરીચિનો જીવ ૠષભદેવ ભગવાન વખતે (હતો ને...!) આહા...હા! **"મરીચિ અને શ્રીમહાવીર સ્વામીનું જીવસામાન્યની અપેક્ષાએ અનન્યપણું."** ભિન્નપણું નથી અનન્યપણું છે. **"અને જીવના વિશેષોની અપેક્ષાએ અન્યપણું હોવામાં કોઈ પ્રકારનો વિરોધ નથી."** જુઓ! કયાં મરીચિની પર્યાય અને કયાં ભગવાન (મહાવીર સ્વામીની) પર્યાય! જીવ તો ઈ જ છે. જીવસામાન્ય એટલે કાયમ રહેનારાની અપેક્ષાએ અનન્યપણું છે. પણ જીવના વિશેષોની – અપેક્ષાએ અન્યપણું" કયાં મરીચિની પર્યાય ને કયાં ભગવાનની પર્યાય ? એ અન્ય–અન્યપણું છે. એ વસ્તુમાં – સ્વરૂપની સ્થિતિમાં છે. કોઈ પરની અપેક્ષા એમાં છે નહીં. આહા...હા!

(હવે કહે છે કે:) **"દ્રવ્યાર્થિકનયરૂપી એક ચક્ષુથી જોતાં દ્રવ્યસામાન્ય જ જણાય છે."** પર્યાયને જોનારી આંખ્યને (સર્વથા) બંધ કરીને, દ્રવ્યને જોવાની આંખ્ય ઉઘડે છે. (એ ચક્ષુથી જોતાં) દ્રવ્યસામાન્ય જ જણાય છે. **"તેથી દ્રવ્ય અનન્ય અર્થાત્ તેનું તે જ ભાસે છે"** દ્રવ્યાર્થિકથી તો દ્રવ્ય અનંતકાળમાં તેનું તે જ ભાસે છે. **"અને પર્યાયાર્થિકનયરૂપી બીજા એક ચક્ષુથી જોતાં દ્રવ્યના પર્યાયોરૂપી વિશેષો જણાય છે"** વિશેષમાં તફાવત મોટો (છે.) **"તેથી દ્રવ્ય અન્ય–અન્ય ભાસે છે"** કયાં મરીચિની પર્યાય? ને કયાં તીર્થંકર–કેવળીની પર્યાય? આહા...હા! કયાં નિગોદમાં – એક અક્ષરના અનંતમા ભાગની પર્યાય? એ જીવ (ત્યાંથી) નીકળીને મનુષ્ય થઈને આઠ વર્ષે કેવળ (જ્ઞાન) પામે! આહા...હા! કયાં? સામાન્યની અપેક્ષાએ જીવ એનો ઈ. વિશેષની અપેક્ષાએ તો (જબરો તફાવત.) નિગોદમાં અક્ષરના અનંતમા ભાગે (જ્ઞાનપર્યાયનો) ઉઘાડ અને ત્યાંથી મનુષ્ય થાય, કારણ કે ત્યાં પણ (નિગોદમાં પણ) શુભભાવ છે. પર્યાયમાં શુભભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. શુભભાવ વખતે ઈ આત્મા તન્મય છે. આહા...હા! અને એના ફળ તરીકે જયારે મનુષ્યપણું થાય છે. તે મનુષ્યપણામાં વિશેષ દશા ન્યાં કયાં (નિગોદમાં) અક્ષરનો અનંતમો ભાગ અને અહીંયાં આઠ વર્ષે અંતર્મુખ જયાં નજર કરે છે. આહા...હા! જયાં ભગવાન (આત્મા) પૂરણ સામર્થ્યમાં સ્વભાવથી ભરેલો ભગવાન! અંતર્મુખ નજર કરે છે (એકાગ્ર થાય છે) ત્યાં કેવળ (જ્ઞાન) થાય છે. આહા...હા! આવી વાત છે. વીતરાગનો મારગ કોઈ અલૌકિક છે!! લોકો (જાણે કે) સાધારણ આમ હોય અને (ક્રિયાકાંડમાં) સામાયિક કરવી ને પોષા કરવા ને પડિક્કમણું કરવું, લીલોતરી નો'ખાવી ને ચોવિહાર કરવો, ઉપવાસ કરવા ને એ બધું સંવર ને તપ. ઉપવાસ કરવા તે તપ ને આ નિર્જરા!! આ...રે! કયાંનું કયાં (માન્યું) પ્રભુ! વીતરાગ સર્વજ્ઞદેવ, પરમાત્મા! એણે કહેલો દ્રવ્યનો અને પર્યાયનો સ્વભાવ, ભલે ભિન્ન–ભિન્ન પર્યાય હોય, છતાં દ્રવ્યની અપેક્ષાએ તો એ પર્યાયો અન્ય–અન્ય નથી અનન્ય છે. પર્યાયની અપેક્ષાએ – ઈ પહેલી નો'તી ને થઈ અન્ય તેથી અન્ય–અન્ય કહેવાય છે. પણ એને ને એને અને એમાં ને એમાં (જોવાનું છે.) આહા...હા!

(કહે છે કે:) એક અહીંયાં અબજોપતિ ખમ્મા–ખમ્મા થતો હોય, જાણે ગાદીએ બેઠો હોય દુકાને. પચીસ–પચાસ નોકરો હોય. આહા...હા! ફૂ થઈ જાય મરીને નરકે જાય. આહા...હા! પર્યાયમાં ઈ અપેક્ષાએ અન્ય–અન્ય છે. અનેરી પર્યાય (થાય) ક્ષણમાં અનેરી–અનેરી (થાય છે.) જુઓને...! છતાં આત્માની સાથે અનેરી નથી. (અનન્ય છે.) આત્મા સાથે તો પર્યાય અનન્ય છે. આહા...હા! આત્મા જ એમાં (પર્યાયમાં) વર્તે છે. આહા...હા! **"પર્યાયાર્થિકનયરૂપી બીજા એક ચક્ષુથી જોતાં દ્રવ્યના પર્યાયોરૂપી વિશેષો જણાય છે તેથી દ્રવ્ય અન્ય–અન્ય ભાસે છે."** જોયું? પર્યાયથી જુએ તો (દ્રવ્ય) અન્ય–અન્ય ભાસે છે. દ્રવ્યથી જુએ તો અનન્ય છે. પહેલાં દ્રવ્યથી જુએ તો પર્યાય પણ એની જ છે. અનન્ય છે. પર્યાયથી કાંઈ જુદું નથી દ્રવ્ય. આહા...હા...હા!

(અહીંયાં કહે છે કે:) **"બન્ને નયોરૂપી બન્ને ચક્ષુઓથી જોતાં દ્રવ્યસામાન્ય"** વસ્તુ સામાન્ય ધ્રુવ પણ છે **"તથા દ્રવ્યના વિશેષો"** પર્યાય પણ છે. **"બન્ને જણાય છે તેથી દ્રવ્ય અનન્ય તેમજ અન્ય–અન્ય ભાસે છે" ૧૧૪.**

**હવે સર્વ વિરોધને દૂર કરનારી સપ્તભંગી પ્રગટ કરે છે :– જૈનદર્શનનો પ્રાણ છે આ સપ્તભંગી!!**

# સમાપ્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# શ્રી દિગંબર જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ-રાજકોટ સંચાલિત પુસ્તક વેચાણ વિભાગમાં નીચેના પુસ્તકો હાલમાં પ્રાપ્ય છે

| | પુસ્તકનું નામ | કિંમત |
|---|---|---|
| ૧. | આત્મ વૈભવ | ૧૧=૦૦ |
| ૨. | બહેનશ્રીના વચનામૃત | ૩=૦૦ |
| ૩. | બહેનશ્રીની સાધન અને વાણી | ૫=૦૦ |
| ૪. | વૈરાગ્યમૂર્તિ પૂ. શાંતાબેનનું જીવનદર્શન | ૧૦=૦૦ |
| ૫. | છઢાળા (સચિત્ર) | ૩=૫૦ |
| ૬. | દષ્ટિના વિધાન | ૫=૦૦ |
| ૭. | સ્વ. દેવશીભાઈ રચિત ભજન-સ્તવનો | ૨=૭૫ |
| ૮. | ગુરૂદેવશ્રીના વચનામૃત | ૧૫=૦૦ |
| ૯. | ગુરૂ સ્તુતિ સંગ્રહ | ૧=૫૦ |
| ૧૦. | ગુણસ્થાન પ્રવેશિક | ૩=૦૦ |
| ૧૧. | ગાગરમે સાગર (H) | ૪=૦૦ |
| ૧૨. | જ્ઞાનગોષ્ઠિ | ૧૦=૦૦ |
| ૧૩. | જ્ઞાન સ્વભાવ-જ્ઞેય સ્વભાવ | ૮=૦૦ |
| ૧૪. | જીનેન્દ્ર અર્ચના (H) | ૧૦=૦૦ |
| ૧૫. | જૈન સિધ્ધાંત પ્રવેશિકા | ૩=૦૦ |
| ૧૬. | ક્રમબધ્ધ પર્યાય | ૪=૦૦ |
| ૧૭. | કુન્દ કુન્દ શતક (H) | ૧=૨૫ |
| ૧૮. | મહારાણી ચેલણા | ૧=૦૦ |
| ૧૯. | મૂળમાં ભુલ | ૬=૦૦ |
| ૨૦. | મોક્ષ માર્ગ પ્રકાશકના કિરણો ભાગ-૧ | ૬=૦૦ |
| ૨૧. | ” ભાગ-૨ | ૧૦=૦૦ |
| ૨૨. | નયચક્ર (H) | ૧૧=૦૦ |
| ૨૩. | નય-પ્રજ્ઞાપન | ૧૦=૦૦ |
| ૨૪. | નવકાર મહામંત્ર | ૩=૦૦ |
| ૨૫. | નવકાર મહામંત્ર (H) | ૫=૦૦ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

| | | |
|---|---|---|
| ૨૬. | નિયમસાર | ૯=૦૦ |
| ૨૭. | નિમીત ઉપાદાન (H) | ૨=૫૦ |
| ૨૮. | પરમાત્મ પ્રકાશ | ૧૧=૨૫ |
| ૨૯. | પરમાગમ ચિંતામણી | ૧૦=૦૦ |
| ૩૦. | પંચાધ્યાયી | ૪૦=૦૦ |
| ૩૧. | પ્રવચનરત્ન ચિંતામણી ભાગ-૧ | ૨૫=૦૦ |
| ૩૨. | પ્રવચન નવનિત ભાગ-૧ | ૨૫=૦૦ |
| ૩૩. | પ્રવચન નવનિત ભાગ-૨ | ૨૫=૦૦ |
| ૩૪. | શાંતિ વિધાન પૂજા (H) | ૩=૦૦ |
| ૩૫. | સમ્યજ્ઞાન ચંદ્રિકા ભાગ-૩ (H) | ૨૫=૦૦ |
| ૩૬. | શાકાહાર | ૨=૦૦ |
| ૩૭. | શાકાહાર (H) | ૨=૦૦ |
| ૩૮ | શ્રાવક ધર્મ પ્રકાશ (H) | ૫=૦૦ |
| ૩૯. | વસ્તુ વિજ્ઞાનસાર | ૬=૦૦ |
| ૪૦. | સમયસાર અનુશિલન ભાગ-૧ (H) | ૧૦=૦૦ |
| ૪૧. | સમયસાર અનુશલિન ભાગ-૨ | ૧૦=૦૦ |
| ૪૨. | ચૈતન્ય ચમત્કાર (H) | ૧=૫૦ |
| ૪૩. | રથયાત્રાગિત (H) | ૧=૫૦ |
| ૪૪. | આત્મા હી શરણ (H) | ૧૧=૦૦ |
| ૪૫. | બ્રહદ જીનવાણી સંગ્રહ (H) | ૨૮=૦૦ |
| ૪૬. | સહજ સુખ સાધન (H) | ૩૦=૦૦ |
| ૪૭. | સંસ્કાર (H) | ૧૨=૦૦ |
| ૪૮. | શ્રાવકાચાર (H) | ૪=૦૦ |
| ૪૯. | આચાર્ય અમૃતચંદ્ર (H) | ૨૦=૦૦ |
| ૫૦. | સુખી હોનેકા ઉપાય (H) | ૧૨=૦૦ |
| ૫૧. | જીનેન્દ્ર સ્તવન મંજરી | ૨૦=૦૦ |
| ૫૨. | જીનેન્દ્ર સ્તવન માળા | ૧૧=૦૦ |
| ૫૩. | કારણ શુધ્ધ પર્યાય | ૭=૦૦ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com